
# સમયસાર સિદ્ધિ

ભાગ-૧૦



# ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **"Shree Simandhar Kundkund Kahan Adhyatmik Trust, Rajkot"** from where we have sourced **""Samaysar Siddhi" Part 10"**.

**"Samaysar Siddhi" Part 10.** (Pravachans on Shree Samaysar by Pujya Shree Kanji Swami) have taken due care, However, if you find any typographical error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to "victoryjack1@rediffmail.com"

**"Shree Simandhar Kundkund Kahan Adhyatmik Trust, Rajkot"**

ॐ

श्री सीमंधरस्देवाय नमः
श्री निज शुद्धात्मने नम

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૧૦

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની ગાથા ૩૩૨ થી ૩૮૯ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૪૪ મંગલમયી પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૦ | ૨૫૩૬ | ૨૦૬૬ | ૨૦૧૦ |

**પ્રકાશન**

વૈશાખ સુદ–૨, પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૧ મી જન્મજયંતી

તા. ૧૫-૦૫-૨૦૧૦

પ્રથમ આવૃત્તિ – ૧૫૦૦ પડતર કિંમત – રૂ. ૧૬૦/- મૂલ્ય - રૂ. ૬૦/-

**પ્રાપ્તિ સ્થાન**

રાજકોટ : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૭. ટેલી. નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮

મુંબઈ : **(૧) શ્રી પંકજભાઈ શાંતિભાઈ ઝવેરી**
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ટેલી. નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**(૨) શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કૂલ પાસે, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦૦૯૨ ટેલી. નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩૨૦૧૫૯
**(૩) શ્રી ભરતભાઈ સી. શાહ**
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨
ટેલી. નં. ૨૮૩૩૦૩૪૫/૦૯૩૨૨૨૮૨૧૬૬
**(૪) શ્રી વિજયભાઈ મગનલાલ બોટાદરા**
બી-૨૭, 'મહાવીર પ્રકાશ' ૨ જે માળે, વલ્લભબાગ (એક્ષટેન્શન લેન) ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ
ટેલી. ૦૨૨-૨૫૦૬૮૭૯૦

કલકત્તા : **શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકત્તા-૨૦.
ટેલી. નં. ૦૩૩–૨૪૮૬૮૫૧૮/૦૯૮૩૦૩૩૧૦૧૦

સુરેન્દ્રનગર : **ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર. ટેલી. નં. ૨૩૧૫૬૦

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| **પૂજા ઇમ્પ્રેશન્સ** | **શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ** | **ડોટ એડ** |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૩૨૭૪૯૪૯૭૨ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ<br>ફોન નં. (૦૨૮૧) ૬૬૨૬૦૭૩ |

# પ્રસ્તાવના

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।**

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો

સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટ પણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડર પણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું. અરે! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :–

❋ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
❋ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ–અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
❋ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
❋ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્ય કાળ!
❋ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
❋ સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે.
❋ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
❋ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
❋ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ! હવે સ્વીકાર! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં?
❋ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
❋ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે અમૃત વહેવરાવ્યા છે.
❋ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ !

આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❋ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❋ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❋ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ–શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્ત પણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય? પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

'શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ' ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી–રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશાં આ પરિવારને કહેતા કે તમો બધા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની ગાથાઓ ૩૩૨ થી ૩૮૯ તથા તેના શ્લોકો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો નં. ૩૯૭ થી ૪૪૦ સમયસાર સિદ્ધિ ભાગ-૧૦માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાં ૧૪ હિન્દી પ્રવચનો ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન

પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

'સમયસાર સિદ્ધિ' ભાગ-૧૦ ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા-રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ-૧૦ માટે એક મુમુક્ષુભાઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૩૯૭ | ૩૦-૫-૮૦ | શ્લોક-૨૦૪, ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૦૦૨ |
| ૩૯૮ | ૩૧-૫-૮૦ | ગાથા-૩૩૨ થી ૩૪૪ | ૦૨૫ |
| ૩૯૯ | ૦૧-૬-૮૦ | ગાથા-૩૩૨ થી ૩૪૪ (H) | ૦૩૮ |
| ૪૦૦ | ૦૨-૬-૮૦ | ગાથા-૩૩૨ થી ૩૪૪, શ્લોક-૨૦૫ (H) | ૦૫૦ |
| ૪૦૧ | ૦૩-૬-૮૦ | શ્લોક-૨૦૫ - ૨૦૬ (H) | ૦૬૫ |
| ૪૦૨ | ૦૪-૬-૮૦ | શ્લોક-૨૦૬-૨૦૭ ગાથા-૩૪૫ થી ૩૪૮ (H) | ૦૭૮ |
| ૪૦૩ | ૦૫-૬-૮૦ | ગાથા-૩૪૫ થી ૩૪૮, શ્લોક-૨૦૮ (H) | ૦૯૪ |
| ૪૦૪ | ૦૭-૬-૮૦ | શ્લોક-૨૦૮ થી ૨૧૦ | ૧૦૭ |
| ૪૦૫ | ૦૮-૬-૮૦ | ગાથા-૩૪૯ થી ૩૫૫ | ૧૨૫ |
| ૪૦૬ | ૦૯-૬-૮૦ | શ્લોક-૨૧૧ થી ૨૧૨ | ૧૩૭ |
| ૪૦૭ | ૧૦-૬-૮૦ | શ્લોક-૨૧૨ થી ૨૧૩ | ૧૫૦ |
| ૪૦૮ | ૧૨-૬-૮૦ | શ્લોક-૨૧૪, ગાથા-૩૫૬ થી ૩૬૫ (H) | ૧૬૩ |
| ૪૦૯ | ૧૩-૬-૮૦ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૧૮૮ |
| ૪૧૦ | ૧૪-૬-૮૦ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૧૯૮ |
| ૪૧૧ | ૧૫-૬-૮૦ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૨૦૮ |
| ૪૧૨ | ૧૬-૬-૮૦ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૨૧૯ |
| ૪૧૩ | ૧૮-૬-૮૦ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૨૨૯ |
| ૪૧૪ | ૧૯-૬-૮૦ | ગાથા-૩૫૬ થી ૩૬૫ | ૨૩૭ |
| ૪૧૫ | ૨૦-૬-૮૦ | ગાથા-૩૫૬ થી ૩૬૫, શ્લોક-૨૧૫ | ૨૪૮ |
| ૪૧૬ | ૨૧-૬-૮૦ | ગાથા-૩૫૬ થી ૩૬૫, શ્લોક-૨૧૫ | ૨૫૯ |
| ૪૧૭ | ૨૨-૬-૮૦ | શ્લોક-૨૧૫ | ૨૭૧ |
| ૪૧૮ | ૨૩-૬-૮૦ | શ્લોક-૨૧૬ - ૨૧૭ | ૨૮૩ |

| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૪૧૯ | ૨૪-૬-૮૦ | શ્લોક-૨૧૭, ગાથા-૩૬૬ થી ૩૭૧ | ૨૯૫ |
| ૪૨૦ | ૨૫-૬-૮૦ | ગાથા-૩૬૬ થી ૩૭૧, શ્લોક-૨૧૮ | ૩૧૨ |
| ૪૨૧ | ૨૬-૬-૮૦ | શ્લોક-૨૧૯ | ૩૨૫ |
| ૪૨૨ | ૨૭-૬-૮૦ | ગાથા-૩૭૨ (H) | ૩૩૯ |
| ૪૨૩ | ૨૯-૬-૮૦ | ગાથા-૩૭૨ (H) | ૩૫૨ |
| ૪૨૪ | ૩૦-૬-૮૦ | ગાથા-૩૭૨, શ્લોક-૨૨૦-૨૨૧ (H) | ૩૬૪ |
| ૪૨૫ | ૦૧-૭-૮૦ | ગાથા-૩૭૩ થી ૩૮૨ | ૩૮૩ |
| ૪૨૬ | ૦૬-૭-૮૦ | ગાથા-૩૭૩ થી ૩૮૨ | ૩૯૬ |
| ૪૨૭ | ૦૭-૭-૮૦ | ગાથા-૩૭૩ થી ૩૮૨, શ્લોક-૨૨૨ | ૪૦૭ |
| ૪૨૮ | ૦૮-૭-૮૦ | શ્લોક-૨૨૨-૨૨૩ | ૪૧૮ |
| ૪૨૯ | ૦૯-૭-૮૦ | શ્લોક-૨૨૩, ગાથા-૩૮૩ થી ૩૮૬ | ૪૩૦ |
| ૪૩૦ | ૧૦-૭-૮૦ | ગાથા-૩૮૩ થી ૩૮૬, શ્લોક-૨૨૪ | ૪૪૪ |
| ૪૩૧ | ૧૧-૭-૮૦ | શ્લોક-૨૨૪-૨૨૫, ગાથા-૩૮૭ થી ૩૮૯ | ૪૫૬ |
| ૪૩૨ | ૧૩-૭-૮૦ | શ્લોક-૨૨૫ - ૨૨૬ | ૪૭૩ |
| ૪૩૩ | ૧૪-૭-૮૦ | શ્લોક-૨૨૬ થી ૨૨૮ | ૪૮૭ |
| ૪૩૪ | ૧૫-૭-૮૦ | શ્લોક-૨૨૮ થી ૨૩૦ | ૫૦૨ |
| ૪૩૫ | ૧૬-૭-૮૦ | શ્લોક-૨૩૦ કર્મપ્રકૃતિ ૧ થી ૩૫ | ૫૨૪ |
| ૪૩૬ | ૧૭-૭-૮૦ | શ્લોક-૨૩૦ કર્મપ્રકૃતિ ૩૬ થી ૧૦૮ (H) | ૫૩૪ |
| ૪૩૭ | ૧૮-૭-૮૦ | શ્લોક-૨૩૦ કર્મપ્રકૃતિ ૧૦૮ થી ૧૪૮ | ૫૪૫ |
| ૪૩૮ | ૨૦-૭-૮૦ | શ્લોક-૨૩૦ ભાવના (H) | ૫૫૫ |
| ૪૩૯ | ૨૧-૭-૮૦ | શ્લોક-૨૩૦ ભાવના (H) | ૫૬૬ |
| ૪૪૦ | ૨૨-૭-૮૦ | શ્લોક-૨૩૧ - ૨૩૨ (H) | ૫૭૭ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર

# સમયસાર સિદ્ધિ

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર' ઉપર પ્રવચન)

(ભાગ-૧૦)

– ૯ –

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

### શ્લોક-૨૦૪

(शार्दूलविक्रीडित)

कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां
कर्तात्मैष कथञ्चिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता।
तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये
स्याद्वादप्रतिबन्धलब्धविजया वस्तुस्थितिः स्तूयते।।२०४।।

હવેની ગાથાઓમાં જેઓ ભાવકર્મનો કર્તા પણ કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :-

શ્લોકાર્થ :– [ कैश्चित् हतकैः ] કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) [ कर्म एव कर्तृ प्रवितर्क्य ] કર્મને જ કર્તા વિચારીને [ आत्मनः कर्तृतां क्षिप्त्वा ] આત્માના કર્તાપણાને ઉડાડીને, '[ एषः आत्मा कथञ्चित् कर्ता ] આ આત્મા કથંચિત્ કર્તા છે' [ इति अचलिता श्रुतिः कोपिता ] એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે); [ उद्धत-मोह-मुद्रित-धियां तेषाम् बोधस्य संशुद्धये ] તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે [ वस्तुस्थितिः स्तूयते ] (નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે- [ स्याद्वाद-प्रतिबन्ध-लब्ध-विजया ] કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્‌વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે (અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્‌વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).

ભાવાર્થ :– કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે અને આત્માને અકર્તા જ કહે છે; તેઓ આત્માના ઘાતક છે. તેમના પર જિનવાણીનો કોપ છે, કારણ કે સ્યાદ્‌વાદથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે. આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે; તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્યભગવાન સ્યાદ્‌વાદ અનુસાર જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે. ૨૦૪.

---

પ્રવચન નં. ૩૯૭, શ્લોક-૨૦૪, ગાથા–૩૩૨ થી ૩૪૪ શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૧, તા. ૩૦-૦૫-૧૯૮૦

---

'સમયસાર' ૨૦૪ કળશ.

कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां
कर्तात्मैष कथञ्चिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता।
तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये
स्याद्वादप्रतिबन्धलब्धविजया वस्तुस्थितिः स्तूयते।।२०४।।

'**કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) કર્મને જ કર્તા વિચારે...**' છે કે આ કર્મ જ કરે છે, આત્મા નહિ. આહા..! એ એકાંત મિથ્યા છે. અજ્ઞાન છે ત્યાં સુધી કર્તા પોતે છે. જ્યાં સુધી એને આત્મા ચૈતન્ય શુદ્ધ દૃષ્ટિમાં આવ્યો નથી, ત્યાં સુધી તો એ પર્યાય રાગ ને એ લક્ષમાં છે અને તેથી તે રાગનો કર્તા છે. અને અજ્ઞાની કહે છે કે, રાગનો કર્તા કર્મ છે. એની આ વાત એકાંત છે. છે? '**કોઈ આત્માના ઘાતક...**' '**हतकैः**' આહાહા..!

સર્વથા એકાંત માનનારા **'કર્મને જ કર્તા વિચારીને આત્માના કર્તાપણાને,...'** ઉડાડે છે. આત્મા કર્તા છે, વિકારનો આત્મા કર્તા છે, કર્મ કર્તા જરીયે નથી. જ્યાં સુધી એની દૃષ્ટિ પર્યાય ઉપર રહે છે ત્યાં સુધી તે વિકારનો કર્તા છે. સમજાય છે કાંઈ? આત્મામાં પર્યાય ઉપર જ્યાં સુધી દૃષ્ટિ છે અને અનાદિની એ દૃષ્ટિ છે. તેથી રાગ અને દ્વેષનો કર્તા એ આત્મા છે, કર્મને લઈને રાગ-દ્વેષ છે એમ છે નહિ. આહહા..!

**'આત્માના કર્તાપણાને ઉડાડીને, આ આત્મા કથંચિત્ કર્તા છે...'** કથંચિત્ એટલે? જ્યાં સુધી એને સ્વભાવનું ભાન નથી ત્યાં સુધી પર્યાયબુદ્ધિમાં વર્તમાન રાગ અને પુણ્ય-પાપની બુદ્ધિમાં રોકાયેલો હોવાથી તેનો તે કર્તા છે. કથંચિત્ કર્તા છે, સ્વભાવનું ભાન થયે કર્તા નથી. એમ. આહાહા..! પર્યાયબુદ્ધિ જ્યાં સુધી રાગ અને દ્વેષબુદ્ધિ છે અને એની સત્તાનો જ્યાં સ્વીકાર છે, એનો સત્તાનો સ્વીકાર હોવાથી ત્રિકાળી સ્વભાવની સત્તાનો સ્વીકાર નથી. આહાહા..! ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ભગવાન, એની સત્તાનો સ્વીકાર નથી ત્યાં સુધી પુણ્ય ને પાપ વિકારી ભાવનો સ્વીકાર છે તેથી કર્તા એ છે. આહાહા..! હવે એ કહે, નહિ. એ ચર્ચા ચાલી હતી ને ત્યાં? કર્મ વિના થાય તો એ સ્વભાવ થઈ જાય. ત્યાં એવો પ્રશ્ન થયો હતો. આહાહા..! મોટી ચર્ચા થઈ હતી. 'હિંમતભાઈ' હતા કે નહિ? 'રામજીભાઈ' હતા. 'ગણેશપ્રસાદ વર્ણી' સાથે (ચર્ચા થઈ હતી). કર્મને લઈને વિકાર થાય છે. મેં કીધું, કર્મ જરીએ નહિ. એક કિંચિત્ એક દોકડો પણ કર્મને લઈને નહિ. 'પંચાસ્તિકાય' ની ૬૨મી ગાથા (આધારમાં) આપી હતી.

વિકાર ષટ્કારકપણે પોતે સ્વતંત્ર બુદ્ધિ પર્યાય ઉપર હોવાથી તે પર્યાયમાં ષટ્કારકરૂપે વિકાર જીવ કરે છે. આહાહા..! સમજાય છે? અહીં કથંચિત્ કેમ લીધું? એમ કહું છું. કથંચિત કર્તા છે એમ લીધું ને? એટલે ત્યાં સુધી, જેને સ્વસત્તાના સ્વભાવનું ભાન નથી એને પર્યાયબુદ્ધિમાં રાગ અને દ્વેષ, કામ, ક્રોધના ભાવ આવે એનો કર્તા કર્મ છે એમ એ માને છે. પણ હું કર્તા છું, મારી પર્યાયમાં મારી ભૂલ છે એમ એ માનતો નથી.

મુમુક્ષુ :- કર્મ મળે એટલે વિકાર થાતો નથી, સિદ્ધ ભગવાનને...

ઉત્તર :- એ કર્મ ન હોય નહિ, એ વિકાર પર્યાયમાં સ્વતંત્ર (થાય છે), કર્મને લઈને નહિ. ૬૨ ગાથામાં તો કર્મના કારક વિના એમ શબ્દ છે. સંસ્કૃતમાં 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા છે. કર્મના કારક વિના દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાય કોઈને લઈને છે એ ત્રણકાળમાં નથી. દરેક દ્રવ્ય પોતાના પર્યાયના કર્તા છે. હવે એ પર્યાયની કર્તામાં, જીવમાં જ્યાં સુધી પર્યાયબુદ્ધિ છે ત્યાં સુધી રાગ ને દ્વેષનો કર્તા છે, કર્મ નહિ. અને જ્યારે એ પર્યાયબુદ્ધિ છૂટીને સ્વભાવબુદ્ધિ થાય ત્યારે તેનો જ્ઞાતા છે, કર્તા નથી. વસ્તુની મર્યાદા, વસ્તુની સ્થિતિ આ રીતે છે. પણ ક્યાં નવરાશ ન મળે એટલે જે માથે કીધું એ હા (કરીને) દુકાને વેપાર ને ધંધે માથે ચડી જાય. આહાહા..!

કેમ કર્તા છે, કેમ કર્તા નથી? એનો ન્યાય શું છે? શા કારણે એને કર્તા કહેવો? વિકારના ભાવને જીવનો કર્તા શા કારણે કહેવો? (કેમ કે) એની બુદ્ધિ હજી ત્યાં પડી છે. સમજાય છે કાંઈ? એની સ્વસત્તાની હજી ખબર નથી. પ્રભુ! મહા ચૈતન્યસત્તા આનંદકંદ છે તેની એને ખબર નથી. એથી જેની ખબર નથી તેની આ ખબર છે. પર્યાય ને રાગ-દ્વેષ ને પુણ્ય-પાપની ખબર છે. જેની ખબર છે તેનો એ કર્તા છે. આહાહા..! સમજાય છે કાંઈ? કથંચિત્ કર્તા છે એટલે કે જ્યાં સુધી એની બુદ્ધિ રાગ ઉપર છે, પર્યાય ઉપર છે ત્યાં સુધી કર્તા છે. આહાહા..!

**'इति अचलिता श्रुतिः कोपिता' 'એમ કહેનારી અચલિત શ્રુતિને...'** ભગવાનની વાણી. ભગવાનની વાણી એમ કહે છે કે, આત્મા અજ્ઞાનભાવે પર્યાયબુદ્ધિવાળો, રાગ અને દ્વેષ, વિકારનો કર્તા થાય છે. એવી શ્રુતિ ભગવાનની વાણી છે. એનો કોપ એના ઉપર છે. ના પાડનાર (ઉપર) વીતરાગની વાણીનો કોપ છે, એટલે કે એનાથી વિરુદ્ધ છે. આહાહા..! **'એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે);...'** આહાહા..! જિનવાણી રાગ અને દ્વેષ, પુણ્ય-પાપનો વિષય આદિ ભાવ વિકાર એના ઉપર જે એની દૃષ્ટિ છે તે દૃષ્ટિ છે માટે તેનો કર્તા છે એમ જિનશ્રુતની વાણી કહે છે. આહાહા..! છે?

કર્તા નથી એમ જે માનનારા, એ જિનવાણીની વિરાધના કરે છે. આહાહા..! **'उद्धत-मोह-मुद्रित-धियां तेषाम् बोधस्य संशुद्धये' 'તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે...'** આહાહા..! પોતાની સત્તાની ખબર નથી અને ક્ષણિક સત્તામાં વિકાર થાય તે મારો, કર્તા હું નથી, એ કર્મ કર્તા છે એને મોહને કારણે મિથ્યાત્વને (લઈને) બુદ્ધિ બિડાઈ ગઈ છે. આહાહા..!

**'તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે...'** સમજાણું કાંઈ? પોતાની સત્તા આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મ સ્વરૂપ પોતાનું છે. એ સત્તાની ખબર નથી ત્યાં સુધી પર્યાયની સત્તાનો સ્વીકાર છે અને તેમાં જ રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ થાય છે અને તેથી તેનો કર્તા પરિણમે છે એ કર્તા પોતે છે. એ વિકાર કર્મ કરાવે એમ માનનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભારે આકરું કામ. જૈનમાં તો એ ચાલે, કર્મને લઈને સુખી-દુઃખી. આહા..! વ્યાખ્યાન શરૂ કરતાં પહેલા સ્તુતિ નથી કરતા? સ્થાનકવાસીમાં પહેલી સ્તુતિ કરે. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક' એમ એમાં બોલે. આહા..! 'કર્મે વાળ્યો આડો અંક' એમ કે, આ બધું કર્મે કર્યું. મારી નાખ્યો જીવને. આહાહા..! સ્તુતિમાં બોલે છે. પહેલા થોડી સ્તુતિ બોલે. આહાહા..!

અહીં કહે છે કે, એક દ્રવ્યની પર્યાય બીજો દ્રવ્ય કરે એ ત્રણકાળમાં છે નહિ. અહીં પર્યાયબુદ્ધિવાળો (જીવ) લેવો છે. એ પર્યાયબુદ્ધિવાળો છે એ વિકારનો કર્તા નથી અને વિકારનો કર્તા કર્મ છે, એની બુદ્ધિ બિડાઈ ગઈ છે. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! **'તીવ્ર મોહથી**

**જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના...**' એ આત્માનો ઘાત કરનારા (છે). પર્યાયમાં વિકાર હું કરતો નથી, પર કરે છે. એ ઘાતક છે, પર્યાયના ઘાતક છે. પર્યાય જ એને છે એમ માનીને. તો દ્રવ્ય તો ક્યાં માન્યું છે. પર્યાયની સત્તાનો સ્વીકાર જ નથી. પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે વિકાર જીવ કરે છે. આહાહા..! એની જેને ખબર નથી એ આત્માના ઘાતકો (છે).

**'એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે...**' એના જ્ઞાનની શુદ્ધિને માટે. આહાહા..! **'वस्तुस्थितिः स्तूयते'** વસ્તુની મર્યાદાને બતાડશે. આહાહા..! **'(નીચેની ગાથાઓમાં) વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે...**' વસ્તુની જે મર્યાદા–હદ છે તે કહેવામાં વીતરાગની વાણી કહેવામાં આવે છે. આહા..!

**'स्याद्वाद-प्रतिबन्ध-लब्ध-विजया' 'જે વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે.** આહા! **(અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે).**' સ્યાદ્વાદ એટલે કથંચિત્. પર્યાયબુદ્ધિ છે ત્યાં સુધી તે કર્તા છે અને દ્રવ્યબુદ્ધિ થતાં કર્તા નથી એવી જે સ્યાદ્વાદ વીતરાગની વાણી એનો અજ્ઞાની ઉપર કોપ છે. આહાહા..! પરની સાથે કાંઈ સંબંધ નથી સૌ દ્રવ્ય દ્રવ્યની પર્યાય પોત પોતાની કરે, એમાં કાંઈ (પરની સહાય) છે નહિ. એની પર્યાયમાં બુદ્ધિ છે, વર્તમાનમાં બુદ્ધિ છે, ત્રિકાળી ભગવાન જ્ઞાયકની સત્તા લક્ષમાં, દૃષ્ટિમાં, આચરણમાં આવી નથી તેથી તેનું લક્ષ, દૃષ્ટિ ને આચરણ વિકારનું છે. આહાહા..! એ વિકારનું આચરણ, શ્રદ્ધા પોતાની આત્માની છે એમ ન માને એ આત્માના ઘાતક છે. એ પર્યાયને જ સ્વીકાર કરતો નથી તો તો આત્મા તો ક્યાં (જાણ્યો) છે. આહાહા..! કેમકે એ પર્યાય કર્મ કરાવે એટલે પછી પર્યાયને અંતરમાં જોવાનો વખત રહેતો નથી. આહાહા..! કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને રાગ થાય. આહાહા..!

મુમુક્ષુ :– સિદ્ધ ભગવાનને કર્મ નથી, માટે તો દશા પૂરી થઈ છે.

ઉત્તર :– .... ભગવાન હતો ક્યાં? પોતે જ ભગવાન છે. એ ભગવાન થઈ ગયા એ કોઈના કર્તા નથી અને આ ભગવાન થઈ ગયો એ પણ કર્તા પોતાની દૃષ્ટિથી રાગનો પણ કર્તા નથી. પણ પર્યાયબુદ્ધિમાં એ કર્તા છે. અનાદિનો એ છે ને? અનાદિની એણે આત્મસત્તા તો જોઈ નથી. આત્મસત્તા, એનું સ્વરૂપ, એના સામર્થ્યને તો જોયું નથી એથી પર્યાયમાં રાગદ્વેષનો કર્તા એ પોતે જ થાય છે. એમ વીતરાગની વાણીનો પોકાર છે. કર્મને લઈને નહિ. એટલે ત્યાં એ પ્રશ્ન ચાલ્યો હતો કે, કર્મને લઈને ન થાય તો સ્વભાવ થઈ જાય. વિકાર એનો સ્વભાવ જ છે, કીધું. પર્યાય સ્વભાવ (છે), દ્રવ્ય સ્વભાવ નહિ. પણ એ ન બેસે, એ વાત ચાલતી જ નહોતી. એ વાત 'હિન્દુસ્તાન'માં નહોતી. સ્થાનકવાસી, દેરાવાસીમાં તો હતું જ નહિ, આ દિગંબરમાં પણ હતું નહિ. આહાહા..! નિમિત્તને લઈને પણ કોઈવાર તો થાય, એમ કહેતા. અને કર્મ વિના જો વિકાર થાય તો વિકાર સ્વભાવ થઈ જાય. બે

અને ક્રમસર, ક્રમસર, ક્રમસર થાય, ક્રમબદ્ધ-એક પછી એક પછી, એક પછી એક થાય એનું નામ ક્રમબદ્ધ. એક પછી આ જ થાય, આ જ થાય એમ નહિ. ત્રણ બોલનો મોટો વાંધો હતો. એમણે પછી છપાવી દીધું, બધા છાપે છે. જેટલા 'સોનગઢ'ના શાસ્ત્ર સિદ્ધાંત છે એ સંસારમાં બુડાડે. એમ 'વર્ણીજી' કહી ગયા છે. એટલે બધા લોકો છાપે છે. 'સોનગઢ'ના શાસ્ત્રો છે એ બધા સંસારમાં બુડાડી દેશે. વાત તો એને ન બેસે ત્યારે શું થાય? પોતાથી વિરુદ્ધ લાગે તો એમ જ કહે ને. આહાહા..!

અહીં કહે છે કે, આ આત્મામાં બે પ્રકાર (છે). એક દ્રવ્ય સ્વભાવ કાયમી શાશ્વત અને એક પલટતો સ્વભાવ પર્યાય. એ પણ સ્વભાવ છે પણ જ્યાં સુધી પલટતા સ્વભાવ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી તો એ રાગદ્વેષના પરિણમનનો કર્તા આત્મા છે. આહાહા..! પર કર્મને લઈને (થતા નથી). કર્મ નિમિત્ત હો ભલે પણ નિમિત્ત એટલે? નિમિત્ત એટલે જ કે પરનો કર્તા નથી એનું નામ નિમિત્ત છે. પરમાં જેનો પ્રવેશ નથી, પરને અડતું નથી, પરને કરતું નથી ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત.

**'વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે. (અર્થાત્ જે વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે.'** આહાહા..! અજ્ઞાની અજ્ઞાનપણે જેનો જેને સ્વીકાર છે એને ચૈતન્ય સ્વભાવનો સ્વીકાર નથી એથી એ વિકારનો કર્તા છે એમ નિર્બાધપણે સ્યાદ્વાદની શૈલીથી સત્ય છે. કોઈ કહે કે, વિકારનો કર્તા નથી. આત્મા અજ્ઞાનભાવે પર્યાય બુદ્ધિવાળો પણ કર્તા નથી, તો કર્મને લઈને વિકાર થાય. શાસ્ત્રમાં પણ ઘણે ઠેકાણે એ આવે. એ તો સ્વભાવની દૃષ્ટિ હોય છે ત્યાં પછી, જેમ કર્મ એનામાં નથી એમ એનું કાર્ય વિકાર પર્યાયબુદ્ધિનું એ પણ એનામાં નથી. એમ માનીને વિકારના ષટ્કર્મના કાર્યો (કર્મના છે) એવું પણ છે. પણ એમાં આ અપેક્ષા છે. કર્મ જેમ આત્મામાં નથી તેમ કર્મનું પરિણામ અંદર જે જીવની પર્યાય થાય એ પણ વસ્તુના સ્વભાવમાં નથી. એથી વસ્તુની દૃષ્ટિએ જોઈએ તો એ વિકાર કર્મનો છે, આત્માનો નથી. આહાહા..! આવી વાણી. ઘડીકમાં આ અને ઘડીકમાં આ. નક્કી શું કરવું?

મુમુક્ષુ :- ઘડીકમાં જીવ અને ઘડીકમાં પુદ્ગલ. બે પ્રકારના ભેદજ્ઞાન છે ને. પહેલા પ્રકારના ભેદજ્ઞાનમાં એમ કહેવાય, બીજા પ્રકારમાં...

ઉત્તર :- ભેદજ્ઞાન... અહીં તો ઇ કહેશે, અહીં તો ઇ કહેશે કે, જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી કર્તા છે એટલું છે. ભેદજ્ઞાન થયે કર્તા નથી એટલું. એટલે પર્યાય ને પરથી ભેદજ્ઞાનની વાત અહીં નથી લીધી. અહીં તો પર્યાયના રાગથી ભિન્ન આત્મા એનું ભેદજ્ઞાન જ્યાં સુધી નથી ત્યાં સુધી તે કર્તા છે. ભાઈ! સ્યાદ્વાદ કહેવામાં પણ આ છે કે, જ્યાં સુધી એની પર્યાયમાં પર્યાયબુદ્ધિ છે, જેણે અંતર ભગવાન છે એને તો જોયો નથી, જાણ્યો નથી, દૃષ્ટિમાં આવતો નથી અને દૃષ્ટિ કામ કરે છે પર્યાય ઉપર, રાગ ને પુણ્ય ને પાપ

ને એના ઉપર, હવે જ્યાં કામ કરે છે તેનું કાર્ય ન માને (તો એ) મૂઢ છે, કહે છે. આહાહા..!

આવા ન્યાયની વાત (સમજવા) આખો દિ' નવરા ન મળે. એક કલાક આવે ને.. નમો અરિહંતાણં, સામાયિક કરો ને પોષા કરો. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય.... તસ્સૂતરી કરણેન... કાયોત્સર્ગ કરો. થઈ ગયા કાયોત્સર્ગ. આહાહા..! અરે..! ભાઈ! હજી એની પર્યાય કેવી સ્વતંત્ર છે, એની પર્યાય એટલે ચાલતી દશા એ પણ વિકારમાં કરવામાં કેવી સ્વતંત્ર છે એની પણ હજી ખબર નથી એને પર્યાય વિનાનું આખું દ્રવ્ય ત્રિકાળી ચિદાનંદ પ્રભુ એ તો વિકારનો કર્તા ત્રણકાળમાં છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– અભિપ્રાય એવો હોવો જોઈએ ને?

ઉત્તર :– અભિપ્રાય ફેર છે ને આખો. પર્યાય છે એ પર્યાય વિનાનું દ્રવ્ય તો કોઈ દિ' નથી. કોઈ દિ' ત્રણકાળમાં પર્યાય વિનાનું દ્રવ્ય નથી. ત્યારે હવે કાં દૃષ્ટિ હોય પર્યાય ઉપર ને કાં દૃષ્ટિ હોય દ્રવ્ય ઉપર. આહાહા..! તો જેની દૃષ્ટિ પર્યાય–વર્તમાન અવસ્થા ઉપર છે ઇ જો વિકારનો કર્તા કર્મને માથે નાખે અને (કરે) છે પોતાથી, તો એ મહામિથ્યાત્વ છે. આહાહા..! ભેદજ્ઞાન થયા પછી રાગ અને પુણ્યથી પ્રભુ ભિન્ન છે. ચૈતન્ય સ્વરૂપી આનંદ સ્વરૂપ... આહાહા..! એનું જ્યાં ભાન થાય ત્યારે પર્યાયબુદ્ધિમાં વિકાર થાય તેનો એ કર્તા નથી, ત્યારે તેનો એ જાણનાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**ભાવાર્થ :– 'કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે...'** જુઓ! સર્વથા. એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે. આહાહા..! **'અને આત્માને અકર્તા જ કહે છે;...'** સર્વથા કહેતા કથંચિત્ કર્મ કરે છે એમ છે? એમ નહિ. એ કર્તા કથંચિત્ અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે. આહાહા..! એ કર્મને જ કર્તા માને છે, આત્માને અકર્તા કહે છે તેઓ આત્માના ઘાતક છે. એની પર્યાયને રાગની પર્યાયને સ્વીકારી નહિ તો એ રાગનો ધરનાર જે આત્મા એનો જ એને સ્વીકાર નથી. આહાહા..! અજ્ઞાનપણે પણ સ્વીકાર નથી. રાગ અને પુણ્ય-પાપના ભાવનો કર્તા કર્મને માને એને તો અજ્ઞાનપણે પણ પૂર્ણ સત્તા જે ચૈતન્ય દ્રવ્ય છે (તેનો સ્વીકાર નથી). આ પર્યાય જ મારી નથી, પરની (છે તો પછી) વસ્તુ જ ક્યાં રહી? એક અંશ પણ પરનો માને છે એને આખો અંશી આત્મા છે એની દૃષ્ટિમાં તો ક્યાંથી આવે? આહાહા..!

**'તેઓ આત્માના ઘાતક છે.'** પર્યાયમાં એટલે અવસ્થામાં ચાલતી દશાને જ કબુલનારા, ચાલતી દશામાં રહેનારા એવા એ ચાલતી દશામાં થતાં વિકારને નહિ માનનારા, એ ઘાતક છે. એ આત્માની પર્યાય નથી એમ માને (છે). એ પર્યાય નથી તો બીજી પર્યાય નથી તો અનંતી પર્યાય નથી તો દ્રવ્ય પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય તો માને છે. દ્રવ્ય શુદ્ધ છે, અકર્તા છે એમ તો માને છે.

ઉત્તર :– એ માન્યું. કર્તા છે, કર્તા છે એમ કરીને પર્યાયની સ્વતંત્રતા માની નહિ,

સ્વતંત્રતા માની નહિ. કર્મને લઈને અહીં થાય છે. એ તો પરદ્રવ્યને લઈને થાય એમ કીધું. આહા..! એમ ક્યાં આવ્યું? પરદ્રવ્યને લઈનેએણે સત્તા માની. પોતાની પર્યાયની સત્તાનો સ્વીકાર કરે તો એ તો બરાબર કહે છે. અજ્ઞાનભાવે પર્યાયનો સ્વીકાર કરે એ તો બરાબર છે. આહાહા..! એ ગૂઢ વાત છે, હોં!

એક સમયની પર્યાયમાં જ્યારે આ ભગવાન દૃષ્ટિમાં આવ્યો નથી એટલે પર્યાયમાં શાંતિ ને આનંદ તો નથી. વસ્તુ દૃષ્ટિમાં આવી નથી એટલે પર્યાયમાં આનંદ ને શાંતિ નથી. ત્યારે દૃષ્ટિ વિના એની પર્યાય તો છે, એની અવસ્થા-પલટતી દશા તો છે, તો પલટતી દશા પોતાની છે એમ ન માને અને એ દશા રાગદ્વેષ આદિ કર્મથી થાય એમ માને એ તો એની પર્યાયને ન માની. આહા..! એ આત્માનો ઘાતક છે. આહાહા..! આવી વાતું છે.

મુમુક્ષુ :- નોકર્મ

ઉત્તર :- ઇ કર્મ જ કરે છે, કર્મ ખસે એટલે ખલાસ એમ. કર્મ કરે છે. આહાહા..! ઇ ક્યાં એ વાત ચાલતી નહોતી. બધે કર્મ હોય તો જ કર્મ, 'અપ્પા કત્તા હૈ વિક્તા હૈ દોહાણી યે સોહાણી' 'ઉત્તરાધ્યયન' માં વીસમા અધ્યયનમાં આવે છે. આત્મા કર્તા ને આત્મા ભોક્તા છે. બધો વિકારનો કર્તા, ભોક્તા ને બધું એક, બીજું કાંઈ નહિ. આહાહા..! **'તેમના પર...'** **'તેઓ આત્માના ઘાતક છે તેમના પર જિનવાણીનો કોપ છે,...'** આહાહા..! **'કારણ કે સ્યાદ્વાદથી અપેક્ષા કથનથી વસ્તુસ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી, તો આત્માને કથંચિત્ કર્તા કહે છે.'** જોયું? આહાહા..!

પર્યાયબુદ્ધિવાળાને પર્યાયનો કર્તા કહે છે એ વાત યથાર્થ છે. આહા..! વસ્તુ છે ને? પર્યાયબુદ્ધિવાળાને પર્યાયમાં કર્તા કહે છે એ યથાર્થ છે એટલે કથંચિત્ યથાર્થ છે, ત્રિકાળની અપેક્ષાએ એ વાત ખોટી છે. આહાહા..! ત્રિકાળી ભગવાનઆત્મા એ દૃષ્ટિમાં આવ્યો એને પછી વિકારનો કર્તા નથી. કારણ કે, ત્યાં તો જ્ઞાન ને આનંદના સ્વભાવનું જોર વધી ગયું, શક્તિનું જોર વધી ગયું, એ જોર આગળ એ પામરતાનું કાંઈ ચાલે નહિ. આહા..! એક ગુણની પર્યાય કે બે ગુણની, બે ચાર ગુણની વિકાર પર્યાય (હોય), અહીં અનંતા ગુણ, અનંતા ગુણનો ધણી જ્યાં થયો તો અમુક ગુણની ઊંધી પર્યાયનો એ સ્વામી નથી. આહાહા..! એટલે સ્યાદ્વાદ કથન છે. પર્યાયબુદ્ધિવાળો કર્તા છે ને દ્રવ્યબુદ્ધિવાળો નથી. પર્યાયબુદ્ધિવાળો કર્તા ન માને તો પર્યાયને જ માનતો નથી, એ આત્માનો ઘાતક છે. આહાહા..!

**'આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે;...'** આહાહા..! જોયું? બુદ્ધિ બિડાઈ ગઈ છે. આહાહા..! **'તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્યભગવાન સ્યાદ્વાદ અનુસાર જેવી વસ્તુસ્થિતિ છે તેવી, નીચેની ગાથાઓમાં કહે છે.'**

## ગાથા–૩૩૨-૩૪૪

कम्मेहि दु अण्णाणी किज्जदि णाणी तहेव कम्मेहिं।
कम्मेहि सुवाविज्जदि जग्गाविज्जदि तहेव कम्मेहिं।।३३२।।
कम्मेहि सुहाविज्जदि दुक्खाविज्जदि तहेव कम्मेहिं।
कम्मेहि य मिच्छत्तं णिज्जदि णिज्जदि असंजमं चेव।।३३३।।
कम्मेहि भमाडिज्जदि उड्ढमहो चावि तिरियलोयं च।
कम्मेहि चेव किज्जदि सुहासुहं जेत्तियं किंचि।।३३४।।
जम्हा कम्मं कुव्वदि कम्मं देदि हरदि त्ति जं किंचि।
तम्हा उ सव्वजीवा अकारगा होंति आवण्णा।।३३५।।
पुरिसित्थियाहिलासी इत्थीकम्मं च पुरिसमहिलसदि।
एसा आयरियपरंपरागदा एरिसी दु सुदी।।३३६।।
तम्हा ण को वि जीवो अबंभचारी दु अम्ह उवदेसे।
जम्हा कम्मं चेव हि कम्मं अहिलसदि इदि भणिदं।।३३७।।
जम्हा धादेदि परं परेण घादिज्जदे य सा पयडी।
एदिणत्थेणं किर भण्णदि परघादणामेत्ति।।३३८।।
तम्हा ण को वि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे।
जम्हा कम्मं चेव हि कम्मं घादेदि इदि भणिदं।।३३९।।
एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा।
तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे।।३४०।।
अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणदि।
एसो मिच्छसहावो तुम्हं एयं मुणंतस्स।।३४१।।
अप्पा णिच्चोऽसंखेज्जपदेसो देसिदो दु समयम्हि।
ण वि सो सक्क दि तत्तो हीणो अहिओ य कादुं जे।।३४२।।
जीवस्स जीवरूवं वित्थरदो जाण लोगमेत्तं खु।
तत्तो सो किं हीणो अहिओ य कहं कुणदि दव्वं।।३४३।।

अह जाणगो दु भावो णाणसहावेण अच्छदे त्ति मदं।
तम्हा ण वि अप्पा अप्पयं तु सयमप्पणो कुणदि।।३४४।।

कर्मभिस्तु अज्ञानी क्रियते ज्ञानी तथैव कर्मभिः।
कर्मभिः स्वाप्यते जागर्यते तथैव कर्मभिः।।३३२।।
कर्मभिः सुखी क्रियते दुःखी क्रियते तथैव कर्मभिः।
कर्मभिश्च मिथ्यात्वं नीयते नीयतेऽसंयमं चैव।।३३३।।
कर्मभिर्भ्राम्यते ऊर्ध्वमधश्चापि तिर्यग्लोकं च।
कर्मभिश्चैव क्रियते शुभाशुभं यावद्यत्किञ्चित्।।३३४।।
यस्मात्कर्म करोति कर्म ददाति हरतीति यत्किञ्चित्।
तस्मात्तु सर्वजीवा अकारका भवन्त्यापन्नाः।।३३५।।
पुरुषः स्त्र्यभिलाषी स्त्रीकर्म च पुरुषमभिलषति।
एषाचार्यपरम्परागतेदशी तु श्रुतिः।।३३६।।
तस्मान्न कोऽपि जीवोऽब्रह्मचारी त्वस्माकमुपदेशे।
यस्मात्कर्म चैव हि कर्माभिलषतीति भणितम्।।३३७।।
यस्माद्धन्ति परं परेण हन्यते च सा प्रकृतिः।
एतेनार्थेन किल भण्यते परघातनामेति।।३३८।।
तस्मान्न कोऽपि जीव उपघातकोऽस्त्यस्माकमुपदेशे।
यस्मात्कर्म चैव हि कर्म हन्तीति भणितम्।।३३९।।
एवं साङ्ख्योपदेशं ये तु प्ररूपयन्तीदशं श्रमणाः।
तेषां प्रकृतिः करोत्यात्मानश्चाकारकाः सर्वे।।३४०।।
अथवा मन्यसे ममात्मात्मानमात्मनः करोति।
एष मिथ्यास्वभावः तवैतज्जानतः।।३४१।।
आत्मा नित्योऽसङ्ख्येयप्रदेशो दर्शितस्तु समये।
नापि स शक्यते ततो हीनोऽधिकश्च कर्तुं यत्।।३४२।।
जीवस्य जीवरूपं विस्तरतो जानीहि लोकमात्रं खलु।
ततः स किं हीनोऽधिको वा कथं करोति द्रव्यम्।।३४३।।
अथ ज्ञायकस्तु भावो ज्ञानस्वभावेन तिष्ठतीति मतम्।
तस्मान्नाप्यात्मात्मानं तु स्वयमात्मनः करोति।।३४४।।

कर्मैवात्मानमज्ञानिनं करोति, ज्ञानावरणाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव ज्ञानिनं करोति, ज्ञानावरणाख्यकर्मक्षयोपशममन्तरेण तदनुपपत्तेः। कर्मैव स्वापयति, निद्राख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव जागरयति, निद्राख्यकर्मक्षयोपशममन्तरेण तदनुपपत्तेः। कर्मैव सुखयति, सद्वेद्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव दुःखयति, असद्वेद्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैव मिथ्यादृष्टिं करोति, मिथ्यात्वकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैवासंयतं करोति, चारित्रमोहाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। कर्मैबोर्ध्वाधस्तिर्यग्लोकं भ्रमयति, आनुपूर्व्याख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। अपरमपि यद्यावत्किञ्चिच्छुभाशुभं तत्तावत्सकलमपि कर्मैव करोति, प्रशस्ताप्रशस्तरागाख्यकर्मोदयमन्तरेण तदनुपपत्तेः। यत एवं समस्तमपि स्वतन्त्रं कर्म करोति, कर्म ददाति, कर्म हरति च, ततः सर्व एव जीवाः नित्यमेवैकान्तेनाकर्तार एवेति निश्चिनुमः। किञ्च-श्रुतिरप्येनमर्थमाह; पुंवेदाख्यं कर्म स्त्रियमभिलषति, स्त्रीवेदाख्यं कर्म पुमांसमभिलषति इति वाक्येन कर्मण एव कर्माभिलाषकर्तृत्वसमर्थनेन जीवस्याब्रह्मकर्तृत्व-प्रतिषेधात्, तथा यत्परं हन्ति, येन च परेण हन्यते तत्परघातकर्मेति वाक्येन कर्मण एव कर्मघातकर्तृत्वसमर्थनेन जीवस्य घातकर्तृत्वप्रतिषेधाच्च सर्वथैवाकर्तृत्वज्ञापनात्। एवमीदशं सांख्यसमय स्वप्रज्ञापराधेन सूत्रार्थमबुध्यमानाः केचिच्छ्रमणाभासाः प्ररूपयन्ति; तेषां प्रकृतेरेकान्तेन कर्तृत्वाभ्युपगमेन सर्वेषामेव जीवानामेकान्तेनाकर्तृत्वापत्तेः जीवः कर्तेति श्रुतेः कोपो दुःशक्यः परिहर्तुम्। यस्तु कर्म आत्मनोऽज्ञानादिसर्वभावान् पर्यायरूपान् करोति, आत्मा त्वात्मानमेवैकं द्रव्यरूपं करोति, ततो जीवः कर्तेति श्रुतिकोपो न भवतीत्यभिप्रायः स मिथ्यैव। जीवो हि द्रव्यरूपेण तावन्नित्योऽसंख्येयप्रदेशो लोकपरिमाणश्च। तत्र न तावन्नित्यस्य कार्यत्वमुपपन्नं, कृतकत्वनित्यत्वयोरेकत्वविरोधात्। न चावस्थितासंख्येयप्रदेशस्यैकस्य पुद्गलस्कन्धस्येव प्रदेशप्रक्षेपणाकर्षणद्वारेणापि तस्य कार्यत्वं, प्रदेशप्रक्षेपणाकर्षणे सति तस्यैकत्वव्याघातात्। न चापि सकललोकवास्तुविस्तारपरिमितनियतनिजाभोगसंग्रहस्य प्रदेशसङ्कोचनविकाशनद्वारेण तस्य कार्यत्वं, प्रदेशसङ्कोचनविकाशनयोरपि शुष्कार्द्रचर्मवत्प्रतिनियतनिजविस्ताराद्धीनाधिकस्य तस्य कर्तुमशक्यत्वात्। यस्तु वस्तुस्वभावस्य सर्वथापोढुमशक्यत्वात् ज्ञायको भावो ज्ञानस्वभावेन सर्वदैव तिष्ठति, तथा तिष्ठंश्च ज्ञायककर्तृत्वयोरत्यन्तविरुद्धत्वान्मिथ्यात्वादिभावानां न कर्ता भवति, भवन्ति च मिथ्यात्वादिभावाः, ततस्तेषां कर्मैव कर्तृ प्ररूप्यत इति वासनोन्मेषः स तु नितरामात्मात्मानं करोतीत्यभ्युपगममुपहन्त्येव। ततो ज्ञायकस्य भावस्य सामान्यापेक्षया ज्ञानस्वभावावस्थितत्वेऽपि कर्मजानां मिथ्यात्वादिभावानां ज्ञानसमयेऽनादिज्ञेयज्ञानभेदविज्ञानशून्यत्वात् परमात्मेति जानतो विशेषापेक्षया त्वज्ञानरूपस्य ज्ञानपरिणामस्य करणात्कर्तृत्वमनुमन्तव्यं; तावद्यावत्तदादिज्ञेयज्ञानभेदविज्ञानपूर्णत्वादात्मानमेवात्मेति जानतो विशेषापेक्षयापि जानरूपेणैव ज्ञानपरिणामेन परिणममानस्य केवलं ज्ञातृत्वात्साक्षादकर्तृत्वं स्यात्।

'આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે' એવા અર્થની ગાથાઓ હવે કહે છે :–

'કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨.
કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુઃખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.
કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે. ૩૩૪.
કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,-સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.
વળી 'પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઇચ્છે પુરુષને'
-એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.
એ રીતે 'કર્મ જ કર્મને ઇચ્છે'-કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.
વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
-એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.
એ રીતે 'કર્મ જ કર્મને હણતું'-કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં.' ૩૩૯.
એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.
અથવા તું માને 'આતમા મારો કરે નિજ આત્મને',
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.
જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.
વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.
માને તું-'જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે',
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

ગાથાર્થ :– [ कर्मभिः तु ] કર્મો [ अज्ञानी क्रियते ] (જીવને) અજ્ઞાની કરે છે [ तथा एव ] તેમ જ [ कर्मभिः ज्ञानी ] કર્મો (જીવને) જ્ઞાની કરે છે, [ कर्मभिः स्वाप्यते ] કર્મો સુવાડે છે [ तथा एव ] તેમ જ [ कर्मभिः जागर्यते ] કર્મો જગાડે છે, [ कर्मभिः सुखी क्रियते ] કર્મો સુખી કરે છે [ तथा एव ] તેમ જ [ कर्मभिः दुःखी क्रियते ] કર્મો દુઃખી કરે છે, [ कर्मभिः च मिथ्यात्वं नीयते ] કર્મો મિથ્યાત્વ પમાડે છે [ च एव ] તેમ જ [ असंयमं नीयते ] કર્મો અસંયમ પમાડે છે, [ कर्मभिः ] કર્મો [ उर्ध्वम् अधः च अपि तिर्यग्लोकं च ] ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં [ भ्राम्यते ] ભમાવે છે, [ यत्किञ्चित् यावत् शुभाशुभं ] જે કાંઈ પણ જેટલું શુભ અશુભ છે તે બધું [ कर्मभिः च एव क्रियते ] કર્મો જ કરે છે. [ यस्मात् ] જેથી [ कर्म करोति ] કર્મ કરે છે, [ कर्म ददाति ] કર્મ આપે છે, [ हरति ] કર્મ હરી લે છે-[ इति यत्किञ्चित् ] એમ જે કાંઈ પણ કરે છે તે કર્મ જ કરે છે, [ तस्मात् तु ] તેથી [ सर्वजीवाः ] સર્વ જીવો [ अकारकाः आपन्नाः भवन्ति ] અકારક (અકર્તા) ઠરે છે.

વળી, [ पुरुषः ] પુરુષવેદકર્મ [ स्त्र्यभिलाषी ] સ્ત્રીનું અભિલાષી છે [ च ] અને [ स्त्रीकर्म ] સ્ત્રીવેદકર્મ [ पुरुषम् अभिलषति ] પુરુષની અભિલાષા કરે છે-[ एषा आचार्यपरम्परागता ईदशी तु श्रुतिः ] એવી આ આચાર્યની પરંપરાથી ઊતરી આવેલી શ્રુતિ છે; [ तस्मात् ] માટે [ अस्माकम् उपदेशे तु ] અમારા ઉપદેશમાં [ कः अपि जीवः ] કોઈ પણ જીવ [ अब्रह्मचारी न ] અબ્રહ્મચારી નથી, [ यस्मात् ] કારણ કે [ कर्म च एव हि ] કર્મ જ [ कर्म अभिलषति ] કર્મની અભિલાષા કરે છે [ इति भणितम् ] એમ કહ્યું છે.

વળી, [ यस्मात् परं हन्ति ] જે પરને હણે છે [ च ] અને [ परेण हन्यते ] જે પરથી હણાય છે [ सा प्रकृतिः ] તે પ્રકૃતિ છે-[ एतेन अर्थेन किल ] એ અર્થમાં [ परघातनाम इति भण्यते ] પરઘાતનામકર્મ કહેવામાં આવે છે, [ तस्मात् ] તેથી [ अस्माकम् उपदेशे ] અમારા ઉપદેશમાં [ कः अपि जीवः ] કોઈ પણ જીવ [ उपघातकः न अस्ति ] ઉપઘાતક (હણનાર) નથી [ यस्मात् ] કારણ કે [ कर्म च एव हि ] કર્મ જ [ कर्म हन्ति ] કર્મને હણે છે [ इति भणितम् ] એમ કહ્યું છે.'

(આચાર્યભગવાન કહે છે કે :–) [ एवं तु ] આ પ્રમાણે [ ईदशं साङ्खयोपदेशं ] આવો સાંખ્યમતનો ઉપદેશ [ ये श्रमणाः ] જે શ્રમણો (જૈન મુનિઓ) [ प्ररूपयन्ति ] પ્રરૂપે છે [ तेषां ] તેમના મતમાં [ प्रकृतिः करोति ] પ્રકૃતિ જ કરે છે [ आत्मानः च सर्वे ] અને આત્માઓ તો સર્વે [ अकारकाः ] અકારક છે એમ ઠરે છે!

[ अथवा ] અથવા (કર્તાપણાનો પક્ષ સાધવાને) [ मन्यसे ] જો તું એમ માને કે '[ मम आत्मा ] મારો આત્મા [ आत्मनः ] પોતાના [ आत्मानम् ] (દ્રવ્યરૂપ) આત્માને [ करोति ] કરે છે', [ एतत् जानतः तव ] તો એવું જાણનારનો તારો [ एषः मिथ्यास्वभावः ]

એ મિથ્યાસ્વભાવ છે (અર્થાત્ એમ જાણવું તે તારો મિથ્યાસ્વભાવ છે); [ यद् ] કારણ કે - [ समये ] સિદ્ધાંતમાં [ आत्मा ] આત્માને [ नित्यः ] નિત્ય, [ असङ्खयेयप्रदेशः ] અસંખ્યાત-પ્રદેશી [ दर्शितः तु ] બતાવ્યો છે, [ ततः ] તેનાથી [ सः ] તેને [ हीनः अधिकः च ] હીન-અધિક [ कर्तुं न अपि शक्यते ] કરી શકાતો નથી; [ विस्तरतः ] વળી વિસ્તારથી પણ [ जीवस्य जीवरूपं ] જીવનું જીવરૂપ [ खलु ] નિશ્ચયથી [ लोकमात्रं जानीहि ] લોકમાત્ર જાણ; [ ततः ] તેનાથી [ किं सः हीनः अधिकः वा ] શું તે હીન અથવા અધિક થાય છે? [ द्रव्यम् कथं करोति ] તો પછી (આત્મા) દ્રવ્યને (અર્થાત્ દ્રવ્યરૂપ આત્માને) કઈ રીતે કરે છે?

[ अथ ] અથવા જો '[ ज्ञायकः भावः तु ] જ્ઞાયક ભાવ તો [ ज्ञानस्वभावेन तिष्ठति ] જ્ઞાનસ્વભાવે સ્થિત રહે છે' [ इति मतम् ] એમ માનવામાં આવે, [ तस्मात् अपि ] તો એમ પણ [ आत्मा स्वयं ] આત્મા પોતે [ आत्मनः आत्मानं तु ] પોતાના આત્માને [ न करोति ] કરતો નથી એમ ઠરે છે!

(આ રીતે કર્તાપણું સાધવા માટે વિવક્ષા પલટીને જે પક્ષ કહ્યો તે ઘટતો નથી.)

(આ પ્રમાણે, કર્મનો કર્તા કર્મ જ માનવામાં આવે તો સ્યાદ્વાદ સાથે વિરોધ આવે છે; માટે આત્માને અજ્ઞાન-અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા માનવો, જેથી સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.)

ટીકા :– (અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છેઃ) 'કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની (-અજ્ઞાનની) અનુપપત્તિ છે; કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુવાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ જગાડે છે, કારણ કે નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ સુખી કરે છે, કારણ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ દુઃખી કરે છે, કારણ કે અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ મિથ્યાદૃષ્ટિ કરે છે, કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ અસંયમી કરે છે, કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યગ્લોકમાં ભમાવે છે, કારણ કે આનુપૂર્વી નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; બીજું પણ જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે તે બધુંય કર્મ જ કરે છે, કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે. એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે, કર્મ જ હરી લે છે, તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે-સર્વે જીવો સદાય એકાંતે અકર્તા જ છે. વળી શ્રુતિ (ભગવાનની વાણી, શાસ્ત્ર) પણ એ જ અર્થને કહે છે; કારણ કે, (તે

શ્રુતિ) 'પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે અને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે' એ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે, તથા 'જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે' એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તાપણાનો નિષેધ કરે છે, અને એ રીતે (અબ્રહ્મચર્યના તથા ઘાતના કર્તાપણાના નિષેધ દ્વારા) જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે.'

(આચાર્યદેવ કહે છે કે :–) આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક *શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી 'જીવ કર્તા છે' એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે (અર્થાત્ ભગવાનની વાણીની વિરાધના થાય છે). વળી, 'કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને-કે જેઓ પર્યાયરૂપ છે તેમને-કરે છે, અને આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે માટે જીવ કર્તા છે; એ રીતે શ્રુતિનો કોપ થતો નથી'-એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે. (તે સમજાવવામાં આવે છેઃ) જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે, અસંખ્યાત-પ્રદેશી છે અને લોકપરિમાણ છે. તેમાં પ્રથમ, નિત્યનું કાર્યપણું બની શકતું નથી, કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે. (આત્મા નિત્ય છે તેથી તે કૃતક અર્થાત્ કોઈએ કરેલો હોઈ શકે નહિ.) વળી અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (-આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય. (સ્કંધ અનેક પરમાણુઓનો બનેલો છે, માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય તેમ જ તેમાં પરમાણુઓ આવે; પરંતુ આત્મા નિશ્ચિત અસંખ્ય-પ્રદેશવાળું એક જ દ્રવ્ય હોવાથી તે પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ તેમ જ વધારે પ્રદેશોને લઈ શકે નહિ.) વળી સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી પરિમિત જેનો નિશ્ચિત નિજ *વિસ્તાર-સંગ્રહ છે (અર્થાત્ લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે) તેને (-આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી, કારણ કે પ્રદેશોના સંકોચ-વિસ્તાર થવા છતાં પણ, સૂકા-ભીના ચામડાની માફક, નિશ્ચિત નિજ વિસ્તારને લીધે તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી. (આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી.) વળી, 'વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે અને એમ સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા

---

* શ્રમણાભાસ = મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવરાવનાર

* સંગ્રહ = જથ્થો; મોટપ.

હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી; અને મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે; તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે'-આવી જે વાસના (અભિપ્રાય, વલણ) પ્રગટ કરવામાં આવે છે તે પણ 'આત્મા આત્માને કરે છે' એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે (કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).

માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું); તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો (-જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.

ભાવાર્થ :– કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે અને વિવક્ષા પલટીને એમ કહે છે કે-'આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે, કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે; અજ્ઞાન, જ્ઞાન, સૂવું, જાગવું, સુખ, દુઃખ, મિથ્યાત્વ, અસંયમ, ચાર ગતિઓમાં ભ્રમણ-એ બધાંને, તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે; જીવ તો અકર્તા છે.' વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે-'વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે.' આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે અને પુરુષને અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું. માટે જિનવાણી તો સ્યાદ્વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. જિનવાણીના કોપના ભયથી જો તેઓ વિવક્ષા પલટીને એમ કહે કે-'ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી;' તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત્ પ્રદેશોવાળો છે, લોકપરિમાણ છે, તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે :–

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

---

## ગાથા–૩૩૨ થી ૩૪૪ ઉપર પ્રવચન

---

''આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે' એવા અર્થની ગાથાઓ હવે કહે છે :–'

कम्मेहि दु अण्णाणी किज्जदि णाणी तहेव कम्मेहिं।
कम्मेहि सुवाविज्जदि जग्गाविज्जदि तहेव कम्मेहिं।।३३२।।
कम्मेहि सुहाविज्जदि दुक्खाविज्जदि तहेव कम्मेहिं।
कम्मेहि य मिच्छत्तं णिज्जदि णिज्जदि असंजमं चेव।।३३३।।
कम्मेहि भमाडिज्जदि उड्ढमहो चावि तिरियलोयं च।
कम्मेहि चेव किज्जदि सुहासुहं जेत्तियं किंचि।।३३४।।
जम्हा कम्मं कुव्वदि कम्मं देदि हरदि त्ति जं किंचि।
तम्हा उ सव्वजीवा अकारगा होंति आवण्णा।।३३५।।
पुरिसित्थियाहिलासी इत्थीकम्मं च पुरिसमहिलसदि।
एसा आयरियपरंपरागदा एरिसी दु सुदी।।३३६।।
तम्हा ण को वि जीवो अबंभचारी दु अम्ह उवदेसे।
जम्हा कम्मं चेव हि कम्मं अहिलसदि इदि भणिदं।।३३७।।
जम्हा धादेदि परं परेण घादिज्जदे य सा पयडी।
एदिणत्थेणं किर भण्णदि परघादणामेत्ति।।३३८।।
तम्हा ण को वि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे।
जम्हा कम्मं चेव हि कम्मं घादेदि इदि भणिदं।।३३९।।
एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा।
तेसिं पयडी कुव्वदि अप्पा य अकारगा सव्वे।।३४०।।

**अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणदि।**
**एसो मिच्छसहावो तुम्हं एयं मुणंतस्स।।३४१।।**
**अप्पा णिच्चोऽसंखेज्जपदेसो देसिदो दु समयम्हि।**
**ण वि सो सक्क दि तत्तो हीणो अहिओ य कादुं जे।।३४२।।**

આ 'વિદ્યાનંદજી' કહે છે ને? અસંખ્ય પ્રદેશનું, અખંડનું. વિરોધ બહુ ચાલ્યો છે એનો, એનામાં જ વિરોધ ચાલ્યો છે. એ લોકોમાં જ. છતાં બહારમાં હો..હા ચાલે છે. કાલે વિરોધનું આવ્યું છે, પત્રમાં આવ્યું છે. અસંખ્ય પ્રદેશી છે, એને કોઈ દિ' અપ્રદેશી કહેવાય નહિ, એક પ્રદેશી કહેવાય જ નહિ. એ વસ્તુ જૈન દર્શનથી ઊલટી છે. લોકોને ક્યાં (પડી છે)? બહાર ત્યાગ દેખે, નગ્ન દેખે, લૂગડા ન દેખે.. બસ! હો..હા.. હો..હા..

**जीवस्स जीवरूवं वित्थरदो जाण लोगमेत्तं खु।**
**तत्तो सो किं हीणो अहिओ य कहं कुणदि दव्वं।।३४३।।**
**अह जाणगो दु भावो णाणसहावेण अच्छदे त्ति मदं।**
**तम्हा ण वि अप्पा अप्पयं तु सयमप्पणो कुणदि।।३४४।।**

આહાહા..! તેર ગાથા નાખી છે.

મુમુક્ષુ :- હરિગીત પંડિતજી બોલે તો આપને આરામ રહે.

ઉત્તર :- બોલો ભાઈ! હરિગીત.

**'કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,**
**કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને; ૩૩૨.**
**કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુઃખી જીવને કરે,**
**કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.**
**કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,**
**જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે. ૩૩૪.**
**કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે,-સઘળું કરે,**
**તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.**
**વળી 'પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઇચ્છે પુરુષને'**
**-એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.**
**એ રીતે 'કર્મ જ કર્મને ઇચ્છે'-કહ્યું છે શ્રુતમાં,**
**તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.**
**વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,**

-એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.
એ રીતે ‘કર્મ જ કર્મને હણતું’-કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં.’ ૩૩૯.
એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.
અથવા તું માને ‘આતમા મારો કરે નિજ આત્મને’,
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.
જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.
વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો? કેમ કરતો દ્રવ્યને? ૩૪૩.
માને તું-‘જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિત રહે’,
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

છેલ્લા. **‘(આ રીતે કર્તાપણું સાધવા માટે વિવક્ષા પલટીને જે પક્ષ કહ્યો તે ઘટતો નથી.)’** કર્તાપણું શું ઠરાવે? કે આત્મા આત્માનો કર્તા. લ્યો! ભાઈ! કર્તા ઠરાવ્યો. પણ એ તો અસંખ્ય પ્રદેશી વસ્તુ છે, અનાદિ અનંત છે. કર્તા તમે કહો છો તો અમે પણ કર્તા માનીએ છીએ. કોને? કે, આત્માને. કેને? આત્મા આત્માને કરે. પણ આત્માને શું કરે? આત્મા તો અસંખ્ય પ્રદેશી ત્રિકાળ છે. એ કહે છે.

**‘(આ રીતે કર્તાપણું સાધવા માટે વિવક્ષા પલટીને...’** કથનને બદલાવી નાખીને **‘જે પક્ષ કહ્યો તે ઘટતો નથી.)’** તેં પક્ષ કહ્યો છે તે ઘટતો નથી. **‘(આ પ્રમાણે, કર્મનો કર્તા કર્મ જ માનવામાં આવે તો સ્યાદ્વાદ સાથે વિરોધ આવે છે; માટે આત્માને અજ્ઞાન-અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવરૂપ કર્મનો કર્તા માનવો, જેથી સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.)’** હવે ટીકા.

**ટીકા :–** **‘(અહીં પૂર્વપક્ષ આ પ્રમાણે છે :)...’** અહીં પૂર્વનો પક્ષ છે હજી. **‘કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે,...’** જ્ઞાનાવરણીય કર્મને લઈને જ્ઞાનમાં હિણી દશા થાય. જ્ઞાનાવરણીય કર્મ નથી? ‘ગોમ્મટસાર’માં. એ જ્ઞાનને આવરે છે ને ઇ? એમ અજ્ઞાની કહે છે, હોં! અજ્ઞાનીનો પક્ષ શાસ્ત્રના નામ લઈને વાત કરે છે. **‘કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનવરણ નામના કર્મના ઉદય વિના...’** જોયું? બધા એમ જ કહે, જ્ઞાનાવરણીય કર્મ કહ્યું છે ને? જ્ઞાનને આવરનાર કર્મ છે ને? એ તો નિમિત્તથી કથન છે. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે. વસ્તુ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. એક સમયની પર્યાયમાં વિકારનો સંબંધ છે

તેટલું પર્યાયમાં આવરણ કહેવામાં આવે છે. આહાહા..!

**'કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની (-અજ્ઞાનની) અનુપપત્તિ છે;...'** જ્ઞાનાવરણીયનો ઉદય ન હોય અને અજ્ઞાન થાય? એમ કહે છે. માટે જ્ઞાનાવરણીય કર્મને લઈને અજ્ઞાન થાય છે. બધી ખોટી વાત. આ તો મોટી (ચર્ચા) ચાલેલી, (સંવત) ૧૯૭૬ ની સાલ. 'દામોદર શેઠ' કહે, કર્મથી થાય. કીધું, ત્રણકાળમાં ન થાય. થાવું જોઈએ. લ્યો! ચોવીસ જ તીર્થંકર થાય, ચક્રવર્તી બાર જ થાય, વાસુદેવ આટલા જ થાય. એ બધું કેમ નિશ્ચય નથી? માટે કર્મ પણ નિશ્ચય છે. એટલે કર્મને લઈને વિકાર થાય. એ બધા છે એ તો નિશ્ચય થવાના છે એમ કહ્યું છે. એથી કર્મથી વિકાર થાય ઇ એને લઈને બેસે એવું નથી. વિકાર તો પોતે કરે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે. આહાહા..! જ્ઞાનાવરણીય નામ પડ્યુંને? 'ગોમ્મટસાર'માં પાઠ છે જ્ઞાનાવરણીય. જ્ઞાનને આવરણ કરનાર જ્ઞાનાવરણીય. તમે કહો છો કે, નહિ. પણ સાંભળ તો ખરો. એ તો નિમિત્તના કથન છે.

**'જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના તેની (-અજ્ઞાનની) અનુપપત્તિ છે; કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે,...'** એ જ્ઞાનાવરણીય કર્મ ખસે ત્યારે આત્મા જ્ઞાની થાય. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય ત્યારે જ્ઞાની થાય, એમ અજ્ઞાની કહે છે, હોં! એમ નથી. એ પ્રશ્ન કર્યો હતો (સંવત) ૧૯૮૧ માં. 'હંસરાજ', 'હંસરાજભાઈ' ગુજરી ગયા ને? 'અમરેલીવાળા'. કેવા કહેવાય એ? 'કામાણી.. રામજીભાઈ કામાણી'. કરોડપતિ. તે દિ' આવેલા, 'ગઢડા' આવેલા. (એ કહે), કર્મનો ક્ષયોપશમ થાય તો જ આત્માને આ થાય. કીધું એ વાત ખોટી છે. ૧૯૮૧ માં 'ગઢડા' ચોમાસુ (હતું). દર્શને આવેલા, વ્યાખ્યાનમાં બોલ્યા. કર્મને લઈને આ ઉઘાડ થાય ને કર્મને લઈને આ આવરણ આવે.

મુમુક્ષુ :- એ કાશી જઈને ભણીને આવ્યા હતા ને.

ઉત્તર :- ભણીને આવ્યા હતા (પણ) બુદ્ધિ એવી નહોતી, બુદ્ધિ એવી નહોતી. આમ નવરા ને શેઠિયા માણસ. પૈસા ઘણા, કરોડો રૂપિયા થઈ ગયેલા. તે વખતે થોડા હતા, દસ લાખ. ૧૯૮૬નું અમારું ચોમાસુ હતું ત્યારે દસ લાખ (હતા) પછી કરોડો થઈ ગયા. સાત-આઠ કરોડ થઈ ગયા. એથી શું થઈ ગયું? ધૂળમાં.

અહીં કહે છે, કે જ્ઞાનાવરણીય જો ખસે તો જ્ઞાનનો ઉઘાડ થાય. માટે જ્ઞાનનું કારણ પણ કર્મ છે. આવે કે નહિ? શાસ્ત્રોમાં આવે, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ, જ્ઞાનાવરણીયનો ઉદય. **'કર્મ જ (આત્માને) જ્ઞાની કરે છે,...'** કર્મ ખસે ત્યારે જ્ઞાન થાય, એમ. **'કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે;...'** આ શબ્દ જ હતો. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો જીવમાં જ્ઞાન થાય. કીધું, એમ નથી. જીવ પોતે ક્ષયોપશમ કરે ત્યારે કર્મમાં ક્ષયોપશમ એને કારણે થાય. આહાહા..!

**'કર્મ જ સુવાડે છે, કારણ કે નિંદ્રા નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'**

નિદ્રા કર્મનો ઉદય આવે તો નિદ્રા થાય. કીધું, એ વાત ખોટી છે. પોતાને પ્રમાદની પરિણતિ આવે ત્યારે એ નિદ્રા કર્મને નિમિત્ત કહેવામાં આવે. આહાહા..! કોણ પણ આટલી નવરાશ હોય આ બધો નિર્ણય કરવાની? એક તો ધંધા આડે નવરાશ ન હોય, બાયડી-છોકરા (આડે નવરાશ ન હોય), ધર્મ સાંભળવા જાય તો કલાક સાંભળે જે માથે કહે ઇ, હા.

મુમુક્ષુ :– કુગુરુ લૂટી લે.

ઉત્તર :– લૂટી લે કલાક. 'શ્રીમદ્દે' કહ્યું ને? 'શ્રીમદ્દે' કહ્યું, એક તો વખત મળતો નથી. કલાક મળે (અને) સાંભળવા જાય (તો) કુગુરુ લૂટી લે. ઊંધી વાત કરી અને મનાવીને લૂટી લે. એમ પાઠ છે. 'શ્રીમદ્' માં આવે છે. એને કાંઈ ખબર ન મળે. જી હા, જી હા કરે. કાંઈક કહેતા હશે પાટે બેસીને એટલે સાચું હશે ને! પણ ગપ મારે છે ને ઊંધુ કરે છે એની એને ખબર નથી.

અહીં એમ કહે છે, એ એમ કહેતા, જ્ઞાનાવરણીયનો ઉઘાડ હોય તો અહીં ક્ષયોપશમ થાય. કીધું, એમ નથી. પોતામાં જ્ઞાનની પર્યાયનો ઉઘાડ હોય ત્યારે તે કર્મમાં ઉઘાડ એને કારણે હોય. આહાહા..! ભારે વાત આવી. આહાહા..!

**'કર્મ જ જગાડે છે,...'** નિંદ્રા કર્મ પૂરું થાય એટલે જાગે. એમ અજ્ઞાની કહે છે. **'કારણ કે નિંદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે;...'** પણ ઇ તો ક્ષયોપશમ... દરેક દ્રવ્યની, દરેક સમયે પર્યાય પોતાથી થાય. એ ષટ્કારકથી પરિણતિથી થાય. નિમિત્તની પણ જેને અપેક્ષા નથી. આ સિદ્ધાંત સિદ્ધ કર્યા વિના એની પર્યાયની પણ સ્વતંત્રતા સિદ્ધ ન થાય. આહાહા..! દરેક દ્રવ્યની પર્યાય–અવસ્થા એક સમયની ષટ્કારકથી થાય. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. પરથી નહિ ને દ્રવ્ય-ગુણથી પણ નહિ. આહાહા..! ૬૨ મી ગાથા 'પંચાસ્તિકાય'. વાણીયાને વખત ઓછો (મળે), વેપારી ધંધામાં ઊંડા ગુંચી ગયા. છોકરાને મોટા કરીને પાછા દુકાને જોડી દેવા. એવા બળદ જેવા કરવા હોય. વેપારના ધંધા સાથે જોડી દે. હવે એમાં સાંભળવા નવરો ક્યાં થાય? આહાહા..! પણ હવે સાંભળનારા થયા છે.

મુમુક્ષુ :– વાસિમ (મહારાષ્ટ્રમાં) શિક્ષણ ચાલે છે ત્યાં હજાર માણસો આવે છે.

ઉત્તર :– મહારાષ્ટ્રમાં 'બાબુભાઈ' ને બધા ગયા છે. ઉત્સાહ ઘણો છે.

**'કર્મ જ જગાડે છે, કારણ કે નિંદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપપત્તિ છે;...'** એમ અજ્ઞાની કહે છે. **'કર્મ જ સુખી કરે છે, કારણ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** જોયું? શાતાવેદનીયનો ઉદય આવે ત્યારે અનુકૂળ સામગ્રી આવે ત્યારે સુખી. પણ સુખ તો કલ્પના કરે છે. એ સંયોગો આવ્યા એ શાતાનું નિમિત્ત ખરું પણ આમાં મને ઠીક છે એ તો કલ્પના કરે છે, ઇ કલ્પના શાતા ક્યાં કરાવે છે? આહાહા..! અનુકૂળ સામગ્રીમાં કલ્પના કરે છે કે, હું સુખી છું. ઇ તો કલ્પના (છે). એવી વસ્તુ ક્યાં છે? આહાહા..!

**'કારણ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ દુઃખી કરે છે, કારણ કે અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** આહાહા..! અશાતાનો ઉદય ન હોય તો દુઃખ ન હોય. પણ દુઃખની પર્યાયનો કાળ એનો છે એને લઈને છે અને ત્યારે એને અશાતાવેદનીયનું નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત એટલે કાંઈ નહિ, એનામાં કર્તામાં કાંઈ નહિ, એમ. બીજી ચીજની અવસ્થાની સત્તાનો સ્વીકાર. પરમાં એ કાંઈ કરે એમ છે નહિ. આહાહા..! આ તો સામાનો પક્ષ આવ્યો.

**'કર્મ જ મિથ્યાદૃષ્ટિ કરે છે,...'** ઠીક! મોહનો કર્મનો મિથ્યાત્વનો ઉદય આવે ત્યારે મિથ્યાદૃષ્ટિ કરે છે. ખોટી વાત છે. પોતે મિથ્યાદૃષ્ટિ થાય છે ત્યારે મિથ્યાત્વ કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! ઉપાદાન ને નિમિત્તનો મોટો ઝગડો. **'કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે; કર્મ જ અસંયમી કરે છે,...'** લ્યો! અસંયમી–રાગ અને દ્વેષ ને વિષય ને વાસના ને ભોગ એ બધું અસંયમપણું કર્મને લઈને છે એમ અજ્ઞાની કહે છે. **'કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** આહાહા..! એ પોતાને કારણે તે પર્યાય તે સમયે થવાની છે તે થવાની છે. નિમિત્તને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ. આહાહા..! વિષય વાસના કે રાગ-દ્વેષના પરિણામ જીવના તે સમયના સ્વતંત્ર કર્તા થઈને પર્યાય કરે છે. એને કર્મ કરતું નથી ને કર્મ કરાવતું નથી. આહાહા..!

**'કર્મ જ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યંગ્લોકમાં ભમાવે છે,...'** આનુપૂર્વી છે ને? આનુપૂર્વી નામકર્મ. **'કારણ કે આનુપૂર્વી નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે;...'** અજ્ઞાની પણ શાસ્ત્ર ભણ્યો છે ત્યારે દલીલ કરે છે. આનુપૂર્વી નામકર્મના ઉદયને લઈને જાય છે. 'શ્રેણિક' રાજા નરકમાં કેમ ગયા? એ તો સમકિતી હતા, ક્ષાયિક સમકિતી. તીર્થંકર ગોત્ર બાંધેલું. એ કર્મ બાંધેલું છે એને લઈને ત્યાં ગયા. એમ દલીલ કરે છે. ખોટી વાત છે. એ તો પોતાની પર્યાયની યોગ્યતાથી ત્યાં ગતિ થાય છે. કર્મ તો જોડે નિમિત્તપણે (છે). કર્મ કર્મને કારણે જાય છે, આત્મા આત્માને કારણે સાથે આવે છે. આહાહા..!

**'બીજું પણ જે કાંઈ પણ જેટલું શુભ-અશુભ છે...'** ઠીક! એ શુભ ને અશુભ **'તે બધુંય કર્મ જ કરે છે,...'** શુભભાવ પણ કર્મ મંદ પડે એટલે થાય, અશુભભાવ પણ કર્મની તીવ્રતાને લઈને થાય. આહા..! **'કારણ કે પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના તેની અનુપપત્તિ છે.'** જોયું? શુભરાગના ઉદય વિના શુભભાવ થાય નહિ, અશુભરાગના ઉદય વિના અશુભરાગ થાય નહિ એમ અજ્ઞાનીની દલીલ છે, ખોટી. આહાહા..! **'એ રીતે બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે,...'** આ બધું પૈસા-બૈસા આવે એ કોણ પૈસા આપે? કર્મ આપે છે. આહાહા..! **'કર્મ જ હરી લે છે,...'** કર્મનો એવો ઉદય આવે, કે બધું ખલાસ થઈ જાય. પૈસા-બૈસા કાંઈ રહે નહિ, ભિખારી થઈ જાય. એ કર્મને લઈને થાય એમ અજ્ઞાની માને છે. એમ છે નહિ.

**'તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે-સર્વે જીવો સદાય...'** સર્વ જીવો અને સદાય **'એકાંતે અકર્તા જ છે.'** એમ અજ્ઞાનીએ દલીલ કરી છે. આત્મા કરે નહિ, પર કરાવે. કર્મને લઈને રખડાવે, કર્મને લઈને આનું રખડવું, કર્મને લઈને વિકાર, કર્મને લઈને જ્ઞાનાવરણીયનો ઉઘાડ... આહાહા..! **'વળી શ્રુતી (ભગવાનની વાણી, શાસ્ત્ર) પણ એ જ અર્થને કહે છે;...'** વળી શાસ્ત્રનો આધાર આપે છે. **'એ જ અર્થને કહે છે; કારણ કે (તે શ્રુતિ) 'પુરુષવેદ નામનું કર્મ...'** પુરુષવેદ નામનું કર્મ શાસ્ત્રમાં આવે તો **'સ્ત્રીની અભિલાષા કરે છે...'** પુરુષ કર્મનો ઉદય હોય એ સ્ત્રીની અભિલાષા કરે.

**'અને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે' એ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે,...'** અબ્રહ્મ એને જીવને છે જ નહિ. એ તો બધું કર્મને લઈને છે. આત્મા અબ્રહ્મચારી છે, વિષયનો ભોગવનાર છે એમ છે નહિ, એમ કહે છે. આહાહા..! આધાર આપ્યો શાસ્ત્રનો. નિમિત્તથી કથન જ્યાં હોય એને વળગી પડે. આહાહા..! **'જીવને અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે,...'** એ શાસ્ત્રનો ઊલટી દષ્ટિવાળો સ્ત્રી ને પુરુષનો આધાર આપી અને આત્માના કર્તાપણાનો નિષેધ કરે છે. પુરુષવેદને કારણે સ્ત્રીની અભિલાષા થાય, સ્ત્રીને પુરુષના વેદને કારણે થાય. માટે કર્મ જ એ બધું કરે છે. આમ અજ્ઞાની કહે છે, હોં! ખોટી દલીલ કરે છે. આહાહા..!

**'તેથા 'જે પરને હણે છે અને જે પરથી હણાય છે તે પરઘાતકર્મ છે'...'** નામકર્મ, પરઘાત નામનું એક કર્મ છે કે પરને હણે. આહાહા..! શાસ્ત્રમાંથી કાઢે છે ને! **'એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના...'** લ્યો! પરઘાત નામની પ્રકૃતિ છે એ નિમિત્ત થાય. એને ઠેકાણે (કહે), પરઘાત પ્રકૃતિને કારણે પરનો ઘાત થાય છે. એ વાત ખોટી છે. પરઘાતની પ્રકૃતિને કારણે પરનો ઘાત ને હિંસા થાય એ જૂઠી વાત છે. **'કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તાપણાનો નિષેધ કરે છે,...'** લ્યો! આ બધી વાત જીવ રાગનો કર્તા છે એનો નિષેધ કરે છે. આખો કર્તાપણાનો નિષેધ કરે છે, કર્તા છે જ નહિ. **'અને એ રીતે (અબ્રહ્મચર્યના તથા ઘાતના કર્તાપણાના નિષેધ દ્વારા) જીવનું સર્વથા જ અકર્તાપણું જણાવે છે.'** આહાહા..! આચાર્યને પણ કેટલી ગાથાઓ બનાવવી પડી!

**'(આચાર્યદેવ કહે છે કે :–) આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) અપરાધથી...'** એ તો સાંખ્યનો મત છે, જૈનનો મત નથી. સાંખ્યનો મત જૈન મતમાં ચલાવે એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! **'પોતાની પ્રજ્ઞાના અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા...'** આહાહા..! અર્થ ઊંધા કરે, સૂત્રના અર્થ ઊંધા કરે. (એ એમ કહે), આ રહ્યું. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે, દર્શનાવરણીય દર્શનને રોકે, મોહનીય મિથ્યાત્વ કરે, અંતરાય કર્મ વિઘ્ન કરે. પાઠ નથી? દાન, લાભ અંતરાય કર્મ. પણ એ બધા નિમિત્તના કથન છે. કોઈ દ્રવ્યની પર્યાય

કોઈ દ્રવ્યની પર્યાય કરે, હણે, ઉપજાવે ત્રણકાળમાં નહિ. આહાહા..!

**'કેટલાક *શ્રમણાભાસો...'** મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવરાવનારા. **'પ્રરૂપે છે;...'** આવી પ્રરૂપણા કરે છે. કર્મને લઈને થાય એવી પ્રરૂપણા કરે છે. **'તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી 'જીવ કર્તા છે' એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે... સર્વ ભાવોને કે જે પર્યાયરૂપ છે તેમને એ કરે છે. અને આત્મા તો આત્માને જ એકને...'** બધી પર્યાયો જેટલી છે એટલી તો કર્મ જ કરે છે. આત્મા (શું કરે)? આત્મા આત્માને કરે. ઠીક! આત્મા તો આત્માને જ દ્રવ્યરૂપે કરે. દ્રવ્યરૂપે શી રીતે કરે? દ્રવ્ય તો છે એ છે. કરવું છે ક્યાં એમાં? કરવાનું છે એ તો પર્યાયમાં હોય, પલટવામાં. પર્યાય વિનાનું દ્રવ્ય કોઈ દિ' ત્રણકાળમાં હોય નહિ. આહાહા..! **'પર્યાયરૂપ છે તેમને–કરે છે, અને આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે...'** આહા..! એને કથંચિત્ ઠરાવવું છે ને. આત્મા પોતાની પર્યાયને રાગ-દ્વેષને કરે નહિ પણ આત્મા આત્માને કરે. લ્યો! એ સ્યાદ્‌વાદ થયું.

**'માટે જીવ કર્તા છે; એ રીતે શ્રુતિનો કોપ થતો નથી...'** એમ સામેવાળો કહે છે, હોં! **'એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે. (તે સમજાવવામાં આવે છે :) જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે,...'** નિત્ય છે એને શું બનાવવું? **'અસંખ્યાત-પ્રદેશી છે...'** જુઓ! આવ્યું આમાં. જૈન સિવાય એ વાત બીજે ક્યાંય છે નહિ. અસંખ્ય પ્રદેશી અનાદિ એમાં એક પ્રદેશ પણ ઘટે નહિ, વધે નહિ. આહાહા..! **'અસંખ્યાત-પ્રદેશી છે અને લોકપરિમાણ...'** એના પ્રદેશ છે. જેટલો લોક છે એટલી સંખ્યા પ્રમાણે એની સંખ્યા છે.

**'તેમાં પ્રથમ, નિત્યનું કાર્યપણું બની શકતું નથી,...'** હવે તું કહે કે, આત્માને કરે. તો આત્મા તો નિત્ય છે અને અસંખ્યપ્રદેશી છે. તો નિત્યને કર્તાપણું બની શકે નહિ. નિત્ય કહેવું ને વળી કર્તા કહેવું? આહાહા..! **'કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે.'** કરવું અને નિત્ય, એ બે તો વિરોધ છે. કરવામાં તો પર્યાય આવી, બદલવું આવ્યું અને (દ્રવ્ય) તો નિત્ય છે. આહાહા..!

**'(આત્મા નિત્ય છે તેથી તે કૃતક અર્થાત્ કોઈએ કરેલો હોઈ શકે નહિ.) વળી અવસ્થિત...'** હવે તું એમ કહે કદાચ કે, અસંખ્ય પ્રદેશ છે એમાંથી ઘટાડો-વધારો કરે. તો **'અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી,...'** પુદ્‌ગલમાં જેમ પરમાણુ જાય ને આવે એમ અસંખ્ય પ્રદેશમાં કેટલાક પ્રદેશ જાય ને આવે એમ બનતું નથી. અસંખ્ય પ્રદેશ છે ઇ છે, એ અનાદિઅનંત છે. તો દ્રવ્યથી નિત્ય છે એને કર્તા ન થાય, અસંખ્ય પ્રદેશી એકરૂપ રહે તેનો કર્તા ન થાય. હવે તારો કર્તા ક્યાં રહ્યો? આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૩૯૮ ગાથા–૩૩૨ થી ૩૪૪ શનિવાર, જ્યેષ્ઠ વદ ૨, તા. ૩૧-૦૫-૧૯૮૦

અહીં સુધી આવ્યું છે. અધિકાર શું ચાલે છે? કે, આત્મા વિકારનો કર્તા નથી એમ અજ્ઞાની માને છે. ત્યારે કહે છે, કર્તા નથી ત્યારે કર્તાપણું સિદ્ધાંતમાં છે ને? જેમ શાસ્ત્રમાં કર્તાપણું તો કહ્યું છે. ત્યારે એ કહે છે, કર્તા આત્માનો થાય. આત્મા દ્રવ્ય છે ને દ્રવ્ય, એનો કર્તા થાય. દ્રવ્યનો કર્તા હોઈ શકે નહિ. જે વસ્તુ નિત્ય છે એને કરવું એ બેનો વિરોધ છે. તારે વિકાર કરવાનું કર્તાપણું સ્થાપવું છે તો એમ કે આત્મા આત્માને કરે તો કર્તાપણું સ્થપાય છે. સમજાય છે કાંઈ? તો (એની સામે) કહે છે, આત્મા આત્માનું શું કરે? આત્મા તો નિત્ય છે.

નિત્યને કરવું અને નિત્ય (રહેવું) એ બેનો વિરોધ છે. કાયમ રહેવું અને કરવું, (એમાં) કરવું એ તો નવું થયું. એ નિત્યમાં કરવાપણું હોય નહિ. ત્યારે કહે છે, અસંખ્ય પ્રદેશ છે એમાં કાંઈ ફેરફાર કરે. અસંખ્ય પ્રદેશ તો જેટલા છે તેટલા જ છે, કાંઈ સ્કંધની પેઠે, પુદ્‌ગલ સ્કંધની પેઠે પુદ્‌ગલ પરમાણુ થોડા જાય અને થોડા આવે એવું એમાં નથી. અસંખ્ય પ્રદેશી અખંડ છે. માટે આત્મા કોઈ રીતે આત્માનો–દ્રવ્યનો કર્તા નથી, પ્રદેશનો કર્તા નથી પણ વિકારનો કર્તા છે એ કર્તાપણું સ્થાપવા માટે તે દ્રવ્યને કર્તા ઠરાવ્યો પણ એ કાંઈ બેસતું નથી. એ આવ્યું અહીં, લ્યો!

**'વળી અવસ્થિત અસંખ્ય-પ્રદેશી એક એવા તેને (–આત્માને), પુદ્‌ગલસ્કંધની માફક, પ્રદેશોના પ્રક્ષેપણ-આકર્ષણ દ્વારા...'** નીચેથી ચોથી લીટી. **'પણ કાર્યપણું બની શકતું નથી,...'** એમાં અસંખ્ય પ્રદેશમાં થોડા પ્રદેશ જાય ને થોડા નીકળે એવું એમાં બનતું નથી. માટે અસંખ્ય પ્રદેશમાં પણ કાર્યપણું બનતું નથી. ન્યાય સમજાય છે? આ બધા લોજીકથી વાત કરે છે. ચોથી લીટી છે **'પુદ્‌ગલસ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ અને આકર્ષણ...'** નાખવું અને ઘટાડવું, એવા દ્વારા કાર્યપણું બની શકતું નથી. પુદ્‌ગલસ્કંધમાં તો પરમાણુ જાય ને પરમાણુ નીકળે. આત્મામાં અસંખ્ય પ્રદેશમાં કેટલાક પ્રદેશ જાય ને પ્રદેશ નીકળે એવું છે નહિ. એટલે દ્રવ્યથી પણ કર્તા નથી, ક્ષેત્રથી પણ કર્તા નથી. અસંખ્ય પ્રદેશ એવો અનાદિ છે.

**'કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય.'** શું કહે છે? અસંખ્ય પ્રદેશી આત્મા એમાં પ્રદેશમાં આવવું-જાવું થાય તો એકપણાનો વ્યાઘાત થાય. અસંખ્ય પ્રદેશી એકરૂપ વસ્તુ છે. સમજાય છે કાંઈ? **'(સ્કંધ અનેક પરમાણુઓનો બનેલો છે, માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય તેમ જ તેમાં પરમાણુઓ આવે;...'** સ્કંધ સ્કંધમાં, પુદ્‌ગલમાં. **'પરંતુ આત્મા નિશ્ચિત અસંખ્ય-પ્રદેશવાળું એક જ દ્રવ્ય હોવાથી...'** પેલા પરમાણુ તો ઘણા દ્રવ્ય છે તો ઘણામાં કેટલાક આવે અને કેટલાક જાય, એક દ્રવ્યમાં શું જાય ને આવે? વસ્તુ તો નિત્ય છે, અસંખ્ય પ્રદેશી પણ નિત્ય છે.

**'એક જ દ્રવ્ય હોવાથી તે પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ તેમ જ વધારે પ્રદેશોને લઈ શકે નહિ.)...'** બીજાના પ્રદેશ લઈ શકે નહિ ને પોતાના પ્રદેશ ઓછા કરી શકે નહિ. કોણ? આત્મા. 'દેવીલાલજી'! પકડાય છે કાંઈ? આત્મા કોઈ અપેક્ષાએ પણ વિકારનો કર્તા નથી એમ સાંખ્યમતિ આદિ માને છે અને સાંખ્યમત આદિથી જૈનના સાધુઓ પણ કેટલાક એમ માને કે કર્મને લઈને વિકાર થાય, આત્માને લઈને નહિ. તો કહે છે કે, વિકાર જો એ ન કરે તો કર્તાપણું તો સિદ્ધ કર્યું છે. આત્મા આત્માનો કર્તા છે. તો એ (કહે છે) કે, આત્મા આત્માનો કર્તા (છે). પણ આત્માનો આત્મા કર્તા શી રીતે બને? નિત્ય વસ્તુમાં કર્તાપણું શી રીતે હોય? ત્યારે કહે છે, એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે, એક રહ્યું નથી ને. દ્રવ્ય તો ભલે એક રહ્યું પણ પ્રદેશ તો અસંખ્ય છે ને? તો અસંખ્ય પ્રદેશમાં થોડા આવે ને જાય. એ રીતે પણ કાર્ય બને. ત્યારે કહે છે, એ એકરૂપ ત્રિકાળ છે. એ તારી વાત જૂઠી (છે). અસંખ્ય પ્રદેશી એકરૂપ દ્રવ્ય છે. એમાં કોઈ પ્રદેશ આવે-જાય એમ છે નહિ. આહાહા..!

હવે ત્રીજી વાત. **'વળી સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી...'** જેવો લોક છે તેટલા પ્રમાણમાં વિસ્તારના આત્માના પ્રદેશ છે. આત્માના અસંખ્ય પ્રદેશ આખો લોક છે એના પ્રમાણમાં છે. જેનો નિશ્ચય વિસ્તાર સંગ્રહ લોક જેટલું એનું નિશ્ચિત માપ છે. **'તેને (–આત્માને) પ્રદેશોના...'** ત્યારે ત્રીજી વાત લીધી, કે પ્રદેશોમાં સંકોચવિકાસ થાય છે ને? તો એ રીતે કર્તાપણું આવ્યું કે નહિ? (તો કહે છે), એમાં પણ કર્તાપણું નહિ. આહા..! સંકોચવિકાસ થાય તો એની શક્તિમાં એમાં ને એમાં થાય. એમાં કોઈ પ્રદેશ ઘટ્યા ને પ્રદેશ વધ્યા (એમ બનતું નથી). આહાહા..! લોક પ્રમાણે કેવળ સમુદ્‌ઘાત કરે તોપણ પ્રદેશ તો જેટલા છે એટલા છે અને અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના જીવ એક શરીરમાં અનંતા રહે તોપણ પ્રદેશ તો જેટલા છે એટલા છે. આહાહા..!

દ્રવ્ય એટલે વસ્તુ અને ક્ષેત્ર બેમાં તો કાંઈ ફેર નહિ. હવે ભાવમાં તું ના પાડે છે કે, ભાવનો કર્તા નથી. કર્તાપણું સ્યાદ્‌વાદમાં આવ્યું એને તું લગાડીશ શી રીતે? દ્રવ્ય ને ક્ષેત્રનું કર્તાપણું (તેં કહ્યું, તેની ના પાડી). ત્યારે હવે સંકોચ વિકાસ થાય એમાં કર્તાપણું થાય એમ ત્રીજી વાત કહે છે.

વળી **'(લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે) તેને (-આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી,...'** પ્રદેશ સંકોચ-વિકાસ થાય. લોક પ્રમાણે થાય અને નિગોદમાં જાય પણ એથી એના પ્રદેશ ઓછા-વત્તા ન થાય. આત્માના પ્રદેશ તો જે અસંખ્ય છે એટલા જ રહે. એટલે સંકોચ-વિકાસથી પણ આત્માનું કરવાપણાનું કાર્ય સિદ્ધ થતું નથી. આવી વાતું વાણિયાને (સમજવી). નવરાશ (ન મળે). ન્યાય સમજાય છે?

અજ્ઞાની એમ કહે છે કે, જે આ વિકાર થાય છે એ આત્મા કરતો નથી, એ કર્મ

કરે છે એમ અજ્ઞાની કહે છે. ત્યારે જ્ઞાની એને જવાબ આપે છે, કે જ્યારે એ વિકાર કરતો નથી તો કર્તા કહ્યો તો છે. આત્માને કર્તા કહ્યો તો છે. ત્યારે ઇ કહે છે કે, કર્તા છે. શેનો? કે, પોતાના દ્રવ્યનો. પોતે વસ્તુ છે એનો કર્તા (છે). પણ વસ્તુ હોય એનો કર્તા હોઈ શકે જ નહિ. એ તો નિત્ય વસ્તુ છે. ત્યારે કહે છે, એ કર્તા ન હોય તો એના અસંખ્ય પ્રદેશનો (કર્તા છે). આ તો એક દ્રવ્ય (છે) પણ પ્રદેશ અસંખ્ય છે ને માટે અસંખ્યમાં કાર્યપણું આવે. થોડા પ્રદેશ બહાર નીકળે, થોડા જાય તો ફેરફાર થાય. તો કહે છે, એમ પણ ન બને ત્રણકાળમાં. અસંખ્ય પ્રદેશી અખંડ એક વસ્તુ છે. આહાહા..! માટે એમાં પણ કર્તાપણું બને નહિ.

ત્રીજી વાત. આ અસંખ્ય પ્રદેશી સંકોચ-વિકાસ થાય છે. બાળકપણે હોય તો એટલામાં પ્રદેશ રહે, મોટો થાય એટલે પહોળા થાય. (એ) સંકોચાય ને પહોળા થાય એમાં કાંઈ પ્રદેશ વધે છે ને ઘટે છે એમ નથી. પ્રદેશ તો જેટલા છે એટલા જ છે. આહાહા..! જરી ઝીણી વાત (છે).

આ તો વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વરે આત્માનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ એનું જે સ્વરૂપ વર્ણવ્યું છે એની વાત છે. એ દ્રવ્ય, ક્ષેત્રમાં તો ફેરવે નહિ, કાળમાં તો ત્રણેય કાળમાં પોતે જ છે. હવે ભાવમાં ફેર કરે. જો ભાવમાં ફેર ન હોય તો આ સંસાર કોનો? વિકાર કરે આદિ (કોના)? ત્યારે પેલો સામો કહે છે કે, ના. વિકાર આત્મા ન કરે. તમે કર્તા ભલે કીધો હોય તો દ્રવ્ય કરે, ક્ષેત્રમાં કરે કાં સંકોચ-વિકાસમાં કાર્ય થાય. ત્યારે કહે છે, ભાઈ! સંકોચ-વિકાસમાં તો અસંખ્ય પ્રદેશ એક જ રહે છે. આહાહા..! ચાહે તો લોક પ્રમાણે કેવળજ્ઞાની પરમાત્મા અસંખ્ય પ્રદેશી સમુદ્‌ઘાત કરે અને ચાહે તો નિગોદના એટલા ભાગમાં અસંખ્ય શરીર ને એક શરીરમાં અનંતા જીવ ને એક એક જીવના અસંખ્ય પ્રદેશ અખંડ છે. આહાહા..! આવી વાતું છે. વાણીયાને ધંધા અને પાપ આડે નવરાશ ન મળે. આવો નિર્ણય ક્યાં કરવો? (શ્રોતા : સાંભળવા વાણીયા જ આવે છે બીજું કોઈ આવતું નથી) આહા..! સમજાય છે કાંઈ આમાં? (શ્રોતા :– હિન્દીમાં લ્યો) અહીં ગુજરાતી છે એક જણ માટે હિન્દી નહીં. અહીંયાં સમજાણું કાંઈ? આહાહા..!

સંકોચ-વિકાસના કારણે પણ કાર્યપણું બની શકતું નથી. આત્માના પ્રદેશ અસંખ્ય છે એનો સંકોચ-વિકાસ થાય. નિગોદમાં જાય તો સંકોચ થઈ જાય વળી સમુદ્‌ઘાત કરે તો વિકાસ થાય પણ પ્રદેશમાં ઘટ-વધ થતી નથી. માટે તેના સંકોચ-વિકાસની અપેક્ષાએ પણ કર્તાપણું નથી. દ્રવ્ય અપેક્ષાએ કર્તાપણું નથી, ક્ષેત્ર અપેક્ષાએ કર્તાપણું નથી, સંકોચ-વિકાસની અપેક્ષાએ કર્તાપણું નથી. આહાહા..!

**'તેને (–આત્માને) પ્રદેશોના સંકોચ-વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી,...'** આમાં ન્યાય સમજાય છે કાંઈ? આત્મામાં વિકાર થાય છે પુણ્ય ને પાપ, દયા ને દાન,

વ્રત ને ભક્તિ એ વિકાર છે, તો અજ્ઞાની કહે છે, કે એ વિકાર આત્મા કરતો નથી, વિકાર કર્મ કરે છે. આચાર્ય એનો ઉત્તર આપે છે, કે વિકાર જો કર્મ કરે તો આત્માને કર્તા કીધો છે, કર્તા તો કીધો છે, એને શી રીતે તું સિદ્ધ કરીશ? તો એ કહે છે કે, દ્રવ્યનો કર્તા (છે). પણ દ્રવ્યને કર્તા હોય નહિ. નિત્ય વસ્તુ ને નિત્યને કરવું બે હોય શકે નહિ. તો એના ક્ષેત્રના અસંખ્યપણા(માં કર્તા થાય). પેલામાં તો તમે એકપણું લીધું, દ્રવ્ય (લીધું) અને ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશ છે તો એમાં ઓછા-વત્તા થાય. (તો કહે છે) એમાં પણ ઓછા-વત્તા થાય નહિ. લોક પ્રમાણે છે એ પ્રમાણે રહેનારા (છે). ત્રીજી વાત કે, સંકોચ-વિકાસ થાય છે ને? બાળક હોય ત્યારે આત્માના પ્રદેશ બાળક પ્રમાણે, શરીર પ્રમાણે હોય, મોટો થાય તો એના પ્રમાણમાં (હોય). તો સંકોચ-વિકાસ થાય એની અપેક્ષાએ એમાં કર્તાપણું આવે કે નહિ? કે, ના. એમાં એમ પણ ન આવે. સંકોચ-વિકાસમાં કાંઈ પ્રદેશ વધ-ઘટ થતાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સંકોચ-વિસ્તાર થવા છતાં પણ, સૂકા-ભીના ચામડાની માફક,...'** ચામડુ છે ને? ચામડુ સૂકુ હોય કે લીલું હોય **'નિશ્ચિત નિજ વિસ્તારને લીધે...'** છે. જેટલું ચામડુ છે એટલું છે, ભલે લીલું હોય કે સૂકુ હોય. આહાહા..! **'તેને (-આત્માને) હીન-અધિક કરી શકાતો નથી.'** આહાહા..! **'ચામડાની માફક નિશ્ચિત નિજ વિસ્તારને લીધે...'** અસંખ્ય પ્રદેશનો આત્મા, અસંખ્ય પ્રદેશી ભગવાને કહ્યો એમાં વધ-ઘટ થતી નથી. એમાં **'હીન-અધિક કરી શકાતો નથી. (આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી.)'** વિકારનું કરવાપણું તેં તારું ન માન્યું અને બીજાને માન્યું ત્યારે તારે કરવાપણું તો સિદ્ધ કરવું છે. તો દ્રવ્યનું કર્તાપણું (તું કહે છો). તો દ્રવ્યનું કર્તાપણું તો સિદ્ધ થશે નહિ, દ્રવ્ય તો છે એ છે. કરવાપણું તો ન હોય અને કાંઈક નવું કરવું હોય એમાં કરવાપણું હોય. આ તો નિત્ય આત્મા છે. અસંખ્ય પ્રદેશી નિત્ય છે, સંકોચ-વિકાસ પણ નિત્ય છે. આહાહા..!

**'(આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી.)'** માટે (તારે) જો વિકારનો કર્તા આત્માને નથી માનવો અને આત્માને કર્તાપણું માનવું છે એ નહિ બની શકે. કાયમની ચીજ છે એને કર્તાપણું હોય શકે નહિ. બદલતી દશાને કર્તાપણું હોય. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આ બદલતી દશા (છે) એને કરે છે. આહા..! પેલો કહે, એને કરતો નથી. ત્યારે કોને (કરે છે)? દ્રવ્યને કરે છે. પણ દ્રવ્યનું કરવું હોય નહિ, અસંખ્ય પ્રદેશી ક્ષેત્રનું કરવું હોય નહિ અને સંકોચ-વિકાસનું (કરવું) ન હોય. આહાહા..! જરીક અન્યમતિની સાથે ચર્ચાની વાત થઈ છે. આહાહા..!

**'વળી, 'વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી...'** વસ્તુ સ્વભાવ જે છે સત્તા, સત્તા છે એનો અભાવ કોઈ દિ' થાય નહિ. વસ્તુસ્વભાવનું સર્વથા મટવું, સર્વથા મટવું (અશક્ય છે). પલટે, વસ્તુ કાયમ રહીને પલટે પણ વસ્તુનો અભાવ થઈ જાય એવું ત્રણકાળમાં બને

નહિ. આહાહા..! **'વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહે છે...'** જાણનારો ભગવાનઆત્મા.. આહા..! આ તો જડ છે, વાણી જડ છે, જાણનારો જે આત્મા તો ભિન્ન કાયમ જાણનારો રહે, એ તો જ્ઞાયક ભાવે કાયમ છે. આહાહા..! આ બધું પલટી જાય, શરીર નાશ થઈ જાય, વાણી બંધ થઈ જાય, આત્મા તો અંદર જ્ઞાયકભાવ છે. અહીંથી જઈને બીજે ભવે જાય. એનો કાંઈ નાશ થતો નથી. આહાહા..!

**'જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદા સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી,...'** શું કીધું? કે, તું એમ કહે કે, જ્ઞાયક ભાવ છે એ કરે છે. જ્ઞાયક ભાવમાં કરવાપણું હોય જ નહિ, જ્ઞાયક ભાવ તો જ્ઞાયકભાવ સદાય છે. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... સદાય છે, એમાં કરવાપણું હોઈ શકે નહિ. એણે ચોથો બોલ નાખ્યો, એમ કે જ્ઞાયકપણું કરે. આહાહા..! જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે જ સદાય સ્થિત રહેતો, એવો જવાબ આપ્યો.

**'વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી.'** આહાહા..! જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે તો સદાય સ્થિત છે. **'અને એમ સ્થિત રહેતો થકો, જ્ઞાયકપણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી,...'** જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... ભગવાન અંદર સદાય રહે છે અને એને કર્તા થાવું એ પણ વિરુદ્ધ છે. જ્ઞાયકપણું કાયમ રહે અને કર્તાપણું ઠરાવવું એ પણ વિરુદ્ધ છે. આહાહા..! ઝીણો અધિકાર છે.

અને **'મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે;...'** અને તું કહે કે, વિકાર તો અહીં થતો જ નથી. જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવપણે રહે છે અને વિકાર થાય છે તો તું કહે કે, વિકાર કર્મ કરાવે. જ્ઞાયક ભાવ વિકાર પોતે કરે છે પર્યાયમાં, પલટતી પર્યાયમાં કરે છે કાયમ રહેવામાં એ કાંઈ કરી શકે નહિ. આહા..!

**'કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી,...'** કોને? જ્ઞાયકપણાને જાણનારો, કાયમ રહેનારો અને એને કરવાપણું એ અત્યંત વિરુદ્ધ છે. કાયમ રહેનારો ને એને કર્તાપણું કહેવું એ વિરુદ્ધ છે. સમજાય છે કાંઈ? આહાહા..! તેથી **'વિરુદ્ધતા હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી;** અને **મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે;...'** આચાર્ય જવાબ આપે છે, કે જ્ઞાયક ભાવ છે એ તો કાયમ રહે, એ પોતે તો કાંઈ ફરે નહિ અને છતાં મિથ્યાત્વાદિ ભાવ તો દશામાં થાય છે, છતાં તું અકર્તા કહેતો હો તો આ થાય છે એનું શું? આહાહા..!

**'વિરુદ્ધતા હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી; અને મિથ્યાત્વાદિ ભાવો તો થાય છે;...'** રાગ-દ્વેષ તો અજ્ઞાની કરે છે અને તું કહે કે, જ્ઞાયક ભાવ કરતો નથી. આહા..! **'તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે...'** અજ્ઞાની એમ કહે કે, કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને રખડે અને કર્મને

લઈને દુઃખ થાય. આત્માને કાંઈ નથી, આત્મા તો અકર્તા છે. એ તદ્દન જૂઠું છે. આત્મા પોતે જ પર્યાયમાં રાગ-દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વને કરે છે અને પર્યાયમાં ટાળી શકે છે. આહાહા..!

**'એમ પ્રરૂપણ કરવામાં આવે છે-આવી જે વાસના (અભિપ્રાય, વલણ) પ્રગટ કરવામાં આવે છે તે પણ 'આત્મા આત્માને કરે છે' એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે...'** આત્મા આત્માને કરે છે અને વળી વિકાર પણ કરતો નથી એ બેય વિરુદ્ધ થઈ ગયું. **'(કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).'** ચાર બોલ લીધા. (૧) દ્રવ્ય છે એ નિત્ય છે માટે કર્તા નહિ. (૨) ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે એ એકરૂપ છે માટે કર્તા નહિ. (૩) એનો સંકોચ-વિકાસ થાય છતાં તેના તે (પ્રદેશ) છે માટે કર્તા નહિ. અને (૪) ભાવમાં જ્ઞાયક ભાવ છે એ જ્ઞાયક ભાવ પોતે કર્તા નથી. ત્રિકાળી જ્ઞાયક ભાવ કર્તા નથી. આહાહા..! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર લીધા. આકરી વાત છે. છે ને?

**'આત્મા આત્માને કરે છે એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે (કારણ કે સદાય જ્ઞાયક માનવાથી...)'** સદાય એને જાણનારો માનવાથી રાગનું કરવાપણું આવી શકે નહિ. એટલે સદાય જો જાણનારો માન તોપણ કર્તાપણું સિદ્ધ થતું નથી. દ્રવ્ય સિદ્ધ થતું નથી, ક્ષેત્ર સિદ્ધ થતું નથી, કાળ સિદ્ધ થતો નથી અને ભાવ પણ સિદ્ધ થતો નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ બહુ ઝીણો. રોજ દયા પાળો ને વ્રત કરો એવી વાત (હોય તો) સમજાય તો ખરું. શું સમજાય? ધૂળ. પરની દયા આત્મા ત્રણકાળમાં પાળી શકતો નથી ને. ભાવ કરે એ હિંસા, દયા પાળવાનો ભાવ કરે એ પોતાની હિંસા (છે). રાગ છે ને એટલે અજ્ઞાન ભાવે રાગનો કર્તા આત્મા છે. એમ અહીં સિદ્ધ કરવું છે. બિલકુલ અકર્તા છે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ઈશ્વર જ બધું કરે છે ને?

ઉત્તર :– પ્રભુને.. પ્રભુને... પ્રભુને અહીં ના પાડે છે. એ કર્તા જ નથી. એ કર્મ, કર્મ કરે છે એમ કહે છે. આ ઈશ્વર કર્તાવાળા એમ કહે. પણ અહીં અત્યારે કર્મ કરે છે એમ. કર્મને લઈને (થાય). જૈનમાં પણ એમ છે ને ઘણા સમજ્યા વિનાના, કે આત્મામાં જે કાંઈ દોષ આવે એ કર્મને લઈને આવે. તદ્દન જૂઠ વાત છે. આત્મામાં દોષ થાય એ દોષ પોતાના અપરાધથી પોતે કરે છે. કર્મ તો નિમિત્તમાત્ર છે, કર્મથી વિકાર થતો નથી. આહાહા..! હવે આવા લોજીકને ન્યાયને (સમજવા) નવરા ક્યારે હોય? આ રીતે સિદ્ધ કરવું... ચાર બોલે સિદ્ધ કર્યા. આહાહા..!

આત્મા વિકારનો કર્તા છે એમ સિદ્ધ કરવું છે. અજ્ઞાની કહે છે કે, વિકારનો કર્તા કર્મ છે, આત્મા નહિ. એને માટે અહીં દલીલ આપી, કે એ કઈ રીતે કર્તા છે? તો કહે, આત્મા તો નિત્ય છે, નિત્યને કરે નહિ. અસંખ્ય પ્રદેશી કાયમ છે એને કરે નહિ, સંકોચ-વિકાસ પણ પોતે... સંકોચ-વિકાસ ચામડાનો દાખલો આપ્યો ને? સૂકુ-ભીનું ચામડુ થયું ભલે

સૂકું ને ભીનું ચામડું તો એટલું ને એટલું છે. લીલું હોય તો એટલું ને સૂકું હોય તો એટલું (છે). એટલે સૂકા-ભીના ચામડાની પેઠે પણ આત્મામાં સંકોચ-વિકાસથી ઓછું-વત્તું થતું નથી. આહાહા..! આવી વાતું. ત્યારે પછી એણે કીધું કે, ભાઈ! જ્ઞાયક ભાવ કરતો હશે. જ્ઞાયક ભાવ તો એકરૂપ રહે. જ્ઞાયક ભાવમાં કરવાનું હોય નહિ, કરવાનું તો પર્યાયમાં હોય અને પર્યાયને તો માનતો નથી.

**'પ્રગટ કરવામાં આવે છે તે પણ 'આત્મા આત્માને કરે છે' એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે...'** એની શ્રદ્ધા ખોટી છે. વિકાર... વિકાર... વિકારને કરે, કર્મથી વિકાર થાય આત્માથી નહિ, એ તદ્દન આત્માનો મોટો અપરાધ છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એને આત્માની કાંઈ ખબર નથી.

**'(કારણ કે સદાય જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો).'** સદાય જ્ઞાયક માનવાથી પર્યાયમાં રાગ થાય એનો અકર્તા ઠર્યો. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાયક છે, જાણનાર છે. ચૈતન્ય પ્રકાશ ચૈતન્ય પ્રકાશનું પૂર-નૂર (છે) એ તો કાયમ ચીજ છે, એને શું કરવું હોય? એ તો કરવાનું હોય તો પર્યાયમાં બદલવામાં હોય. અને તું કહે છો કે, જ્ઞાયક ભાવ કરે, જ્ઞાયક ભાવ કરે. પણ જ્ઞાયક ભાવ કરે શી રીતે? પર્યાયમાં તું કરવાપણું માનતો નથી ને જ્ઞાયક ભાવ કરી શકતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે. આવી જૈનની વાતું હશે આવી? જૈન પરમેશ્વર... આહાહા..! જૈનમાં પણ મોટા ગોટા ઉઠ્યા છે. નામ આપ્યું છે ને? સાંખ્યની પેઠે અમારા સાધુઓ પણ વિકારનો કર્તા કર્મ માને એ પણ સાંખ્યમતિ જેવા અજ્ઞાની છે. એ આવી ગયું છે. આહાહા..!

**'માટે, જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું...'** શું કહે છે? જુઓ! જ્ઞાયક જાણનાર ભગવાન છે આત્મા. એ તો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એ જાણનાર સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે અવસ્થિત છે. વિશેષ અપેક્ષામાં ફેર છે. સામાન્યપણે તો ત્રિકાળ એકરૂપ છે.

**'કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** આહાહા..! શું કહે છે? **'જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતાં મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** દોષ થાય તેનું જાણવું થાય એને સમયે **'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય...'** રાગ અને દયા, દાન, કામ, ક્રોધ એ પર છે અને હું જ્ઞાન છું, એવું બે વચ્ચેના ભેદજ્ઞાનથી શૂન્ય છે. તેથી ખરેખર તો જે કાંઈ રાગ-દ્વેષ થાય છે તે જ્ઞાનમાં જાણવા લાયક જ છે, જ્ઞાન તેને જાણનારો છે. એની એ મર્યાદા તે ન રાખતા...

આહા..! પરને આત્મા તરીકે જાણતો હોવાથી એ જ્ઞાયક ભાવને એ તો સામાન્ય તરીકે તો જ્ઞાયક જ છે પણ વિશેષ તરીકે રાગ અને દ્વેષના ઉત્પન્ન કાળમાં તેનું જ્ઞાન કરવું જોઈએ, અહીં જ્ઞાન કરવું જોઈએ, એ જ્ઞાનનો અભાવ હોવાથી તે રાગ-દ્વેષને પોતાના માનીને કરે છે. કહો, 'કાંતિભાઈ'! કોઈ દિ' આ તો સાંભળ્યું નહિ (હોય). આહાહા..! શું કીધું?

પહેલી આ ચાર બોલની તો વાત કરી. હવે જ્ઞાયક ભાવ, જ્ઞાયક ભાવ જે છે એ એકરૂપ છે એ તો કર્તા હોઈ શકે નહિ. એકરૂપ રહેનારું જ્ઞાયક દ્રવ્ય, દ્રવ્ય ધ્રુવ ધ્રુવ એ ધ્રુવ તે સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાન અવસ્થિત હોવાથી સામાન્ય અપેક્ષાએ તો ધ્રુવ રહેવાથી. **'કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** ખરેખર તો... આહાહા..! આત્મામાં જે મિથ્યાત્વ અને રાગ થાય તેનું જ્ઞાન થાય એવો એનો સ્વભાવ છે પણ તેના જ્ઞાનના સમયે જ્ઞાન ન કરતાં આ મારું કાર્ય છે એમ કર્તા થાય છે. આહાહા..! સમજાય છે?

ફરીને, ભગવાનઆત્મા જ્ઞાયક સ્વરૂપ જાણનાર ત્રિકાળ જાણનાર છે. એ સામાન્ય અપેક્ષાએ ત્રિકાળ જાણનાર (છે એને) તો કાંઈ કરવું હોય નહિ. એ તો અવસ્થિત હોવાથી, **'જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં...'** એ છતાં **'કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** ખરેખર તો રાગ જે થાય છે આ જ્ઞાયક પોતે છે તેથી રાગના જ્ઞાન સમયે ખરેખર તો રાગનું જ્ઞાન થવું જોઈએ, રાગનું જ્ઞાન થવું જોઈએ. એ રાગના જ્ઞાનને સમયે જ્ઞાન ન કરતા. **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો...'** રાગ થાય તે હું છું એમ અજ્ઞાની માને છે. રાગથી ભિન્ન ભગવાન અંદર જુદો છે એની અજ્ઞાનીને ખબર નથી. આહાહા..!

એ જ્ઞાયક ભાવ **'પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો...'** જ્ઞાન, ખરેખર તો રાગાદિ થાય તેનું એ જ્ઞાન છે, તેનું એ જ્ઞાન કરે છે. એનો સ્વભાવ જ્ઞાયક છે માટે જ્ઞાન છે અને જ્ઞાન હોવાથી રાગને કાળે રાગને જાણે એવું એનું સ્વરૂપ છે પણ એમ ન માનતા રાગ થાય છે એ અજ્ઞાનથી મારામાં થાય છે એમ એ અજ્ઞાની માને છે. આહાહા..! એ માને છે એ બરાબર છે. એ કર્તા અજ્ઞાનપણે બરાબર છે. આહાહા..! વિશેષ અપેક્ષાએ, એકલા જ્ઞાયક સામાન્ય અપેક્ષાએ તો કરવાપણું આવે નહિ પણ જ્ઞાયક ભાવમાં પર્યાયની અપેક્ષાએ, વિશેષ અપેક્ષાએ, બદલવાની અપેક્ષાએ **'અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરતો હોવાથી...'** આહાહા..! એ જ્ઞાનપરિણામને અજ્ઞાનરૂપ કરતો, રાગરૂપ કરતો. રાગ હું છું, દ્વેષ હું છું, પુણ્ય હું છું, દયાના ભાવ તે હું છું. આહા..! જગતને સત્ય સમજાવવા આચાર્યોએ ટીકા કરી છે. આહાહા!

**'પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ...'** ભૂલ છે. સામાન્ય તો સામાન્ય છે. **'વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો...'** આત્માના જ્ઞાનપરિણામ (થવા જોઈએ). ખરેખર તો રાગ થાય તેને જાણનારા પરિણામ થવા જોઈએ.

આહાહા..! કારણ કે, જ્ઞાન એનું સ્વરૂપ છે એમ માથે આવી ગયું ને? **'સામાન્ય અપેક્ષાએ જ્ઞાન સ્વભાવે અવસ્થિત...'** છે. માથે પહેલી લીટી આવી. **'જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત છે.'** એમ આવી ગયું, ન્યાય આવી ગયો. એમ હોવા છતાં **'મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** મિથ્યા શ્રદ્ધા ને રાગ-દ્વેષનું જ્ઞાન કરે. કારણ કે એનો જ્ઞાન સ્વભાવ છે, જ્ઞાયકનો જ્ઞાન સ્વભાવ છે. તેથી રાગ વખતે, દ્વેષ વખતે રાગ-દ્વેષના જ્ઞાનનો એ સમય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે.

મુમુક્ષુ :– મિથ્યાત્વના કાળે તો મિથ્યાત્વથી રહિત આત્મા છે ને?

ઉત્તર :– જ્ઞાયક ભાવ છે એ તો ધ્રુવ છે. હવે એની પર્યાયમાં વિશેષ અપેક્ષાએ ખરેખર તો રાગ થાય એને જાણવું, જ્ઞાનનો સમય જાણવું એમ છે પણ એમ ન થતાં ભેદજ્ઞાન નથી માટે રાગ તે હું છું એમ માને છે. આહાહા..! આચાર્યોએ પણ કેટલું કામ કર્યું છે, જુઓને! આત્મા તરીકે જાણે. શું કીધું? **'પરને આત્મા તરીકે...'** અહીં ફેર (પડે છે).

ફરીને, **'જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત...'** પાછું એમાં લેવું છે. જ્ઞાયક ભાવ જ્ઞાનસ્વભાવે અવસ્થિત છે તો એમાંથી તો જ્ઞાન થવું જોઈએ એમ કહે છે. એવા **'કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** જોયું? આ મિથ્યા શ્રદ્ધા, રાગ-દ્વેષ એનું અહીં જ્ઞાન થવું જોઈએ. તો જ્ઞાનનો એનો સમય છે, એના જ્ઞાનનો એનો સમય છે. કેમકે જ્ઞાન જ્ઞાયકમાં અવસ્થિત છે. આહાહા..! જ્ઞાન છે એ જ્ઞાયકમાં અવસ્થિત છે, કાયમ છે. માટે મિથ્યાત્વ ને રાગ થવા ટાણે (સમયે) તેનું જ્ઞાન થવું જોઈએ, જ્ઞાનના સમયે (જ્ઞાન થવું જોઈએ). આહાહા..!

**'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** આહાહા..! વળી રાગ છે તે ભિન્ન છે અને જ્ઞાન, જ્ઞાયકનું જ્ઞાન છે તે ભિન્ન છે એવું જેને–અજ્ઞાનીને જ્ઞાન નથી. આહાહા..! **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો...'** રાગને આત્મા તરીકે જાણતો. ખરેખર તો રાગનું જ્ઞાન કરવાનું ટાણું (સમય) છે એને ઠેકાણે રાગ હું છું એમ એ માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** વાત શું કીધી? કે, **'કર્મથી ઉત્પન્ન થતાં મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે...'** તે તો એને જાણવાનો કાળ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષને જાણવાનો કાળ છે, પણ જાણવાના કાળને ટાણે ભેદજ્ઞાનની શૂન્યતાને લઈને રાગ છે તે હું છું એમ માને છે. આહાહા..! કહો, 'ગુણવંતભાઈ'! આવું બધું 'કલકત્તા'માં ક્યાંય મળે એવું નથી. બધે રખડપટ્ટી છે. આહાહા..!

ભગવાન! અંદર ચૈતન્યમૂર્તિ જ્ઞાયક ધ્રુવભાવ તે જ્ઞાનસ્વભાવમાં સ્થિત છે, જ્ઞાનસ્વભાવમાં સ્થિત છે. અને તેને કર્મના નિમિત્તથી થતાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ને વિષય-વાસનાના કાળે તેનો જ્ઞાનનો સમય છે. તેના જ્ઞાનનો સમય છે પણ તેના જ્ઞાનનો સમય ન જાણતા

પરને પોતાનું માનીને ભેદજ્ઞાન કરતો નથી. આહાહા..! અજાણ્યા માણસને ઘણા બોલ આકરા પડે એવા છે. વીતરાગ માર્ગ એવો છે, ભાઈ!

**'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી,...'** છે તો ભગવાન જ્ઞાયક ભાવ, જ્ઞાન ભાવથી ભરેલો જ્ઞાનથી અવસ્થિત છે. જ્ઞાયક ભાવ આત્મા જ્ઞાનથી જ અવસ્થિત છે. તેથી તે તો જ્ઞાન કરવાને જ લાયક છે. રાગાદિ આવે, પુણ્ય આદિ આવે ગમે તે આવે એને જ્ઞાન કરવાની તાકાત છે પણ અનાદિથી ભેદજ્ઞાન નહિ હોવાથી, જ્ઞેય અને જ્ઞાનની એકતા માનવાથી એનું જ્ઞાન ન કરતાં રાગ ને પુણ્ય પરિણામ એ મારા છે એમ અજ્ઞાની કર્મનો કર્તા થાય છે. અજ્ઞાની વિકારનો કર્તા થાય છે. છે?

**'(જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ...'** જોયું? પહેલા સામાન્ય અપેક્ષાએ કહ્યું હતું ને? સામાન્ય અપેક્ષાએ. સામાન્ય અપેક્ષાએ તો આત્મા જ્ઞાયક છે તો જ્ઞાન સ્વરૂપ જ છે. જ્ઞાયક છે તે સામાન્ય અપેક્ષાએ જ્ઞાન સ્વરૂપ જ છે. હવે વિશેષ અપેક્ષાએ જ્યારે પર્યાયમાં કર્મના નિમિત્તથી રાગ-દ્વેષ, મિથ્યાત્વ થાય (તે સમયે) ખરેખર તો તે આત્મા અવસ્થિત-જ્ઞાન સમયમાં અવસ્થિત છે. તેથી તે જ્ઞાનનો સમય છે એને જાણવાનો સમય છે. આહાહા..! પણ એમ ન માનતા ભેદજ્ઞાનના અભાવને લઈને. આહાહા..!

**'વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો...'** જોયું? જ્ઞાન પરિણામ થવા જોઈએ. રાગ અને દ્વેષ થાય તેનું જ્ઞાન થવું જોઈએ. ભેદજ્ઞાનની વસ્તુ-સ્થિતિ એમ છે. કારણ કે જ્ઞાયક ભાવ જ્ઞાન સ્વભાવે સ્થિત છે તો એ તો પ્રસંગ કોઈપણ પ્રસંગમાં જ્ઞાન કરે એ એનું સ્વરૂપ છે. આહાહા..! કોઈપણ પ્રસંગમાં એ તો જ્ઞાન કરે એવી એની જાત છે પણ એમ ન માનતા જ્ઞેય અને જ્ઞાનનું ભેદજ્ઞાન નહિ હોવાથી પરને આત્મા તરીકે જાણતો. એનું જ્ઞાન- જાણવું એ છોડી દઈને રાગ ને દયા, દાન મારા ભાવ છે એ પરજ્ઞેય તરીકે છે ને આત્મા તેનો જાણનાર જ્ઞાન પરિણામથી છે. જ્ઞાન પરિણામથી જ્ઞેય, રાગનો જાણનાર છે એમ ન માનતા ભેદવિજ્ઞાનના અભાવને લઈને એ રાગને જ પોતાનું સ્વરૂપ માને છે. રાગને જાણનારા જ્ઞાનનું પરિણામ એ મારું સ્વરૂપ છે એમ માનતો નથી. આહાહા..! આકરી વાત છે, ભાઈ! આચાર્યો તો આ પ્રસંગ જે આવ્યો હોય એ વાત ચાલે ને? જે પ્રસંગ ચાલતો હોય એની વાત ચાલે ને? આહાહા..!

**'એવો...'** પરને આત્મા તરીકે જાણતો એવો **'(જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ...'** એટલે જ્ઞાયક ભાવ તો સામાન્ય તો સામાન્ય જ છે પણ એની વિશેષ અપેક્ષાએ રાગ થાય, દ્વેષ થાય, દયા, દાનના પરિણામ થાય તેના જ્ઞાનને સમયે. આહાહા..! ખરેખર તો તેને જાણવાનો સમય છે પણ એમ ન માનતા **'વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો...'** વિશેષ અપેક્ષાએ રાગને જાણવું એ અપેક્ષા ન કરતાં રાગને પોતાનું જ્ઞાનરૂપ છે એમ માનતો રાગનો કર્તા થાય છે. આહાહા..! આ જરી આકરું છે.

**'પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ...'** પર્યાયમાં **'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો...'** આહાહા..! ખરેખર તો જ્ઞાયક ભાવ જ્ઞાનથી અવસ્થિત છે તેથી તે રાગ સમયે તેનું જ્ઞાન કરવા માટે શક્તિવાન છે પણ ભિન્ન જ્ઞાનના અભાવને લઈને, ભેદજ્ઞાનના અભાવને લઈને જ્ઞાનપરિણામને અજ્ઞાનરૂપ કરતો. તે ટાણે (સમયે) જ્ઞાન પરિણામ થવું જોઈએ, એને ઠેકાણે અજ્ઞાનરૂપ રાગરૂપ કરતો. આહાહા..! કેટલા ન્યાય મુક્યા છે આમાં!

વિશેષ અપેક્ષાએ એટલે જ્ઞાયક ભાવ તો સામાન્ય ત્રિકાળ છે પણ એનો જે સામાન્ય જ્ઞાન સ્વભાવ છે એનું સ્વરૂપ તો એવું જ છે કે રાગ-દ્વેષ થાય તે સમયે તેને જાણે તેવી એની સ્થિતિ છે. પણ એમ ન જાણતા વિશેષરૂપે **'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો...'** પોતે જાણવાના પરિણામ કરતો નથી અને તે રાગરૂપે–અજ્ઞાનરૂપે છું (તેમ માને છે). રાગ અજ્ઞાન છે. આહાહા..! જ્ઞાન પરિણામને રાગ દયા, દાનના પરિણામરૂપે કરતો. આહાહા..! અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન, **'એ (-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું...'** આહાહા..! આ રીતે કર્તા સંમત કરવો. કહો, 'દામોદરભાઈ'! સાંભળ્યું? ઝીણી વાત છે, ભાઈ!

આત્મા અંદર કોણ છે? આ દેહ તો માટી–ધૂળ છે. અંદર રાગ-દ્વેષ થાય છે એને પણ આત્મા જાણવાની પર્યાયવાળો છે. ત્રિકાળી તો સામાન્ય છે પણ એનું વિશેષ, વિશેષ પર્યાય સ્વરૂપ એ રાગ-દ્વેષ થાય છે તેને જાણવાના પરિણામવાળું છે પણ તે કાળે એ જાણવાના પરિણામ ન કરતાં રાગ હું છું એમ કરીને (અજ્ઞાનરૂપ પરિણમન કરે છે). આહાહા..! સમજાય છે?

**'(-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી),...'** આહાહા..! ખરેખર તો જ્ઞાયક ભાવ જ્ઞાન ભાવે સ્થિત હોવાથી રાગ-દ્વેષ ને વિકારને કાળે તેનું જ્ઞાન કરવાનો એનો સ્વભાવ છે છતાં અનાદિથી ભેદજ્ઞાનના અભાવને લઈને એનું જ્ઞાન કરવું એ છોડીને એ રાગ છે એ હું છું, પુણ્ય-પાપના પરિણામ એ હું છું એમ અજ્ઞાનપણે, જ્ઞાન પરિણામને અજ્ઞાનપણે કરે છે. આહાહા..! આવી વાત ધંધા આડે કોઈ દિ' સાંભળી ન હોય. આહાહા..!

**'અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરતો હોવાથી...'** શું કીધું ઇ? રાગ અને દ્વેષ અજ્ઞાન છે, એમાં જ્ઞાન નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ અજ્ઞાન છે. અહીં એનું અહીં જ્ઞાન થવું જોઈએ, ખરેખર તો એનું જ્ઞાનનું પરિણમન થવું જોઈએ. એમ ન કરતાં એ અજ્ઞાનને જ્ઞાન પરિણમન રૂપે માનતા. આહાહા..! છે? **'અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરતો હોવાથી...'** એ જ્ઞાન પરિણામને અજ્ઞાન એટલે રાગરૂપે કરતો હોવાથી, રાગને જાણવાનું કરતો નહિ હોવાથી. રાગને જાણવાના કાળે... આહાહા..! જાણવું નહિ કરતો તે દયા-દાનના પરિણામ મારા છે એમ જ્ઞાન પરિણામને અજ્ઞાન પરિણામે કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે

ને અંદર લખાણ તો છે. ગૂઢાર્થ છે, બહુ સરસ વાત છે. આહાહા..! અને તે ખૂબી તો શું કીધી? કે, જ્ઞાયક ભાવ છે એ જ્ઞાનભાવે સ્થિત છે. એટલે તેમાંથી પરિણમન થાય તે તો જ્ઞાનનું જ થાય. એ રાગ ટાણે (સમયે) પણ જ્ઞાનનું જ પરિણમન થાય. એમ ન થતાં જ્ઞાનના પરિણમનને રાગનું પરિણમન કરી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

સમજ્યા વિના કરો સામાયિક ને કરો પોષા ને કરો પડિકમણા ને કરો જાત્રા. બધી ધૂળધાણી ને વા-પાણી છે. એમાં આત્માના જન્મ-મરણ મટવા માટે મિથ્યાત્વનો જ્યાં સુધી નાશ ન કરે, ત્યાં સુધી એકેય ભવ ઘટે નહિ. આહાહા..! એ અહીં વાત છે. આહાહા..!

ખૂબી તો એ લીધી, કે દ્રવ્ય જે વસ્તુ છે તે નિત્ય છે માટે કર્તા હોઈ શકે નહિ. અસંખ્ય પ્રદેશી વસ્તુ એકરૂપ અખંડ છે. તેમાં પણ કર્તા હોય નહિ. સંકોચ-વિકાસ થાય એ પણ ભલે (થાય) પણ છતાં ઓછું-વત્તું થાય નહિ. આહાહા..! અને જ્ઞાયકના ભાવમાં જ્ઞાન ભર્યું છે એને રાગ આવે ત્યારે જ્ઞાનના પરિણમનનો ભાવ આવવો જોઈએ એને ઠેકાણે અજ્ઞાનને લઈને જ્ઞાનના પરિણમનને રાગરૂપ જ માને છે. રાગ અને દ્વેષરૂપ ને કષાયરૂપે માને છે એ મિથ્યાદૃષ્ટિ રાગનો કર્તા થાય છે. આહાહા..! આવી વાતું. ધર્મનો આવો કેવો ઉપદેશ? જૈન પરમેશ્વરે (કહ્યો હશે?) દયા પાળો, વ્રત કરો, જાત્રા કરો, ભક્તિ કરો (એ ધર્મ). સાંભળને હવે. દયા પાળી ને ભક્તિ અનંત વાર કરી. એ તો રાગ છે શુભ રાગ, એ કાંઈ ધર્મ નથી.

અહીં તો કહે છે, રાગ જ્ઞાયક ભાવમાં સ્થિત નથી. જ્ઞાયક ભાવ ભગવાનમાં જ્ઞાન સ્થિત છે તેથી તેનું જ્ઞાન થવું જોઈએ. આહાહા..! દ્રવ્ય જે જ્ઞાયક છે એમાં જ્ઞાન અવસ્થિત તેનો ગુણ (છે) એની અવસ્થા જ્ઞાનની થવી જોઈએ પણ ભાનના અભાવને લઈને દયાનો, ભક્તિનો કે લખવાનો રાગ આવ્યો એ રાગ આવ્યો એને જાણવું એ એનું સ્વરૂપ છે, રાગને કરવું એનું સ્વરૂપ નથી. આહાહા..! એના જ્ઞાનના પરિણામને સમયે જ્ઞાન પરિણામને અજ્ઞાનરૂપ કરતો. અહીં વિશેષ શું કહેવું છે? મિથ્યાત્વ આદિ ભાવોના જ્ઞાનને સમયે. ભાઈ! મિથ્યાત્વ આદિના જ્ઞાનને સમયે આમ જ્ઞાન કરતો નથી પણ જ્ઞાનને ભૂલીને જ્ઞાનને રાગરૂપ ને દ્વેષરૂપ કરે છે, અજ્ઞાનરૂપ કરે છે. આહાહા..! કાંઈક કઠણ પડ્યું આજે જરીક.

**'(-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું...'** તું ના પાડે છે કે આત્મા કર્તા નથી પણ આ રીતે કર્તાપણું સિદ્ધ થાય છે. કેમકે જ્ઞાયક ભાવમાં તો જ્ઞાન ભર્યું છે, જ્ઞાન અવસ્થિત છે. તો એમાંથી કાંઈ રાગ ઝરે નહિ. આહાહા..! રાગ અને વિકલ્પ તો કર્મના નિમિત્તે વિકાર થાય છે. વિકારના કાળે જ્ઞાન સમય છે તેમ તેનું જ્ઞાન કરવું એવો એને કાળ છે પણ એ કાળ ન કરતાં જ્ઞાનને રાગરૂપે બનાવતા એ દ્વેષ ને રાગ ને કષાય હું છું (એમ) બનાવીને અજ્ઞાનરૂપે કર્તા થાય છે. કહો, સમજાણું આમાં? ઘણા બોલ આવ્યા, ભાઈ! આહા..!

ખૂબી તો શું છે? કે, **'મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** એ છે. બીજી લીટી છે ને? ભાઈ! બીજી. નીચે (છે). **'મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** એને જાણવાનો સ્વભાવ છે. આહાહા..! **'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે...'** એ જ્ઞાન સમયે–ભાવોના જ્ઞાન સમયે જુદું પાડવાનું અનાદિ કાળથી જ્ઞેય ને જ્ઞાનને એક માન્યું છે તેથી ભેદજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે પરને આત્મા તરીકે જાણતો. એ જ્ઞાનમાં રાગને પોતાનો જાણતો. **'એવો તે (જ્ઞાયક ભાવ) વિશેષ અપેક્ષાએ...'** પર્યાયે **'અજ્ઞાનરૂપ...'** રાગ-દ્વેષ, પુણ્ય-પાપરૂપ **'જ્ઞાનપરિણામને કરતો...'** આહાહા..! ખરેખર તો ત્યાં જ્ઞાન પરિણામ જોઈએ. આહાહા..! સમજાય છે? બેનું-દીકરીઓને આ કાંઈક ઝીણું પડતું હશે. સમજાય છે કે નહિ આ? આહાહા..!

અહીં અજ્ઞાની વિકારનો કર્તા નથી, કર્મ કર્તા છે એમ માનનારને એને સમજાવે છે કે તું કહે છે એ વાત કોઈ રીતે બેસે એવી નથી, ન્યાયથી કોઈ રીતે બેસે એવી નથી. આહા..! કેમકે ભગવાનઆત્મા જાણનાર જ્ઞાયક છે એમાં જ્ઞાન સ્થિત છે, જ્ઞાન અવસ્થિત છે. એ જ્ઞાન અવસ્થિત છે એટલે જે જે પ્રસંગ બને તે તે પ્રસંગનું જ્ઞાન કરવાની તે સમયમાં તાકાત છે અને એ જ રીતે એનો સ્વભાવ છે પણ એમ ન કરતાં ભેદજ્ઞાનની શૂન્યતાને લઈને, રાગ અને જ્ઞાનના પરિણામ બેની શૂન્યતાને લઈને એ જ્ઞાનને રાગરૂપે માનીને રાગનો અને પુણ્યનો કર્તા હું છું એમ માને છે. આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો? આહાહા..! આચાર્યોએ પણ જંગલમાં રહીને દિગંબર મુનિઓએ કામ કર્યાં છે. આહાહા..! કેટલો ઉપકાર કર્યો છે! આહાહા..! એક એકને આમ ન્યાયથી સમજાવે છે, એક વાત પણ જવા દેતા નથી. આહાહા..!

અહીં શું આવ્યું? **'અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરતો...'** ખરેખર તો રાગ-દ્વેષ થાય તેનું જ્ઞાન થવું જોઈએ. કારણ કે જ્ઞાયકનો જ્ઞાન સ્વભાવ છે એમ ન કરતાં... આહાહા..! એ અજ્ઞાન એટલે રાગ-દ્વેષને જ્ઞાન પરિણામને કરતો, રાગ-દ્વેષને જ્ઞાન પરિણામને કરતો, જ્ઞાન પરિણામમાં રાગ-દ્વેષ મારા છે એમ કરતો. આહાહા..!

મુમુક્ષુ :– નિઃસંધિ છે એની સંધિ કરે છે.

ઉત્તર :– ઇ સંધીની અત્યારે વાત નથી. પણ અત્યારે તો અહીં જ્ઞાન પરિણામની પોતાની પર્યાય છે એ પરિણમનનું કામ જાણવાનું કરે, બસ! એટલી વાત છે. રાગ વખતે પણ જાણવાનું કામ કરે પણ એને ભેદજ્ઞાનના અભાવને લઈને જાણવાનું કામ ન કરતાં રાગ-દ્વેષ, દયા-દાન પરિણામ ભક્તિના ઉઠ્યા એ મારા છે એમ અજ્ઞાની તેનો કર્તા થાય છે. ભારે કામ, ભાઈ! ભારે ટીકા, ગજબ ટીકા છે, હોં!

એમાં જ્ઞાન સમયે અને **'અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરતો...'** આહાહા..! શું કીધું? ખરેખર જ્યારે પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ કોઈ પણ વિકલ્પ ઉઠ્યો તે સમય

તો જ્ઞાનનો સમય છે, એને જાણવાનો સ્વકાળ છે. આહાહા..! એને જાણનાર છું એટલું જ બસ એને હોવું જોઈએ. પણ અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાયકની જુદાઈ (કરી નથી). રાગ તે જ્ઞેય છે ને આત્મા જ્ઞાયક છે. રાગ દયા, દાનનો ભાવ પણ જ્ઞેય છે અને આત્મા જ્ઞાન છે. એ બેની જુદાઈને નહિ જાણતા, જ્ઞાન પરિણામને અજ્ઞાનરૂપ કરતો. આહાહા..! એ દયાના પરિણામ મેં કર્યા... આહાહા..! ઇ અજ્ઞાન છે. **'(-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી), તેને કર્તાપણું સંમત કરવું...'** એ રીતે આત્મા વિકારનો કર્તા છે. આ રીત કીધી એ રીતે, એમ સંમત કરવું. બિલકુલ વિકારનો કર્તા નથી એમ માનવામાં મોટી ભૂલ પડશે. આહાહા..! આવી ગયું ને?

**'(અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું); તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના...'** જ્ઞાનનું પરિણમન ને રાગ ભિન્ન છે (એમ) જ્યાં સુધી ન જણાય ત્યાંથી **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો...'** જ્ઞાનરૂપ જ પરિણામે પરિણમતો થકો. **'(-જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે-રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.'** વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૩૯૯ ગાથા–૩૩૨ થી ૩૪૪ રવિવાર, જયેષ્ઠ વદ ૩, તા. ૦૧-૦૬-૧૯૮૦**

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. (ગાથા–૩૩૨ થી ૩૪૪) ભાવાર્થ છે ને ? એને માથે (ટીકા). ફરીને થોડું લઈએ. **'માટે...'** છે ભાવાર્થની ઉપર? આવ્યું ભાઈને? **'માટે...'** અર્થાત્ **'જ્ઞાયક ભાવ સામાન્ય અપેક્ષાએ...'** આ પ્રભુ જે આત્મા જ્ઞાયક સ્વભાવભાવ છે એ સામાન્ય અપેક્ષાએ, એની વિશેષ અપેક્ષા ન કહીએ તો, **'સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં...'** એ જ્ઞાયકભાવ જ્ઞાનભાવથી અવસ્થિત છે. ભગવાનઆત્મા જ્ઞાયકભાવ જ્ઞાનભાવથી ટકી રહ્યો છે, અવસ્થિત છે.

**'કર્મથી ઉત્પન્ન થતા...'** કર્મના નિમિત્તે ઉત્પન્ન થતા **'મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** આહાહા..! શું કહ્યું? એની ત્રિકાળી ચીજ ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને તેમાં જ્ઞાન સ્વભાવ અવસ્થિત છે. હવે જ્યારે અંદર કર્મના નિમિત્તે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ આવે

છે ત્યારે તેને જાણવાલાયક આત્મા છે. ખરેખર તો એ જ્ઞાનને આત્મારૂપે જાણતો, એ પછી લેશે. **'ભાવોના જ્ઞાનસમયે,...'** ઝીણી વાત (છે). ખરેખર તો આત્મામાં રાગાદિ થાય છે તેને આત્મા જાણનાર, જાણનાર છે. રાગનું જ્ઞાન કરનારો છે. રાગને પોતાનો માનનારો જ્ઞાયક નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ આવે છે પણ એ ભાવોના જ્ઞાનસમયે, એ ભાવનું અહીંયાં જ્ઞાન કરવું છે. એ ભાવ મારા માનવા એમ છે નહિ. આહાહા..!

**'જ્ઞાનસમયે,...'** એ પુણ્ય અને પાપ, દયા, દાન, કામ, ક્રોધાદિ ભાવના સમયે, જ્ઞાનનો સમય (અર્થાત્) તેનું જ્ઞાન કરવું એવો એ કાળ છે. આહાહા..! ક્રમબદ્ધમાં એમ આવ્યું. ક્રમબદ્ધમાં પણ એમ આવ્યું. કેમ કે ક્રમબદ્ધવાળાની દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે. ક્રમબદ્ધની દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે તો જ્ઞાયક ભાવ જ્ઞાનથી અવસ્થિત છે. જ્ઞાનથી અવસ્થિત હોવાથી ક્રમબદ્ધવાળાની પણ દૃષ્ટિ જ્ઞાયક ઉપર હોવાથી રાગને જાણવાનો સમય છે. રાગ આવે છે તેને જાણવાનો સમય છે, કરવાનો સમય નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તમારું હિન્દી લઈએ છીએ. આહાહા..!

ત્રણ સિદ્ધાંત, ત્રણ નિયમ. એક તો જ્ઞાયકભાવ કાયમ છે અને તેમાં જ્ઞાન સ્વભાવ અવસ્થિત છે તે પણ કાયમ છે. સ્વભાવ બતાવ્યો, જ્ઞાયક ભાવ પણ તેનો મૂળ સ્વભાવ જ્ઞાનથી અવસ્થિત છે હવે આમ હોવા છતાં કર્મના ઉદયના નિમિત્તે પોતામાં જ્યારે રાગ ને દ્વેષ ને મિથ્યાત્વાદિ થાય છે.. અહીંયાં તો મિથ્યાત્વ પણ લીધું છે... આહાહા..! **'મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'** આહાહા..! ખરેખર તો મિથ્યા વિપરીત માન્યતા અને રાગ-દ્વેષનું જ્ઞાન કરવાનો કાળ છે, જાણવાનો કાળ છે. કેમ કે જ્ઞાયક આત્મા જ્ઞાનસ્વભાવે છે તેથી તેને જાણવા લાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'ભૂપતભાઈ'! આ ઝીણી વાત છે. કાલે બપોરે હતા? બહુ સરસ વાત છે.

**'જ્ઞાયક ભાવ...'** જાણનારો ભાવ આત્મા **'સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં,...'** સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત જ છે. આહાહા..! પણ **'કર્મથી ઉત્પન્ન થતા...'** નિમિત્તથી ઉત્પન્ન થયા છે, અહીંયાં કર્મથી ઉત્પન્ન થતા એમ શબ્દ છે. વિકાર પોતાનો સ્વભાવ નથી એ અપેક્ષાએ એવો શબ્દ લીધો છે. **'કર્મથી ઉત્પન્ન થતા...'** મિથ્યાત્વ–ઊંધી માન્યતા. રાગ એ ધર્મ છે, રાગ મારી ચીજ છે એવા મિથ્યાત્વભાવને સમયે, મિથ્યાત્વભાવના સમયે તેનું જ્ઞાન કરવાનો સ્વભાવ છે. આત્મા તો (તેના) જ્ઞાનસમયે–તેનું જ્ઞાન કરવાનો સમય છે. તેને પોતાના માનવાનો સમય નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અનાદિકાળથી...'** પણ જ્ઞાનનો સમય મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું જ્ઞાન થવું એવો સ્વભાવ હોવાથી, એમ હોવા છતાં અનાદિકાળથી **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય...'** એ રાગ, મિથ્યાત્વાદિ જ્ઞેય છે. આત્મા જાણનાર છે અને મિથ્યાત્વ, રાગ-દ્વેષ જ્ઞેય જણાવાલાયક છે. આહાહા..! આવું ઝીણું. **'અનાદિકાળથી...'** અહીં તો **'મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાનસમયે,...'**

એટલી વાત કરી. તેનું જ્ઞાન કરવાનો સમય છે. વિશેષરૂપ થવું, રાગરૂપ થવું તેવો સમય નથી. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથે જે જ્ઞાયકભાવ જોયો એ જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ–વિશેષ ભેદ ન પાડીએ તો જ્ઞાનસ્વરૂપે જ અવસ્થિત છે. એ જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાનસ્વરૂપી સ્વભાવ છે. આહાહા..! પરંતુ આવો જ્ઞાનસ્વભાવ સમય હોવા છતાં કર્મના નિમિત્તના લક્ષે જે મિથ્યાત્વ, રાગ-દ્વેષ થાય છે તેના જ્ઞાનનો સમય છે. તેનું અહીંયાં જ્ઞાન કરવું એવો સમય છે. આહાહા..! એ જ્ઞાનના સમયે **'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય...'** એ રાગ–જ્ઞેય અને આત્મા–જ્ઞાન, એમ બે વચ્ચે ભેદજ્ઞાનની શૂન્યતા છે. અનાદિકાળથી બેની ભિન્નતાની શૂન્યતા છે. એ કારણે જ્ઞાનસમય હોવા છતાં, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન થયા તેનું જ્ઞાન કરવાનો અહીંયાં સમય (છે). (પરંતુ) જ્ઞેય અને જ્ઞાનનું ભેદજ્ઞાન નહિ હોવાથી. આહાહા..! છે?

**'ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો...'** મિથ્યાત્વ અને રાગના સમયે જ્ઞાન કરવાનો, જ્ઞાતા થવાનો સ્વભાવ છે, વસ્તુ તો આમ છે. પરંતુ અનાદિથી જ્ઞેય એટલે રાગાદિ અને જ્ઞાન (એટલે) આત્મા, બેની ભિન્નતાનું ભાન નહિ હોવાથી **'આત્મા તરીકે જાણતો...'** એ વિકારને આત્મારૂપે જાણતો એ અજ્ઞાની છે. આહાહા..! આવી વાત હવે. ઝીણી પડે માણસને. પેલું દયા પાળો, વ્રત કરો (સહેલું હતું). હિન્દી ભાઈ આવ્યા છે, ભાઈ! તેથી હિન્દીમાં પ્રવચન કરીએ છીએ. હિન્દી ભાઈ છે. ચૌદ વર્ષથી સ્થાનકવાસી છે પણ ચૌદ વર્ષથી આત્મધર્મ વાંચે છે. પ્રેમથી બિચારા આવ્યા છે તેથી હિન્દીમાં વાંચીએ છીએ. સમજાય છે કાંઈ?

પ્રભુ! આત્મા તો જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવે અવસ્થિત છે. (એ) દ્રવ્ય લીધું. અને તેના જ્ઞાનસ્વભાવથી અવસ્થિત, ગુણથી અવસ્થિત છે. આહાહા..! એમ હોવાથી કર્મ ઉત્પન્ન થવાના કાળમાં, તે સમયે, તે જ સમયે. મિથ્યાત્વ–વિપરીત માન્યતા.. આહાહા..! એ રાગ પ્રગટ છે તેને નહિ માનવો અને પોતાનો આત્મા જ્ઞાન છે એમ માનવું, ત્યારે પણ બુદ્ધિ તો રાગ ઉપર છે. બુદ્ધિ, પર્યાયબુદ્ધિ રાગ ઉપર છે. રાગ ઉપર બુદ્ધિ હોવાથી તેનું જ્ઞાન કરવાનો સમય હોવા છતાં જ્ઞેય-જ્ઞાયકની ભિન્નતાનું ભાન નહિ હોવાથી એ રાગાદિને પોતાના માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! બહુ ગજબ વાત! ટૂંકા શબ્દમાં ઘણું ભર્યું છે. આહાહા..!

**'અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદ વિજ્ઞાનથી...'** ખરેખર તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ, દયા, દાનના ભાવ થયા તે ખરેખર તો તેનું જ્ઞાન કરવું અને જ્ઞેય તરીકે ભિન્ન રાખવા. તેનું જ્ઞાન કરવું અને તેને ભિન્ન રાખવા, એમ હોવા છતાં. આહાહા..! છે? **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** રાગ પર છે અને હું તેનો જાણનાર છું એવા

ભેદવિજ્ઞાનથી શૂન્ય છે, જુદા જાણવાથી શૂન્ય છે.

**'પરને આત્મા તરીકે જાણતો...'** એ મિથ્યાત્વ અને રાગ, દ્વેષ જે પર છે તેને પોતાના માનતો. આહાહા..! **'એવો તે (જ્ઞાયક ભાવ)...'** આહાહા..! જે જ્ઞાયક સામાન્ય ભાવ જ્ઞાન સ્વભાવે અવસ્થિત છે એ જ્ઞાયકભાવ **'વિશેષ અપેક્ષાએ...'** હવે એની વિશેષ દશા–પર્યાયદૃષ્ટિ, પર્યાય અપેક્ષાએ. સામાન્ય જે જ્ઞાયક એ તો દ્રવ્યસ્વરૂપ છે અને દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. હવે અહીંયાં રાગ થયો એ પર્યાય છે. તો પર્યાયની અપેક્ષાએ... આહાહા..! **'વિશેષ અપેક્ષાએ...'** એટલે પર્યાય અપેક્ષાએ **'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...'** આહાહા..! અજ્ઞાની અનાદિથી અજ્ઞાનરૂપ જ્ઞાનને કરે છે. ખરેખર તો જ્ઞાન કરવાનો તેનો સ્વભાવ છે. પરંતુ અનાદિથી ભેદજ્ઞાન નહિ હોવાથી. આહાહા..! **'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામ...'** ખરેખર તો તેના જાણનાર જ્ઞાન પરિણામ છે. પરંતુ એ જ્ઞાન પરિણામને અજ્ઞાનરૂપ કરતો થકો. આહાહા..! **'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...'** આહા! ઝીણું છે, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ ઝીણો, બાપુ! આહાહા..! વીતરાગની એક એક વ્યાખ્યા.. સર્વજ્ઞ ત્રિલોકનાથ... આહાહા..! એનું કથન અલૌકિક છે. સમજવાની દરકાર કર્યા વિના સમજાતું નથી. ઓહો! અનંતકાળથી સમજ્યો નથી. ચોરાશીના અવતાર કરી કરીને મરી ગયો છે.

અરેરે..! તને જ્ઞાનના સમય કાળે, તું જ્ઞાનસ્વરૂપી પ્રભુ (છો) તો ખરેખર તો જ્ઞાન કરવાનું ટાણું (સમય) છે એને ઠેકાણે તું રાગ અને ભેદજ્ઞાનના અભાવે રાગ ને દ્વેષ, દયા, દાનના પરિણામ થયા તેને પોતાના માને છે. આહાહા..! એ રાગ-દ્વેષ અજ્ઞાનરૂપ છે. પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, દયા ને દાન, કામ ને ક્રોધ એ અજ્ઞાનરૂપ છે. એ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો. એ જાણે કે મારા જ્ઞાનના પરિણામ છે, મારા પરિણામ છે એ કરતો થકો. આહાહા..! એવું ઝીણું છે.

**'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...'** એટલે શું કહ્યું? ખરેખર તો જે મિથ્યાત્વ ને રાગ આવ્યો તેનું જ્ઞાન કરવાનો સમય છે. તેનું જ્ઞાન કરવાનો સમય છે. કેમ કે આત્મા જ્ઞાયક છે અને પરચીજ તો જ્ઞેય દ્રવ્ય છે, પર છે. તો પરનું જ્ઞાન કરવાનો સમય છે. એવા ભેદજ્ઞાનનો તો અભાવ છે તો પરનું જ્ઞાન કરવાનો અભાવ હોવાથી અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી. પોતાના જ્ઞાનપરિણામ છે તેને રાગરૂપ કરતો થકો. રાગરૂપ, દ્વેષરૂપ, મિથ્યાત્વરૂપ, ભ્રાંતિરૂપ કરતો થકો. 'દેવીલાલજી'! આજે થોડી ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ બાપુ! ઝીણો છે, ભાઈ! એ કોઈ સાધારણ વાત નથી. આહાહા..! અંતરની દૃષ્ટિ ફરવી અને એના લક્ષણો આખા બદલવા એ કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..! 'હીરાલાલજી'! ભાઈ નથી આવ્યા, 'શશીભાઈ' નથી (આવ્યા). આહાહા..!

કહે છે, પ્રભુ! તું ક્યાં ભૂલે છો? પ્રભુ! તું જ્ઞાયકભાવ છો ને! અને જ્ઞાયકભાવમાં તો પ્રભુ જ્ઞાન છે ને! એમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, મિથ્યાત્વ આદિ છે જ નહિ. જ્ઞાયકભાવમાં

તો એ છે નહિ, તો જ્ઞાયકભાવ જ્ઞાન છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જ્યારે થાય છે ત્યારે તેનું જ્ઞાન કરવાને લાયક તું છો. પણ પર અને સ્વનો ભેદ નથી તેથી જ્ઞાનને પોતાનું નહિ માનીને રાગ, દ્વેષ, મિથ્યાત્વ જે થયા તેને પોતાના માને છે. આહાહા..! ફરીને વંચાણું ઠીક કર્યું, વિશેષ (સ્પષ્ટીકરણ આવ્યું). આ તો અલૌકિક વાતું છે. ગમે એટલી વાર વાંચે. ભગવાનના હૃદય છે, બાપા! આહાહા..! મુનિઓએ તો કરુણા કરીને જગતને આપ્યું છે.

મુમુક્ષુ :- અમૃત આપ્યું છે.

ઉત્તર :- હા, અમૃત આપ્યા છે. બાપા! આહાહા..! દુનિયાને દરકાર નથી. અને અભિમાન, અહંકાર આડે અંદર સૂઝ પડતી નથી. આહાહા..!

પ્રભુ! તું જ્ઞાયક છો ને કહે છે. તો પ્રભુ! તું જ્ઞાયક છો તો તારામાં તો જ્ઞાન અવસ્થિત છે ને! જ્ઞાન રહેલું છે ને! પ્રભુ! તારામાં જ્ઞાન રહ્યું છે તે સમયે વિકાર થાય છે તો તે વિકારનું જ્ઞાન કરવાનો સમય છે. વિકારનું જ્ઞાન કરવાનો સમય છે. એમ નહિ કરતા જ્ઞાનને અજ્ઞાનરૂપ કરતો થકો. આહાહા..! અજ્ઞાનરૂપ જ્ઞાનને કરતો થકો. આહાહા..! **'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (-અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન..)'** જુઓ! એટલે? આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ હો, ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, એ વિકલ્પ હો, પણ એ છે વિકાર, રાગ. એ વિકાર ખરેખર તો પ્રભુ જ્ઞાયકના જ્ઞાનનું જ્ઞેય છે, પરજ્ઞેય છે. આ ભગવાન જ્ઞાયક, તેનું જે જ્ઞાન છે તેનું એ રાગાદિ પરજ્ઞેય છે. સ્વજ્ઞેય તો પોતે છે. આહાહા..! એ પરજ્ઞેય છે એમ નહિ માનતા પોતાના જ્ઞાનસ્વરૂપે પરિણમન નહિ કરતો થકો, જ્ઞાન પરિણામને અજ્ઞાનમાં પરિણમાવે છે, કે રાગ હું છું, દયા છું, દયા, દાન છું. એ વિકાર છે, એ વિકારમાં પરિણમન કરે છે. આહાહા..! 'દેવીલાલજી'! આવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- જાણવાનો દોષ નથી, કર્તાપણાનો દોષ છે.

ઉત્તર :- અનાદિ કીધું ને? અનાદિ(થી) જુદાઈનું ભાન નથી. અનાદિકાળથી નિગોદથી માંડીને.. આહાહા..! રાગ ને વિકાર ને મિથ્યાત્વ એ મારી ચીજ નથી, એવું અનાદિથી ભાન નથી. એ કારણે તે રાગને કારણે... આહાહા..! આમ જ્ઞાન કરવું જોઈએ એને ઠેકાણે જ્ઞાન પરિણમનને અજ્ઞાનરૂપ કરતો થકો, રાગ ને દ્વેષરૂપ કરતો થકો (પરિણમે છે). આહાહા..! આવી વાત છે. આજે રવિવાર છે. 'રવિન્દ્ર' નથી આવ્યો? 'રવિન્દ્ર' નથી આવ્યો? સમજાય છે કાંઈ? આહાહા..! કેટલું ટૂંકામાં કહ્યું છે! આહાહા..!

પ્રભુ! તું કોણ છો? અને તારામાં છે શું? તું જ્ઞાયક છો તો તારામાં છે શું? તારામાં તો જ્ઞાન છે અને એ રાગાદિ મિથ્યાત્વને સમયે તું તો જ્ઞાન છો. તો તેનું જ્ઞાન કરવું તે તારો સ્વભાવ છે. આહાહા..! એમ નહિ કરતાં અજ્ઞાનરૂપ જ્ઞાનનું પરિણમન કરતો થકો અર્થાત્ પોતાનું જ્ઞાનનું પરિણમન રાગરૂપ કરતો થકો. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના

પરિણામ પણ અજ્ઞાન છે, રાગ છે. એ પોતાનું સ્વરૂપ નહિ. આહાહા..! (વાત તો) ન્યાયથી છે પણ હવે જગતને દરકાર નથી. તેથી એમ કહે છે કે, 'સોનગઢવાળા' તો બહુ નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય કરે છે. અરે.. ભગવાન! નિશ્ચય એટલે સત્ય, વ્યવહાર એટલે અસત્ય અને ઉપચાર. આ તો સત્ય વાત છે. આહાહા..!

**'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી (–અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન...)'** આત્માના જ્ઞાનનું પરિણમન અજ્ઞાનરૂપ થયું. એ રાગ ને મિથ્યાત્વ ને દ્વેષ ને દયા, દાન મારા, એ અજ્ઞાનરૂપ થયું. આહાહા..! તેનો કર્તા છે. તેથી **'તેને કર્તાપણું સંમત કરવું (અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું);...'** જુઓ! કથંચિત્ કર્તા છે એમ સ્વીકારવું. બિલકુલ કર્તા નથી એમ નહિ. આત્મા રાગ, દયા, દાનનો બિલકુલ કર્તા નથી એમ નથી. તેને જાણવાના કાળે પોતાને ભિન્ન નહિ જાણતા પરને અને સ્વને એક માનીને અજ્ઞાનરૂપ પરિણમન કરે છે. તેથી રાગનો કર્તા માનવો. રાગનો કર્તા આત્મા બિલકુલ નથી એમ ન માનવું. આહાહા..! ધર્મીને–જ્ઞાનીને પણ રાગ આવે છે, પણ એ રાગને પરજ્ઞેય તરીકે પોતાના જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનપરિણામમાં જાણે છે. અજ્ઞાની એ પરિણામને પોતાના માને છે, એને ખબર જ નથી. અંધ છે, અંધ છે. આહાહા..! વાત આવી છે, ભગવાન! ઝીણી વાત (છે). ભાષા તો સાદી છે પણ વસ્તુ જરી ઝીણી છે. આહાહા..!

**'કર્તાપણું સંમત કરવું...'** કથંચિત્ આત્માને જ્યાં સુધી અજ્ઞાનભાવ છે અને જ્ઞાનને અજ્ઞાનરૂપ પરિણમાવે છે ત્યાં સુધી કર્તાપણું સ્વીકારવું. આહાહા..! વસ્તુની સ્થિતિ આવી છે. **'તે ત્યાં સુધી કે જ્યાં સુધી...'** એ પણ ત્યાં સુધી કબુલ કરવું કે જ્યાં સુધી જ્ઞાનસ્વરૂપી પ્રભુ રાગને ભિન્ન ન જાણે અને રાગને પોતાનો જાણે ત્યાં સુધી રાગનો કર્તા માનવો. આહાહા..! આવો ધર્મ. આવો ધર્મ નવો ક્યાંથી કાઢ્યો? આહાહા..! **'તે ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનના આદિથી...'** જ્યારે એ રાગ અને મિથ્યાત્વનો ભેદ થઈને જ્ઞાન થયું ત્યારથી **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી...'** મિથ્યાત્વ અને રાગ એ તો જ્ઞેય થયા. આત્મા જાણનારો છે. એ પોતાને જાણે અને રાગાદિ, દયા, દાન, વ્રતને પણ જાણે, પોતાના માને નહિ ત્યારે જ્ઞાની–ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે...'** પૂર્ણનો અર્થ કર્યો. કોઈ એમ માની લ્યે કે ભેદજ્ઞાનનું પૂર્ણ એટલે કેવળજ્ઞાન. એટલે અર્થ કર્યો. ભેદવિજ્ઞાનથી પૂર્ણ એટલે ભેદવિજ્ઞાન સહિત, એમ. એવો અર્થ (છે). પૂર્ણ ભેદવિજ્ઞાન તો કેવળ થાય ત્યાં સુધી. ત્યાં તો પછી રાગાદિ કાંઈ છે નહિ. આહાહા..! **'ભેદવિજ્ઞાનથી પૂર્ણ (અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત) થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો...'** આત્માને આત્મારૂપ જાણતો. અજ્ઞાનમાં આત્માને રાગ ને દયા, દાનના પરિણામ કરતો જાણતો હતો અને અજ્ઞાન કરતો હતો. હવે ભેદજ્ઞાન થયું કે એ રાગાદિ મારી ચીજ નથી, હું તો જ્ઞાયક છું અને મારો

સ્વભાવ તો જ્ઞાન છે. એવું ભેદજ્ઞાન થતા **'આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ),...'** એ જ્ઞાયકભાવ જે સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત છે તે, **'વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે...'** આહાહા..! સામાન્યરૂપ જ્ઞાન તો ત્રિકાળ છે પણ તેની પર્યાયમાં વિશેષરૂપે સામાન્ય ત્રિકાળી ચીજ અને વર્તમાન જ્ઞાનની પર્યાય તે વિશેષરૂપે છે તે વિશેષરૂપે પણ **'જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો...'** જ્ઞાનરૂપ એટલે જ્ઞાતા-દૃષ્ટાપણું **'જ્ઞાનપરિણામે પરિણમતો થકો...'** જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમન કરતો થકો. આહાહા..!

એટલી લીટીમાં કેટલું નાખ્યું છે! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો ત્રણલોકના નાથ વીતરાગ... આહાહા..! પ્રભુની વાણી છે, બાપુ! સંતોએ પ્રભુની વાણી જાહેર કરી છે. આહાહા..! પ્રભુ 'સીમંધર' ભગવાન તો બિરાજે છે. મુનિ ત્યાં ગયા હતા. ઓહોહો..! ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યા. ટીકાકાર પણ કોઈ એવા નીકળ્યા કે જેવું એમનું હૃદય હતું એવી ટીકા થઈ. આહાહા..!

**'આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયક ભાવ), વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો...'** ધર્મી થાય છે ત્યારે જે રાગ આવે છે તેનો જાણનાર રહે છે. રાગને પોતાનો માનતા નથી. રાગનું જ્ઞાન કરે છે તો જ્ઞાનરૂપ પરિણમન કરે છે. આત્માને જ્ઞાનરૂપે પરિણમાવતો, **'(-જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે રૂપે જ પરિણમતો થકો), કેવળ જ્ઞાતાપણાને લીધે...'** એ રાગ આવ્યો પણ હું તેનાથી ભિન્ન (રહેતો થકો) તેનો અને પોતાનો જાણનારો છું. પોતાનું સ્વરૂપ અને રાગાદિ દયા, દાન, મિથ્યાત્વાદિનો હું જાણનારો છું. આહાહા..! એવા **'કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.'** લ્યો! સાક્ષાત્ અકર્તા કેમ કહ્યું? કે, દ્રવ્ય તો અકર્તા છે જ, પણ પર્યાયમાં સાક્ષાત્ અકર્તા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આટલી લીટી થઈ. આઠ લીટી છે, આઠ. આઠ લીટીમાં આઠ કર્મના નાશની વાત છે. આહાહા..!

ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જેની સભામાં ઇન્દ્રો વાણી સાંભળવા ગલૂડિયાની જેમ બેસે, આમ...! નરમ.. નરમ.. નરમ. આહાહા..! એકાવતારી ઇન્દ્રો અત્યારે ભગવાન પાસે જાય છે. ભગવાન બિરાજે છે. શાંત.. જાણે કાંઈ જાણતા નથી. એવી રીતે સાંભળે છે. એવી વાણી પરમાત્માની છે, એ આ વાણી છે. આહાહા..! લ્યો, એ પેરેગ્રાફ કાલે થોડો તો ચાલ્યો હતો. થોડો નહોતો ચાલ્યો, આ પૂરું કર્યું.

**ભાવાર્થ :- 'કેટલાક જૈન મુનિઓ પણ...'** જૈન સાધુ નામ ધરાવીને **'પણ સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને...'** કથંચિત્ અપેક્ષા કહેવી છે. કથંચિત્ કર્તા છે અને કથંચિત્ અકર્તા છે. અજ્ઞાનભાવે કર્તા છે અને જ્ઞાનભાવે જ્ઞાતા છે. એવી વીતરાગની વાણી છે. શું કહ્યું ઇ? કથંચિત્ કહ્યું ને સ્યાદ્વાદ? સ્યાદ્વાદ એટલે કથંચિત્. અજ્ઞાનભાવે જ્યારે પરિણમે છે તો કર્તા છે અને જ્યારે જ્ઞાનભાવે પરિણમે છે ત્યારે અકર્તા છે. કર્તા-અકર્તા બન્ને

એને લાગુ પડે છે. જ્ઞાનીને પણ એક ન્યાયે લાગુ પડે છે. પરિણમન છે ને? પરિણમન (એટલે) કર્તા એટલું. પરંતુ જાણનારો છે. આહાહા..! જેટલો રાગ આવે છે તેનો જાણનારો છે. કર્તાપણાનું પરિણમન મારું છે એમ જાણે છે. જડને લઈને રાગ છે એમ નથી માનતા. આહાહા..!

**'કેટલાક જૈન મુનિઓ પણ સ્યાદ્‌વાદ...'** નામ અપેક્ષા. સ્યાત્ એટલે અપેક્ષાથી કહેવું છે એવી **'વાણીને બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે...'** આહાહા..! એકાંત નામ આત્મા કર્તા છે જ નહિ. જ્ઞાયક સ્વરૂપ ભગવાનઆત્મા કર્તા હોય? એમ અજ્ઞાની એકાંત માને છે. આહાહા..! **'અને વિવક્ષા પલટીને...'** કથનને પલટીને. આહાહા..! જે કહેવાનો આશય છે તે કથનને પલટીને તે **'કહે છે કે–આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે,...'** પુણ્ય ને પાપ, દયા ને દાન વિકારી પરિણામનો આત્મા અકર્તા છે. એમ જૈન મુનિ અત્યારે ઘણાય માને છે. આત્મા રાગનો કર્તા અને આત્મા રાગનો ભોક્તા. 'અપ્પા કત્તા, વિકત્તા' આત્મા કર્તા છે અને આત્મા ભોક્તા છે, બસ! એકાંત માને. આહાહા..!

જ્યાં સુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી પરિણમનમાં રાગ છે એ અપેક્ષાએ કથંચિત્ કર્તા પણ જાણવો અને જ્યારે ભેદજ્ઞાનથી જ્યારે રાગથી ભિન્ન પડ્યો ત્યારે તો તેને જાણનારો રહ્યો. આહાહા..! છતાં તેને પણ થોડું પરિણમન છે એટલો કર્તા છે એવું જ્ઞાનમાં છે. કરવાલાયક છે એમ નહિ પણ છે (એમ જાણે છે).

**'આત્મા તો ભાવકર્મ...'** એટલે પુણ્ય-પાપ. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ ભાવકર્મ. તેનો **'અકર્તા જ છે,...'** એમ અજ્ઞાની વિવક્ષા પલટીને કહે છે. **'કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે;...'** આહાહા..! એ તો કર્મને લઈને વિકાર થાય. આહાહા..! કર્મ જડ પરપદાર્થથી પોતામાં વિકાર થાય છે એમ છે જ નહિ. પોતામાં વિકાર પોતાથી થાય છે અને અવિકાર થાય છે એ પણ પોતાથી, પરથી કાંઈ થતું નથી. **'આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે, એમ માને છે. કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે;...'** મને વિકાર થાય છે એ તો કર્મને લઈને વિકાર થાય છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! એનો પણ ક્યાં વિચાર કર્યો હોય. આંધળેઆધળું બધું ખાતું ચાલે છે. આહાહા..!

જ્યાં સુધી રાગનું પરિણમન છે ત્યાં સુધી કથંચિત્ કર્તા માનવો. **'અજ્ઞાન, જ્ઞાન, સૂવું, જાગવું, સુખ, દુઃખ, મિથ્યાત્વ, અસંયમ, ચાર ગતિઓમાં ભ્રમણ–એ બધાંને, તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે તે બધાયને કર્મ જ કરે છે;...'** એમ માને છે. આ બધાને કર્મ જ કરે છે એમ અજ્ઞાની માને છે. મિથ્યાત્વને, અસંયમને, ચાર ગતિઓમાં ભ્રમણને... પરઘાતને આવ્યું ને? **'તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે...'** કંઈ પણ શુભ અને અશુભ ભાવ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ બધાને કર્મ જ કરે છે એમ અજ્ઞાની માને છે. અજ્ઞાની આ પ્રમાણે માને છે. કોઈપણ ગતિ, જાતિ, પરિભ્રમણ, રાગ, દ્વેષ, મિથ્યાત્વ

(થાય છે તેમાં) આત્મા તો ભગવાન શુદ્ધ છે, કર્મને લઈને એ બધું થાય છે, એમ અજ્ઞાની માને છે. આહાહા..!

**'જીવ તો અકર્તા છે;...'** એમ અજ્ઞાની માને છે. અજ્ઞાની માને છે કે આત્મા તો અકર્તા જ છે. અકર્તા જ છે (એમ) એકાંત (માને છે). કથંચિત્ રાગાદિ પરિણમન કરે છે એ અજ્ઞાની માનતો નથી. આહાહા..! આ ચર્ચા તો અમારે ઘણા વખત પહેલાથી ચાલે છે. કર્મને લઈને વિકાર થાય, 'દામોદર શેઠ' હતા ને? 'દામનગર'. તે દિ' એની પાસે દસ લાખ રૂપિયા હતા. તે દિ', સાંઈઠ વર્ષ પહેલાની વાત છે. છાંસઠ વર્ષ દીક્ષા લીધાને થયા. સાંઈઠ વર્ષ પહેલા એની સાથે ચર્ચા થતી. ગામના શેઠ ને પૈસાવાળા. ઇ કહે કે, કર્મની તમે ના પાડો તો કર્મના ૪૯ દોકડા રાખો અને પુરુષાર્થના ૫૧ દોકડા રાખો. મેં કીધું, વિકાર કરવામાં સો એ સો ટકા પુરુષાર્થ જીવનો છે, કર્મનો એકેય ટકો નહિ. આહાહા..! મોટી ચર્ચા ચાલતી'તી. પછી બોલે નહિ લાંબુ, કહી એટલે. સમજ્યા વિના શું થોથા.. આહાહા..!

આ તો કર્મનું કર્તાપણું તમે માનતા ન હો તો તમે કર્મના જોરમાં ૪૯ ટકા રાખો અને આત્માના વિકાર કરવામાં ૫૧ દોકડા. ૫૧ દોકડા એટલે આત્માની વિશેષતા થઈ ને? કીધું, એ પચાસે પચાસ દોકડા છે. સો એ સો ટકા જીવ વિકાર પોતાથી કરે છે, કર્મ કર્મમાં રહે છે. આ તો (સંવત) ૧૯૭૬ ની સાલની વાત છે. આહાહા..! અનાદિથી અજ્ઞાનીની માન્યતા (છે). 'દામોદર શેઠ' તો કર્મ.. કર્મ જ કરતા, બસ! કર્મને લઈને, કર્મને લઈને બધું થાય. કીધું, બિલકુલ જૂઠી વાત છે. અહીં એ માન્યતા નથી. આહાહા..!

**'વળી તે મુનિઓ...'** વસ્તુનું સ્વરૂપ તો એવું છે, કે જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી આત્મા વિકારનો કર્તા છે એવી વસ્તુની સ્થિતિ છે, એવી મર્યાદા છે. **'વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે-વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે...'** આવે છે ને શાસ્ત્રમાં? કે વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો (વિકાર થાય છે). પુરુષવેદના ઉદયને લીધે સ્ત્રી ઇચ્છે, સ્ત્રીવેદના ઉદયથી પુરુષને ઇચ્છે, એવું શાસ્ત્રમાં કહ્યું છે. સામેવાળો એમ દલીલ કરે છે. શાસ્ત્રમાં એમ કહ્યું છે ને? શાસ્ત્રનો આધાર આપે છે. સ્ત્રીના વિષયમાં એ પુરુષને ઇચ્છે, પુરુષની ઇચ્છા સ્ત્રીને ઇચ્છે. એવો પાઠ શાસ્ત્રમાં છે. આહાહા..!

**'વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે.'** અને આઠ કર્મમાં નામકર્મ છે એમાં એક ઉપઘાત અને પરઘાત નામની બે પ્રકૃતિ છે. ઉપઘાત એ પરથી પોતે હણાય અને પરઘાત (નામ) પરને હણે, એ પ્રકૃતિને લઈને છે, એમ અજ્ઞાની કહે છે. આહાહા..! અહીં કહે છે કે, બિલકુલ પરને હણી શકે નહિ, પરની દયા પાળી શકે નહિ. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. 'સમયસાર' ની ત્રીજી ગાથા. એક દ્રવ્ય પોતાના ધર્મ જે ગુણ અને પર્યાય છે તેને અડે છે પણ પરને કદી અડતા નથી. ત્રીજી ગાથા, ત્રીજી. ત્રીજી ગાથા છે ને?

**'તેથી ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પુદ્ગલ-જીવદ્રવ્યસ્વરૂપ લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા-જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલા પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે–સ્પર્શે છે તો પણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...'** આહાહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! છે? પ્રત્યેક પદાર્થ પોતામાં જે ધર્મ છે, ગુણ ને પર્યાય જે ધર્મ છે, ગુણ ને પર્યાય જે શક્તિ (છે) તેને સ્પર્શ કરે છે, પણ પરને અડતા નથી. આ આંગળી છે એ કાગળને અડી નથી... આહાહા..! અને આ એની મેળાએ ઊંચું થયું. એની ઊંચા થવાની પર્યાયનો ઉત્પાદનો કાળ છે. આંગળીથી આમ ઊંચું થયું નથી. અર..ર..! કોણ કબુલે આ? વીતરાગ માર્ગ..

ત્રીજી ગાથા. દરેક પદાર્થ પોતાના ગુણ અને પર્યાય.. ગુણ એટલે કાયમ રહેનારી શક્તિ, પર્યાય એટલે બદલતી અવસ્થા, એ દરેક પદાર્થ પોતાની બદલતી અવસ્થા અને શક્તિને સ્પર્શે છે, ચુંબે છે, અડે છે પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કદી અડતું નથી. આહાહા..! ગજબ વાત! આ શરીરનો અવયવ બીજાના શરીરના અવયવને કદી અડતું નથી. આહાહા..! ભોગને કાળે એમ માને છે કે મારા આ અવયવથી આ અવયવને આમ કરું છું. પ્રભુ ના પાડે છે, કે પુરુષનો અવયવ સ્ત્રીના અવયવને અડતો નથી. આહાહા..! આવી વાત!

કેટલાક જૈન મુનિ પોતાને રાગ ને દ્વેષ ને મિથ્યાત્વના કર્તા માને છે તે અજ્ઞાની છે. એ મુનિ શાસ્ત્રના પણ એવા જ અર્થ કરે છે. શાસ્ત્રમાં આવે છે, સ્ત્રીવેદનો ઉદય પુરુષને ઇચ્છે, પુરુષવેદનો ઉદય સ્ત્રીને ઇચ્છે, એવો પાઠ શાસ્ત્રમાં આવે એટલે જણાવે. એ વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે તથા ઉપઘાત તથા પરઘાત.. ઉપઘાત પ્રકૃતિ છે કે પરથી પોતામાં હણાય. પરઘાત પરને હણે. પ્રકૃતિ કાઢી છે શાસ્ત્રમાંથી. **'ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે.'** ઉપઘાતમાં પોતાનો ઘાત થાય છે અને પરઘાતમાં પરનો ઘાત થાય છે. એવી નામકર્મની પ્રકૃતિ છે. એમ સામેવાળો અજ્ઞાની કહે છે.

**'આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે...'** અજ્ઞાની **'અને પુરુષને અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું.'** જૈન મુનિ થઈને કર્મથી વિકાર થાય છે એમ માને તો એ સાંખ્ય જેવી માન્યતા થઈ. અન્યમતી જેમ રાગનો કર્તા કર્મ માને છે એમ જૈનમાં રહીને માને કે કર્મનો કર્તા થાય છે. આહાહા..! ભારે ગડબડ. ઠેઠ (સંવત) ૧૯૭૬ થી આ ચર્ચા ચાલે છે. 'વર્ણીજી' પાસે ગયા હતા ત્યારે પણ આ ચર્ચા ચાલી. દિગંબર (કહેવાય). કર્મથી વિકાર થાય છે. બિલકુલ કર્મથી વિકાર ન થતો હોય તો સ્વભાવ થઈ જાય. કીધું, એ પર્યાયનો સ્વભાવ વિકાર કરવાનો છે. આહાહા..! આ તો (સંવત) ૧૯૧૩ ની સાલ. ૨૬ વર્ષ થયા. આહાહા..! નિમિત્તથી

એમાં કાંઈક થાય છે. મેં કીધું, બિલકુલ થતું નથી.

મુમુક્ષુ :– હંમેશા ન કરે પણ કોઈ વખતે કરે.

ઉત્તર :– હા, કોઈ વખતે કરે એમ કહેતા હતા. ત્રણકાળમાં કોઈ વખતે નહિ. આ કંઈ ખાનગી નથી, આ તો દાંડી પીટીને વાત બહાર મૂકી છે. ભગવાનની વાણી કહે છે, કે ત્રણકાળ ત્રણલોકમાં એક દ્રવ્યમાં વિકાર થાય છે તે પરથી થાય છે એ ત્રણકાળમાં નથી. વિકારનું થવું અને વિકારનું ટળવું એ પોતાના પુરુષાર્થનું કાર્ય છે, પરને કારણે થાય છે એમ નથી. આહાહા..!

જૈનના મુનિની પણ એકાંતિક માન્યતા છે. એટલે જૈનના મુનિ, જૈનના શ્રાવક, જૈનના ગૃહસ્થ કોઈપણ. **'માટે જિનવાણી તો સ્યાદ્વાદરૂપ હોવાથી,...'** વીતરાગની વાણી તો અપેક્ષાથી કહેનાર છે. વિકાર થાય છે એ પણ પોતાથી થાય છે. છતાં કોઈ વખતે એમ કહે કે, કર્મથી થયો. કર્મથી થયો એમ કહ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું પણ કર્મથી થયો નથી. જ્ઞાનાવરણીય નામ આવ્યું ને? જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરે, એ શબ્દ આવ્યો. એનો અર્થ એમ નથી. જ્ઞાનાવરણીય જડ છે, આત્મા ચૈતન્ય છે. ચૈતન્ય જડને અડતું નથી. કર્મને અડતો નથી અને પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી હીણી થાય છે, કર્મથી નહિ. આહાહા..! આવું બધું સમજવા ક્યાં નવરાશ મળે? જ્ઞાનની હીણી દશા થઈ એ પોતાથી થઈ, કર્મથી નહિ. અને જ્ઞાનનો વિકાસ થાય છે તે પોતાથી થાય છે, પરથી નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પોતાની પર્યાયને પણ ન કરે.

ઉત્તર :– પોતાની પર્યાયનો કર્તા પોતે. પોતાની પર્યાયનો કર્તા પર ત્રણકાળમાં નથી. આહાહા..!

**'જિનવાણી તો સ્યાદ્વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર...'** જૈનના સાધુ નામ ધરાવીને કર્મને લઈને કર્તા માને **'તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે.'** આહાહા..! જિનવાણીનો વિરાધક છે. એ જિનવાણીને વિરાધે છે. મુનિ સમજતા નથી કે વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ. ઘણાય એમ કહે છે, જૈનમાં તો બસ! કર્મ. અન્યમાં ઈશ્વરકર્તા ચૈતન્ય અને આમાં–જૈનમાં કર્મ કર્તા–જડ. આ બધું શીખ્યા શબ્દે શબ્દ. **'જિનવાણીનો કોપ અવશ્ય થાય છે.'** જૈન નામ ધરાવીને કર્મથી પોતામાં વિકાર થાય છે એમ માનનારને જિનવાણીનો અપરાધ છે. જિનવાણીના કોપનો અર્થ જિનવાણીનો અપરાધ કરે છે. આહાહા..! એ જિનવાણીનો અપરાધ કરે છે. જિનવાણી એવી છે નહિ. આહાહા..! **'સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે.'**

**'જિનવાણીના કોપના ભયથી જો વિવક્ષા પલટીને...'** એને એમ કે, જિનવાણીમાં કર્તા કીધું છે તો હવે આપણે કર્તા લેવું તો ખરું. પણ કઈ રીતે લેવું? કથન ફેરવો, વિવક્ષા પલટીને. જે ભાષા હતી એ ફેરવીને બીજી કરી. **'વિવક્ષા પલટીને એમ કહે કે–ભાવકર્મનો કર્તા કર્મ**

**છે અને પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે;...'** આહાહા..! ઠીક! વિકારી પરિણામનો કર્તા કર્મ છે અને આત્માનો કર્તા આત્મા છે. આત્માનો કર્તા આત્મા છે. આત્મા તો ત્રિકાળી વસ્તુ છે એમાં કર્તા ક્યાં આવ્યો? આહાહા..! સમજાય છે કાંઈ? જિનવાણીમાં એમ કહ્યું છે, કથન બદલી નાખીને (એમ કહે કે) અમે પણ કર્તા માનીએ છીએ, નથી માનતા એમ નહિ. કોને (કર્તા માનો છો)? જેટલો વિકાર થાય છે એ કર્મથી થાય છે અને આત્મા છે એ પોતાથી કર્તા છે, આત્મા આત્માને કરે છે. આહાહા..! **'એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ,તેથી વાણીનો કોપ થતો નથી. તો આ તેમનું કથન પણ મિથ્યા જ છે.'** આહાહા..! તેનું એ કથન પણ જૂઠું છે.

**'આત્મા દ્રવ્યે નિત્ય છે,...'** વસ્તુ તો નિત્ય છે, નિત્યમાં કર્તૃત્વ ક્યાં આવ્યું? કર્તૃત્વ અને નિત્ય, બન્ને વિરુદ્ધ છે. ન હોય તેને કરે, હોય તેને કરવું શું? આત્મા નિત્ય ત્રિકાળી અનાદિઅનંત ભગવાન અંદર છે. આત્મા આત્માનો કર્તા એમ થઈ શકે નહિ. સમજ્યા? **'પોતાના આત્માનો (અર્થાત્ પોતાનો) કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી. તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત પ્રદેશવાળો છે,...'** એમાં આત્મા શું કરે? આહાહા..! **'લોકપરિમાણ છે,...'** આત્મા દ્રવ્ય જે વસ્તુ છે તેનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે અને પહોળો થાય તો સંખ્યા કેટલી થાય? કે આખા લોકમાં જે આકાશના પ્રદેશ છે તેટલા આત્માના પ્રદેશ છે. એક આત્માના પ્રદેશ, આખા લોકમાં જે આકાશ છે, તેટલા તેના અસંખ્ય પ્રદેશ છે. આહાહા..! સોનામાં જેમ કડી હોય છે, એમ ભગવાનઆત્મામાં અસંખ્ય પ્રદેશ હોય છે. આ વાત જિન વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. સર્વજ્ઞ વીતરાગ સિવાય અસંખ્યપ્રદેશી જીવ ક્યાંય કોઈ સ્થાનમાં છે નહિ. તેથી પેલો 'વિદ્યાનંદ' ફેરવી નાખે છે ને! બધાને વિશ્વધર્મ બતાવવો છે અને આ અસંખ્યપ્રદેશી કરે તો જૈન જુદો પડી જાય છે. આહાહા..! એનો અર્થ જુદો કરી નાખે છે, કે અપદેશ અખંડ. એમ નહિ. જુઓ! અહીં કહ્યું ને?

**'તેમનું કહેવું પણ મિથ્યા જ છે.'** કથંચિત્ આત્મા આત્માનો કર્તા છે અને વિકારનો કર્તા કર્મ છે (એમ કહે છે તો) તેનું કથન જ મિથ્યા છે. વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૪૦૦ ગાથા-૩૩૨ થી ૩૪૪, શ્લોક-૨૦૫, સોમવાર, જ્યેષ્ઠ વદ ૪, તા. ૦૨-૦૬-૧૯૮૦**

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' અહીંયાં વચ્ચે આવ્યું છે. **'આત્મા દ્રવ્યે નિત્ય છે...'** ત્યાં આવ્યું છે. પેરેગ્રાફમાં વચમાં છે. સાંખ્યમતી શું કહે છે? કે, આત્મા અકર્તા છે એમ તમે જો જૈનવાણી કહો છે તો રાગનો અકર્તા છે પણ દ્રવ્યનો કર્તા છે. ત્યારે આચાર્યે તેનો જવાબ આપ્યો કે, દ્રવ્ય તો નિત્ય છે. નિત્યમાં કર્તૃત્વ હોઈ શકે નહિ. નિત્ય અને કર્તાપણું બેને વિરોધ છે. બીજો (મુદ્દો) અસંખ્ય પ્રદેશનો કહ્યો, કે આત્મા તો અસંખ્ય પ્રદેશી છે. એમાંથી ઓછાવત્તા પ્રદેશ કરી શકાય છે એમ છે નહિ. એમ છે નહિ તો પછી કર્તાપણું ક્યાં આવ્યું? આત્માના દ્રવ્ય અને ક્ષેત્રમાં કર્તાપણું આવ્યું નહિ. સમજાય છે કાંઈ? જો આત્મા કર્મનો કર્તા છે, વિકારનો કર્તા છે પણ કર્મથી નહિ. આહાહા..!

એ પ્રશ્ન ચાલ્યો હતો. અહીંયાં 'પાલીતાણા' નહિ? કોની સાથે? 'પાલીતાણા' માં શ્વેતાંબર સાધુ હતા ને? ખેડાવાળા 'જેઠાલાલ'. આહા..! 'રામવિજય' હતા? 'જેઠાભાઈ' ખેડાના ગુજરી ગયા. અહીંયાં ખૂબ ચર્ચા થઈ. 'પ્રતાપવિજય' એના શિષ્ય છે. 'પ્રતાપવિજય' છે. એ બધાને મળ્યા છે, જોયા છે. અહીંયાંની વાત સાંભળતા એને એ વાત બેઠી, કે આત્મામાં જે વિકાર થાય છે તે પોતાથી થાય છે, કર્મથી નહિ. કર્મ પરદ્રવ્ય છે, વિકાર પોતાની પર્યાયમાં પોતાને કારણે થાય છે. એ ચર્ચા એને બેઠી હતી. એમણે શ્વેતાંબર સાધુને પચાસ પ્રશ્નો કર્યા. પછી 'રામવિજય' પાસે ગયા. તો 'રામવિજયે' એમ કહ્યું, કે આપણે ચર્ચા કરીએ પણ પહેલું આ માન્ય છે કે કર્મથી વિકાર થાય છે. એ માન્ય છે? તો આ કહે, અમને એ માન્ય નથી.

અહીં એ કહે છે, કર્મથી વિકાર થતો નથી. કર્મ પરપદાર્થ છે, આત્મા ભિન્ન પદાર્થ છે. એક પદાર્થ બીજા પદાર્થને અડતો નથી, કદી અડતો નથી. આ આત્મા અંદર છે એ આ શરીરને અડતો નથી અને શરીર આત્માને અડતું નથી. એમ કર્મ પરદ્રવ્ય છે તો પોતાના આત્માને અડતા નથી. આત્મામાં વિકાર થાય છે એ પોતાની પર્યાયથી સ્વતંત્રપણે, કર્તાબુદ્ધિથી, અજ્ઞાનપણે કર્તા થાય છે. એ કર્તાપણું તું ઊડાડી દે કે કર્તા છે જ નહિ, દ્રવ્ય અને ક્ષેત્રનો કર્તા છે. આત્મા દ્રવ્ય છે અને ક્ષેત્ર છે તેનો કર્તા છે. તો એ દ્રવ્ય, ક્ષેત્રનો કર્તા થતો નથી. દ્રવ્ય અને ક્ષેત્ર તો નિત્ય છે. નિત્યમાં કર્તાપણું ક્યાંથી આવ્યું? નિત્ય અને કર્તૃત્વ બન્ને વિરુદ્ધ છે. કર્તૃત્વ તો પર્યાયમાં થાય છે. પરિણમન થાય છે તેમાં કર્તૃત્વ થાય છે.

એ વાત ચાલે છે, જુઓ!

**'આત્મા દ્રવ્યે નિત્ય છે, અસંખ્યાત પ્રદેશવાળો છે, લોકપરિમાણ છે,...'** એના અસંખ્ય પ્રદેશનું પ્રમાણ લોકપ્રમાણ છે. આખા લોક (પ્રમાણે છે). **'તેથી તેમાં કંઈ નવીન કરવાનું છે નહિ;...'** દ્રવ્યમાં અને ક્ષેત્રમાં તો કંઈ નવીન કરવાનું નથી અને તું કર્તા તો માનતો નથી. **'અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે;...'** ભાવકર્મનો કર્તા જૈન મુનિ નામ ધરાવીને પણ કર્મથી થાય છે એમ કહે છે. એ તો પ્રશ્ન છે, બધાનો પ્રશ્ન છે. શ્વેતાંબર સાધુ આદિ, સ્થાનકવાસી (બધા એમ જ કહે છે કે), કર્મથી વિકાર.. કર્મથી વિકાર.. કર્મથી વિકાર (થાય). એ વાત તદ્દન જૂઠી છે, તદ્દન અસત્ય છે. એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં કંઈ થાય છે એમ ત્રણકાળમાં નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. ત્રીજી ગાથા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. એ અડે છે એ માન્યતા મિથ્યા ભ્રમ છે. કર્મ આત્માને અડતા નથી અને કર્મ વિકાર કરાવે એમ બનતું નથી. એ કહે છે.

**'કંઈ નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો મુનિઓ કર્મને જ કહે છે;...'** ભગવાને કર્તા કહ્યો તો એ દ્રવ્ય, ક્ષેત્રનો કર્તા કહે તો દ્રવ્ય, ક્ષેત્ર તો નિત્ય છે. ભાવકર્મનો કર્તા કહે તો એ ભાવકર્મનો કર્તા કર્મને કહે છે. તો કર્તા રહ્યો ક્યાં? ભાવકર્મ–દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધું ભાવકર્મ છે, પુણ્ય, શુભભાવ કે અશુભ. શુભ કે અશુભભાવનો કર્તા જો કર્મને કહો તો કર્તાપણું આત્મામાં તો આવ્યું નહિ તો તારી શ્રદ્ધા મિથ્યાત્વ છે. આહાહા..! **'મુનિઓ કર્મને જ કહે છે;...'** આ પ્રશ્ન ઘણા સાથે થઈ ગયો છે. 'વર્ણીજી' સાથે પ્રશ્ન હતો. (સંવત) ૧૯૧૩ ની સાલ. દિગંબરમાં 'ગણેશપ્રસાદ વર્ણી' મોટા કહેવાય. વૈષ્ણવ હતા એમાંથી દિગંબર થયા. ભણેલ બહુ. એની સાથે ચર્ચા થઈ. એણે કહ્યું, કે કોઈ વખતે નિમિત્તથી થાય છે. બિલકુલ જૂઠ છે કીધું. કોઈ સમયે નિમિત્તથી આત્મામાં વિકાર થાય છે એમ છે નહિ.

મુમુક્ષુ :– નિમિત્તથી શા માટે ન થાય?

ઉત્તર :– નિમિત્ત પર ચીજ છે. પર ચીજ અને પોતાની ચીજમાં અત્યંત અભાવ છે. એક ચીજના અસ્તિત્વમાં બીજી ચીજનો અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. જો અભાવ છે તો અભાવને શું કરે? આનો આમાં અભાવ છે, આનો આમાં અભાવ છે. જેમાં અભાવ છે એ ભાવ શું કરે? એ વાત જૂઠી, તદ્દન મિથ્યાત્વ છે. વિકાર કર્મથી થાય છે એ માન્યતા તદ્દન મિથ્યાદૃષ્ટિની છે, જૈનની નહિ. આહાહા..! આ પ્રશ્ન તો કહ્યું હતું ને? (સંવત) ૧૯૭૬ ની સાલમાં ચાલેલો. ૧૯૭૬..૭૬. ઘણા વર્ષ થયા. ૬૬ વર્ષ તો દીક્ષા લીધાને થયા. ૧૯૭૬ ની ચર્ચા. 'દામોદરશેઠ' હતા. દસ લાખ (હતા). તે દિ' દસ લાખ રૂપિયા એટલે? સાંઈઠ વર્ષ પહેલા. 'દામનગર.. દામનગર'. મહારાજ! તમે આત્માનો

પુરુષાર્થ પુરુષાર્થ બહુ કરો છો, કે વિકાર પોતાથી થાય છે. તો એટલું રાખો કે ૫૧ દોકડા આત્માના પુરુષાર્થના અને ૪૯ દોકડા કર્મના. તો એટલો આત્માનો પુરુષાર્થ થયો. કીધું, એકેય દોકડા નહિ. સો એ સો ટકા આત્મા પોતાથી વિકાર કરે છે અને કર્મ સો એ સો ટકા આત્મામાં કંઈ કરતા નથી. આ તો (સંવત) ૧૯૭૬ ની વાત છે. આહાહા..! પણ એ માને નહિ. જરીક અભિમાની હતા.

મુમુક્ષુ :- 'ભગવતી સૂત્ર' માંથી કાઢ્યું હતું ને?

ઉત્તર :- ઇ તો મેં કહ્યું હતું કે, જુઓ! 'ભગવતી' માં ત્રીજા શતકમાં છે. તે દિ' ૧૯૭૬ માં વાંચ્યું હતું. 'ભગવતી' તો ૧૯૭૧ માં વાંચ્યું હતું. ૧૯૭૧ માં 'ભગવતી સૂત્ર' આખુ વાંચ્યું હતું. પણ ૧૯૭૮ માં એની ચર્ચા આ થઈ કે, જુઓ! આ વિકાર આત્મામાં થાય છે એ કર્મથી થાય છે. વિકાર એકલો ન થાય. બે થઈને વિકાર થાય. કીધું, બે થઈને વિકાર ત્રણકાળમાં થાય નહિ. એકલો આત્મા પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી વિકાર કરે છે. બીજું દ્રવ્ય કર્તા બિલકુલ કિંચિત્ એક દોકડો નહિ. અને વિકાર કર્યા વિના સંસાર રહેતો નથી. આત્મા જો વિકાર ન કરે તો આ સંસાર કોનો? સંસાર-સંસરણ ઇતી સંસાર. સંસાર કોઈ જડનો નથી. સંસારની પર્યાય તો આત્માની પર્યાય છે. સંસાર આત્માની પર્યાય છે. સંસાર કોઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો, બાયડી, છોકરા સંસાર નથી. સમજાણું કાંઈ? સંસાર તો પોતાની પર્યાયમાં વિકૃત અવસ્થા થાય છે તે સંસાર છે. એ વિકૃત અવસ્થાનો અભાવ કરવો તે મોક્ષ છે. તો આ કહે, વિકૃત અવસ્થા આત્મા કરે નહિ, એમ કહે છે. તો કહે છે, તારી મિથ્યા શ્રદ્ધા છે.

મુમુક્ષુ :- રાગાદિ ભાવકર્મનો કર્તા ખરો?

ઉત્તર :- કર્તા આત્મા છે.

મુમુક્ષુ :- રાગાદિ ભાવકર્મ?

ઉત્તર :- હા, એની વાત છે ને. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ બધું.

મુમુક્ષુ :- એનો કર્તા નહિ?

ઉત્તર :- પર્યાયમાં કર્તા છે. એ વાત ચાલે છે ને. પર્યાયમાં કર્તા છે, જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી. જ્યાં સુધી અજ્ઞાની છે, આત્માના આનંદનો અનુભવ નથી ત્યાં સુધી વિકારનો કર્તા પર્યાયમાં અજ્ઞાનથી આત્મા છે. પર બિલકુલ નહિ.

મુમુક્ષુ :- જ્ઞાન તો જ્ઞાનાદિનો કર્તા.

ઉત્તર :- જ્ઞાનસ્વરૂપનું અંદર ભાન થયું તો પછી રાગનો કર્તા નથી. જ્ઞાનનો કર્તા છે. આહાહા..!

**'ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો!'** ભગવાનની વાણી તો કર્તા કહે છે. તારી ઉપર એ વાણીનો કોપ

આવ્યો. છે એમાં? **'તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી...'** વિવક્ષા નામ કથન. કથંચિત્ કર્તા છે, કથંચિત્ કર્તા નથી. એ સ્યાદ્વાદ છે. પર્યાયદૃષ્ટિએ અજ્ઞાનભાવે કર્તા છે, દ્રવ્યદૃષ્ટથી–દ્રવ્ય સ્વભાવે કર્તા નથી. એ બે પ્રકારે સ્યાદ્વાદ છે. બિલકુલ અકર્તા માને તો મિથ્યાત્વ છે અને સદાય કર્તા માને, જ્ઞાનમાં પણ કર્તા માને, સ્વરૂપનું ભાન થયા પછી પણ કર્તા માને તોપણ જૂઠું છે. છતાં એક વાત છે, આત્મઅનુભવ થયો, કે હું આનંદ છું. તો એ વખતે ખરેખર તો જ્ઞાનનો, આનંદનો કર્તા છે. પણ જે રાગ આવે છે એ પરિણમનની અપેક્ષાએ કર્તા કહેવામાં આવે છે.

૪૭ નય ચાલી છે. 'પ્રવચનસાર' ૪૭ નયમાં ચાલ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ પણ, ધર્મીને પણ જેટલો પોતામાં કર્તા-ભોક્તાનો અપરાધ થાય છે તે પોતાનો છે, પોતાથી છે. કર્મથી નહિ તેમ જ્ઞાની થયો માટે બિલકુલ કર્તા નથી એમ પણ નહિ. જ્ઞાની થયો તો જ્ઞાનનો કર્તા છે. નબળાઈથી જેટલો રાગ થયો તેનો કર્તા છે એમ જ્ઞાન જાણે છે. ૪૭ નયમાં કર્તા-ભોક્તા આવે છે. એ વાત તો બહુ થઈ ગઈ છે. માણસ ક્યાંક ક્યાંક ભૂલમાં અટકે છે. મૂળ ચીજ પકડાતી નથી.

એ કહે છે, સ્યાદ્વાદને યથાર્થ જાણવું. **'આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે :–'** હવે જુઓ! **'આત્મા સામાન્ય અપેક્ષાએ...'** આહા..! દ્રવ્યની અપેક્ષાએ, આત્મા દ્રવ્યની અપેક્ષાએ તો **'જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે;...'** એ તો જ્ઞાનસ્વભાવમાં સ્થિત છે. **'પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે,...'** આહાહા..! શું કહે છે? કે જ્યારે મિથ્યાત્વ અને રાગ-દ્વેષને પોતાના માને છે તે સમયે ખરેખર તો તે વસ્તુ જાણવાલાયક છે. કેમ કે પોતાનો સ્વભાવ જાણવાનો છે. એ આવ્યું ને? **'ભાવોને જાણતી વખતે...'** આ શબ્દ બહુ ગૂઢ છે. **'મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે...'** ખરેખર તો જ્ઞાનીને પણ રાગ આવે છે તો તેનો કર્તા છે એમ જાણે છે. મારી ચીજ છે એમ નહિ, પણ મારામાં આવું પરિણમન છે એમ ધર્મી પણ માને છે. આહાહા..! જ્ઞાની પણ તદ્દન અકર્તા નહિ. એ સ્વભાવ અને દૃષ્ટિની અપેક્ષાએ કર્તા નથી, પણ પર્યાયદૃષ્ટિએ જેટલું રાગ-દ્વેષનું પરિણમન થાય છે તેટલો કર્તા-ભોક્તા જ્ઞાની આત્મા પણ થાય છે. કેમ કે જ્યાં સુધી રાગનું વેદન છે, દસમા ગુણસ્થાન સુધી લોભનો ઉદય છે, દસમા ગુણસ્થાને લોભના છ કર્મ બંધાય છે, તો લોભના વેદન વિના છ કર્મ બંધાય? વેદનમાં છે, દસમે ગુણસ્થાને લોભ વેદનમાં છે. એટલી મતિ મલિન છે તો છ કર્મ બંધાય છે. એમ પોતાની પર્યાયમાં વેદનમાં રાગ-દ્વેષ થાય છે પણ જ્ઞાનીને રાગ-દ્વેષનો કર્તા પરિણમનની અપેક્ષાએ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત. પણ એ કર્તાપણું ઠીક છે એવી બુદ્ધિ નથી. સમજાય છે કાંઈ? એ ૪૭ નયમાં ચાલી ગયું છે. અહીં તો ઘણી વાર ચાલ્યું છે. આ 'સમયસાર' તો ૧૯ મી વાર ચાલે છે. ૧૮ વાર તો દરેક અક્ષરનો અર્થ થઈ ગયો છે.

અહીં કહે છે, **'આત્મા સામાન્ય અપેક્ષાએ...'** એકલી દ્રવ્યદૃષ્ટિએ **'તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે;...'** પોતાનું સ્વરૂપ જ્ઞાન છે, જ્ઞાતા છે, દૃષ્ટા છે એમાં સ્થિત છે. **'પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે,...'** અહીં એ આવ્યું. આહાહા..! વિપરીત માન્યતા–રાગથી ધર્મ થાય છે, પુણ્ય, શુભભાવ કરતા કરતા, વ્યવહાર કરતા ધર્મ થાય છે એવી જે મિથ્યાદૃષ્ટિ, આહાહા..! એ મિથ્યાત્વભાવને જાણતી વખતે. ખરેખર તો તે સમયે તેને જાણવાનો છે, એ મારો છે એમ માનવું (નહીં) પણ જાણવું આ રીતે જાણવું. છતાં એમ નહિ માનતા, જાણતી વખતે જાણીને જ્ઞાતા નહિ રહેતો **'અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** એ રાગાદિ તો જ્ઞેય છે. ભગવાન જ્ઞાતા છે. આત્માની એ જ્ઞેય વસ્તુ નથી. પણ જ્ઞાનમાં જ્યારે જ્ઞાન થાય છે ત્યારે પરિણમન થાય છે તે અપેક્ષાએ કર્તા કહેવામાં આવે છે. બાકી વિકાર પોતાનો સ્વભાવ નથી. પોતાના દ્રવ્ય-ગુણમાં ત્રણકાળમાં વિકાર નથી.

આત્માના અનંત ગુણ છે. આત્મામાં અનંત ગુણ છે. ત્રણ કાળના સમય. એક સેકંડમાં અસંખ્ય સમય જાય. એક સેકંડમાં અસંખ્ય સમય એવા ત્રણ કાળ. એ ત્રણ કાળ કરતા અનંતગુણા ગુણ એક આત્મામાં છે. ત્રણ કાળના સમય કરતા એક આત્મામાં અનંતગુણા ગુણ છે. આહાહા..! એ અનંત ગુણમાં કોઈ ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ નથી. ગુણ વિકાર કરે એમ હોય નહિ. ફક્ત પર્યાયમાં વિકાર થાય છે. આહાહા..! એ બધા ગુણ તો નિર્મળ છે. ઝીણી વાત છે, ભાઈ! દ્રવ્ય અને ગુણ તો નિર્મળાનંદ અનાદિઅનંત છે. અને દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળી નિરાવરણ છે. ફક્ત પર્યાયમાં જ્યાં સુધી સ્વનું ભાન નથી ત્યાં સુધી પર્યાયબુદ્ધિમાં રાગ-દ્વેષનો કર્તા થાય છે. જ્ઞાતા થઈને કર્તા થાય છે એમ નહિ. જ્ઞાતા પણ હોય ને કર્તા થાય એમ એક સમયે થતું નથી. જ્ઞાનીને હોય છે. જાણે પણ છે અને રાગનું પરિણમન છે, હજી હું અપૂર્ણ છું, એ મારું પરિણમન છે માટે હું કર્તા છું, બસ! એટલું. એટલું જાણે છે. આહાહા..!

**'પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે,...'** શું કહે છે? ભગવાનઆત્મા અનાદિથી જ્ઞાનસ્વભાવસ્વરૂપ છે. એનું સામાન્ય સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ જ છે. ચૈતન્યનૂર, ચૈતન્યનું પૂર. આત્મા ચૈતન્યના નૂરનું પૂર છે. એ તો જ્ઞાનનું જ પૂર છે. આહાહા..! એ મિથ્યાત્વ જ્યારે થાય છે, રાગ, દયા, દાનનો વિકલ્પ આવ્યો તેનાથી ધર્મ થાય છે, ભગવાનની ભક્તિ કરવાથી ધર્મ થાય છે, એ (માન્યતા) મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વના સમયે, અને એ સિવાય દયા, દાનનો રાગ આવે છે અને દ્વેષ આવે છે એ સમયે. તેને **'જાણતી વખતે...'** એ તો જાણવાનો સમય છે. આહાહા..! ભગવાનઆત્મામાં જ્ઞાન સ્વભાવ છે તો જ્યારે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે તો તેનો જાણવાનો સમય, કાળ છે. પણ **'અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** પણ રાગ ને જ્ઞાયક સ્વરૂપ ભેદ જુદા છે એવા જ્ઞાનનો અભાવ છે. આહાહા..! છે?

**'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** દયા, દાનના વિકલ્પ ઊઠે છે, ભક્તિના વિકલ્પ ઊઠે છે એ ખરેખર તો જ્ઞાનનું જ્ઞેય છે. પોતાનું જ્ઞેય નહિ, પરજ્ઞેય છે. જ્ઞાનનું જ્ઞેય ખરું પણ પરજ્ઞેય તરીકે છે. એમ નહિ માનતા કાં એકલો કર્તા માને અને કાં એકલો અકર્તા માને તો એ પણ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

**'જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...'** શું કહે છે? આત્મા જ્ઞાનસ્વરૂપી ભગવાન છે, ચૈતન્યમૂર્તિ સામાન્યપણે તો એ જ્ઞાન સ્વરૂપ જ છે, પણ વિશેષપણે જ્યારે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે તેને જાણવાના સમયે, તેને જાણવાના સમયે પોતાને નહિ જાણતા એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષને પોતાના જાણીને કર્તા થાય છે. આહાહા..! આવી વાત છે. ખરેખર તો જાણવાનો સમય છે. કેમ કે પોતાનો સ્વભાવ તો જ્ઞાન છે. મિથ્યાત્વ થયું.. આહાહા..! હું પરનું કરી શકું છું, હું હાથ ચલાવી શકું છું, હું ભાષા બોલી શકું છું એ બધો મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :– રોટલી ખાઈ શકું છું.

ઉત્તર :– રોટલીના કટકા કરી શકું છું, એ મિથ્યાત્વ છે. પરદ્રવ્યની ક્રિયા હું કરી શકું છું. ત્રણકાળમાં મિથ્યાત્વ છે. એક તણખલું – તણખલું.. તણખલું એના બે ટુકડા કરી શકું છું, મિથ્યાત્વ છે. કેમ કે પરદ્રવ્યની પર્યાયને અડતો નથી. પરદ્રવ્યની પર્યાયને આત્મા અડતો નથી. અડતો નથી તો કરે શું? એ તો એને કારણે થાય છે, પોતાને કારણે થતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– આત્મા પોતાનું પણ કરે અને પરનું પણ કરે.

ઉત્તર :– પરનું બિલકુલ કરે નહિ. પરને જાણે એ પણ વ્યવહાર છે. શું કહ્યું? ફરીને, આત્મા સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો પરને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર પરને જાણે છે એ વ્યવહાર છે. એ પર સંબંધી જે પોતાનું પોતામાં જ્ઞાન થયું તેને જાણે છે. ઝીણી વાત બહુ, બાપુ! આહા! શું કહ્યું?

જ્યારે પરનું જ્ઞાન થાય છે તો એ પરને કારણે થતું નથી. આ પુસ્તક છે તો તેનાથી અહીંયાં જ્ઞાન થાય છે, એમ નહિ. એમ આ વાણી નીકળે છે અને શ્રોતાને જ્ઞાન થાય છે એ વાણીથી નહિ. ગજબ વાત છે, પ્રભુ! તેની જ્ઞાન પર્યાય થવાનો સમય હતો તેથી શ્રોતાને તે સમયે જ્ઞાન થાય છે. વાણી તો નિમિત્ત છે, વાણીથી જ્ઞાન થતું નથી. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં કંઈ થતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– ભગવાનની વાણીથી કાંઈ ન થાય?

ઉત્તર :– ભગવાનની વાણીથી થાય, એ છે એમ જ્ઞાન કરે. આહાહા..! આવું ઝીણું છે. 'પ્રભુનો મારગ છે શૂરાનો' એ કાયરના કામ નથી. આહાહા..! એક રજકણને પણ

આત્મા હલાવી શકે, ત્રણકાળમાં નહિ.

મુમુક્ષુ :- એકને નહિ પણ ઝાઝાને હલાવે.

ઉત્તર :- એ કહેતા હતા, 'પ્રેમવિજય' ત્યાં 'પાલીતાણા' માં હતા ને? અહીંથી બે જણાએ પ્રશ્ન કર્યો હતો. એ કહે, પરમાણુને હલાવે નહિ પણ આને હલાવી શકે. 'પ્રેમવિજય' હતા ને? આહાહા..! 'પાલીતાણા'. ઘણા વર્ષ પહેલા આપણા 'કનુભાઈ' અને 'સુમનભાઈ' બન્ને ગયા હતા. આ શરીરને હલાવે અને કર્મથી વિકાર થાય, બેય ખોટું-જૂઠું.

આત્મા આંગળી હલાવી શકે નહિ. કેમ કે તેની ક્રમબદ્ધ પર્યાયમાં જે થવાની હોય તે થાય છે. આત્મા પોતાની પર્યાયને છોડીને પરની પર્યાયને કરતો નથી. કેમ કે તેની જે ક્રમસર પર્યાય થવાની છે તે થાય છે. આહાહા..! એ પર્યાયને પોતાની કરવી એ મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વભાવને સમયે આત્માને જ્ઞાન કરવાનો સમય છે તો તેનું જ્ઞાન કરે એવો સમય છે. પણ એમ નહિ માનતા, એ મિથ્યાત્વ હું છું એમ માનીને મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વભાવને કરે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! અત્યારથી બહુ જુદી જાતની વાત છે. વર્તમાનને તો બધું જાણીએ છીએ, ખબર છે ને, ઘણા વર્ષથી.

અહીં ૬૬ વર્ષ તો દીક્ષા લીધાને થયા. એ સિવાય હું તો દુકાને પણ વાંચતો. ૧૮-૧૯ વર્ષની ઉંમરથી. (સંવત) ૧૯૬૫ ની સાલથી. ૧૯૬૫ થી શ્વેતાંબરના શાસ્ત્ર વાંચતો. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'સૂયગડાંગ', 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' એક આવે છે. શ્વેતાંબરમાં 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' પુસ્તક (છે) એ બધા વાંચેલા. એ ૧૯૬૫-૬૬ ની સાલ. દીક્ષા લીધા પહેલાની વાત છે. ત્યારે તો નિવૃત્તિ હતી, પિતાજીની ઘરની દુકાન હતી એટલે નિવૃત્તિ હતી. એમાં પણ ઘણા ગોટા. આહાહા..!

અહીં કહે છે, જ્ઞાનનો સમય છે. શું કહે છે? રાગ આવ્યો અને માન્યું કે મારો રાગ છે એવા મિથ્યાત્વને જાણવાનો સમય છે. પોતામાં જાણવાનો તે સમય છે. જાણવાનો સમય છે એમ નહિ માનીને.. આહાહા..! **'અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** હું જ્ઞાયક છું. રાગથી, વિકલ્પથી માંડીને ત્રણલોકનો નાથ પણ મારું પરજ્ઞેય છે. એ પરજ્ઞેયથી મારામાં કંઈ લાભ થતો નથી. પરજ્ઞેયનું લક્ષ કરવાથી મારામાં નુકસાન થાય છે. ભગવાન ઉપર લક્ષ કરવાથી પણ રાગ થાય છે, નુકસાન થાય છે. અર..ર..ર...! પોતાનો સ્વઆશ્રય થોડીને જેટલો પરનો આશ્રય કરે છે તો રાગ અને દોષ બંધન થાય છે. આહાહા..!

એ અહીં કહે છે, જ્યારે એ મિથ્યાત્વ થાય છે ત્યારે તેના જ્ઞાનનો સમય છે, તેને જાણવું. પણ જાણવાનું નહિ કરીને, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ મારા છે એમ જાણનાર નહિ રહીને કર્તા થાય છે. અજ્ઞાની કર્તા થાય છે. જાણનાર નહિ રહીને અજ્ઞાની કર્તા થાય છે. આહાહા..! **'ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...'** આહાહા..! અજ્ઞાનીને પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની ખબર નથી, અંદર પાતાળમાં

પરમાત્મા છે, એક સમયની પર્યાયના પાતાળમાં નીચે પરમાત્મા ધ્રુવ છે તેની ખબર નથી, તેનું જ્ઞાન નથી તેથી **'વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે;...'** વિશેષરૂપે એટલે પર્યાયદૃષ્ટિથી. પર્યાયદૃષ્ટિથી અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરવાથી. જ્ઞાનપરિણામ થવા જોઈએ. રાગાદિ, મિથ્યાત્વ આવ્યું તેનું જ્ઞાન કરવું જોઈએ તેનું જ્ઞાન નહિ કરતા જ્ઞાનપરિણમનને અજ્ઞાનરૂપ કરતો થકો. જ્ઞાનપરિણમન અજ્ઞાનરૂપ કરતો થકો. પોતાના જ્ઞાનરૂપ પરિણમનને વિકારરૂપ કરતો થકો. આહાહા..! છે?

**'અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે;....'** શું કહ્યું? પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેની દૃષ્ટિનો અભાવ છે અને આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે તો રાગ અને મિથ્યાત્વના ભાવને તેનો જાણવાનો કાળ છે, પણ જાણવાનો કાળ હોવા છતાં અજ્ઞાનીને જ્ઞેય અને જ્ઞાનની ભિન્નતાનો અભાવ છે તેથી રાગ અને મિથ્યાત્વ જ્ઞેય છે તેને પોતાનો માને છે. હું જ્ઞાયક ભિન્ન છું, મારો આનંદ સ્વાદ ભિન્ન છે. રાગને કાળે પણ... આહાહા..! મારા આત્માનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભિન્ન છે એમ જ્ઞાની જાણે છે, અજ્ઞાની જાણતો નથી. આહાહા..! થોડી ઝીણી વાત છે, ભાઈ! થોડી ઝીણી છે પણ વસ્તુ આવી છે. આહા!

અહીં તો ઘણા વર્ષોથી સંપ્રદાયની સામે ઝંઝટ ચાલે છે. જે હોય એ કહે છે, કર્મથી વિકાર થાય, કર્મથી વિકાર થાય. તારી વાત બિલકુલ જૂઠી છે. કર્મ પરદ્રવ્ય છે અને આત્મા પરદ્રવ્ય છે. કર્મને આત્મા અડતો નથી અને કર્મ આત્માને અડતા નથી. અડતા નથી ને વિકાર થાય છે? આહાહા..! આકરી વાત છે.

**'જ્યારે ભેદવિજ્ઞાન થવાથી...'** જ્યારે એ રાગથી હું ભિન્ન છું, મારો ચૈતન્ય સ્વભાવ–શક્તિ–સામર્થ્ય છે. હું સર્વાંગ જ્ઞાન અને આનંદથી ભરેલો છું. આહાહા..! હું સર્વાંગ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો છું. આહાહા..! એવું **'ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે...'** આત્માને જ આત્મારૂપે જાણે છે, રાગરૂપે જાણતા નથી. આહાહા..! બહુ કઠણ માર્ગ. અપૂર્વ માર્ગ છે, પ્રભુ! તારી પ્રભુતાનો પાર નથી. પ્રભુ! તું પ્રભુ છો. અંદર પરમેશ્વર છો, પ્રભુ છો. પરમેશ્વરપણું છે તો પરમેશ્વરપણું પ્રગટ થાય છે. પરમેશ્વરપણું ક્યાંથી પ્રગટ થયું? ક્યાંય બહારથી આવે છે? કેવળી કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત અતીન્દ્રિય આનંદ ચતુષ્ટય પ્રગટ કર્યાં તો ક્યાંથી આવ્યા? બહારથી કોઈ ચીજ આવે છે? અંદરમાં પડ્યા છે. અંદરમાં શક્તિ પડી છે તેમાંથી વ્યક્તતા થાય છે. આહાહા..! એવો એ પ્રભુ છે. બધા આત્મા ભગવાન છે. આહાહા..! દ્રવ્યદૃષ્ટિએ બધા ભગવાન છે. પર્યાયદૃષ્ટિમાં ફેર છે. આહાહા..!

એ તો કહ્યું નહિ? ધર્મધ્યાનના બોલ આવે છે ને? અવગ્રહ, ઇહા, અવાય, ધારણા. એમાં અવાય આવે છે. ધર્મધ્યાનમાં તો અવાયવિજય, વિપાકવિજય, સંસ્થાનવિજય (આવે છે). 'દ્રવ્યસંગ્રહ' માં અવાયવિજયનો અર્થ એવો કર્યો છે. 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ છે. હું તો આત્મા

આનંદ સ્વરૂપ છું અને હું તો અલ્પકાળમાં આઠ કર્મથી રહિત થવાનો છું. કર્મ-ફર્મ મારામાં રહેશે નહિ. હું આઠ કર્મથી રહિત થઈશ. આહાહા..! પણ પ્રભુ! બધા ભગવાન આઠ કર્મથી રહિત થાઓ, એવી મારી ભાવના છે. આહાહા..! સંસ્થાનવિજય, અવાયવિજય, વિપાકવિજય છે ને ચાર બોલ? એમાં અવાયવિજયનો (બોલ) 'દ્રવ્યસંગ્રહ' માં છે. હું તો અલ્પકાળમાં આઠ કર્મથી રહિત થવાનો જ છું પણ આ બધા ભગવાનો આઠ કર્મરહિત થાઓ, આહા! ભગવાન થઈ જાઓ. અમને કોઈ વિરોધી લાગતું નથી, કોઈ દ્વેષ લાગતો નથી, કોઈ અલ્પ લાગતા નથી. અલ્પ લાગતા નથી. અંદર દ્રવ્યનું પૂર્ણ સ્વરૂપ છે, પર્યાયમાં ફેર છે, વસ્તુમાં ફેર નથી. વસ્તુની દૃષ્ટિ જેને થઈ અને પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ ગઈ એ પરને પણ પર્યાયબુદ્ધિથી નહિ જોઈને દ્રવ્યબુદ્ધિથી પરમાત્મા જોવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત તો બીજી છે, બાપા! ભગવાનની દિવ્યધ્વનિ છે. ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી' બિરાજે છે. આહાહા..! ત્યાંની આ વાણી છે. પણ ઊતારવી, સમજવી (એમાં) ઘણો પુરુષાર્થ માગે છે, અનંતો પુરુષાર્થ માગે છે. આહાહા..!

**'ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે...'** લ્યો! જ્યારે રાગ અને પુણ્યથી ભિન્ન આત્મા જાણ્યો ત્યારે જ્ઞાન જ કરે છે બસ પછી રાગનો કર્તા થતો નથી. **'આત્મા તરીકે જાણે છે...'** આત્માને આત્મા રૂપે જાણે છે, આત્માને રાગરૂપે જાણતા નથી. આહાહા..! અજ્ઞાનમાં આત્માને રાગ, દયા, દાન, વ્રતાદિના પરિણામરૂપે જાણે છે. મેં દયા પાળી, મેં વ્રત પાળ્યા એ બધો રાગ છે. અજ્ઞાનમાં રાગને પોતાનો માને છે. જ્ઞાન થતાં... છે? **'આત્માને જ આત્મા તરીકે જાણે છે...'** જ્યારે જ્ઞાન થયું ત્યારે તો આત્માને આત્મારૂપે જાણે છે. રાગરૂપ, પુણ્યરૂપ, દયા, દાન, વ્રતાદિરૂપ ધર્મી માનતા નથી, ધર્મી જાણતા નથી. જાણે એ ધર્મી નહિ. આહાહા..! આ જુદી જાતનું છે, જજ! તમારા જજમાં ન્યાય નથી ત્યાં. સરકારે ન્યાય કર્યા એ તમારે ત્યાં કરાવવા. અહીં તો વીતરાગ ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે. આહાહા..! એ છે, એની આ વાણી છે. 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯ માં ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. આહાહા..! ત્યાં આ જીવની હાજરી હતી. ભાઈ! શું કહીએ? ક્યાં આવી પડ્યા? બાપા! વખતના માર્યા આવી પડ્યા છીએ. વસ્તુ કોઈ બીજી છે.

મુમુક્ષુ :– અમારા માટે આવ્યા છો.

ઉત્તર :– આહાહા..! આવી ચીજ કહેવી અને લોકોને બેસે, ન બેસે અને વિરોધ કરે. પ્રભુ! કરો વિરોધ, પણ વસ્તુ તો આમ છે, પ્રભુ! આહાહા.! વિરોધ કરનારા પોતાનો વિરોધ કરે છે, કોઈનો વિરોધ નથી કરતા. બસ! આવું એકાંત એકાંત થઈ જાય? આત્મા કંઈ કરતો નથી? આખો દિ' અમે કરીએ છીએ ને. ધંધો કરે છે, વેપાર કરે છે. ધૂળેય કરતો નથી, સાંભળને!

મુમુક્ષુ :– કેવળી ભગવાન ભાષાને ગ્રહણ કરે.

ઉત્તર :– હા, ઇ આવે છે. 'રામવિજયે' કહ્યું. અહીંથી બે જણા (ગયા હતા). ઘણા વર્ષ થઈ ગયા. 'સુમનભાઈ' ને (કનુભાઈ) બેય ત્યાં ગયા હતા. એ કહે, કેવળી ભાષાને ગ્રહણ કરે અને પછી ભાષા બોલે. કોને ગ્રહણ કરે? પ્રભુ! ભાષા જડ. આત્મા ગ્રહણ કરે એ ક્યાં જડનો સ્વામી છે? આહાહા..! ઝીણી વાત, પ્રભુ! આહાહા..! તારા ઘરની વાત (છે).

નાથ! તું મોટો પ્રભુ છો. તારી પ્રભુતાની વાત ચાલે છે. એ પ્રભુતામાં આત્મા આત્માને જાણે. પામરપણામાં રાગને પોતાનો જાણે. આહાહા..! અજ્ઞાનમાં રાગને પોતામાં જાણે એ પામરપણું (છે). જ્ઞાનમાં જ્ઞાન પોતાને જાણે એ પ્રભુપણું (છે). પોતાના આત્માને પ્રભુ પરમેશ્વર જાણે છે. આહાહા..! 'સમયસાર' ૭૨ ગાથામાં ત્રણ વાર આવ્યું છે કે પુણ્ય અને પાપ અશુચિ–મેલ છે. ૭૨ (ગાથા) માં આવ્યું છે. ભગવાન નિર્મળાનંદ છે એવો ટીકામાં પાઠ છે. ભગવાન નિર્મળાનંદ છે. આહાહા..! આચાર્યોએ ભગવાન તરીકે સંબોધ્યા. શ્રોતાને ભગવાન કહ્યા. આહાહા..! ૭૨ ગાથામાં છે. ઘણી વાર વાત થઈ ગઈ છે.

પુણ્ય અને પાપ બન્ને અશુચિ–મલિન (છે). ભગવાનઆત્મા નિર્મળાનંદ છે એમ 'અમૃતચંદ્રાચાર્યે' લીધું. આહાહા..! પુણ્ય અને પાપ અચેતન, જડ (છે). કેમ કે દયા, દાન, વ્રતના પરિણામ એ પોતાને જાણતા નથી, તેમાં–જડમાં ચૈતન્યનો અંશ નથી. આહાહા..! એ પુણ્ય પરિણામને પણ અજીવ અને જડ કહ્યા. ત્યારે ભગવાન એનાથી ભિન્ન ચૈતન્યમૂર્તિ કહ્યો. આહાહા..! બીજો બોલ. ત્યાં ૭૨ ગાથામાં પણ ત્રણ વાર ભગવાન કીધા છે. ત્રીજો (બોલ)–પુણ્ય અને પાપ દુઃખરૂપ છે અને ભગવાન આનંદરૂપ છે. આહાહા..! આનંદરૂપ અને દુઃખરૂપ બન્ને ચીજ ભિન્ન છે. ભગવાન આનંદરૂપ છે. જોવું છે? ૭૨ ગાથામાં છે.

'**जले जम्बालवत्कलुषत्वेनोपलभ्यमानत्वाअशुचयः खल्वास्त्रवाः**' સંસ્કૃત છે, સંસ્કૃત. '**भगवानात्मा तु नित्यमेवातिनिर्मलचिन्मात्रत्वेनोपलम्भकत्वादत्यन्तं शुचिरेव।**' આહાહા..! ભગવાન કરીને બોલાવ્યો છે. જાગ રે જાગ, નાથ! આહાહા..! એમ ત્રણ પ્રકાર છે. '**जडस्वभावत्वे सति परचेत्यत्वादन्यस्वभावाः खल्वास्त्रवाः**' આસ્રવ જડ સ્વભાવે છે. કેમ કે રાગ-દ્વેષ પોતાને જાણતા નથી, જ્ઞાનને જાણતા નથી, પરથી જાણવામાં આવે છે. પરથી જાણવામાં આવે છે તો એ ચીજ જડ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ જડ અચેતન છે. તેમાં ચૈતન્યનો અંશ નથી. '**भगवानात्मा**' ફરીને આવ્યું. '**नित्यमेव विज्ञानघनस्वभात्वे सति स्वयं चेतकत्वादनन्यस्वभाव एव।**' આહા..! એ તો ચેતક સ્વભાવ છે, ભગવાનનો જાણવું સ્વભાવ છે. આહાહા..!

ત્રીજું. '**आकुलत्वोपादकत्वाद्दुःखस्य कारणानि खल्वास्त्रवाः**' આસ્રવ પુણ્ય ને પાપ તો દુઃખના કારણ આસ્રવ છે. નવા કર્મ આવે છે, દુઃખનું કારણ છે. '**भगवानात्मा तु नित्यमेवानाकुलत्वस्वभावेनाकार्यकारणात्वाद्दुःखस्याकारणमेव।**' ભગવાન કોઈનું કારણ નહિ ને

ભગવાન કોઈનું કાર્ય નહિ. આહાહા..! છે? ટીકામાં છે. **'ભગવાન આત્મા, તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...'** આહાહા..! કોઈનું કાર્ય આત્મા નહિ ને કોઈનું કારણ આત્મા નહિ. આહાહા..! પોતાની નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય તેમાં કોઈ રાગની મંદતા કે દેવ-ગુરુ નિમિત્ત છે એમ નહિ. આહાહા..! પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ થાય તેમાં કોઈ બીજી ચીજ કારણ થાય કે સંઘયણ, વજ્રનારાચસંહનન ને મનુષ્યભવ છે તો કેવળ થયું એમ નથી. આહાહા..! વાતે વાતે ફેર છે, પ્રભુ! આહાહા..! એ વાત અંતર બેસવી, અપૂર્વ વાત છે. કીધા ને? ભગવાન કીધા ને? ત્રણ વાર ભગવાન કીધા.

ભગવાનઆત્મા તો આનંદરૂપ અને દુઃખનું અકારણ છે અને અકાર્ય છે. રાગ કારણ અને આત્માની નિર્મળ પર્યાય કાર્ય એમ પણ નહિ અને નિર્મળ પર્યાય કારણ અને રાગ કાર્ય એમ પણ નહિ. શું કહ્યું? ફરીને, રાગ જે દયા, દાનનો થાય છે એ દુઃખ છે. એ દુઃખનું આત્મા, પર્યાય કારણ નહિ અને એ પર્યાયનું એ (આત્મા) કાર્ય નહિ. આહાહા..! રાગનો ભાવ જે દુઃખરૂપ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એ દુઃખનું કારણ પ્રભુ આત્માની પર્યાય નહિ અને આત્માની નિર્મળ પર્યાય તેનું કારણ નહિ. આહાહા..! આવી વાત છે, પ્રભુ!

આપણે અહીંયાં ચાલતો અધિકાર. **'વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.'** ભગવાનઆત્મા તો સાક્ષાત્ અકર્તા છે. આહાહા..! એનો કળશ છે. ૨૦૫.

## શ્લોક-૨૦૫

(शार्दुलविक्रीडित)

माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः
कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।
ऊर्ध्वं तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं
पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्।।५।।

ફરી આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ अमी आर्हताः अपि ] આ અર્હત્‌ના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ [ पुरुषं ] આત્માને, [ सांख्याः इव ] સાંખ્યમતીઓની જેમ, [ अकर्तारम् मा स्पृशन्तु ] (સર્વથા) અકર્તા ન માનો; [ भेद-अवबोधात् अधः ] ભેદજ્ઞાન થયા પહેલાં [ तं किल ] તેને [ सदा ] નિરન્તર [ कर्तारम् कलयन्तु ] કર્તા માનો, [ तु ] અને [ ऊर्ध्वम् ] ભેદજ્ઞાન થયા પછી [ उद्धत-बोध-धाम-नियतं स्वयं प्रत्यक्षम् एनम् ] ઉદ્ધત *જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને [ च्युत-कर्तृभावम् अचलं एकं परम् ज्ञातारम् ] કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ [ पश्यन्तु ] દેખો.

ભાવાર્થ :– સાંખ્યમતીઓ પુરુષને સર્વથા એકાંતથી અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે; અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે, તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી, તેને સંસાર કેવો? આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે. સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીઓ મિથ્યાદૃષ્ટિ છે; અને જો જૈનો પણ એવું માને તો તેઓ પણ મિથ્યાદૃષ્ટિ છે. તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે- સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિકનો-પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો. આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું-એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્‌વાદ મત જૈનોનો છે; અને વસ્તુસ્વભાવ પણ એવો જ છે, કલ્પના નથી. આવું (સ્યાદ્‌વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે; સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે. ૨૦૫.

---

माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः
कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।
ऊर्ध्वं तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं
पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्।।५।।

**'આ અર્હત્‌ના મતના અનુયાયીઓ...'** જે કોઈ અરિહંત ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરને જે માને છે, તેના જે અનુયાયી છે એ **'આત્માને, સાંખ્યમતીઓની જેમ,...'** સાંખ્યમતી કહે છે કે, કર્મને લઈને વિકાર છે, આત્માને લઈને વિકાર નથી. આહાહા..! કર્મને લઈને વિકાર થાય છે, વિકાર કર્મ કરાવે છે. એવી સાંખ્યમતની માન્યતા છે. અત્યારે તો સંપ્રદાયમાં

પહેલેથી એ જ ચાલ્યું છે. સ્થાનકવાસીમાં (સંવત) ૧૯૭૧ માં પહેલો બોલ કાઢ્યો હતો. ૧૯૭૧ માં 'ભગવતી' વાંચી હતી. 'ભગવતી' માં ત્રીજો અધ્યાય છે. ત્યાં ચોખ્ખો પાઠ છે, સંશય આત્મા પોતે પોતાથી કરે છે. સંશય પાઠ છે. ભાઈ! વાત તે દિ' ૧૯૭૧ માં વાત કાઢી હતી, વ્યાખ્યાન આપ્યા'તા. ૧૯૭૧, કેટલા વર્ષ થયા? ૬૫ થયા? ૬૫ વર્ષ થયા. તે દિ' કહ્યું હતું, વિકાર પોતાથી થાય છે. કર્મથી વિકાર બિલકુલ થતો નથી. બીજા અમારા ગુરુ હતા એ તો સાંભળતા હતા પણ 'દામોદર' શેઠ અભિમાની હતા એણે વિરોધ કર્યો. આવું તમને કોણે કીધું? અમારા ગુરુએ કહ્યું નથી, શાસ્ત્રમાં એવું નથી અને તમે આવું ક્યાંથી કાઢ્યું? કીધું, આ શાસ્ત્રમાં છે. આહા! તમને અર્થ કરતા આવડતા નથી.

મિથ્યાત્વ પોતે જાતે કરે છે, એવો પાઠ છે. સંશય શબ્દ છે. 'ભગવતી સૂત્ર' નો ત્રીજો અધ્યાય છે. ૧૯૭૧ માં એ આખું વાંચ્યુ હતું. ચારે માસ અપવાસ કરીને, ચારે માસ એકાંતરા અપવાસ કરી (વાંચ્યું હતું). એક દિ' એક ટંક ખાવાનું અને બીજે દિવસે કાંઈ નહિ. એક જ ટંક. એક દિ' એક ટંક અને બીજે દિવસે કાંઈ નહિ. ત્રીજે દિવસે એક ટંક. એમ ચારે મહિના ૧૯૭૧ માં. શાસ્ત્ર વાંચતા હતા. ૧૯૭૧ ની સાલ, એમાં આ પ્રશ્ન ઉઠ્યો હતો કે, રાગનો કરનાર કોણ છે? રાગનો કર્તા આત્મા છે. એ તો શુદ્ધ છે ને? શુદ્ધ તો દ્રવ્ય ને ગુણ શુદ્ધ છે, પર્યાય અશુદ્ધ છે. પર્યાય અશુદ્ધ ન હોય તો આ સંસાર શું છે? સંસાર કંઈ જડ છે? સંસાર જડમાં છે? બાયડી, છોકરા, કુટુંબ ને ધંધો એ સંસાર છે? સંસાર આત્માની વિકારી પર્યાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાયડી, છોકરા છોડ્યા એટલે ત્યાગી થઈ ગયા એમ છે નહિ. વિકારનો ત્યાગ કરે તો ત્યાગી થાય. આહાહા..! પુણ્ય અને પાપની પર્યાય પોતાથી થાય છે અને પોતાના પુરુષાર્થથી ટળે છે.

૧૯૭૧ માં એ પ્રશ્ન ચોમાસામાં ઉઠ્યો હતો. ૧૯૭૦ માં દીક્ષા, ૧૯૭૧ માં એ પ્રશ્ન ઉઠ્યો, મોટો પ્રશ્ન. 'દામોદર' શેઠ વિરુદ્ધમાં પડ્યા. એ કહે, આ તો અમારા ગુરુએ કહેલું નથી, અમે કોઈ દિ' સાંભળ્યું નથી અને તમે આવું ક્યાંથી કાઢ્યું? જુઓને! ન્યાય કાઢો ને! આત્મા દ્રવ્ય છે કે નહિ? સ્વતંત્ર છે કે નહિ? દ્રવ્ય સ્વતંત્ર પર્યાયનો કર્તા છે. કર્તા સ્વતંત્ર હોય છે. વિકારનો કર્તા જો કહો તો સ્વતંત્ર થાય છે. પોતાની પર્યાયમાં પોતાથી સ્વતંત્ર કર્તા થાય છે. પરને કારણે નહિ. ન માને.

મુમુક્ષુ :- કર્તાનો અર્થ વ્યાકરણમાં પણ એવો છે.

ઉત્તર :- એવો જ છે, વ્યાકરણમાં આવે છે. કર્તાનો અર્થ સ્વતંત્ર કરે તે કર્તા. પરની અપેક્ષા નહિ એનું નામ કર્તા. આત્મા વિકાર પોતાથી પોતાની ભૂલથી, પોતાના અપરાધથી દોષ કરે છે. કર્મથી નહિ, સંયોગથી નહિ કે આવો સંયોગ મળ્યો માટે મારે દોષ કરવો પડ્યો. બધું જૂઠ છે. આહાહા..!

અહીં કહે છે, **'આ અર્હત્‌ના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ આત્માને,**

**સાંખ્યમતીઓની જેમ,...**' સાંખ્યમતની જેમ જૈન મુનિ પણ માને છે એમ આવી ગયું. '**(સર્વથા) અકર્તા ન માનો;...**' સર્વથા અકર્તા ન માનો. પર્યાયમાં અજ્ઞાન ભાવે જ્યાં સુધી અજ્ઞાન છે, સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી અજ્ઞાનભાવે દ્રવ્ય-ગુણનું જ્ઞાન નથી તો પર્યાયનું જ્ઞાન છે. પર્યાયમાં રાગ છે તો રાગનો કર્તા અજ્ઞાની થાય છે. દ્રવ્ય-ગુણનું જ્ઞાન તો છે નહિ. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. ત્રિકાળી આનંદકંદ છે. આહાહા..! શુદ્ધને જાણતો નથી તો અશુદ્ધ આત્મામાં જે પર્યાય થાય છે તેનો કર્તા થાય છે. આહાહા..!

'**ભેદજ્ઞાન થયા પહેલાં...**' રાગથી ભિન્ન આત્માનો અનુભવ થયો. હું તો આનંદકંદ સચ્ચિદાનંદ (છું). ઓહો..હો..! અનંત અનંત ગુણનો ઢગલો, અનંત ગુણમાં એક ગુણ પણ ઓછો નહિ અને એ અનંત ગુણમાં કોઈ ગુણ પરને કરે એવો ગુણ નથી. તેમ અનંત ગુણમાં એક ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ નથી. આહાહા..! અનંત ગુણ જે આત્મામાં છે તેમાં કોઈ ગુણ શરીરને હલાવે, પરની દયા પાળે, (એવું) ત્રણકાળમાં નથી. પરની દયા તો પરદ્રવ્ય છે. તેની દયા આત્મા પાળી શકતો નથી, પણ પરની દયાનો ભાવ આવ્યો એ પણ હિંસા છે. રાગ છે, શુભ છે. શુભરાગથી આત્માની હિંસા થાય છે. શુભભાવ આવે છે, પણ છે દુઃખ, હિંસા. આહાહા..! ગજબ વાત છે. રાડ પાડે.

સ્થાનકવાસીમાં તો એકલો દયાથી ધર્મ.. ધર્મ. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મોક્ષે ગયા, દયા તણા...' એ..ઇ..! 'દેવીલાલજી'! એ સ્વદયા. પરની દયા નહિ. પરની દયા તો પાળી શકતો નથી, પ્રભુ! પરનું આયુષ્ય હોય ત્યાં સુધી એ જીવે છે. તું શું આયુષ્ય આપી દે છે કે જીવાડી શકે? આયુષ્યનું દાન દઈ શકે છે? તારું આયુષ્ય દઈ શકે છે? આહાહા..! અને તને કોઈ મારી શકે છે? શું બીજો કોઈ તને આયુષ્ય આપે છે? કે આયુષ્ય ઘટાડી દે છે? પરને લઈને હું જીવું છું. તો પરે શું તને આયુષ્ય આપ્યું કે જીવે છો? તારું આયુષ્ય છે ત્યાં સુધી રહીશ. એ પણ આયુષ્યને કારણે નહિ. આયુષ્ય કર્મ ભિન્ન જડ છે. આત્મા ભિન્ન ચૈતન્ય છે. પોતાની રહેવાની યોગ્યતા છે ત્યાં સુધી રહેશે. જ્યારે સમય પૂરો થશે ત્યારે છૂટી જશે, ફડાક દેહ છૂટી જશે. આહાહા..! કહે છે, આ વાત અજ્ઞાની માનતો નથી.

'**સર્વથા અકર્તા ન માનો; ભેદજ્ઞાન થયા પહેલાં તેને નિરંતર કર્તા માનો,...**' આહાહા..! આનંદ સ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી રાગ ને વિકારનો તું કર્તા છો એમ માન. સાંખ્યમતની પેઠે અકર્તા ન માનો. જૈનમાં એમ નથી. જૈન કોઈ પક્ષ અને પંથ નથી, જૈન કોઈ વાડો ને પક્ષ ને પંથ નથી. વસ્તુનું સ્વરૂપ છે. એ કહ્યું હતું ને? 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન,' 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો મતવાલા સમજૈ ન' આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે' જિનસ્વરૂપી આત્મા છે. વીતરાગતા ઉત્પન્ન થાય છે તો ક્યાંથી?

વીતરાગતા અંદર ભરી છે. એમાંથી જિનમાંથી જિન થાય છે. જિનસ્વરૂપ આત્મા છે તેમાંથી જિન કેવળી થાય છે. આહાહા..! ગોટો ભારે જગતમાં અત્યારે. આહા..! અજાણ્યા તો રાડ નાખી જાય એવું છે. કાંઈ કરે નહિ? આ આખો દિ' કરીએ છીએ ને? કરતા નથી? લ્યો! દયાનો ભાવ પણ હિંસા? બાપુ! દયાનો ભાવ રાગ છે. રાગ એ આત્માની હિંસા છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! આહાહા..!'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' માં છે. 'પુરુષાર્થસિદ્ધ ઉપાય' માં પાઠ લીધો છે. 'અમૃતચંદ્રાચાર્ય' ટીકાકારે પોતે લખ્યું છે.

**'સર્વથા અકર્તા ન માનો; ભેદજ્ઞાન થયા પહેલાં તેને નિરંતર કર્તા માનો,...'** રાગ અને પુણ્ય-પાપના ભાવથી આત્મા ભિન્ન પડ્યો પછી ન માનો પણ જ્યાં સુધી રાગ-દ્વેષ આદિ એકતામાં છે ત્યાં સુધી માનો. આહાહા..! **'ભેદવિજ્ઞાન થયા પછી...'** વિકલ્પથી, રાગથી એ પુણ્ય પરિણામ–શુભભાવથી પણ ભેદજ્ઞાન થયું, પરથી ભિન્ન થયો તો **'उद्धत-बोध-धाम-नियतं स्वयं प्रत्यक्षम् एनम्'** આહાહા..! **'ઉદ્ધત જ્ઞાનધામ...'** જ્ઞાનમંદિર આત્મા છે. છે નીચે? જ્ઞાનપ્રકાશ, જ્ઞાનમંદિર. પ્રભુ ચૈતન્યનું પૂર છે, નૂર છે. ચૈતન્ય નૂરનું પૂર અંદર અરૂપી છે. અનંત અનંત ગુણ એમાં છે. આહાહા...!

**'ભેદજ્ઞાન થયા પછી ઉદ્ધત જ્ઞાનધામ...'** જ્ઞાનમંદિર, જ્ઞાનપ્રકાશમાં નિશ્ચિત. **'એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને...'** છે ને? પછી તો સ્વયં પ્રત્યક્ષ આત્માને. આહાહા..! રાગ અને પુણ્યથી ભિન્ન પડતા આત્મા પ્રત્યક્ષ થાય છે, પરોક્ષ રહેતો નથી. એમાં પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે (તેથી) પ્રત્યક્ષ થાય છે. તો કહે છે, **'આ સ્વયં પ્રત્યક્ષ આત્માને કર્તાપણા વિનાનો,...'** પછી કર્તૃત્વ રહિત જાણો. **'એક પરમ જ્ઞાતા જ દેખો.'** પાછું આનું આમ દેખીને કોઈ એકાંત માની લે કે સમકિતીને રાગ છે જ નહિ અને રાગનું વેદન છે જ નહિ, એમ નહિ. અહીં તો દૃષ્ટિપ્રધાન કથનમાં રાગનો કર્તા નથી એમ બતાવવું છે. બાકી જેટલો રાગ સમકિતીને થાય છે, દસમા ગુણસ્થાને છ કર્મ બંધાય છે, એટલો લોભ પણ (છે). દસમા ગુણસ્થાને લોભનું વેદન છે. વેદન વિના બંધ શી રીતે થશે? સમકિતીને રાગ આવે છે. એટલું જાણે છે કે આ મારો દોષ છે. મારું પરિણમન છે, પણ એનો સ્વામી થતો નથી. આહાહા..! વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૦૧ શ્લોક–૨૦૫, ૨૦૬ મંગળવાર, જ્યેષ્ઠ વદ ૫, તા. ૦૩-૦૬-૧૯૮૦

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

૨૦૫ કળશ છે એ થઈ ગયો છે, એનો ભાવાર્થ. ૨૦૫ કળશનો ભાવાર્થ, કાલે કળશ ચાલી ગયો છે. **'સાંખ્યમતીઓ પુરુષને...'** સાંખ્યના મતના પુરુષ છે એ **'સર્વથા એકાંતથી અકર્તા,...'** સાંખ્યમતવાળા આત્માને સર્વથા અકર્તા માને છે. **'શુદ્ધ ઉદાસીન...'** રાગાદિ વિકાર પર્યાયથી આત્મા ઉદાસ છે એમ એ માને છે. પર્યાયમાં વિકાર થાય છે તેને તેઓ કર્મના માને છે. અત્યારે તો જૈનમાં પણ એમ જ માને છે. હવે આવશે. જૈનમાં પણ કર્મને લઈને વિકાર થાય છે, કર્મને લઈને વિકાર થાય છે, એ બધા સાંખ્યમતી છે. અહીં **'શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે.'** આત્માને શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. આત્મા પર્યાયમાં વિકાર કરે એમ એ માનતા નથી.

મુમુક્ષુ :– એ લોકો પર્યાયમાં માને છે.

ઉત્તર :– પર્યાય માને તોપણ એ કહે છે, કર્તા નથી. રાગનો કર્તા એ તો માનતા નથી. કર્તા ઉદાસ માને છે. આવ્યું ને? **'શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર...'** એકલો ચૈતન્યમાત્ર ઉદાસ છે. એમાં પર્યાય વિકાર ને વિકારનું ટાળવું ને વિકારનું થવું ને એવું એમાં છે નહિ એમ માને છે.

**'આવું માનવાથી પુરુષને...'** એટલે આત્માને **'સંસારના અભાવનો પ્રસંગ આવે છે;...'** આત્માને સંસારના અભાવનો પ્રસંગ આવે છે. કારણ કે વિકાર નથી તો સંસાર કોનો? જડને સંસાર હોય છે? 'સંસરણ ઇતિ સંસાર'. સ્વરૂપમાંથી હટીને, સંસરણ કરીને રાગ, વિકાર, મિથ્યાત્વભાવ કરે એ સંસાર છે. જો એ સંસાર ન હોય તો મિથ્યાત્વ કોનું? સંસાર કોનો? એમ કહે છે. **'પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે; અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે...'** જડને સંસાર માનવામાં આવે, જડ કર્મ કરે એ સંસાર છે. **'તો તે પણ ઘટતું નથી,...'** જડ કર્મ કરે અને સંસાર થાય, જડને સંસાર હોય નહિ. **'કારણ કે પ્રકૃતિ તો જડ છે,...'** કર્મ અને કર્મની પ્રકૃતિ તો જડ છે. જડ સંસારનો વિકાર કેવી રીતે કરે?

**'અને જો પ્રકૃતિનો સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે, તેને સુખદુઃખ આદિનું સંવેદન નથી,...'** પ્રકૃતિને સુખદુઃખનું વેદન તો છે નહિ. જો રાગ-દ્વેષ હોય તો સુખ-દુઃખનું વેદન પણ હોય. આત્મામાં તો અજ્ઞાનભાવે રાગ-દ્વેષ છે. જ્ઞાનભાવે પણ અલ્પ થાય છે તો એટલું સુખ-દુઃખ પણ હોય છે. જડને તો સુખ-દુઃખ થતા

નથી. આહાહા..! **'સંવેદન નથી,...'** જડને **'સુખદુઃખ આદિનું સંવેદન નથી, તેને સંસાર કેવો?'** જેને વેદન નથી તેને સંસાર કેવો? આહાહા..! 'શેઠિયા' એમ કહેતા હતા ને? ક્યાંક ક્યાંક લોકો અટકી ગયા. 'શેઠિયા' એમ કહેતા હતા, જ્ઞાની થયા પછી દુઃખનું વેદન હોય નહિ. 'દીપચંદજી' એમ કહેતા. આ 'સોગાની' નું વાંચ્યા પછી મગજ ફરી ગયું. નહિતર તો ઠીક આવતા-જતા. પણ 'સોગાની' નું વાંચ્યું ત્યારથી (એમ થઈ ગયું કે), આ વળી કોણ નીકળ્યું મારાથી અધિક? એમ. એટલે જે કોઈ દુઃખ ભોગવે છે એ તો તીવ્ર કષાયવાળો (છે). જ્ઞાનીને દુઃખ હોય નહિ.

અહીં તો કહે છે કે, જ્ઞાનીને પણ દુઃખ હોય છે. જ્યાં સુધી વીતરાગભાવ ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાન પણ હોય અને સાથે રાગનું દુઃખ પણ હોય, બન્ને હોય છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિને જ્યારે આત્માની ખબર નથી, એને તો એકલું વિકારનું વેદન છે. કર્તાનું એકલું વેદન છે. કેવળીને રાગનું કિંચિત્ વેદન નથી. અતીન્દ્રિય આનંદનું પૂર્ણ વેદન છે. સાધકને આત્માની શાંતિનું પણ થોડું વેદન છે, થોડું રાગનું પણ વેદન છે. રાગ(નું)વેદન ન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. ન્યાય સમજાય છે? જૈન નામ ધરનારામાં પણ ગડબડ ગડબડ રહી જાય છે. આહાહા..! ઇ આગળ કહેશે.

**'આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે. સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીઓ મિથ્યાદૃષ્ટિ છે;...'** સાંખ્યમતીવાળા તો મિથ્યાદૃષ્ટિ છે. **'અને જો જૈનો પણ એવું માને...'** આહાહા..! કોઈ જૈન એમ માને કે વિકાર કર્મથી થાય છે, કોઈ જૈન એમ માને કે જ્ઞાનીને બિલકુલ વિકાર નથી અને વેદન નથી. તો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! કેવળીને એકલું આત્માનું આનંદનું વેદન છે. મિથ્યાદૃષ્ટિને એકલું દુઃખનું વેદન છે. સાધકને દુઃખ અને સુખ બન્નેનું (વેદન છે). આત્માના સુખનું પણ થોડું વેદન છે, થોડો રાગ છે એટલું દુઃખનું પણ વેદન છે. દુઃખનું વેદન છે તો મિથ્યાદૃષ્ટિ છે એમ નહિ. આહાહા..! મોટી ચર્ચા 'દીપચંદજી' સાથે થઈ. એ લોકો અહીં આવ્યા નહોતા. ન્યાં ફરી ગયા હતા. આહાહા..! અને આ શ્વેતાંબર લોકો તો કર્મથી જ વિકાર થાય, કર્મથી વિકાર થાય (એમ માને છે). 'જેઠાભાઈ' એ ચર્ચા કરી. 'રામવિજય'. આપણે ચર્ચા કરીએ. ચર્ચા કરીએ બરાબર, પણ તમને પહેલું આ માન્ય છે? 'રામવિજયે' કહ્યું કર્મથી વિકાર થાય એ માન્ય છે? તો ચર્ચા કરીએ. આ કહે, એ અમને માન્ય નથી. આરે.. આરે..!

જૈનમાં પણ કર્મથી વિકાર થાય (એમ માને). કર્મ પરદ્રવ્ય, વિકાર પરદ્રવ્ય. વિકાર તો આત્માની વિપરીત અવસ્થા છે. જડકર્મથી એ અવસ્થા થાય છે? આહાહા..! આત્માની મિથ્યાત્વ ને રાગ-દ્વેષ ને વેદ આદિ વિકૃત પર્યાય છે. એવી પર્યાય જડમાં કેવી રીતે થાય? અને જડથી કેવી રીતે થાય? જડમાં નહિ અને જડથી નહિ. આહાહા..! એ કહે છે.

સાંખ્યમતીની જેમ **'જૈનો પણ એવું માને તો તેઓ પણ મિથ્યાદૃષ્ટિ છે.'** આહાહા..!

જૈન એમ માને કે આત્મામાં વિકાર થાય છે એ કર્મથી થાય છે. 'વિકાસચંદજી' એ ત્યાં પ્રશ્ન કર્યો હતો કે સિદ્ધને કર્મ નથી તો વિકાર નથી. માટે અહીં નીચે કર્મ છે તો વિકાર છે. આ પ્રશ્ન કર્યો હતો. ચારે કોર ગોટા. જૈનમાં જન્મ્યા પણ ખબર ન મળે. વિચાર ન મળે. ઇ કહે, સિદ્ધને કર્મ નથી તો વિકાર નથી. માટે અહીં વિકાર છે માટે કર્મ છે. કર્મને લઈને વિકાર છે. જૈન પણ એમ માને છે. સાધુ નામ ધરાવીને!

મુમુક્ષુ :– અમારી ભાવના વિકાર કરવાની નથી.

ઉત્તર :– નથી, વિકાર કરવાની નથી તો ભાવના વિના થાય છે? ભાવ ન હોય તો થાય? એની મેળાએ વિકાર થાય? જડ કર્મ વિકાર કરાવે? જડને તો ખબર પણ નથી. એ તો એક જગતની ચીજ છે. વિકાર તો પોતાની પર્યાયમાં ઊલટી અવસ્થા (થાય છે) તે વિકાર છે. એ વિકારનો કરનાર અજ્ઞાની સર્વથા કરનાર છે અને જ્ઞાનીને થોડું પરિણમન છે તો એ અપેક્ષાએ કરનાર છે. આહાહા..! જૈનમાં પણ એવું છે. હવે એની ખબર નથી વાડાવાળાને. એવી દરકાર પણ કોને છે? જ્યાં એ તો જન્મ્યા, જે સંપ્રદાયમાં જન્મ્યા એ જય નારાયણ! એ કહે એ ઠીક. એક કલાક સાંભળવાનું. એક કલાક અજ્ઞાની લૂંટી લે. ત્રેવીસ કલાક પાછા પાપમાં જાય આખા. અરે..રે..! આવો મનુષ્યભવ ચાલ્યો જાય છે. જૈનમાં પણ આમ મોટો ગોટો છે. આહાહા..!

'દામોદર શેઠ' સાથે ચર્ચા થઈ ત્યારે પણ (તેમણે) એમ કહ્યું કે, મહારાજ! બહુ પુરુષાર્થથી રાખતા હો કે વિકાર પુરુષાર્થથી પોતાથી થાય છે, કર્મથી નહિ તો એના આત્માના પુરુષાર્થના એકાવન દોકડા રાખો અને વિકાર થવામાં ઓગણપચાસ દોકડા રાખો કર્મના. મેં કીધું, એકેય દોકડો કર્મનો નહિ. આ તો (સંવત) ૧૯૭૬ ની સાલની (વાત છે). પહેલેથી આ ગોટા ઊઠ્યા છે. આહાહા..! 'મનોહરલાલજી' એ પણ ત્યાં પ્રશ્ન કર્યો હતો. ગુજરી ગયો બિચારાને મારી નાખ્યો. પુસ્તક બનાવે ને પૈસા ઉઘરાવતા. બે-ત્રણ-પાંચ લાખ હશે. એને છોડીને જાવું હતું તો કોઈએ ગળા ફાંસો આપ્યો. જીભ નીકળી ગયેલી. ગળે ફાંસો આપેલો. આહાહા..! એમને પણ પૂછ્યું હતું કે, આ રાગ થાય છે એ પુદ્ગલ છે એમ કેમ કહ્યું? આહાહા..! કીધું, રાગ પુદ્ગલ છે એમ કેમ કીધું? પોતાની નિર્મળ પર્યાય સ્વભાવથી થાય છે એમ ગણીને વિકાર કર્મનો છે, કાઢી નાખવાનો છે એ અપેક્ષાએ પુદ્ગલનો કીધો. કાઢી નાખવો છે, છોડી દેવો છે માટે એને કર્મનો છે એમ કહ્યું છે. પણ કર્મથી થયો છે એમ નહિ. આહાહા..!

શાસ્ત્રમાં એવા શબ્દ આવે છે. સમ્યગ્દષ્ટિને આસ્રવ ને બંધ નથી. લ્યો! એવું આવે છે. સમકિત થયું એટલે આસ્રવ ને બંધ થતો નથી. એક બાજુ કહે કે, દસમા ગુણસ્થાન સુધી આસ્રવ ને બંધ છે. કઈ અપેક્ષાએ? એ તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ એમ કહ્યું. પણ પર્યાયમાં તો જ્ઞાનીને પણ રાગ-દ્વેષ વિકાર થાય છે. તો જૈન માને કે વિકાર પોતાથી નથી, કર્મથી માને તો એ સાંખ્યમતી છે, જૈન નથી. પણ એ કેટલાકે નિર્ણય પણ કર્યો ન હોય.

માનીએ કે ન માનીએ? શું માને? ઓઘેઓઘે પડ્યા હોય એણે માન્યું પણ નથી. અમે માનીએ છીએ કે નથી માનતા એની પણ ખબર ન હોય. વાડામાં પડ્યા, થઈ રહ્યું, જય નારાયણ! આહાહા..! અહીંયાં તો કહે છે કે, કોઈ પણ વાત યુક્તિથી, ન્યાયથી સિદ્ધ થયા વિના માનવી એ માન્યતા સાચી નથી. ન્યાય, યુક્તિથી જે વાત સિદ્ધ થાય તેને માનવી.

અહીંયાં કહે છે કે, **'જૈનો પણ એવું માને તો તેઓ પણ મિથ્યાદૃષ્ટિ છે.'** આહાહા..! પણ કેટલાક જૈનને તો ખબર પણ નહિ હોય જૈનમાં પડ્યા હોય એને. સાંખ્ય વળી આમ કહે છે કે, વિકાર કર્મથી થાય નહિ કે કર્મથી થાય એ કોણ વિચારે છે? સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો. જિંદગી મિથ્યાત્વમાં ચાલી જાય છે. એ તો બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

**'તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે–'** આહાહા..! **'સાંખ્યમતીઓની માફક જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો;....'** સર્વથા ન માનો. અજ્ઞાન છે ત્યાં સુધી કર્તા છે. આનંદનો અનુભવ થયો એ અપેક્ષાએ અકર્તા પણ છે. અકર્તા પણ છે, કર્તા પણ છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ તો કર્તા જ છે. સમ્યગ્દૃષ્ટિ–ધર્મી કર્તા-અકર્તા બન્ને છે. આહાહા..! જેટલું આત્માના આશ્રયે પરિણમન થયું તેનો જ્ઞાતા-દૃષ્ટા કર્તા છે. જેટલો નબળાઈથી રાગ આવે છે તેનો કર્તા આત્મા છે. એ કંઈ કર્મ કરાવે છે એમ નથી. **'જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાં સુધી સ્વપરનું ભેદવિજ્ઞાન ન હોય...'** સ્વ-પરનું ભેદજ્ઞાન જ્યાં સુધી ન હોય **'ત્યાં સુધી તો તેને રાગાદિકનો...'** રાગ-દ્વેષ, મિથ્યાત્વ **'પોતાના ચેતનરૂપ ભાવકર્મોનો...'** જુઓ! એ પોતાના ચૈતન્યનું ભાવકર્મ છે. આહાહા..! તેનું ભાવરૂપી કાર્ય છે. ચેતનનું ભાવરૂપી કાર્ય છે. કર્મ એટલે કાર્ય. એ જડનું કાર્ય નથી. **'પોતાના ચેતનરૂપ ભાવકર્મોનો–કર્તા માનો,...'**

**'અને ભેદવિજ્ઞાન થયા પછી....'** રાગથી ભિન્ન દ્રવ્યદૃષ્ટિ થઈ તેને કારણે દ્રવ્ય સ્વભાવ તો શુદ્ધ પવિત્ર આનંદકંદ છે. એ દૃષ્ટિની પ્રધાનતાથી ધર્મ થયો ત્યારથી **'શુદ્ધ વિજ્ઞાનઘન,...'** શુદ્ધ વિજ્ઞાનઘન થયો. **'સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત,...'** ત્યારે બધા કર્તાથી રહિત છે. એ પણ અપેક્ષાથી છે. ધર્મી સર્વથા કર્તાથી રહિત નથી. એને જ્યાં સુધી રાગ છે, વીતરાગ નથી ત્યાં સુધી રાગનો કર્તા પરિણમનરૂપે છે. એ 'પ્રવચનસાર' (માં) નય અધિકાર(માં) કર્તા-ભોક્તાનો અર્થ (કર્યો છે). જ્ઞાનીને કર્તા-ભોક્તા (કહ્યો છે). અરે..! મુનિને કર્તા-ભોક્તા (કહ્યા છે). આહાહા..! સમજાય છે કાંઈ?

**'ત્યાં સુધી તોતેને રાગાદિકનો–પોતાનાં ચેતનરૂપ ભાવકર્મોનો–કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન,...'** ભગવાનઆત્મા શુદ્ધ વિજ્ઞાનઘન છે. **'સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત,...'** છે. સમસ્ત કર્તૃત્વભાવથી રહિત છે. એ અપેક્ષા છે. એ આપણે આવ્યું હતું. શુભાશુભ કરવાલાયક છે. એ આવ્યું હતું ને ક્યાંક? શુભાશુભ કરો. 'નિયમસાર' માં આવ્યું હતું. શુભાશુભ કરવા. શુભાશુભ કરવાલાયક છે. (એટલે કે) પર્યાયમાં થાય છે,

એમ. ધર્મીને પણ પર્યાયમાં શુભાશુભભાવ થાય છે, એમ.

અહીંયાં કહે છે કે, ધર્મ જ્યાં થયો, પોતાનો આત્મા રાગથી ભિન્ન પૂર્ણાનંદનો નાથ જેને રાગનો સ્પર્શ નથી એવી ચીજની દૃષ્ટિ–સમ્યગ્દર્શન થયું, સમ્યક્ એટલે જેવી ચીજ છે તેવું દર્શન થયું તેને એક અપેક્ષાએ વિકારનો કર્તા કહેવામાં આવતો નથી. જ્ઞાતા-દૃષ્ટા એક અપેક્ષા (છે). બધી અપેક્ષાએ નહિ. આહાહા..!

**'શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો.'** જાણનાર-દેખનાર આત્મા છે, બીજી કોઈ ચીજ છે નહિ. સમકિતી જીવને સમ્યગ્દર્શન હોય, ચોથે ગુણસ્થાને આત્માનો અનુભવ (થયો) ત્યારથી આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. એક વિકલ્પનો પણ કર્તા નથી. આહાહા..! એ દૃષ્ટિના જોરની વાત છે. પર્યાયની અપેક્ષા લઈએ તો જેટલા વિકલ્પ ઊઠે છે તેટલું પરિણમન છે. જેટલા વિકલ્પ ઊઠે છે તેટલું પરિણમન છે. અહીં તો દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું છે કે એને બિલકુલ વિકાર નથી. **'એક જ્ઞાતા જ માનો.'** ભગવાનઆત્મા જાણનાર-દેખનાર એકલો ચૈતન્યસ્વરૂપ (છે). રાગ અને દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન છે એમ સમ્યગ્દૃષ્ટિ થતાં જાણો. રાગ મારો છે એમ ન માનો. આહાહા..! રાગ કરવાલાયક છે એમ ન માનો. આહાહા..! તો પર ચીજ કરવાલાયક છે એમ તો છે જ નહિ.

કાલે એ વાત થઈ હતી ને? 'પ્રેમવિજય' સાથે વાત થઈ હતી. પરમાણુનું ન કરી શકે, શરીરનું કરી શકે. સ્કંધનું (કરી શકે). ઝાઝા પરમાણુ હોય એનું આપણે કરી શકાય. જુઓ! આમ કરી શકાય. એક પરમાણુનું ન કરી શકાય. અરે..રે..! ભગવાન! આવી કોણ જાણે કેમ આ જૈનની આખી લાઈન તૂટી ગઈ. સૌ માનવા માંડ્યા અમે ધર્મી છીએ, જૈન છીએ, જૈન છીએ. જૈનની ગંધની ખબર ન મળે કે શું જૈન કહે છે? ઘણા ...

પોતે વાત બહાર કાઢી કે, કર્મનો કર્તા આત્મા નહિ અને વિકારનો કર્તા કર્મ નહિ. (તો કહે), નહિ, એવી વાત કોણે કરી છે? અમારા ગુરુએ કહી નથી. ગુરુ સાંભળતા, ગુરુ સાંભળતા. વિરોધ ન કરે. ભદ્રિક હતા. સાંભળતા. પાઠ દઈને વાત કરતો. 'ભગવતી' નું ત્રીજું શતક, આ પાઠ (રહ્યો). સંશયનો કરનારો જીવ છે. સંશય એટલે મિથ્યાત્વ, એનો કરનારો કર્મ નહિ. આ જુઓ! 'ભગવતી' નું ત્રીજું શતક. આ તો (સંવત) ૧૯૭૧ ની સાલની (વાત છે). આહાહા..! 'ભગવતી સૂત્ર' વાંચતો હતો. તે દિ'–૧૯૭૧. ચારે મહિના એક ટંક ખાવું, બીજે દિ' અપવાસ, ત્રીજે દિ' એક ટંક. (એમ) ચારે મહિના. (શ્રોતા :– ઉપઘાન કહેવાય) ઉપઘાન કાંઈ એ લોકો માને નહિ. વરસાદ ઓછો, તે દિ' ત્યાં વરસાદ ઓછો હતો. પછી પહેલેથી અપવાસ માંડ્યા તો પૂરું આખું ચોમાસુ (કર્યા). એક દિ' આહાર એક ટંક ખાવું, બીજે દિ' અપવાસ, ત્રીજે દિ' એક ટંક (એમ) ચારે મહિના. પણ તે દિ' ઉંમર ૨૫ વર્ષની. આહાહા..!

**'ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા**

**જ માનો. આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું–એ બન્ને ભાવો...**' જુઓ! એક જ આત્મામાં કર્તા અને અકર્તા બન્ને (ઘટે છે). અજ્ઞાન અવસ્થામાં કર્તા છે, જ્ઞાન અવસ્થામાં કર્તા નથી. એ વાત અહીંયાં લે છે. '**બન્ને ભાવો વિવક્ષા...**' કહેવાની અપેક્ષા. વિવક્ષાવશ એટલે આ કઈ અપેક્ષાએ કહેવું છે, એ કહેવાની અપેક્ષાએ. '**વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્વાદ મત જૈનોનો છે;...**' આવું સ્યાત્–કથંચિત્ કર્તા, કથંચિત કર્તા નહિ એવો મત તો વીતરાગનો છે. જૈન સિવાય એવો મત કોઈનો છે નહિ. આહાહા..! વાંચનાર પણ કેટલાએ નિર્ણય કર્યા વિના... મનોહરલાલ વર્ણીએ પ્રશ્ન કર્યો હતો. કે, આ રાગને પુદ્ગલ કેમ કહ્યું? શાસ્ત્રમાં રાગને પુદ્ગલ કહ્યો છે. કીધું, એ જેમ પુદ્ગલ જુદા છે, એમ આ જુદા થઈ (જાય છે) અને એકલો આનંદ રહેશે એ અપેક્ષાએ કર્મનું એ કાર્ય છે એમ કહીને કાઢી નાખ્યો. 'જયપુર' માં પ્રશ્ન (થયો હતો). ભણેલ હતા, વાંચન ઘણું હતું પણ અંદર કાંઈક ફેર હતો.

'**આવો સ્યાદ્વાદ મત જૈનૌનો છે;...**' કેવો સ્યાદ્વાદ? અજ્ઞાનભાવે કર્તા છે અને જ્ઞાનભાવે કર્તા નથી, જ્ઞાતા (છે). એવો મત સ્યાદ્વાદ જૈનનો છે. આહાહા..! પહેલા તો વિચાર પણ ક્યાં કર્યા હોય? જય નારાયણ! નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં કરે ને સામાયિક કરીને બેસે. ધૂળમાંય નથી. એકેય તત્ત્વની ખબર ન મળે, શ્રદ્ધાની ખબર ન મળે. એ તો મિથ્યાત્વ છે. અનાદિકાળથી એ દશા તો છે. એની એ દશા અહીં જૈનના વાડામાં રાખી. પણ જૈન પરમેશ્વર શું કહે છે અને એમનું શું કથન છે, એના વિચાર કરવાનો તો અવસર નહિ. આહાહા..!

મુમુક્ષુ :– જૈન શું છે એ ચાલતું જ નહીં, સંપ્રદાય પ્રમાણે બધું કર્યા કરે.

ઉત્તર :– બધા સંપ્રદાય પ્રમાણે કરે. જે કુળમાં ઉપજ્યા અને જેનો વાસ પરિચય રહ્યો એ માન્યતા (કરી). શું સત્ય છે કે અસત્ય છે એ વિચારવાનો (અવસર નહિ). આહાહા..! મોટા બેરિસ્ટરો પણ એમાં પડ્યા છે ને. આહાહા..!

'**આવો સ્યાદ્વાદ મત જૈનૌનો છે;...**' કેવો? કે, જ્યાં સુધી આત્માનું જ્ઞાન નથી ત્યાં સુધી આત્મા અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે અને જ્યારે વિકારથી આત્મા ભિન્ન થયો, એવો ધર્મ થયો, અનુભવ થયો ત્યારે તેનો કર્તા નથી. એમ કર્તા-અકર્તા બન્ને લાગુ પડે છે. ત્રીજી અપેક્ષા છે પણ એ અત્યારે અહીં નથી. ત્રીજી એ કે, જ્ઞાનીને જ્ઞાન પણ છે અને રાગનો કર્તા પણ છે, પણ એ જ્ઞાનદૃષ્ટિએ. આ દ્રવ્યદૃષ્ટિથી વાત છે. જ્ઞાનદૃષ્ટિથી તો જેટલો રાગનો અંશ થાય છે તેનો કર્તા આત્મા જ છે. પરની સાથે શું સંબંધ છે? આહાહા..! ધર્મી જીવને પણ જ્ઞાતા-દૃષ્ટા આત્માનો ભાવ હોવા છતાં જેટલા અંશે રાગ ને દ્વેષ આદિ થાય છે તેનો કર્તા આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :– પોતાનો દોષ છે.

ઉત્તર :– દોષ પોતાનો છે, પર્યાય પોતાની છે, પોતાની સત્તામાં છે. પોતાના અસ્તિત્વમાં એ દોષ છે, કંઈ કર્મના અસ્તિત્વમાં છે? આહાહા..! પણ એટલો બધો વિચાર કરવાનો વખત ક્યાં મળે? 'દામજીભાઈ'! ધંધો કરવો કે છોકરા સાચવવા? શીખડાવવું, નિશાળે મોકલવા, સ્લેટ આપવી, પુસ્તક આપવા. માસ્તર સરખું કહીને સમજાવે છોકરાને ભણાવવા જોઈએ કે નહિ? આહાહા..!

એ પણ એક વાર અમારે છેલ્લે છેલ્લે નિશાળમાં થયેલું. નિશાળમાં એક ગણિતનો વિષય આવ્યો. એ ગણિતના વિષયમાં મારું ધ્યાન બહુ નહિ. આમ કહેવાઉં મોઢા આગળ, પહેલા નંબરે, બધામાં પહેલો નંબર. છઠ્ઠી ચોપડી, સાતમી ચોપડી, પાંચમી ચોપડી.. બધે પહેલો નંબર. એમાં ગણિતમાં ખ્યાલ બહુ નહિ. એમાં એક જણાએ ચાડી કરી કે, મહારાજ! એ તો જૈનશાળામાં જાય છે એટલે ત્યાં ધ્યાન (છે), એટલે આમાં ધ્યાન રાખતા નથી. ગણિતનું કેમ ન આવડે? હોંશિયાર માણસ છે ને! કીધું, ભાઈ! જૈનશાળા તો પહેલી છે. આ જૈનશાળા ખાતર પછી ચોપડી છોડી દીધી. માસ્તર આમ અવળા પડ્યા અને આમ કહે તો અમારે ભણવું નથી. અમારે જૈનશાળાનું ભણવું છે. જૈનશાળાનું ભણવા જતા વખત મળે તો આ છે. ખરી ચીજ તો આ છે. તે દિ' થયેલું હોં! માસ્તર સાથે. આહાહા..! લોકોને પ્રેમ (હતો). શું ચીજ છે? રાગ શું ચીજ છે? દ્વેષ શું ચીજ છે? આહાહા..!

અહીં તો પરમાત્મા પ્રત્યે પ્રેમ કરે તો એ રાગ છે. આહાહા..! ત્રણલોકના નાથ અરિહંતદેવ પરમેશ્વર એ ફરમાવે છે કે અમારા પ્રત્યે તારું લક્ષ જશે તો તને રાગ થશે, ધર્મ નહિ. ધર્મ તો તારા સ્વદ્રવ્યનો આશ્રય થશે તો ધર્મ થશે. સ્વઆશ્રય, સ્વ શું ચીજ છે તેની ખબર નથી તો આશ્રય ક્યાંથી લેશે? આહાહા..!

અહીં કહે છે કે, **'વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્વાદ મત જૈનોનો છે; અને વસ્તુસ્વભાવ પણ એવો જ છે,...'** જૈન આમ કહે છે માટે કંઈ ઘરનું કહે છે એમ નહિ. આહાહા..! વસ્તુનો સ્વભાવ પણ એવો છે. આહા! ચૈતન્યમૂર્તિ અનંત ગુણનો પિંડ પોતાને ભૂલે તો વિકાર કરે અને પોતાને જાણે તો વિકાર છોડે. એ તો વસ્તુ જ એવી છે. જૈન પરમેશ્વર કહે છે માટે માનવું એમ નહિ, કહે છે. આહાહા..! કીધું? જોયું? **'અને વસ્તુસ્વભાવ પણ એવો છે,...'** કલ્પના નથી. કલ્પનાથી આ વાત નથી ચાલી, વસ્તુનો સ્વભાવ છે. આહાહા..!

**'આવું (સ્યાદ્વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે;...'** સંસાર રખડવાની, દોષની સિદ્ધિ પણ કથંચિત્ અજ્ઞાનભાવે કરે તો સિદ્ધિ થાય છે, જ્ઞાનભાવે ન કરે તો મુક્તિ થાય છે એમ સિદ્ધિ થાય છે. સ્યાદ્વાદથી સિદ્ધિ થાય છે. **'પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે;...'** શું (કહ્યું)? સંસાર એટલે આત્મામાં વિકાર છે એ સંસાર (છે). એ પોતે કરે છે તો ત્યાં સિદ્ધ થાય છે. અને પોતાના પુરુષાર્થથી વિકારથી રહિત થવું અને એકલો મોક્ષ, નિર્મળ પર્યાય પ્રગટ કરવી એ મોક્ષ છે. તો આ રીતે સંસાર અને

મોક્ષ છે. આહાહા..! કેટલું યાદ રાખવું? અને કેટલો ફેરફાર? વાડામાં જન્મ્યા.. સ્થાનકવાસીમાં તો સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો શ્વેતાંબર, દિગંબરમાં તો દિગંબર, તેરાપંથીમાં તો તેરાપંથી (માને). ચોથો એક પંથ છે ને? સ્થાનકવાસી, તેરાપંથી, તુલસી. અત્યારે જૈનમાં ચાર મોટા વાડા છે. જ્યાં જ્યાં જન્મ્યા એને માનીને પડ્યા તે પડ્યા, જિંદગી કાઢી નાખે. આહાહા..! તેરાપંથી છે ને કહું છું ને. આહાહા..! તુલસીની વળી જુદી જાત છે. એને તો બધું કર્તૃત્વ, કર્તૃત્વ જ માંડ્યું છે. એના એક ગુરુ ભિક્ષુ હતા. કરવું, આમ કરવું, આમ કરવું, તેમ કરવું. લૌકિક લાઈન થઈ ગઈ. આહાહા..!

**'સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે.'** એકાંત માનવાથી, વિકાર પોતામાં થાય છે કર્મ તો વ્યવહાર નિમિત્ત છે એમાં એકાંતે કર્મથી વિકાર માને તો નિશ્ચયનો લોપ થાય છે અને એકલો વ્યવહાર સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? પોતામાં વિકાર થાય છે એ વિકાર કર્મથી થાય છે એમ માને તો નિશ્ચયનો લોપ થાય છે. પર્યાય પોતાની છે ને? પોતાની પર્યાય છે તે નિશ્ચય છે. પર્યાય વિનાનું દ્રવ્ય તો કદી હોતું નથી, તો અહીંયાં પર્યાય નિશ્ચય કહેવી છે. આહાહા..! અને પર્યાયમાં નિમિત્ત છે તેને વ્યવહાર કહે છે. આહાહા..! **'વ્યવહારનો લોપ થાય છે.'** આહાહા..! એ અધિકાર ત્યાં (પૂરો) થયો.

---

**હવેની ગાથાઓમાં, 'કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે' એવું માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતીઓને તેમની સર્વથા એકાંત માન્યતામાં દૂષણ બતાવશે અને સ્યાદ્વાદ અનુસાર જે રીતે વસ્તુસ્વરૂપ અર્થાત્ કર્તાભોક્તાપણું છે તે રીતે કહેશે. તે ગાથાઓની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે :-**

## શ્લોક-૨૦૬

क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं
निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम्।
अपहरति विमोहं तस्य नित्यामृतौघैः
स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव।।२०६।।

શ્લોકાર્થ :– [ इह ] આ જગતમાં [ एकः ] કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો) [ इदम् आत्मतत्त्वं क्षणिकम् कल्पयित्वा ] આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને [ निज-मनसि ] પોતાના મનમાં [ कर्तृ-भोक्त्रोः विभेदं विधत्ते ] કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે (-અન્ય કર્તા છે અને અન્ય ભોક્તા છે એવું માને છે); [ तस्य विमोहं ] તેના મોહને (અજ્ઞાનને) [ अयम् चित्-चमत्कारः एव स्वयम् ] આ ચૈતન્યચમત્કાર જ પોતે [ नित्य-अमृत-ओघैः ] નિત્યતારૂપ અમૃતના ઓઘ (-સમૂહો) વડે [ अभिषिञ्चन् ] અભિસિંચન કરતો થકો, [ अपहरति ] દૂર કરે છે.

ભાવાર્થ :– ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે, અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી ક્ષણે નથી-એમ માને છે. આચાર્યદેવ કહે છે કે-અમે તેને શું સમજાવીએ? આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે-કે જે (ચૈતન્ય) અનુભવગોચર નિત્ય છે. પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે 'હું પહેલાં હતો તે જ છું;' આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે. અહીં બૌદ્ધમતી કહે છે કે-'જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું' એવું માનવું તે તો અનાદિ અવિદ્યાથી ભ્રમ છે; એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય, સમસ્ત ક્લેશ મટે. તેનો ઉત્તર આપવામાં આવે છે કે-'હે બૌદ્ધ! તું આ જે દલીલ કરે છે તે આખી દલીલ કરનાર એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે? વળી તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે? જો અનેક આત્માઓ પલટાઈ જતા હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી; તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું?* આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે કે આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો તે યથાર્થ નથી. માટે એમ સમજવું કે-આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે, વસ્તુસ્વરૂપ નથી; અમે (જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે'. ૨૦૬.

* જો એમ કહેવામાં આવે કે 'આત્મા તો નાશ પામે છે પણ તે સંસ્કાર મૂકતો જાય છે' તો તે પણ યથાર્થ નથી; આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે? વળી કદાપિ એક આત્મા સંસ્કાર મૂકતો જાય, તોપણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.

## શ્લોક-૨૦૬ ઉપર પ્રવચન

**'હવેની ગાથાઓમાં, 'કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે' એવું માનનારા ક્ષણિકવાદી બૌદ્ધમતીઓને તેમની સર્વથા એકાંત માન્યતામાં દૂષણ બતાવશે અને સ્યાદ્વાદ અનુસાર જે રીતે વસ્તુસ્વરૂપ અર્થાત્ કર્તાભોક્તાપણું છે તે રીતે કહેશે. તે ગાથાઓની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે :–'** કાવ્ય છે-૨૦૬.

**क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं**
**निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदम्।**
**अपहरति विमोहं तस्य नित्यामृतौघैः**
**स्वयमयमभिषिञ्चंश्चिच्चमत्कार एव।।२०६।।**

આહાહા..! એનો અર્થ-શ્લોકાર્થ. **'આ જગતમાં કોઈ એક તો (અર્થાત્ ક્ષણિકવાદી બૌદ્ધમતી તો) આ આત્મતત્ત્વને ક્ષણિક...'** માને છે. શું કહે છે? બૌદ્ધમત છે, મોટો બૌદ્ધમત છે. કરોડો મનુષ્ય એમાં છે. એ આત્માને ક્ષણિક માને છે. ક્ષણિક-એક સમય આત્મા રહે, બીજે સમયે એ નાશ થઈ જાય. એ બૌદ્ધમતી તો છે પણ જૈનમાં પણ એકલી પર્યાયને માને છે અને દ્રવ્યને માનતા નથી એ પણ બૌદ્ધમતી છે. શું કહ્યું? બૌદ્ધમતી પર્યાયને-અવસ્થાને જ માને છે. પર્યાય બદલાય છે, દ્રવ્ય છે એ માનતા નથી. આખું દ્રવ્ય છે અને ઉપર આ પર્યાય પલટે છે એ એકલી પર્યાયને માને છે, દ્રવ્યને નહિ. એમ જૈનમાં પણ એવું માનનારા છે. પર્યાય ઉપર જેની દૃષ્ટિ છે, રાગ ને દ્વેષ ને દયા ને દાન, એ બધા પર્યાયબુદ્ધિ-બૌદ્ધમતી છે. ક્ષણિકને માનનારા છે પણ એ રાગથી રહિત ત્રિકાળ ધ્રુવ આનંદકંદ પ્રભુ છે તેને નથી માનતા એ ક્ષણિક બૌદ્ધમતી છે. આહાહા..! કહ્યું હતું એક ફેરી, હોં! જેવું બૌદ્ધ માને એવું જ આ માને તો એ પણ બૌદ્ધમતી જ છે. એક ગ્રંથમાં આવે છે. આહાહા..!

**'આ જગતમાં કોઈ એક તો આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને...'** આખો એક મત છે. પણ બહુ સૂક્ષ્મ દૃષ્ટિથી જુઓ તો જેની દૃષ્ટિ હજી દ્રવ્યદૃષ્ટિ નથી થઈ, ત્રિકાળી જ્ઞાયકભાવ અનાદિઅનંત સચ્ચિદાનંદ પ્રભુનો આશ્રય અને દૃષ્ટિ નથી થઈ, તેની અનાદિથી પર્યાયમાં રમત છે અને રાગમાં રમત છે તો એ ક્ષણિક (માનનારો) જ છે. એ બૌદ્ધમતીની નાતનો છે. શું કહ્યું સમજાયું? બૌદ્ધમતી છે તે પર્યાયને જ માને, દ્રવ્ય નહિ, ત્રિકાળીને માને નહિ. કારણ કે પર્યાય બદલી જાય છે એટલો એક એક સમયનો આત્મા (છે). બીજે સમયે બીજો,

ત્રીજે સમયે ત્રીજો. એમાં જૈન પણ, જૈન શું આખી દુનિયા વર્તમાન પર્યાયને માને છે અને રાગને માને છે પણ પર્યાયની પાછળ ભગવાન દ્રવ્ય ત્રિકાળ આનંદનો નાથ છે, નિત્યાનંદ પ્રભુ છે તેની તો દૃષ્ટિ કરતા નથી અને વર્તમાન એક સમયની પર્યાયમાં રમે છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, આમ કર્યું ને આમ કર્યું ને એ બધી તો પર્યાયની વાત છે. એને બૌદ્ધમતી કહ્યા છે. શાસ્ત્રમાં છે. જૈનમાં પણ એને બૌદ્ધમતી કહ્યા છે. ક્ષણિકવાદી માનનારા બધા બૌદ્ધમતી છે.

ભગવાન અંદર દ્રવ્ય સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાનનો અનુભવ નથી, વેદન નથી અને એકલું રાગનું વેદન છે, દ્વેષનું વેદન છે. રાગ-દ્વેષની દૃષ્ટિ તો પર ઉપર જાય છે તો એ બધા ક્ષણિકવાદી છે. આહાહા..!

મુમુક્ષુ :– 'પર્યાયમૂઢા જ પરસમયા' કીધું છે ને.

ઉત્તર :– પર્યાયમૂઢા એ તો છે, એ તો દ્રવ્યને ન માને. એ તો ઘણી વાર કહેવાઈ ગયું છે. 'પ્રવચનસાર'.

અહીં તો એ કહેવું છે કે, બૌદ્ધની વાત કહે છે પણ બૌદ્ધની ક્ષણિક (માન્યતાની જેમ) બધા આત્માઓ અનાદિથી પર્યાયબુદ્ધિ છે. આખી દુનિયાના જીવને પર્યાયબુદ્ધિ છે. દ્રવ્યબુદ્ધિ તો અંદર (છે નહિ). કેમ કે પર્યાયની પાછળ અંદર દ્રવ્ય અનંત આનંદથી ભર્યું છે, અનંત જ્ઞાનથી ભરેલું છે એની ખબર નથી. ઉપરથી એકલી પર્યાયની વાતું કરે, બસ. એ બધા બૌદ્ધ–ક્ષણિકવાદી છે, એ જૈન નથી. જૈનમાં જન્મ્યા હોય તોપણ જૈન નથી. આહાહા..!

**'કોઈ એક તો આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને પોતાના મનમાં કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે...'** એટલે? આ આત્માની પર્યાય જે કરે; આત્મા તો માને નહિ, પર્યાયને માને, એટલે જે પર્યાય કરે એ પર્યાય ન ભોગવે. એટલે કર્તા બીજો અને ભોક્તા બીજો એમ અજ્ઞાની માને. એક પર્યાય કરે એ બીજી પર્યાય ભોગવે માટે ભોક્તા નહીં. માટે કર્તા બીજો અને ભોક્તા બીજો. પણ આત્મા? આત્મા પર્યાયમાં કરે એ આત્મા પર્યાયમાં ભોગવે. કર્તૃત્વ-ભોક્તૃત્વ પર્યાયમાં હોય કે કર્તૃત્વ-ભોક્તૃત્વ દ્રવ્યમાં હોય? છતાં એ પર્યાય દ્રવ્ય વિનાની હોય એમ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! પર્યાય તો દ્રવ્ય ઉપર તરે છે. આહાહા..! ઝીણી વાતું ઘણી, ભાઈ!

**'આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને પોતાના મનમાં કર્તા અને ભોક્તાનો ભેદ કરે છે...'** 'ગોરણ ગાડા ભરે' એમ કેટલાક નથી કહેતા? આ બહુ પાપ કરો છો પણ મરીને ક્યાં જશો? ત્યારે એમ જવાબ આપે, 'ગોરણ ગાડા ભરે' તે કાળે શું થાશે એ આપણે શું કામ છે? અત્યારે મજા કરી લ્યો ને! મરવાની. મરવાની મજા. આહાહા..! અરે..રે..! ચૈતન્યજીવન અંદર આત્મા ત્રિકાળ એ જ વસ્તુ છે.

'નિયમસાર' માં શુદ્ધ(ભાવ) અધિકાર ૩૮ ગાથામાં તો એ કહ્યું કે, ત્રિકાળી જે શુદ્ધ

છે એ જ આત્મા (છે). પર્યાયને ન્યાં (ગણી નથી). પર્યાય તો માને છે. પણ માને છે આને. આહાહા..! ત્રિકાળી દ્રવ્ય જે વસ્તુ છે એ જ શુદ્ધ આત્મા છે અને એ જ નિશ્ચય આત્મા છે, એમ ત્યાં કહ્યું છે. નિશ્ચય આત્મા તો એ જ છે. હવે એની તો ખબર પણ ન મળે. આહાહા..! જૈનમાં જન્મ્યા તોપણ પર્યાય ને રાગ ને દ્વેષ, એમાં કાંઈ ફળ્યું ને મળ્યું ને એમાં ને એમાં રોકાણા. એ તો પર્યાયબુદ્ધિ છે. આહાહા..! બૌદ્ધમતી છે.

**'(અન્ય કર્તા છે અને અન્ય ભોક્તા છે એવું માને છે)...'** શું કરે છે? એ પર્યાય અનેરી છે ને એ પર્યાયને માને છે. એક સમયની પર્યાય કરે એ સમયની ભોગવે નહિ, એમ એ માને છે. ખરેખર તો કર્તા-ભોક્તા એક સમયમાં સાથે છે. એક સમયમાં જે રાગ કરે છે એનું વેદન પણ ત્યાં જ છે. નિશ્ચયથી તો એમ છે. આહાહા..! પણ આ આત્માને ત્રિકાળ ન માનતા, એક પર્યાયને કર્તા માને અને બીજી પર્યાયને ભોક્તા માને. એ પર્યાય કર્તા એ જ પર્યાય ભોગવે, એમ નહિ. એટલે કર્તા ભિન્ન, ભોક્તા ભિન્ન. આહાહા..! આત્માએ એ પર્યાય કરી અને આત્માએ ભોગવી એમ ન માને. આહાહા..! ઝીણી વાતું ઘણી, ભાઈ! જૈનધર્મ હજી પહેલો સમજવો એ જ કઠણ (છે). વાત જ મળતી નથી. અત્યારે તો બધી વાત આ કરો, આ કરો, આ કરો. કરો, કરો ને કરો ને મરો. કર્તા થઈને મરી જાય. આહાહા..!

આ આત્મા પર્યાયમાં જે કરે છે તે આત્મા જુદો અને એ પર્યાયને બીજી પર્યાય ભોગવે છે એ આત્મા જુદો એમ ક્ષણિકવાદી માને છે. એમ નથી. આહાહા..! 'ઝવેરચંદભાઈ' કરીને છે એ ત્યાં વાંચે છે. હોંશિયાર માણસ, આસ્તિક ને મગજવાળો. એનો જ સગો ભાઈ તદ્દન નાસ્તિક. આ દેહ ગયા પછી શું થશે, એ વળી શું? એક માણસ આવ્યો હતો. લોકોએ કીધું, આ માણસ તદ્દન (નાસ્તિક). છે કરોડોપતિ. છ-સાત ભાઈ બધા કરોડપતિ. એમાં 'ઝવેરચંદભાઈ' છે એ ખાસ વાંચનારા, ચર્ચા કરનારા, રસ લેનારા (છે). પેલો તો એક ફેરી આવ્યો હતો, બેઠો હતો. મેં કીધું, કોણ છે? કંઈ મોઢામાં લાહ... સાસ દેખાય નહિ. સાંભળવામાં કાંઈ લાહ.. સાસ દેખાય નહિ. ઉત્સાહ કે ખ્યાલ કે ધ્યાન રાખવું (એ કાંઈ નહિ). એથી મેં કીધું, આ કોણ છે? પાછળથી કહ્યું, એ 'ઝવેરચંદ' નો ભાઈ છે, નાસ્તિક, તદ્દન નાસ્તિક છે. કાંઈ માનવું નહિ. નહિ પરલોક, નહિ આ લોક, કાંઈ છે જ નહિ. અત્યારે ખાવો, પીવો ને મજા કરો, બસ! આહાહા..! કરોડોપતિ છે. એનો નાનો ભાઈ આવો આસ્તિક. 'ઝવેરચંદ' પોતે વાંચનાર. પ્રશ્ન પૂછતા બહુ સારા. બહુ નરમ માણસ, નરમ માણસ. 'ઝવેરચંદ.. ઝવેરચંદ' છે. એ પહેલા આવ્યો હતો, 'રાજકોટ' પણ આવ્યો હતો. 'ઝવેરચંદ' 'રાજકોટ' આવ્યો હતો. અહીં આવ્યો હતો? ઇ ખબર નથી. 'રાજકોટ' આવ્યો હતો. બે સગા ભાઈ. એક પૂરો નાસ્તિક અને એક પૂરો આસ્તિક. આત્મા જાત જુદી એને શું? જુદેજુદા છે. આમ ભેગા છે. આમ અભિપ્રાય જુદા છે. આહાહા..!

અરે..! જેની સત્તામાં જણાય છે. આ છે.. આ છે.. એ જાણે છે કોણ? પ્રભુ! જેના હોવાપણામાં–સત્તામાં આ જણાય છે તેની જ મુખ્યતા છે. આ જ છે. એ તો એનામાં છે. એને લઈને આ નથી અને આને લઈને એ નથી. એ ચીજ આમાં જણાય છે એ જ્ઞાનસત્તામાં જણાય છે. જ્ઞાનનું હોવાપણું જે ચૈતન્યમૂર્તિ પ્રભુ, એના હોવાપણામાં આ છે એ જણાય છે. એટલે એ હોવાપણું અહીં નથી. એના હોવાપણા સંબંધીનું જ્ઞાન અને પોતાના હોવાનું જ્ઞાન, એ પોતાનું પોતામાં છે. આહાહા..! ક્યાં લોકો જાય?

આ પુસ્તક દેખાતું નથી. પુસ્તકની અસ્તિ જ્ઞાનના અસ્તિત્વમાં દેખાય છે. પુસ્તક તો જડ છે. આહાહા..! આ તો જડ છે. પોતાની જે ચેતનની હયાતી છે.. આહાહા..! 'શ્રીમદ્દે' કહ્યું ને? 'કરી કલ્પના દૃઢ કરે, ના ના નાસ્તિ વિચાર, એ જ સૂચવે એમ કે ખરો છે નિર્ધાર' 'હું છું નહિ' બસ! એ 'હું છું નહિ' એ શેમાં નિર્ણય કર્યો? હું છું એ જડમાં નિર્ણય થાય? હું નથી. એ જ છે એમ નક્કી થયું. હું અનાદિ નથી, એ જ અંદરથી કહે છે કે, અનાદિ છે. આહાહા..! અરે..રે..! લોકોને ક્યાં જાવું? આ વિના જાણે કોણ? આની હયાતી વિના આ ચીજ છે એ જાણે કોણ? જેની ચૈતન્યની હયાતીમાં જણાય એ વસ્તુ નથી અથવા એ ક્ષણિક છે... આહાહા..! તો પહેલાના જ્ઞાનવાળું જ્ઞાન વર્તમાન જ્ઞાનની સાથે જોડે છે કે મેં પહેલા આ જોયું હતું એ આજે આમ છે. પહેલાનું જ્ઞાન અને આ જ્ઞાનનું જોડાણ થયું એ તો ધ્રુવ થઈ ગયો. પર્યાય ક્ષણિક ન રહી. આહાહા..!

પહેલાના જ્ઞાનમાં જે જાણેલું તે જ જ્ઞાન સહિત જાણ્યું કે આ ગામમાં હું આવ્યો હતો. આ ગામમાં હું દસ વર્ષ પહેલા આવ્યો હતો. એ જ્ઞાનને વર્તમાન જ્ઞાન સાથે જોડાણ થયું તો જ્ઞાન તો અંદર નિત્ય રહ્યું. આહાહા..! પણ એવા વિચાર કોણ કરે? થાવાનું હશે તે થશે. શું થાવું હશે એ થાશે? ચોરાશીના અવતારમાં રખડી મરીશ, બાપા!

કાલે ન સાંભળ્યું? 'મુંબઈ' નું. શું નામ? 'નૌતમભાઈ'. એની દુકાન છે, લાખોપતિ માણસ છે. કોઈ જૈન માલ લેવા આવ્યો હશે. જૈન બેઠો હતો. ઉપરથી તાંબાના પતરા પડ્યા. મરી ગયો. આપણા મંદિરની જોડે છે. 'મુંબઈ' માં મંદિરની જોડે દુકાન છે. 'નૌતમભાઈ' નહિ? આહા! મોટા ભાઈ 'ચંદ્રકાંત'. મકાન છે. કાલે વાત સાંભળી હતી. કોઈ બિચારો જૈન માલ લેવા આવેલો. આમ બેઠો ત્યાં તાંબાના પતરા ગોઠવેલા એ પડ્યા માથે. મરી ગયો. એના છોકરાને કાંઈક પગ ભાંગી ગયો. 'નૌતમ' ના છોકરાને. ક્યારે શું થાય? એ જડની અવસ્થા છે. જડને અને ચૈતન્યને શું સંબંધ? આહાહા..! જડ તો ક્ષણિક છે એ પલટો મારી જાય. આત્મા નિત્ય છે એ ન્યાંથી નીકળીને બીજે જાય. આહાહા..!

ક્રિયાકાંડના આડંબરવાળાને આ બધું આકરું લાગે. આ કરવું ને આ કરવું ને આ કરવું. પણ તું ચીજ કોણ છો? એમાં પલટો શું મારે છે? પલટો મારે એ પર્યાય છે અને વસ્તુ જે કાયમ રહે છે તે ધ્રુવ નિત્ય છે. બે થઈને આત્મા છે. એકલી પર્યાયને અનાદિથી

માને છે. તારી નજર અંદરમાં જાતી નથી. જે નિત્ય વસ્તુ છે, ધ્રુવ છે, કાયમી છે એના ઉપર નજર જાતી નથી અને વર્તમાન અવસ્થા પલટતી, પલટતી, પલટતી જે ક્રિયા એ અવસ્થા ઉપર તારી નજર ફરે છે. આહાહા..! એ પલટતી કોના ઉપર પલટે છે? એ પલટતી કોના ઉપર છે? એ ધ્રુવની એને ખબર નથી.

અહીં એ કહે છે, કર્તા-ભોક્તાનો ભેદ માને છે. આ ભવમાં જે કરીએ એ બીજે ભવે ભોગવાય એમાં આત્મા એનો એ નહિ. પર્યાય ભોગવે. આત્મા કાયમ રહે નહિ, એમ માને છે. આહાહા..! **'એના મોહને (અજ્ઞાનને) આ ચૈતન્યચમત્કાર જ પોતે...'** એમ માનનારને ચૈતન્ય ચમત્કાર કે જાણનાર હું છું, મેં કાલે જાણ્યું હતું તે જ હું આજે પરને જાણું છું. તો કાલે મેં જાણ્યું હતું એ જ હું પરને જાણું છું. તો એ તો નિત્ય થઈ ગયું. કાલ અને આજ વસ્તુ નિત્ય થઈ ગઈ. આહાહા..! એના મોહને ચૈતન્યચમત્કાર જ નાશ કરશે.

**'પોતે નિત્યતારૂપ અમૃતના ઓઘ (–સમૂહો) વડે...'** કાલે મેં આ માણસને જોયો હતો એ હું આજે ફરીને જોઉં છું તો એનું એ જ્ઞાન જે કાલનું હતું એ આજ જ્ઞાન છે, તો એ જ્ઞાન તો કાયમ રહ્યું, ક્ષણિક ન રહ્યું. અમૃતનો સમૂહ ચૈતન્યચમત્કાર દ્વારા **'અભિસિંચન કરતો થકો, દૂર કરે છે.'** અજ્ઞાનને દૂર કરે છે. લ્યો! વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૦૨ શ્લોક–૨૦૬, ૨૦૭, ગાથા ૩૪૫ થી ૩૪૮ બુધવાર, જયેષ્ઠ વદ ૬, તા. ૦૪-૦૬-૧૯૮૦**

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૨૦૬ (શ્લોકનો) ભાવાર્થ. **'ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે.'** કાલે કહ્યું હતું, ખરેખર તો પર્યાયબુદ્ધિ છે એ બધા ક્ષણિકવાદી છે. (એક) સમયની પર્યાયને જ માને છે અને એના ઉપર જ એની અનાદિથી આખી રમતું છે. પર્યાય પાછળ અંદર દ્રવ્ય છે એની દૃષ્ટિ નથી તે બધા બૌદ્ધ ક્ષણિકવાદી છે. આહા!

અહીંયાં કહે છે કે, **'ક્ષણિકવાદી કર્તા-ભોક્તામાં ભેદ માને છે. અર્થાત્ પહેલી ક્ષણે જે આત્મા હતો તે બીજી ક્ષણે નથી...'** બૌદ્ધની માન્યતા છે ને? **'આચાર્યદેવ કહે છે કે– અમે તેને શું સમજાવીએ? આ ચૈતન્ય જ તેનું અજ્ઞાન દૂર કરશે...'** આહાહા..! કાયમી ચીજ છે તે એને લક્ષમાં આવશે તો તેને ભૂલ નીકળી જશે. **'કે જે (ચૈતન્ય) અનુભવગોચર**

**નિત્ય છે.'** કાલે જે જાણવામાં આવ્યું હતું તે જ્ઞાનમાં આજે જાણવામાં આવ્યું તો એ તો નિત્ય જ્ઞાન છે.

**'પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે 'હું પહેલાં હતો તે જ છું.'** આહાહા..! આમ બૌદ્ધ અને ક્ષણિકવાદ કહ્યા છે પણ ખરેખર તો અનાદિથી પર્યાયબુદ્ધિવાળા ક્ષણિક બૌદ્ધમતી જ છે. પર્યાય ઉપર જ નજર (છે) અને પર્યાયથી આગળ ચાલતા રાગ, દયા, દાન ને વિકલ્પ ઉપર નજર છે તો એ ક્ષણિકને જ માનવાવાળા છે. નિત્ય ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય છે તે એની દૃષ્ટિમાં આવતું નથી. આહાહા..! એટલે જૈન સંપ્રદાયમાં પણ પર્યાયને જ માનનારા છે, ભાષા ભલે એમ કહે કે દ્રવ્ય છે, એ તો ધારણામાં (છે). અંતરમાં યથાર્થ દ્રવ્યનું ભાન અને પ્રતીતિ થઈ નથી તો એ ક્ષણિકને જ માને છે. આહાહા..! જરી ઝીણી વાત છે.

દ્રવ્ય જે વસ્તુ છે, જ્ઞાયક સ્વભાવ નિત્ય છે તેનું જ્યાં જ્ઞાન ન થયું, ભાન ન થયું તો એ ક્ષણિકને–ક્ષણિક પર્યાયને જ માને છે. ધારણામાં એમ લઈ લે કે પર્યાય ક્ષણિક છે, દ્રવ્ય નિત્ય છે પણ અંદર ભરોસામાં આવતું નથી. નિત્યનો વિશ્વાસ અનુભવ વગર આવતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– ગૃહીત મિથ્યાત્વ છૂટી ગયું ને?

ઉત્તર :– ગૃહીત મિથ્યાત્વ છે, એ જ મિથ્યાત્વ છે. ક્ષણિક પર્યાયને જ માને અને અંતર ભગવાન ધ્રુવને ન જાણે (તો એ મિથ્યાદૃષ્ટિ છે). નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો એ પણ પર્યાયને જ માનતો હતો. શાસ્ત્ર ભણતો હતો એમાં એને આવ્યું હતું. શાસ્ત્ર ભણવાથી અગિયાર અંગમાં આવ્યું હતું કે આત્મા નિત્ય છે અને અનિત્ય બન્ને છે. એવી ધારણા કરી હતી પણ અનુભવ નહોતો કર્યો. ખ્યાલમાં નહોતું આવ્યું કે આ નિત્ય છે. જ્ઞાનમાં આ નિત્ય છે એમ ખ્યાલમાં આવ્યા વિના નિત્યની પ્રતીતિ કેમ થાય? આહાહા..!

જે ચીજનો વિશ્વાસ, પ્રતીતિ કરવી છે એ ચીજ જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસે નહિ તો એવી પ્રતીતિ કેમ કરે? તો કોની પ્રતીતિ કરવી? એ તો ઓઘે ઓઘે ભાષા કરે છે, એ કંઈ વાસ્તવિક નથી. આહાહા..! એટલે ક્ષણિકવાદી બૌદ્ધની પેઠે દૃષ્ટિ જ્યાં પર્યાય ઉપર છે અને દ્રવ્યની દૃષ્ટિ કરતા નથી તો એ પર્યાયબુદ્ધિવાળા ક્ષણિકવાદીમાં જ આવે છે. બધા બૌદ્ધમતી છે. આહાહા..!

મુમુક્ષુ :– બૌદ્ધમતીને ભગવાનના વચન ઉપર શ્રદ્ધા નથી, અમને તો શ્રદ્ધા છે.

ઉત્તર :– શ્રદ્ધા છે એ તો ધારણામાં શ્રદ્ધા છે. ધારણામાં છે કે આ ધ્રુવ છે અને આ ક્ષણિક છે. આ નિત્ય છે એમ દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવ્યું નહિ એ વિના આ નિત્ય છે એમ કેમ માન્યું? કાયમ રહે છે એમ માન્યું, પણ આ ચીજ કાયમ રહે છે એના અનુભવ વિના જ્ઞાન અને આનંદધારા દૃષ્ટિમાં આવ્યા વિના, વેદનમાં આવ્યા વિના અંદર એ ચીજની પ્રતીતિ ક્યાં આવી? અગિયાર અંગ પણ ભણ્યો, નવ પૂર્વ પણ ભણ્યો

તો નવ પૂર્વમાં એ વાત નથી આવી? છતાં ત્યાં રહી શકે નહિ. એ અસ્થિરતામાં રહ્યો, બસ! નિત્યમાં આવ્યો નહિ. અંગ-પૂર્વમાં આત્મા નિત્ય છે, ધ્રુવ છે, નિત્યાનિત્ય છે એ બધું તો આવ્યું હતું, કહેતો પણ હતો. આહાહા..! નિશ્ચયથી અંતરમાં આત્મા નિત્ય છે, કાયમ છે એમ અંતર જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવ્યું નહિ તો જાણવામાં આવ્યું નથી. આહાહા..! પુરુષાર્થ કરાવે છે, એકલી ધારણા કરે તો એ તો અગિયાર અંગમાં આવી ગયું છે. અગિયાર અંગમાં નહોતું આવ્યું? નિત્યાનિત્યને ધાર્યું નથી? આહાહા..! પણ નિત્યનો અનુભવ કરવો જોઈએ એ ન કર્યો. આહાહા..!

એ કહે છે કે, **'પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે હું પહેલાં હતો તે જ છું. આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન...'** સ્મરણપૂર્વક, ભાનપૂર્વક. પ્રત્યભિજ્ઞાન-પ્રત્યભિ એટલે આ જે કાલે હતો તે આજ છે. જે હું કાલે જાણનાર હતો તે જ હું છું. એવું પ્રત્યભિજ્ઞાન ત્રિકાળી. **'પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે. અહીં બૌદ્ધમતી કહે છે કે-'જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું.'** જે પ્રથમ ક્ષણમાં હતો તે જ હું બીજી ક્ષણમાં છું. **'એવું માનવું તે તો અનાદિ અવિદ્યા...'** છે. બૌદ્ધમતી એમ કહે છે. પહેલી ક્ષણે હું હતો તે જ હું બીજી ક્ષણે રહું છું એ તો અવિદ્યા, અજ્ઞાન છે એમ બૌદ્ધ કહે છે. આહાહા..!

હતો તો રાજકુમાર, ત્યાગી થયા હતા, જંગલમાં રહેતા હતા પણ એને પછી આ સ્થિતિ ઊભી થઈ ગયેલી. અંતર નિત્યાનંદ પ્રભુ છે એની ખબર નહિ. આહાહા..! વસ્તુ તો એ છે. કારણ કે જાણવાનું કાર્ય જાણવાની પર્યાયથી નથી કરવાનું. જાણવાનું કાર્ય દ્રવ્યથી કરવાનું છે, દ્રવ્યનું કાર્ય કરવાનું છે. સમજાય છે કાંઈ? જાણવાનું કાર્ય તો દ્રવ્યનું કરવાનું છે. જાણવાનું કાર્ય જાણવાના કાર્યરૂપ નથી કરવાનું. (પર્યાયમાં પર્યાયને જાણવાનું કાર્ય કરવાનું નથી) એ જાણવાનું કાર્ય તો દ્રવ્યનું કરવાનું છે કે, આ દ્રવ્ય છે, આ વસ્તુ છે. એવો પ્રયત્ન તો કદી કર્યો નહિ, એમ કહે છે. આહાહા..!

**'પહેલી ક્ષણે જે આત્મા હતો તે જ બીજી ક્ષણે કહે છે કે 'હું પહેલાં હતો તે જ છું'; આવું સ્મરણપૂર્વક પ્રત્યભિજ્ઞાન આત્માની નિત્યતા બતાવે છે. અહીં બૌદ્ધમતી કહે છે કે-'જે પહેલી ક્ષણે હતો તે જ હું બીજી ક્ષણે છું' એવું માનવું તે તો અનાદિ અવિદ્યા...'** છે. અનાદિકાલીન અવિદ્યાથી ભ્રમ થયો છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ એમ કહો કે, બૌદ્ધને ભ્રમ છે, બૌદ્ધ આપને ભ્રમ કહે.

ઉત્તર :- એ તો બેઈ અરસપરસ કહે છે. આહાહા..!

મૂળ ચીજ તો કાયમ રહેવાવાળી ચીજ એ ચીજ છે. પર્યાય તો એક સમયની પલટતી અવસ્થા છે. પર્યાય ન માને તો તદ્દન સાંખ્યમતી થઈ જાય અને દ્રવ્યને ન માને તો બૌદ્ધમતી થઈ જાય છે. આહાહા..! દ્રવ્ય અને પર્યાય બન્નેનો પર્યાયથી અનુભવ કરીને, પર્યાયમાં

દ્રવ્યનો અનુભવ કરીને બન્નેને માન્યા ત્યારે યથાર્થ કહેવામાં આવે છે. આહાહા..! કેટલો પુરુષાર્થ માગે છે. અનંત પુરુષાર્થ! પર્યાયને બદલવી, અનંતકાળથી પર તરફનું લક્ષ છે, અનાદિકાળની પર્યાયનો ઝુકાવ, વલણ પર ઉપર છે, એને એક ક્ષણમાં અંતરમાં લાવવી એમાં અનંત પુરુષાર્થ છે. ત્યારે એને નિત્ય અને અનિત્ય બન્નેનું ભાન થયું. આહાહા..!

મુમુક્ષુ :– ટૂંકામાં આત્માનો અનુભવ કરે ત્યારે...

ઉત્તર :– ત્યારે એણે નિત્ય અને અનિત્યને માન્યું કહેવાય. આહાહા..! આમ તો નિત્યની ધારણા ભલે કરે પણ પછી ધારણામાં પણ આ લાવવું જોઈએ. તેનો અનુભવ કરે ત્યારે નિત્યને યથાર્થ માનવું જોઈએ. પહેલેથી ધારણામાં એમ લાવવું જોઈએ. આહાહા..!

મુમુક્ષુ :– નિર્ણયનું ફળ ન આવે ત્યાં સુધી નિર્ણય બરાબર છે કે નહિ?

ઉત્તર :– ના. અનુભવ વિના યથાર્થ નિર્ણય થતો નથી. વાત એમ છે. સૂક્ષ્મ વાત છે.

ભગવાન પૂર્ણ આનંદ દ્રવ્ય એ પર્યાયમાં, એક સમયની અવસ્થામાં આવતું નથી અને એક સમયની અવસ્થા સિવાય એને બીજું દેખાતું નથી... આહાહા..! તો એ જ પર્યાયબુદ્ધિ, ક્ષણિકબુદ્ધિ, બૌદ્ધબુદ્ધિ થયો. આહાહા..! ક્યાંક લખ્યું છે, હોં! આવશે.

બૌદ્ધમતી કહે છે કે, **'ભ્રમ છે; એ ભ્રમ મટે ત્યારે તત્ત્વ સિદ્ધ થાય,...'** આ પહેલી ક્ષણે આત્મા છે તે બીજી ક્ષણે આત્મા રહે છે એવો ભ્રમ છે, એ ભ્રમ નાશ થાય ત્યારે તત્ત્વનું જ્ઞાન થાય છે, એમ કહે છે. આહાહા..! **'સમસ્ત ક્લેશ મટે. તેનો ઉત્તર આપવામાં આવે છે કે–'** હવે એનો ઉત્તર આપે છે.

**'હે બૌદ્ધ! તું આ જે દલીલ કરે છે...'** તર્ક–દલીલ કરે છે, આ આત્મા છે, આ છે, તે છે એમ તું તર્ક–દલીલ કરે છે તો **'આખી દલીલ એક જ આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે...'** આખી દલીલ સંપૂર્ણ મારી વાત સાંભળવાવાળો સાંભળે છે એમ માનીને તું સંભળાવે છે? તારો તર્ક તો એક ક્ષણ પૂરતો છે. એ તો એક ક્ષણમાં રહેવાવાળો રહ્યો, બીજી ક્ષણે તો રહ્યો નહિ. તો તું કોને સમજાવે છે? સમજાવવાવાળો ઇ નો ઇ ન રહ્યો તો તારો સંભળાવવાનો અર્થ શું? આહાહા..! **'એક જ આત્મા છે કે અનેક આત્માઓ છે?'** તર્ક કરવાવાળો એક જ આત્મા છે કે અનેક આત્મા છે?

**'તારી આખી દલીલ એક જ આત્મા સાંભળે છે...'** આચાર્ય જવાબ આપે છે કે જો એક જ આત્મા છે, અનેક આત્મા નથી. અનેક છે, એક જ છે. પર્યાય અપેક્ષાએ એક છે, દ્રવ્ય અપેક્ષાએ ત્રિકાળ છે. **'વળી તારી આખી દલીલ એક આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે...'** તારી વાર્તા એક (આત્મા) તો સાંભળતો નથી. પૂરું સાંભળ્યા વિના એને યથાર્થ બોધ થતો નથી. આહાહા..! તું બીજાને સમજાવે છે એ વાતમાં જ એ આવ્યું કે, એ નિત્ય છે. નિત્ય છે તો મારી વાત સાંભળે છે. આહાહા..! **'આખી દલીલ એક આત્મા સાંભળે**

**છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે?'** તું બીજાને સંભળાવવા એક જ આત્મા માટે સંભળાવે છે કે અનેક આત્મા માટે સંભળાવે છે? સંભળાવે છે તો એક જ આત્મા એક ક્ષણમાં તો બીજો થઈ જાય છે તો સાંભળવાની વાત તો આત્મામાં આવી નહિ. આખી સાંભળવાની વાત આત્મા બદલાય જાય છે એમાં તો આવી નહિ. આહાહા..!

**'આખી દલીલ એક આત્મા સાંભળે છે એમ માનીને તું દલીલ કરે છે કે આખી દલીલ પૂરી થતાં સુધીમાં અનેક આત્માઓ પલટાઈ જાય છે એમ માનીને દલીલ કરે છે? જો અનેક આત્માઓ પલટાઈ જતા હોય તો તારી આખી દલીલ તો કોઈ આત્મા સાંભળતો નથી;...'** આત્મા બદલાઈ જાય છે તો તારી આખી વાત તો કોઈ સાંભળતું નથી. આહાહા..! **'તો પછી દલીલ કરવાનું પ્રયોજન શું?'** નીચે (ફૂટનોટમાં) છે. **'જો એમ કહેવામાં આવે કે આત્મા તો નાશ પામે છે પણ તે સંસ્કાર મૂકતો જાય છે.'** એ લોકો એમ કહે છે. પહેલો આત્મા નાશ પામે છે પણ બીજા આત્મામાં એ સંસ્કાર છોડી જાય છે. સંસ્કાર છોડી જાય છે તો બીજાને સંસ્કાર શું? સંસ્કાર પણ નાશવાન છે. આત્મા નાશ થવાથી સંસ્કાર પણ ભેગા ક્ષણિક નાશવાન થાય. સંસ્કાર પણ ક્ષણિક છે. ક્ષણિક બીજામાં આવ્યા ક્યાંથી? આહાહા..!

**'આત્મા નાશ પામે તો આધાર વિના સંસ્કાર કેમ રહી શકે?'** આત્મા નાશ પામે તો સંસ્કારનો આધાર કોણ? કોના આધારે તેં સંસ્કાર રાખ્યા અને બીજાને સંસ્કાર આપ્યા? એનો કોઈ આધાર છે કે નહિ? આહાહા..! **'વળી કદાપિ એક આત્મા સંસ્કાર મૂકતો જાય, તોપણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.'** તું નાશવાન માને છે. એક આત્મા બીજાને સંસ્કાર આપે. નિત્યને તો તું માનતો નથી તો આ તો નિત્ય થઈ ગયું. સંસ્કાર પહેલા હતા એ જ સંસ્કાર બીજામાં ગયા તો નિત્ય થઈ ગયું. આહાહા..! **'કદાપિ એક આત્મા સંસ્કાર મૂકતો જાય, તોપણ તે આત્માના સંસ્કાર બીજા આત્મામાં પેસી જાય એવો નિયમ ન્યાયસંગત નથી.'** તારા હિસાબે. એ સંસ્કાર છોડી ગયો એ જ નિત્ય છે. પહેલા હતો એ સંસ્કાર છોડી ગયો એ નિત્ય છે. આહાહા..!

**'આમ અનેક રીતે વિચારી જોતાં તને જણાશે કે આત્માને ક્ષણિક માનીને પ્રત્યભિજ્ઞાનને ભ્રમ...'** પ્રત્યભિજ્ઞાન એટલે આ છે તે કાલે હતો, કાલે હતો તે જ આ છે, એવા **'પ્રત્યભિજ્ઞાનને ભ્રમ કહી દેવો તે યથાર્થ નથી.'** આહા..! કાલે જે ગામ જોયું હતું તે આ ગામ છે. ક્ષણિક હોય તો એ સંધિ કોણે કરી? ક્ષણિક હોય તો આ સંધિ કરી કોણે? કે કાલે મેં જોયું હતું તે આ છે.

**'માટે એમ સમજવું કે–આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે,...'** સાંખ્યમતી એકાંત નિત્ય માને છે. એ પહેલા આવી ગયું. બૌદ્ધ એકાંત (ક્ષણિક માને છે). સાંખ્ય એકાંત કેમ માને છે? વિકાર જોવે છે ને? તો વિકાર તો કર્મથી થાય

છે. વસ્તુ તો નિત્ય ત્રિકાળી છે, એમ માને છે. વસ્તુ છે એ ત્રિકાળ છે અને જે કર્મનો વિકાર દેખાય છે તે કર્મથી થાય છે, આત્મામાં નથી. એમ સાંખ્યમતી માને છે. એણે નિત્ય માન્યું અને અનિત્ય ન માન્યું. આણે (બૌદ્ધમતીએ) અનિત્ય માન્યું અને નિત્ય ન માન્યું. સંસ્કાર છોડી જાય છે એમાં પણ તેં અનિત્ય જ માન્યું. આત્મા નાશ પામી ગયો તો સંસ્કાર કોણે આપ્યા? કોણે આપ્યા? એ તો મરી ગયો. આહાહા..! એવા બધા વિચારમાં ક્યાં પડવું? તર્કથી, ન્યાયથી વસ્તુ સિદ્ધ થયા વિના માનવું એ તો ઓઘ માનવું છે. એ માન્યતા તો ફરી જાશે. બીજો કોઈ અભિપ્રાય કહેશે તો તારો અભિપ્રાય ફરી જશે. એને ન્યાય ને નીતિથી વાત અંદર બેઠી હોય તો બીજો અભિપ્રાય આપે તો ન બેસે. મારે તો આ સત્ય છે, બીજી વાત સત્ય નથી. આહાહા..!

**'માટે એમ સમજવું કે–આત્માને એકાંત નિત્ય કે એકાંતે અનિત્ય માનવો તે બન્ને ભ્રમ છે, વસ્તુસ્વરૂપ નથી; અને (જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ...'** આહાહા..! કહીએ છીએ અને એમ છે. અમે જૈન જે કહીએ છીએ કે નિત્યાનિત્ય છે, એવી વસ્તુ નિત્યાનિત્ય છે. બદલે છે અને ટકે છે. ટકે છે એ નિત્ય છે અને બદલાય છે તે અનિત્ય છે. બન્ને તેનું સ્વરૂપ છે. આહાહા..! બદલતી ન હોય તો નિર્ણય શેમાં કરવો? અને ટકતી ન હોય તો તેની પર્યાયનો આધાર કોણ? પર્યાય તો એક સમયની છે તેનો આધાર કોણ? આહાહા...! પહેલા સાંખ્યવાદની વાત કરી. અમારા જૈન લોકો પણ કર્મથી વિકાર માને એ સાંખ્ય મતવાળા છે. એ નિત્ય આત્માને માનીને વિકાર કર્મથી માને છે. એ સાંખ્ય મતવાળા છે. આહાહા..!

અહીંયાં કહે કે, એક સમયની પર્યાયને માને અને પ્રત્યભિજ્ઞાન (અર્થાત્) આ આત્મા છે તે તે જ છે, ગયા કાળમાં હું હતો તે જ હું છું, એમ માન્યા વિના નિત્યની શ્રદ્ધા થતી નથી. આહાહા..! વાણિયાને વેપાર આડે આવો નિર્ણય કરવાનો વખત મળે? એને જ મળે. વાણિયાને જૈન ધર્મ હાથ આવ્યો. એટલા તો એ ભાગ્યશાળી છે. જૈનપણું મળ્યું પણ શું ચીજ છે એ નિર્ણય ન કરે તો થઈ રહ્યું, થોથાં. ચાર ગતિનું પરિભ્રમણ માથે રહેશે. આહા..! ઢોર, પશુ ને પક્ષી, પંખી.. આહાહા..! કીડી, કાગડા ને કૂતરાના અવતાર. નિત્ય આત્માનો અનુભવ નહિ કરે ત્યાં સુધી અનિત્યને માનનારો ભલે અંદર ધારણામાં માને.. આહાહા..! પણ અંદર નિત્યના અનુભવ વિના એનું પરિભ્રમણ નહિ મટે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એ સાધારણ વાત નથી કરી.

ક્ષણિક નથી પણ નિત્ય છે એ નિર્ણય તેં કર્યો? શેમાં નિર્ણય કર્યો? પર્યાયમાં. કોના લક્ષે? પર્યાયમાં જો ત્રિકાળી લક્ષમાં આવ્યો નહિ તો નિર્ણય કઈ રીતે કર્યો? આહાહા..! વર્તમાન બદલતી પર્યાયમાં કાયમ રહેનાર લક્ષમાં ન આવ્યો તો એણે નિત્ય ક્યાં માન્યો? આહાહા..! તેથી આવી ગયું હતું ને? વસ્તુ નિત્ય છે પણ એ નિત્યની પ્રતીતિ નથી એ

બાહ્ય વસ્તુને સ્થિર કરવા માગે છે. એ અનિત્ય છે તેને કાયમ રાખવા માગે છે. હું કાયમ રહેનાર છું. આહાહા..! હું કાયમ રહેનાર છું એવી દૃષ્ટિ નથી તો પછી વસ્તુને કાયમ રાખવાનો ભાવ છે. શરીરને, વાણીને, મનને અને બાહ્ય ચીજોને. આહાહા..! આટલો બધો વિચાર કરવાનો વખત ક્યારે મળે? વીતરાગનો માર્ગ એવો છે. એ બીજે ક્યાંય છે નહિ, કોઈ પંથમાં નથી. આણે બધા દાખલા આપ્યા છે. કબીરના ને એના બધાના આપ્યા છે. હતું કે દિ' 'કબીર' માં? એવા બીજા ઘણા નામ આપ્યા છે.

મુમુક્ષુ :- આત્માને અસંખ્યપ્રદેશી માને છે કોણ?

ઉત્તર :- કોણ છે? અસંખ્યપ્રદેશી વીતરાગ સિવાય ક્યાંય છે જ નહિ. તે પણ સર્વજ્ઞ વીતરાગ દિગંબર સિવાય અસંખ્યપ્રદેશી અખંડ બીજે છે નહિ. શ્વેતાંબરે અસંખ્યપ્રદેશી કહ્યું છે પણ એમાં ભૂલ છે. અસંખ્યપ્રદેશી સિદ્ધ નથી થતું. પણ એ નક્કી કોને કરવું છે? અસંખ્યપ્રદેશી કહ્યું છે પણ ૩૪૩ રાજુ છે એમાં એની ભૂલ છે. એમણે કબુલ કર્યું છે. ૩૪૩ રાજુનું પ્રમાણ આપણી દૃષ્ટિથી ઓછું થાય છે. એનું પ્રમાણ છે તેનાથી ઓછું થાય છે. ઓછું થાય છે તો ઓછા પ્રદેશ થઈ ગયા. તો આત્મામાં એટલા પ્રદેશ ઓછા થઈ ગયા. બધા આત્માના પ્રદેશ ઓછા થઈ ગયા. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

માર્ગ ઝીણો છે, બાપુ! અનાદિકાળથી પરનો અભ્યાસ (છે). એક સેકંડ પણ સ્વ તરફનો અભ્યાસ નથી. આનું આ કર્યું ને આ મૂક્યું ને આ લીધું ને આ દીધું, આ ખાધું, આ દીકરા મારા, આ દીકરા પરણાવ્યા. હવે આપણે નવરા રહેશું. છોકરા કામ કરશે એટલે આપણને નિવૃત્તિ મળશે. તને નિવૃત્તિ મળશે શેની? કોની નિવૃત્તિ? અંદરમાં વિકારથી નિવૃત્તિ મળ્યા વિના નિવૃત્તિ ક્યાંથી આવી? આહાહા..! એની તો ખબર નથી. છોકરા તૈયાર થઈ ગયા છે, આપણને નિવૃત્તિ મળી હવે ખાઈ-પીને લહેર કરશું. આહાહા..! પણ નિવૃત્તિ મેળવીને અંતરમાં નિવૃતિ કરવાની છે કે બહારથી? બહારથી નિવૃત્તિ તો ત્રણે કાળે છે. બાહ્ય ચીજનો તારામાં અભાવ છે, નિવૃત્તિ છે જ. આહાહા..! બાહ્ય ચીજ તો અંતરમાં નથી તો તેનાથી તું નિવૃત્ત જ છો. તું શેનાથી નિવૃત્ત થયો? નિવૃત્ત છે તેનાથી નિવૃત્ત થયો? પરનો અભાવ છે. આત્મામાં પરનો અભાવ છે. આત્મામાં કર્મ, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, અનંત પદાર્થનો અભાવ છે. તો અભાવ છે તેમાંથી અભાવ કરવો છે તારે? અભાવ છે તેનો અભાવ કરવો છે? આહાહા..! મેં છોડ્યું, આ છોડું. એ તો છૂટા જ પડ્યા છે. પરવસ્તુ તો તારામાં છે જ નહિ અને એ ચીજમાં તું નથી. તો એનાથી છૂટવું અને છોડવું એ ક્યાંથી આવ્યું? આહાહા..! સમજાય છે કાંઈ? આકરી વાતું છે, ભાઈ! સંપ્રદાયે બહારથી મનાવી દીધું છે. ધર્મ થઈ ગયો. સામાયિક કરી, પોષા કર્યા ને પડિકમણા કર્યા. શુભભાવના પણ ક્યાં ઠેકાણા છે?

અહીં **'(જૈનો) કથંચિત્ નિત્યાનિત્યાત્મક વસ્તુસ્વરૂપ કહીએ છીએ તે જ સત્યાર્થ છે.'** આહાહા..! બદલતી પર્યાય પણ છે અને પર્યાયમાં નિર્ણય કરવાલાયક દ્રવ્ય પણ છે. પર્યાયમાં

પર્યાયનો નિર્ણય નથી કરવાનો, પર્યાય તો છે જ. પર્યાય તો છે જ, એનો શું નિર્ણય કરવો? પર્યાય દ્વારા દ્રવ્યનો નિર્ણય કરવો. પર્યાય કહે કે, હું આ છું. હું નિત્યાનંદ પ્રભુ છું, હું ધ્રુવ છું, એવો નિર્ણય પર્યાયમાં કરવો. એ ૩૨૦ ગાથામાં કહ્યું છે. ૩૨૦ ગાથામાં. પર્યાય એમ માને છે કે, હું તો ત્રિકાળ ધ્રુવ છું. આહાહા..! હું તો આ છું. ત્રિકાળ નિરાવરણ અખંડ એક અવિનશ્વર આહાહા..! શુદ્ધ પારિણામિકભાવ પરમભાવલક્ષણ તે નિજ પરમાત્મદ્રવ્ય હું છું. તે નિજ પરમાત્મદ્રવ્ય હું એમ પર્યાય માને છે.

મુમુક્ષુ :– દ્રવ્ય અને પર્યાય બન્ને સિદ્ધ થઈ ગયા.

ઉત્તર :– બેય થઈ ગયા. પર્યાય એમ માને છે કે હું આ છું. પર્યાય પણ રહી અને વસ્તુ પણ રહી. પેલો માને છે કે હું પર્યાય છું. તો પર્યાય ઉપર દૃષ્ટિ રહી. પર્યાય હું, ચાલતી અવસ્થા છે તે હું, તો વર્તમાન દૃષ્ટિ ત્યાં રહી. આની દૃષ્ટિ નહિ કરીને ત્યાં કરે છે. આહાહા..! અરે..રે..! કોણ નક્કી કરે? લોકોને બાહ્ય ક્રિયાકાંડવાળાને આ એવું લાગે કે, આવી વાતું? ભાઈ! એ વાતમાં માલ છે. વાસ્તવિક તત્ત્વ જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ અનંત ગુણનું ધામ, અનંત ગુણનું ગોદામ આત્મા છે, અનંત શક્તિનો સાગર છે, અનંત સ્વભાવનું સ્વરૂપ, દરિયો છે. આહાહા..! એ ચીજને પર્યાય જ્યારે સન્મુખ થઈને નિર્ણય કરે અને આત્માના આનંદનું વેદન આવે ત્યારે તેણે નિત્ય અને અનિત્ય બન્ને માન્યા. આહાહા..!

## શ્લોક–૨૦૭

(अनुष्टुभ्)

वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमन्नाशकल्पनात्।
अन्यः करोति भुंक्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा।।२०७।।

**ફરી, ક્ષણિકવાદને યુક્તિ વડે નિષેધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :–**

**શ્લોકાર્થ :– [ वृत्ति-अंश-भेदतः ] વૃત્ત્યંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે [ अत्यन्तं वृत्तिमत्-नाश-कल्पनात् ] 'વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે' એવી કલ્પના દ્વારા [ अन्यः करोति ] 'અન્ય કરે છે અને [ अन्यः भुंक्ते ] અન્ય ભોગવે છે' [ इति एकान्तः मा चकास्तु ] એવો એકાંત ન પ્રકાશો.**

**ભાવાર્થ :– દ્રવ્યની અવસ્થાઓ ક્ષણે ક્ષણે નાશ પામતી હોવાથી બૌદ્ધમતી એમ માને છે કે 'દ્રવ્ય જ સર્વથા નાશ પામે છે'. આવી એકાંત માન્યતા મિથ્યા છે. જો અવસ્થાવાન**

**પદાર્થનો નાશ થાય તો અવસ્થા કોના આશ્રયે થાય? એ રીતે બન્નેના નાશનો પ્રસંગ આવવાથી શૂન્યનો પ્રસંગ આવે છે. ૨૦૭.**

## શ્લોક-૨૦૭ ઉપર પ્રવચન

'**ફરી, ક્ષણિકવાદને યુક્તિ વડે નિષધતું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :–**' બે લીટી છે ને?

**वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमन्नाशकल्पनात् ।**
**अन्यः करोति भुंक्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा।।२०७।।**

'**વૃત્યાંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે...**' આત્મામાં અવસ્થા પલટે છે તે કારણે '**વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે**' પર્યાયને જ માનવાથી આત્મા તો નાશ પામે છે. આહાહા..! નાશ પામે છે એનો અર્થ, એની દૃષ્ટિમાં નાશ પામે છે. વસ્તુ નાશ નથી પામતી. આહાહા..! '**પર્યાયોના ભેદને લીધે વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે' એવી કલ્પના દ્વારા 'અન્ય કરે છે અને અન્ય ભોગવે છે' એવા એકાંત ન પ્રકાશો.**' જે સમયે વિકારનો કર્તા છે તેને અન્ય આત્મા ભોગવે છે એમ ન કરો. અન્ય પર્યાય ભોગવે છે એ ઠીક છે. જે પર્યાય કરે, એ પણ ખરેખર તો એ જ સમયે ભોગવે છે, પણ એ પર્યાયની વિરુદ્ધ હોય અને એનો સંયોગ પ્રતિકૂળ હોય તે વખતે બીજી પર્યાય ભોગવે. જે પર્યાય કરી એ પર્યાય ભોગવે નહિ, પણ આત્માની અપેક્ષાએ તો જે આત્માએ કર્યું તે જ આત્મા ભોગવનાર છે. આહાહા..! આ બધા ન્યાયના વિષય છે. પણ લક્ષમાં લે ત્યારે ને. એમ ને એમ જિંદગી કાઢી નાખે છે. આહાહા..! એ કીધું ને? જુઓ!

'**વૃત્યાંશોના અર્થાત્ પર્યાયોના ભેદને લીધે વૃત્તિમાન અર્થાત્ દ્રવ્ય અત્યંત (સર્વથા) નાશ પામે છે એવી કલ્પના દ્વારા અન્ય કરે છે અને અન્ય ભોગવે છે...**' એમ કે એક સમયની પર્યાય કરે છે તો બીજે સમયે બીજો આત્મા તેને ભોગવે છે. એ વાત તો તારી ખોટી છે. આહાહા..! પર્યાય બીજી છે એ બીજી વાત છે, પણ આત્મા તો જે આત્માએ પર્યાયમાં વિકાર કર્યો એ જ આત્મા વિકારને ભોગવે છે. પણ આ તો (કહે છે), આત્મા બદલાઈ ગયો. જે સમયે આત્માએ વિકાર કર્યો તે જ સમયે આત્મા ત્યાં રહ્યો. પછી ભોગવવાના કાળે તે આત્મા રહ્યો નહિ. એ તો પર્યાય રહી નહિ, આત્મા તો તેનો તે જ છે. આહાહા..! પર્યાય નામ બદલતી અવસ્થા ન રહી, પણ વસ્તુ તો એની એ છે. આહાહા..! પણ એવો વખત મળવો, નિવૃત્તિનો વખત ક્યાં? આહાહા..! બૌદ્ધ આમ કહે છે ને આપણે શું માનીએ છીએ? એનો આંતરો જોઈએ ને આંતરો. એ ગાથાથી કહે છે. બોલો, ગાથા બોલો.

# ગાથા–૩૪૫ થી ૩૪૮

केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा कुव्वदि सो वा अण्णो व णेयंतो।।३४५।।
केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा वेददि सो वा अण्णो व णेयंतो।।३४६।।
जो चेव कुणदि सो चिय ण वेदए जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।।३४७।।
अण्णो करेदि अण्णो परिभुंजदि जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।।३३५।।

कैश्चित्तु पर्यायैर्विनश्यति नैव कैश्चित्तु जीवः।
यस्मात्तस्मात्करोति स वा अन्यो वा नैकान्तः।।३४५।।
कैश्चित्तु पर्यायैर्विनश्यति नैव कैश्चित्तु जीवः।
यस्मात्तस्माद्वेदयते स वा अन्यो वा नैकान्तः।।३४६।।
यश्चैव करोति स चैव न वेदयते यस्य एष सिद्धान्तः।
स जीवो ज्ञातव्यो मिथ्यादष्टिरनार्हतः।।३४७।।
अन्यः करोत्यन्यः परिभुंक्ते यस्य एष सिद्धान्तः।
स जीवो ज्ञातव्यो मिथ्यादष्टिरनार्हतः।।३४८।।

यतो हि प्रतिसमयं सम्भवदगुरुलघुगुणपरिणामद्वारेण क्षणिकत्वादचलितचैतन्यान्वयगुणद्वारेण नित्यत्वाच्च जीवः कैश्चित्पर्यायैर्विनश्यति, कैश्चित्तु न विनश्यतीति द्विस्वभावो जीवस्वभावः। ततो य एव करोति स एवान्यो वा वेदयते, य एव वेदयते, स एवान्यो वा करोतीति नास्त्येकान्तः। एवमनेकान्तेऽपि यस्तत्क्षणवर्तमानस्यैव परमार्थसत्त्वेन वस्तुत्वमिति वस्त्वंशेऽपि वस्तुत्वमध्यास्य शुद्धनयलोभादृजुसूत्रैकान्ते स्थित्वा य एव करोति स एव न वेदयते, अन्यः करोति अन्यो वेदयते इति पश्यति स मिथ्यादृष्टिरेव द्रष्टव्यः, क्षणिकत्वेऽपि वृत्त्यंशानां वृत्तिमतश्चैतन्यचमत्कारस्य टङ्कोत्कीर्णस्यैवान्तःप्रतिभासमानत्वात्।

હવે ગાથાઓમાં અનેકાંતને પ્રગટ કરીને ક્ષણિકવાદને સ્પષ્ટ રીતે નિષેધે છે :-

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
તેથી કરે છે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૫.
પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
જીવ તેથી વેદે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૬.
જીવ જે કરે તે ભોગવે નહિ-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.
જીવ અન્ય કરતો, અન્ય વેદે-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.

ગાથાર્થ :- [ यस्मात् ] કારણ કે [ जीवः ] જીવ [ कैश्चित् पर्यायैः तु ] કેટલાક પર્યાયોથી [ विनश्यति ] નાશ પામે છે [ तु ] અને [ कैश्चित् ] કેટલાક પર્યાયોથી [ न एव ] નથી નાશ પામતો, [ तस्मात् ] તેથી [ सः वा करोति ] '(જે ભોગવે છે) તે જ કરે છે' [ अन्यः वा ] અથવા 'બીજો જ કરે છે' [ न एकान्तः ] એવો એકાંત નથી (-સ્યાદ્વાદ છે).

[ यस्मात् ] કારણ કે [ जीवः ] જીવ [ कैश्चित् पर्यायैः तु ] કેટલાક પર્યાયોથી [ विनश्यति ] નાશ પામે છે [ तु ] અને [ कैश्चित् ] કેટલાક પર્યાયોથી [ न एव ] નથી નાશ પામતો, [ तस्मात् ] તેથી [ सः वा वेदयते ] '(જે કરે છે) તે જ ભોગવે છે' [ अन्यः वा ] અથવા 'બીજો જ ભોગવે છે' [ न एकान्तः ] એવો એકાંત નથી (-સ્યાદ્વાદ છે).

'[ यः च एव करोति ] જે કરે છે [ सः च एव न वेदयते ] તે જ નથી ભોગવતો' [ एषः यस्य सिद्धान्तः ] એવો જેનો સિદ્ધાંત છે, [ सः जीवः ] તે જીવ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદૃષ્ટિ, [ अनार्हतः ] અનાર્હત -અર્હત્‌ના મતને નહિ માનનારો) [ ज्ञातव्यः ] જાણવો.

'[ अन्यः करोति ] બીજો કરે છે [ अन्यः परिभुंक्ते ] અને બીજો ભોગવે છે' [ एषः यस्य सिद्धान्तः ] એવો જેનો સિદ્ધાંત છે, [ सः जीवः ] તે જીવ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદૃષ્ટિ, [ अनार्हतः ] અનાર્હત -અજૈન (જ્ઞાતવ્ય) જાણવો.

ટીકા :- જીવ, પ્રતિસમયે સંભવતા (-દરેક સમયે થતા) અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી, કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો-એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે; તેથી 'જે કરે છે તે જ ભોગવે છે' અથવા 'બીજો જ ભોગવે છે', 'જે ભોગવે છે તે જ કરે છે' અથવા 'બીજો જ કરે છે'-એવો એકાંત નથી. આમ અનેકાંત હોવા છતાં, 'જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્પણું હોવાથી, તે જ વસ્તુ

છે' એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ દેખે-માને છે કે 'જે કરે છે તે જ નથી ભોગવતો, બીજો કરે છે અને બીજો ભોગવે છે', તે જીવ મિથ્યાદૃષ્ટિ જ દેખવો-માનવો; કારણ કે, વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં, વૃત્તિમાન (પર્યાયી) જે ચૈતન્યચમત્કાર (આત્મા) તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.

ભાવાર્થ :– વસ્તુનો અભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે; માટે સ્યાદ્વાદથી એવો અનેકાંત સિદ્ધ થાય છે કે પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે. જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી, પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય; જેમ કે - મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું. દ્રવ્યદૃષ્ટિએ જોવામાં આવે તો, જે કરે છે તે જ ભોગવે છે; જેમ કે-મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં, તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.

આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં, જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના શુદ્ધનયના લોભથી વસ્તુના એક અંશને (-વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને છે કે 'જે કરે છે તે જ ભોગવતો નથી-અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી-અન્ય કરે છે', તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી; કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે; પ્રત્યભિજ્ઞાનથી જણાય છે કે 'બાળક અવસ્થામાં જે હું હતો તે જ હું તરુણ અવસ્થામાં હતો અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું'. આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે-સ્વસંવેદનમાં આવે છે અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે, તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે એમ જાણવું.

## ગાથા–૩૪૫ થી ૩૪૮ ઉપર પ્રવચન

केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा कुव्वदि सो वा अण्णो व णेयंतो।।३४५।।
केहिंचि दु पज्जएहिं विणस्सए णेव केहिंचि दु जीवो।
जम्हा तम्हा वेददि सो वा अण्णो व णेयंतो।।३४६।।
जो चेव कुणदि सो चिय ण वेदए जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।।३४७।।

अण्णो करेदि अण्णो परिभुंजदि जस्स एस सिद्धंतो।
सो जीवो णादव्वो मिच्छादिट्ठी अणारिहदो।।३३५।।

પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
તેથી કરે છે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૫.
પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,
જીવ તેથી વેદે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૬.
જીવ જે કરે તે ભોગવે નહિ-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.
જીવ અન્ય કરતો, અન્ય વેદે-જેહનો સિદ્ધાંત એ,
તે જીવ મિથ્યાદષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.

આ ગાથામાં ફેર છે. પહેલા અર્હંતના મતનો નથી તે જીવ.. એમ આવ્યું. એમાં તમે મિથ્યાદષ્ટિ અર્હંતના મતનો નથી, ફેરવી નાખ્યું? ફેરવી નાખ્યું લાગે છે. પહેલામાં પણ ફેર આવ્યો. પર્યાય કંઈકથી એ ભાષા ફેરવી છે. અહીં કુછ છે. આ હિન્દી છે, ઠીક. પણ આ છે ને? 'અર્હંત કા મત કા નહીં સો જીવ મિથ્યાદષ્ટિ હૈ' એમાં લખ્યું છે, મિથ્યાદષ્ટિ છે તે અર્હંતના મતનો નથી. ભલે હિન્દી છે, પણ ભાષા ફેરવી નાખી.

ટીકા :– **'જીવ, પ્રતિસમયે સંભવતા...'** પ્રતિસમય સંભવતા. જીવમાં પ્રત્યેક સમયે સંભવતા. ભાષા જુઓ! આહાહા..! **'જીવ, પ્રતિસમય સંભવતા...'** પ્રતિસમય થવાવાળી છે તે પર્યાય થાય છે. ક્રમબદ્ધ આવ્યું. આહાહા..! ક્રમબદ્ધ તો પહેલા આવી ગયું પણ અહીં નક્કી કર્યું છે, જુઓ! **'જીવ, પ્રતિસમયે સંભવતા (–દરેક સમયે થતા)...'** જે સમયે જે પર્યાય થવાવાળી છે તે થાય છે. આહાહા..! **'જીવ, પ્રતિસમયે સંભવતા અગુરુલઘુગુણના પરિણામ દ્વારા...'** જે સમયે જે પર્યાય થવાવાળી છે તે અગુરુલઘુ દ્વારા તે જ પર્યાય થાય છે, એમ કહે છે. આહાહા..! અહીં ક્રમબદ્ધ સિદ્ધ કર્યું. જે સમયે જે થવાવાળી છે તે સમયે થશે. આહાહા..! છે કે નહિ એમાં ઇ?

**'પ્રતિસમયે સંભવતા...'** જે સમયે જે થવાવાળી હતી તે થઈ. આઘીપાછી નહિ, કોઈ ફેરફાર કરી શકે નહિ. સિદ્ધાંત અહીં આવ્યો. ક્રમબદ્ધનો સિદ્ધાંત પહેલા આવ્યો છે. એને અહીંયાં નક્કી કર્યો છે. **'જીવ, પ્રતિસમયે સંભવતા..'** એટલે પ્રત્યેક સમયે, દરેક કાળે. **'સંભવતા...'** નામ થવાવાળા. જે પર્યાય થવાવાળી છે એ **'અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી...'** એ અગુરુલઘુગુણ દ્વારા ક્ષણિક હોવાથી **'અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી,...'** એક એ વાત કરી. પહેલા અનિત્ય કહ્યું કે અનિત્ય કેમ

છે? કે પ્રત્યેક સમયે જે સંભવિત પર્યાય થવાવાળી છે તે થાય છે. અગુરુલઘુગુણ દ્વારા (થાય છે). માટે તે અનિત્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આમ અનિત્ય અનિત્ય માની લીધું (એમ નહિ).

પ્રત્યેક સમયે સંભવતી. તે સમયમાં સંભવ લાયક છે તે પર્યાય થાય છે. આઘીપાછી પર્યાય થતી નથી. આહાહા..! અગુરુલઘુગુણ દ્વારા પલટે છે, પણ જે સમયે પ્રતિસમયે સંભવ છે તે સમયે પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી. એ અપેક્ષાએ ક્ષણિક છે. આહાહા..! શું સિદ્ધાંત! અનંત પદાર્થ ભગવાને જે અનંત આત્મા, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, કાળ–અસંખ્ય કાળાણુ જોયા, એની પ્રત્યેક સમયે સંભવતી. આહાહા..! તે તે કાળે તેને ઉત્પન્ન થવાનો સંભવિત પર્યાય અગુરુલઘુગુણ દ્વારા પરિણામ ઉત્પન્ન થાય છે. આહાહા..! બીજો પ્રાણી એમ કહે કે, એ પરિણામ હું ઉપજાવું તો એ પદાર્થ પ્રતિસમય પોતાના સંભવિત પરિણામ દ્વારા તો પરિણમે છે, બદલાય છે. બીજો કહે કે, હું એને બદલાવું. બદલે છે તેને બદલાવવું છે? ન બદલે તેને બદલાવવું? એ તો પરચીજ છે. આહાહા..! ન્યાય સમજાય છે? જે પલટે છે તેને પલટાવું? એ ક્યાંથી આવ્યું? શરીર, વાણી, મન સમયે સમયે, પ્રતિસમયે સમયે સમયે સંભવતી પર્યાય થાય છે. એ તારાથી થાય છે એમ ક્યાંથી આવ્યું? આહાહા..!

અગુરુલઘુગુણ દ્વારા **'અગુરુલઘુગુણના પરિણામ દ્વારા...'** આહાહા..! એક દ્રવ્યની પર્યાય એ સમયે, તે સમયે, તે કાળે થવાવાળી છે તે થાય છે. એ અગુરુલઘુ દ્વારા પરિણામ સંભવતા, એ સમયે સંભવવા લાયક છે તે થાય છે. આહાહા..! હવે આમાં કોનું કરવું? દલીલ-બલીલ કરવી કે નહિ? આ જજને ન્યાં દલીલ કરવી પડે કે નહિ? 'રામજીભાઈ' ત્યાં દલીલ કરતા. આહાહા..! આવી આકરી વાતું. કહે છે કે, દલીલના પરમાણુની પર્યાય તે સમયે જે પર્યાય થવાવાળી છે તે અગુરુલઘુગુણના પરિણામ દ્વારા થાય છે. આહાહા..! તો તારે એમાં શું કરવું છે? આ આકરું પડે.

જૈનની આ બે વાતું (આકરી પડે). એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને એક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાવાળી છે તે થાય છે. આ બે (વાત) બેસવી.. આહાહા..! સમજાય છે કાંઈ? અને જૈનદર્શનનું આ મૂળ છે. જે સમયે જે પર્યાય થવાવાળી છે... આહાહા..! શરીરની, વાણીની, મનની, આત્માની, અરે..! દાળ, ભાત, રોટલી આદિની જે સમયે જે પર્યાય સંભવતી અને જે સંભવિત થવાવાળી છે તે અગુરુલઘુગુણના પરિણામ દ્વારા... આહાહા..! **'ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી,..'** આ બીજી વાત. પર્યાય તો ત્યાં રાખી. હવે **'અચલિત ચૈતન્યના અન્વયરૂપ...'** ભગવાનઆત્મા અચલિત એનો એ છે. જે પહેલા છે તે જ અહીંયાં છે. છે.. છે.. છે.. અનંતકાળથી છે. અચલિત–ચળે નહિ એવા **'ચૈતન્યના અન્વયરૂપ...'** અન્વય નામ સંબંધરૂપ **'ગુણ દ્વારા..'** પેલામાં સંભવિત

કહ્યું હતું, અહીં અન્વયરૂપ કીધું. સંબંધ. ચૈતન્યના સંબંધરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી. એ અપેક્ષાએ નિત્ય છે અને એ આત્મા એ સમયે ઉત્પન્ન થવાવાળી પર્યાયથી અનિત્ય છે. આહાહા..! આવો નિર્ણય કરવા જાય તો તો એને વખત જોવે. એ કરતાં કરવા માંડોને બહારથી ધર્‌મ. ધૂળમાંય ક્યાંય ધર્મ નથી. આહાહા..!

પ્રભુ આત્મા પોતાના સમયે જે સંભવિત પર્યાય થવાવાળી છે તે થશે. તેમાં એક ભાવ નામનો ગુણ છે. આહાહા..! પાછળ ૪૭ શક્તિ છે. એમાં ૪૭ શક્તિમાં એક ભાવ નામની શક્તિ છે તો પ્રતિસમયે ભાવ ગુણ દ્વારા જે પર્યાય થવાવાળી છે તે થશે જ. આહાહા..!

મુમુક્ષુ :– સંભવતી થાય.

ઉત્તર :– સંભવ નહિ, સંભવ જ છે. એ જ સંભવ છે. એમ કહ્યું ને? '**પ્રતિસમયે સંભવતા...**' તે જ સંભવે છે, તે જ સંભાવના છે, તે જ ઉત્પન્ન થવાને લાયક છે. આહાહા..! આવી ઝીણી કાતળી કાઢવી. 'વૃજલાલભાઈ' આવ્યા છે કે નહિ? ઇ તમારા કુટુંબી છે ને? આહાહા..! આવો આત્મા. અહીં એક આત્માની વાત નથી, હોં! છએ દ્રવ્યની (વાત છે).

પરમાણુમાં પણ જે સમયે સંભવતી તે પર્યાયને યોગ્ય તે પર્યાય અગુરુગુણનું પરિણામ છે. અગુરુલઘુગુણનું એ પરિણામ છે. એ સંભવતી પર્યાય તે સમયે થશે. આહાહા..! આ આંગળીની આ પર્યાય થાય છે તે સમયે તેનાથી થાય છે, આત્માથી નહિ. આ આમ થઈ તે તેના સંભવ–યોગ્યતાથી એવી પર્યાય થઈ છે, આત્માથી નહિ. આહાહા..! બહુ ફેરવવું પડે.

અધ્યાત્મની વાત કરે પણ અધ્યાત્મમાં આ બે મૂળ વાત જો ન હોય તો મેળ નહિ ખાય. કારણ કે અધ્યાત્મ.. અધ્યાત્મ (કરે), પણ જે સમયે જે પર્યાય થવાવાળી છે એવો નિર્ણય ન હોય તો તેનું લક્ષ દ્રવ્ય ઉપર નહિ જાય. એ તો થવાવાળી છે તે થાય છે, અમારે કરવું શું? અંદર દૃષ્ટિ કરવાની છે. એ પણ છે તે સંભવયોગ્ય. એ સંભવતી પર્યાય છે પણ ત્યાં આગળ લક્ષ ફરે છે. પર ઉપરથી લક્ષ છોડી પોતામાં લક્ષ આવી જાય છે. આહાહા..! આ વખતે વાત કરી હતી. આ શબ્દ વખતે, 'સમયસાર' વાંચતા ત્યારે. અહીં 'પ્રતિસમયે સંભવતા' શબ્દ છે. પ્રત્યેક સમયે જેને લાયક છે તે પર્યાય થાય છે, આઘીપાછી નહિ. આહાહા..!

'**અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા...**' આ ચૈતન્ય જે ચૈતન્ય કાયમ રહેવાવાળું, અન્વય રહેવાવાળું, અન્વય એટલે તે.. તે.. તે.. તે... તે.. તે.. તે... પેલામાં તે.. તે.. તે નહિ. તે થઈ તે, તે, થઈ તે, તે બસ! અને આ તો તે.. તે.. તે.. તે.. તે.. દ્રવ્ય તો તે.. તે.. તે.. તે.. તે.. આહાહા..! '**અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા...**' અન્વય એટલે એકરૂપ, કોઈનો સંબંધ નહિ, તે.. તે.. તે.. '**નિત્ય હોવાથી..**' આ કારણે દરેક દ્રવ્ય નિત્ય પણ છે અને પ્રત્યેક સમયે સંભવતી પર્યાય ઉત્પન્ન થાય છે એ અપેક્ષાએ અનિત્ય પણ છે. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય કાયમ ટકીને બદલે છે તો નિત્ય-અનિત્ય હોય જ ને.

ઉત્તર :– એ તો એ નિત્ય છે. આહાહા..! અનાદિ.. અનાદિ.. અનાદિ.. તે.. તે.. તે.. તે.. તે.. તે.. તે... આ ક્ષણિક પર્યાય તો તે તે સંભવતી તે તે સમયે (છે). બીજે સમયે સંભવતી બીજે સમયે (હોય). તે.. તે.. તે.. નહિ. તે.. તે.. લંબાણું નથી. બીજે સમયે ભળતી નથી. આહાહા..! આવા કાયદા તમારે આવતા ન હોય. 'કલાપી'! તમારે સરકારના કાયદા મૂક્યા હોય. નોકરી એની હોય, વકીલાત હોય એ જ મૂકે ને ત્યાં. આ વીતરાગનો ન્યાય ક્યાં! આહાહા..!

બે વાત થઈ કે, પ્રત્યેક સમયે સંભવતા અગુરુલઘુગુણના પરિણામ. એમ કીધું ને? **'અગુરુલઘુગુણના પરિણામ...'** એમ કીધું ને? પ્રતિસમયે સંભવતા પણ **'અગુરુલઘુગુણના પરિણામ...'** આહાહા..! એ દ્વારા ક્ષણિક હોવાથી. આત્મા કે દરેક દ્રવ્ય. આહાહા..! જુઓ ને, પરમ દિ' થયું ને? પતરા પડ્યા તો મરી ગયો, લ્યો! આપણા મંદિર પાસે દુકાન છે. મંદિર છે ને? ક્યાંનું કહેવાય? 'સીમંધર ભગવાન' નું મંદિર છે ને? મુમ્બાદેવી. એની પાસે એની દુકાન છે. આ બાજુ દુકાન છે, અમે ગયા હતા. ન્યાં પેલો બેઠો હશે લેવા બિચારો. સ્થિતિ પૂરી થઈ ગઈ. સ્થિતિનો એ સમય. આહાહા..! તાંબાના પતરા માથે પડ્યા, મરી ગયો, મરી ગયો. એ અકસ્માત્ નથી. એને સમયે તે પર્યાય થવાને લાયક (છે) અગુરુલઘુગુણના પરિણામ (થવાના) તે પરિણામ છે. આહાહા..! એ પતરાથી પણ ખરેખર તો થયું નથી. ખરેખર તો પતરા એના શરીરને અડ્યા નથી. બહુ આકરું પડે, બાપા! આહાહા..! જૈનની આ બે વાત–એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહિ અને દરેક દ્રવ્ય પ્રતિસમય જે પર્યાય થવાની તે થાય. આઘીપાછી ઇન્દ્ર કે જિનેન્દ્ર પણ કરી શકે નહિ. આહાહા..!

**'કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો...'** એ સહચર. પર્યાય જે અવસ્થા છે એ નાશ (પામે છે) અને કેટલાક પર્યાયથી વિનાશીક નહિ. ગુણ.. ગુણ. ગુણ જે છે એ કાયમ રહે છે. એણે પર્યાય શબ્દ વાપર્યો છે. દ્રવ્યનો જે કાયમ રહેનારો ગુણ છે એ કાયમ રહેનારો છે એને અહીંયાં પર્યાય શબ્દે ભેદથી વાપર્યો છે. **'પર્યાયોથી નથી વિનાશ પામતો–એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે;...'** લ્યો! આ પ્રકારે બે સ્વભાવવાળું જીવદ્રવ્ય છે. પલટતા પર્યાયવાળો અને કાયમ રહેવાવાળું. વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૦૩ ગાથા–૩૪૫ થી ૩૪૮ તથા શ્લોક-૨૦૮ ગુરુવાર, જ્યેષ્ઠ વદ ૭, તા. ૦૫-૦૬-૧૯૮૦

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

દરેક આત્મા પ્રત્યેક સમયે **'સંભવતા...'** જે પર્યાય થવાવાળી છે તેને **'અગુરુલઘુગુણના પરિણામ દ્વારા...'** પ્રત્યેક સમયે ઉત્પન્ન થનારી પર્યાય, એ અગુરુલઘુગુણ દ્વારા કે પરિણામ દ્વારા કે અગુરુલઘુગુણના પરિણામ દ્વારા **'ક્ષણિક હોવાથી અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય હોવાથી,...'** આત્મા પરિણામથી અનિત્ય છે અને અચલિત ચૈતન્યના અન્વયરૂપ ગુણ દ્વારા નિત્ય છે. કોઈ દિ' ચળે નહિ એવો નિત્ય પ્રભુ કાયમ રહેનારો (છે) એ અપેક્ષાએ આત્મા નિત્ય છે.

**'કેટલાક પર્યાયોથી વિનાશ પામે છે અને કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો...'** એ પર્યાય એટલે સહભાવી ગુણ. કેટલીક પર્યાય છે તેનો નાશ થાય છે પણ ગુણનો નાશ થતો નથી. આ પર્યાય શબ્દે અહીં ગુણ લેવો. સહભાવી જે ગુણ છે ને? **'કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો...'** વસ્તુની સાથે સહચર જ્ઞાન, દર્શન આદિ જીવના ગુણ અને પરમાણુના રંગ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણને અહીંયાં પર્યાય કહી છે. કેમ કે એ ગુણભેદ છે ને? એ પર્યાયને તો પર્યાય કહી પણ ગુણને ભેદની અપેક્ષાએ પર્યાય કહી. આહાહા..! સ્વભાવિક પર્યાય છે ને. **'કેટલાક પર્યાયોથી નથી વિનાશ પામતો...'**

**'એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે;...'** એ પ્રકારના સ્વભાવવાળો જીવ (છે). **'તેથી જે કરે છે તે ભોગવે છે અથવા બીજો જ ભોગવે છે', જે ભોગવે છે તે જ કરે છે અથવા બીજો જ કરે છે–એવો એકાંત નથી.'** પર્યાય અપેક્ષાએ જે કરે તે ભોગવે નહિ પણ દ્રવ્ય અપેક્ષાએ જે કરે તે ભોગવે. સમજાય છે કાંઈ? જે જીવ છે એ વર્તમાન જે પર્યાય છે એ પર્યાય વિકાર કે દુઃખ કરે તો એનો અનુભવ એ પર્યાય વખતે નથી. છે તો પર્યાય વખતે જ એનો અનુભવ છતાં એના ફળ તરીકે બીજી પર્યાયમાં ભોગવટો (છે) એ પર્યાયનો અનેરો ભોગવટો છે. દ્રવ્ય તરીકે જે દ્રવ્યે પર્યાય કરી છે તે જ દ્રવ્ય પર્યાયને ભોગવે છે. સમજાય છે કાંઈ? જે દ્રવ્યે પર્યાય કરી તે દ્રવ્ય ભવિષ્યની પર્યાય ભોગવે છે. કંઈ જીવદ્રવ્ય બીજી નથી થઈ જતું. પર્યાય બીજી થાય છે, દ્રવ્ય બીજું થતું નથી. આહાહા..!

**'આમ અનેકાંત હોવા છતાં,...'** હવે આચાર્ય સિદ્ધ કરે છે. આ પ્રકારે દ્રવ્યમાં અનેકાંતપણું

સિદ્ધ હોવા છતાં. પર્યાયથી કરે અને બીજી પર્યાયથી ભોગવે. એ પર્યાયથી જીવદ્રવ્ય કરે અને જીવદ્રવ્ય બીજી પર્યાયથી ભોગવે, એવું અનેકાંત છે. શું કહ્યું વળી? જે દ્રવ્ય છે વર્તમાન પર્યાયથી કરે એ બીજી પર્યાયથી ભોગવે પણ દ્રવ્ય તરીકે તો જે દ્રવ્યે પર્યાય કરી એ દ્રવ્ય બીજી પર્યાયને ભોગવે છે. પર્યાય તરીકે ભિન્ન ભિન્ન કર્તા-ભોક્તા (અને) દ્રવ્ય તરીકે એ જ કર્તા અને એ જ ભોક્તા (છે). આહાહા..! **'આમ અનેકાંત હોવા છતાં,...' 'જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્પણું હોવાથી,...'** અજ્ઞાની, જે સમયે પર્યાય ઉત્પન્ન થાય છે તે જ વસ્તુ છે, તે જ સત્ત્વ છે એમ માને છે. પર્યાય છે, દ્રવ્ય ક્યાં જોયું છે? એ પર્યાય છે તે જ સત્ત્વ છે એમ વસ્તુને માને છે. માટે તે જ વસ્તુ છે. જે પર્યાય ઉત્પન્ન થઈ તે જ ચીજ (વસ્તુ) છે એમ અજ્ઞાની માને છે.

**'એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને...'** આ રીતે, વસ્તુની એક સમયની પર્યાય એક અંશ છે એ અંશમાં આખા દ્રવ્યનો અનુભવ કરીને વસ્તુના અંશમાં, અંશ એટલે પર્યાય, **'વસ્તુપણાનો અધ્યાસ...'** એમાં આખી ચીજ જ એ છે. પર્યાય છે એ જ આખી ચીજ છે. પર્યાયે બદલતી ચીજ છે, વસ્તુએ તેની તે રહે છે એમ માનતો નથી. એ બાજુમાં બૌદ્ધમત મોટો મત છે. બૌદ્ધમતના ભરેલા મોટા દેશના દેશ ભર્યા છે.

મુમુક્ષુ :– એના મંદિરને સોનાની દિવાલ છે.

ઉત્તર :– હોય, હોય. પેલા પોપને પાંચ કરોડની મોટર છે. પોપ નથી એનો? બધું સાંભળ્યું છે ને. ક્યારે સાંભળ્યું ઇ? કે, આપણે ભાઈ 'પૂનમચંદ' 'મુંબઈ' છે ને? પાંચ-છ કરોડ (છે). 'ચંદુભાઈ' ના ભાઈ, એની પાસે પાંચ-છ કરોડ રૂપિયા (છે). આ 'ચંદુભાઈ' પાછળ બેઠા છે. પાછળ બેઠા ઇ. એમના ભાઈ છે. દાદાના દીકરા. છ કરોડ રૂપિયા છે. એનો એક દીકરો બહાર પરદેશમાં રહે છે. ત્યાંથી વીસ લાખની મોટર લાવેલો. વીસ લાખની. અને મારે 'મુંબઈ' થી 'ભાવનગર' આવવું હતું એટલે ગામમાંથી એમાં બેસાડીને પ્લેન ઉપર લાવ્યા હતા. ત્યારે ખબર પડી. કીધું, આ કેટલાની મોટર? ત્યારે કહે, વીસ લાખ. એક મોટરના વીસ લાખ. ત્યારે વળી બીજો કહે, બીજો શું તમારે? 'ન્યાલચંદ' એનો બીજો મોટો ભાઈ છે. આ નાનો છે. એની પાસે ચાર-પાંચ કરોડ છે. 'સ્વીટઝરલેંડ' છે. એ વળી કહે, પચાસ લાખની મોટર અમારા 'સ્વીટઝરલેંડ' માં છે. પચાસ લાખની. ત્યારે ત્રીજાએ વળી એમ કહ્યું કે, પાંચ કરોડની મોટર પોપ પાસે છે. પહેલુંવહેલું આપણે તો સાંભળ્યું. વીસ લાખની મોટરમાં પણ પહેલાવહેલા બેઠા. 'મુંબઈ' થી આમ (એરપોર્ટ) આવવું હતું. આહાહા..! એ બધી ચીજો તો ક્ષણિક છે, નાશવાન છે. ક્ષણમાં બદલી જાય છે. આહાહા..! પરમાણુ તરીકે કાયમ રહે, પર્યાય પલટી જાય. આહાહા..!

જુઓને! પેલો માણસ હમણાં મરી ગયો. આહાહા..! બિચારો માલ લેવા આવેલો, જૈન. 'મુંબઈ' આપણે મંદિરની જોડે જ એની દુકાન છે. 'નૌતમભાઈ' એને વેપાર બધો લોઢાનો

છે. તાંબાના પતરા હશે. કો'ક લેવા આવ્યો તો એના ઉપર પતરા પડ્યા. મરી ગયો ન્યાં ને ન્યાં, ન્યાં ને ન્યાં મરી ગયો. એ અવસ્થા થવાની હોય તે થાય એમાં ફેરફાર કોણ કરે? એના છોકરાનો પગ ભાંગ્યો છે. હવે ઈ વળી શું થયું છે. કેટલોક કેવો... આહાહા..! ઘરના વેપારના, ઘરના માલથી મરણ ને આવું થાય. જે સમયે જે પર્યાય થવાની એ પર્યાયને રોકે કોણ? આહાહા..!

અહીં કહે છે, **'આમ અનેકાંત હોવા છતાં, જે (પર્યાય) તે ક્ષણે વર્તે છે, તેને જ પરમાર્થ સત્યપણું...'** માને છે. દ્રવ્યમાં જે સમયે પર્યાય ઉત્પન્ન થાય છે તેને જ દ્રવ્ય માને છે. આહાહા..! તેથી **'તે જ વસ્તુ છે' એમ વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી...'** શું કહે છે? કે, એક સમયની પર્યાય છે એને જો ત્રિકાળી લાગુ પાડીએ તો ઉપાધિ આવી જાય છે. શુદ્ધનય એને કહીએ એમ માને છે કે શુદ્ધનય એટલે વર્તમાન એકને જ માનવું. એને ત્રણકાળ લાગુ પડે એ ઉપાધિ છે, એ શુદ્ધનય. આ શુદ્ધનય આપણે કહીએ છીએ એ નહિ. એની માનેલી (શુદ્ધનય). આપણે જે શુદ્ધનય કહીએ એ તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરે ઇ. દ્રવ્યદૃષ્ટિ કરે તે શુદ્ધનય.

આ શુદ્ધનય (એમ માને છે કે), એક સમયની પર્યાય કાયમ રાખે તો ઉપાધિ છે એમ કરીને એક સમયની પર્યાયને વસ્તુ માને છે. સમજાય છે કાંઈ? એક સમયની પર્યાયમાં ભૂત, ભવિષ્ય, ત્રણ કાળ એમાં રહેશે, એ તો ઉપાધિ આવી. માટે શુદ્ધનયથી એક સમયની પર્યાય છે તે જ વસ્તુ છે એમ અજ્ઞાની માને છે. બૌદ્ધ તો ખુલ્લી રીતે માને છે અને બીજાઓને ખબર નથી અને ક્ષણિકને માને છે એ બૌદ્ધ જ છે. જે ક્ષણિક દેખાય છે તેને માને છે પણ તેનું પરિણામ શું આવશે અને ક્યાં જશે? એ કંઈ માને નહિ. એ ક્ષણિકને માનનારો છે. આહાહા..!

**'વસ્તુના અંશમાં વસ્તુપણાનો અધ્યાસ કરીને શુદ્ધનયના લોભથી...'** શુદ્ધનય એટલે? એક જ (છે), બે નહિ. એક સમયની પર્યાયમાં બે નહિ. ભૂતકાળ-ગયો કાળ, ભવિષ્ય એમ ત્રણકાળ લાગુ પડે એ તો ઉપાધિ છે. વર્તમાન બસ એક જ છે. એમ **'શુદ્ધનયના લોભથી...'** હોં! શુદ્ધનય યથાર્થ નથી. **'ઋજુસૂત્રનયના એકાંતમાં...'** ઋજુસૂત્રનય એટલે એક પર્યાયને માને એ ઋજુસૂત્રનય. એ તો સિદ્ધાંત છે. દ્રવ્યની એક સમયની પર્યાયને ઋજુસૂત્ર (કહે છે). કબુલ કરે છે કે, એક સમયની પર્યાયને ઋજુસૂત્ર કહે છે. પણ આને એકાંત ઋજુસૂત્રનયના એકાંતથી ગ્રહીને **'જે એમ દેખે-માને છે કે જે કરે છે તે જ નથી ભોગવતો,...'** જે પર્યાયમાં થયું તે પર્યાય ભોગવતી નથી માટે દ્રવ્ય નથી, પર્યાય જ છે, બસ! આહાહા..!

આ તો બૌદ્ધની વાત કરે છે. ખરેખર આખી દુનિયા જ ક્ષણિક માનનારી છે. ત્રિકાળી ભગવાન અંદર (ભિન્ન છે તેને માનતો નથી). જ્ઞાનીને પણ રાગ આવે છે. જ્ઞાની હોય, ક્ષાયિક સમકિત હોય, રાગ હોય, વિષય હોય છતાં દૃષ્ટિમાં તેનો ત્યાગ છે. દૃષ્ટિમાં એનો આદર નથી. તો એ જ્ઞાની ત્રિકાળી ચીજને કબુલે છે અને પર્યાય છે તેને જાણવામાં લે

છે. અને આ અજ્ઞાની છે એ તો પર્યાય છે એને જ વસ્તુ માને છે. એક સમયની પર્યાય એ જ વસ્તુ છે. કેમ કે એ પર્યાયમાં ભૂત-ભવિષ્ય લાગુ પડશે તો ઉપાધિ થશે (એમ માને છે). આહાહા..! આવું છે.

**'શુદ્ધનયના લોભથી ઋજુસૂત્રનયના એકાંતમાં રહીને જે એમ દેખે–માને છે કે જે કરે છે જ નથી ભોગવતો...'** વર્તમાન પર્યાય જે પાપ-પુણ્ય કરે છે એ પર્યાય ભવિષ્યમાં નથી ભોગવતી. ભવિષ્યમાં બીજી પર્યાય (ભોગવે છે). વાત સાચી છે, બીજી પર્યાય (ભોગવે છે). બહુ ઝીણી વાત છે, ભાઈ! એક ગાથામાં ત્યાં આવ્યું છે નહિ? 'સમયસાર' ૧૦૨. જે સમયે કરે છે તે સમયે વેદે છે. આહાહા..! જે સમયે રાગ આવ્યો તે સમયે રાગનું વેદન દુઃખ તે સમયે જ છે. પણ સંયોગની અપેક્ષાએ વાત લે તો નરકનું આયુષ્ય બાંધ્યું, નરકના પરિણામ કર્યા તો નરકની ગતિના સંયોગ મળશે એનું એને દુઃખ (થાશે). ખરેખર એ સંયોગનું દુઃખ નથી. સંયોગ તો પરચીજ છે. પરચીજને તો આત્મા અડતો પણ નથી, પણ એનું લક્ષ એકલું પર ઉપર જાય છે. સંયોગ ઉપર લક્ષ જાય છે તેને રૌદ્રધ્યાન, આર્તધ્યાનનું દુઃખ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સંયોગનું દુઃખ નથી. અહીં વીંછી કરડે એનું દુઃખ નથી. વીંછી તો અડ્યો પણ નથી. એ સંયોગમાં આ મારું છે અને મને થાય છે એવો ભાવ કરે છે, એ ભાવના દુઃખનું વેદન છે. શરીરનું વેદન નથી, વીંછીનું વેદન નથી, શરીરનું વેદન નથી. બધાને ભાવનું વેદન છે. આહાહા..!

આ પણ એમ માને છે કે જે ભાવ કરે તે ભાવ ભોગવે નહિ, બીજો ભોગવે છે. **'તે જીવ મિથ્યાદૃષ્ટિ જ દેખવો–'** આચાર્ય મહારાજ કહે છે, જે આવી માન્યતા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! (એમ) **'માનવો;...'** આત્મા છે તે ટંકોત્કીર્ણ નિત્ય કાયમ રહેનારી ચીજ છે. પર્યાય ભલે બદલે, વિચાર બદલે પણ વસ્તુ તરીકે તો કાયમ નિત્ય છે. એ ટંકોત્કીર્ણ એટલે શાશ્વત **'(નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.'** સમય સમયની પર્યાય થવા છતાં પર્યાયથી અંતરમાં દેખે તો નિત્ય ધ્રુવ પ્રતિભાસે છે. પર્યાયમાં નિત્યનું ભાન થાય છે. આહાહા..! કે આ જે આત્મા પહેલા હતો તે જ આ છે. ન્યાયથી તો વાત છે પણ ભાઈ! ઝીણી વાત છે. મૂળ વાતને અનાદિથી પકડી નથી. અનાદિથી એમ ને એમ અવતાર આવ્યો ને એમાં અવતારમાં જે સંયોગો મળ્યા એમાં સલવાણો. દેહ પૂરો થઈ ગયો અને જાય પાછો નરક ને નિગોદ. આહાહા..! અરે..રે..! અવતાર કરી કરીને એની જિંદગી, આખો અવતાર ગયો. અવતાર કરીને આખો અવતાર ગયો અનંતકાળનો. આહાહા..! એ અવતાર રહિત થવાની દૃષ્ટિ છે એ ન કરી.

આ જે શુદ્ધનય કહે છે એ તો એક જ સમયની પર્યાયને, ઋજુસૂત્રનય એટલે જે એક જ સમયની પર્યાયને જે માને છે તે નયની અપેક્ષાએ શુદ્ધનય કહ્યું છે. ભગવાન જે શુદ્ધનય કહે છે એ તો ત્રિકાળી જ્ઞાયકભાવ ભૂતાર્થને વિષય કરે છે તે શુદ્ધનય છે. આહાહા..!

કહો, આવું હવે વાણિયાને લોઢાના વેપારમાં વખત ક્યાં મળે છે? આહાહા..!

કહે છે કે, ભગવાનઆત્મા જે સમયે પર્યાયમાં કરે તે સમયે ભોગવે છે અને પછીના સમયમાં પણ ભોગવે છે એમ વાત છે. પણ આત્મા તો નિત્ય છે. જે પર્યાય આત્માએ કરી તે જ બીજી પર્યાયમાં એ જ આત્મા હતો. આત્મા બીજો નથી. આત્મા તો ત્રિકાળી નિત્ય છે. ચાહે જેટલી તેમાં પર્યાય-અવસ્થા પલટે, અવસ્થા પલટે, દશા પલટે, વિચાર પલટે પણ વસ્તુ તો નિત્ય ત્રિકાળ રહે છે. આહાહા..! સંસાર પણ આત્માની પર્યાયમાં–અવસ્થામાં, મોક્ષમાર્ગ પણ આત્માની અવસ્થામાં, મોક્ષ પણ આત્માની અવસ્થામાં (થાય છે). આહાહા..! નરકગતિ પણ આત્માની પર્યાયમાં, દેવગતિ પણ આત્માની પર્યાયમાં, મનુષ્યગતિ પણ આત્માની પર્યાયમાં (છે). આહાહા..! વસ્તુ તો નિત્ય ત્રિકાળ છે. આહાહા..!

**'તે જીવ મિથ્યાદૃષ્ટિ જ દેખવો–માનવો; કારણ કે, વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં,...'** પર્યાય એટલે અવસ્થાનું ક્ષણિકપણું, નાશપણું, એક સમયની સ્થિતિ પૂરતું (છે). આહાહા..! 'નિયમસાર'ની ૩૮ મી ગાથામાં તો ત્યાં સુધી કીધું કે, જેટલી પર્યાયો છે એ બધી નાશવાન છે. કેવળજ્ઞાન ને કેવળદર્શન પણ નાશવાન છે. આહાહા..! અવિનાશી ધ્રુવ નિત્ય આત્મા એ કાયમ રહેનાર છે. અને કેવળજ્ઞાન પર્યાય હોય, પણ પહેલા સમયે જે કેવળજ્ઞાન છે એ બીજે સમયે કેવળજ્ઞાન એ નથી. એવું એ પ્રકારનું છે પણ તે નથી. આહાહા..! એવું કેવળજ્ઞાન પણ ત્યાં તો નાશવાન કહ્યું. સાતે તત્ત્વને નાશવાન કહ્યા. 'નિયમસાર'. એક પ્રભુ નિત્ય ત્રિકાળ છે. ધ્રુવ જે ત્રિકાળ છે તે નિશ્ચય આત્મા છે. પર્યાય તે વ્યવહાર આત્મા (છે). પણ પર્યાય છે. વ્યવહાર છે, પર્યાય ભલે વ્યવહાર (કહી) પણ વ્યવહાર છે. વ્યવહાર નથી એમ નહિ. આશ્રય કરવાલાયક નથી. સમજાય છે કાંઈ? આહાહા..! **'ક્ષણિકપણું હોવા છતાં, વૃત્તિમાન (પર્યાયી) જે ચૈતન્યચમત્કાર (આત્મા) તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.'** તેને તો એ માનતો નથી.

**ભાવાર્થ :– 'વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે;...'** દ્રવ્ય એટલે કાયમ રહેનારી ચીજ અને પર્યાય એટલે પલટતો ભાવ, પલટતી અવસ્થા. વિચાર એકરૂપ નથી રહેતા. વિચાર બદલે છે ને? એ પર્યાય છે. અને એમાં જે કાયમ રહેનારો, જેમ મોતીના હારમાં રહેનારો દોરો હોય એમ આ આત્મા નિત્ય તો ધ્રુવ દોરો છે અંદર. આહાહા..! કાયમ નિત્ય રહેનારો છે. ગમે તેટલી પર્યાય થાય પણ એ તો પર્યાયનો સ્વભાવ બદલવાનો છે. આત્માનો સ્વભાવ બદલવાનો નથી, નિત્ય ધ્રુવ છે. પર્યાયની અપેક્ષાએ બદલવાનો સ્વભાવ છે એમ કહેવાય છે. આહાહા..! આવી વાતું છે.

**'વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાયસ્વરૂપ કહ્યો છે;...'** દ્રવ્ય એટલે વસ્તુ, પર્યાય એટલે અવસ્થા. **'માટે સ્યાદ્વાદથી એવો અનેકાંત સિદ્ધ થાય છે...'** કથંચિત્ અપેક્ષાથી વસ્તુના અનેકાંત સ્વભાવનું કથન કરવામાં આવે તો **'અનેકાંત સિદ્ધ થાય છે કે પર્યાય-અપેક્ષાએ**

**તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે.**' આહાહા..! દ્રવ્ય જે વસ્તુ છે એ તો ત્રિકાળ છે. વિચાર બદલે, પર્યાય ભલે બદલે પણ વસ્તુ તો ત્રિકાળ છે. '**પર્યાય-અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય-અપેક્ષાએ નિત્ય છે. જીવ પણ વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. તેથી પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય;...**' દૃષ્ટાંત આપે છે. એક પર્યાય કરે એ પર્યાય ન ભોગવે અને બીજી પર્યાય ભોગવે. કઈ રીતે?

'**મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં...**' મનુષ્યભવમાં શુભ-અશુભભાવ કર્યાં. આહાહા..! '**અને તેનું ફળ દેવાદિપર્યાયે ભોગવ્યું.**' શુભનું ફળ દેવમાં, અશુભનું ફળ નરક અને તિર્યંચમાં અને શુભનું ફળ આ પૈસાવાળા વાણિયા ને શેઠિયા (થયા). જે ભાવ મનુષ્યપણામાં કર્યો તે પુણ્ય-પાપનો ભાવ ભવિષ્યમાં, પાપ હોય તો નરકગતિ મળશે, શુભ હોય તો સ્વર્ગગતિ મળે. એ એનું ફળ છે. '**મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિપર્યાયે...**' દેવમાં જાય, નરકમાં જાય, ઢોરમાં–પશુમાં જાય. મનુષ્ય હોય અને પશુના ભાવ કરે. માયા, કપટ, કુટિલ, કષાયભાવ એ કરે, માંસ ન ખાય તો એ મરીને પશુ થાય. આહાહા..! ઘણા જીવો તો પશુ થવાના. પશુની સંખ્યા મોટી છે. નરકમાં પણ બહુ જાય છે. સાતમી નરકમાંથી એક સમયમાં હજારો દેવ ન્યાંથી નીકળીને, નરકમાંથી નીકળીને (દેવલોકમાં ન જાય). અહીં મનુષ્ય છે એમાંથી દેવલોકમાં જાય. અને નારકી છે તે એક સમયમાં હજારો (જીવો) નીકળીને મનુષ્યમાં આવે. અને મનુષ્ય પણ એક સમયમાં હજારો દેવમાં જાય. એક સમયમાં. પણ એક સમયમાં સાથે નીકળે નહિ. કારણ કે આયુષ્યમાં ફેરફાર છે એટલે ક્રમે ક્રમે ન્યાંથી નીકળે. આયુષ્યના પ્રમાણમાં ન્યાંથી દેવલોકમાંથી કોઈ મનુષ્ય થાય, દેવલોકમાંથી કોઈ તિર્યંચ થાય. નારકીમાંથી કોઈ તિર્યંચ થાય, નારકીમાંથી કોઈ મનુષ્ય થાય. આહાહા..! આ બધો અભ્યાસ... આ તો સાધારણ છોકરાઓનો અભ્યાસ છે. નાની ઉંમરમાં છોકરાઓ આ અભ્યાસ કરે. આ કંઈ એવી બહુ ઊંચી વાત નથી. પણ એ પણ ક્યાં દરકાર પડી છે? આહાહા..!

'**મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ...**' પુણ્ય અને પાપ ભાવ કરે. આહાહા..! અને તેનું ફળ પુણ્યનું દેવાદિમાં, પાપનું નરકાદિમાં ભોગવે. આહાહા..! 'બ્રહ્મદત્તે' અહીંયાં મોટા પાપ કર્યાં. ચક્રવર્તી છ ખંડનો ધણી. છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ અને રત્નના ઢોલિયે સૂતો. એ મરતાં આ... એમ થઈને મરીને સાતમી નરકે ગયો. તેંત્રીસ સાગરની સ્થિતિએ અત્યારે છે. તેંત્રીસ સાગર એટલે એક સાગરમાં દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. 'તલાટી'! આ કોઈ દિ' સાંભળ્યું છે? નહિ? નવરાશ નથી ને.

તેંત્રીસ સાગરની સ્થિતિએ 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી છે. અનંતા જઈ આવ્યા છે. પણ 'બ્રહ્મદત્ત' તો હમણા થયો છે. ચક્રવર્તી છન્નુ કરોડ પાયદળ, છન્નુ હજાર સ્ત્રી. આહાહા..! અડતાલીસ હજાર નગર, બોંત્તેર હજાર પાટણ, એનો લાડો મરીને ભાઈ! છેલ્લે હાય.. હાય.. 'કુરુમતિ.. કુરુમતિ' એની એક વ્હાલી સ્ત્રી હતી. છન્નુ હજાર સ્ત્રી હોય એમાં એક વ્હાલી સ્ત્રી હોય.

જેને એક હજાર દેવ સેવા કરે. એ રાણીની એક હજાર દેવ સેવા કરે. એ (ચક્રવર્તી) છેવટે મરતાં 'કુરુમતિ' એમ કરીને મરીને નીચે સાતમી નરકે ગયો. હજી તો ૮૫ હજાર વર્ષ ગયા છે. અસંખ્ય અબજ વર્ષનો એક પલ્યોપમમાં અસંખ્યમો ભાગ. એવા એવા દસ ક્રોડા ક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. એવા તેંત્રીસ સાગરોપમની સ્થિતિ સાતમી નરકમાં છે. ત્યાં દરેક જીવ અનંતવાર ઉપજ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં અનંતવાર દરેક ઉપજ્યા છે. ઓહોહો..!

ત્યાંના એક ક્ષણના દુઃખ કરોડો ભવે અને કરોડો જીભે ન કહી શકાય. એ 'રત્નકરંડ શ્રાવકાચાર' માં છે. આહાહા..! એટલી ત્યાં નીચે સાતમી નરકમાં શીતની વેદના છે કે જેમાં એક લાખ મણનો લોઢાનો ગોળો, એ લુહારના જુવાન દીકરાએ એને ટીપી ટીપીને મજબુત કર્યો હોય, એ ગોળો જો સાતમી નરકમાં મૂકે તો ઓગળીને પાણી થઈ જાય. શીતની એટલી વેદના કે શીતને લઈને લોઢાનું પાણી થઈ જાય. લાખ મણનો ગોળો એનું. આહાહા..! ત્યારે દુઃખ કેટલું હશે? પ્રભુ! લાખ મણનો ગોળો તે જુવાન લુહારે છ મહિના સુધી ટીપી ટીપીને મજબુત નીવડ નીવડ કર્યો હોય. એ ત્યાં મૂકે તો બે ઘડીમાં પાણી થઈ જાય. આહાહા..! શું પેલું નથી કહેતા? પાણી થઈ જાય ને? પારો.. પારો. પારો છે ને? પારો. એ પારાનું આમ પાણી થઈ જાય. એમ ત્યાંના શરીરમાં એવા દુઃખ છે, બાપુ! આહાહા..! લાખ મણનો લોઢાનો ગોળો ક્ષણમાં પાણી થઈ જાય. શીતની વેદનાને લઈને, હિમને લઈને.

જેમ અહીં હિમ પડે ત્યારે જોયું છે? રીંગણાના ઝાડ હોય એ એકદમ સૂકાય જાય. નહિતર રીંગણા ગરમ છે. પણ જ્યારે હિમ પડે ત્યારે એ સૂકાય જાય, પહેલા એ સૂકાય જાય. અત્યારે છે, આ બધું જોયું છે. આ બધું તો ઘણું જોયું છે. રસ્તામાં વિહારમાં નીકળ્યા હોય ને? સંપ્રદાયમાં ૨૧ વર્ષ તો વિહાર કર્યા છે ને! છ-છ ગાઉના વિહાર કર્યા છે. પાંચ-સાત હજાર ગાઉના વિહાર થયા છે. રસ્તામાં આમ રીંગણાના ઝાડ આવે. (કોઈને પૂછીએ) કે, આ કેમ સૂકાય ગયા? (તો કહે), કાલે હિમ પડ્યું હતું. હિમ પડ્યું તો સૂકાઈ ગયા. રીંગણા સૂકાય જાય. નહિતર પોતે ગરમ હોય, પણ એ સૂકાય જાય. આહાહા..! એ હિમ કરતાં અનંતગુણું હિમ સાતમી નરકે છે, પ્રભુ! આહાહા..! અહીં રીંગણાના ઝાડ સૂકાય ત્યાં લોઢાના ગોળા પાણી થઈ જાય. આહાહા..!

ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાનની આ વાણી છે. ભગવાને તો જગતને બહુ કહ્યું છે. આહાહા..! ભાઈ! તને હવે દુઃખ નથી લાગતું? આ ભવનો ભય પ્રભુ! તને નથી લાગતો? આવા તેં ભવ કર્યા. હવે આવું મનુષ્યપણું તને મળ્યું એમાં ભવથી રહિત થવાનું કાંઈક કરને. નહિતર એ ભવ કરીને અનંતકાળથી મરી ગયો છો. આહાહા.! પણ એ વિચાર પણ ક્યાં છે? વખત પણ આખો દિ' ક્યાં છે? આખો દિ' આ રળવું ને ભોગવવું. ખાવું ને બાયડી, છોકરા સાચવવા ને ધંધો ને છ-સાત કલાક સૂઈ જવું, થઈ રહ્યું, લ્યો!

જિંદગી કાઢી નાખી. આહાહા..!

અહીં કહે છે, મનુષ્યમાં જે કંઈ ભાવ કર્યા, એ કોઈ મનુષ્ય મરીને મનુષ્ય પણ થાય, કોઈ મનુષ્ય મરીને નારકી થાય, કોઈ મનુષ્ય મરીને ઢોર થાય, કોઈ મનુષ્ય મરીને દેવ થાય. એ આવ્યું ને આમાં? **'મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં અને તેનું ફળ દેવાદિપર્યાયે...'** દેવ આદિ એટલે ચાર, ચાર ગતિ. દેવાદિ એટલે ચાર ગતિ. પાપના પરિણામ કર્યા હોય તો નરકમાં જાય, મધ્યમ તિર્યંચના પરિણામ કર્યા હોય તો ઢોરમાં જાય. આહાહા..! વ્યંતર આદિમાં જાય, વૈમાનિકમાં જાય, કોઈ મનુષ્ય પણ થાય. મનુષ્ય મરીને કોઈ સરળ પરિણામ હોય તો મનુષ્ય પણ થાય. એટલે અહીં દેવાદિ ચાર પર્યાય લીધી છે ને? **'મનુષ્યપર્યાયે શુભાશુભ કર્મ કર્યાં...'** પુણ્ય અને પાપ કર્યા **'અને તેનું ફળ દેવાદિપર્યાયે...'** એટલે દેવ, મનુષ્ય, તિર્યંચ–ઢોર, નરકમાં જાય. ભાવ અહીં કર્યા અને જાય ત્યાં. આહાહા..! નિત્ય છે ને? પર્યાય બીજી છે પણ આત્મા તો એનો એ છે ને! આહાહા..!

બે ભાઈઓની એક વાત આવે છે. નાનો ભાઈ રોગિષ્ટ હતો પછી મોટાભાઈ એની દવા લાવેલા. કાંઈક લાંબો કાળ ચાલેલો એટલે મોટો ભાઈ ઇંડા લાવ્યો. એને કહ્યું નહિ કે આ ઇંડા છે. એટલે એને ખબર નહિ કે આ પાપ છે. એટલે એ પોતે માંદો હતો એ નરકમાં પરમાધામી થયો અને જે લાવી દેતો એ નારકી થયો, નારકી. પછી નારકીને પેલો મારે છે. ત્યારે એ કહે છે કે, પણ મેં આ તારે માટે આ કર્યું હતું. પણ મેં ક્યાં તને કહ્યું હતું? મેં તને કીધું હતું? ઇંડા લાવે, આ લાવે છે મને તેં કહ્યું? પાપ તેં કર્યા, તું ભોગવ. આહાહા..!

મુમુક્ષુ :– બાયડી માટે કરીએ એ અમારે ભોગવવું પડે?

ઉત્તર :– એને માટે ક્યાં છે? પોતે કષાય કર્યા છે એની વાત છે. પોતે કષાય કર્યો એનું પાપ (છે). બાયડી કરે એનું બાયડી જાણે. આહાહા..! બાયડી પાપ કરે તો નરકમાં જાય. આ તો મનુષ્ય છે ને? પુણ્ય આદિ કરે તો સ્વર્ગમાં જાય, સાધારણ પાપ કરે તો ઢોર–પશુમાં જાય. આહાહા..! ચાર ગતિમાં ચોરાશી લાખ (યોનિ) પડી છે. અઢી દ્વિપમાં મનુષ્ય છે. ૪૫ લાખ યોજનમાં મનુષ્ય છે, પછી મનુષ્ય નથી. ૪૫ લાખ યોજનની પહોળાઈમાં મનુષ્ય છે, પછી મનુષ્ય નથી. પછી અસંખ્ય અસંખ્ય દ્વિપ-સમુદ્ર છે. અસંખ્ય યોજનના દ્વિપ-સમુદ્ર છે. એ અસંખ્યાતા છે. એમાં એકલા તિર્યંચ છે. એકલા તિર્યંચ, મનુષ્ય ત્યાં નથી. મનુષ્ય ત્યાં જઈ શકે નહિ. આહાહા..! આવી વાત છે.

એકવાર એને વિચારમાં તો ઊતરી જાય. અરે..! પ્રભુ! કર તો ખરો કામ. આહાહા..! દેહ તો પડી જશે. ક્યારે પડશે એનો નિયમ નથી, એનો ભરોંસો નથી. પડશે એનો ભરોંસો નથી. ભરોંસો આનો કર ને! આહાહા..! નિત્યાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ ધ્રુવ ચીજ અંદર છે એનો ભરોસો અને એની દૃષ્ટિ કર તો જન્મ-મરણનો અંત આવી જાય. આહાહા..! એ અહીં કહે છે.

મનુષ્યઆદિમાં શુભાશુભ કર્મ કર્યાં. બેય કર્યાં ને? શુભ અને અશુભ બેય કર્યાં ને મનુષ્યમાં? એના ફળ તરીકે દેવાદિ. એટલે દેવ અને નારકી આદિ પર્યાય ભોગવે છે. **'દ્રવ્યદૃષ્ટિએ જોવામાં આવે...'** વસ્તુથી જો જોઈએ તો જે કર્તા અહીંયાં હતો તે જ ત્યાં ભોગવે છે. પર્યાયથી જોઈએ તો જે પર્યાયે કરી છે એ પર્યાય અહીં રહી ગઈ અને બીજી પર્યાય ત્યાં (ભોગવે છે). પણ દ્રવ્યદૃષ્ટિથી-વસ્તુદૃષ્ટિથી જોઈએ તો જે પર્યાય જે દ્રવ્યે કરી કરી છે એ જ દ્રવ્ય બીજા ભવમાં ભોગવે છે. આહાહા..!

પેલાને માથે તાંબાના (પતરા) પડ્યા ને મરી ગયો તો કેવું થતું હશે? લોઢાનો માલ લેવા આવેલો. એમાં કોણ જાણે ક્યાંથી તાંબાના (પતરા પડ્યા). એને પતરાનો મોટો વેપાર છે. એકદમ આમ ઢસડીને માથે પડ્યા. આહાહા..! અકસ્માત એમ કહેવાય છે. અકસ્માત છે નહિ, એ સમયે એ થવાનું જ હતું. આહાહા..! એને કોઈ રોકી શકે, કે અરે..રે..! આમ કર્યું હોત તો આમ થાત ને આમ કર્યું હોત તો આમ થાત, એ બધું ગપેગપ છે. આહાહા..! જે સમયે જે... એ તો માથે કીધું ને?

**'પ્રતિસમયે સંભવતા અગુરુલઘુગુણના પરિણામ દ્વારા...'** પહેલી લીટીમાં (છે). આહાહા..! જે સમયે જે પર્યાય થવાની.. આહાહા..! તે **'અગુરુલઘુગુણના પરિણામ દ્વારા ક્ષણિક હોવાથી...'** એ પરિણામ અપેક્ષાએ ક્ષણિક છે અને અચલિત રહેવાની અપેક્ષાએ નિત્ય છે. વસ્તુ અચલિત તેનો તે આત્મા છે. નરકમાં હતો તે એ છે. આ કીડી, કાગડામાં ગયો છે એ માણસ હતો ને કીડી, કાગડે ગયો છે. આહાહા..! ભવનો ભય લાગવો જોઈએ, વાત એ છે. આહાહા..!

**'વૃત્ત્યંશોનું (પર્યાયોનું) ક્ષણિકપણું હોવા છતાં, વૃત્તિમાન (પર્યાયી)...'** પર્યાયવાન પદાર્થ **'જે ચૈતન્યચમત્કાર (આત્મા) તે તો ટંકોત્કીર્ણ (નિત્ય) જ અંતરંગમાં પ્રતિભાસે છે.'** ભગવાન તો નિત્ય છે, શુદ્ધ છે, ધ્રુવ છે એ પર્યાયમાં પ્રતિભાસે છે. પર્યાય પર્યાયને જોવે તો પ્રતિભાસ થતો નથી. પર્યાય પર્યાયને જોવે તો પ્રતિભાસ થતો નથી. અનાદિકાળથી પર્યાય પર્યાયને જોવે છે. અવસ્થા બદલે છે તેની ઉપર અનાદિની અજ્ઞાનીની રમતું છે. આહાહા..! પણ એ પર્યાય બદલીને પર્યાયનું લક્ષ અંદર દ્રવ્ય ઉપર કરે, ધ્રુવ ધ્રુવ, જેના ઉપર (પર્યાય) તરતી છે તે કોણ છે? આહાહા..! પર્યાય ઉપર તરતી છે, વસ્તુ છે એ અંદર ધ્રુવ છે. એ કહે છે, કે ધ્રુવ પ્રતિભાસે છે. આહાહા..! આવ્યું ને?

**'મનુષ્યપર્યાયમાં જે જીવદ્રવ્યે શુભાશુભ કર્મ કર્યાં, તે જ જીવદ્રવ્યે દેવાદિ પર્યાયમાં પોતે કરેલાં કર્મનું ફળ ભોગવ્યું.'** આહાહા..! અહીંયાં માંસ અને દારૂ ખાધા એ મરીને નરકમાં જાય, ન્યાં ફળ ભોગવે. એ દ્રવ્ય તો એનું એ છે, પર્યાય બદલી છે. આહાહા..! ચોરી કરે એનું ફળ પછી રાજમાં દંડ મળે છે. એ જીવને મળે છે કે બીજા જીવને? ભલે જે પર્યાયે ચોરી કરી તે પર્યાય રહી નહી, તે પર્યાય બદલી ગઈ. એ અપેક્ષાએ બીજી પર્યાયે ભોગવ્યું. પણ દ્રવ્ય અપેક્ષાએ તો જે દ્રવ્યે કરી હતી તે દ્રવ્ય ત્યાંનું ત્યાં જ છે. આહાહા..!

એક ફેરી 'રાજકોટ' માં ગયા હતા ને? બધા જેલરોએ કહ્યું કે, અમારે મહારાજના દર્શન કરવા છે. હમણાં ક્યાંક હતું ને? ક્યાં? એ લોકોએ સાંભળેલું કે મહારાજ આવ્યા છે. અહીં અમને જેલમાં દર્શન દેવા દે. ત્યાં તો ના પાડી, કીધું, હવે બહુ શરીર કામ કરતું નથી. પણ 'રાજકોટ' માં જેલમાં ગયા હતા. ત્યાં જેલમાં પણ પહેલા આની કોરના બારણા બંધ કરે. બધા ભેગા થયા. લૂંટારા-બુંટારા બધા મોટા કેવા ડાકુ બધા ભેગા થયા. દસ મિનિટ બધું એને સંભળાવ્યું. સાંભળતા હતા, બધું સાંભળતા હતા. એ પણ એવા પાપ કરેલા પણ સરકારે ત્યાં છૂટ આપી. મોટા પાપીઓને મહિનો, બે મહિનો, ચાર મહિના ઘરે જાવું હોય તો જાય પણ પાછું અહીં આવીને રહે. 'રાજકોટ' માં છે. બધા સાંભળે બિચારા. કાંઈક મૂક્યું હતું. નહિ? એના તરફથી. હાર.. હાર મૂક્યો હતો. ડાકુઓ બધા, ઘણા જેલરો હતા. બીજી જેલમાં પણ ક્યાંક ગયા હતા. આ 'રાજકોટ' નહિ. દૈગંબલ, સાગર પાસે, ત્યાં ગયા હતા. આ તો 'રાજકોટ' ગયા હતા ત્યારે જેલમાં ગયા હતા. ત્યાં જેલમાં ઉપર લખેલું, અજ્ઞાન તે દુઃખ છે. એટલે જેલરોને કીધું ભાઈ! આ અજ્ઞાનપણે પાપ કર્યા એના ફળ છે, ભાઈ! 'રાજકોટ' જેલમાં ગયા હતા. અને પેલું કેવું કીધું? દૈગંબલ, સાગર પાસે, ત્યાં ગયા હતા. ત્યાં મુમુક્ષુ છે. એને ખબર પડી કે મહારાજ અહીં આવ્યા છે. પછી અંદર ગયા હતા. હમણાં કોઈક કહેવા આવ્યું હતું, મહારાજ! તમારા દર્શન જેલમાં કરવા છે. કહેવડાવ્યું હતું. આહાહા..! પણ એણે બિચારાએ પાપ કર્યા હોય અને અહીં ભોગવવા પડે. આહાહા..! તો દ્રવ્ય તરીકે તો એનું એ છે. જેણે કર્યું છે એ જ ભોગવે છે. પર્યાય તરીકે બીજી પર્યાય છે. જે પર્યાયે કરી એ પર્યાય તો ગઈ, બીજી પર્યાય ભોગવે. બીજી પર્યાય ભોગવે એટલે કંઈ દ્રવ્ય બીજું (થઈ) જાય છે? આહાહા..!

**'આ રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતરૂપ સિદ્ધ હોવા છતાં,...'** છેલ્લો પેરેગ્રાફ. **'જે જીવ શુદ્ધનયને સમજ્યા વિના...'** શુદ્ધનયને એનો અર્થ ત્રિકાળી અભેદ–ગુણ-ગુણીના ભેદ પણ જેનો વિષય નહિ એવો શુદ્ધનય એટલે જ્ઞાન, શુદ્ધ જ્ઞાનનો વિષય ત્રિકાળી ભગવાનઆત્મા છે. એમાં ભેદ નથી, અભેદ વિષય છે. સમ્યગ્દર્શન થતાં તે અભેદની દૃષ્ટિ કરે છે. આહાહા..! અહીં કહે છે, **'જીવ શુદ્ધનયને સમજ્યા વિના...'** શાસ્ત્રએ શુદ્ધનય કીધી છે પણ એને કઈ રીતે સમજવી એ સમજ્યા વિના **'શુદ્ધનયના લોભથી...'** એમ કે એકમાં બીજું જોડવું એ ઉપાધિ થઈ જાય છે. એના લોભથી **'વસ્તુના એક અંશને (–વર્તમાન કાળમાં વર્તતા પર્યાયને) જ વસ્તુ માની ઋજુસૂત્રનય...'** ઋજુ એટલે સીધો. વર્તમાન પર્યાય છે તેને માનવી તે ઋજુ. ઋજુ–સરળ, સીધી. આડીઅવળી ભૂત-ભવિષ્યને માનવી એનું નામ ઋજુસૂત્ર નહિ. આહાહા..! **'વિષયનો એકાંત પકડી...'** એ ઋજુસૂત્રનયનો વિષય એક સમયની પર્યાય છે. સાત નય છે. એટલું બધું ક્યાં (સમજે)? નૈગમ, સંગ્રહ, વ્યવહાર આદિ. સમભિરૂઢ, શબ્દ, એવંભૂત, ઋજુસૂત્ર. (એમ) સાત નય છે.

નય એટલે જ્ઞાનનો અંશ. એ દ્વારા જોવાની રીત. એમાં ઋજુસૂત્રનયની જોવાની રીત એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાયને જ માને, જાણે, બસ! આહાહા..! એ **'ઋજુસૂત્રનયના વિષયનો એકાંત પકડી એમ માને છે કે જે કરે છે તે જ ભોગવતો નથી...'** એમ માને છે. જે કરે છે એ નથી ભોગવતો. પેલી બીજી પર્યાય છે ને? પર્યાય બદલીને? આહાહા..! **'અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી...'** કારણ કે ભોગવવાની પર્યાય ભિન્ન છે અને કરવાની પર્યાય ભિન્ન થઈ ગઈ છે. એમ માનતાં **'વિષયનો એકાંત પકડી એમ માને છે કે જે કરે છે તે જ ભોગવતો નથી અન્ય ભોગવે છે, અને જે ભોગવે છે તે જ કરતો નથી, અન્ય કરે છે' તે જીવ મિથ્યાદૃષ્ટિ છે,...'** એની દૃષ્ટિ જૂઠી છે, જૂઠી છે. જૂઠાણને સેવે છે. આહાહા..! મિથ્યા. જેવું વસ્તુનું સ્વરૂપ છે એ રીતે જેની માન્યતા નથી એ જૂઠા ભાવને સેવે છે અને એને લઈને ચાર ગતિમાં રખડીને મરશે. આહાહા..! આવું આકરું બધું. પેલું તો કેવું સહેલું હતું. સામાયિક કરે, પોષા કરે, એક કાને સાંભળવા જાય, ધર્મ થઈ જાય, લ્યો! ધૂળેય ધર્મ થાય નહિ. જિંદગી ચાલી જશે, બાપા! આહાહા..!

**'અર્હંતના મતનો નથી;....'** જે એક સમયની પર્યાય (છે), એનો એ પર્યાય બીજે સમયે, પછીના સમયે બીજી પર્યાય ભોગવે તો પર્યાય ભોગવે એને જ એ પર્યાય માને. પણ એમાં દ્રવ્ય જે ત્રિકાળ ભેગું છે એને ન માને એ મિથ્યાદૃષ્ટિ છે. એ અર્હંતના મતનો નથી. જિનવરદેવ ત્રિલોકનાથ અરિહંતના મતનો એ નથી. **'કારણ કે, પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે;...'** પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર છે. કાયમ જે છે. કાલે હતો એ આજે છે, આજે છે એ કાલે રહેશે. આહાહા..! એને ખબર નથી સાંઈઠ-સીત્તેર વર્ષ ગયા એને ખબર નથી, સાંઈઠ વર્ષ પહેલા આ હતું. સાંઈઠ વર્ષ પહેલાં આ ઠેકાણે આ હતું, ભણતો હતો. એ બધું કોણ (જાણે છે)? આત્મા નિત્ય છે ત્યારે યાદ આવે છે કે ક્ષણિક હોય તો યાદ આવે? આહાહા..!

**'પર્યાયોનું ક્ષણિકપણું હોવા છતાં, દ્રવ્યરૂપ ચૈતન્યચમત્કાર તો અનુભવગોચર નિત્ય છે; પ્રત્યભિજ્ઞાનથી જણાય છે...'** પ્રત્યભિ એટલે આ છે તે હતું. એમ હોવાથી **'બાળક અવસ્થામાં જે હું હતો...'** આહાહા..! **'તે જ હું તરુણ અવસ્થામાં હતો...'** પહેલા જે હું હતો તે જ હું છું. આહાહા..! **'અને તે જ હું વૃદ્ધ અવસ્થામાં છું.** આહાહા..! **આ રીતે જે કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે...'** કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે. આહાહા..! એ આત્મા નિત્યાનિત્ય છે. એકાંત નિત્ય પણ નહિ, એકાંત અનિત્ય પણ નહિ. એ નિત્યાનિત્યને યથાર્થ માને. આહાહા..! **'કથંચિત્ નિત્યરૂપે અનુભવગોચર છે–સ્વસંવેદનમાં આવે છે...'** આહાહા..! આત્મા જ્ઞાનથી આ જ્ઞાન.. આ જ્ઞાન.. આ જ્ઞાન એ જ્ઞાનમાં વેદન આવે છે. આહાહા..! **'અને જેને જિનવાણી પણ એવો જ ગાય છે,...'** વસ્તુ એવી છે અને જિનવાણી એમ કહે છે. આહાહા..! **'તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે એમ જાણવું.'** આહાહા..! હવે શ્લોક આવ્યો. શ્લોક છે ને?

## શ્લોક–૨૦૮

(शार्दूलविक्रीडित)

आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः
कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः।
चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतै-
रात्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः।।२०८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ आत्मानं परिशुद्धम् ईप्सुभिः परैः अन्धकैः ] આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ- [ पृथुकैः ] બાલિશ જનોએ (બૌદ્ધોએ)- [ काल-उपाधि-बलात् अपि तत्र अधिकाम् अशुद्धिम् मत्वा ] કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને [ अतिव्याप्ति प्रपद्य ] અતિવ્યાપ્તિને પામીને, [ शुद्ध-ऋजुसूत्रे रतैः ] શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા [ चैतन्यं क्षणिकं प्रकल्प्य ] ચૈતન્યને ક્ષણિક કલ્પીને, [ अहो एषः आत्मा व्युज्झितः ] આ આત્માને છોડી દીધો; [ निःसूत्र-मुक्ता-ईक्षिभिः हारवत् ] જેમ હારમાંનો દોરો નહિ જોતાં કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.

ભાવાર્થ :– આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઇચ્છક એવા બૌદ્ધોએ વિચાર્યું કે- ‘આત્માને નિત્ય માનવામાં આવે તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે તેથી ઉપાધિ લાગી જશે; એમ કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે.’ આ દોષના ભયથી તેઓએ શુદ્ધ ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન સમય તેટલો જ માત્ર (-ક્ષણિક જ-) આત્માને માન્યો અને નિત્યાનિત્યસ્વરૂપ આત્માને ન માન્યો. આમ આત્માને સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ; માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ; પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.

મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે; જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરા સહિત દેખતો નથી-માત્ર મોતીને જ જુએ છે, તે છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે, હારને છોડી દે છે; અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી અને સમયે સમયે

**વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય કલ્પીને, ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે (અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયસ્વરૂપ માનતા નથી-માત્ર ક્ષણિક પર્યાયરૂપ જ માને છે), તેઓ આત્માને છોડી દે છે; અર્થાત્ તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી. ૨૦૮.**

## શ્લોક-૨૦૮ ઉપર પ્રવચન

आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः
कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः।
चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतै-
रात्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः।।२०८।।

**'આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ-બાલિશ જનોએ (બૌદ્ધોએ)- કાળની ઉપાધિના કારણે...'** આહાહા..! અત્યારે છે અને પછી પણ રહેશે, આ શું પણ ઉપાધિ? વર્તમાન બસ એક જ બરાબર છે. 'ગોરણ ગાડા ભરે' પછી. આપણે (કહેવત) ચાલે છે. પછીનું શું? 'ગોરણ ગાડા ભરે' અત્યારે કરો ને. આહાહા..! એમ વર્તમાન જ માનનારા બૌદ્ધ લોકોની પેઠે.. આહાહા..! **'आत्मानं परिशुद्धम्' 'આત્માને સમસ્તપણે શુદ્ધ ઇચ્છનારા બીજા કોઈ અંધોએ- पृथुकै બાલિશ જનોએ (બૌદ્ધોએ)- काल उपाधि કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને...'** શું કહ્યું? કે આત્મા છે પણ ત્રણ કાળ છે તે ઉપાધિ છે. આહાહા..! એને ત્રણ કાળ લગાડવા એમાં એકરૂપ ન રહ્યું. એની એ માન્યતા છે. એકરૂપ છે એ શુદ્ધ, બે રૂપ (થાય એટલે) બગડે. બગડે બે. એમ એણે માન્યું છે. આહાહા..!

**'કાળની ઉપાધિના કારણે પણ આત્મામાં અધિક અશુદ્ધિ માનીને અતિવ્યાપ્તિને પામીને,...'** આહાહા..! **'શુદ્ધ ઋજુસૂત્રનયમાં રત થયા થકા...'** વર્તમાન પર્યાયને જ માનનારા. ઋજુસૂત્ર એટલે વર્તમાન પર્યાય. **'ચૈતન્યને ક્ષણિક કલ્પીને,...'** ચૈતન્યને તો ક્ષણિક કલ્પ્યો. **'अहो एषः आत्मा व्यज्झितः'** એણે આત્માને છોડી દીધો. પર્યાયને માનવાવાળાએ ત્રિકાળી આત્માને છોડી દીધો. આહાહા..! ઘણા એમ કહે છે, કે અત્યારે થવાનું હોય તે થાય છે, ભવિષ્યનું શું કામ છે? અત્યારે કરો ને, ભવિષ્યનું થાવું હશે તે થશે. એ બધા બૌદ્ધ જ છે.

**'જેમ હારમાંનો દોરો નહિ જોતાં...'** દોરા વિના મોતી દેખે એને હાર ન દેખાય. આહાહા..! એમ નિત્ય દેખ્યા વિના આત્માનું નિત્યપણું ન જણાય. **'કેવળ મોતીને જ જોનારાઓ હારને છોડી દે છે તેમ.'** એકલા મોતીને દેખે પણ હાર આમ સૂતરથી આખો ભરેલો છે, સૂતરનો

દોરો અંદર સળંગ છે. એમ એક એક પર્યાય ભિન્ન છે પણ બધી પર્યાયમાં દોરો નિત્ય તો સળંગ આત્મા છે. દરેક પર્યાયમાં અનાદિઅનંતમાં આત્મા તો નિત્ય છે. એ નિત્યને એ માનતા નથી અને છોડતા નથી એ અજ્ઞાની આંધળા છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૦૪ શ્લોક–૨૦૮ થી ૨૧૦ શનિવાર, જ્યેષ્ઠ વદ ૯, તા. ૦૭-૦૬-૧૯૮૦

---

'સમયસાર' ૨૦૮ કળશનો **ભાવાર્થ :– 'આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઇચ્છક,...'** બૌદ્ધ. **'આત્માને સમસ્તપણે શુદ્ધ માનવાના ઇચ્છક...'** બધી રીતે શુદ્ધ (માનવાના ઇચ્છક). છે તો શુદ્ધ ત્રિકાળ. પણ એને એમ લાગે કે, ત્રણ કાળ લગાડવા એ ઉપાધિ છે. આહાહા..! એ તો એનું સ્વરૂપ છે, ત્રિકાળી નિત્ય છે. **'એવા બૌદ્ધોએ વિચાર્યું કે-'આત્માને નિત્ય માનવામાં આવે તો નિત્યમાં કાળની અપેક્ષા આવે છે...'** ત્રિકાળ આવે ને? ત્રિકાળ. કાળની અપેક્ષા. કાળની અપેક્ષા આવે માટે અશુદ્ધ છે. માટે નિત્ય નહિ, અને ક્ષણિક છે. આહાહા..!

**'તેથી ઉપાધિ લાગી જશે;...'** નિત્ય કહેતા ત્રિકાળની ઉપાધિ એને લાગશે. **'એમ કાળની ઉપાધિ લાગવાથી આત્માને મોટી અશુદ્ધતા આવશે...'** એમ માને છે. અત્યારે મોટો પંથ છે. 'ચીન' માં એકલો બૌદ્ધ જ પંથ છે. **'અને તેથી અતિવ્યાપ્તિ દોષ લાગશે.''** એમ કહે છે. જે છે વસ્તુ એને કાળ, ત્રિકાળ જો લાગુ પાડો તો અતિવ્યાપ્તિ થઈ જશે. પોતા કરતા બીજો કાળ લાગુ પાડે, ત્રિકાળ એટલે અતિવ્યાપ્તિ દોષ આવશે. **'આ દોષના ભયથી તેઓએ શુદ્ધ ૠજુસૂત્રનયનો વિષય...'** ખરેખર તો જે એક સમયની પર્યાય છે એ શુદ્ધ ૠજુસૂત્ર સીધો જોવે એવા ૠજુસૂત્રનયનો વિષય. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ૠજુ. ચોથી નય છે.

એનો **'વિષય જે વર્તમાન સમય તેટલો જ માત્ર...' 'વર્તમાન સમય તેટલો જ માત્ર (-ક્ષણિક જ-) આત્માને માન્યો અને નિત્યાનિત્યસ્વરૂપ આત્માને ન માન્યો.'** નિત્ય છે ને પર્યાય પલટે છે એમ એણે ન માન્યું. **'આમ આત્માને સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ;...'** શકે. નિત્ય-અનિત્ય છે ને એને અનિત્ય--ક્ષણિક જ માનવો એને વસ્તુની પ્રાપ્તિ નહિ થઈ શકે. **'સર્વથા ક્ષણિક માનવાથી તેમને નિત્યાનિત્યસ્વરૂપ-દ્રવ્યપર્યાયસ્વરૂપ સત્યાર્થ આત્માની પ્રાપ્તિ ન થઈ; માત્ર ક્ષણિક પર્યાયમાં આત્માની કલ્પના થઈ;...'** વર્તમાન એક ક્ષણિક પર્યાય છે એટલો હું છું. પછી વળી બીજો છે ને નિત્ય છે એ કોણ? આહા! **'પરંતુ તે આત્મા સત્યાર્થ નથી.'** એ માને છે તે આત્મા સાચો નથી.

**'મોતીના હારમાં, દોરામાં અનેક મોતી પરોવેલાં હોય છે;...'** મોતીના હારમાં મોતી પરોવેલા હોય. **'જે માણસ તે હાર નામની વસ્તુને મોતી તેમ જ દોરા સહિત દેખતો નથી...'**

મોતી અને દોરો એમ બે દેખતો નથી **'માત્ર મોતીને જ જુએ છે,...'** એકલા એક જ મોતી, એક.. એક.. એક (જુએ છે). આહા..! **'તે છૂટા છૂટા મોતીને જ ગ્રહણ કરે છે, હારને છોડી દે છે;** આહાહા..! **અર્થાત્ તેને હારની પ્રાપ્તિ થતી નથી.'** એક એક મોતીને ગ્રહણ કરનારને આખો હાર હાથ આવતો નથી.

તેમ **'તેવી રીતે જે જીવો આત્માના એક ચૈતન્યભાવને ગ્રહણ કરતા નથી...'** ચૈતન્ય ભાવ ત્રિકાળ એને ગ્રહણ કરતા નથી, એને માનતા નથી **'અને સમયે સમયે વર્તનાપરિણામ ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય રીતે કલ્પીને, ઋજુસૂત્રનયનો વિષય જે વર્તમાન-સમયમાત્ર...'** વર્તમાન સમયમાત્ર પર્યાય એ જ આત્મા. ભૂત અને ભવિષ્ય બે લગાડશો તો ઉપાધિ લાગશે. આહાહા..! એવો મત છે. મોટો મત છે. 'ચીન' બાજુમાં (ચાલે છે). **'અને સમયે સમયે વર્તનાપરિણામરૂપ ઉપયોગની પ્રવૃત્તિને દેખી આત્માને અનિત્ય કલ્પીને, ઋજુસૂત્રનયનો વિષય જે વર્તના-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે (અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયસ્વરૂપ માનતા નથી....'** આહા..! એવા કેટલાકે તો વિચાર પણ કર્યા ન હોય. દ્રવ્ય શું ને વળી પર્યાય શું? આહા..!

મુમુક્ષુ :- દ્રવ્ય એટલે પૈસો.

ઉત્તર :- પેલો કહેતો'તોને. દ્રવ્ય એટલે પૈસો, પૈસાનું શું કામ છે? પૈસો એ અનંત દ્રવ્ય છે. પૈસો એક દ્રવ્ય નથી, એ અનંતા પરમાણુ છે. એ દરેક પરમાણુ દ્રવ્ય છે. આહાહા..! અહીં તો આત્માની વાત ચાલે છે.

**'જે વર્તમાન-સમયમાત્ર ક્ષણિકપણું તેટલો જ માત્ર આત્માને માને છે (અર્થાત્ જે જીવો આત્માને દ્રવ્યપર્યાયરૂપ માનતા નથી-માત્ર ક્ષણિક જ પર્યાય માને છે), તેઓ આત્માને છોડી દે છે;...'** હારને જોનારા એકલા મોતીને જ જુએ છે પણ હારને આખો જોતા નથી. એમ એક જ પર્યાય વર્તમાન છે એને જુએ છે પણ એમાં આત્માનું સળંગ નિત્યપણું છે તેને જોતા નથી. આહાહા..! આ તો બૌદ્ધની તો વાત કરી, હોં! બાકી તો મોટો ભાગ પર્યાયને માને એ વર્તમાન દેખાય એ અવસ્થા. ત્રિકાળી ધ્રુવ છે એ તો દેખાતો નથી. આહાહા..! એ તો અદ્રશ્ય છે. એથી વર્તમાન પર્યાયને માનીને બધું ચાલે. ભલે બોલે એમ કો'ક કહે તો નિત્ય આત્મા છે. પણ નિત્ય શું છે? નિત્ય કેમ છે એની ખબર નથી. **'તેઓ આત્માને છોડી દે છે; અર્થાત્ તેમને આત્માની પ્રાપ્તિ થતી નથી.'** ૨૦૮ (શ્લોક પૂરો) થયો. ૨૦૯.

# શ્લોક–૨૦૯

(शार्दूलविक्रीडित)

कर्तुर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा
कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम्।
प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या क्वचि-
च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः।।२०९।।

હવેના કાવ્યમાં આત્માનો અનુભવ કરવાનું કહે છે :-

શ્લોકાર્થ :– [ कर्तुः च वेदयितुः युक्तिवशतः भेदः अस्तु वा अभेदः अपि ] કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો, [ वा कर्ता च वेदयिता मा भवतु ] અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો; [ वस्तु एव सञ्चिन्त्यताम् ] વસ્તુને જ અનુભવો. [ निपुणैः सूत्रे इव इह आत्मनि प्रोता चित्-चिन्तामणि-मालिका क्वचित् भेत्तुं न शक्या ] જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી, તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા પણ કદી કોઈથી ભેદી શકાતી નથી; [ इयम् एका ] એવી આ આત્મારૂપી માળા એક જ, [ नः अभितः अपि चकास्तु एव ] અમને સમસ્તપણે પ્રકાશમાન હો (અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).

ભાવાર્થ :– આત્મા વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયાત્મક છે; તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી; એમ ભેદ-અભેદ હો. અથવા ચિન્માત્ર અનુભવમાં ભેદ-અભેદ શા માટે કહેવો? (આત્માને) કર્તા-ભોક્તા જ ન કહેવો, વસ્તુમાત્ર અનુભવ કરવો. જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ-વિકલ્પ નથી, તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી, આચાર્ય મહારાજ કહે છે કે-એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો. ૨૦૯.

## શ્લોક-૨૦૯ ઉપર પ્રવચન

कर्तृर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोऽपि वा
कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव सञ्चिन्त्यताम्।
प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या ककचि-
च्चिच्चिन्तामणिमालिकेयमभितोऽप्येका चकास्त्वेव नः।।२०९।।

શું કહે છે? ‘कर्तुः च वेदयितुः युक्तिवशतः भेदः अस्तु वा अभेदः अपि’ **‘કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો...’** કે, જે સમયે કરે છે તે પર્યાય ભોગવતી નથી. અને જે એ દ્રવ્ય છે એ કરે છે, દ્રવ્ય ભોગવે છે. એવું કર્તા ને ભોક્તાનું ભલે હો. આ રીતે હો. જે પર્યાય કરે તે પર્યાય ભોગવે નહિ પણ દ્રવ્ય તરીકે જે દ્રવ્યની પર્યાય છે, જે દ્રવ્ય કરે છે તે દ્રવ્ય ભોગવે છે. એટલે **‘કર્તાનો અને ભોક્તાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો,...’** આહાહા..! જે કર્તા છે તે જ ભોક્તા છે એમ માનો. **‘वा कर्ता च वेदयिता मा भवतु’ ‘અથવા કર્તા અને ભોક્તા બન્ને ન હો;...’** આહાહા..! પર્યાય છે એ કરે છે, બીજી પર્યાય ભોગવે છે એટલે કર્તા-ભોક્તા એ ન હો.

**‘वस्तु एव सञ्चिन्त्यताम्’** હવે બધી ચિંતા મુકી દે ને. **‘વસ્તુને જ અનુભવો.’** આહાહા..! કર્તા હો એ પણ ઠીક છે, ભોક્તા બીજો છે એ પણ ઠીક છે, એનો એ કર્તા ને એનો એ ભોક્તા દ્રવ્યથી એ પણ ઠીક છે. કર્તા હો કે ન હો પણ વસ્તુ જે છે એનો અનુભવ કરો. આહા..! **‘વસ્તુને જ અનુભવો.’** સચ્ચિદાનંદ આત્મા જ્ઞાન સ્વરૂપી પ્રભુ આનંદમૂર્તિ આત્મા એનામાં ત્રિકાળ આનંદ અતીન્દ્રિય પડ્યો છે. જેમ એનામાં અતીન્દ્રિય જ્ઞાન ત્રિકાળ પડ્યું છે, તેમ એનામાં વીર્ય-પુરુષાર્થ ત્રિકાળી અનંતો પડ્યો છે. એવા આત્માને અનુભવો. આહાહા..! ત્યારે એને ધર્મ થાય.

**‘વસ્તુને જ અનુભવો.’** વસ્તુ થઈ અને અનુભવવો એટલે પર્યાય થઈ. બેય આવી ગયું. ત્રિકાળી વસ્તુ પણ છે અને એનો અનુભવ થવો એ પર્યાય છે. એટલે બેય આવી ગયું. પર્યાય આવી ને વસ્તુ પણ આવી. આહા..! **‘જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા...’** મણિની માળામાં દોરો પરોવેલો. આહા..! **‘મણિઓની માળા ભેદી શકાતી નથી,...’** દોરામાં પરોવેલા મણિઓ એ મણિને જુદું જો એકને તોડવા જાય તો હાર આખો તૂટી જાય છે. આખો હાર એને હાથ લાગતો નથી. એમ આત્મામાં એક પર્યાય પકડવા જાય તો એની દૃષ્ટિમાં ત્રિકાળી દ્રવ્યનો નાશ થાય છે. આહાહા..!

**‘માળા ભેદી શકાતી નથી, તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા...’**

આહાહા..! સમય સમયની પર્યાયમાં પણ ચૈતન્ય ચિંતામણિ રત્ન એ તો પરોવાયેલું નિત્ય છે. છે? આહાહા..! **'પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિ...'** એ ચિંતામણિ છે. ચૈતન્ય નિત્ય ચિંતામણિ તેની દરેક પર્યાયમાં વ્યાપે છે. આહાહા..! આવો વિચાર ક્યારે કરે? ઓઘે ઓઘે જિંદગી ચાલે છે. આ તો વસ્તુ અને એની પર્યાય, એ પર્યાયમાં ચિંતામણિ રત્ન પ્રભુ નિત્ય પરોવાયેલ છે. સાથે સાથે જ છે. પર્યાય ગઈ એટલે પોતે કંઈ ગયો આખો એમ નથી. આહાહા..!

**'ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી,...'** ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી, હોં! આહાહા..! એમ ડાહ્યા પુરુષોએ સમય સમયની પર્યાયમાં ચૈતન્ય ચિંતામણિ પરોવાયેલ જે ધ્રુવ છે... આહાહા..! (એને) કદી છોડતો નથી. **'એવી આ આત્મારૂપી માળા એક જ,...'** આહાહા..! આચાર્ય મહારાજ કહે છે, અમને તો **'આત્મારૂપી માળા એક જ, અમને સમસ્તપણે પ્રકાશમાન હો...'** પર્યાય છે ભલે, ત્રિકાળી અમારો આત્મા ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ એ અમને પ્રકાશમાન હો. આહાહા..! કર્તા હો, પર્યાયે ભોક્તા બીજો હો, એનો એ આત્મા કર્તા હો ને ભોક્તા હો, જેમ છે એમ છે. અમને તો એ આત્મા છે એ હાથ આવો, બસ! આહા..!

**'આત્મારૂપી માળા એક જ, અમને સમસ્તપણે પ્રકાશમાન હો...'** આહાહા..! જોયું? શાસ્ત્રનું જ્ઞાન હો કે ફલાણુ હો કે એ પણ નથી કહ્યું. આહાહા..! અમને તો ચિંતામણિ ભગવાન નિત્ય વસ્તુ જે છે એ અમને પ્રાપ્ત હો, બસ! એ પ્રાપ્ત હો એમાં પર્યાય આવી ગઈ. આહાહા..! **'સમસ્તપણે પ્રકાશમાન હો (અર્થાત્ નિત્યત્વ અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી...)'** પર્યાયથી તે અનિત્ય છે, વસ્તુથી તે નિત્ય છે એવા રાગના વિકલ્પના ભેદને છોડી, વિકલ્પને છોડી દે. વસ્તુ તો છે એ છે. આહાહા..!

**'(આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).'** કરવાનું આ છે. ફરી ફરીને ભગવાન નિત્યાનંદ પ્રભુ, (તેનો) નિર્વિકલ્પ અનુભવ કરવો એ એક જ ચીજ છે. આહાહા..! બીજા ગમે એટલા જાણપણા હો કે ન પણ હો એની સાથે કાંઈ સંબંધ નથી. ચિદાનંદ ભગવાન નિત્યાનંદ પ્રભુ... આહાહા..! અમને એ પ્રાપ્ત હો. 'પ્રવચનસાર'માં તો કહ્યું છે ને? અમને આ પ્રાપ્ત હો. વિશેષ જ્ઞાનથી અલમ્. આહાહા..! છે ને? વિશેષ જ્ઞાન બહુ કરવું, એમાં રોકાવું બસ છે હવે. અમને તો આત્મા ત્રિકાળી આનંદનો નાથ એનો અનુભવ એક જ રહો, હો. બીજું કાંઈ જોતું નથી. આહા..! જાણપણું જાજું કરીને જગતને બતાવવું છે (એમ નથી). આહાહા..!

મુમુક્ષુ :- જગત ક્યાં નવરું છે જોવાને.

ઉત્તર :- આ તો એમ કે લોકો ઓળખે તો માન આપે, ગણતરીમાં ગણાય. આહાહા..! એ તો સંસાર છે, એ તો બીજી રીતનો સંસાર છે.

અહીં કહે છે, અમારે કાંઈ જોઈતું નથી. અમારે કર્તા-ભોક્તા ઇ હો ને કર્તા-ભોક્તા

ન હો, ગમે તે (ભેદ) લાગુ પડતા હો એને, પણ અમારે તો ચૈતન્ય ચિંતામણિ માળા ધ્રુવ છે એ એક જ અનુભવમાં હો, બસ! આહાહા..! અનુભવમાં હો એ પર્યાય આવી. ચિંતામણિ ત્રિકાળી એ નિત્ય આવ્યું. ત્રિકાળી આત્મા છે એનો અનુભવ હો, એમાં પર્યાય આવી. એટલે પર્યાય ને દ્રવ્ય બેય આવી ગયું. આહાહા..! **'નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો).'** આહાહા..! છે તો ખરો, અનુભવ તો મુનિ આચાર્ય છે ને! એ ૨૦૯ કળશનો અર્થ થયો.

**ભાવાર્થ :– 'આત્મા વસ્તુ હોવાથી,...'** આત્મા વસ્તુ હોવાથી–આત્મા હયાતીવાળી ચીજ હોવાથી. આહાહા..! આત્મા અસ્તિત્વ–છે હોવાપણે હોવાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. વસ્તુ હોવાથી, એની હયાતી હોવાથી, મોજૂદગી હોવાથી એ દ્રવ્યપર્યાયસ્વરૂપ છે. દ્રવ્ય નામ નિત્ય ત્રિકાળ અને વર્તમાન પર્યાય એ બે થઈને જ એ વસ્તુ છે. આહાહા..! અત્યારે તો આ જ્ઞાન કરાવવું છે ને. દૃષ્ટિનો વિષય છે એ તો અભેદ છે, ત્યાં તો દ્રવ્ય-પર્યાય કાંઈ બે નથી. સમ્યગ્દર્શનનો વિષય તો સમ્યગ્દર્શનની પર્યાય પણ નથી, એનો વિષય તો ધ્રુવ (છે). આહા..! એમાં પણ બે આવી ગયા. કારણ કે, વિષય કરનાર ને વિષય. વિષય કરનાર પર્યાય ને વિષય ધ્રુવ. આહાહા..!

આચાર્ય મહારાજ (કહે છે), **'વસ્તુ હોવાથી દ્રવ્યપર્યાયાત્મક છે; તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ...'** તેનું પરિણમન થાય છે, પર્યાય વિચાર બદલે છે એની **'અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે...'** જે પર્યાય કરે તે પર્યાય ભોગવે નહિ, અત્યારે એ સિદ્ધ કરવું છે. નિશ્ચયથી તો કર્તા-ભોક્તા એ સમયમાં જ છે પણ આ એક સમયની પર્યાયમાં જ્યારે પ્રતિકૂળ સંયોગ આવે ત્યારે એ બીજી પર્યાય ભોગવે છે એમ અહીં સિદ્ધ કરવું છે. ૧૦૨ ગાથામાં (એમ કહ્યું છે), જે સમયે કર્તા તે સમયે ભોક્તા વેદક. રાગનો કર્તા થાય તે વખતે દુઃખનું વેદન ભેગું છે. આહાહા..! રાગ, એ વિકલ્પનો કર્તા જે સમયે છે એ સમયે જ દુઃખનો અનુભવ છે. કારણ કે, રાગ, વિકલ્પ પોતે દુઃખરૂપ છે. આહાહા..! તેનું વેદન, કર્તાની સાથે વેદન સાથે છે, પણ અહીંયાં જરી કર્તા ને ભોક્તા જુદો (છે), પર્યાયદૃષ્ટિ જેવો છે. જે પર્યાય કરે તે ભોગવે નહિ, બીજી પર્યાય (ભોગવે), એમ આ અપેક્ષાએ. પેલી અપેક્ષા ખોટી છે એમ નહિ. અત્યારે આ અપેક્ષા છે. આહાહા..!

**'તેથી તેમાં ચૈતન્યના પરિણમનરૂપ...'** ચૈતન્યના પર્યાય–અવસ્થારૂપ, બદલતી દશારૂપ. **'ભેદોની અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે...'** કેમકે પર્યાય–અવસ્થા જે કરે છે તેની બીજી પર્યાય ભોગવે છે. એટલો ભેદ છે. આહાહા..! **'અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી;...'** ચિન જ્ઞાનમાત્ર, જ્ઞાન, જ્ઞાન, જ્ઞાનનો ગોળો, જ્ઞાનનો રસકંદ, જ્ઞાનનું એકલું જ્ઞાન સ્વરૂપ જ પ્રભુ તો છે. આહાહા..! એ તો જ્ઞાન ચિન્માત્ર સ્વરૂપ જ છે, જ્ઞાનમાત્ર (છે). એની અપેક્ષાએ જુઓ તો નિત્ય છે. આહા..! **'ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી;...'**

એમાં દ્રવ્યમાં ભેદ કેવો? પર્યાયની અપેક્ષાએ ભેદ છે. આહાહા..! વાત સાદી છે પણ દ્રવ્ય અને પર્યાયને સિદ્ધ કરવાની રીત છે. ઓઘે ઓઘે કોઈ માને તો બીજો કો'ક વળી બીજું મનાવે તો તરત ફરી જશે. અંતર સમજીને જે લોજીક ન્યાયથી સમજીને માનશે એ બીજાના કુતર્કથી નહિ ફરે ઇ. આખી દુનિયા ફરશે તોપણ નહિ ફરે. આ તો એમ ને એમ ઓઘે માન્યું હોય તો બીજો વળી બીજું કાંઈક કહે તો ન્યાય ફરી જાય. આ તો કહે, અમે અમારા અનુભવથી માનીએ છીએ. આહાહા..!

**'ચૈતન્યના પરિણમનરૂપ પર્યાયના ભેદોની અપેક્ષાએ તો કર્તા-ભોક્તાનો ભેદ છે અને ચિન્માત્ર દ્રવ્યની અપેક્ષાએ ભેદ નથી; એમ ભેદ-અભેદ હો.'** એમાં અમે કાંઈ ના નથી પાડતા. આહાહા..! વસ્તુ સ્વરૂપ જ એવું છે. **'અથવા ચિન્માત્ર અનુભવનમાં ભેદ-અભેદ શા માટે કહેવો?'** પર્યાયની અપેક્ષાએ ભેદ કહેવો. પણ એકરૂપ ચિદ્‌ઘન નિત્યાનંદ તે... તે... તે... તે... તે... તે સ્વભાવ કાયમ રહેનારો એને ભેદ શી રીતે કહેવો? આહાહા..! ભેદ તો પર્યાયમાં, નવી નવી અવસ્થા થાય એમાં ભેદ કહેવો, પણ જે એકરૂપ ત્રિકાળી ધ્રુવ નિત્ય કહો, ધ્રુવ કહો, સામાન્ય કહો. આહાહા..! એને ભેદ-અભેદ શા માટે કહેવો? અથવા ભેદ-અભેદ શા માટે વિકલ્પ ઉઠાવવો? એ તો ત્રિકાળ એકરૂપ ચૈતન્યમૂર્તિ છે. આહા..!

છે વાત સાદી પણ આ મૂળ વાત, મૂળ વાત સિદ્ધ કરે છે. આહા..! લોકોને એ વિચાર પણ કે દિ' આવ્યા હોય કે આ પર્યાય અનિત્ય છે ને દ્રવ્ય નિત્ય છે. નિત્ય છે એનો અનુભવ થાય એ પર્યાય કહેવાય. આહાહા..! ઓઘે ઓઘે માને એ કાંઈ માન્યું કહેવાય નહિ. યુક્તિથી, લોજીકથી તેની જે સ્થિતિ છે, વસ્તુની જે મર્યાદા છે એ મર્યાદા ખ્યાલમાં આવે એ રીતે માને તો એ બરાબર માન્યું કહેવાય. પણ વસ્તુની મર્યાદા છે, એ એને ખ્યાલમાં આવતી નથી અને ઓઘે ઓઘે માને એ માન્યતા સાચી નથી. આહાહા..! ઘણો ભાગ તો ઓઘે ઓઘે જ પડ્યો છે. આહા..! શું થાય?

**'(આત્માને) કર્તા-ભોક્તા જ ન કહેવો,...'** નિત્ય વસ્તુ છે એને કર્તા-ભોક્તા ન કહેવો. એ તો પર્યાય બદલે છે તેને કર્તા-ભોક્તા કહેવાય પણ ત્રિકાળી રહેનારો ભગવાન (છે) એમાં પલટન નથી. ત્રિકાળી ધ્રુવ છે વસ્તુ આત્મા નિત્યાનંદ પ્રભુ તેમાં પલટવું, બદલવું નથી. તેથી તેને ભેદ શી રીતે કહેવો? પલટવું નથી તેને ભેદ કેમ કહેવો? પલટે એને ભેદ કહેવાય. આહાહા..! કહો! આચાર્યોએ આ એક વાતને સિદ્ધ કરવા કેટલી વાત લખી છે!

**'વસ્તુમાત્ર અનુભવ કરવો.'** વસ્તુ ચિદાનંદ આનંદનો કંદ પ્રભુ, અનંત અનંત ગુણનો રાશિ–ઢગલો પ્રભુ, એનો અનુભવ કરવો. ભેદ-અભેદના વિકલ્પ છોડી દેવા. આહાહા..! કરવાનું ફરી ફરીને આ છે, જાણપણું કરે તોપણ આ છે અને આચરણ કરે બધા બહારની વ્રત આદિ તોપણ કરવાનું તો આ છે. એ વ્રત આચરણમાં કાંઈ છે નહિ. આહાહા..! વ્રત ને તપ ને એ આચરણમાં તો રાગ છે.

**'જેમ મણિઓની માળામાં મણિઓની અને દોરાની વિવક્ષા (એટલે કથનથી) ભેદ-અભેદ છે...'** માળામાં દોરાને જોઈએ તો એ નિત્ય છે અને માળાનો એક એક મણકો દેખે તો ભિન્ન ભિન્ન છે. આહાહા..! માળાનો દોરો જોઈએ તો એકરૂપ નિત્ય છે, માળાનો એક એક મણકો દેખે તો ભિન્ન ભિન્ન છે. એમ ભગવાનઆત્મા... આહાહા..! **'પરંતુ માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ-વિકલ્પ નથી,...'** માળામાત્ર ગ્રહણ કરતાં ભેદાભેદ એમાં નથી, નિર્વિકલ્પ.

**'તેમ આત્મામાં પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ-અભેદ છે...'** આહાહા..! આત્મામાં પર્યાયની અપેક્ષાએ ભેદ છે. ભિન્ન ભિન્ન પર્યાય થાય છે, વિચાર બદલે છે એ પર્યાય છે અને ત્રિકાળી રહેનાર તે નિત્ય છે. તો નિત્ય ને અનિત્ય બેય ભલે હો. છે. **'પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી.'** ભેદ-અભેદનો વિકલ્પ નથી. આહાહા..! વસ્તુ છે. નિત્ય પણ છે ને અનિત્ય પણ છે, અભેદ પણ છે ને ભેદ પણ છે પણ ભેદ-અભેદનો વિકલ્પ ન કરવો. આહાહા..! અનુભવ કરવામાં વિકલ્પ ન હોય. વિકલ્પ છે એ તો રાગ છે. ભેદ-અભેદ વસ્તુ ભલે હો પણ અનુભવ કરવામાં વિકલ્પની જરૂર નથી. આહાહા..! આ ધર્મ આવો.

આત્મામાં પર્યાયની અપેક્ષાએ ભેદ છે, દ્રવ્યની વિવક્ષાથી અભેદ છે. **'પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી. આચાર્ય મહારાજ કહે છે કે-એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો.'** અમારે કાંઈ જોઈતું નથી. આહાહા..! ભેદાભેદના વિકલ્પ જોતા નથી ને, આહાહા..! ભેદ ઉપર પણ અમારી દૃષ્ટિ જોતી નથી ને, એમ કહે છે. ભેદ છે. એ દૃષ્ટિ અભેદ ઉપર કરે એ અભેદનો અનુભવ હો. આહાહા..! ભેદ જે પર્યાય છે એ ત્રિકાળનો અનુભવ કરે એમાં વિકલ્પ નથી. તો અમારે એ એક જ અનુભવ જોઈએ એમ કહે છે. ત્રિકાળી દ્રવ્યનો એક અનુભવ એટલે પર્યાયમાં એ જોઈએ, બાકી અમારે બીજું કાંઈ જોઈતું નથી. આહાહા..!

પુણ્ય અને પાપના ભેદો ઘણા આવે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના એ બધા વિકલ્પ ને રાગ છે, અમારે એની સાથે કામ નથી. અમારે તો આ દ્રવ્ય ને પર્યાયના ભેદમાં વિકલ્પ ઉઠે એનું અમારે કામ નથી. આહાહા..! વસ્તુ દ્રવ્ય છે અને એની અવસ્થા પલટે છે. નિત્યા-નિત્ય આત્મા છે, એવા વિકલ્પની, રાગની પણ અપેક્ષા અમારે નથી. આહાહા..! અમારે તો નિત્ય ભગવાન જે સચ્ચિદાનંદ નિર્મળાનંદ (છે) એનો અનુભવ હો. અનુભવ પર્યાય છે. આહાહા..! આ બીજાનું ભલુ કરવું કે દિ'? માણસ થઈને હોંશિયાર થાય માણસ બીજાનું કંઈ ભલું કરે કે નહિ? મદદ કરે ને? કાંઈ નહિ? પ્લેનમાં ટોપી પહેરતા અને બધું કરતા હતા ને! પ્લેનમાં હતા. કેટલો પગાર? ૧૫૦૦ નો માસિક પગાર હતો. પ્લેન-પ્લેન એમાં નોકર હતા. અમે બેસતા ત્યારે બેસાડવા આવતા. નોકર હતા, છોડી દીધું. ૧૫૦૦ નો માસિક પગાર. આહાહા..! ધૂળમાં કાંઈ નથી. બ્રહ્મચારી છે. પરણ્યા નથી. આહાહા..!

અહીં તો સરવાળો છેલ્લો એક જ લીધો. નિત્ય ને અનિત્ય બેપણું હોવા છતાં પર્યાયે અનિત્ય ભેદ છે, દ્રવ્યથી અભેદ છે. ભલે હો, અમને તો અંતરના અભેદનો અનુભવ હો. વસ્તુ છે ત્રિકાળી ભગવાન એનો અનુભવ હો, એ જ સર્વસ્વ છે. એ અનુભવમાંથી કેવળજ્ઞાન આવશે. આહાહા..!

**'પર્યાયોની અને દ્રવ્યની વિવક્ષાથી ભેદ-અભેદ છે પરંતુ આત્મવસ્તુમાત્ર અનુભવ કરતાં વિકલ્પ નથી.'** અનુભવ કરતાં વિકલ્પ ક્યાં છે? આનંદનો અનુભવ જ્યાં થાય ત્યાં તો વિકલ્પ નથી. શું અનુભવ કરું છું એ ક્યાં છે? એવો ભેદ પણ ક્યાં છે? **'આચાર્ય મહારાજ કહે છે કે-એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો.'** એક જ વાત લીધી છે. આહાહા..! નથી અમારે બહાર પડવું, નથી અમારે બહાર લખીને પુસ્તક બનાવવા, નથી અમારે દુનિયામાં શિષ્યો બનાવવા, અમારી પરંપરા ચલાવવી, કાંઈ નથી કરવું. આહાહા..! અહીં તો બીજું તો નથી પણ નિત્ય-અનિત્યના વિકલ્પો છોડી, નિત્યનો એક અનુભવ હો, બસ! એક જ જોઈએ. આહાહા..! બાર અંગનો સાર આ છે. આહાહા..! અમારે આટલા શિષ્ય હોય, આટલી પદવી હોય, આચાર્યની ને ઉપાધ્યાયની પદવી મોટી, એ અમારે કાંઈ જોતું નથી. પદવી જોતી નથી, આ પણ જોતું નથી. આહાહા..! અમને કોઈ ઓળખે તો અમે મોટામાં ગણાઈએ, એ કાંઈ જોતું નથી. આહાહા..! એક ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ એનો અનુભવ, એને અનુસરીને, એને અનુસરીને ભોગવવું, અનુભવવું એક જ વાત. આહાહા..! જેમાં આનંદ આવે, એમાં અતીન્દ્રિય આવે. આહાહા..!

આ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. 'અમૃતચંદ્રાચાર્ય' એટલે? તીર્થંકરના કામ કર્યાં છે 'કુંદકુંદાચાર્યે', અને એના ગણધરના કામ કર્યાં છે 'અમૃતચંદ્રાચાર્યે' એવા એ પુરુષ છે. આહાહા..! એ એમ કહે છે. અમારે શિષ્ય ને પરિવાર ને આ ને તે ને ફલાણું કાંઈ જોઈતું નથી. આહાહા..! અમારે એક નિત્ય આત્મા, એનો અનુભવ પર્યાયમાં, એને અનુસરીને અનુભવ (હો). દ્રવ્ય વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ સર્વાંગ આનંદથી ભરેલો અનાકુળ જ્ઞાન નિર્મળથી ભરેલો એનો અનુભવ રહો. આહાહા..! બીજું કાંઈ જોતું નથી. એમ કહે છે. એમ કરીને શિષ્યને પણ એમ કહે છે કે, તું પણ બધું છોડી દે અને અનુભવ કર. એક જ વાત. આહાહા..! પોતે એમ કહે છે ને? પોતે કહે છે તો શું કરવા કહે છે? આહાહા..! શિષ્યને એમ પણ કહે છે, તું પણ બીજી જંજાળ છોડી દે. આહાહા..! ભેદ-અભેદના વિકલ્પ પણ છોડી દે. ભલે ભેદ-અભેદ છે. પર્યાય તે ભેદ છે, દ્રવ્ય તે અભેદ છે પણ એ વિકલ્પને છોડી દે. આહાહા..! અને જે વસ્તુ છે ત્યાં પહોંચી જા. આહાહા..! એ કરવાનું છે. **'એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ અમને પ્રકાશમાન હો.'** આહાહા..!

## શ્લોક–૨૧૦

(रथोद्धता)

व्यावहारिकदशैव केवलं
कर्तृ कर्म च विभिन्नमिष्यते।
निश्चयेन यदि वस्तु चिन्त्यते
कर्तृ कर्म च सदैकमिष्यते।।२१०।।

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :– [ केवलं व्यावहारिकदशा एव कर्तृ च कर्म विभिन्नम् इष्यते ] કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે; [ निश्चयेन यदि वस्तु चिन्त्यते ] નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, [ कर्तृ च कर्म सदा एकम् इष्यते ] તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.

ભાવાર્થ :– કેવળ વ્યવહાર-દૃષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે; નિશ્ચય-દૃષ્ટિથી તો એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે. ૨૧૦.

## શ્લોક–૨૧૦ ઉપર પ્રવચન

'હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :–'

व्यावहारिकदशैव केवलं
कर्तृ कर्म च विभिन्नमिष्यते।
निश्चयेन यदि वस्तु चिन्त्यते
कर्तृ कर्म च सदैकमिष्यते।।२१०।।

આહાહા..! 'केवलं व्यावहारिकदशा एव कर्तृ च कर्म विभिन्नम् इष्यते' 'કેવળ **વ્યાવહારિક દૃષ્ટિથી જ કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે;...**' આહાહા..! અહીં તો એ સિદ્ધ કરશે. કારીગર કરે છે કામ? કે, ના. આહાહા..! શિલ્પી લેશે, શિલ્પી. શિલ્પી

જે આ કારીગરો છે એ કારીગરથી બનાવે છે એ વાત બરાબર છે? કે, ના. કારીગર તો રાગ કરે છે. પેલી ક્રિયા તો જડની જડને લઈને થાય છે. આહાહા..! આ લોઢાની કારીગરી, સોનાની કારીગરી, રૂપાના હાર ને થાય છે ને? આહાહા..! એ બધી કારીગરીઓ એના સમયે કારીગરને કાળે, કારીગરની પર્યાય જે છે એ થાય છે. કારીગર એનો કર્તા નથી. આહાહા..!

મુમુક્ષુ :– કારીગર રાગનો કર્તા.

ઉત્તર :– રાગ કરે છે, એ રાગનો કર્તા તે મિથ્યાત્વ છે. આહાહા..!

**'કેવળ વ્યાવહારીક દૃષ્ટિથી કર્તા અને કર્મ ભિન્ન ગણવામાં આવે છે;. નિશ્ચયથી જો વસ્તુને વિચારવામાં આવે, તો કર્તા અને કર્મ સદા એક ગણવામાં આવે છે.'** એ કર્તા એ ચીજ અને કાર્ય એ ચીજ. કર્તા સોની અને કાર્ય દાગીનો, એવું છે જ નહિ. સોની દાગીનો કરી શકતો નથી, કુંભાર ઘડો કરી શકતો નથી, સ્ત્રી રોટલી કરી શકતી નથી. આહાહા..! વકીલ દલીલ આપી શકતા નથી. લ્યો! દલીલ કોણ આપે? ગોતીને આપે? ગોતીને આપે કે આ કેસમાં આ ફલાણે વિલાયતમાં આ રીતે ચુકાદો અપાણો છે. માટે આ કેસ બહુ આકરો છે. ત્યાં આ ચુકાદો પણ એમ હતો. એ દલીલ આપે. એ દલીલ જડની પર્યાય જડથી થાય. આહાહા..! આત્મા એ દલીલ કરી શકે નહિ. આહાહા..!

એ અહીં દૃષ્ટાંત દીધું છે. આહાહા..! કર્તા ને કર્મ–કાર્ય. કાર્યનો કર્તા ને કર્તાનું કાર્ય તે એક જ હોય છે. કર્તા જુદો ને કાર્ય જુદાનું કરે (એમ નથી). આહાહા..! આ રોટલી આત્મા વણી શકે? આહાહા..! કે, ના. એ તો એની પર્યાય એ સમયે થવાની હતી એને લઈને થઈ છે. આહાહા..! આટલે બધે જાવું. ભાષા જડની પર્યાય છે, એ પર્યાયનો કર્તા આત્મા નથી. આહાહા..! આ પુસ્તક બનાવવા એ જડની પર્યાય છે, આત્મા એનો કર્તા નથી. આહાહા..! આકરું કામ, ભાઈ!

મુમુક્ષુ :– આખો સંસાર ફેકી દેવા જેવો છે.

ઉત્તર :– આખો સંસાર જ જૂઠો છે. બધા ગપ જ મારે છે. આહાહા..! અમે આ કર્યું ને અમે આ કર્યું ને અમે આ કર્યું. કર્તા પર વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો એની બદલતી પર્યાય થાય કે નહિ? કોઈ પણ જગતની ચીજ નકામી છે? નકામી એટલે? એનું કામ એટલે પર્યાય અને પર્યાયના કામ વિનાની એ છે કે જેથી એની પર્યાયનું કામ તું કર? આહાહા..! શું કીધું ઇ?

મુમુક્ષુ :– છોકરાઓને અનુભવ તો આપવો પડે.

ઉત્તર :– આપવો પડે, હોંશિયાર બાપ થાય ને વેપાર (કરવામાં) પોતાનો અનુભવ આપે તો કામ ચાલે. ખોટે-ખોટા ગપ. કહો, 'હિંમતભાઈ'! પોતાનો લોઢાનો વેપારનો (અનુભવ) છોકરાને આપવો પડે કે નહિ? ભાઈ! અમે જો આ વેપાર આમ કર્યો હતો, આમ લાવ્યા હતા, આમ લાવ્યા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દીકરો ક્યાં હતો? દીકરો ક્યાં છે ને બાપ પણ ક્યાં છે. બેય ખોટી વાત છે. કો'કનો આત્મા એ દીકરો ને કો'કનો આત્મા એ બાપ? ક્યાંથી થઈ ગયા બાપ-દીકરા? આહાહા..! ગજબ વાત છે. એનો આત્મા પણ ક્યાંય જુદો રખડતો રખડતો આવે છે, તારો આત્મા રખડતો બીજે (જાય છે). ક્યાંય સંબંધ નથી બેને, એમાં દીકરા-બાપ થઈ ક્યાંથી ગયા? આહાહા..!

મુમુક્ષુ :- સંસાર તોડી નાખવાની વાત છે.

ઉત્તર :- અહીં તો સંસાર છે જ નહિ. સ્વરૂપમાં સંસાર છે જ નહિ, હોય તો નાશ થાય ને. આહાહા..! લોજીક જુદી જાતનું છે, ભાઈ! પરમાત્મા ચૈતન્યમૂર્તિ છે એમાં સંસાર છે જ નહિ. એ પર્યાયમાં સંસાર છે, એ દ્રવ્ય સ્વભાવનો આશ્રય લેતા એ સંસારનો નાશ થાય છે. એ નાશ થાય છે એનો અર્થ ઉત્પત્તિ થતી નથી તેનો નાશ થાય એમ કહેવામાં આવે છે. ચૈતન્યમૂર્તિ ભગવાન એની સામું જોતાં જે વિકાર ઉત્પન્ન થતો'તો એ નથી થતો એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! બહુ ફેર. દુનિયા સાથે તો (મેળ ખાય એવું નથી). દુનિયાના ડાહ્યા બધા ભેગા થયા હોય એમાં આ વાત. કેવી વાત શું કરે છે આ? દુનિયા પાગલ છે. આહાહા..! આખો દિ' અભિમાન. ઇ પાગલ એને કહે, ઇ પાગલ એને માને.

'પરમાત્મ પ્રકાશ'માં છે, કે ઝીણી વાત જ્યારે તત્ત્વની આવે ત્યારે સાંભળનારા એને પાગલ માને, પાગલ જેવી આ વાતું કરે છે. અને ઇ પોતે કહેનારો છે એ સમાજને પાગલ માને, કાંઈ સમજી શકતા નથી પાગલ છે. 'પરમાત્મ પ્રકાશ'માં છે. આહાહા..! આ લાકડી ઊંચી થાય છે એ આંગળીને લઈને નહિ, આત્માને લઈને નહિ, આત્માની ઇચ્છાને લઈને નહિ, આંગળીને લઈને નહિ. આહાહા..! ક્યાં બેસે? એનામાં ત્યાં અધિકરણ-આધાર નામની શક્તિ છે તેથી પોતાની શક્તિએ ત્યાં રહેલ છે. આ આંગળીને લઈને રહેલ છે એમ પણ નહિ. આવી વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- પાગલ જેવું નથી લાગતું?

ઉત્તર :- પાગલ જેવું છે ને. દુનિયા પાગલ છે તેથી સમજતી નથી. એકકોર એમ કહેવું કે અનંત પદાર્થ છે અને બીજી રીતે એમ કહેવું કે એક પદાર્થ બીજાનું કરે. તો તો બીજા પદાર્થે કર્યું શું? બીજો પદાર્થ છે એ એના પર્યાયના કર્યા વિનાનો રહ્યો? નકામો રહ્યો? દરેક પદાર્થનું દરેક સમયે એનું કામ એટલે પર્યાય-કામ થયા કરે છે. હવે એની પર્યાય એમાં થઈ એનું કામ એ બીજો કહે કે, મારાથી થયું. પાગલ છે. આહાહા..! પાંચ પાંચ હજારના, દસ દસ હજારના પગાર ખાતા હોય તો પાગલ? માથા ફરી ગયા હોય. આમ કરીએ છીએ, આમ કરીએ છીએ.... આમ કેસ જીતાવી દીધા ને.... સલાહુ આપી આમ.

મુમુક્ષુ :– આખી દુનિયા પાગલ ઠરી.

ઉત્તર :– આખી ફેરફાર બહુ છે, ભાઈ! વીતરાગ ત્રણલોકના નાથ, એણે અનંત દ્રવ્ય કીધા. તો અનંત ક્યારે અનંતપણે રહે? કે, એક બીજાને મદદ નહિ કરે અને સહાય નહિ હોય ત્યારે તે રહે. અનંત અનંતપણે અનંત આત્મા રહ્યા, અનંત પરમાણુ.. આહાહા..! અનંતપણે પૃથક્ ક્યારે રહે? કે, એક બીજામાં કર્તા-કર્મપણું ન હોય ત્યારે પૃથક્પણે અનંત રહે. લોજીક ન્યાય સમજશે કે નહિ? આહાહા..! સમજાય છે કે નહિ? અનંત છે એ અનંતપણે ક્યારે રહે? કે, એક બીજાનું કામ કરે તો એનું કામ–એની પર્યાય તો ન કરી.

મુમુક્ષુ :– સંસ્થાનું કામ કરવું તો પડે.

ઉત્તર :– કરી શકે છે કોણ? કહો! સંસાર એટલે શું પણ? એ બાયડી-છોકરા છે. એ આત્મા જુદો છે ને આ શરીર પણ જુદું છે. એ તત્ત્વ છે એ તત્ત્વને પર્યાય સમયે સમયે થતી નથી? પર્યાયને દ્રવ્ય ઠરીને તે વસ્તુ છે તો એની પર્યાય એનાથી થાય અને તું પર્યાયને કર! પર્યાય એટલે કાર્ય. આહાહા..! આવું છે. પર્યાય એટલે જ કામ. આહા..!

મુમુક્ષુ :– કામ તો ઉપાદાનમાં થાય પણ નિમિત્તની હાજરી જોઈએ.

ઉત્તર :– એ હોય એને કારણે પણ એની વાટ જોઈને અહીં ઉપાદાનમાં કામ થાય એમ નહિ. એ ઉપાદાનમાં પોતાના સમયે જે કામ થવાનું તે થાય. નિમિત્ત હો પણ નિમિત્તની રાહ જોવી પડે, નિમિત્ત આવ્યું માટે કાર્ય થાય એમ છે નહિ. આકરી વાતું ભારે. આહાહા..! દુનિયાના ડાહ્યા હોય એને તો બધું ફેરવવું પડે તો આકરું પડે. આહાહા..! એક તણખલાના બે કટકા કરવાની તાકાત આત્મામાં નથી. તાકાત નથી એનો અર્થ કરી શકતો નથી, કરી શકતો નથી. તણખલાના બે કટકા થવા એ પરમાણુઓમાં તે સમયે ભિન્ન પડવાની પર્યાય હતી તે ભિન્ન પડ્યા છે. પેલો કહે કે, મેં તણખલાના બે કટકા કર્યા એ વાત તદ્દન મિથ્યા છે. આહાહા..! અહીં તો ઇ કહેશે.

મુમુક્ષુ :– આમાં તો અમારે જજ સાહેબને મુશ્કેલી પડે.

ઉત્તર :– આ બધા જજને મુશ્કેલી પડે એમ કહે છે. માર્ગ આવો છે, ભગવાન! આહાહા..!

એકકોર એમ માનવું કે, અનેક પદાર્થ છે અને વળી એક કોર એમ માનવું કે, એ પદાર્થને હું કરી શકું. ત્યારે એ પદાર્થ છે, તો છે એ કાર્ય વિના હોય? કાર્ય એટલે પર્યાય. જે પદાર્થ છે એની પર્યાય વિનાનો પદાર્થ કોઈ હોય? તો એ કાર્ય તો ત્યાં થાય છે. એને ઠેકાણે આ કહે કે, હું કાર્ય આ કરું. તો એ કાર્યનો તું પણ કર્તા ને એ પણ કર્તા? અજ્ઞાન છે. આહાહા..! ભ્રમણા છે ભ્રમણા.

**ભાવાર્થ :– 'કેવળ વ્યવહાર-દૃષ્ટિથી જ ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે છે;...'** બોલવામાત્ર, કહેવામાત્ર. આહાહા..! આ બાઈયું પાણીના બેડા ભરીને આવે ઇ કહે કે બેડા માથા ઉપર રહે છે એ વાત પણ ખોટી છે.

મુમુક્ષુ :– પગરખા પગમાં રહેતા હશે કે નહિ?

ઉત્તર :– પગરખા રહે કે ન રહે એ પગરખાની શક્તિ ઉપર છે. આહાહા..! પગરખા પહેરી શકે છે એ કાર્ય પણ આત્માનું નહિ. આહાહા..! વીતરાગ ત્રણલોકના નાથનો આમ અવાજ છે. અનંત તીર્થંકરો ને અનંત કેવળી પરમાત્મા, એનો આ દિવ્યધ્વનિ છે. આહાહા..! પ્રભુ! કર્તા ને કર્મ બે જુદા ન હોય. આહાહા..! જે કર્તા હોય તે તેનું કાર્ય તેની પર્યાયમાં થાય. એ કર્તા બીજાની પર્યાયનું કાર્ય કરે એવું ત્રણકાળમાં બને નહિ. આહાહા..!

**'કેવળ વ્યવહાર-દષ્ટિથી બોલાય,...'** ભાષા બોલવામાં આવે. સમજ્યા ને? **'ભિન્ન દ્રવ્યોમાં કર્તા-કર્મપણું ગણવામાં આવે...'** બોલાય કે, કુંભારે ઘડો કર્યો, આ બાઈયુંએ વડી વણી, બાઈયુંએ આ સેવ કરી, પાપડ કર્યા, આ દાળ, ભાત, શાક, રોટલા કર્યા. (એમ) વ્યવહારથી બોલાય. આહાહા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :– બોલવું કાંઈક ને માનવું કાંઈક.

ઉત્તર :– કારણ કે, એ કથન શૈલી જગતની આંધળા જેવી છે. કથન શૈલી અને શ્રદ્ધા શૈલી આખી જુદી છે. બેય જાત જુદી છે. કથનમાં તો કહે, 'શ્રીમદ્' તો એમ કહેતા, આ અમારો કોટ લાવ, એમ કહેતા. અ-મારો એટલે મારો નહિ. એમ બોલતા. આ ટોપી લાવ, અમારી ટોપી લાવ. બોલે. અમારી એટલે અ-મારી–મારી નથી એવી ટોપી. એવું બોલતા. આહાહા..!

**'એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે.'** એક જ પદાર્થમાં તે દ્રવ્ય કર્તા. એ દ્રવ્ય કર્તા (કહેવું) એ પણ વ્યવહાર છે. એની પર્યાય કર્તા ને પર્યાય કર્મ છે. એની એ પર્યાય કર્તા ને એની એ પર્યાય એનું કાર્ય ને એની પર્યાયને આધારે એ પર્યાય થઈ છે. આવી વસ્તુ છે. આહાહા..! એટલે અહીંયાં કહ્યું કે, **'દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે.'** **'એક જ દ્રવ્યમાં કર્તા-કર્મપણું ઘટે છે.'** એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે... આહા..! વકીલો આ અસીલોને જીતાવે નહિ? 'રામજીભાઈ'એ ઘણા જીતાવ્યા હતા. એ વખતે વકીલ મોટા હતા. ગપે ગપ છે. વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

***પ્રમાણ છે ને એ પોતે જ વ્યવહાર છે. બે ભેગા થયા માટે વ્યવહાર થઈ ગયો.*** નિશ્ચય અને વ્યવહાર બે ભેગા થયા ને ? દ્રવ્ય અને પર્યાય એટલે એ પ્રમાણ (કહ્યું). એ પ્રમાણ પોતે સદ્ભુત વ્યવહારનો વિષય છે, નિશ્ચયનો નહિ. તેથી તો કહ્યું કે ***નિશ્ચય છે એ પૂજ્ય છે કે પ્રમાણ પૂજ્ય છે ? કેમકે પ્રમાણમાં બે ભેગા આવે છે – દ્રવ્ય અને પર્યાય. અને નિશ્ચયમાં એકલું દ્રવ્ય આવે છે. તો કહે કે નિશ્ચય પૂજ્ય છે. પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી માટે તે પૂજ્ય નથી.***

(ગુરુ કહાન દ્રષ્ટિ મહાન, ભાગ-૧, પૃષ્ઠ સંખ્યા-૭૭)

# ગાથા–૩૪૯ થી ૩૫૫

जह सिप्पिओ दु कम्मं कुव्वदि ण य सो दु तम्मओ होदि।
तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि।।३४९।।
जह सिप्पिओ दु करणेहिं कुव्वदि ण सो दु तम्मओ होदि।
तह जीवो करणेहिं कुव्वदि ण य तम्मओ होदि।।३५०।।
जह सिप्पिओ दु करणाणि गिण्हदि ण सो दु तम्मओ होदि।
तह जीवो करणाणि दु गिण्हदि ण य तम्मओ होदि।।३५१।।
जह सिप्पि दु कम्मफलं भुंजदि ण य सो दु तम्मओ होदि।
तह जीवो कम्मफलं भुंजदि ण य तम्मओ होदि।।३५२।।
एवं ववहारस्स दु वत्तव्वं दरिसणं समासेण।
सुणु णिच्छयस्स वयणं परिणामकदं तु जं होदि।।३५३।।
जह सिप्पिओ दु चेट्ठं कुव्वदि हवदि य तहा अणण्णो से।
तह जीवो वि य कम्मं कुवदि हवदि य अणण्णो से।।३५४।।
जह चेट्ठं कुव्वंतो दु सिप्पिओ णिच्चदुक्खिओ होदि।
तत्तो सिया अणण्णो तह चेट्ठंतो दुही जीवो।।३५५।।

यथा शिल्पिकस्तु कर्म करोति न च स तु तन्मयो भवति।
तथा जीवोऽपि च कर्म करोति न च तन्मयो भवति।।३४९।।
यथा शिल्पिकस्तु करणैः करोति न च स तु तन्मयो भवति।
तथा जीवः करणैः करोति न च तन्मयो भवति।।३५०।।
यथा शिल्पिकस्तु करणानि गृह्णाति न च स तु तन्मयो भवति।
तथा जीवः करणानि तु गृह्णाति न च तन्मयो भवति।।३५१।।
यथा शिल्पी तु कर्मफलं भुंक्ते न च स तु तन्मयो भवति।
तथा जीवः कर्मफलं भुंक्ते न च तन्मयो भवति।।३५२।।

एवं व्यवहारस्य तु वक्तव्यं दर्शनं समासेन।
शृणु निश्चयस्य वचनं परिणामकृतं तु यद्भवति।।३५३।।
यथा शिल्पिकस्तु चेष्टां करोति भवति च तथानन्यस्तस्याः।
तथा जीवोऽपि च कर्म करोति भवति चानन्यस्तस्मात्।।३५४।।
यथा चेष्टां कुर्वाणस्तु शिल्पिको नित्यदुःखितो भवति।
तस्माच्च स्यादनन्यस्तथा चेष्टमानो दुःखी जीवः।।३५५।।

यथा खलु शिल्पी सुवर्णकारादिः कुण्डलादिपरद्रव्यपरिणामात्मकं कर्म करोति, हस्तकुट्टकादिभिः परद्रव्यपरिणामात्मकैः करणैः करोति, हस्तकुट्टकादीनि परद्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति, ग्रामादिपरद्रव्यपरिणामात्मकं कुण्डलादिकर्मफलं भुंक्ते च, न त्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति तन्मयो भवति; ततो निमित्तनैमित्तिकभावमात्रेणैव तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः। तथात्मापि पुण्यपापादिपुद्गलद्रव्यपरिणामात्मकं कर्म करोति, कायवाङ्मनोभिः पुद्गलद्रव्यपरिणामात्मकैः करणैः करोति, कायवाङ्मनांसि पुद्गलद्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति, सुखदुःखादिपुद्गलद्रव्यपरिणामात्मकं पुण्यपापादिकर्मफलं भुंक्ते च, न त्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति तन्मयो भवति; ततो निमित्तनैमित्तिकभावमात्रेणैव तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः। यथा च स एव शिल्पी चिकीर्षुश्चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति, दुःखलक्षणमात्मपरिणामात्मकं चेष्टारूपकर्मफलं भुंक्ते च, एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति तन्मयश्च भवति; ततः परिणामपरिणामिभावेन तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः। तथात्मापि चिकीर्षुश्चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति, दुःखलक्षणमात्मपरिणामात्मकं चेष्टारूपकर्मफलं भुंक्ते च, एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति तन्मयश्च भवति; ततः परिणामपरिणामिभावेन तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः।

---

હવે આ કથનને દૃષ્ટાંત દ્વારા ગાથામાં કહે છે :–

જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.
જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. ૩૫૦.
જ્યમ શિલ્પી કરણ ગ્રહે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.

શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.
-એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;
સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.
શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,
ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.
ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે,
ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટામાન દુખી બને. ૩૫૫.

ગાથાર્થ :– [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી (-સોની આદિ કારીગર) [ कर्म ] કુંડળ આદિ કર્મ [ करोति ] કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય (તે-મય, કુંડળાદિમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः अपि च ] જીવ પણ [ कर्म ] પુણ્યપાપ આદિ પુદ્ગલકર્મ [ करोति ] કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (પુદ્ગલકર્મમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ करणैः ] હથોડા આદિ કરણો વડે [ करोति ] (કર્મ) કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય (હથોડા આદિ કરણોમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ करणैः ] (મન-વચન-કાયરૂપ) કરણો વડે [ करोति ] (કર્મ) કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (મન-વચન-કાયરૂપ કરણોમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ करणानि ] કરણોને [ गृह्णाति ] ગ્રહણ કરે છે [ सः तु ] પરંતુ તે [ तन्मयः न च भवति ] તન્મય થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ करणानि तु ] કરણોને [ गृह्णाति ] ગ્રહણ કરે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (કરણોમય) થતો નથી. [ यथा ] જેમ [ शिल्पी तु ] શિલ્પી [ कर्मफलं ] કુંડળ આદિ કર્મના ફળને (ખાનપાન આદિને) [ भुंक्ते ] ભોગવે છે [ सः तु ] પરંતુ તે [ तन्मय न च भवति ] તન્મય (ખાનપાનાદિમય) થતો નથી, [ तथा ] તેમ [ जीवः ] જીવ [ कर्मफलं ] પુણ્યપાપાદિ પુદ્ગલકર્મના ફળને (પુદ્ગલપરિણામરૂપ સુખદુઃખાદિને) [ भुंक्ते ] ભોગવે છે [ न च तन्मयः भवति ] પરંતુ તન્મય (પુદ્ગલપરિણામરૂપ સુખદુઃખાદિમય) થતો નથી.

[ एवं तु ] એ રીતે તો [ व्यवहारस्य दर्शनं ] વ્યવહારનો મત [ समासेन ] સંક્ષેપથી [ वक्तव्यम् ] કહેવાયોગ્ય છે. [ निश्चयस्य वचनं ] (હવે) નિશ્ચયનું વચન [ शृण ] સાંભળ [ यत् ] કે જે [ परिणामकृतं तु भवति ] પરિણામવિષયક છે.

[ यथा ] જેમ [ शिल्पिकः तु ] શિલ્પી [ चेष्टां करोति ] ચેષ્ટારૂપ કર્મને (પોતાના પરિણામરૂપ કર્મને) કરે છે [ तथा च ] અને [ तस्याः अनन्यः भवति ] તેનાથી અનન્ય

છે, [ तथा ] તેમ [ जीवः अपि च ] જીવ પણ [ कर्म करोति ] (પોતાના પરિણામરૂપ) કર્મને કરે છે [ च ] અને [ तस्मात् अनन्यः भवति ] તેનાથી અનન્ય છે. [ यथा ] જેમ [ चेष्टां कुर्वाणः ] ચેષ્ટારૂપ કર્મ કરતો [ शिल्पिकः तु ] શિલ્પી [ नित्यदुःखितः भवति ] નિત્ય દુઃખી થાય છે [ तस्मात् च ] અને તેનાથી (દુઃખથી) [ अनन्यः स्यात् ] અનન્ય છે, [ तथा ] તેમ [ चेष्टमानः ] ચેષ્ટા કરતો (પોતાના પરિણામરૂપ કર્મને કરતો) [ जीवः ] જીવ [ दुःखी ] દુઃખી થાય છે (અને દુઃખથી અનન્ય છે).

ટીકા :– જેવી રીતે-શિલ્પી અર્થાત્ સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ, કરણ આદિથી) અન્ય હોવાથી તન્મય (કર્મકરણાદિમય) થતો નથી; માટે નિમિત્તનૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે; તેવી રીતે-આત્મા પણ પુણ્યપાપ આદિ જે પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક (-પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્ગલપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે અને પુણ્યપાપ આદિ કર્મનું જે સુખદુઃખ આદિ પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી તન્મય (તે-મય) થતો નથી; માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.

વળી જેવી રીતે-તે જ શિલ્પી, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ) એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી તન્મય (કર્મમય ને કર્મફળમય) છે; માટે પરિણામપરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે; તેવી રીતે-આત્મા પણ, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (-રાગાદિપરિણામરૂપ અને પ્રદેશોના વ્યાપારરૂપ) એવું જે આત્મપરિણામાત્મક કર્મ તેને કરે છે તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું આત્મપરિણામાત્મક ફળ તેને ભોગવે છે, અને એકદ્રવ્યપણાને લીધે તેમનાથી અનન્ય હોવાથી તન્મય (તે-મય) છે; માટે પરિણામ-પરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે.

પ્રવચન નં. ૪૦૫ ગાથા–૩૪૯ થી ૩૫૫ રવિવાર, જ્યેષ્ઠ વદ ૧૦, તા. ૦૮-૦૬-૧૯૮૦

'સમયસાર', ૩૪૯ ગાથા.

जह सिप्पिओ दु कम्मं कुव्वदि ण य सो दु तम्मओ होदि।
तह जीवो वि य कम्मं कुव्वदि ण य तम्मओ होदि।।३४९।।
जह सिप्पिओ दु करणेहिं कुव्वदि ण सो दु।
तह जीवो करणेहिं कुव्वदि ण य तम्मओ होदि।।३५०।।
जह सिप्पिओ दु करणाणि गिण्हदि ण सो दु तम्मओ होदि।
तह जीवो करणाणि दु गिण्हदि ण य तम्मओ होदि।।३५१।।
जह सिप्पि दु कम्मफलं भुंजदि ण य सो दु तम्मओ होदि।
तह जीवो कम्मफलं भुंजदि ण य तम्मओ होदि।।३५२।।
एवं ववहारस्स दु वत्तव्वं दरिसणं समासेण।
सुणु णिच्छयस्स वयणं परिणामकदं तु जं होदि।।३५३।।
जह सिप्पिओ दु चेट्ठं कुव्वदि हवदि य तहा अणण्णो से।
तह जीवो वि य कम्मं कुवदि हवदि य अणण्णो से।।३५४।।
जह चेट्ठं कुव्वंतो दु सिप्पिओ णिच्चदुक्खिओ होदि।
तत्तो सिया अणण्णो तह चेट्ठतो दुही जीवो।।३५५।।

નીચે હરિગીત.

જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.
જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને. ૩૫૦.
જ્યમ શિલ્પી કરણ ગ્રહે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.
શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,
ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.

**-એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;**
**સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.**
**શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,**
**ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.**
**ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે,**
**ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટામાન દુખી બને. ૩૫૫.**

ટીકા :– **'જેવી રીતે-શિલ્પી...'** નામ કારીગર સોની, કુંભાર, કડીયા બધા કારીગરો. એ **'સોની આદિ કારીગર કુંડળ આદિ જે પરદ્રવ્ય-પરિણામાત્મક (-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,...'** અહીં લોકો તકરાર કરે છે. જુઓ! કરે છે કીધું છે ને આંહીં? એ તો વ્યવહારનયનું વચન છે. અહીં આ આત્મા કરે છે, પાઠમાં એમ કીધું પણ એ વ્યવહારથી કથનમાં એમ આવે. નિમિત્તનું જ્ઞાન, નિમિત્તનું જ્ઞાન કરવા, નિમિત્ત-નૈમિત્તિકનું જ્ઞાન કરાવવા (એમ આવે). **'(-પરદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે, હથોડા આદિ જે પરદ્રવ્ય પરિણામાત્મક કરણો,...'** સાધન **'તેમના વડે કરે છે,...'** એ વ્યવહારનયથી. **'હથોડા આદિ જે પરદ્રવ્યપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે...'** હથોડાને ગ્રહણ કરે, કરણને ગ્રહણ કરે. આહાહા..! આ લખનારો શીશપેનને–કલમને ગ્રહણ કરે.

**'અને કુંડળ આદિ કર્મનું જે ગામ આદિ પરદ્રવ્યપરિણામાત્મક...'** ને કુંડળ આદિ કર્યા એનું ફળ આવે **'પરદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...'** આહાહા..! **'પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે...'** ભલે કહે છે એ પ્રમાણે વ્યવહાર કથન કર્યા કે શિલ્પી કર્મ કરે, હથોડા ગ્રહે અને એનું ગ્રહણ કરે. આહાહા..! એમ વ્યવહારથી કહેવામાં આવ્યું. નૈમિત્તિક નિમિત્તના સંબંધે (કહેવામાં આવ્યું). આહા..! **'પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે...'** દ્રવ્ય તો અનેક– જુદા છે. આહાહા..! એ સોની હથોડાને અડ્યો પણ નથી. આહાહા..! હથોડા વડે એણે કામ કર્યું જ નથી. એણે પોતાના પરિણામ કર્યા 'હું આ કરું છું' ઇ. બાકી પરિણામ સિવાય હથિયારોને ગ્રહણ કરે, કલમને ગ્રહણ કરે, શીશપેનને ગ્રહણ કરે ને લખે, એ ક્રિયા આત્માની છે એમ નથી. આહાહા..!

**'અનેકદ્રવ્યપણાને લીધે...'** હથોડાને ગ્રહણ કરે કે કારીગર કારીગરની ક્રિયા કરે એ બીજી ચીજ છે, સોની બીજી ચીજ છે. કુંભાર ઘડાને કરે એમ વ્યવહારથી કહેવાય છે. બાકી કુંભાર ઘડાને અડતો પણ નથી અને ઘડો ઘડાને લઈને થાય છે. આવું આકરું પડે. ત્રણ, ત્રણ બોલ લીધા ને? એક તો પરદ્રવ્ય કર્મ તેને કરે, હથોડાને કરણપણે ગ્રહે, અને હથોડાને ગ્રહણ કરે. કરણો તેના વડે કરે, ગ્રહણ કરે. એ ત્રણે વ્યવહારથી કથન છે, એ સત્ય વાત એમ નથી. આહાહા..! સોની, કુંભાર, સ્ત્રી આદિ રોટલીને કરે, રોટલાને કરે

એ વ્યવહારના કથન છે. બાકી અન્ય દ્રવ્ય તે અન્ય દ્રવ્યને અડતું નથી. તેથી અનેરું દ્રવ્ય અંદર એનું કાંઈ કરતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– આ તો બાયડીઓ કજિયો કરે એવું છે.

ઉત્તર :– એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકતું જ નથી ને. પોતાના પરિણામમાં એમ થાય કે, હું આ કરું. એ પરિણામ કરે, મિથ્યા પરિણામ. પણ પરનું એ કરી શકે (એમ નથી). આહાહા..! હથોડા ગ્રહે કે ગ્રહણ કરે કે રોટલી ને વેલણ હાથમાં લે અને પાટલો હેઠે પાથરે એમાં લોટના ગોયણા (ઉપર) વેલણ ફેરવે એ આત્મા કરતો નથી. કેમ? **'અનેકદ્રવ્યપણાને લીધે...' 'પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે...'** આહાહા..! કુંભારનું દ્રવ્ય જુદું, એના શરીરનું જુદું, હથોડાનું જુદું, સોનીની સોનાની ક્રિયા જે થાય એ જુદું, નીચે એરણ છે એ જુદું, ઉપર હથોડો પડે એ હથોડો જુદો. દરેક દ્રવ્ય પોત પોતાની ક્રિયામાં કર્તા છે. બીજા દ્રવ્યની ક્રિયાના કર્તા ત્રણકાળમાં નથી. આહાહા..!

આમ વ્યવહાર કહે છે, કહ્યો, બોલ્યા. એ આમાંથી કાઢે છે, જુઓ! કરે છે. પણ કરે છે તો તન્મય થાય. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો તન્મય–એક થઈ જાય, તન્મય–એકરૂપ થઈ જાય. આહાહા..! અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ એક પણ તત્ત્વ બીજા તત્ત્વનું કરે તો એ બે તત્ત્વ (ભિન્નપણે) રહેતા નથી. ભિન્ન છે. અને એમ અનંત છે તે અનંત ન રહે. આહાહા..! ઝીણી વાત છે બહુ. અહીં તો આખો દિ' મંડળીના અધિપતિ થાય, મંડળમાં અમે આમ કર્યું, વ્યવસ્થા આમ કરી. દુનિયાની વ્યવસ્થિત અવસ્થા, વ્યવસ્થા થઈ રહી છે. એને અજ્ઞાની કહે હું વ્યવસ્થા કરું, વ્યવસ્થિત વ્યવસ્થા કરું, એ મિથ્યા અભિપ્રાય છે. આહાહા..! ભારે કામ. દુનિયાના જડ અને ચૈતન્ય, એની જે વ્યવસ્થા છે એ વ્યવસ્થિત થઈ રહી છે. વ્યવસ્થિત થઈ રહી છે એને વ્યવસ્થા કરનારો એમ કહે કે, મારાથી આ થાય છે. એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..!

**'અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ,...)'** એટલું કારીગરથી તેનું કાર્ય જે થાય તે જુદું છે, એનું કરણ જે હથોડા લીધા એ જુદા છે, ગ્રહણ કર્યું એ જુદું છે. **'અન્ય હોવાથી તન્મય (કર્મકરણાદિમય) થતો નથી;...'** એ પરના કાર્યમાં તે સોની તન્મય થતો નથી. તન્મય એટલે તે રૂપે થતો નથી. તે રૂપે થયા વિના તેના પરિણામને કરે એવું બને નહિ. આહાહા..! શું કીધું? કે પ્રત્યેક પદાર્થ પર પરિણામને કરે ક્યારે કહેવાય? કે પર પરિણામરૂપે પોતે થાય તો પરનું કરે. પણ પર પરિણામરૂપે તો થાય નહિ. આહાહા..!

આ પાનાનો એક અક્ષર પણ છે, કહે છે કે, અક્ષર છે એ કર્મ છે, કાર્ય છે. એને બીજો જીવ કહે કે, મેં આ કર્યું અને મેં કલમ વડે કર્યું. આહા..! અને કલમથી પણ રુષ્ણાઈમાં બોળીને બરાબર સારી (રીતે) કર્યું. ગ્રહણ કર્યું. રુષ્ણાઈ કલમમાં ગ્રહણ કરી. એ ત્રણેય જૂઠું છે. કેમ જૂઠું છે? કે, અનેકદ્રવ્યપણાને લીધે. જુદા જુદા દ્રવ્ય છે તે એક દ્રવ્ય બીજા

દ્રવ્યને કાંઈ કરે નહિ એવી વસ્તુની મર્યાદા અનાદિની છે. આહાહા..! આખો દિ' કર્તા.. કર્તા.. કર્તા.. એને નથી કરતાં. કર્તા નથી, માને છે. કર્તા મિથ્યાદૃષ્ટિ, જૂઠી દૃષ્ટિવાળો પરદ્રવ્યના કાર્ય પરરૂપે થતો નથી, પરના પરિણામરૂપે થતો નથી છતાં પરના પરિણામને કરું છું એ મિથ્યાદૃષ્ટિ સેવે છે. આહાહા..! બહુ આકરું.

દુકાનમાં લોઢાનો સળીયો ફેરવી શકતો નથી, એમ કહે છે. દુકાનમાં ઘોડા કરે છે ને લાકડાના? માલ ગોઠવે ને માલ એમાં? કહે છે, આત્મા કરી શકતો નથી એમ કહે છે. ઇ કરે છે એમ કહેવું એ તો વ્યવહારનું કથન છે. બાકી તેના પરિણામરૂપે કરનારો થાતો નથી. જે કાર્ય કહે છે કે, મેં કર્યું તે કાર્યના પરિણામરૂપે એ થતો નથી. માટે તે કાર્ય તેનું નથી. આહાહા..! આવી વાતું હવે. દુનિયાને ધર્મના નામે બિચારા જિંદગી પૂરી થઈ જાય છે, તત્ત્વ આખું પડ્યું રહે છે. આહાહા..! કહે છે, કે સોની કે કુંભાર ઘડાને કરતો નથી. ઘડારૂપી કર્મ–કાર્ય એ કુંભારનું નથી. કેમ? કે અનેકદ્રવ્યપણાને લીધે. કુંભાર જુદો અને ઘડો જુદો. અનેકદ્રવ્યપણાને લીધે. ઘડાના પરિણામપણે કુંભાર થતો નથી માટે તેના પરિણામને તે કરતો નથી. આહાહા..! આવું આકરું.

મુમુક્ષુ :– કુંભારનો દાખલો સારો આપ્યો.

ઉત્તર :– કુંભારનો. એને ખબર પડે. અમસ્તી આ બાઈયું શું રોટલી ને રોટલા કરે છે ને કે વડીયું ને પાપડ ને. એ વાત બિલકુલ જૂઠી છે. જો અનેક દ્રવ્ય છે એમ માને તો અનેક દ્રવ્યનું અસ્તિત્વ પોત પોતાને લઈને છે. જો અનેક દ્રવ્ય માને અને અનેક દ્રવ્યને પરને લઈને કાંઈ થાય એમ માને તો અનેક દ્રવ્યપણાનું અસ્તિત્વ રહેતું નથી. આહા..! આ કેટલાક જૈનમાં જન્મ્યા હોય તોપણ કોઈ દિ' સાંભળ્યુંય ન હોય. આહાહા..!

આમ પુડલો કરે આત્મા? કે ના. તો એમાં–તાવડીમાં ઘી નાખે ચારેકોર આમ આમ, તાવડી ન હોય લોઢીનો તવો હોય. ઇ કાંઈ કરી શકતો નથી. કેમ કે, અનેકદ્રવ્યપણાને લીધે. આહાહા..! સિદ્ધાંત તો જુઓ! અનંત દ્રવ્યને લીધે, અનંત ભિન્ન ભિન્નને લીધે એક દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામને કરે તો બીજા દ્રવ્યના પરિણામ વિનાનું એ દ્રવ્ય થઈ જાય. તો એ દ્રવ્ય પરિણામ વિનાનું કોઈ દિ' હોય નહિ. બધા દ્રવ્યો દરેક સમયે પોતાની પર્યાયરૂપે પરિણામથી સહિત હોય. દરેક દ્રવ્ય, દરેક સમયે પોતાની પર્યાયરૂપી પરિણામ સહિત હોય. આહાહા..! એને ઠેકાણે એ દરેક દ્રવ્યના પરિણામની પર્યાય હું કરું એમ એ કથન ભલે હો પણ કરી શકે છે, કુંભાર ઘડો કરી શકે છે, સ્ત્રી રોટલી કરી શકે છે,... આહાહા..! કે ભરત ભરી શકે છે કે આ તોરણ કરી શકે, મોતીના તોરણ કરે છે (એમ છે નહિ). આહાહા..! આ તો પાંગળો થઈ ગયો.

મુમુક્ષુ :– પર માટે તો પાંગળો જ છે.

ઉત્તર :– પર માટે પાંગળો ત્રિકાળ. આહાહા..! આ હાથ હલે છે એ ક્રિયા છે, પરિણામ

છે, એ કાર્ય છે. એ કાર્યને એ પરમાણુ કરે છે. જો આત્મા એ કાર્યને કરે તો અનેક દ્રવ્યપણે ભિન્ન ભિન્ન રહે નહિ અને ભિન્ન દ્રવ્ય તેની સાથે તન્મય થઈ જાય. આના પરિણામને આત્મા કરે તો આત્મા એની સાથે તન્મય–એકમેક થઈ જાય, પરની સાથે એકમેક થઈ જાય. આહાહા..! વીતરાગ માર્ગ આવો ઝીણો છે. લોકોએ સ્થૂળ કરી નાખીને ફેરવી નાખ્યો, આખો માર્ગ ફેરવી નાખ્યો. આહાહા..!

**'પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ, કરણ આદિથી) અન્ય હોવાથી...'** આહાહા..! જે કાર્ય થાય, જે હથોડા આદિ ગ્રહણ થાય એ બધું તેનાથી અન્ય હોવાથી તન્મય કર્મ, કરણ આદિમય થતો નથી. તેના પરિણામ ઘડામાં, સોનીના દાગીનામાં તન્મય પરિણામ થતો નથી. આહાહા..! ભારે આકરું કામ. **'માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ...'** ફક્ત બોલાય. એ ચીજના પરિણામ થવા કાળે થાય પરના ત્યારે બીજી ચીજ હોય એને નિમિત્ત તરીકે કહેવાય, નિમિત્તમાત્ર કહેવાય પણ નિમિત્તથી એમાં થાય છે એમ નથી. તેથી શબ્દ વાપર્યો છે. **'નિમિત્ત-નૈમિત્તકભાવમાત્ર'** આહાહા..! છે? ઘડાને કુંભાર કરે એ નિમિત્તથી બોલાય. એ તો નિમિત્તમાત્ર કથન છે. બાકી ઘડો તો માટીથી થાય છે. આહાહા..!

મુમુક્ષુ :– કુંભારની ગેરહાજરીમાં થાય છે?

ઉત્તર :– ગેરહાજરી, ગેરહાજરી જ છે. એ દ્રવ્ય જે છે એની અપેક્ષાએ તો ગેરહાજરી છે, ભલે દૂર ન હોય. આહાહા..! આવું કે દિ' સાંભળ્યું હોય? આ મનુષ્યપણું મળ્યું. આહાહા..! સત્ય વાત વીતરાગ ત્રિલોકનાથ કેવળી પરમેશ્વર, એની સત્ય વાત સાંભળવા મળે નહિ, એ કે દિ' નિર્ણય કરે? આહાહા..!

અહીં તો કહે છે, એ રીતે **'નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે;...'** કરે છે ને ઘડા વડે પાણી ભોગવે છે ને રોટલીને ભોગવે છે. આહાહા..! આ સવારમાં દૂધ પીવે છે ને ચા પીવે છે, ઊઠીને પાધરું. આહાહા..! કહે છે એ વાત તદ્દન જૂઠી છે. કેમ કે ચા અને દૂધના પરિણામ, ચા અને દૂધને લઈને થાય છે. જોડે રહેલો બીજો છે એ તો અનેરું દ્રવ્ય છે. જો અનેરું દ્રવ્ય એમાં ભેગું થાય તો અનેરા દ્રવ્યમાં પરમાં તન્મય થઈ જાય. પરમાં એના પરિણામ એકમેક થઈ જાય તો પોતાની હાજરી રહે નહિ. આહાહા..! ભારે આકરું કામ. આ બધું અત્યારે તો કામ ચાલે છે ને? ગાંધીના વખત વખતે આમ કરો ને આમ કરો. મરી ગયા, કંઈક શહિદ થઈ ગયા, શહિદ થઈ ગયા. કરવા માટે કરી કરીને. આહાહા..! ઈસુ ખ્રિસ્ત પણ દેશની પેલી કરતાં કરતાં વિરુદ્ધ પડ્યા એના માણસ, ફાંસીએ ચડાવ્યો, ફાંસીએ ચડાવ્યો. લાકડામાં અહીં ખીલા માર્યા, અહીં ખીલા માર્યા. છતાં છેલ્લે (કહ્યું), ગાયનું માંસ થોડું આપો. આહાહા..! એવી સ્થિતિમાં ગાયનું માંસ માગ્યું. તત્ત્વની ખબર ન મળે. મોટો ઈસુ ખ્રિસ્ત અત્યારે મોટો ધર્મ ચાલે છે. એણે કીધું ને? પોપની પાસે પાંચ કરોડની તો મોટર છે. આહાહા..! આ એના

ગુરુ. અરે..રે..! શું થાય? જીવની અનંતી સંખ્યા એમાંથી અલ્પ જીવો મુક્તિને પામી શકે છે. બાકી તો અનંત જીવો રખડ્યા જ કરે છે. આહાહા..! નિગોદમાં આ એકેન્દ્રિયમાં, બેઇન્દ્રિયમાં, ત્રણેઇન્દ્રિયમાં રખડ્યા કરે છે અનાદિથી. આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામને કરે તો તે પરિણામમાં તે દ્રવ્યને તન્મય એકમેક થઈ જવું (પડે), એ પરિણામમય થાય. કુંભાર ઘડાના પરિણામમાં તન્મય થાય તો કુંભાર એ ઘડાના પરિણામમાં ગયો. આહાહા..! આવી વાત છે. પેલા તો કરો, કરો ને કરો, આ કરો ને આ કરો ને આ કરો. અહીં કહે. કરો એ મરો. પરનું કરો એ મરો. મરવાના છો અંદરમાં. તમારી ચૈતન્યની સત્તા બીજા દ્રવ્યની સત્તાને અડતી નથી અને તું એમ પરનું કામ કર, કર એમ કહે છે એ તો મરવાના, ચૈતન્યની જ્યોતને મારી નાખવાના ભાવ છે. આહાહા..! જાણનાર છે એને જાણનારમાં ન રાખતા જાણનારને પરના પરિણામ કરવામાં જોડી દેવો, ઇ કરી શકતો નથી પણ માન્યતામાં જોડવો એ મિથ્યાભ્રાન્તિ થઈ જાય છે. આહાહા..!

એ '**કર્તા-કર્મપણાનો...**' સોનું કર્તા અને કુંડળ કાર્ય અને એનું ફળ એને આવે, કોઈ રાજાને માટે, રાણીને માટે કુંડળ આદિ કર્યા હોય તો ગામ પણ આપે, રાજા ગામ પણ આપે. એ એનો ભોગ કરે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! '**તેવી રીતે-આત્મા પણ પુણ્યપાપ આદિ જે પુદ્ગલદ્રવ્યપરિણામાત્મક...**' આહાહા..! '**(-પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,...**' એમ કહેવું એ નિમિત્તથી કથન છે. શું કીધું ઇ? આત્મા જડ કર્મના પુણ્ય-પાપને કરે છે, કર્મ બાંધે છે આત્મા, પુણ્ય ને પાપરૂપી કર્મ જીવ બાંધે છે એમ કહેવું. આહાહા..! એ '**(-પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,...**' એમ કહેવું એ નિમિત્ત છે, નિમિત્તથી કથન છે, કરી શકતો નથી. આહાહા..!

પુદ્ગલ દ્રવ્યના જે કર્મ બંધાય એને કરી શકતો નથી. આહાહા..! એ પરિણામ કરે. 'હું કરું, હું કરું એ અજ્ઞાન છે' એમ અજ્ઞાન કરે પણ પરના પરિણામરૂપી કાર્યને કરે નહિ. કેમ કે પરદ્રવ્ય તેના પરિણામ વિનાનું કોઈ દિ' હોય નહિ અને હોય નહિ તેથી તેના પરિણામ બીજો કરે એમ ત્રણકાળમાં બને નહિ. લોજીકથી તો છે વાત પણ હવે... આહાહા..! આખો દિ' આ હોંશિયાર કામ કરે છે ને?

અમારે 'આણંદજી' હતો એ હોંશિયાર કહેવાતો, લ્યો! 'મુંબઈ' ત્રણ-ચાર દિ'એ કાયમ માલ લેવા જાય. પાંચ-સાત, દસ હજારનો માલ લાવે. ત્રણ, ચાર દિ'એ કાયમ (જાય). વેપાર મોટો હતો. એ મરતા પગ (નકામા) થઈ ગયા. હાલી ચાલી શકે નહીં. ખુરશીએ બેસાડીને લાવે. મરતા બોલી ગયો. અરે..! મને કોઈએ કહ્યું નહિ. મને કંઈ કર્યું નહિ, કહ્યું નહિ (કે) તું નવરો થા. હું આમાં ને આમાં રોકાઈ ગયો, મારું કાંઈ કર્યું નહિ. હાલ્યો જા. હાલ્યો જા. આહાહા..! એમ દુનિયા પરના કામ માટે આબરુ મળે, વ્યવસ્થા કરે એટલે બહારમાં

હોંશિયાર કહેવાય, મોટો કહેવાય. આહા..! 'રામજીભાઈ'! એના વખતમાં મોટા વકીલ કહેવાતા. એ 'મંગળભાઈ' કહે છે, 'મંગળભાઈ' વકીલ છે.

મુમુક્ષુ :– 'અમદાવાદ'?

ઉત્તર :– હા, એ કહેતા હતા. 'રામજીભાઈ'! તો એના વખતમાં મોટા વકીલ. મોટા જજને પાણી ભરાવતા. અરે..રે..! પ્રભુ! વાત શું કરવી?

મુમુક્ષુ :– દિવસે તારા દેખાડે.

ઉત્તર :– હા ઇ કહેતા. એ 'ઉદાણી' કહેતા. 'મણીલાલ ઉદાણી' 'રાજકોટ'. ટોપો પહેરતો ને આમ લોઢાનો? મરી ગયો. ઇ એમ કહેતો કે, મહારાજ! આ તમારો 'રામજીભાઈ' તો જજને પાણી ભરાવે. જજને પાણી ભરાવે, દિવસના તારા બતાવે, એમ કહેતો. દિવસે તારા બતાવે. એ વકીલ હતો–'મણીભાઈ ઉદાણી' ગુજરી ગયા. ભારે કામ, ભાઈ!

દરેક દ્રવ્ય એટલે તત્ત્વ દરેક સમયે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી પરિણમીને રહેલું છે. એમાં બીજા દ્રવ્યનો કોઈ અંશે અધિકાર નથી. અને અધિકાર માને તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પાપ બાંધશે, મોટું પાપ બાંધશે. આહાહા..! **'આત્મા પણ પુણ્યપાપ આદિ જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક...'** પુદ્‌ગલના હોં! જડ જડ કર્મ. જડ કર્મ આત્મા બાંધે, તો જડ કર્મ બીજી ચીજ છે, આત્મા જુદી ચીજ છે. પુણ્ય-પાપના પરિણામ, પરિણામ એ કોણ? જડ કર્મના, હોં! આત્માના નહિ. **'પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક (–પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ) કર્મ તેને કરે છે,...'** આત્મા પુણ્યપાપના જડ કર્મને કરે.

**'કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલપરિણામાત્મક કરણો...'** મન-વચન ને કાયા પુદ્‌ગલમય તેને આત્મા ગ્રહણ કરે, એના વડે કામ કરે. મન ને વચન ને કાયા વડે આત્મા કામ કરે એ તદ્દન જૂઠું છે. આહાહા..! **'એવાં જે પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક કરણો તેમના વડે કરે છે, કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે...'** આત્મા મનને ગ્રહણ કરે, વાણીને ગ્રહણ કરે, શરીરને ગ્રહણ કરે એવું જે કથન છે એ તો વ્યવહારનું છે, બાકી ગ્રહણ કરી શકતો નથી. આહાહા..!

ભાષાને આત્મા બોલી શકતો નથી, આત્મા ગ્રહણ કરી શકતો નથી. કેમકે ભાષાની પરમાણુની જાત જુદી છે, ભગવાનઆત્મા જુદો છે. ભાષાના પરિણામને જો આત્મા કરે તો એને અન્ય પરિણામરૂપે થવું પડે. અન્યના પરિણામરૂપે થતાં જીવ(નું) ચૈતન્યપણું રહે નહિ. આહાહા..! આવું તો સાંભળ્યું નહિ. ગપ્પે ગપ્પા ચાલે છે અત્યારે તો. ઘણા વર્ષથી જાણીએ છીએ. આહા..!

**'કાય-વચન-મન એવાં જે પુદ્‌ગલપરિણામાત્મક કરણો તેમને ગ્રહણ કરે છે...'** એ વ્યવહાર. **'અને પુણ્યપાપ આદિ કર્મનું જે સુખદુઃખ આદિ પુદ્‌ગલદ્રવ્યપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...'** એ વ્યવહાર. જે જડના કર્મ કર્યા ઇ કહે છે કે, એ વ્યવહાર. એણે કર્યા

નથી, એનું ફળ બહારમાં પ્રતિકુળ અનુકૂળ આવે એને એ ભોગવે, એ વ્યવહાર. એ પરને ભોગવી શકતો નથી. આહાહા..! આ દાળ ને રોટલી ખાઈ શકતો નથી એમ કહે છે. ત્યારે શું ભુખ્યા રહેવું? આ પગ હલાવી શકતો નથી. કારણ કે, જડ છે. જડની ક્રિયા કોઈ દિ' આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– 'અડવાણી' ડૉક્ટર આવ્યા હતા તેના પગ ૧૦ વર્ષની ઉંમરે નહોતા ચાલતા.

ઉત્તર :– હા, આવ્યા હતા ને. 'અડવાણી' નો પગ, એ મોટો તાતામાં ડૉકટર છે. તાતા, 'મુંબઈ'માં ગયા હતા ને ત્યાં એ હોસ્પિટલમાં ગયા હતા. એક છોકરો હતો બિચારો બહુ પ્રેમી. બાર મહિનાનું પરણેતર, 'વિજય' કરીને 'ગુના'નો (હતો). બહુ પ્રેમી અને રસવાળો બહુ. પણ આ કીડનીનું દર્દ થઈ ગયું. એને દર્શન કરવા હતા એટલે હું ત્યાં ગયો હતો. પણ પછી કીડની એની માએ આપી, મરી ગયો. છોકરો એવો હોંશિયાર, પ્રેમી હતો, નાની ઉંમર. બાર મહિનાનું પરણેતર. આહાહા..! કોણ કોનું કરે? પરને જાણવું એ પણ એક વ્યવહાર કથન છે. આહાહા..! તો પરને કરવું એ વાતમાં તો અજ્ઞાન છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ ને મૂઢપણું છે.

મુમુક્ષુ :– આપ તો આખા જગતને મિથ્યાદૃષ્ટિ ઠરાવો છો.

ઉત્તર :– આખું જગત મિથ્યાત્વથી ભર્યું છે. મિથ્યા શ્રદ્ધાથી આખું જગત ભર્યું છે. અને એને લઈને રખડવાના છે. ત્યાંથી મરીને પાછા ઢોરમાં જવાના, કો'ક નરકમાં જવાના. આહાહા...! કોઈએ પુણ્ય-બુણ્ય કર્યું હોય જરીક તો વળી સ્વર્ગમાં જવાના. પણ બધા રખડવાના છે. ભલે દેવમાં જઈને ઢોરમાં જાય ને ઢોરમાં જઈને નરકમાં જાય. આવું અનંતવાર કર્યું છે. આહાહા..! કહે છે, એક આ વાળ છે એને આ આંગળી અડતી નથી. આ વાળ તોડવો હોય ને? તો આંગળી વાળને અડતી નથી, આંગળીએ વાળ તોડ્યો એ વ્યવહારનું કથન છે. આહાહા..! આ લોંચ કરે છે ને સાધુ? લોંચ.. લોંચ કરે. આહાહા..! ઘેટા પણ બાર મહિને વાળ કપાવે. ઘેટા... ઘેટા. પણ એ વાળ કાપવાની ક્રિયા પણ બીજો આત્મા કરતો નથી. અરે..રે..! આહાહા..!

મુમુક્ષુ :– છ છ મહિને એના વાળ કાપે.

ઉત્તર :– કાપે છે ને, ખબર છે. આ મુંડાવે–લોચ કરે છે એ બધા સરખા છે. આત્માની ખબર ન મળે કે આત્મા શું ચીજ છે. એની ખબર વિના બધા સરખી જાતના છે. આહાહા..! આકરું લાગે, ભાઈ! પણ છે હિતની વાત, ભાઈ! બાપુ! તને દુઃખ ન થાય. ઊલટી માન્યતાથી પ્રભુ! તું દુઃખી થઈશ અને દુઃખી કોઈ થાય એ કોઈને એમ ઠીક લાગે? આહાહા..!

ભગવાનસ્વરૂપ છો પ્રભુ! એક રજકણને રાગને કરી શકતો નથી તું એવી ચીજ જ્ઞાતા-દૃષ્ટા છો. આહાહા..! એવી ચીજને તું ન જાણતા જે તારામાં નથી તેનો તું ધણી થઈને બેઠો છો. આહાહા..! છોકરા મારા, બાયડી મારી, મકાન મારા. આહાહા..! 'મુંબઈ'માં નહિ?

સોનાની બેસવાની પેલી... મોટા કારીગર, મોટા અમલદારો આવે ત્યાં ભેગા થાય. એક ફેરી જોવા ગયા હતા. આહાહા..! અરે..! કીધું આને અહીંથી છૂટવું. આહાહા..! મોટું મકાન, બેસવાની આમ ખુરશીઓ, એવી ખુરશીઓ આમ ચક-ચક (થાય), સોનાના હાથા. એમાં બેસીને પરદેશી આવે એનો આદર કરે. આહાહા..! અહીં કહે છે કે, ત્રણકાળમાં એક જીવ બીજા દ્રવ્યનો આદર કરી શકતો નથી. આહા..! એ માને કે, આ સુખ-દુઃખ મેં ભોગવ્યા.

**'પરંતુ અનેકદ્રવ્યપણાને લીધે...'** આહાહા..! જેમ પેલા દૃષ્ટાંતમાં અનેક દ્રવ્યપણું હતું સોનીનું, એમ અહીંયાં આત્મામાં પુણ્ય-પાપના પરિણામ કરે પણ પુણ્ય-પાપ બંધન કરે, પુણ્ય-પાપના કર્મના રજકણ આત્મા બાંધે (એ માન્યતા) તદ્દન મિથ્યાત્વ છે. આહાહા..! ભારે કામ. **'અનેકદ્રવ્યપણાને લીધે...'** એટલે શું કહે (છે)? આત્મા ને કર્મ બે જુદી ચીજ છે. અનેકદ્રવ્યપણાને લીધે. હવે કર્મ જે થાય પુણ્ય-પાપના બંધાય એને તું શું કરે? તું તો ભિન્ન અરૂપી છો, એ તો રૂપી છે. કર્મ બંધન જે જ્ઞાનાવરણીય આઠ છે એ તો રૂપી છે. તું રૂપીના પરિણામ કરવા જા તો માન્યતામાં રૂપી થઈ જઈશ. થાય તો ક્યાં છે? આહાહા..! પાણી ઊતરી જાય એવું છે આ તો. દુનિયાના અભિમાન (કર્યા). જ્યાં હોય ત્યાં મેં આમ કર્યા ને આમ કર્યા ને આમ કર્યા. દુકાનું આમ ચલાવી ને... આહાહા..! છોકરાઓને પાળીપોશીને મોટા કર્યા.

મુમુક્ષુ :– છોકરાને 'અમેરિકા' મોકલ્યા.

ઉત્તર :– 'અમેરિકા' 'સુમન' ને મોકલ્યો હતો. પહેલા પાપ કરી, વકીલાતમાં પાપ કર્યા પછી એ પૈસા આપ્યા છોકરાને 'અમેરિકા' માં ભણવા. 'રામજીભાઈ'! આહાહા..! એ ન્યાં રહ્યો, આ અહીં રહ્યા. રોટલા ઘડી ખાવ તમે અહીં. એ ન્યાં રહ્યા. દીકરો દીકરાને ઠેકાણે રહ્યો ને આ અહીં રહ્યા. આહાહા..! સંસાર એવો (છે) આખો. દુનિયા તો ગાંડી કહે એવું છે, ભાઈ! દુનિયા ગાંડી એ આવી વાતને ગાંડી, ગાંડપણ કહે. આ કરી શકીએ છીએ ને. એક ફેરી 'ચીમનચક્કુ' અહીં આવ્યો હતો. 'ચીમનચક્કુ' નહિ 'લીંમડીવાળો'?

મુમુક્ષુ :– રોજ કેસ ચલાવીએ ને આપ કહો કે ન કરે.

ઉત્તર :– કાંઈ ચલાવી શકતા નથી, ધૂળેય તે. ભાષા જડની છે, આ હોઠ જડના છે. એની પર્યાય થવી તે આત્માના આશ્રયે નથી થતી. આત્માને આશ્રયે જો આના પરિણામ થાય તો આત્માના આ પરિણામમાં પેસવું જોઈએ. તો એ જડના પરિણામ થઈ જાય. એમ કોઈ દિ' ત્રણકાળમાં થાય નહિ. આહાહા..!

મુમુક્ષુ :– આમાં તો બાવા થાવું પડે.

ઉત્તર :– બાવો જ છે. કે દિ' પરચીજ એની પાસે રહી છે? એકલો ચૈતન્યમૂર્તિ અરૂપી છે. એની પાસે કર્મ છે એ જડના છે, એ એના નથી. શરીર જડના છે, વાણી જડની છે, એની પાસે નથી. ઇ તો બાવો જ છે ઇ તો. પરદ્રવ્યથી નિવૃત્તસ્વરૂપ જ છે. આહાહા..!

પણ પરદ્રવ્યની પ્રવૃત્તિ કરવામાં હોંશિયારી વાપરે છે. હોંશિયારીના પરિણામ, હોં! પરનું કરી શકે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– વકીલાતમાં જે ધારતા તે કરતા.

ઉત્તર :– ધૂળેય કરી નથી વકીલાત. ભાષા બોલાય નહિ ત્યાં.. પ્રભુ! ભાષા તો જડ છે, આત્મા પ્રભુ તો અરૂપી છે, આ તો રૂપી છે જડ. ભાષા વર્ગણામાંથી આ વાણી ઉઠે છે, આત્મામાંથી વાણી ઉઠતી નથી. આહાહા..! એકવાર તો ભાઈ! જીવતા મરી જવું જોશે. પરને માટે મારો કાંઈ અધિકાર નથી અને પર મારે માટે કાંઈ પણ નુકસાન કે લાભ આપે, એ કાંઈ નથી. હું કોઈને લાભ આપુ ને નુકસાન આપુ એમ પણ નથી એમ એ ચીજથી મને લાભ-નુકસાન થાય એમ પણ નથી. આહાહા..! આકરું કામ છે, ભાઈ!

**'અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી...'** જડકર્મ જે બાંધે છે એનાથી પ્રભુ આત્મા અન્ય છે. આહાહા..! અને જડ કર્મનું ફળ આ દાળ, ભાત, રોટલી કે માખણ મળે ને પૈસા મળે એ જડ છે. એનું ફળ જડ છે, જડ કોણ ભોગવે? જડ કરે કોણ ને જડને ભોગવે કોણ? જે પૂર્વે જડ કર્મ બાંધ્યા હતા એ જડ એનાથી બંધાણા, આત્માથી નહિ. અને એના ફળ તરીકે આવે એ પર સ્વતંત્ર છે. આહાહા..! કઈ જાતની આ વાત? બધા હોંશિયાર હોંશિયાર સંસારના કહેવાય મોટા. વકીલો તો કંઈકને જીતાવી દે, ડૉક્ટરો કંઈકને સાજા કરી દે. આહાહા..! આરે.. આરે..! બધું ગપ્પ છે, કહે છે.

મુમુક્ષુ :– ગપ્પમાં પણ હોંશિયારી જોઈએ.

ઉત્તર :– હોંશિયારી જ છે ને મિથ્યાત્વની, હોંશિયારી મિથ્યાત્વની છે. આવી વાત છે. દુનિયાથી જુદી જાત (છે). આખી દુનિયાને જાણીએ છીએ ને. ભગવાને દુનિયા જાણીને આ લખ્યું છે. ત્રણકાળ ને ત્રણલોકનું જ્ઞાન ભગવાનને (છે). એમાંથી આ વાણી મુનિને આવી છે. એ મુનિ આ વાણી દુનિયાને કહે છે. આહાહા..!

વસ્તુ કર્મને કરે ને કર્મના ફળને ભોગવે (એમ નથી). **'અનેકદ્રવ્યપણાને લીધે તેમનાથી અન્ય હોવાથી,...'** કર્મથી જીવ અન્ય છે અને કર્મના ફળથી જીવ અન્ય છે. **'તન્મય (તે-મય) થતો નથી;...'** તેથી તે જડ કર્મમાં તન્મય થતો નથી અને તેના ફળ તરીકેમાં પૈસા આદિમાં તન્મય થતો નથી; તન્મય નામ એકમેક થતો નથી. એના પોતાના પરિણામ પરના પરિણામપણે થતાં નથી. આહાહા..!

**'માટે નિમિત્ત-નૈમિત્તિકભાવમાત્રથી જ...'** ફક્ત નિમિત્ત-નૈમિત્તિકમાત્રભાવ. એ થાય છે ત્યારે પેલી ચીજ નિમિત્તપણે ઉભી છે એટલા માત્રથી **'ત્યાં કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર છે.'** આહાહા..! બોલવાનો એ કથનનો વ્યવહાર છે, કહે છે. વસ્તુસ્થિતિ તો એમ છે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરે... આહાહા..! એ બધા કથનમાત્રથી વ્યવહારથી બોલાય. આહા..! આમ ભેંસ હોય, ઘરે ગાય હોય તો એમ બોલાય, આ મારી

ભેંસ છે, મારી ગાય છે. ગાય-ભેંસ એની થઈ ગઈ? એ તો દુનિયાને કહેવાના વ્યવહારના કથન છે. આહાહા..! તારી હોય તો તારાથી જુદી રહે કેમ? અને જુદી રહે, એ તારાથી જુદી રહે એ તારી કેમ હોય? આહાહા..! ભારે ભાઈ આ.

મુમુક્ષુ :– એક દેશમાં રહે ને એક પરદેશમાં રહે તો ભાઈપણું મટી જાય?

ઉત્તર :– હતું કે દિ'? 'મુંબઈ'માં 'સુમનભાઈ' રહે છે ને અહીં 'રામજીભાઈ' રહે છે. બાપ-દીકરો એ બેને સંબંધ કેવો છે? લેવાદેવા (કાંઈ)? અહીં આવે ત્યારે જરીક પગ દાબે આમ આમ, ત્યાં થઈ જાય જાણે આમ દીકરો-બાપ. આઠ હજારનો પગાર છે. આવે, સાંભળે. કોના દીકરા ને કોના બાપ? બાપા! ગજબ વાતો છે, ભાઈ!

મુનિઓ તો કહે છે, અમે કહીએ છીએ એ વાત તમને નહિ ગોઠે, તમે અમને પાગલ માનશો. કેમકે તમે પાગલપણું સેવો છો. આહાહા..! તમે પાગલપણાને સેવો છો તેથી અમારી વાત તમને પાગલ જેવી લાગશે. બાકી સત્ય તો ત્રણકાળમાં ફરે એવું નથી. આહાહા..!

**'વળી જેવી રીતે-તે જ શિલ્પી, (એટલે કારીગર) કરવાનો ઇચ્છક વર્તતો થકો, કરવાનો ઇચ્છક વર્તતો થકો, ચેષ્ટારૂપ (અર્થાત્ કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ)...'** નિમિત્તથી વાત છે. **'એવું જે સ્વપરિણામાત્મક કર્મ તેને કરે છે...'** પોતાના પરિણામને કરે છે. એ કારીગર પોતાના પરિણામને કરે છે. હું આ કરું છું, આ હું કરું છું એવા પરિણામને કરે છે, પરને કરી શકતો નથી. આહાહા..! છે? **'(કુંડળ આદિ કરવાના પોતાના પરિણામરૂપ અને હસ્ત આદિના વ્યાપારરૂપ...) એવું જે સ્વપરિણામાત્મક કર્મ...'** રાગ અને દ્વેષના પરિણામ કરે પણ તેથી કર્મબંધન કરે ને કર્મબંધનના ફળને ભોગવે એવો આત્માને ને એને સંબંધ નથી. આહાહા..!

ગરીબ માણસ આવે એને ઘરે કાંઈ ન હોય, એક ઝુંપડી (હોય). પૂર્વના પાપને લઈને. એ પાપ એના નથી ને આ ફળ આવ્યું એ એનું નથી. ઝુંપડી-બુપડીમાં રહે ને ખાવા ન મળે. આહા..! આ ઇ ચીજ એની નથી. આહાહા..! એનો આત્મા ભગવાન ચૈતન્યસ્વરૂપ એના પરિણામમાં પોતે માને એને. તો પરિણામને કરે ને પરિણામને ભોગવે. આહાહા..!

કહે છે કે, એ કારીગર દરેક કુંભાર સોની વગેરે સ્વપરિણામનું કર્મ તેને કરે. પોતાના પરિણામરૂપી કર્મ એટલે કાર્ય. રાગના કર્મને પુણ્યભાવ, પાપભાવને કરે, પુણ્ય-પાપના પરિણામને કરે. **'તથા દુઃખસ્વરૂપ એવું જે ચેષ્ટારૂપ કર્મનું સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે,...'** આહાહા..! ઇ ચેષ્ટા કરે છે પરિણામની એ દુઃખરૂપ છે. આહાહા..! રાગ અને દ્વેષની ચેષ્ટા કરે છે તે કર્તા થાય છે અને એનું પરિણામ છે ને એને ભોગવે છે. આહાહા..! એ પણ નિશ્ચયથી ભોગવે છે એના પરિણામને. અહીં તો એ લેવું છે ને? નિશ્ચયથી રાગ-દ્વેષને કરે છે, નિશ્ચયથી રાગ-દ્વેષના પરિણામને ભોગવે છે. કર્મને કરતો નથી ને કર્મના ફળને ભોગવતો નથી. આહાહા..! આવી વાત હવે કાને પડે નહિ. એ કે દિ' સત્યને જુદું પાડે? વ્યવહારે

પણ હજી આ તો 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાની હેઠે કુતરું હોય ને ગાડું ચાલતું હોય. ઠુંઠું અડતું હોય, ઠુંઠું. (એટલે એને એમ લાગે છે કે) મારે લઈને આ ગાડું ચાલે છે. આ એવી ચીજ છે. જગતના કામ ન્યાં થડે બેઠો હોય (તો) જાણે મારાથી આ બધું થાય છે. એ કુતરા જેવો છે. કુતરું જ છે ને. એ તો અજ્ઞાની છે. આહાહા..!

**'સ્વપરિણામાત્મક ફળ તેને ભોગવે છે.'** શું કીધું? જીવ પોતાના પરિણામ કરું કરું એના પરિણામને કરે અને પોતાના પરિણામને ભોગવે. પણ પરને કરે ને પરને ભોગવે એમ ત્રણકાળમાં બને નહિ. **'અને એક દ્રવ્યપણાને લીધે...'** અહીં જોયું? એ શુભાશુભ પરિણામને એકદ્રવ્યપણાને લીધે કીધું. શુભ-અશુભ પરિણામ કરે પણ કર્મ બાંધે ને કર્મના ફળને ભોગવે એમ નહિ. **'એકદ્રવ્યપણાને લીધે...'** ભાષા જુઓ! જે શુભ-અશુભ પરિણામ કરે છે એ એકદ્રવ્યપણાના પોતાના પરિણામ છે. આહાહા..! એક ઠેકાણે એમ કહેવું કે, પુણ્ય-પાપ એ કર્મનું છે, આત્માનું નથી. એ ધર્મદૃષ્ટિ સ્વભાવદૃષ્ટિને સમજાવવા (કહે). આ તો વસ્તુ સ્થિતિ કેમ મર્યાદા છે એ બતાવે છે. આહાહા..!

**'એકદ્રવ્યપણાને લીધે...'** કોણ એકદ્રવ્યપણાને લીધે? પુણ્ય-પાપના બંધન થાય તેના જે પરિણામ છે ને પોતાના? એ પરિણામ તો એક દ્રવ્યના તારા છે, એના છે. એ પરિણામ પરદ્રવ્યના નથી. આહાહા..! **'એકદ્રવ્યપણાને લીધે તેમનાથી (કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી...'** કર્મ પુણ્ય-પાપ ભાવ અને અનું ફળ દુઃખ એની સાથે આત્મા અનન્ય છે. આહાહા..! પરથી અનેરો છે, પરથી અન્ય છે પણ પોતાના પરિણામથી અનન્ય છે. આહાહા..! આવી વાત છે. તીર્થંકરદેવ કેવળી પરમાત્માએ આ કહ્યું છે. જગતની ઊંધી દૃષ્ટિ ફેરવવા, દૃષ્ટિના ઊંધા પરિણામને ફેરવવા (આ કહ્યું છે). આહાહા..!

**'(કર્મ અને કર્મફળથી) અનન્ય હોવાથી તન્મય (કર્મમય ને કર્મફળમય) છે;...'** એ પુણ્ય-પાપથી એ તન્મય છે, ભાવ હોં! અને એના ફળથી પણ તન્મય છે. **'માટે પરિણામપરિણામીભાવથી ત્યાં જ કર્તા-કર્મપણાનો અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે;...'** લ્યો! એ પરિણામ જે કરે, હું કરું આમ કોઈ પરિણામ, એનો કર્તા ને ભોક્તા થાય. એ કર્તા-કર્મ અને ભોક્તા-ભોગ્યપણાનો નિશ્ચય છે. એ નિશ્ચય છે. આહા..! પરને કરે એ નિમિત્તથી કથન વ્યવહારના કથન છે. આહાહા..! પોતાના પુણ્ય-પાપના પરિણામ અને એનું ફળ જે દુઃખ એ પોતાના પરિણામને પોતે એક દ્રવ્યપણાને લઈને પોતે કરે છે. તેથી તે નિશ્ચય છે, પરને કરવાની વાત આવે એ બધા વ્યવહારના કથન છે. વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક–૨૧૧

(નર્દટક)

ननु परिणाम एव किल कर्म विनिश्चयतः
स भवति नापरस्य परिणामिन एव भवेत्।
न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया
स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव ततः।।२११।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ ननु परिणामः एव किल विनिश्चयतः कर्म ] ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે, અને [ सः परिणामिनः एव भवेत्, अपरस्य न भवति ] પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ (કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે, અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો); [ इह कर्म कर्तृशून्यम् न भवति ] વળી કર્મ કર્તા વિના હોતું નથી, [ च वस्तुनः एकतया स्थितिः इह न ] તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ (અર્થાત્ ફૂટસ્થ સ્થિતિ) હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે); [ ततः तद् एव कर्तृ भवतु ] માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે (-એ નિશ્ચય-સિદ્ધાંત છે). ૨૧૧.

## પ્રવચન નં. ૪૦૬ શ્લોક–૨૧૧ થી ૨૧૨ સોમવાર, જ્યેષ્ઠ વદ ૧૧, તા. ૦૯-૦૬-૧૯૮૦

'સમયસાર' ૨૧૧ કળશ, કળશ છે.

ननु परिणाम एव किल कर्म विनिश्चयतः
स भवति नापरस्य परिणामिन एव भवेत्।
न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया
स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव ततः।।२११।।

શું કહે છે? **'ननु परिणामः एव किल विनिश्चयतः कर्म' 'ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે,...'** શું કીધું ઇ? દરેક દ્રવ્યના જે પરિણામ જે સમયે થાય તે પરિણામ

જ એનું કર્મ, કર્મ એટલે કાર્ય છે. આહાહા..! આ હાથ હલે છે એ પરિણામ છે, પરિણામ. એ પરિણામ એ કર્મ એટલે કાર્ય છે. એ કાર્ય પરમાણુનું કાર્ય છે, આત્માનું નહિ. આહાહા..! **'ખરેખર પરિણામ છે...'** દરેક વસ્તુના પરિણામ છે, પર્યાય છે, અવસ્થા છે તે જ તેનું કાર્ય છે. એ બીજાનું કાર્ય કરવા જાય એ બની શકે નહિ. એ પોતાનું આ પરિણામ કાર્ય પોતાનું છે. પણ બીજાનું કાર્ય કરવા જાય (એ બની શકે નહિ). આહાહા..! આકરું કામ છે.

આ વેપાર-ધંધો એ ત્રણકાળમાં આત્મા કરે નહિ. એને જે પરિણામ થાય એ પરિણામ તેનું કાર્ય છે, પરિણામ તેનું કર્મ છે, પરિણામ તેનું કર્તવ્ય છે. બીજી ચીજને કરી શકે એ ત્રણકાળમાં નહિ. આહાહા..! અહીં તો જીવ પરજીવની દયા પાળી શકે એમ નહિ, કહે છે. કેમકે દયાના જે પરિણામ છે એ જીવના પરિણામ એનું કર્મ નામ કાર્ય છે. એ કાર્ય પરનું કરી શકે નહિ. આહાહા..! દયાના ભાવ આવ્યા એ રાગ છે. રાગ એ આત્માનું અજ્ઞાનમાં કર્મ એટલે કાર્ય છે પણ એ કાર્ય પરની દયા પાળવામાં કામ કરે, એ ભાવ પરની દયા પાળી શકે (એમ) ત્રણકાળમાં નહિ. આહાહા..!

મુમુક્ષુ :- દયા તે ધર્મ છે એમ કેમ કહ્યું?

ઉત્તર :- કયો દયા ધર્મ? આ તો આ આત્માની દયા. આત્માને રાગ રહિત, વિકલ્પ રહિત અખંડાનંદની શ્રદ્ધા ને પ્રતીત (કરવી) તે અહિંસા છે, તે દયા છે. આહાહા..! બહુ ફેર. ક્યાં વાણીયાને નવરાશ ન મળે નિર્ણય કરવાની. ધંધા આદિ પાપમાં આખો દિ' પડ્યા હોય.

મુમુક્ષુ :- વાણિયા જ નવરા થઈને આવ્યા છે....

ઉત્તર :- બીજાની વાત છે ને. આહાહા..!

પરિણામ ખરેખર તે જ કાર્ય છે, ભાષા જુઓ! આત્માના પરિણામ કે આ પરમાણુના પરિણામ, આ આંગળી પરમાણુ છે, આ આંગળીના જે આ પરિણામ છે તે ખરેખર નિશ્ચય આંગળી-પરમાણુનું કાર્ય છે, આત્માનું એ કાર્ય નહિ, આત્માનું એ કર્મ નહિ, આત્માના એ પરિણામથી થયું નથી. આંગળી હલે છે એ આત્માના પરિણામથી હલતી નથી. આહાહા..!

ખરેખર દરેક વસ્તુનો તે સમયનો જે પર્યાય છે તે તેનું જ કર્મ નામ કાર્ય છે. આહા..! એક દ્રવ્યનું કાર્ય પોતાની પર્યાય તે તેનું કાર્ય છે. પણ એ દ્રવ્ય બીજાનું કાર્ય કરી શકે, બીજા પરમાણુનું કે બીજા આત્માનું,... આહાહા..! એ બની શકે નહિ, બનતું નથી. મિથ્યાદૃષ્ટિ મૂઢ માને છે એટલે એ મિથ્યાત્વને સેવે છે. દયા પાળનારો મેં દયાને પાળી, એનું કાર્ય મેં કર્યું એ મિથ્યાદૃષ્ટિ માને છે. એને જૈન ધર્મ શું છે એની ખબર નથી. આહાહા..! આ તો કેવળી સર્વજ્ઞ પરમેશ્વર એનું કથન છે. ભાષા કેવી કરી જોયું?

ખરેખર **'ननु परिणामः एव किल विनिश्चयतः कर्म'** **'તે જ નિશ્ચયથી કર્મ છે...'** આહાહા..! આત્મા કર્મ બાંધે એ વાત ખોટી છે, આત્મા કર્મ બાંધે એ વાત જૂઠી છે. આત્માના જે વિકારી પરિણામ જ છે તે તેનું કર્મ ને કાર્ય છે. એની સ્થિતિની હદ ત્યાં સુધી (છે).

એ પરિણામ થયા ત્યાં સુધી એની મર્યાદા (છે). પછી કર્મ બાંધે અને કર્મના ફળ આત્મા ભોગવે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! આવી વાત. વાડામાં પડ્યા એણે સાંભળ્યું નથી. ક્રિયા આ કરો, દયા પાળો ને આ કરો. મરી જવાના, ચાર ગતિમાં રખડવાના, ચોરાશીના અવતાર. આહાહા..! અહીં એના માને પણ પરના કામ કરું છું એનું ફળ (આકરું છે). આ એક આત્મા બીજા આત્માનું કોઈપણ કાર્ય કરે એ ત્રણકાળમાં બને નહિ. તેમ એક આત્માના પરિણામ બીજા પરમાણુના પરિણામને કરે, આ ભાષાની પર્યાયને આત્મા કરે (એ) ત્રણકાળમાં બને નહિ. આહાહા..!

**'ખરેખર પરિણામ છે...'** જે દ્રવ્યના જે પરિણામ પર્યાય અવસ્થા છે તે જ નિશ્ચયથી તેનું કાર્ય છે. એ કાર્યને ઓળંગી બીજાનું કાર્ય કરવા જાય, કરી શકે નહિ ને મિથ્યાત્વને સેવે. આહાહા..! ભારે આકરું કામ. દુકાનના ધંધામાં થડે બેસીને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. કહે છે કે, એ એના પોતાના પરિણામનું કર્મ કરે, પણ બીજું કાર્ય ઘરાકને સાચવે ને માલ આપે એ ત્રણકાળમાં બનતું નથી. ભારે આકરું કામ. આ તો જૈન ધર્મનો એકડો છે. કેવળજ્ઞાની પરમાત્મા એનો પહેલા નંબરનો એકડો આ છે, કે જેટલા અનંતા દ્રવ્ય છે એમાં એ દ્રવ્ય પોતાના પરિણામને કરે, અવસ્થાને કરે, હાલતને કરે. બીજા દ્રવ્યની અવસ્થાને, બીજાના કાર્યને કે બીજાના પરિણામને એક દ્રવ્ય ત્રણકાળમાં કરી શકે નહિ. આહાહા..! આકરું કામ, ભાઈ! આ ટોપી જે ઓઢે છે એ કાર્ય આત્માનું નથી.

મુમુક્ષુ :– કોનું માથાનું છે કાર્ય?

ઉત્તર :– માથાનું નથી, ટોપીના પરમાણુનું છે. ટોપીના પરમાણુનું કાર્ય આમ (રહેવાનું છે). આ ચશ્મા એ કાંઈ આત્માનું કાર્ય નથી. એ પરમાણુ છે એનું કાર્ય આ ચશ્મા અહીં રહેવું તે છે. આત્મા કરે એ પરિણામ કરે પણ પરિણામને લઈને એ ચશ્માનું કાર્ય કરે, ટોપી ઓઢવાનું કામ કરે, કોટ પહેરવાનું કામ કરે, દિવાસળી સળગાવવાનું કામ કરે, બીડી હાથમાં પકડવાનું કામ કરે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! ગજબ વાત છે. આવો વીતરાગનો માર્ગ જૈનના વાડામાં જન્મ્યા એણે સાંભળ્યું ન હોય. પચાસ પચાસ, સાંઈઠ સાંઈઠ વર્ષ કાઢ્યા પાપમાં એકલા. આહાહા..!

**'અને...' 'सः परिणामिनः एव भवेत्, अपरस्य न भवति' 'પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...'** પરિણામ જે અવસ્થા થાય તે પરિણામી એનું દ્રવ્ય જે છે એને આશ્રયે પર્યાય થાય છે. આહાહા..! આ કાગળ આમ ઊંચો થાય છે એ આત્માથી નહિ, તેમ આ આંગળીથી નહિ. આંગળીથી આમ ઊંચું થાતું નથી. કેમકે આંગળીના પરિણામ જુદા અને આના પરિણામ પર્યાય, પર્યાય જુદી. આંગળીની પર્યાય જુદી, આ પર્યાય જુદી. આંગળીની પર્યાય, પર્યાયનું કામ કરે પણ એ પર્યાય આનું કામ કરે (એમ નહિ). આહાહા..! ભારે આકરું.

મુમુક્ષુ :– આત્માએ ભાવ કર્યો અને કાગળ ઊંચો થયો, બેયનો સમય એક કેમ છે?

ઉત્તર :– સમય એક જ છે. દરેક દ્રવ્યની પર્યાયનો સમય એક છે ને પરિણામમાં. દરેક દ્રવ્યની પર્યાયનો સમય એક જ છે. વર્તમાન પરિણામ થાય તે વર્તમાન, બસ! વર્તમાન દરેકના વર્તમાન પરિણામ છે. તો વર્તમાન જીવે પરિણામ કર્યા એથી વર્તમાન બીજા જડના પરિણામ થાય એમ નથી. આહાહા..! એમ કેમ બને? કે, વર્તમાન અનંત દ્રવ્યો છે. અનંત દ્રવ્યો વર્તમાનના સમયના પરિણામ વિનાનું હોય નહિ અને એ પર્યાય છે એ બીજો દ્રવ્ય કરે (એમ) ત્રણકાળમાં બને નહિ. એ જૈન દર્શનનો વેરી છે. આહાહા..! આકરું કામ છે.

મુમુક્ષુ :– અનુરૂપ અને અનુકૂળ એ બેનો મેળ કોણે કર્યો?

ઉત્તર :– મેળ કાંઈ નથી. એ નિમિત્ત હોય એને અનુકૂળ કહેવાય અને અહીં પર્યાય થાય તે અનુરૂપ કહેવાય. અનુકૂળ આને કાંઈ કરે (એ) ત્રણકાળમાં નહિ. તેમ અનુરૂપ અનુકૂળને લાવે એ ત્રણકાળમાં નહિ. 'સમયસાર'માં આવે છે–અનુકૂળ-અનુરૂપ. જે નિમિત્ત છે એ અનુરૂપ કહેવાય અને જે દ્રવ્યના પરિણામ છે એ અનુકૂળ કહેવાય. એ અનુકૂળ પરિણામ અનુરૂપને લઈને થયા નથી. તેમ અનુરૂપના પરિણામ અનુકૂળ છે માટે એને લઈને આવ્યા છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– આપની નિશાળ જ જુદી છે.

ઉત્તર :– આ વીતરાગનું શાસન જુદું છે, વીતરાગનો માર્ગ જુદો. અત્યારે તો ફેરફાર આખો ફેરફાર, બધો ફેરફાર છે. તદ્દન શ્રદ્ધા ઊંધી, મિથ્યાત્વની શ્રદ્ધા અને એને ધર્મ માને છે. આહાહા..!

કહે છે, '**પરિણામ પોતાના આશ્રયભૂત...**' પર્યાય થાય છે, પર્યાય છે, પર્યાય કર્મ છે, પર્યાય કાર્ય છે પણ એ કાર્ય પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે. તે પરિણામ, તે કર્મ, તે કાર્ય, તે કર્તવ્ય તે તે દ્રવ્યના (આશ્રયે છે), તેના પરિણામનું જે દ્રવ્ય છે તેને આશ્રયે છે. એ પરિણામ બીજા દ્રવ્યને આશ્રય થાય (એમ નથી). આહાહા..!

પગનું ઉપાડવું એ આત્માનું કાર્ય નથી. પગને આમ ઉપાડવો ને આમ મુકવો ને એ પગ જમીનને અડતો નથી. પગ જમીનને અડતો નથી, જમીન પગને અડતી નથી. કેમકે પગના પરિણામ છે એ એના આશ્રયે–પરમાણુને આશ્રયે થયા અને એના પરિણામ છે એ એના પરમાણુના આશ્રયે થયા. એ ચાલવાના પરિણામ થયા એ આ નીચે જમીન છે માટે પગના ચાલવાના પરિણામ થયા એમ નથી. આહાહા..!

કીધુંને? પરિણામ એટલે પર્યાય. દરેક પરમાણુ અને આત્માની. અનંતા છે. અનંતા દ્રવ્ય આત્મા, અનંતા પરમાણુ. એની સમયે સમયે પર્યાય સ્વતંત્ર છે, એ પર્યાયનો આશ્રય તે દ્રવ્ય છે. તે પર્યાય–પરિણામ તે કર્તવ્ય ને કાર્યનો આશ્રય દ્રવ્ય છે. એ કાર્યનો આશ્રય બીજા દ્રવ્યને લઈને કાર્ય થાય એમ ત્રણકાળમાં છે નહિ. આહાહા..! ગાંડા જ કહે એવું

છે ને! અભિમાન ઊતરી જાય આખું. આહા..!

હું બોલું છું, હું ચાલું છું, હું ખાઉં છું. આહાહા..! એ ખાવાની ક્રિયાના પરિણામ એ પરમાણુના પરિણામ છે. એ આત્મા એના પરિણામ કરે, ખાવાના પરિણામ જડના પરમાણુ છે, આત્મા એ પરિણામ ખાવાના કરે ત્રણકાળમાં બને નહિ. આહાહા..! આ દાઢ જે હલે છે અને હોઠ જે હલે છે એ પરિણામ એના જડના છે. એ પરિણામ એ પરિણામીને આશ્રયે છે–પરમાણુના આશ્રયે છે, એ પરિણામ આત્માના આશ્રયે નહિ. આહાહા..!

**'પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે,...'** પરિણામીનું જ હોય છે. એકાંત છે. કથંચિત્ પરથી અને કથંચિત્ સ્વથી, એમ નથી. આહા..! એ **'પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ...'** શું? પરિણામ જે થયા પરમાણુના કે આત્માના, એ આત્માના આશ્રયે થયા છે, એ અન્યને આશ્રયે નહિ. અને એ પરિણામ આત્માના છે એ પરિણામ પરમાણુના નહિ. અને પરમાણુના જે પરિણામ થયા એ પર્યાય પરમાણુના આશ્રયના છે, તે અન્યને આશ્રયે પરમાણુના પર્યાય નથી. આહાહા..!

અહીં તો હું પરની દયા પાળુ એ મિથ્યાદૃષ્ટિ છે, ઇ જૈન નથી, એને જૈનની શ્રદ્ધાની ખબર નથી. કેમકે એ પરદ્રવ્ય છે અને આ સ્વદ્રવ્ય છે. સ્વદ્રવ્ય પોતાના પરિણામને કરે. એની દયા પાળવાના પરિણામ એનાથી થાય, એને ઠેકાણે મારાથી થાય (એમ માને છે તે) જૈન ધર્મના વિરોધી છે, કેવળજ્ઞાની પરમાત્માના વિરોધી છે ઇ. આહાહા..! આકરું કામ છે. અત્યાર તો માથે બેઠા હોય (એમાં) જી હા, જી હા કર્યું હોય. અને આખો ફેર મોટો. આહાહા..! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ' અહીં ના પાડે છે. પરની દયા એ પરના પરિણામ છે. પરના પરિણામ બીજા પરિણામને આશ્રયે હોય નહિ. એના દ્રવ્યને આશ્રયે પરિણામ હોય. એ પરિણામ જ એ પરદ્રવ્યનું કાર્ય ને કર્તવ્ય ને કામ છે. આહાહા..!

દરેક દ્રવ્ય કામ વિનાનું હોતું નથી. કામ એટલે પર્યાયનું કાર્ય. કાર્ય વિનાનું હોતું નથી તો બીજા દ્રવ્ય એનું કાર્ય શી રીતે કરે? એ કાર્ય વિનાનું તો છે નહિ કોઈ દ્રવ્ય. આહાહા..! જીવ રાગના પરિણામ કરે પણ કર્મબંધનના પરિણામ આત્મા ન કરે. આત્મા કર્મ બાંધી શકે નહિ. તેમ આત્મા કર્મ છોડી શકે નહિ, આત્મા કર્મ નાશ કરી શકે નહિ. આહાહા..! આકરી વાત. કેમકે એ પરમાણુના પરિણામ છે. એ અકર્મરૂપે પરિણમવું એ પરમાણુના પરિણામ છે. આત્મા કર્મનો નાશ કરે કે આત્મા કર્મને બાંધે (એમ) ત્રણકાળમાં નહિ. એ પરમાણુ એની મેળે ત્યાં કર્મરૂપે પરિણમે છે. એ કર્મરૂપી પરિણામનું કાર્ય કરનાર એ પરમાણુ છે અને એ કર્મ છૂટીને અકર્મરૂપે થાય એ કાર્ય કર્મનું છે. એ કર્મનું જ અકર્મરૂપે પરિણમવું થયું એ કાર્ય કર્મનું છે. અકર્મરૂપે થવું એ કાર્ય જીવનું છે એમ નથી. આમાં શું કરવું? આહાહા..! અત્યારે તો બધું એ ચાલ્યું છે. આ કરો ને આ કરો. પોષા કરો, પડિકમણા કરો, સામાયિક કરો,... કરો, કરો ને કરો. મરો. કરો ને મરો. મરી જવાના. પરના પરિણામને

હું કરું એમાં આત્માનું મરણ છે. આહાહા..!

જીવતી જ્યોત જાગતી જાણનાર પરિણામ છે એ જાણનાર પરિણામને પરના કાર્ય કરે એમ કહેવું એ જાણનાર પરિણામનો નાશ કરે છે અને જાણનાર પરિણામનો નાશ કરે એટલે જાણનાર પરિણામનો આધાર જે દ્રવ્ય એનો પણ એ નાશ કરે છે. આહાહા..! આવી વાતું સાંભળવી કઠણ પડે. કોઈ દિ' કરી નથી. વીતરાગ માર્ગ જૈન પરમેશ્વર સર્વજ્ઞએ ત્રણકાળ, ત્રણલોક જોયા. એની વાણી કોઈ જુદી હોય છે. આહાહા..! એ વાણી શ્વેતાંબરમાં નથી, સ્થાનકવાસી ને શ્વેતાંબરમાં એ વાણી છે જ નહિ. કારણ કે એ શાસ્ત્ર કલ્પિત બનાવ્યા છે. સ્થાનકવાસી, દેરાવાસીએ (કરેલા) શાસ્ત્ર ભગવાનના કરેલા નથી, સાધુના કરેલા નથી, સમકિતીના કરેલા નથી, મિથ્યાત્વીના કરેલા છે. આહાહા..! અર..ર ર..! આવી વાતું. મિથ્યાત્વીમાં પણ ગ્રહિત મિથ્યાત્વીના કરેલા છે. અગ્રહિત મિથ્યાત્વીના નહિ. આહાહા..! એ..ઇ..! માર્ગ તો આવો છે, બાપુ!

એ પરિણામ એટલે પર્યાય પોતાના આશ્રયભૂત પરિણામી એટલે દ્રવ્યનું જ હોય છે, અન્યનું નહિ. **'(કારણ કે પરિણામો પોતપોતાના દ્રવ્યના આશ્રયે છે,...)'** પરમાણુમાં કે આત્મામાં સમયે સમયે જે પર્યાય થાય તે પર્યાય પોતાના દ્રવ્યને આશ્રયે થાય, પરને આશ્રયે બિલકુલ નહિ. એમ પરમાણુમાં જે થાય આ ચાલવું, બોલવું, ચાલવું એ પરમાણુની પર્યાય છે, આત્માથી નહિ. આહાહા..! આત્મા બોલે નહિ, આત્મા હલે નહિ. એ હલવાનું ને બોલવાની પર્યાયનો કર્તા પરમાણુ છે. આહાહા..! 'દામોદરભાઈ'! આવું ક્યા હતું? 'દામનગર' હતું? બધે ગોટા (છે). સાધુ પણ (એમ કહે) આ કરો, આ કરો ને આ કરો. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય ત્રણકાળમાં કરી શકે નહિ. કેમકે કોઈ પર્યાય વિનાનું દ્રવ્ય છે નહિ. પર્યાય એટલે કાર્ય, પર્યાય એટલે કાર્ય. કાર્ય વિનાનું કોઈ દ્રવ્ય છે નહિ કે જેથી એનું કાર્ય બીજો દ્રવ્ય કરે. આહાહા..!

મુમુક્ષુ :- માંદુ પડે ત્યારે શું કરે?

ઉત્તર :- કોણ માંદુ પડે? દ્રવ્યમાં રોગ આવે પરમાણુ એ એની પરમાણુની પર્યાય છે. એ પર્યાય કોઈ બીજાને લઈને થઈ છે, ખાધા ફેર થયો માટે એમાં શરીરમાં રોગ થયો એ વાતમાં માલ કાંઈ નથી. આહાહા..! ખરેખર તો દવાથી કંઈ રોગ મટે છે એ વાત પણ સાચી નથી. આહાહા..! કેમકે દવાના પરમાણુના પરિણામ એ પરમાણુએ કરેલા છે. અને રોગ મટવાનો હોય એ પરિણામ રોગના પરમાણુ છે એણે મટાડવાના પરિણામ કર્યા, એણે એ પરિણામ કર્યા. આહાહા..!

**'(અન્યના પરિણામનો અન્ય આશ્રય નથી હોતો.)'** આહાહા..! અન્ય પરમાણુ અને આત્મા એની જે વર્તમાન પર્યાય એટલે પરિણામ, પરિણામ કહો, પર્યાય કહો, કર્મ કહો, કાર્ય કહો, અવસ્થા કહો... આહાહા..! તેને બીજું દ્રવ્ય કોઈ દિ' કાંઈ કરી શકતું નથી.

શરીરનો અવયવ છે એ બીજા શરીરને અડતો નથી. આ શરીરના અવયવો છે એ બીજાના શરીરને અડતા પણ નથી. ભિન્ન ભિન્ન બેય દ્રવ્ય છે. આહાહા..! આ આત્માના દ્રવ્ય ને બીજાના દ્રવ્ય, આ શરીરના દ્રવ્ય ને બીજાના દ્રવ્ય જડ વચ્ચે તો અત્યંતઅભાવ છે. આહાહા..! વાતે વાતે ફેર. આ અધિકાર એવો આવ્યો છે.

**'इह कर्म कर्तृशून्यम् न भवति'** **'વળી કર્મ કર્તા વિના હોતું નથી,...'** એમ કહ્યું કે, પરિણામ કોઈ બીજાના બીજો ન કરે. પણ ત્યારે પરિણામ કર્તા વિના થાય? કોઈ દ્રવ્યના પરિણામ બીજું દ્રવ્ય ન કરે એ તો બરાબર છે પણ એ પરિણામ કર્તા વિના થાય? એ કર્તા કોણ છે એનો? આહાહા..! છે? **'કર્મ કર્તા વિના હોતું નથી, તેમ જ વસ્તુની એકરૂપે સ્થિતિ હોતી નથી...'** તેમ જ પરમાણુ ને આત્મા એકરૂપે રહેતા નથી. ક્ષણે ક્ષણે પર્યાય બદલે છે. ધ્રુવપણું રાખી અને ક્ષણે ક્ષણે અવસ્થા બદલે છે. આહાહા..! છે? વસ્તુની એકરૂપે સ્થિતિ નથી. તારી હાજરીમાં આમ પલટતું લાગે માટે હું છું માટે આ થાય છે, એમ નથી. કેમ? વસ્તુની એકરૂપ સ્થિતિ નથી. વસ્તુ કાયમ એકરૂપે રહેતી નથી. વસ્તુ કાયમ બદલે છે. બદલ્યા વિના રહેતી નથી. એટલે તું એને બદલાવ, તારી સ્થિતિમાં વ્યવસ્થા થાય, હોંશિયાર થઈને દુકાનની વ્યવસ્થા હું કરું... મૂઢ છે. 'પ્રવીણભાઈ'! આ લોઢાના વેંચવાને, આહા..! ભારે કામ, ભાઈ! વીતરાગ માર્ગ કેવળી પરમાત્માએ કહેલો (અલૌકિક છે).

દરેક દ્રવ્યના પરિણામ એ કર્તા વિના હોઈ શકે નહિ. ત્યારે તમે તો કહ્યું કે, પરિણામ પરના બીજો કરે નહિ. ત્યારે હવે કર્તા વિના તો પરિણામ હોય નહિ. તો કર્તા કોણ? આહા..! **'કર્મ કર્તા વિના હોતું નથી. તેમ જ વસ્તુની એકરૂપ સ્થિતિ હોતી નથી...'** તેમ એકરૂપે પરમાણુ કે આત્મા રહેતા નથી. એ તો એનો બદલવાનો સ્વભાવ છે તે બદલ્યા કરે છે. પરને લઈને નહિ. આહાહા..! એક જ ગાથા... આહાહા..!

**'કર્મ કર્તા વિના હોતું નથી...'** ત્યારે તમે એમ કહ્યું, કે કોઈ દ્રવ્યની કોઈ પર્યાય કોઈ દ્રવ્ય કરે નહિ. ત્યારે હું કહું છું કે કર્તા વિના તો પર્યાય થાય નહિ, કર્તા વિના પર્યાય હોય નહિ. તેમ જ વસ્તુની એકરૂપ સ્થિતિ નથી. વસ્તુ એકરૂપે રહેતી નથી, બદલે તો છે. તો એ બદલે છે એનો કર્તા કોણ? આહા..! **'(અર્થાત્ કૂટસ્થ સ્થિતિ) હોતી નથી (કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી...)'** વસ્તુ દ્રવ્ય કાયમ રહે અને પર્યાયમાં ક્ષણે... ક્ષણે... ક્ષણે... સમયે... સમયે... બદલે એવો તેનો સ્વભાવ છે. દરેક આત્મા અને દરેક પરમાણુનો દ્રવ્યપણે કાયમ રહેવું ને પર્યાયપણે પલટવું એ તો એનો સ્વભાવ છે. આહાહા..!

**'(દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે);...'** તો દરેક દ્રવ્યની પર્યાય એની છે એમ ન માન તો એકલું દ્રવ્ય જે છે એ તો નિત્ય છે એ એકાંત છે. આહાહા..! શું કહ્યું? બીજાના દ્રવ્યના પરિણામને બીજો દ્રવ્ય કોઈ કરી શકે જ નહિ. ત્યારે હવે એ પરિણામ કર્તા વિના તો થયા નથી. તો એ કર્તા કોણ? આહાહા..! કે, કર્તા એનું દ્રવ્ય.

કેમકે **'(વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી...)'** દરેક વસ્તુ દ્રવ્ય એટલે કાયમ રહે ને પર્યાય એટલે બદલે એ તો વસ્તુનો સ્વભાવ છે. એને બીજો કોઈ બદલાવે એ ત્રણકાળમાં બને નહિ. ઈશ્વર કર્તા જેવું થાય. ઈશ્વર કર્તા માને ને જૈન પરની ક્રિયાનો કર્તા માને, બેય એક જાતના મિથ્યાદષ્ટિ છે. બેય એક જાતના ચાર ગતિમાં રખડનારા છે. આહા..! ઈશ્વર કર્તા માને જગતનો અને આ પોતે પરના પરિણામ પર્યાય થાય એનો કર્તા માને. આહાહા..! દુકાનની ધંધાની પર્યાય હું કરું છું, પૈસા હું પેદા કરું છું, પૈસા હું વાપરું છું એ બધા કર્તા મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે, એ જૈન નથી. આહાહા..! ભારે આકરું કામ.

**'(વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે);...'** શું કહ્યું આ? કે, પરિણામ કર્તા છે તો કર્તા વિના હોતા નથી. ત્યારે કર્તા કોણ? ત્યારે કહે છે, વસ્તુની એકરૂપ સ્થિતિ નથી માટે એ વસ્તુ પોતે કર્તા છે. વસ્તુ એકરૂપે રહેતી નથી, બદલતી (છે) માટે એ વસ્તુ કર્તા છે, પરદ્રવ્ય કર્તા નથી. આહાહા..! શ્લોક બહુ ઊંચો છે. તેમ જ વસ્તુની એકરૂપે મર્યાદા નથી **'(કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે);...'** સર્વથા નિત્ય જ રહે એમ કહો તો પર્યાય બદલે છે એ વાત જૂઠી પડે છે. તો એ પર્યાયવાળુ દ્રવ્ય છે એ જૂઠું થાય. આહાહા..!

આ આંગળીના પરમાણુ છે અને આ એની પર્યાય છે. પર્યાય વિનાનો પરમાણુ નથી. એ કર્તા વિનાની પર્યાય નથી. આત્મા એ કરી શકતો નથી પણ એના પરમાણુ કર્તા વિના પર્યાય થઈ છે એમ નથી. આહાહા..! આવી વાત. આખી જિંદગી અહંકારમાં ગાળી. આ મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... અર..ર..! પરના કામ મેં કર્યા એ જિંદગી અહમ્‌પણે ગાળી, મિથ્યાત્વપણે, અજૈનપણે (ગાળી). એના પરિણામ... આહાહા..! ચાર ગતિમાં રખડવાના આવશે. નરક ને નિગોદ. આહાહા..!

હું પૈસા લઈ શકતો નથી, પૈસા દઈ શકતો નથી, પૈસા રાખી શકતો નથી. આહાહા..! શું કીધું? હું પૈસા રાખી શકતો નથી. એ તો જડ પર છે. પરની પર્યાય તો એનાથી થાય તું શું એને રાખ? એમ પૈસા વાપરી શકતો નથી. કેમકે એ તો પરવસ્તુ છે એના પરિણામ બદલે તો એ વપરાય છે. આહાહા..! તેમ પર્યાયને રાખી શકતો નથી, પૈસાને દઈ શકતો નથી, લઈ શકતો નથી. આહાહા..! 'ટોળિયા'! આવું સાંભળ્યું હતું? બાપ-દાદાએ ન્યાં ક્યાંય સાંભળ્યું નહોતું. બેનને વળી લાગણી થઈને એને લઈને આ ઘસાણા આવ્યા. આહાહા..! આવી વાત.

અમારે એક 'હીરાજીમહારાજ' હતા કેવળ ગણાતા. હિન્દુસ્તાનનો હીરો. શ્રદ્ધા તદ્દન ભ્રષ્ટ. બધું પરનું કરી શકીએ ને પરનું કરી શકીએ ને દયા પાળી શકીએ. આહાહા..! એ વાત જ નહોતી. બિચારા બહુ સજ્જન હતા પણ આ વાત કાને પડી નહોતી, એની પાસે આવી નહોતી. એટલે અમે આ બધું કરી શકીએ છીએ, આ બધાની દયા પાળી શકીએ

ને બધાને મદદ કરી શકીએ. વ્યાખ્યાન આપીને બીજાને સુધારી શકીએ. આહાહા..! વ્યાખ્યાનની ભાષાની જડની પર્યાય આત્મા કરી શકે નહિ અને એનાથી બીજો સુધરે એ એની પર્યાયનો આ ભાષાથી ત્રણકાળમાં બને નહિ. ભાષાની પર્યાયથી પરમાં સુધરવાની પર્યાય થાય એમ બને નહિ. આહાહા..! સંપ્રદાયમાં સાંભળ્યું હતું કોઈ દિ'? ક્યાંય છે નહિ. સ્થાનકવાસી કે શ્વેતાંબર ક્યાંય સાચી વાત છે નહિ. બધે ગપ્પેગપ્પ. ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરની આ તો વાણી છે. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર. આહાહા..!

મુમુક્ષુ :– ઇ પણ એમ કહે છે કે, અમારી વાણી તીર્થંકરની છે.

ઉત્તર :– ઇ તો કહેને. એ વિના માને શી રીતે? બનાવી છે કલ્પિત. શ્વેતાંબર શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિએ બનાવ્યા છે. બત્રીસ, પીસ્તાલીસ, ચોરાશી મિથ્યાદૃષ્ટિએ બનાવ્યા અને ભગવાનનું નામ આપ્યું. એટલે લોકો બિચારા મરી ગયા એમાં. આહાહા..! બત્રીસ સૂત્ર ને પીસ્તાલીસ સર્વજ્ઞ ભગવાનના કહેલા નથી. મિથ્યાદૃષ્ટિના કરેલા છે તે અજ્ઞાનીના બનાવેલા છે. લાંબો કાળ થયો (એટલે) લોકોને ખબર નથી. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર પાસે 'કુંદકુંદાચાર્ય' ગયા, ત્યાં આઠ દિ' રહ્યા. ત્યાંથી આવીને આ બધું બનાવ્યું છે. તો કેવળી શાસનમાં છે વાત. આહાહા..! તેરાપંથી પણ એમ કહે કે, બીજાને બચાવવો એ પાપ છે. એ તો પેલો પાપ કરશે એટલે. પણ બચાવી શકતો જ નથી. તેરાપંથી છે ને? એ એમ માને છે. બીજાને બચાવવો એ પાપ છે. કારણ કે, પાછો પાપ કરશે. એ અહીં વાત નથી. ઇ કરે ન કરે પણ બીજાને બચાવી શકતો જ નથી. આહાહા..! આવી વાત.

(અહીંયાં કહે છે), વસ્તુ એકરૂપે રહેતી નથી, બદલે છે. બદલે છે માટે બીજો કોણ કરે એમાં? પોતે બદલે છે એમાં. આહાહા..! '**(કારણ કે વસ્તુ દ્રવ્યપર્યાયસ્વરૂપ હોવાથી સર્વથા નિત્યપણું બાધાસહિત છે);...**' વસ્તુ બદલે નહિ ને નિત્ય જ છે એમ કહો તો વિરોધ આવે છે. પર્યાય બદલે છે, દેખાય છે. દરેક પરમાણુ આત્મામાં પર્યાય જ બદલે છે. દ્રવ્ય તો ધ્રુવ છે. આહાહા..!

'**ततः तद् एव कर्तृ भवत**' '**માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે...**' આહાહા..! એક શ્લોકે તો ગજબ કર્યું છે. '**માટે વસ્તુ પોતે જ...**' પરમાણુ અને આત્મા '**પોતાના પરિણામરૂપ...**' કાર્ય (કર્મ એટલે કાર્ય). પોતાના જ પરિણામરૂપી કાર્યનો કર્તા છે. '**(-એ નિશ્ચય-સિદ્ધાંત છે).**' એ ત્રિકાળી ભગવાનથી સિદ્ધ થયેલી વસ્તુ છે એમ કહે છે. નિશ્ચય-સિદ્ધાંત આ છે. આહાહા..! એક પરમાણુ બીજા પરમાણુઓને અડતો નથી. દાઢ રોટલીને અડતી નથી. રોટલીના કટકા થાય છે એ દાઢને લઈને નહિ. કારણ કે, દરેક પરમાણુ જુદા છે. દરેક પરમાણુની પર્યાય સ્વતંત્ર જુદી થાય છે. આહાહા..!

'**માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મ નામ કાર્યની કર્તા છે (-એ નિશ્ચય-સિદ્ધાંત છે).**' આહાહા..! એક તણખલાના બે કટકા થવા એ આત્માથી થાય નહિ. કેમકે

એ જડના પરિણામ તે કાળે તેના પરિણામનો કર્તા એ પરમાણુ છે. જુદા પડ્યા, ભેદ થયો, કટકા થયા એ પરમાણુનું કાર્ય છે. બીજો આત્મા કહે કે, મારું આ કાર્ય છે (તો એ) મિથ્યાત્વ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાતું છે.

આ તો એકકોર બેસી જાવું, તો આવું થાય આમાં. પણ એકકોર જ બેઠો છો. મફતના અભિમાન કરે છે. દરેક દ્રવ્યથી જુદો એકલો બેઠો છે. આહાહા..! એ પરદ્રવ્યના પરિણામ કરું એ તો તારી માન્યતા, કલ્પના ઉભી કરી. બાકી પરદ્રવ્યથી જુદો બેઠો જ છો. પરદ્રવ્યમાં તારો અભાવ અને એના દ્રવ્યમાં તારો અભાવ (છે). એ રીતે દ્રવ્ય રહેલા છે. આહાહા..! માન્યતામાં મોટો ફેર છે. માન્યતા ઊલટી જડની માન્યતા. આહાહા..!

પુસ્તક મેં બનાવ્યું. આહાહા..! પુસ્તક બીજા વાંચે તો એને જ્ઞાન થશે. અર..ર..! ભાઈ! છે? પુસ્તક બનાવી રાખવું તો બીજાને જ્ઞાન થાશે, તદ્દન મિથ્યાત્વ છે. એક તો પુસ્તકના પરમાણુની પર્યાય આત્માથી થઈ નથી અને એ પુસ્તકથી સામાને જ્ઞાન થાતું નથી. કારણ કે, એ પર્યાય વિનાનું દ્રવ્ય નથી એટલે એ પર્યાય તેના પોતાથી થાય છે, એને ઠેકાણે (માને કે) પુસ્તકથી થાય છે. આહાહા..! ગજબ વાત છે. માર્ગ આવો છે, બાપા! આખી દુનિયા ગમે તે માને. વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા ત્રણલોકના નાથ બિરાજે છે તેની આ વાણી છે. આહાહા..! ભગવાન પરમેષ્ઠી સીમંધર ભગવાન બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. ત્રણલોકના નાથ સાક્ષાત્ હજુરાહજુર પ્રભુ! આહા..! 'કુંદકુંદાચાર્ય' ગયા અને આ લાવ્યા. આહાહા..! તેને અનુસરીને સંતોએ ટીકા કરી. ૨૧૧ (શ્લોક) થયો. પોણો કલાક થયો.

## શ્લોક–૨૧૨

(पृथ्वी)

बहिर्लुठति यद्यपि स्फुटदनन्तशक्तिः स्वयं
तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरम्।
स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते
स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते।।२१२।।

હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ स्वयं स्फुटत्-अनन्त-शक्तिः ] જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ [ बहिः यद्यपि लुठति ] અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે [ तथापि

अन्य-वस्तु अपरवस्तुनः अन्तरम् न विशति ] તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી, [ यतः सकलम् एव वस्तु स्वभाव-नियतम् इष्यते ] કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે. (આચાર્યદેવ કહે છે કે-) [ इह ] આમ હોવા છતાં, [ मोहितः ] મોહિત જીવ, [ स्वभाव-चलन-आकुलः ] પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો, [ किम् क्लिश्यते ] શા માટે ક્લેશ પામે છે?

ભાવાર્થ :– વસ્તુસ્વભાવ તો નિયમરૂપે એવો છે કે કોઈ વસ્તુમાં કોઈ વસ્તુ મળે નહિ. આમ હોવા છતાં, આ મોહી પ્રાણી, 'પરજ્ઞેયો સાથે પોતાને પારમાર્થિક સંબંધ છે' એમ માનીને, ક્લેશ પામે છે, તે મોટું અજ્ઞાન છે. ૨૧૨.

---

## શ્લોક–૨૧૨ ઉપર પ્રવચન

---

'હવે આગળની ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :–' ૨૧૨.

बहिर्लुठति यद्यपि स्फुटदनन्तशक्तिः स्वयं
तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वन्तरम्।
स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते
स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते।।२१२।।

આહાહા..! **'જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ...'** આહાહા..! પરમાણુમાં પણ અનંત શક્તિ છે. જડમાં, હોં! આ અંગુલી અનંત પરમાણુનો પિંડ છે, આ તો અનંત પરમાણુનો પિંડ છે. એમાં એક પરમાણુમાં અનંતી શક્તિ છે, એક પરમાણુમાં અનંતા ગુણ છે. જેટલા ગુણો આત્મામાં છે, ત્રણકાળના સમય કરતાં અનંતગુણા, એટલા જ ગુણો એક પરમાણુમાં છે. આહાહા..! પરમાણુ જડ છે માટે ગુણ નથી એમ નહિ. એમાં અનંત ગુણો છે. આહાહા..! એ કહે છે.

**'જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ...'** **'बहिः यद्यपि लुठति'** આહાહા..! બહાર ભલે ઉભી રહે. દરેક દ્રવ્યના પરિણામ સ્વતંત્ર થાય ત્યાં બીજી ચીજ ભલે ઉભી રહે પણ નિમિત્ત, એનું કરી શકે નહિ. પરનું કાંઈ કરી શકે નહિ. આહાહા..! પેલા માંગવા નથી આવતા? 'શંકર' ના. આમ આમ કરે... શંકરના બાવા નથી આવતા? એ હાથમાં રાખે ટોપલી, લાકડી. બહાર લાકડી અંદર (ટોપી) એટલે આમ, આમ આમ ઉપર બહાર કરે ત્યાં અંદરમાં લોલક હલે. અહીં કહે છે કે, એ લોલક અંદર હલે ઇ આ લાકડીને લઈને નહિ. આહાહા..! ભારે કામ, ભાઈ!

**'પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ...'** એટલે દરેક, હોં! છએ દ્રવ્ય. ભગવાને છ દ્રવ્ય કીધા એ છએ દ્રવ્ય. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ,

એક અધર્માસ્તિકાય, એક આકાશ (એમ) છ દ્રવ્ય. અનંતી દરેક વસ્તુ અનંત શક્તિવાન પ્રકાશમાન છે એવી વસ્તુ **'बहिः यद्यपि लुठति' 'અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે...'** આહાહા..! ભલે કહે છે કે, આ આંગળી ઉપર આમ આમ ફરે પણ આ લાકડી આને અડતી નથી. આહાહા..! આવી વાત જૈન પરમેશ્વર સિવાય (ક્યાંય નથી). બીજા સાંભળે તો પાગલ કહે. જૈનમાં નથી અત્યારે તો. જૈનના અત્યારે વાણીયા બધા કર્તાબુદ્ધિમાં પડ્યા છે. આહાહા..! અમે કરીએ ને અમે કરીએ, અમે કરી શકીએ, વ્યવહારે તો કરી શકીએ ને? નિશ્ચયથી નહિ. આહાહા..! વ્યવહારે કે નિશ્ચયથી પરના પરિણામ ત્રણકાળમાં કોઈ કરી શકે નહિ. કેમકે પરિણમન વિનાનું દ્રવ્ય હોય નહિ. બદલતી અવસ્થા વિનાનું દ્રવ્ય હોય નહિ અને બદલતું દેખીને મારી હાજરીમાં આ બદલ્યું માટે મારાથી બદલ્યું (એમ માને છે) એ તારો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

**'અન્ય વસ્તુની બહાર જોકે લોટે છે તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી,...'** આહાહા..! અહીં ભલે અડે પણ આંગળી અંદર પ્રવેશ કરતી નથી. કર્મ બંધાય પણ એમાં આત્મા પ્રવેશ કરતો નથી. આહા..! આત્માના રાગ પરિણામ થાય એમાં કર્મના રજકણો પ્રવેશ કરતાં નથી. આહાહા..! આવી વાતું. કર્મ જે બંધાય એ આત્માના પરિણામથી નહિ, એની સ્વતંત્ર પર્યાયને લઈને કર્મ બંધાય છે. અહીં વિકાર થાય એ કર્મને લઈને નહિ, પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ માટે વિકાર પણ દ્રવ્યના પર્યાય છે. આહાહા..! આમાં કેટલું યાદ રાખવું? **'અન્ય વસ્તુની બહાર જોકે લોટે...'** એક વસ્તુની બહાર ભલે ફરે, ટકે, બદલે પણ **'અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી,...'** એક વસ્તુમાં બીજી વસ્તુ પ્રવેશતી નથી. અરે..રે..! આહાહા..! એ રોટલી થવામાં વેલણું રોટલીને અડતું નથી. વેલણું. લોચો થાય ને પછી પહોળી થાય છે ને? એ વેલણું લોટને અડ્યું નથી. આહાહા..!

મુમુક્ષુ :- કોણે કરી?

ઉત્તર :- એ લોટે કરી. લોટના પરમાણુ એ રીતે પર્યાય તે વખતે પરિણમવાનો એનો કાળ હતો. એ પર્યાયનો આશ્રય તેના પરમાણુ છે. એ પર્યાયનો આશ્રય પેલું નથી, શું કહેવાય? વેલણું એ આશ્રય નથી. આહાહા..!

**'કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે...'** આહાહા..! **'એમ માનવામાં આવે છે.'** જોયું? દરેક રજકણ ને દરેક આત્મા. આ હાથમાં જાજા રજકણ ભેગા થયા છતાં એક એક રજકણ જુદો છે. એક રજકણ બીજા રજકણને અડતો પણ નથી. પોતપોતાના પરિણામથી પરમાણુ દરેક પોતામાં રહેલા છે. એના પરિણામને બીજા પરમાણુ કરે ને બીજાના આ કરે એ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! હવે આ તો બાવા થઈ જાય. પણ બાવો થાય તોપણ કાંઈ કરી શકતો નથી. માન્યતા ફેરવવાની છે.

ચક્રવર્તી રાજા રાજમાં પડ્યો હોય છતાં સમકિતી હોય. 'ભરત ચક્રવર્તી' છન્નું હજાર

સ્ત્રી (હોવા) છતાં એક રજકણને પણ હું કરું છું એમ એ માનતા નથી. આહાહા..! છન્નું કરોડ ગામ, પણ કોઈ એક ગામનો હું સ્વામી છું એમ માનતા નથી. આહાહા..!

મુમુક્ષુ :– દેખાય છે એમ કે એક કર્તાના બે કામ અને બે કર્તાનું એક કામ.

ઉત્તર :– એક કર્તાનું એક કામ, બે કર્તાના બે જુદા જુદા કામ. એક કર્તાનું એક કામ, બે કર્તાના બે કામ. બે કર્તા જુદા જુદાના, બે જુદા જુદા કામ. આહાહા..! આવું તો સાંભળવા કો'ક દિ' મળે. અધિકાર આવ્યો હોય તો વંચાય ને? અધિકાર સામે આવ્યો હોય (ત્યારે સ્પષ્ટીકરણ થાય). આહાહા..!

**'કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે.'** આહાહા..! દરેક આત્મા ને દરેક પરમાણુ, દરેક સમયે પોતપોતાના સ્વભાવમાં છે. દરેક સમયે પોતાના સ્વભાવમાં છે. ચાહે તો જીવ વિકાર કરે તોપણ એ પોતાના સ્વભાવમાં છે. આહાહા..! વિકાર કરે તોપણ એ એનો સ્વભાવ છે એમ કહે છે. કોઈને લઈને કોઈ વિકાર, કર્મને લઈને વિકાર (થાય) એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..!

**'(આચાર્યદેવ કહે છે કે-) આમ હોવા છતાં,...'** અરે..! વસ્તુની સ્થિતિ તો આમ છે. વસ્તુની મર્યાદા તો ત્રણે કાળે ભગવાને પરમેશ્વરે તો આમ કહી છે છતાં લોકો મોહમાં કેમ મુંઝાણા? અનંત કેવળીઓએ આ કહ્યું છે, આચાર્યદેવ કહે છે. આહાહા..! અરે..! **'આમ હોવા છતાં, મોહિત જીવ, પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો, શા માટે ક્લેશ પામે છે?'** આનું કરી દીધું, મેં સારું કરી દીધું, મેં ભૂંડુ કરી દીધું. શું કર્યું તેં? કાંઈ કર્યું નથી, તારા પરિણામ કર્યા છે તેં. આ રીતે... આહાહા..! અજ્ઞાની પોતાના ક્લેશને પામે છે, બીજું કાંઈ થાતું નથી. આહાહા..! પરનો કર્તા માનવું ત્યાં કલેશ ઉભો થાય છે, મિથ્યાત્વ, છતાં તે પરનું કરી શકતો નથી. આહાહા..!

શ્લોક તો બહુ ઊંચા આવ્યા. આહા! અનંત દ્રવ્યનું અનંત કાર્ય છે. ભગવાને જોયેલા અનંત પદાર્થ છે એ અનંતના એક એક સમયે અનંત કાર્ય દરેકના પોતપોતાના છે. એમાં તે કાર્ય વિનાનું તે દ્રવ્ય નથી કે જેથી બીજો દ્રવ્ય એનું કાર્ય કરે. આહાહા..! ભગવાન પરમાત્મા કેવળીએ અનંત આત્મા ને અનંત પરમાણુ, અનંત દ્રવ્ય જોયા. એ અનંત દ્રવ્યમાં કોઈ દ્રવ્યનું દ્રવ્ય બીજાનું કાર્ય કરે તો અનંતપણું ભિન્ન રહેતું નથી. આહાહા..! એક દ્રવ્ય બીજાનું કાર્ય કરે તો દ્રવ્ય જુદા અનંત રહેતા નથી. અનંતમાં એક બીજાનું કરે, બીજો ત્રીજાનું કરે, ત્રીજો ચોથાનું કરે (તો) મીંડા વળે. માટે એ વાત છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૪૦૭ શ્લોક-૨૧૨ થી ૨૧૩ મંગળવાર, જ્યેષ્ઠ વદ ૧૩, તા. ૧૦-૦૬-૧૯૮૦**

સંબંધ છે એથી એને પરનું પણ કરી શકું એવી મોહની માન્યતા અજ્ઞાનીને છે. આહાહા..! **'પરજ્ઞેયો સાથે પોતાને પારમાર્થિક સંબંધ છે' એમ માનીને, ક્લેશ પામે છે,...'** આહાહા..! કોઈ વસ્તુને હું રાખું, આટલા કાળ આ વસ્તુને હું વાપરું પછી એને છોડી દઈશ, આ ઘર આટલા વખત હું વાપરું, કપડું આટલા વર્ષ વાપરું પછી દાગીનો આટલા વર્ષ વાપરું પછી છોડીશ એ અજ્ઞાનીની મમતા છે, મિથ્યાત્વભાવ છે. આહાહા..! મમતા તો ચારિત્ર દોષ છે પણ આ તો મારું હું કરી શકું એટલે મિથ્યાત્વ દોષ છે. મિથ્યાત્વની શ્રદ્ધા ઊંધી માન્યતા છે.

**'આ મોહી પ્રાણી, 'પરજ્ઞેયો સાથે પોતાને...'** એક જાણવા દેખવા જેટલો સંબંધ છે, એ પણ વ્યવહાર. આત્માને ને પરને જાણવા-દેખવા જેવો સંબંધ છે. આત્મા જાણનાર ને બીજી ચીજ જણાય. એ સિવાય કાંઈ વધારે સંબંધ નથી. એ પણ જણાય એ પણ વ્યવહાર. પર જણાય ને આ જાણનાર એ પણ વ્યવહાર. નિશ્ચયથી તો પોતે પોતાને જ જાણે છે. કેમકે એ ચીજ કાંઈ અહીં આવતી નથી. અહીં આવેલું જે જ્ઞાન એને જાણે. અહીં થયેલું જે જ્ઞાન એ સંબંધીનું કે પોતા સંબંધીનું થયેલું જ્ઞાન એને જાણે. એ આત્મા કાંઈ પરરૂપે થયો નથી, કે જેથી એને જાણે. આહાહા..!

એનું કરી શકે તો નહિ કાંઈ પણ જાણી શકવામાં પરને જાણવું એ વ્યવહાર કથન છે. કેમકે પરમાં પોતાનું અસ્તિત્વ જાતું નથી અને એનું જ્ઞેયનું અસ્તિત્વ જ્ઞાનરૂપે આવતું નથી. જ્ઞેય કાંઈ જ્ઞાનરૂપે થતું નથી અને જ્ઞાન જ્ઞેયરૂપે થતું નથી. ફક્ત જાણવા-દેખવાના વ્યવહાર સંબંધમાં ભ્રમણા ઉત્પન્ન કરીને પર મારા છે ને પરનું હું કરી શકું છું એ મિથ્યાત્વ ભાવ છે. આહાહા..! તે મોહ અજ્ઞાન છે.

પરજ્ઞેયો સાથે **'પોતાને પારમાર્થિક સંબંધ છે એમ માનીને, ક્લેશ પામે છે,...'** હું આનું કરી શકું, માંદા માણસની સેવા કરી શકું, આકરું જગતને (પડે). આહાહા..! માંદાની સેવા કરી શકું, કોઈ કુતરાને ને મિંદડાને મારતો હોય તો હું એને બચાવી શકું. આહાહા..! એ માન્યતા તદ્દન મિથ્યાત્વ છે. પરિણામ થાય પણ એ પરિણામમાં એમ માને કે, મેં આને કર્યું ને કરાવ્યું તો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આ કામ બહુ આકરું.

અત્યારે તો કરું, કરું ને કરું, આ કરું ને આ કરું. સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો. એ એના માનેલા. હતા ક્યાં? સમકિત વિના (હોય નહિ). એના માનેલા એ કરો કરો એ મિથ્યાત્વને સેવે છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિપણાને સેવતા પરનું કરી શકતો નથી છતાં મફત માને છે. મોહનો અર્થ જ મફત છે, નિષ્ફળ. આહાહા..! નિષ્ફળ માને છે, મફત. જેના પરિણામમાં તારા પરિણામ કે બીજા પરિણામમાં કાંઈ થાય એ બનતું નથી.

આહાહા..! બહુ આકરું કામ છે.

**'ક્લેશ પામે છે, તે મોટું અજ્ઞાન છે.'** જોયું? આહાહા..! એં આની સેવા કરી, મેં આની વ્યવસ્થા કરી ને આનું કામ બગડતું હતું એમાં મારી મોજૂદગીને લઈ એ વ્યવસ્થિત કામ ચડી ગયું, કામે કામ બરાબર સરખું થયું. એવી માન્યતા તે મિથ્યાત્વ ને અજ્ઞાન છે. આહાહા..! જૈનદર્શન વસ્તુદર્શન છે. જૈનદર્શન કોઈ પંથ-પક્ષ નથી. પંથ નથી, પક્ષ નથી, વાડો નથી. વસ્તુનું જે સ્વરૂપ છે તેવું જાણ્યું એવું કહ્યું છે.

એક પરમાણુ આત્માને અડતો નથી. આહાહા..! ત્યારે એમ કહેવું કે, કર્મને લઈને વિકાર થાય એ તદ્દન મિથ્યાત્વ છે. કર્મ પરદ્રવ્ય છે આત્મા સ્વદ્રવ્ય છે. કર્મને જે આત્મા અડતો નથી છતાં કર્મ વિકાર કરે, કર્મનો ઉદય આવે એટલે વિકાર મારે કરવો પડે (એ) ભ્રમણા મિથ્યાત્વની છે. આહાહા..! જૈનમાં તો એ કર્મની જ વાતું કરે છે. આ કર્મને લઈને થયું, કર્મને લઈને થયું.

નિશ્ચયથી તો પુણ્યને લઈને પૈસા આવે છે એ વ્યવહારની વાતો છે. કેમકે પુણ્યના પરમાણુ જુદા છે, પૈસાના પરમાણુ જુદા છે. એ પુણ્યના પરમાણુને લઈને પૈસાના પરમાણુ આવે એ વાત સાચી નથી. આહાહા..! દરેક પરમાણુ ને પ્રદેશ પોતપોતાના સમયે નિયમથી પર્યાયથી સ્વયંસિદ્ધ છે. એને બીજો કોઈ પર્યાય કરે અથવા બીજાની કરે એ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! એ ભાવાર્થ થયો.

## શ્લોક-૨૧૩

(रथोद्धता)

वस्तु चैकमिह नान्यवस्तुनो
येन तेन खलु वस्तु वस्तु तत्।
निश्चयोऽयमपरोऽपरस्य कः
किं करोति हि बहिर्लुठन्नपि।।२१३।।

ફરી આગળની ગાથાઓની સૂચનારૂપે બીજું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ इह च ] આ લોકમાં [ येन एकम् वस्तु अन्यवस्तुनः न ] એક વસ્તુ અન્ય વસ્તુની નથી, [ तेन खलु वस्तु तत् वस्तु ] તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે- [ अयम् निश्चयः ] એ નિશ્ચય છે. [ कः अपरः ] આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ

[ अपरस्य बहिः लुठन् अपि हि ] અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં [ किं करोति ] તેને શું કરી શકે?

ભાવાર્થ :– વસ્તુનો સ્વભાવ તો એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી ન શકે. જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે. આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી ત્યાં એક વસ્તુએ અન્યને શું કર્યું? કાંઈ ન કર્યું. ચેતન-વસ્તુ સાથે એકક્ષેત્રાવગાહરૂપે પુદ્ગલો રહેલાં છે તોપણ ચેતનને જડ કરીને પોતારૂપે તો પરિણમાવી શક્યાં નહિ; તો પછી પુદ્ગલે ચેતનને શું કર્યું? કાંઈ ન કર્યું.

આ ઉપરથી એમ સમજવું કે – વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતાં નથી અને જ્ઞાયક પરદ્રવ્યોને કાંઈ કરતો નથી. ૨૧૩.

## શ્લોક-૨૧૩ ઉપર પ્રવચન

'ફરી આગળની ગાથાઓની સૂચનારૂપે બીજું કાવ્ય કહે છે :–' ૨૧૩.

वस्तु चैकमिह नान्यवस्तुनो
येन तेन खलु वस्तु वस्तु तत्।
निश्चयोऽयमपरोऽपरस्य कः
किं करोति हि बहिर्लुठन्नपि।।२१३।।

આહાહા..! **'આ લોકમાં એક વસ્તુ અન્ય વસ્તુની નથી,...'** કોઈપણ વસ્તુ એક, બીજાની નથી. બાયડી-છોકરા એના નથી.

મુમુક્ષુ :– રૂપિયા કમાઈ રહ્યા છીએ એ અમારા નથી?

ઉત્તર :– રૂપિયા કમાણા નથી ને એના નથી. કમાણો પણ નથી. એ તો પરમાણુ એને પોતાને કારણે ત્યાં આવ્યા છે. એટલે આ કમાણો છે એ માન્યતા ભ્રમણા છે ને એ પૈસા મારા છે એ (માન્યતા) મિથ્યાત્વ છે. આકરું કામ છે, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :– ચક્રવર્તીને છ ખંડનું રાજ હોય અને સમ્યગ્દષ્ટિ હોય.

ઉત્તર :– હોય, છતાં કોઈ એક ચીજને પોતાની માનતો નથી. 'ભરત ચક્રવર્તી' છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું હજાર ગામ (હતા). કોઈ ચીજ મારી છે એમ અંતરમાં માનતો નથી. હું તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ છું. રાગ થાય છે એ પણ હું નથી. મારી ચીજ રાગથી ભિન્ન અંદર છે તો પર ચીજના પ્રદેશ તો તદ્દન ભિન્ન છે. આહાહા..! નિશ્ચયથી તો રાગની પર્યાય પણ જીવની નથી પણ રાગને જાણે એવી જે જ્ઞાનની પર્યાય એ પણ જીવની, દ્રવ્યની નથી. પર્યાય પર્યાયની છે, પર્યાય દ્રવ્યની નથી. આહાહા..! શું થાય? આકરું

બધે પહોંચવું, આખો દિ' કરવું... કરવું... કરવું... આહાહા..!

મુમુક્ષુ :- બધા કરવું કરવું કરે છે, આપ ન કરવું, ન કરવું, ન કરવું કહો છો.

ઉત્તર :- ન કરવું નહિ, કરી શકતો નથી. ન કરવું એ નહિ. ન કરવું એમાં કાંઈ કરી શકે તો ન કરવું એમ થયું. ઇ કરી શકતો જ નથી. એક આત્મા એક પરમાણુને, આ હાથને હલાવી શકતો નથી. આત્મા આ ભાષાને, આ હોઠને હલાવી શકતો નથી. આહાહા..! વસ્તુની સ્થિતિ આ છે. માથે કહ્યું હતું ને? વસ્તુ સ્વભાવનો નિયમ એ છે. આહાહા..! પણ અત્યારે તો બહારનું પડ્યું છે. બધે પ્રવૃર્ત્તિ... પ્રવૃર્ત્તિ... પ્રવૃત્તિમાં બધો ધર્મ મનાઈ ગયો છે. એમાં મિથ્યાત્વ સેવાય છે અને એનાથી અનંત સંસાર વધે છે એની ખબર નથી. આહાહા..! પરની દયા પાળો, બસ. અમારા ગુરુ એમ કહેતા, 'અહિંસા સમયન્ચેવ' પરને ન મારવો એ સિદ્ધાંતનો આખો સાર છે એમ કહેતા. કેવા હતા! સજ્જન માણસ.

મુમુક્ષુ :- પરને મારવાનો ભાવ ન કરવો એ તો બરાબર છે.

ઉત્તર :- મારવાનો ભાવ કરવો નહિ પણ એ મારી શકતો નથી. મારી શકતો નથી પણ જીવાડી શકતો નથી. આહાહા...! એક જીવ બીજા જીવને જીવાડી શકતો નથી. આહાહા..! આ શેઠિયા હોય ને મીલમાં હજારો માણસ કામ કરે ત્યારે એમ કહે, માને, અમારે લઈને આ બધા નભે છે, હજારો માણસ નભે છે. આહાહા..!

'પોપટભાઈ' ના હતા ને? એનો સાળો. 'ગોવા' બે અબજ રૂપિયા. બે અબજ ને વીસ કરોડ. અઢી અબજ રૂપિયા. પછી એને એકવાર એના બનેવીએ કહ્યું 'પોપટભાઈ' 'લીમડીવાળા' 'પોપટભાઈ' છે ને? 'પાણસણા'વાળા. 'લીમડી' રહે છે. એણે કહ્યું, હવે તમને પૈસા આટલા છે ને આ બધું શું કરવા કરો છો? ત્યારે કહે કે, શું હું મારા માટે કરું છું? હજારો માણસો નભે છે એ માટે કરું છું. આમ પાવર ફાટી જાય. આહાહા..! હજારો માણસ નભે છે. મોટી પેદાશ હતી. અઢી અબજ રૂપિયા. કેટલા લાખો પેદા કરતાં મહિને. આહાહા..! હવે આ તો અત્યારે ઘણા થઈ ગયા. હવે તો ઓછું કરો, એમના બનેવી 'પોપટભાઈ' કહે. એનો જવાબ આવો આપ્યો, લ્યો! શું હું મારા માટે આ કરું છું? લોકોના નભાવ માટે કરું છું. આવા અભિમાન. હવે ઇ ક્યાં જાય? આહાહા..! અહીં કંઈક રહે ને એની ગતિ કાંઈ થાય. આહાહા..! કોણ જોવે? કોણ તપાસે? આહા..! એવા અભિમાન તિર્યંચની ગતિ જેવા છે. તિર્યંચમાં જાય, ઢોરમાં જાય. આહાહા..! માંસ ને દારૂ ન ખાધા હોય તો તો નરકમાં ન જાય. બાકી આવા અભિમાનના પાપ સેવતા હોય (કે) અમે કરીએ છીએ ને આ અમારાથી થાય છે. એ મરીને બધા નિગોદમાં જવાના. એકાદ ભવ કોઈ તિર્યંચનો કરે ને પછી નિગોદ જવાના. આહાહા..!

ભગવાને કહ્યું ને! વસ્ત્રનો એક તલના તુલ જેટલો, ફોતરા જેટલો પરિગ્રહ રાખે તો મરીને નિગોદ જાય એમ કહ્યું. 'કુંદકુંદાચાર્યે' ભગવાનનું કહેલું કહ્યું. આહાહા..! ભલે એ

વખતે કદાચ એ ભવમાં ન જાય પણ અંતે નિગોદમાં જવાના. ત્યાં અનંત કાળ પડ્યા રહેવાના. આહાહા..! માન્યતા ઊંધી. આચરણમાં ભલે કોઈ શુભભાવ હોય પણ મિથ્યાત્વની આગળ ગણતરી શી? મહા મિથ્યાત્વનું પાપ, અનંતું પાપ, નિગોદમાં લઈ જાય એવું પાપ. આહા..! એ પાપની તો ખબર ન મળે અને આ શુભ કામ કર્યું, આ દયા પાળી, આ વ્રત લીધા, બ્રહ્મચર્ય પાળ્યા... એવા શુભભાવના અભિમાન. આહાહા..!

અહીં કહે છે **'આ લોકમાં એક વસ્તુ અન્ય વસ્તુની નથી,...'** ૨૧૩. નથી ત્યારે હવે અસ્તિ શી રીતે થાય? એક વસ્તુ બીજીની નથી, નથી તે બીજાનું કરે શી રીતે? આહાહા..! આ આંગળી આ આંગળીની નથી તો આ આંગળી આનું શું કરે? ને આ આનું શું કરે? આહાહા..! ગજબ વાત છે. વીતરાગ માર્ગ ઝીણો બહુ, ભાઈ!

મુમુક્ષુ :– આમ માન્યા વગર વીતરાગતા થાય જ નહિ.

ઉત્તર :– થાય નહિ. આવી માન્યતા વિના મહા મિથ્યાત્વ (છે). બિલકુલ હું જ્ઞાન સ્વરૂપ છું. જ્ઞાન તે પરને જાણે એ પણ વ્યવહાર છે. પરને કરે તો નહિ ને પરનું તો કરે નહિ, પરથી લે નહિ પણ પરને જાણે એ પણ એક વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! આટલે દરજ્જે પહોંચ્યા વિના એના જન્મ-મરણના અંત નહિ આવે. માનશે ગમે તે, મરીને જાશે ક્યાંકના ક્યાંક. આહાહા..! પાછું અનંત કાળે માણસપણું મળવું મુશ્કેલ પડશે, નિગોદમાં જાશે ત્યાં. આહાહા..! **'આ લોકમાં એક વસ્તુ અન્ય વસ્તુની નથી,...'** આ શરીર આત્માનું નથી, વાણી આત્માની નથી. આહાહા..!

મુમુક્ષુ :– દીકરો તો છે ને આત્માનો?

ઉત્તર :– કોઈ દીકરો-દીકરા હતા કે દિ'? દીકરાનો આત્મા જુદો, એનું શરીર જુદો. આનો આત્મા જુદો. એ દીકરો મારો છે એ માનનારા જ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. જે ચીજ પર છે, પરમાં પોતાનો અત્યંત અભાવ છે. એ તો અહીં કહ્યું. આ લોકમાં અન્ય વસ્તુની અન્ય વસ્તુ નથી. દીકરો એના બાપનો નથી, બાપનો એ દીકરો નથી. આહાહા..!

મુમુક્ષુ :– દીકરો વંશ રાખે છે.

ઉત્તર :– વંશ રાખે રખડવાનો. આહાહા..! છોકરાઓ વંશ રાખે. સાંઈઠ વર્ષે છોકરો થાય ત્યાં સુધી થયો ન હોય તો કહે, ઓહોહો..! છોકરો થયો, ભાઈ! આહાહા..! પૈસા છે તે નાત જમાડો, હરખ હરખ કરો હરખ. આહાહા..! દુનિયા અનાદિથી (આમ જ ચાલે છે). મિથ્યાત્વના ભાવ અસંખ્ય પ્રકારના છે. એમાં એ મિથ્યાત્વ સેવીને અનેક પ્રકારના મિથ્યાત્વ ભાવ છે (તેને) સેવીને એનું ફળ નિગોદ છે. વચ્ચે કદાચ કોઈ શુભભાવ હોય ને એકાદો દેવાદિ થાય, વ્યંતર, ભૂતડા આદિ (થાય) પણ મરીને પછી તિર્યંચ થઈને નિગોદમાં અનંત કાળ રહેવાના છે. આહાહા..! અને આત્માના ભાનવાળા... આહાહા..! એકાદ ભવ સ્વર્ગનો કરીને મોક્ષ જવાના.

**'આ લોકમાં એક વસ્તુ અન્ય વસ્તુની નથી, તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે...'** વસ્તુ છે તે વસ્તુ જ છે એટલે? જે વસ્તુ દ્રવ્ય, ગુણ, પર્યાયથી છે તે વસ્તુ જ છે. એની પર્યાય બીજો કોઈ કરે (એમ નથી). આહાહા..! વસ્તુ છે એ દ્રવ્યપર્યાયસ્વરૂપ છે અને દ્રવ્યપર્યાયસ્વરૂપ છે તેમાં પર્યાય બીજો દ્રવ્ય એનું કરે એ (માનનારો) મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન જ નથી, જૈનને માનતા નથી. આહાહા..! આકરું કામ છે.

**'તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે...'** આહાહા..! એટલે શું? કે, જે ચીજ છે એ ચીજ જ છે. એ ચીજને બીજાની કોઈ જરૂર નથી. એ ચીજને બદલવામાં, પલટવામાં બીજી ચીજની બિલકુલ જરૂર નથી. આહાહા..! આ હોઠ હલે છે એને પલટવામાં આત્માની બિલકુલ જરૂર નથી. આહાહા..! આત્માથી એ કામ થતું જ નથી. કેમ? વસ્તુ છે એ વસ્તુ છે. વસ્તુ છે એ વસ્તુ છે એટલે? દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ સહિત છે. પર્યાય સહિત વસ્તુ છે. એટલે કાર્ય સહિત તો વસ્તુ છે તો બીજું એનું ક્યાં કાર્ય નથી તે કાર્ય કરે? કાર્ય વિનાની ક્યાં ચીજ છે કે બીજો એનું કાર્ય કરે. આહાહા..! આકરું છે, ભાઈ! ભાષામાં આવવું અને માન્યતા ફેરવવી (જુદી વસ્તુ છે).

મુમુક્ષુ :– હોંશિયાર માણસને બહુ આકરું લાગે.

ઉત્તર :– હોંશિયાર માણસ કોને કહેવો? આહા..! ચૈતન્યસ્વરૂપનો અનુભવ કરે એ હોંશિયાર છે. બાકી બધા થોથા છે. આહા! કામ બહુ કરતાં હોય ને માનતા હોય એને આકરું લાગે. અમે આ કરીએ છીએ... અમે આ કરીએ છીએ... અમે આ કરીએ છીએ... આહાહા..! આકરું કામ છે.

વસ્તુ છે તે અન્ય વસ્તુની નથી અને તેથી ખરેખર વસ્તુ છે તે વસ્તુ જ છે. તે વસ્તુની પર્યાય સહિત જે છે, પર્યાય સહિત દ્રવ્ય છે તે તે ક્ષણે પોતે પોતાથી છે, બીજાને લઈને વસ્તુની પર્યાય છે એમ છે નહિ. આહાહા..! બહારથી એમ દેખાય, લ્યો! આ હમણાં 'મુંબઈ' થયું ને? તાંબાના પતરા પડ્યા, મરી ગયો એક માણસ. આપણો જૈન 'નૌતમભાઈ' ની દુકાને માલ લેવા ગયો હશે, સ્થાનકવાસી જૈન હતો. પતરા માથે પડ્યા તો મરી ગયો. હવે એને એ અડ્યા પણ નથી. પણ એની સ્થિતિ એ વખતે એ થવાની છે. તાંબાના પતરા એના શરીરને અડ્યા પણ નથી. હવે કોણ માને આ? એના માથાના રજકણોની અવસ્થા તે પ્રકારે થવાનો કાળ હતો તેથી પોતે થયા છે. એ પતરા પડ્યા માટે મરી ગયો એમ છે નહિ. આહાહા..! આવું કામ છે.

**'તેથી ખરેખર વસ્તુ છે...'** ખરેખર પરમાણુ અને એક એક આત્મા... આહાહા..! **'છે તે વસ્તુ જ છે...'** **'अयम् निश्चयः'** **'એ નિશ્ચય છે.'** એ નિશ્ચય નામ ખરેખર છે. એક વસ્તુની વસ્તુપણાની સ્થિતિ વસ્તુને લઈને છે. એમાં બીજી વસ્તુ એનો કાંઈ પર્યાય ફેરવે, એની અવસ્થા બદલી દે, એવી વસ્તુ છે નહિ. આહાહા..! પાણીમાં માખી પડી હોય ને

માખીને આમ બચાવે એ ક્રિયા એની છે જ નહિ. માને છે (મેં બચાવી). એ શરીર જુદું છે, એ જુદું છે. એ ક્રિયા તે કાળે તે પ્રકારની થવાની હતી જડની, હાથની ને એની અને આ માને કે, મેં આને બચાવ્યો ને મેં હાથે લીધું તો બચાવી લીધી. આહાહા..! જગતથી ઊંધું બહુ, ભાઈ! તેરાપંથી જેવું નથી, હોં! તેરાપંથી તો એમ કહે છે કે, અસંતને પોષવાથી પાપ થાશે માટે અસંતીને દેવું એ પાપ છે. અહીં એમ નથી. એ વસ્તુ જ દઈ શકતો નથી અને પેલો વસ્તુ લઈ શકતો નથી. આહાહા..! પરને બચાવી શકતો નથી. બચાવવા જાય તો પાપ લાગશે એમ એ કહે છે. અહીં કહે છે કે, એ બચાવી શકતો જ નથી, બચાવી શકું છું એમ માને છે એ પાપ છે. આહાહા..! આવો ફેર છે મોટો.

**'તે વસ્તુ જ છે, વસ્તુ જ છે તે નિશ્ચય છે.'** એ નિશ્ચય છે. **'कः अपरः' 'આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ...' 'अपरस्य बहिः लुठन् अपि हि' 'અન્ય વસ્તુની બહાર લોટતાં છતાં...'** ભલે કહે છે કે, આ આમ બહાર વસ્તુ આવે ને લોટે, ફરે. વીંછી પણ આ ચામડીને અડતો નથી. વીંછી બહાર ફરે છે એટલું. આહાહા! એના શરીરને અડી શકતો નથી, વીંછી શરીરને અડી શકતો નથી. સર્પ... આહાહા..! એ શરીરને કરડી શકતો નથી. આહાહા..! એક વસ્તુની મર્યાદા જે સમયે તે વસ્તુ વસ્તુપણે દ્રવ્ય, ગુણ ને પર્યાયપણે જે સમયે છે તે છે વસ્તુ. એને બીજો કોઈ પર્યાય ફેરવી શકે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! આવું આકરું લાગે, હોં! 'દામોદરભાઈ'! કોઈ દિ' સાંભળ્યું ન હોય એણે. આહાહા..!

**'આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ, અન્ય વસ્તુની બહાર લોટતાં...'** એ શું કહે છે? ઇ વસ્તુની જોડે ભલે હો, બહાર લોટતી હોય, ફરતી હોય પણ અન્ય વસ્તુને કાંઈ કરે નહિ. આહાહા..! આ હાથ, આત્મા હાથની જોડે લોટે છે એટલે છે પણ ઇ આત્મા અંદર છે માટે હાથ ફરે છે એમ વાત નથી.

મુમુક્ષુ :– સોયને દોરાથી લુગડા સાંધી શકાય છે.

ઉત્તર :– એ વાત જ ખોટી છે. લુગડા જુદી ચીજ છે, દોરો જુદી ચીજ છે. દોરાના પરમાણુ જુદા, લુગડાના જુદા. એક પરમાણુ બીજા પરમાણુની બહાર લોટે, ફરે પણ અંદરમાં પ્રવેશ કરીને કાંઈ કામ કરી શકે... આહાહા..! એમ નથી. આકરું કામ બહુ. આવો માર્ગ વીતરાગનો છે.

વીતરાગ સર્વજ્ઞદેવ જિનેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા એનો આ હુકમ આવ્યો, આ દિવ્યધ્વનિ આવી છે. આહાહા..! એક વસ્તુની બહાર ભલે આમ નજીકમાં લોટે પણ એ બીજી ચીજને કાંઈ કરી શકે, એમ નહિ. આહાહા..! શરીરને અગ્નિ ભલે આમ લોટે ફરે પણ શરીરને અગ્નિ અડતી નથી. ગજબ વાત છે. પાણી ઊનું થાય એ અગ્નિને પાણી અડ્યું નથી, પાણી અગ્નિને અડ્યું નથી. અગ્નિના પરમાણુ જુદા ને પાણીના જુદા. માટે અગ્નિએ પાણી ઊનું થયું એમ છે નહિ. આહાહા..!

કેમકે વસ્તુ વસ્તુપણે છે. એ જ્યારે પાણી ઊનું થયું ત્યારે પાણી વસ્તુપણે, પોતાની ઉષ્ણ પર્યાય સહિત પણે છે. આહાહા..! એને બીજો શું કરે?

આ તે કેવું જૈન દર્શન છે? કેટલા અન્યમતી ન માને એને તો મુશ્કેલી પડે. જૈનદર્શન આવું હોય કાંઈ? કોઈનું કાંઈ કરી શકે નહિ, થઈ રહ્યું, દયા પાળી શકે નહિ, ભૂખ્યો હોય એને રોટલા દઈ શકે નહિ, તરસ્યાને પાણી આપી શકે નહિ. આહા..! પડતો હોય એને બચાવી શકે નહિ. ગાડા હેઠે કચરાતો હોય એને ગાડું ફરી જાય તો ધક્કો મારીને કરી શકે નહિ. આ વાત કેવી?

ભાઈ! ત્રિકાળ પરમ સત્ છે. વસ્તુની વર્તમાન પર્યાય સહિત વસ્તુ વસ્તુપણે છે. જેથી એ પર્યાયને બીજો દ્રવ્ય કરે એ અવકાશ જ નથી. વસ્તુ જે અનંત છે એ અનંત વસ્તુ ભિન્ન ભિન્ન પોતાની પર્યાયના કાર્ય સહિત જ બિરાજે છે. એને બીજી વસ્તુ અડતી નથી તો બીજી વસ્તુ કરે કેમ એને? આહાહા..! અહીંયાં આ વાત આવી છે અને ત્રીજી ગાથામાં તો આવી છે ને? ત્રીજી ગાથા, 'સમયસાર'. દરેક આત્મા ને દરેક પરમાણુ પોતાના ગુણ અને પર્યાયને સ્પર્શે છે પણ અન્ય દ્રવ્યને કોઈ દિ' અડતું પણ નથી. આ હાથ આત્માને અડ્યો નથી, આત્મા હાથને અડ્યો નથી. આ આંગળી આ આંગળીને અડતી નથી ને આ આંગળી આને અડતી નથી. આહાહા..! ત્રીજી ગાથામાં તો બહુ ચોખ્ખું (કહ્યું છે). એક દ્રવ્યમાં જેટલા પોતાના ગુણ અને પર્યાય છે એ રીતે તે પોતે વસ્તુ છે. બીજી ચીજને એ ચીજ અડતી નથી, ચુંબતી નથી, છુતી નથી. આહા..! એ ત્રીજી ગાથા છે, 'સમયસાર'.

અહીં આ રીતે કહ્યું, એક વસ્તુની બીજી વસ્તુ હોઈ શકે નહિ. કેમ? કે વસ્તુ વસ્તુપણે છે. છે એનો અર્થ દ્રવ્યગુણપણે તો છે પણ તેના સ્વકાળની પર્યાયપણે પણ છે. હવે દરેક વસ્તુ પોતે પર્યાય સહિત જ છે તો બીજી પર્યાયને બીજો કરે એ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..!

'મુંબઈ' ના વેપાર તો ઝપાટા ચાલતા હોય. આહા..! અહીં કીધા ને? અહીં 'આફ્રિકા'માં દુકાનમાં પચ્ચીસ પચ્ચીસ લાખના કાપડ. આમ, આમ ને આમ ત્રણેય બાજુ ઘોડા પચ્ચીસ પચ્ચીસ લાખના. કરોડપતિઓ. સાડા ચારસો તો કરોડપતિ છે. એક 'નાઈરોબી' માં સાડા ચારસો કરોડપતિ અને પંદરસો અબજપતિ. ઇ તો બહુ એનો આગ્રહ હતો જઈ આવ્યા, ૨૬ દિ' રહ્યા. જેના મકાનમાં રહ્યા હતા એ મકાન પંદર લાખનું. કાપડનો મોટો ધંધો. જુઓ તો સાધારણ માણસ, કાંઈ બુદ્ધિ (બહુ નહિ). જ્યાં જે અવસ્થા થવાની તે થાય એને બીજો રોકી શકે નહિ તેમ બીજો કરી શકે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– આપ પધાર્યા ને ત્યારે તો થયું બધું. બહુ બધા કહે છે છાપામાં આવે છે.

ઉત્તર :– એ તો એ અવસ્થા તે ટાણે થવાની. એ લોકોએ સાંઈઠ લાખ રૂપિયા ભેગા કર્યા છે. દિગંબર મંદિર કરવાના. હું હતો (ત્યારે) પંચ કલ્યાણક થઈ ગયા. હજી માળ કરવાના

બાકી છે. જ્યારે શિલાન્યાસ કર્યો ત્યારે પંદર લાખ ભેગા કર્યા, આ હું ગયો ત્યારે પીસ્તાલીસ લાખ કર્યા. પીસ્તાલીસ ને પંદર સાંઈઠ લાખ ભેગા કર્યા. પણ એ પૈસા જ્યાં આવવાના ત્યાં આવવાના, ખર્ચાવાના તે ખર્ચાવાના, કોઈને કારણે આવે જાય એ વાત નહિ. આહાહા..!

મુમુક્ષુ :- લોકો એમ કહે છે, મહારાજ પગ મુકે એનો બેડો પાર.

ઉત્તર :- એ વાતું કરે છે. આહાહા..! કોને લઈને કોણ? એક દ્રવ્ય બીજા દ્રવ્યને લઈને રહે? દ્રવ્ય તો નહિ પણ એની પર્યાય પણ બીજા દ્રવ્યને લઈને રહે? કોઈ પણ દ્રવ્ય તેના દ્રવ્ય, ગુણ તો ધ્રુવ છે પણ તેની વર્તમાન પર્યાય અધ્રુવ ને અનિત્ય છે. તે પર્યાય સહિત દ્રવ્ય છે તો એ પર્યાયને કરે કોણ? ભલે અનિત્ય છે, પલટતી છે પણ પલટતી અવસ્થા તે વસ્તુની છે. બીજાને લઈને આમ પલટતું દેખાય એમ નથી. આહાહા..! બહુ આકરું કામ.

આ તો ભગવાનની વાણી છે. તીર્થંકરદેવ, 'સીમંધર' સ્વામી ભગવાન એની પાસેથી આવેલી આ વાણી છે. આહાહા..! સાક્ષાત્ ભગવાન પોકાર કરે છે પરમાત્મા, પ્રભુ! તું કોણ છો? તું દ્રવ્ય, ગુણ ને પર્યાય છો. તું દ્રવ્ય, ગુણ ને પર્યાય છો તો તારી પર્યાયમાં બીજો ક્યાંથી આવે? આહાહા..! અને બીજી ચીજો એ દ્રવ્ય, ગુણ ને પર્યાય છે. એ પર્યાય વિનાની ચીજ છે? વસ્તુ જ પોતે દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત છે. એને તું શું કર? બીજું દ્રવ્ય બીજા દ્રવ્યને, આહાહા..! હાથને અડી શકે નહિ, પગને અડી શકે નહિ, ચાલતા પગ નીચે જમીનને અડી શકે નહિ. અર..રર..! આવી વાત? ચાલતા આ પગ જે જમીનને અડે છે, (એ) જમીનને અડતો નથી. કેમકે પગના પરમાણુમાં નીચેના પરમાણુનો અભાવ છે. કેમકે વસ્તુ વસ્તુરૂપે છે. પગ પોતાની વસ્તુરૂપે દ્રવ્ય, ગુણ, પર્યાયપણે છે એ નિશ્ચયથી છે. એ દ્રવ્ય, ગુણ, પર્યાયપણે છે. આહાહા..! આવું તો કેટલા વર્ષોએ બહાર નીકળવાનું હશે. બાકી તો બધું ચાલે છે. આહાહા..!

**'આમ હોવાથી કોઈ અન્ય વસ્તુ અન્ય વસ્તુની બહાર લોટતાં...'** લોટતાં એટલે? એક વસ્તુ બીજી વસ્તુની નજીકમાં આવતા છતાં તેનાથી કાંઈ એમાં પરમાં થાય એમ નથી. આહા..! આ હાથ છે એમાં જુઓ! આ વાગ્યું એટલે લ્યો! એ આને લઈને થયું નથી. એ પરમાણુ પોતે દ્રવ્ય, ગુણ ને પર્યાયવાળી ચીજ છે. એટલે એ પર્યાયવાળી ચીજ છે એને બીજી પર્યાય બીજો કરે એમ નથી બનતું. આહાહા..! **'આમ વસ્તુની બહાર લોટતાં છતાં તેને શું કરી શકે?'** આહાહા..!

અન્યને બિચારાને કાંઈ ખબર ન હોય. એને તો એવું (લાગે) કે, આ શું છે આ તે? આવું ક્યાંથી કાઢ્યું? આવું અત્યાર સુધી તો કાંઈ નહોતું. ભાઈ! અનાદિનું છે. આ પુસ્તક બે હજાર વર્ષ પહેલાંનું છે. હજાર વર્ષ પહેલાની ટીકા છે. એના પુસ્તક જેવા ભાવ અનાદિના છે. અનાદિના અનંત કેવળીઓ, અનંત તીર્થંકરો એમ કહી ગયા છે, કહી રહ્યા છે. કહી ગયા છે ને કહી રહ્યા છે. આહાહા..! બેસવી વાત આકરી પડે. આખો દિ' આનું

કરીએ ને આ કરીએ. આહા..!

**ભાવાર્થ :– ‘વસ્તુનો સ્વભાવ તો એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી ન શકે.’** જોયું? પર્યાય છે ને? દરેક વસ્તુને દરેક ક્ષણે પર્યાય છે, અવસ્થા. એ અવસ્થાનું અસ્તિત્વ છે. તેથી બીજો એનું અસ્તિત્વ કરે એમ બની શકે નહિ. આહાહા..! આ ચાલે છે એમાં એની આ પર્યાયનું અસ્તિત્વ છે. એ પર્યાયના અસ્તિત્વને જીવ કરી શકે, ત્રણકાળમાં નહિ. આહાહા..! **‘વસ્તુનો સ્વભાવ તો એવો છે કે એક વસ્તુ અન્ય વસ્તુને પલટાવી ન શકે.’** બહાર લોટે, ઊભી રહે. આહાહા..! તે પણ પોતાના દ્રવ્ય, ગુણ ને પર્યાય સહિત. અને જેની પાસે ઉભી છે એ પણ દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત છે. આહાહા..! દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત ક્યો સમય નથી? આ ત્રણકાળમાં ક્યો સમય દ્રવ્ય, ગુણ, પર્યાય વિનાની વસ્તુ છે? કહો, આ તો સિદ્ધાંત (છે).

ત્રણકાળમાં અનંતા દ્રવ્યો જે (છે) એમાં ક્યો સમય દ્રવ્ય, ગુણ ને પર્યાય વિનાનો છે? દ્રવ્ય, ગુણ તો ધ્રુવ છે પણ પર્યાય વિનાનું ક્યું દ્રવ્ય છે? એની પલટતી અવસ્થા વિનાનું કોણ દ્રવ્ય છે, કે જે બીજો એને પલટાવે? આહાહા..! ગાંડા જેવું લાગે. અન્યમતી જેવા હોય એને (એમ લાગે) આ જૈન કેવો? આવો જૈન ધર્મ કેવો છે? ભાઈ! વસ્તુ તો એવી છે. આહાહા..! પણ એવી વસ્તુ ન હોય તો કાયમ ટકતું તત્ત્વ ન હોય તો એ તત્ત્વ નહિ અને પલટતું ન હોય તો કાર્ય કાંઈ નહિ. આહાહા..! કોણ પણ ચીજ છે એ કાયમ ન હોય તો નિત્ય નહિ. તો એ દ્રવ્ય વસ્તુ રહે નહિ અને એ પલટતી ન હોય તો કાર્ય થાય નહિ. સમયે સમયે પલટતી પોતાથી પલટી રહી છે. બીજાને લઈને પલટે છે એમ નથી. આહાહા..!

છરી વડે, ચાકુ વડે, શીશપેન થાય છે આમ? કે, ના. એ ચાકુ એને અડ્યું પણ નથી. આહાહા..! ચાકુ એને અડ્યું નથી. આ શાક કરે છે ને સવારમાં? તુરીયાનું. એ છરી કે ચપ્પુ એને અડ્યા નથી ને કટકા થાય છે. આહા..! કેમ? કે જે કટકા થાય છે તે દ્રવ્ય, ગુણ, પર્યાયવાળી વસ્તુ છે. એ દ્રવ્ય, ગુણ, પર્યાય (છે તો) તે સમયે પર્યાય એમાં છે કે નહિ? તો એમાં પર્યાય છે એમાં છરીની પર્યાયે એમાં શું કર્યું? છરીની પર્યાય પણ છરીની પર્યાય સહિત છે તો એ પર્યાયે પરની પર્યાયમાં શું કર્યું? આહાહા..!

**‘જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે.’** આહાહા..! એક વસ્તુ બીજી વસ્તુને પલટાવે તો તો એ વસ્તુની પર્યાય જ ન રહે. પર્યાય ન રહે તો એ વસ્તુ જ ન રહે. બીજો એને પર્યાયે કરાવે અને એની પર્યાય એને ન હોય, તો પર્યાય વિનાની વસ્તુ ન હોય શકે. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે કાર્ય, કાર્ય એટલે કર્મ, કર્મ એટલે પર્યાયનું કર્તવ્ય. આહાહા..! છે?

**‘જો એમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે.’** આહા..! એટલે? કે કોઈ પણ

ચીજ તેની વર્તમાન પર્યાય વિનાની હોય તો એ વસ્તુ જ ન રહે. અને પર્યાયવાળી છે તો બીજી ચીજ એને અડતી નથી તો પર્યાય એની પર્યાય ફેરવી શકે કે બીજાનું કામ કરી શકે એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..!

આ તો ઉપદેશ એવો (આપે કે) એકેન્દ્રિયની દયા પાળો ને આ કરો ને આ કરો. બસ! 'મેઘકુમારે' દયા પાળી.. 'મેઘકુમાર' ના હાથીના ભવમાં અને આહાર-પાણી આપ્યા ને પરિત સંસાર કર્યો. આવી વાતું કરે, પેલા સાંભળનારાને બિચારાને કાંઈ ખબર ન મળે. આહાહા..! મિથ્યાત્વનું પોષણ છે. મિથ્યાત્વનું અનંતનું સંસારનું (પોષણ છે).

મિથ્યાત્વને જ મુખ્ય અનંત સંસાર કહ્યો છે. અવ્રત, પ્રમાદ, કષાય તો ગૌણ સંસાર છે. આહાહા..! કેમકે જ્યાં એક તત્ત્વની વિપરીત માન્યતા થઈ એવી અનંત તત્ત્વની મિથ્યા (માન્યતા) થઈ. એ અનંતુ મિથ્યાત્વ થયું. એક તત્ત્વને પલટી હું પલટાવું તો એને ત્રણકાળના પદાર્થને પલટાવી શકું એવી માન્યતા થઈ. એ મિથ્યાત્વમાં અનંતું પાપ છે, અનંતું. આહાહા..! એની કાંઈ ગણતરી નહિ અને આ દયા પાળો ને વ્રત કરો ને આ કરો ને તે કરો ને અપવાસ કરો, વર્ષીતપ કરો. આહાહા..!

વસ્તુ વસ્તુને અડતી જ નથી. વસ્તુ પોતે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય વિનાની રહેતી જ નથી. કોઈપણ ચીજ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય વિના રહેતી નથી તો બીજો દ્રવ્ય એને શું કરે? અને બીજું દ્રવ્ય પણ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય વિના નથી તો બીજાનું શું કરે ઇ? આહાહા..! **'આમ ન હોય તો વસ્તુનું વસ્તુપણું જ ન ઠરે.'** આહાહા..! વસ્તુ છે દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત છે. એ પર્યાય પોતાથી ન થાય અને પર એની પર્યાય કરે તો એ વસ્તુ વસ્તુ રહેતી નથી. આહાહા..! વસ્તુનો જ અભાવ માને છે. એકનો અભાવ એમ અનંતનો અભાવ.

**'આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી...'** એક વસ્તુ બીજાને બદલાવી શકતી નથી. આહાહા..! છરી ઘીસોડાના કટકા કરી શકતી નથી, પલટાવી શકતી નથી. આહાહા..! **'આમ જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી...'** બદલાવી શકતી નથી અને એક વસ્તુ પર્યાય વિનાની હોતી નથી. કોઈ ચીજ તે ક્ષણે પર્યાય વિનાની હોતી નથી તો બીજો એને પરિણમાવી શકે એવું ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! **'એક વસ્તુએ અન્યને શું કર્યું?'** જ્યારે પરિણમાવી શકે નહિ, એક દ્રવ્ય બીજાને બદલાવી શકે નહિ, પર્યાયને બદલાવી શકે નહિ અને પર્યાય વિનાનું એ દ્રવ્ય નથી તો બીજાએ એમાં કર્યું શું? આહાહા..! જો બીજાએ એમાં કર્યું તો એ પર્યાય વિના દ્રવ્ય રહ્યું? આહાહા..! આકરી વાત બહુ. વીતરાગ માર્ગ પરમેશ્વરનો માર્ગ લોકોએ અન્યમત જેવો કરી નાખ્યો છે. જૈનમત નહિ પણ અન્યમત જેવો જૈનમત કરી નાખ્યો. આહાહા..!

**'જ્યાં એક વસ્તુ અન્યને પરિણમાવી શકતી નથી ત્યાં એક વસ્તુએ અન્યને શું કર્યું?'**

એક ચીજ બીજીને પલટાવી શકતી નથી અને બીજી ચીજ પલટવાની અવસ્થા વિનાની હોતી નથી તો બીજા દ્રવ્યે એને કર્યું શું? આહાહા..! ન્યાય અને લોજીકથી પકડે તો સમજાય, બાપુ! આહાહા..!

**'એક વસ્તુએ અન્યને શું કર્યું?'** કાંઈ ન કર્યું. આહાહા..! કેમકે એ પરિણમેલી ચીજ છે તે સમયે અને બીજી ચીજ છે એ પરિણમેલી પર્યાય છે. બેનો એક જ સમય છે અને બેની પર્યાય ભિન્ન ભિન્ન છે. એમાં એક પર્યાય બીજા પર્યાયને કરે? નહોતી ને કરે? પર્યાય તો છે, પર્યાય વિનાનું દ્રવ્ય નથી. હવે એને (પર્યાય) નથી તો પછી તે દ્રવ્યે કર્યું શું? આહાહા..! કહો, સમજાય છે? ઝીણું છે આવું, આવું કે દિ' સાંભળવા ક્યાં મળે એવું છે? ન્યાં તો દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો ને હોળી કરો, બ્રહ્મચર્ય લ્યો. એ બધો શુભભાવ છે, ક્રિયા છે. ધર્મ ક્યાં હતો ન્યાં? બાળ બ્રહ્મચારી હોય એ પણ ક્રિયા છે, ધર્મ નથી. આહાહા..! કેમકે એ તો શરીરની ક્રિયા નથી થઈ પણ અંદરમાં જે રાગની સાથે એકત્વબુદ્ધિ છે એ મૈથૂન તો અંદર પડ્યું છે. આહાહા..! શું કહ્યું?

શરીરથી ક્રિયા બ્રહ્મચર્યની થઈ શરીરથી, એ તો શરીરથી, એ તો એને શરીરની પર્યાય થવાની હતી એ પ્રમાણે અટકી ગઈ. એ સ્ત્રી સાથેનો શરીરનો સંગ નહોતો થવાનો એથી અટકી ગયેલી છે. એને કાંઈ બ્રહ્મચર્ય કહેતા નથી. આહાહા..! બ્રહ્મચર્ય તો અંદર આત્મા બ્રહ્મ નામ આનંદ, એ આનંદમાં ચરે, રમે એનું નામ બ્રહ્મચર્ય છે. આહાહા..! આવા બાળબ્રહ્મચારી પણ આ બહારના શરીરના તો અનંતવાર કર્યા. શરીરે સ્ત્રીને ન સેવી એ તો જડ છે. એની પર્યાય પરે ન કરી એમ ક્યાં છે? એની પર્યાય એમ થવાની હતી, આની એમ થવાની હતી. અહીં પર્યાય વિષયમાં અટકવાની જ હતી. હવે ઇ કહે કે, મેં અટકાવી આહાહા..! આકરું કામ છે, ભાઈ!

શરીરની ક્રિયા મેં અટકાવી, જડની અવસ્થા મેં અટકાવી. આહાહા..! બહુ આકરું કામ, પ્રભુ! એ બ્રહ્મચર્ય નથી. શરીર વડે વિષય ન સેવવો એ બ્રહ્મચર્ય નથી, એ શુભભાવ છે. પુણ્ય બાંધે જરી, પુણ્ય સાધારણ. બાકી મિથ્યાત્વ–મહાપાપ તો સાથે પડ્યું છે. મેં આ શરીરને અટકાવ્યું, શરીરની ક્રિયા જે વિષયની થતી હતી એ મેં અટકાવી. તો આ પછી આની પર્યાય તેં અટકાવી? પરદ્રવ્યની પર્યાયને તેં અટકાવી? એ પર્યાય વિનાનું દ્રવ્ય છે? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! બહુ આઘા ચાલતા... ચાલતા... ચાલતા...

મુમુક્ષુ :– આઘા ચાલતા ચાલતા શુદ્ધ દશા થઈ ગઈ.

ઉત્તર :– ઝીણી વાત છે. આઘા જાતા ઝીણી ઉંધી થઈ ગઈ. શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળે તો એ બ્રહ્મચર્ય નહિ, એ તો જડની ક્રિયા છે. એ અટકી છે એ તો એને કારણે અટકી છે. આહાહા..! બ્રહ્મચર્ય તો બ્રહ્મ નામ આનંદનાથ પ્રભુ! એની પર્યાય આનંદની થવી જોઈએ, એ આનંદની પર્યાય થાય તેને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. આહા..! શરીરથી બ્રહ્મચર્ય

હોય અને પરિણામમાં મિથ્યાત્વ હોય, અજ્ઞાન હોય, રાગ-દ્વેષ હોય. આહાહા..! આકરું કામ છે.

**'ચેતન-વસ્તુ સાથે એકક્ષેત્રાવગાહરૂપે પુદ્ગલો રહેલાં છે...'** ચેતન-વસ્તુ આત્મા જ્યાં છે ત્યાં એક ક્ષેત્રે પરમાણુ જોડે છે. આ છે, બીજા છે. **'પુદ્ગલો રહેલાં છે તોપણ ચેતનને જડ કરીને...'** આહાહા..! ચૈતન્ય એક છે ને પરમાણુ અનંતા છે, જ્યાં ચેતન છે ત્યાં જ અનંતા છે અને અનંતા પરમાણુની પર્યાય થાય છે પણ એ ચૈતન્યની પર્યાયને બદલાવી શકતા નથી. આહાહા..! આ અહીં રહેલો આત્મા ત્યાં બીજા અનંતા પ્રદેશ છે, આ તો છે પણ અનંતા પ્રદેશ, બીજા પ્રદેશ પરમાણુ જોડે છે એ પરમાણુ આનું કાંઈ કરી શકતા નથી. આહાહા..! ચેતનને જડ કરી શકતાં નથી. જડ ચેતનને પોતારૂપે પરિણમાવી શકતા નથી. અનંતા રજકણો ને એક આત્મા તેને ચેતનને જડરૂપે કરી શકતાં નથી. આહાહા..!

**'ચેતનને જડ કરીને પોતારૂપે તો પરિણમાવી શક્યાં નહિ;...'** આત્માને જડ પોતારૂપે જડપણે તો પરિણમાવી શક્યાં નહિ. આહા! **'તો પછી પુદ્ગલે ચેતનને શું કર્યું?'** તો પછી કર્મના પરમાણુઓ અને અંદરપુદ્ગલો જડ પડ્યા છે એણે આત્માને શું કર્યું? આહાહા..! આકરી વાત છે. આવું સાંભળવા કો'ક દિ' મળે એવું છે. બાકી તો બધું ચાલે છે, સંસાર, ગોટા. આહા..! **'ચેતનને શું કર્યું? કાંઈ ન કર્યું.'** લ્યો!

**'આ ઉપરથી એમ સમજવું કે-વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધ હોવા છતાં...'** જાણવાનો સંબંધ, બસ! આત્મા પરદ્રવ્યને જાણે ને આત્મા જાણનાર. એ પણ વ્યવહાર. કરવાની વાત તો છે નહિ. આહાહા..! પણ આત્માને જ્ઞેય-જ્ઞાયક – આત્મા જાણનાર ને બીજી ચીજો જ્ઞેય જણાય એવો સંબંધ હોવા છતાં **'પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતાં નથી...'** પરદ્રવ્યો જ્ઞેય છે તે જ્ઞાયકને કાંઈ કરતાં નથી અને જ્ઞાયક જ્ઞેયને કાંઈ અડતા નથી. આહાહા..! **'અને જ્ઞાયક પરદ્રવ્યોને કાંઈ કરતો નથી.'** એ આ ૨૧૩ માં કહ્યું, લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૧૪

(रथोद्धता)

यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः
किञ्चनापि परिणामिनः स्वयम्।
व्यावहारिकदृशैव तन्मतं
नान्यदस्ति किमपीह निश्चयात्।।२१४।।

હવે, એ જ અર્થને દઢ કરતું ત્રીજું કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ वस्तु ] એક વસ્તુ [ स्वयम् परिणामिनः अन्य-वस्तुनः ] સ્વયં પરિણમતી અન્ય વસ્તુને [ किञ्चन अपि कुरुते ] કાંઈ પણ કરી શકે છે - [ यत् तु ] એમ જે માનવામાં આવે છે, [ तत् व्यावहारिक-दृशा एव मतम् ] તે વ્યવહારદૃષ્ટિથી જ માનવામાં આવે છે. [ निश्चयात् ] નિશ્ચયથી [ इह अन्यत् किम् अपि न अस्ति ] આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી (અર્થાત્ એક વસ્તુને અન્ય વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી).

ભાવાર્થ :– એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે 'અન્ય દ્રવ્યે આ કર્યું', તે વ્યવહારનયની દૃષ્ટિથી જ છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. વસ્તુના પર્યાયસ્વભાવને લીધે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી.

આ ઉપરથી એમ સમજવું કે-પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થો તેમના ભાવે પરિણમે છે અને જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે; તેઓ એકબીજાને પરસ્પર કાંઈ કરી શકતા નથી. માટે 'જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે' એમ વ્યવહારથી જ માનવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે. ૨૧૪.

---

**પ્રવચન નં. ૪૦૮, શ્લોક-૨૧૪, ગાથા–૩૫૬ થી ૩૬૫ ગુરુવાર, જ્યેષ્ઠ સુદ ૧૫, તા. ૧૨-૦૬-૧૯૮૦**

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૨૧૪ કળશ. આગળ જે આવવાનું છે (એનો કળશ છે).

**यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः**
**किञ्चनापि परिणामिनः स्वयम्।**
**व्यावहारिकदृशैव तन्मतं**
**नान्यदस्ति किमपीह निश्चयात्।।२१४।।**

શ્લોકાર્થ :– **'એક વસ્તુ...'** **'स्वयम् परिणामिनः अन्य-वस्तुनः'** **'સ્વયં પરિણમતી...'** શું કહે છે? આત્મા કે પરમાણુ કે પ્રત્યેક પદાર્થ સ્વયં સમયે સમયે પરિણમન (કરતા) બદલતા રહેવાવાળા છે. સ્વયં પરિણમે છે. **'અન્ય વસ્તુને કાંઈ પણ કરી શકે છે–એમ જે માનવામાં આવે છે, તે વ્યવહારદૃષ્ટિથી (જૂઠીદૃષ્ટિથી) જ માનવામાં આવે છે.'** આણે આ કામ કર્યું, તેણે આ કામ કર્યું. કોઈ કોઈનું કામ કરી શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યની

પર્યાય (કરે નહિ). (કેમ કે) પરિણમન વિનાનું દ્રવ્ય છે નહિ, તો પરિણમન જે થાય છે તેની ક્રિયા, પરિણમનની ક્રિયા કરનારું તો દ્રવ્ય છે, તો એ પરિણમન કરતું રહે છે. તો બીજું દ્રવ્ય શું પરિણમન કરાવી શકે? આહાહા..! ઝીણી વાત છે.

આ શરીર આમ ચાલે છે કે પગ ભરે છે એ સ્વયં પોતાની પર્યાયથી પરિણમન કરે છે. એને આત્મા હલાવી શકે એમ છે નહિ. જગતને અજ્ઞાનીને ભ્રમ છે કે હું પગને ચલાવું છું, બોલું છું, હાથ ચલાવું છું, હાથથી, કલમથી લખું છું એ અજ્ઞાનીનો ભ્રમ છે. કેમ કે પ્રત્યેક પદાર્થ પોતાનું પરિણમન, બદલવાના કાળે બદલે છે તો બીજો એને બદલાવે એમ ત્રણકાળમાં બનતું નથી.

**'કંઈ પણ કરી શકે છે–એમ જે માનવામાં આવે છે,...'** આહાહા..! આ દેશની સેવા કરી, માંદો માણસ હતો એની સેવા કરી. નહિ? માંદા માણસની સેવા કરી નહિ? એના પોતાના જે આત્મપ્રદેશ છે તે પોતાથી પરિણમે છે. પરને પરિણમાવતા નથી, પરથી પરિણમતા નથી. પરને બદલાવતા નથી, પરથી બદલતા નથી. આહાહા..! આકરું કામ છે, ભાઈ! **'સ્વંય પરિણમતી અન્ય વસ્તુને કાંઈ પણ કરી શકે છે...'** પ્રત્યેક પદાર્થ પોતાથી પલટતી, બદલતી શક્તિવાળો છે તો પરિણમે છે, બદલે છે. શું તેને બીજો પદાર્થ બદલાવી શકે? આહાહા..! **'એમ જે માનવામાં આવે છે, તે વ્યવહારદૃષ્ટિથી (જૂઠીદૃષ્ટિથી) માનવામાં આવે છે.'** કળશ-ટીકામાં એમ લખ્યું છે, જૂઠો વ્યવહાર છે, એવો શબ્દ છે. દુનિયાનું આખું જૂઠું જ છે. દુનિયા જૂઠી. આ મારી બાયડી ને આ મારા છોકરા, આ મારા વેપાર ને આ મારા ધંધા.

મુમુક્ષુ :– આ મારું શરીર.

ઉત્તર :– શરીર ધૂળ મારું. આ આંગળા મારા. આ નાક મારું, આંખ મારી, કાન મારા. આ તો જડ, માટી–ધૂળ છે. તે પોતાના પરિણમનથી પરિણમે છે, તે કંઈ આત્માના આધારે પરિણમતા નથી. આત્મા પણ પોતાને કારણે પરિણમે છે, બદલે છે, પરને કારણે બદલતો નથી. આહાહા..!

એમ કહેવામાં આવે, કે આત્માએ જ્ઞાનાવરણીય કર્મ કર્યું. એ તો જૂઠી દૃષ્ટિથી છે. જ્ઞાનાવરણીય કર્મ જે નવું બંધાય છે તે પોતાની પર્યાયથી સ્વતંત્ર બંધાય છે. એ આત્માએ રાગ કર્યો કે દોષ કર્યો માટે કર્મબંધન થયું એમ નથી. અને કર્મબંધન આવ્યું તો આત્માએ રાગ-દ્વેષ દોષ કર્યા એમ પણ નથી. આહાહા..! ક્યારે આવું અંતરમાં બેસે? તે વિના જન્મ-મરણનો આરો નથી. જન્મ-મરણ કરી કરીને મરી ગયો છે. અનંતા અવતાર પશુના, નરકના, ગધેડાના, કાગડાના, કૂતરાના અનંતા અવતાર કર્યા. અનંતા અવતાર થયા છે, એક મિથ્યાશ્રદ્ધાને લઈને. એ મિથ્યાશ્રદ્ધા એ કે, હું પરનું કરી શકું છું. મારી હાજરીમાં એ કામ વ્યવસ્થિત થયું. મારે કારણે તે વ્યવસ્થિત થયું છે. એવી માન્યતા તદ્દન ભ્રમ, અજ્ઞાન, મૂઢ છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કાંઈ કર્યાં નથી. સલાહ-બલાહ આપી હતી. આહાહા..! અમારા ઘરની વાત કીધી ને? 'કુંવરજીભાઈ' અમારે ફઈના દીકરા ભાગીદાર હતા. અમારે 'પાલેજ' માં દુકાન ચાલે છે. 'પાલેજ' 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે મોટી દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની અત્યારે પેદાશ છે. એ દુકાનમાં હું નવ વર્ષ રહ્યો. અમારા પિતાજીની દુકાન હતી. 'કુંવરજીભાઈ' અમારા ભાગીદાર હતા તેને બહુ અભિમાન. બુદ્ધિ થોડી હતી, બુદ્ધિ એવી નહોતી. પણ એના નામની દુકાન હતી, અમારા મોટા ભાઈ ભાગીદાર હતા અને એના મોટાભાઈ ને હું બે ભાગીદાર હતા. બે દુકાનો હતી. પણ અભિમાન કે હું કરું, હું કરું, હું કરું. મારી દુકાન બરાબર ચાલે. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારની પેદાશ.

મુમુક્ષુ :– લોકો બધા શેઠ કહે.

ઉત્તર :– શેઠ કહે, એ ધૂળમાં એ શેઠ કહે એમાં શું થયું? પાંચ-દસ હજાર તો પહેલા પેદાશ હતી, હોં! પછી તો જ્યારે દેહ છૂટવાના કાળે તો બે-બે લાખની પેદાશ (હતી). ત્યાં અમારી દુકાન હતી. 'પાલેજ' 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે. કાંઈ ધૂળેય કરી શકતા નથી, અભિમાન કરે છે. આહાહા..!

અહીં એ કહે છે, **'એક વસ્તુ સ્વયં પરિણમતી...'** બસ! એટલા શબ્દ આવ્યા. કોઈ પણ એક વસ્તુ પરમાણુ કે આત્મા, **'સ્વયં પરિણમતી...'** એટલે બદલતી **'અન્ય વસ્તુને...' 'किंचन अपि कुरुते' 'કાંઈ પણ કરી શકે છે–એમ જે માનવામાં આવે છે, તે વ્યવહારદૃષ્ટિથી (જૂઠીદૃષ્ટિથી) માનવામાં આવે છે.'** આહાહા..! આકરું કામ ઘણું, ભાઈ! આખો દિ' હું કરું, હું કરું, હું કરું. દુકાનના ધંધા હું કરું, પેદાશ હું કરું, આમ કરું, વ્યાજ આમ ઉપજાવું, ફલાણું આમ કરું, બધું મિથ્યાત્વ, અજ્ઞાન, અભિમાન છે અને ચાર ગતિમાં રખડવાના એ પરિણામ છે. આહાહા..! એ શી રીતે મનાય?

અહીં એક ફેરી વાત થઈ હતી. પેલો 'ચીમન ચકુ' હતો ને? 'લીમડીવાળા' 'ચીમન ચકુ' છે, 'મુંબઈ'. ત્યારે એણે કહ્યું, લ્યો! અમે આ કર્યું. નથી કરી શકતા તો આ હાથ મેં કર્યો. અરે..! પ્રભુ! એ હાથ આમ થયો એમાં આત્માએ અંદર શું કર્યું છે? રજકણે શું કર્યું છે? એની ખબર છે? આત્માએ એમાં શું કર્યું છે? આત્મા તો એના પરિણામમાં રહ્યો છે. આત્મા આ શરીરને હલાવે એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! આ વાત ક્યાં છે વીતરાગની?

પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ કેવળી પરમાત્માનો આ હુકમ છે કે, એક તત્ત્વની પરિણમન શક્તિ હોવાને કારણે બીજી શક્તિનું પરિણમન એ કરી શકે નહિ. કેમ કે બીજો પદાર્થ પણ પોતાની પરિણમન શક્તિ રાખે છે. તું પણ બદલવાની શક્તિ રાખે છે, તે પણ બદલવાની શક્તિ રાખે છે. તો બીજાને તું પલટાવે, બદલાવે એ તો બધું જૂઠું, ભ્રમ, અજ્ઞાન

છે. આહાહા..! આકરી વાત છે.

**'નિશ્ચયથી આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી...'** ભાષા જુઓ! અન્ય વસ્તુની અન્ય વસ્તુ કંઈ છે જ નહિ. બીજી ભાષાએ કહીએ તો એક વસ્તુ જે આત્મા છે એ અપેક્ષાએ બીજા કોઈ દ્રવ્ય છે જ નહિ. બીજા અદ્રવ્ય છે. આહાહા..! છે? **'નિશ્ચયથી આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી...'** આહાહા..! આત્માના કર્મ બિલકુલ નથી અને કર્મનો આત્મા બિલકુલ નથી. આત્માની સ્ત્રી બિલકુલ નહિ અને સ્ત્રીનો પતિ-ધણી બિલકુલ નહિ. અજ્ઞાનીએ મૂઢે અનાદિકાળથી માની રાખ્યું છે. આહાહા..!

એક વસ્તુ પરિણમતી, બદલતી ટકીને બદલતી (છે). પ્રત્યેક પદાર્થ પોતામાં ટકીને બદલતા થકા બીજાને શું કરી શકે? આહાહા..! શરીરને હલાવી શકે નહિ, ભાષા બોલી શકે નહિ, પગ ફેરવી શકે નહિ. આહાહા..! આકરું કામ, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ કેવળી પરમાત્માની કથન શૈલી કોઈ બીજી જ છે. વર્તમાનમાં તો બધી ગડબડ ચાલે છે.

અહીં કહે છે, (અન્ય) **'વસ્તુ કાંઈ પણ નથી...'** શું પાઠમાં એ છે ને? **'अन्यत् किम् अपि न अस्ति'** એક ચીજની બીજી ચીજ છે જ નહિ. તેથી એક ચીજની અપેક્ષાએ બીજી ચીજ છે જ નહિ. આહાહા..! એક વસ્તુની અપેક્ષાએ બીજી ચીજ છે જ નહિ. એ અપેક્ષાએ નથી, એની (પોતાની) અપેક્ષાએ ભલે હો. આહાહા..! છે ને? **'इह अन्यत् किम् अपि न अस्ति' 'આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી...'** આહાહા..! આવું ક્યારે મનાય? રળવું, બાયડી, છોકરાને પોષવા, એનું કરવું શું? આહાહા..! આખો દિ' અભિમાન, આખો દિ' મિથ્યાત્વના સેવન. મેં આ કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું. અરે..રે..! એના પરિણામ દુર્ગતિ (છે), દેહ છૂટે એટલે દુર્ગતિ થવાની. આહાહા..! અહીં ભલે કરોડપતિ ને અબજપતિ હો, પણ જેણે આવા અભિમાન કર્યા છે, ભલે માંસ ને દારૂના ખોરાક ન હો, આર્ય માણસ હો, તો મરીને ઢોર-પશુ થવાના. આહાહા..!

મુમુક્ષુ :- પશુની સંખ્યા વધારે લાગે છે.

ઉત્તર :- પશુ ઘણા છે. પંચેન્દ્રિય પશુ ઘણા છે. ઘણા તો પશુમાં જવાના. આહાહા..! માંસ ને દારૂ ખાતા નથી એથી વાણિયા તો કાંઈ નરકમાં ન જાય, પણ આ આખો દિ' મારું, મારું, મારું કરીને મરી ગયો છે. આહાહા..! દુકાન ઉપર બેસે, ઘરમાં જાય તો બાયડી, છોકરા મારા. દુકાન ઉપર બેસે તો નોકરી ને ધંધો ને વેપાર મારા, નોકર મારા. આહાહા..! અરે..રે..! પ્રભુ કહે છે કે, તું ક્યાં રહ્યો? પ્રભુ! તું બદલતો બીજાને બદલાવી શકે એ તેં શું માન્યું? આહાહા..! પાણી ઊતરી જાય એવું છે, બાપા! જગતના વાણિયાના વેપારના અભિમાન, અમે કર્યા, અમે કર્યા. વકીલાત પણ અમે કરી ને સલાહ આપી ને આમ કર્યું ને તેમ કર્યું. એ બધી જડની ક્રિયા. એ જડની પરિણતિ આત્મા કરી શકે એ ત્રણકાળમાં નથી. બોલવાની આ ભાષા આત્મા કરી શકે, ત્રણકાળમાં નહિ. કેમ કે પરિણમન વિનાની

કોઈ ચીજ નથી. એ બદલે છે તે પોતાથી બદલાય છે. પર એને બદલાવે, પરિણમાવે એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! અહીં ભાષા કેવી છે?

મુમુક્ષુ :– એકાદિ વાતમાં બની જાય ને?

ઉત્તર :– ત્રણકાળમાં એક વાર બને નહિ. માને. દુકાને બેઠો હોય તો વેપાર ચાલતો હોય, વળી હંમેશાં બે-ચાર હજારની પેદાશ પણ હોય, મોટી દુકાન સારી ચાલતી હોય. આહાહા..! અત્યારે પણ અમારી દુકાન ચાલે છે. 'પાલેજ'. ચાર લાખની પેદાશ છે. છોકરાઓ ત્રણ છે અને હમણા વળી વહેંચી લીધું તો એક એકને લાખ-સવા લાખની પેદાશ છે. ચાલીસ લાખ આવ્યા. એ દુકાનમાં હું હતો. પાંચ વર્ષ મેં દુકાન ચલાવી. પણ (સંવત) ૧૯૬૩ થી ૧૯૬૮. કેટલા વર્ષ થયા? સંવત ૧૯૬૩ થી ૧૯૬૮. ૧૯૭૦ માં દીક્ષા. ૬૬ વર્ષ તો દીક્ષા લીધા થયા છે. ૬૬. દોઢ વર્ષ ભણવામાં ગયા. બાવીસ વર્ષ એ થયા. ૯૧ થયા, ૯૧. ૯૧ વર્ષ ચાલે છે. ૯૦+૧. દેહ, દેહ જડ. આ જડને ૯૧ ચાલે છે. આહાહા..! એમાં આત્મા કાંઈ પણ કરી શકે એ બિલકુલ નહિ. આહાહા..! ૯૧ વર્ષમાં કેટલો અનુભવ? આખી જિંદગીમાં નિવૃત્તિ જ રહી છે. ઘરની દુકાન, વેપાર ઘરનો, ધારધીર કરતા પણ બધું ઘરનું સ્વતંત્ર ઘરનું. એ દુકાન અત્યારે મોટી થઈ ગઈ. તે દિ' નાની હતી. એની એ મોટી દુકાન છે. આહાહા..! ત્યાં જાઈએ (ત્યારે) સાંભળે, દુકાન બંધ રાખે. મોટી પેદાશ દિવસની. દુકાન બંધ કરી દઈએ. અમે જઈએ આઠ દિ' રહીએ તો દુકાન બંધ કરે. પછી ઉઠીએ ત્યારે છોકરાઓ રોવે. અરે..રે..! અમારે સાંભળવું ક્યે દિવસે? માથે ધોકા પાડે, માથે. આ અમે વેપાર કરીએ છીએ, અમે પેદા કરીએ છીએ. મૂઢ છો, મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે, પાપી છે, પાપી. આહાહા..! જે ન બની શકે તેને બની શકે એમ માનવું (એ તો) પાપી છે. આહાહા..!

એ અહીં કહે છે, **'આ લોકમાં અન્ય વસ્તુને અન્ય વસ્તુ કાંઈ પણ નથી...'** આહાહા..! એ તો પછી ખુલાસો કરવો પડ્યો. એક વસ્તુને અન્ય વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી. પણ ખરેખર તો એક વસ્તુની અપેક્ષાએ બીજી વસ્તુ છે જ નહિ. આહાહા..! એ ઝીણી વાત પડે, બાપા! એક ચીજ છે, કોઈપણ આત્મા કે કોઈપણ એક આ પરમાણુ, આ તો અનંત પરમાણુનું બનેલું છે, આ એક નથી. અનંત રજકણ કટકા કરતા કરતા કરતા છેલ્લો પોંઈટ રહે તેને ભગવાન પરમાણુ કહે છે. એવા અનંત પરમાણુનું બનેલું આ શરીર છે. આત્માએ શરીર બનાવ્યું, આત્માએ શરીર રાખ્યું, અને વ્યવસ્થિત ખાવું-પીવું બરાબર ધ્યાન રાખે છે તો શરીર ઠીક રહે છે, એ બધી માન્યતા ભ્રમ, અજ્ઞાન છે. આહાહા..!

મુમુક્ષુ :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ લ્યે તો ભ્રાંતિ થાય નહિ.

ઉત્તર :– કરે છે માટે ભ્રાંતિ થાય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને (હોય તો) જ્ઞાની કેમ કહેતા નથી? નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને

હોય તો જ્ઞાનીને પણ જ્ઞાયક અને વસ્તુ જ્ઞેય, એવો જ્ઞેય-નિમિત્ત સંબંધ છે. છતાં એ ચીજને હું દેખું છું એમ પરમાર્થે માનતા નથી. આહાહા..! એ બીજી ચીજને હું કરું છું એમ તો નથી, પણ બીજી ચીજને હું જાણું છું એ પણ વ્યવહાર છે. કેમ કે એમાં પ્રવેશ કર્યા વિના જાણે છે તો એ તો પોતાની તાકાતથી પોતામાં જાણે છે. પોતાની તાકાતથી પોતામાં રહીને સ્વને અને પરને જાણે છે. એમાં પર જાણવામાં આવી ગયું. આહાહા..! આવો ઉપદેશ દુનિયાથી જુદો. આ સવારથી સાંજ સુધી એકલું પાપ. બાળકથી માંડીને વૃદ્ધ. પચાસ-સાંઈઠ-સીત્તેર વર્ષ થાય એંસી. આહાહા..!

અહીં એ કહે છે, પ્રભુ! એક ચીજને બીજી ચીજ બિલકુલ પરિણમાવે, બદલાવે એમ કદી થતું નથી. કેમ કે એ ચીજ પોતાથી પરિણમતી, ટકે છે. ટકતી પલટે છે. નિત્ય-અનિત્ય વસ્તુનું સ્વરૂપ છે. તો અનિત્ય નામ પરિણમવું એનું સ્વરૂપ છે, તો બીજો કેમ પરિણમાવે? આહાહા..! એ કહે છે.

આચાર્યને તો એમ કહેવું છે, વસ્તુ અન્ય વસ્તુની કાંઈ નથી. **'કાંઈ પણ નથી...'** **'अपि' 'अन्यत् किम् अपि न अस्ति'** એક વસ્તુ આત્માની બીજી કોઈ ચીજ છે નહિ. અને આ એક શરીરના પરમાણુની બીજી કોઈ ચીજ નથી. પોતાથી પોતે વસ્તુ છે. પોતાની પર્યાયમાં બદલતી રહે છે એવી ચીજ પોતામાં છે. પરની સાથે કોઈ સંબંધ નથી. એમ અર્થ કરવો. નહિતર તો પરવસ્તુ છે જ નહિ. પોતાની અપેક્ષાએ પર તો છે જ નહિ. આહાહા..! તેની અપેક્ષાએ છે. આહાહા..! **'(અર્થાત્ એક વસ્તુને અન્ય વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી).'**

**ભાવાર્થ :– 'એક દ્રવ્યના પરિણમનમાં...'** પરિણમન એટલે બદલવું. આ હાથ આમ થાય છે, ભાષા થાય છે, એ બદલે છે. લોટની રોટલી થાય છે એ બધું પલટે છે. તેને રોટલીને સ્ત્રી કરે છે, એમ ત્રણકાળમાં નથી. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું આ ફરમાન છે કે, એક ચીજ બીજી ચીજને અડતી નથી. એક ચીજ બીજી ચીજને અડતી નથી આહાહા..! આ સાંભળવા ક્યાં મળે? અડતી નથી, સ્પર્શતી નથી.

આત્મા રોટલી ખાય છે તો કહે છે કે, રોટલીને અડતો નથી. આહાહા..! રોટલી આત્માને અડતી નથી. રોટલી દાંતને અડતી નથી, દાંતને રોટલી અડતી નથી. આ કોને બેસે? પાપના ધંધા આડે નવરાશ ક્યાં છે? આખો દિ' પાપ, સવારથી માંડીને આ કર્યું, આ કરું, આ કરું. અહીં કહે છે, કે એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ પણ સંબંધ નથી.

**'એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે અન્ય દ્રવ્યે આ કર્યું...'** કુંભારે ઘડો કર્યો, એ કથન શૈલી છે. નિમિત્ત કોણ હતું એ બતાવવા. ઘડો કુંભારથી થયો જ નથી, ઘડો તો માટીથી થયો છે. આહાહા..! આ દાળ, ભાત, શાક સવાર-સાંજ ખાય છે. સવારે ચા (કરે) એ ચા આત્મા કરી શકતો જ નથી અને આત્મા ચા પી શકતો

નથી. અજ્ઞાની માને છે કે હું આ પીઉં છું. એ તો મિથ્યાભ્રમ, અજ્ઞાન છે. આહાહા..! 'ચીમનભાઈ' આવો માર્ગ છે. ક્યાંય છે નહિ. બધે રખડવાના રસ્તા બતાવે. આ કરો ને આ કરો ને આ કરો. દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો. એ બધા રખડવાના રસ્તા છે. આહાહા..!

એક ચીજ બીજી ચીજને છોડી શકે નહિ. કરી શકે નહિ તો પછી છોડી શકે ક્યાંથી આવ્યું? એની ચીજમાં એ બીજી ચીજ છે નહિ. છે નહિ તો એને છોડવું અને કરવું આવ્યું ક્યાંથી? **'તે વ્યવહારનયની દૃષ્ટિથી જ છે; નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી.'** આહાહા..! નિશ્ચય એટલે પરમાર્થથી ભગવાનની વાણી કહે છે કે, એક દ્રવ્યે અન્ય દ્રવ્યમાં કાંઈ પણ કર્યું નથી. કાંઈ કર્યું નથી. આહાહા..! આ હાથ હલે છે તો આત્માએ કંઈક હલાવ્યો, એમ બિલકુલ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ માને છે. આહાહા..! કેમ બેસે? લ્યો, આ હલાવ્યો, હલાવ્યો, કહે. અરે..! ભાઈ! સાંભળ, ભાઈ! એની પર્યાય થનારી એમ થાય છે. પોતાના આત્મામાં તો અજ્ઞાની રાગ કરે. રાગથી હું કરું છું એમ માને, બાકી પરનું કાંઈ કરી શકે. હાથનું, પગનું ન કરી શકે તો બાયડી, છોકરા, કુટુંબનું તો ક્યાં કરી શકે? આહાહા..! ભારે આકરી વાત, ભાઈ!

વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે... આહાહા..! એક તત્ત્વ બીજા તત્ત્વનું છે નહિ. આહા! એમ કહ્યું ને? **'એક દ્રવ્યના પરિણમનમાં અન્ય દ્રવ્ય નિમિત્ત દેખીને એમ કહેવું કે 'અન્ય દ્રવ્યે આ કર્યું, તે વ્યવહારનયની દૃષ્ટિથી જ છે;'** એ જૂઠી દૃષ્ટિ છે. **'નિશ્ચયથી તો તે દ્રવ્યમાં અન્ય દ્રવ્યે કાંઈ કર્યું નથી. વસ્તુના પર્યાયસ્વભાવને લીધે...'** દરેક વસ્તુનો બદલવાની પર્યાયનો (સ્વભાવ છે). હજી પર્યાય પણ સાંભળી ન હોય. જૈનમાં જન્મ્યા હોય પણ મૂઢ જેવા, પર્યાય કોને કહેવી એની હજી ખબર ન હોય. આહાહા..! જે પદાર્થ છે એની અવસ્થા એ એની પર્યાય. આ એની પર્યાય છે. આત્માની નહિ, આત્માએ આ કરી નથી. **'પર્યાયસ્વભાવને લીધે વસ્તુનું પોતાનું જ એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ પરિણમન થાય છે; તેમાં અન્ય વસ્તુ પોતાનું કાંઈ ભેળવી શકતી નથી.'** પરમાં એક ચીજમાં બીજી ચીજ કંઈપણ ભેળવી શકતી નથી. આહાહા..!

લાડવામાં ઘી નાખી શકે છે, લાડવા બનાવી શકે છે, ભાખરી બનાવીને ભૂકો કરે છે, ત્રણકાળમાં નહિ. અરે..રે..! આ શું પણ આવી વાત? ભગવાનનો માર્ગ, બાપા! વીતરાગ સર્વજ્ઞદેવ. અત્યારે તો બધી ગડબડ થઈ ગઈ છે. વીતરાગને ઠેકાણે અન્યમત ચલાવ્યો છે. જૈનમાર્ગ વીતરાગ માર્ગ તો એક કોર રહી ગયો. વીતરાગને નામે અન્યમતને ચલાવ્યો છે. દયા પાળો ને વ્રત કરો એ બધો અન્યમત છે. એ રાગ છે. રાગ કરો એ તો અન્યમત છે, એ જૈનમત છે જ નહિ. આહાહા..!

**'આ ઉપરથી એમ સમજવું કે–પરદ્રવ્યરૂપ જ્ઞેય...'** પરદ્રવ્યરૂપ જાણવાલાયક **'પદાર્થો**

**તેમના ભાવે પરિણમે છે...'** પરપદાર્થ પોતાની શક્તિથી બદલે છે **'અને જ્ઞાયક આત્મા પોતાના ભાવે પરિણમે છે;...'** જાણનારો પોતાથી જાણે છે. જાણે છે કે આ થાય છે. કરું છું એમ નહિ. આહાહા..! આવું તો કેટલાક બિચારાએ સાંભળ્યું પણ હોય નહિ. રળવાના રાંકા ભિખારી. ભિખારી છે, ભિખારી. આત્મામાં લક્ષ્મી પડી છે એની ખબર નથી અને ધૂળ.. ધૂળ, પૈસા એ ધૂળને માગે, એ માંગણ ભિખારા છે. આહાહા..! શાસ્ત્રમાં આવે છે, વરાંકા. ભગવાન એમ કહે છે, એ ભિખારી છે. પોતામાં અંદર લક્ષ્મી પડી છે. અનંત આનંદ, દર્શન, આનંદ, શાંતિને તો દેખતો નથી અને એમાં નથી એને દેખી રહ્યો છે. આહાહા..! 'વરાંકા' શબ્દ છે. વરાંકા એટલે ભિખારી. આહાહા..! રાંકા છે, ભિખારા છે. એ અબજપતિ ને કરોડપતિ ભિખારા છે. આહાહા..!

હમણા ત્યાં 'આફ્રિકા' ગયા હતા ને? 'આફ્રિકા' ગયા હતા તો ત્યાં ૪૫૦ તો કરોડપતિ છે. એક 'નાઈરોબી' માં. 'આફ્રિકા' ના એક 'નાઈરોબી' માં એક ગામમાં સાત લાખની વસ્તી. એમાં ૪૫૦ તો કરોડપતિ છે અને ૧૫૦૦ અબજપતિ છે. લાખપતિના ઢગલા છે. લાખ તો ગરીબ કહેવાય. 'નાઈરોબી' 'આફ્રિકા' અમે ગયા હતા ને ૨૬ દિવસ રહ્યા હતા. આહાહા..! બિચારા બધા પ્રેમથી સાંભળતા હતા. ઘણા મોટા માણસ આવતા. મોટા મોટા અબજોપતિ આવતા, કરોડોપતિ આવતા, સાંભળે. અહીં ક્યાં અમારે કરોડપતિ ને અબજપતિ પાસે કાંઈ લેવું છે? અહીં ક્યાં માખણ ચોપડવું છે કે એને ઠીક પડે તો પૈસા આપે. અહીં કંઈ છે નહિ. આહા!

અહીં કહે છે કે, દરેક ભાવ પરિણમે છે. **'એકબીજાને પરસ્પર કાંઈ કરી શકતા નથી. માટે 'જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે' એમ વ્યવહારથી જ માનવામાં આવે છે;...'** આહાહા..! ભગવાનઆત્મા જાણનશક્તિ, જ્ઞાયક પરનું તો કાંઈ કરી શકતો નથી, હાથ-પગને હલાવી શકતો તો નથી, પરની ક્રિયા કરી શકતો નથી પણ જ્ઞાયક પરદ્રવ્યને જાણે છે, જાણે છે એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી જ્ઞાયક જ્ઞાયક છે. આહાહા..! જાણનારો અંદર જ્ઞાનસ્વરૂપી ભગવાન બિરાજે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' સિદ્ધ સ્વરૂપી ભગવાન આત્મા બિરાજે છે. આહાહા..! તેણે પરને તો કાંઈ કર્યું નથી પણ પરને જાણ્યું એ વ્યવહાર છે. આહાહા..!

દરેક આત્માએ પરનું કાંઈ કર્યું નથી? પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે, નિશ્ચય નહિ. નિશ્ચયથી તો પોતે પોતાને જાણે છે. આહાહા..! ક્યાં આ વાત? ખડીની ગાથા બોલો.

# ગાથા–૩૫૬-૩૬૫

जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह जाणगो दु ण परस्स जाणगो जाणगो सो दु।।३५६।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह पासगो दु ण परस्स पासगो पासगो सो दु।।३५७।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह संजदो दु ण परस्स संजदो संजदो सो दु।।३५८।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह दंसणं तु ण परस्स दंसणं दंसणं तं तु।।३५९।।
एवं तु णिच्छयणयस्स भासिदं णाणदंसणचरित्ते।
सुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण।।३६०।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं जाणदि णादा वि सएण भावेण।।३६१।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं पस्सदि जीवो वि सएण भावेण।।३६२।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं विजहदि णादा वि सएण भावेण।।३६३।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं सद्दहदि सम्मदिट्ठी सहावेण।।३६४।।
एवं ववहारस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते।
भणिदो अण्णेसु वि पज्जएसु एमेव णादव्वो।।३६५।।
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा ज्ञायकवस्तु न परस्य ज्ञायको ज्ञायकः स तु।।३५६।।

यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा दर्शकस्तु न परस्य दर्शको दर्शकः स तु।।३५७।।
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा संयतस्तु न परस्य संयतः संयतः स तु।।३५८।।
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति।
तथा दर्शनं तु न परस्य दर्शनं दर्शनं तत्तु।।३५९।।
एवं तु निश्चयनस्य भाषितं ज्ञानदर्शनचरित्रे।
शृणु व्यवहारनयस्य च वक्तव्यं तस्य समासेन।।३६०।।
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं जानाति ज्ञातापि स्वकेन भावेन।।३६१।।
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं पश्यति जीवोऽपि स्वकेन भावेन।।३६२।।
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं विजहाति ज्ञातापि स्वकेन भावेन।।३६३।।
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन।
तथा परद्रव्यं श्रद्धत्ते सम्यग्दृष्टिः स्वभावेन।।३६४।।
एवं व्यवहारस्य तु विनिश्चयो ज्ञानदर्शनचरित्रे।
भणितोऽन्येष्वपि पर्यायेषु एवमेव ज्ञातव्यः।।३६५।।

सेटिकात्र तावच्छेवतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुडयादिपरद्रव्यम्। अथात्र कुडयादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुडयादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति, यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका कुडयादेर्भवन्ती कुडयादिरेव भवेत्; एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्व्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका कुडयादेः। यदि न भवतिसेटिका कुडयादेस्तर्हि कस्य सेटिका भवति? सेटिकाया एव सेटिका भवति। ननु कतराऽन्या सेटिका सेटिकायाः यस्याः सेटिका भवति? न खल्वन्या सेटिका सेटिकायाः किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः-चेतयितात्र तावद् ज्ञानगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण ज्ञेयं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः

परद्रव्यस्य ज्ञेयस्य ज्ञायकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्व्यस्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि ज्ञायकः, ज्ञायको ज्ञायक एवेति निश्चयः।

किञ्च सेटिकात्र तावच्छ्वेतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुडयादिपरद्रव्यम्। अथात्र कुडयादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुडयादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका कुडयादेर्भवन्ती कुडयादिरेव भवेत्; एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका कुडयादेः। यदि न भवति सेटिका कुडयादेस्तर्हि कस्य सेटिका भवति? सेटिकाया एव सेटिका भवति। ननु कतराऽन्या सेटिका सेटिकायाः यस्याः सेटिका भवति? न खल्वन्या सेटिका सेटिकायाः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः-चेतयितात्र तावद्दर्शनगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण दृश्यं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः परद्रव्यस्य दृश्यस्य दर्शकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि दर्शकः, दर्शको दर्शक एवेति निश्चयः।

अपि च सेटिकात्र तावच्छ्वेतगुणनिर्भरस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेण श्वैत्यं कुडयादिपरद्रव्यम्। अथात्र कुडयादेः परद्रव्यस्य श्वैत्यस्य श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि सेटिका कुडयादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति सेटिका कुडयादेर्भवन्ती

कुडयादिरेव भवेत्, एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति सेटिका कुडयादेः। यदि न भवति सेटिका कुडयादेस्तर्हि कस्य सेटिका भवति? सेटिकाया एव सेटिका भवति। ननु कतराऽन्या सेटिका सेटिकाया यस्याः सेटिका भवति? न खल्वन्या सेटिका सेटिकायाः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्यापि सेटिका, सेटिका सेटिकैवेति निश्चयः। यथायं दृष्टान्तस्तथायं दार्ष्टान्तिकः-चेतयितात्र तावद् ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावं द्रव्यम्। तस्य तु व्यवहारेणापोह्यं पुद्गलादिपरद्रव्यम्। अथात्र पुद्गलादेः परद्रव्यस्यापोह्यस्यापोहकश्चेतयिता किं भवति किं न भवतीति तदुभयतत्त्वसम्बन्धो मीमांस्यते-यदि चेतयिता पुद्गलादेर्भवति तदा यस्य यद्भवति तत्तदेव भवति यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति तत्त्वसम्बन्धे जीवति चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्; एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः। न च द्रव्यान्तरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वाद्द्रव्यस्यास्त्युच्छेदः। ततो न भवति चेतयिता पुद्गलादेः। यदि न भवति चेतयिता पुद्गलादेस्तर्हि कस्य चेतयिता भवति? चेतयितुरेव चेतयिता भवति। ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति? न खल्वन्यश्चेतयिता चेतयितुः, किन्तु स्वस्वाम्यंशावेवान्यौ। किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण? न किमपि। तर्हि न कस्याप्यपोहकः, अपोहकोऽपोहक एवेति निश्चयः।

अथ व्यवहारव्याख्यानम्-यथा च सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं कुडयादिपरद्रव्यस्वभावेनापरिणममाना कुडयादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती कुडयादि-परद्रव्यनिमित्तकेनात्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना कुडयादिपरद्रव्यं सेटिकानिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि ज्ञानगुणनिर्भरस्वभावः स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो ज्ञानगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमानः पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन जानातीति व्यवह्रियते।

किञ्च-यथा च सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं कुडयादिपरद्रव्यस्वभावेना-परिणममाना कुडयादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती कुडयादिपरद्रव्यनिमित्तकेनात्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना कुडयादिपरद्रव्यं सेटिकानिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि दर्शनगुणनिर्भरस्वभावः स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो दर्शनगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमानः पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन पश्यतीति व्यवह्रियते।

अपि च-यथा य सैव सेटिका श्वेतगुणनिर्भरस्वभावा स्वयं कुडयादिपरद्रव्यस्वभावे-

नापरिणममाना कुडयादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्ती कुडयादिपरद्रव्यनिमित्तकेनात्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना कुडयादिपरद्रव्यं सेटिकानिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते, तथा चेतयितापि ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावः स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन् पुद्गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावस्य परिणामेनोत्पद्यमानः पुद्गलादिपरद्रव्यं चेतयितृ-निमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानमात्मनः स्वभावेनापोहतीति व्यवह्रियते।

एवमयमात्मनो ज्ञानदर्शनचारित्रपर्यायाणां निश्चयव्यवहारप्रकाशः। एवमेवान्येषां सर्वेषामपि पर्यायाणां द्रष्टव्यः।

---

('ખડી તો ખડી જ છે'-એ નિશ્ચય છે; 'ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે' એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. તેવી રીતે 'જ્ઞાયક તો જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે; 'જ્ઞાયકસ્વભાવે પરિણમતો જ્ઞાયક પરદ્રવ્યસ્વભાવે પરિણમતાં એવાં પરદ્રવ્યોને જાણે છે' એમ કહેવું તે પણ વ્યવહારકથન છે.) આવા નિશ્ચય-વ્યવહાર કથનને હવે ગાથાઓમાં દ્રષ્ટાંત દ્વારા સ્પષ્ટ કહે છે :–

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.
એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.

જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૪.
એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,
ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.

ગાથાર્થ :– (જોકે વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક, દૃશ્ય-દર્શક, ત્યાજ્ય—ત્યાજક ઇત્યાદિ સંબંધ છે, તોપણ નિશ્ચયે તો આ પ્રમાણે છે :–) [ यथा ] જેમ [ सेटिका तु ] ખડી [ परस्य न ] પરની (-ભીંત આદિની) નથી, [ सेटिका ] ખડી [ सा च सेटिका भवति ] તે તો ખડી જ છે, [ तथा ] તેમ [ ज्ञायकः तु ] જ્ઞાયક (જાણનારો, આત્મા) [ परस्य न ] પરનો (પરદ્રવ્યનો) નથી, [ ज्ञायकः ] જ્ઞાયક [ सः तु ज्ञायकः ] તે તો જ્ઞાયક જ છે. [ यथा ] જેમ [ सेटिका तु ] ખડી [ परस्य न ] પરની નથી, [ सेटिका ] ખડી [ सा च सेटिका भवति ] તે તો ખડી જ છે, [ तथा ] તેમ [ दर्शकः तु ] દર્શક (દેખનારો, આત્મા) [ परस्य न ] પરનો નથી, [ दर्शकः ] દર્શક [ सः तु दर्शकः ] તે તો દર્શક જ છે. [ यथा ] જેમ [ सेटिका तु ] ખડી [ परस्य न ] પરની (-ભીંત આદિની) નથી, [ सेटिका ] ખડી [ सा च सेटिका भवति ] તે તો ખડી જ છે, [ तथा ] તેમ [ संयतः तु ] સંયત (ત્યાગ કરનારો, આત્મા) [ परस्य न ] પરનો (-પરદ્રવ્યનો) નથી, [ संयतः ] સંયત [ सः तु संयतः ] તે તો સંયત જ છે. [ यथा ] જેમ [ सेटिका तु ] ખડી [ परस्य न ] પરની નથી, [ सेटिका ] ખડી [ सा च सेटिका भवति ] તે તો ખડી જ છે, [ तथा ] તેમ [ दर्शनं तु ] દર્શન અર્થાત્ શ્રદ્ધાન [ परस्य न ] પરનું નથી, [ दर्शनं तत् तु दर्शनम् ] દર્શન તે તો દર્શન જ છે અર્થાત્ શ્રદ્ધાન તે તો શ્રદ્ધાન જ છે.

[ एवं तु ] એ પ્રમાણે [ ज्ञानदर्शनचरित्रे ] જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે [ निश्चयनयस्य भाषितम् ] નિશ્ચયનયનું કથન છે. [ तस्य च ] વળી તે વિષે [ समासेन ] સંક્ષેપથી [ व्यवहारनयस्य वक्तव्यं ] વ્યવહારનયનું કથન [ शृणु ] સાંભળ.

[ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] (ભીંત આદિ) પરદ્રવ્યને [ सेटियति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ ज्ञाता अपि ] જ્ઞાતા પણ [ स्वकेन भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ जानाति ] જાણે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ सेटयति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ जीवः अपि ] જીવ પણ [ स्वकेन

भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ पश्यति ] દેખે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ सेटियति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ ज्ञाता अपि ] જ્ઞાતા પણ [ स्वकेन भावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ विजहाति ] ત્યાગે છે. [ यथा ] જેમ [ सेटिका ] ખડી [ आत्मनः स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ सेटयति ] સફેદ કરે છે, [ तथा ] તેમ [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ [ स्वभावेन ] પોતાના સ્વભાવથી [ परद्रव्यं ] પરદ્રવ્યને [ श्रद्धत्ते ] શ્રદ્ધે છે. [ एवं तु ] આ પ્રમાણે [ ज्ञानदर्शनचरित्रे ] જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે [ व्यवहारनयस्य विनिश्चयः ] વ્યવહારનયનો નિર્ણય [ भणितः ] કહ્યો; [ अन्येषु पर्यायेषु अपि ] બીજા પર્યાયો વિષે પણ [ एवम् एव ज्ञातव्यः ] એ રીતે જ જાણવો.

ટીકા :– આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, ‘શ્વેત કરનારી ખડી, શ્વેત કરવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?’-એમ તે બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : ‘જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (-જુદું દ્રવ્ય નથી);’-આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ, ભીંત-આદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ (નાશ) થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી, તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. (એ પ્રમાણે દ્રષ્ટાંત કહ્યું.) જેમ આ દ્રષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે :– આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે તે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે. હવે, ‘જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?’-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : ‘જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા

જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી. (આગળ વિચારીએ :) જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને જાણે છે'-એ વ્યવહારકથન છે; 'આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'જ્ઞાયક જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે.)

વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી રીતે દર્શક વિષે કહેવામાં આવે છે :– આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે :– આ જગતમાં ચેતયિતા છે તે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું દૃશ્ય છે. હવે, 'દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દૃશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-

એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્ગલાદિનો નથી. (આગળ વિચારીએ:) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી દર્શક કોઈનો નથી, દર્શક દર્શક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને દેખે છે અથવા શ્રદ્ધે છે'-એ વ્યવહારકથન છે; 'આત્મા પોતાને દેખે છે અથવા શ્રદ્ધે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'દર્શક દર્શક જ છે'-એ નિશ્ચય છે.)

વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે અપોહક (ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે :– આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કોઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે :– આ જગતમાં જે ચેતયિતા

છે તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે એવું દ્રવ્ય છે. પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે. હવે, 'અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી. (આગળ વિચારીએ:) જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે. (આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી અપોહક (અર્થાત્ ત્યાગ કરનાર) કોઈનો નથી, અપોહક અપોહક જ છે-એ નિશ્ચય છે.

(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને અપોહે છે અર્થાત્ ત્યાગે છે'-એ વ્યવહારકથન છે; 'આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે; 'અપોહક અપોહક જ છે'-એ નિશ્ચય છે.)

હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છે :–

જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી જાણે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

વળી (જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે દર્શનગુણનો વ્યવહાર કહેવામાં

આવે છે :– જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે.

વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :– જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે; તેવી રીતે જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે એવો ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો, પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાન દર્શનગુણથી ભરેલા પર અપોહનાત્મક (પરના ત્યાગસ્વરૂપે) સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે એવા પોતાના (-પુદ્ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે - એમ વ્યવહાર કરવામાં આવે છે.

એ રીતે આ, આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે. એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર સમજવો.

ભાવાર્થ :– શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે. તેના પરિણામ જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું ઇત્યાદિ છે. ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો, દર્શક નથી કહી શકાતો, શ્રદ્ધાન કરનારો નથી કહી શકાતો, ત્યાગ કરનારો નથી કહી શકાતો; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી. જે જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ત્યાગ ઇત્યાદિ ભાવો છે, તે પોતે જ છે;

ભાવ-ભાવકનો ભેદ કહેવો તે પણ વ્યવહાર છે. નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.

હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધા કરનાર, ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિકભાવ છે. જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે-આત્મા પરદ્રવ્યને જાણે છે, પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે, પરદ્રવ્યને ત્યાગે છે.

એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના પ્રકારને જાણી યથાવત્ (જેમ કહ્યું છે તેમ) શ્રદ્ધાન કરવું.

---

## ગાથા-૩૫૬ થી ૩૬૫ ઉપર પ્રવચન

---

जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह जाणगो दु ण परस्स जाणगो जाणगो सो दु।।३५६।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह पासगो दु ण परस्स पासगो पासगो सो दु।।३५७।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह संजदो दु ण परस्स संजदो संजदो सो दु।।३५८।।
जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होदि।
तह दंसणं तु ण परस्स दंसणं दंसणं तं तु।।३५९।।
एवं तु णिच्छयणयस्स भासिदं णाणदंसणचरित्ते।
सुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण।।३६०।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं जाणदि णादा वि सएण भावेण।।३६१।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं पस्सदि जीवो वि सएण भावेण।।३६२।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं विजहदि णादा वि सएण भावेण।।३६३।।
जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण।
तह परदव्वं सद्दहदि सम्मदिट्ठी सहावेण।।३६४।।

एवं ववहाररस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते।
भणिदो अण्णेसु वि पज्जएसु एमेव णादव्वो।।३६५।।

નીચે હરિગીત.

જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.
જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,
દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.
એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;
સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.
જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,
સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૪.
એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,
ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.

**ટીકા :–** **'આ જગતમાં...'** કલય.. કલય ખડી, એ ભીંતને ધોળી નથી કરતી. ભીંતને ધોળી કરતી નથી. આ ક્યાંથી બેસે? ગાંડા છે કે શું છે? દુનિયા ગાંડી છે કે ભગવાન ગાંડા છે? દુનિયા ગાંડી છે, પાગલ.. પાગલ. ખડી ભીંતને ધોળી કરે છે એ માન્યતા મૂરખ અજ્ઞાનીની છે. ખડી ખડીમાં છે, ભીંત ભીંતમાં છે. આહાહા..! દરેક ચીજને ખડી ધોળી કરે છે, કલઈ કરે છે, આ કલઈ નથી કરતા? વાસણમાં કલઈ (કરે છે). એ કલઈ વાસણને થાય

છે એ વાત ખોટી છે. કલઈ કલઈમાં છે અને વાસણ વાસણમાં છે. આરે.. આરે...! આહાહા..!

**'આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું...'** ખડી છે એ શ્વેતગુણ– ધોળાગુણથી પરિપૂર્ણ સ્વભાવવાળું દ્રવ્ય છે. **'ભીંત આદિ પરદ્રવ્ય વ્યવહારે...'** આહાહા..! એ દીવાલને ધોળી કરે છે, લાકડાના બનાવેલા હોય છે ને? શું કહેવાય ઇ? એને ધોળા કરે ને? આહાહા...! તમારા નામ ભૂલી જઈએ છીએ. લાકડાના બનેલા (હોય છે ને?) રાખવાના તમારા હોય છે, શું કહેવાય ઇ? તેલ ને ઘી રાખતા નથી? આમ તો લાકડાના પટારા (હોય છે), પટારા.. પટારા, લ્યો! એ પટારાને ખડી ધોળી કરે છે એ મૂઢ જીવ માને છે. ભગવાન વીતરાગમાર્ગનો એ માર્ગ નથી. આહાહા..! પટારા, લાકડાના નાના પટારા, મોટા પટારા. રંગ કરે છે. તો કહે છે, રંગ રંગમાં છે, પટારો પટારામાં છે. રંગ પટારાને કરે છે એ વાત તદ્દન જૂઠી છે. આહાહા..! વસ્તુને રંગ કરવો એ તદ્દન જૂઠી વાત છે. કેમ કે રંગ વસ્તુ છે એ રંગમાં રહે છે. રંગ વસ્તુ જેમાં રંગ કરવો છે એ ચીજમાં પેસતો નથી. આહાહા..! આવી ક્યાંની વાત? શું હશે આ? ગાંડા પાગલ જ કહે. પાગલ લોકો છે ને બિચારા? પાગલ જ કહે. 'પરમાત્મ પ્રકાશ' માં કહ્યું છે, આખો સંસાર પાગલ છે. પાગલ ગાંડો છે. મેં કર્યું, મેં કર્યું, આનું કર્યું, આ કર્યું... આ કર્યું.. આ કર્યું. આહાહા..!

રંગથી લૂગડું લાલ થાય છે એ વાત સાચી નથી. કપડાને રંગ અડતો, સ્પર્શતો નથી. રંગ કપડાને અડતો નથી. આહાહા..! એમ કહે છે. આવી કઈ જાતની વાત? ભાઈ! માર્ગ કંઈક જુદો છે. આહાહા..! કલઈ અથવા ખડી **'શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત...'** વંડી, આ મકાન, ભીંત. **'ભીંત આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વેત છે...'** વ્યવહારે ધોળી કહેવામાં આવે છે. ખડી ખડીમાં છે, ભીંત ભીંતમાં છે. ભીંતને ધોળી કરી છે એ વાત તદ્દન જૂઠી છે. આહાહા..! આવી વાત ગાંડા જેવી લાગે. ગાંડાને ગાંડા જેવી લાગે.

મુમુક્ષુ :– આખા દેશનું રાજ ચલાવે અને આપ ગાંડા કહો.

ઉત્તર :– શાસ્ત્રએ બધાને પાગલ કીધા છે. કરોડપતિ ને અબજપતિ (પાગલ છે). મેં કર્યું.. મેં કર્યું. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાની હેઠે કૂતરાનું ઠીઠું અડે એટલે (માને કે) મારાથી ગાડુ ચાલે છે. એમ અજ્ઞાની જ્યાં બેઠો હોય (ત્યાં) જે પરની લેવા-દેવાની, ધંધાની ક્રિયા થતી હોય (તે માને કે) મારાથી થાય છે. એ કૂતરા જેવા છે. આહાહા..! ત્યારે ધંધો કરવો કે નહિ? ધંધો ન કરે તો પૈસા પેદા થયા વિના રોટલા શી રીતે ખાવા? કોણ કરે છે? બાપા! એ તો એને કારણે થવાનું હોય ત્યારે ધંધો થાય. રોટલા એને કારણે આવવાના હોય ત્યારે આવે. આહાહા..! એ તો આપણે કહેવત નથી? ખાનારનું નામ દાણે દાણે છે. હિન્દીમાં પણ છે. ખાનેવાલે કા નામ દાને દાને હૈ. એનો અર્થ–જે ચીજ આવવાવાળી છે તે આવશે, નહિ આવનારી નહિ આવે. તું કહે કે, હું લાવું છું અને દાણા પરને આપું છું એ વાત તદ્દન જૂઠી છે. આહાહા..! ઘંટીથી

લોટ થાય છે. તો કહે છે, ઘંટી દાણાને અડતી નથી અને લોટ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :– પોતાના ઉપાદાનને કારણે થાય છે.

ઉત્તર :– એ પદાર્થ સ્વતંત્ર છે. પોતપોતાની પર્યાય પોતાની પર્યાય–અવસ્થા પોતાથી થાય છે. પર શું કરે? અજ્ઞાનીને પર દેખાય છે. આહાહા..! સાકર મોઢામાં પડે તો ગળી લાગે. એ ગળી લાગે છે એ ગળી લાગતી નથી. એ તો ગળી છે એમ જાણે છે. પણ ગળી છે એવી મિથ્યા ભ્રાંતિ (થાય છે). એ ગળી તો જડ છે અને તું તો ચેતન છો. તો શું ચેતન જડને અડે છે? જડ છે એ તો માટી–ધૂળ છે, ધૂળ છે. સાકર તો ધૂળ છે. એ આત્માને અડે છે? સ્પર્શે છે? આહાહા..!

મુમુક્ષુ :– ક્ષુધા શાંત થઈ જાય છે.

ઉત્તર :– શાંત થઈ જાય એવું છે. પરનું કાંઈ કરી શકતો નથી. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ મહાવિદેહમાં બિરાજે છે. 'સીમંધરપ્રભુ' મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે બિરાજે છે. ત્યાંની આ વાણી છે, ત્યાંની આવેલી આ વાણી છે. આહાહા..! ત્રણલોકના નાથ બિરાજે છે. સામાયિકમાં આજ્ઞા માગે છે ને? સામાયિકમાં આજ્ઞા નથી માગતા? ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. સમવસરણમાં ઇન્દ્રો જાય છે, માણસો જાય છે. અત્યારે સિંહ, વાઘ જાય છે. બહુ દૂર, દૂર (છે). એ ભગવાન પાસે મુનિ ગયેલા, આઠ દિવસ રહેલા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે, ભગવાનની વાણી છે. આહાહા..!

અહીં કહે છે કે, શ્વેત જે છે એ ભીંત આદિ પરદ્રવ્યને વ્યવહારે શ્વેત કરે છે. ભીંત.. ભીંતને ખડી ધોળી કરે એ વ્યવહાર છે. વ્યવહાર નામ કથન શૈલી છે. ધોળી તો ધોળામાં છે ખડી, અને ભીંત ભીંતમાં છે. ભીંતને ધોળી કરે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! કેમ કે ખડી પણ પદાર્થ છે, ભીંત પણ પદાર્થ છે. દરેક પદાર્થ પોતાની પરિણતિ, પર્યાયથી પરિણમે છે. પોતાથી પરિણમે છે તે પરને શું કરે? આહાહા..!

સંસારથી તો એકવાર મારી નાખે, મરી જાય ત્યારે જીવતો થાય એવું છે. આહાહા..! અનંતકાળથી ચોરાશી લાખમાં રખડી રખડીને મરી ગયો છે. કાગડાના, કૂતરાના અવતાર કરીને (મરી ગયો). આ ભવ કંઈ પહેલો નથી, આ ભવ પહેલા અનંતા ભવ થઈ ગયા છે. આહાહા..! એ અનંતા શેના (કર્યા)? નરકના, કાગડાના, કૂતરાના, મીંદડાના... આહાહા..! એવા અનંતા અવતાર કર્યા છે અને હજી પણ કરશે. આહાહા..! હજી આ ભ્રમણા રાખશે કે હું આ પરનું કરી દઉં છું અને ખડીથી ભીંત ધોળી થાય છે. ખડીનું અસ્તિત્વ ખડીમાં છે અને ભીંતનું અસ્તિત્વ ભીંતમાં છે. ખડીનું અસ્તિત્વ ભીંતને અડતું નથી. એ ભીંતને ધોળી કરે એ માન્યતા અજ્ઞાન છે. આહાહા..! 'દામોદરભાઈ'! બહુ પણ આકરુ દુનિયાથી. દુનિયાથી ઊંધું છે. આહાહા..! કપડાને રંગ દઈ શકતા નથી. પાઘડીને રંગ લાલ કરી શકાતી નથી, ટોપીને રંગ કરી શકાતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– આહારદાન તો દેવાય ને?

ઉત્તર :– આહારદાન દઈ શકતા નથી. આહાર જડ છે. એ જડનું જવું-આવવું એ જડને કારણે છે. આત્મા અભિમાની માને કે મેં આને આપ્યું. એ જડનો અભિમાની જડ છે. જડનો અભિમાની, ભેંસનો ધણી પાડો છે. એમ આ જડનો ધણી થાય એ જડ છે. આહાહા..! આરે.. આરે..! આવી વાતું. વીતરાગનો આવો ઉપદેશ હશે? આ દયા પાળવી, વ્રત પાળવા એવું અમે સાંભળ્યું છે. ચોવિહાર કરવો, ફલાણું કરવું, ઢીકણું કરવું, અપવાસ કરવો... એ બધી ક્રિયાકાંડ કરી કરીને મરી ગયો. સત્યને સમજ્યા વિના અને સત્યનું સત્ સ્વરૂપ શું છે એ જાણ્યા વિના બધા ક્રિયાકાંડ કરીને મરી ગયો. આહાહા..!

અહીં કહે છે કે, **'આ જગતમાં...'** જગત સિદ્ધ કરે છે. જગત છે. કલઈ એટલે આ ખડી. **'તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.'** એ તો શ્વેતગુણથી પરિપૂર્ણ દ્રવ્ય છે. **'ભીંત આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વેત્ય છે...'** આહાહા..! ખડીથી પાટલો ધોળો કરવો, ભીંત ધોળી કરવી,.. શું કહેવાય તમારા? પટારા, પટારા રંગવા. આહાહા..! ધોળા લાકડા હોય એને રંગ કરે. લગન કરે ત્યારે આપે છે ને? એકાદ પટારો આપે. એનો સ્વતંત્ર. આહાહા..! કોણ આપે? પ્રભુ! એ પટારો જડ છે. એ લાકડાનું અસ્તિત્વ છે. એ અસ્તિત્વ બીજો દઈ શકે અને લઈ શકે એ માન્યતા ભ્રમ અને અજ્ઞાન છે. આહાહા..! એ મિથ્યાદષ્ટિ જીવ છે. એને જૈનદર્શનની ખબર નથી. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ શું કહે છે તે (ખબર નથી). જૈન નામ ધરાવે પણ જૈનની ખબર નથી. આહાહા..!

**'(અર્થાત્ ખડી વડે શ્વેત કરવાયોગ્ય પદાર્થ છે). હવે, શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'** શું કહે છે? એ ખડી ભીંતને ધોળી કરે છે તો એ ખડી ભીંતની છે કે ખડી ખડીની છે? છે? **'(અર્થાત્ ખડી વડે શ્વેત કરવાયોગ્ય પદાર્થ છે). હવે, શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ...'** ધોળી કરવાયોગ્ય જે વંડી કે ભીંત આદિ પરદ્રવ્યની છે? ખડી પરદ્રવ્યની છે? આહાહા..! આખી દુનિયાથી ઊંધું. આખી દુનિયા પાગલ છે. એ કરોડપતિ, લાખોપતિ.. આહાહા..! જોયા ને? કીધું ને? હમણા આફ્રિકામાં ગયા હતા ને? એક ગામમાં ૪૫૦ તો કરોડપતિ છે. એક ગામમાં ૪૫૦ કરોડપતિ અને ૧૫ તો અબજપતિ. હમણા ગયા હતા, ૨૬ દિવસ રહ્યા ને? હમણા ગયા હતા ને? લોકોની માગણી હતી. 'આફ્રિકા' ત્રણ હજાર માઈલ છેટે (છે). ત્રણ હજાર માઈલ છેટે! પણ બધા પૈસા.. પૈસા.. પૈસા.. ઢગલા પૈસાના. એક ભગવાનની પ્રતિમા એક જણાએ સ્થાપી (એના) સાડા પાંચ લાખ (આપ્યા). એક સૌધર્મ ઇન્દ્ર બન્યો. ભગવાનના સોળ ઇન્દ્ર બને છે ને? એક ઇન્દ્ર બન્યો એના સાડા ત્રણ લાખ. એવા સોળ ઇન્દ્ર. પૈસાના તો ઢગલા. એ તો ધૂળ છે. આહાહા..! એને કહ્યું, અમે ૨૬ દિવસ રહ્યા. ૪૫ લાખ રૂપિયા ભેગા થયા. પંદર લાખ પહેલા થયા હતા. કુલ સાંઈઠ લાખ ભેગા કર્યા. હમણા મહિના, દોઢ મહિના

પહેલા (થયા). સાંઈઠ લાખ. કીધું, સાંઈઠ લાખ શું સાંઈઠ કરોડ કરો તો પણ જડ છે. એનાથી તમને કાંઈક કારણ થાય, તમે આપ્યા માટે તમને ધર્મ થાય એ વાતમાં માલ કાંઈ નથી.

મુમુક્ષુ :– એને અડતા જ નથી ને પૈસા પૈસા ને કારણે રહ્યા છે.

ઉત્તર :– માને શી રીતે? અમે આપ્યા છે ને? ભગવાનની એક પ્રતિમા પધરાવી એમાં સાડા પાંચ લાખ 'લક્ષ્મીચંદભાઈ' એ આપ્યા. સાડા પાંચ લાખ. એક મુખ્ય પ્રતિમા પધરાવી. એવા તો ઘણા પૈસાવાળા ત્યાં છે. આ તો લોકોને બહુ પ્રેમ હતો એટલે ગયા હતા. નહિતર તો ક્યાં આફ્રિકા અને ક્યાં... ? એ લોકોને પ્રેમ, ઘણો પ્રેમ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– સાંભળવાનો પ્રેમ બહુ. બિચારા સાંભળતા. બાઈયું તો અઢી-ત્રણ હજાર. ઢગલાબંધ બાઈયું તો સમાય નહિ, એટલી આવે. સાંભળે.. સાંભળે... શાંતિથી સાંભળે. બાપુ! તમે બોલાવ્યા છે એટલે આવ્યા છીએ, પણ સાંભળવા જેવું આ છે. આહાહા..!

અહીં કહે છે કે, જે શ્વેત કરનારી ખડી એ શ્વેત કરાવાયોગ્ય ભીંત આદિ પરદ્રવ્યનીછે કે નહિ? એ ખડી ભીંતની છે કે ખડી ખડીની છે? એ ખડી ભીંતની હોય તો ખડી ધોવાય ત્યારે ભીંત પણ પડી જાય. જો ખડી ભીંતની હોય તો ખડી ધોવાય જાય ત્યારે ભીંત પણ પડી જાય. ખડી ભીંતની નથી. ભીંત ધોળી થઈ નથી. ધોળી ખડી છે. આહાહા..! આવું માનવું...? દુનિયાથી વિરુદ્ધ. આખો દિ' બિચારા પાપ કરતા હોય એમાં આ વાત બીજી. આહાહા..! ભીંત આદિ પરદ્રવ્યની છે કે નથી?

**'એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ...'** ખડી અને ભીંતનો તાત્ત્વિક સંબંધ **'અહીં વિચારવામાં આવે છે :– જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય...'** જો એ ખડી ભીંતની હોય તો શું થાય **'તે પ્રથમ વિચારીએ :– જેનું જે હોય તે તે જ હોય,...'** જેનું જે હોય તે તે જ હોય. જો ભીંતની ખડી હોય તો ભીતમાં ખડી રહેવી જોઈએ. આહાહા..! **'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે...'** આહાહા..! ભગવાન આત્મા અંદર જ્ઞાનસ્વરૂપ છે. એ આત્મા તો જ્ઞાનને જાણનારો છે. આત્મા જ્ઞાન સિવાય બીજું કાંઈ કરનાર નથી. આહાહા..! જુઓ! કહ્યું ને?

**'આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (–જુદું દ્રવ્ય નથી)...'** જ્ઞાન ભિન્ન છે અને આત્મા ભિન્ન છે એમ નથી. જ્ઞાન તો એનો સ્વભાવ છે. સ્વભાવ અને સ્વભાવવાન જુદા હોતા નથી. આહાહા..! **'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (-જુદું દ્રવ્ય નથી), આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી,...'** જે જેનું હોય તે તાત્ત્વિક સંબંધ જીવંત છે. જે જેનું છે તે પરનું છે નહિ, એવો તાત્ત્વિક સંબંધ જીવતો છે, તેને અજ્ઞાની માનતો નથી. આહાહા..! ખડી ખડીમાં છે, એ તાત્ત્વિક સંબંધ છે. ભીંતમાં નથી. આહાહા..!

મુમુક્ષુ :– આ તો ઘરનો દાખલો આપ્યો.

ઉત્તર :– આ તો ઘરનો દાખલો (છે). ઘરમાં એને થાય એ ઘરમાં કરે ને? આ કર્યું, મેં આ કર્યું, ફલાણું કર્યું... આ શીશપેનને અણી કાઢી, કલમ.. કલમ.. કલમ છરીથી કરી. બધી મિથ્યા ભ્રાંતિ. એ જડની પર્યાય જડથી થાય છે અને એ માને છે કે મારાથી થાય છે. આહાહા..! જો તારાથી થાતી હોય તો તું જ્ઞાન છો કે તું એ કલમ છો? જો તું કલમનો કર્તા હોય તો તું કલમમય થઈ ગયો. કલમમાં પેસી ગયો. ભિન્ન તો રહ્યો નહિ. આહાહા..! એ કહ્યું.

**'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે (-જુદું દ્રવ્ય નથી), આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ વિદ્યમાન) હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય...'** જો એ ખડી ભીંતની હોય તો ભીંતથી જુદી હોય જ નહિ. આ ખડી તો જુદી છે, ભીંત જુદી છે. ખડીની ભીંત નથી, ભીંતની ખડી નથી. આહાહા...!

મુમુક્ષુ :– ભીંત વગર કેવી રીતે ફેલાય?

ઉત્તર :– ફેલાય છે પોતાને કારણે ફેલાણી છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૦૯ ગાથા–૩૫૬ થી ૩૬૫ શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૧, તા. ૧૩-૦૬-૧૯૮૦**

---

દૃષ્ટાંત પછી દાર્ષ્ટાંત લઈએ. દૃષ્ટાઁત આવી ગયું ને? દાર્ષ્ટાઁત–**'આ જગતમાં ચેતયિતા...'** છે? ખડીનું દૃષ્ટાંત પૂરું થયું પછી. **'આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે તે જ્ઞાનગુણથી ભરેલા, જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.'** આહાહા..! બીજા દ્રવ્યનો કર્તા તો નથી, કેમકે પરને ને એને કાંઈ સંબંધ નથી. પણ આટલો જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ છે. પરને જાણે એ પણ વ્યવહાર છે. આહાહા..! **'વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.'** ભગવાન અરિહંત કે પંચ પરમેષ્ઠી એ આ જ્ઞાયકનું વ્યવહારે જ્ઞેય છે. છે?

**'હવે 'જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'** વ્યવહારે જેને જાણે છે એનો એ છે કે નહિ? આહાહા..! આટલું સ્પષ્ટ! કરવાનું તો નહિ, એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને અડે નહિ, કરે નહિ પણ એક દ્રવ્ય જ્ઞાયક, જ્ઞેયને જાણે એ પણ વ્યવહાર છે. આહાહા..! કેમકે જ્ઞેયમાં જ્ઞાનનો પ્રવેશ નથી તેમ જ્ઞાન જ્ઞેયરૂપે પરિણમતું નથી. આહાહા..!

આવી રીતે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનું જ્ઞેય છે. **'હવે જ્ઞાયક પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે**

**કે નથી?'** આહાહા..! જાણનારો, જણાય છે તેનો છે કે નથી? જાણનારો જ્ઞાયક આત્મા જે જ્ઞેય વ્યવહારે જાણે છે એનો એ જાણનારો છે કે નથી? આહાહા..! **'એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :–'** ખરેખર બે વચ્ચે, જણાનાર જ્ઞેય અને જાણનાર જ્ઞાયક એ બેનો તાત્ત્વિક વિચાર કરવામાં આવે છે. આહાહા..!

**'જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય...'** જાણનારો જેને જાણે છે તેનો હોય **'તો શું થાય તે પ્રથમ વિચારીએ :'** આ મહા સિદ્ધાંત છે. **'જેનું જે હોય તે તે જ હોય,...'** જેનું જે હોય તે તેનું જ હોય એમ નથી કીધું, તેનું એ ભેદ પડ્યો. આહાહા..! **'જેનું જે હોય તે તે જ હોય...'** જો પરનો આત્મા હોય તો તે પરરૂપે જ હોય. પરને જાણતા પરરૂપે હોય તો પરરૂપે જ એ હોય, તેનું તે જ હોય, જુદી ચીજ રહી શકે નહિ. આહાહા..! જેનું જે હોય તે તેનું એમ ન કહેતા તે તે જ હોય, બસ! છે? **'જેનું જે હોય તે તે જ હોય,...'**

**'જેમ આત્માનું જ્ઞાન હોવાથી, આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;...'** જ્ઞાન તે આત્મા જ છે. જેનું જે હોય તે તે જ છે. તે તેનું જ છે એમ નહિ પણ તે તે જ છે. આહાહા..! જેનું જે હોય તે તે જ છે. આહાહા..! જો પરને જાણતા તેનું હોય તો તે પરરૂપે થઈ જાય. પરરૂપે તો (થતું નથી). આવે છે. **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);...'** જો પરને જાણતા પરરૂપે થઈ જાય તો જાણનારો જુદો રહી શકે નહિ. આહાહા..! બહુ ઝીણું. પર સાથે કર્તા-કર્મ સંબંધ તો નહિ, પરની પર્યાય કાર્ય ને આત્મા કર્તા (એમ છે નહિ). કારણ કે, પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય નથી કોઈ સમયે. તેથી તે પર્યાયને પર પર્યાય કરે એ તો બને જ નહિ. તો અહીંયાં પરને જાણે છે એટલો સંબંધ છે તો એ પરને જાણતા પરરૂપે થાય છે? પરને જાણતા પરરૂપે થાય છે કે પોતારૂપે રહે છે? આહાહા..!

કહે છે કે, **'જેનું જે હોય તે તે જ હોય...'** તેનું નહિ કહેતા તે તે જ હોય. આહાહા..! **'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે.'** આહાહા..! **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** આવો તાત્ત્વિક સંબંધ હયાતી ધરાવતો હોવાથી. આહાહા..! એક તત્ત્વ બીજા તત્ત્વને જાણતા તે રૂપે ન થાય એવો તાત્ત્વિક સંબંધ જીવતી જ્યોત છે. આહાહા..! હવે આખો દિ' આ કરવું... કરવું... કરવું... હું કરું, હું કરું. એ કરવાની વાત તો ક્યાંય મુકી દીધી. ફક્ત એ જાણવા યોગ્ય ને આ જાણનાર, તો જાણવાયોગ્યનો એ જાણનાર છે? જો એનો હોય તો જેનો જે હોય તે તે જ હોય, તો તો એ રૂપે હોય. તો જ્ઞાયકરૂપે તો રહે નહિ. આહાહા..!

**'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય...'** જાણનારો જણાવા યોગ્ય પુદ્‌ગલ આદિનો હોય, જાણનારો ભગવાન આ પુસ્તકનો ને આંગળીનો ને

શરીરને જાણે છે તેથી એનો હોય, એનો હોય તો તે જ હોય આહાહા..! **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ;)...'** આહાહા..!

**'એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** જો જાણનાર જણાય છે તેનો થાય તો જાણનારનો નાશ થાય. જાણનાર જણાવા યોગ્ય ચીજમાં ચાલ્યો જાય, એને સ્પર્શી જાય ને એમાં પ્રવેશ કરે. આહાહા..! જાણવા યોગ્ય ચીજમાં પણ જાણનારો પ્રવેશ ન કરે. કર્તા-કર્મની તો વાત જ શી કરવી? આહાહા..! એ જાણનારો જેને જાણે છે તેને તે જ કાળે જાણે છે. તેથી તે જ્ઞેયનો થઈ જાય, એને જાણે છે માટે એનો થઈ જાય એમ છે નહિ. આહાહા..! **'(અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** જાણનારો જાણનાર જુદો રહીને જણાવા યોગ્યને વ્યવહારથી જાણે નહિ અને વ્યવહારથી જાણતા તે રૂપે થઈ જાય તો ચેતયિતા જાણનારનો ઉચ્છેદ થઈ જાય, જાણનારનો નાશ થઈ જાય. આહાહા..!

**'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...'** વસ્તુ છે તેનો નાશ તો થતો નથી. જે છે, છે તે નથી એમ કોઈ દિ' થતું નથી. જે છે દ્રવ્ય, ગુણ ને પર્યાય, એ છે તેનો કોઈ રીતે તેનો નાશ થતો નથી. આહાહા..! આ પુસ્તકને આત્મા જાણે છે એ વ્યવહાર છે. એ જ્ઞેયને જાણતા આત્મા કાંઈ એના રૂપે થયો નથી. એ તો પોતામાં રહીને આ જ્ઞેયને જાણે છે. પોતાના જાણવાની હયાતીમાં રહીને આને (જ્ઞેયને) જાણે છે. એ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! વીતરાગ માર્ગ સૂક્ષ્મ ઘણો.

**'ચેતયિતા...'** આહાહા..! જેનું જે હોય તે તે જ હોય, જેનું જે હોય તે તે જ હોય. એમ જાણનાર જણાવા યોગ્યનો હોય તો તે તે જ હોય. આહાહા..! સમજાય છે કાંઈ? જાણનારો, જણાય છે એનો જો હોય તો તે તે જ હોય. પોતારૂપે રહી શકે નહિ અને તે જ રૂપે થઈ જાય. આહાહા..! **'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી. કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથા. ૧૦૩ ગાથામાં એક દ્રવ્યના ગુણ-પર્યાય બીજા દ્રવ્યમાં સંક્રમતો નથી, એક વસ્તુની પર્યાય બીજી ચીજની પર્યાયમાં પ્રવેશ કરતી નથી, સંક્રમતી નથી, બીજી પર્યાય થઈને તે પર્યાય બદલાતી નથી. આહા..! સ્વદ્રવ્યની પર્યાયનો પરદ્રવ્યની પર્યાયમાં સંક્રમણ-બદલો થાય કે આ પર્યાય એની થાય એવું ત્રણકાળમાં બનતું નથી. આહાહા..!

**'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથા, ૧૦૩ ગાથા. **'जो जम्हि गुणे'** જે જેનામાં ગુણ (છે). **'दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे'** તે દ્રવ્યના ગુણ બીજા દ્રવ્યમાં એ

સંક્રમે નહિ. **'सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं'** એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યમાં સંક્રમતી, પલટતી, બદલતી થતી નથી તો પછી પરને શી રીતે કરે ઇ? આહાહા..! અહીં તો હજી આખો દિ' આ મેં કર્યું, દયા ધર્મ એ પરની દયા પાળવી એ ધર્મ, ભગવાનની ભક્તિ કરવી એ ધર્મ અહીં અટક્યા. એ તો બહુ સ્થૂળ બુદ્ધિ મિથ્યાત્વ (છે). ભગવાનની ભક્તિ, જાત્રા, સમ્મેદશિખરની જાત્રા કરે તો અડતાલીસ ભલે મોક્ષ જાય. એક સાધુ આવ્યો હતો એણે લખ્યું છે. 'મહાવીરકીર્તિ'. કીધું એ વાત ખોટી. એક દ્રવ્યને બીજા દ્રવ્યના આશ્રયે ભવનો અભાવ થાય એ વાત ત્રણકાળમાં સાચી નથી, કીધું. 'મહાવીરકીર્તિ' હતા ને? અહીંયાં આવ્યા હતા. 'સમ્મેદશિખર' નું માહાત્મ્ય. શ્વેતાંબરમાં 'શેત્રુંજય' નું માહાત્મ્ય છે. આ 'સમ્મેદશિખર' ની ચોપડી હશે એની પાસે. એના દર્શન કરે તો અડતાલીસ ભવે મોક્ષ જાય. કીધું, એ શાસ્ત્ર નહિ, એ સિદ્ધાંત નહિ. કીધું, એ વાણી વીતરાગની નહિ. પછી મૌન થઈ ગયા. બીજા દ્રવ્યને આશ્રયે ભવનો અભાવ થાય એ વાણી વીતરાગની નહિ.

વીતરાગની વાણી તો (એમ કહે છે કે) સ્વદ્રવ્યને આશ્રયે ભવનો અભાવ થાય. પરદ્રવ્યને આશ્રયે તો ભવ, ભવ ઉત્પન્ન થાય. પરદ્રવ્યને આશ્રયે તો ભવ, રાગ ઉત્પન્ન (થાય) ને ભવ ઉત્પન્ન થાય. આહાહા..! ચાહે તો સાક્ષાત્ પંચપરમેષ્ઠી (હોય) એના દર્શને તો રાગ ને સંસાર થાય. આહાહા..!

એ અહીં કહે છે, કે ૧૦૩ માં એમ કહ્યું કે, તે બદલી શકતો નથી. બદલે તો પરમાં તન્મય થઈ જાય. તન્મય થાય તો સ્વનો નાશ થઈ જાય. એક દ્રવ્યની પર્યાય પરમાં જાય તો પોતાની પર્યાયનો નાશ થઈ જાય એટલે પર્યાય વિનાનું દ્રવ્ય પણ નાશ થઈ જાય અને પરમાં પ્રવેશ થતાં પરમાં ચાલ્યો જાય. એ પોતે સ્વતંત્ર રહે નહિ. આહાહા..!

પોતાની પર્યાય સિવાય આત્મા પરની પર્યાય ત્રણકાળમાં, ત્રણકાળમાં (કરે નહિ). ત્રણકાળની જેટલી પર્યાયો છે તેનો કર્તા આત્મા નથી. આહાહા..! કેમકે એ પર્યાય સંક્રમ્યા વિના, પરમાં ગયા વિના, પરમાં અડ્યા ને પ્રવેશ વિના કેમ કરી શકે? પરમાં પ્રવેશ થવાનો તો નિષેધ છે. કોઈની કોઈ પર્યાય પરમાં પ્રવેશ થાય એનો તો અભાવ છે. માટે તે પર્યાય જેની છે તે તે જ છે. જે પર્યાય જેની છે તે તે જ છે. એ પરપર્યાયનો જો કર્તા થાય તો પર પોતે થઈ જાય. પર પોતે થઈ જાય અને પોતે પોતાનું રહે નહિ. આહાહા..! આવું ઝીણું. અહીં આખો દિ' દયા પાળો ને વ્રત પાળો ને બીજાની રક્ષા કરો ને. આહા..! આવી વાત (કરે).

અહીં તો એ કહે છે, કે **'એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી.'** આત્મા પરને જાણવા છતાં પરપણે થઈને જાણે છે એમ નથી. પરનો થઈને પરને જાણે છે એમ નથી. પોતાનો થઈને પોતાનો રહીને પરને જાણે એ પણ વ્યવહાર. આહાહા..! આવી વાત હવે. અહીં

તો હજી પરદ્રવ્યનું કર્તાપણું ન માને તો હજી પરસેવા ઉતરે છે. કર્તા ન હોય તો આ કોણ કરે? આ કરે છે ને આખો દિ'? આહાહા..! ભાઈ! તારી દૃષ્ટિ સંયોગ ઉપર છે.

પાણી ઊનું અગ્નિ જોડે થઈને જોયું તો ઇ તેં અગ્નિને જોઈ. એથી પાણી ઊનું તને લાગ્યું. પાણીને તું જો તો પાણી પોતે (પર્યાય) ઠંડી ને ઉષ્ણ થઈ છે. એ તો પાણી પોતે પોતાને કારણે ઊનું થયું. તું સંયોગથી જો તો એનાથી (અગ્નિથી) થયું એમ તને લાગે છે. એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પાણી ને અગ્નિ અડતા નથી અને પાણી ઊનું થાય. એ તું સંયોગથી જો તો એનાથી થયું એમ લાગે પણ એના સ્વભાવથી જો તો એનો સ્પર્શ ગુણ એ રીતે તે કાળે પરિણમ્યો છે. આહાહા..! આકરું કામ ખરું. પાણી અગ્નિથી ઊનું ન થાય. આહાહા..!

એક ખીલી પરમાં ગરે નહિ, લાકડામાં એક ખીલી ગરે નહિ. લાકડું પર છે, ખીલી પર છે. જો એમાં પ્રવેશ કરી જાય તો પોતાની પર્યાયનું અસ્તિત્વ રહે નહિ, પર્યાયનું અસ્તિત્વ રહે નહિ ને પોતાનો નાશ થઈ જાય. આહાહા..! આ તો સિદ્ધાંતો છે, દૃષ્ટાંતોનો તો પાર ન મળે. આહાહા..! પગને હલાવી શકે છે એમ જો કહો તો આત્માના પર્યાયનો પ્રવેશ પગમાં થયો અને પગમાં પ્રવેશ થયો તો સંક્રમણ જીવનું થઈ ગયું, તો જીવનો પોતાનો અભાવ થઈ ગયો. આહાહા..! આવી વાત છે.

અને સિદ્ધાંત તો એ મુક્યો **'જેનું જે હોય...'** જેનું જે હોય **'તે તે જ છે...'** તે તેનું છે એમ પણ નહિ. **'જેનું જે હોય તે તે જ છે...'** આહાહા..! આત્માનું જ્ઞાન છે તો તે આત્મા જ છે. એમ દરેક દ્રવ્યની પર્યાય છે એ દ્રવ્યની તે દ્રવ્ય જ છે. દરેક દ્રવ્યની પર્યાય છે, જે છે તે તે જ છે. ભાષા એમ છે ને? જે છે તે તે જ છે. આવી ગયું, પહેલાં આવી ગયું માથે. **'જેનું જે હોય તે તે જ હોય...'** આહાહા..! મહા સિદ્ધાંત છે. **'જેનું જે હોય તે તે જ હોય...'** તે જ એટલે તે જ તે જ હોય, એમ. તે જ વસ્તુ હોય. આહાહા..!

હવે આમાં હોંશિયાર માણસ બધું આખો દિ' રંગનું કામ નહિ કરતાં હોય? 'યોગેશ' બેસીને કરતો હશે ને બધું? આહાહા..! દુકાને બેસવું અને કરવું નહિ કાંઈ એમ માનવું. આહાહા..! અને કરે જો એમ માનવું તો પોતાનું દ્રવ્ય ત્યાં ચાલ્યું ગયું, એનામાં બદલી ગયું. કારણ કે એની અવસ્થા આના પ્રવેશ વિના પલટે નહિ. આહાહા..! ગજબ વાત છે.

અક્ષર લખવામાં અક્ષરની પર્યાયમાં આંગળીની પર્યાયનો અભાવ છે. આંગળીની પર્યાય જો એને લઈને એમાં જાય તો આંગળીનો અભાવ થાય. કલમને લઈને અક્ષર લખાય તો કલમની અવસ્થા ત્યાં જતાં કલમનો અભાવ થાય. આહાહા..! ગજબ વાત છે. એમ આત્મા અક્ષરને લખે તો અક્ષરની પર્યાયરૂપે તે થયો. તેથી પોતાની હયાતી ગુમાવી દીધી. આહાહા..!

**'જેનું જે હોય...'** ગજબ વાત છે. એ સિદ્ધાંત, ભાષા. જેનું જે, **'જેનું જે હોય તે તે જ હોય...'** તે તે જ હોય. આહાહા..! જેનું જે હોય તે તેનું જ હોય એમ પણ નહિ. આહાહા..!

સિદ્ધાંત (છે). જેનું જે, પર્યાય જે દ્રવ્યની છે તેનું તે દ્રવ્ય છે. એ પર્યાય જેની છે તે એના દ્રવ્યની છે એટલે એના દ્રવ્યની. બીજા દ્રવ્યની પર્યાય ત્યાં આવી નથી ને એને અડતી નથી. આહાહા..! અજાણ્યા માણસને બીજાને એવું લાગે કે, આવું જૈનદર્શન કેવું?

મુમુક્ષુ :– ઘડિયાળનો ધંધો કરનાર તો આખા દિ' ઘડિયાળનું જ કાર્ય કરે ને.

ઉત્તર :– કાંઈ કરતો નથી ઘડિયાળી. ઘડિયાળી કોણ છે અહીં? આહાહા..! ઘડિયાળ જડ પરમાણુ (છે). એની પર્યાયમાં જીવની પર્યાયનો પ્રવેશ નથી, જીવની પર્યાયનું ત્યાં અડવું નથી. જો એને અડે તો એકબીજામાં અભાવ છે તે ભાવ થઈ જાય. એકબીજામાં અન્યોન્ય અભાવ છે તે ભાવ થઈ જાય. ભાવ થતાં પોતાનો ભાવ જુદો ન રહે ને એનો ભાવ થઈ જાય. આહાહા..! ગજબ વાત છે. છેલ્લી ગાથાઓ અલૌકિક છે!

કારીગર કારીગરની ક્રિયા કંઈ કરતો નથી. પહેલું આવ્યું છે ઇ. આહાહા..! શિલ્પી. આહાહા..! કારીગર ગમે તે હો, એ કારીગર પરની પર્યાય કરતો નથી. પરની પર્યાય કરે તો પોતાની પર્યાયનો ત્યાં પ્રવેશ થાય. પોતે પર્યાય વિનાનો થતાં પોતાનું દ્રવ્ય જ નાશ થઈ જાય. આહાહા..! આવું સ્વરૂપ છે. અજાણ્યાને તો ગાંડા જેવું લાગે, પાગલ જેવું. આહા!

વસ્તુ બાપુ! વસ્તુ અનંત છે અને અનંત વસ્તુ ભગવાને કહેલી, જોયેલી છે. એ અનંતમાં એક ચીજની પર્યાય બીજી પર્યાયને કરે તો તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય, નાશ થઈ જાય, એની પર્યાય બીજો કરે તો બીજાનો નાશ થઈ જાય. આહાહા..! એક પર્યાય બીજાનું કરે તો પોતાની પર્યાયનો નાશ થઈ જાય ને બીજાની પર્યાયનું નાશ થઈ જાય. કારણ કે એની પર્યાય એણે ન કરી. આહાહા..! અનંત દ્રવ્યનો નાશ થઈ જાય. આહાહા..! અનંત દ્રવ્યની હયાતી વસ્તુ વસ્તુપણે છે, દ્રવ્ય, ગુણ, પર્યાયપણે છે એ ત્રિકાળ તે રીતે છે. કોઈ સમયે પણ એમાં ફેરફાર છે નહિ. આહાહા..! જે વસ્તુ જેની છે તેની તે વસ્તુ ત્રિકાળ છે. આહાહા..! આ સજૈયો (હથિયાર) જે આ હજામ આને અડાડે. એને અડાડતા નથી, કહે છે. આહાહા..! જો એની પર્યાય આને અડી જાય તો ભાવ થઈ જાય. એને એકબીજાનો અભાવ છે. એક દ્રવ્યને બીજા દ્રવ્યનો અત્યંત અભાવ છે. એમાં જો એને અડે તો એકબીજાનો ભાવ થઈ જાય. આનો ભાવ એનો થઈ જાય. આહાહા..! ગજબ વાત છે. ધર્મ એવો બાપુ ઝીણો છે. જેનાથી જન્મ-મરણનો અંત આવી જાય એ વાત કેવી હોય? જેનાથી ભવ ન રહે. આ ભવ રખડી રખડીને મરી ગયો છે. ચોરાશીના અવતારમાં ઊંધી દૃષ્ટિ ને ઊંધા તર્ક ને ઊંધા જ્ઞાન એને લઈને મરી ગયો ચોરાશીના અવતારમાં. આહાહા..! એને સવળું કરવું પડશે.

દરેક દ્રવ્ય અનંત ભાવ હોવા છતાં એક પોતે ચેતયિતા એક (છે) અને અનંતને જોતા થકા તે અનંતરૂપે થઈને જોતો નથી. આહાહા..! એ પોતાના જ્ઞાનરૂપે થઈને અનંતને જોવે છે એ વ્યવહાર છે. આહાહા..! આવી વાતું હવે. પછી લોકો મશ્કરી કરે. એક છોકરો

આમ મારતો હતો પછી કહે, ઇ મેં ક્યાં માર્યું? એ તો હાથે કર્યું. આવી પાછી મશ્કરી કરે. આહાહા..! પ્રભુ! તારી વાત પણ ઝીણી, ભાઈ!

એક દ્રવ્ય ને બીજો દ્રવ્ય, એક સમયની પર્યાય એ વસ્તુ જ પોતે દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત ત્રિકાળ એમ ને એમ છે. ત્રિકાળ. કોઈ સમયમાં પર્યાય વિનાનું દ્રવ્ય નથી અને ગુણ દ્રવ્ય વિનાનું તો હોય જ નહિ. આહાહા..! ત્યારે જ્યારે પર્યાય ને ગુણ દ્રવ્ય વિનાનું નથી તો એ બીજાની પર્યાય કરે અથવા બીજો એની પર્યાય કરવા આવે (એમ નથી). છે એને કરવાનું આવે? આહાહા..!

મુમુક્ષુ :- એક ગુણ બીજા ગુણનું ન કરે તો પરનું શું કરે?

ઉત્તર :- ગુણ તો કરે જ ક્યાં? ગુણ તો ધ્રુવ છે. આ તો પર્યાયની વાત છે. દ્રવ્ય ને ગુણ તો ધ્રુવ છે. આ તો પલટતી અવસ્થા, સંક્રમણ થતી અવસ્થા, બદલતી અવસ્થા બદલવાનું જ્યારે કરે છે તો પછી બીજાને બદલાવે એમાં શું વાંધો? માણસ નથી કહેતા? એક ગાયને ચારવા લઈ જાય તો ભેગી પાંચને લઈ જાય. એમ તારું પરિણમન કરે છે કે નહિ તું? કે પરિણમન કર્યા વિનાનો રહે છે તું? બદલ્યા વિનાનો રહે છે તું? તો બદલે છો તો બીજાને પણ બદલાવ ભેગો. આહાહા..! એ તદ્દન નાસ્તિક થાશે. એક પર્યાયને બદલનારો બીજાની (પર્યાય) બદલાવે તો પોતે પર્યાય વિનાનો થશે અને સામાની પણ પર્યાય આણે કરી એ પર્યાય વિનાનો નથી, નાસ્તિક થશે. આહાહા..!

મુમુક્ષુ :- આવો માર્ગ વીતરાગનો છે.

ઉત્તર :- આવો વીતરાગનો માર્ગ છે. કેવળી તીર્થંકર અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓએ આમ કહ્યું છે, ભાઈ! તું એકપક્ષી છે એમ ન માન, કે 'સોનગઢ'વાળાએ આ કાઢ્યું. એમ ન માન. એ અનંતા તીર્થંકરોનો આજ અવાજ છે. આહાહા..!

આ આંગળી રોટલીને અડતી નથી, એમ કહે છે. પ્રભુ... પ્રભુ... પ્રભુ...! જો રોટલીને અડે તો રોટલી અને આત્મા બે વચ્ચે, આંગળી વચ્ચે અત્યંત અભાવ છે. અડે તો ભાવ થઈ જાય છે. ભાવ કોઈ દિ' હોઈ શકે નહિ. આહાહા..! આવી વાત છે. સમજવા માટે ધીરજ જોઈએ. આ કોઈ વિદ્વતાની વસ્તુ નથી. બહુ ટૂંકી પણ અંતર દૃષ્ટિનો વિષય છે. બહુ ટૂંકો. કોઈ વિદ્વતા ને મોટા ભણતર આવડે ને લાખો માણસને રીઝવે, માટે એ કાંઈ સમજ્યો છે એમ નથી. આહાહા..! બહુ સરસ.

દાખલો ૧૦૩ ગાથાનો આપ્યો. ૧૦૩ ગાથામાં તો કહ્યું કે, કોઈ દ્રવ્યની પર્યાય બીજામાં સંક્રમતી નથી. સંક્રમતી નથી તો કરે શી રીતે? આહાહા..! દાઢમાં રોટલીનો કટકો દાઢ કરતી નથી. દાઢની પર્યાય જો એને કરવા જાય તો પોતાની પર્યાય રહેતી નથી અને રોટલીની પર્યાય ઇ દાઢ કરવા જાય તો રોટલીની પર્યાય નથી એમ થઈ જાય. એ પર્યાય વિનાનું દ્રવ્ય તો નાશ થઈ જાય. આહાહા..! આવી વાતું છે.

આ તો પરમ સત્ય છે, બાપુ! પરમ સત્ય. ઓહો..! ત્રણલોકના નાથ કેવળજ્ઞાની પરમાત્માએ... આહાહા..! પ્રત્યક્ષ જોયું એવું વાણીએ આવ્યું. નહિતર વાણી ને આત્મા બે તદ્દન જુદા. આહાહા..! વાણીને આત્મા કરી શકે નહિ, કેવળીનો આત્મા પણ વાણીને કરી શકે નહિ. આહાહા..! છતાં એ વાણીમાં આ આવ્યું. આહાહા..! કે, અમારી જે આ વાણીની પર્યાય છે એ અમારી જ્ઞાનપર્યાય છે માટે આ વાણી પર્યાય છે એમ નથી. જો એમ હોય તો જેનું જે હોય તે તે જ હોય. જો એ આત્માનું હોય તો તે આત્મા જ હોય. એ વાણી તો જડ છે. આહાહા..! 'બ્રહ્મચારીજી'! આવી વાતું છે. આહાહા..! વીતરાગ માર્ગ છે, ભાઈ! વીતરાગ લુખ્ખો માર્ગ છે. એમાં રાગ અને મિથ્યાત્વનો રસ નથી. રાગ અને મિથ્યાત્વનો રસ વીતરાગ માર્ગમાં નથી. આહાહા..! અરાગી અને સમ્યગ્દર્શનનો રસ એ જૈનદર્શનમાં છે. આહાહા..! રાગ વિનાનો રસ અને મિથ્યાત્વ વિનાનો સમકિતનો રસ એ વીતરાગ માર્ગમાં છે, એ બીજે ક્યાંય છે નહિ. આહાહા..!

**'જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે.'** એ જાણનારનો જાણનાર છે. આહાહા..! જ્ઞાન સ્વરૂપી આત્મા એ આત્માનો છે. આહાહા..! પરને જાણવા કાળે પણ પોતે પોતાપણે રહીને પરને અડ્યા વિના પરને જાણવાના કાળમાં પોતાને પોતે જાણે છે, પરને જાણતો નથી. આહાહા..! પોતાની જ પર્યાયનો તે કાળે તે પ્રકારનો સ્વ-પરપ્રકાશક જાણવાની તાકાતથી તે પર્યાય જણાય છે. એ પર્યાય જણાય છે. જણાય છે એ ચીજ નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! આ બધા ગડબડ ક્યાં સાંભળ્યા હતા તમે ન્યાં તમારા ઢુંઢિયામાં? વાત પણ નથી ક્યાંય, શ્વેતાંબરમાં એ વાત જ નથી. આ તો સનાતન સત્ય વીતરાગ ત્રણલોકનો નાથ... આહાહા..! એની વાણી સંતો કહી રહ્યા છે. આહાહા..! કેવળીના વિરહે સંતો કેવળીનો વિરહ ટાળી દે છે. આહાહા..!

ચેતયિતા–જાણનારો જણાય છે એનો ન હોય તો જાણનારો છે કોનો? કે, જાણનારો જે છે તે તે જ છે, પોતે જ છે. એ પરને લઈને પરને જાણે છે એમ પણ નથી. આહાહા..! પરને જાણે છે એમ પણ નથી, પરને જાણવા માટે પર્યાય પરમાં જાય છે એમ પણ નથી. આહાહા..! એ તો પોતાનો પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક પોતાની પર્યાયથી જ વસ્તુ છે. એ પર્યાયથી જ એ વસ્તુ છે. જો એ પર્યાય નથી તો વસ્તુ જ નથી. કેમકે કાર્ય પર્યાયમાં થાય છે અને એ કાર્ય જ્યારે પરથી થાય અથવા પરને કરવા જાય તો પોતાનું કાંઈ રહેતું નથી. અને પરનું કાર્ય કરવા જાય તો એનું કાર્ય રહેતું નથી. આહાહા..! આવું છે.

સિદ્ધાંત તો આ મુક્યો બહુ. જેનું જે છે તે તે જ છે. આહાહા..! **'જેનું જે હોય તે તે જ હોય...'** આહાહા..! ગજબ સિદ્ધાંત છે. **'જેનું જે હોય તે તે જ હોય...'** તે જ હોય એ બીજું નહિ. પરને જાણવા કાળે જ્ઞાન જ્ઞાનનું છે માટે જ્ઞાન જ્ઞાનનું છે તે આત્માનું છે, એનું (પરનું) નહિ. આહાહા..! પરના કરવાપણે તો નહિ, આત્મા હાથ હલાવે ને પગ હલાવે

કે મોઢે બોલે કે, એ તો છે નહિ ત્રણકાળમાં, પણ એને જાણે છે એ ટાણે (સમયે) પણ પોતે પોતાના જાણવાના અસ્તિત્વમાં રહીને, પરમાં પ્રવેશ કર્યા વિના પર અને સ્વ વચ્ચે અત્યંત અભાવ રાખીને, અત્યંત અભાવ રાખીને પોતાની સ્વ-પરપ્રકાશક પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે માટે તે આત્મા છે. આહાહા..! ગજબ વાત છે. જૈનધર્મ સાંભળ્યો ન હોય એવા અજાણ્યા આવે એને તો એવું લાગે કે, આ શું? આ બકે છે શું? કઈ જાતનું? વાત સાચી, પ્રભુ! તને મળ્યું નથી, પ્રભુ! આહાહા..!

તું કોણ છો? કેમ છો? કઈ રીતે તું છો? આહાહા..! કોણ છો? કે, આત્મા. શું છે? કે હું તો જ્ઞાન. કઈ રીતે તું છો? કે, એ જાણવાની પર્યાય રીતે હું છું. આહાહા..! પરને જાણવા કારણે નહિ ને પરને કરવા કારણે નહિ. આહાહા..! થોડું પણ સત્ય હોવું જોઈએ. મોટી લાંબી લાંબી વાતું કરે ને આમ કરો ને તેમ કરો ને મોટા ગજરથ ચલાવો, રથ કરાવો, બ્રહ્મચર્ય લીધું હોય ત્યાં રથ કાઢો, રથ. બ્રહ્મચારીનો રથ. અરે.. ભગવાન!

અહીં તો ત્રણલોકનો નાથ ચેતયિતા પોતાની હદે દરેક સમયે પરને કરે તો નહિ પણ એ અનંતને જાણે અને એવું જે અનંત જ્ઞાન અહીં થાય તે જાણવાનું પરને લઈને નહિ. એ જાણવું પરમાં જાતું નથી, એ પોતામાં રહીને પોતાથી અનંત જાણે છે. એ જેનું જે છે તે તે જ છે. આહાહા..! જેનું જે છે તે તેનું છે એમ ન કહેતા જેનું જે છે તે તે જ છે. આહાહા..! ગજબ વાત છે. એની ગંભીરતા ઊંડી, બહુ ગંભીરતા, પ્રભુ! લોકો ભલે નાસ્તિક કહે, લોકો કહે એકાંત કહે. એકાંત કોઈનું કરી શકતો નથી તો પછી આ આખો દિ' કરે છે ને? વ્યવહાર ક્યાં જાય? સાંભળને હવે. વ્યવહાર વ્યવહારમાં જાય, વ્યવહાર ખોટામાં જાય, સાચામાં વ્યવહાર ન જાય. આહાહા..!

અહીંયાં બે સિદ્ધાંત કહ્યા. જેનું જે છે તે તે જ છે. અને તે બીજામાં સંક્રમતું નથી એનો દૃષ્ટાંત ૧૦૩ (ગાથા) નો આપ્યો. કારણ કે, પર્યાય પલટીને કાંઈ પરમાં જાતી નથી, તો જાતી નથી તો પોતાને છોડીને બીજા પર્યાય ભલે નજીક હોય તોપણ કરે શી રીતે? અડતું નથી ને. કેમકે એકબીજામાં અત્યંત અભાવ (છે). અને અડે તો ભાવ થઈ જાય છે, એનો ભાવ થઈ જાય છે. આહાહા..!

મુમુક્ષુ :– સંયોગ સંબંધ છે કે નથી?

ઉત્તર :– છે નહિ, **'सर्वोऽपि सम्बन्धः निषेधः'** ૨૦૦ કળશ **'सर्वोऽपि सम्बन्धः निषेधः'** જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નહિ. હજી તો આગળ આવશે, એથી હજી આગળ આવશે. હજી એથી આગળ ઝીણું આવશે. આહાહા..!

**'(આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** જાણનારો જણાય છે એવા બે અંશો છે. પર નહિ. જાણનારો જણાય છે એવા બે અંશો થયા. આહાહા..! પરને જાણતો નથી. જાણનારો જણાય છે એ પણ બે અંશ થયા.

છે? **'પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી...'** આહાહા..! ગજબ કામ છે. **'વ્યવહારથી શું સાધ્ય છે?'** આહાહા..! પોતે પોતાને જાણે છે એવો ભેદ પાડીને સાધ્ય શું છે તારે? તારે સિદ્ધ શું કરવું છે? તારું ધ્યેય શું છે? આહાહા..! છે? શું કીધું? સ્વ-સ્વામી અંશ એટલે કે આને પોતાને જાણે છે. તેમ છે ને? ચેતયિતા, ચેતયિતાને જાણે છે એવા બે અંશો પાડ્યા, બે અંશમાં ભેદ પડ્યો. ભેદમાં સાધ્ય શું આવ્યું? ભેદમાં ફળ તને શું આવ્યું? ભેદમાં તને લાભ શો થયો? આહાહા..!

**'શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી.'** કાંઈ સાધ્ય નથી. આહાહા..! પરની સાથે જાણવાનો સંબંધ પણ કાંઈ સાધ્ય નથી. પરને જાણું છું એમ તું નક્કી કરવા જાય તોપણ તને લાભ શું છે? તારું સાધ્ય તને આત્મા મેળવવો એ છે કે રાગ મેળવવો ને કષાય મેળવવો ઇ છે? તારું સાધ્ય તો આત્મા મેળવવો (છે). તો આત્મા પોતે પોતાને જાણે છે, એ સિદ્ધાંતમાં આવી જા. આહાહા..! સમજાણું કાંઈ? અજૈન જો આવું સાંભળે તો એવું લાગે, આ તે શું? આખો દિ' કરી શકીએ ને કહે, કરતા નથી. કર્તા તો નથી પણ જાણનાર નથી. કરી શકાય નહિ, પણ જાણી શકાય નહિ આ તો એ કહે છે. પરને જાણવું એ એની ખોટી વાત છે. હજી તેથી આઘું લઈ જશે, કે પોતે પોતાને જાણે એવા બે ભાગ પાડીને તારે કામ શું છે? આહાહા..! શું સાધ્ય છે?

**'તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે...'** લ્યો! આહાહા..! એવી વાત છે. હજી આ તો બહારની તકરારમાં પડ્યા. દયાઓ પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો ને ખરડા બનાવો, પૈસા ભેગા કરો ને એનાથી મોટા મોટા કામ કરો. ધૂળેય નથી સાંભળને. આહાહા..!

કહ્યું નહિ હમણાં? 'આફ્રિકા'. સાંઈઠ લાખ ભેગા કર્યા એ લોકોએ. છવ્વીસ દિ' રહ્યા. પંદર લાખ તો કર્યા હતા પહેલાં, છવ્વીસ દિ'માં પીસ્તાલીસ લાખ કર્યા. સાંઈઠ લાખ રૂપિયા કર્યા અને મોટું બાવીસ લાખનું મંદિર બનાવવાના. એથી પણ પૈસા વધી ગયા બહુ. કીધું, ઇ ગમે તે થાવ પણ એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે, ધર્મ-બર્મ નથી. આહાહા..! પ્રેમથી બધા સાંભળતા, નહીં તો ઇ તો અનાર્ય દેશ 'આફ્રિકા'. ત્યાં આપણા મહાજન ગયા છે અને મહાજનની છ હજાર વસ્તી છે. એ બધા બિચારા આવે. બધા ન આવે, દિગંબર છે, દિગંબર છે, દિગંબર છે. મારી નાખ્યા આ વાડા બાંધી બાંધીને. આ દિગંબર ને આ શ્વેતાંબર ને આ સ્થાનકવાસી ને... અનાદિ સનાતન માર્ગ આ છે. એમાંથી જેટલા પંથ નીકળ્યા એ પંથ જૈન નથી. આહાહા..!

વીતરાગ ત્રણલોકના નાથના શ્રીમુખે નીકળેલી વાત આ, આ છે. પરની દયા પાળી શકવાની તો વાત પણ ક્યાંય રહી ગઈ પણ પરની દયા એને કારણે પળે છે, એનું જીવતર આયુષ્યને લઈને છે, ઇ જાણે છે ઇ પણ ક્યાંય રહી ગયું. આહાહા..! એને કારણે જીવે

છે એવું જાણવું એ પણ વ્યવહાર જાણવું છે. એમાં તને સાધ્ય શું છે? આહાહા..!

**'(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને જાણે છે'-એ વ્યવહારકથન છે;...'** કથનમાત્ર છે, સાચું છે નહિ. આહાહા..! **'આત્મા પોતાને જાણે છે એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** આહાહા..! સ્વ-સ્વામી અંશ, અંશ થઈ ગયા. પોતે પોતાને જાણે સ્વ ને સ્વામી થઈ ગયા, બે ભાગ પડી ગયા. આહાહા..! આટલી હદે જાવું હવે. 'ગુણવંતભાઈ'! ક્યાં 'કલકત્તા'માં ધંધા કરવા ને... આહાહા..! પરની દયા પાળી શકવાની વાત તો ત્રણકાળમાં જૈનધર્મમાં છે નહિ. કેમકે એ પોતે દ્રવ્ય છે તે એનું આયુષ્ય હોય ત્યાં સુધી ત્યાં રહેશે. આયુષ્યને લઈને રહેશે એમ કહેવું એ વ્યવહાર છે. એના આત્માની યોગ્યતા તેટલો કાળ રહેવાની છે તેટલો કાળ ત્યાં રહેશે. આહાહા..! એનું આ આયુષ્ય અથવા એની પૂરી સ્થિતિ થઈને નીકળી જશે. કોઈ એને મારી શકે કે જીવાડી શકે (એમ છે નહિ). આહાહા..! તદ્દન અન્યમતિ આવ્યા હોય તો એમ જ ગાંડા કહે. પ્રત્યક્ષ જ કરીએ છીએ આખો દિ' અને કહે છે, કરતાં નથી. હવે આ જાણવાનું છે એ પણ જાણતા નથી, કહે છે. જાણતા નથી આને? આહાહા..!

અહીં તો એ કીધું, કે **'આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** આહાહા..! એ પણ નિષેધ છે, વ્યવહાર નિષેધ છે. **'જ્ઞાયક જ્ઞાયક જ છે'** પરને જાણે છે એ નહિ. **'જ્ઞાયક જ્ઞાયક જ છે...'** પોતે પોતાને જાણે છે તે જાણનારો જાણનાર છે, તે જાણનારો જાણનાર છે. આહાહા..! બધો ફેરફાર કરીને અહીં સુધી લાવવું. જિંદગી વાડામાં ગાળી હોય ને વાડાના પોષણ બધા કર્યા હોય હવે એને અહીં લાવવું. આહાહા..! બધો આગ્રહ છોડી દેવો. આહાહા..! **'જ્ઞાયક જ્ઞાયક જ છે.'** એ જાણનારો તો જાણનાર જ છે. એ જાણનારો પરને જાણનારો નહિ. પરની હિંસા કરનારો નહિ, પરની દયા પાળનારો નહિ પણ પરને જાણનારો પણ નહિ. આહાહા..! એ તો સ્વને જાણવું એમ કહેવું વ્યવહાર છે. **'જ્ઞાયક જ્ઞાયક જ છે...'** વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૧૦ ગાથા-૩૫૬ થી ૩૬૫ શનિવાર, જયેષ્ઠ સુદ ૨, તા. ૧૪-૦૬-૧૯૮૦

---

'સમયસાર' વચ્ચે કૌંસમાં લીટી ચાલી ગઈ છે ને? એ ફરીને લઈએ. કૌંસમાં છે ને? **'(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને જાણે છે...)'** આહાહા..! આત્મા પરદ્રવ્યનું કંઈ કરી શકતો નથી. દુકાને થડે બેસે તો કાંઈ વેપારના ધંધાની ક્રિયા કરી શકે, એમ નથી. પરદ્રવ્યને સ્વદ્રવ્ય અડતું નથી. અડતું નથી એટલે બે વચ્ચે તો અત્યંત અભાવ છે. એટલે એક આત્મા ધંધાની કે કંઈક પરદ્રવ્યની ક્રિયા પૈસો લેવો-દેવો, ખાવું-પીવું એ કોઈ ક્રિયા આત્મા કરી શકતો નથી. આહાહા..! આ આકરું લાગે.

**'આત્મા પરદ્રવ્યને જાણે છે...'** કાંઈ કરતો તો નથી પણ પરને જાણે છે એ વ્યવહાર કથન છે. કારણ કે, પર છે એને જાણે છે એ વ્યવહાર, સ્વ છે એને જાણે છે એ નિશ્ચય છે. સ્વમાં પણ જરીક ભેદ છે. આહાહા..! પરને જાણે છે એ તો વ્યવહાર કથન (છે). પરને કરે છે, બદલાવે છે, દે-લે છે, આત્મા સિવાય પરવસ્તુને દે-લે છે એ તો ત્રણકાળમાં છે નહિ. આહાહા..! આખો દિ' આ ધંધો કરે ને શું કરે? છે એમાં? બે લીટી વચ્ચે છે. પરમ સત્યની વાતનો છેડો છે. પરમ સત્ય. આત્મા દુકાનનું કે બીજાનું કે શરીરનું કે વાણીનું કે મનનું કાંઈ કરી શકતો નથી. કેમકે બીજા પરદ્રવ્ય છે ને પોતે પર છે. એકબીજામાં અત્યંત અભાવ છે. અભાવ છે તે એવા અભાવને કેમ કરે? ભાવ હોય તો કરે. તે પણ અહીં તો ભાવ ભાવનો વ્યવહાર કહેશે. આહાહા..!

**''આત્મા પરદ્રવ્યને જાણે છે'-એ વ્યવહારકથન છે;...'** પરદ્રવ્યને કરે છે એ પ્રશ્ન તો છે જ નહિ. આહાહા..! ભારે વાત બેસવી. **''આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ...'** આહાહા..! આત્મા પોતાને જાણે છે એમાં **'સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** પોતાને પોતે, પોતાને પોતે જાણે બે ભાગ પડી ગયા. આહાહા..! એને પણ અહીંયાં તો વ્યવહાર કહે છે.

મુમુક્ષુ :– પરને જાણે એ વ્યવહાર ખોટો કે સાચો?

ઉત્તર :– જૂઠો.

**'અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને જાણે છે'** એ વ્યવહાર છે. પરદ્રવ્યને કરે કંઈ (એમ તો છે જ નહિ). આહાહા..! આવો પાંગળો? પર માટે પૂરો પાંગળો, પોતા માટે પૂરો પરમાત્મા. આહાહા..! પોતાનું ક્ષણમાં પરમાત્મ પદ પ્રગટ કરી શકે એવી તાકાતવાળો છે અને પરમાં એક રજકણ પણ ફેરવી શકે, જે ક્ષેત્રમાં રજકણ છે તેને બીજે પ્રદેશે ફેરવે (એ) આત્માની તાકાત નથી. આહાહા..! આખો દિ' આ દુકાને ધંધા ઉપર 'મનસુખ' બેસે. દુકાનમાં આખો ધંધો.

આ આત્મા એના સિવાય કર્મ, શરીર, વાણી, મન, પૈસો, લક્ષ્મી, મકાન આદિ બાયડી, છોકરા, કુટુંબ એનું કાંઈ પણ કરી શકતો નથી. કેમકે એકબીજામાં અત્યંત અભાવ છે. હવે કહે છે કે, એ પોતે આત્મા પોતાને જાણે છે એ ભેદ પડ્યો એ વ્યવહાર છે. આહાહા..! આત્મા પોતાને જાણે છે. આહાહા..! ભાવક-ભાવ ભેદ પડી ગયો. ભાવકને ભાવ જાણે છે. આહાહા..! જ્ઞાયકને જ્ઞાનભાવ જાણે છે એ વ્યવહાર થયો. એમાં પણ વિકલ્પ ઉઠે છે.

**''આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** પોતાને–સ્વ, અને એનો સ્વામી જાણે છે એ સ્વામી. એ સ્વ-સ્વામીઅંશ પણ ભેદ પડ્યો. આહાહા..! એક રજકણને તો હલાવી શકે નહિ, જીભથી બોલી શકે નહિ, પગથી ચાલી શકે નહિ. આહાહા..! પણ તેને જાણનારો જાણે છે એમ પણ નહિ. કેમકે જાણનારો, જણાય છે તેનાથી અત્યંત અભાવપણે વર્તે છે. અત્યંત અભાવપણે વર્તે તે ભાવ એટલે અડવું કેમ

કરે? એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અત્યંત અભાવ (છે). અભાવ (છે) ત્યારે એને અડે એ તો ભાવ થઈ ગયો. આહાહા..! આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય, 'મનસુખ'! ધંધા-પાણી આડે નવરાશ ન મળે. આહાહા..!

આત્મા આ વસ્તુ છે. ઇ શબ્દ આગળ આવી ગયો છે. **'જેનું જે હોય તે તે જ હોય.'** એ શબ્દ આવી ગયો છે. પછી આવશે આમાં. જેનું જે હોય તેનું તે હોય એમ નહિ, જેનું જે હોય તેનું તે હોય એમ નહિ. જેનું જે હોય તે તે જ છે, જેનું જે હોય તે તે જ છે. આહાહા..! ગજબ વાત છે ને! જેનું જે હોય તેનું નથી એમ પણ નહિ. આહાહા..! જેનું જે હોય તે તે જ હોય, તે જ હોય. જ્ઞાયકનું જ્ઞાયકપણું છે તે તે જ હોય. જ્ઞાયકપણું પોતે પોતાને જાણે એવો ભેદ એ પણ વ્યવહાર વિષય થઈ ગયો. આહાહા..! હવે અહીંયાં વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એ તો ક્યાંય રહી ગયું. ભાઈ! દયા, દાન, વ્રત, ભક્તિ, અપવાસ કરતાં કરતાં કલ્યાણ થાય, સમકિત થાય એ વાત તો ક્યાંય રહી ગઈ, જૂઠી. આહાહા..! પણ એ પરદ્રવ્યને નજીકમાં છે કે દૂર છે, એ દૂર જ છે. કેમકે જાણવાની અપેક્ષાએ પરને જાણવું, એ પરને, પર નજીક હો કે દૂર હો, પરને જાણવું એ વ્યવહાર છે. આહાહા..! એટલે પરને જાણવું એ પણ આદરવા લાયક નથી. આહાહા..! આવી વાત છે.

આ આત્મા વસ્તુ છે તો એ પરનું કાંઈ કરી શકે, જીભને હલાવી શકે, આહાહા..! કે, માથું હા ના માં આમ આમ કરી શકે એ ત્રણકાળમાં નથી. એ તો નથી પણ એને જાણનારો જાણે છે એ પર છે ને આ પર છે બેના એકમેકપણાનો અભાવ છે. બે વચ્ચે અત્યંત અભાવ છે. એથી પરને જાણે છે એમ કહેવું એ પણ અસદ્‌ભૂત વ્યવહાર છે. હવે પોતે પોતાને જાણે છે એ સદ્‌ભૂત વ્યવહાર છે. આહાહા..! પોતે પોતાને જાણે છે. એ બે ભાગ પડી ગયા. સદ્‌ભૂત વ્યવહાર થઈ ગયો. ભાવકનો ભાવ, જ્ઞાયકનું જ્ઞાન. જ્ઞાયકનું જ્ઞાન, ભાવકનો ભાવ. આહાહા..! જે એકબીજા વચ્ચે અત્યંત અભાવ છે એની વાત તો અહીંયાં એક બાજુ રાખો. એને કરે નહિ ને એને જાણે નહિ એટલે એ તો દૂર કરી દીધું.

હવે અંદરમાં ને અંદર પોતે પોતાને જાણે એમાં પણ પોતે અસ્તિ થઈ અને પોતાને જાણે એનો સ્વામી થયો, સ્વનો સ્વામી થયો. એ સ્વ-સ્વામીઅંશ પણ ભાવકભાવ–ભાવકનો ભાવ આ જ્ઞાયકનું જ્ઞાન. આહાહા..! એ પણ વ્યવહાર છે. ગજબ વાત છે. આવું સાંભળવા મળવું મુશ્કેલ છે, સાંભળવા મળવું મુશ્કેલ છે. આહાહા..! આખો દિ' કરે છે ને? છતાં કાંઈ કરતો નથી? અરે..! કરતો નથી તો એકકોર રાખ્યો, પણ જાણતો નથી. કારણ કે, પોતાનો અંશ ત્યાં જાય તો એને જાણે છે એમ નિશ્ચયથી કહેવાય. પણ પોતાનો અંશ ત્યાં જાતો નથી, પોતાના અંશમાં એનું જ્ઞાન પોતાના સામર્થ્યથી પોતાને લઈને પોતામાં થાય છે. એટલે પરને જાણે છે એ વ્યવહાર છે.

હવે પોતે પોતાને જાણે છે એવો જે ભાગ, સ્વ એનો સ્વામી થયો, ભાવકનો ભાવ

થયો. આહાહા..! જ્ઞાયક એ ભાવક એનો જ્ઞાન ભાવ, એનો ભાવ એ વ્યવહાર થયો. એ સદ્ભૂત વ્યવહાર એ નિષેધ છે. આહાહા..! આ તો દુનિયા દુકાન-બુકાન છોડી દે તો બે રહેશે. નહીં? એમ હશે? દુકાન-બુકાન છોડી દે. છોડી દે એ પણ આત્માના નથી. પરવસ્તુ છોડે એ વસ્તુમાં નથી. કેમકે એનામાં એ નથી તે એને છોડ્યું છે ક્યાં? એ છૂટેલું જ પડ્યું છે. આહાહા..! આત્મા પરને ત્યાગે છે એ પણ વ્યવહારના કથન છે. કેમ કે ત્યાગમાં એ પોતે જતો નથી, પોતે તો પોતામાં રહે છે. આહાહા..! એ પોતે પોતામાં રહે છે અને પરને છોડે છે એ વાત તદ્દન ખોટી છે. પણ છોડનારો, છોડનારો, છોડનારામાં રહે છે. આહાહા..!

રાગનો ત્યાગ એ આત્મામાં નથી પણ એનો ત્યાગનું કરનારું જે જાણપણું છે કે, આ નહિ, એ જ્ઞાન, એ જ્ઞાયકનું જ્ઞાન છે એવો ભેદ પણ વ્યવહાર છે. આહાહા..! આવું ક્યાં? આને ધર્મ કરવો. દયા પાળો, આ પાળો ને આ કરો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો એ કરવું એ તો મિથ્યાત્વ છે, કર્તાબુદ્ધિ એ તો મિથ્યાત્વ છે. આહાહા..! પણ એને જાણવું એ વ્યવહાર છે, નિશ્ચય નહિ. એમાં ભળતો નથી, જ્ઞાન એમાં ભળી જતું નથી. ભિન્ન રહીને પોતે તેને જાણે છે એટલે નિશ્ચયથી તો એને જાણતો નથી. નિશ્ચયથી પોતાને જાણે છે. હવે પોતાને જાણે છે એ જાણનાર પોતાને જાણનાર છે. આહાહા..! આવો જે ભેદ એ પણ વ્યવહાર છે. એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, એ તો છે એ છે. શબ્દ આવી ગયો છે ને?

**'જેનું જે હોય તે તે જ હોય.'** એ મોટો સિદ્ધાંત છે એમાં. જેનું જે હોય તે તેનું હોય એમ નહિ. જેનું જે હોય તે તેનું, (એ) તો ભેદ પડી ગયો. **'જેનું જે હોય તે તે જ હોય...'** જેનું જે હોય એ તે જ હોય. આહાહા..! ગજબ કર્યો છે ને! સમજાય છે કાંઈ આમાં? જેનું જે હોય તેનું તે હોય એમ પણ નહિ. જેનું જે હોય તે તેનું જ છે. આહાહા..! તે તેનું જ છે એમ પણ નથી. 'ચંદુભાઈ'! આવું ઝીણી આવી ગયું. આહાહા..!

**'જેનું જે હોય તે તે જ હોય...'** જેનું જે હોય તે તેનું હોય એમ પણ નહિ. આહાહા..! છે અંદર જુઓ? દરેક ઠેકાણે (છે). જ્ઞાયકમાં, દર્શનમાં. જેનું જે હોય, જેનું જે હોય. આહાહા..! તે, જેનું જે હોય તે તે જ હોય. આહાહા..! આના પછી તો છઠ્ઠી લીટી. આહાહા..! આવું બધું કરવા રહ્યા. સંસારના ડાહ્યા તો ગાંડા બનાવે. ગાંડા છે કે શું? બાપા! આ કરીએ છીએ ને આખો દિ'. હાથે, પગથી કરીએ છીએ, પૈસા લેણ-દેણ કરીએ, વ્યાજ ઉપજાવીએ, પૈસા લઈએ. લ્યો! ભાઈ! આટલો માલ લે. આ પાંચહજારનો માલ. પાંચ લાવ. આ આખું કામ આખો દિ' કરીએ ને કહે કરતા નથી. આહાહા..! ભાઈ! તને ભ્રમ પડ્યો છે, ભ્રમણા પડી છે એ તને જોવા દેતી નથી. એ સંયોગને જોવે છે, ભ્રમણા સંયોગને જોવે છે. આહાહા..!

પાણી અગ્નિથી ઊનું થયું એ ભ્રમણા સંયોગને જોવે છે–અગ્નિને જોવે છે. પણ પાણી

પોતે પોતાથી ઊનું થયું એ ન જોયું. આહાહા..! સમજાય છે કાંઈ? પાણી અગ્નિથી ઊનું થયું એ તો તદ્દન જૂઠી વાત છે. કેમકે એકબીજામાં અત્યંત અભાવ છે. અભાવ એ ભાવરૂપે કેમ થાય? આહાહા..! એ જો એને ઊનું કરે તો એનો ભાવ થઈ ગયો, અભાવ ન રહ્યો. આહાહા..!

એથી અહીં કહે છે કે, '**('આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...)**' આહાહા..! '**('જ્ઞાયક જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે.)**' જ્ઞાયક તે જ્ઞાયક જ છે, બસ! આહાહા..! જ્ઞાયક જાણવાનું કામ કરે તો જ્ઞાયક છે એમ નહિ. થોડી ઝીણી વાત છે. એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પોતાનું જાણવાનું કામ કરે એ પણ ભેદ ને વ્યવહાર છે. આહાહા..! તો પછી પરને જાણવાનું કામ કરે એ તો તદ્દન અસદ્ભૂત વ્યવહાર છે. પોતે પોતાને જાણે એ સદ્ભૂત વ્યવહાર છે. પરને જાણે એ અસદ્ભૂત વ્યવહાર છે અને પરને કરે એ મિથ્યાત્વનો વ્યવહાર છે. આહાહા..! આખો દિ' આ શું કરતાં? ડૉકટર આ દવા-બવા (આપે), ઇન્જેકશન લગાવે ને દવા કાઢવી, આમાંથી કાઢવી. પેલામાં ભરી હોય એમાંથી આમ દાબીને કાઢવી, ચોપડવી. ઇ કહે છે કે, દવાને આંગળી અડતી નથી. આંગળીને આત્મા અડતો નથી.

મુમુક્ષુ :- ભલે અડે નહિ પણ લાભ કરે.

ઉત્તર :- ધૂળેય કરે નહિ. અડે તો ભાવ થઈ જાય, એકબીજાનો એક ભાવ (થઈ જાય). અત્યંત અભાવ છે એમાં ભાવ હોઈ શકે નહિ. આહાહા..! એ ભાષા તો સહેલી છે પણ એનો ભાવ અંદર ઝીણો છે, બાપુ! આહાહા..! છે તે છે. છે તે છે એમ કીધું ને? જે જેનું હોય તે તે જ હોય. આહાહા..! એ બીજાનું હોય નહિ. આહાહા..!

'**વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી રીતે દર્શક વિષે કહેવામાં આવે છે :-**' હવે દેખવામાં અને શ્રદ્ધવામાં (લે છે). અહીં દેખવામાં દેખવું ને શ્રદ્ધવું બેય ભેગું લેવું. '**આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે...**' આહાહા..! કેમકે ભીંતનું અસ્તિત્વ તો ભિન્ન છે અને ખડી ઉપર ધોળી થઈ એનું અસ્તિત્વ ભિન્ન છે. આહાહા..! ઉપર જે ધોળી થઈ એની હયાતી, હયાતી-મોજૂદગી ભિન્ન છે અને ભીંતની હયાતી, મોજૂદગી ભિન્ન છે. જો ભીંત જ ધોળી થઈ ગઈ હોય તો ધોળી ધોવાય જાય તો ભીંત પણ પડી જાય. આહાહા..! ભારે કામ ભાઈ આવું. આવો માર્ગ છે, ભાઈ!

'**હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'- એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ, બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :- જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ :-**' આહાહા..! '**જેનું જે હોય તે તે જ હોય,...**' જેનું જે હોય તે, જેનું જે હોય તે તે જ હોય. આહાહા..!

હવે આવી વાત ચાલતી ન હોય ત્યાં માણસને પરનું કરવું, પરનું કરી શકાય, વ્યવહારે કરાય, વ્યવહારે કરાય, નિશ્ચયથી નહિ. આહાહા..! પોતા સિવાય અનંત પદાર્થનું અહમ્‌પણું એને ઉડાવી દેવું પડશે. પોતા સિવાય પરદ્રવ્ય કોઈ પણ હોય અરે..! રાગનો કણ હોય એનું સ્વામીપણું ને એનું પોતાપણું, એનો ભાવ મારો, હું ભાવવાન એ ઉડાવી દેવું પડશે. આહાહા..!

એ અહીં કહે છે, જુઓ! **'વિચારીએ : 'જેનું જે હોય...'** આહાહા..! **'તે તે જ હોય, જેનું જે હોય તે તે જ હોય,...'** આહાહા..! સાંભળવામાં તો આવ્યું હતું. અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો છે પણ અંદર ઘડ બેઠી નહોતી. બધી ધારણામાં વાત રાખી. ધારણા એ તો પરચીજ છે. આહાહા..! કેમકે એનો અભાવ થઈ જાય છે. આહાહા..! ધારણા છૂટી જાય છે, એ કાંઈ એની ચીજ નથી. એની ચીજ તો જ્ઞાનમાં એ વાત એકાગ્ર થઈને આનંદનું વેદન થઈને જ્ઞાન જ્ઞાનમાં લ્યે, એ પણ હજી વ્યવહાર કહીને (કાઢી નાખ્યો). પણ ઇ વ્યવહાર સદ્‌ભૂત છે. આહાહા..! એ જ્ઞાન પરને જાણે એ અસદ્‌ભૂત વ્યવહાર છે. કેવળજ્ઞાની લોકાલોકને જાણે એ અસદ્‌ભૂત વ્યવહાર છે, જૂઠી દૃષ્ટિથી એ કથન છે. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનનો સ્વભાવ તો સ્વ-પરપ્રકાશક છે ને?

ઉત્તર :– પોતાનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક પોતાથી છે, પરને લઈને નહિ. પર છે માટે અહીં જણાય છે એમ પણ નહિ. આહાહા..! અહીંયાં સ્વ-પરપ્રકાશક સ્વભાવ–જેનું જે હોય તે તે જ હોય. સ્વ-પરપ્રકાશક જેનું છે તે તેનું જ છે, પરને લઈને નહિ. આહાહા..! આવું ઝીણું છે. પછી લોકો કહે ને કે, 'સોનગઢ'વાળા નિશ્ચયાભાસ, નિશ્ચયાભાસ (છે). વ્યવહારની તો વાત કરતાં નથી. વ્યવહાર કોણ નથી કહેતા? ભાઈ! વ્યવહાર છે, વ્યવહારનય છે, નયનો વિષય છે, વિષયીનો વિષય હોય. આહાહા..! પણ તે આદરવા લાયક નથી. આહાહા..! વ્યવહારનય નથી એમ નહિ. વ્યવહારનય છે એ જ્ઞાનનો અંશ છે, જ્ઞાનનો અંશ છે. આહાહા..! એ પણ સમ્યગ્જ્ઞાનનો અંશ છે. એ..ઇ..! આહાહા..! 'ચંદુભાઈ'! વ્યવહારનય પણ સમ્યગ્જ્ઞાનનો અંશ છે, મિથ્યાજ્ઞાનનો નહિ. આહાહા..! એ જે જાણે છે તેનો વિષય પણ છે. નય છે તે વિષયી છે અને તેનો વિષય છે એ પર ચીજ છે. આહાહા..!

અહીં તો એટલો બધો અવાજ (–પોકાર છે) કે, જેનું જે હોય. આહાહા..! જેનું જે હોય તે, જેનું જે હોય તે, આહાહા..! તે જ હોય, તે જ હોય. આહાહા..! છે કે નહિ અંદર? આહાહા..! જેનું જે હોય તે તેનું હોય એમ નહિ. એ તો ભેદ પડ્યો. અહીં તો જેનું જે હોય તે તે જ છે, તે જ છે. આહાહા..! જ્ઞાયકનો જ્ઞાયક જ છે. જ્ઞાયક પરને જાણે છે માટે જ્ઞાયક છે એમ નથી. આહાહા..! જ્ઞાયક જ્ઞાન વડે જાણે છે એમ પણ નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે, તે તે જ છે. આહાહા..! જેનું જે હોય, જેનું જે હોય તે, જેનું જે હોય તે તે જ હોય. આહાહા..! આવો ઉપદેશ હવે. આવું જૈનનું હશે? જૈનના તો છ

દ્રવ્ય કીધા, એના ગુણ ને પર્યાય કીધી. છ કાયની દયાનું કહ્યું, છ દ્રવ્યને જાણવાનું, માનવાનું કહ્યું. લ્યો! 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં આવે છે. પ્રયત્નથી છ દ્રવ્યને જાણવા. 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં આવે છે. આહાહા..! વ્યવહારના કથનોની શૈલી જોઈને એ તેમ છે એમ નહિ. આહાહા..!

અહીંયાં તો હજી વ્યવહાર રત્નત્રય કરતાં નિશ્ચય રત્નત્રય પ્રાપ્ત થાય. ત્યાં સુધી સ્થૂળતા ચાલી ગઈ. આહાહા..! અહીં તો વ્યવહાર રત્નત્રયને જાણે છે એ પણ વ્યવહાર છે. આહાહા..! પણ વ્યવહાર રત્નત્રયને જાણનાર જ્ઞાયક છે તે જેનું તે છે તેનું તે જ છે. આહાહા..! એમાં બીજું જણાય છે માટે એનું એ છે અને બીજું જણાય છે માટે બીજાને જાણે છે એમ નથી. આહાહા..! ઠરીને હીમ જેવું થઈ જાય એવું છે. વિકલ્પનો અવકાશ ત્યાં નથી. આહાહા..! જ્યાં જાણપણાની વિશેષતા નથી. ફક્ત એ ચીજ જે છે... આહાહા..! એ જેમ છે તેમ તેને તે જ રીતે પ્રતીત કરવી. આહાહા..!

એમાં અહીં આત્માની વાત છે. આત્મા લોકાલોકને જાણે એ પોતાની પર્યાય છે. લોકાલોકને લઈને લોકાલોકની નહિ. એ પર્યાય, લોકાલોક છે માટે પરને જાણવાની પર્યાય થઈ છે એમ નથી. આહાહા..! લોકાલોક છે તો લોકાલોક એને ઘરે રહ્યા. ભગવાન જાણનાર છે, જાણનારમાં રહ્યો. આહાહા..! જાણનાર લોકાલોકમાં ક્યાં ગયો છે ને લોકાલોકનું જ્ઞાન અહીં ક્યાં થયું છે? એ તો એનું પોતાનું જ્ઞાન થયું. આહાહા..!

જેનું જે હોય, આ મહા સિદ્ધાંત છે. દરેક ઠેકાણે આ નાખ્યું. પહેલાં જ્ઞાયકમાં નાખ્યું હતું, આ દર્શન ને શ્રદ્ધામાં નાખે છે. જેનું જે હોય તે તે, જેનું જે, જેનું જે તે, જેનું જે હોય તે તે જ હોય, આહાહા..! આવું ક્યાં સાંભળવા મળે? દુકાને સાંભળવા મળે? 'સંજયભાઈ'! દુકાને રળો, આ કરો ને આખો દિ' આ છોકરા ને.. હોંશિયારીથી કામ કરે એ ડાહ્યો કહેવાય. શાસ્ત્રના હિસાબે એને ગાંડો કહેવાય. શાસ્ત્રના હિસાબે એને પાગલ કહેવાય, દુનિયાને હિસાબે એને પંડિત કહેવાય. આહાહા..! પંડિત અને શૂરવીર તો સમકિતી છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. પંડિત અને શૂરવીર (એ) કે જે અભેદને જ અનુભવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જેનું જે હોય તે તે જ હોય...'** એટલે? **'જેમ આત્માનું જ્ઞાન...'** જોયું? **'હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;...'** પરને જાણે માટે પરનું છે? આહાહા..! લોકાલોક જણાણા માટે કેવળજ્ઞાને પરને જાણ્યું અને પરનું છે એમ નથી. એમ આ જ્ઞાનમાં રાગ જણાણો, વ્યવહાર રત્નત્રયનો રાગ જણાણો માટે તે જ્ઞાન રાગનું છે એમ નથી. એ જેનું જે છે તે તે જ છે, રાગનું પણ જ્ઞાન નથી. રાગનું જ્ઞાન થયું એ તો પોતાની પર્યાયના સામર્થ્યથી પોતાથી થયું છે. આહાહા..! બહુ ઝીણી વાત, ભાઈ! હજી જાડામાં વાત બેસે નહિ ત્યાં... આહાહા..!

**'જેમ આત્માનું જ્ઞાન હોવાથી, આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** આવો તાત્ત્વિક સંબંધ જીવતો છે. આહાહા..! ભાષા તો

જુઓ! આત્માનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન છે, એ પરનું જ્ઞાન નહિ. રોટલી ને શાક ને દાળ-ભાતનું જ્ઞાન થાય એ કાંઈ જ્ઞાન એનું નહિ, એમ કહે છે. રોટલી ને દાળ-ભાત-શાકનું જ્ઞાન થાય એ જ્ઞાન એનું નહિ. એ જ્ઞાન આત્માનું છે. આહાહા..! અને તે જ્ઞાન પરને લઈને નહિ, આત્માને લઈને એ જ્ઞાન છે. તેથી જેનું છે તે તે જ છે, તે તે જ છે. આહાહા..! ઝીણું બહુ. 'નટુ'! સમજાય છે આમાં? ઝીણું-ઝીણું છે બહુ. તારા વેપારમાં, ધંધામાં તો આ વાત ક્યાંય આવે નહિ. અત્યારે તો ધર્મના વાડામાં વાત ન મળે. અર..ર..! પ્રભુ... પ્રભુ... પ્રભુ... પ્રભુ...! આ વાત એવી છે.

કહે છે, ભાઈ! પર સંબંધીનું તને જે જ્ઞાન થયું એ જ્ઞાન આત્માનું છે, એ જ્ઞાન એનું નહિ. આહાહા..! આ શાસ્ત્રનું જે જ્ઞાન અહીં થયું એ જ્ઞાન શાસ્ત્રનું નહિ, એ જ્ઞાન આત્માનું છે. છે? આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. આહાહા..! કોઈ પણ ક્ષણે ને પળે જે પ્રકારનું પરને જાણવા આદિનું જ્ઞાન થાય છે તે જ્ઞાન આત્માનું જ્ઞાન છે, એનું પરનું નથી, પરને લઈને પણ નથી. આહાહા..! આત્માનું એ જ્ઞાન છે. આહાહા..!

**'જ્ઞાન તે આત્મા જ છે;'- આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** તાત્ત્વિક સંબંધ યથાર્થ હોવાથી જીવતો, જીવતો સંબંધ છે, કહે છે. આવો તાત્ત્વિક સંબંધ જીવતો યથાર્થ છે, મરી ગયેલો એ સંબંધ નથી. આહાહા..! આચાર્યો, દિગંબર સંતો(એ) સિદ્ધો સાથે વાતું કરી છે. લોકોને પક્ષ લાગે. કારણ કે, એ તો ખુલ્લી રીતે સત્ય હોય એ કહેનાર છે. આહાહા..! એ તો વસ્ત્રનો ટૂકડો રાખે તો મુનિ નહિ પણ નિગોદમાં જાશે એ ચોખ્ખી વાત કરે. એથી કરી સમાજ સમતોલ રહેશે કે નહિ, સમાજમાં આ વાત બેસતા ખળભળાટ થશે કે નહિ એ વાતની કાંઈ દરકાર નથી એને. સમજાણું કાંઈ? આહાહા..! વસ્ત્રનો ટૂકડો રાખીને મુનિપણું માને ને મનાવે અને એને માને એ બધા નિગોદગામી છે. ભલે એ કોઈ સીધા એક ભવે ન જાય પણ અંતે ઘણો અનંત કાળ નિગોદમાં રહેવાના છે. આહાહા..!

**'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી...'** એમ છે અહીં તો. આવો તાત્ત્વિક સંબંધ તો જીવતો છે. આહાહા..! કે, જેનું જે જ્ઞાન છે એનું એ છે, પરનું જ્ઞાન પણ નહિ. આ શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન શાસ્ત્રનું નહિ, શાસ્ત્ર છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નહિ. આહાહા..! શાસ્ત્ર સામે પડ્યા છે ને વંચાય છે માટે એનાથી અહીં જ્ઞાન થાય છે એમ નહિ. આહાહા..! ચૈતન્યને કેવો જીવતો રાખ્યો! **'તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી...'** આહાહા..! જેનું જે હોય તે તે જ હોય એ તાત્ત્વિક સંબંધ જીવતો છે. એને કોઈ મારી નાખે તો એ મરી જાશે પોતે. આહાહા..! એ તાત્ત્વિક સંબંધને ન માનતા બીજી રીતે માનશે તો એનો આત્મા હણાય જશે. આહાહા..! આ તો આવું ઝીણું પડે ને! 'બ્રહ્મચારીજી'! આકરું પડે. આહાહા..! જે કોઈપણ પર ચીજ સંબંધી જ્ઞાન થાય છે તે જ્ઞાન જ્ઞાનનું છે, તે જ્ઞાન આત્માનું છે. એ એનું નહિ, એને લઈને નહિ. આહાહા..!

કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે તો લોકાલોકને લઈને નહિ. કેમકે જેનું જે હોય તે તે જ છે. એ જ્ઞાન એનું છે તે તે જ છે, લોકાલોકનું તે જ્ઞાન નથી. આહાહા..! એમ અહીંયાં નીચે જે ક્ષણે ને પળે બીજા સંબંધીનું જ્ઞાન જે દેખાય એ જ્ઞાન બીજાનું નથી, તે જ્ઞાન જ્ઞાનનું છે ને તે જ્ઞાન આત્માનું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિની જ હોય...'** તો ભીંત થઈ જાય. ખડી ત્યાં ધોળી થઈ માટે ભીંતની છે તો ખડી ભીંતની થઈ જાય. આહાહા..! વાહ..! **'ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** એમ હોતાં સ્વ ખડીનું અસ્તિત્વ જે છે એ ભીંતની થઈ જાય તો પોતાના અસ્તિત્વનો નાશ થઈ જાય. આહાહા..! ભીંત ધોળી થઈ માટે ભીંતની ધોળી છે, એ ધોળાપણું ભીંતનું છે એમ હોય તો ધોળાપણાની જે ખડી છે તેનો ઉચ્છેદ થઈ જાય. આહાહા..! એમ આ જ્ઞાન પણ પરને જાણવા કાળે પરને લઈને થાય તો જ્ઞાન જે છે એનો ઉચ્છેદ થઈ જાય. આહાહા..!

**'ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ક્યાં? ૧૦૩ ગાથા. ૧૦૩ ગાથામાં પહેલેથી નિષેધ કરતાં આવ્યા છીએ. ભાઈ! ૧૦૩. આહાહા..! અન્ય દ્રવ્યની કોઈ પણ પર્યાય અન્ય દ્રવ્યરૂપે સંક્રમે અને બીજાની પર્યાયને એની પર્યાય બનાવે તો એ દ્રવ્યનો પર્યાય સંક્રમણ (પામીને) પરમાં ગયો તો દ્રવ્યનો વિચ્છેદ થઈ ગયો. પર્યાય વિનાનું આ દ્રવ્ય રહ્યું અને એની પર્યાય આણે કરી તો એ પર્યાય વિનાનું દ્રવ્ય રહ્યું. એ દ્રવ્યનો વિચ્છેદ થઈ ગયો. આહા..! **'पर्याय विजुत्तम दव्वं'** પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ 'પંચાસ્તિકાય'નો શબ્દ છે. નવમી ગાથા. **'पर्याय विजुत्तम दव्वं'** ન હોય, પર્યાયથી રહિત દ્રવ્ય હોય નહિ. જો એ પર્યાય પરની કરો કે, ભીંત ધોળી થઈ તો ધોળાપણાનો અભાવ થતાં ખડીનો નાશ થઈ જાય. ભીંત ધોળી થઈ નથી, ધોળી થઈ છે તે ખડી. આહાહા..! ધોળું જે થયું છે એ ખડી ધોળી થઈ છે, ભીંત ધોળી થઈ નથી. આહાહા..! કેમકે ખડી ધોવાય જાય તો ભીંત તો એમ ને એમ રહે છે. આહાહા..! અને ભીંત પડી જાય, નાશ થઈ જાય તો ખડી તો ખડી ધોળાપણે તો કાયમ રહે ને ધોળું? આહાહા..!

**'પૂર્વે જ નિષેધ કર્યો છે.' 'અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ...'** પર્યાય. મૂળ તો સંક્રમણ પર્યાયને થાય. એકની પર્યાય બીજારૂપે થાય તો તો પર્યાય વિનાનું દ્રવ્ય (થાય) તો પછી દ્રવ્યનો નાશ થઈ જાય. એ ૧૦૩ ગાથામાં કહેતા આવ્યા છીએ. ૧૦૩ ગાથા છે ને? ૧૦૩.

**जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**
**सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।**

બીજા દ્રવ્યની પર્યાય બીજો દ્રવ્ય કરે તો બીજા દ્રવ્યના પરિણામ તેમાં જાય. તો એમ

તો બનતું નથી. સંક્રમણ એકબીજામાં તો થતું નથી. તો એક દ્રવ્યની પર્યાયે બીજા દ્રવ્યને શું કર્યું? આહાહા..! દાઢે રોટલીના કટકા શેના કર્યા? દાઢની પર્યાય એનામાંથી ચાલી જાય તો દાઢની પર્યાય રહેતી નથી. પર્યાય વિનાનું દ્રવ્ય રહે નહિ ત્રણકાળમાં. આહાહા..! અને ત્રણે કાળે જે પર્યાય થાય એ પોતાથી થાય છે. ભલે પરને જાણે પણ એ પરને જાણતો નથી એ પોતે પોતાને જાણે એ એની પર્યાય છે. આહાહા..! આવું આકરું. વ્યવહારવાળા તો હો.. હા કરી મુકે કે અરે..! આવું આ શું? આખો દિ' અમે કરીએ છીએ, આ કરીએ છીએ. ભાઈ! ધીરો થા. તું કોણ? શું કરી શકે છે તું? તારામાં શું છે કે જેથી તું કરી શકે છો? આહાહા..!

અહીં એ કહ્યું, '**अण्णमसंकंतो कह तं परिणामए दव्वं**' કોઈ પણ દ્રવ્ય અન્યની પર્યાયમાં જતું નથી, પલટીને પલટતું નથી તો એના પરિણામને શી રીતે કરે? આહાહા..! દરેક સમયે દરેક દ્રવ્યની પર્યાય પોતાથી થાય, પરથી બિલકુલ નહિ. પરથી થાય તો આનું સંક્રમણ થઈ જાય, બદલી જાય. તો એ દ્રવ્ય પોતે પર્યાય વિનાનું થઈ જાય ને આ પર્યાય બીજાએ કરી એ પણ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ ગયું. આહાહા..! જે પર્યાયે બીજાની પર્યાયને કરી તો આ પર્યાયનો નાશ થઈ ગયો અને બીજાની પર્યાયને કરે તો એને પણ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ ગયું. આહાહા..! આવો ઉપદેશ, લ્યો!

'**ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે...**' શું કીધું? ખડીની ખડી છે એમ બોલ્યા ને? ખડીની ખડી છે તો કઈ ખડીની એ ખડી છે? તમે કહ્યું કે, ખડીની ખડી છે તો કઈ ખડીની ખડી છે ઇ? આહાહા..! દિગંબર આચાર્યો સિવાય આ વાત ક્યાંય નથી. લોકોને ભલે દુઃખ લાગે. સમજાય છે? પણ આ આવી પરમ સત્ય વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. ઊલટું છે. આહાહા..!

એ અહીં કહે છે, '**ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી બીજી કઈ ખડી છે...**' પેલી ખડીની ખડી કીધી ને? ત્યારે પ્રશ્ન ઉઠ્યો, ખડીની ખડી તો કઈ ખડીની કઈ ખડી? '**કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી,...**' એ તો કથન કર્યું, બાપુ! ખડીની ખડી. એ ખડી બીજી અને એની ખડી છે એમ નથી. ખડી તે ખડી જ છે.

'**પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.**' ખડીની ખડી એ તો સ્વ-સ્વામી અંશનો વ્યવહાર કર્યો. આહાહા..! વસ્તુ એનો અંશ ને વસ્તુનો સ્વામી એ ખડી થઈ. આહાહા..! '**એ સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?**' એમાં ફળ શું નીકળ્યું? સત્યનું ફળ શું નીકળ્યું? ખડી ખડીની હોય (એમ) કહીએ તો એમાં ફળ શું નીકળ્યું? આહાહા..! તેમાં સાધ્ય નામ પરિણામ શું આવ્યું? આહાહા..! '**કાંઈ સાધ્ય**

**નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે.'** ખડી ખડીની નહિ, ખડી ખડી જ છે. આહાહા..! **'જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાષ્ટાંત છે :–'** હવે દર્શન ગુણમાં એ ઉતારે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૧૧ ગાથા–૩૫૬ થી ૩૬૫ રવિવાર, જ્યેષ્ઠ સુદ ૩, તા. ૧૫-૦૬-૧૯૮૦**

---

'સમયસાર' ૫૨૩ પાનું છે. દૃષ્ટાંત થઈ ગયો. હવે આ સિદ્ધાંત કહે છે. ૫૨૩ ગુજરાતી. **'જેમ આ દૃષ્ટાંત છે,...'** ત્રીજી લીટી. જ્ઞાયક સાથે ખડીનો દૃષ્ટાંત આપ્યો ને? જ્ઞાયક જ્ઞાયકનો છે, જ્ઞાયક ખડીનો નથી કે ભીંતનો નથી તેમ કોઈ પર ચીજનો નથી. **'તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે :–'** દાષ્ટાંત એટલે સિદ્ધાંત. **'આ જગતમાં ચેતયિતા છે...'** જાણનારો-દેખનારો છે **'તે દર્શનગુણથી..'** અને શ્રદ્ધાગુણથી ભરેલો છે. ટીકામાં એ વાત નથી. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. દર્શન ને શ્રદ્ધા બેય (છે). **'આ જગતમાં ચેતયિતા...'** એટલે આ આત્મા છે એ દર્શન–દેખવું અને શ્રદ્ધવું એવા બે ગુણથી ભરેલો છે. આહાહા..! છે?

**'દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્ગલાદિ પરદ્રવ્ય...'** એને આત્મા સિવાય પરપદાર્થ **'વ્યવહારે તે ચેતયિતાનું દૃશ્ય છે.'** વ્યવહારે દેખવાલાયક છે. વ્યવહારે શ્રદ્ધવા લાયક છે. આહાહા..! અહીં તો શ્રદ્ધાને જરી પરમાં નાખ્યું. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છે ને? નહિતર શ્રદ્ધામાં તો એકલો આત્મા રાખે છે પણ અહીં તો આત્મા ને શ્રદ્ધેય વસ્તુ, બેય ભેગી નાખી. **'હવે, દર્શક જે છે, (દેખનારો અથવા શ્રદ્ધનારો)...'** છે ને? 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. આમાં ટીકામાં નથી. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. **'ચેતયિતા, દૃશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય)...'** જે દેખાવાયોગ્ય ચીજ છે અને જે શ્રદ્ધાવાયોગ્ય ચીજ છે તેનો એ ચેતયિતા છે કે ચેતયિતા ચેતયિતાનો છે? આત્મા આત્માનો છે કે આત્માનો જે શ્રદ્ધે છે, દેખે છે એનો છે? સમજાય છે? આહાહા..!

**'હવે દર્શક (દેખનારો અથવા શ્રદ્ધનારો) ચેતયિતા, દૃશ્ય (દેખાવાયોગ્ય અથવા શ્રદ્ધાવાયોગ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'** આહાહા..! ભગવાનની શ્રદ્ધા કરે તો એ શ્રદ્ધા ભગવાનની છે કે નહિ? ભગવાનને દેખે છે તે દેખે એ ભગવાનને દેખે છે કે નહિ? એ દેખવું એ ચૈતન્યનું સ્વરૂપ છે કે દેખવું એ દેખાય એ ચીજનું સ્વરૂપ છે? આહાહા..! દેખવા યોગ્ય જે ચીજ છે એનો એ દેખવાયોગ્ય ચીજ દેખનારો છે કે દેખનારો પોતે દેખનારો પોતે પોતાથી છે? એમ શ્રદ્ધા કરનારો શ્રદ્ધેય ચીજ છે તેનો છે કે શ્રદ્ધા કરનાર પોતે છે તેનો તે છે? સમજાય છે કાંઈ? આહાહા..!

એ **''જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?'-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ...'**

પરમાર્થે બેનો સંબંધ વિચારીએ. કોનો? દેખનારનો અને દેખવાયોગ્ય ચીજનો, શ્રદ્ધા કરનારનો અને શ્રદ્ધા કરવાયોગ્ય ચીજનો. એ એનું છે કે નથી? દેખનારો દેખવાયોગ્ય ચીજ છે એનો છે કે નથી? શ્રદ્ધા કરનારો પરની શ્રદ્ધા કરનારો એ પરશ્રદ્ધા કરે છે એનો છે કે પોતાનો છે? આહાહા..! **'અહીં વિચારવામાં આવે છે :– જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય...'** એ જાણનારો ને શ્રદ્ધનારો પરદ્રવ્યનો હોય... આહાહા..! શરીરને જાણનારો શરીરરૂપે **'હોય તો શું દોષ આવે તે પ્રથમ વિચારીએ :'** છે? દેખનારો જો શરીરનો હોય, દેખનારો જો વાણીનો હોય, દેખે વાણીને, શરીરને, કર્મને ચીજો જે બધી દેખવાયોગ્ય છે એને દેખે પણ એ દેખનાર દેખે છે તેનો છે કે દેખનારનો દેખનાર છે? આહાહા..! દેખનારનો જે વિષય છે તેનો દેખનાર છે કે દેખનાર દેખનારનો પોતામાં છે? આહાહા..!

**'જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય...'** આ સિદ્ધાંત આવ્યો. **'જેનું જે હોય તે તે જ હોય,...'** જેનું, જેનું જે હોય તે તે જ હોય. જુઓ! આ દેખનારો દેખવાયોગ્ય ચીજનો હોય તો તે રૂપે હોય. શ્રદ્ધનારો એનો જો હોય તો તે રૂપે હોય. પણ એમ તો છે નહિ. આહાહા..! જેનું જે હોય તે તે જ હોય એ પહેલાંમાં જ્ઞાયકમાં આવી ગયું છે. **'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે.'** આ આત્માનું જ્ઞાન એ જ્ઞાન તે આત્માનું છે. એ જ્ઞાન ભલે બીજાને જાણે પણ એ જાણવું એ પોતાનું સ્વરૂપ છે. જેને દેખે છે એનું એ સ્વરૂપ નથી, જેને એ જાણે છે એનું એ સ્વરૂપ નથી. જેને જે જાણે છે એ જાણનાર જાણનારનું સ્વરૂપ છે. એમ જેને દેખે છે એ એનું સ્વરૂપ નથી, દેખનાર દેખનારનું સ્વરૂપ છે. શ્રદ્ધા કરનારો પરની શ્રદ્ધા કરે છે તો પરનો નથી, શ્રદ્ધા કરનારો શ્રદ્ધા કરનારામાં પોતે પોતારૂપે છે. આહાહા..!

**'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** આવો બે વચ્ચે યથાર્થ સંબંધ જીવતો હોવાથી. આહાહા..! કે કોઈ કોઈનું છે નહિ. બીજાને દેખે છતાં એ દેખનારનો નથી, બીજાને શ્રદ્ધે તેથી તે શ્રદ્ધનારનો નથી. એ તો શ્રદ્ધા કરનારો પોતે પોતાનો છે, દેખનાર પોતે પોતાનો છે. દેખનાર ચીજ જે દેખે એનો એ છે નહિ. આહાહા..! આ પુસ્તક દેખાય છે તો કહે છે કે, દેખનાર પુસ્તકનો છે કે નહિ? કે, ના. જો પુસ્તક દેખનારનો હોય તો દેખનાર પુસ્તકરૂપે થઈ જાય, તો જડરૂપે થઈ જાય. આહાહા..! આવી ધર્મની વાતું.

**'ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય...'** જાણનારો એવો આત્મા જો પુદ્‌ગલ શરીર, વાણી, મન, કર્મ, પર ચીજનો હોય. આહાહા..! **'તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય...'** તો તો પરવસ્તુરૂપ થઈ ગયો એ તો. પોતાની ચીજ તો જુદી રહી નહિ. જેને દેખે, શ્રદ્ધે છે એનો એ તો થઈ ગયો. દેખનારો ને શ્રદ્ધનારો જુદો રહ્યો નહિ. આહાહા..! કહે છે કે, આખો દિ' જે દુકાનનો ધંધો કરવો, વકીલાત કરે, ડૉકટરનું દવાખાનું ચલાવે એ દેખનાર એને દેખે છે તેથી તે દેખનારો એનો થઈ જાય છે કે દેખનાર દેખનારનો રહે છે? આહાહા..!

દેખનાર દેખનારનો રહીને એને દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે, પરને દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! દેખનારો દેખનારને દેખે છે એ પણ હજી વ્યવહાર છે. આહાહા..! ભારે વાતું. નવરા હોય કે દિ'? નિવૃત્તિ. આવો નિર્ણય કરવાનો વખત ક્યારે લે?

કહે છે કે, જાણનારની વાતું કહી ગયા, કે જાણનારો જણાય તેનો નથી, જાણનારો જાણનારનો છે. તેમ દેખનારો દેખાય તેનો નથી, દેખનાર દેખનારનો છે. એમ શ્રદ્ધા જેની કરે છે તેનો તે નથી તે શ્રદ્ધા કરનારનો, શ્રદ્ધા કરનારનો પોતે શ્રદ્ધા છે. આહાહા..! આવું ઝીણું પડે. આહા..! **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા (એટલે આત્મા) જો પુદ્ગલાદિનો હોય...'** જેને દેખે છે તે રૂપે હોય, જેને શ્રદ્ધે છે તે રૂપે હોય **'તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય...'** તો એ **'(આત્મા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ);...'** પર સ્વરૂપ હોવો જોઈએ. આહાહા..!

આત્મા રંગ ને દેખતા રંગનો જો હોય તો રંગરૂપે થઈ જાય, આત્મા જડ થઈ જાય. આહાહા..! રંગને દેખતા રંગનો જો થઈ જાય તો એ જડ થઈ જાય. રંગને દેખતા દેખનાર દેખનારમાં રહીને રંગને દેખે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! પોતે પોતાને દેખે છે એમાં પણ જરીક ભેદ છે. આહાહા..! પોતે પોતાને દેખે છે એ પણ સ્વ-સ્વામી અંશ ભેદ વ્યવહાર, સદ્ભૂત વ્યવહાર છે. આહાહા..! ક્યાં લઈ જવું માણસને? અહીં તો કહે, આનું કરી દ્યો ને આનું કરી દઉં ને આનું કરી દઉં. મંડળ બાંધે ને મંડળના નાયક થાય, એના અગ્રેસર થાય ને એના પ્રમુખ થાય, એના વ્યવસ્થાપક થાય અને અમે વ્યવસ્થા એની કરી દઈએ ને હું કરીશ, હોં! આહાહા..! આવું અભિમાન મિથ્યાત્વનું, અનાદિનું જન્મ-જરા મરણના મૂળીયા એ છે. આહાહા..!

એને અહીંયાં વીતરાગ દેવ કહે છે, પ્રભુ! જે તને દેખાય છે તેનો તે નથી તું. દેખાય છે એ તો તારી ચીજમાં દેખવાનો સ્વભાવ છે. સ્વ અને પર બેને દેખવાનો તારો જ સ્વભાવ છે. તારામાં રહીને તું દેખે છો, તેનામાં જઈને તું એને દેખે છો એમ નથી. આહાહા..! એમ શ્રદ્ધનારો, પરને શ્રદ્ધનારો પરનો થઈને શ્રદ્ધતો નથી, સ્વનો રહીને પરને શ્રદ્ધે છે. સ્વનો રહીને પરને શ્રદ્ધે છે એ પણ વ્યવહાર છે. શ્રદ્ધનારો શ્રદ્ધનારાનો છે, શ્રદ્ધનારો પરનો વ્યવહારે પણ નથી. આહાહા..! આવી વાત છે. આ બહારની સ્થૂળ વાતુંમાં આખો સંપ્રદાય રોકાય ગયો છે. મૂળ તત્ત્વ આખું પડ્યું રહ્યું છે. આહાહા..!

જન્મ-મરણ રહિત થવાનો માર્ગ એ આત્મા વસ્તુ છે એ પરને જાણતા છતાં પરનો નથી, પરને દેખતા છતાં પરનો નથી, ભગવાનની શ્રદ્ધા કરતાં છતાં તે ભગવાનનો નથી. પંચ પરમેષ્ઠીની શ્રદ્ધા કરતાં પણ તે પંચ પરમેષ્ઠીનો નથી. આહાહા..! એ તો પોતાની શ્રદ્ધા ને દેખનાર ને જાણનાર પોતાનો તે પણ ભેદ પાડવો એ પણ સદ્ભૂત વ્યવહાર છે, કહે છે. આહાહા..! બાકી ચેતનારો ચેતનારો, દેખનારો દેખનારો જ છે, બસ! શ્રદ્ધનારો શ્રદ્ધનારો

જ છે. આહા..! શ્રદ્ધનારો શ્રદ્ધા કરનારો છે એટલો ભેદ વ્યવહાર પણ એમાં નથી. આહાહા..! આવો ઉપદેશ.

**'એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** જાણનાર, દેખનાર, શ્રદ્ધનાર જણાય તેનો ને દેખાય તેનો ને શ્રદ્ધાય તેનો થાય તો પોતાનો નાશ થઈ જાય, પોતાનો નાશ થઈ જાય. આહાહા..! પણ એક દ્રવ્યનું **'કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** કર્તા-કર્મની ૧૦૩ ગાથા. કોઈ તત્ત્વ બીજા તત્ત્વની પર્યાયમાં સંક્રમતો નથી, બદલતો નથી, જતો નથી. આહાહા..! શરીરની પર્યાયમાં આત્મા આવતો નથી, જતો નથી, શરીરની પર્યાયને બદલાવતો નથી. આહાહા..!

વાણી અને શરીર અને મન અને જગતના વેપાર-ધંધા આદિની ક્રિયાઓ... આહાહા..! એને દેખે છતાં તે દેખનાર એનો નથી, દેખનાર દેખનારનો છે. આહાહા..! દુકાનનો મોટો ધંધો 'મનસુખ'! ઊનના થોકડા થોકડા ભર્યા છે ને દુકાનમાં? એને દેખે ત્યારે એમ થાય કે, આ અમારું, અમારું આ. આ અમારી ગુણો છે, અમારા ચોખા છે, અમારું અનાજ છે. એમ જો હોય, જેને ફક્ત દેખે છે એનો હોય તો પોતાનો તો અભાવ થઈ જાય. ચેતનારો જે જીવંત અનાદિ સત્તા સ્વરૂપ છે તેનો તો અભાવ થઈ જાય. આહાહા..! આ પુસ્તકને દેખનારો પુસ્તકનો નથી. એનો દેખનારો એમ કહેવું એ વ્યવહાર છે. પુસ્તકનો દેખનારો કહેવું એ વ્યવહાર છે. શાસ્ત્રની શ્રદ્ધા કરે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** જો જેને દેખે તેનો થઈ જાય, જેને શ્રદ્ધે તેનો થઈ જાય, જેને જાણે તેનો થઈ જાય તો પોતાના તત્ત્વનો તો વિચ્છેદ થઈ જાય. આહાહા..! એમ સ્વદ્રવ્યનો ઉચ્છેદ અને નાશ તો કદી થતો નથી. આહા..! માટે દેખનાર ને શ્રદ્ધનાર પોતામાં પોતાના ગુણમાં પરને શ્રદ્ધે અને દેખે એ વ્યવહાર કહેવામાં આવે છે. બાકી તો પોતાની શ્રદ્ધાને દેખે, પોતે પોતાને શ્રદ્ધે છે ને દેખે છે એ સદ્‌ભૂત વ્યવહાર છે. પરને શ્રદ્ધે છે ને દેખે છે એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે. આહાહા..! આવી વાતું હવે. પોતે પોતાને શ્રદ્ધે છે અને જાણે છે અને માને છે અને દેખે છે એવો ભેદ પણ વ્યવહાર, સદ્‌ભૂત વ્યવહાર છે. એ વાસ્તવિક વસ્તુ નથી. આહાહા..! કેમકે દેખનાર દેખનારનો જ છે, બસ! દેખનાર દેખનારનો છે એવા ભેદ એમ નહિ. દેખનાર જ છે, જાણનાર જ છે, શ્રદ્ધનાર છે, બસ એટલું. કોની શ્રદ્ધા એમ નહિ. આની ને આની એ નહિ. શ્રદ્ધનાર શ્રદ્ધનારનો જ છે. ઇ શ્રદ્ધનાર શ્રદ્ધનારનો છે એ પણ વ્યવહાર ભેદ છે. આહાહા..! આવી વાતું છે.

આમાં નવરા ક્યારે હોય? ધંધા આડે નિર્ણય કરવાની નવરાશ મળે નહિ. ચાલ્યું જાવું છે દેહ છોડીને, દેહ તો રાખ થઈ જાશે અહીં. પોતાની સત્તા કાંઈ નાશ નહિ થાય. એની સત્તા તો એને પરને પોતાનું માન્યું છે એ વસ્તુ નહિ આવે પણ ભવિષ્યમાં બીજો સંયોગ

આવશે. કેમકે સંયોગને પોતે પોતાનું માન્યું છે તે ભવિષ્યમાં સંયોગ ભવમાં આવશે. ભવનો સંયોગ આવશે, ભવનો અભાવ નહિ થાય. આહાહા..! આવું ક્યાં ચાલે છે? 'શાંતિભાઈ'! જોયું નથી બધું તમે ત્યાં વાડામાં? તમે ફુંકતા નહિ વાતું, ભાષણ? આહાહા..!

**'(આગળ વિચારીએ :) જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે.'** આહાહા..! એમ તમે કહ્યું, ચેતયિતા–જાણનારો જાણનારનો છે. તો ક્યો વળી જાણનાર બીજો છે કે જેનો જાણનાર છે? કોનો છે જાણનાર? જાણનાર જાણનારનો છે, શ્રદ્ધા કરનારો શ્રદ્ધા કરનારનો છે, દેખનાર દેખનારનો છે. વળી દેખનારનો અને દેખનાર બે કોણ છે એ? એ તો બે ભાગ પડી ગયા. આહાહા..!

**'(આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે?'** જાણનાર જાણનારનો છે, શ્રદ્ધનાર શ્રદ્ધનારનો છે તો શ્રદ્ધનાર શ્રદ્ધનારનો બીજો કોઈ છે એનો છે ઇ? આહાહા..! દેખનાર દેખનારનો છે. ત્યારે દેખનાર અને દેખનારનો બીજી કોઈ ચીજ છે એનો છે ઇ? આહાહા..! ઇ તો કહે છે, વ્યવહારથી કથન કરવામાં આવે છે કે દેખનાર દેખનારનો છે. બાકી દેખનાર દેખનાર સ્વરૂપ જ છે. આહાહા..! એ જાણકસ્વરૂપ ભગવાન બિરાજે છે, શ્રદ્ધાસ્વરૂપ બિરાજે છે, દેખવાસ્વરૂપે બિરાજે છે. સ્વપરનું દેખવું એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..!

અહીં તો હજી વ્યવહાર દયા, દાન ને વ્રત કરતાં કરતાં વ્યવહાર માનવો છે અને એના વ્યવહારથી નિશ્ચય માનવો છે. આહાહા..! એ તો ક્યાંય વિરુદ્ધ થઈ ગયું. દયા પાળો ને વ્રત કરો, અપવાસ કરો તો તપસ્યા કહેવાય, ઉણોદરી કરો તો તપસ્યા કહેવાય ને તપસ્યા કહેવાય એ નિર્જરા કહેવાય ને નિર્જરા કહેવાય એ ધર્મ કહેવાય. તપસ્યાને નિર્જરા કીધી છે કે નહિ? ત્યારે અપવાસ તપસ્યા છે કે નહિ?

એક વાત થઈ હતી. 'રાણપુર'પાસે ગામ છે ને? કેવું? 'વેજલકા'. આવે છે ને એમાં 'વેજલકા'? એની ચર્ચા થઈ હતી. ઇ કહે તમે બધી વાત કરો પણ અપવાસ ને ઉણોદરી ને રસપરિત્યાગ એ બધું તપ છે ને તપ છે તે નિર્જરા છે ને નિર્જરા છે તે ધર્મ છે. આહાહા..! આમ છે. એવું તો અભવિએ અનંતવાર કર્યું. નવમી ગ્રૈવેયક (ગયો). 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ; પૈ નિજ આત્મજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.' તો પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળ ગુણ એ દુઃખ કીધા. એ આસ્રવ છે, પંચ મહાવ્રત આસ્રવ છે, દુઃખ છે. આહાહા..! એ આર્તધ્યાનનું દુઃખ છે. આહાહા..! મહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ છે. 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ; પૈ નિજ આત્મજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.' એ પંચ મહાવ્રતમાં લેશ સુખ નથી. આહાહા..! ને આ પંચ મહાવ્રત પાળવા એને ધર્મ માનીને બેઠા છે. અને ભાષણ કરનારા પણ એવું ભાષણ કરે, કે સૌ રાજી થાય, સૌ ખુશી થાય. આહાહા..! ભારે કર્યું! શું કર્યું એ મિથ્યાત્વ પોષ્યું છે? કે શું કર્યું એની ખબર નથી. આહાહા..!

અહીં કહે છે કે, જો એ જાણનારો, ચેતનારો, શ્રદ્ધનાર જેને શ્રદ્ધે છે, જેને દેખે છે એનો થાય તો એનો તો વિચ્છેદ થઈ જાય છે. આહાહા..! **'ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે...?'** ત્યારે તમે કહો છો, ચેતનારો ચેતનારનો છે, તો ચેતનારો વળી બીજી ક્યો ચેતનાર છે કે એનો છે? **'જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,...'** આ ઉત્તર અપાય છે. **'પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** એ તો સ્વ-સ્વામીરૂપ અંશનું કથન છે. શ્રદ્ધનારો શ્રદ્ધનારનો છે, દેખનારો દેખનારનો છે. એ તો સ્વ-સ્વામી અંશ બેય ભેદ પાડે છે, એ પણ વ્યવહાર છે. આહાહા..! ક્યાં જાવું? અહીં તો હજી પરની દયા પાળો એટલે ધર્મ થાય ને વ્રત, પંચ મહાવ્રત પાળે તો ધર્મ થઈ જાય (એમ માને છે). સંવર થાય એને, એને માને સંવર. મહાવ્રત આસ્રવ છે. અવ્રત એ પાપ ને વ્રત એ ધર્મ છે. આહાહા..! અહીં તો, વ્રત એ પોતે અધર્મ છે. કેમકે એ રાગ છે ને રાગ છે તે ધર્મથી વિરુદ્ધ અધર્મ છે. આહાહા..!

એ અહીં કહે છે. ચેતનારો ચેતનારાનો છે એમ કીધું. ચેતનારો શ્રદ્ધા કરનારની ચીજનો નથી, દેખાય એ ચીજનો પણ નથી તો દેખનાર દેખનારનો છે તો એ વળી બે કોણ છે? કે, ભાઈ! બે નથી, એ તો કહેવાનું કથન છે. **'બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** આહાહા..! અંશો છે, એ તો બે ભેદથી વાત છે. આત્મા આત્માનો, ચેતનાર ચેતનારનો, જાણનાર જાણનારનો, દેખનાર દેખનારનો એ તો બે અંશ સ્વસ્વામી અંશના ભેદ પાડ્યા છે, એ વ્યવહાર છે.

**'અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** એવા ભેદ પાડવાથી તને ફળ શું છે? એમ કહે છે. આહાહા..! પરનું કરી શકતો નથી, પરને જાણતો નથી એ વાત તો એકકોર રાખી દો. પરને શ્રદ્ધતો નથી એ વાત એકકોર રાખો. પણ શ્રદ્ધનારો શ્રદ્ધનારનો છે, જાણનાર જાણનારનો છે, દેખનાર દેખનારનો છે એ એમ બેમાં તને ફળ શું છે? આવો ભેદ પાડીને, વિકલ્પ કરીને લાભ તને શું છે? એમ કહે છે. આહાહા..! આવો ભેદ પાડવો એ પણ રાગ છે. આહા..! એ ધર્મ નથી. આહાહા..!

**'કાંઈ સાધ્ય નથી. તો પછી દર્શક કોઈનો નથી,...'** દેખનારો અને શ્રદ્ધા કરનારો પણ કોઈનો નથી. જેની શ્રદ્ધા કરે છે એનો પણ નથી. ભગવાનની શ્રદ્ધા આત્મા કરે માટે ભગવાનનો આત્મા છે, ભગવાનનો શિષ્ય છે... આહાહા..! એમ પણ નથી. એ કોઈનો શિષ્ય પણ નથી, કોઈનો ગુરુ પણ નથી. આહાહા..! એ તો સ્વયંસિદ્ધ સહજ વસ્તુ અનાદિ કાળથી... આહાહા..! પરને અડ્યા વિના પોતે સ્વતંત્ર ચીજ સ્વયં સત્તાને સંભાળીને પડી છે. આહાહા..! એને બીજી કોઈ ચીજની અપેક્ષા હોય તો એને કોઈ મદદ મળે, ટકવાનું અથવા બદલવાનું, ટકવાનું અથવા બદલવાનું (થાય) એમ છે નહિ. ટકવું અને બદલવું તો સ્વતઃ સ્વરૂપ છે.

આહાહા..! બદલવું એ પણ સ્વતઃ સ્વભાવ છે, નિમિત્ત આવ્યું તેથી બદલ્યું,.. (એમ નથી). આહાહા..!

હથોડી આવી તો લાકડાના બે કટકા થયા, નિમિત્ત આવ્યું ત્યારે બે થયું, એમ નથી. એ લાકડાને એ અડતું નથી. શું કહેવાય એ? કરવત. કરવત એને અડતી નથી. આહાહા..! કેમકે એક ચીજમાં બીજી ચીજનો તદ્દન અત્યંત અભાવ છે. અભાવ છે એમાં એને કંઈ અડવું એવો ભાવનો અંશ આવ્યો ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? 'દામોદરભાઈ'! આહાહા..! આ ચશ્મો નાકને અડતો નથી. જો એક ચીજ બીજાને અડે તો એક ચીજ અને બીજી ચીજ વચ્ચે અત્યંત અભાવ છે એનો નાશ થઈને ભાવ થઈ જાય, બે થઈને એક થઈ જાય. બે થઈને એક છતાં અનંત થઈને એક થઈ જાય. આહાહા..! આવું છે. વાડાવાળાને તો એવું આકરું લાગે. આવું, આવું બધું છે, બધો વ્યવહાર ઊડાડી દીધો વ્યવહાર, વ્યવહાર નથી? છે. ન કીધું? છોડવા જેવો છે.

આત્મા આત્માનો એ પણ છોડવા જેવું છે, ચેતયિતા ચેતયિતાનો એ પણ છોડવા જેવું છે. આહાહા..! એકરૂપ ચેતન જ્ઞાયક, એકરૂપ દર્શન, એકરૂપ શ્રદ્ધાન એવો જે ભગવાનઆત્મા એનો ભેદ પાડ્યા વિના અનુભવ કરવા લાયક છે. આહા..! ત્યારે તેનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! આ તો બધો ફેરફાર કેટલોય છે બહારમાં તો. આની દયા પાળી ને આની પાંજરાપોળ બનાવી અને આને આ લુલા-પાંગળાને પાળ્યા ને બેરાની નિશાળ બનાવે છે ને બેરાની? છે ને નિશાળ? 'રાજકોટ'માં છે. બેરાની (નિશાળ) તદ્દન કાને સાંભળે નહિ એને લખી લખીને બોલવાનું શીખવે. એક ફેરી ગયા હતા, લઈ ગયા હતા. આહાહા..! કોણ કોને (કોનાથી) શીખવે? કોણ કોને શીખે? કોણ કોને શીખવે ને કોણ કોનાથી શીખે? આહાહા..! આવી વાત છે.

**'કાંઈ સાધ્ય નથી. તો પછી દર્શક કોઈનો નથી, દર્શક દર્શક જ છે-એ નિશ્ચય છે. (આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને દેખે છે અથવા શ્રદ્ધે છે'-એ વ્યવહારકથન છે;...'** આહાહા..! આત્મા પંચ પરમેષ્ઠીને શ્રદ્ધે છે એ વ્યવહારકથન છે. આહાહા..! પંચ પરમેષ્ઠી તો પર છે. પરને શ્રદ્ધવું એ શ્રદ્ધા આત્માની નથી. આહાહા..! આવું બધું (છે). **''પરદ્રવ્યને દેખે છે અથવા શ્રદ્ધે છે'-એ વ્યવહારકથન છે;...'** આહાહા..! અહીં સુધી આવવું. હજી તો પરનું કાંઈ કરી શકે નહિ, અડી શકે નહિ એ માનવું (અઘરું લાગે). આહાહા..! વીંછી શરીરને અડી શકતો નથી અને અહીં ઝેર ચડે છે. આ શું? એક દ્રવ્ય બીજાને કદી અડતું નથી. કેમકે એક અને બીજા વચ્ચે અનંત... અનંત... અનંત... અભાવ છે. અનંત અત્યંત અભાવ છે. એ અભાવમાં અડે એનો ભાવનો અંશ તું નાખ (તો) તત્ત્વનું ખુન થઈ જશે. આહાહા..! એ તત્ત્વનું ખુન થશે. આહાહા..! આવી વાત છે.

**'દર્શક દર્શક જ છે-એ નિશ્ચય છે. વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દૃષ્ટાંત-**

**દાર્ષ્ટાંથી કહ્યું) એવી જ રીતે અપોહક (ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે :–'** હવે આત્મા પરનો ત્યાગ કરનાર એમ કહેવામાં આવે છે. ચારિત્ર એટલે પરનો ત્યાગ કરે. કે, ના, ના એ પણ નહિ. આહાહા..! આણે બાયડી છોડી, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધો છોડ્યો, વેપાર છોડ્યો, પાંચ પાંચ લાખની પેદાશું હતી ને છોડી એ બધું કથન જૂઠું છે. આહાહા..! પરદ્રવ્ય એની પાસે આવ્યું નથી, એનું થયું નથી ને એને છોડ્યું. એની પાસે હોય, એનામાં હોય એ છોડે. એ પણ વ્યવહાર છે. એનામાં રાગ અને દ્વેષ છે એને છોડે એ પણ વ્યવહાર છે. પરમાર્થે તો આત્મા આત્માના ધ્યાનમાં જ્યાં આવે છે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી તેને રાગને છોડે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! આવી વસ્તુ ને ગોટા વાળવા. મોટી સભામાં જે તે ભાષણ આપવા, બધા ખુશી ખુશી થઈ જાય. પોતાને કેટલું નુકસાન થઈ જાય છે (એની ખબર પડતી નથી). આહાહા..! આવી વાત છે.

હવે ત્યાગની વાત આવી. જ્ઞાયકની આવી, દર્શનની આવી, શ્રદ્ધાની આવી, હવે ત્યાગની આવે છે. **'એવી જ રીતે અપોહક વિષે કહેવામાં આવે છેઃ–'** રાગના ત્યાગ વિષે કહેવામાં આવે છે. આહાહા..! **'આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે (અર્થાત્ ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?'- એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય,...'** આહાહા..! ખડી ભીંતની હોય તો તે તેની જ હોય. તેની જ હોય, એનાથી જુદી હોય જ નહિ. આહાહા..! જેનું જે હોય તે તે જ હોય. આહાહા..! પરનો ત્યાગ કરવા જાય તો એનો અર્થ એ કે પરવસ્તુ એની છે, એની થઈ ત્યારે એણે છોડી. આહાહા..!

આત્મામાં એવો એક ગુણ છે. ૪૭ ગુણ છે એમાં અનંત ગુણ છે. એમાં એક ગુણ એવો છે. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. પર એક રજકણ કે ગોળ ગળપણ કે રસ કે કેરી કે ફલાણું મેં છોડ્યું. એ છોડ્યું અને ગ્રહવું એ આત્મામાં છે જ નહિ. આહાહા..! ૪૭ શક્તિ છે એમાં આ ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ (છે). પરનો ત્યાગ અને પરનું ગ્રહણ. ત્યાગ-ઉપાદાન એટલે ગ્રહણ શૂન્યત્વ. પરના ત્યાગ-ગ્રહણથી શૂન્ય એવો આત્મા એનો સ્વભાવ છે. આહાહા..! આ તો બહારથી જ્યાં પાંચ કાંઈક છોડે ત્યાં (એમ માને કે) આ ઘણું છોડી દીધું, આ દુકાન છોડી, બાયડી છોડી ને ધંધો છોડ્યો ને ઢીંકણું કર્યું ને...

મુમુક્ષુ :– વકીલાત છોડી.

ઉત્તર :– વકીલાત છોડી 'રામજીભાઈ'એ. કોણ કરતું હતું તે છોડે? આહાહા..! ક્યાં એ કરતા હતા તે છોડે? ક્યાં એ ચીજમાં હતા તે એને છોડે? ક્યાં એ ચીજ પોતામાં

હતી તો છોડે? આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ! દુનિયાને અત્યારે બેસવું (કઠણ પડે). આ સંપ્રદાયમાં તો વ્યવહારની હોળી (સળગે છે). વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર (કરો). વ્યવહાર છે ખરો, વ્યવહારશૂન્ય નથી પણ તે આદરણીય નથી, જાણવા લાયક છે. એ જાણવા લાયક છે એ પણ વ્યવહાર છે. આહાહા..! આવી બધી વાતું. નવરા ક્યારે થાય ને (વિચારે)? આહાહા..!

હવે અહીં '**તાત્ત્વિક સંબંધ વિચારવામાં આવે છે :– જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ : 'જેનું જે હોય તે તે જ હોય,...**' જો એની હોય, તે ખડી ભીંતની હોય તો ભીંતરૂપે જ હોય, ખડીરૂપે જુદી રહી શકે નહિ. આહાહા..! ખડી જો ભીંતની હોય તો ભીંતરૂપે જ હોય, ખડીરૂપે રહે જ નહિ. આહાહા..! એમ ભગવાનઆત્મા શરીરનો હોય, બાપ દીકરાનો હોય, બાપનો દીકરો હોય, દીકરો કહે મારો બાપ છે ને બાપ કહે મારો દીકરો છે એમ હોય તો બે એક થઈ જાય છે. આહાહા..! કોઈ છે નહિ બાપ-દીકરો. કહો, 'હીરાલાલજી'! આહાહા..! આવી વાત છે. આ અમારો દીકરો છે ને આ અમારો દીકરાનો દીકરો છે. આહાહા..! અને આ અમારી દીકરી છે ને એને અમે ઠેકાણે પાડી, સારે ઠેકાણે નાખી છે. કોની દીકરી ક્યાં સારું ઠેકાણું કોનું? આહાહા..! બધો ભ્રમ અજ્ઞાનીનો છે. મિથ્યાત્વના પોષક છે બધા, મિથ્યાત્વના પોટલા બાંધ્યા છે. આહાહા..! ચારિત્ર દોષ તો ક્યાંય રહી ગયો. મિથ્યાત્વના દોષના જ આ બધા પોટલા છે. આહાહા..! બહુ આકરું કામ. વીતરાગ માર્ગને સમજવો... બાપુ! આહાહા..!

દુકાને બેસવું ને દુકાને બેઠો નથી, દુકાનનું કાંઈ કરી શકતો નથી, દુકાનના માલને અડતો પણ નથી. અરે..રે..! આ ઉપાડીને આપ્યું આમ કેસર કે કાંઈ. અડ્યો નથી પણ એને ઇ, અડ્યો નથી ને દે શી રીતે? આહાહા..! દુનિયાથી પાગલ જેવું છે. દુનિયા પાગલ છે, આખી દુનિયા પાગલ છે. સાધુ નામ ધરાવનારા બધા પાગલ છે. અમે દયાને પાળી શકીએ છીએ, દયા પાળો. દયા પાળી શકવાની આત્માની ત્રણકાળમાં તાકાત નથી. અને એ દયાનો ભાવ જે છે એ હિંસા છે, રાગ છે. દયા પાળી શકતો તો નથી, દયા પાળી શકું એમ માનવું એ તો મિથ્યાત્વનો પોષક છે. પણ એનો ભાવ થયો દયાનો એ આત્માની હિંસા છે. કારણ કે રાગ છે. રાગ એ આત્માની હિંસા છે. આહાહા..! એને ધર્મ માનવો. 'દામોદરભાઈ'! આ બધું સાંભળ્યું હતું, આવું ન્યાં સાંભળ્યું હતું. 'દામનગર'માં શું હતું? આહાહા..! ભારે આકરું કામ. આહાહા..!

'**આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.**' આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું થઈ જાય તો સ્વદ્રવ્યનો વિચ્છેદ થઈ જાય. આહાહા..! '**પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...**' દ્રવ્ય જે ચીજ છે, છે તેનું નથી

એમ કોઈ દિ' થતું નથી. જે છે, ચાહે તો પર્યાય છે ને ચાહે તો ગુણ ને દ્રવ્ય છે, છે તેનો કોઈ દિ' અભાવ થતો નથી. આહાહા..! તે કાળે તે છે. પર્યાય છે, ગુણ છે, દ્રવ્ય છે, પોતે છે, પોતાથી છે, પોતામાં છે. પરની બિલકુલ અપેક્ષાથી એની પર્યાય પર્યાયમાં નથી. આહાહા..! આવું 'શાંતિભાઈ'! સાંભળ્યું નથી બધું. એમાં થોથે થોથા ભેગા કર્યા છે. આહા..! બધે એ માર્ગ છે ને, બાપા! બધે ગોટા ઉઠે છે. સાચી વાત કરીએ તો કહે, એ તો નિશ્ચયની છે, એ તો નિશ્ચયાભાસની છે. નિશ્ચયની એટલે સાચાની છે, એમ. નિશ્ચયની છે એટલે સાચાની છે અને વ્યવહારની છે એટલે ખોટાની છે. આહાહા..! આકરી વાત છે, બાપુ!

વીતરાગ જૈન પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાન અનંત કેવળીઓનો એક અવાજ છે, કે કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યની પર્યાયને અડતી નથી. આહાહા..! અનંત કેવળીઓનો એક દિવ્યધ્વનિ (છે). એ દિવ્યધ્વનિ વ્યવહાર કહેવાય છે. એમાં એ આવ્યું છે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અડતું નથી અને એને ફેરવે ને એને સાફ કરે ને એને સુધારે ને એને બાફ કરે ને એને રાંધે ને એને. આહાહા..! કાંઈ એક ફુદડું, એક તણખલાના બે કટકા આત્મા કરી શકતો નથી. કેમકે તણખલાના બે કટકા થવાનો કાળ એના પરમાણુની પર્યાયનો છે. એને ઠેકાણે પોતે માને છે કે, હું આને કટકા બે કરું છું. (એ) મિથ્યાત્વને પોષે છે. આહાહા..!

આમ આખો દિવસ આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. ભાઈ! તારે ક્યાં જાવું છે? બાપુ! આ દેહ છૂટીને બીજો અવતાર થશે. આત્મસત્તા તો અનાદિની છે. આ દેહનો નાશ એટલે પરમાણુની બીજી અવસ્થા થશે. એ પણ નાશ થતો નથી. એ તો પરમાણુની બીજી અવસ્થા થવી એનું નામ નાશ. દેહનો નાશ, કર્મનો નાશનો અર્થ એ. કર્મની અવસ્થા અકર્મરૂપે થાય એનું નામ કર્મનો નાશ. આહાહા..! કોઈ ચીજ નાશ પામતી નથી, કોઈ ચીજ નવી થતી નથી. આહાહા..! આવું જ અહીં સ્વરૂપ છે.

**'એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** છે? ૧૦૩ ગાથા. કોઈ દ્રવ્યની કોઈ પર્યાય ક્યાંય બીજામાં સંક્રમતી નથી, પલટીને બીજામાં જાતી નથી. અરે..! બીજાને અડતી નથી. આહાહા..! 'સમયસાર'ની ત્રીજી ગાથા. કોઈ દ્રવ્ય અનંત જેટલા છે એ પોતાનામાં જેટલી શક્તિ અને પર્યાય છે તેને સ્પર્શે છે પણ અન્યને તો એકેય અડતું પણ નથી, ત્રણકાળમાં અડ્યું પણ નથી. આહાહા..! આ આંગળી શરીરને અડતી નથી. આહાહા..! ત્રીજી ગાથામાં છે. સંક્રમણ છે એ ૧૦૩ ગાથામાં કે એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં સંક્રમણ થતું નથી. અને ત્રીજી ગાથામાં છે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, અડતું નથી. આહાહા..! ચુંબન કરતું નથી એવો પાઠ ત્રીજી ગાથામાં છે. એક દ્રવ્ય પોતાના ગુણ ને પર્યાયરૂપી ધર્મ એને ધારી રાખેલું, એમાં રહેલું તે બીજાના પર્યાયને ચુંબતું નથી. આહાહા..! આવો માર્ગ. આહાહા..! આગ્રહી હોય એને તો એવું લાગે, પૂર્વનો આગ્રહ પાકો હોય એને

તો લાગે, આ શું કહે છે આ બકે છે?

એ વાત થઈ હતી. ૧૯૯૭ માં આ મંદિર થયું તે દિ'. 'ચીમન ચકુ' મહિનો રહ્યો હતો. પછી કહે કે, આ કર્યું મેં. નથી કરી શકતા તો કહે, આ મેં કર્યું, લ્યો! અરે..! પ્રભુ! આ કર્યું એમાં તમે શું કર્યું? એમાં આત્મામાં શું થયું? પરમાણુમાં શું થયું એ વિચાર્યું છે? આત્મા આત્માના અસ્તિત્વમાં છે, પરમાણુઓ પરમાણુના અસ્તિત્વમાં છે. એમાં આત્માએ આને આમ કર્યું એ ક્યાંથી આવ્યું? એ મોટો વકીલ કહેવાતો ને! સ્થાનકવાસીમાં ગપ્પા મારે છે. આહાહા..! હવે એવું લોકોને પસંદ પડે. આહા..!

અહીં વાત ચાલતી હતી, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. એ તો ૧૯૯૭ની સાલની વાત છે, આ મંદિર થાતું ત્યારે. કેટલા વર્ષ થયા? ૩૯ વર્ષ. ત્યારે એ વ્યાખ્યાનમાં બોલ્યો, લ્યો! અમે આ કર્યું. નથી થઈ શકતું? અરે..! પ્રભુ! એમાં શું થયું છે અને કેમ થાય છે એની તને ખબર નથી, બાપુ! એમાં આત્મા તો તદ્દન ભિન્ન પોતાના પર્યાયથી છે. એ પર્યાય શરીરની પર્યાયને અડતી નથી. અને શરીરની પર્યાય જે આમથી આમ થાય છે એ એનામાં ક્રિયાવતી નામનો શક્તિ ગુણ છે. એ પરમાણુ પોતાને કારણે આમથી આમ થાય છે. બીજા પરમાણુને લઈને નહિ ને આત્માને લઈને તો નહિ જ. આવું આકરું કામ છે. 'શાંતિભાઈ'! આવું તો સાંભળ્યું નહિ હોય પહેલાં કોઈ દિ'. બધા એવા ગપ્પા મારે એ સાંભળ્યું હોય. આ તો બેનને લઈને આવવાનું થયું. આહાહા..! બહુ માર્ગ, બાપા! એવો માર્ગ કોઈ જુદો છે. આહાહા..!

તીર્થંકરદેવ કેવળી સર્વજ્ઞ પરમાત્મા, એની દિવ્યધ્વનિ અને એનો પોકાર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ, ચુંબે નહિ. આહાહા..! ચુંબે નહિ તો બીજાનું કાંઈ કરે એ વાત ત્રણકાળમાં ખોટી-જૂઠી છે. આહાહા..! ભારે કામ. આ દુકાનમાં ધંધામાં લોઢાના લોઢા ફેરવો છો ને સવારથી? અમારે 'મનસુખ' ને 'નટુ' ધંધા મોટા કરે છે. દાણા ફેરવે છે, આ ગુણો ફેરવે છે. આહાહા..! આવો માર્ગ સાંભળવો કઠણ પડે. આ તે કેમ છે? આ શું છે? આમ આખો દિ' આમ કરીએ છીએ, આ કરીએ, બોલીએ છીએ, હાલીએ છીએ, આ કરીએ છીએ અને આત્મા એને અડતોય નથી? આહાહા..! કરતો તો નથી પણ અડતોય નથી. જો એને અડે ને કરે તો પોતાનો ભાવ તેમાં ભળી જાય તો પોતાનો અભાવ થઈ જાય. આહા..!

**'દ્રવ્યનો ઉચ્છેદ થઈ જાય અને દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** છે એમાં? પૂર્વે ૧૦૩ ગાથામાં નિષેધ કર્યો છે. એક દ્રવ્યની પર્યાય બીજી દ્રવ્યની પર્યાયમાં સંક્રમતી નથી પલટતી ને બીજામાં ભળતી નથી. આહાહા..! આવું છે. **'ખડી ભીંત-આદિની નથી.'** આહાહા..! **'જો ખડી ભીંત-આદિની નથી તો ખડી કોની છે? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ)**

**ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.**' એ તો સ્વ-સ્વામી કહેવાય. આનો આ. આત્માનું જ્ઞાન, જ્ઞાન આત્માનું. એ તો સ્વ-સ્વામી અંશનું કથન છે, કાંઈ જુદું છે નહિ. આહાહા..! '**અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે? કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી,...**' એ ખડી ભીંતની થઈ નથી, ભીંતને ખડી અડી નથી. આહાહા..! દિવાળીને દિ' આ દે ને? ધોળ. એ ધોળ કહે છે કે ભીંતને અડતો નથી. આહાહા..! '**ખડી ખડી જ છે-એ નિશ્ચય છે. જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે :–**' આહા..! હવે ત્યાગની વાતનો સિદ્ધાંત છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૧૨ ગાથા–૩૫૬ થી ૩૬૫ સોમવાર, જ્યેષ્ઠ સુદ ૪, તા. ૧૬-૦૬-૧૯૮૦**

---

'સમયસાર' માં ૫૨૫ (પાનું) છે એની ચોથી લીટીથી લેવાનું છે, ચોથી લીટી. '**આ જગતમાં જે ચેતયિતા છે...**' એટલે કે આત્મા, આત્મા છે '**તે, જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો,...**' ચેતન છે એ '**જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે...**' પરનો ત્યાગ કરવો એમ છે નહિ. પરના ત્યાગના–અભાવ સ્વભાવ સ્વરૂપ છે. આહાહા..! પરવસ્તુ છોડવી, ત્યાગવી એ વસ્તુમાં નથી, વસ્તુ નિરાળી પડી છે. નિશ્ચયથી તો તત્ત્વએ રાગને ગ્રહ્યો નથી. તેમ રાગને છોડવો એ પણ વ્યવહાર છે. આહા..! એ ચૈતન્યસ્વરૂપ જ્ઞાન-દર્શનથી ભરેલો ભગવાન (છે) અને પરના ત્યાગના અભાવ સ્વભાવ સ્વરૂપ. આહાહા..!

'**પરના અપોહનસ્વરૂપ (ત્યાગસ્વરૂપ) સ્વભાવ છે...**' હવે પરના ત્યાગ સ્વભાવ સ્વરૂપ, અભાવ સ્વભાવ સ્વરૂપ છે એ ત્યાગે કોને? આહાહા..! પરના ત્યાગના અભાવરૂપ સ્વભાવ છે એ કોને ત્યાગે? ત્યાગ કરવાનો ભાવ એનામાં હોય તો ત્યાગે. અહીં તો કહે (છે), એનામાં ત્યાગનો તો અભાવ છે. આહાહા..! બાહ્ય વસ્તુને ગ્રહણ કરી નથી તો છોડવી એ તો વસ્તુમાં છે જ નહિ કાંઈ. લોકો બાહ્ય ત્યાગ દેખીને ત્યાગી છે એમ માને છે એ મિથ્યા છે. આહાહા..! નિશ્ચયથી તો અંતર જ્ઞાન, દર્શન ને પરના ત્યાગ સ્વભાવના અભાવરૂપ સ્વરૂપ જ છે. એવી અંતર દૃષ્ટિ થતાં એ પરનો ત્યાગ કરે છે એ પણ એનામાં છે નહિ. આહાહા..!

જ્ઞાન દર્શનથી તો કહ્યું પણ આ ત્યાગ ઝીણી વાત છે. આણે સ્ત્રીનો ત્યાગ કર્યો, આણે લક્ષ્મીનો ત્યાગ કર્યો, આણે આટલા રસનો ત્યાગ કર્યો એવું સ્વરૂપમાં છે નહિ. આહાહા..! કેમકે પરના અભાવ-સ્વભાવ સ્વરૂપ છે. તો જે ત્યાગ કરવો છે એના અભાવ-સ્વભાવ સ્વરૂપ છે. તો અભાવ-સ્વભાવ સ્વરૂપે (છે એ) પરને ત્યાગે કઈ રીતે? આહા..! એ અજ્ઞાનીની ભ્રમણા છે કે, હું આ છોડું છું ને આટલો આ ત્યાગ (કર્યો છે). શાસ્ત્રમાં તો આવે, આત્મા

... કે, અમુક રસનો ત્યાગ કરે ને અમુક રસ (ન ખપે) એવું આવે. એ નામમાત્ર કથન છે, ફક્ત સમજાવવા માટે છે. રસનો ત્યાગ તો એને ત્રિકાળી રસના ત્યાગનો અભાવ-સ્વભાવ સ્વરૂપ છે. એમાં પછી ત્યાગે કોને? આ તો રસ ત્યાગ કર્યો ને આણે આ ત્યાગ કર્યો (એમ લોકો બોલે). આહાહા..! આને અનાજ ત્યાગ કર્યો, ફળ-ફૂલ ઉપર રહે છે. આહા..! એ બધી ભ્રમણા છે.

**'એવું દ્રવ્ય છે...'** એવો આ ભગવાનઆત્મા છે. જ્ઞાન, દર્શનથી ભરેલો અને રજકણથી માંડીને આખી ચીજો જગતની પૈસા, કપડા, દાગીના, આહાર, પાણી, રસ એના અભાવ સ્વરૂપ દ્રવ્ય જ છે. એ દ્રવ્ય જ એવું છે, વસ્તુ ભગવાનઆત્મા. આહાહા..! જે પરના ત્યાગના સ્વભાવનો જેમાં અભાવ એની પાસે ત્યાગ કરાવવો... આહાહા..! કે, આ ત્યાગવું શું... આ ત્યાગવું શું... આ ત્યાગવું શું... એ ભ્રમ, ભ્રમણા છે. આહાહા..! આવું શ્રાવકના વ્રતમાં તો આવે છે કે, આટલું ખપે ને આટલું ન ખપે. એ તો બધા વ્યવહારના–અસદ્ભૂત વ્યવહારના કથનો છે. આહાહા..!

અહીંયાં કહે છે, એવું તો એ દ્રવ્ય છે. આત્મા જ્ઞાનદર્શનથી ભરેલો અને પરના ત્યાગના સ્વભાવનો અભાવ (સ્વરૂપ) એવું તો એ દ્રવ્ય છે. એવો તો એ આત્મા છે, એવો આત્માનો સ્વભાવ અનાદિ એવો છે. આહાહા..! પુદ્ગલાદિ પરમાણુ રસ, રોટલી, દાળ, ભાત, શાક એ **'પરદ્રવ્ય વ્યવહારે ચેતયિતાનો અપોહ્ય છે, વ્યવહારે (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે.'** એ તો નિમિત્તપણું છે એટલે વ્યવહારથી કહેવાય છે. બાકી પરને અડતો પણ નથી એને છોડવું શું? આહાહા..! ભગવાનઆત્મા દ્રવ્ય જ એવું છે કે, કર્મને અડતો નથી ને. એ અનાદિથી કર્મ એકક્ષેત્રાવગાહે છે. એક ક્ષેત્રાવગાહમાં અનાદિથી છે. છતાં તેનો તેને ત્યાગ છે, એ કર્મના ત્યાગનો જ એનો સ્વભાવ છે. આહાહા..! કર્મને છોડવું કે બાંધવું એવું કોઈ દ્રવ્ય નથી, એવા કોઈ દ્રવ્યની પર્યાય નથી. દ્રવ્ય તો નથી ભલે દ્રવ્યની પર્યાયે એવું દ્રવ્ય નથી. આહા..! વ્યવહારે પરદ્રવ્ય ચેતયિતાનો ત્યાગ કહેવાય છે.

**'હવે, 'અપોહક (ત્યાજક) ચેતયિતા,..'** પરનો ત્યાગ કરનારો, **'અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય...'** પુદ્ગલાદિ જે છોડવા યોગ્ય છોડે છે એમ કહેવાય. તેનો તે છે કે નહિ? આત્મા જેને ત્યાગે તેનો તે છે કે નહિ? સમજાય છે કાંઈ? જે વસ્તુ એને એમ કે ખપે નહિ, એ છોડે. તો ઇ છોડે એનો છે કે નહિ ઇ? છોડે એનો છે કે છોડવાના સ્વભાવનો એમાં અભાવ છે? આહાહા..! **'પુદ્ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું અપોહ્ય (ત્યાજ્ય, ત્યાગવાયોગ્ય પદાર્થ) છે. હવે, 'અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?''** વ્યવહારે કહ્યું કે, તેનો ત્યાગ કરે છે એમ જે કથનમાત્ર કહ્યું તો પૂછીએ છીએ કે, એ ચીજ એની છે કે જુદી છે? જેને છોડે છે એની છે કે જુદી છે? આહાહા..!

**'અપોહક (ત્યાજક) ચેતયિતા, અપોહ્ય (ત્યાજ્ય) જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :–'** આહાહા..! વાણી છોડે, શરીર છોડે. આહા! કેટલાક તો એવા નીકળે છે ને અત્યારે? મરતા શરીર આપી દે બીજાને. એનું શું કહેવાય? એની ક્રિયાની નિશાળ હોય ને નિશાળ એની. મડદું એને આપી દે, મડદું. આહાહા..! બહુ મડદું તો મડદું મારું, હું એને આપું. આહાહા..! એમ કે મારા શરીરને બાળશો નહિ. શરીર એને એ ... એ આમ આખું બધું જોવે. ક્યાં ક્યાં શું શું?

મુમુક્ષુ :– ડૉક્ટરોને શીખવા માટે.

ઉત્તર :– શીખવા માટે આપે. આહાહા..! એ શરીર પ્રત્યે મમતા કેટલી! આહા..! એ શરીર મરી ગયા, છૂટી ગયા પછી પણ (આમ કરે). આહાહા..! અમારે આ છે ને 'જયંતિ મોદી' 'પાલીતાણા' એણે એ અત્યારથી લખી દીધું છે. આહાહા..! ભાઈ! ખબર છે? 'પ્રવિણભાઈ' છે ને લખેલું? એ જ્યાં ભણતરમાં કામ આવે ચીરીને જોવામાં એને આપી દીધું. શું કહેવાય? નિશાળ હશે? (મેડિકલ કોલેજ), એ કોલેજ. આહાહા..! ગજબ છે. ત્યાં એની મેળે છૂટે, એની મેળે બળે એને પોતે કહે કે, મારું આને આપજો કે, જેથી એને કામ આવે, કામ આવે એને.

મુમુક્ષુ :– પરોપકાર છે, પરોપકાર તો છે ને?

ઉત્તર :– પરોપકાર કરે છે. આહાહા..! ઓહોહો..! જગત ક્યાં જાય છે, ક્યાં જશે? ઉભુ રહીને. અર..ર..! જેના શરીરનો પણ ઉપયોગ બીજો સારા કરે. મરી ગયા પછી પણ! અરરર..! ગજબ વાત છે. કેટલી મમતા! આહાહા..! શરીર છૂટ્યા પછી પણ એનું કોઈ બરાબર કામ કરે, પરોપકાર (કરે). એના અવયવો તપાસે, જોવે, છોકરાઓને શીખવાડે. આહાહા..! અહીં કહે છે પણ ઇ પુદ્ગલને છોડે છે એનો એ જીવ છે કે નહિ? આહાહા..! ઇ કહે છે.

**'જે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી?-એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય...'** જો આત્મા શરીરનો, વાણીનો હોય. આહાહા..! મારા શરીરને સારે ઠેકાણે વાપરજો, સારે ઠેકાણે આપજો, ઊંચા એવા કોલેજ હોય એમાં આપજો. આહાહા..! ક્યાં સુધીની મમતા! આહા..! એ પુદ્ગલાદિનો હોય તો શું થાય? જેને છોડે છે તેનો જ તે હોય. રસ છોડે છે, શાક છોડે છે, કંદમૂળ છોડે છે, કંદમૂળ છોડે છે ને? આહાહા..! જેને છોડે છે તેનો જો હોય તો (શું થાય) તે વિચારીએ.

**'જેનું જે હોય તે તે જ હોય,...'** જેનું જે હોય, જેનું જે હોય તે તે જ હોય. આહાહા..! જો ઇ શરીરનો ત્યાગ કરનારો આત્મા શરીરનો હોય તો આત્મા શરીરરૂપ જ હોય. આહાહા..! જેનું જે હોય તે તે જ હોય. એને છોડે છે તો એનો હોય તો એના રૂપે જ હોય, એના સ્વરૂપે હોય. રસ છોડે છે એ રસનો જો હોય તો આત્મા રસરૂપે હોય. આહાહા..! બહુ

માર્ગ ઝીણો. ત્યાગ સુધી લઈ ગયા. જાણવા-દેખવાનું તો ઠીક, પરને જાણે-દેખે એ વ્યવહાર, પોતાને જાણે-દેખે એ પણ સદ્ભૂત વ્યવહાર. આહાહા..! હવે અહીં કહે છે કે, પરને ત્યાગે એનો એ હોય તો પરરૂપ હોય, તો પોતાનો તો નાશ થઈ જાય. આહાહા..! જેને છોડે છે રસને, પુદ્ગલને, આ કેરીને, જાંબુને, ઘરેણા પહેરવા નહિ, આવા કપડા પહેરવા નહિ એવો ત્યાગ કરે છે ને? સાદા કપડા પહેરવા, સાદા.

મુમુક્ષુ :– ખાદીના પહેરવા.

ઉત્તર :– ખાદીના પહેરવા. આહાહા..! ખાદીનો એ છે કે નહિ? કે જેથી એને પહેરે ને છોડે. આહાહા..! વિલાયતી કપડા છોડવા, ખાદીના પહેરવા. આહાહા..! તો જેને તે છોડે છે તેનો તે છે કે નહિ? અને જો તેનો જ હોય તો તે રૂપે હોય. તો ભિન્ન ચૈતન્ય રહી શકે નહિ. આહાહા..! છે? જેનું જે હોય એને છોડે એનો હોય, જેને છોડે એનો હોય તો જેનું જે હોય તે તે જ હોય, તે રૂપે હોય. જે છોડે છે એનો હોય તો એ છોડવારૂપે હોય. આહાહા..!

ત્યાગ, ત્યાગ બહારનો. બહારનો હોં! રાગનો પણ નહિ. બહારના ત્યાગ. આહા..! આણે આટલું આમ છોડ્યું ને આટલું આમ છોડ્યું ને આટલું ગ્રહ્યું. આટલું ગ્રહ્યું ને આટલું છોડ્યું. આહાહા..! એ કહે છે કે, જેને છોડે છે તેનો એ છોડનારો તેનો છે? છોડનારો જેને છોડે તે રૂપે છે? એનો તાત્ત્વિક સંબંધ વિચારીએ. આહા..! જેનું જે હોય તો તે તો તેનું તે હોય. તો એ રસનો હોય, વિલાયતી કપડા છોડે છે એનો હોય, એનાથી જુદો તો હોય નહિ. આહાહા..!

**'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;...'** જેનું જે હોય તે તે જ હોય, જેનું જે હોય તે તે જ હોય. આત્માનું જ્ઞાન છે તે ઇ આત્મા જ છે. એમ પરનો ત્યાગ કરે છે એ એનો હોય તો એ રૂપે થઈ જાય. આહાહા..! **'ચેતયિતા જો પુદ્ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** પરનો ત્યાગ કરનારનો, ત્યાગ કરનારો ત્યાગ કરનારનો હોય તો પોતાનો અભાવ થઈને પરરૂપે થાય. તો પોતાનો તો નાશ થઈ ગયો. આહા..! પરના ત્યાગના સ્વભાવથી અભાવરૂપ તો રહ્યો નહિ, પરના ત્યાગના સ્વભાવરૂપે થઈ ગયો. પરના ત્યાગના સ્વભાવરૂપે (થઈ ગયો તો) પર થઈ ગયો, એ આત્મા રહ્યો નહિ. આહાહા..! બહુ ઝીણું. આ તો બહારના ત્યાગ ઉપર આખું પ્રમાણ (કાઢે). અંતર કોણ ચીજ છે અને એનું શું સ્વરૂપ છે (એની કિંમત નહિ). આહા..!

કહે છે કે, રજકણથી માંડીને પૈસો, લક્ષ્મી કે આબરુ, કીર્તિ કે મકાન કે સ્ત્રી કે પુત્ર-દીકરાઓ... આહાહા..! કે, ભાઈ! આ દીકરાને હું છોડું છું ને આને આપું છું. સમજાય છે? મારો ભલે વાંઝિયો રહે પણ આને હું આપુ છું. મોટાભાઈને નથી તો એને હું આપુ

છું. બને છે ને? આહા..! એને દીકરો ન હોય અને દીકરો હોય એને બે ત્રણ દીકરા હોય તો એક દીકરો એને આપે. એ દીકરો આપે એનો એ છે? એનો હોય તો એના રૂપે રહે, તો જુદો તો રહી શકે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– આ બધું થાય છે શું?

ઉત્તર :– થાય છે ગપ્પ બધું, મિથ્યા ભ્રાન્તિ સેવે છે. આહા..! પોતાની જાતને જુદી જાળવી શકતો નથી. પોતાની જાતને પર જાતમાં ભેળવીને પરરૂપે માને છે. આમ આખો દિ' કરી રહ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :– બરાબર બરાબર અમે કહીએ છીએ પણ સમજાતું નથી કાંઈ.

ઉત્તર :– આ ચીજ જે આત્મા છે, આ શરીરને છોડે તો એ છોડે એનો છે કે શરીરથી જુદો છે? જો શરીરને છોડે એનો હોય તો શરીરથી જુદો રહે નહિ. તો શરીરનો થઈ જાય. પોતાનો નાશ થઈ જાય, ચેતયિતાનો તો નાશ થઈ જાય. આહાહા..! આ મારું શરીર છે એને સુખડથી બાળજો, લાકડાથી નહિ. આમ છે. ચંદનના લાકડાથી બાળજો. આહાહા..! એ ચંદનના લાકડાનો એ છે? એનો હોય તો પોતાનો નાશ થઈ જાય. પોતે ચંદનના લાકડા માથે ગરી જાય. આહાહા..!

મુમુક્ષુ :– આપના ગુરુ ગુજરી ગયા હતા ત્યારે સુખડના લાકડા ઘણા લાવ્યા હતા.

ઉત્તર :– એ તો બધા સાધુને એમ જ હોય, સાધુને ચંદનના લાકડાથી (સંસ્કાર કરે). અને એ તો આબરૂદાર મોટા. મોટા શેઠિયાઓ લાખો પચાસ પચાસ હજારની પેદાશવાળાઓ સુખડનું લાકડું લઈ આવ્યા, લઈને સામે આવ્યા હતા. અમે નહોતાને, ત્યાં બીજે ગામ હતા. આ 'રાયચંદ ગાંધી' ને બધા સુખડનું લાકડું મોટું હાથમાં કાંધે નાખીને સામે આવ્યા હતા. આહાહા..! (સંવત) ૧૯૭૪ ની વાત છે, ચૈત્ર વદ ૯, ૧૯૭૪ ની (વાત) છે. 'કાંપ' ના પુલ નીચે બાળ્યા. બધા શેઠિયાઓ સુખડના લાકડા હાથમાં લઈને સૌ સૌના જુદા (લાવેલા). આહાહા..!

કહે છે કે, જેને એણે છોડ્યું એનો એ છે કે નથી? કે જો એનો હોય તો જેનું જે હોય તે તે જ હોય, જેનું જે હોય તે તે જ હોય. જો એ લાકડાનો હોય તો લાકડામય જ એ હોય. આહાહા..! આવી વાતું. આકરું કામ, બાપુ! જૈનદર્શન વીતરાગ... અને જન્મ-મરણના અંત. આહાહા..! અનંત અનંત ભવ એનો અંત લાવવો એ કોઈ અલૌકિક ચીજ છે. એ રજકણથી પણ, રાગ અને રજકણથી પણ પ્રભુ જુદો છે. એ રાગનો ત્યાગ પણ નામમાત્ર છે. આહાહા..! રાગરૂપે એ છે નહિ. એ તો વીતરાગમૂર્તિ આત્મા છે. આહાહા..!

વીતરાગ સ્વરૂપી ચૈતન્યમૂર્તિ પરમેશ્વર છે એને એવી હલકી ચીજમાં સ્વામી બનાવવો, ધણી બનાવવો અને એનો બનાવવો, એને મેં છોડ્યા, એનો બનાવવો (એમાં) એનો નાશ થાય છે પોતાનો, પોતાની ચીજનો નાશ થાય છે. એ આવ્યું ને? સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.

પોતાનું દ્રવ્ય ત્યાં રહે નહિ. આહાહા..! આવો ધર્મ હશે? દયા પાળવી, વ્રત કરવા, પૂજા કરવી, દરરોજ એક કલાક વ્યાખ્યાન સાંભળવું, રાતે ચોવીહાર કરવો, થઈ ગયો ધર્મ. કાંઈ ધૂળમાંય ધર્મ નથી. આહાહા..! ધર્મી એવો આત્મા એમાં ધર્મ છે. આહા..! એ પરનો ત્યાગ અને પરને જાણવું-દેખવું એ તો વ્યવહારનું કથન છે. આહાહા..! પરને જાણવું-દેખવું એ પણ વ્યવહાર છે તો પરના ત્યાગની વાત તો શું કરવી? આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં તો એમ આવે કે કેવળી ભગવાન પહેલા સમયે ભાષાને ગ્રહે, બીજે સમયે છોડે.

ઉત્તર :– હા એ બધી વ્યવહારની ભાષા આવે, જ્ઞાન જણાવવા, જાણવા માટે આવે. આહાહા..! કોઈ કોઈને અડે નહિ. એક દ્રવ્ય, એક દ્રવ્ય... સિદ્ધાંત ત્રીજી ગાથામાં આવ્યો કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબે નહિ, અડે નહિ, એ દ્રવ્યનું કામ કરે એ મિથ્યા ભ્રાન્તિને સેવે છે. આહાહા..! ગજબ વાત છે. આમ બ્રહ્મચર્ય તરીકે શરીરને વિષયનો ત્યાગ હોય, પણ શરીરે ન કામ કર્યું એટલે મેં વિષય ન સેવ્યો એ મિથ્યાત્વ છે. આહાહા..! આકરું કામ છે. એણે વિષય સેવ્યો નહિ ક્યારે કહેવાય? કે, આનંદ સ્વરૂપમાં રહે અને વિકલ્પ ઉઠે નહિ ત્યારે તેને બ્રહ્મચર્ય લીધું ને વિષય ન સેવ્યો એમ કહેવાય. આહાહા..! આવી વાત છે. દુનિયાથી જુદી જાત છે, ભાઈ! દુનિયાને જાણીએ છીએ ને? ઘણા બુદ્ધિવાળા હોય સાધારણ બિચારા ભોળા ભટ્ટ જેવા એને ધર્મ (મનાવીને) ચડાવી દે (બીજે) રસ્તે. ધર્મ છે (માનીને) એમાં જિંદગી પૂરી થઈ જાય ને ચાલ્યા જવાના ને ચાર ગતિ રખડવાના. આહાહા..! આ દેહ છૂટીને ભવ તો છે. આત્મા છે ને? કે, આત્મા કાંઈ બીજે સત્તામાં રહેશે કે નહિ? હોવાપણે ક્યાંક રહેશે કે નહિ? આ છોડીને બીજા હોવાપણે (રહેશે). ભાન તો નથી કાંઈ. આહા..! પછી કીડા ને કાગડા ને કુતરા ને એમાં અવતાર થાય. માંસના, દારૂના ખોરાક ન હોય એના. આહા..! માંસ ને દારૂના ખોરાક હોય એ તો મરીને નરકમાં જાય. આહાહા..!

મુમુક્ષુ :– 'ઇંગ્લેન્ડ' ને 'અમેરીકા'વાળા નરકમાં જવાના?

ઉત્તર :– બધાય નરકમાં જવાના છે. આકરી વાત બહુ પડે, બાપા! 'કુંદકુંદાચાર્ય' ત્રણલોકના નાથની વાત કરે (છે). કપડાનો કટકો રાખી સાધુ મનાવે, માને (એ) નિગોદમાં જવાના. ભલે કદાચિત્ આ ભવમાં બ્રહ્મચર્ય કાંઈક પાળ્યું હોય ને એવો શુભભાવ હોય તો એકાદ ભવ વ્યંતર ભૂતડામાં જાય, ન્યાંથી તિર્યંચ થઈને નિગોદમાં જવાના. અરે..રે..! આવી વાત છે. વીરનો માર્ગ છે શૂરાનો, એ કાયરના કામ નથી. આહાહા..!

અહીં એ કહ્યું, જો તેનો તે થાય તો **'સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...'** ઉચ્છેદ એટલે નાશ. **'કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથામાં. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે સંક્રમે–બદલે, એક પરમાણુ બીજા પરમાણુપણે પર્યાયપણે પરિણમે, આત્મા એક પરમાણુની પર્યાયપણે પરિણમે

તો પોતાનો નાશ થઈ જાય. સંક્રમણ થાય એનો બદલો (થાય તો નાશ થઈ જાય). આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે તો પોતાનો નાશ થઈ જાય. આહાહા..! આવો માર્ગ (છે) એને લોકોએ કરી નાખ્યો અવળો–ઊંધો. વીતરાગ પરમાત્મા તો આમ કહે. આહા..!

હજી ચારિત્ર દોષ હશે તો એનો નિવેડો આવશે પણ શ્રદ્ધા દોષ હશે એના નિવેડા નહિ આવે. આહાહા..! 'પાહુડ'માં આવ્યું છે કે, કદાચિત્ સમકિતી છે અને વિષયના મોહમાં છે, વિષયના પ્રેમમાં આસક્તિમાં (છે), છતાં તેની શ્રદ્ધાને દોષ નથી. એ શીલવંત છે, સમ્યગ્દષ્ટિ શીલવંત છે. આહાહા..! નરકમાંથી નીકળીને એ તીર્થંકર થવાનો. આહાહા..! 'અષ્ટપાહુડ' છે. મોહમાં–ચારિત્રમોહમાં પડ્યો હોય, વિષયના ભોગમાં (હોય) છતાં સમકિતી છે એનો સ્વામી નથી, એનો રસ નથી. આહા..! તેમાં એકમેક થયો નથી. તેથી તેને દોષ સમકિતનો થયો નથી. ચારિત્ર દોષ છે એ દોષ અલ્પ છે. પણ દર્શનભ્રષ્ટ છે, દર્શનભ્રષ્ટ છે એ તો જ્ઞાન ને ચારિત્રથી ભ્રષ્ટ છે, ત્રણેયથી ભ્રષ્ટ છે. 'અષ્ટપાહુડ'માં છે, 'દર્શનપાહુડ'. દર્શનથી ભ્રષ્ટ એ જ્ઞાનથી ભ્રષ્ટ ને ચારિત્રથી ભ્રષ્ટ, ત્રણેયથી ભ્રષ્ટ છે. ચારિત્રથી ભ્રષ્ટ છે એ હજી સમકિતથી ભ્રષ્ટ ન હોય. આહાહા..! 'અષ્ટપાહુડ', 'કુંદકુંદાચાર્ય'. આહાહા..!

શ્રદ્ધા અને ચારિત્ર દોષ. ચારિત્રનો દોષ શ્રદ્ધાને દોષ લગાડતો નથી. આહાહા..! 'ભરત' અને 'બાહુબળ' બે લડ્યા અને 'ભરત' ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી પરણ્યા છતાં સમકિતને દોષ નથી. આહાહા..! અને જેને શ્રદ્ધાનો દોષ છે એ ભલે વિષય સેવતો ન હોય તોપણ એ અજ્ઞાનીને સંસારમાં રખડવાનું છે. આહાહા..! બાળ બ્રહ્મચારી છે એ શરીરથી વિષય લીધો નથી, એને જ બ્રહ્મચારી માને (એ) મિથ્યાત્વ છે. આહાહા..! શરીરથી વિષય ન લીધો માટે મેં સેવ્યું નહિ. પણ આ જડ માટી છે, એની ક્રિયા ન થઈ પણ આત્મામાં એ ભાવ ક્યાં ગયો છે? એ વિષયનો પ્રેમ ને રસ છે, એમાં સુખબુદ્ધિ, મજાબુદ્ધિ, ઠીકબુદ્ધિ, હિતબુદ્ધિ (છે). આહાહા..! એ તો મિથ્યાત્વને સેવે છે. આહાહા..! આવો આંતરો (છે). 'શાંતિભાઈ'! બહુ આંતરો. વસ્તુ તો આવી છે. લોકો કંઈનું કંઈ (માની બેઠા છે). આહાહા..! એમ કહે છે કે, સમકિતમાં વિરુદ્ધ મિથ્યાત્વ છે, નિશ્ચયથી વિરુદ્ધ વ્યવહાર એ નહિ. આહાહા..! એવી વાત કરે. નિશ્ચયથી વિરુદ્ધ વ્યવહાર એ નહિ, વિપરીત એ નહિ. વિપરીત તો નિશ્ચય સમકિતથી વિપરીત મિથ્યાત્વ છે. આહાહા..! વળી પાછો પોતા માટે કહે, આપણે અભવિ છીએ કે કાળલબ્ધિ પાકી છે કે, ભગવાન જાણે. અર..ર..! અભવિ છીએ (કે નહીં) એની હજી ખબર ન મળે.

મુમુક્ષુ :– એમાં પુરુષાર્થ શું...?

ઉત્તર :– પુરુષાર્થ અજ્ઞાનનો છે બધો. આહાહા..! પણ ઇ તો કહેનાર ઠીક પણ આ સાંભળનારા, વાંચનારાને કાંઈ શંકા પડે તો... હોંશિયાર છે, સ્યાદ્‌વાદ જાણે છે બધું. આહાહા..! અભવિની પણ ખબર પડે નહિ પોતાને. આહાહા..! ઇ ગમે તેવી ક્રિયાકાંડ કરતો હોય તોપણ

મિથ્યાદૃષ્ટિ છે ઇ તો. એને હજી અભવિ, ભવિની શંકા છે. આહાહા..! એ તો ભવ્ય પાત્ર નથી હજી. આહા! જો કે સમકિત... ‘શ્રીમદ્દે’ તો પાત્ર એને કહ્યો છે કે, સમ્યગ્દૃષ્ટિ હોય એ જ પાત્ર છે. આહાહા..! મુખ્યપણે એમ કહ્યું છે. બીજે ઠેકાણે બીજું કહ્યું છે. આહાહા..!

અહીં કહે છે કે, પરનો જો ત્યાગ કરનારો પરરૂપે થાય તો સ્વનો ઉચ્છેદ થાય. તો અન્ય દ્રવ્યનું સંક્રમણ થવાનો તો પૂર્વે નિષેધ કર્યો છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થાય એટલે એક દ્રવ્યની પર્યાય બીજી પર્યાયરૂપે થાય, દ્રવ્ય તો તેનું તે. એક પર્યાય બીજી પર્યાયરૂપે થાય તો દ્રવ્ય નાશ થઈ જાય. કારણ કે, પોતે પર્યાય વિનાનું દ્રવ્ય હોઈ શકે નહિ. એક તો પોતાનો નાશ થયો અને સામાનું કામ પોતે કર્યું. તેને પર્યાય નથી. એ પર્યાય એને નહોતી, આ તેં આપી. એ પર્યાય વિનાનું દ્રવ્ય (થયું તો) એનો પણ નાશ થયો. આહા..! ચૌદ બ્રહ્માંડનો નાશ કર્યો ખરેખર તો. આહાહા..! જેણે એકનો નાશ કર્યો એણે ચૌદ બ્રહ્માંડનો નાશ કર્યો. આહાહા..!

એકનો કર્તા થાય ઇ આખી દુનિયાનો કર્તા છે. કારણ કે એને એ વખતે એ પ્રસંગ બન્યો છે, પણ બીજો પ્રસંગ બને તો એ કરે. એ કસાઈખાના માંડે. આહાહા..! કર્તા જેની બુદ્ધિ છે એ કસાઈખાના માંડશે. આહાહા..! કર્તાપણાની બુદ્ધિ–હું કરી શકું છું તો એણે આખી દુનિયાને કરી શકું છું એમ એણે માન્યું. એ અનંતું મિથ્યાત્વને સેવ્યું. આહાહા..! સિદ્ધાંત આકરા બહુ. આહાહા..!

મુમુક્ષુ :– આ દોષની બધાને ખબર નથી પડતી.

ઉત્તર :– વિચાર પણ કે દિ’ કર્યો છે? સાંભળવામાં ક્યાં મળે છે? (જ્યાં) જાય ત્યાં દયા પાળો, વ્રત કરો ને આ કરો ને ચોવિહાર કરો ને ફલાણું કરો. સાંભળનારા ભોળા ભટ્ટ જેવા બિચારા, કાંઈ ભાન ન મળે. જય... જય, જય.. જય કરે. આહા..! આવી વાતું આકરી, બાપુ! એના હિત પડ્યા રહ્યા (અને) અહિતને રસ્તે દોરાય જાય છે. એની ખબર પણ નથી કે, અમે અહિતને રસ્તે ચાલ્યા છીએ. આહાહા..! એ હિતને પંથે ચાલનારને અહિતને પંથે ચાલે છે એમ માને. વ્યવહારથી ધર્મ માને નહિ એટલે એ અહિતને રસ્તે છે એમ માને અને પોતે વ્યવહારથી ધર્મ માને, અમે હિતને રસ્તે છીએ (એમ માને). અહિતને રસ્તે છે (અને માને છે કે) હિતને રસ્તે છે. (એ) મિથ્યાત્વમાં છે. આહાહા..!

હવે કહે છે, **‘માટે ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી. (આગળ વિચારીએ :) જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે? ચેતયિતાનો જ ચેતયિતા છે.’** એ તો પરના ત્યાગ સ્વભાવ સ્વરૂપ છે તેનો જ છે. પરના ત્યાગવાળો એ છે જ નહિ. આહાહા..! **‘(આ) ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે...’** ચેતયિતા આત્મા આત્માનો છે. આત્મા આત્માનો છે એમ જે તમે કહ્યું તો આત્મા આત્માનો એટલે કોઈ બીજા આત્માનો આત્મા છે? એ શું કહ્યું તમે? આત્મા આત્માનો છે. તો એક આત્મા બીજા આત્માનો છે તો બીજો આત્મા

છે કોઈ? આહાહા..! પરની વાત તો મુકી દીધી. હવે જાણનારો જાણનારનો છે, દેખનાર દેખનારનો છે, પરના ત્યાગના સ્વભાવનો અભાવ સ્વભાવવાળો એ પોતે છે, તો કહે છે કે, એ ચેતનાર છે કોનો પણ ત્યારે? તમે કહો છો કે આત્મા આત્માનો છે. એ પરના ત્યાગનો કરનાર પણ નથી. તો એ આત્મા આત્માનો છે, ક્યા આત્માનો એ આત્મા છે? છે?

**'ચેતયિતાથી જુદો એવો બીજો ક્યો ચેતયિતા છે કે જેનો (આ) ચેતયિતા છે? (આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી,...'** એ તો વ્યવહારના કથન છે. આહાહા..! આત્માએ આત્માનું કામ કર્યું એમ બોલાય. એથી આત્માએ આત્માનું કામ (કર્યું), બીજા કોઈ આત્માનું એક આત્માએ કર્યું એવું નથી કાંઈ. આત્માએ આત્માનું કામ કર્યું. ત્યારે એક આત્માએ બીજો આત્મા છે એનું કર્યું? એ તો ભાષા વ્યવહાર છે. આહાહા..! ગળે ઊતરવું બહુ કઠણ. સાંભળવું મળતું નથી. જિંદગીમાં સાંભળવું પહેલું-વહેલું મળ્યું હશે. આહાહા..! વીતરાગનો માર્ગ...

અનંત પદાર્થ પરમાત્માએ સિદ્ધ કર્યા. સિદ્ધ કર્યા એટલે જાણ્યા. અનંત અનંત છે તો અનંત અનંતપણે ક્યારે રહે? કે દરેક સમયે તે પર્યાય તે દ્રવ્યની તેનાથી થાય ત્યારે તે દ્રવ્ય રહે. એમ અનંતા દ્રવ્યો તેની પર્યાય કરે તો રહે. એક પર્યાય બીજી પર્યાયને કરે તો તો એક દ્રવ્યનો નાશ થયો તો બીજા દ્રવ્યનો નાશ થયો તો બધાનો નાશ થયો. શ્રદ્ધામાં અનંતા દ્રવ્યનો નાશ કર્યો. આહાહા..! આવું આકરું કામ છે.

**'પરંતુ તેઓ બે સ્વ...'** એ તો કહેવાની વાત છે. આત્મા આત્માનો છે, ચેતયિતા ચેતયિતાનો છે એ તો **'બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** એ કાંઈ જુદી ચીજ નથી. સદ્ભૂત વ્યવહારથી બે ભેદ પાડ્યા છે. **'અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?'** આહાહા..! આત્માનો, આત્માનો આત્મા છે એવો ભેદ પાડીને સાધ્ય શું છે? પરિણામ તારે શું લાવવું છે? સાધ્યમાં પરિણામ શું લાવવું છે? સારું પરિણામ લાવવું છે તો સારું પરિણામ આમાંથી આવશે? આ તો ભેદ છે. આહાહા..! આવી વાત છે.

**'કાંઈ સાધ્ય નથી.'** આત્મા આત્માનો છે એમાં કાંઈ સાધ્ય નથી. એ તો એક ભેદથી કથન છે. આહાહા..! **'તો પછી અપોહક (અર્થાત્ ત્યાગ કરનાર) કોઈનો નથી,...'** કોઈનો એ ત્યાગ કરનાર છે જ નહિ. આહાહા..! કોઈનો એણે ત્યાગ કર્યો એ છે જ નહિ. આહાહા..! કેમકે પરના ત્યાગના અભાવ-સ્વભાવ સ્વરૂપે તો પોતે છે. હવે અભાવ-સ્વભાવ સ્વરૂપ છે એ પરના ત્યાગના ભાવરૂપે કઈ રીતે થાય? આહાહા..! આવું ઝીણું (પડે). પછી કહે કે, 'સોનગઢ'વાળા નિશ્ચય, એકલો નિશ્ચય (કહે છે). વ્યવહારથી લાભ થાય. વ્યવહાર અજીવ છે, વ્યવહાર અજીવ–રાગ છે. એ અજીવ છે. રાગ જીવ નથી–રાગમાં ચૈતન્યનો-ચૈતન્યનો અંશ નથી. આહાહા..! જેટલો વ્યવહાર છે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ એ બધો રાગ તે જડ છે. એમાં ચૈતન્યનો અંશ નથી માટે એ ચેતન નથી, માટે એ ચેતનને લાભદાયક

નથી. આહાહા..! 'શાંતિભાઈ'! આ સાંભળ્યું નહિ હોય ન્યાં બીજે ન્યાં ક્યાં બધા ગડબડ ગોટા વાળ્યા છે. આહાહા..! બધે એમ છે ને. આહાહા..! આવો ઉપદેશ.

કહે છે કે, પરનો ત્યાગ કરનારો મિથ્યાદૃષ્ટિ છે. અર..ર..ર..! પરના ત્યાગ સ્વરૂપે છે ને એને ઠેકાણે ત્યાગ કરનારો કહેવો... આહાહા..! તો બેયનો વિચ્છેદ થઈ જાય છે. પોતે પરના ત્યાગ સ્વભાવ સ્વરૂપ છે એને ઠેકાણે ત્યાગ કરનારો કહેવો તો પોતાનો નાશ થઈ જાય છે અને સામાનો ત્યાગ (કરે), એની જે વસ્તુ છે એને આ ત્યાગ કરી શકે છે એમ છે નહિ. એ પોતે આના ત્યાગથી રહિત જ છે. જેનો ત્યાગ કરનારો છે ઇ ત્યાગ કરનારથી ત્યાગી ચીજ ત્યાગ કરનારથી સ્વતંત્ર જુદી છે. આહાહા..! આવી વાતું હવે.

આ કરવું શું આમાં? આ કરવું કે આ કરવું? આહા..! આ સમજણ કરવી, સાથે શ્રદ્ધા કરવી, જેવું સત્ છે તેવું તેને ઓળખવું, એ કરવું નથી? આખો પલટો મારવો. આહાહા..! અજ્ઞાનનું જ્ઞાન કરવું, મિથ્યાત્વ ટાળીને સમકિત કરવું, અચારિત્રને છોડીને ચારિત્ર (કરવું) એ વસ્તુ નથી? આહાહા..! એ કરવું તો કાંઈ સૂઝતું નથી અને આ ઊંધા કરવામાં હોંશિયારી (માને). આહાહા..!

**'કોઈ સાધ્ય નથી. તો પછી અપોહક કોઈનો નથી, અપોહક અપોહક જ છે...'** પરના ત્યાગ સ્વભાવવાળો તે પરના ત્યાગ સ્વભાવવાળો જ છે, પરનો ત્યાગ કરનારો છે જ નહિ. આહાહા..! આવું ઝીણું. **'(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને અપોહે (છોડે) છે અર્થાત્ ત્યાગે છે'-એ વ્યવહારકથન છે;...'** આહાહા..! **'આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે...'** આહાહા..! એ વ્યવહાર છે. જ્ઞાનદર્શનમયને ગ્રહે છે (એ વ્યવહાર છે). આહા..! એ તો જ્ઞાનદર્શનમય જ છે. એ જ્ઞાનદર્શનમય છે, જ્ઞાનદર્શનમયરૂપે પુષ્ટી છે એની. આહાહા..! એ જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે, જ્ઞાનદર્શન છે એ પોતાને ગ્રહે છે. પરનો ત્યાગ કરતો નથી પણ પોતાને ગ્રહે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..!

પરનો ત્યાગ કરતો તો નથી કેમકે પર અને સ્વ વચ્ચે અત્યંત અભાવ છે. અત્યંત અભાવને લઈને પરના ત્યાગના સ્વભાવથી અભાવ-સ્વભાવવાળું તત્ત્વ છે. એને પરના ત્યાગ સ્વભાવવાળું માનવું એ તો તત્ત્વનો ઉચ્છેદ થાય છે. અને તત્ત્વનો ઉચ્છેદ તો ન થાય. એક તત્ત્વ બીજારૂપે થાય નહિ એ તો પહેલું કહી ગયા છે તો તારી માન્યતા ફેર છે, વસ્તુ ફેર નથી. આહાહા..! એક તત્ત્વ બીજા તત્ત્વરૂપે થતું નથી. તારી માન્યતા જૂઠી છે. મેં આનો ત્યાગ કર્યો, મેં આનું આ છોડ્યું ને મેં આનું આ છોડ્યું. આહાહા..!

**'આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે...'** જોયું? પરને ત્યાગે છે એ તો નહિ પણ હવે પોતે પોતાને ગ્રહે છે. આહાહા..! એ પરદ્રવ્ય અપોહે છે એ તો નહિ, **'પોતાને ગ્રહે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** પોતે પોતાને ગ્રહે છે. બે ભાગ પડી ગયા. આહાહા..! **'અપોહક અપોહક જ છે...'** આહા..! એ પરના ત્યાગના અભાવ-

સ્વભાવે છે એ રીતે જ છે. આહા..! પરનો ત્યાગ પણ કરતો નથી ને સ્વને ગ્રહતો પણ નથી. આહાહા..! પરને છોડતો પણ નથી ને સ્વને ગ્રહતો નથી. પોતે છે એ છે. જાણનાર, દેખનાર ને પરના ત્યાગના અભાવ સ્વભાવી છે ઇ છે. એમાં વળી આ ગ્રહવું ને મુકવું એમાં ક્યાંથી આવ્યું? છે ઇ? વસ્તુ સ્વરૂપે છે. પરના ત્યાગના સ્વભાવના અભાવ સ્વરૂપ એ તો વસ્તુ પોતે છે. હવે એમાં સ્વને ગ્રહે છે એ પણ વ્યવહાર કહે છે. આહાહા..! આવી વાતું હવે.

અહીં નવરાશ ન મળે, બે ઘડી, ચાર ઘડી નવરાશ ન હોય ને આવી વાતું. માર્ગ લેવો પડશે, ભાઈ! આવો કાળ આવ્યો, મનુષ્યપણું આવ્યું ને ચાલ્યું જશે. આમ ગણતરી એમ લાગે કે, હજી વાર છે, વાર છે. પણ સમય આવતા વાર નહિ લાગે. આહાહા..! પાંચ, દસ, પંદર, વીસ, પચીસ વર્ષની ગણતરી શી? સમય સમય ચાલ્યો જાય છે. પચીસ વર્ષનો ગણતરો શેનો? આહાહા..! ભગવાન અનાદિ અનંત છે તેમાં પાંચ, પચીસ વર્ષની ગણતરી શી? આહાહા..! એને કાળ લાગુ પડતો નથી કે, આ આત્મા કેટલા કાળનો છે. આત્મા તો અનાદિ અનંત છે. આહાહા..!

મનુષ્ય દેહમાં લાખ વર્ષ આટલો રહ્યો માટે લાખ વર્ષની ઉંમર હતી એની? એ તો દેહની ઉંમર હતી, દેહમાં રહેવાના આત્માની યોગ્યતાનો કાળ હતો પર્યાયમાં. દ્રવ્યનો સ્વભાવ પણ નહિ. આહાહા..! શું કીધું ઇ? આત્મા આયુષ્યને લઈને શરીરમાં રહ્યો એ વાત પણ સાચી નથી. આયુષ્ય કર્મ જુદી ચીજ છે, આત્મા જુદો છે. હવે આત્મા પોતાની યોગ્યતાથી શરીરમાં રહ્યો એ પણ વ્યવહાર છે. આહાહા..! પોતે પોતામાં છે. આહાહા..! એ શરીરમાં પણ રહ્યો નથી ને કર્મને અડ્યો નથી. આહાહા..! એ આત્મા પોતાના ગુણને ગ્રહે છે એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશ (રૂપ) વ્યવહાર થયો. બે ભેદ પડી ગયા ને? જ્ઞાનદર્શનમયને ગ્રહે છે, ગ્રહે છે. એ અંશ થયો ને અંશી થયો. **''અપોહક અપોહક જ છે'-એ નિશ્ચય છે.)'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૧૩ ગાથા–૩૫૬ થી ૩૬૫ બુધવાર, જ્યેષ્ઠ સુદ ૫, તા. ૧૮-૦૬-૧૯૮૦

---

'સમયસાર' આજે જ્ઞાન પંચમી છે. આજે 'ષટ્ખંડાગમ' લખાણા એની આ જ્ઞાન પંચમી છે. 'અંકલેશ્વર'માં બહુ તાડપત્ર છે. તાડપત્રના ઝાડ બહુ, જોયા છે, અમે ન્યાં ગયા હતા. તે દિ' આ જેઠ સુદ પાંચમે એ તાડપત્રો ઉપર શાસ્ત્ર લખ્યા ષટ્ખંડાગમ. એની આ જ્ઞાન પંચમી છે. ગામ છે ને? કેવું ગામ? 'સજોદ'. જુની બે હજાર વર્ષ પહેલાંની પ્રતિમા નીચે ભોયરામાં છે. બે વાર ગયા હતા ત્યાં અને જોડે આખું તાડપત્રના ઝાડનું જંગલ. તાડપત્ર

(બહુ) એટલે ત્યાં તાડપત્ર ઉપર લખાય છે. આ જ્ઞાન પંચમી.

આપણે અહીંયાં હવે અધિકાર. નિશ્ચયનો અધિકાર પૂરો થયો કે, જ્ઞાન જ્ઞાનને જાણે છે એમ કહેવું એ પણ સદ્‌ભૂત વ્યવહાર છે. પરને જાણે છે એમ કહેવું તો અસદ્‌ભૂત વ્યવહાર (છે). હવે એ જ્ઞાનની, દર્શનની અપોહકની નિશ્ચયની વાત કરી. એમ **'હવે વ્યવહારનું વ્યાખ્યાન કરવામાં આવે છે :–'**

**'જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી...'** ભીંત-આદિના સ્વભાવે નહિ પરિણમતી. આહાહા..! ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે ખડી નહિ પરિણમતી. ખડી તો પોતાના સ્વભાવે પરિણમે છે. આહાહા..! **'અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી,...'** ભીંતને ધોળી નથી કરતી. આહાહા..! ધોળી તો ધોળામાં છે, ભીંત ભીંતમાં છે. એકબીજાને નિમિત્ત કહેવામાં આવે, અરસ-પરસ નિમિત્ત (કહેવાય). પણ નિમિત્તથી એમ ન થાય કે, નિમિત્ત હતું માટે આ થયું, એમ નથી. ઇ મોટો અંદર વાંધો છે આમાં.

**'ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** જોયું? ઇ ધોળી થવામાં ભીંત-આદિ ચીજ જેને ધોળી કરી તે નિમિત્ત છે પણ નિમિત્તને એ અડતી નથી. આહાહા..! ભીંતને ખડી અડતી નથી. ખડી ખડીમાં રહીને ખડીની ધોળાશ દેખાડે છે. ફક્ત ખડીમાં ભીંતનું નિમિત્તપણું છે અને ભીંતને ખડીનું નિમિત્તપણું છે. નિમિત્તપણું છે એથી કરીને એકબીજાને પરિણમાવે છે કે પરિણમે છે એમ નથી. નિમિત્ત છે પણ નિમિત્તથી, ભીંતને નિમિત્તથી ખડી ધોળી કરે અને ભીંત ખડીથી ધોળી થાય એમ નથી. આહાહા..!

પાઠ તો આવો છે–**'ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** શેને? ખડીને. ખડી આમ ધોળી કરે છે એમાં ભીંત તો નિમિત્ત છે, ઉપાદાન તો પોતાનું છે. ધોળાશ પોતે પોતાથી જ ધોળી પરિણમે છે, ભીંતને લઈને નહિ. ભીંતને તો સફેદતા અડતી નથી. આહાહા..! તેથી કહ્યું **'ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** કોને? ધોળા ધોળાને. ધોળી ચીજ છે એ પોતાના પોતામાં રહી છે. એને ભીંત-આદિ નિમિત્ત કહેવામાં આવે પણ એથી કરીને એને લઈને અહીં ધોળાશ છે એમ છે નહિ.

**'એવા પોતાના શ્વેત ગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે...'** આહાહા..! કોણ? **'ભીંત-આદિ જેને નિમિત્ત છે (ખડીને) એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે...'** આહાહા..! ભીંતને ખડી નિમિત્ત છે. ખડીને ભીંત નિમિત્ત છે ને ભીંતને ખડી નિમિત્ત છે. આહાહા..! આ વ્યવહાર સ્થાપે છે. નિમિત્ત છે એટલે વ્યવહારથી થાય છે એમ નથી. ભીંત ધોળી થાય છે એમ નથી, તેમ ધોળી જે ખડી ભીંતરૂપે થાય છે એમ નથી. બેય ચીજ ભિન્ન ભિન્ન પોતાના પરિણામે પરિણમી રહ્યા છે ત્યારે એકબીજાને નિમિત્ત-નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કીધું એટલે એને લઈને

થયું છે એમ નથી. આહાહા..! આવી વાત હવે.

ભીંતને સફેદી, ધોળી સફેદ કરતી નથી. આહાહા..! ફક્ત ભીંતને સફેદી નિમિત્ત છે. આહાહા..! પણ એ ભીંતને ધોળી કરતી નથી. તેમ ધોળી થવામાં ભીંત કારણ નથી, ભીંત તો નિમિત્ત છે. ધોળી ધોળી તો પોતાને કારણે ન્યાં થાય છે. આહાહા..! આવી વાતું.

કોઈ પણ દ્રવ્ય... એ મહા સિદ્ધાંત ત્રીજી ગાથા(માં કહ્યો કે) પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને સ્પર્શે છે. પણ બીજાના કોઈપણ દ્રવ્ય, ગુણ, પર્યાયને; દ્રવ્ય, ગુણ તો ધ્રુવ છે એને તો સ્પર્શે નહિ, પણ એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને સ્પર્શતી ને અડતી નથી. આહાહા..! હવે આવી વાત ગળે ઉતારવી.

ભીંતને ખડી ધોળી કરતી નથી. આહાહા..! ધોળી તો ધોળાપણે, પોતાપણે ધોળી થાય છે. એનું અસ્તિત્વ ધોળામાં છે, એનું અસ્તિત્વ ભીંતમાં નથી. ભીંત તો એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! નિમિત્ત કહેવામાં આવે માટે ભીંતને લઈને ધોળી થઈ છે અથવા ભીંત ધોળી થાય છે, ભીંતને લઈને ધોળી થઈ છે એમ પણ નથી કેમ કે સફેદ તો પોતાનો સ્વભાવ છે અને ભીંતને ધોળી કરી છે એમ પણ નથી. ભીંતને તો ખડી નિમિત્ત છે. ખડીને ભીંત નિમિત્ત છે ને ભીંતને ખડી નિમિત્ત છે. નિમિત્ત હોવા છતાં (એકબીજાને કાંઈ કરતા નથી). આ તો વ્યવહાર સિદ્ધ કરે છે ને? નિમિત્ત છે, પણ એ નિમિત્ત એકબીજાને કરે છે કાંઈ જરીએ (એમ નથી). આહાહા..! આકરી વાત છે.

કરવત લાકડાને કાપે છે એ વાત ખોટી છે. કરવતને લાકડું નિમિત્ત છે અને લાકડાને કરવત નિમિત્ત છે, ઉપાદાન નહિ. એ લાકડાના કટકા થાય છે એ પોતાની યોગ્યતાથી ત્યાં થાય છે. ત્યાં કરવત તો નિમિત્ત છે. નિમિત્ત છે એમાં પેલું ઉપાદાન એનું છે અને આનું ઉપાદાન આનું છે એમાં પેલી ચીજ નિમિત્ત કહેવાય. એકબીજાને નિમિત્ત કહેવા છતાં એકબીજાથી કપાય છે કે છેદાય છે એમ નથી. આહાહા..! સાધારણ માણસને આવી વાત ગાંડા જેવી લાગે. આહાહા..!

**'ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** કોને? ખડીને. **'એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે...'** ભીંતને નિમિત્ત છે. નિમિત્ત છે એટલે એને લઈને ભીંત ધોળી થઈ છે એમ નથી. નિમિત્ત છે એનો અર્થ એ કે, ખડી ખડીમાં છે, ભીંત ભીંતમાં છે. ભીંતમાં ખડીની નાસ્તિ છે, ખડીમાં ભીંતની નાસ્તિ છે. આહાહા..! આવી વાતું છે.

શીશપેનને આમ ચાકુ શીશપેન કરે છે આમ, તો કહે છે કે, ચાકુ ફક્ત શીશપેનને નિમિત્ત છે. ચાકુ શીશપેનને અડ્યું નથી. ચાકુ ચાકામાં રહીને એની ક્રિયા જે થાય છે તેમાં આને નિમિત્ત કહેવાય છે. શીશપેનની જે આમ અણી થાય છે એ પોતાને કારણે થાય છે, એ છરીને લઈને નહિ. છરી જેને નિમિત્ત છે છતાં તે નિમિત્તને લઈને તે થાય છે

અંદર એ નહિ. આહાહા..! અને છરીને એ નિમિત્ત છે, કપાણી ચીજ એ પણ નિમિત્ત છે. નિમિત્ત હોવા છતાં કપાણામાં એ જે કપાણી ચીજ આવી નથી. જેણે કાપ્યું છે એમાં એ કપાણી ચીજ આવી નથી. આહાહા..! આવી વાતું ક્યાં (સાંભળવા મળે?) ગાંડા માણસ ગણે એવી વાતું છે.

**'સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે;...'** ખડી ભીંતને નિમિત્ત છે અને ભીંત ખડીને નિમિત્ત છે. એથી એ ભીંતને ખડી ધોળી કરે છે એમ નિમિત્તનો વ્યવહાર કરવામાં આવે છે. વસ્તુ એમ છે નહિ, વસ્તુ એમ છે નહિ. આહાહા..! આકરું કામ છે.

**'તેવી રીતે...'** એ દૃષ્ટાંત થયો, **'તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળો ચેતયિતા પણ,...'** જેમ શ્વેત ગુણથી ભરેલી ખડી હતી એમ જ્ઞાન ગુણથી ભરેલો સ્વભાવવાળો ચેતયિતા એટલે આત્મા પણ **'પોતે પુદ્ગલ આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો...'** જેને એ જાણે છે તે રૂપે નહિ પરિણમતો. આ શાસ્ત્રને જ્ઞાન જાણે છે છતાં જ્ઞાન શાસ્ત્રપણે નહિ પરિણમતું. આહાહા..! આ તો હજી વ્યવહાર સ્થાપે છે, હોં! એકબીજાને નિમિત્ત છે એમ કહેવું એ વ્યવહાર છે. બાકી એકબીજાને કાંઈ કરે ને અડે એ તો છે જ નહિ. આહાહા..!

**'ચેતયિતા પણ, પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** જાણનારો આત્મા પરદ્રવ્યને જાણે. એ પરદ્રવ્યને નહી અડતો. આહાહા..! છે? પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ થતો, નહિ પરિણમતો એટલે નહિ થતો. **'પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો...'** જેને એ જાણે છે તેને પોતારૂપે નહિ પરિણમાવતો. આહાહા..! જ્ઞાન જેને જાણે છે–આ શાસ્ત્રને, તો જ્ઞાન એને–શાસ્ત્રને પરિણમાવતું નથી. આહાહા..! અને જ્ઞાન થવામાં આ શાસ્ત્ર નિમિત્ત છે, તો નિમિત્ત છે તે જ્ઞાનને કરતું નથી. આહાહા..! જ્ઞાન જ્ઞાનથી થાય છે, શાસ્ત્ર શાસ્ત્રથી રહેલું છે. આહાહા..! એની પર્યાયને જ્ઞાન પર્યાય કરે નહિ અને જ્ઞાન પર્યાયને એની પર્યાય કરે નહિ. આહાહા..!

**'પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો (આત્મા) અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** પોતે પરરૂપે નહિ પરિણમતો અને પરને પોતાપણે નહિ પરિણમાવતો. આહાહા..! જાણનારો જણાવા યોગ્યપણે નહિ પરિણમતો અને જણાવા યોગ્ય વસ્તુને પોતાપણે નહિ પરિણમાવતો. આહા..! આ શાસ્ત્રને જાણે છે તો જ્ઞાન તેને અક્ષરાદિ અવસ્થાને નથી પરિણમાવતું અને એ અક્ષરાદિ અવસ્થા જ્ઞાનને નથી પરિણમાવતી. જ્ઞાન એને નથી પરિણમાવતું, એ અક્ષર લખે છે ત્યાં લખવાની પર્યાયને જ્ઞાન કરતું નથી. આહાહા..! આવી જાતની વાત. હવે આખો દિ' ધમાલ...

'મુંબઈ' જેવામાં તો મોટા પચાસ પચાસ મણના બરફની... શું કહેવાય ઇ? પાટુ મોટી. પચાસ પચાસ મણની પાટુ આમ એ..ઇ..! ખટારામાં જાતી હોય ને ધમાલ ધમાલ. એક

તો બજાર એવી છે કે, એ એકલી બજાર ભરી જ હોય. બધા ચારેકોર રૂના ગોદામ ભરેલા છે, ભરેલા છે. આખું બજાર. આહાહા..! એ બધા મજુર ઉતારતા હોય, હવે અહીં કહે છે કે, મજુર એ ઉતારવામાં નિમિત્ત છે. એને ઉતારી શકતો નથી. આહાહા..! તેમ તે ઉતરે છે માટે અહીં જાણવાનું થાય છે એમ પણ નથી. આહાહા..! શું કહેવાય ઇ? ભરેલી કોથળી. કોથળી આખીને શું કહેવાય? ચોખા ભરેલા હોય એને? બોરી, બોરી નહિ. આપણી ભાષામાં ગુણી છે ને ગુણી? કોથળો કોથળો. એ કોથળાને ચોખા અડ્યા નથી. ચોખા રહેવામાં ગુણ નિમિત્ત છે અને નિમિત્તને (–ગુણને) ચોખા નિમિત્ત છે. પણ ચોખા ગુણને લઈને રહ્યા છે અને ચોખાને લઈને ગુણ રહી છે એમ નથી. 'શાંતિભાઈ'! આવી વાતું છે.

મુમુક્ષુ :– ચોખા રાખવા ક્યાં?

ઉત્તર :– એનામાં છે સૌ. દરેક રજકણ પોતાની... વસ્તુ છે એમ કીધું ને? જેની જે હોય તે તે હોય. તો જે વસ્તુ જેની છે પર્યાય તે તેની હોય. એ પર્યાય બીજાની હોય એ ત્રણકાળમાં છે નહિ. આહાહા..! સાકર મોઢામાં પડે છે એ સાકર ઓગળે છે એ કાંઈ થૂંકને લઈને નહિ, દાઢને લઈને નહિ. એ ઓગળે છે એ એમાં પેલું નિમિત્ત કહેવાય છે અને એ એને આ સાકર નિમિત્ત કહેવાય છે. નિમિત્ત કહેવાથી વ્યવહાર કહેવાય છે પણ એકબીજા કાંઈ કરે છે એમ નથી. આહાહા..! પતાસુ આમ મોઢામાં ભૂકો કરે ફડાક દઈને. શેરડીનું લ્યો ને, શેરડી. શેરડીને શું કહે છે? ગન્ના. કહે છે કે, એમાં મોઢુ શેરડીમાં નિમિત્ત છે. તે શેરડીની પર્યાયને તે કરતું નથી. એ છોતરા ઉતારતું નથી, છાલ ઉતારતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– શેરડીનો રસ મોઢામાં આવે છે એનું શું?

ઉત્તર :– એ એને અડતું નથી. શેરડીનો રસ રસના કારણમાં રહ્યો. રસને મોઢુ નિમિત્ત કહેવાય, મોઢાને રસ નિમિત્ત કહેવાય. પણ મોઢાપણે રસ પરિણમતો નથી, રસ મોઢાપણે પરિણમતો નથી. સૌ પોતપોતાની પર્યાયપણે એક સમયે સાથે પરિણમે છે. આહાહા..!

મુમુક્ષુ :– બજારમાં વાત કરીએ તો ગાંડા કહે.

ઉત્તર :– ગાંડા જ કહે. એમાં 'મુંબઈ' જેવી મોહનગરી. ધમાલ ધમાલ. પેલી વચ્ચે નથી એક બજાર આવતી આપણે? વચ્ચે એક આવતી હતી. એકલો માલ ભરેલો. આહાહા..! મોટરનો રસ્તો માંડ માંડ હોય.

મુમુક્ષુ :– ઝવેરી બજારમાં ...

ઉત્તર :– એ બજારમાં બહુ માલ બધો ભરેલો. રૂ ને ગાદી ને તકીયા ને ફલાણું ને ઢીકણું ને ઓહોહો..! ને મજુરો આખો દિ' આમ ઉતારે ને આમ ચડાવે ને આમ જાણે કે, શું અમે કરીએ છીએ. આહાહા..!

શરીરના રજકણોને હવા અડતી નથી. ગરમીના રજકણો શરીરને અડતા નથી. ગરમીના

રજકણોને શરીર નિમિત્ત કહેવાય ને શરીરને ગરમીના રજકણો નિમિત્ત કહેવાય. પણ ગરમીના પરમાણુને લઈને શરીરમાં ગરમી થાય છે એમ નથી. આહાહા..! ગાંડા જેવી વાતું છે.

મુમુક્ષુ :– આ વાત બેસાડવી પડશે ને!

ઉત્તર :– એમાં ઇ કહે છે. એકબીજાને નિમિત્ત ભલે કહો પણ એકબીજા, એકબીજાને કરતાં નથી કાંઈ. અડતા નથી, પરિણમાવતા નથી, પરિણમતા નથી. બીજાને પરિણમાવતા નથી, પોતે તે રૂપે પરિણમતા નથી. આહાહા..! આવી વાત છે.

**'તેવી રીતે જ્ઞાનગુણથી ભરેલો...'** કીધુંને? **'સ્વભાવવાળો (આત્મા) ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** એને જાણે છે પણ તેને નહિ પરિણમાવતો અને તેનાથી નહિ પરિણમતો. આ શાસ્ત્રના શબ્દોથી અહીં જ્ઞાન પરિણમતું નથી. આ શાસ્ત્રના શબ્દો છે તેનાથી આ જ્ઞાન પરિણમતું નથી અને એ જ્ઞાન શબ્દોને પરિણમાવતું નથી. જ્ઞાનમાં એને નિમિત્ત કહેવાય અને એને જ્ઞાન નિમિત્ત કહેવાય. એટલો વ્યવહાર કહેવાય, કહેવાય એટલો. આહાહા..! આવી વાત છે.

**'પોતાના જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો,...'** જાણનારો જેને નિમિત્ત છે, જેને જણાય છે તેને નિમિત્ત છે. આહાહા..! આ પુસ્તક જણાય છે તેને જાણનારો નિમિત્ત છે. **'એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી જાણે છે...'** આના પરિણામને, આની અવસ્થાને જાણે છે. પણ આની અવસ્થાને આ જ્ઞાન કરતું નથી અને તે અવસ્થાથી અહીં જ્ઞાન થતું નથી. આહાહા..! શાસ્ત્રના શબ્દોથી જ્ઞાન થતું નથી અને જ્ઞાન થાય છે માટે શાસ્ત્રના શબ્દોને પરિણમવું પડે છે એમ નથી. શાસ્ત્ર શાસ્ત્રથી પરિણમે છે, જ્ઞાન જ્ઞાનથી પરિણમે છે. એકબીજાને નિમિત્ત કહેવામાં આવે છે એટલો વ્યવહાર.

મુમુક્ષુ :– માત્ર કહેવા પૂરતો નિમિત્ત ને?

ઉત્તર :– માત્ર કહેવા પૂરતો. આહાહા..! એટલો જગતમાં વ્યવહાર કહેવા પૂરતો છે. આહાહા..! આ કપડું છે, લ્યોને. એ કપડાને શરીર અડ્યું નથી, શરીરને કપડું અડ્યું નથી. કપડું શરીરને પરિણમાવતું નથી, પોતે પરિણમતું થકું શરીરને પરિણમાવતું નથી અને શરીર પરિણમતું થકું કપડાને પરિણમાવતું નથી.

મુમુક્ષુ :– કપડું છે માટે આપનું શરીર દેખાતું નથી.

ઉત્તર :– ઇ વાત ખોટી છે. આહાહા..! આવી વાતું છે. આ ચીજ બીજી છે, આ ચીજ બીજી છે. આ ચીજ આને અડતી નથી પણ આ ધોળાપણે પરિણમતી આને નિમિત્ત કહેવામાં આવે અને આ જે એનાપણે રહે છે તેને કપડાનું નિમિત્તપણું કહેવામાં આવે. પણ કપડું કપડાપણે પરિણમે છે, કપડું શરીરને પરિણમાવતું નથી, શરીર કપડાને પરિણમાવતું નથી. આહાહા..! આવું ગળે ઊતરવું.

મુમુક્ષુ :– કપડું શરીરને ઢાંકે છે.

ઉત્તર :– ઢાંકતું નથી. કપડું કપડામાં છે ને શરીર શરીરમાં છે. આહાહા..! એવી વાતું છે, ભાઈ!

**'પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી જાણે છે...'** એના જ્ઞાનમાં એ ચીજને નિમિત્ત કહેવાય અને પોતાના સ્વભાવથી તેને જાણે **'એમ વ્યવહાર કરવામાં આવે છે.'** પોતાના સ્વભાવથી એને જાણે એ વ્યવહાર (છે). પોતે જ પોતાને જાણે તે પણ હજી વ્યવહાર. જ્ઞાયક જ્ઞાયક છે તે નિશ્ચય. આહાહા..! આવી વાતું. પેલા પંડિતો ચર્ચે તો ખબર પડે. નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે. પેલા 'વિદ્યાનંદજી' કહે છે, વીતરાગની વાણી છે એ નિમિત્ત છે અને એનાથી જ્ઞાન થાય છે. ન માને તે મિથ્યાત્વ છે. અહીં કહે છે કે, એ વીતરાગની વાણી સાંભળનારને અડતી નથી. સાંભળનારને પરિણમાવતી નથી. સાંભળનારો એ વાણીને પરિણમાવતો નથી. વાણીને સાંભળનારો નિમિત્ત કહેવાય અને સાંભળનારને એ વાણી નિમિત્ત કહેવાય. આહાહા..! સાંભળવા છતાં નિમિત્તથી ત્યાં જરીએ જ્ઞાન થયું છે એ વાત તદ્દન ખોટી છે. 'દેવીલાલજી'! ત્યારે પછી સાંભળવું નહિ ને? એમ કહે. પણ એ સાંભળવાને કારણે સાંભળવાની પર્યાય હોય અને જ્ઞાનને કાળે જ્ઞાનની પર્યાય હોય. એકબીજાને નિમિત્ત કહેવાય પણ એકબીજાને પરિણમાવે છે એમ નથી. આહાહા..! કહો, 'દામોદરભાઈ'! કોઈ દિ' આવું સાંભળ્યું હતું? તમારે રંગ ને એ બધું કરે છે ને? 'યોગેશ' આખો દિ' ત્યાં બેસે. આહાહા..!

**'(જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો)...'** શું વ્યવહાર કહ્યો? કે, જ્ઞાન પોતાથી થાય છે, સામી ચીજ તેને નિમિત્ત કહેવામાં આવે છે. પણ તે નિમિત્ત આને જ્ઞાનને પરિણમાવતું નથી અને જ્ઞાન નિમિત્તને પરિણમાવતું નથી. ત્યારે તો નિમિત્ત કહેવાય છે. પરિણમાવે ને એનાથી પરિણમે તો નિમિત્ત નહિ, એ તો ઉપાદાન થઈ ગયું. આહાહા..! આવી વાતું સાંભળવા પણ મળે નહિ એવી વાત છે.

**'વળી (જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે દર્શનગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :– જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી,...'** પરપણે નહિ પરિણમતી અને પરને નહિ પરિણમાવતી. કોઈ પણ દ્રવ્ય પરપણે નહિ પરિણમતો ને પરપણે પોતે નહિ પરિણમતું. કોઈ પણ દ્રવ્ય પરદ્રવ્યને પરિણમાવતું નથી ને પરદ્રવ્યથી પોતે પરિણમતું નથી એવો ત્રિકાળ સિદ્ધાંત છે. આહાહા..! એના દાખલા પછી ગમે એટલા દૃષ્ટાંત દે. જે જે સમયે, જે જે દર્શન થાય છે. આ દર્શનની વાત છે અત્યારે.

**'જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી (ખડી) થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે (ખડીને) એવા પોતાના શ્વેતગુણથી ભરેલા**

**સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે (ભીંતને, પરદ્રવ્યને) એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે;...'** આહાહા..!

**'તેવી રીતે....'** એ તો દૃષ્ટાંત કહ્યો. હજી બેઠા છે હો. સૂતા હશે. ઠીક નથી. આહાહા..! ઘડીકમાં ફરી જાય છે, લ્યો! આમ હતા ને આમ થઈ ગયું ત્યારે અમે ન્યાં જોયું હતું, મેં કીધું આમ કેમ થઈ ગયું? તદ્દન આમ થઈ ગયા. ત્યાં તો લોકોને ખબર પડી તો ઉઠ્યા. આહા..! જે સમયે જે દ્રવ્યની જે પર્યાય પોતાથી પરિણમવાની તે પરિણમશે, નિમિત્તથી પરિણમશે નહિ. નિમિત્તને પરિણમાવશે નહિ, નિમિત્તને લાવશે નહિ. આહાહા..! નિમિત્તને લાવશે નહિ. આહાહા..! અને નિમિત્તથી પરિણમશે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– શાકને સારું કરવા માટે ચાકુ (જોઈએ ને).

ઉત્તર :- એ ચાકા-બાકા બધા થોથા. શાકને જ્યારે મોળવું છે એ એની પર્યાય પોતાથી થાય છે ત્યારે ચાકુને નિમિત્ત કહેવામાં આવે છે અને ચાકુને એ શાક નિમિત્ત કહેવામાં આવે છે. શાકને ચાકુ નિમિત્ત કહેવામાં આવે છે, ચાકુને શાક નિમિત્ત કહેવામાં આવે છે. શાક નિમિત્ત કહેવામાં આવે એટલે ચાકુને શાક લાવ્યું છે? શાક ચાકુને લાવ્યું છે? ચાકુએ શાકને કટકા કર્યા છે? આહાહા..! દરેક દ્રવ્ય એક સમયે પોતાની પર્યાયે પરિણમતી બીજી ચીજ–નિમિત્ત ઉપસ્થિત હો તે નિમિત્તથી નહિ પરિણમતી અને નિમિત્તને પણ નહિ પરિણમાવતી એવી ચીજ ટકી રહી છે. આહાહા..! હવે આમાં વાણીયાને વેપાર ને ધંધા આડેનવરાશ ન મળે ને એમાં આવી વાતું. આહાહા..!

મુમુક્ષુ :– મહારાજ તો એમ કહે.

ઉત્તર:– સાંભળે છે ને પણ. આહાહા..! નાસ્તિકોમાં આવી વાતું કરવા માંડે તો નાસ્તિક જ કહે. આહાહા..! આ લાકડીને આંગળી અડતી નથી. એ લાકડીને આંગળી નિમિત્ત છે, નિમિત્તને એ લાકડી નિમિત્ત છે. લાકડી નિમિત્તને પરિણમાવતી નથી. લાકડી નિમિત્તને એટલે આંગળીને પરિણમાવતી નથી, તેમ આંગળી લાકડીને આમ ઊંચી-નીચી કરીને પરિણમાવતી નથી. આહાહા..! સૌ પોતપોતાને કારણે પર્યાય પરિણમે છે અને તે પણ તે સમયે પરિણમવાનો ક્રમબદ્ધ (કાળ છે) આડી-અવળી નહિ. જે સમયે જે પર્યાય જે દ્રવ્યની થવાની તે સમયે તે જ પોતાથી પોતાને થાય. ભલે સામાને નિમિત્ત કહેવાય ને એને આ નિમિત્ત કહેવાય. એ તો વ્યવહારથી કથન છે પણ એકબીજાથી કાંઈ થાતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– નોકર રાખવા કે નહિ?

ઉત્તર :– કોણ રાખે? નોકર છે ક્યાં? નોકર જ છે ક્યાં? સૌ દ્રવ્ય જ છે. સૌ દ્રવ્ય છે. આત્મા અન્ય દ્રવ્ય છે, પરમાણુ અન્ય દ્રવ્ય છે. એમાં એ પરમાણુ આત્માને પરિણમાવી શકતા નથી. જ્ઞાન પરમાણુને પરિણમાવી-બદલાવી શકતા નથી. ત્યારે તો એકબીજાને નિમિત્ત

કહેવાય છે. આહાહા..! એકબીજાને પરિણમાવી શકે તો નિમિત્ત ક્યાં રહ્યું? તો એ ચીજ નહોતી પરિણમતી ને આને પરિણમાવ્યું તો એ ચીજ પરિણમ્યા વિનાની હતી? પરિણમ્યા વિનાની એ કોઈ ચીજ રહેતી હશે કોઈ દિ' કે બીજી ચીજ એને પરિણમાવે? નિમિત્ત કહો, નિમિત્ત કહો એ તો જ્ઞાન કરવા માટે, બીજી ચીજ છે એટલું જાણવા. પણ એનાથી ત્યાં નિમિત્ત આવ્યું માટે અહીં થયું (એમ નથી). આહાહા..!

મુમુક્ષુ :– વકીલે દલીલ કરી તો ફેંસલો થયો.

ઉત્તર :– બિલકુલ ખોટી વાત છે. વકીલનો ફેંસલો ફેંસલાની પર્યાયમાં રહી. ફેંસલો થયો છે એ એનાથી થયો છે. ફેંસલાવાળાએ ન્યાં પરિણમાવી નથી અને એને આને લાવી નથી કે અમારે ફેંસલો થાય માટે તું અહીં આવજે. આહાહા..! આવી વાત છે. દુનિયા ગાંડી કહે. તત્ત્વ આવું છે. તત્ત્વની ખબર વિનાના થોથા બધા છે. એ સામાયિક કરે ને પોષા કરે ને પડિકમણા કરે ને... ઇ ચાર ગતિમાં ઊંડા ઊંડા જઈને ડૂબી મરવાના છે. આહાહા..!

જે દ્રવ્યનું જે સ્વરૂપ, જે સમયે, જે કાળે થાય તેને નિમિત્ત બીજી ચીજ પલટાવી શકે કે આઘી-પાછી પર્યાય કરી શકે એ ત્રણકાળમાં નહિ. તેમ નિમિત્તને, એ ચીજ છે એ નિમિત્તને લાવી શકે, ખરાબ નિમિત્ત છોડીને સારું નિમિત્ત લાવી શકે તો તો આણે એને પરિણમાવ્યું કહેવાય. એ ત્રણકાળમાં પરિણમતું નથી. આહાહા..! આવી ચીજ છે. આ શાસ્ત્રમાં આવે ત્યારે તો વાત કહેવાય કે નહિ? ઓઘે ઓઘે તો આમ કરો, આમ કરો, જ્ઞાન કરો, શ્રદ્ધા કરો, ચારિત્ર કરો, આ કરો પણ શું કરવું? કરે શી રીતે? થાય શી રીતે? કોઈ બીજાની મદદથી થાય? બીજો ટેકો આપે તો થાય? બીજો હોય તો થાય કે પોતે સ્વતંત્ર થાય? આહાહા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :– આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોના કારણે બને છે?

ઉત્તર :– એ કુદરતે બને છે. હોય છે. આત્મા ગતિ કરે (ત્યારે) ધર્માસ્તિકાય નિમિત્ત કહેવાય છે. કાંઈ ધર્માસ્તિકાયે એને ગતિ કરાવી છે એમ નથી. તેમ ગતિ કરનારે ધર્માસ્તિકાયને પરિણમાવ્યું છે એમ નથી. આહાહા..! બહુ આકરી વાત. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૧૪ ગાથા–૩૫૬ થી ૩૬૫ ગુરૂવાર, જ્યેષ્ઠ સુદ ૬, તા. ૧૯-૦૬-૧૯૮૦**

---

'**વળી (જેવી રીતે જ્ઞાનગુણનો વ્યવહાર કહ્યો)**' થોડું ચાલ્યું છે. પછી બંધ રહ્યું ને? '**એવી જ રીતે દર્શનગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :– જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી, પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી...**' આહાહા..! ભીંતરૂપે ખડી નહિ પરિણમતી. આહાહા..! એ કોને ધોળી કરે? ધોળી ધોળી

પોતે પોતાને કરે. **'પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી...'** રંગ દે છે, સફેદ રંગ. એ કહે છે કે, પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો રંગ **'અને ભીંત આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી ખડી...'** ખડી પોતે પરથી નહિ પરિણમતી અને પરને નહિ પરિણમાવતી. **'ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** નિમિત્ત એટલે વસ્તુ, બસ! ભીંતને ધોળી કરે છે અને ભીંતને લઈને ધોળી થાય છે (એમ નહિ). ભીંતને ધોળી કરે છે એમ નહિ અને ભીંતને લઈને ધોળી છે એમ નહિ. ધોળી ધોળીને લઈને છે એને ભીંત નિમિત્ત કહેવામાં આવે છે. આહા..!

**'એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે...'** ભીંત આદિને **'એવા (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા થકા ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે...'** પરદ્રવ્યને ખડી શ્વેત કરે છે. એ રંગ પરને ચડે છે, રંગ લુગડાને આપે છે. આહાહા..! કલય થાળીને આપે છે, કલય. એ બધું વ્યવહાર કથન છે. કલય પોતે જ એ રીતે પરિણમે છે એમાં થાળી કે વાટકાના અસ્તિત્વનો અંશ નથી. તેમ તે ખડી પોતે પરિણમતી બીજાને પરિણમાવે છે, બીજાને ધોળી કરે છે, એમ નથી. આહાહા..! **'-એમ વ્યવહાર કરવામાં આવે છે;...' 'પરદ્રવ્યને પોતાના સ્વભાવથી શ્વેત કરે છે-એમ વ્યવહાર કરવામાં આવે છે;...'** કેમકે ખડી ભીંત (ધોળી) થવામાં નિમિત્ત છે. આહાહા..! એથી એને વ્યવહારથી એમ કહેવાય ખડીએ ભીંતને ધોળી કરી. આહાહા..!

**'તેવી રીતે દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો...'** આત્મા દર્શનગુણથી ભરેલો સ્વભાવવાળો. આત્મા પણ **'પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો...'** દેખવા વખતે પણ, પરદ્રવ્યને દેખવા કાળે પણ પરદ્રવ્યપણે નહિ પરિણમતો. આહાહા..! છે? **'પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો...'** પરને દેખવા ટાણે પણ. આહાહા..! શરીર ને આત્મા દેખવા ટાણે પણ જ્ઞાન શરીરરૂપે નહિ પરિણમતા. આહાહા..! **'દર્શનગુણથી ભરેલા સ્વભાવવાળો...'** બીજાને નહિ પરિણમાવતો થકો **'અને પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** પોતે પરરૂપે નહિ થતો અને પરને પોતારૂપે નહિ પરિણમાવતો. ફક્ત નિમિત્ત-નિમિત્ત સંબંધથી કહેવામાં આવે છે. એ વાત તદ્દન ખોટી છે, નિમિત્ત-નિમિત્તથી કથન છે. એક ધોળી એને કરી છે ને ભીંત ધોળી થાય છે. રંગથી કપડું રંગાય છે ને કપડું રંગવાળું થાય છે એ તો વ્યવહારમાત્ર કથન છે. આહા..! રંગ કપડાને અડતો નથી, કપડું રંગને અડતું નથી. રંગ કપડા વડે પરિણમતો નથી, કપડું રંગપણે પરિણમતું નથી અને કપડાને રંગ કર્યો એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..!

**'પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો...'** દર્શનગુણ. **'પુદ્ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે...'** પર જે દેખે છે તે દર્શનને નિમિત્ત કહેવામાં આવે છે. દર્શન

જેને દેખે છે તે ચીજને દર્શનમાં નિમિત્ત કહેવામાં આવે છે. છતાં તે દર્શન નિમિત્તપણે પરિણમતું નથી અને એને નિમિત્તપણે પોતે છે તો એને પણ પરિણમાવતું નથી. આહા..! ભીંતને સફેદ નિમિત્ત છે, સફેદને ભીંત નિમિત્ત છે. છતાં સફેદ ભીંતપણે થતી નથી અને ભીંતને સફેદપણે કરતી નથી. આહાહા..! આખો દિ' આ થાય...

**'પોતાના દર્શનગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા...'** (દર્શનગુણથી) ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો ચેતયિતા પોતાના દર્શનગુણથી પરિણમે છે. પોતાના દર્શનગુણથી પરિણમે છે. ભીંતને જેને દેખે તે રૂપે પરિણમતો નથી. દર્શનગુણ જે ચીજને દેખે છે તે ચીજરૂપે દર્શનગુણ થતો નથી. તેમ તે ચીજ દર્શનગુણ પણે થતી નથી. જેને દેખે તેને દર્શનરૂપ થતું નથી, જેને દેખે તે દર્શનરૂપ થતું નથી, જેને દેખે તે દર્શનરૂપ થતું નથી. આહાહા..! ફક્ત નિમિત્ત-નિમિત્ત વ્યવહાર કહેવામાં આવે છે. અહીં વળગે. નિમિત્ત છે કે નહિ? નિમિત્ત. પણ નિમિત્ત એને કરે શું?

રંગ કપડાને અડતો પણ નથી. આહાહા..! કપડાને રંગ દેવાય. બીજી કાંઈ ચીજમાં ધોવે છે. 'રાણપુર' જોયું હતું. 'રાણપુર' મંદિરની સામે છે ને? એ રંગ ચડાવ્યા પહેલાં કપડાને કાંઈ બીજું ચડાવે પછી રંગ અડે. નહિ તો અડતો પણ નથી. આહાહા..! અહીં તો કહે, અમસ્તો પણ અડતો નથી. આહાહા..!

**'ચેતયિતા જેને નિમિત્ત છે...'** દર્શનગુણ દેખે તેને નિમિત્ત છે. **'એવા પોતાના (– પુદ્ગલાદિના) સ્વભાવના પરિણામ વડે ઊપજતા...'** દેખનાર ચીજ–જે દેખાય છે તે પોતાના સ્વભાવપણે પરિણમતી ચીજ. આહાહા..! **'પુદ્ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવથી દેખે છે...'** એ પરદ્રવ્ય પરિણમતી ચીજ અને શ્વેત પામતી ચીજ કે દર્શન દેખનારી ચીજ, એ દર્શન એને દેખે એથી એ રૂપે પરને પરિણમાવે એમ નથી. તેમ દર્શનને એ નિમિત્ત છે માટે દર્શન ભીંતપણે પરિણમે કે પર દેખે તે રૂપે પરિણમે એમ નથી. આહાહા..! વ્યવહારી લોકોનો વ્યવહાર ઊડી જાય. આહાહા..!

**'પોતાના સ્વભાવથી દેખે છે અથવા શ્રદ્ધે છે...'** દેવ-ગુરુ ને પંચ પરમેષ્ઠીને જીવ શ્રદ્ધે છે તો એ શ્રદ્ધે છે એ શ્રદ્ધાગુણ પંચ પરમેષ્ઠીને પંચ પરમેષ્ઠીપણે થતો નથી. તેમ પંચ પરમેષ્ઠી શ્રદ્ધાગુણ રૂપે થતાં નથી. આહાહા..! બેય જુદી જુદી ચીજ છે. એકબીજાને નિમિત્ત કહેવું એ વ્યવહાર છે. નિમિત્તથી પણ થાય છે એમ નથી. આહાહા..! પંચ પરમેશ્વર પ્રભુની ભક્તિ કરવી, માનવું એ માન્યતાને એ નિમિત્ત છે પણ નિમિત્ત હોવા છતાં તે માન્યતા નિમિત્તપણે પરિણમતી નથી. માન્યતા માન્યતાપણે પરિણમે છે. અને જેની માન્યતા કરે છે એ નિમિત્તપણે પરિણમતી નથી, શ્રદ્ધાપણે પરિણમતી નથી. એ તો પોતાનાપણે પરિણમે છે. આહાહા..!

મુમુક્ષુ :– ઘરમાં રોજ કામ કરીએ છીએ ને.

ઉત્તર :– કાંઈ કરતો નથી. નિમિત્ત-નિમિત્તથી એને વ્યવહાર ભાસે છે. ભાસે છે વ્યવહાર એને નિશ્ચય માને છે. આહાહા..! ઠામડાને (વાસણને) બાય ઉટકતી નથી. ઉટકવાની ક્રિયા ઠામડારૂપે (વાસણરૂપે) થઈ નથી ને ઠામડુ (વાસણ) ઉટકનાર ક્રિયારૂપે થઈ નથી. ઉટકવાની ક્રિયાને ઠામ (વાસણ) નિમિત્ત કહેવાય તેમ ઠામને (વાસણને) ઉટકવાની ક્રિયા નિમિત્ત કહેવાય. છતાં એકબીજા એકબીજારૂપે થતાં નથી. આહાહા..! ભારે કામ. એક દ્રવ્ય આખું બીજા દ્રવ્યને અડે છે, એમ માને છે. આહાહા..!

આ એક શરીરનો એક અવયવ બીજા અવયવને આમ અડે છે તે આ આનું પરિણમન પરિણમતા આને લઈને આ પરિણમે છે એમ નહિ. આ તો ફક્ત અહીં પરિણમનમાં નિમિત્ત કહેવાય અને આના પરિણમનમાં એ નિમિત્ત ને એના પરિણમનમાં આ નિમિત્ત. નિમિત્ત એટલે કે કાંઈ કરી શકતું નથી. આહાહા..! આવી વાત છે. અને આખો દિ' અભિમાન. આહાહા..!

**'પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના (–ચેતયિતા) સ્વભાવથી દેખે છે...'** એને પોતાના સ્વભાવથી દેખે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! આ દર્શનગુણ પોતાના સ્વભાવથી પરના આશ્રય વિના પરને દેખે છે એ પોતાના સ્વભાવથી દેખે છે એમ કહેવું વ્યવહાર છે. આહા..! પરને દેખતો નથી ને પોતાને પોતે દેખે છે. આહા..! કારણ કે, જેના અસ્તિત્વમાં બીજાનું અસ્તિત્વ આવતું નથી. આહા..! જેની હયાતીમાં બીજા ગુણની, દ્રવ્યની હયાતી આવતી નથી. આહાહા..! આકરું કામ છે.

લુગડા ધોવામાં ધોકો લુગડાને (કપડાને) અડતો નથી, ધોકો લુગડાપણે (કપડાને) થતો નથી એમ લુગડુ ધોકાપણે થતું નથી. ધોકો સમજાય છે? ડંડા ડંડા. આહાહા..! ડંડો છે એ બીજાને મારે છે એમ કહેવું એ વ્યવહાર છે. છતાં ડંડો ડંડાના પરિણમનમાં છે અને ડંડો જેને મારે છે એમ દેખાય છે એ એના પરિણમનમાં છે. એને ડંડો નિમિત્ત કહેવાય ને ડંડાને એ નિમિત્ત કહેવાય. નિમિત્ત કહેવાય એટલે કે નિમિત્તથી થાય એમ નહિ. આહાહા..! નિમિત્ત કહેવાય એટલે નિમિત્તથી થાય એમ નહિ. ફક્ત એકબીજાનો નિમિત્ત-નિમિત્ત સંબંધ વ્યવહાર કરવામાં આવે છે. આહાહા..! આખો દિ' આ કામ કરે.

ડબ્બામાં ઘી ભરેલું છે, ડબ્બામાં કે બરણીમાં, એ ઘી જે બહાર નીકળે છે એ ઘી બહાર નીકળે છે એને હાથ અડતો નથી. હાથ નિમિત્ત કહેવાય અને હાથને ઘી બહાર નીકળે એ નિમિત્ત કહેવાય પણ એકબીજાને એકબીજા અડતા નથી. એકબીજાને એકબીજા કરતાં તે હાથથી ઘી નીકળતું નથી. આહાહા..! પળી પળીથી ઘી નીકળતું નથી. આહા..! બરણીમાં આથણું છે, આથણું સમજ્યા? આચાર. એ હાથથી કેરીનું આથણું નીકળતું નથી. આહાહા..! દેખનાર આ આથણું છે એમ દેખે છે એ દેખવાપણે દેખનાર થતો નથી અને દેખાય છે એ ચીજ દેખવાપણે થતી નથી. ફક્ત એકબીજાને નિમિત્ત કહેવામાં આવે છે.

એટલો વ્યવહાર કરવામાં આવે છે પણ એ વ્યવહાર સાચો નથી. આહાહા..!

આખો દિ' કામ કરે. બાપુ! તું એકલો નથી, તું એકલો દ્રવ્ય નથી. અનંત દ્રવ્ય છે અને અનંત દ્રવ્ય છે તે તેના સ્વકાળની પર્યાય વિનાનું દ્રવ્ય નથી. અનંત દ્રવ્ય છે તે તેના વર્તમાન સ્વકાળના પરિણમન વિનાનું દ્રવ્ય નથી. હવે વર્તમાન પરિણમન વિનાનું દ્રવ્ય નથી તો બીજું દ્રવ્ય એને શું કરે? અને બીજું દ્રવ્ય પણ પોતાના વર્તમાન પરિણામપણે પરિણમે છે એને બીજું દ્રવ્ય એને પરિણમાવે શી રીતે? આહાહા..! આકરી વાત છે.

લાકડીથી કપડું આમ ઊનું થયું હોય એ ઊંચું કરે. રંગ બોળે છે ને? રંગ. કહે છે કે, લાકડી એને અડી નથી. લાકડી લાકડીપણે પરિણમીને રહી છે અને કપડું એના રંગે ઊંચું થઈને એના પરિણામની પર્યાયથી પરિણમ્યું છે. એ ડંડાને કપડું નિમિત્ત કહેવાય અને કપડું રંગાય તેને નિમિત્ત કહેવાય. પણ એકબીજા એકબીજાપણે અડતા નથી, પરિણમતા નથી, પરિણમાવતા નથી. આહાહા..! આખો દિ' આ કામ કરે છે ને? આહાહા..! આ હાથ...

મુમુક્ષુ :– આખો દિ' કામ થાય છે કેમ થાય છે?

ઉત્તર :– એ એની મેળાએ થાય છે. કામ એટલે શું? પર્યાય. પર્યાય એટલે શું? તે તે દ્રવ્યની, તે તે કાળની અવસ્થા. તે તે અવસ્થા વિનાનું દ્રવ્ય ત્રણકાળમાં હોય નહિ. તે તે દ્રવ્ય તેની અવસ્થા વિનાનું હોય નહિ. હવે અવસ્થા વિનાનું હોય નહિ એમાં બીજું દ્રવ્ય પણ પોતાની અવસ્થા વિનાનું હોય નહિ. આહાહા..! દરેક દ્રવ્ય જ્યારે પોતાની અવસ્થા સહિત છે ત્યારે બીજું દ્રવ્ય એની અવસ્થાને કરે, એને પરિણમાવે તો બે દ્રવ્ય એક થઈ જાય છે. આહાહા..! આકરી વાત છે.

આ નિશ્ચય છે પણ વ્યવહાર નિમિત્ત છે ને? નિમિત્ત છે ને? એમ કહીને ... પણ નિમિત્ત છે એટલે શું? નિમિત્ત કરતું નથી, નિમિત્તથી થતું નથી ત્યારે તો નિમિત્ત કહેવાય છે. આહાહા..! દેખનાર જે ચીજને દેખે છે, શરીરને દેખે, જુઓ! તો એ દેખનાર ચીજ આત્મા છે. તે દેખનાર જેને દેખે તે રૂપે થતો નથી. આહાહા..! અને દેખનાર જેને દેખે છે તે દર્શનરૂપે થતું નથી. આંગળા તે દર્શનરૂપે થતાં નથી, દર્શન તે આંગળારૂપે થતા નથી. એકબીજાને નિમિત્ત કહેવું એ વ્યવહાર છે. આહાહા..! આવી સ્થિતિ (છે). દુકાન ઉપર બેસીને આખો દિ' રંગ ને રોગાન ને આ કર્યું ને તે કર્યું ને. આહાહા..!

અહીં તો કહે છે કે, જગતમાં અનંત ચીજ છે કે નહિ? અને અનંત છે તે અનંત વર્તમાન પર્યાય વિનાની છે કે પર્યાય સહિત છે? જ્યારે અનંત પર્યાય સહિત છે તો બીજી ચીજ એને કરે શું? આહાહા..! આમાં અનંત પરમાણુ છે. તે દરેક પરમાણુ પરિણમે છે તો એને બીજો પરમાણુ તેને પરિણમાવે એ રહ્યું ક્યાં? એ પરિણમ્યા વિનાનું પરિણમન છે પરમાણુમાં બીજા પરમાણુમાં કે જે આ પરમાણુ આ પરમાણુને પરિણમાવે? આહા..!

આ આમ ઊંચું થાય છે એને આંગળી અડતી નથી, આંગળી તે રૂપે થતી નથી અને

તે ચીજ આંગળીરૂપે થતી નથી. ફક્ત આંગળીને એ નિમિત્ત કહેવાય ને એને આંગળી નિમિત્ત કહેવાય. નિમિત્ત કહેવાયનો અર્થ વ્યવહાર કહેવામાં આવે છે. વ્યવહાર તે જૂઠો છે. આહાહા..! આમ આનો અર્થ છે.

સવારમાં એ દાંતણ કરે છે તો દાંતણને હાથ અડતો નથી. હાથ દાંતણરૂપે થતો નથી, દાંતણ હાથરૂપે થતું નથી. એકબીજાને નિમિત્ત કહેવામાં આવે એ તો વ્યવહાર છે અને તે પણ દાંતણ ને હાથ બેય પર્યાય વિનાના નથી. તે સમયે પણ પર્યાય વિનાના નથી કે, જેથી બીજાની પર્યાયને મદદ કરે. આહાહા..! આવું છે. લોકોમાં આમ કહેવાય છે, ભાઈ! કહે છે ને પેટમાં દાંત નથી એટલે ચાવી ચાવીને ખાવું. પેટમાં દાંત નથી તે ન્યાં ચવાશે. માટે અહીં બરાબર ચાવવું. આહાહા..! ગજબ વાત છે. પ્રભુ! ચાવવામાં શું છે? જે ચીજ ચાવવાની છે એ ચીજ તો પરિણમન વિનાની નથી, તો એ પરિણમન વિનાની નથી તો બીજો ચાવનારો એને ચાવે શી રીતે? ‘શાંતિભાઈ’!

મુમુક્ષુ :– દાંત વડે કટકા થાય.

ઉત્તર :– બિલકુલ અડતા નથી. દાંતને રોટલીના કટકા થાય એ રોટલી પોતાના કારણે કટકાપણે થાય, દાંત તેને નિમિત્ત છે. દાંત રોટલીપણે થયા નથી, રોટલી દાંતપણે થઈ નથી. દાંતને રોટલી નિમિત્ત કહેવાય, રોટલીને દાંત નિમિત્ત કહેવાય. દાંતને રોટલી નિમિત્ત કહેવાય હવે એનો પ્રશ્ન શું? કટકા થાય એને તમે નિમિત્તને કહો તો કહે, એનાથી થયું. પણ રોટલીને એ નિમિત્ત છે. પણ દાંતને રોટલી નિમિત્ત છે. આહાહા..! એનો શું અર્થ થયો? કે, દાંતને રોટલી નિમિત્ત છે એનો અર્થ શું થયો? કે, દાંત, દાંતની પર્યાયપણે પરિણમે છે રોટલી રોટલીની પર્યાયપણે પરિણમે છે. રોટલીની પર્યાયને દાંત નિમિત્ત છે ત્યાં તો લોકોને વહેમ પડી જાય કે, રોટલીના કટકા દાંતને લઈને થાય પણ દાંતને રોટલી નિમિત્ત છે. આહાહા..! દાંત દાંતપણે પરિણમે છે તેમાં રોટલી નિમિત્ત છે. રોટલી રોટલીપણે પરિણમે છે તેમાં દાંત નિમિત્ત છે. દાંત રોટલીપણે પરિણમતો નથી, રોટલી દાંતપણે પરિણમતી નથી. આહાહા..! બહારની કડાકૂટ આડે આવું સાંભળ્યું નહિ હોય, ‘શાંતિભાઈ’! એવી વાત છે, બાપા! આહા..!

દરેક સમયમાં, દરેક પદાર્થ પરિણમન વિનાનો હોય નહિ. અને પરિણમન વિનાનો હોય નહિ તો બીજો પણ પદાર્થ જોડે પરિણમન વિનાનો હોય નહિ. તો બીજો પણ પરિણમન વિનાનો હોય નહિ તો બીજો પદાર્થ બીજાને પરિણમાવે અને એ બીજો આને પરિણમાવે એ વાત રહેતી નથી. આહાહા..! નિમિત્ત-નિમિત્ત કહેવાય, એ તો સંબંધ ઓળખાવવા. એકબીજા કોઈ કોઈને કરે (એમ નથી). આહાહા..! ભારે આકરું કામ. વીતરાગનો માર્ગ... વેદાંતે એક સર્વ વ્યાપક કહી દીધો. થઈ રહ્યું જાઓ! માથાકુટ મટી ગઈ. મિથ્યા ભ્રાન્તિમાં રખડે.

અહીં તો કહે, પ્રભુ! અનાદિથી અનંત અનંત પદાર્થ તે તે સમયના પરિણમન વિના હોય નહિ. ત્યારે ગમે તે પદાર્થને બીજો પદાર્થ એને ભાંગે-તોડે એમ કહે એ વાત સાચી

છે નહિ. કેમકે કોઈપણ પદાર્થ પોતાના તે સમયના પરિણમન વિના છે નહિ તો બીજી ચીજ એને તોડે-ભાંગે એમ પણ કેમ બને? આહાહા..! અને તોડે-ભાંગે એ ચીજ બીજાને પણ લાવે એમ કેમ બને? નિમિત્ત મેળવવા જોઈએ એમ કહે છે. છાપામાં વિરોધ બહુ આવે છે. નિમિત્ત મેળવવા જોઈએ, નિમિત્ત મળે તો આમ થાય. એ... 'દેવીલાલજી'! આહાહા..! કોને મેળવે? પ્રભુ! જે ચીજ પોતાથી દ્રવ્ય-ગુણ ટકીને પર્યાયપણે પરિણમ્યા વિનાનો કોઈ કાળ એનો નથી તો પછી તેના કાળના પરિણમનને બીજો પરિણમાવે ને બીજાને લઈને પરિણમે અને બીજો આને લઈને પરિણમે એ એકેય વાત સાચી નથી. આહાહા..!

મુમુક્ષુ :– એકબીજાને મદદ કરવી.

ઉત્તર :– કોણ મદદ કરે? જેને મદદ કરે એમ કહેનાર છે એ પોતે મદદ જેની કરવા માગે એની પર્યાય વિનાનું છે એ દ્રવ્ય? પર્યાય એટલે કાર્ય ને કાર્ય એટલે કામ ને કામ એટલે અવસ્થા. કોઈ દ્રવ્ય નકામું નથી. એટલે? અનંત દ્રવ્ય નકામું નથી એટલે એના પર્યાયના કાર્ય વિનાનું નથી. આહાહા..! કોઈ પણ સમયે અનંત પદાર્થ પોતાના કામ નામ પર્યાયરૂપી કાર્ય વિના હોતા નથી. જ્યારે પર્યાય–કામ વિના હોતા નથી તો બીજી પર્યાય બીજી એની કામ કરે એ શું ક્યાંથી આવ્યું? આહાહા..! 'દામોદરભાઈ'! આવી વાતું છે. હજી તો પરનો કર્તા ને કર્મને લઈને વિકાર થાય, ઇ હજી બેસતી નથી.

અહીં કહે છે, કે કર્મ જે છે અને આત્મા છે, બેય એક સમયે પર્યાયના પરિણમન વિનાના નથી. જ્યારે પર્યાયના પરિણમન વિનાના નથી તો આત્માની પર્યાયે કર્મ કરી, આત્માની પર્યાયે કર્મ કરી વિકાર એ ક્યાંથી આવ્યું? વિકાર પણ એનો સ્વભાવ નથી. કર્મ વિના વિકાર થાય? એ મોટા વાંધા આવ્યા ને? અને આત્માએ રાગ-દ્વેષ કર્યો તેથી કર્મને–ચારિત્રમોહને બંધાવું પડ્યું એમ નથી. કારણ કે, પ્રત્યેક કાળમાં, પ્રત્યેક પર્યાય વિનાનું દ્રવ્ય હોતું નથી. આણે રાગ-દ્વેષ કર્યા ત્યારે ન્યાં કર્મરૂપી પર્યાય થવાને લાયક પરમાણુ કર્મરૂપે થાય, એ રાગ-દ્વેષ કર્યા માટે થાય એમ પણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– રાગ-દ્વેષ કરે એના પ્રમાણમાં કર્મ આવે એનું શું?

ઉત્તર :– એના પ્રમાણમાં એ પોતે એની પર્યાયની યોગ્યતાથી આવે છે, આને લઈને નહિ. એ કર્મની તે સમયની પોતાની પર્યાય વિનાનું એ સ્કંધ નથી. કર્મનો સ્કંધ પર્યાય વિનાનું નથી કે, જેથી એ પર્યાય રાગ-દ્વેષ આવે છે માટે આવે છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– રાગ-દ્વેષ ન કરે તો કર્મ આવે?

ઉત્તર :– ઇ ન આવેનો પ્રશ્ન ક્યાં? અહીં આવે છે, છે, છે એની વાત ચાલે છે ત્યાં નથી એમ ક્યાંથી આવ્યું? એ પ્રશ્ન થયો હતો, (સંવત) ૨૦૦૦ માં. 'મૂળશંકરે' એ પ્રશ્ન કર્યો હતો. જ્યારે પ્રશ્ન ચાલતો હતો કે, ભાઈ! રાગ થાય ત્યારે અહીં પરમાણુ એની મેળાએ પરિણમીને આવે. ત્યારે એણે પ્રશ્ન કર્યો કે, રાગ ન હોય તો કેમ ન થાય? પણ એ પ્રશ્ન

ક્યાં છે? રાગ ન હોય તો રાગની પર્યાય નથી તો અહીં કર્મની પર્યાય પણ ન હોય. આહાહા..! આકરી વાત છે, બાપુ! તદ્દન વાત જુદી છે. દુનિયાથી ભણેલા પંડિતો, વિદ્વાનો ને બધા મૂળ આ ચીજને (સમજ્યા નથી). અનંત ને અનંતપણે પર્યાયપણે પરિણમેલા તે સમયમાં રાખે તો બીજો દ્રવ્ય તેને પરિણમાવે એ વાત રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અનુભવ છોકરાઓને આપવો કે ન આપવો?

ઉત્તર :– કોણ આપે? આપે છે અનુભવ? અનુભવની પર્યાય છે એ એની પાસે રહે છે કે ન્યાં જાય છે? આહાહા..! ક્યાં જાય છે? કોઈ પાસે જાતો નથી. આહાહા..! દુનિયાથી જુદી જાત છે.

મુમુક્ષુ :– કર્તાપણારૂપ ભ્રાંતિ...

ઉત્તર :– અરે..! આખી વાત જ અનંતને અનંતપણે સિદ્ધ કરવાને દૃષ્ટા-જ્ઞાતા થઈ જાય છે. અનંતને અનંતપણે સિદ્ધ કરીને અનંતને જાણવા-દેખવારૂપે થઈ જાય છે. આહાહા..! નથી તેનો કર્તા, નથી તેને પરિણમાવતો, નથી તેનાથી પરિણમતો, નથી તેનાથી કરતો. આહાહા..!

મુમુક્ષુ :– પણ નિમિત્ત હોય છે.

ઉત્તર :– નિમિત્ત હોય છે. નિમિત્ત વસ્તુ છે. નિમિત્તની પર્યાય નિમિત્તમાં છે. નિમિત્તની પર્યાય નિમિત્તમાં છે અને ઉપાદાનની પર્યાય ઉપાદાનમાં છે. એમાં એકબીજા કરે છે ક્યાં? મોટી ચર્ચા ચાલે છે. આહા..! અહીંનો વિરોધ કરવા પંડિતોમાં ખળભળાટ ચાલે છે. નિમિત્ત માનતા નથી. નિમિત્ત માનતા નથી કોણે કીધું તને? નિમિત્ત પોતે જે છે નિમિત્ત પણ એક ચીજ છે કે નહિ? અને એ ચીજ પોતે પરિણમન વિનાની હોય છે કોઈ કાળે? કોઈ કાળે પરિણમન વિનાની હોતી નથી તો એને બીજો કોણ પરિણમાવે? એ પોતે પરિણમ્યા વિનાની નથી તો પોતે પરિણમતી થકી બીજાને પરિણમાવે? આહાહા..!

મુમુક્ષુ :– નિમિત્ત અકિંચિત્કર છે.

ઉત્તર :– નિમિત્ત છે, પરને માટે અકિંચિત્કર છે. વસ્તુ છે પણ પરને માટે અકિંચિત્કર છે. આહાહા..! આવી વાત સાંભળવી, બેસવી કઠણ પડે. આ તો મૂળ ચીજ છે. મૂળ ચીજને જ્યાં સુધી હજી... એના દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે, એનો તો સવાલ નથી, એની વર્તમાન પર્યાયનો સવાલ છે. હવે એ પર્યાય એને નથી એમ કહો અને પરથી થાય કહો (તો) થઈ રહ્યું, દ્રવ્યનો નાશ થાય છે. આહાહા..!

એ દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યે કરી અને એ દ્રવ્યની પર્યાય નહોતી તો પર્યાય વિનાનું દ્રવ્ય તે નાશ થાય છે. બીજાએ કરી ત્યારે બીજાએ આની કરી એટલે પર્યાય વિનાનું હતું એનો નાશ થાય છે. અને બીજાએ કરી એટલે બીજો પોતાની પર્યાય કરે અને એની કરે. એ આવ્યું છે. બે ક્રિયાવાદી, 'સમયસાર'. બે ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. આહા..! પોતાની

ક્રિયા કરે છે. આવે છે ને ભાઈ? ‘ચેતનજી’! બે દ્રવ્ય ભેગા થઈને કામ કરે. આહા..! તો બે ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જે વાત જાડી છે, બહુ સ્થૂળ છે પણ મૂળ વસ્તુ છે. આહાહા..!

જગતની ચીજો જ્યારે એને ટકતી કહો તો તેનો નાશ નહિ, જ્યારે એને પરિણમનવાળો કહો તો બીજાથી પરિણમે તેની વાત નથી. આહાહા..! કોઈ પણ ચીજ ત્રણે કાળે નિત્ય અવિનાશી, નિત્યાનિત્ય છે. હવે જો એકલી નિત્ય માનો તો અનિત્ય વિના નિત્યનો નાશ થાય. એકલી અનિત્ય માનો તો નિત્ય વિના અનિત્ય હોતી નથી. અને એ અનિત્ય પરથી માનો તો એ દ્રવ્ય અનિત્ય વિનાનું રહે છે, એ પણ હોઈ શકતું નથી. આહા..! કોઈ પણ કાળે કોઈ પણ દ્રવ્ય પર્યાય વિનાનું ત્રણકાળ ત્રણલોકમાં હોઈ શકે નહિ. આહાહા..!

એક સમયની પર્યાય તેની વર્તમાનમાં છે એ પણ એનામાં નથી તો એ દ્રવ્યનો નાશ થઈ જાય છે. એક દ્રવ્યનો નહિ પણ અનંતા દ્રવ્યનો નાશ થયો. એની શ્રદ્ધામાં અનંતા દ્રવ્યો નથી એમ શ્રદ્ધા થઈ. આહાહા..! આ વસ્તુ છે. આ બધું સૂક્ષ્મ એ કહેવા માગે છે. એ મફત નથી. આચાર્યને કાંઈ વખત મફત મળતો નથી. આહાહા..! એ કરુણાનો વિકલ્પ ઉઠ્યો છે એ વિકલ્પ આને નિમિત્ત થાય છે. આ તો પર્યાય તેને કાળે થવાની જ છે. આહાહા..!

મુમુક્ષુ :– પગ દુઃખે છે અને છોકરાઓ દાબે છે એનું શું?

ઉત્તર :– દાબ્યા. કોણ દાબે? એ ‘સુમનભાઈ’ આવે અને મફતના દાબે. મફતના રખડતા મૂક્યા એકલા. પરણીને બાયડીને લઈને ચાલ્યો ગયો ન્યાં. જાવ તમે રખડો ખાવ ગમે તેને. પછી એકકોર પગ દાબે ત્યારે કે, ઓહોહો..! સેવા કરે છે. આ તો દાખલો, હોં! આહાહા..! અમારે ઘરમાં બનતું બધું. પરદેશમાંથી પિતાજી આવે પછી છોકરાઓ પગ દાબે એટલે પિતાજી ખુશી થઈ જાય કે, આ છોકરાઓ... પણ પગના પરમાણુની પર્યાય વિનાના પરમાણુ છે કે એના હાથથી ત્યાં અડીને પર્યાય થઈ છે? આહાહા..!

કોઈ પણ કાળે અનંત દ્રવ્યમાં એક સમયની અનંતી પર્યાય વિનાનું તે દ્રવ્ય નથી. એક પર્યાય નહિ હવે અનંતી કહી. કેમકે અનંતા ગુણ છે તેથી તેની એક સમયમાં અનંતી પર્યાયનું પરિણમન છે. હવે એમાં એક પરિણમન બીજા નિમિત્તથી થાય અને એક પરિણમન પોતાથી થાય એ વાત પણ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે આમાં? ‘મુકુંદભાઈ’! ન્યાં નથી. વેપારમાં કાંઈ માલ ન મળે ન્યાં. આવી વાત પણ ક્યાં છે ન્યાં? આહાહા..! આ વાત હતી ક્યાં? બાપુ! અમારે ‘હીરાજીમહારાજ’ બિચારા, ૪૩ વર્ષની દીક્ષા. માણસ બહુ સજ્જન. એવી સજ્જનતા (કે) કોઈને ઠપકો આપે નહિ ... આહાહા..!

એકવાર ૧૯૭૧ માં હું શાસ્ત્ર વાંચતો. ચાર મહિનાના એકાંતરા અપવાસ (હતા). તેથી બપોરે જરીક બહુ થાક લાગેલો તેથી સૂતો હતો ને હાથમાં આમ પુસ્તક (હતું) વાંચું એટલે બોલ્યા ન્યાંથી, ‘કાનજી’ આપણે એમ ન પાલવે, આપણે સુતા વંચાય નહિ. આહાહા..! એવી

મીઠી ભાષા છે. ઠપકો આપે આમ કે, તો થોડીવાર સુઈ જા. થાક લાગ્યો હોય તો બે ઘડી (સૂઈ જા) પણ સુતા સુતા વાંચવું એ અશાતના થાય. અશાતના બોલ્યા નહોતા પણ આટલું બોલ્યા હતા, આપણે સુતા વાંચવું પાલવે નહિ. આહાહા..! બહુ સજ્જન રૂડો જીવ હતો. પણ હવે આ વસ્તુ ન મળી. વસ્તુ હતી જ નહિ ત્યાં. આહાહા..! કાને પણ પડી નહોતી, અરે..રે..! અને અમે સાધુ છીએ, અમે નહિ સાધુ હોય તો પછી અત્યારે હિન્દુસ્તાનમાં સાધુ કોણ હશે? આપણે ચોક્ખી ક્રિયા નિર્દોષ આહાર-પાણી, વસ્ત્ર વેચાતા લેવામાં બિલકુલ નહિ. લેવા જાય તો કપાટમાં કપડું પડ્યું (હોય, આહાર) લેવા જાય ત્યાં હેઠે જરીક ગુવારનો કટકો કે કંઈક એક જરી પડી ગયો હોય ને હાથ અડ્યો, પગ એનો અડ્યો તો ન લે. શાંતિથી પાછા વળી જાય. આહાહા..! અરે..રે..! એને આ વાત કાને પડી નહિ. અરે..! ક્યાં હશે? એમ થઈ જાય છે કેટલી વાર તો. આહાહા..! સજ્જન, સજ્જન રૂડો જીવ ક્યાં હશે? એમ કે, દેવલોકમાં જઈને કંઈક તપાસીએ. એવો વિચાર આવી જાય. એની મીઠાશ બહુ હતી. ઠપકો આપે પણ એવી રીતે આપે કે, આપણે આ ન પાલવે. એટલે? કે 'મૂળચંદજી' સુતા વાંચે એને પાલવે, આપણને ન પાલવે. આહાહા..! 'મૂળચંદજી' હતા, હતા બીજા સાધુ. એ સુતા જ વાંચે, બેસે નહિ. આ સુઈ રહે આખો દિ' આહાહા..! વાત તે વાત.

સંતોએ આ હીરા વેર્યા છે. આહાહા..! અરે..! હીરાની કિંમત છે, આ તો અકિંમતી ચીજ છે. એક કોઈ પણ દ્રવ્યની એક સમયની પર્યાય એની કિંમત શું ટાંકવી? બાપુ! આહાહા..! આહાહા..! અરે..! પરમાણુની એક સમયની પર્યાય એની કિંમત શું ટાંકવી? આહાહા..!

અહીં એ કહ્યું, એ પુદ્ગલને જીવ દેખે છે એમ કહેવું એ નિમિત્ત છે. છતાં દેખનારપણે પરિણમતો નથી અને દેખનારને પરિણમાવતો નથી ત્યારે પછી એકબીજાએ શું કર્યું? અને તો પછી એકબીજા પર્યાયથી ખાલી હતા એમ કેમ માનવું? આહાહા..! ભાષા ધીમે ધીમે સમજાય એવી છે. આહાહા..! આ તત્ત્વને સમજ્યા વિના જિંદગી ચાલી જાય છે. પરના અભિમાનમાં અને પરના ઓશિયાળા થઈ થઈને પર પાસેથી માન લેવા છે ને પર પાસે અભિમાન લેવા છે ને... આહાહા..! અરે..રે..! કોની પાસે કઈ પર્યાય લેવી? બાપુ! આહાહા..! પૈસા ભેગા કરવા છે પછી દાનમાં આપવા છે. આહાહા..! કોણ ભેગા કરે? એ પર્યાય વિનાના છે કે તું એને લાવ? એ પર્યાય વિનાના છે કે તે બીજાને દે? 'શાંતિભાઈ'! આવી વાતું છે.

મુમુક્ષુ :– ગહન વાત છે.

ઉત્તર :– સંસારથી ઊલટી વાત છે ને પરમ સત્ય. ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાન એના પડ્યા વિરહ. ભગવાન રહી ગયા ત્યાં. આહાહા..! એમના કથનો રહી ગયા. એમના પડ્યા વિરહ, વાણીએ વિરહ ભૂલાવ્યા. આહાહા..!

નામું લખનારો એમ માને કે, મને બહુ નામું લખતા આવડે છે. બાપુ! એ અક્ષરના પરમાણુ એ અનંતી પરમાણુની પર્યાય છે. એમાં દરેક પરમાણુ જુદો પરિણમે છે. એક અક્ષરરૂપે

પરિણમ્યો છે માટે બીજા પરમાણુને એ અક્ષરરૂપે પરિણમવું પડ્યું એમ નથી. આહાહા..! અનંત પરમાણુનો બનેલો એક અક્ષર 'ક' ઇ એક એક પરમાણુ પોતાની વર્તમાન પર્યાય વિનાનો ખાલી નથી. એ સ્કંધમાં પડ્યો પણ પોતાની સ્વતંત્રતા ચુકતો નથી. સ્કંધને લઈને એ અંદર પરિણમી રહ્યો છે એમ પણ નથી. આહાહા..! સ્કંધમાં રહ્યો માટે વધારે ગુણપણે, પર્યાયપણે પરિણમ્યો એમ પણ નથી. આહા..! એ પરમાણુમાં રહ્યો છે એ પોતે પરને પરિણમાવ્યા વિના અને પરથી પરિણમ્યા વિના અને તે સમયની પર્યાયના કાળથી પરિણમતો (રહ્યો છે). આહા..! સ્કંધમાં રહેલો પરમાણુ પણ આ રીતે કામ કરે. આહાહા..! આવી વાત છે. આવો ઉપદેશ કઈ જાતનો? દયા પાળવી ને ઇચ્છામી પડિકમણા.. તસ્સૂતરી એ ઝટ દઈને કહે. એમાં અભિમાન છે, બાપા! એ તો મિથ્યાત્વના પોષક છે. આહા..! હું આ કરું છું ને મેં આ કર્યું, આ અક્ષર હું બોલ્યો ને આ મારી સામાયિક થઈ ને... ભાઈ! એક દ્રવ્યે બીજા દ્રવ્યની પર્યાય કરી એ અનંતા પરમાણુની કરી એ અનંતુ મિથ્યાત્વ છે. આહાહા..! આ તો અધિકાર આવે ત્યારે ચાલે ને! અને દાખલા પણ ત્યારે અપાયને? અધિકાર ન આવતો હોય ત્યાં સુધી ક્યાં છે? કહે. ક્યાં છે? આ રહ્યું, જુઓને! આહાહા..!

દેખનાર પરને દેખે છે, પરની પર્યાયને કરે છે એ તો છે નહિ અને પરને લઈને પરિણમે છે એ તો છે નહિ. પણ દેખનાર દેખનારને દેખે, પ્રભુ! એવા ભેદનું શું કામ છે તારે? આહાહા..! ગજબ (છે). સંતોએ દિગંબર મુનિઓએ ભગવાનને હેઠે ઉતાર્યા છે, કેવળીની વાણી ઉતારી છે આમ. આહાહા..! માન જરી મુકી દઈને, સંપ્રદાયનો મોહ પણ મુકી દઈને જોવે તો ખબર પડે પ્રભુ શું કહે છે. આહા..! અને તે આત્મામાં અંદર બેસી જાય. આહાહા..! એ વાણીને લઈને બેસી જાય એમ નહિ. આહાહા..! એ બેસવાના પર્યાયનો કાળ હોય ત્યારે બેસી જાય. આહાહા..! ઇ ક્યાં પરિણમ્યા વિનાનું દ્રવ્ય છે જેથી શાસ્ત્રના પરમાણુ કાને પડ્યા પછી એને શ્રદ્ધા થાય? આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાત છે, બાપા! આહાહા..! આમાં કોની સાથે વાદ કરવા?

અરે..! સરમણ કાલે ચાલ્યા ગયા બિચારા. કેવું શરીર હતું! લઠ જેવું, આહાહા..! હજી આમ જાતા હતા. સાડા સાતે તો આમ જાતા હતા. એમના જમાઈ આવ્યા હશે એની પાસે મળવા ન્યાં ગયા, ન્યાં આમ ગયા ને બેઠા. બેઠા પછી થોડી વારે મારી નજર ગઈ, બીજાનું આમ સાંભળવામાં ધ્યાન હતું. કીધું આમ કેમ થયું હશે? આમ કેમ થયું? આહાહા..! તે સમયની તે પરમાણુની તે પર્યાય એમ જ થવાની. આહાહા..! અને ક્યુ દ્રવ્ય પ્રભુ! પર્યાય વિનાનું ક્યુ દ્રવ્ય છે જગતમાં? ક્યે કાળે ને કે ક્ષેત્રે ને કે સંયોગે પર્યાય વિનાનું ક્યુ દ્રવ્ય છે કે જે એની પર્યાય નિમિત્તથી થાય અને પર્યાય વિનાનું રહે? આહાહા..! કાર્ય વિનાનું રહે નહિ અને કાર્ય બીજાથી થાય નહિ. આહાહા..! બીજાનું કાર્ય કરે નહિ ને બીજાથી કાર્ય થાય નહિ, બીજાનું કાર્ય કરે નહિ ને બીજાથી કાર્ય થાય નહિ. આહાહા..!

વીતરાગ દિગંબર સંત સિવાય આવી વાત ક્યાંય નથી, બાપા! આહા..! બીજાને દુઃખ લાગે. અમારો પંથ ખોટો કહે છે. પ્રભુ! તને દુઃખ થાય એમ નહિ, પ્રભુ! તને સુખ થાય એમ હોય. અરે..! કોઈ પ્રાણીને દુઃખ થાય એમ હોય નહિ. બધા પ્રાણીઓ આ સત્યને સમજીને શાંતિને પામો. આહાહા..! બધા આત્માઓ ભગવાન થાવ! આહાહા..! કેટલે ઠેકાણે, ત્રણ-ચાર ઠેકાણે કહ્યું, પાંચ-છ ઠેકાણે (કહ્યું છે). આહાહા..! 'દ્રવ્યસંગ્રહ' માં ૯૨ મી ગાથામાં, ૩૮ ગાથામાં અને પેલા ત્રણ બોલમાં મન, વચન ને કાયા વડે કરીને દરેક જીવ ... ભાવના કરો. મોટું લખાણ છે. આહાહા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ... આહાહા..! વીતરાગ માર્ગમાં એકલી વીતરાગતા ઝરે છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૧૫, ગાથા–૩૫૬ થી ૩૬૫ શ્લોક-૨૧૫, શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૭, તા. ૨૦-૦૬-૧૯૮૦

---

'સમયસાર' ૫૨૭ પાનું છે. નીચે બીજો પેરેગ્રાફ છેલ્લો. ૫૨૭ (પાને) નીચે પેરેગ્રાફ (છે). **'વળી (જેવી રીતે જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો)...'** એકબીજાની અપેક્ષાએ નિમિત્ત-નિમિત્ત કહ્યું. નિમિત્તથી થતું નથી પણ એક ચીજને બીજી ચીજ નિમિત્ત કહેવાય, એ ચીજ આને નિમિત્ત કહેવાય. છતાં નિમિત્તથી ઉપજતું નથી, તેમ નિમિત્ત મેળવાતું નથી. **'(જ્ઞાન-દર્શન ગુણોનો વ્યવહાર કહ્યો) એવી જ રીતે ચારિત્રગુણનો વ્યવહાર કહેવામાં આવે છે :– જેવી રીતે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળી તે જ ખડી,...'** આવી ગયું છે. **'પોતે ભીંત-આદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતી થકી અને ભીંત-આદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતી થકી, ભીંત-આદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે (ખડીને) એવા પોતાના શ્વેતગુણથી ભરેલા સ્વભાવના પરિણામ વડે ઊપજતી થકી, ખડી જેને નિમિત્ત છે એવા પોતાના (-ભીંત આદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા ભીંત-આદિ પરદ્રવ્યને, પોતાના (-ખડીના-) સ્વભાવથી શ્વેત કરે છે...'** ખડીના સ્વભાવથી પરદ્રવ્યને શ્વેત કરે છે. **'-એમ વ્યવહાર કરવામાં આવે છે;...'** નિમિત્ત. કોઈ કોઈને કરતું નથી કાંઈ. શ્વેત ભીંતને કરતું નથી, ભીંત છે માટે શ્વેત આવ્યું છે એમ નથી પણ એકબીજાને નિમિત્ત કહેવામાં આવે છે. છે તો પોતાને કારણે થયેલી પર્યાય. તેથી તેને એકબીજાને નિમિત્ત કહેવાય. એમ વ્યવહાર કરવામાં આવે છે. હવે એ તો જ્ઞાન-દર્શનની વાત થઈ ગઈ.

**'તેવી રીતે જેનો જ્ઞાનદર્શનગુણથી ભરેલો,...'** ભગવાનઆત્મા જ્ઞાન ને દર્શન સ્વભાવથી ભરેલો (છે). આહાહા..! **'જ્ઞાનદર્શનગુણથી ભરેલો, પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે...'** પરના ત્યાગ સ્વભાવરૂપ તો સ્વભાવ છે. ત્યાગ કરે તો ત્યાગ એમ નહિ. પરના ત્યાગના અભાવ

સ્વરૂપ જ પોતે છે. આહાહા..! જ્ઞાનગુણથી ભરેલો, પરના અપોહન એટલે ત્યાગ સ્વભાવ છે. પરનો તો ત્યાગ સ્વભાવ જ છે. એ વસ્તુ પરનો ત્યાગ કરે તો ત્યાગી કહેવાય એમ નથી કહે. આહાહા..! પરના ત્યાગ સ્વભાવે છે. **'એવો ચેતયિતા,...'** ચેતયિતા એટલા જાણનારો આત્મા **'પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** જે ચીજનો ત્યાગ થાય છે તે રૂપે આત્મા થતો નથી. જે ચીજ ત્યાગ થાય છે તે રૂપે આત્મા પરિણમતો નથી. **'અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** પોતે તો એ રૂપે થતો નથી પણ પરને પણ પોતારૂપે થતો (કરતો) નથી. આહાહા..! પોતે પરરૂપે થતો નથી અને પરને પોતારૂપ કરતો નથી, આ આવી વાતું છે.

**'પુદ્‌ગલાદિ પરદ્રવ્ય જેને નિમિત્ત છે, જેને નિમિત્ત છે એવા પોતાના જ્ઞાનદર્શનગુણથી ભરેલા...'** ભગવાન તો જ્ઞાનદર્શન સ્વભાવથી ભરેલો છે અને પરના અપોહનસ્વરૂપ છે, પરના ત્યાગના સ્વભાવ સ્વરૂપ જ છે. પરનો ત્યાગ કરે તો ત્યાગ એમ નથી. આહાહા..! એ વસ્તુ એવી છે, કે જેમ જ્ઞાનદર્શનથી ભરેલી છે એમ પરવસ્તુના ત્યાગના અભાવ-સ્વભાવથી ભરેલી છે. પરના ત્યાગના અભાવ-સ્વભાવ. આહા..! પરનો ત્યાગ એમાં છે જ નહિ. આહાહા..! આત્મા પરનો ત્યાગ કરે છે એમ છે જ નહિ. તેમ પરવસ્તુ આત્મા ત્યાગ કરે છે એમ પણ નથી. આત્મા એનો ત્યાગ કરે છે ને એ આત્માથી ત્યાગ થાય છે એમ પણ નથી. આહાહા..! આવી વાત ઝીણી બહુ.

**'પરના અપોહનસ્વરૂપ સ્વભાવ છે એવો ચેતયિતા પણ, પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે નહિ પરિણમતો થકો...'** પરવસ્તુને નહિ ત્યાગતો. આહાહા..! **'અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને પોતાના સ્વભાવે નહિ પરિણમાવતો થકો,...'** અને પરવસ્તુને પોતાના સ્વભાવે નહિ થવા દેતો. આહા..! અહીં તો કહે, અમે આ છોડ્યું, આ મુક્યું. અહીં કહે છે કે, પરના ત્યાગના સ્વભાવનો અભાવ છે એમાં, પરના ત્યાગનો સ્વભાવનો અહીં તો અભાવ છે. ત્યાગના (અભાવ) સ્વભાવ સ્વરૂપ જ છે, ત્યાગના અભાવ સ્વરૂપ જ છે. આહાહા..! આત્મા પરચીજને છોડે છે એ તો છૂટવા કાળે તે છૂટે છે અને આત્મા પોતાને છૂટવા કાળે, છૂટવા રૂપે પરિણમે છે તો એકબીજાને નિમિત્ત કહેવાય છે પણ આત્મા પરને છોડે છે અને પરથી આ આત્મા છૂટે છે એમ છે નહિ. આહા..! આવી વાત સાંભળી ન હોય.

આ ત્યાગ... ત્યાગ... ત્યાગ... ત્યાગ... લોકો કહે છે. ત્યાગ કરો, ત્યાગ કરો. પણ કહે છે પ્રભુ! એ ત્યાગ કરવો એમ તું કહે છે એ વસ્તુના તો ત્યાગના સ્વભાવના અભાવરૂપ છે, ત્યાગનો સ્વભાવ એમાં છે જ નહિ. આહાહા..! જે વસ્તુનો ત્યાગ સ્વભાવ જ છે એ ત્યાગ કરે છે એ પ્રશ્ન ક્યાં? એ ત્યાગ સ્વભાવ સ્વરૂપ જ છે. આહાહા..! આત્મા, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એનાથી ત્યાગ સ્વભાવ સ્વરૂપ જ છે. એને છોડે તો ત્યાગ થાય એમ છે નહિ. આહાહા..! એના ત્યાગ સ્વભાવ સ્વરૂપ જ છે. એટલે એનો ત્યાગ કરે તો આ

ત્યાગી થાય એમ નથી. આહાહા..! ભારે વાત આ. આવો માર્ગ હવે.

**'પર-અપોહનાત્મક (-પરના ત્યાગસ્વરૂપ) સ્વભાવના પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે...'** જે વસ્તુ છૂટવાને કાળે છૂટવાના સ્વભાવથી છૂટે છે એને ચેતયિતા નિમિત્ત છે. **'એવા પોતાના (-પુદ્‌ગલાદિના-) સ્વભાવના પરિણામ વડે ઊપજતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના (-ચેતયિતાના-) સ્વભાવથી અપોહે છે...'** પોતાના સ્વભાવથી પોતે પરને છોડે છે. છોડેલી ચીજ છે જ. આત્મા સિવાય રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શરીર, વાણી એના અભાવ-સ્વભાવ સ્વરૂપ જ છે. એનામાં અભાવ નામનો એક ગુણ છે. આહાહા..! શું કીધું ઇ? આત્મામાં એક અભાવ નામનો ગુણ છે, કે એ પરના ત્યાગના અભાવ સ્વરૂપ જ છે. એનો ત્યાગ કરે તો ત્યાગ એમ નથી. આહાહા..! પરચીજના ત્યાગના અભાવ-સ્વભાવરૂપ જીવનો ગુણ છે. અભાવ-સ્વભાવ જ છે એનો. પરના ત્યાગનો અભાવ જ છે. પરનો ત્યાગ કરે ત્યારે ત્યાગ થાય છે એમ નથી. આહાહા..!

અરે..! ક્ષણમાં ચાલ્યું જાવું છે, કોઈ કોઈનું નથી. પ્રત્યક્ષ જોયું ને? ભાઈ! 'ભાઈલાલભાઈ'! બિચારા ચાલતા હતા. આમ બેઠા ત્યાં એકદમ એકદમ આમ થઈ ગયું. આહાહા..! શરીરનો ત્યાગ જ છે. આત્મામાં શરીરના ત્યાગનો સ્વભાવ નથી, ત્યાગના અભાવરૂપ સ્વભાવ જ છે. આહાહા..! કેમકે આત્મામાં અભાવ નામનો એક ગુણ છે. આ ભગવાનઆત્મામાં જેમ જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે એમ એક અભાવ નામનો ગુણ છે કે જે પરવસ્તુના અભાવ-સ્વભાવરૂપે જ છે. પરનો ત્યાગ કરે તો ત્યાગી છે એમ નથી. પરના ત્યાગનો અભાવ જ એમાં છે. અભાવ નામનો એનામાં એક ગુણ છે. ૪૭, ૪૭ ગુણ (શક્તિ) આવે છે ને? ભાવ, અભાવ, ભાવ-અભાવ, અભાવ-ભાવ, ભાવ-ભાવ, અભાવ-અભાવ. આહાહા..!

મુમુક્ષુ :– પર્યાયમાં તો ... છોડવું પડે ને?

ઉત્તર :– છોડવું-બોડવું કાંઈ નથી, ઇ નામમાત્ર કથન (છે). એકબીજાને અડતું નથી પછી છોડ્યું કોણે? ત્રીજી ગાથા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ તો એને છોડે એ પ્રશ્ન ક્યાંથી આવ્યો? આહાહા..! દુનિયાથી ઊંધુ છે. ત્યાગ કરો, ત્યાગ કરો, આ છોડો... આ છોડો... આ છોડો... એને લઈને ત્યાગી નામ ધરાવે.

અહીં તો કહે છે પ્રભુ! એના અભાવ-સ્વભાવરૂપ તો તારું સ્વરૂપ જ છે. એનો અભાવ તું કર ત્યારે અભાવ થાય એમ નથી. એના અભાવ-સ્વભાવે તારું સ્વરૂપ જ છે. આહાહા..! પરના ત્યાગના અભાવ સ્વરૂપ, ચારિત્ર સ્વરૂપ કહો કે પરના ત્યાગના અભાવ સ્વરૂપ કહો, પરના ત્યાગના અભાવ સ્વરૂપ કહો કે ચારિત્ર સ્વરૂપ કહો, એ તારું ચારિત્ર સ્વરૂપ જ છે. અપોહન એટલે ચારિત્ર. એટલે પરના ત્યાગનો અભાવ એવો તારો સ્વભાવ જ છે. પરના ત્યાગનો અભાવ એવો તો તારો સ્વભાવ જ છે. એને ઠેકાણે પરનો ત્યાગ કરું તો ત્યાગ થાય એ વસ્તુમાં નથી. તો વસ્તુમાં માલિક થઈ જાય છે. એક ચીજ બીજી ચીજની માલિક

નથી, એક ચીજ બીજી ચીજને અડતી નથી, એક ચીજ બીજી ચીજની સ્વામી નથી. આહાહા..!

તેથી કહે છે, '**પરિણામ વડે ઊપજતો થકો, ચેતયિતા જેને નિમિત્ત છે...**' પેલી છૂટેલી પડી જ છે એને છૂટ્યું એ ચેતનમાં નિમિત્ત કહેવાય છે. આહાહા..! ચેતનને એને નિમિત્ત કહેવાય છે. '**એવા પોતાના સ્વભાવના પરિણામ વડે ઊપજતા (પરદ્રવ્ય, હોં!) પુદ્‌ગલાદિ પરદ્રવ્યને, પોતાના સ્વભાવથી અપોહે છે અર્થાત્ ત્યાગે છે-એમ વ્યવહાર કહેવામાં આવે છે.**' આહાહા..! જે નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. પરના ત્યાગનો અભાવ-સ્વભાવ જ એનો છે. એને આ ત્યાગે છે એવું નિમિત્તપણે કહેવું એનું નામ વ્યવહાર છે. આહાહા..! કેમકે આત્મા સિવાય રાગનો કણ પણ જેણે ગ્રહ્યો નથી, રાગના અભાવ-સ્વભાવ સ્વરૂપ એનું સ્વરૂપ છે. જો એવું ન હોય તો રાગનો અભાવ થઈ શકે નહિ. આહાહા..! પરના ત્યાગના અભાવ સ્વરૂપ જ એનું (સ્વરૂપ) છે. એમ ન હોય તો પરનો અભાવ-સ્વભાવ થઈ શકે નહિ. આહાહા..! ઝીણી વાત છે.

જ્ઞાનદર્શનની (વાત) કીધી હતી કે જ્ઞાન પોતે સામાને જાણવા પરિણમે છે ત્યારે તે સામી ચીજ નિમિત્ત કહેવામાં આવે અને સામી ચીજ આને નિમિત્ત કહેવામાં (આવે). એટલે બે ચીજ નિમિત્ત-નિમિત્ત કહેવામાં વ્યવહાર છે. બાકી એકબીજાને એકબીજાની પર્યાય કરે, જાણે, પરને જાણે, પરને દેખે, પરને ત્યાગે એ બધો વ્યવહાર છે. આહાહા..! ઝીણી વાત બહુ. વસ્તુ જે છે અંદર એ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર એટલે પરના અભાવ-સ્વભાવરૂપે તો શક્તિ એની છે. પોતાની અભાવ નામની એક શક્તિ છે, કે જે પર અને રાગાદિના અભાવરૂપે એ પોતે છે. એ છે એ રીતે થયો એમાં પરનો અભાવ કર્યો એ તો નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાતું. ઝીણી વાત છે, ભાઈ! જૈનધર્મ બહુ સૂક્ષ્મ છે. આહાહા..!

જેમ જાણવામાં એ ચીજ જણાય છે એથી એ ચીજને જાણવામાં નિમિત્ત કહેવાય અને જાણનાર એને જાણે છે એથી એ જાણનારને એમાં નિમિત્ત કહેવાય પણ એકબીજા એકબીજાને અડતા નથી. એકબીજા એકબીજાને નિશ્ચયથી તો જાણતા પણ નથી. આહાહા..! પરને જાણતા નથી, પરને દેખતા નથી, પરને શ્રદ્ધતા નથી, પરને છોડતા નથી. આહાહા..! આવી વાત છે. ઇ તો આ ઠેકાણે અહીં કહ્યું છે પણ બીજે ઠેકાણે કહ્યું છે ને ચરણાનુયોગમાં, કે શ્રાવક થાય એણે આ છોડવું, આવી બાધા લેવી, આટલું આ કરવું. એ બધી વ્યવહારની વાતું છે, ચરણાનુયોગની વ્યવહારની વાતું છે. આહાહા..!

વસ્તુ છે ને? તે કયા સમયે પોતાની પર્યાય વિનાની હોય? તો પર્યાય વિનાની હોય તો પછી એને પરનું છોડવું મુકવું એ રહ્યું ક્યાં? એ તો પોતાની પર્યાય સહિત જ છે. એ પરને છોડે-મુકે તો જ આ ત્યાગી થાય અને તો જ પેલી વસ્તુ છોડી-ત્યાગી કહેવાય એમ પણ નથી. એને છોડી-ત્યાગી કહેવાય એમ પણ નથી અને આત્મા આને છોડે-ત્યાગે એમ પણ નથી. આહાહા..! આવી વાતું, આવું સમજ્યા વિના ભાષણ કરે પછી. 'શાંતિભાઈ'!

...રગડે પછી. સાંભળનારા... બધે એ જ ચાલ્યું છે. આહાહા..!

એક પરમાણુ બીજા પરમાણુને છોડતો નથી. અહીં તો આત્માની વાત છે. આહાહા..! કેમકે એ પરમાણુમાં પણ બીજા પરમાણુનો અભાવ-સ્વભાવ છે. આહાહા..! તેથી તેને અડતો અને સ્પર્શતો પણ નથી. આહા..! આ વાત જેને બેસી જાય એને અંતરદષ્ટિ થઈને પરથી વૈરાગ્ય થઈ જાય, અંતર દષ્ટિ થઈને બેસે વાત. કારણ કે, અંતર દષ્ટિ પોતે પરના ત્યાગ અને પરના જાણવા-દેખવારૂપે છે નહિ. એ તો વસ્તુ તરીકે છે એવી અંતર દષ્ટિ થઈ... આહાહા..! અને પરવસ્તુથી ઉદાસ થાય. પરને છોડવું-મુકવું કે જાણવું-દેખવું એ પણ એમાં રહેતું નથી. આહાહા..!

એવો વ્યવહાર જેમ જાણવા-દેખવામાં કહેવામાં આવ્યો હતો એમ અહીંયાં ચારિત્રમાં એટલે પરના ત્યાગમાં પણ આ રીત કહેવી કે પરના ત્યાગ સ્વરૂપ જ છે. પરનો ત્યાગ કરે છે એ તો એને નિમિત્ત તરીકે કહેવાય. અને આને અને પેલાને નિમિત્ત તરીકે કહેવાય પણ એકબીજા, એકબીજાને અડે છે ને છોડે છે, આ છોડે છે ને પેલો છોડવા યોગ્ય થાય છે એમ નથી. આહાહા..! આવી વાત છે. કહો, સાંભળી હતી ક્યાંય? ત્યાગ કરો... ત્યાગ કરો... ત્યાગ કરો... ત્યાગ કરો... પછી વ્યવહારથી આવે ભાષા પણ આ મૂળ રાખીને. આહાહા..! ચરણાનુયોગમાં વ્યવહારના કથનો આવે પણ એને મૂળ વસ્તુ રાખીને. આહાહા..!

જેમ પરને જાણતા, પરને જાણવામાં પર નિમિત્ત કહેવામાં આવે છે અને જણાય છે તેને પણ જ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે. એમ દર્શન, જેને દેખવામાં આવે છે એને નિમિત્ત કહેવામાં આવે છે અને દેખવામાં આવનાર જે છે દેખનારા એને નિમિત્ત કહેવામાં આવે પણ દેખવાની વસ્તુ જે છે એ દેખનારને માટે નિમિત્ત કહેવામાં આવે છે. એમ ત્યાગને માટે પરના ત્યાગ માટે એના ત્યાગના અભાવ-સ્વભાવરૂપ આત્મા હોવાથી તેનો એ ત્યાગી નથી પણ તે વખતે ત્યાગમાં તે કાળના ભાવમાં આત્માને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કહેવામાં આવે માટે કાંઈ પણ કરે છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- તો પછી પરને કોણ જાણે છે?

ઉત્તર :- પરને જાણે આત્મા, આત્મા પોતાને (જાણે). પરને જાણતો નથી. પોતાને જાણતા સ્વ-પર જાણવાની તાકાત પોતાની પોતામાં છે. આહાહા..! લોકાલોક જાણવાની તાકાત પોતાની લોકાલોક વિના છે. લોકાલોકની અસ્તિ છે માટે એને જાણવાની અહીં શક્તિ છે એમ નથી. આહાહા..! અહીં લોકાલોક વસ્તુ છે માટે અહીં દેખવાની શક્તિ છે એમ નથી. વસ્તુ છૂટી જાય છે માટે આત્મા એ છોડે છે એમ નથી. આહા..! આવી વાતું. સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો. ધૂળમાં મરીને જાઈશ. એ તો મિથ્યાદષ્ટિ કર્તાબુદ્ધિ થઈ મિથ્યાદષ્ટિ થઈને મનુષ્યપણું હારીને ચાલ્યા જવાના, બાપા! આહા..!

અરે..! જુઓને એક આ 'ભાઈલાલભાઈ' આમ બેઠા, મળવા ગયા. આમ બેઠા. વળીને

આમ બેસે છે. બેસે ત્યાં આમ મારાથી નજર ગઈ. આ...મ (થઈ ગયું). મેં કીધું, આ શું થયું? ત્યારે તો બીજાની નજર ગઈ. નહિતર બીજાની તો સાંભળવામાં નજર હતી ને? મારી નજર ગઈ, કીધું આ આમ કેમ થાય છે? આહાહા..! એક પળમાં ફરવાને વાર નથી. શરીરને ફરવું તો એક સમયની વાત છે. આહાહા..! આત્મા એને છોડતો નથી. ભાષામાં એવું આવે, પતી ગયું. પતી ગયું એટલે નીકળી ગયું, એમ. આત્મા અંદર હતો નીકળી ગયો. પણ નીકળી ગયો એટલે અંદર હતો જ કે દિ'? એ તો પોતામાં જ હતો. આહાહા..! શરીરમાં નહોતો અને આયુષ્યને લઈને શરીરમાં રહે છે એમ પણ નથી. આહાહા..! અને શરીરને લઈને આત્મા એમાં રહે છે એમ પણ નથી. પોતાની તે સમયની યોગ્યતાને કારણે પોતે રહે છે. એ યોગ્યતા છૂટે ત્યારે બીજી યોગ્યતા થઈ તો છૂટી જાય છે. છૂટેલું તો પડ્યું જ છે પણ આમ છૂટી જાય વેગળું આમ ક્ષેત્રથી વેગળું આમ જાય છે ત્યારે એમ લોકોમાં કહેવાય કે, આ પતી ગયું, લ્યો! ... કરી. હવે આત્મા નથી, ચાલ્યો ગયો. આહાહા..! (પાછો ફર્યો) લોકો એમ કહે. બીજે ભવે ગયો બીજે તરત. આહાહા..!

આત્માની તો સત્તા અનાદિની છે, એ કોને છોડે ને કોને ગ્રહે? પ્રભુ! આહાહા..! એ પોતે પોતાની સત્તામાં પર્યાયમાં ફેરફાર થાય. આહાહા..! એ પણ સ્વતંત્ર થાય. કર્મનો અભાવ અને સદ્ભાવની હયાતીને લઈને પર્યાયમાં કાંઈ ફેરફાર થાય એમ પણ નથી. આહાહા..! ગજબ વાત છે. અને ક્યે ક્ષણે એની સ્થિતિ પૂરી થતાં એને ખબર પડે આહાહા..! એ સ્થિતિ પૂરી થાય એટલે તે સમયે ફડાક દઈને દેહ છૂટી જાય. આ તો થોડી વાર પણ લાગી, અડધો કલાક (થયો).

એક છોકરો 'મલકાપુર' નો 'સ્વરૂપચંદ' કહેતો હતો કે, અમે બે મિત્રો વાત કરતા હતા. જોડે મિત્રને નખમાં રોગ નહિ. આમ ૨૮ વર્ષની ઉંમર. વાત કરતાં આમ ફૂ.. એટલું થયું. ત્યાં આમ જોયું તો મરી ગયેલો. સ્થિતિ પૂરી થવાનો સમય જે હોય તે સમયે છૂટી જવાનો ફડાક દઈને. આહા..! એ લાખ ઉપાય કરે તો રહે એમ નથી. આહાહા..! બિચારી ડૉક્ટર 'મધુરીબેન'. એને એમ કે, આ છાતીનું છે તો થોડું ઘસીએ, એ ઘસતી હતી. છ તો ઇંજેક્શન આપ્યા. અરે..! શું થાય? બાપુ! એ તારો પણ છૂટવાનો સમય આવશે એમાં ખબર નહિ પડે કે આ સમય આવ્યો. આહાહા..!

**'એમ વ્યવહાર કરવામાં આવે છે. એ રીતે આ આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો...'** પર્યાયને ને? ગુણ-દ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી. **'પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર પ્રકાર છે. એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો...'** આહાહા..! એમ આત્મામાં વીર્ય ગુણ છે, વીર્ય ગુણથી ભરેલો છે. આહાહા..! એ વીર્ય ગુણની પર્યાયમાં નબળાઈ પડે એ પોતાને લઈને છે, બીજી ચીજ તો નિમિત્તમાત્ર છે. બીજી ચીજમાં પણ પોતાની પર્યાય નિમિત્તમાત્ર છે. મેં મારા વીર્ય વડે પરનું કામ કર્યું, મારા પુરુષાર્થ વડે મેં આ કામ કર્યું એ તદ્દન જૂઠી

વાત છે. આહાહા..! કેમકે વીર્ય નામના ગુણથી ભરેલો તો ભગવાન છે. એ વીર્ય ગુણ પરને નિમિત્ત કહેવાય પણ પર જ્યારે થવાની ક્રિયા હોય એના કાળમાં. એ ચીજ છૂટવામાં કુહાડી પડી કે જમૈયો પડ્યો, એ વખતે એ પર્યાય થવાનો જ હતો. તે સમય તેનો પર્યાયનો હતો જ ત્યારે આ વીર્યને નિમિત્ત કહેવાય. આહાહા..! પણ વીર્યથી ત્યાં કાંઈ રહી શકે કે પુરુષાર્થ અંદર કરે તો એને કાંઈ રોકી શકે એમ નહિ. અને રોકાય છે એ પુરુષાર્થને લઈને, એ નહિ. રોકાય ગયું કદાચિત્ એ પણ એની પર્યાયને કારણે. એને વીર્ય નિમિત્ત કહેવાય પણ વીર્યથી ત્યાં રોકાયેલું છે (એમ નથી). આહાહા..!

થોડો શ્વાસ થોડી વાર ચાલ્યો જાય છે, ઘડી-બે ઘડી અસાધ્ય થઈ જાય અને વળી પછી આમ ખ્યાલ આવે છે ને? ખ્યાલ આવીને જીવતો રહી જાય પાછો. પાંચ-દસ વર્ષ રહી જાય પાછો એ. આહાહા..! એનું અંદર વીર્ય જે છે આત્મામાં, વીર્ય (એટલે) રેત નહિ, વીર્ય નામનો ગુણ છે એ ગુણને લઈને બીજાની પર્યાયને રોકી શકે કે ટાળી શકે કે રચી શકે (એમ નહિ). રાગને રચે તો એ વીર્ય નહિ. આહાહા..! તો એ વીર્ય નપુંસક છે. દયા, દાન ને વ્રત, ભક્તિનો રાગ એને રચે તો એ વીર્ય નપુંસક છે. આહાહા..! એ વીર્ય પોતાના સ્વરૂપની રચના કરે, શુદ્ધ સ્વરૂપની રચના કરે એ વ્યવહાર છે. બાકી તો રચનાનો કાળ છે તે રચના થાય છે. આહાહા..! આવી ચીજ છે. કોઈ દિ' સાંભળ્યું નહિ હોય, 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :- દિલ્હીમાં આવી દુકાન નથી.

ઉત્તર :- અરે..! બધો ફેરફાર બહુ. ઉદાસ છો, પ્રભુ! તારા સિવાય બધી ચીજથી ઉદાસ છે. બધી ચીજોમાં કેમ થાય, કઈ રીતે થાય, ક્યે કાળે થાય, કેમ થાય એ એનો નિયમ છે. તારાથી કાંઈ પણ એમાં થાય, તારું વીર્ય ગમે એટલું જોરવાળું હોય પણ એ વીર્ય પરમાં કામ કરે (એમ છે નહિ). આહાહા..! જોર કર, એમ નથી કહેતા? જોર કર, હાથ માર, ફલાણુ કર. લાકડું ખેંચવું હોય તો જોર કર, જોર કરીને આમ નીકળ. આહાહા..! લાકડા ઉપાડે ને? બાળવા માટે ભેગા કર્યા હોય ત્યાંથી ખેંચીને (લાવે). આહાહા..! તાંબાના (પતરા), ભાઈ! 'નૌતમભાઈ' ને ત્યાં બિચારો માલ લેવા આવેલો. જૈન, જૈન (હતો). એમાંથી પતરા પડ્યા એકદમ માથે, ઘોડા ઉપર પડ્યા. ન્યાં ને ન્યાં મરી ગયો. 'મુંબઈ' ૩૩ વર્ષની ઉંમર. આપણા મંદિરની જોડે દુકાન એની. હવે આ કેમ માને? પતરા પરપદાર્થ છે તેને પતરાથી ન્યાં માથુ ફૂટ્યું એમ નથી, ભાઈ! તે પરમાણુની પર્યાય તે કાળે તે રીતે થવાની હતી તેને પેલા ત્રાંબાના (પતરા) નિમિત્ત કહેવાય અને એને આ નિમિત્ત કહેવાય, (એમ) અરસ-પરસ (નિમિત્ત કહેવાય). આહાહા..! એ વીર્ય પણ કામ કરતું નથી.

હવે સુખ લઈએ. સુખ નામનો ગુણ આત્મામાં ભર્યો છે. એ અનુકૂળ સામગ્રી આવી માટે સુખની કલ્પના થઈ. કલ્પના થઈ, હોં! સુખ છે નહિ. એ કલ્પનામાં એ ચીજ કારણ છે એમ નથી. આહાહા..! તેમ કલ્પના થવાની હતી માટે એ ચીજ આવી એમ પણ નથી.

આહાહા..! પાંચ-પચીસ લાખ એકદમ પેદા થઈ જાય (તો) આમ હરખ-હરખ થઈ જાય. એ હરખ છે એમાં એ ચીજ નિમિત્ત છે. એ ચીજને લઈને હરખ થયો નથી. તેમ હરખ થયો છે માટે એ ચીજ ત્યાં આવી છે, આવવાની હતી તે આવી છે પણ અહીં આ હરખ થયો માટે આવવાની હતી એમ નથી. આહાહા..! તેમ હરખ થયો માટે કર્મ બંધાણું એમ પણ નથી. કર્મના પરમાણુ તે સમયે કર્મરૂપે, પર્યાયરૂપે પરિણમવાના હતા એ પરિણમ્યા છે. હરખને, હરખને અડ્યોય નથી. હરખ એને નિમિત્ત કહેવાય છે અને એ હરખને કર્મ નિમિત્ત કહેવાય છે. એકબીજા એકબીજાથી થયા નથી. આહાહા..!

એમ બધા ગુણમાં ઉતારી લેવા. એમ કહ્યું ને? સમસ્ત પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર. એ જ્ઞાન, દર્શન, ચારિત્રના ત્રણના લીધા એમ વીર્યના, સુખના, પ્રભુત્વના, કર્તાના (પણ લઈ લેવા). આહાહા..! કોઈ પણ દ્રવ્યની પર્યાય કર્તાપણે કરી ત્યારે સાધન અનુકૂળ હતા માટે થઈ એમ નથી. કર્તા ગુણ બીજાને નિમિત્ત છે પણ બીજાની ક્રિયા કર્તા ગુણને લઈને થાય છે, કર્તા હોંશિયાર થયો માટે પેલી ચીજને લાવ્યો (એમ નથી). આહાહા..! બહુ ફેરફાર આખો.... આહાહા..!

એ કર્તા નામનો ગુણ પણ સ્વતંત્ર પોતે પોતામાં પરિણમી રહ્યો છે. એમાં બીજી ચીજ જે અનુકૂળ છે માટે કર્તા ગુણ આવ્યો એમ પણ નથી અને કર્તા ગુણ આવ્યો માટે પેલી ચીજ આવી એમ પણ નથી. આહાહા..! એમ સાધન નામનો આત્મામાં ગુણ છે. તેથી બહારનું સાધન આ સાધનને લઈને આવ્યું એમ નથી. બહારનું સાધન આવ્યું માટે અહીં સાધન થયું એમ નથી. તેમ સાધન થયું માટે બહાર સાધનને, સાધનને કારણે આવવું પડ્યું (એમ નથી). આહાહા..! ગજબ વાત છે.

નિશ્ચય સાધન થાય છે ત્યાં વ્યવહાર સાધન નિશ્ચય સાધન હોય માટે આવે છે, આને લઈને આવે છે એમ નહિ. આહાહા..! નિશ્ચય સાધન જે થાય છે અંદરમાં તેથી વ્યવહાર રત્નત્રય એને કારણ બને છે એમ નથી. નિમિત્ત બને. નિમિત્તનો અર્થ કે, કંઈ કરે નહિ. આહાહા..! ગજબ વાત છે ને? ભલે અહીંયાં વ્યવહાર રત્નત્રયનો રાગ એ નિશ્ચયનું કારણ કહીને પ્રરૂપણા કરે છે. આહાહા..! એવી કરી હશે કે નહિ? 'શાંતિભાઈ'! શું પણ ત્યાં ભાષણ કર્યું હોય તો બધું ચાલ્યો તો હોય. જે હોય એ આવે ને. આહાહા..! શું કીધું ઇ?

મુમુક્ષુ :– 'શાંતિભાઈ'એ કીધું, કેટલાય ગપાટા માર્યા છે.

ઉત્તર :– એ તો છે. પણ વાત ઇ કે, જે કાંઈ થાય છે તે ચીજ આ પર્યાય થવાનો છે માટે એ ચીજ આવે છે અને એ ચીજ આવે છે એ આને નિમિત્ત થાય છે માટે થાય છે એમ નહિ. નિમિત્ત છે એટલે થાય છે એવો એનો અર્થ નથી. આહાહા..! વસ્તુની હાજરી છે. આહાહા..! કર્તા, સાધન (આદિ) બધા ગુણો છે ને? કરણ એ સાધન થયું. કોઈ પણ દ્રવ્યનું કાર્ય તે સમયમાં તે કાર્ય થાય એ આઘા-પાછા સમયમાં નહિ. એ તો નહિ પણ

એ કાર્યને બહારનું નિમિત્ત મળ્યું માટે કાર્ય થયું એમ નહિ. અને એ કાર્ય થવાનું હતું માટે નિમિત્તને આવવું પડ્યું એમ પણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બધા એમ કહે છે ને નિમિત્ત મેળવો, નિમિત્ત મેળવો.

ઉત્તર :- કોણ મેળવે પણ? પરચીજને મેળવે કોણ? પરચીજનો પોતે સ્વામી-ધણી છે? આહાહા..! અને પરચીજ જે સમયે આવવાની એ તો એના સ્વતંત્ર એની પર્યાયને કાળે આવે છે. તારા પુરુષાર્થથી ને તેં ધ્યાન બહુ રાખ્યું માટે આ ચીજ અહીં આવી (એમ નથી). આહાહા..! 'મુકુંદભાઈ'! શું હશે આ બધું? દુકાનમાં આખો દિ'... આહાહા..! ન્યાં દુકાન ચલાવતા ત્યારે અમારે એમ જ ચાલતું હતું. આમ કરીએ, આમ કરીએ. નાની ઉંમરમાંથી માલ લેવા હું જાતો. છેલ્લે છેલ્લે ગયેલો (ત્યારે) છેલ્લે ચારસો મણ ચોખા લીધા. બસ! પછી બંધ. હવે દુકાને નહિ આવું. દુકાન બંધ કરી. હું નહિ આવું, કીધું. (સંવત) ૧૯૬૮ નો મહા મહિનો. એ લાવ્યા ને વૈશાખે છોડી દીધી. આહા..! ચારસો મણ ચોખા છેલ્લા 'મુંબઈ' થી 'કોલાબા' થી લાવેલા. ખૂબી એવી થઈ કે, તે કાળે ૧૯૬૮ ની સાલમાં જેવી સો ગુણ આવી એવો મણે ચાર આના વધી ગયા. આવ્યા ને ચાર આના વધી ગયા. એ સાલમાં સો ગુણે સો રૂપિયા (વધી ગયા). આહાહા..! કીધું, એવું હવે નથી કરવાનું કાંઈ. આહાહા..! કોણ છોડે ને કોણ મુકે, બાપા! આહાહા..!

આવી સમસ્ત પર્યાયો કહેવી. એટલે કર્તા પર્યાય કહેવી, કર્મ પર્યાય કહેવી, સાધન પર્યાય કહેવી. આહાહા..! અને જેણે કરીને રાખી છે તેની તેનામાં રહે. બીજો કરે ને બીજામાં રહે... આહાહા..! એ બધું બહુ ... છે.

મુમુક્ષુ :- ભોક્તા ગુણમાં ઘટાવો.

ઉત્તર :- ભોક્તામાં પણ ઇ જ છે. પોતે પોતાનો ભોક્તા થાય છે, નિર્વિકાર હોં! વિકારનો ભોક્તા નહિ. એ એનો સ્વભાવ જ નથી. નિર્વિકારનો ભોક્તા થાય છે ત્યારે ચીજ સામે નિમિત્ત હોય ભલે પણ એનો ભોક્તા થતો નથી. કર્તા-ભોક્તા છેલ્લે બોલ આવ્યો હતો ને? કરણ કર્તા. અકર્તા, અભોક્તા.. ૪૭ (શક્તિમાં) આવ્યું હતું. પરનો અકર્તા, પરનો અભોક્તા. આહાહા..!

એક આમ (આંગળી) ઉપડે છે એની આ આંગળી અકર્તા છે. આંગળી આની અકર્તા છે. આત્મા તો અકર્તા છે પણ આમ ઊંચી થઈ એને આત્મા આંગળી અકર્તા છે. કેમકે અકર્તા નામનો ગુણ આમાં છે. એને લઈને અકર્તાની પર્યાય પોતાથી ત્યાં થઈ છે, આંગળીથી નહિ. દુનિયાથી ઊંધું છે. દુનિયા આખો દિ' આ કરો, કરો, આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો, અભિમાન, અભિમાન. આહાહા..!

અહીં તો આચાર્ય કહે છે, જેમ ત્રણ બોલની વાત કરી એ પર્યાયની વાત કરી, ગુણની નહિ. ગુણ ને દ્રવ્ય તો ત્રિકાળ રહે છે એની કાંઈ વાત છે નહિ, પર્યાયની વાત કીધી.

પર્યાય એકબીજામાં નિમિત્ત કહેવાય. પર્યાય એ સમયે ઊપજે, તે જ સમયે ઊપજે. આહાહા..! પર્યાય વિનાનું કોઈ દિ' ત્રણકાળમાં કોઈ દ્રવ્ય હોય નહિ અને તે પણ અનંતી પર્યાય. આહાહા..! એક દ્રવ્યની અનંતી પર્યાય. અનંતી પર્યાય વિનાનું એ દ્રવ્ય હોય જ નહિ. આહાહા..! એ અનંતી પર્યાય થઈ, કોઈ નિમિત્ત અનુકૂળ આવ્યું માટે થઈ એમ નથી. અને અનુકૂળ નિમિત્ત પર્યાય થવાની હતી માટે નિમિત્ત આવ્યું છે એમ નથી. નિમિત્તને લઈને અહીં થઈ નથી ને આને લઈને નિમિત્ત આવ્યું નથી. આહાહા..! આવો ઉપદેશ હવે. આહાહા..!

મુમુક્ષુ :– સ્વસ્વામી સંબંધ ઘટાવો.

ઉત્તર :– સ્વસ્વામી સંબંધ એ. દરેક દ્રવ્યની પર્યાય જે સમયે થાય તે સ્વ અને તેનો એ સ્વામી. સ્વસ્વામી સંબંધમાં તો ત્રણેયનો સ્વામી છે પણ અહીં તો પર્યાય લેવી છે ને એકલી? દરેક ગુણની જે પર્યાય ભોગવવામાં આવે છે એ ભોગવવામાં આવે એ પોતાથી ભોગવાય છે. પરવસ્તુ નિમિત્ત (છે) માટે ત્યાં ભોગવાય છે એમ પણ નહિ. તેમ પરવસ્તુને ભોક્તા નિમિત્ત કહેવાય માટે પરવસ્તુ ભોગવવા માટે આવી છે એમ પણ નથી. ચુરમાનો લાડવો ખાવાનો ભોગવવાનું હતું માટે આવ્યો છે એમ પણ નથી અને ભોક્તા થયો માટે ચુરમાનો લાડુ આવ્યો એમ પણ નથી. આહાહા..! આવું તો બેસાડવું ભારે કઠણ.

અહીં તો કીધું ને? **'સમસ્ત પર્યાયોનો...'** કેમકે કોઈ પણ દ્રવ્ય પર્યાય વિનાનું હોય નહિ. ત્રણકાળમાં પર્યાય તે અનંતી પર્યાય પાછી એક નહિ. કોઈ પણ સમયમાં કોઈ દ્રવ્ય અનંતી પ્રગટ પર્યાય વિના હોય નહિ. આહાહા..! એ અનંતી પર્યાયને પણ એ બીજી પર્યાય એને નિમિત્ત છે પણ એ પર્યાયને લઈને બીજી અનંતી પર્યાય થઈ એમ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે દરેક પર્યાય ષટ્કારકપણે પરિણમે છે. દરેક પર્યાય (એક) સમયમાં ષટ્કારકપણે પરિણમે છે. કર્તા, કાર્ય, સાધન, રાખવું, થી-એનાથી ને એના આધારે. આ છ કારક. આહાહા..!

દરેક દ્રવ્યની પર્યાય તે સમયે છ કારકથી થાય છે. વિકાર પણ છ કારકથી થાય છે, કર્મથી નહિ. એ જ વાંધો આવ્યો હતો ને 'વર્ણીજી' સાથે ૨૦૧૩ની સાલ. બધા પંડિત હતા. 'રામજીભાઈ' હતા, 'હિંમતભાઈ' હતા બીજા પંડિત હતા. 'બંસીધરજી', 'કૈલાશચંદજી'. આહાહા..! 'ફુલચંદજી'. કીધું, ભાઈ! વિકાર થાય છે તે ષટ્કારકથી, પોતાથી થાય છે. કર્મથી નહિ. 'વર્ણીજી' કહે, નહિ. એમ નહિ. એ તો અભેદની વાત છે. જો કર્મથી ન થાય તો સ્વભાવ કહેવાય. કીધું, એ પર્યાય પોતાથી થાય છે. એ સ્વભાવ કહો, વિભાવ કહો જે કહો તે, પણ પર્યાયને કાળે પર્યાય થાય છે. ન બેઠી વાત, વિરુદ્ધ પડ્યું. ૨૦૧૩ ની સાલ. ત્રેવીસ વર્ષ થયા. તે દિ' ન્યાં 'ઇસરી' માં ખૂબ ચર્ચા થઈ. પંડિતો બધા હતા. વિકાર કર્મને લઈને નહિ. અહીં શું કહેવાય છે આ પર્યાયમાં? આ પર્યાયમાં શું કહેવાય? જો કે અહીં નિર્દોષ પર્યાયની વાત છે. પણ સદોષ પર્યાય પણ તે સમયે થવાની છે તેને બીજી ચીજ

આવી માટે થઈ છે, કર્મનો ઉદય આવ્યો માટે અહીં વિકાર થયો છે. આહાહા..! અને અહીં વિકાર થયો માટે કર્મને બંધાવું પડે છે, કર્મના રજકણને કર્મરૂપે થવું પડે છે એમ નથી. આહાહા..! આવું તો સાંભળ્યું નહિ હોય, 'શાંતિભાઈ'! અત્યારે પણ વાત ચાલતી નથી. ફેરફાર (છે). ફેરફાર, ફેરફાર બધો. આહાહા..! કો'કમાં કાંઈક ફેર... કો'કમાં કાંઈક ફેર... કો'કમાં કાંઈક ફેર... ફેર, ફેર ને ફેર ગરી ગયો. આહાહા..!

અહીં કહે છે, **'આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય-વ્યવહાર કહ્યો...'** એટલે જે સમયે થવાની તે. તેને બીજી ચીજ નિમિત્ત કહેવાય, બીજી ચીજને તે પર્યાય નિમિત્ત કહેવાય. એવો વ્યવહાર કહેવાયો. અને નિશ્ચયે તો એકબીજાના નિમિત્ત પણ નથી. એ પ્રકાર છે, **'એ જ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયો...'** આહાહા..! સિદ્ધ ત્યાં ઉપર કેમ રહ્યા? ધર્માસ્તિકાય નથી માટે. એમ નથી. લોકાગ્રે કેમ રહ્યા? કે, ધર્માસ્તિકાયનો અભાવ છે માટે. પાઠ એવો છે. એ બધી વ્યવહારની વાતું છે. બાકી તો તેની પર્યાય તે ક્ષણે ત્યાં જ રહેવાની તે જ પ્રકારે. આહાહા...! સિદ્ધ શિલાગ્રે કેમ રહ્યા? કે, આ પાઠ એવો આવે કે, ધર્માસ્તિકાયના અભાવને લઈને. ધર્માસ્તિકાય આગળ નથી માટે. હોત તો જાત, હોત તો જાત, એમ કહે. પણ છે આ પ્રમાણે છે. પછી હોત તો જાત એ પ્રશ્ન ક્યાં આવ્યો? આહાહા..!

મુમુક્ષુ :- આત્મામાં અલોકમાં જવાની શક્તિ છે કે નહિ?

ઉત્તર :- એવી યોગ્યતા નથી. પર્યાય ત્યાં (જવાની નહોતી). લોકનું દ્રવ્ય લોકમાં રહેવાની યોગ્યતા છે. લોકનું દ્રવ્ય અલોકમાં જાય એવી શક્તિ હોય જ નહિ. આહાહા..! અલોકમાં તો એકલું આકાશ જ છે. એટલે અહીં કહે છે. આહાહા..! **'એ પ્રમાણે બીજા પણ સમસ્ત પર્યાયોનો...'** આહાહા..! માથામાં ખીલી વાગી તો ખીલી માથામાં વાગી (એમ નથી). એ ખીલી એને અડી નથી. આહાહા..! ખીલી નિમિત્ત કહેવાય અને ખીલીને એ કાણું પડ્યું એ નિમિત્ત કહેવાય. નિમિત્તનો અર્થ એક જ્ઞાન કરવા માટે બીજી ચીજ. પણ એનાથી કાંઈ થાય એમ નથી. એમ નિશ્ચય-વ્યવહાર પ્રકાર બધી સમસ્ત પર્યાયોનો (સમજવો). આહાહા..! આમાં કઈ બાકી રહી? પરમાણુની... આહાહા..!

ઇ એમ કહે છે કે, એક પરમાણુમાં બે ગુણ ચીકાશ હોય અને બીજા ગુણમાં ચાર હોય તો ત્યાં જાય તો ચાર ગુણ થાય. માટે જુઓ! પરને લઈને થયું. એ ચાર થવાની હતી તે જ ત્યાં ગયો છે. પોતાને લઈને ચાર થયું છે. ત્યાં ચાર ગુણ ચીકાશ છે માટે ચાર ગુણ અહીં થઈ, એમ નથી. બહુ સમાડ્યું છે આમાં. ત્રણ બોલ કહીને બધી આખી દુનિયાની પર્યાય, દરેક દ્રવ્યની અનંતી પર્યાય એક સમયમાં હોય. કોઈ દ્રવ્ય અનંતી પર્યાય વિનાનું હોય નહિ. આહાહા..! અને તે પણ એક એક પર્યાય સ્વતંત્ર પોતપોતાથી છે. આહાહા..! અને તેને બીજી ચીજ છે માટે પર્યાય થાય છે એ વાત છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૧૬, ગાથા–૩૫૬ થી ૩૬૫, શ્લોક-૨૧૫ શનિવાર, જ્યેષ્ઠ સુદ ૯, તા. ૨૧-૦૬-૧૯૮૦

'સમયસાર' ગુજરાતી ૫૨૮ પાનું છે. ભાવાર્થ, નીચે ભાવાર્થ છે.

**ભાવાર્થ :– 'શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે.'** શુદ્ધનયથી વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે. જાણવું-દેખવું આદિ એનો સ્વભાવ છે. **'તેના પરિણામ...'** ત્રણ વાત થઈ. એક તો આત્મા, એનો એક ચેતનામાત્ર સ્વભાવ, એના પરિણામ, તેના પરિણામ–પર્યાય **'જાણવું, દેખવું, શ્રદ્ધવું, નિવૃત્ત થવું ઇત્યાદિ (પરિણામ) છે.'** તેના પોતાના પરિણામ છે. આત્મા વસ્તુ છે એનો ચેતના સ્વભાવ છે, એના પરિણામ જાણવા-દેખવાના સ્વતઃ પરિણામ છે.

**'ત્યાં નિશ્ચયનયથી વિચારવામાં આવે...'** સત્ય દૃષ્ટિથી જોવામાં આવે **'તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો,...'** આહાહા..! આત્માને પરનો કર્તા તો કહી શકાતો છે જ નહિ, એ તો છે જ નહિ. આત્મા પોતા સિવાય પરદ્રવ્યનું કાંઈ જરીએ કરે, એ જરીએ કરે એવું તો એનામાં છે જ નહિ. આહાહા..! ફક્ત આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક કહેવો એ પણ કહી શકાતો નથી. આહાહા..! કારણ કે, જાણનારો જાણનારની અવસ્થામાં પોતાનું ને પરનું સ્વરૂપ પરિણમે છે તેને એ જાણે છે. પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. કેમકે પર જે જ્ઞેય છે એ જ્ઞાનમાં આવતા નથી અને જ્ઞાન છે તે જ્ઞેયમાં જતું નથી. જ્ઞેય અને જ્ઞાન વચ્ચે અત્યંત અભાવ છે. આહાહા..! જેથી પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર માત્ર છે.

**'પરદ્રવ્યનો જ્ઞાયક નથી કહી શકાતો,...'** આહાહા..! પરદ્રવ્યનો કંઈ કર્તા (થાય), દયા પાળે પરની, હિંસા કરે એવું તો એનામાં છે જ નહિ. આહાહા..! એ તો એ ચીજમાં જ નથી. પણ પરને જાણવું એવો જે સંબંધ– જ્ઞેય-જ્ઞાયક સંબંધ એ પણ નથી ખરેખર તો. પરની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! જ્ઞાયક પણ કહી શકાતો નથી. કારણ કે, જાણનાર તો પોતાનો સ્વભાવ છે. પોતાના સ્વભાવમાં સ્વપણે રહીને પોતાને જાણે છે અને પરને અડતોય નથી. જાણનાર, જણાય છે તેને તો એ સ્પર્શતો પણ નથી. આહાહા..! આવો આત્મા.

**'દર્શક નથી કહી શકાતો,...'** એને જ્ઞાયક કહી શકાતો નથી, તેમ દર્શન દેખનાર કહી શકાતો નથી. કારણ કે, દેખવાને જાણવાના પરિણામ તો પોતાના છે, એ તો પોતાથી થયા છે. એ કાંઈ દેખવાની-જાણવાની ચીજથી દેખવા-જાણવાના પરિણામ થયા નથી. આહાહા..!

**'શ્રદ્ધાન કરનારો નથી કહી શકાતો,...'** પરની શ્રદ્ધા કરે એ પણ કહી શકાતો નથી. કારણ કે, પરની શ્રદ્ધા કરે એ તો પોતાના સ્વભાવથી કરે છે. એ પર ચીજને લઈને પરની

શ્રદ્ધા કરે છે અને શ્રદ્ધા કરતાં પરદ્રવ્ય કાંઈ અંદર આવી જાય છે કે પરની શ્રદ્ધા કરતાં આત્મા પરને સ્પર્શે છે એવું છે નહિ. આહાહા..! હજી અહીં તો કર્તાપણાથી નીકળવું કઠણ પડે. વ્યવહાર રત્નત્રય નિશ્ચયને કરે, નિમિત્ત અનુકૂળ હોય તો લાભ થાય. આહાહા..! એ તો સ્થૂળ મિથ્યાત્વ છે. સમજાણું? એને લઈને તો કાંઈ છે નહિ.

**'શ્રદ્ધાન કરનારો નથી કહી શકાતો,...'** ભગવાનની આત્મા શ્રદ્ધા કરે છે. આહાહા..! એ કેવળી છે, સર્વજ્ઞ, સર્વદર્શી, પૂર્ણાનંદ એવી અહીં શ્રદ્ધા કરે છે માટે શ્રદ્ધાને અને એને કાંઈ સંબંધ છે એ સંબંધ નથી. આહાહા..! એથી પરને શ્રદ્ધનારો પણ કહી શકાતો નથી. આહાહા..! આવો આત્મા છે એની શ્રદ્ધા અંદર થવી જોઈએ. આત્મા આવો છે એ જાણગ-દેખન શ્રદ્ધાન પરનું કરતો નથી, એ પોતાનો સ્વભાવ જ છે, એ પરિણામ પોતાના છે, એ પરિણામને પરની કોઈ અપેક્ષા નથી. આહાહા..!

**'ત્યાગ કરનારો નથી કહી શકાતો;...'** કારણ કે, એના અસ્તિત્વમાં પરવસ્તુ ક્યાં છે? આત્માની હયાતીમાં પરવસ્તુ ક્યાં છે કે જેથી પરવસ્તુને છોડે? આહાહા..! પરવસ્તુનો ત્યાગ પણ આત્માને કહી શકાતો નથી. આહાહા..! એ તો આત્માનો પરના ત્યાગના અભાવ-સ્વભાવરૂપ સ્વભાવ છે, પરના ત્યાગનો તો એમાં અભાવ છે. આહાહા..! બહુ આકરું. પરને છોડ, આને છોડ, આને છોડ. શાસ્ત્રમાં પણ આવે રત્નકરંડ શ્રાવકાચારમાં, આટલા રસ છોડવા ને આ આટલા ક્ષેત્રની બંધી કરવી, આટલા કાળમાં બહાર જાવું નહિ. એ તો પોતાના પરિણામ એ જાતના છે. એ કાંઈ પરની અપેક્ષાએ પરિણામ થયા નથી. આહાહા..!

**'કારણ કે પરદ્રવ્યને અને આત્માને...'** ચાર બોલ લીધા. જાણનાર, દેખનાર, શ્રદ્ધનાર અને ત્યાગ કરનાર. ચારે બોલ એને નથી લાગુ પડતા. આહાહા..! **'કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી.'** ખરેખર પરદ્રવ્યને ને આત્માને કોઈ જાતનો કાંઈ સંબંધ નથી. જ્ઞેય-જ્ઞાયક સંબંધ એ પણ વ્યવહાર છે. પોતે જ જ્ઞેય જ્ઞાયક છે, પોતે જ જાણનાર ને પોતે જણાવા લાયક છે. આહાહા..! પોતે જાણનાર ને પર જણાવનાર એવું એમાં લાગુ પડતું નથી. આહાહા..!

**'પરદ્રવ્યને અને આત્માને નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી.'** ખરેખર નિશ્ચયથી કાંઈ પણ સંબંધ નથી. આહાહા..! દેવ-ગુરુ ધર્મની શ્રદ્ધા કરવી એટલો તો કાંઈ સંબંધ ખરો કે નહિ? એ તો આવ્યું હતું ને કાલે? નહિ? ગુરુના સાનિધ્યમાં સાંભળ્યું, સુખ કારણ ધર્મ સાંભળ્યો. છતાં એ પરને ને આત્માને કાંઈ સંબંધ નથી. પોતાની જ્ઞાનની યોગ્યતાથી જ તે જાણવામાં આવ્યું છે. એ શબ્દથી જાણવામાં આવ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! આત્માને–ભગવાનઆત્માને અને ભગવાનને, આત્માને ને સિદ્ધને, આત્માને અને પંચપરમેષ્ઠી પરમાત્માને કાંઈ સંબંધ નથી. આહાહા..! પંચપરમેષ્ઠીને જાણે એમ કહેવું એ વ્યવહાર છે, શ્રદ્ધે છે એમ કહેવું એ વ્યવહાર છે, દેખે છે એમ કહેવું વ્યવહાર છે, એને છોડે છે લક્ષ

એ વ્યવહાર છે. આહાહા..! આવો માર્ગ હવે.

**‘જે જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, ત્યાગ ઇત્યાદિ ભાવો છે, તે પોતે જ છે;...’** એ કાંઈ પરને લઈને થયા નથી. પરવસ્તુ છે માટે અહીં જાણવાનો ભાવ થયો એમ નથી. પરવસ્તુ છે માટે દેખવાનો ભાવ થયો એમ નથી, પરવસ્તુ છે માટે અહીં ત્યાગવાનો ભાવ થયો એમ પણ નથી. એમ પરવસ્તુ છે તે(થી), આહાહા..! શ્રદ્ધવાનો ભાવ થયો (એમ નથી). ભગવાન પરમાત્મા પંચપરમેષ્ઠી છે... આહાહા..! માટે શ્રદ્ધવાનો ભાવ એને લઈને થયો એવો પણ સંબંધ નથી. આહા..!

મુમુક્ષુ :– જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ (એવો સંબંધ નથી?)

ઉત્તર :– કાંઈ એ સંબંધ નથી. જ્ઞેય અને જ્ઞાનનો સંબંધ જ નથી. સર્વે સંબંધો નિષેધ. ૨૦૦ કળશમાં આવી ગયું. આહા..! જ્ઞેયજ્ઞાયક સંબંધ કહેવો એ વ્યવહાર છે. આહાહા..! એમાં કર્તા-કર્મનો સંબંધ કહેવો એ તો મિથ્યાત્વ છે. આહા..! આત્મા કોઈનું કાંઈ પણ ભલું કરી શકે કે આત્મામાં કોઈથી કાંઈ ભલું થાય કે આત્માને પરથી કાંઈ બગાડ થાય, કર્મથી બગાડ થાય અને આત્મા પરને બગાડે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! ભારે આકરી વાત.

પર સાથે સંબંધ નથી. પર તો અનંત છે. અનંતને અનંતા અનંતને જાણવા-દેખવા ને શ્રદ્ધવા તો તો અનંતતાની અનંતતા ખ્યાલમાં આવે પણ એને નહિ શ્રદ્ધતા પોતાને જ શ્રદ્ધે છે. આહાહા..! પોતાને જાણે, દેખે ને શ્રદ્ધે છે, પોતે જ પરના ત્યાગ સ્વભાવરૂપ પરિણમે છે. પોતે જ પરના અભાવ-સ્વભાવરૂપે પરિણમે છે. કેમકે એમાં–દ્રવ્યમાં અભાવ નામનો એક ગુણ છે. એ પરના અભાવ-સ્વભાવરૂપે સ્વતઃ (છે). પર છે માટે એના અભાવ-સ્વભાવરૂપે પરિણમે એમ પણ નહિ. પોતાનો સ્વભાવ જ પરથી અભાવ-સ્વભાવરૂપ પરિણમવાનો છે. આહાહા..! આવો આકરો માર્ગ છે. અત્યારે કરી નાખ્યો સ્થૂળ. દયા પાળો ને વ્રત પાળો ને ભક્તિ કરો ને મંદિર બનાવો, દસ લાખ-વીસ લાખ ખર્ચીને મોટી જાત્રા કાઢો. પહેલાં તો ગાડા હતા, અત્યારે તો મોટરુમાં જાય, પ્લેનમાં મોટરમાં (જાય). પહેલાં તો ગાડા જ હતા. જાત્રા કાઢતા મહિનો, મહિનો, બબ્બે મહિના થઈ જાય અને દસ દસ લાખનો ખર્ચ થાય. એ બધો આપે એટલે એને થઈ જાય કે, આપણે ધર્મ કર્યો. કરનારને એમ થાય કે, આપણે ધર્મ કર્યો. આને એમ થાય કે, આપણે ધર્મ કરાવ્યો. આહાહા..! અહીંયાં એ સામાયિક કરાવી ઘણાને, પોષા કરાવ્યા, સામાયિક કરાવી એને બક્ષીસ આપી. એક પાથરણે પાંચ પાંચ સામાયિક, એક પાથરણે આઠ આઠ.... આહાહા..! અરે..! ચોવીસ કલાકે સુવુ નહિ. એવો ચોવીસ કલાકનો પોષો. સુવાનું નહિ, એકલું ચોવીસે કલાક જાગવું. એટલે એને થઈ ગયો પોષો અને ધર્મ. એ અહીં ના પડે છે. આહાહા..! ‘દેવીચંદજી’! આહાહા..! ચોવીસ ચોવીસ કલાક, અડતાલીસ કલાક જાગે. સુવે નહિ, આખી રાત જાગે. અમારે ન્યાં ‘બોટાદ’માં

થયેલું ઘણું, ઘણા કરતાં. આખી રાત જાગે, બીજે દિ' સવારે પારણુ કરે, એ પણ વ્યાખ્યાન સાંભળી, પહોર પછી કરે. એટલે એમ કે ઓહો..હો..! ભારે ભાઈ! તપસ્યા.

અહીં કહે છે કે, પરને અને આત્માને કાંઈ સંબંધ નથી. તેં પરને છોડ્યું એ વાત જ જૂઠી છે. આહા..! પરનું તારામાં ક્યાં અસ્તિત્વ હતું? હયાતી પરની ક્યાં તારામાં હતી કે તેં હયાતીને છોડી? અને હયાતી હોય એ છોડી જાય નહિ. આહાહા..! આત્માના ચૈતન્ય પરિણામ છે એ કાંઈ છોડ્યા જાય નહિ, પરને છોડ્યું કરાય નહિ. આહાહા..! આવું ઝીણું.

**'ભાવ-ભાવકનો ભેદ કહેવો...'** આત્મા ભાવક અને એના પરિણામ ભાવ. જાણવાના, દેખવાના, શ્રદ્ધવાના, પરના ત્યાગના અભાવ સ્વરૂપ પરિણમવાના એમ જે કહેવું એ વ્યવહાર છે, તે પણ વ્યવહાર છે. આહાહા..! ભાવ-ભાવક, ભાવક એવો ભગવાન, એના જે ભાવ એ પરિણામ એમ કહેવું એ પણ વ્યવહાર છે. જાણવાના એના પરિણામ, દેખવાના એના પરિણામ, શ્રદ્ધવાના એના પરિણામ એ પણ ભાવ અને ભાવકનો ભેદ થયો. એ પણ વ્યવહાર છે. આહાહા..! પરને છોડવું ને પરનું ભલું કરવું... આહાહા..! જૈન નામ ધાર્યું શેનું? જૈન ઇ જ એમ કહે છે. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, મત-મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.' જિન સ્વરૂપ જ તું છો, વીતરાગ સ્વરૂપ જ તું છો. એ વીતરાગ પરિણામ અને શ્રદ્ધા પરિણામ સ્વરૂપ જ તું છો. એ પરને લઈને એ પરિણામ થયા છે એવો પરને ને એના પરિણામને કાંઈ સંબંધ નથી. આહાહા..!

**'ભાવ-ભાવકનો ભેદ કહેવો...'** આહાહા..! છે? **'તે પણ વ્યવહાર છે.'** જાણનારો જાણે છે એ વ્યવહાર છે. આહાહા..! ભેદ પડ્યો ને ? જાણનારો જાણે છે, દેખનારો દેખે છે, શ્રદ્ધનારો શ્રદ્ધે છે એવો ભાવકનો ભાવ ભેદ (થયો) એ પણ વ્યવહાર છે. અર..ર..! અહીં સુધી જાવું. લ્યો! અહીં તો વ્યવહાર આ દયા, દાન, વ્રત એ પરિણામથી ધર્મ ન માને તો એકાંત છે. આહાહા..! એમ અત્યારે વલણ ઇ થઈ ગયું છે. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજામાં ધર્મ ન માને તો એકાંત છે. વીતરાગનો માર્ગ અનેકાંત છે. નિશ્ચયથી પણ થાય, વ્યવહારથી પણ થાય. ઉપાદાનથી પણ થાય, નિમિત્તથી પણ થાય એમ અનેકાંત છે. અહીં કહે છે કે, વસ્તુમાં એવું અનેકાંત છે જ નહિ. પોતાથી થાય ને પરથી થાય નહિ. કોઈ પણ આત્મા પરનું કાંઈ કરી શકે (એમ વસ્તુમાં નથી). આહાહા..! મા-બાપની સેવા તો કરી શકે કે નહિ? ઘરડા થઈ ગયા હોય સો સો વર્ષની ઉંમરના, સેવા કરે એ કરી શકે કે નહિ? પરનું કાંઈ કરી શકે નહિ. આહાહા..!

આત્મા દ્રવ્ય જુદો છે, એ ચીજ જુદી છે. એ ચીજના દ્રવ્ય, ગુણ, પર્યાય જુદા છે. દ્રવ્ય એટલે કાયમ રહેનારી ચીજ અને ગુણ એટલે કાયમ રહેનારી શક્તિ અને પરિણામ વર્તમાન એનાથી ભિન્ન છે એ. તારું દ્રવ્ય પણ તારા દ્રવ્ય, ગુણ, પર્યાયથી, પરથી ભિન્ન છે. આહાહા..! અહીં તો મોટી સેવા મંડળી, દયા મંડળી થાય, પછી એના અધ્યક્ષ થાય.

બે-પાંચ લાખ ભેગા કરે પછી એમાં ખર્ચે તો બહુ ધર્મ થયો. અહીં કહે છે, જરીએ ધર્મ નથી. ધર્મ તો નથી પણ મેં પરની દયા પાળી એ માન્યતા જ મિથ્યાત્વ છે. કારણ કે, પરનું કરી શકતો નથી ને કરી શકું માન્યું. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

સ્વદ્રવ્ય પરનું કાંઈ કરી શકે નહિ. સ્વદ્રવ્યમાં જે પરિણામ થાય એ પોતાના પોતાથી થાય છે. એ પરિણામ કાંઈ પરથી થતાં નથી. પરને જાણવું-દેખવું એ પણ વ્યવહાર છે. જાણવા-દેખવાના પરિણામ પણ પોતાના છે. એથી પરની સાથેનો સંબંધ શું છે? આહાહા..! આવું ઝીણું. લાંબું ચાલે છે ને પેલાનું, કાંઈક હળવો હોય, થઈ શકે તો માણસ ભેગા થાય, લાખો માણસ ભેગા થાય. અહીં કહે છે, કાંઈ કરી શકે નહિ. ભેગા જ થાય નહિ ને. એક દ્રવ્ય અને બીજું દ્રવ્ય ભેગું ત્રણકાળમાં થાય નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને જરી પણ અડે નહિ અને સ્પર્શે નહિ. તો પછી બીજાને સ્પર્શે નહિ તો બીજાનું કાંઈ કરી શકે એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા..!

મુમુક્ષુ :– માંદો ઘરમાં કોઈ થાય તો પગ દાબવા કે નહિ?

ઉત્તર :– કોણ દાબે? એ દાબવાની ક્રિયા થવાની હોય જડની, જડને કારણે થાય, આત્માને કારણે ન થાય. એ પગ દાબવાનો હાથ, હાથની તે સમયની પર્યાય હાથને જડને લઈને થાય, આત્માને લઈને નહિ. આહાહા..! આત્મા એનો જાણનાર છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એને ઠેકાણે આત્મા એનો કરનાર છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવો વીતરાગ માર્ગ. પરમેશ્વર જૈન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માનું આ કથન છે. દુનિયાથી નિરાળી જાત છે, દુનિયાને ને એને મેળ ખાય એવું છે નહિ. આહાહા..!

અહીં કહ્યું ને? **'ભાવ-ભાવકનો ભેદ કહેવો,...'** જાણનારો જાણે છે, શ્રદ્ધનારો શ્રદ્ધે છે, પોતાને હોં! એવું કહેવું એ વ્યવહાર છે. પરને શ્રદ્ધે ને પરને જાણવું એ તો વાત છે જ નહિ. આહાહા..! પરનું કરી શકે એ વાત તો ત્રણકાળમાં છે નહિ પણ પરને જાણે ને દેખે એ પણ એનામાં નથી. કારણ કે, જાણવા-દેખવાના પરિણામ કાંઈ એના નથી. જાણવા-દેખવાના પરિણામ તો જીવના પોતાના ચેતનના પરિણામ છે. એ પરિણામને ને પરને કાંઈ સંબંધ નથી. આહાહા..! આ પછી એકાંત કહે કે નહિ? એકાંત છે... એકાંત છે... એકાંત છે. અનેકાંત જોઈએ. વ્યવહારથી પણ થાય, નિમિત્તથી પણ થાય, નિશ્ચયથી પણ થાય, ઉપાદાનથી પણ થાય તો અનેકાંત કહેવાય.

અહીં કહે છે, એ એકાંત છે, એ માનવું એ એકાંત છે. ઉપાદાન ને નિમિત્ત બેથી થાય એમ માનવું એ અજ્ઞાન છે. નિમિત્ત હો પણ નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થાય. જરીએ નહિ. કેમકે નિમિત્તની પર્યાય નિમિત્તને કાળે, ઉપાદાનની પર્યાય ઉપાદાનને (કાળે થાય) બેનો કાળ એક (છે). હવે એમાં અહીં કાળ એક, પોતાને કારણે પરિણમે એમાં પરને પરિણમાવવા જાય ક્યાં? આહાહા..! સમજાય છે કાંઈ? આકરી વાત છે, બાપુ!

સિદ્ધ ભગવાન જોઈ રહ્યા છે. ગમે તેટલું થાય, જૈન ધર્મમાં વાડામાં વિરોધ થાય કે ગમે તેવું (થાય), છે વિકલ્પ એને? એનો અર્થ એ થયો કે, આત્માનો સ્વભાવ જ એ છે કે પોતે જાણવું-દેખવું પોતાને, બસ એ સ્વભાવ. પરને જાણવું-દેખવું તો નહિ પણ પરનું કરવું તો બિલકુલ નહિ. આહાહા..! પરની દયા પાળી શકે, આહાહા..! પરને પાળી શકે, પરને મદદ કરી શકે, બીજાને જરી ટેકો આપી શકે, દુઃખી પ્રાણીને પૈસા આપે, કપડા આપે, ટેકો આપે એમ ત્રણકાળમાં બને નહિ, એમ કહે છે.

દરેક દ્રવ્ય પોતાની વર્તમાન પર્યાયથી રહિત નથી, દરેક દ્રવ્ય વર્તમાન એની અવસ્થાથી રહિત નથી. જ્યારે અવસ્થાથી રહિત નથી તો બીજો એની અવસ્થા કરે શી રીતે? પોતે જ અવસ્થા કરે છે ત્યાં બીજો કરે શી રીતે? આહાહા..! પગ દાબવામાં પગની પર્યાય પગના પરમાણુને લઈને થાય છે, એમાં હાથને લઈને થાય (એમ નથી). આકરું કામ છે, બાપુ!

વીતરાગ માર્ગ બહુ ઝીણો, સૂક્ષ્મ. લોકો વાડામાં પડ્યા એને પણ ખબર નથી કે, જૈન પરમેશ્વરનું શું સત્ય છે. ઇ તો જે વાડામાં જન્મ્યા અને જેનો સંગ થયો એનું માની લીધું, થઈ રહ્યું. આગળ-પાછળ આ શું જૂઠું છે કે સાચું છે (એ) વિચાર કરવાનો અવકાશ પણ લેતો નથી. મનુષ્યપણું ચાલ્યું જાય છે. આહાહા..! ક્યાં જશે પાછો? આત્મા કાંઈ એમ નાશ થાય એવો નથી. દેહનો નાશ થયે આત્મા તો બીજે સત્તામાં ક્યાંક જવાનો છે. આહાહા..! બીજા કોઈ ભવમાં અસ્તિત્વમાં જવાનો છે, તો એ ભવનું શું? એણે અહીં શું કર્યું કે એને એ ભવમાં એ ભવ મળ્યો આહાહા..! આકરું કામ છે, બાપુ! આહાહા..! અહીં તો મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું. આ કામ મેં કર્યા માટે મારી પ્રશંસા કરો, વખાણ કરો. આહાહા..! ભેગા થઈને માનપત્ર આપો, અભિનંદન આપો. આહાહા..! ભિખારી છે, માનનો ભિખારી છે. આહાહા..! એ આત્માનો અર્થી નથી. આહાહા..!

અહીં એ કહે છે, આત્મા ચેતના સ્વભાવ હોવાથી એના ચેતનાના પરિણામ હોય. આત્મા ચેતના સ્વભાવ હોવાથી એના ચેતનાના પરિણામ હોય. તે પણ પોતાથી હોય, બીજાથી તો હોય જ નહિ. અને બીજાને કરે નહિ ને બીજાથી હોય નહિ. આવો એનો સ્વભાવ છે. એ પોતે પોતાને જાણે એમ ભેદ પાડવો એ પણ વ્યવહાર છે, જ્ઞાયક જ્ઞાયક જ છે. આહાહા..! **'ભાવ-ભાવકનો ભેદ કહેવો તે પણ વ્યવહાર છે. નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી.'** પર્યાય અને પર્યાયનો કરનારો આત્મા (એવો) ભેદ નથી, અભેદ જ છે. આહાહા..! પોતે પોતાના પરિણામ ને તે ચેતનના પરિણામ, રાગના નહિ. રાગના પરિણામ એ આત્માના નહિ. તેથી કહ્યું ને પહેલું? **'શુદ્ધનયથી આત્માનો એક ચેતનામાત્ર સ્વભાવ છે.'** જાણવામાત્ર સ્વભાવ છે એનો. ત્રિકાળી આત્માનો સ્વભાવ ચેતના–જાણવું-દેખવું (છે), તો એના પરિણામ જાણવું-દેખવું આદિ થાય. એ તો પોતાના પરિણામ છે. એ કાંઈ પરને લઈને થયા છે? પરને જાણ્યા છે માટે એ પરિણામ થયા છે, એમ નથી. ચેતના છે માટે

પોતાના પરિણામ તે વખતે હોય જ. આહા..! પરિણામ વિનાનું દ્રવ્ય-ગુણ હોય નહિ. સમજાય છે કાંઈ? ગુણ વિનાનું દ્રવ્ય હોય નહિ. આહાહા..! આકરું કામ ભારે. થોડા ફેરે મોટો ફેર ક્યાં પડે છે (એની) લોકોને ખબર પડતી નથી અને માણસને (એમ હોય કે) હું કરું છું, એમાં શું છે? આહાહા..!

**'નિશ્ચયથી ભાવ અને ભાવ કરનારનો ભેદ નથી. હવે વ્યવહારનય વિષે. વ્યવહારનયથી આત્માને પરદ્રવ્યનો જ્ઞાતા, દ્રષ્ટા, શ્રદ્ધાન કરનાર, ત્યાગ કરનાર કહેવામાં આવે છે; કારણ કે પરદ્રવ્યને અને આત્માને નિમિત્તનૈમિત્તિકભાવ છે.'** એથી કહેવામાં આવે છે. કહેવામાં આવે છે, છે નહિ. **'જ્ઞાનાદિ ભાવોને પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી...'** ચેતન સ્વભાવ એના જે જાણવા-દેખવાના પરિણામ તેમાં પરદ્રવ્યને નિમિત્ત કહેવાથી **'વ્યવહારી જનો કહે છે...' 'નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે...'** આહાહા..! **'કે-આત્મા પરદ્રવ્યને જાણે છે,...'** ભારે આકરી વાત. વ્યવહારી જનો એમ કહે કે, આ પરને જાણે છે. અજ્ઞાની એમ કહે. આહાહા..! કેમકે જેનો જે ત્રિકાળી સ્વભાવ તેના થતાં વર્તમાન પરિણામ એને કોઈ પરની અપેક્ષા છે નહિ. છતાં અપેક્ષા કરીને કહેવું એ તો વ્યવહાર છે અને એ રીતે માનવું એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

**'પરદ્રવ્ય નિમિત્ત થતું હોવાથી વ્યવહારી જનો કહે છે કે-આત્મા પરદ્રવ્યને જાણે છે,...'** આહાહા..! પરદ્રવ્યને કરે ને રાખે ને સેવા કરે, દયા પાળે એ તો છે જ નહિ પણ વ્યવહારી જનો પરદ્રવ્યને જાણે છે એમ કહે છે. **'પરદ્રવ્યને દેખે છે, પરદ્રવ્યનું શ્રદ્ધાન કરે છે,...'** એ નિમિત્તનૈમિત્તિકભાવને લઈને. ફક્ત આ થતાં પેલું હોય છે, નૈમિત્તિક પોતાની દશા થતાં બીજી ચીજ હોય છે એટલો દેખીને વ્યવહારી લોકો એમ કહે છે કે, આની શ્રદ્ધા કરી ને આણે આમ જાણ્યું. આહાહા..! ઝીણી વાત છે, 'પંડિતજી'! કરવાની તો વાત જ નથી. આત્મા પરજીવની દયા પાળે એ વાત તો ત્રણકાળમાં સાચી નથી. કેમકે પરદ્રવ્ય અને પોતાના દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ છે. એથી એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, એક દ્રવ્ય બીજાને સ્પર્શતું નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યનો સ્વામી નથી. આહાહા..!

મુમુક્ષુ :– બીજાને જાણે છે એ કેવો ગણવો?

ઉત્તર :– એ વ્યવહાર છે. જાણવાનો પર્યાય પોતાનો છે કે એનો છે? ચેતનાના પરિણામ છે કે એના પરિણામ છે? આત્મા ચૈતન્યસ્વરૂપ અને ચેતના એનો ગુણ. એ ચેતનાના પરિણામ જાણવું-દેખવું (છે). હવે એના પરિણામ છે એ પરિણામ આના છે અને આને લઈને છે એ વાત વ્યવહારથી કથન છે. એમ માની લેવું એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :– કાલે તો આવ્યું હતું કે ગુરુના સાનિધ્યમાં.

ઉત્તર :– એ તો સાનિધ્યમાં આવ્યું એટલું જણાવ્યું પણ એનાથી થયું છે એમ નહિ. એણે કહ્યું કે, ધર્મ આનંદકારી છે. તે આનંદકારીમાં પરિણમ્યો ત્યારે આને નિમિત્ત કહેવાણું.

એનાથી પરિણમ્યો છે ને એનાથી થયું છે એમ છે નહિ. આહાહા..! મહાવિદેહમાં અનંત તીર્થંકરોની સમીપમાં અનંતવાર આવ્યો છે. અનંતા પુદ્‌ગલ પરાવર્તન મહાવિદેહના કર્યા, મનુષ્ય ભવના અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યા. એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતી ચોવીશી જાય. આહાહા..! એવા અનંતા પુદ્‌ગલ પરાવર્તન અનંતવાર મહાવિદેહમાં સાક્ષાત તીર્થંકરની હયાતીમાં અને સમવસરણમાં જઈને આરતી, ભક્તિ કરીને (કર્યા) ત્યાં પણ ભગવાનની આરતી ઉતારી હે પ્રભુ! એ તો બધું પર છે, રાગ છે. એ કોઈ ધર્મ-બર્મ નથી. આહાહા..!

પંચપરમેષ્ઠીની ભક્તિ ધર્મ નહિ? આહાહા..! એની સ્તુતિ કરવી, એના ગુણગ્રામ કરવા, એના કવિત્વ જોડવા, ભગવાનના ગુણના કવિત્વ મોટા મહા. આહાહા..! કહે છે, એ કાંઈ કરી શકતો નથી. અભિમાન કરે. આહાહા..! આકરું કામ છે, 'શાંતિભાઈ'! પહેલાં સાંભળ્યું નહોતું. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને... બીજા કરે વખાણ. ભાષણ દેતા સારું આવડે છે, બીજાને આમ ને... ભાષા જડ. આહાહા..! જડની પર્યાય આત્માથી થાય એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..!

**'એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારના પ્રકારને જાણી યથાવત્ (જેમ કહ્યું છે તેમ) શ્રદ્ધાન કરવું.'**

## શ્લોક–૨૧૫

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'**

(શાર્દુલવિક્રીડિત)

शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो
नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।
ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः
किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।।२१५।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–**

**શ્લોકાર્થ :–** [ शुद्ध-द्रव्य-निरूपण-अर्पित-मतेः तत्त्वं समुत्पश्यतः ] **જેણે શુદ્ધ દ્રવ્યના**

નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે, તે પુરુષને [ एक-द्रव्य-गतं किम्-अपि द्रव्य-अन्तरं जातुचित् न चकास्ति ] એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી. [ यत् तु ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्ध-स्वभाव-उदयः ] જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. [ जनाः ] આમ છે તો પછી લોકો [ द्रव्य-अन्तर-चुम्बन-आकुल-धियः ] જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા [ तत्त्वात् ] તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) [ किं च्यवन्ते ] શા માટે ચ્યુત થાય છે?

ભાવાર્થ :– શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી. જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને આ લોકો ‘જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે’ એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે, તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે? ૨૧૫.

## શ્લોક–૨૧૫ ઉપર પ્રવચન

शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो
नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यान्तरं जातुचित्।
ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः
किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।।२१५।।

‘**शुद्ध-द्रव्य-निरूपण-अर्पित-मतेः**’ ‘**જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી-લગાડી છે**’ નિરૂપણ કથન એટલે સ્વભાવ. ‘**જેણે શુદ્ધ દ્રવ્યના સ્વભાવમાં બુદ્ધિને સ્થાપી...**’ છે, નિરૂપણ તો કથન છે પણ કથનમાં આવેલા ભાવમાં જેણે બુદ્ધિને સ્થાપી છે અંદર. આહા..! શુદ્ધ દ્રવ્ય નિર્મળાનંદ પ્રભુ એમાં જેણે વર્તમાન બુદ્ધિને સ્થાપી છે ‘**લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે,...**’ આહાહા..! અને એ આત્માનો અનુભવ કરે છે, રાગાદિનો નહિ. ‘**તે પુરુષને...**’ ‘**एक-द्रव्य-गतं किम्-अपि द्रव्य-अन्तरं जातुचित् न चकास्ति**’ ‘**એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ)...**’ એટલે કોઈ કાળે, બિલકુલ અને કદાપિ, ‘**ભાસતું નથી.**’ આહાહા..! જેણે પોતાની બુદ્ધિને શુદ્ધ દ્રવ્યમાં સ્થાપી છે. આહાહા..! એણે એક દ્રવ્યની અંદર બીજાનું કંઈ દ્રવ્ય રહેલું, કંઈ પણ કરી શકે છે તે કાંઈ ભાસતું નથી. આહાહા..!

આ ભાષા થાય છે કોને લઈને? આ હોઠ હલે છે એ જડને લઈને, આત્માને લઈને નહિ. આહાહા..! ભાષા (છે) એ ભાષાવર્ગણાની પર્યાય છે, એ કંઈ તારી પર્યાય નથી. આહાહા..!

મુમુક્ષુ :– અવાજ ઉપરથી માણસો ઓળખાય તો ખરા.

ઉત્તર :– ઓળખાય-જણાય એના અભિપ્રાય ઉપરથી. આહાહા..! કેવો એનો અભિપ્રાય છે એમ જણાય. એના કવિત્વમાં, એના લખાણમાં પોતાનો ભાવ ક્યાંક ક્યાંક આવ્યા વિના રહે નહિ. જે પોતાની શ્રદ્ધા છે, જે પોતાનો ભાવ છે એ લખાણમાં ક્યાંક... ક્યાંક... ક્યાંક... આવ્યા વિના રહે જ નહિ. આહાહા..! એટલે એના ઉપરથી તપાસ કરે તો બરાબર ખબર પડે. આહાહા..!

જેણે શુદ્ધ દ્રવ્ય એટલે ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા અંદર છે, આત્મા વીતરાગી સ્વરૂપે બિરાજે છે અંદર. વર્તમાન હોં! થાય ત્યારે તો પર્યાયમાં થશે, આ તો દ્રવ્ય તરીકે વીતરાગ સ્વરૂપે બિરાજમાન છે. આહાહા..! એમાં જેણે બુદ્ધિને લગાડી છે, સ્થાપી છે, અનુભવે છે, **'તે પુરુષને એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય,...'** કોઈ પણ–તીર્થંકરની વાણી ને તીર્થંકર પણ. આહાહા..! આત્માની પર્યાયમાં એ વાણી ને તીર્થંકરને લઈને થયું છે એમ ભાસતું નથી. આહાહા..! છે?

**'એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય...'** કોઈ પણ અન્ય દ્રવ્ય એટલે વીતરાગ હોય ત્રણલોકના નાથ, એની વાણી અને એના દર્શન થયા માટે આત્મામાં એનાથી પર્યાય થઈ, શુભભાવ એને લઈને થયા, થયો શુભ, ધર્મ નહિ. ભગવાનના દર્શન કરે, જાત્રા કરે એ ધર્મ નહિ, પુણ્ય (છે) પણ એ પુણ્ય એનાથી થયું નથી. આહાહા..! કેમ? એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય, કોઈ પણ અન્ય દ્રવ્ય એટલે? ચાહે તો નિગોદનો જીવ હોય ને ચાહે તો પરમેશ્વરનો જીવ હોય. આહાહા..! ચાહે તો એક પરમાણુ હોય, ચાહે તો અનંત પરમાણુનો સ્કંધ શરીર આદિ, વાણી આદિ હોય. આહાહા..! **'કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ ભાસતું નથી.'**

**'यत् तु ज्ञानं ज्ञेयम् अवैति तत् अयं शुद्ध-स्वभाव-उदयः' 'જ્ઞાન જ્ઞેયને જાણે છે...'** આહાહા..! વાણીને જ્ઞાન જાણે છે, કરે છે તો નહિ પણ જાણે છે અને રાગ થયો તેને જ્ઞાન જાણે છે. આહાહા..! **'તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.'** ઇ એને જાણે માટે એને લઈને જાણે છે એમ નહિ. શુભ રાગ આવ્યો માટે એને જાણે છે એમ નહિ. જાણવાનો ઉદય તો જાણવાની પર્યાયમાંથી આવ્યો છે. આહાહા..! આવું આકરું લાગે. આખો દિ' કરવું શું ત્યારે? કોઈનું કાંઈ કરી શકાય નહિ.

મુમુક્ષુ :– પોતામાં રહી શકાય ને!

ઉત્તર :– પોતે પ્રભુ છે ને? બીજાની તો ગંધ પણ નથી આમાં અને પોતામાં તો અનંતા ગુણો ભરેલા છે. આહાહા..! આત્મામાં અનંતા અનંતા ગુણો ભરેલા છે. વીતરાગ, શાંતિ,

આનંદ, પ્રભુતા, સ્વચ્છતા, જીવતરતા એવી અનંતી શક્તિઓનો સાગર છે આત્મા. આહા..! એ અનંતી શક્તિ એ તારી છે એ બીજામાં નથી, બીજામાં છે એ એની છે. આહાહા..!

એથી કહે છે, **'જ્ઞાન જ્ઞેયને જાણે છે...'** આહાહા..! જ્ઞાન સ્વભાવ પર રાગ, વિકલ્પ કે શરીર, વાણી એને જાણે **'તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.'** આહાહા..! એ જ્ઞેયને લઈને નહિ, જે જ્ઞેય જણાય છે એને લઈને નહિ. એ તો જ્ઞાનનો સ્વભાવ છે માટે જાણે છે. આહાહા..! પોતાનો જ્ઞાનનો સ્વભાવ છે માટે પરને જાણે છે, પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! એ પોતે જ પોતાને જાણે છે. આહાહા..! પોતાનો એક પણ અંશ બીજા દ્રવ્યમાં જતો નથી, બીજા દ્રવ્યનો એક અંશ પણ સ્વદ્રવ્યમાં આવતો નથી, કરે શું? આહાહા..!

**'એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય...'** કોઈ પણ એટલે ત્રણલોકનો નાથ હો કે દિવ્યધ્વનિ હોય કે સમવસરણ હોય. આહાહા..! અન્ય દ્રવ્ય કોઈ પણ રીતે પરદ્રવ્યમાં આવતું નથી. પરદ્રવ્ય અન્ય દ્રવ્યમાં રહેલું નથી એટલે આવતું નથી. આહાહા..! કદાપિ **'જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે.'** ઉદય કીધો શું? એ શુદ્ધ સ્વભાવ તે વખતે એ રીતે પરિણમ્યો છે. આહાહા..! રાગને, વાણીને જાણે એ તો જ્ઞાનનો ઉદય પોતાનો છે. જ્ઞાન તે સમયે તે રીતે પરિણમીને પ્રગટ થયું છે. એ ચીજને લઈને નહિ. વાણી સાંભળે માટે ત્યાં જ્ઞાન પર્યાય થાય છે,... આહાહા..! એમ નથી. આકરું કામ ભારે, ભાઈ! આ શબ્દો કાને પડે છે અંદર માટે ત્યાં જ્ઞાનની પર્યાય થાય છે, એમ નથી. આહાહા..! કેમકે જેમાં ચેતનાનો સ્વભાવ છે એના પરિણામ ચેતનાથી થાય છે, વાણીથી થતા નથી. આહાહા..! મોટો ગોટો–નિમિત્તથી થાય, કોઈ વખતે નિમિત્તથી થાય. એનો અર્થ એ થયો કે, પરદ્રવ્યે એમાં કર્યું. આહાહા..!

મુમુક્ષુ :– કોઈ વખતે થાય એટલે ક્યે વખતે થાય?

ઉત્તર :– એ એમ કહે કો'ક, કો'ક વખતે થાય, કો'ક વખતે ન થાય. ઢીલુ-બીલુ આમ હોય તો સામું કાંઈક મદદ કરીને થાય. ત્રણકાળમાં થાય નહિ. ઉપાદાનની પર્યાય સ્વતંત્ર જે સમયે થવાની એ (થાય). પર્યાય વિનાનું એ દ્રવ્ય નથી કે બીજો આવીને એની પર્યાય કરે. શું કીધું ઇ? કોઈ પણ દ્રવ્ય વર્તમાન પર્યાય વિનાનું નથી તો પછી એની પર્યાય વિનાનું એટલે નકામું નથી તો બીજો આવીને એનું પર્યાયનું કાર્ય શી રીતે કરે? આહાહા..! 'શાંતિભાઈ'! આવું સાંભળ્યું નથી બધું ક્યાંય. ગડબડ ગોટા કરીને, બધું એમ જ ચાલે છે, બધે ઠેકાણે. આહાહા..! આ એકાંત લાગે છે. પેલું બીજાને કરે ને બીજાને આપે ને આમ સભા ભેગી થાય ને એકબીજા વખાણ કરે ને એકબીજા માળા, માળા પહેરે, સુખડની માળા ને આમ પેલો ઊભો હોય આમ કરીને... પેલા માન આપે, એના ફોટા લે. આહાહા..! આવું સારું આમાં દેખાય છે?

મુમુક્ષુ :- ફોટો છાપામાં આપે.

ઉત્તર :- હા, એ તો છાપામાં બધું આપે. છાપામાં આવે છે ઇ જોઈએ, આપણને તો ખબર પડે છે. આહાહા..! માળા સુખડની (પહેરાવે), આ પુસ્તક અર્પણ કરીએ છીએ. પેલો હાથ જોડીને (ઊભો હોય). એણે કાંઈક બીજાને આપ્યું, પેલો જાણે મને કાંઈક માન મળ્યું, હવે હું કાંઈ ગણતરીમાં આવ્યો, બાહ્યમાં ગણવામાં નહોતો આવ્યો (હવે આવ્યો). આહાહા..! અરે..રે..! શેમાં ગણાવું છે? પ્રભુ! તને ગણતરીમાં લેને તું. તેં ગણતરીમાં તને લીધો જ નથી, તેં પરવસ્તુને ગણતરીમાં લીધી છે. આહાહા..! પણ ગણતરીમાં તને તેં લીધો નથી, તારી તો તેં કિંમત કરી જ નથી. આહાહા..! બીજાની કિંમત કરીને ગણતરી કરી છે એની. આહાહા..! આણે દાનમાં પાંચ લાખ આપ્યા, દસ લાખ આપ્યા ને પચાસ લાખ આપ્યા ને. આહા..! ત્યાં લખાણ આવે ત્યાં આમ, આહાહા..! પચાસ લાખ આપ્યા એક રકમે! કેટલો ઉદાર! આહાહા..! અરે..! કોણ આપે? બાપા! એ પૈસા પરમાણુ જડ છે. જડની પર્યાય જે ઠેકાણે જવાની હોય ત્યાં જાય છે. બીજો કહે કે, મેં આપ્યા. મારા છે એમ માન્યું એ જ મિથ્યાત્વ છે. પૈસા જડ છે એ મારા છે, મારા માનીને આપ્યા એ જ મિથ્યાત્વ સેવે છે. આહાહા..! આવી વાતું છે. બેસી રહેવું પાંગળાચ, કાંઈ કરવું નહિ?

મુમુક્ષુ :- પર માટે તો પૂરેપુરો પાંગળો છે.

ઉત્તર :- પરને માટે કરવું નહિ એ વાત. તારા માટે કરને અંદર. અંદર ભગવાન બિરાજે છે. આહાહા..! એ પરમાત્માની પૂર્ણ શક્તિનો સાગર છે. એની પ્રતીતિ કરને, એનું જ્ઞાન કરને, એમાં ઠરને, એની શ્રદ્ધા કરને. આહાહા..! કરવાનું તો આ છે. બાવીસ લાખ પુસ્તક 'સોનગઢ'થી બહાર પડ્યા, આઠ લાખ ન્યાંથી (જયપુરથી). (કુલ) ત્રીસ લાખ. કોણ પાડે? બાપા! એ તો પરમાણુ છે. પરમાણુની અવસ્થા તે થવાની તે કાળે થઈ. આહાહા..!

એ અહીં કહે છે. એ તો સ્વભાવનો ઉદય છે. પરને જાણવા કાળે પોતાના જ્ઞાનનો ઉદય છે, એ વસ્તુનો ઉદયને લઈને જ્ઞાન નથી. આહાહા..! **'આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે. આમ છે તો પછી લોકો જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની...'** જોયું? આત્માને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ, અડે, અડે, સ્પર્શ **'માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) શા માટે ચ્યુત થાય છે?'** આહાહા..! આવી સ્થિતિ છે (તો) તત્ત્વથી શા માટે (ચ્યુત થાય છે?) પરને સ્પર્શતો નથી, અડતો નથી. આહાહા..! છે? **'જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની...'** સ્પર્શતો નથી એક પરમાણુને, આત્મા એક શરીરને, અક્ષરને. આહા..! તો આવી **'માન્યતાથી આકુળ બુદ્ધિવાળા થયા થકા તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) શા માટે ચ્યુત થાય છે?'** વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૧૭ શ્લોક–૨૧૫, રવિવાર, જ્યેષ્ઠ સુદ ૧૦, તા. ૨૨-૦૬-૧૯૮૦

'સમયસાર' ૨૧૫ કળશનો ભાવાર્થ. ૨૧૫ કળશ એનો ભાવાર્થ. ગુજરાતીમાં પાનું ૫૨૯ છે. **ભાવાર્થ :– 'શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં...'** સાચી દૃષ્ટિથી, સત્ય દૃષ્ટિથી વસ્તુના સ્વરૂપનો વિચાર કરતાં, **'અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.'** એક વસ્તુમાં બીજી વસ્તુ પ્રવેશ કરતી નથી. આહાહા..! એક દ્રવ્યને બીજું દ્રવ્ય અડતું નથી.

મુમુક્ષુ :– કરોડો રૂપિયા હોય....

ઉત્તર :– કોઈ આવતું નથી, ધૂળેય આવતું નથી. આવે ક્યાં? એક પરમાણુ બીજા પરમાણુમાં પ્રવેશ કરતો નથી તેથી તે પરમાણુ તે પરમાણુને અડતો નથી. એમ એક આ આત્મા કર્મના પરમાણુને અડતો નથી. સત્ય દૃષ્ટિ સાચી દૃષ્ટિ એટલે વસ્તુનું સ્વરૂપ છે એ રીતે જો જોઈએ તો... આહાહા..! **'(તત્ત્વનું) સ્વરૂપ વિચારતા અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.'** શરીરમાં આત્માએ પ્રવેશ કર્યો છે, એમ નથી. આહા..! શરીરનું અસ્તિત્વપણું શરીરના ક્ષેત્રમાં અને પ્રદેશમાં છે. આત્માનું અસ્તિત્વ પોતાના ક્ષેત્ર ને પ્રદેશમાં છે. કોઈ કોઈ દ્રવ્યને કોઈ એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી. આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અહીં કીધું, સ્પર્શ કરતું નથી. આહાહા..! **'પ્રવેશ દેખાતો નથી.'** આ શરીરમાં આત્મા પ્રવેશ કરે છે એમ છે નહિ. આત્મા તદ્દન ભિન્ન છે. અને આત્મામાં કર્મ પ્રવેશ કરે છે એમ નથી. તદ્દન ભિન્ન છે. એમ કર્મમાં આત્મા પ્રવેશ કરે છે એમ નથી. દરેક દ્રવ્ય પોતાની હયાતી, પોતાની વર્તમાન પર્યાય કરતાં હયાતી રાખે છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે પણ વર્તમાન પર્યાય જે થાય તેને રચતા પોતે પરદ્રવ્યથી ભિન્ન રહે છે. આહાહા..! એક દ્રવ્યમાં બીજો પ્રવેશ દેખાતો નથી, સ્પર્શાતો નથી, અડતો નથી. આહાહા..! વીતરાગ ભાવ છે.

આત્માનો વીતરાગ સ્વભાવ છે. એ સ્વભાવથી જોવે તો એ કર્મને અડ્યો પણ નથી, કર્મને પોતે અડ્યો નથી. એવું એ તત્ત્વનું સ્વરૂપ છે. વિકાર થાય છે એ કર્મના પ્રવેશને લઈને નહિ. પોતાની નબળાઈને લઈને જરીક વિકૃત અવસ્થામાં કોઈવાર થાય છે. દ્રવ્ય, ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે. પર્યાયમાં જરીક વિકાર થાય છે એમાં કર્મ પ્રવેશ કરે છે, એ કર્મ અડે છે માટે વિકાર થાય છે, એમ નથી. આહાહા..! હવે આવી વાત. આખો દિ' કરીએ છીએ, આ કર્યું, લ્યો! તે દિ' 'ચીમનભાઈ' કહે. કાંઈ કરતાં નથી (સંવત) ૧૯૯૭ માં એ પોષ મહિનામાં મંદિર થાતું હતું. તે દિ' 'ચીમન ચકુ' અહીં મહિનો રહેલા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરતું નથી. ત્યારે કહે કે, લ્યો! આ કર્યું, લ્યો! આહાહા..! શું થાય? આમાં શું થયું છે એ તને શી ખબર? એમાં આત્મા છે એણે શું કર્યું? અને પરમાણુએ

એને શું કર્યું એની ખબર છે?

અંદર આત્મા છે એણે તો પોતાની પર્યાયમાં રહ્યો ને કર્યું છે અને આ પરમાણુ પણ એની પર્યાયમાં રહીને પર્યાયને કરે છે. આહાહા..! એક બીજામાં પ્રવેશ દેખાતો નથી. આહાહા..! ગજબ વાત છે. શરીરનો અવયવ બીજાના અવયવમાં પ્રવેશ કરતો નથી. આહાહા..! શું આ તે વાત! આંગળી મોઢામાં આમ જાતા આંગળી આંગળીમાં રહે છે ને મોઢું મોઢામાં ને જીભ જીભમાં (રહે છે). આહાહા..! એ રોટલો ને દાળ મોઢામાં આવતા એ આત્માના પ્રદેશમાં પ્રવેશ કર્યો નથી એણે. એણે નહિ પણ દાઢ અને દાંતમાં પણ રોટલા ને દાળે પ્રવેશ કર્યો નથી. આહાહા..! એ રોટલા ને દાળ પોતપોતામાં રહેલ છે, દાઢ ને દાંત પોતામાં રહેલ છે. કોઈ કોઈમાં એકબીજાનો એકબીજામાં પ્રવેશ અંદર જાવું, ઘુસવું... આહાહા..! એમ કોઈ દિ' બનતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ખીલા લાકડામાં ન જાય?

ઉત્તર :- ખીલી લાકડામાં જાય નહિ. ખીલીના પરમાણુ પોતાની પર્યાયમાં રહીને ત્યાં રહ્યા છે અને લાકડામાં જે કાંણું પડ્યું છે એ પોતાની પર્યાયમાં પોતાનાથી થઈને રહ્યું છે, ખીલીને લઈને નહિ. આહાહા..! આવો સ્વભાવ (છે). આખો દિ' એને કરીએ, અમે કરીએ, અમે કર્યું, અમે કર્યું, અભિમાન જગતના પદાર્થના. આહાહા..! અમે આ પૈસા રળ્યા, પૈસા કમાયા, પૈસા દીધા, પૈસા લીધા. આહાહા..! બધો ભ્રમ છે, અજ્ઞાન છે. બીજી ચીજને લેવાતી નથી, બીજી ચીજને દેવાતી નથી, બીજી ચીજની રક્ષા કરાતી નથી, બીજી ચીજનો નાશ કરાતો નથી, બીજી ચીજને ઉત્પન્ન કરી શકાતી નથી. આહાહા..!

એ અહીં કહ્યું. **'જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે...'** જગતને ભ્રમ આમ પડે છે, કે જ્ઞાન સ્વરૂપનો સ્વભાવ એવો છે, કે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તે જ્ઞાનમાં બીજા જ્ઞેયો જણાય છે એથી અજ્ઞાનીને જાણે બીજા જ્ઞેયો મારા જ્ઞાનમાં આવ્યા માટે મેં જાણ્યા એ મિથ્યાભ્રમ છે. આહાહા..! જ્ઞાનમાં આ શરીર ને વાણી ને આ જીભ જણાણી પણ જણાવા છતાં જ્ઞાનમાં એનો પ્રવેશ નથી. કેમકે એ તો જ્ઞેય છે. જ્ઞેય જે જ્ઞાનમાં જણાય છે એ જ્ઞેય નથી, એ જણાય છે તે જ્ઞાનની પર્યાય જણાય છે. આહાહા..!

જ્ઞાનમાં ઘણો જ વિસ્તાર જણાય એ વિસ્તાર અંદર જ્ઞાનમાં આવ્યો નથી, જ્ઞાનનો પોતાનો સ્વભાવ વિસ્તાર થયેલો રહેલો છે, થઈને રહેલો છે. આહાહા..! પરનો પ્રવેશ કરીને જ્ઞાનની વિશાળતા થઈ છે, કેવળજ્ઞાન થયું ને લોકાલોકે પ્રવેશ કર્યો માટે કેવળજ્ઞાન થયું છે, એમ નથી. કેવળજ્ઞાનમાં લોકાલોક આવ્યા માટે કેવળજ્ઞાન થયું એમ નથી. આહાહા..! કેવળજ્ઞાનનો પોતાનો સ્વભાવ પરને અડ્યા વિના, પરમાં પ્રવેશ કર્યા વિના, પરને સ્પર્શ્યા વિના પોતાનું ને પરનું જ્ઞાન પોતાથી પોતામાં પરની અપેક્ષા વિના થાય છે. આહાહા..!

**'અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે...'** જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે. જ્ઞાનમાં શરીર જણાય,

વાણી જણાય, કર્મ જણાય, રાગ જણાય, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, મકાન જણાય. એ જાણવા છતાં તે તો **'જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે.'** પરને જાણવું એ તો પોતાના સ્વચ્છતાના સ્વભાવને લઈને છે, પરને લઈને પરને જાણે છે એમ નથી. આહાહા..!

આ પ્રકાશને જ્ઞાન જાણે છે એ પ્રકાશમાં જ્ઞાનનો પ્રવેશ નથી અને પ્રકાશનો પ્રવેશ જ્ઞાનમાં નથી. ફક્ત જ્ઞાનનો પોતાનો સ્વભાવ સ્વ-પર જાણવાના સામર્થ્યથી પ્રકાશને અને શબ્દને જાણે છતાં પ્રકાશ અને શબ્દ જ્ઞાનને અડતા નથી, જ્ઞાનમાં એ પ્રવેશ કરતાં નથી. આહાહા..! અંધારામાં જ્ઞાનમાં અંધારું જણાય એ અંધારું જ્ઞાનમાં આવ્યું નથી. આહાહા..! બહુ આકરી વાત છે.

જ્ઞાન સ્વરૂપી જે ભગવાનઆત્મા એ જ્ઞાનમાં જે પરવસ્તુ દીવો, પૈસા, સ્ત્રી, કુટુંબ એ જ્ઞાનમાં જણાય પણ એ ચીજ જ્ઞાનમાં આવી નથી. એ ચીજ તો ચીજમાં રહી છે પણ એ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી પોતામાં પોતાને વડે થયું છે. આહાહા..! આવી વાત. જ્ઞાન સ્વરૂપી ભગવાનઆત્મા, અંદર ચૈતન્યસ્વરૂપી જ્ઞાન ભગવાનઆત્મા એ પરચીજને જાણતા, પરચીજમાં જ્ઞાન પ્રવેશ કરતું નથી અને પરચીજ જ્ઞાનમાં પ્રવેશ કરતી નથી. ફક્ત જ્ઞાનનો સ્વભાવ સ્વચ્છતાનો છે તેથી પોતાને ને પરને પોતામાં રહીને જાણે છે. પરરૂપે થઈને પરને જાણે છે, એમ નથી. સ્વ રૂપે રહીને સ્વ અને પરને જાણે છે. આહાહા..! આવી વાત જગતથી ઊંધી છે આખી. આહા..!

આ મારો દીકરો ને આ મારી દીકરી ને આ મારી બાયડી, આ મારા છોકરા ને આ મારું મકાન ને આ મારા પૈસા. પ્રભુ કહે છે, પ્રભુ! એ તો જ્ઞેય છે ને! એ તો તારા જ્ઞાનમાં જ્ઞાનની સ્વચ્છતાને લઈને જણાય છે ને! એ ચીજ તારામાં આવી નથી, તારામાં આવ્યા વિના તારી ક્યાંથી થઈ ગઈ? આહાહા..! ભારે આકરું કામ. આખી દુનિયાથી ઊલટી વાત છે. આખો દિ' કામ કરીએ, પરના કરીએ ને આમ કરી દઈએ, આમ કરી દઈએ.. આમ કરી દઈએ...કહે છે કે, જે કામ થાય છે તે જ્ઞાનની સ્વચ્છતાને લઈને જ્ઞાનમાં જણાય છે પણ જ્ઞાન એવો ભગવાનઆત્મા તે કામમાં પ્રવેશ કરતો નથી, તે કામ તારામાં પ્રવેશ કરતું નથી. આહાહા..! અરે..! આ વાત કેમ બેસે?

અનંત કાળથી રખડે છે, ચોરાશીના અવતાર. આહાહા..! નરક અને નિગોદ, કીડા અને કાગડાના અવતાર કરી કરી થોથા નીકળી ગયા છે, બાપા! અનંત ભવ થયા. એ અનંત ભવ, ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... આમ વર્તમાન કરતાં ભૂતકાળ આમ જોતા જોતા કોઈ ભવ વિનાનો જીવ નથી. એવા અનંતા અનંતા ભવ કર્યા છતાં કહે છે એ ભવનો પ્રવેશ તારા જીવમાં નથી. એમ જીવના પ્રદેશનો એમાં પ્રવેશ નથી. આહાહા..! પોતાને ભૂલી કલ્પના માની. હું જ્ઞાનનો સ્વામી છું અને જ્ઞાન છે એ મારું સ્વરૂપ છે; જેમ ગળપણ સાકરનું સ્વરૂપ છે, એમ જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે, એ જ્ઞાન પરમાં પ્રવેશ

કર્યા વિના, પરને અડ્યા વિના, પર આમાં-જ્ઞાનમાં આવ્યા વિના જ્ઞાન સ્વ-પરને જાણે છે એવો એનો સ્વભાવ છે. એ ઉપરાંત અતિક્રમીને બીજી વાત માને (તો એ) ભ્રમણા ને મિથ્યાઅજ્ઞાન છે. આહાહા..! એ અસત્યને સેવે છે. સત્યને મુકીને અસત્યને સેવે છે તો એ અસત્યના ફળ તરીકે ચાર ગતિ પરિભ્રમણમાં એને રખડવું પડે છે. આહાહા..! ભારે આકરું કામ. છે?

(જ્ઞાનમાં) **'અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...'** આ પ્રકાશને જ્ઞાન જાણે છે તો જ્ઞાન કાંઈ પ્રકાશને સ્પર્શતું, અડતું નથી. આહાહા..! અંધારાને જ્ઞાન જાણે છે પણ એ જ્ઞાન અંધારાને સ્પર્શતું નથી. તેમ તે જ્ઞાન અંધારામાં પ્રવેશ કરતું નથી, તેમ તે અંધારું જ્ઞાનમાં પ્રવેશ કરતું નથી. આહાહા..! આ વાત કઈ રીતે માને? આખી દુનિયાથી ઊંધું. ધર્મના કરનારે (એમ કહે), આ કરો... આ કરો... આ કરો... આ કરો... આ કહે છે કે, એ જે તું કરવાનું કહે છે એ તો તારા જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..! અને તે પણ જ્ઞેય જ્ઞેયમાં રહીને તને તારા જાણવાના સ્વચ્છતાના સ્વભાવને લઈને તે જ્ઞેય અને તારું જ્ઞાન તારામાં તારે લઈને જણાય છે. આહાહા..! ગજબ વાત છે, આખી દુનિયાથી ઊલટી વાત છે. આખી દુનિયા કરી દે, મંડળી કરી દે, આમ કરી દે ને આમ કરી દે. આપણે વ્યવસ્થાપક વ્યવસ્થા કરો કે, વ્યવસ્થા બરાબર થાય. પ્રભુ કહે છે કે, ચીજ વ્યવસ્થિત જ છે. એ વ્યવસ્થિત છે તેને વ્યવસ્થા કરવું માનવું એ ભ્રમણા અજ્ઞાન છે. આહાહા..! વ્યવસ્થાપક (મોટા) થાય છે ને અગ્રેસર મોઢા આગળ કે, આ આ મંડળીના વ્યવસ્થાપક તમે બનો, આ બધું કામ તમારે માથે છે, તમારી જવાબદારી. આહાહા..! પ્રભુ કહે છે, સાંભળ! જેની તું વ્યવસ્થા કરવા માગે છે એ કોઈ ચીજ છે કે નહિ? એ કોઈ ચીજ છે કે નહિ? અને છે તો તેની હયાતી રાખે છે કે નહિ? અને એની હયાતી તારામાં પ્રવેશ કરી નાખે છે કે સ્વતંત્ર હયાતી રાખે છે? આહાહા..! 'દેવચંદજી'! આવી વાત છે.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ પર્યાય ....

ઉત્તર :- એ તો એમ જ છે. જે સમયે જે પર્યાય... અહીં તો પર્યાય થવાની એ તો બરાબર છે પણ એ પરની જે થાય છે એ પરને લઈને નહિ. ક્રમબદ્ધમાં જે પર્યાય આવે છે એમાં સ્વ-પરનું જાણવું આવે છે એ પરને લઈને નહિ, એ સ્વ-પર જાણવાનો સ્વભાવ પોતાની સ્વચ્છતાનો છે. નિર્મળતાનો સ્વભાવ છે માટે તેને તું અને પર બે જણાય છે તારામાં તારે લઈને. એ પરને લઈને તું જણાય છે અને પરને તું જાણે છો એમ નથી. આહાહા..! ભારે આકરું આ કામ. આખો દિ' જાણે કરીએ કરીએ કરું. દુકાને થડે બેઠો હોય, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. અહીંથી લાખ રૂપિયા પેદા કર્યા ને અહીંથી બે લાખ કર્યા ને અહીંથી પાંચ લાખ કર્યા ને. આ ધૂળમાંય નથી સાંભળને. આહાહા..! એ

ચીજ પોતાની સત્તા છોડીને તારા જ્ઞાન સ્વરૂપી તું આત્મા એની સત્તામાં આવતી નથી. અને તારી જ્ઞાન સત્તા એવો ભગવાનઆત્મા પોતાની જ્ઞાન સત્તા છોડીને પરમાં પ્રવેશ કરતો નથી. આહાહા..! આકરું કામ.

**'કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતા નથી.'** બેય (વાત લીધી). જ્ઞાન, જણાય છે તેને સ્પર્શતું નથી અને જણાય છે એ ચીજ જ્ઞાનને સ્પર્શતી નથી. આહાહા..! આ શબ્દ જ્ઞાનમાં જે જણાય છે એ શબ્દ નથી જણાતા, શબ્દ સંબંધીનું પોતાનું જ્ઞાન છે અહીં એ જણાય છે. એ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વ અને પરને જાણવાનો પોતાનો સ્વતઃ સ્વભાવ સ્વતંત્ર છે તેથી પોતે સ્વ-પરને જાણે છે. પરને આ શબ્દોને જાણે છે એમ છે નહિ. શબ્દો તો જ્ઞેય છે, જ્ઞાનમાં જણાવા લાયક (છે) અને આત્મા જાણનાર છે. એ જાણનારમાં જ્ઞેયનો પ્રવેશ નથી. આ શબ્દો એને અડતા નથી. શબ્દો જડ છે અને આત્મા પ્રભુ અંદર જ્ઞાન સ્વરૂપી ચેતન છે. એ ચેતનને શબ્દ અડતા નથી છતાં શબ્દનું જે જ્ઞાન થાય છે એ શબ્દને લઈને નહિ, એ પોતાના સામર્થ્યને લઈને જ્ઞાન થાય છે. આહાહા..! આટલો બધો ફેરફાર. અત્યારે તો બધા આમ કામના કરનારા આમ કરી દીધા ને આમ કરી દીધા ને આમ કરી દીધા.

મુમુક્ષુ :– છદ્મસ્થને જ્ઞાન અડ્યા વગર કેવી રીતે થાય?

ઉત્તર :– અડ્યા વિના જાણે છે. પોતાની સ્વચ્છતાને લઈને. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વતઃ પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે જાણવાનો સ્વભાવ છે. આહાહા..! એક એક શબ્દ ધ્યાન રાખે તો પકડાય એવું છે, બાપુ! એક શબ્દ ફરે તો આખી વાત ફરી જાય એવી છે. અત્યારે તો ગાંડપણું-પાગલપણું ચાલ્યું છે બધું. બધા પાગલ ડાહ્યા કહેવાય છે અત્યારે. આહાહા..! દુનિયાના પાગલ છે. અમે કરીએ છીએ, અમારાથી થયું... આહાહા..! અમે વ્યવસ્થા રાખી તો આ કામ વ્યવસ્થિત થયું, તે વ્યવસ્થિત કામમાં અમારો હાથ છે, અમારો હાથ છે માટે કામ વ્યવસ્થિત થયું. પાગલ છો. આહાહા..!

મુમુક્ષુ :– એણે કામ કર્યું અને ઉપરથી પાછા..

ઉત્તર :– કામ કર્યું નથી, કામ કર્યું નથી. (કર્યું) એમ માને માટે પાગલ છે. એ વકીલે સલાહ કરી માટે પેલો જીત્યો છે, દલીલ કરી વકીલે ન્યાં, 'રામજીભાઈ'એ દલીલ કરી હતી અને પેલો જીત્યો એ વાત તદ્દન ખોટી છે. આહાહા..!

જ્ઞાનમાં... આ પ્રભુ અંદર ચૈતન્ય છે એ જ્ઞાન સ્વરૂપ છે. જેમ સાકર ગળપણ સ્વરૂપ છે એમ ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપ છે. એ જ્ઞાનનો સ્વ-પર જાણવાનો સ્વભાવ છે. એ પરની અપેક્ષા રાખ્યા વિના, પરમાં પ્રવેશ (કર્યા) વિના, પરની હયાતી છે માટે પરને જાણે છે એમ નથી. આહાહા..! આકરી વાત, ભગવાન! વીતરાગ માર્ગ બહુ આકરો છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ત્રણકાળના જ્ઞાનથી ઇન્દ્રો ને ગણધરો વચ્ચે કહે છે એ

આ વાણી છે. આહાહા..! અનંત તીર્થંકરોનું એક વાક્ય છે, આ એક જ વાક્ય છે. આહાહા..! કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું, ચુંબતું-સ્પર્શતું નથી. ગજબ વાત છે.

આ હાથ બીજાના શરીરને આમ અડતો નથી, કહે છે. આહાહા..! કેમકે હાથની હયાતીમાં જે અડે છે તેની હયાતી નથી અને આમાં એની હયાતી નથી. આહાહા..! આવું ક્યાં સમજે? નવરાશ ક્યાં? દુનિયાની હોળી, કામ-કાજ આખો દિ', હોળી સળગે આખો દિ' અભિમાનની. અમે કરીએ છીએ, અમે કરીએ છીએ, અમે કર્યા, અમે કર્યા, અમે ડાહ્યા. મારો હાથ હતો એમાં માટે એ કામ સુધર્યું, એમ કહે છે ને? મારી એમાં હાજરી હતી એટલે કામ સુધર્યું. આહાહા..! પ્રભુ! કામ સુધર્યું એટલે શું? જે કામ ત્યાં કાર્ય થયું તે તે, ત્યાં તે તે દ્રવ્યથી કાર્ય થયું છે અને તે કાર્ય દ્રવ્ય વિનાનું કાર્ય હોય નહિ. કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું એટલે અવસ્થા વિનાનું એટલે કાર્ય વિનાનું હોય નહિ. ત્યારે જે કાર્ય વિનાનું દ્રવ્ય નથી તેને તે કાર્ય કર્યું,... 'શાંતિભાઈ'! ગાંડપણું કર્યું હશે. અત્યાર સુધી આ બધું ભાષણ કરી કરીને. આ તો દાખલો 'શાંતિભાઈ' નજીક છે એટલે. બધા એમ જ કરે છે ને. આહા..!

'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાનો ભાર ગાડુ હાલતા ઠીઠુ નીચે કુતરાને અડે તો એ જાણે કે, આ ગાડુ મારાથી ચાલે છે. એમ થડે બેઠો વેપાર ચાલે જડનો જડથી... આહાહા..! એ થડે બેઠો એ એમ માને કે, આ મારે લઈને આ બધી વ્યવસ્થા ચાલે છે. 'હિંમતભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- 'હિંમતભાઈ'એ દુકાને જાવું કે ન જાવું?

ઉત્તર :- કોણ જાય? કોણ આવે? બાપા! પ્રભુ તો ચૈતન્યસ્વરૂપ છે ને, ભગવાન! તારું સ્વરૂપ તો પ્રભુ સ્વ-પરપ્રકાશક શક્તિ જાણવાની છે ને! પરનું કાંઈ કરવાની, અડવાની તારામાં શક્તિ નથી. આહાહા..! અક્ષર લખવા, ચોપડી બનાવવી, પાના ફેરવવા એ આત્માનું કાર્ય નથી. અર..ર..ર..! આવી વાત ક્યાં બેસે?

પ્રભુ! તું કોણ છો? તારું સ્વરૂપ શું છે? ચેતન તારું સ્વરૂપ છે. ચેતન આત્મા તારું ચૈતન્યસ્વરૂપ છે. ચેતન આત્મા એનું ચૈતન્ય જાણવું-દેખવું સ્વરૂપ છે. તો એ જાણવા-દેખવામાં એ ચીજ જણાય-દેખાય એ ચીજ ત્યાં આવતી નથી અને એ ચીજને લઈને જણાય-દેખાય એમ નથી. જણાય-દેખાવાનો તો સ્વભાવ પોતાનો પોતાથી છે. આહાહા..! ભારે આકરું કામ. આ બધા કેળવણીના ને બધા અધિકારીઓ, આ ડૉક્ટરો ને વકીલો ને આ છે ને આ ડૉક્ટરનો આજે? જવાના છે ને આ બધા? ક્યાં? 'પાલીતાણા... પાલીતાણા' કેન્સર. આહાહા..! એ ડૉક્ટરો એમ માને કે, આ કેન્સર અમે મટાડ્યું, એની અમે દવા કરી. પ્રભુ! સાંભળ ભાઈ! એ દવાના પરમાણુની હયાતી જગતમાં છે કે તારે લઈને છે? તો એ પરમાણુએ એને લઈને તે કામ કર્યું એમાં તે કીધું કે, મારે લઈને આ કામ થયું. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ!

તારી પ્રભુતાની પણ મોટપ. શું કીધું?

મુમુક્ષુ :– માનીએ છીએ તો એમ કે, અમે કામ કરીએ છીએ.

ઉત્તર :– કામ કર્યાં, ધૂળેય કર્યાં નથી. આહા..! અમે બધું દુકાને જોયું છે ને! અમે દુકાન ચલાવી છે ને. પાંચ વર્ષ દુકાન ચલાવી, ૧૯૬૩ થી ૧૯૬૮. 'પાલેજ', 'પાલેજ' છે 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. પાંચ વર્ષ દુકાન (ચલાવી). દુકાન છે મોટી. અત્યારે દુકાન છે એ જ દુકાન છે અત્યારે. ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. એ જ દુકાન છે અત્યારે ત્યારની. મને ૬૬ વર્ષ તો દીક્ષા લીધા થયા, દુકાન છોડ્યા ૬૮ વર્ષ થયા, ૬૮. દોઢ વર્ષ પછી ભણ્યો હતો. આ અત્યારે ૯૧ વર્ષ થયા છે, ૯૦ ને ૧. ઘણું જોયું, ઘણું જાણ્યું. જગતને જોયા, બાપા! આહાહા..!

જ્યાં હોય ત્યાં અભિમાન... અભિમાન... અભિમાન... અભિમાન... ભણ્યાના અભિમાન, કાં ભાષણ કરવાના અભિમાન. આહાહા..! એ અભિમાન આડે એને જ્ઞાન સ્વરૂપ હું જાણનાર છું (એમ ભાસતું નથી). એ અભિમાન એ મારું સ્વરૂપ નથી, અભિમાન કરવું એ તો નિરર્થક છે, પરના કામ કરવા, કરી શકું એ તો નિરર્થક છે. આહાહા..! પરને ભલું કરીને મદદ કરું ત્યાં શું તારી ચીજ ત્યાં ચાલી જાય છે કે તું એને મદદ કર? તારી ચીજ તો તારામાં રહે છે, એની ચીજ તેનામાં રહે છે. દરેક પદાર્થ પોતાની હયાતીમાં રહે છે, એમાં એની હયાતીમાં બીજાની હયાતી કામ શું કરે? આહાહા..! બહુ આકરું કામ, ભાઈ! વેપારીઓ ને આ બધા ભણેલાઓ ને.

મુમુક્ષુ :– આપ કહો છો એ છે તો સાચું.

ઉત્તર :– વસ્તુ તો આમ છે. આહાહા..!

એ અહીં કહ્યું. '**કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...**' આત્મા તો જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય બ્રહ્મ છે, બ્રહ્માનંદ પ્રભુ છે આત્મા. એને ભાન નથી તેથી કામ ને ક્રોધ ને વિકારને કરીને પોતાના માનીને રખડીને મરી ગયો, રખડીને મરી ગયો છે ચોરાશીના અવતારમાં. આહાહા..! ભલે એ દસ દસ હજારના પગારવાળો હોય. બધા પાંગળા, બધા પાગલ છે. આહાહા..! એ અબજપતિ હોય, કરોડપતિ હોય.. આહાહા..!

'આફ્રિકા'માં ગયા હતા ને? 'નાઈરોબી'. સાત લાખની વસ્તી છે. ૨૬ દિ' રહ્યા હતા ત્યાં. નામ અમારું પ્રસિદ્ધ થયેલું ને એટલે લોકોને બહુ માન, પ્રેમ. શું કહે છે આ મહારાજ? બહુ કાગળ આવ્યા હતા. હજી કાલે એક જણો કહી ગયો, ફરીને 'નાઈરોબી' આવો, મહારાજ! 'કેશુભાઈ' આવ્યા હતા. મોટી દુકાનવાળા મોટા ગ્રહસ્થ છે. 'કેશુભાઈ' આવ્યા હતા. ફરીને એકવાર આવવું. ભાઈ! હવે ૯૧ વર્ષ થયા, શરીરને ૯૧ વર્ષ થયા. શરીર જુદું, આત્મા જુદો. બેય બેયને લેવા-દેવા કાંઈ ન મળે. શરીરને ધ્યાન રાખે તો રહે એ વાતમાં માલ એક્કે દોકડો નથી. આહા..! ધ્યાન ન રાખે તો અંદર રોગ થઈ જાય એ વાતમાં માલ

કાંઈ નથી. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ!

તારી પ્રભુતા તો નાથ સ્વ-પરને જાણવાની શક્તિમાં તારી પ્રભુતા છે, તારી પ્રભુતા પરના કામ કરવામાં નથી. આહાહા..! પ્રભુતા અહીં છે અને પેલા કામ કરવામાં પ્રભુતા મારી છે એમ માને છે. આ પ્રભુતાનો ગુણ જાણે ન્યાં ગરી ગયો હોય! પ્રભુતાનો ગુણ છે આત્મામાં, અનંત ગુણમાં પ્રભુતા નામનો એક ગુણ છે આત્મામાં. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સુખ, વીર્ય એવા અનંતા ગુણો આત્મામાં છે. એમાં એક પ્રભુતા નામનો ગુણ છે. એ પ્રભુતા પોતાના ગુણમાં રહીને પોતાનું કામ કરે છે, પોતાની પ્રભુતાને જાળવે છે. એ બીજાની પ્રભુતા આ હાથ નાખીને મારાથી આ કામ થયા... આહાહા..! એ પ્રભુતા નામનો ગુણ ન્યાં ગયો? અને એ જે સામી ચીજ છે એ પોતાના પર્યાય ને કાર્ય વિનાના છે? સમજાણું કાંઈ?

એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી ત્રણકાળ, ત્રણલોકમાં અને તે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અને એનું કાંઈ પણ કામ કરે તો જ્ઞાનસ્વરૂપી ભગવાન સ્વ-પર જાણનારો રહ્યો નહિ. સ્વ પણે રહી અને પરને કરે એ તો પરમાં ગરી ગયો. આહાહા..! કામ ભારે આકરું. આ બધા ડૉકટરો, બધા વકીલો, બધા વેપારીઓ, બધા ભણેલા, એમ. એ., એલ. એલ. બી. ભણેલાઓ કાંઈ દુનિયામાં કામ નહિ કરતાં હોય? બધા નમાલા બેસતા હશે? પરના કામ કરે એ માનવાવાળા નમાલા છે. કેમકે પોતામાં પરનું કામ કરી શકે એવો માલ નથી. પોતામાં પ્રભુતાનો માલ છે. એ પરને, સ્વને જાણવાની પ્રભુતાનો માલ છે એને રાખતા આવડે એને પ્રભુતાનો માલ આવડે છે. આહાહા..! પણ એ પોતાની પ્રભુતા પરના કામમાં જોડી દે છે એમ એ માને છે પણ આ પ્રભુતા પોતાના પ્રદેશને છોડીને બીજાના પ્રદેશને અડતી નથી. આહાહા..! બીજા કોઈ પણ દ્રવ્યને એટલે વસ્તુને, દ્રવ્ય એટલે એકલો પૈસો કાંઈ નહિ, ધૂળ નહિ, ધૂળ પૈસો તો ધૂળ છે. આ એ બીજું બધું આ ધૂળ, ધૂળ-ધમાહા (છે). પૈસો, મકાન ને બાયડી-છોકરા ને હજીરા ને પચાસ લાખ લાખના મકાન મોટા ધૂળ છે બધી, ધૂળ. એ મકાન અમે બનાવ્યા અને અમે વાસ્તુ બધા કાર્યકર્તાઓને બોલાવી અને બે, પાંચ, દસ હજાર ખર્ચીને મોટી વાસ્તુ કરી, આહાહા..! એના અભિમાન (કર્યા).

અહીં કહે છે કે, તારી ચીજ તારા સ્વ-પરપ્રકાશક સ્વભાવને છોડી એક અંશમાં પણ બહારમાં જાતી નથી અને બહારનો પદાર્થ એક અંશ પણ તારામાં (આવ્યો નથી). આવ્યું હતું ને અહીં? પ્રવેશ દેખાતો નથી. અંદર એકબીજામાં એકબીજાનો પ્રવેશ દેખાતો નથી. દેખાતો નથી, કહે છે. તને એમ લાગે છે કે, આનું આ ગરી ગયું ને આને આમ થયું. લાકડામાં ખીલી ગરી ગઈ ને પગમાં કાંટો ગરી ગયો ને. આહાહા..! ભારે વળી આવી વાતું દુનિયાથી ઊંધી. આહાહા..! દુનિયા આખી ઊંધી છે. પાગલ છે એને આ વાત ભગવાન કરે છે.

ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર (કહે છે), પ્રભુ! તું રખડી મર્યો ચોરાશીના અવતારમાં. આહાહા..! એ લસણ ને ડુંગળીના ભવ શાસ્ત્રમાં આવે છે અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ કર્યા. ૪૮ મિનિટમાં નિગોદના ભવ મર્યા-જન્મ્યા, મર્યા-જન્મ્યા... અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ (કર્યા). એ એકવાર નહિ પણ અનંતવાર કર્યા. પ્રભુ! તું ભૂલી ગયો. આહા..! આચાર્ય મહારાજ તો કહે છે... 'ચંદુભાઈ'! આચાર્ય મહારાજ કહે છે, કે હું ગયા કાળના જ્યાં દુઃખ સંભારું છું (તો) ઘા વાગે છે. આચાર્ય પોતે કહે છે. ગયા કાળના જ્યાં હું દુઃખ સંભારું છું, બાપુ! તેં વિચાર કર્યો નથી દુઃખ શું કહેવાય. એ દુઃખની મર્યાદા ને દુઃખની હદ. આહાહા..! કહે છે કે, વિચાર તું. આચાર્ય સમકિતી જ્ઞાની. આહાહા..! ગયા કાળમાં રખડતા રખડતા જે દુઃખો ભોગવ્યા પ્રભુ! કારણ કે છે તો આત્મા અનાદિનો, (તો) રહ્યો ક્યાં? ભવભ્રમણમાં રહ્યો, મુક્તિ થઈ નથી. જે ચણો પાકો થાય એ મીઠાશ આપે ને વાવ્યો ઊગે નહિ. એમ આત્મા જો અજ્ઞાનનો નાશ કરીને પાકો થાય તો જન્મ થાય નહિ અને આનંદ આપે. કાં તો ચણો મીઠાશ આપે નહિ અને વાવ્યો ઊગે. એમ અનંત કાળનો અજ્ઞાની આત્મા અજ્ઞાનને લઈને દુઃખ ભોગવે અને ઊગે, ભવ ધારણ કરે.

મુમુક્ષુ :– ભવ ભૂલાય ગયા હોય એ યાદ શું કામ કરવા જોઈએ?

ઉત્તર :– યાદ કરવા માટે, અંદર વૈરાગ્ય માટે કહે છે. આહાહા..! વૈરાગ્ય કરવા માટે કે, આહાહા..! પ્રભુ! મેં ક્યાં કાળ ગાળ્યો? આ ભવ પહેલાં ક્યાં હતો? એના પહેલાં ક્યાં? એના પહેલાં ક્યાં? એના પહેલાં ક્યાં? કોઈ દિ' વિચાર (કર્યો નથી). વર્તમાન ભવ સિવાય વિચાર ન મળે. પાગલ એટલો ગાંડો છે, માળો પાગલ છે. ભલે એ કરોડપતિ હોય ને અબજપતિ હોય. કીધું હતું ત્યાં. 'નાઈરોબી' ગયા ત્યારે. 'આફ્રિકા'માં હમણાં ગયા હતા ને? 'નાઈરોબી'. સાડા ચારસો તો કરોડપતિ છે ત્યાં. એક ગામમાં, એક ગામમાં સાડા ચારસો કરોડપતિ અને પંદર અબજપતિ. લોકોને બહુ પ્રેમ હતો, માંગળી ઘણી હતી. ગયા હતા ૨૬ દિ' રહ્યા હતા. 'નાઈરોબી' 'આફ્રિકા'નું પણ બધા પૈસા... પૈસા... પૈસા... ઢગલા પૈસાના. એ આડે સૂઝ પડે નહિ એને બિચારાને. પચ્ચીસ પચ્ચીસ, પચાસ પચાસ લાખના તો કપડા દુકાનમાં. એ.. મોટા ધંધા અને એમાં એની સફાય ને.. આહાહા..!

મુમુક્ષુ :– લોકો બહુ સુખી છે ત્યાંના.

ઉત્તર :– દુઃખી છે. આહાહા..! પરાશ્રયે સુખ નહિ, એમ નથી કહેતા? પરાધીન તે સુખ નહિ, પરાધીન છે. પોતાનો સ્વભાવ છોડી,... આહાહા..! પરના ભાવમાં પોતાપણાના અભિમાન (કરે છે). છે નહિ તેને છે એમ માનવું, પરના કાર્ય કરી શકતો નથી એને કરી શકવું માનવું મહા જૂઠાણ ને અસત્ય ને અજ્ઞાનનો સેવનાર છે. આ તો ઢંઢેરો પીટીને વાત છે. આહાહા..! જે કામ કરી શકતો નથી, તે કામને કરી શકું છું એમ માની પોતાને ભૂલી અને પરિભ્રમણ કરી રહ્યો છે. આહાહા..! હું કોણ છું? આહાહા..! 'શ્રીમદ્દે' કહ્યું ને?

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪.

સોળ વર્ષે (લખ્યું). 'શ્રીમદ્' ની દેહની ઉંમર સોળ વર્ષની. આત્માને ઉંમર કેવી? આત્મા તો અનાદિ અનંત છે. છે... છે... છે... ને છે... આ ધૂળ જો આ ન હોય અને ધૂળ જાય એને કહે, મરી ગયો, આત્મા મરે છે? આ પણ ક્યાં મરે છે? આ પણ જેની અવસ્થા આવી છે એ અવસ્થા બીજી થઈ એને મરણ કહે છે. કાંઈ પરમાણુ મરી જતા નથી. આહા..! આ પરમાણુ જડ છે એનો કાંઈ અભાવ થતો નથી. અત્યારે આ શરીરની અવસ્થા છે એ મસાણમાં બળીને રાખની થશે. અવસ્થા બદલાશે, પર્યાય બદલાશે વસ્તુ કોઈ દિ' અભાવ થશે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! આકરું છે પ્રભુ! વાત પરમ સત્ય છે. આહાહા..!

પ્રભુ! તારી મોટપનો પાર નથી. તને તારી મોટપની ખબર નથી અને તું પરચીજમાં મોટપ લેવા જા છો. આહાહા..! પરચીજની અધિકાયમાં તું મોટપ લેવા જા છો (એમાં) તારી મોટપ લુંટાય જાય છે. એનો તને વિચાર પણ નથી. આહાહા..! જ્યાં હોય ત્યાં મેં કર્યા કામ, આ મેં કામ કર્યા, મારાથી થયા, મારે લઈને થયા. આહાહા..! એ અહીં ના પાડે છે.

**'જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને...'** જ્ઞાનમાં તે તે સમયે જે જાણવાની યોગ્યતા હોય તે તે પદાર્થ જણાય. એ પદાર્થ જણાય એ વ્યવહાર છે. પોતાનું જ્ઞાન તે સંબંધીનું જાણવું એનું નામ નિશ્ચય છે. આહાહા..! કેટલું ફેરવવું એને. આહાહા..! આખું ફેરવવું પડે. આહાહા..! અરે..રે..! અનંત અનંત કાળ ક્યાં વિત્યો. પ્રભુ! ક્યાં ગયો? રહ્યો તું? આહાહા..! તારે રહેવાનું અનંત કાળ ક્યાં હોય? નાથ! અનંત કાળ તો આત્મામાં રહેવાનું હોય. એ જ વસ્તુની સ્થિતિ છે. આહાહા..!

ભગવાન આનંદ ને જ્ઞાન સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ એમાં રહેવાને માટે તારી યોગ્યતા છે. એને ઠેકાણે રાગ ને દ્વેષ ને અજ્ઞાનમાં રહે (તું) લુંટાય ગયો છો, પ્રભુ! લુંટાય ગયો છે અને માને છે કે, અમે કાંઈ વધી ગયા છીએ ને કાંઈક બીજા કરતાં આગળ પડતા થયા છીએ. આહાહા..! એમ તમારે 'હોંગકોંગ'નો ધંધો, ધંધો લાખો રૂપિયાની પેદાશ એટલે જાણે, ઓહો..હો..! અને એ પછી લાખો રૂપિયા આપે ક્યાંક દાનમાં (તો) જાણે લાખ આપ્યા તો જાણે શું થયું? એમાં ધૂળમાં છે, બાપા! એ કરોડો રૂપિયા દે ને. ધર્મ નથી. એ કરોડ જડ, માટી, ધૂળ છે. ધૂળનો સ્વામી થઈને માન તો મિથ્યાદષ્ટિ મૂઢ છો. મારા છે, જે તારા જ્ઞાનમાં જણાવા લાયક છે તેને તું મારા તરીકે માને છો. આહાહા..! જ્ઞાનનો સ્વભાવ છે કે, પર તેમાં જણાય પોતાને કારણે, પરને કારણે નહિ. આહાહા..! એને પરને કારણે જણાતું

નથી છતાં એને પરને લઈને આ જણાય છે અને પરનો સ્વામી થાય છે, કહે છે કે, એ અજ્ઞાન છે.

**'લોકો 'જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે' એવું માનતા...'** જોયું? આહાહા..! ભાઈ! જેટલા વર્ષ રહે એટલો તો સંબંધ છે કે નહિ? બાયડી સાથે, છોકરા સાથે, કુટુંબ સાથે, પૈસા સાથે, મકાન સાથે પછી ભલે મરીને જાય ક્યાંક. પણ આ સો વર્ષ, પચાસ વર્ષ તો રહે કે નહિ? બાપુ! એમાં પણ રહ્યો નથી, તને ભાન નથી. તારી સત્તામાં તો સ્વ-પર જાણવાનો સ્વભાવ તારું સ્વરૂપ છે. એને ઠેકાણે પરના કામ કરું ને પર મારા (માનવા) એ ભ્રમણા ને મિથ્યાત્વ, એ ભવ ભ્રમણના મૂળીયા છે. આહાહા..! ચોરાશી લાખના રખડવાના રસ્તા છે, બાપા! પ્રભુ! તારી કિંમતની તને ખબર નથી. આહાહા..!

આવ્યું હતું અહીં નહિ કાલે? ભવના કારણ નહિ? ભવના ભીંત.. કાલે આવ્યું હતું નહિ? બપોરે. ભવના ભીત, ભવના ભવ. આહાહા..! અરે..રે..! અહીં પછી ક્યાં જઈશ ને ક્યાં રહ્યો? એવા ભવના ભયનો ડર કરી અને એકવાર આનંદમાં આવને, પ્રભુ! આહાહા..! ગુરુએ તને એમ કહ્યું હતું, એમ ત્યાં આવ્યું હતું. ગુરુના સાનિધ્યમાં આત્માને સુખકારી સાંભળ્યો હતો. તો એણે સુખરૂપે સાંભળ્યો એ સુખરૂપે છે. આહાહા..! તેમ ગુરુએ એને સુખકારી છે એમ સંભળાવ્યો છે. ગુરુએ એને આમ કર ને આમ કર એમ સંભળાવ્યું નથી. આહાહા..! કાલે આવ્યું હતું. આહાહા..! ફલાણું કર ને તારા આ કામમાં હોંશિયાર કર, એલ. એલ. બી. થા ને એમ. એ. ના પુછડા વળગાડ્યા ડૉક્ટરે, એલ. એલ. બી.ના વકીલોએ. આહાહા..! અરે..! એમાં કાંઈ નથી, બાપુ!

એકવાર તું કોણ છો અને તું શું કરી શકે છો અને તારાથી ભિન્ન ચીજ શું છે અને તે તે તેને કારણે કામથી પલટી રહી છે. તેની પર્યાય તેને કારણે પલટી રહી છે એને હું પલટાવું. આવું તારું અભિમાન ક્યાં લઈ જશે? પ્રભુ! આહાહા..! ન્યાં કોઈ સફારશ નહિ ચાલે. મેં આમ બહુ કામ કર્યા હતા માટે કોઈની સફારશ... કુદરતના નિયમમાં તો જે વસ્તુનું સ્વરૂપ છે તે પ્રમાણે થવાનું છે. આહાહા..!

અહીં એ કહે છે, પરમાર્થે તું સંબંધ છે એમ માને છે **'એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે,...'** આહાહા..! એ જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય પ્રભુ! પ્રજ્ઞાચક્ષુ–એ તો જ્ઞાનની આખું છે જેની, એવો જ આ ભગવાન છે આત્મા. એ જ્ઞાનને,.. આહા..! જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે. પરમાર્થે પરના કામ કરું છું અને બીજાને હું સલાહ આપીને કામ કરું છું એ બધી અજ્ઞાનતા મૂઢતા છે. આહાહા..! એ માન્યતામાં જ્ઞાન સ્વરૂપથી ભ્રષ્ટ થયો છો.

**'તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે?'** અરે..! પ્રભુ! તું તત્ત્વથી ક્યાં ભ્રષ્ટ થા છો? આહાહા..! આચાર્ય મહારાજનો પોકાર છે, પ્રભુ! તારું તત્ત્વ જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ! એ પરના કામ કરવાને માનીને

તારા તત્ત્વથી કાં ચ્યુત થા છો? પ્રભુ! તને શું થયું આ? આહાહા..! તને કોણ બતાવનારા આવા મળ્યા કે, રખડી મરે છે તું? કોઈએ તને એમ કીધું નહિ કે, તું જ્ઞાન સ્વરૂપ ભગવાન છો. પરને ને તારે કાંઈ સંબંધ છે નહિ. પર તારા નથી, તું તેનો નથી. આહાહા..! ભારે કામ, ભાઈ!

આખો દિ' બાયડી, છોકરા, ધંધો, વેપાર, છ-સાત કલાક ઊંઘે પછી બે-ચાર કલાક બાયડી-છોકરા રાજી કરવામાં રહે. બે, ચાર કલાક, છ કલાક ધંધામાં રહે. એમાં ક્યાં બચે આમાં? મારું શું થશે? હું અહીંથી ક્યાં જઈશ? જઈશ. મારી સત્તા તો છે, તો છે એ સત્તા તો રહેશે. દેહનો નાશ થશે, દેહનો નાશનો અર્થ જ પર્યાય પલટશે. આની પર્યાય પલટશે પણ એની ભેગો તું પલટી જઈશ એના ભેગો? આહાહા..! હા, તું પલટી જઈશ પરભવની પર્યાયપણે. આહાહા..! પણ શરીરના નાશમાં તારો ભેગો નાશ છે નહિ. આહાહા..!

એ અહીં કહે છે. અરે..! આચાર્ય મહારાજ પોકારે છે, **'આ લોકો...'** આહાહા..! **'તત્ત્વથી કાં ચ્યુત થાય છે?'** આવું જે તત્ત્વ સ્વરૂપપણું ભગવાન સ્વ-પરપ્રકાશક શક્તિનો ધણી એવો આ પરના કામમાં કરીને અભિમાન કરી કરીને કાં ચ્યુત થાય છે સ્વરૂપથી? સ્વરૂપથી ચ્યુત થઈને ક્યાં રખડી મરે છે એમાં તું? એમ છેવટે વાત કરી. વિશેષ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૧૬

(मन्दाक्रान्ता)

शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-
मन्यद्द्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः।
ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-
र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव।।२१६।।

**ફરી આ જ અર્થને દૃઢ કરે છે :–**

**શ્લોકાર્થ :– [ शुद्ध-द्रव्य-स्वरस-भवनात् ] શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી, [ शेषम् अन्यत्-द्रव्यं किं स्वभावस्य**

भवति ] બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે? (ન જ થઈ શકે.) [ यदि वा स्वभावः किं तस्य स्यात् ] અથવા શું તે (જ્ઞાનાદિ) સ્વભાવ કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.) [ ज्योत्स्नारूपं भुवं स्नपयति ] ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે [ भूमिः तस्य न एव अस्ति ] તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી; [ ज्ञानं ज्ञेयं सदा कलयति ] તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે [ ज्ञेयम् अस्य अस्ति न एव ] તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.

ભાવાર્થ :– શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી. જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જવળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી. આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે. પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી. ૨૧૬.

---

પ્રવચન નં. ૪૧૮, શ્લોક-૨૧૬ તથા ૨૧૭સોમવાર, જ્યેષ્ઠ સુદ ૧૧, તા. ૨૩-૦૬-૧૯૮૦

---

## શ્લોક–૨૧૬ ઉપર પ્રવચન

'સમયસાર' ૨૧૭ કળશ છે.

મુમુક્ષુ :– ૨૧૬ બાકી છે.

ઉત્તર :– બાકી છે?

મુમુક્ષુ :– જી પ્રભુ.

ઉત્તર :– ૧૬ બાકી છે? આખો?

મુમુક્ષુ :– જી હા.

ઉત્તર :– ઠીક.

**शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-**
**मन्यद्द्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः।**
**ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-**
**र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव।।२१६।।**

**'શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી,...'** શું કહે છે? આત્માનો તો જ્ઞાન સ્વભાવ છે. એ જ્ઞાન સ્વભાવે પોતે પરિણમે છે. **'બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે?'** જ્ઞાન જ્ઞેયને જાણે એથી

કાંઈ જ્ઞેય જ્ઞાનનું થઈ શકે? એમ કહે છે. આહાહા..! જો જ્ઞાનનો સ્વભાવ છે કે પરને અને સ્વને જાણે, જાણતા કાંઈ જ્ઞાન પરનું થઈ જાય છે? પોતામાં રહીને પોતે જાણે છે એ તો પોતાનું સ્વરૂપ છે. પરને જાણવું એ કાંઈ પરનું સ્વરૂપ છે એમ નહિ. આહાહા..! આ જ્ઞાન સિવાય પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, દયા ને દાન ને કામ, ક્રોધ, શરીર, વાણી, મન બધું એ જ્ઞાનનો સ્વભાવ છે કે, એને જાણે, પણ જાણતા કાંઈ એનું જ્ઞાન થઈ જાય, એમ નથી.

**'પરિણમન થતું હોવાથી,...' 'शेषम् अन्यत्-द्रव्यं किं स्वभावस्य भवति' 'બાકીનું કોઈ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે?'** જ્ઞાનમાં પર જણાય એથી કાંઈ અન્યદ્રવ્ય પોતાનું થઈ જાય? જ્ઞાન જ્ઞાનરૂપે રહીને રાગ, દ્વેષ, દયા, દાન, વિકલ્પ, શરીરાદિ પોતામાં રહીને એને જાણતા જ્ઞાન એનું થઈ જાય? જ્ઞાન રાગનું થઈ જાય? જ્ઞાન જ્ઞેયનું થઈ જાય? આહાહા..! આ જ્ઞાનમાં આખી દુનિયા જણાય છતાં એ દુનિયાનું જ્ઞાન ન થઈ જાય. જ્ઞાન જ્ઞાનનું રહીને જ્ઞાન પરને જાણે. આહાહા..! અને જ્ઞેય પણ જ્ઞેયરૂપે રહીને જ્ઞાનમાં જણાય, કાંઈ જ્ઞેય જ્ઞાનરૂપે થઈ જાય, જ્ઞાનમાં જ્ઞેય જણાય માટે જ્ઞેય જ્ઞાનરૂપે થઈ જાય એમ નથી. આહાહા..!

બે જ વાત છે. જ્ઞાન છે તે જ્ઞાન સ્વરૂપે પ્રભુ છે અને રાગ, દ્વેષ, પુણ્ય, દયા, દાન, વિકલ્પ અને શરીર, વાણી, મન, આખું જગત એ જ્ઞાનનું જ્ઞેય હોવા છતાં તે જ્ઞેયરૂપે કાંઈ જ્ઞાન થતું નથી અને જ્ઞેય જે છે રાગ, દ્વેષ, દયા, દાન, કાં શરીરાદિ એ જ્ઞેય જ્ઞાનરૂપે થતાં નથી. આહાહા..! **'તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે? (ન જ થઈ શકે.)'**

**'यदि वा स्वभावः किं तस्य स्यात्' 'અથવા શું તે (જ્ઞાનાદિ) સ્વભાવ કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે?'** તો આત્મા અનંત જ્ઞાન સ્વરૂપ પ્રભુ ભલે અનંતને જાણે એથી શું કાંઈ અનંતનું થઈ જાય? આહાહા..! સ્ત્રી, કુટુંબ, પૈસો, લક્ષ્મી, દીકરા, દીકરી એ બધા જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય પણ જ્ઞાનમાં એ જ્ઞેય થઈ જાય, જ્ઞાન એ જ્ઞેયરૂપે થઈ જાય એમ નથી. તેમ એ જ્ઞેય જ્ઞાનરૂપે થઈ જાય, દીકરો બાપનો થઈ જાય ને બાપ દીકરાનો થઈ જાય, એમ નહિ? બાપનો આત્મા છે એ જ્ઞાન છે અને તે બધી ચીજને જ્ઞેય તરીકે જાણે છે. જ્ઞેય તરીકે જાણતા જ્ઞાન કાંઈ જ્ઞેયરૂપે થતું નથી. જ્ઞાનરૂપે રહીને પરને જાણે છે. એટલું તો નહિ પણ પર જણાય છે માટે પર જ્ઞાનનું થઈ જાય (એમ નથી). આહાહા..! જ્ઞાનમાં આ દીકરો છે, આ દીકરી છે એમ જ્ઞાનમાં જણાય પણ એ કાંઈ જ્ઞાનમાં દીકરો-દીકરી જ્ઞાનની થઈ જાય? એ, એ ન થઈ જાય ને જ્ઞાન પણ એનું થઈ જાય? આહાહા..! ભારે આકરું.

સ્ત્રી, કુટુંબ, પૈસો, શરીર, લક્ષ્મી, આ પુસ્તક, પાના, અક્ષર એ જ્ઞાન જ્ઞેય તરીકે એને જાણે, જાણતા જ્ઞાન જ્ઞેયરૂપે થઈને જાણતું નથી, જ્ઞાનરૂપે રહીને જાણે છે. આહાહા..! ઘણો ફેર. અને પરચીજ જે જ્ઞાનમાં જણાય છે માટે એનું જ્ઞેયનું કાંઈક જોર છે જ્ઞાન થવામાં

એ જ્ઞેય જ્ઞાનરૂપે થતું નથી. આહાહા..! જ્ઞાનીને કુટુંબ-કબીલો, સ્ત્રી-પુરુષ આદિ પુરુષ એટલે સ્ત્રી ને પુરુષ, પુરુષ ને સ્ત્રી એ જ્ઞાનમાં એ જણાય છતાં જ્ઞાન એનું થાતું નથી. આહાહા..! આત્મામાં એ જણાય છતાં આત્મા એનો થતો નથી અને એ આત્મામાં જણાય માટે એ ચીજ આત્માની થતી નથી. આકરું કામ ભારે. રાગ-દ્વેષ માંડીને સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, ધંધો બધું લેવું. આહાહા..!

કોઈ અન્યદ્રવ્યમાં અન્ય થઈ શકે? **'(જ્ઞાનાદિ) સ્વભાવ કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે?'** જ્ઞાન રાગને જાણે, શરીરને જાણે, પુસ્તકને જાણે તેથી તે જ્ઞાન કાંઈ એનું થઈ જાય? આહાહા..! **'(ન જ થઈ શકે).'** ભગવાનઆત્મા તો આત્મારૂપે જ રહેલો છે એ આત્મા પરરૂપે થઈને રહે છે એમ છે જ નહિ. પરને જાણવા છતાં પરરૂપે થઈને જાણે છે એમ નથી. પોતારૂપે રહીને એને જાણે છે એ ખરેખર પોતાને જાણે છે, એને જાણે છે એ વ્યવહાર છે. આહાહા..! અહીં સુધી જાવું. મોટા વેપારના ધંધા-ધમાલ ચાલતી હોય. આહાહા..!

'કોલાબા' 'મુંબઈ' એક ફેરી ઘણા વર્ષો પહેલાં ત્યાં ગયા હતા. એક મારવાડી ધમાલ ધમાલ કરતો હતો. પહેલા-વહેલા 'મુંબઈ' ગયેલા તે દિ'. પછી કીધું. ચાલો 'કોલાબા' જોવા. એક મારવાડી હતો, ધમાલ... દીધા-લીધા, લીધા-દીધા એમ કર્યા કરતો. શું છે પણ આ કીધું? એ તો ઘણા વર્ષની વાત, હોં! ૧૯૬૮ પહેલાં, બે-ત્રણ વર્ષ પહેલાં, ચાર વર્ષ પહેલાંની વાત છે. ૬૪-૬૫ની સાલ. પહેલા-વહેલા 'મુંબઈ' દુકાનનો માલ લેવા ગયેલા. કીધું, 'કોલાબા' જોતા જઈએ. 'કોલાબા' માં કેમ છે? ત્યાં ધમાલ ચાલતી હતી અને તાર આવે 'લંડન'થી એ એના ઉપર એ પછી માલનો માપ કરે, કે આ જ આપણો ભાવ છે. 'લંડન'થી આવે દરિયાને કાઠે 'કોલાબા' છે ને? આહા..! પણ જોઈ લો એ તો ગાંડુ. આહા..! ધમાલ.. તમારે જાણે એક-મેક થઈને. આહાહા..!

(અહીંયાં) કહે છે કે, ભાઈ! અરે..! જ્ઞાન સ્વરૂપ પોતે પોતાના ક્ષેત્રને ને ભાવને છોડીને જેને જાણે છે તેના ક્ષેત્રમાં ને તેના ભાવરૂપે થઈ જાય છે? આહાહા..! અને જે ક્ષેત્ર ને ભાવ જણાય છે એ જ્ઞાનના થઈ જાય છે? આહાહા..! દીકરો જણાય છે જ્ઞાનમાં તે કાંઈ બાપનો થઈ જાય છે? બાપ દીકરાને જાણે માટે દીકરાનો બાપ થઈ જાય છે? ઇ કેમ હશે આ?

મુમુક્ષુ :– ઇ તો હા પાડવામાં કઠણ પડે.

ઉત્તર :– આહાહા..! બાયડી મારી છે એમ કહેવામાં કહે છે, એ તો જ્ઞેય છે, જ્ઞાનમાં જ્ઞેય છે છતાં તેને જાણતા જ્ઞાન જ્ઞેયરૂપે–બાયડી મારી છે એમ થયું નથી એને જ્ઞાનમાં. આહાહા..! તેમ સ્ત્રી છે એ જ્ઞેય છે એ પર એના પતિની સ્ત્રી થઈ નથી. આહાહા..! ભારે કામ આકરું. આખો સંસાર.. એકકોર રામ ને એકકોર ગામ, એકકોર પ્રભુ આત્મા અને એકકોર આખી દુનિયા, રાગથી માંડીને દયા, દાનના વિકલ્પથી માંડીને. આહાહા..! આમ એકકોર જ્ઞેય ને એકકોર જ્ઞાન. એ જ્ઞાન, જ્ઞેયને જાણતા જ્ઞેયનું થતું નથી. આહાહા..! ભાષા

સાદી છે પણ ભાવ બહુ ઊંડો છે.

જ્ઞાન જગતને આમ જાણે. એ એને નથી જાણતું, જાણે છે પોતાને, પણ અહીં જાણે (છે એમ) સમજાવે છે, કે જ્ઞેયને જાણે છતાં જ્ઞાન જ્ઞેયનું થતું નથી. આહાહા..! અને એ જ્ઞેય પણ જેમાં જણાય છે તેનું થતું નથી. જ્ઞેય જેમાં જણાય તેનું જ્ઞેય થતું નથી. આહાહા..! ભારે આકરું કામ. **'કોઈ અન્યદ્રવ્યનો થઈ શકે? (ન જ થઈ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.)'** આહાહા..!

મુમુક્ષુ :- કહ્યું કે વ્યવહારે છે.

ઉત્તર :- વ્યવહારે તો બોલવામાં છે. બોલવામાં આવે કથન, બોલવું તો જડની કથન શૈલી છે. પરમાર્થે કોઈ દીકરો બાપનો નથી, બાપ દીકરાનો નથી. પત્ની પતિની નથી, પતિની પત્ની નથી. આહાહા..! એમાં આવી જતું હશે કે નહિ આમાં? આહાહા..! દુનિયા તો અર્ધાંગના કહે, અર્ધાંગના છે. અર્ધુ પોતે ને અર્ધુ એ-અર્ધાંગના. પાગલ લોકો તો આમ માને. આહાહા..!

અહીં કહે છે, એક પણ રાગનો અંશ અને પરચીજ જ્ઞાનમાં જણાવા છતાં જ્ઞાન તે રાગનું ને પરચીજનું ત્રણકાળમાં થતું નથી. આહાહા..! અને તે જણાય રાગ અને તે ચીજ, તે રાગ અને તે ચીજ જ્ઞાનની થતી નથી. આહા..! આત્માનો એ રાગ થતો નથી, માને ભલે. આહાહા..! દાખલો આપે છે. આહાહા..!

**'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે...'** ચાંદનીનું ધોળુ રૂપ આ પૃથ્વીને ઉજ્જવળ કરે છે. એથી શું ઉજ્જવળની થઈ ગઈ? એ પ્રકાશ ઉજ્જવળ પૃથ્વીનો છે? એ ઉજ્જવળીની ભિન્નતા છે, પૃથ્વી ભિન્ન છે. આહાહા..! **'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે...'** કરે છે એમ બોલાય છે. **'भूमिः तस्य न एव अस्ति' 'તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;...'** આહાહા..! જે ચાંદની પૃથ્વીને ધોળી કરે છે એ ચાંદનીની પૃથ્વી થતી નથી, તેમ એ ચાંદની પૃથ્વીની થતી નથી. આહાહા..! આ દાખલો આપીને પેલું સમજાવ્યું. જ્ઞાન જ્ઞેયનું થતું નથી, જ્ઞેય જ્ઞાનનું થતું નથી. એમ ધોળાશ જે છે ચાંદનીની, પહેલા ખડીની સફેદાઈ આવી ગઈ હતી, આ તો પ્રકાશ આવ્યો. ચૈતન્યપ્રકાશ છે ને? એમ કે પ્રકાશ છે એટલે જાણે. ચૈતન્ય પ્રકાશ છે એ તો રાગથી માંડીને બધી ચીજને જાણે. એમ ચાંદની પૃથ્વીને ધોળી કરે એમ કહેવાય પણ પૃથ્વી ધોળી થાતી નથી. ધોળી તો જે જ્યોત્સના છે એ છે. આહાહા..! ચાંદની જે છે એ ધોળી છે, પૃથ્વી ધોળી નથી થઈ. આહાહા..! આ દિવાળીએ હડફા ને બધા ધોળા કરે ને? આહાહા..!

**'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે...' 'भूमिः तस्य न एव अस्ति' 'તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;...'** આહાહા..! દાખલો કેવો આપ્યો જુઓને! ચંદ્રનો પ્રકાશ જગતને ધોળુ કરે એમ દેખાય છે છતાં તે ધોળુ તે પૃથ્વીને કર્યું નથી. ધોળાનું અસ્તિત્વ ધોળામાં રહ્યું છે, ચાંદનીનો પ્રકાશ ચાંદનીના પ્રકાશમાં રહ્યો છે. અને જે કાંઈ ધોળુ દેખાય છે એ

ભીંત ધોળારૂપે થઈ નથી, ભીંત ભીંતરૂપે રહી છે. આહાહા..! આ વાત શી રીતે બેસે?

ક્ષણે અને પળે ભિન્ન ભિન્ન જે જ્ઞેયો જણાય એથી એને એમ થઈ જાય કે, આહા..! મારા જ્ઞાન, મારા જ્ઞાનની આ વિશેષતા છે. શું કહ્યું એ? જ્ઞાનમાં ભિન્ન ભિન્ન જ્ઞેય જણાય એથી એને એમ થઈ જાય કે, મારા જ્ઞાનની આ વિશેષતાને લઈને ભિન્ન ભિન્ન જણાય છે. એને જાણવાની મારી તાકાત છે. પણ હું જુદો છું, મારા જાણવાની તાકાતમાં એ જણાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! પર જણાય જાય માટે પરનું જ્ઞાન થઈ જાય છે? અને પર જણાય માટે જ્ઞાનનું પર થઈ જાય છે? આહા..! આ અક્ષરો જણાય એ આ જ્ઞાન કાંઈ અક્ષરના થઈ જાય છે? એ તો જ્ઞેય છે અને અક્ષરો જ્ઞેય છે એ જ્ઞાનના થઈ જાય છે? આહાહા..!

એમ જ્ઞાન શરીરને, વાણીને, મનને, રાગને પોતાના અસ્તિત્વમાં રહીને પોતાના સામર્થ્યથી જાણે છે તેથી તે ચીજનો આત્મા થઈ ગયો? આત્મા એને જાણે છે માટે આત્મા એનો થઈ ગયો? આહાહા..! શબ્દો થોડા છે પણ ગંભીરતા ઘણી છે. રાગ અને આત્મા બેય તદ્દન જુદા. આહાહા..! રાગ પણ જ્ઞાનનું જ્ઞેય છે. વ્યવહાર રત્નત્રય લોકો રાડ પાડે છે ને? કે વ્યવહાર રત્નત્રયથી નિશ્ચય થાય, તો અહીં તો કહે છે કે, વ્યવહાર રત્નત્રય જ્ઞાનના પરજ્ઞેય તરીકે છે અને તે પરજ્ઞેય તરીકે છે તે સ્વજ્ઞેય તરીકે થતું નથી. આહાહા..! આવું છે. આખો દિ' આ ધમાલ કરવાની કે આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. તે વિના કાંઈ લાખો રૂપિયા પેદા થાય? મહેનત કર્યા વિના? પેદા થયા છે કયાં? મહેનત કરી છે ક્યાં? એણે તો જ્ઞાનમાં રમતું માંડી છે પણ કલ્પના કરી છે કે, મેં આની આ મહેનત કરી એથી આ ચીજ મને મળી, આ ચીજની મેં માગણી કરીને એ ચીજને મેં મહેનત કરી માટે એ ચીજ મળી. આહાહા..! આકરું કામ છે. અને એમાં 'મુંબઈ' ને 'કલકત્તા' ને 'દિલ્હી' ને 'આફ્રિકા' ને... આ વાત બેસે? આહાહા..!

દરરોજ પાંચસો પાંચસો, હજાર હજાર, બબ્બે હજારની પેદાશું દરરોજની. આ દસ દસ હજારની પેદાશ આને 'પુનમચંદ' ને, 'પુનમચંદ' ને દિવસની દસ હજારની પેદાશ. 'મુંબઈ' આહા..! નવરાશ ન મળે, વ્યાખ્યાન સાંભળવાને વખત ન મળે. છોકરાના લગન કર્યા તો છોકરાએ અહીં લગન કર્યા પછી સામું જોયું નથી. બહાર ફરવા નીકળી ગયો આખો દેશ જોવા. એણે વીસ લાખની મોટર લીધી, એક (મોટર) વીસ લાખની. આહા..! ફરવા નીકળી ગયા બાયડી-ભાઈડો બેય આખા દેશમાં, બધો દેશ જોવા. આહાહા..! કહે છે કે, દેશને જોતા એ દેશ જ્ઞાનનો થઈ જાય છે? અને જ્ઞાન એ દેશનું થઈ જાય છે? આહાહા..! કેમ 'મધુભાઈ'! આવી વાત છે. આહાહા..!

**'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે...'** દાખલો કેવો સરસ આપ્યો છે! પેલો ખડીનો આપ્યો હતો. આહા..! પહેલો કારીગરનો આપ્યો હતો શિલ્પી, શિલ્પી. કારીગર બુદ્ધિવાળો

માટે કારીગર પરમાં કામ કરી શકે, બુદ્ધિવાળો કારીગર ને કારીગરની બુદ્ધિ છે માટે કરી શકે, કે ના. કારીગર કારીગરની પર્યાયમાં રહ્યો, ક્રિયા થાય એ ક્રિયાના પરમાં રહી. કારીગરે ક્રિયા કરી છે કે દિ'? આહાહા..! એમ ખડી ભીંતને ધોળી કરે? કે, ના ના. ધોળી પલળી જાય વરસાદે તો ભીંત તો ઉભી રહે તો ભીંત ધોળી થઈ ગઈ હોય તો ધોળી જ્યારે સફેદાય ચાલી જાય તો ભીંતને નાશ થઈ જવું જોઈએ. આહાહા..! ભારે આકરું કામ.

પ્રભુ! તું તો જ્ઞાન અને ચિદાનંદ સ્વરૂપ (છો). એ ચાંદની જેમ જગતને ધોળી કરતાં છતાં જગત ધોળુ થતું નથી. એમ તું જ્ઞાન જગતને જાણવા છતાં જગતનું જ્ઞાન થતું નથી. આહાહા..! રાગથી માંડીને દાળ, ભાત, શાક, રોટલા, રોટલી, મકાન, બાયડી, છોકરા, પૈસા, આબરૂ. આહાહા..! એ જ્ઞાનમાં જણાય છતાં તે જ્ઞાનની તે ચીજ થતી નથી, તેમ જ્ઞાન તે રૂપે થતું નથી. આહાહા..! જ્ઞાન આ શાસ્ત્રને જાણે માટે જ્ઞાન એ રૂપે થઈ જાય છે? અને એ જ્ઞાન રૂપે થઈ જાય છે? એને લઈને જ્ઞાન થાય છે? આ પાનાને લઈને જ્ઞાન થાય છે ને? માને ને એને લઈને (જ્ઞાન થાય છે). બહુ વાંચે, વેદિયાઓ હોય એ બહુ વાંચ વાંચ કરે. એ જાણે, બહુ વાંચીએ એટલે ખૂબ જ્ઞાન આવે. આહાહા..! ન્યાંથી અક્ષરોમાંથી જાણે જ્ઞાન આવતું હશે. આહાહા..! આકરું કામ છે.

જ્ઞાન ચાંદનીની પેઠે પરનો પ્રકાશ કરે, પરને જાણે, પરને જાણવા છતાં પરવસ્તુ જ્ઞાનની થઈ નથી. અક્ષરો ને આ શબ્દ જ્ઞાન જાણે છતાં જ્ઞાનમાં અક્ષર થયો નથી. આહાહા..! તેમ જ્ઞાન અક્ષરનું થયું નથી. આહાહા..! સાકરનો સ્વાદ આવે એ સ્વાદ તો ગળ્યો જડ છે એ જ્ઞાન જડરૂપે થતું નથી. આહાહા..! એ સાકરના ગળપણને જ્ઞાન જાણે છે, પોતાના સ્વ સામર્થ્ય દ્વારા, આ એક ચીજ છે એમ. પણ એ ચીજરૂપે જ્ઞાન થતું નથી, જ્ઞાન ગળ્યું થતું નથી. તેમ ગળી તે ચીજ જ્ઞાનરૂપે થતી નથી. સાકરની ગળપણ દશા આ જ્ઞાનરૂપે થતી નથી. કહો, 'શાંતિભાઈ'! આવું સાંભળ્યું નહિ કોઈ દિ'. સાંભળ્યું નથી ત્યાં. માર્યા ગપ્પે-ગપ્પા માર્યા હોય એમાં ક્યાં (સાંભળ્યું હોય?) બધે એમ ચાલે છે ને. આહાહા..! ગજબ વાત છે. એકકોર પ્રભુ, એકકોર કેવળજ્ઞાનને જ્ઞાન જાણે, આ કેવળી છે એમ જ્ઞાન જાણે છતાં જ્ઞાન કેવળજ્ઞાનરૂપે થતું નથી અને કેવળજ્ઞાન આના જ્ઞાનરૂપે થતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં તો એમ આવે, જ્ઞાનમાં જ્ઞેય દટાઈ ગયા, બીડાઈ ગયા, કોતરાઈ ગયા.

ઉત્તર :– એ તો જ્ઞાનનું સામર્થ્ય બતાવ્યું છે. જ્ઞાનની તાકાત છે કે એને જાણે કોતરાઈ ગયા હોય એમ જાણે છે. અડે છે ક્યાં જ્ઞાન? 'પ્રવચનસાર'માં આવે છે. જ્ઞાનમાં કોતરાઈ ગયા એનો અર્થ એ કે, એ ચીજ કોઈ બાકી રહી નથી જાણવામાં, જાણવામાં બધું આવી ગયું છે એટલું. જાણવામાં જ્ઞેય આવી જાય છે એમ જ્ઞેય સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થાય છે એ બતાવવું છે. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ નિશ્ચય છે કે વ્યવહાર?

ઉત્તર :– સ્વ-પરપ્રકાશક નિશ્ચય છે પણ પરને જાણવું એમાં સ્વ પોતે છે. સ્વ-પરપ્રકાશક સ્વ છે, પરપ્રકાશક માટે પર છે, એમ નહિ. ૪૭ શક્તિમાં ઇ આવી ગયું છે કે, સર્વજ્ઞ સર્વને જાણે માટે સર્વજ્ઞ છે? કે, ના એ આત્મજ્ઞ છે. સર્વજ્ઞપણું એ આત્મજ્ઞપણું છે. આહાહા..! સર્વજ્ઞ એ સમયનું ત્રણકાળ, ત્રણલોકને જાણે માટે સર્વજ્ઞ છે? કે ના. એ તો આત્મજ્ઞ જ છે. આહાહા..! એ જ્ઞાનમાં જ સ્વ-પરપ્રકાશક પોતાના સામર્થ્યથી પોતાને પોતા વડે જણાય છે. આહાહા..! દુનિયાથી ફેરફાર ઘણો. આખો દિ' દુનિયામાં ધમાલ અને એમાં આ ધમાલ, આ વાત. આહાહા..!

એક સમયમાત્ર પણ જ્ઞાન અનંત જ્ઞેયોને ભિન્ન ભિન્ન રીતે, ભિન્ન ભિન્ન કાળે જાણે છતાં એક સમયમાત્ર જ્ઞાન જ્ઞેયનું થાતું નથી. અને ભિન્ન ભિન્ન જ્ઞેયો ભિન્ન ભિન્ન કાળે જ્ઞાનમાં જણાય એથી તે જ્ઞેય જ્ઞાનનું થાતું નથી. આહાહા..! **'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે...' 'भूमिः तस्य न एव अस्ति' 'તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી;...'** આહાહા..! એમ ભગવાન જ્ઞાન સ્વરૂપી ચાંદની જગતના પદાર્થને જાણે છે. આહા..! છતાં તે જ્ઞાન પરરૂપે થયું નથી. આહાહા..! પરને જાણતા જ્ઞાન પરરૂપે થતું નથી અને પરને જાણતા જ્ઞાન પર જે છે તે અહીંયાં આવતું નથી, જ્ઞેય અહીંયાં આવતું નથી. આહાહા..! અહીં સુધી પહોંચવું કઠણ (પડે) જગતને. એ જ્ઞાતા-દૃષ્ટા જ છે એમ કહેવું છે. પોતે પોતાના કારણે જ્ઞાતા-દૃષ્ટા છે, પરને કારણે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– 'નિયમસાર' માં તો સ્વપ્રકાશકને નિશ્ચય કીધું, પરપ્રકાશકને વ્યવહાર કીધું.

ઉત્તર :– સ્વ-પરપ્રકાશક પોતે પોતાથી છે. એ તો એકવાર કહ્યું 'નિયમસાર'માં કે, વ્યવહારથી કોઈ એમ કહે કે, આત્મા લોકાલોકને જાણે છે ને આત્માને જાણતો નથી તો શું ખોટું છે? વ્યવહારનયથી. આવે છે. નિશ્ચયનયથી એમ કહે, આત્મા આત્માને જાણે છે, લોકાલોકને જાણે છે તો એમાં ખોટું શું છે? એ પણ આવ્યું છે. બેય કળશ, બેય ગાથા આવી છે. આહા..! પેલું તો વ્યવહારનયનું કથન છે તો એ જાણે છે એટલું. વ્યવહારનયથી લોકાલોકને જાણે છે એમ કહે તો એમ કે, વ્યવહારનય છે. એ કાંઈ પરમાર્થ નથી. આહા..! બે શ્લોક આવ્યા છે. છે ને ખ્યાલ છે ને. શુદ્ધોપયોગ. છેલ્લા શુદ્ધોપયોગના આવશે. આ અધિકાર આવશ્યક પછી, આવશ્યક પછી એ અધિકાર (આવશે). આહા..! તો પછી તે વખતે આ જ કેમ જણાય? જો એ જ્ઞાનમાં જ્ઞેય ન આવતું હોય તો એ જ જ્ઞાન તે કાળે એ જ કેમ જણાય? બીજું કેમ ન જણાય? અરે..! બાપુ! તે કાળે તે જ્ઞાનની પર્યાય સ્વ-પરપ્રકાશક પોતાના કારણે પરિણમીને ઉભી થઈ છે. આહાહા..! પરને કારણે નહિ. આહાહા..!

રંગ લુગડાને અડતો નથી. આહાહા..! અને કપડું રાતુ–લીલુ કહેવાય છે. એ કહેવાય છે એ વ્યવહાર છે, બાકી કપડું રાતુ-લીલુ થયું નથી, રાતો-લીલો તો રંગ રહ્યો છે. રાતો

ને લીલાપણે રંગપણે રહ્યો છે, કપડાપણે નહિ. આહાહા..! કપડું રંગરૂપે થયું નથી અને રંગ કપડારૂપે થયો નથી. અરે..! આ બેસે આ આવી વાત છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. પણ ભ્રમણા, એવી ભ્રમણા તે જાણે આ પર બધા મારા, મારી સેવા કરે છે. આહાહા..! કેટલાક એમ કહે છે, પચાસ વર્ષની ઉંમર થઈ હોય અને બાયડી મરી જાય તો પછી બીજી બાયડીને કર્યા વિના સેવા કરશે કોણ છેલ્લે? છેલ્લી સ્થિતિએ કોણ સેવા કરશે? એમ કહે છે કે નહિ? એમ સાંભળ્યું છે બધું. એમ કે, જેમ બૈરા સેવા કરે એ રીતે કાંઈ બીજા સેવા કરી શકે નહિ.

મુમુક્ષુ :– બૈરાની પહેલાં (પોતે) મરી જાય તો?

ઉત્તર :– થઈ રહ્યું. પણ આ તો પહેલાં એમ કે, બૈરા હોય અને શરીર નબળુ હોય તો નાગા થઈને પેશાબ કરવા કે હંગવા બેસે તો બૈરા ઉભા હોય પોતાના તો એને વાંધો નહિ. પણ બીજાના કો'ક હોય તો વાંધો. આહાહા..! આ નજરે જોયેલું છે બધું. 'જામનગર'માં અપાસરા સામે એક ઓસવાલ હતા. માંદો હતો કો'ક. ઇ જંગલ બેઠો હતો નાગો, બૈરા ઉભી હતી. તદ્દન નાગો. કારણ કે, બૈરા સિવાય ઊભું કોણ રહે એવી સ્થિતિમાં? એથી લોકો એમ કહે છે કે, બૈરા સેવા કરે. બીજા નહિ સેવા કરી શકે. આપણે નાગાને એ વખતે લુગડુ (ઢાંકે), દિશાએ જાય ત્યારે મંદવાડ હોય તો નાગા તદ્દન બેઠા હોય. આહાહા..! આ તો બધું જોયેલું છે. અપાસરાની સામે જ મેડી ઉપર વીસા ઓસવાલ હતા, કો'ક 'જામનગર'ના. નામ ભુલી ગયા. આહાહા..! એમાં અમે તાકડે ગયેલા, એણે કીધું કે, દર્શન કરવા છે. એમાં એવું હતું એટલે એ જ ટાણે અમે પાછા ફરી ગયા. આહાહા..! બૈરા હોય તો લોકો એમ પણ બોલે છે, નાગા ઢાંક્યા બૈરા હોય તો કરે, બીજા કોણ કરશે? નથી આવતું આપણે કહેવામાં? કહે છે ને? સાંભળ્યું છે. નાગા-ભૂખ્યાને બૈરા હશે એ જોશે, એ કામ સેવા કરશે, બીજો કોણ કરશે? ધૂળેય કરતો નથી સાંભળને. આહાહા..! ભ્રમણા છે. આહાહા..! દુનિયાનું બધું જોયું, બધું જોયું છે. નાચ્યા નથી પણ નાચનારાને જોયા છે.

મુમુક્ષુ :– એક વકીલાત નથી કરી.

ઉત્તર :– વકીલ પણ કર્યો હતો. એક વકીલ 'વડોદરા' માં પોતાનો ખાસ (કરેલો). (સંવત) ૧૯૬૩ની સાલ. વકીલ પોતે. એની સાથે જાતા, પૂછીએ. આમ છે આમ થયું છે, ખોટે-ખોટી વાત છે. ત્યાં વ્યાખ્યાન વાંચ્યું હતું. તળાવની સામે મોટી ન્યાય કોર્ટ છે. તળાવ છે ને મોટું? 'વડોદરા' ન્યાય કોર્ટ છે. ન્યાં કેસ ચાલતો ૧૯૬૩ ની સાલ, ૧૯૬૩ ની સાલ. અને ત્યાં જ વ્યાખ્યાન વાંચ્યું હતું હમણા. એ લોકો અમલદાર અધિકારીઓ (કહે), અહીં નીચે વાંચો. ભલે અમે ઉપર છીએ, તમે નીચે વાંચો. માણસ ખૂબ આવ્યું હતું. અધિકારીઓ બીજા માણસો આદિ (બધા આવેલા). 'વડોદરા'. 'કેશુભાઈ' ત્યાં હતા ને તે દિ'? ભાઈ! પેલા 'કેશવલાલ' પ્રોફેસર, પ્રોફેસર. ઇ પ્રોફેસર 'વડોદરા'માં હતા. આહાહા..!

કોની કોની વસ્તુ? આહાહા..! આ કપડું મારું ને આ કલમ મારી ને આ શીશપેન મારી ને આહાહા..! એકકોર પ્રભુ આત્મા જ્ઞાનસ્વરૂપ (છે). **'ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે તોપણ પૃથ્વી ચાંદનીની થતી નથી; તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે...'** આહાહા..! **'જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે...' [ ज्ञेयम् अस्य अस्ति न एव ] 'તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી.'** આહાહા..! એક ગાથાએ તો આખી દુનિયા વહેંચી નાખી. પછી આનું આ કરી દે ને આનું વ્યવહારે કરે, ઢીંકણું કરે (એ) બધી ભાષા છે. આહાહા..! આ અક્ષર લખે એમાં એ અક્ષર આત્મા લખતો નથી કે આંગળા લખતા નથી.

મુમુક્ષુ :– કલમ?

ઉત્તર :– કલમ લખતી નથી. જ્ઞાનમાં એ જણાય છે છતાં તે જ્ઞાન તે રૂપે થતું નથી. તેને તે જાણે છતાં તે જ્ઞાનરૂપે થતું નથી, તે અક્ષરો જ્ઞાનરૂપે થયા નથી. આહાહા..! આ તો જીવતા મરી જવા જેવું છે. પર માટે તો જીવતા મરી જવું જોઈએ. આહાહા..!

**ભાવાર્થ :– 'શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે...'** સત્ય દૃષ્ટિથી જેવું વસ્તુનું સ્વરૂપ છે તે રીતે જો આમાં જો આવે, એમ. શુદ્ધનય એટલે એ. જે વસ્તુનું સ્વરૂપ છે તે રીતે **'જોવામાં આવે તો કોઈ દ્રવ્યનો સ્વભાવ કોઈ અન્ય દ્રવ્યરૂપે થતો નથી.'** આહાહા..! **'જેમ ચાંદની પૃથ્વીને ઉજ્જવળ કરે છે પરંતુ પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી,...'** આહાહા..! પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી. એના ઉપર આમ અડે છે ને? અડતી નથી. આહાહા..!

ખડી ભીંતને અડતી નથી, રંગ કપડાને અડતો નથી. આહાહા..! એમ ચાંદની પ્રકાશ પરવસ્તુને અડતી નથી અને પરવસ્તુ આ ચાંદનીરૂપ થતી નથી. આહાહા..! આવું ભેદજ્ઞાન છે. ઝીણું છે. અહીં તો હજી કરી દઈએ, આનું કરી દઈએ ને આનું કરી દઈએ ને મંડળ બાંધો, મંડળની આમ સેવા કરો, મંડળનો અધ્યક્ષ ગોતો, વ્યવસ્થાપક (ગોતો) અને વ્યવસ્થા કરી શકે એવો. આહાહા..! આંધળુ ખાતું છે, કલ્પના છે અજ્ઞાનીની.

**'પૃથ્વી ચાંદનીની જરા પણ થતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણે છે પરંતુ જ્ઞેય જ્ઞાનનું જરા પણ થતું નથી.'** આહાહા..! **'આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં...'** એ તો પોતાની સ્વચ્છતાનો સ્વભાવ છે, **'જ્ઞેય સ્વયમેવ ઝળકે છે,...'** જ્ઞેય છે એ સ્વયમેવ ઝળકે છે, ઝળકે છે એ એની અપેક્ષાથી સમજાવ્યું. એ તો જ્ઞાન પોતે પોતારૂપે પરિણમે છે. એમાં એ જ્ઞેયનું જ્ઞાનપણે પણ પોતે પોતારૂપે પરિણમે છે એને આ જ્ઞેય ઝળકે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! **'તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી.'** આહાહા..! એ ૨૧૬ (પૂરો થયો). ૨૧૭.

## શ્લોક-૨૧૭

(मन्दाक्रान्ता)

रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावत्
ज्ञानं ज्ञानं भवति न पुनर्बोध्यतां यति बोध्यम्।
ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यककृताज्ञानभावं
भावाभावौ भवति तिरयन् येन पूर्णस्वभावः।।२१७।।

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ तावत् राग-द्वेष-द्वयम् उदयते ] ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે (-ઉત્પન્ન થાય છે) [ यावत् एतत् ज्ञानं ज्ञानं न भवति ] કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય [ पुनः बोध्यम् बोध्यतां न याति ] અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે. [ तत् इदं ज्ञानं न्यक्कृत-अज्ञानभावं ज्ञानं भवतु ] માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ-[ येन भाव-अभावौ तिरयन् पूर्णस्वभावः भवति ] કે જેથી ભાવ-અભાવને (રાગ-દ્વેષને) અટકાવી દેતો પૂર્ણસ્વભાવ (પ્રગટ) થાય.

ભાવાર્થ :– જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય, જ્ઞેય જ્ઞેયરૂપ ન થાય, ત્યાં સુધી રાગદ્વેષ ઊપજે છે; માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ, કે જેથી જ્ઞાનમાં જે ભાવ અને અભાવરૂપ બે અવસ્થાઓ થાય છે તે મટી જાય અને જ્ઞાન પૂર્ણસ્વભાવને પામી જાય. એ પ્રાર્થના છે. ૨૧૭.

## શ્લોક-૨૧૭ ઉપર પ્રવચન

रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावत्
ज्ञानं ज्ञानं भवति न पुनर्बोध्यतां यति बोध्यम्।
ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यककृताज्ञानभावं
भावाभावौ भवति तिरयन् येन पूर्णस्वभावः।।२१७।।

આહાહા..! 'तावत् राग-द्वेष-द्वयम् उदयते' 'ત્યાં સુધી રાગ-દ્વેષનું દ્વંદ્વ ઉદય પામે છે...'

આહાહા..! વસ્તુ તો વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે પણ જ્યાં સુધી... આહા..! જ્ઞાન જ્ઞાનસ્વભાવરૂપે ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષનો ઉદય થાય. આત્મા આત્મારૂપે ન થાય ત્યાં સુધી એને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય. આહાહા..! પછી પણ આત્માને જાણ્યા પછી રાગ-દ્વેષ થાય પણ એ જ્ઞેયમાં જાય. પોતામાં ન આવે, જ્ઞેયમાં જાય. અને આત્મા જાણ્યો નથી એને રાગ-દ્વેષ થાય એ રાગ-દ્વેષ એના છે. આહાહા..! ગજબ વાત છે. આહાહા..!

બધે 'કલકત્તા' ને 'દિલ્હી' ને 'મુંબઈ' ને મોટા શહેરમાં સભા ભરાય ને લૌકિક વાતું ચાલતી હોય એમાં આ મૂકે તો ગાંડા કહે. આ કરીએ છીએ ને? તે દિ' 'ચીમનચક્કુ' કહેતો ને? તે દિ' ૧૯૯૭ માં, ૧૯૯૭ ને? કઈ સાલ? મંદિર થયું ઇ, મંદિર થયું ૧૯૯૭ ની સાલ. તે દિ' અહીંયાં હતા ને? એક મહિનો રહ્યા હતા. કીધું, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. ૧૯૯૭ ની વાત છે. મંદિર થયા પહેલાં હજી પ્રતિષ્ઠા નહોતી થઈ. પોષ મહિનામાં, ફાગણમાં પ્રતિષ્ઠા થઈ અને આ પોષ મહિનાની વાત છે. ૧૯૯૭ માં. ૩૯ વર્ષ થયા. ત્યારે કહે, આ હાથ કર્યો, લ્યો! ક્યાં નથી કરી શકતા? અર..ર..! આ સ્થાનકવાસીના અગ્રેસર! આ કર્યું. ક્યાં નથી કરી શકતા? આ કર્યું એમાં શું થયું એ જોયું છે. આત્મામાં શું થયું? પરમાણુમાં શું થયું?

આત્મા અંદર ઊંચો કરવા ગયો માટે થયું? કે, એને થવું હતું ને એને કારણે થયું ને આત્માએ ફક્ત કલ્પના કરી. એ બે શું છે એમાં જોયું? આહાહા..! એણે કલ્પના કરી કે, હાથ આમ કરું, કલ્પનાને લઈને હાથ આમ થાય છે એ ત્રણકાળમાં નહિ. આહાહા..! જ્ઞાનનો સ્વભાવ છે કે, જેવું જ્ઞેય હોય તેવું જ તે જાણે. તેવું જાણે તેથી એને એમ થઈ જાય કે, તેવું જ એ કેમ જાણે છે? માટે જ્ઞેયની કાંઈક અંદર છાયા પડે છે અથવા જ્ઞેયની કાંઈક મદદ મળે છે જ્ઞાનમાં. જેવું જેવું જ્ઞેય છે તેવું તે જાણે, ભિન્ન ભિન્ન કાળે જેવું જેવું જ્ઞેય હોય તેવું તેવું જાણે. તો એ જાણે છે તે તે જાણવાની દશા ફરતા, જાણવું ફરતા, જાણવાની ચીજ ફરે ને ચીજ ફરતાં જાણવું ફરે. આહાહા..! માટે કાંઈક... કાંઈક... કાંઈક... પરચીજની અસર અહીં છે કાંઈક. આહાહા..! જ્યાં સુધી રાગ-દ્વેષનો દ્વંદ્વ ઉત્પન્ન પામે છે, એમ કહે છે.

**'यावत् एतत् ज्ञानं ज्ञानं न भवति' 'કે જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય...'** આહાહા..! જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષનો ઉદય થાય છે. અને જ્ઞાન જ્ઞાનરૂપ થયું પછી રાગ-દ્વેષ થાય પણ રાગ-દ્વેષનું જ્ઞાન થાય. આહાહા..! કહો, 'દેવચંદજી'! આવી ઝીણી વાત છે. અત્યારના સાધુ ને આ બધા પંડિતો ધમાધમ કરે. આનું આમ કરવું ને આનું આમ કરવું ને આનું આમ કરવું. કરી શકાય છે, વ્યવહારે કરી શકાય છે, નિશ્ચયથી નહિ. બે નય છે ને? એક નય તો કથનમાત્ર (છે). જોડે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરવા છે. નિમિત્તથી થાય છે જરીએ (એમ) ત્રણકાળ, ત્રણલોકમાં નહિ. આહાહા..! કોઈ

વખતે પણ નિમિત્તને લઈને કાંઈક થાય છે. આહાહા..! દીવો બળતો હોય અને ઓલવનાર મળે તો પટ ઓલાય જાય છે. અને જ્યારે કરવો હોય દીવો તો બત્તી આમ દાબે તો ફટ દીવો થાય. કાંઈ થાતો નથી, ધૂળેય. એના થવા કાળે તે થાય છે. આહાહા..!

અહીં કહે છે, કે ત્યાં સુધી રાગ-દ્વેષનો ઉદય થાય, કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપે ન થાય ત્યાં સુધી. આત્મા આત્માપણે જ્યાં સુધી ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષનો ઉદય થાય, રાગ-દ્વેષ ઉત્પન્ન થાય પણ આત્મા આત્માપણે જાણ્યો, જણાણો ત્યારે રાગ-દ્વેષ એ જ્ઞેય થઈ ગયા, જ્ઞાનનું જ્ઞેય થયું. રાગ-દ્વેષ ઉદય પામ્યા છે નહિ પણ સમુકનુ રાગ-દ્વેષ સંબંધીનું પોતાનું જ્ઞાન સ્વ-પરપ્રકાશક એની હયાતીની અપેક્ષા વિના સ્વ-પર પ્રકાશે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

રાગ-દ્વેષ ઉદય પામે છે ત્યાં સુધી જ્ઞાન જ્ઞાન થતું નથી, એમ કહે છે. અને જ્યારે જ્ઞાન જ્ઞાનરૂપે થયું ત્યારે રાગ-દ્વેષ ઉદય થતાં નથી. રાગ-દ્વેષ થતાં જ નથી છદ્મસ્થને? કે, તે વખતે તે જ્ઞાન તે રાગને જાણવા પૂરતું જ્ઞાન પોતે જાણે. રાગને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. જ્ઞાનનો તે સમયનો તે સ્વભાવ સ્વ અને પરને જાણવાનો સ્વ સ્વભાવ પોતાનો પોતાથી થયેલો છે. એ રાગને લઈને જાણે છે એમ છે નહિ. રાગને લઈને રાગનું જ્ઞાન થાય છે એમ પણ નથી. આહાહા..! આવી વાત છે. અરે..! આ જિંદગી ચાલી જાય છે અને શું સત્ય છે એ એને હાથ નહિ આવે (તો) થઈ રહ્યું. આહાહા..! ચોરાશી લાખના અવતાર (માં રખડશે). અહીં ભલે ડાહ્યો થઈને ફરે. ન્યાં ભૂંડમાં ને કાગડામાં જઈને વિષ્ટા ખાશે. આહાહા..!

**'જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપે ન થાય...'** એટલે આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય. અને જ્યારે રાગથી ભિન્ન પડીને આત્મજ્ઞાન થયું ત્યારે રાગનું જ્ઞાન થાય એમ કહેવું એ પણ વ્યવહાર. છતાં પોતા ને પર સંબંધીનું જ્ઞાન થાય તેને રાગ-દ્વેષ થતાં જ નથી. તેને રાગ-દ્વેષ સંબંધીનું જ્ઞાન થતાં રાગ-દ્વેષ થતાં જ નથી. 'પંડિતજી'! આહાહા..! આવી વાત છે. આ બધા ભાષણ કરનારા એ કંઈકને ભડતા હશે. આહા..!

આખી ચીજ જ જુદી છે ને પ્રભુ! તું કોણ છો? જ્ઞાનનો સૂર્ય છો, ચૈતન્ય પ્રકાશનો પુંજ છો. તે પણ જ્ઞાનની શક્તિ કેટલી છે? અનંત છે. આહાહા..! ભલે પર્યાય થઈ છતાં તે પર્યાયમાં અનંતી શક્તિ છે. છદ્મસ્થના મતિ-શ્રુત જ્ઞાનની પર્યાયમાં પણ અનંતી શક્તિ છે. એ અનંત જ્ઞેયોને જાણે. આહાહા..! ફક્ત કેવળીને પ્રત્યક્ષ છે, આને પરોક્ષ છે એટલો ફેર. છતાં શ્રુતજ્ઞાનની પર્યાય આખા લોકાલોક સંબંધી એ છે માટે તેને જાણે છે એમ નહિ, પોતાની તે સમયમાં સ્વ-પર જાણવાની તાકાતને લઈને સ્વ-પરને જાણે છે. આહાહા..! હવે આમાં વાદ-વિવાદ કરીને ચર્ચામાં શું થાય? 'શાંતિભાઈ'! બીજે ઠેકાણે ચરણાનુયોગમાં ઘણે ઠેકાણે આવે, રાગથી આમ કરવું, તારે આમ કરવું, આમ કરવું, પાપ લાગ્યું હોય પ્રાયશ્ચિત

લેવું, પ્રાયશ્ચિતથી આમ કરવું. આહાહા..!

જ્ઞાન જ્ઞાનપણે એટલે રાગથી ભિન્ન પડીને. રાગથી ભિન્ન છે જ. ઇ છે એ રીતે થઈને રહે ત્યારે રાગનો ઉદય થાય નહિ. અને રાગ થાય છતાં તેનું અહીં જ્ઞાન થાય. એવો જ કોઈ એનો સ્વભાવ છે. પણ રાગ થાય ત્યારે જ્ઞાન એનું કરી શકે એવી તાકાત રહે નહિ. એ વખતે શક્તિ તો એવી છે. રાગ થાય ત્યારે પણ ભલે માને રાગ મારો, છતાં જ્ઞાનમાં તે કાળે જ્ઞાનની શક્તિ તો રાગને ને પોતાને જાણે એવી તાકાતવાળું એ જ્ઞાન છે. આહાહા..! માને ગમે તે. આહા..! માને એથી કરીને વસ્તુ સ્વભાવ કાંઈ ફરી જાય છે? એટલે કહે છે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાન ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષનો ઉદય થાય. આહાહા..!

**'જ્યાં સુધી આ જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય અને જ્ઞેય જ્ઞેયપણાને ન પામે.'** આહાહા..! જ્યાં સુધી જ્ઞાન જ્ઞાન ન થાય અને રાગને પોતાનો માને ત્યાં સુધી જ્ઞેય જ્ઞેયપણે નથી રહેતું. એ જ્ઞેયને પોતાનું માને છે. જ્યારે જ્ઞાન જ્ઞાનપણે થયું પછી રાગ થયો છતાં રાગ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થાય છે. એ જ્ઞેય જ્ઞેયપણાને ન પામે. પછી રાગ છે તે જ્ઞેયપણું થાય એને અહીં જાણે. જ્ઞેય જ્ઞેયપણાને ન પામે. આહા..! **'માટે આ જ્ઞાન, અજ્ઞાન ભાવને દૂર...'** કરો. આહાહા..! જ્ઞાન જ્ઞાનપણે ન થાય અને જ્ઞેય જ્ઞેયપણે ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષની ઉત્પત્તિ દેખાય છે એમ કહે છે. જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનપણે ન થાય અને જ્ઞેય જ્ઞેયપણે ન રહે ત્યાં સુધી રાગ-દ્વેષ દેખાય છે. આહાહા..! આવી વ્યાખ્યા હવે.

**'માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ...'** જ્ઞાન જ્ઞાન સ્વરૂપ જ છે. રાગ-દ્વેષની ઉત્પત્તિ એમાં છે જ નહિ. જ્ઞાન જ્ઞાનપણે થયું નથી ત્યાં સુધી માને છે. જ્ઞાન જ્ઞાન થયું ત્યારે જ્ઞેય જ્ઞેયપણાને પામતા થકા જ્ઞેય જાણે છે. આહા..! **'કે જેથી ભાવ-અભાવને (રાગ-દ્વેષને) અટકાવી દેતો પૂર્ણજ્ઞાનસ્વભાવ (પ્રગટ) થાય.'** એ રાગ-દ્વેષને જાણતું જ્ઞાન, રાગ-દ્વેષને છોડીને જ્ઞાન પૂર્ણપણાને પામે. પણ જ્યાં સુધી રાગને પોતાનો માને ત્યાં સુધી જ્ઞેય જ્ઞેય તરીકે રહેતું નથી, જ્ઞાન જ્ઞાન તરીકે રહેતું નથી તો એ જ્ઞાન આદિ આગળ વધી શકતું નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૧૯, શ્લોક-૨૧૭, ગાથા–૩૬૬ થી ૩૭૧ મંગળવાર, જ્યેષ્ઠ સુદ ૧૨, તા. ૨૪-૦૬-૧૯૮૦

---

'સમયસાર' ૨૧૭ (કળશનો) ભાવાર્થ છે.

**ભાવાર્થ :– 'જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય,...'** એટલે કે અજ્ઞાન ટાળી અને જ્ઞાન જ્ઞાનરૂપ ન થાય અને **'જ્ઞેય જ્ઞેયરૂપ ન થાય,...'** રાગાદિ જ્ઞેય છે. એ પોતાના માને છે એ અજ્ઞાનથી માને છે. રાગ અને દ્વેષ, વિકાર અજ્ઞાનથી પોતાનો માને છે. એ જ્ઞેય એટલે

રાગ અને પરવસ્તુ જ્ઞેયપણે જ્યાં સુધી ન થાય, જ્ઞાન જ્ઞાન ન થાય **'ત્યાં સુધી રાગદ્વેષ ઊપજે છે;...'** સમજાણું આમાં? આત્મા જ્ઞાન સ્વરૂપ છે એનું જ્ઞાન જ્યાં સુધી ન થાય અને અજ્ઞાન રહે... આહા..! અને જ્ઞેય–રાગ-દ્વેષ આદિ જ્ઞેય એ જ્ઞેયપણે જ્યાં સુધી ન ભાસે ત્યાં સુધી અજ્ઞાનથી રાગ-દ્વેષ ઊપજે છે. અજ્ઞાનથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. આહાહા..!

**'અજ્ઞાનભાવને દૂર કરી,...' 'માટે આ જ્ઞાન, અજ્ઞાનભાવને દૂર કરીને,...'** રાગ પર્યાયબુદ્ધિએ જે દેખાય છે તેને દ્રવ્યબુદ્ધિએ એ અજ્ઞાનનો નાશ કરી **'જ્ઞાનરૂપ થાઓ,...'** આહાહા..! **'અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ,...'** અજ્ઞાનથી રાગ, પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ ભાવ એ મારા છે એવી જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી અજ્ઞાનભાવ છે. અજ્ઞાનભાવ છે ત્યાં સુધી ઉત્પન્ન થાય છે. અજ્ઞાન ટાળી અને રાગ-દ્વેષને ન કરો અને જ્ઞાનરૂપ થાઓ. આહા..! છે?

**'જ્ઞાનરૂપ થાઓ,...' 'અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ,...'** એટલે કે વસ્તુ જ્ઞાન સ્વરૂપ જ છે. એમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનને લઈને છે. એ અજ્ઞાનને ટાળી **'જ્ઞાનરૂપ થાઓ કે જેથી જ્ઞાનમાં જે ભાવ અને અભાવરૂપ...'** છે. જ્ઞાનમાં જે વિકારની ઉત્પત્તિ ને અભાવ છે તો વિકાર ઉત્પન્ન થાય ને વિકાર નાશ થાય એવું જે છે. **'બે અવસ્થાઓ થાય તે મટી જાય.'** આહાહા..! ઝીણી વાત છે. જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા એ જ્ઞાનરૂપ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી અજ્ઞાનથી રાગ-દ્વેષની ઉત્પત્તિ છે. જ્ઞાન ને જ્ઞાનરૂપે થતાં એને રાગ-દ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી થતી (હતી) એ થતી નથી. આહા..! માટે કહે છે કે, **'અજ્ઞાનભાવને દૂર કરીને, જ્ઞાનરૂપ થાઓ કે, જેથી જ્ઞાનમાં જે ભાવ અને અભાવરૂપ બે અવસ્થાઓ...'** જ્ઞાનમાં જે રાગ-દ્વેષ થાય ને જાય, થાય ને જાય, વસ્તુ જ્ઞાયક સ્વરૂપ છે એમાં એ રાગ-દ્વેષ થાય ને જાય એ ભાવ-અભાવનો અભાવ થાય. **'તે મટી જાય અને જ્ઞાન પૂર્ણસ્વભાવને પામી જાય.'** આહા! અજ્ઞાનને મટાડતા પુણ્ય ને પાપની ઉત્પત્તિ મારાથી છે એ મટી ગઈ. ફક્ત અસ્થિરતા રહી એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહી. એ અસ્થિરતા પણ જ્યારે ટાળી ત્યારે જ્ઞાન જ્ઞાન પૂર્ણતાને પ્રાપ્ત થયું, ત્યારે એને જન્મ-મરણનો અંત આવી ગયો. આહાહા..! સમજાય છે આમાં? શું કહે છે?

મુમુક્ષુ :– ભાવ-અભાવ બે અવસ્થા થઈ?

ઉત્તર :– કીધું આ મિથ્યાત્વ કીધું ને. રાગ-દ્વેષ ઉત્પન્ન થાય એ ભાવ. એનો અભાવ થાય. વિકારનો ઉત્પાદ-વ્યય એ જ અજ્ઞાનને લઈને છે એમ કહે છે. જ્ઞાન સ્વભાવને લઈને રાગ-દ્વેષની ઉત્પત્તિ નથી. કેમકે રાગ-દ્વેષ સ્વરૂપમાં નથી. આહાહા..! જ્યાં સુધી એ જ્ઞાન પોતાના સ્વરૂપને ન જાણે અને એની દૃષ્ટિ પર્યાય એટલે રાગરૂપ રહે ત્યાં સુધી અજ્ઞાનને લઈને રાગ-દ્વેષ-ભાવ થાય પણ અજ્ઞાન ટાળતા પછી રાગ-દ્વેષ થાય ને જાય એ રહેતું નથી, પછી એકલું જ્ઞાન રહે છે. આહાહા..!

**'અને જ્ઞાન પૂર્ણસ્વભાવને પામી જાય. એ પ્રાર્થના છે.'** આહાહા..! ટૂંકામાં તો સાર અહીંયાં એ કહેવો છે કે, વસ્તુ છે એ તો આનંદ, જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ એટલે અનંત ગુણ પવિત્ર સ્વરૂપ છે. એમાં જે વિકાર થાય છે એ પરને લઈને નહિ. તેમ દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્ય વસ્તુ છે એને લઈને નહિ. અજ્ઞાનને લઈને–વસ્તુના સ્વભાવનું અજ્ઞાન (છે એ) અજ્ઞાનને લઈને રાગ-દ્વેષની ઉત્પત્તિ છે. ત્યાં સુધી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય-જાય, ઉત્પન્ન થાય-જાય વ્યય થાય પણ અજ્ઞાન ટળતાં જ્ઞાન જ્ઞાનરૂપ થતાં રાગ બાકી રહે એ પણ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણતા જ્ઞાન જ્ઞાનરૂપે રહે. અને જ્ઞાનરૂપે રહેતાં સ્થિરતા કરતાં કરતાં અસ્થિરતાનો જે જ્ઞેય રાગ હતો એ ટળતા જ્ઞાન પૂર્ણતાને પામે. આહાહા..! કહો, સમજાય છે? આહાહા..! ભાષા તો બહુ ટૂંકી છે પણ ભાવ તો ઘણા ગંભીર છે. આહા..!

શ્રોતા :– પર્યાય તન્મય થઈને જાણે છે કે અતન્મય રહીને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અતન્મય રહીને જાણે છે. તન્મય થઈને જાણે છે (એમ જે કહ્યું એ તો) એ બાજુ વળી છે એટલું. એ બાજુ વળી છે. ઇ આ અપેક્ષાએ (તન્મય) કહેવાય. રાગમાં તન્મય હતી એટલે આમ તન્મય (હતી). રાગમાં વળેલી હતી એ આમ વળી એટલે તન્મય કહેવાય. બાકી પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. દ્રવ્ય અને પર્યાય ત્રણકાળ, ત્રણલોકમાં એક થતા નથી.

શ્રોતા :– અખંડ એક સત્ લઈએ તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અખંડ એક સત્ લઈએ તો પણ પર્યાય પર્યાયમાં અને દ્રવ્ય દ્રવ્યમાં (છે).

શ્રોતા :– પર્યાય અને દ્રવ્યમાં પ્રદેશભેદ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રદેશભેદ છે.

શ્રોતા :– સર્વથા છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– સર્વથા છે. પર્યાય અને દ્રવ્યમાં પ્રદેશભેદ સર્વથા છે.

શ્રોતા :– એક અખંડ સત્ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ અખંડ સત્ પછી. ઇ તો પર્યાયનો વિષય અખંડ સત્ (છે). એવી વાત છે. આ તો જિનેશ્વર કેવળી ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ ભગવાન સાક્ષાત્ બિરાજે છે. આજે દિવ્યધ્વનિનો દિવસ છે. તમે કાલે કહ્યું હતું, કાંઈક (સૂક્ષ્મ વાત) આવે. ઇ આવે તો આવે. આહા..હા..!

(ગુરુ કહાન દ્રષ્ટિ મહાન, ભાગ-૧, પૃષ્ઠ સંખ્યા-૭૫)

## ગાથા–૩૬૬ થી ૩૭૧

दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे विसए।
तम्हा किं घादयदे चेदयिदा तेसु विसएसु।।३६६।।
दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे कम्मे।
तम्हा किं घादयदे चेदयिदा तम्हि कम्मम्हि।।३६७।।
दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे काए।
तम्हा किं घादयदे चेदयिदा तेसु काएसु।।३६८।।
णाणस्स दंसणस्स य भणिदो घादो तहा चरित्तस्स।
ण वि तहिं पोग्गलदव्वस्स को वि घादो दु णिद्दिट्ठो।।३६९।।
जीवस्स जे गुणा केइ णत्थि खलु ते परेसु दव्वेसु।
तम्हा सम्मादिट्ठिस्स णत्थि रागो दु विसएसु।।३७०।।
रागो दोसो मोहो जीवस्सेव य अणण्णपरिणामा।
एदेण कारणेण दु सद्दादिसु णत्थि रागादी।।३७१।।

दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने विषये।
तस्मात्किं हन्ति चेतयिता तेषु विषयेषु।।३६६।।
दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने कर्मणि।
तस्मात्किं हन्ति चेतयिता तत्र कर्मणि।।३६७।।
दर्शनज्ञानचारित्रं किञ्चिदपि नास्ति त्वचेतने काये।
तस्मात्किं हन्ति चेतयिता तेषु कायेषु।।३६८।।
ज्ञानस्य दर्शनस्य च भणितो घातस्तथा चारित्रस्य।
नापि तत्र पुद्गलद्रव्यस्य कोऽपि घातस्तु निर्दिष्टः।।३६९।।
जीवस्य ये गुणाः केचिन्न सन्ति खलु ते परेषु द्रव्येषु।
तस्मात्सम्यग्दष्टेर्नास्ति रागस्तु विषयेषु।।३७०।।

रागो द्वेषो मोहो जीवस्यैव चानन्यपरिणामाः।
एतेन कारणेन तु शब्दादिषु न सन्ति रागादयः।।३७१।।

यद्धि यत्र भवति तत्तद्धाते हन्यत एव, यथा प्रदीपघाते प्रकाशो हन्यते; यत्र च यद्भवति तत्तद्धाते हन्यत एव, यथा प्रकाशघाते प्रदीपो हन्यते। यत्तु यत्र न भवति तत्तद्धाते न हन्यते, यथा घटघाते घटप्रदीपो न हन्यते; यत्र च यन्न भवति तत्तद्धाते न हन्यते, यथा घटप्रदीपघाते घटो न हन्यते। अथात्मनो धर्मा दर्शनज्ञानचारित्राणि पुद्गलद्रव्यघातेऽपि न हन्यन्ते, न च दर्शनज्ञानचारित्राणां घातेऽपि पुद्गलद्रव्यं हन्यते; एवं दर्शनज्ञानचारित्राणि पुद्गलद्रव्ये न भवन्तीत्यायाति; अन्यथा तद्धाते पुद्गलद्रव्य घातस्य, पुद्गलद्रव्यघाते तद्धातस्य दुर्निवारत्वात्। यत एवं ततो ये यावन्तः केचनापि जीवगुणास्ते सर्वेऽपि परद्रव्येषु न सन्तीति सम्यक् पश्यामः, अन्यथा अत्रापि जीवगुणघाते पुद्गलद्रव्यघातस्य, पुद्गलद्रव्यघाते जीवगुणघातस्य च दुर्निवारत्वात्। यद्येवं तर्हि कुतः सम्यग्दृष्टेर्भवति रागो विषयेषु? न कुतोऽपि। तर्हि रागस्य कतरा खानिः? रागद्वेषमोहा हि जीवस्यैवाज्ञानमयाः परिणामाः, ततः परद्रव्यत्वाद्विषयेषु न सन्ति, अज्ञानाभावात्सम्यग्दष्टौ तु न भवन्ति। एवं ते विषयेष्वसन्तः सम्यग्दष्टेर्न भवन्तो, न भवन्त्येव।

---

'જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.-આવા અર્થની ગાથાઓ હવે કહે છે :–

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.
ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭.
ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.
છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્ગલદ્રવ્યનો. ૩૬૯.
જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદૃષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.

વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,
તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.

ગાથાર્થ :– [ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने विषये तु ] અચેતન વિષયમાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તેથી [ चेतयिता ] આત્મા [ तेषु विषयेषु ] તે વિષયોમાં [ किं हन्ति ] શું હણે (અર્થાત્ શાનો ઘાત કરી શકે)?

[ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने कर्मणि तु ] અચેતન કર્મમાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તેથી [ चेतयिता ] આત્મા [ तत्र कर्मणि ] તે કર્મમાં [ किं हन्ति ] શું હણે? (કાંઈ હણી શકતો નથી.)

[ दर्शनज्ञानचारित्रम् ] દર્શન-જ્ઞાન-ચારિત્ર [ अचेतने काये तु ] અચેતન કાયામાં [ किञ्चित् अपि ] જરા પણ [ न अस्ति ] નથી, [ तस्मात् ] તથી [ चेतयिता ] આત્મા [ तेषु कायेषु ] તે કાયાઓમાં [ किं हन्ति ] શું હણે? (કાંઈ હણી શકતો નથી.)

[ ज्ञानस्य ] જ્ઞાનનો, [ दर्शनस्य च ] દર્શનનો [ तथा चारित्रस्य ] તથા ચારિત્રનો [ घातः भणितः ] ઘાત કહ્યો છે, [ तत्र ] ત્યાં [ पुद्गलद्रव्यस्य ] પુદ્ગલદ્રવ્યનો [ घातः तु ] ઘાત [ कः अपि ] જરા પણ [ न अपि निर्दिष्टः ] કહ્યો નથી. (દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી.)

(આ રીતે) [ ये केचित् ] જે કોઈ [ जीवस्य गुणाः ] જીવના ગુણો છે, [ ते खलु ] તે ખરેખર [ परेषु द्रव्येषु ] પર દ્રવ્યોમાં [ न सन्ति ] નથી; [ तस्मात् ] તેથી [ सम्यग्दष्टेः ] સમ્યગ્દષ્ટિને [ विषयेषु ] વિષયો પ્રત્યે [ रागः तु ] રાગ [ न अस्ति ] નથી.

[ च ] વળી [ रागः द्वेषः मोहः ] રાગ, દ્વેષ અને મોહ [ जीवस्य एव ] જીવના જ [ अनन्यपरिणामाः ] અનન્ય (એકરૂપ) પરિણામ છે, [ एतेन कारणेन तु ] તે કારણે [ रागादयः ] રાગાદિક [ शब्दादिषु ] શબ્દાદિ વિષયોમાં (પણ) [ न सन्ति ] નથી.

(રાગદ્વેષાદિ સમ્યગ્દષ્ટિ આત્મામાં નથી તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાનદશામાં રહેલા જીવના પરિણામ છે.)

ટીકા :– ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ છે), જેમ દીવાનો ઘાત થતાં (દીવામાં રહેલો) પ્રકાશ હણાય છે; તથા જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધેયનો ઘાત થતાં આધારનો ઘાત થાય જ છે), જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે. વળી જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટનો ઘાત થતાં *ઘટ-પ્રદીપ હણાતો

* ઘટ-પ્રદીપ = ઘડામાં મૂકેલો દીવો. (પરમાર્થે દીવો ઘડામાં નથી, ઘડામાં તો ઘડાના જ ગુણો છે.)

નથી; તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટ-પ્રદીપનો ઘાત થતાં ઘટ હણાતો નથી. (એ પ્રમાણે ન્યાય કહ્યો.) હવે, આત્માના ધર્મો-દર્શન, જ્ઞાન અને ચારિત્ર-પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી (એ તો સ્પષ્ટ છે); માટે એ રીતે 'દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્ગલદ્રવ્યમાં નથી' એમ ફલિત (સિદ્ધ) થાય છે; કારણ કે, જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ). આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ (-માનીએ છીએ); કારણ કે, જો એમ ન હોય તો, અહીં પણ જીવના ગુણોનો ઘાત થતાં પુદ્ગલદ્રવ્યનો ઘાત, અને પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં જીવના ગુણોનો ઘાત અનિવાર્ય થાય. (આ રીતે સિદ્ધ થયું કે જીવના કોઈ ગુણો પુદ્ગલદ્રવ્યમાં નથી.)

(પ્રશ્ન :–) જો આમ છે તો સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે? (ઉત્તર :–) કોઈ પણ કારણે થતો નથી. (પ્રશ્ન :–) તો પછી રાગની કઈ ખાણ છે? (ઉત્તર :–) રાગ-દ્વેષ-મોહ જીવના જ અજ્ઞાનમય પરિણામ છે (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે); માટે તે રાગદ્વેષમોહ, વિષયોમાં નથી કારણ કે વિષયો પરદ્રવ્ય છે, અને સમ્યગ્દષ્ટિમાં (પણ) નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે; આ રીતે રાગદ્વેષમોહ, વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દષ્ટિને (પણ) નહિ હોવાથી, (તેઓ) છે જ નહિ.

ભાવાર્થ :– આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગદ્વેષમોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે, પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્ગલદ્રવ્ય હણાતું નથી; વળી પુદ્ગલદ્રવ્ય હણાતાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી; માટે જીવના કોઈ ગુણો પુદ્ગલદ્રવ્યમાં નથી. આવું જાણતા સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. રાગદ્વેષમોહ પુદ્ગલદ્રવ્યમાં નથી, જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે; જ્યારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દષ્ટિ થાય ત્યારે તેઓ ઊપજતા નથી. આ રીતે રાગદ્વેષમોહ પુદ્ગલમાં નથી તેમ જ સમ્યગ્દષ્ટિમાં પણ નથી, તેથી શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જોતાં તેઓ છે જ નહિ. પર્યાયદૃષ્ટિથી જોતાં જીવને અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે. એ પ્રમાણે જાણવું.

## ગાથા–૩૬૬ થી ૩૭૧ ઉપર પ્રવચન

હવે બીજો અધિકાર. નીચે લખાણ છે.

**''જ્ઞાન અને જ્ઞેય તદ્દન ભિન્ન છે, આત્માના દર્શનજ્ઞાનચારિત્રાદિ કોઈ ગુણો પરદ્રવ્યોમાં**

નથી' એમ જાણતો હોવાથી સમ્યગ્દષ્ટિને વિષયો પ્રત્યે રાગ થતો નથી; વળી રાગદ્વેષાદિ જડ વિષયોમાં પણ નથી; તેઓ માત્ર અજ્ઞાનદશામાં વર્તતા જીવના પરિણામ છે.-આવા અર્થની ગાથાઓ હવે કહે છે :–'

दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे विसए।
तम्हा किं घादयदे चेदयिदा तेसु विसएसु।।३६६।।
दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे कम्मे।
तम्हा किं घादयदे चेदयिदा तम्हि कम्मम्हि।।३६७।।
दंसणणाणचरित्तं किंचि वि णत्थि दु अचेदणे काए।
तम्हा किं घादयदे चेदयिदा तेसु काएसु।।३६८।।
णाणस्स दंसणस्स य भणिदो घादो तहा चरित्तस्स।
ण वि तहिं पोग्गलदव्वस्स को वि घादो दु णिद्दिट्ठो।।३६९।।
जीवस्स जे गुणा केइ णत्थि खलु ते परेसु दव्वेसु।
तम्हा सम्मादिट्ठिस्स णत्थि रागो दु विसएसु।।३७०।।
रागो दोसो मोहो जीवस्सेव य अणण्णपरिणामा।
एदेण कारणेण दु सद्दादिसु णत्थि रागादी।।३७१।।

નીચે હરિગીત.

ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં? ૩૬૬.
ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં? ૩૬૭.
ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,
તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં? ૩૬૮.
છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,
ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્‌ગલદ્રવ્યનો. ૩૬૯.
જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,
તે કારણે વિષયો પ્રતિ સુદૃષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.
વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,
તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.

હવે ટીકા, જરી ઝીણી વાત છે. **'(રાગદ્વેષાદિ સમ્યગ્દષ્ટિ આત્મામાં નથી...)'** કૌંસમાં છે ને? છે ને ટીકા ઉપર? **'તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાનદશામાં રહેલા જીવના પરિણામ છે.)'**

**ટીકા :– 'ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે...'** આ સિદ્ધાંત, આ તો સિદ્ધાંત કીધો. **'ખરેખર જે જેમાં હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે (અર્થાત્ આધારનો ઘાત થતાં આધેયનો ઘાત થાય જ છે), જેમ દીવાનો ઘાત થતાં (દીવામાં રહેલો) પ્રકાશ હણાય છે;...'** આધાર છે ને દીવો? પ્રકાશનો આધાર દીવો છે. પ્રકાશ આધેય છે, દીવો હણાય (એટલે) પ્રકાશ હણાય જાય, આધાર હણાય ત્યાં આધેય હણાય જાય. આહા..! **'તથા જેમાં જે હોય તે તેનો ઘાત થતાં હણાય જ છે,...'** દીવો હણાય છે. આહાહા..! **'વળી જે જેમાં ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી,...'**

**'જેમ ઘટનો ઘાત થતાં...'** આ તો દૃષ્ટાંત આપે છે, હોં! **'ઘટ-પ્રદીપ હણાતો નથી;...'** ઘડો ફૂટી જાય. આ દિવાળીના ઘડા નથી થતાં? શું કહેવાય એ? ગરબા કાંણા વાળા, કાંણા પાડીને અંદર. એ ગરબો ટૂટી જાય ને દીવો રહી જાય અને દીવો ઓલાય જાય ને ઘડો રહી જાય. બે કાંઈ એક ચીજ નથી કે ઘડો ફૂટે એટલે દીવો ઓલવાય જાય અને દીવો ઓલવાય એટલે ઘડો ફૂટી જાય એવું કાંઈ નથી. આહાહા..! **'જેમ પ્રકાશનો ઘાત થતાં દીવો હણાય છે.'** આધેયનો ઘાત થતાં આધાર દીવો તે હણાય જાય છે. પહેલો આધાર દીવો હતો એનો આધેય પ્રકાશ હતો. એ આધાર હણાતા આધેય હણાય જાય એમ કહ્યું. પછી કહ્યું કે, આધેય દીવો હણાય જાય તો ઘટ હણાય જાય છે.

નીચે (ફૂટનોટ). **'ઘટ પ્રદીપ = ઘડામાં મૂકેલો દીવો. (પરમાર્થે દીવો ઘડામાં નથી, ઘડામાં તો ઘડાના જ ગુણો છે.)'** આ તો દૃષ્ટાંત છે. આહાહા..! દીવો ઓલાય જાય તો ઘડો તો રહે છે અને ઘડો ફૂટી જાય તો દીવો પણ રહે છે. પણ આ તો દૃષ્ટાંત દીધો છે. આહાહા..! **'જેમ ઘટનો ઘાત થતાં ઘટ-પ્રદીપ હણાતો નથી; તથા જેમાં જે ન હોય તે તેનો ઘાત થતાં હણાતું નથી, જેમ ઘટ-પ્રદીપનો ઘાત થતાં ઘટ હણાતો નથી. (એ પ્રમાણે ન્યાય કહ્યો.)'** હવે સિદ્ધાંત.

**'હવે, આત્માના ધર્મો (આત્માના જે ગુણો) દર્શન, જ્ઞાન અને ચારિત્ર-પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી...'** શું કહે છે એ? શરીરમાં રોગ આવે, શરીર હણાય જાય પણ કાંઈ આત્માના ગુણ હણાતા નથી. આત્માના ગુણ નથી જડમાં, જડના ગુણ નથી આત્મામાં. એટલે શરીર હણાય છતાં કાંઈ જ્ઞાન-દર્શન હણાતા નથી. આહાહા..! **'આત્માના ધર્મો-દર્શન, જ્ઞાન અને ચારિત્ર-પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી અને દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થવા છતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી...'** આહાહા..! બે કહ્યું ને? આત્માના ધર્મ-દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પુદ્ગલદ્રવ્યનો ઘાત થવા છતાં હણાતા નથી. એટલે જરી ઝીણી વાત કહે

છે કે, આ શરીર અને વાણી અટકી જાય, રોકાય જાય, હણાય જાય એથી અંદર જ્ઞાન, દર્શનનું આરાધનપણું છે એ કાંઈ હણાતું નથી. શું કીધું? શરીર ને વાણીની ક્રિયા ઘાત થઈ જાય, બોલાય નહિ, શરીરનો ઘાત થઈ જાય, વાત બંધ થઈ જાય એથી કરીને કાંઈ આત્માના ગુણોનો ઘાત થાય એમ નથી. આહાહા..! શરીરની ક્રિયા અને વાણીની ક્રિયા બીજી છે અને એ ક્રિયા ન થાય અને ઘાત થાય એથી આત્માના ગુણનો ઘાત થાય એમ નથી. સમજાય છે? આહાહા..!

મુમુક્ષુ :– શરીર દુબળુ થાય ને જ્ઞાન વધે.

ઉત્તર :– એની સાથે સંબંધ જ નથી, દુબળા સાથે સંબંધ નથી. એ રોગ હોય કે ઘાત થાય તો એથી ગુણને ઘાત થાય છે એમ નથી. જરી ઝીણી વાત આવે છે હવે.

**'માટે એ રીતે 'દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્‌ગલદ્રવ્યમાં નથી' એમ ફલિત (સિદ્ધ) થાય છે; કારણ કે, જો એમ ન હોય તો દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં...'** આહાહા..! **'પુદ્‌ગલદ્રવ્યનો ઘાત,...'** શું કહે છે? જેને અંદરમાં અજ્ઞાનથી દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થયો છતાં દેહની ક્રિયા તો જેવી હોય એવી ને એવી રહે. દ્રવ્યલિંગની ક્રિયા એવી ને એવી રહે છતાં અજ્ઞાનથી અંદર ઘાત થયો છે. એ કાંઈ આ ક્રિયા સરખી રહી માટે ઘાત ન થાય એમ નથી. શું કીધું સમજાણું કાંઈ? કે, શરીરની ક્રિયા ને વાણીની ક્રિયા નાશ થઈ, થઈ નહિ પણ છતાં અંદર ગુણનો ઘાત ન થાય. કારણ કે, આ ગુણો એમાં નથી ને એના ગુણો આમાં નથી. એટલે શરીરની ક્રિયા અટકી ગઈ એથી આત્માના ઘાતમાં ગુણનો ઘાત અટકી ગયો એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્‌ગલદ્રવ્યનો ઘાત,...'** થાય. અંદર અજ્ઞાનપણે દર્શન-જ્ઞાનનો ઘાત થયો હોય છતાં શરીરની ક્રિયા તો એવી ને એવી રહે. સમજાય છે? પુદ્‌ગલનો ઘાત થાય એમ છે નહિ. છે? દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત થતાં પુદ્‌ગલનો ઘાત થાત એમ નથી. અજ્ઞાનપણે દર્શન-જ્ઞાનનો ઘાત કર્યો છતાં શરીરની ક્રિયા પંચમહાવ્રતની દ્રવ્યલીંગની એવી ને એવી રહી. આહાહા..! એ ક્રિયા એવી રહી માટે અહીં ગુણ રહે એમ નથી. અહીંયાં ગુણનું રહેવું તો અજ્ઞાનના અભાવને લઈને ગુણનું રહેવું (થાય છે). એ શરીરની ક્રિયા ઘાત થઈ માટે અહીં ઘાત થાય એમ નથી. આહાહા..! ઝીણી વાત છે થોડી.

શરીરની ક્રિયા અટકી ગઈ, વાણી અટકી ગઈ, વંદન, વિનય દેહથી જે કાંઈ વાણી આદિથી વિનય (થવો) એ અટકી ગયો એથી કાંઈ ગુણનો ઘાત થતો નથી. વાત સમજાય છે? બહારનું અટકી ગયું. ગુરુનું વંદન, દેવનું વંદન આદિ અટકી ગયું, દેહની ક્રિયા અટકી ગઈ છતાં અંદર ગુણનો ઘાત થતો નથી. કારણ કે, એ ગુણ કાંઈ શરીરની ક્રિયાને લઈને નહોતા. આહા..! એ તો પોતાના જ્ઞાન-ગુણને લઈને ગુણ હતા. આહાહા..!

**'અને પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય...'** એટલે?

પુદ્‌ગલની ક્રિયા કદાચ ન થઈ છતાં જ્ઞાન-ગુણ તો ત્યાં રહ્યો. વાત સમજાય છે? શરીરથી વંદન આદિની ક્રિયા ન થઈ છતાં અંદર ગુણ તો રહ્યા છે. શરીરની ક્રિયા ન થઈ માટે ગુણનો ઘાત થઈ ગયો અને શરીરની ક્રિયા સરખી રહી માટે ગુણનો ઘાત ન થાય, એમ નથી. સમજાણું આમાં કાંઈ? આ શરીર અને વાણી અને આત્મા, એ આત્માના ગુણો આમાં નથી ને આના ગુણો આમાં નથી. એટલે શરીર અને વાણીની ક્રિયા અટકી જાય એથી આત્માના ગુણનો ઘાત થાય, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જો બે એક હોય તો પુદ્‌ગલનો ઘાત થતાં, **'પુદ્‌ગલદ્રવ્યનો ઘાત થતાં, દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત અનિવાર્ય થાય (અર્થાત્ અવશ્ય થવો જોઈએ). આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ...'** આહાહા..! બે વાત કરી, કે દેહની ક્રિયા પંચમહાવ્રતની વિનય વંદન અટકી ગયું એથી કરીને ગુણ અટક્યા એમ પણ નથી અને દેહની ક્રિયા બરાબર રહી ગઈ, વંદન વ્યવહાર બરાબર રહ્યો માટે ત્યાં ગુણ અંદર રહ્યા એમ નથી. બહારની ક્રિયા રહી ને અંદર અજ્ઞાનને લઈને ગુણનો ઘાત થાય છે. 'દેવચંદજી'! સમજાણું આમાં? 'શાંતિભાઈ'!

બે ચીજ–શરીર-વાણી અને એકકોર આત્મા. તો કહે છે કે, આત્માના ગુણો શરીરમાં નથી–પુદ્‌ગલમાં નથી અને શરીરના ગુણો આમાં નથી. કેમકે આની ક્રિયા અટકી જાય છતાં આત્માના ગુણો અટકતા નથી. આત્મા પોતાના આનંદમાં પ્રગટ થઈ ગુણ આગળ વધે છે. આની સાથે એને સંબંધ નથી તેમ શરીર-વાણીની ક્રિયા બરાબર રહી, આજ્ઞા પ્રમાણે બહાર વંદન, વ્યવહાર આદિ (રહ્યા) છતાં અંદર અજ્ઞાનને લઈને ગુણનો ઘાત થયો. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનાદિ ગુણનો ઘાત એનો અર્થ શું?

ઉત્તર :– અજ્ઞાનને લઈને ઘાત કીધો. આ અજ્ઞાન છે ને? અજ્ઞાન છે ને? મિથ્યાત્વ છે. અજ્ઞાન છે એ જ્ઞાનનો ઘાત કરે છે કે નહિ? અજ્ઞાનને લઈને (જ્ઞાન) ઉત્પન્ન થતું નથી. અજ્ઞાનને લઈને, મિથ્યાત્વને લઈને, ગુણ ઉત્પન્ન થતાં નથી પણ હણાય જાય છે. એ તો સીધી સાધારણ વાત છે.

અહીં તો બીજું કહેવું છે કે, આ શરીરની ક્રિયા હણાય ગઈ, ઘટી ગઈ છતાં આત્માના ગુણો જે છે અજ્ઞાન ટળીને જ્ઞાન થયા એ તો ગુણ એમ ને એમ રહ્યા છે. અહીં ઘટ્યું માટે અહીં ગુણ ઘટી જાય એમ નથી. તેમ આ શરીરની ક્રિયા વંદન વ્યવહાર, આવશ્યક, વ્રત એવી ને એવી રહી પણ અંદર અજ્ઞાનને લઈને ગુણ હણાય ગયા. એટલે અહીંયાં ક્રિયા રહી માટે ન્યાં ગુણ ન હણાય એમ નથી. વાત સમજાય છે કાંઈ?

જીવના અને પુદ્‌ગલના બેયના ગુણો જુદા છે–એક વાત. એમાં આધાર ન હણાય તો આધેય હણાય જાય અને આધેય હણાય તો આધાર હણાય જાય. એમ જો આત્માનો ગુણનો આધાર આ દેહની ક્રિયાને આધારે હોય, વંદન ને વ્યવહાર ને આવશ્યક બરાબર

એને આધારે હોય તો આનો નાશ થતાં આનો નાશ થઈ જાય. પણ એમ છે નહિ. આહાહા..! ભારે કામ, આકરું કામ. સમજાય છે કાંઈ?

દેહની ક્રિયા ઘટી જાય. વંદન, વ્યવહાર, બોલવાનું, ચાલવાનું બધું અટકી જાય છતાં અંદર ગુણનો ઘાત થાતો નથી. કેમકે ગુણનો ઘાત તો અજ્ઞાનથી થાય છે, પોતાના અજ્ઞાનથી થાય છે. કારણ કે, એ ગુણ કાંઈ પુદ્ગલમાં નથી, કે પુદ્ગલનો ઘાત થયો માટે અહીં ઘાત થાય. તેમ પુદ્ગલની ક્રિયા એવી ને એવી રહી. દ્રવ્યલિંગી સાધુ, દ્રવ્યલિંગી સાધુ ક્રિયા બરાબર વિનય, વૈયાવચ્ચ, ભક્તિ આદિ બરાબર કરે છતાં અંદર અજ્ઞાનને લઈને ગુણનો ઘાત થયો છે. આહાહા..! ઝીણી વાત છે થોડી.

આ દેહ ને વાણીની ક્રિયાને અને આત્માને કાંઈ સંબંધ નથી એમ કહે છે. કેમકે આના ગુણો આમાં નથી ને આના ગુણો આમાં નથી. જો એમ હોય તો આને આધારે જો ગુણ હોય તો જેમ ઘડાના આધારે દીવો હતો તો ઘડો ફૂટતા દીવો ગયો. એમ અહીંયાં ક્રિયાને આધારે જો ગુણ હોય તો ક્રિયા જાય તો ગુણ પણ જાય. એમ નથી. સમજાય છે કાંઈ આમાં? આહાહા..! અને શરીરની ક્રિયા, વાણીની ક્રિયા બરાબર જેવી છે એવી વ્યવહારે રહે છતાં અંદર અજ્ઞાનને લઈને ગુણનો ઘાત થાય. એવી ક્રિયા છે માટે અહીં ગુણનો ઘાત ન થાય એમ નહિ. 'શાંતિભાઈ'! સાંભળ્યું આ? સાંભળ્યું નહિ હોય કોઈ દિ' આવી વાત.

આની (–શરીરની) ક્રિયા સરખી થાય તો તેથી ગુણનો ઘાત ન થાય એમ નથી. અને આની ક્રિયા સરખી ન થાય તો ગુણનો ઘાત થાય એમ નથી. આહાહા..! બે ચીજ જ જુદી છે. આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ, ધંધો છોડ્યો એ ઘાત થયો. તેથી અહીં ગુણનો ઉઘાડ થાય એમ નથી. કુટુંબ, દુકાન છોડી માટે ગુણનો ઉઘાડ થાય એમ નહિ. કારણ કે એના ગુણો અહીં નથી, આના ગુણ એમાં નથી. આહાહા..!

આત્મામાં અજ્ઞાન ટળીને જ્ઞાન થયું અને બહારમાં દુકાન ને રાગ ને આદિ રહ્યું તે જ્ઞેય તરીકે રહ્યો. જ્ઞાન થયું તે જ્ઞેય તરીકે પરદ્રવ્ય રહ્યું. આહાહા..! એ પરદ્રવ્ય તરીકે રહ્યું માટે અહીં ગુણનો ઘાત થાય. આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, શરીર રહે માટે ગુણનો ઘાત થાય એમ પણ નથી. અને એ છોડ્યું માટે ગુણનો ઘાત ન થાય ને ગુણ વિકાસ પામે એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત કરે છે. આહાહા..!

પુદ્ગલના ગુણો જીવમાં નથી અને જીવના ગુણો પુદ્ગલમાં નથી. એ તો વાત કરી અને દાખલો આપ્યો કે, આધારનો નાશ થાય તો આધેયનો નાશ થાય. ઘડાનો નાશ થાય તો દીવાનો નાશ થાય. પછી કહ્યું કે, આધેયનો નાશ થાય તો આધારનો (નાશ થાય). પ્રકાશનો નાશ થાય તો દીવાનો નાશ (થાય). એમ જો દેહની ક્રિયા ગુણને આધારે હોય, આ આત્માનો ગુણ છે એને આધારે ક્રિયા હોય તો આ ક્રિયા ઘટવી ન જોઈએ, તો ક્રિયા

એવી ને એવી રહેવી જોઈએ. એમ છે નહિ અને અહીં ક્રિયા ઘટી ગઈ માટે ગુણ ઘટી જાય એમ પણ નથી. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :– એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી ન શકે.

ઉત્તર :– કાંઈ કરે નહિ. સંબંધ જ નથી ને. એ દ્રવ્યના ગુણો જીવમાં નથી, જીવના ગુણો દ્રવ્યમાં નથી. પછી દેહની ક્રિયા ગમે એવી સારી હોય તો ત્યાં ગુણ થાય, અંદર સમ્યગ્દર્શન ને જ્ઞાન થાય એમ નથી. તેમ ત્યાં અજ્ઞાનને લઈને સમ્યગ્દર્શન ને જ્ઞાન હણાય ગયું અને દેહની ક્રિયા તો એવી ને એવી રહી માટે ત્યાં ગુણનો ઘાત ન થાય એમ નથી. આહાહા..! સમજવું કઠણ પડે હજી તો.

**'આમ છે તેથી જે કોઈ જેટલા જીવના ગુણો છે તે બધાય પરદ્રવ્યોમાં નથી એમ અમે સમ્યક્ પ્રકારે દેખીએ છીએ (-માનીએ છીએ); કારણ કે, જો એમ ન હોય તો, અહીં પણ જીવના ગુણોનો ઘાત થતાં...'** એટલે અજ્ઞાનથી જીવના ગુણનો ઘાત થતાં પરદ્રવ્યનો ઘાત થાય. એટલે દ્રવ્યની, જડની ક્રિયા પણ સરખી ન રહે. એમ નથી. સમજાણું કાંઈ? જીવના ગુણોનો ઘાત થતાં પરદ્રવ્યનો ઘાત થાય, પણ એમ નથી. અંદર અજ્ઞાનને લઈને, મિથ્યાત્વને લઈને ગુણની દૃષ્ટિ અજ્ઞાન થઈ ગઈ પણ છતાં દેહની ક્રિયા દ્રવ્યલિંગીની એવી ને એવી રહી. એવી ને એવી ક્રિયા રહેવા છતાં ત્યાં ગુણનો ઘાત થાય છે. આહાહા..! આવી વાતું હવે પકડવી કઠણ પડે. પેલું તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય દયા પાળો થઈ રહ્યું. કાંઈ લેવા-દેવા (નહિ). અહીં તો કહે છે કે, એ દયા પાળવાની ક્રિયા દેહથી થાય પણ અંદરમાં અજ્ઞાન છે, તે મિથ્યાત્વ છે તે ગુણ નથી. આહાહા..!

કદાચિત્ બહારમાં સમકિતીને લડાઈ પણ થાય, 'ભરત' અને 'બાહુબળ' (વચ્ચે) લડાઈ થઈ છતાં એ ક્રિયાથી ગુણ હણાય જાય એમ નથી. અજ્ઞાનથી ગુણ હણાય. અજ્ઞાન નથી જ્ઞાન થઈ ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ભરત' અને 'બાહુબળ' બે લડ્યા. મોટા કેટલા માણસો લશ્કર, લાખો લશ્કર, છતાં ગુણનો ઘાત નથી. કેમકે આ ગુણ એમાં નથી. એ ક્રિયા થવા છતાં ગુણનો ઘાત થતો નથી. કેમકે આ ગુણો એમાં નથી. આહાહા..!

અને દ્રવ્યલિંગી બધું છોડીને બેઠો છે. એકલું શરીર (છે), નિર્દોષ આહાર-પાણી (લે છે), ચોકા-બોકા એના માટે કરેલા હોય તો આહાર ન લે એવી દેહની ક્રિયા (છે). પુદ્ગલની એવી ક્રિયા હોવા છતાં અંદર અજ્ઞાન છે તો ગુણનો ઘાત થાય છે. આ ક્રિયાનો ઘાત ન થયો માટે ગુણનો ઘાત ન થાય એમ નથી. વાત સમજાય છે? આહાહા..! આવી વાતું છે.

પેલો કહે કે, હું શરીરથી બ્રહ્મચર્ય પાળુ છું, બાળબ્રહ્મચારી છું. માટે હું સમકિતી છું. ઇ વાત ખોટી છે. એ શરીરની ક્રિયા બાળબ્રહ્મચારી રહી માટે ત્યાં સમકિત થાય એને લઈને એ વાત જૂઠી છે. આહાહા..! એ તો શરીરની ક્રિયા ન થઈ. આત્મામાં? અજ્ઞાનપણે પોતે પોતાનું પરિણમન કરે તો એ અજ્ઞાન ત્યાં છે અને અહીં બાળબ્રહ્મચારી બહારમાં છે. આહાહા..!

અને બહારમાં છન્નું હજાર સ્ત્રીનો ભોગ વિષય છે, છતાં... આહાહા..! અંદર ક્ષાયિક સમકિત છે. ક્ષાયિક સમકિતને એક અંશ પણ આંચ આવતી નથી. છન્નું હજાર સ્ત્રીનો ભોગ (હોય) છતાં સમકિતીને સમકિતમાં એક અંશ પણ ઘાત ને આંચ આવતી નથી. કેમકે આના ગુણ એમાં નથી, એના ગુણ એમાં નથી. આહાહા..! એ પુદ્ગલની ક્રિયા એટલી થઈ પણ અહીંયાં અજ્ઞાન ભાવ નથી એટલે ગુણ તો અહીં પોતાના છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ કાંઈ રૂપિયા-બુપિયામાં નથી ન્યાં ક્યાંય. આહાહા..! અહીં તો કહે રૂપિયો ન હોય, નિર્ધન હોય, શરીરે રોગ હોય, ક્ષય રોગ હોય, કાળુમશ હોય, ખાવા મળતું ન હોય, એક ટંક પણ મળતું ન હોય છતાં એ શરીરના ઘાતે ગુણનો ઘાત ન થાય. આહાહા..! ગજબ વાત છે. અને બહારની ક્રિયા દેહની એવી ને એવી રહે છતાં અંદર અજ્ઞાનપણે ગુણનો ઘાત થાય. કેમકે આને લઈને આ પણ નથી ને આને લઈને આ પણ નથી. આહાહા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

પુદ્ગલના ગુણો જીવમાં નથી ને જીવના ગુણો પુદ્ગલમાં નથી. એ સિદ્ધ કરવા આધાર-આધેયનો દાખલો આપ્યો. તો આ ક્રિયાને આધારે ગુણ છે અને ગુણ છે માટે ક્રિયા એવી જ રહે એને આધારે એવો કોઈ સંબંધ નથી. આહાહા..! સાંભળ્યું હતું કોઈ દિ'? આહાહા..! દેહ, વાણી, મન એ બધી ક્રિયાઓ ભલે હો છતાં અંદર અજ્ઞાન નથી માટે આત્માના ગુણોને એને લઈને કાંઈ ઘાત નથી. આહાહા..! અને આ ક્રિયા ન હો... આહાહા..! છેલ્લી સ્થિતિ એવી થઈ ગઈ હોય, શરીર જીર્ણ (થઈ ગયું હોય), બોલવાની પણ તાકાત નહિ, વિનય કરવાનો, ગુરુ આવ્યા ને વિનય કરવા (માટે) ઉભા થવા પણ ન મળે, ભાષા ન મળે એથી કરીને એના ગુણનો ઘાત થાય એમ નથી. આહાહા..! જુદા પાડીને પાડતા તો આવ્યા છે, ખડી ને ચાંદની જમીનને ધોળી કરે છે. જમીન ધોળી થાતી નથી. એ ધોળી ધોળામાં છે, જમીન જમીનમાં છે. એમ દેહની ક્રિયા જડમાં છે, આત્માની ક્રિયા આત્મામાં છે. આહાહા..! ગજબ વાત છે.

**'અહીં પણ જીવના ગુણોનો ઘાત થતાં પુદ્ગલદ્રવ્યનો ઘાત,...'** થવો જોઈએ. તો એમ થાતું નથી કહે છે. જીવના ગુણો રહે છે અને ક્રિયા જડની થતી નથી. આહા..! **'અને પુદ્ગલદ્રવ્યનો ઘાત થતાં જીવના ગુણોનો ઘાત અનિવાર્ય થાય.'** દેહની ક્રિયા કાંઈ કામ કરી શકે નહિ એથી ગુણ હણાય જાય એમ કાંઈ છે નહિ. આહાહા..! જરી ઉકેલ કરવો કઠણ છે. આહાહા..! પ્રશ્ન. આવું સાંભળ્યા પછી શિષ્યને પ્રશ્ન થયો.

**'(પ્રશ્ન :–) જો આમ છે તો સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે?'** આહાહા..! કારણ કે, આમ દેખાય તો છે. સમકિતી પરણે છે, લગન કરે છે, છન્નું હજાર સ્ત્રી હોય છે. આહાહા..! શિષ્ય પ્રશ્ન કરે છે. **'આમ છે તો સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે? (ઉત્તર :–) કોઈ પણ કારણે થતો નથી.'** એ ક્રિયા છે માટે અજ્ઞાન થાય છે

ને નુકસાન થાય છે આત્માને, બિલકુલ સમકિતને બિલકુલ દોષ નથી. ચારિત્રદોષની ક્રિયાકાંડના કારણે સમકિતમાં દોષ છે એ બિલકુલ નથી અને બહારની ક્રિયાકાંડ સરખી હોય માટે સમકિતમાં દોષ નથી ને સમકિત છે, એમ નથી. આહાહા..!

**'આમ છે તો સમ્યગ્દષ્ટિને વિષયોમાં રાગ ક્યા કારણે થાય છે? (ઉત્તર :–) કોઈ પણ કારણે થતો નથી. (પ્રશ્ન :–) તો પછી રાગની કઈ ખાણ છે?'** આહાહા..! તમે તો કહો છો કે, સમ્યગ્દષ્ટિ થયો એટલે રાગ છે જ નહિ. હવે છન્નું હજાર સ્ત્રી પરણે એને રાગ નથી. શું કહો છો આ તમે? શિષ્ય કહે છે, તમે કહો છો શું આ? છન્નું હજાર સ્ત્રી પરણે અને રાગ નથી? અને સમકિતી છે? સમકિતીને રાગ હોય નહિ એમ તમે કહો છો. સાંભળ, સાંભળ.. ભાઈ! **'કોઈ પણ કારણે થતો નથી.'** કેમકે રાગની ખાણ છે.

**'(પ્રશ્ન :–) તો પછી રાગની કઈ ખાણ છે? (ઉત્તર :–) રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે...'** જોયું? કોઈ બહારની ક્રિયાને કારણે કાંઈ ફેરફાર નથી. આહાહા..! બાહ્યમાં બાયડી, છોકરા, કુટુંબ બધું છોડી, રાજ-પાટ છોડીને બેઠો હોય પણ અંદર અજ્ઞાન ને મિથ્યાત્વ હોય તો એ અવગુણ છે. એને લઈને અહીં ગુણ થયો એમ નથી અને એ છૂટી ગયા માટે અહીં ગુણ થાય એમ પણ નથી. આહાહા..! દુનિયા બહારથી જોનારાને આ વાત (બેસે નહિ). બહારની પ્રવૃત્તિ દેખે, સારી ક્રિયા (દેખે)... ઓહો..હો..! ભારે ત્યાગ. માટે આવો ત્યાગ હોય જ્યાં એને તો મુનિપણું હોય જ ને! સમકિત હોય જ ને! એમ. આહાહા..!

**'રાગની પણ કઈ ખાણ છે?' 'રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે...'** એ દેહની ક્રિયા થતાં અજ્ઞાન થઈ જાય કે ચારિત્રદોષનો રાગ આવ્યો માટે સમકિત ને અજ્ઞાન થઈ જાય, એક ગુણનો દોષ બીજા ગુણના દોષને લગાડી દે એમ છે નહિ. આહાહા..! **'જીવના જ અજ્ઞાનમય પરિણામ છે...'** આહાહા..! **'(અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે);...'** આહાહા..! એ વિષયો છૂટ્યા માટે ગુણ થયો અને વિષયોમાં પડ્યો છે માટે અવગુણી છે, અજ્ઞાની છે એમ નથી. આહાહા..! ગજબ વાત છે.

**'રાગ-દ્વેષ-મોહ, જીવના જ અજ્ઞાનમય પરિણામ છે (અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે);...'** આહાહા..! બહારની પુદ્ગલની કોઈ ક્રિયા સુધરી જાય તો ગુણ સુધરે અને પુદ્ગલની ક્રિયા ખુબ રહે તો અહીંયાં અજ્ઞાન થાય એમ છે નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! આ સાંભળ્યું નથી, કોઈ દિ' વાંચ્યું નથી. બધા વર્ષ ગાળ્યા એકડા વિનાના. વાતું આકરી, બાપા! આહાહા..! પુદ્ગલના ગુણો જીવમાં નથી, જીવના ગુણો પુદ્ગલમાં નથી પણ આમાં સિદ્ધાંત શું કર્યો? કે પુદ્ગલની આ બધી ક્રિયા થાય તેથી ત્યાં ગુણ અંદર છે એમ નથી અને આ ક્રિયા અટકી જાય તો ત્યાં અવગુણ છે એમ નથી. આહાહા..!

**'(અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે); માટે તે રાગદ્વેષમોહ,**

**વિષયોમાં નથી...**' શું કહે છે? વિષય જે છે એમાં રાગ-દ્વેષ નથી. તેથી તે વિષય છોડે તો રાગ-દ્વેષ છોડે એમ નથી. વિષય છૂટી ગયા ને છન્નું હજાર સ્ત્રી આદિ ન રહી તો અહીં જ્ઞાન છે એમ નથી. આહાહા..! ગજબ કામ કરે છે. વિષયોમાં રાગ નથી. આહાહા..! **'રાગદ્વેષમોહ, વિષયોમાં નથી કારણ કે વિષયો પરદ્રવ્ય છે,...'** આહા..! પરદ્રવ્યમાં જીવના ગુણ નથી તો ગુણની ઊંધી ઊલટી અવસ્થા પણ એમાં નથી. જીવના ગુણ એની ઊંધી અવસ્થા ગુણમાં છે. તો આ ગુણો બીજામાં જડમાં નથી તો એમાં અજ્ઞાન પણ નથી. આહાહા..! અને એને લઈને અહીં અજ્ઞાન થાય એમ પણ નથી. અને અહીંયાં રાગને તોડીને અજ્ઞાન થયું એથી વિષય, રાજ, કુટુંબ આદિ છૂટી ગયા બધા, એમ પણ નથી. આહાહા..! આવી વાત છે.

બહારથી જ્યાં છોડે છોડે ત્યાં... આહાહા..! આણે તો દૂધ છોડ્યું, આણે રસ છોડ્યો, આણે ફલાણું છોડ્યું, આણે કેરી છોડી અને આ ફલાણા ખાવાના રસ છોડ્યા. પાંચ પ્રકારના રસ છોડી દીધા. શું પણ ડાળિયા થયા તારા? સાંભળને. આહાહા..! અને સમકિતી–ક્ષાયિક સમકિતીને છન્નું હજાર સ્ત્રી (હોય) અને જેનો ચક્રવર્તીનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી શકે એવી તાકાત નથી. શું કીધું? એ ચક્રવર્તીનો સમકિતનો ખોરાક એવો હોય છે, બત્રીસ કવળ કે જેની અબજોની કિંમત હોય. એકલા હીરાની ભસ્મ કરીને ઘીમાં નાખીને ભસ્મ નાખીને ઘઉં એ ભસ્મ પી જાય એ ઘઉંની કરે રોટલી. એ રોટલી અને રસ ખાય, જેની કિંમતો અબજો રૂપિયા હોય. આહાહા..! છતાં એને સમકિતમાં દોષ નથી. આહાહા..!

એ અજ્ઞાન રાગદ્વેષમોહ વિષયોમાં નથી. એમાં નથી કે, એને છૂટે તો રાગ-દ્વેષ છૂટી જાય. આહાહા..! વિષયોમાં રાગ-દ્વેષ નથી કે એ છૂટી જાય તો રાગ-દ્વેષ છૂટી જાય. આહા..! રાગ-દ્વેષ તો તારામાં અજ્ઞાનપણે છે. આહાહા..! કારણ કે, વિષયો પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં ગુણ ને અવગુણ, તારો ગુણ એનો અવગુણ એનામાં નથી. તારા ગુણ એમાં નથી તો ગુણનો અવગુણ પણ એમાં નથી. આહાહા..! આકરું કામ બહુ, ભાઈ!

**'અને સમ્યગ્દષ્ટિમાં (પણ) નથી...'** શું કીધું? પરદ્રવ્યમાં એ વિષયોમાં પણ રાગ-દ્વેષ નથી. કેમકે એમાં જીવના ગુણ નથી, તેથી અવગુણ નથી. તેમ આ સમ્યગ્દષ્ટિ નથી. કેમકે અજ્ઞાન નથી. એટલે નથી સમ્યગ્દષ્ટિના રાગ-દ્વેષ, નથી રાગ-દ્વેષ પુદ્‌ગલમાં. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા હતા. એ અજ્ઞાન ગયું એટલે રાગ-દ્વેષ નથી હવે. આહાહા..! છતાં સ્વચ્છંદી થાય એમ નહિ, હોં! ઇ આહાહા..! કે, સમકિતીને રાગ-દ્વેષ નથી એટલે અમે ગમે તેમ કરીએ, એમ નથી. આહાહા..! આકરી વાત બહુ, ભાઈ!

આ ગાથાઓમાં તો આખો સિદ્ધાંત ભર્યો છે, કે તને તારા ગુણની દશા ઊલટી ને સુલટી તારાથી થાય છે. સંયોગી કોઈ પણ ચીજ ઘટાડી દીધી કે વધી ગઈ માટે તારા ગુણ ને અવગુણમાં ફેરફાર પડે છે એમ નથી. આહાહા..! સમજાણું આમાં? અજ્ઞાનથી જ ગુણનો

ઘાત થાય છે. કોઈ જડની, પુદ્દ્ગલની ક્રિયા ન થાય એથી અંદર ઘાત થઈ જાય એમ નથી. આહાહા..! આકરું કામ છે.

લોકો તો બહારથી માને ને બહારથી મનાવે. આહા..! બહારના ત્યાગ કરી અને (માને કે) અમે ત્યાગી છીએ. અહીં ના પાડે છે. બહારની વસ્તુમાં તારો અવગુણ નથી કે તેં છોડ્યું માટે તને ગુણ થઈ ગયો. આહાહા..! તારો અવગુણ–ગુણની ઊલટી અવસ્થા તો તારામાં છે. આહાહા..! એ અવસ્થા છોડ્યા વિના તું બહારનું છોડીને નાગો થઈને એકલો બેસી જા, એથી કાંઈ ગુણ આવ્યા નથી જરીએ. આહાહા..! અને સમકિતીને અજ્ઞાન ટાળીને છન્નું હજાર સ્ત્રી હોય તો તેને અજ્ઞાનના રાગ-દ્વેષ નથી. અસ્થિરતાના છે એ જ્ઞેયમાં ગયા. જ્ઞાનના જ્ઞેયમાં ગયા. આહાહા..! ગજબ વાત છે. માટે રાગદ્વેષમોહ વિષયોમાં નથી. કેમકે એ ઘટે-વધે એની સાથે આત્માને સંબંધ નથી. તેમ વિષયો,... આહાહા..!

**'કારણ કે વિષયો પરદ્રવ્ય છે, અને સમ્યગ્દૃષ્ટિમાં (પણ) નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે;...'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિને જે રાગ-દ્વેષ થયા એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે, જ્ઞાનમાં પોતા તરીકે છે નહિ. ચારિત્રનો દોષ છન્નું હજાર સ્ત્રીનો પણ એ રાગ પોતાપણે નથી, એ રાગ જ્ઞેય તરીકે છે. આહાહા..! એ જ્ઞાનનું એટલું બળવત્તર જોર છે, કે એ રાગ જ્ઞેય તરીકે જાણે છે. આહાહા..! અને તે પણ રાગમાં રસ નથી. આહાહા..! રાગમાં રસ હોય તો અજ્ઞાન છે. રાગમાં રસ હોય ને અજ્ઞાન છે ને પછી બહાર છોડીને ભલે બેસે. આહાહા..! આ વાત આકરી પડે ભારે. બહારના ત્યાગીને ત્યાગ મનાવવું છે એને અહીં ના પાડે છે. બહારના ત્યાગથી ત્યાગ મનાવે એ વસ્તુ (નથી). કેમકે પરમાં કાંઈ તારા ગુણ નથી તેથી ગુણની ઊંધી અવસ્થા પણ એમાં નથી. આહાહા..!

તારા ગુણો તારામાં છે ને પ્રભુ! એ ગુણની પર્યાયદૃષ્ટિ ટાળીને દ્રવ્યદૃષ્ટિ થઈ પછી રાગ જે થયા એ જ્ઞાનમાં જ્ઞેય રહ્યા. આહા..! એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ નથી એમ કીધું. આ અપેક્ષાએ, હોં! પછી સર્વથા માની બેસે કે, અમારે રાગ-દ્વેષ છે જ નહિ, એમ નહિ. અહીં કઈ અપેક્ષા છે? અજ્ઞાન ટળ્યું એને એ જાતના રાગ-દ્વેષ એને નથી. બીજા રાગ-દ્વેષ છે એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહ્યા. એને ખ્યાલમાં છે કે મારે હજી ટાળવાના છે, મારે હજી આગળ વધવાનું છે, આમાં અટકવાનું નથી. આહાહા..! આવું સ્વરૂપ છે.

મુમુક્ષુ :– કઠણ લાગે છે?

ઉત્તર :– કઠણ છે પણ છે તો આ સત્ય. તારામાં તું ને પરમાં તે. તારી સ્થિતિનો કોઈ શક્તિનો ગુણ પરમાં નથી. તેથી પરના ત્યાગ ગ્રહણથી તારામાં ત્યાગ ગ્રહણનો ગુણ આવી જાય એમ નથી. સમજાય છે? આહાહા..! તેમ પરના ગ્રહણથી તારામાં અવગુણ આવી જાય એમ નથી. આહાહા..!

ચક્રવર્તીનું રાજ, સંયોગ દેખાય છતાં સમકિતી છે ને જ્ઞાની છે. આહાહા..! 'બાહુબળ'

અને 'ભરત' લડ્યા પણ તે રાગ જ્ઞેય છે. આહાહા..! એ રાગ મારો છે એમ છે જ નહિ, રાગની એકતા તૂટી ગઈ છે માટે જ્ઞાનીને રાગ નથી. એકતા તૂટી છે તેથી રાગ નથી. એકતા છે ત્યાં ભલે નાનામાં નાનો રાગ રહ્યો અને દ્રવ્યલિંગી સાધુ હોય પણ રાગના અંશની એકત્વ બુદ્ધિ પડી છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! તેને અજ્ઞાનનો અભાવ છે, સમ્યગ્દૃષ્ટિમાં નથી કેમકે અજ્ઞાન નથી.

**'આ રીતે રાગદ્વેષમોહ, વિષયોમાં નહિ હોવાથી (એટલે પુદ્ગલમાં નહિ હોવાથી) અને સમ્યગ્દૃષ્ટિને (પણ) નહિ હોવાથી,...'** દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એ વસ્તુ **'(તેઓ) છે જ નહિ.'** આહાહા..! દ્રવ્યદૃષ્ટિ જ્યાં થઈ એથી જે અજ્ઞાનને લઈને રાગ-દ્વેષ હતા એ છે નહિ અને પરમાં તો છે જ નહિ. પરના ત્યાગ ગ્રહણમાં તો ગુણ-અવગુણ છે નહિ. આહાહા..! પરના ત્યાગ ગ્રહણથી ગુણ-અવગુણ નથી. તારા અજ્ઞાનના ગ્રહણથી અવગુણ છે ને અજ્ઞાનના ત્યાગથી ગુણ છે. અજ્ઞાનનો ત્યાગ થયો ને પછી બહારનો સંયોગ પુણ્યને લઈને જાજો રહ્યો એથી કરીને રાગી થયો ને દ્વેષી થઈ ગયો એમ નથી. લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૨૦ ગાથા-૩૬૬ થી ૩૭૧ તથા શ્લોક-૨૧૮ બુધવાર, જ્યેષ્ઠ સુદ ૧૩, તા. ૨૫-૦૬-૧૯૮૦

---

ભાવાર્થ ૫૩૪ પાનું છે. **ભાવાર્થ :- 'આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ...'** અહીં તો અજ્ઞાનથી ઉત્પન્ન થાય એટલે અજ્ઞાનથી જ ગણ્યું છે. જ્ઞાનીના રાગદ્વેષને ગણ્યા નથી. જ્ઞાનીના રાગદ્વેષને જ્ઞેય માનેલા છે. **'આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગદ્વેષમોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે,...'** પોતાને અજ્ઞાનને કારણે ગુણો હણાય છે, પરને કારણે નહિ. **'પરંતુ તે ગુણો હણાતાં છતાં અચેતન પુદ્ગલદ્રવ્ય હણાતું નથી;...'** શરીરને કાંઈ વાંધો આવતો નથી. અંદર ભલે ગુણ હણાય પણ શરીર તો એવું ને એવું રહે, નીરોગી રહે. આહાહા..! કેમકે શરીરના ગુણો આત્મામાં નથી અને આત્માના ગુણો શરીરમાં નથી. તેથી આત્માના ગુણ, અવગુણથી અજ્ઞાનથી ઘાત થતાં શરીર ને શરીરની ક્રિયા તો એવી ને એવી રહે. આહાહા..!

**'વળી પુદ્ગલદ્રવ્ય હણાતા...'** શરીર નબળું પડી જાય, રોગ થઈ જાય, ક્ષય થઈ જાય. **'દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાતાં નથી;...'** કેમકે એની ચીજ બીજી છે, આ ચીજ બીજી છે. શરીરની જીર્ણતા થતાં શરીરમાં રોગ અને... આહાહા..! અનેક જાતના કેન્સર આદિ રોગ થાય છતાં એ શરીરમાં છે. એ કાંઈ આત્માને હણતા નથી, આત્માના ગુણની પર્યાય હણાતી નથી. **'માટે જીવના કોઈ ગુણો પુદ્ગલદ્રવ્યમાં નથી...'** જીવના કોઈ ગુણો પુદ્ગલદ્રવ્યમાં નથી.

એટલે કે હું પુદ્‌ગલને કાંઈક સુધારું તો મને લાભ થાય, પુદ્‌ગલ બગડે તો મને નુકસાન થાય, એમ નથી. આહા..! શરીરને કાંઈક ઠીક રાખું તો મને ગુણમાં ઠીક રહે એમ નથી. એમ શરીરમાં ઠીક ન રહે અને વ્યાધિ આદિ આવે છતાં આત્માને વાંધો નથી. શરીરના ઘાતથી આત્માના કોઈ પણ પર્યાય-ગુણનો ઘાત થતો નથી.

**'આવું જાણતા સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં...'** એ વિષય જે અચેતન છે તેમાં **'રાગાદિ થતાં નથી.'** કેમકે રાગદ્વેષ તો અજ્ઞાનને કારણે થાય છે. જ્યાં અજ્ઞાન ગયું પછી પોતામાં થતાં નથી તેમ વિષયોમાં થતાં નથી. આહાહા..! અહીં એ વાત લીધી છે. **'જીવના કોઈ ગુણ પુદ્‌ગલદ્રવ્યમાં નથી. આવું જાણતા સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી.'** આહાહા..! ગુણની ઉત્પત્તિ અથવા અજ્ઞાનથી ગુણનો ઘાત એ તો પોતાથી પોતામાં થાય છે. કોઈ શરીર ને વાણી, મન કે પર સંયોગો પ્રતિકુળ થાય તો અહીં ગુણ હણાય જાય કે અનુકૂળ રહે તો ગુણ વૃદ્ધિ પામે (એમ નથી). 'શરીરાદ્ય ખલુ ધર્મ સાધનમ્‌' આવે છે ને? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' માં (આવે છે). ઇ તો નિમિત્તના કથન છે. કોઈ જેમાં કોઈ ગુણ નથી તે ગુણની ઉલટી દશા પોતે કરે તો થાય. એ ઉલટી દશા કોઈ બીજો કરાવે તો થાય કે બીજાથી થાય એમ નથી.

**'જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે;...'** રાગ અને દ્વેષ, મિથ્યાત્વ અને ભ્રાંતિ જીવના અજ્ઞાનભાવથી જીવની પર્યાયમાં ઊપજે છે. આહાહા..! **'જ્યારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્‌ સમ્યગ્દષ્ટિ થાય...'** અજ્ઞાનનો અભાવ થાય એટલે સમ્યગ્દષ્ટિ થાય. **'ત્યારે તેઓ ઊપજતા નથી....'** સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષ થતાં જ નથી એમ સિદ્ધ કરવું છે. પણ એમ કોઈ સર્વથા માની લે (કે) રાગ-દ્વેષ કાંઈ મારામાં છે જ નહિ, થાય છતાં, તો સ્વચ્છંદી થઈ જાય તો એને માટે અહીં વાત નથી. આહા..! ઉત્પત્તિ અજ્ઞાનને લઈને થાય છે એ અજ્ઞાન પોતાને કારણે છે, એ અજ્ઞાન પર કારણે નથી. તેથી પરને કારણે રાગ થતા નથી એવું સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? આહા..!

**'આ રીતે રાગદ્વેષમોહ પુદ્‌ગલમાં નથી...'** રાગદ્વેષ કર્મમાં પણ નથી. કર્મમાં અનુભાગ હોય છે એ તો જડનો જડમાં હોય છે. કર્મનો આકરો અનુભોગ આવે તો અહીં રાગ-દ્વેષ થાય એમ નથી. આહાહા..! આહાહા..! કર્મના પ્રદેશ અને સ્થિતિ તો એકકોર રહી, પરમાણુની સંખ્યા, પણ અનુભાગ એનો જે આકરો હોય તો એને લઈને અહીં જીવમાં વિકાર થાય એમ નથી. કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! તેથી એક દ્રવ્યમાં ઊલટી-સુલટી અવસ્થામાં કોઈ પરદ્રવ્ય કારણ છે જ નહિ, પરદ્રવ્યને કારણે કાંઈ છે જ નહિ. આહાહા..!

તેથી **'રાગદ્વેષમોહ પુદ્‌ગલમાં નથી તેમ જ સમ્યગ્દષ્ટિમાં પણ નથી, તેથી શુદ્ધદ્રવ્યદષ્ટિથી જોતાં...'** દ્રવ્ય સ્વભાવ, વસ્તુનો સ્વભાવ જોતા, દ્રવ્યદષ્ટિએ જોતા, આહાહા..! **'તેઓ છે**

**જ નહિ.**’ કારણ કે દ્રવ્યમાં નથી માટે દ્રવ્યદૃષ્ટિને નથી, માટે દ્રવ્યદૃષ્ટિવાનને પણ નથી. રાગ-દ્વેષ ઉત્પન્ન થવાનું કારણ દ્રવ્યમાં નથી તેથી દ્રવ્યદૃષ્ટિવાનને પણ રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં નથી. આમાં એકાંત લઈ જાય એમ નહિ પાછું, હોં! એ રાગ-દ્વેષ જ્ઞાનીને જરાય થતાં નથી, જરીએ એ દુઃખ વેદતા નથી, જ્ઞાનીને દુઃખ હોય જ નહિ એમ એકાંત લઈ જાય એમ નહિ. જેટલો જ્ઞાનીને રાગ થાય એટલું દુઃખ છે, એટલી આકુળતા છે. પણ અહીં તો અજ્ઞાનરૂપથી ઉત્પન્ન થતાં ભાવ એને નથી. અસ્થિરતાના ભાવ થાય એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે, પરજ્ઞેય તરીકે આવે. વેદનમાં પણ આવે છતાં દૃષ્ટિની પ્રધાનતાને મુખ્યે એને પોતાના ગણવામાં આવ્યા નથી. આહાહા..! મોટો આનો ગોટો છે અત્યારે. કર્મથી થાય, કર્મથી થાય.

જૈનમાં તો ત્રણેય ફીરકા (આમ માને છે). કર્મને લઈને જ્ઞાનાવરણીય (બંધાય). ચોખ્ખો ‘ગોમ્મટસાર’માં પાઠ – જ્ઞાનાવરણીય કર્મ. જ્ઞાનને આવરે એ કર્મ. કર્મ જડ ને જ્ઞાન પર એને આવરે. શબ્દ તો આ છે–જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહ. આહાહા..! એ તો નિમિત્તથી બધા કથનો છે. કોઈ પરદ્રવ્ય પરદ્રવ્યને અડતું નથી પછી પરદ્રવ્યને લઈને કાંઈ થાય એ વાત છે નહિ. આહાહા..! શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જોતાં, દ્રવ્યદૃષ્ટિમાં અશુદ્ધિ દ્રવ્ય છે પર્યાયે. પણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિએ જોતાં ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ આનંદકંદ ત્રિકાળને જોતા તેઓ છે જ નહિ.

**‘પર્યાયદૃષ્ટિથી જોતાં જીવને...’** પર્યાયદૃષ્ટિ, અવસ્થાદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિ એનાથી જોતાં **‘અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે.’** આહાહા..! અજ્ઞાન-અવસ્થામાં છે, જ્ઞાન અવસ્થામાં નથી. આહાહા..! અત્યારે એમ સિદ્ધ કરવું છે. રાગ-દ્વેષની ઉત્પત્તિ, વિકારની ઉત્પત્તિ જ્યાં નિર્વિકારી ગુણો હોય ત્યાં વિકારની ઉત્પત્તિ હોય એ સિદ્ધ કરવું છે. પણ જ્યાં નિર્વિકારી ગુણ નથી ત્યાં વિકાર રાગ થાય એ ક્યાં? પુદ્‌ગલમાં કોઈ નિર્વિકારી ગુણ છે જ નહિ તો ન્યાં વળી વિકાર ક્યાંથી થાય? જ્યાં ગુણ હોય નિર્વિકારી ત્યાં વિકાર થાય, એ અજ્ઞાનપણે. જ્ઞાનપણે તો વિકાર થાય નહિ.

**‘પર્યાયદૃષ્ટિથી જોતાં...’** આહાહા..! વર્તમાન એની પર્યાયથી જોતાં, જીવને પર્યાયદૃષ્ટિથી જોતાં. આ જ્ઞાનીને નહિ. કેમકે જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. દ્રવ્ય ઉપર, ધ્રુવ ઉપર ત્રિકાળ ધ્રુવ ઉપર કાયમ દૃષ્ટિ છે, ધ્રુવથી ખસતી નથી. ગમે તે વાત કરે બોલે, ચાલે, ખાય, પીવે, લડાય કરે પણ દૃષ્ટિ ધ્રુવ ઉપરથી ખસતી નથી. એથી **‘અજ્ઞાન-અવસ્થામાં તેઓ છે.’** તે જ્ઞાનીને છે એમ નહિ. જ્ઞાનીને જે રાગ-દ્વેષ થાય છે એ બધા જ્ઞેયમાં જાય છે. આહાહા..! **‘એ પ્રમાણે જાણવું.’**

# શ્લોક–૨૧૮

(मन्दाक्रान्ता)

रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्
तौ वस्तुत्वप्रणिहितदशा दृश्यमानौ न किञ्चित्।
सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्टया स्फुटं तौ
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः।।२१८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ इह ज्ञानम् हि अज्ञानभावात् राग-द्वेषौ भवति ] આ જગતમાં જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે; [ वस्तुत्व-प्रणिहित-दशा दृश्यमानौ तौ किञ्चित् न ] વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દૃષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી જોતાં), તે રાગદ્વેષ કાંઈ જ નથી (-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી). [ ततः सम्यग्दष्टिः तत्त्वदृष्टया तौ स्फुटं क्षपयतु ] માટે (આચાર્યદેવ પ્રેરણા કરે છે કે) સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વદૃષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો, [ येन पूर्ण-अचल-अर्चिः सहजं ज्ञानज्योतिः ज्वलति ] કે જેથી, પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.

ભાવાર્થ :– રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે; માટે સમ્યગ્દૃષ્ટિ થઈને તત્ત્વદૃષ્ટિથી જોવામાં આવે તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે, અને ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે. ૨૧૮.

## શ્લોક–૨૧૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' ૨૧૮.

रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्
तौ वस्तुत्वप्रणिहितदशा दृश्यमानौ न किञ्चित्।
सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्टया स्फुटं तौ
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः।।२१८।।

આહાહા..! **'इह ज्ञानम् हि अज्ञानभावात् राग-द्वेषौ भवति'** **'આ જગતમાં...'** જ્ઞાન સ્વરૂપી ભગવાનઆત્મા **'અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે;...'** રાગ-દ્વેષ કર્મ કરાવે છે (એમ નથી.) આહાહા..! એ પ્રશ્ન મોટો ચાલ્યો હતો તે દિ'. 'વર્ણીજી' સાથે. કર્મ, કર્મ વિના જો વિકાર થાય તો વિકાર સ્વભાવ થઈ જાય. માટે કર્મને લઈને વિકાર થાય છે. મોટો પ્રશ્ન ચાલ્યો હતો. (કીધું), બિલકુલ ખોટી વાત, કર્મને લઈને બિલકુલ થતા નથી. કર્મ જડ છે, ચૈતન્ય ભિન્ન છે. જડમાં એ ગુણ નથી કે જેથી અવગુણ કરે. જેનામાં ગુણ છે એ અવગુણ કરે. આહાહા..! અને એ અવગુણમાં પર ભલે નિમિત્ત થાય પણ પરચીજથી અવગુણ થાય એમ નથી. આહાહા..!

**'આ જગતમાં જ્ઞાન જ,...'** **'જ'** (નાખ્યું છે) જોયું? એટલે આત્માનું **'જ્ઞાન જ અજ્ઞાનભાવથી રાગદ્વેષરૂપે પરિણમે છે;...'** **'वस्तुत्व-प्रणिहित-दशा दृश्यमानौ तौ किञ्चित् न'** **'વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દૃષ્ટિ વડે...'** ત્રિકાળી ચૈતન્ય દ્રવ્ય જે છે એ ધ્રુવ ઉપર દૃષ્ટિ દેવાથી બિલકુલ રાગ ને દ્વેષ છે જ નહિ. ધ્રુવમાં નથી માટે ધ્રુવ દૃષ્ટિવંતને પણ છે નહિ. આહાહા..! વધારે જોર તો અહીંયાં દ્રવ્યદૃષ્ટિનું દેવું છે. દ્રવ્યદૃષ્ટિને લઈને વિકાર બિલકુલ થાય નહિ, એમ અહીં સિદ્ધ કરવું છે. **'વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દૃષ્ટિ વડે જોતાં (અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી જોતાં),...'** વસ્તુને જોતાં, વસ્તુ તરીકે જોતાં. આહાહા..! તે રાગ-દ્વેષ કાંઈ નથી, એ રાગ-દ્વેષ કાંઈ છે જ નહિ. આહાહા..!

એકનો એમ મત હતો કે, રાગ-દ્વેષ જ્ઞાનીને હોય જ નહિ. કારણ કે, એ ના પાડે છે શાસ્ત્ર, બિલકુલ હોય નહિ. બીજો વળી એમ કહે કે, રાગ-દ્વેષ હોય પણ કર્મને લઈને થાય. એ ખોટું ને એ પણ ખોટું, બેય ખોટું. જ્ઞાનીને પણ જ્યાં સુધી અસ્થિરતાના રાગ-દ્વેષ થાય છે ત્યાં સુધી એનું વેદન છે, દુઃખનું વેદન છે. પૂર્ણ આનંદનું વેદન કેવળીને હોય, પૂર્ણ દુઃખનું વેદન મિથ્યાદૃષ્ટિને હોય, સાધકમાં આનંદ ને દુઃખ બેયનું વેદન હોય. આહાહા..! સમજાય છે કાંઈ? જો આ વેદન ન હોય તો જ્ઞાન પૂર્ણ હોવું જોઈએ, પૂર્ણાનંદ હોવો જોઈએ. અહીંયાં તો દ્રવ્યદૃષ્ટિને લઈને નથી એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :– દ્રવ્યને જોતાં દ્રવ્યમાં નથી.

ઉત્તર :– દ્રવ્યમાં દ્રવ્યને જોતાં, વસ્તુ જોતાં એમાં નથી. અજ્ઞાનપણે ઉત્પન્ન થાય છે. તે પણ પરને લઈને નહિ. પોતાના અવગુણને લઈને ઉત્પન્ન થાય છે. આહાહા..!

**'વસ્તુત્વમાં મૂકેલી (-સ્થાપેલી, એકાગ્ર કરેલી) દૃષ્ટિ વડે જોતાં (એટલે દ્રવ્યદૃષ્ટિથી જોતાં), તે રાગદ્વેષ કાંઈ જ નથી...'** આહાહા..! 'દ્રવ્ય સંગ્રહ'માં આવ્યું છે, 'દ્રવ્ય સંગ્રહ' માં. દ્રવ્યદૃષ્ટિએ જોતાં એ વસ્તુ છે જ નહિ, પર્યાયદૃષ્ટિથી જોતાં છે. દ્રવ્યદૃષ્ટિથી જોતાં એ વસ્તુ જગતમાં રાગ છે જ નહિ. કારણ કે, વસ્તુમાં રાગ નથી. વસ્તુ નિર્મળ ચિદાનંદ પ્રભુ સચ્ચિદાનંદ એકલો આનંદકંદ છે એમાંથી રાગની ઉત્પત્તિ થાય એવો એનો સ્વભાવ નથી. એને ન જાણીને

થાય એ તો અજ્ઞાનથી થયું. કર્મને લઈને થયું કે જ્ઞાનાવરણીયનો ઉદય તીવ્ર આવ્યો માટે અજ્ઞાન થયું કે મોહનો તીવ્ર ઉદય આવ્યો માટે અજ્ઞાન થયું એમ નથી. આહાહા..! કર્મનો મોહનો જોર ઉદય આવ્યો એથી આત્માને અંદર અજ્ઞાન કરવું પડ્યું, એમ નથી. આહાહા..!

**'(-દ્રવ્યરૂપ જુદી વસ્તુ નથી).'** દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતા તેમાં રાગ અને દ્વેષ નથી. તેથી તે રાગ-દ્વેષ કોઈ જુદી વસ્તુ નથી, ત્રીજી એ કોઈ ચીજ નથી. આહાહા..! **'ततः सम्यदृष्टिः तत्त्वदृष्टया तौ स्फुटं क्षपयतु' 'માટે (આચાર્યદેવ પ્રેરણા કરે છે કે) સમ્યગ્દૃષ્ટિ પુરુષ...'** આહાહા..! તત્ત્વદૃષ્ટિ જોઈને **'તત્ત્વદૃષ્ટિ વડે...'** વસ્તુ ત્રિકાળ ચિદાનંદ ધ્રુવ છે. અખંડાનંદ (છે) એમાં રાગ અને વિકાર સંસાર દોષ છે નહિ. માટે સમ્યગ્દૃષ્ટિએ તત્ત્વદૃષ્ટિ એટલે ધ્રુવદૃષ્ટિ વડે, દ્રવ્યદૃષ્ટિ વડે **'તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો,...'** આહા..! છે તો ખરા ત્યારે. સમકિતીને છે તો ખરા. તત્ત્વદૃષ્ટિએ ક્ષય કરો. તો છે ને? અજ્ઞાનપણાના જે ઉત્પન્ન થતાં એ નથી. આહાહા..! અસ્થિરતાના અંદર હોય છે એને અહીં આચાર્ય મહારાજ કહે છે કે, હે જીવો! સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વદૃષ્ટિ વડે... આહાહા..! દ્રવ્યદૃષ્ટિ એટલે જ્ઞાયકદૃષ્ટિ વડે **'તેમને પ્રગટ રીતે ક્ષય કરો.'** આહાહા..!

એ રાગ અને દ્વેષ નથી દ્રવ્ય વસ્તુમાં, નથી પરવસ્તુ એને રાગ-દ્વેષ કરાવતી. માટે તત્ત્વદૃષ્ટિવંત જોઈને રાગ-દ્વેષ ને ક્ષય કરો. રાગ-દ્વેષ છે ખરા અસ્થિરતામાં. અજ્ઞાનપણાના નથી, અજ્ઞાનપણે જે રાગ-દ્વેષ થાય તે નથી. તેથી અજ્ઞાનપણાથી નહિ થતાં તત્ત્વદૃષ્ટિ વડે. આહાહા..! છે? **'તત્ત્વદૃષ્ટિ વડે...'** કોઈ ક્રિયાકાંડ વડે કર્મને ખપાવો એમ નથી કહ્યું. આહા..! સમજાય છે કાંઈ? કે, આટલી તપસ્યા કરો ને આટલા અપવાસ કરો ને આટલી જાત્રા કરો ને આટલી આંબેલો કરો તો કર્મ ખપે, એમ કહ્યું નથી. આહાહા..!

**'તત્ત્વદૃષ્ટિ વડે...'** આહાહા..! અંદર ભગવાન અખંડાનંદ પ્રભુ એની દૃષ્ટિ વડે રાગને ખપાવો. આહાહા..! અહીં એમ ન આવ્યું, વ્યવહાર કરતાં કરતાં રાગ નાશ પામે. એ આવ્યું નહિ. આ તો તત્ત્વદૃષ્ટિ વડે રાગને ખપાવો. રાગને, હોં! કર્મને નહિ, કર્મ તો જડ છે. કર્મનું પલટવું-બદલવું એ તો કર્મને લઈને છે, એના દ્રવ્યને લઈને છે. આહાહા..! **'સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વદૃષ્ટિ વડે...'** આહાહા..! **'તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે ક્ષય કરો,...'** એનો અર્થ થયો કે, રાગ-દ્વેષ છે ખરા હજી. અજ્ઞાનના રાગ-દ્વેષ નથી પણ અસ્થિરતાના રાગ-દ્વેષ છે એને તત્ત્વદૃષ્ટિના જોર દ્વારા તે રાગ-દ્વેષને ક્ષય કરો. આહાહા..!

**'येन पूर्ण-अचल-अर्चिः सहजं ज्ञानज्योतिः ज्वलति' 'કે જેથી,...'** આત્માની તત્ત્વદૃષ્ટિ વડે, ધ્રુવ દૃષ્ટિ વડે, જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિને આશ્રયે કર્મ ખપતા, રાગ ખપતા, વિકાર ખપતા **'પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે...'** એ પ્રગટ થશે. હજી સમ્યગ્દૃષ્ટિમાં પૂર્ણ નથી. આહાહા..! પણ તત્ત્વદૃષ્ટિ વડે એને ખપાવતા **'પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી (દેદીપ્યમાન) સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.'** એવી સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે એટલે કેવળજ્ઞાન

થશે. આહાહા..! બહુ ટૂંકુ પણ. જ્યાં હોય ત્યાં કર્મને લઈને થાય. જૈનમાં તો ત્રણેમાં એ. સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં તો હોય જ તે, દિગંબરમાં પણ અત્યારે તો કર્મને લઈને વિકાર... કર્મને લઈને વિકાર. બસ! એટલું. આહાહા..! શ્વેતાંબર લોકો તો કર્મને લઈને જ વિકાર માને છે. એની દૃષ્ટિ જ એવા લખાણવાળી છે પહેલેથી.

એક 'જેઠાભાઈ' હતા, 'ખેડા'ના. આવતા, ગુજરાતી. દેરાવાસી હતા. પછી અહીંનું સાંભળ્યા પછી એને શંકા પડી કાંઈક, કે આપણે જે માનીએ છીએ એમાં ફેર લાગે છે. પણ જો આપણા શ્વેતાંબરમાં જો આ વાત મળી જાય સરખી તો પલટવું મટે. એમ ધારીને પચાસ પ્રશ્ન કાઢ્યા, મૂક્યા. કોઈએ જવાબ ન આપ્યો, એકાદ સાધુએ આપ્યો. તે ઠેકાણા વિનાનો. પછી 'રામવિજય' સાથે વાત થઈ. 'રામવિજય' છે ને? એની સાથે વાત થઈ કે, આપણે ચર્ચા કરીએ. પણ 'રામવિજય' કહે, પહેલી વાત એ છે, કે કર્મથી વિકાર થાય એ તમને માન્ય છે? પછી ચર્ચા કરીએ. તો આ કહે, અમને એ માન્ય નથી. આહાહા..! ગજબ છે ને!

મુમુક્ષુ :- પછી ચર્ચા કરવાનું રહે છે જ ક્યાં?

ઉત્તર :- પણ વાત આ પહેલાં કર્મ જડ છે એ તને વિકાર કરાવે, આ શું પણ? એ પહેલાં કબુલ કરો તો પછી આપણે ચર્ચા કરીએ. 'જેઠાભાઈ' હતા એક. બે 'જેઠાભાઈ' હતા, બેય 'જેઠાભાઈ' ગુજરી ગયા બિચારા. એક 'જેઠાભાઈ' તો 'પોરબંદર' ના હતા. આહા..! બેય આવતા, શ્વેતાંબર (હતા) પણ બહુ પ્રેમ હતો. એટલે ચર્ચા ત્યાં પણ કરી. કર્મને લઈને વિકાર થાય એ વાત કબુલાત હોય તો ચર્ચા કરીએ. આ કહે એ વાત અમારે કબુલાત નથી. અહીંનું સાંભળેલું ખરું ને?

કર્મ જડ છે. જડમાં ગુણ છે? કે અવગુણ થાય? જેનામાં ગુણ હોય એની ઊલટી અવસ્થા થાય. કર્મમાં જો ગુણ હોય તો એની ઊલટી અવસ્થા વિકાર થાય. તે થાય તો એમાં કર્મમાં થાય, આત્માને શું? આહાહા..! આત્મામાં ગુણ છે તો ઊલટી અજ્ઞાન અવસ્થા કરે તો વિકાર થાય. એનામાં ગુણ છે તો ગુણની ઊલટી અવસ્થા થાય. પણ કર્મને લઈને વિકાર થાય એ વાત બિલકુલ જૂઠી છે. આહાહા..! આ અહીં ના પાડે છે ને? પરદ્રવ્યને લઈને તો નહિ જ તે.

તારા આત્મામાં તત્ત્વદૃષ્ટિ વડે અજ્ઞાનથી રાગ ઉત્પન્ન થાય એ નહિ થાય પણ બીજા જે અસ્થિરતાના રાગ-દ્વેષ છે એને તત્ત્વદૃષ્ટિ વડે ખપાવ. બીજો કોઈ એનો ઉપાય છે નહિ. આહાહા..! કે આટલા અપવાસ કરવા, આટલા આંબેલ કરવા, આટલી ઓળી કરવી ને આહાહા..! કે જાવજીવનું બ્રહ્મચર્ય પાળવું ને. એ નહિ? આહાહા..! **'તત્ત્વદૃષ્ટિ વડે...'** ભાષા એમ લીધી છે. આહાહા..! **'સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વદૃષ્ટિ વડે...'** છે ને? **'ततः सम्यदष्टिः तत्त्वदृष्टया तौ स्फुटं क्षपयतु'** પાઠ જ એ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ તત્ત્વની દૃષ્ટિ ધ્રુવ

દૃષ્ટિવંત, ધ્રુવ દૃષ્ટિ વડે કરીને ખપાવો. આહાહા..! એ એને ખપાવાનો ઉપાય ને માર્ગ ને રસ્તો એ છે. કે, ફલાણી ક્રિયા કરે ને આટલા ઉપવાસ કરે તો કર્મ ખપે. અઠ્ઠમ કરે ને એમાં અઠ્ઠમનો પોરસી કરે તો પચ્ચીસ અપવાસનું ફળ આવે એવું ચાલે છે એનામાં. પણ એ અઠ્ઠમ જ ખોટો, લાંઘણ છે. પછી વળી પોરસીમાં પચ્ચીસ-બચ્ચીસ અપવાસ ને ક્યાં ગયા એ તો ક્યાંય રહ્યા. આત્માના જ્ઞાન વિના જેટલા ત્યાગ-બ્યાગના વૈરાગ્ય એ બધા થોથા છે. આહાહા..! એ તો આવી ગયું ને?

પુદ્‌ગલની ગમે એટલી ક્રિયા તારી હોય જેથી આત્માને ગુણ થાય એમ નથી. અને પુદ્‌ગલ ગમે તેટલા ખરાબ થઈ જાય તેથી તને આત્મામાં નુક્શાન થઈ જાય એમ બિલકુલ નથી. તું પોતે અજ્ઞાન કરીને રાગ-દ્વેષને ઉત્પન્ન કરે તો કર. અમે તો કહીએ છીએ કે, તત્ત્વદૃષ્ટિ વડે રાગ-દ્વેષને ખપાવી નાખ. આહાહા..! કહો, ‘શાંતિભાઈ’! તે દિ’ આવું ક્યાં સાંભળ્યું હતું? કર્મ કરો ને કર્મને લઈને થાય ને બસ! ભાષણ એવા બધા કરતાં હતા. એ બધે ચાલતું હતું એવું બધું. આહા..! પેલામાં આવે છે, ‘કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘન ઘાત લોહકી સંગતી પાઈ’ લોઢાની સંગતી અગ્નિ કરે તો માથે ઘણ પડે. એમ આત્મા પરદ્રવ્યનો સંગ કરીને મોહ કરે તો દુઃખ પડે. પરદ્રવ્યનો સંગ ન કરે ને સ્વદ્રવ્યની દૃષ્ટિ કરે તો સુખી ને આનંદ થાય. આહાહા..! સમજાય છે? આહાહા..!

અહીં ખૂબી શું છે? એકકોર કહેવું કે, સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ છે નહિ અને એકકોર કહેવું કે, સમ્યગ્દૃષ્ટિ તત્ત્વદૃષ્ટિ વડે રાગને ખપાવો. અસ્થિરતાના છે ને બાકી? આહાહા..! તત્ત્વદૃષ્ટિ થતાં અજ્ઞાનથી ઉત્પન્ન થતાં એ રાગ-દ્વેષ જ્ઞાનીને છે જ નહિ પણ અસ્થિરતાના જે છે એ જ્ઞેય તરીકે (છે). પણ છે પોતાની પુરુષાર્થની નબળાઈને લઈને, કર્મને લઈને નહિ. માટે તત્ત્વદૃષ્ટિનો ઉગ્ર પુરુષાર્થ કરી અને તે વિકારને ખપાવ, બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! અને તે ખપાવતા સહજ જ્ઞાન જ્યોતિ પ્રકાશસે. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... આ જે પૂર્ણ નહોતું એ પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે.

સમ્યગ્દૃષ્ટિ તત્ત્વદૃષ્ટિ વડે, અજ્ઞાનથી તો એને રાગ-દ્વેષ છે નહિ, પણ જે અસ્થિરતાના રાગ-દ્વેષ પરજ્ઞેય તરીકે છે એને તત્ત્વદૃષ્ટિ વડે કરીને ખપાવ. ખપાવીને તને અચળ ને આ પૂર્ણ જ્ઞાનની પૂર્ણતા ને અચળતા પ્રગટ થશે. આહાહા..! જ્ઞાન પૂર્ણાનંદ અને અચળ–ફરે નહિ એવી જ્ઞાન દશા થશે પણ એ અંતરની દૃષ્ટિ વડે થશે. બાકી કોઈ એનો બીજો ઉપાય નથી. આહાહા..! આ પૂજા કરે ને ભક્તિ કરે ને... ‘પાલીતાણા’ માં બધું બહુ ચાલે. બધા સાધુ સાંજે હાથમાં માળા ગણી, આમ માળા ગણતા ગણતા ચડે. જાત્રા કરી આવ્યા. આહાહા..!

મુમુક્ષુ :– કેટલાક તો ત્યાં ચોમાસુ જ કરે.

ઉત્તર :– હા, ચોમાસા એના માટે કરે છે, ભલે (પહાડ) ઉપર ન જાય પણ નીચે રહે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! જેનામાં વિકાર અજ્ઞાનથી છે તેને તત્ત્વદૃષ્ટિએ કરીને અજ્ઞાનથી ઉત્પન્ન થતાંને ટાળ્યા. હવે બાકી જે રહ્યા એને પણ તત્ત્વદૃષ્ટિના જોરે... આહાહા..! દ્રવ્યદૃષ્ટિના જોરે બાકી રહેલા તેને ખપાવ. એ કેમ એને કહ્યું ખપાવીને? એ હજી બાકી છે. પૂર્ણ જ્ઞાન ને અચળ જ્ઞાન પ્રગટ્યું નથી. સમ્યગ્દર્શન થતાં પૂર્ણ જ્ઞાન ને અચળ હજી થયું નથી. એથી 'પૂર્ણ' (જ્ઞાન) શબ્દ પડ્યો છે ને?

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર એની જેને પ્રથમ દૃષ્ટિ થઈ એને અજ્ઞાનને લઈને રાગ-દ્વેષ નથી. હવે અજ્ઞાન વિનાના જે રાગ-દ્વેષ છે એને હવે પૂર્ણ દૃષ્ટિ ને પૂર્ણ અચળ કરવા માટે તત્ત્વદૃષ્ટિ વડે તેને ખપાવ અને ખપાવતા પૂર્ણ ને અચળ પ્રકાશ થશે. આત્માનો પૂર્ણ ને અચળ પ્રકાશ થશે. આહાહા..! આટલી ભક્તિ કરે તો થાશે ને આટલી આ કર્યા તો થાશે એમ નથી અહીં (કહ્યું). અજ્ઞાનને સમજ્યા વિનાની આટલી સામાયિક કરે, પોષા કરે, પડિકમણા કરે તો કર્મ ખપશે. અજ્ઞાનીને સામાયિક ને પોષા, પડિકમણા કેવા? જ્યાં હજી સમતા... સામાયિક એટલે સમતાનો લાભ. તો સમતાનો લાભ એટલે વીતરાગ સ્વરૂપ આત્મા છે. એ ધ્રુવદૃષ્ટિ વિના હજી સમ્યગ્દર્શન નથી ત્યાં સામાયિક ક્યાંથી આવી? આહાહા..!

અહીં એ કહે છે, **'જેથી પૂર્ણ અને અચળ...'** છે? **'येन पूर्ण-अचल-अर्चिः सहजं ज्ञानज्योतिः ज्वलति'** આહાહા..! સમ્યગ્દર્શન એટલે તત્ત્વદૃષ્ટિ, ધ્રુવદૃષ્ટિ ચૈતન્ય ધ્રુવની દૃષ્ટિ વડે કરીને અજ્ઞાન ખપાવ્યું. હવે ધ્રુવનો આશ્રય કરીને બાકી રહેલા રાગ-દ્વેષને ખપાવી નાખ કે જેથી જ્ઞાન પૂર્ણ અને અચળ પ્રગટ થાય. જેનો પ્રકાશ પૂર્ણ અને અચળ પ્રગટ થાય. આહાહા..! છે? **'પૂર્ણ અને અચળ જેનો પ્રકાશ છે એવી સહજ જ્ઞાનજ્યોતિ પ્રકાશે.'** આહાહા..!

**ભાવાર્થ :– 'રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી,...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વિષય, વાસના એ કોઈ જુદું તત્ત્વ નથી, દ્રવ્ય નથી. તત્ત્વ છે પણ જુદું દ્રવ્ય નથી. તત્ત્વ તો છે પુણ્ય-પાપ તત્ત્વ. દ્રવ્ય--વસ્તુ નથી. રાગ-દ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, **'જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે;...'** એ જીવને અજ્ઞાનભાવથી,... આહાહા..! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એને ભૂલીને, અતીન્દ્રિય આનંદ એમાં છે એ ભૂલીને પરમાં કાંઈ પણ ઠીક અને મજા છે એમાં આનંદ માનીને અજ્ઞાનભાવે તેને મહા રાગ અને દ્વેષ અનંત સંસારના કારણ એને ઉત્પન્ન થાય છે. પરમાં સુખ છે એવી બુદ્ધિ. પોતામાં સુખ છે, આનંદ આત્મામાં (છે). એને બદલે બીજે ક્યાંક આમાં સગવડતામાં, આ અનુકૂળતામાં એમ ક્યાંક પણ ઠીક છે, એક સ્વચીજ સિવાય બહારના એક શુભ વિકલ્પથી માંડીને આખી દુનિયામાં કંઈ પણ ઠીક અને આ અનુકૂળ છે, આ ક્ષેત્ર અનુકૂળ છે, આ કાળ અનુકૂળ છે, આ એકાંત છે એને લઈને અંદર અવગુણ ટળે ને રાગ-દ્વેષ ટળે એમ નથી. આહાહા..!

૪૯ ગાથામાં કહ્યું છે. તત્ત્વદૃષ્ટિ વડે અંતર અનુભવરૂપી ગીરી ગુફામાં, અનુભવરૂપી

ગીરી ગુફા, આ પર્વતની ગીરી ગુફા નહિ. ટીકામાં છે, 'સમયસાર' માં ૪૯મી ગાથા (જયસેનાચાર્યની) અનુભવરૂપી ગીરી ગુફા, એમાં અંદર જા ત્યારે કર્મ રાગ-દ્વેષ ખપાશે, એ વિના રાગ-દ્વેષ નહિ ખપે. આહાહા..!

ભાવાર્થ :– **'રાગદ્વેષ કોઈ જુદું દ્રવ્ય નથી, જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે;...'** એ તો પર્યાય થાય છે અજ્ઞાન ભાવથી. માટે સમ્યગ્દષ્ટિ થઈને તત્ત્વદષ્ટિથી જોવામાં આવે, તત્ત્વ જ્ઞાયક ચિદાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો નાથ વીતરાગમૂર્તિ પ્રભુ છે. એ અંતર આત્મા વીતરાગમૂર્તિ આત્મા છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો કંદ છે, અતીન્દ્રિય જ્ઞાનનો ભરપૂર દરિયો છે. આહાહા..! એવા આત્માને તત્ત્વદષ્ટિથી જો. આહાહા..!

**'જીવને અજ્ઞાનભાવથી (રાગદ્વેષરૂપ પરિણામ) થાય છે; માટે સમ્યગ્દષ્ટિ થઈને તત્ત્વદષ્ટિથી જોવામાં આવે...'** આહાહા..! આત્મા જે સ્વરૂપે છે તે જ સ્વરૂપે જોવામાં આવે એમ. તત્ત્વદષ્ટિ એટલે ઇ. આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપે બિરાજમાન છે. તે તત્ત્વ છે તે દષ્ટિથી જોવામાં આવે. આહાહા..! જે સ્વરૂપે છે, તે સ્વરૂપે જો જોવામાં આવે,... આહાહા..! **'તો તેઓ (રાગ-દ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી.'** તો રાગ અને દ્વેષ કોઈ વસ્તુ નથી કે ઉત્પન્ન થાય. આહાહા..! કઠણ બેસવું કઠણ પહેલું.

આત્મામાં રાગ-દ્વેષ છે જ નહિ. રાગ-દ્વેષ છે એ તો બીજું તત્ત્વ છે, એ આત્મતત્ત્વ નથી. નવ તત્ત્વમાં એના નામ જુદા આવ્યા ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. તો એ જુદા તત્ત્વ છે એ જુદા તત્ત્વથી ઉત્પન્ન થતાં નથી. એ જ્ઞાયક તત્ત્વ છે એનાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં નથી પણ જ્ઞાયકના અજ્ઞાનભાવે ઉત્પન્ન થાય છે. એ કર્મને લઈને ઉત્પન્ન થાય છે એમ નથી. આહાહા..!

એ મોટી ચર્ચા ચાલી હતી, (સંવત) ૧૯૭૬માં 'દામોદર' શેઠ હતા, 'દામનગર'. મોટી ચર્ચા ૧૯૭૬ની સાલ. ઇ કહે કે, મહારાજ! તમે બહુ પુરુષાર્થની વાત કરો છો તો ૫૧ દોકડા પુરુષાર્થ રાખો અને ૪૯ દોકડા કર્મ રાખો. સો સો દોકડા. ૪૯ દોકડા કર્મના, ૫૧ દોકડા પુરુષાર્થના. મેં કીધું, સોએ સો દોકડા પુરુષાર્થના ને સોએ સો દોકડા કર્મના કર્મમાં. મોટી ચર્ચા થઈ હતી. એને બેસતું નહોતું. એ બધાને વિકાર કર્મથી થાય, વિકાર કર્મથી થાય, બસ! સ્થાનકવાસી ને દેરાવાસી બધા. દિગંબર પણ અત્યારે ઘણા એમ જ માને છે. આહાહા..!

'વર્ણીજી' સાથે ચર્ચા થઈ તો એને કહ્યું. (એ કહે), વિકાર કર્મથી ન થાય તો વિકાર સ્વભાવ થઈ જાય. કીધું, સ્વભાવ જ છે પર્યાયનો. કર્મ એને અડ્યું નથી. વિકારને કર્મ અડ્યું નથી, કર્મને વિકાર અડ્યો નથી. એકબીજા દ્રવ્ય જુદા છે. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અત્યંત અભાવ છે. આહાહા..! ન બેઠું. ઉલટું લખી ગયા. 'સોનગઢ'ના સાહિત્ય સંસારમાં

ડુબાડી દેશે. એમ લખી ગયા. કારણ કે, અહીંથી ના પાડી ને કે, વિકાર પોતાથી થાય, પરથી જરીએ નહિ, એક દોકડેય નહિ, એ વાત ન બેઠી. આહાહા..! અને ક્રમબદ્ધ. એક પછી એક થાય, આડી-અવળી પર્યાય નહિ થાય. ત્યારે કહે, એમ નહિ. એક પછી એક થાય એ બરાબર છે પણ એક પછી આ જ થાય ને આ જ થાય એમ નહિ. અહીં કીધું એક પછી આ જ થાય એમ છે. આ વળી બીજી થાય ને ત્રીજી થાય ને એમ નહિ. મોટી ચર્ચા. દિગંબરમાં તો એ મોટા કહેવાતા ને! હતા બધા 'રામજીભાઈ' હતા, 'હિંમતભાઈ' હતા, બધા હતા. વાત આ, જૈનમાં લાકડું કર્મનું ગરી ગયું છે. બીજા ઈશ્વર કર્તા માને, આ જડ કર્તા માને. આહાહા..! બીજા ઈશ્વર કર્તા માને ચૈતન્ય, જૈન જડ કર્તા, કર્મ જડ કર્તા (માને).

મુમુક્ષુ :- જડેશ્વર છે ને.

ઉત્તર :- બેય મિથ્યાદૃષ્ટિ છે. આ તો સમુકુ આળ ચડી જાય મિથ્યાત્વમાં. જડને લઈને રખડવું પડે, જડને લઈને આ થાય. પેલો કહે, ઈશ્વર છે ને એ રખડાવે, ઈશ્વર કરે તે થાય, ઇ પરમેશ્વર છે. આ કર્મને જડને પરમેશ્વર માને. આહાહા..!

અહીં એ કહે છે, આત્મામાં વિકાર વસ્તુદૃષ્ટિએ નથી. વસ્તુદૃષ્ટિ દઈને વિકાર નથી તેનો નાશ કર કે જેથી તને સમ્યગ્દર્શન તો છે પણ પૂર્ણ અચળ, પૂર્ણ અચળ એવો પ્રકાશ ચૈતન્યનો કેવળજ્ઞાનનો તને પ્રગટ થશે. આહાહા..! કેવળજ્ઞાનનો પૂર્ણ પ્રકાશ ત્યારે પ્રગટ થશે. આહાહા..! **'સમ્યગ્દૃષ્ટિ થઈને તત્ત્વદૃષ્ટિથી જોવામાં આવે તો તેઓ (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી...'** તેઓ કાંઈ પણ વસ્તુ નથી. આહાહા..! એકાંત? આ એકાંત સમ્યક્ એકાંત દૃષ્ટિની અપેક્ષાએ છે. દૃષ્ટિનો વિષય બતાવવામાં એકાંત કર્યું છે. રાગ-દ્વેષ છે જ નહિ.

વસ્તુ ત્રિકાળ આનંદનો નાથ અતીન્દ્રિય જ્ઞાનનો સાગર એમાં આ રાગ-દ્વેષ કેવા? રાગ-દ્વેષ તો વર્તમાન એક સમયની પર્યાયમાં છે. એક સમયની પર્યાયમાં છે, ત્રિકાળી તત્ત્વમાં રાગ-દ્વેષ છે જ નહિ. આહાહા..! ત્રિકાળી તત્ત્વમાં રાગ-દ્વેષ નથી. આહાહા..! તેમ કાયમ રહેનારા રાગ-દ્વેષ નથી, એક સમય રહે છે. આહાહા..! એ પણ તત્ત્વની દૃષ્ટિ નથી ત્યારે રહે છે, થાય છે. તત્ત્વદૃષ્ટિ થતાં, તે અજ્ઞાનપણે થતાં નથી. આહાહા..! આવી વાત છે.

**'એમ દેખાય છે. તત્ત્વદૃષ્ટિથી જોવામાં આવે તો તેવો (રાગદ્વેષ) કાંઈ પણ વસ્તુ નથી એમ દેખાય છે, અને ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે.'** જોયું? સમ્યગ્દર્શન તો છે, તત્ત્વદૃષ્ટિ તો છે તેથી અજ્ઞાનથી ઉત્પન્ન થતાં રાગ-દ્વેષ નથી. પણ અસ્થિરતાના રાગ-દ્વેષ જે છે એને પણ તત્ત્વદૃષ્ટિના જોર દ્વારા ખપાવ, કેવળજ્ઞાન ઉત્પન્ન થશે. ઘાતિકર્મના નાશને સમજાવ્યું છે. આહાહા..! ઘાતિકર્મનો નાશ થઈ એ તો નિમિત્તથી વાત કરી છે. **'કેવળજ્ઞાન ઉપજે છે.'** આહાહા..!

નિગોદમાં જે પણ રહ્યો છે એ પણ પોતાના ઊંધા પુરુષાર્થથી. કર્મનું જોર છે માટે

ન્યાં લસણ અને ડુંગળીમાં જીવ રહ્યો છે (એમ નથી). હજી અનંતા રહ્યા છે ને અનંતા રહેશે. એક શરીરને અનંતમે ભાગે મોક્ષ જશે અને શરીર અસંખ્ય ચોવીસીના સમય જેટલા નિગોદના શરીર છે અને એ મોક્ષ ગયા છે અને જશે, અનંતમાં ભાગે. આહાહા..! એક શરીરના અનંતમાં ભાગે ફક્ત મુક્તિ. બાકી એક શરીરમાં એથી અનંતગુણા નિગોદમાં પડ્યા રહેશે. એવા એવા શરીર. અસંખ્ય ચોવીસીના સમય જેટલા નિગોદના શરીર છે. આહાહા..! ગજબ વાત છે.

કહે છે, આ કહેવાનો આશય એમ છે, પ્રભુ! તને વખતે મળ્યો છે ને. આહાહા..! એક નિગોદમાંથી નીકળી ઇયળ થાય તો પણ 'છ ઢાળા'માં એમ કહ્યું છે કે, નિગોદમાંથી નીકળીને ઇયળ બેઇન્દ્રિય થાય તો પણ ચિંતામણી રત્ન (પ્રાપ્ત થયું, સમજ). આહાહા..! એવો પાઠ છે. તો એને ઠેકાણે મનુષ્યપણું (મળ્યું), એમાં પણ જૈન દર્શનનો સંપ્રદાય અને એમાં પણ વીતરાગની વાણી કાને પડી. બાપુ! મોટા પુણ્યના ઢગલા થયા. આહાહા..! પણ એને સફળ કરવાનું તો અંદર તત્ત્વ છે. આ બહારના સાધન મળ્યા માટે સફળ થઈ જાય એમ નથી. આહા..! આ તો એની મોંઘવટ બતાવી. નિગોદના જીવ કેટલા? આહાહા..! અનંત કાળ રહ્યો નિગોદમાં, ઘણો નિગોદમાં જ રહ્યો છે. અને અત્યારે રહ્યા છે એ કોઈ દિ' નીકળશે પણ નહિ એટલા જીવ નિગોદમાં છે. એ નિગોદના અનંતમાં... છ માસ ને આઠ સમયમાં ૬૦૮ મોક્ષ જાય. છતાં એ નિગોદના અનંતમાં ભાગે જશે. આહાહા..! ગજબ વાત છે.

અરે..રે..! એ જીવ. એને જીવપણું છે એની ખબર નથી. અક્ષરનો અનંતમો ભાગ એના જ્ઞાનના ઉઘાડમાં અક્ષરનો અનંતમો ભાગ રહી ગયો. બાકી દ્રવ્ય તો પરમાત્મ સ્વરૂપ છે. પર્યાયમાં અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડમાં રહી ગયો. એવા અનંતા જીવ રહેશે, રહ્યા છે. આહાહા..! એમાં આ મનુષ્યપણું, પંચેન્દ્રિયપણું, આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ એ મહા મહા પુણ્યે મળ્યા છે. એમાં કરવાનું હોય તો આ છે. એને લઈને નહિ. તત્ત્વદૃષ્ટિ કરીને અજ્ઞાનનો નાશ કર ને પછી તત્ત્વદૃષ્ટિ વડે રાગ-દ્વેષને નાશ કર, બેય વાત થઈ ગઈ. ચારિત્ર એટલે એ. તત્ત્વદૃષ્ટિમાં સ્થિર થવું એ ચારિત્ર. એનાથી કર્મ ક્ષય ને કેવળજ્ઞાન થાય. આહાહા..!

અત્યારે આ એમ કહે, ભગવાને પણ જુઓ બાર વર્ષ તપસ્યા કરી હતી. ત્યારે કેવળ થયું. આહાહા..! હખ કરીને (સારી રીતે) સુતા નહોતા એમ બોલે છે, ભાષણ વ્યાખ્યાન કરે. ભગવાન મહાવીર પણ બાર વર્ષ સુધી હખ કરીને (સારી રીતે) સુતા નહોતા, હખ કરીને (સારી રીતે) ખાધું નહોતું, અન્ન કરીને .. પાણી કરીને પાણી પીધું નહોતું. ત્યારે તો એમને કેવળ થયું. આવી વાતું કરે. ત્યારે સાંભળનારા કહે, હા. પણ એને લઈને નથી. બાર વર્ષ રહ્યા હતા ને છદ્મસ્થ? તપસ્યા કરી છે ને બહુ. છઠ, છઠ ને અઠ્ઠમ. આખા બાર વર્ષમાં કાંઈક ત્રણસો કે અમુક દિવસ જ ખાધું છે. બાકી તો બધો અપવાસ છે. ઇ ઉપવાસ છે એ ચીજ નહિ. અંદર ઉપ-વાસ છે. ઇ અપવાસ છે એ નહિ, અપવાસ છે.

આનંદનો સાગર ઉપ નામ સમીપમાં અંદર વસે (તો) કર્મ ક્ષય થઈ જાય. એ તપસ્યા છે. આ તપસ્યા કરે ને સમકિતનું ભાન ન મળે. વસ્તુ કોણ, વર્ષી તપ કરે, એક ટંક ખાવું ને એક ટંક (અપવાસ કરે). એ કાંઈ કર્મ ખપવાનો રસ્તો નથી. આહાહા..!

અહીં તો બેય વાત લીધી. તત્ત્વદૃષ્ટિથી અજ્ઞાન ટળે અને તત્ત્વદૃષ્ટિથી રાગ-દ્વેષ ટળે. આહાહા..! અને તે પણ કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ થાય. આહાહા..! અંદર ચૈતન્ય જ્યોતિ, ઝળહળ જ્યોતિ બિરાજે અને આવો મનુષ્યપણાનો પ્રસંગ મળ્યો પ્રભુ તને. ગયો કાળ વિચાર કર તો ઘા ખાય એવું (છે). નિગોદમાં અનંત કાળ રહ્યો ને અનંત કાળ હજી રહેનારા જીવો પડ્યા છે. આહાહા..! એમાં માન ને અપમાન ને સન્માનમાં શું? ક્યારે શું કરવું? દુનિયામાં કાંઈક ગણાવું, દુનિયા મને ગણે. ગણાવું છે ને તારે? આહાહા..! એ તો સંસારમાં રખડવાનું છે. આહાહા..! પ્રભુ... પ્રભુ!

રાતે કહ્યું હતું, વૈરાગ્ય એને કહીએ... પુણ્ય-પાપના અધિકારમાં (છે કે) પુણ્ય ને પાપના ભાવથી રહિત તેને વૈરાગ્ય કહીએ. ત્યારે એનો અર્થ એ થયો કે, આખી દુનિયાથી અને પુણ્ય-પાપના ભાવથી વિરક્ત એનું નામ વૈરાગ્ય. આહાહા..! સાંજે ઉઠતા જરી કહ્યું હતું. શુભ ને અશુભભાવથી વિરક્ત તેને વૈરાગ્ય કહીએ. તેનો અર્થ એ થયો કે, આખી દુનિયા અને પુણ્ય ને પાપ બધાથી વિરક્ત થઈને આમાં રક્ત થવું એનું નામ વૈરાગ્ય છે. બાયડી-છોકરા છોડી દીધા ને બાળબ્રહ્મચારી થયો માટે વૈરાગી થઈ ગયો એમ છે નહિ. વિશેષ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૧૯

(शालिनी)

रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया
नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि।
सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति
व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।।२१९।।

**'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ ઉપજાવી શકતું નથી' એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :–**

**શ્લોકાર્થ :– [ तत्त्वदृष्टया ] તત્ત્વદૃષ્ટિથી જોતાં, [ राग-द्वेष-उत्पादकं अन्यत् द्रव्यं किञ्चन अपि न वीक्ष्यते ] રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, [ यस्मात् सर्व-द्रव्य-उत्पत्तिः स्वस्वभावेन अन्तः अत्यन्तं व्यक्ता चकास्ति ] કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.**

**ભાવાર્થ :– રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે. અન્ય દ્રવ્ય આત્માને રાગદ્વેષ ઉપજાવી શકતું નથી; કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથી જ થાય છે, અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણપર્યાયોની ઉત્પત્તિ થતી નથી. ૨૧૯.**

---

**પ્રવચન નં. ૪૨૧ શ્લોક–૨૧૯ ગુરૂવાર, જ્યેષ્ઠ સુદ ૧૩, તા. ૨૬-૦૬-૧૯૮૦**

---

'સમયસાર' કળશ ૨૧૯.

रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया
नान्यद्द्रव्यं वीक्ष्यते किञ्चनापि।
सर्वद्रव्योत्पत्तिरन्तश्चकास्ति
व्यक्तात्यन्तं स्वस्वभावेन यस्मात्।।२१९।।

**'તત્ત્વદૃષ્ટિથી જોતાં, 'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યને ગુણ ઉપજાવી શકતું નથી'...'** ગુણ એટલે પર્યાય, અહીં ગુણ એટલે પર્યાય લેવી. **'અન્ય દ્રવ્ય અન્યદ્રવ્યને પર્યાય ઉપજાવી શકતું નથી એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :–'**

**'તત્ત્વદૃષ્ટિથી જોતાં,...' 'राग-द्वेष-उत्पादकं अन्यत् द्रव्यं किञ्चन अपि न वीक्ष्यते' 'રાગદ્વેષને...'** આ મોટો વાંધો હતો આખો. 'પંડિતો' સાથે, 'વર્ણીજી' સાથે આ મોટો વાંધો હતો, કે કર્મને લઈને વિકાર થાય, કર્મ ન હોય તો ન થાય. અહીં કહે છે, અન્ય દ્રવ્ય એટલે કે આઠ કર્મ મન, વચન ને કાયા નૌકર્મ અને પાંચ ઇન્દ્રિયના સામગ્રીરૂપ ભોગ એ કોઈ આત્માને વિકાર ઉપજાવે એ ત્રણકાળમાં નથી. સમજાયું? આહાહા..!

આત્મામાં મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ, દ્વેષ દોષ ઉત્પન્ન થાય એ આઠ કર્મ માંહેલો કોઈ કર્મથી પણ નહિ, મન, વચન ને કાયા નોકર્મ એનાથી પણ નહિ અને પાંચ ઇન્દ્રિયની સામગ્રી ભોગની, પાંચ ઇન્દ્રિયની ભોગની સામગ્રી એ પણ વિકારરૂપ ઉપજાવવામાં બિલકુલ કારણ નથી. આહાહા..! એટલે કે અન્ય દ્રવ્ય વિકાર ઉપાજાવવામાં કારણ નથી. પછી એનો વિસ્તાર કર્યો.

પાઠમાં તો આમ છે ને, કે **'અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી,...'** આહા..! **'किञ्चन अपि'** શબ્દ છે ને? જરીએ પણ અન્ય દ્રવ્ય આત્માને વિકાર ઉપજાવે એ નથી. એ અન્ય

દ્રવ્યમાં પછી આ બધા આવ્યા–આઠે કર્મો, નોકર્મ મન, વચન, કાય, પાંચ ઇન્દ્રિયના સાધનો, ભોગો, સામગ્રી એ કોઈ પાંચ ઇન્દ્રિયના વિષયો કે ભોગો એ આત્માને વિકાર ઉપજાવી શકતા નથી. નોકર્મ વિકાર ઉપજાવી શકતા નથી. મન, વચન ને કાયા ત્રણે વિકાર ઉપજાવી શકતા નથી અને આઠ કર્મમાં કોઈ કર્મ આત્માને વિકાર ઉપજાવી શકતો નથી. બાકી શું રહ્યું હવે? આહાહા..! આ તો વિકાર ઉપજે એ કર્મને લઈને થાય. આ મોટો વાંધો, મોટી તકરાર. કર્મને લઈને ન થાય તો એ સ્વભાવ થઈ જાય. તો અહીં તો કહે છે કે, એ સ્વભાવ જ છે. આહાહા..! જુઓ!

**'यस्मात् सर्व-द्रव्य-उत्पत्तिः स्वस्वभावेन'** છે ને? તે પર્યાયનો વિકારી સ્વસ્વભાવ થઈ ગયો. આહાહા..! ત્રિકાળ દ્રવ્ય-ગુણ તો સ્વભાવ છે પણ વિકાર પણ... અહીં એમ કહે ને કોઈ? **'રાગ-દ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય...'** એટલે કર્મ, નોકર્મ ને સામગ્રી જરાય--કિંચિત પણ દેખાતું નથી. 'પંડિતજી'! આ મોટો આ વાંધો. (સંવત) ૨૦૧૩ ની સાલ. ૨૩ વર્ષ થયા. 'વર્ણીજી' સાથે ચર્ચા થતાં બધાં પંડિતો બેઠા હતા. કર્મ... કર્મ... કર્મ... કર્મ... હોય તો જ વિકાર થાય. કર્મ ન હોય તો વિકાર થાય નહિ. કીધું, અહીં એને વિકાર પોતાથી થાય, કોઈથી થાય નહિ. આહાહા..! એ જ હતું ને? વિકાર કર્મથી થાય, વિકાર કર્મથી થાય. જેવો કર્મનો ઉદય આવે એ પ્રમાણે પછી વિકાર થાય.

અહીં કહે છે, કોઈ દ્રવ્ય આત્માના દ્રવ્ય સિવાય કોઈ બીજું દ્રવ્ય અનંત દ્રવ્યો માંહેલું કોઈ દ્રવ્ય. આહાહા..! કિંચિત પણ **'સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં...'** આહાહા..! **'પોતાના સ્વભાવથી થતી...'** અહીં આટલો શબ્દ છે. વિકાર પણ સ્વભાવથી ઉત્પન્ન થાય છે. એમ છે? અહીં વિકારની વાત ચાલે છે ને? એમાં સ્વભાવ નાખ્યો છે ને? એ જ મોટો વાંધો હતો, કે જો કર્મથી વિકાર ન થાય તો સ્વભાવ થઈ જાય. અહીં તો દરેક સમયની પર્યાય પોતાથી થાય, પરથી બિલકુલ નહિ, એક જ વાત. આ તો ૨૦૧૩ ની સાલ, ૨૩ વર્ષ પહેલાં બધાં પંડિતો બેઠા હતા. ચર્ચા ચાલી 'ઇસરી' માં. આહાહા..! ત્યારે આ 'શાંતિભાઈ' જેવા પંડિતો બેઠા હોય એટલે શું ખબર ન પડે પછી હા હા બધા કરે. કેમ 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :– પરસ્પર આચાર્યપણું કરે છે ને?

ઉત્તર :– કોઈ આચાર્ય કરતો જ નથી. કોઈ આચાર્યે આત્માને કર્મથી વિકાર થાય એમ કહ્યું નથી. અને કહ્યું હોય ત્યાં કઈ અપેક્ષા છે? સ્વભાવની દૃષ્ટિ થઈ છે, દૃષ્ટિ પર્યાય ઉપર નથી એથી સ્વભાવની દૃષ્ટિનું સ્વભાવ વ્યાપક કર્તા (કહ્યો), ત્યારે સ્વભાવ તેનું કર્મ વ્યાપ્ય (છે). એમ ગણીને તે વખતનો વિકાર કર્મનું વ્યાપકનું વ્યાપ્ય ગણીને કરવામાં આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં ('સમયસાર' માં) આવ્યું છે ૭૫-૭૬-૭૭-૭૮ (ગાથા). કર્મ વ્યાપક છે, વિકાર

વ્યાપ્ય નામ એની અવસ્થા છે. આહા..! એનું કાર્ય છે. એ તો સ્વભાવની દૃષ્ટિ થઈ એથી વિકાર છે એ પોતાનું કાર્ય નથી તેથી તે કર્મના નિમિત્તને જેમ છોડવું છે એમ એ પણ ભેગું છોડવાનું કહીને એનું કાર્ય છે એમ કરીને છોડી દીધું.

અહીં તો સામાન્ય વિકાર જે અનાદિથી જીવને ઉત્પન્ન થાય છે, મિથ્યાત્વ ને અજ્ઞાન ને રાગ ને દ્વેષ ને વિકાર, એ કર્મ આઠ કર્મ માંહ્યલું કોઈ કર્મ પણ નહિ, અંતરાય કર્મ જીવને અંતરાય કરાવે એ પણ નહિ, મોહકર્મ આત્માને મોહ ઉપજાવે એમ પણ નહિ, જ્ઞાનાવરણીય જ્ઞાનની હીણી દશા કરે એમ પણ નહિ. આહાહા..! અને આયુષ્ય કર્મને લઈને શરીરમાં રહેવું પડે એમ પણ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આવી સ્થિતિ છે.

મોટી ચર્ચા ૨૩ વર્ષ પહેલાં (થઈ હતી). કીધું, બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! માનો ન માનો. ભલે વિદ્વાનો ઘણા જુના માણસો હોય અને આ તો સ્થાનકવાસીમાંથી ઢુંઢિયામાંથી નીકળ્યા ને વળી આ ક્યાંથી કાઢ્યું આવું? માર્ગ આ છે, એ અહીં કહે છે.

રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ કે માન-સન્માન એને ઉત્પન્ન કરનારું અન્ય દ્રવ્ય એટલે કોઈ પણ દ્રવ્ય અન્ય દ્રવ્ય એટલે, અન્ય દ્રવ્ય એટલે કોઈ પણ દ્રવ્ય. કર્મ, નોકર્મ અને પાંચ ઇન્દ્રિય અને ભોગ સામગ્રી (બધા આવી ગયા). આહાહા..! ભાઈ! આ આંખનો વિષય છે એ આંખમાં રાગ ઉત્પન્ન કરાવે, કાનનો વિષય છે એ રાગ ઉત્પન્ન કરાવે, શરીરનો વિષય છે સ્પર્શ–ભોગ એ વિકાર ઉપજાવે. (તો કહે છે), ના. આહાહા..! પાંચે ઇન્દ્રિયના વિષયો છે એ પરદ્રવ્ય છે. આઠ કર્મ પણ પરદ્રવ્ય છે. મન, વચન, કાયા એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય કિંચિત પણ જરીએ પણ એક દોકડો પણ... આહાહા..! એક દોકડો સમજાય છે? એક ટકો. અમારે 'દામોદર' શેઠ સાથે મોટી ચર્ચા ચાલતી. એ કહે, ૫૧ દોકડા રાખો પુરુષાર્થના, ૪૯ દોકડા રાખો કર્મના. કીધું, એક્કે દોકડો કર્મનો નહિ આમાં. સોએ સો દોકડા કર્મના કર્મમાં, જીવ વિકાર ઉપજાવે પોતે સોએ સો દોકડા પોતે પોતામાં. આહાહા..!

લોકોની પરદ્રવ્ય ઉપર દૃષ્ટિ (છે). પોતાની પર્યાયમાં વિકાર થાય એ પરને લઈને થાય. એટલે પર ખસે તો વિકાર ખસે. એટલે પોતાના હાથમાં કાંઈ રહ્યું નહિ. એમ થયું ને? અન્ય દ્રવ્ય વિકાર કરાવે તો અન્ય દ્રવ્ય ખસે તો વિકાર ટળે. પણ પોતાથી વિકાર થતો હોય તો પોતાના પુરુષાર્થથી વિકાર ટળે. આહાહા..! આ ગાથા બહુ ટૂંકી પણ આખું તત્ત્વ સમાડી દીધું છે. અને હવેની ગાથા કહેશે એનો આ ઉપાદ્ઘાત છે.

રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, દયા, દાન, કામ, ક્રોધ, ભક્તિ, પૂજા કોઈ પણ ભાવ એને ઉપજાવનારું. ભગવાનની મૂર્તિ છે તે અહીં શુભભાવને ઉપજાવે એમ પણ નથી. તીર્થંકર છે એ સમવસરણમાં બિરાજે છે તો એના દર્શન કરવા જતાં એને લઈને શુભભાવ થાય એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– નિમિત્ત તો છે ઇ.

ઉત્તર :- નિમિત્ત હો પણ નિમિત્તથી થાય નહિ. એ તો હવે હમણા કબુલ કર્યું છે ભાઈએ 'કૈલાસચંદજી' એ. તે દિ' 'કૈલાસચંદજી' પણ હતા. પણ સૌની ભેગી માન્યતા હતી. હમણાં છાપામાં આવ્યું હતું કે, ભાઈ! 'સોનગઢ'વાળા કહે છે કે, નિમિત્ત છે પણ નિમિત્તથી થતું નથી. વસ્તુ બીજી છે ભલે, હો, તેથી શું છે? જીવ ગતિ કરે તો ધર્માસ્તિકાય નિમિત્ત છે પણ એણે ગતિ કરાવી છે એમ નથી. વિકાર વખતે કર્મ નિમિત્ત હો પણ નિમિત્તે વિકાર કરાવ્યો નથી. એને લઈને વિકાર થયો નથી. આહાહા..! થોડામાં બહુ મોટો ફેર છે, 'પંડિતજી'! મોટો ફેર છે. આહા..!

મુમુક્ષુ :- 'સોનગઢ' આવીએ ત્યારે પરિણામમાં ફરક પ્રત્યક્ષ દેખાય છે.

ઉત્તર :- ઇ દેખાય છે એ તો પોતાને કારણે છે. અહીં આવીને ઊંધું પણ કેટલાક નથી લઈ જાતા? ત્રણેય આમાં લખ્યું છે, હોં! કળશમાં. 'કળશટીકા' માં છે ને? એમાં આઠ કર્મ, મન, વચન ને કાયા નોકર્મ, મનથી વિકાર થતો નથી, વાણીથી થતો નથી, કાયાથી થતો નથી. આ કાયાથી વિકાર થતો નથી, આઠ કર્મથી વિકાર થતો નથી, એમ પાંચ ઇન્દ્રિયના ભોગોની સામગ્રી એ તો પરપદાર્થ છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એનાથી વિકાર થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય...'** ખૂબી તો એ છે અન્ય દ્રવ્યમાં બધા દ્રવ્ય આવ્યા, આત્મા સિવાય બધા આવ્યા. બીજી વાત **'જરાય...'** પાછું જરાય. કિંચિત થોડુંક, થોડીક એની મદદ ને થોડીક આત્માની, થોડુંક કર્મનું કારણ ને થોડુંક વિકારનું કારણ પોતાનું એમ જરાય નહિ. આહાહા..! એમ વિકાર પોતાથી થાય છે, પરથી નહિ એવો નિર્ણય નહિ કરે એ વિકારને ટાળી શકશે નહિ. કારણ કે, વિકાર પરને લઈને થાય છે, પર ખસે તો થાય. તો પર ખસવું ન ખસવું એ તો પરદ્રવ્ય છે, એ કાંઈ આત્માને આધીન નથી. આહાહા..! સમજાય છે? આહાહા..!

**'જરાય દેખાતું નથી,...'** એમ આચાર્ય કહે છે. અન્ય દ્રવ્ય જરાય વિકાર ઉપજાવવામાં, આત્માની પર્યાયમાં અજ્ઞાનથી જે રાગ-દ્વેષ થાય એને અન્ય દ્રવ્ય કિંચિત ઉપજાવતું નથી. આહાહા..! વેરીએ અહીં શરીર ઉપર છરીનો ઘા માર્યો એથી અંદર કાંઈ દ્વેષ આવ્યો એમ પણ નથી એમ કહે છે. આહાહા..! એની પોતાને જ કારણે ઉત્પન્ન થાય છે. કારણ કે, મુનિને ઘાત કરે ઘાણીમાં પીલે અને કેવળજ્ઞાન થાય છે. મુનિપણું કાંઈ જાતું નથી. મુનિને ઘાણીમાં પીલ્યા. તેથી બહારની સામગ્રી કાંઈ વિકાર ઉપજાવતું નથી. આહાહા..! તારા અજ્ઞાન સિવાય વિકારની ઉત્પત્તિ કિંચિત કોઈ પરદ્રવ્ય (કરાવતું) નથી, તેમ સ્વદ્રવ્ય પણ (કરાવતું) નથી, અજ્ઞાન જ કારણ છે અને કાં અસ્થિરતા કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે. મોટો આ વાંધો. ત્રણે ફીરકાને આ વાંધો હતો. ત્રણે ફીરકામાં વાંધો.

(સંવત) ૧૯૭૧ માં વાત બહાર મુકી હતી. પહેલો સ્થાનકવાસીએ વિરોધ કર્યો, પછી

શ્વેતાંબરને લક્ષમાં ગયું તો એણે વિરોધ કર્યો પછી દિગંબરમાં ગયું તો દિગંબરે વિરોધ કર્યો, આ વર્ણીજી આદિએ. કીધું કોઈ રીતે એકેય દોકડો પરદ્રવ્ય વિકાર ઉપજાવે (એમ છે નહિ).

સ્વદ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે. આહાહા..! અને તે પણ તેના વિકાર ધારાએ, વિકારની ધારાએ એનો પર્યાય થવાનો તે ટાણે થાય છે. પરને લઈને જરીએ નહિ. એની ધારા વિકારની હોય. આહાહા..! તેથી તેને કહે છે કે, વિકારની દૃષ્ટિ છોડ એટલે કે પર્યાયદૃષ્ટિ છોડ અને દ્રવ્યદૃષ્ટિ કર, એ નિર્વિકારી દૃષ્ટિ કર તો વિકાર ટળે, વિકાર ઉત્પન્ન થાય નહિ. આહાહા..!

**'જરાય દેખાતું નથી,...' 'यस्मात् सर्व-द्रव्य-उत्पत्तिः स्वस्वभावेन अन्तः अत्यन्तं व्यक्ता चकास्ति' 'કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ...'** દ્રવ્યોની ઉત્પત્તિ એટલે? પર્યાયની. **'સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ...'** આહાહા..! પાઠ તો એ છે, **'સર્વ દ્રવ્યની ઉત્પત્તિ...'** પણ આશય જાણવો. દ્રવ્યની ઉત્પત્તિ કહેવી, ગુણ ઉત્પત્તિ ક્યાં કરવી છે? ઉત્પત્તિ ને વ્યય, ઉત્પાદ-વ્યય પર્યાયમાં હોય. દ્રવ્ય-ગુણમાં ઉત્પત્તિ-વ્યય હોય જ નહિ. પણ સમજાવવું છે કે જીવ દ્રવ્ય પોતે પોતાની પર્યાયમાં ઉપજાવે છે માટે જીવ દ્રવ્ય ઉપજાવે છે એમ કહેવામાં આવે. આહાહા..!

**'સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ...'** એટલે પર્યાયની ઉત્પત્તિ. એટલે સર્વ દ્રવ્યની વર્તમાન પર્યાયની ઉત્પત્તિ, આહાહા..! **'પોતાના સ્વભાવથી જ...'** 'જ' (છે), જોયું? **'સ્વભાવથી જ...'** એટલે ચાહે તો નિર્મળ પર્યાય થાય કે ચાહે તો વિકાર થાય પણ પોતાના સ્વભાવથી જ થતી. આહાહા..! છે? ગાથામાં આમ ઊંડા કેટલા ભાવ ભર્યા છે. સ્વભાવથી, વિકાર સ્વભાવ છે પર્યાયનો, સાંભળને! વિકાર પણ પર્યાયનો સ્વભાવ છે. આહાહા..!

**'સર્વ દ્રવ્યોના વિકારની ઉત્પત્તિ...'** એમ લેવું. **'પોતાના સ્વભાવથી જ...'** એકાંત કહ્યું. કથંચિત્ પરદ્રવ્ય ને કથંચિત્ પોતાનો દોષ, એમ નહિ. (જો એમ કહો) તો અનેકાંત થાય માણસ એમ કહે. કથંચિત્ પોતાથી થાય ને કથંચિત્ કર્મથી થાય તો અનેકાંત થાય. અનેકાંત એ નહિ. પોતાથી થાય ને પરથી જરીએ ન થાય એનું નામ અનેકાંત છે. આહાહા..! મોટો ફેર, ઠેઠથી ફેર. આહાહા..! ખળભળાટ થઈ ગયેલો. બધા પંડિતો 'બંસીધરજી' ને 'કૈલાસચંદજી' ને 'ફુલચંદજી' ને બધા હતા. એક 'ફુલચંદજી'એ કબુલ કર્યું તે દિ' કે, સ્વામીજી કહે છે કે, વિકાર થવામાં નિશ્ચયમાં આમ પાછળ ભાષા લીધી, નિશ્ચયથી વિકાર થવામાં પરદ્રવ્યનું કોઈ કારણ નથી એમ કહે છે, એમ કહ્યું એણે. આહાહા..! નહિતર એ 'વર્ણીજી' થી વિરુદ્ધ હતું છતાં એણે વાત બહાર મૂકી કે સ્વામી એમ કહે છે, કે વિકાર થવામાં નિશ્ચયથી, નિશ્ચયથી પાછું એમ. વ્યવહારથી નહિ. વ્યવહારથી બોલાય એ જુદી વાત છે. યથાર્થથી ખરેખર વિકાર થવામાં પરદ્રવ્ય કાંઈ પણ કામ કરતું નથી. આહાહા..! વાત સાધારણ છે પણ મૂળ વાત છે આ. જૈનમાં કર્મ ગરી ગયું છે, અન્યમાં ઈશ્વર ગરી ગયા, ઈશ્વર કર્તા, આમાં કર્મ ગરી ગયા. જ્યાં હોય ત્યાં કર્મને લઈને ભાઈ! મગજ ફરી જાય, કર્મને લઈને આ થાય, કર્મને લઈને આમ થાય એવી જ વાતું કરે બધા.

મુમુક્ષુ :- કર્મને લઈને પૈસા મળે ...

ઉત્તર :- પૈસા કર્મને લઈને મળતા નથી. એ તો પરમાણુના પૈસા ઉપાદાન તરીકે ત્યાં આવવાના એને કારણે આવ્યા. ત્યારે પૂર્વના પુણ્યને નિમિત્ત કહેવામાં આવ્યું. નિમિત્તે લાવ્યા નથી, નિમિત્ત પૈસાને ખેંચીને લાવ્યા નથી. આહાહા..!

અન્ય દ્રવ્ય, અન્ય દ્રવ્યને કાંઈ પણ કરતું નથી. એનો અર્થ શું થયો? એ..ઇ..! આ પૈસા પુણ્યને લઈને નથી આવ્યા, એમ કહે છે. છતાં ભાઈએ તો એમ લખ્યું છે, પુણ્યને લઈને નિમિત્તથી કહો પણ પોતે મળ્યું છે એ પાપ છે, પાંચમો પરિગ્રહ છે. જેમ હિંસા પાપ, જૂઠુ, ચોરી, વિષય એમ પરિગ્રહ પાપ છે. આહાહા..! પૂર્વના પુણ્યથી મળ્યું એમ કહેવું એ તો નિમિત્તના કથન છે. કોઈ દ્રવ્ય કોઈના કારણે જરીએ કાંઈ થાય એ વાત જૈન સિદ્ધાંતમાં ત્રણકાળમાં નથી. આહાહા..! કહો, સમજાય છે?

એક દ્રવ્ય બીજાની પર્યાયને નિર્વિકારી કે વિકારી, ભાઈ! સમકિત ઊપજે ત્યારે એ મિથ્યાત્વનો, કર્મના દર્શનમોહનો નાશ થાય છે ત્યારે ઊપજે છે કે, એમ પણ નથી. આહાહા..! ચારિત્રમોહનો નાશ થાય માટે ચારિત્ર યથાખ્યાતચારિત્ર થાય (એમ નથી). કાલે આવ્યું નહોતું? ઘાતિકર્મનો નાશ થઈ કેવળજ્ઞાન ઊપજે છે. તરત માથે આવ્યું હતું. એ તો નિમિત્તના કથન છે. એ કળશના માથે આવ્યું છે. છે? **'ઘાતિકર્મનો નાશ થઈ...'** અહીં આ પકડે. પણ એ તો નિમિત્તનું કથન કર્યું છે, છે પંડિતજી? એ તો બધા લખાણ ઘણે ઠેકાણે આવે. પણ ત્રણકાળમાં છએ દ્રવ્યની જે પર્યાયની ધારા છે તે ધારામાં ફેરફાર જરીએ થાય નહિ. બીજું દ્રવ્ય જરીએ એની પર્યાયની ધારાવાહીમાં ફેરફાર કરી શકે નહિ. આહાહા..! હજી સત્ય શું છે એના ઠેકાણા ન મળે એને ધર્મ થઈ જાય? સત્યનું સ્વરૂપ કઈ રીતે છે એની ખબરું ન મળે અને સત્યને અસત્યમાં ખતવી નાખે અને એને ધર્મ થાય? જરીએ ધર્મ ન થાય, અધર્મ થાય. મિથ્યાશ્રદ્ધાને લઈને અધર્મ થાય. ગજબ વાત છે પ્રભુ! આહાહા..!

ત્યારે અમે આ બધા માનતા હતા કર્મને એ બધા અમે મિથ્યાદૃષ્ટિ? ભાઈ! વસ્તુ સ્થિતિ જુઓને. જે દ્રવ્યની પર્યાય ધારાવાહી પર્યાય વહે છે, એ ક્રમબદ્ધ કહો કે ધારાવાહી કહો... આહાહા..! તે પર્યાયમાં પરદ્રવ્ય કિંચિતમાત્ર પણ મદદગાર નથી. તે પર્યાયમાં પરદ્રવ્ય એટલે એ કર્મ, નોકર્મ અને પાંચ ઇન્દ્રિયના ભોગ-વિષય. સ્ત્રીનું શરીર આત્માને રાગ કરાવે કે, એ ત્રણકાળમાં નહિ, એમ કહે છે. આહાહા..! એ વિષયમાં જે રાગ થાય છે તે શરીર એનું દેખીને એને શરીર છે એમાં એ શરીરને લઈને રાગ થાય છે (એમ) બિલકુલ નહિ. આહાહા..! એ પાંચ ઇન્દ્રિયના ભોગમાં ગયું. પાંચ ઇન્દ્રિયના ભોગ-શીખંડ ને પુરી પડી થાળીમાં એણે-શીખંડ ને પુરીએ એને રાગ ઉપજાવ્યો, રોટલી કરતાં શીખંડ ને પુરી આવી, પતરવેલીયા આવ્યા ઘીમાં તળેલા, દૂધપાક આવ્યો, પતરવેલીયા સમજો છો? અળવી, અળવી પાનના થાય ને કટકા? ચણાના લોટ નાખીને કટકા કરે, એ ચીજ આત્માને રાગ ઉપજાવે

(એમ) ત્રણકાળમાં નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! સાંભળ્યું હતું કોઈ દિ'? સાંભળ્યું નહોતું. આહા..!

મુમુક્ષુ :– આવું સાંભળવાનું જ મળતું નથી, ત્યાં તો ખોટું સાંભળવા મળે.

ઉત્તર :– આહાહા..! ઇ પરંપરા તૂટી ગયેલી. કર્મને લઈને થાય, કર્મને લઈને થાય એ જ વાત લોકોમાં હતી. જૈન એટલે ઈશ્વરને ન માને. ઇ તો કર્મને લઈને થાય. આહાહા..! એટલે જૈનનો ઈશ્વર કર્મ. આહાહા..!

અહીં કહે છે, '**સર્વ દ્રવ્યોની...**' એટલે પર્યાયની. '**ઉત્પત્તિ...**' પર્યાય '**પોતાના સ્વભાવથી જ...**' પર્યાયના સ્વભાવથી જ. વિકાર કે અવિકાર એ પર્યાયનો સ્વભાવ છે. એ ધારાવાહી જે સમયે ક્રમબદ્ધ થવાનો તે થાય છે. '**અંતરંગમાં...**' એ અંતરંગમાં એટલે એની પર્યાયમાં. બાહ્યને લઈને નહિ ને બાહ્યમાં નહિ. એની પર્યાયમાં અત્યંતપણે '**પ્રગટ પ્રકાશે છે.**' સાધારણ પ્રગટ પ્રકાશે છે એમ નથી કહ્યું. એની જ પર્યાય પોતામાં અત્યંત પ્રગટ થઈને પ્રકાશે છે. આહાહા..! ભલે કહે છે કે, મિથ્યાત્વ થાય કે રાગ-દ્વેષ થાય. આહાહા..! પણ અત્યંત પ્રગટપણે તે પર્યાયમાં પોતાને લઈને પ્રગટ થાય છે. એ પોતાની પર્યાયનો એ સ્વભાવ છે તે સમયનો, તે સમયનો. બીજા સમયનો બીજો. આહાહા..! સમજાય છે? આકરી વાત છે.

આ કર્મને લઈને ન થાય એ વાત જૈનમાં બહુ મુશ્કેલી (કરે છે). મોટા પંડિતો ગોથા ખાઈ ગયા છે. આહાહા..! જે હોય તે એ કહે. ત્યાં વાત થઈ કે નહિ. પછી એમને એવું લાગ્યું કે, આ તો આહાહા..! આ તો મૂળમાં ભૂલ્યા. કર્મને લઈને વિકાર ન થાય, એ મૂળમાં ભૂલ્યા. તેથી એક કાગળ પાછો 'કલકત્તા' લખ્યો. શેઠ 'શાહુપ્રસાદ' 'શાંતિપ્રસાદ' ઉપર કાગળ લખ્યો કે પૂછો જઈને વિકાર કેમ થાય? ઇ ના પાડે છે કર્મને લઈને. પણ એમ નથી. 'ગજરાજજી' છે ને? 'ગજરાજજી', હતા ને 'ગજરાજજી'? ઇ 'ગજરાજજી' ને ન્યાં આહાર હતો. આહાર કરીને બેઠા અને શેઠ કાગળ લઈને આવ્યા. 'ઇસરી' થી કાગળ આવ્યો છે કે, આ પ્રમાણે વિકાર જો પોતાથી થાય તો સ્વભાવ થઈ જાય. માટે કર્મને લઈને ન થાય એમ કહો છો તે વિરુદ્ધ છે. કીધું, જવાબ દઈ દીધો છે, ઉઠો. ન્યાં 'ઇસરી' માં જવાબ દઈ દીધો છે, કીધું. આહાહા..! અરે..રે..! શું થાય? એ ચીજ કોઈ કોઈથી દઈ શકે એમ છે? કોઈથી સમજાવી શકાય એમ છે? સમજાવી શકાય એમ છે? તો તો એક દ્રવ્યએ બીજા દ્રવ્યને સમજાવ્યું. આ એક દ્રવ્ય બીજાને કાંઈ ઉપજાવતું નથી. સમજાવનારને લઈને પેલો સમજે છે (એમ) કિંચિત્ નહિ. આહાહા..! આ પુસ્તક ને પાના રચાણા માટે કાંઈક આત્મામાં જ્ઞાન થાય, પુસ્તક પાના ન રચાણા (હોત) તો ન થાત. 'પંડિતજી'! એમ નથી. અન્ય દ્રવ્ય કાંઈ ન કરે એમાં આ બધું આવ્યું કે નહિ? પુસ્તક ને પાના આવ્યા નહિ? આહાહા..! જીવને શુભ કે અશુભભાવ...

મુમુક્ષુ :– આપના ઉપદેશથી સમજાય છે.

ઉત્તર :– ઇ વાત જ નથી, એમ કહે છે.

તમારી પર્યાયની યોગ્યતાથી ત્યાં થાય છે, આ શબ્દ તો નિમિત્ત છે. નિમિત્ત હો પણ નિમિત્તથી થાય નહિ. આહાહા..! 'પંડિતજી'! આહાહા..! અરે..! અરે..! અહીં જ જ્યાં અટકે એને વિકારને ઓળંગીને અંતરમાં જાવું છે. વિકાર પોતે સ્વતંત્ર જો કરતો હોય તો તેને ઓળંગીને, નાશ કરીને અંદર જાય પણ કર્મથી થાતો હોય તો એ કર્મ ખસે ત્યારે વિકાર જાય, આત્માના હાથમાં તો રહે નહિ કાંઈ. આહાહા..! અધર્મ કરવો આત્માના હાથમાં રહે નહિ કારણ કે કર્મને લઈને, હવે ધર્મ કરવો આત્મામાં રહે નહિ. કારણ કે, અધર્મ કર્મને લઈને થાય ત્યાં સુધી ધર્મ થઈ શકે નહિ. આહાહા..! બરાબર છે? આહાહા..!

શ્લોક બહુ ઊંચો છે. કારણ કે, હવેની ગાથા આવશે એનો આ ઉપોદ્‌ઘાત છે. **'કારણ કે સર્વ દ્રવ્યોની...'** પહેલાં ગુણ લીધા હતા, તો એ પર્યાય લેવી. કોઈ વખતે ગુણને પર્યાય પણ કહે. સહવર્તી પર્યાય અને ક્રમવર્તી પર્યાય એમ પણ શાસ્ત્રમાં આવે છે. સહવર્તી પર્યાય એ છે તો ગુણ પણ એને પર્યાય તરીકે કહે અને ક્રમવર્તીને પર્યાયવર્તી કહે. કોઈ વખતે ગુણને જ્યારે પર્યાય તરીકે કહે ત્યારે પર્યાયને ગુણ તરીકે કહે. અહીં પર્યાયને ગુણ તરીકે કીધું. આહાહા..! દ્રવ્ય તરીકે કીધું અહીં તો. ગુણ ને પર્યાયને એ રીતે કીધું. કઈ અપેક્ષા છે? પકડી રાખે કે, આ ઠેકાણે આમ લખ્યું છે. એનો આશય ન સમજે.

આ તો સિદ્ધાંત છે, વીતરાગની વાણી છે, બાપુ! ત્રણલોકનો નાથ એની દિવ્યધ્વનિ કહેવી એ પણ વ્યવહાર છે. એ વાણી ભગવાનની છે એમ કહેવું એ વ્યવહાર છે. વાણી વાણીને કારણે નીકળે છે, કાંઈ ભગવાનને કારણે નીકળતી નથી. ભગવાન તો નિમિત્ત છે. નિમિત્તથી પરમાં કાંઈ થાય? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ ઉપજાવતું નથી. ભગવાનનું કેવળજ્ઞાન વાણીને ઉપજાવતું નથી. આહાહા..! અને એ વાણી સાંભળનારને જ્ઞાન ઉપજાવતું નથી. આરે..! આ તો બધું... બાપુ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વસ્તુની સ્થિતિ ને વસ્તુનો સ્વભાવ જ આવો છે. ભલે કહેવામાં આવે, નિમિત્તથી બોલવામાં આવે છતાં નિમિત્તથી કાંઈ ન થાય. જે થાય પોતાની યોગ્યતા ને લાયકાત ને ધારાવાહીની પર્યાયમાં આવવાની હોય તે આવે છે. આહાહા..! **'અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે.'**

**ભાવાર્થ :– 'રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે.'** ઠીક! બીજે ઠેકાણે રાગ-દ્વેષ પુદ્‌ગલ કીધા છે, પુદ્‌ગલ. રાગ-દ્વેષ પુદ્‌ગલના પરિણામ અને પુદ્‌ગલ. ૭૫-૭૬ ગાથા. એથી 'મનોહરલાલજી'એ પ્રશ્ન કર્યો'તો 'મનોહરલાલ વર્ણી' ત્યાં આવ્યા હતા. ક્યાં? 'જયપુર' આવ્યા હતા ને એ પ્રશ્ન કર્યો કે, આ રાગ-દ્વેષને પુદ્‌ગલ કેમ કહ્યા? કીધું, ભાઈ! એ નીકળી જાય છે, એ કાયમની ચીજ નથી માટે પોતે નિમિત્તને આધીન થયેલો એથી નિમિત્તને આધીનથી એટલે બેયને કાઢી નાખ્યા, બેય નિમિત્તમાં કાઢી નાખ્યા. નિમિત્તને આધીન પોતે થાય છે, નિમિત્ત આધીન કરતું નથી પણ પોતે આધીન થાય છે માટે નિમિત્તને આધીન બેયને પુદ્‌ગલના કહીને કાઢી નાખ્યા, સ્વભાવદૃષ્ટિ કરાવવા. આહાહા..! સમજાણું કાંઈ? એણે માન્યું હતું તે

દિ' પણ ઉદ્દેશિક આહારનું પૂછ્યું એ ન માન્યું. આ માન્યું. ઉદ્દેશિક આહાર માટે શું? લોકો કરે એની માટે એમાં આ લેનારને શું? એમ. કીધું, કરે છે એ લે છે એની અનુમોદન કોટિ તૂટે છે. ભલે કરે નહિ, કરાવે નહિ પણ લે એ અનુમોદન કોટિ તૂટે છે. (તેથી) નવ કોટી તૂટી જાય છે, નવ કોટી રહેતી નથી એને. એને માટે કરે છે ખબર છે કે, આ લીધું મારે માટે કર્યું પાણી. અહીં દસ શેર પાણી ક્યાંથી હતું? એ અનુમોદે છે. આહાહા..! વીતરાગનો માર્ગ ભાઈ! બાપુ! આમ છે. વીતરાગના વિરહે ઉદ્દેશિકની વ્યાખ્યા એવી કરવી કે, લોકો એની મેળે કરે એમાં લેનારને શું? એ વ્યાખ્યા ન થાય. આહાહા..!

એ પ્રશ્ન તો મારે (સંવત) ૧૯૬૯ માં થયેલો. દીક્ષા લીધા પહેલાં, દીક્ષા લીધા પહેલાં થયો હતો. અપાસરો સાધુ માટે કરે અને વાપરે તો નવ કોટી મન, વચન ને કાયા, કરવું, કરાવવું અને અનુમોદન (એમાં) કઈ કોટિ તૂટે? એમ ગુરુને પૂછ્યું હતું મેં. ૬૯, ૭૦ પહેલાં દીક્ષા લીધા પહેલાં. ગુરુએ તો ગોટા વાળ્યા. કો'કે કર્યું એમાં આને શું? તારા ભાઈએ તારા માટે મકાન કરાવ્યું અને તું રહે એમાં તારે શું? હું કાંઈ બોલ્યો નહિ. મનમાં હતું કે, અનુમોદન છે. પાઠ છે 'દશવૈકાલિક' ના આઠમા અધ્યાયમાં. 'દશવૈકાલિક' તે દિ' દીક્ષા લીધા પહેલાં મોઢે કરેલું. શ્વેતાબંરની 'દશવૈકાલિક' છે. આઠમાં અધ્યાયમાં એવું છે કે, એને માટે કરેલું હોય તો અનુમોદન છે. કરેલું લે તો એ અનુમોદન એને છે. આહાહા..! અહીં તો ભાઈ! સત્ય હશે તો બેસશે, નહિ હોય તો અમે કોઈનું માનતા નથી. કોઈ સંપ્રદાયનું, કે કોઈનું. સત્ય શું છે? આહાહા..!

અહીં એ કીધું, '**રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે.**' ભાષા દેખો! હવે એક બાજુ રાગ-દ્વેષ પુદ્‌ગલ કહે. આહાહા..! આમાં એવી ગાથા આવે છે કે, જુના કર્મ નવા કર્મને આવવાનું કારણ છે. જુના કર્મ વ્યાપક છે નવા કર્મ વ્યાપ્ય–એનું કાર્ય છે. એવું આવે છે આમાં. ઇ કઈ અપેક્ષાએ? એને સ્વભાવમાં નથી એથી નવા કર્મ આવવાનું કારણ જુના કર્મ છે. અને એ જુના કર્મને પાછું નિમિત્ત કારણ વિકાર પોતે છે. આહાહા..! એક ન્યાય પણ ફરે તો તત્ત્વ ફરી જાય, આખી વાત (ફરી જાય). અહીં રાગ-દ્વેષ મિથ્યાત્વ ચેતનના જ પરિણામ. ચેતનના જ જોયું? કથંચિત્ ચેતનના ને કથંચિત્ કર્મના એમ નથી કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં તો ઉભય કારણવશાત આવે છે.

ઉત્તર :– કારણ ઉભયમાં એક નિમિત્ત બતાવે, જ્ઞાન કરાવવા. થાય નહિ. કળશ 'જયસેનાચાર્ય'ની ટીકામાં લખ્યું છે કે, વિકાર બેથી થાય. જેમ પુત્ર, સ્ત્રી ને પુરુષ બેથી થાય એમ વિકાર કર્મ ને આત્મા બેથી થાય, એવું લખ્યું છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, નિમિત્ત કોણ છે ઇ. નિમિત્તને અડતું નથી પરદ્રવ્ય. એક દ્રવ્ય પરદ્રવ્યને અડે જ નહિ. આહાહા..! ઇ એને કરાવે બિલકુલ વાત જૂઠી છે. '**રાગદ્વેષ ચેતનના જ પરિણામ છે.**' જીવના પરિણામ છે. આહાહા..!

મુમુક્ષુ :– બીજે ઠેકાણે એને પુદ્ગલના પરિણામ કીધા.

ઉત્તર :– ઇ કીધું ને, બીજે પુદ્ગલ પુદ્ગલ કીધા છે. પુદ્ગલના પરિણામ તો ઠીક પણ પુદ્ગલ (કીધા છે). એ કાઢી નાખવા માટે. આહા..! એનાથી થાતું નથી. આહાહા..!

**'અન્ય દ્રવ્ય આત્માને રાગદ્વેષ ઉપજાવી શકતું નથી; કારણ કે, સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ (દ્રવ્ય એટલે પર્યાય) પોતપોતાના સ્વભાવથી જ થાય છે,...'** લ્યો! અહીં સ્વભાવ લીધો. **'પોતપોતાના સ્વભાવથી જ થાય છે,...'** વિકાર પણ સ્વભાવથી થાય છે. આહાહા..! સ્વ-ભાવ એમ. સ્વ એટલે પોતાના ભાવ અને પર્યાયથી થાય છે. આવું છે, બાપુ! મોટો વિરોધ કર્યો'તો. 'કલકત્તે' વિરોધનો શેઠ ઉપર કાગળ આવ્યો. કીધું, જવાબ આપ્યો છે ત્યાં. કર્મથી વિકાર થતો નથી, જવાબ આપ્યો છે. આહાહા..!

**'કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથી જ થાય છે,...'** ઉત્પત્તિ દ્રવ્યની એટલે પર્યાયની. **'સ્વભાવથી જ...'** વિકાર અને અવિકાર બેય સ્વભાવ લીધો. સ્વ એટલે પોતાનો ભાવ, પોતાની પર્યાય. **'અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણપર્યાયોની ઉત્પત્તિ થતી નથી.'** આહા..!

શ્રોતા :– પર્યાયને કરે નહિ પણ જાણવાનું કામ તો કરે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જાણવાનું કામ પર્યાય કરે. દ્રવ્ય-ગુણ છે, દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે. કાર્ય તો પર્યાયમાં હોય છે. ત્રિકાળ એ તો કારણ છે. એની શક્તિ કહેવાય. સ્વ-પરપ્રકાશક શક્તિ ત્રિકાળ પણ ઇ સ્વ-પરપ્રકાશક શક્તિ. સ્વ-પરપ્રકાશકનું પરિણમન–પર્યાય એ નહિ. આહા..હા..! ત્યાં પણ પ્રશ્ન થયો હતો. 'કુરાવડ'માં તમે હતા ? પ્રશ્ન થયો હતો. ઘણાં માણસો હતા ને ! 'દિલ્હી'થી ભાઈ આવ્યા હતા ને ? 'દિલ્હી'થી 'પ્રકાશચંદ્ર હિતેષી' 'દિલ્હી'થી આવ્યા હતા એણે પ્રશ્ન કર્યો હતો, આ જે જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે એ શું ચીજ છે ?

લક્ષણ કહ્યું છે એ બે પ્રકારે. એક તો ત્રિકાળી જ્ઞાનને લક્ષણ કહીને આત્મા લક્ષ બતાવ્યો છે કે જે ધ્રુવ છે. 'નિયમસાર'માં ત્રિકાળી જ્ઞાન ધ્રુવ તેને લક્ષણ, આત્મા લક્ષ એટલું સમજાવ્યું છે પણ તે લક્ષણ અને લક્ષને સમજી કોણ શકે ? - પર્યાય, જ્ઞાનની પર્યાય તે એનું ખરું લક્ષણ છે. કે જે પર્યાયમાં લક્ષણ જે છે જ્ઞાન ત્રિકાળ, ત્રિકાળી લક્ષણ અને ત્રિકાળી વસ્તુ તેનું લક્ષ. એનો નિર્ણય કરે છે લક્ષણ એ તો પર્યાય. 'કુરાવડ'માં મોટો પ્રશ્ન ચાલ્યો હતો. 'જમકલાલજી' ! માણસો ઘણું દસ-દસ, બાર હજાર માણસો વ્યાખ્યાનમાં (આવતા હતા) અને એ લોકોની વ્યવસ્થા પણ ઘણી. પંદર પંદર હજાર માણસોના જમણની રસોઈ. દિગંબરો બધા એકઠા (થયેલા).

(ગુરુ કહાન દ્રષ્ટિ મહાન, ભાગ-૧, પૃષ્ઠ સંખ્યા-૧૪૮-૧૪૯)

# ગાથા–૩૭૨

अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ।
तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण।।३७२।।
अन्यद्रव्येणान्यद्रव्यस्य न क्रियते गुणोत्पादः।
तस्मात्तु सर्वद्रव्याण्युत्पद्यन्ते स्वभावेन।।३७२।।

न च जीवस्य परद्रव्यं रागादीनुत्पादयतीति शङ्कयम्; अन्यद्रव्येणान्यद्रव्यगुणोत्पादकरणस्यायोगात्; सर्वद्रव्याणां स्वभावेनैवोत्पादात्। तथाहि-मृत्तिका कुम्भभावेनोत्पद्यमाना किं कुम्भकारस्वभावेनोत्पद्यते, किं मृत्तिकास्वभावेन? यदि कुम्भकारस्वभावेनोत्पद्यते तदा कुम्भकरणाहङ्कारनिर्भरपुरुषाधिष्ठितव्यापृतकरपुरुषशरीराकारः कुम्भः स्यात्। न च तथास्ति, द्रव्यान्तरस्वभावेन द्रव्यपरिणामोत्पादस्यादर्शनात्। यद्येवं तर्हि मृत्तिका कुम्भकारस्वभावेन नोत्पद्यते, किन्तु मृत्तिकास्वभावेनैव, स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात्। एवं च सति मृत्तिकायाः स्वस्वभावानतिक्रमान्न कुम्भकारः कुम्भस्योत्पादक एव; मृत्तिकैव कुम्भकारस्वभावमस्पृशन्ती स्वस्वभावेन कुम्भभावेनोत्पद्यते। एवं सर्वाण्यपि द्रव्याणि स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि किं निमित्तभूतपरद्रव्यान्तरस्वभावेनोत्पद्यन्ते, किं स्वस्वभावेन? यदि निमित्तभूतद्रव्यान्तरस्वभावेनोत्पद्यन्ते तदा निमित्तभूतपरद्रव्याकारस्तत्परिणामः स्यात्। न च तथास्ति, द्रव्यान्तरस्वभावेन द्रव्यपरिणमोत्पादस्यादर्शनात्। यद्येवं तर्हि न सर्वद्रव्याणि निमित्तभूतपरद्रव्यस्वभावेनोत्पद्यन्ते, किन्तु स्वस्वभावेनैव, स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात्। एवं च सति सर्वद्रव्याणां स्वस्वभावानतिक्रमान्न निमित्तभूतद्रव्यान्तराणि स्वपरिणामस्योत्पादकान्येव; सर्वद्रव्याण्येव निमित्तभूतद्रव्यान्तरस्वभावमस्पृशन्ति स्वस्वभावेन स्वपरिणामभावेनोत्पद्यन्ते। अतो न परद्रव्यं जीवस्य रागादीनामुत्पादकमुत्पश्यामो यस्मै कुप्यामः।

---

હવે આ અર્થને ગાથામાં કહે છે :–

કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.

ગાથાર્થ :– [ अन्यद्रव्येण ] અન્ય દ્રવ્યથી [ अन्यद्रव्यस्य ] અન્ય દ્રવ્યને [ गुणोत्पादः ]

ગુણની ઉત્પત્તિ [ न क्रियते ] કરી શકાતી નથી; [ तस्मात् तु ] તેથી (એ સિદ્ધાંત છે કે) [ सर्वद्रव्याणि ] સર્વ દ્રવ્યો [ स्वभावेन ] પોતપોતાના સ્વભાવથી [ उत्पद्यन्ते ] ઊપજે છે.

ટીકા :- વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી; કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે; કેમકે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :-

માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.

એવી રીતે-બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે (અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે) ઊપજતાં થકાં, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે? જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. જો આમ છે તો સર્વ દ્રવ્યો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી, પરંતુ પોતાના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતાં હોવાને લીધે, નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે.

માટે (આચાર્યદેવ કહે છે કે) જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા (-માનતા, સમજતા) નથી કે જેના પર કોપ કરીએ.

ભાવાર્થ :- આત્માને રાગાદિક ઊપજે છે તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો અન્યદ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી, અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે; કારણ કે અન્યદ્રવ્યને અન્યદ્રવ્ય ગુણપર્યાય ઉપજાવતું નથી એ નિયમ છે. જેઓ એમ માને છે-એવો એકાંત કરે છે-કે 'પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે', તેઓ નયવિભાગને સમજ્યા નથી, મિથ્યાદૃષ્ટિ છે. એ રાગાદિક જીવના સત્ત્વમાં ઊપજે છે, પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર

**છે-એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. માટે આચાર્યમહારાજ કહે છે કે-અમે રાગદ્વેષની ઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ? રાગદ્વેષનું ઊપજવું તે પોતાનો જ અપરાધ છે.**

## ગાથા–૩૭૨ ઉપર પ્રવચન

**'હવે આ અર્થને ગાથામાં કહે છે :–'**

**अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ।**
**तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण।।३७२।।**

નીચે હરિગીત.

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.**

આહાહા..! દરેક દ્રવ્ય દરેક સમયે તેના તે તે કાળની પર્યાય છે તે તે પર્યાય વિનાનું એ દ્રવ્ય હોય જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! અને તે પર્યાય બીજાથી થતી નથી. પછી ભલે વિકારી હોય કે, અવિકારી હોય. પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય અને પર્યાય પર વિના થાય છે. આહાહા..! આ નવરાશ આટલું બધું નિર્ણય કરવા કોણ (લ્યે)? વખત ક્યાં લેવો? એક ઠેકાણે પુદ્‌ગલના પરિણામ કહે, એક ઠેકાણે ચૈતન્યના પરિણામ કહે, એક ઠેકાણે પુદ્‌ગલ કહે, એક ઠેકાણે એને જડ કહે. પુણ્ય-પાપને ૭૨ ગાથામાં જડ કીધા છે. કેમકે ચૈતન્ય-ચૈતન્યના પ્રકાશનો એમાં અભાવ છે માટે જડ છે. જડ કાંઈ પરમાણું છે એમ નહિ. અચેતન છે, એમાં ચેતનપણું નથી એ અપેક્ષાએ જડ (કીધાં). રાગ-દ્વેષ કાંઈ પરમાણુ છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– આમાં તો ઘણું ધ્યાન રાખવું પડે.

ઉત્તર :– બહુ, ભાઈ! આ તો વસ્તુ એવી છે. અને આ તો પહેલેથી અંદરથી આવેલી છે. (સંવત) ૧૯૭૧ ની સાલથી. કેટલા વર્ષ થયા? તમારો જન્મ પણ નહિ હોય. ૬૫, ૬૫ થયા. સાંઈઠ ને પાંચ. કીધું ભાઈ! વિકાર છે એ પરથી ઉત્પન્ન થાય (એ) બિલકુલ આપણને માન્ય નથી. ગમે તે સંપ્રદાય કહેતા હોય, ગમે તે પંડિત કહેતા હોય. 'ભગવતી' નું વાંચન ચાલતું હતું. શ્વેતાંબરની 'ભગવતી'. એમાં એ આવ્યું હતું કે, સંશય છે એ પોતાથી થાય છે પરથી નહિ. એ ઉપરથી બહાર મુક્યું હતું. સંશય એટલે મિથ્યાત્વ. ભ્રાંતિ પરથી થતી નથી, પોતાથી થાય છે. એવો 'ભગવતી' ના ત્રીજા શતકમાં પાઠ છે. એ ઉપરથી ચર્ચા (ચાલેલી). આ (શાસ્ત્રો) તો જોયા હતા ક્યાં તે દિ'? આહાહા..!

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.**

ગુણ એટલે પર્યાય. દેખો.. દેખો! સ્વભાવથી ઊપજે. વિકાર પણ સ્વભાવથી ઊપજે એમ આવ્યું કે નહિ? મૂળમાં આવ્યું હતું. '**सव्वदव्वा उप्पज्जंते**' '**दव्वा**' એટલે પર્યાય. '**सव्वदव्वा उप्पज्जंते सहावेण**' સ્વભાવથી ઊપજે છે, એનો સ્વભાવ છે ઇ. પર્યાયનો તે કાળનો તે તે જે તે સમય છે, તે સમયનો તે થાય એ એનો સ્વભાવ છે. આહાહા..! આડો-અવળો ન થાય, આઘો-પીછો ન થાય, પરથી ન થાય. આહાહા..! બહુ નિશ્ચય લેવા જઈએ તો દ્રવ્ય-ગુણથી પણ ન થાય. પર્યાય પર્યાયથી થાય. ષટ્કારકથી પર્યાય પોતાથી ઉત્પન્ન થાય. પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એ 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથા. એ મુકી'તી તે દિ' ત્યાં. ૬૨ મી ગાથા જુઓ, કીધું. ષટ્કારકના પરિણમને વિકારી થાય છે. પોતાના પર્યાયને કર્મ કારક નથી, એમ સંસ્કૃત પાઠ છે. 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા. કર્મ કારક નથી એવો પાઠ છે. પોતાને પર્યાયમાં ષટ્કારકે વિકાર, વિકારની વાત છે, નિર્વિકાર ધર્મની અહીં વાત નથી. પોતાને કારણે થાય. આહાહા..! એ તો અભેદની વાત છે, અભેદની વાત છે એમ કરીને ઊડાડી દીધી. ઠીક! બીજું શું થાય? અભેદની એટલે પોતેપોતાથી થાય ઇ. પરથી નહિ. આહા!

**ટીકા :– 'વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે...'** પરદ્રવ્ય પુણ્ય-પાપ વિકલ્પ... આહાહા..! કષાય ભાવ પરદ્રવ્ય ઉપજાવે છે... આહાહા..! '**એમ શંકા ન કરવી;...**' રાગાદિનો અર્થ કષાય. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, રતિ, અરતિ, વિષય, વાસના બધું એમાં આવ્યું. આદિ છે ને? રાગાદિ દ્વેષ, વિષય વાસના, વેદના ઉદયને લઈને વિષયની વાસના થતી નથી.. આહાહા..! પુરુષ વેદનો ઉદય છે માટે વિષય વાસના થાય છે એમ નથી. આહાહા..!

'**જીવને પરદ્રવ્ય...**' રાગ-દ્વેષ આદિ રતિ, સુખ–પરમાં સુખની કલ્પના પરદ્રવ્ય ઉપજાવતું નથી, એ '**ઉપજાવે છે એમ શંકા ન કરવી;...**' આહાહા..! ભાષા એવી લીધી, જોઇ? કે, કાંઈક પરદ્રવ્ય,... આહાહા..! '**કારણ કે, અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ...**' અન્ય દ્રવ્ય વડે, અન્ય દ્રવ્યની પર્યાયનો ઉત્પાદ. (અહીં) ગુણ એટલે પર્યાય. '**ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...**' ઠીક! અયોગ્યતા છે. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યથી પર્યાય ઉપજે તેવી અયોગ્યતા છે, યોગ્યતા નથી એની. આહાહા..!

'**અયોગ્યતા છે; કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.**' લ્યો! દ્રવ્યોનો એટલે દ્રવ્યની પર્યાયનો. સર્વ દ્રવ્યોનો, અનંત દ્રવ્યોનો એક સમયમાં પોતપોતાના સ્વભાવથી તેનો ઉત્પાદ પર્યાયનો થાય છે. આહાહા..! અત્યારે આ બહુ ફેરફાર છે 'પંડિતજી'! પંડિતમાં ગડબડ મોટી ગડબડ છે. મોટા ભાષણ કરે. આહાહા..! મૂળ વાતમાં ફેર છે.

'**સર્વ દ્રવ્યોનો...**' એટલે એની પર્યાયનો '**સ્વભાવથી જ ઉત્પાદ થાય છે...**' એ પોતાનો

સ્વ-ભાવ, સ્વ પર્યાય એટલે એનો ભાવ. એ વિકાર પણ સ્વ-ભાવ. સ્વ પોતાનો એ જ ભાવ છે પર્યાયનો. કર્મને લઈને વિકાર છે એમ નહિ. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આવું સાંભળ્યું હતું? ગોટા વાળ્યા હશે. ન સમજાય ત્યારે (ગોટા વાળે).

**'સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.'** આહાહા..! અનંત દ્રવ્યનો એક સમયે જે પર્યાય ઉત્પન્ન થાય પોતાથી સ્વભાવથી ઉત્પન્ન (થાય). એનો સ્વ-ભાવ છે. આહાહા..! ચાહે તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય તો સ્વભાવ છે, રાગ ઉત્પન્ન થાય તો સ્વભાવ થયો. આહાહા..! ગ્રહિત મિથ્યાત્વ ઉત્પન્ન થાય તો પણ સ્વભાવ છે, અનાદિનું મિથ્યાત્વ (છે) એ પણ સ્વભાવ છે. આહાહા..!

**'આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :–'** લ્યો! પહેલાં આખો સિદ્ધાંત કહી દીધો કે, અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્યની પર્યાયમાં ઉત્પાદ કરવાની અયોગ્યતા છે, યોગ્યતા જરીએ નથી. પરદ્રવ્યમાં યોગ્યતા,.. આહાહા..! સ્ત્રીના શરીરની યોગ્યતા પુરુષને વિકાર ઉપજાવે? બિલકુલ નહિ, અયોગ્યતા છે. આહાહા..! એમ પુરુષનું શરીર વિકાર ઉપજાવે સ્ત્રીને? બિલકુલ નહિ. આહાહા..! તેમ કોઈ છરાથી માર મારે અને એ વખતે દ્વેષ થાય એ માર મારવાને લઈને છે? બિલકુલ નહિ. આહાહા..! અને એક વખાણ બહુ કરે, પ્રશંસા બહુ કરે અને એને માન ઊપજે એ પ્રશંસાને લઈને બિલકુલ નહિ. આહાહા..! આવો માર્ગ સાંભળ્યો ન હોય એને તો કાંઈનો કાંઈ વખત ચાલ્યો જાય એમાં ને એમાં. આહાહા..! **'આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :–'** વિસ્તાર કહેશે વિશેષ...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૨૨ ગાથા–૩૭૨ શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૧૪, તા. ૨૭-૦૬-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

હિન્દી ચાલશે. ૩૭૨ ગાથા. ટીકા :– **'વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એવી શંકા ન કરવી;...'** ૩૭૨ છે ને? **'વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એવી શંકા ન કરવી;...'** કર્મ આત્માને વિકાર ઉત્પન્ન કરાવે છે એમ કોઈએ શંકા કરવી નહિ. કર્મ આત્માને કદી ત્રણકાળમાં વિકાર ઉત્પન્ન કરાવતા નથી. વિકાર પોતામાં પોતાના પુરુષાર્થની ઊલટી દશાથી પોતામાં, પોતાથી, પોતાને કારણે, પરની અપેક્ષા વિના થાય છે. આહાહા..! પહેલો શબ્દ છે ને?

**'જીવને પરદ્રવ્ય...'** એટલે કર્મ આદિ અથવા બધા. આઠ કર્મ, પાંચ ઇન્દ્રિયોના વિષયો, મન, વચન ને કાયા એ કોઈ ચીજ આત્માને રાગ-દ્વેષ કરાવે છે એવી શંકા કરવી નહિ. એ ચીજ રાગ-દ્વેષ કરાવતી નથી. રાગ-દ્વેષ આત્મા પોતાના અજ્ઞાનભાવે, ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે. આહાહા..! કેમ? કારણ શું છે? બધા એમ કહે છે કે, કર્મને કારણે વિકાર થાય છે, કર્મને કારણે વિકાર થાય છે, એ બધા મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનદર્શનની પ્રતીતિ નથી.

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ એવી પ્રસિદ્ધિ કરે છે કે, કોઈ દ્રવ્ય-તત્ત્વ બીજા દ્રવ્યને કંઈ કરે એમ ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ? રાગ કે દ્વેષ, વિષય વાસના કે મિથ્યાત્વ કર્મ કરાવે છે એમ નથી. પોતાની પર્યાયમાં પોતાના ઊંધા પુરુષાર્થથી થાય છે. 'વિજયભાઈ' આવ્યા છે? 'શેઠી'. અહીં આવો. આજે હિન્દી ચાલે છે. 'દીપચંદજી શેઠિયા' ના દીકરા છે. આહાહા..!

રાગ અને દ્વેષ, કામ અને ક્રોધ, પુણ્ય અને પાપ, દયા અને દાન એ વિકાર છે. એ વિકાર કર્મ કરાવતા નથી. કેમ કે કર્મ બીજું દ્રવ્ય છે, આત્મા જુદું દ્રવ્ય છે. એક દ્રવ્યને બીજું દ્રવ્ય અડતું નથી, સ્પર્શ કરતું નથી. અડતું નથી તો કરે ક્યાંથી? આહા..! દુનિયા એમ જ માને છે કે, વિકાર કર્મથી થાય છે, વિકાર કર્મથી થાય છે. એ મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી. જૈનની એને ખબર પણ નથી.

**'કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...'** ગુણ એટલે પર્યાય લેવી. **'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...'** ગુણ એટલે પર્યાયનો, અવસ્થાનો **'ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...'** આહાહા..! દરેક દ્રવ્યમાં બીજા દ્રવ્યમાં કંઈ કરવાની અયોગ્યતા છે. આહાહા..! કેમ? એમ કેમ છે? **'સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.'** ભગવાને છ દ્રવ્યો જોયા છે. આત્મા, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ અને આકાશ. છએ પદાર્થ પોતાની પર્યાયમાં, પોતાની અવસ્થાના કાળમાં, પોતાને કારણે પર્યાય ઉત્પન્ન કરે છે. બીજાથી એ પર્યાય ઉત્પન્ન થાય એવી વસ્તુની સ્થિતિ નથી. આહાહા..! દૃષ્ટાંત આપશે.

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત છે.

ઉત્તર :- નિશ્ચય કોણ કહે છે? સત્ય વાત આ જ છે. નિશ્ચય સત્ય જ આ છે, બાકી બધું જૂઠું છે. એ અહીંયાં કહેશે. કુંભાર ઘડો કરે છે એ વાત જૂઠ છે. માટીથી પોતાથી ઘડો થાય છે. કુંભાર તો બીજી ચીજ છે. બીજી ચીજ બીજી ચીજને અડે છે? બીજી ચીજ બીજી ચીજને ક્યાં અડે છે તે કરે? આહાહા..! સમજાય છે કાંઈ? આમ વાત છે. પુસ્તક નથી લીધું? ભાઈ!

બે સિદ્ધાંત સિદ્ધ કર્યા. એક તો વિકાર પરદ્રવ્ય ઉપજાવતું નથી. કેમ કે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્યની પર્યાય ઉત્પન્ન કરવાની અયોગ્યતા છે. આહાહા..! **'સર્વ દ્રવ્યોનો...'** છ દ્રવ્ય ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવે જોયા છે. છ દ્રવ્ય, સંખ્યા અનંત. અનંત આત્માઓ,

અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ એમ છ દ્રવ્ય ભગવાન સર્વજ્ઞે જોયા છે. સર્વ દ્રવ્યો સ્વભાવથી ઉત્પન્ન થાય છે. પોતાની જે ક્ષણે જે પર્યાય થાય છે તે પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. વિકાર ઉત્પન્ન થાય તોપણ પર્યાયનો સ્વભાવ છે. પર્યાયનો વિકાર સ્વભાવ છે. કર્મ વિકાર કરાવે છે કે બીજી ચીજ તેને બદલાવી દે છે એ વાત સત્ય નથી, ત્રિકાળ જૂઠ છે. એ જૈનદર્શનને માન્ય નથી. આહાહા..! ક્યાં દરકાર છે? આખો દિ' ધંધો, પાપ. એકાદ કલાક સાંભળવા જાય ત્યાં મારે કૂકર્મ વિકાર કરાવે છે, કર્મ વિકાર કરાવે છે (એ સાંભળે). એટલે એક કલાક લૂંટી લીધો. થઈ રહ્યું. જાઓ! આરામ આખી જિંદગી. આહાહા..!

અહીંયાં કહે છે, **'આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :– માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી...'** માટી છે એ ઘટ-ભાવ, ઘડા-ભાવથી ઉપજતી થકી **'કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના...?'** ઘડો જે માટીથી ઉત્પન્ન થાય છે એ માટીથી ઘડો ઉત્પન્ન થાય છે કે પરથી થાય છે? છે? **'કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના...?'** એ ઘડો કુંભારના સ્વભાવથી ઉત્પન્ન થાય છે? કુંભાર ઘડાનો કર્તા છે? આહાહા..! ગજબ વાત છે. કુંભાર ઘડાનો કર્તા નથી. ઘડાને કુંભાર અડતો નથી. ઘડાની પર્યાય માટીથી પોતામાં પોતાને કારણે ઘડો માટીથી ઉત્પન્ન થાય છે, કુંભારથી નહિ. આહાહા..! ક્યાં દરકાર પડી છે? વીતરાગ શું સત્ય કહે છે? વીતરાગ પરમેશ્વર...

જેમ એ કુંભાર ઘડાનો કર્તા નથી. કેમ કે માટી પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. છે ને? **'જો કુંભારના સ્વભાવથી ઉત્પન્ન થતી હોય...'** ઘડો કુંભારના સ્વભાવથી ઉત્પન્ન થતો હોય **'તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો...'** આહાહા..! કેટલો સિદ્ધાંત મૂક્યો છે! ઘડો જ્યારે માટીથી બને છે ત્યારે કુંભાર અહંકાર કરે છે કે, હું કરું છું. એ મિથ્યાત્વ કરે છે. વણકર કપડું વણે છે એ કપડાનો અહંકાર મિથ્યાત્વ કરે છે, કપડું કરતો નથી. આહાહા..! ચિત્રકાર ચિત્ર બનાવે છે એમ ત્રણકાળમાં નથી. ચિત્ર ચિત્રથી થાય છે. આહાહા..! લિપીકાર, અક્ષર (લખનાર), લિપીકાર લિપીનો કર્તા નથી. આહાહા..! લિપીનો કર્તા લિપી છે. પર પદાર્થ તેનો કર્તા નથી. આહાહા..! વીતરાગની આવી વાત માને કોણ?

અનંત દ્રવ્ય છે. તો અનંત અનંતપણું રાખીને ટકે છે. દરેક દ્રવ્ય પોતાની પર્યાય–અવસ્થા કરે છે તો ટકે છે. પોતાની પર્યાય પરથી થાય તો પોતાનું દ્રવ્ય પર્યાય વિનાનું રહી શકે નહીં. કોઈપણ પદાર્થની પર્યાય–અવસ્થા બીજું દ્રવ્ય કરે તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થયું. તો એક દ્રવ્ય નહિ. એમ અનંત દ્રવ્યનો નાશ થયો. આહાહા..! છે?

**'અહંકારથી ભરેલો...'** આહાહા..! વાણી, લિપી, કપડા, ચિત્રકાર એ વખતે અહંકારથી ભરેલા છે. હું કરું છું, એવો મિથ્યાત્વનો અહંકાર છે. આહાહા..! આવી વાત? જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે અને એમ છે. પ્રત્યેક પદાર્થ પોતાની

પર્યાયથી, પોતાને કારણે ઉત્પન્ન થાય છે. પરથી એ પર્યાય ઉત્પન્ન થાય તો પોતાની પર્યાય વિનાનું દ્રવ્ય રહે તો એ દ્રવ્યનો નાશ થઈ જાય. પર્યાય વિનાનું એ દ્રવ્ય નાશ થઈ જાય. આહાહા..! કોઈ પણ દ્રવ્યની પર્યાય બીજો કરે તો એ પદાર્થની પર્યાય નથી. તો પર્યાય વિનાનું દ્રવ્ય નાશ થઈ જાય. સમજાય છે કાંઈ? ભાઈ! થોડી ઝીણી વાત છે. કદી સાંભળી નથી આવી વાતો. આહાહા..! અમે 'જબલપુર' આવી ગયા છીએ. આહાહા..!

અહીંયાં 'કુંદકુંદાચાર્યદેવ' (કહે છે), '**अण्णदविएण अण्णदवियस्स**' પાઠ છે. એક દ્રવ્યની પર્યાય-અવસ્થા બીજું દ્રવ્ય કદી કરતું નથી. એ સિદ્ધાંત-મુખ્ય પાઠ છે. એ 'કુંદકુંદાચાર્યદેવ'નો પાઠ છે, એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યદેવ' કરે છે. એ કહે છે કે, એક દ્રવ્ય જો બીજા દ્રવ્યનું કરે તો બીજું દ્રવ્ય પર્યાય વિનાનું રહે તો તેનો નાશ થઈ જાય. કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું કદી હોતું નથી. અનાદિઅનંત કાળમાં કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું હોતું નથી. આહાહા..! અને એ પર્યાયનો કર્તા પર કહો તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ ગયું. આહાહા..! એ મિથ્યાદૃષ્ટિ છે, પર્યાય વિનાનું દ્રવ્ય માને એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?એ પર્યાય બીજાથી થાય તો એ પર્યાય વિનાનું (દ્રવ્ય) થયું. આહાહા..! સમજાય છે 'વિજયજી'? ઝીણી વાત છે. વેપારમાં ન્યાં ક્યાંય સાંભળી નથી. 'શેઠિયા' તો આવતા હતા ને, ઘણું આવતા. આ એક વાર નહિ, આ તો ૧૯ મી વાર ચાલે છે. આ 'સમયસાર' સભામાં અક્ષરે અક્ષર ૧૮ વાર ચાલ્યું છે, આ ૧૯ મી વાર ચાલે છે. અહીંયાં જંગલમાં ૪૫ વર્ષ થયા. ૧૮ વાર તો 'સમયસાર' ચાલ્યું છે. આહાહા..! ૪૫ વર્ષની ઉંમરથી આવ્યા હતા. ૪૫ બીજા થયા. ૯૧ વર્ષ થયા, શરીરને ૯૧ થયા. ૯૦ ને ૧. આહાહા..!

અહીંયાં કહે છે, આહાહા..! '**માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો...**' આહાહા..! કોઈ પણ પરચીજની પર્યાય કરવામાં હું કરું છું, એ મહા મિથ્યાત્વ-અહંકાર છે. આહાહા..! અનંત અનંત દ્રવ્ય છે, અનંત અનંત પદાર્થ છે. તો અનંત પદાર્થની પર્યાય પણ અનંતની અનંત છે. પર્યાય-અવસ્થા વિનાનું કોઈ દ્રવ્ય હોતું નથી. તો એ અવસ્થા પોતાથી છે, બીજાથી એ અવસ્થા થતી નથી. આહાહા..! રોટલી સ્ત્રીથી ને તાવડીથી થતી નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ તો કરવો પડે ને?

ઉત્તર :- બિલકુલ નહિ. એ મિથ્યાત્વ-અહંકાર છે. હું આ રોટલીને કરું છું, એ અહંકાર મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી. જૈનની દૃષ્ટિની એને ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અત્યારે તો બધી ગડબડ ચાલી છે એટલે લોકોને આ વાત બેસે નહિ. કપડાનો વણકર કપડાને બનાવતો નથી. કેમ કે કપડું બીજી ચીજ છે, વણકર જુદી ચીજ છે. અન્ય વસ્તુથી અન્ય વસ્તુ થતી હોય એ ત્રણકાળમાં નથી. એ આ ગાથા કહે

છે. 'કુંદકુંદાચાર્યદેવ' ભગવાન પાસે ગયા હતા. 'સીમંધરસ્વામી' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે. ભગવાનની વાણી છે, તીર્થંકરદેવની વાણી છે. આહાહા..!

વણકર કપડાને કરતો નથી, કુંભાર ઘડાને કરતો નથી, ચિત્રકાર ચિત્ર બનાવતો નથી, લિપીકાર લિપી કરતો નથી, રોટીકાર રોટલી બનાવતો નથી.

મુમુક્ષુ :– મોટરનો ડ્રાઈવર?

ઉત્તર :– મોટરનો ડ્રાઈવર મોટરને ચલાવતો નથી. આ પાગલ જેવું લાગે. લોકો પાગલ છે, લોકોને સત્યની ખબર નથી. સત્ય શું છે? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ...

મુમુક્ષુ :– પણ મોટર પેટ્રોલ વિના કેમ ચાલે?

ઉત્તર :– પેટ્રોલ વિના મોટર ચાલે છે. એક પદાર્થને બીજો પદાર્થ મદદ કરે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. આહાહા..!

મુમુક્ષુ :– 'સોનગઢ' ની મોટર પેટ્રોલથી ન ચાલે.

ઉત્તર :– હા, ન ચાલે. એમ કહે છે. 'સોનગઢ' ની મોટર જ નથી, 'સોનગઢ' જ નથી. આહાહા..! મોટર પણ અનંત પરમાણુનો સ્કંધ છે. તો અનંત પરમાણુના સ્કંધમાં પ્રત્યેક પરમાણુ પોતાની પર્યાયનો કર્તા છે. બીજાથી બીજાની પર્યાય થાય છે એમ ત્રણકાળમાં નથી. આહાહા...! ધર્મ કરવો અને વસ્તુ શું છે તેની ખબર ન મળે. ધૂળેય ધર્મ થતો નથી. ધર્મ વિના ચાલ્યો જાય. નરક અને ચાર ગતિમાં રખડે. આહાહા..! કહ્યું ને?

ઘડો કુંભારના સ્વભાવથી ઉપજતો હોય તો, **'અહંકારથી ભરેલો પુરુષ...'** કુંભાર અહંકારથી ભરેલો છે, હું ઘડો બનાવું, હું માટીનું આમ બનાવું, હું કોડિયા બરાબર બનાવું. આહાહા..! એ અહંકાર છે. એ અહંકાર મિથ્યાત્વ છે. કેમ કે એનાથી બનતું નથી. એ ચીજ પોતાની પર્યાયથી બને છે અને આ કહે કે, મારાથી બને છે તો એનું નામ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એ જૈન નથી. જૈનની એને ખબર નથી. ભાઈ! ઝીણી વાત છે. 'જબલપુર'થી આવ્યા છે, તેથી હિન્દી લીધું.

એક તત્ત્વ બીજા તત્ત્વને અડતું નથી, ઇ કહેશે. **'અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ,...'** શરીરને આકારે ઘડો થવો જોઈએ, જો કુંભાર ઘડો કરતો હોય તો. ઘડો તો માટીના આકારે થાય છે. માટીના સ્વભાવથી અને માટીના આકારે થાય છે. કુંભારનો અહંકાર અને શરીર ત્યાં પેસતા નથી. આહાહા..! 'વજુભાઈ'!

મુમુક્ષુ :– રસોઈયો હોય એ રોટલી કેવી કરે અને દીકરી હોય એ કેવી કરે?

ઉત્તર :– કોણ બનાવે છે રોટલી? રોટલી શું પાપડ બનાવતા નથી, રોટલી બનાવતા નથી. શું કહે છે એ? વડી. શું કીધું ઇ? વડી.. વડી. વડી બનાવતા નથી. આ રોટલા બનાવતા

નથી, તાવડી બનાવતા નથી, અગ્નિ તાવડીને અડતી નથી, તાવડી રોટલીને અડતી નથી. તાવડી સમજ્યા? તવો એને અડતી નથી અને એ તાવડી રોટલાને અડતી નથી. ભિન્ન ભિન્ન પદાર્થ છે. આહાહા..! 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :– એમ ને એમ બની જાય છે?

ઉત્તર :– તત્ત્વ–પદાર્થ છે કે નહિ? પદાર્થ છે તો એની અવસ્થા થાય છે કે નહિ? અવસ્થા વિનાનું દ્રવ્ય રહે છે? કોઈ પણ પદાર્થ પોતાની પર્યાય–અવસ્થા વિના દ્રવ્ય રહે છે? તો એની અવસ્થા બીજો કરે તો એણે પોતે શું કર્યું? અહંકાર કર્યો, મિથ્યાત્વ કર્યું, મિથ્યાત્વ. આહાહા..! મેં પુસ્તક બનાવ્યું અને પુસ્તકના નામથી મારું નામ પ્રસિદ્ધ થશે. એ બધું મિથ્યાત્વ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે નામ પ્રસિદ્ધ થશે. નામ તારું છે જ નહિ. નામ શરીરનું છે, આત્માનું નામ નથી. 'પંડિતજી'! આહાહા..! મારું નામ તો રહેશે. પાંચ-પચીસ હજાર દઉં તો નામ રહેશે. પણ પૈસા આપી શકતો નથી. અહીં તો એમ કહે છે. બીજું દ્રવ્ય એ પૈસા આપી શકતું નથી, પૈસા લઈ શકતું નથી. પૈસાની પર્યાય પોતાથી જાય છે અને પોતાથી ટકે છે. આહાહા..!

દરેક પદાર્થ પર્યાય વિનાનું હોતું નથી, અવસ્થા વિનાનું હોતું નથી તો બીજું દ્રવ્ય એની અવસ્થા કેમ કરે? બે દ્રવ્ય ભેગા મળી અવસ્થા કરે? એ 'સમયસાર' માં પહેલા આવી ગયું છે કે, બે દ્રવ્ય ભેગા મળીને કરે તો એ દ્વિક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ૮૫ ગાથા. ૮૫ માં આવી ગયું છે. એક દ્રવ્યની ક્રિયા અને બીજા દ્રવ્યની ક્રિયા, એક દ્રવ્ય બે દ્રવ્યની ક્રિયા કરે તો દ્વિક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે, જૈન છે જ નહિ. આહાહા..! આવી વાત છે.

ચશ્માને બનાવતો નથી. આત્મા ચશ્માને નાક ઉપર લઈ શકતો નથી. આ હાથને આત્મા અડતો નથી. આ તો જડ માટી–ધૂળ છે, ધૂળ છે. પ્રભુ તો ચૈતન્ય અરૂપી છે. આ રૂપી છે. અરૂપી રૂપીને અડતું નથી. એક રૂપી બીજા રૂપીને અડતું નથી. આહાહા..! આવી વાત છે, ભાઈ! પાગલ જેવું લાગે. દુનિયા પાગલ છે. સત્ય વાત વીતરાગ (કહે છે).

મુમુક્ષુ :– આ મકાન થાંભલા ઉપર ઊભું છે કે એમ ને એમ?

ઉત્તર :– કોઈ થાંભલેથી રહ્યું નથી. આ થાંભલાથી મકાન નથી રહ્યું. મકાન પોતાને કારણે રહ્યું છે.

મુમુક્ષુ :– કડિયાની મહેનત તો મફતમાં જાય.

ઉત્તર :– કડિયા-બડિયા કરતા નથી. કડિયા સમજો છો? કડિયો–કારીગર. મકાનના કારીગરે મકાન બનાવ્યું છે એમ બિલકુલ નહિ. આ પાટ ઉપર પુસ્તક ઉભું છે, એમ નથી. પાટ ઉપર શરીર બેઠું છે, એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– કાંઈક ગળે ઊતરે એવી રીતે સમજાવો.

ઉત્તર :– આ ગળે ઊતરે, આ જ ગળે ઊતરે એવું છે. એક દ્રવ્યની પર્યાય.. એ ગળે ઊતરે. બીજું દ્રવ્ય કરે નહિ, એ ગળે ઊતરે. લાખ વાતની વાત. 'છ ઢાળા' માં આવે છે ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ, નિજ આતમ ધ્યાવો.' આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ, એ આનંદ ને જ્ઞાનનું ધ્યાન કરો તો ધર્મ છે. બાકી રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કરે તોપણ ધર્મ નહિ. આહાહા..! રાગ અને વિકારને કર્મ અડતા નથી અને ધર્મની પર્યાયને વિકાર અડતો નથી. આહાહા..! ભારે આકરી વાત. એ કહે છે.

**'અહંકારથી ભરેલો...'** આ શબ્દ (છે). પ્રત્યેક પદાર્થની જ્યારે જ્યારે પર્યાય થાય છે ત્યાં વ્યવસ્થિત બેઠેલો માણસ એમ માને કે આ મારાથી બને છે. એ બધે ઠેકાણે મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. આહાહા..!

મુમુક્ષુ :– ટપાલ તો લખાય ને?

ઉત્તર :– ટપાલ-બપાલ લખી શકતો નથી. આ કપડા પહેરી શકે નહિ. કપડાની આ પાટલી છે ને? કપડાની પાટલી બનાવી શકે નહિ. પાટલી સમજાય છે? સરખી કરે છે ને?

મુમુક્ષુ :– ... કપડા ઊતારો.

ઉત્તર :– ઊતારી શકે નહિ. એ જડની પર્યાય એને કારણે ઊતરે છે.

મુમુક્ષુ :– 'ઉદેપુર' વાળા આવ્યા હતા 'ચાંદમલજી' ત્યારે ઝઘડો થયો હતો..

ઉત્તર :– કપડા ઊતારી શકે, એ વાત ચાલી હતી. ભગવાન દીક્ષા લે છે ત્યારે કપડા ઊતારે છે. કીધું, એ કથન છે. કપડા એની મેળાએ છૂટી જાય છે, એની મેળાએ છૂટી જાય છે.

કોઈ દ્રવ્યનું કોઈ દ્રવ્ય કાંઈ કરી શકે, એ ત્રણકાળ ત્રણલોકમાં નહિ. એમ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવ કેવળી પરમાત્મા અનંત તીર્થંકરો, અનંત તીર્થંકરોનો દિવ્યધ્વનિ આ છે કે, દિવ્યધ્વનિ પણ મારાથી થઈ નથી.

મુમુક્ષુ :– ક્યારથી આવું ચાલે છે?

ઉત્તર :– ભાષામાંથી વાણી નીકળે છે.

મુમુક્ષુ :– ભાવ અનાદિથી ચાલે છે કે નવું છે?

ઉત્તર :– અનાદિથી આની આ વાત છે. નવી વાત નથી.

મુમુક્ષુ :– મુનિપણું કેમ ધારણ કરે છે?

ઉત્તર :– મુનિપણું ક્યાં છે? મુનિ કોને કહેવા? હજી તો દર્શનની ખબર નથી. એક તત્ત્વ બીજાનું કરી શકે છે એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં મુનિ છે ક્યાં?

મુમુક્ષુ :– મુનિપણા વિના તો મોક્ષ થતો નથીને?

ઉત્તર :– પણ મુનિપણું કોને કહેવું?

મુમુક્ષુ :- આગમ તો તે જ કહે છે ને કે મુનિપણું ધારણ કર્યા વિના મોક્ષ તો થતો નથી.

ઉત્તર :- એ વાત સાચી છે.

મુમુક્ષુ :- સાચી વાત છે તો મુનિપણું ક્યારે હોય છે ?

ઉત્તર :- મુનિપણું તો પહેલા સમ્યગ્દષ્ટિ થાય છે, હું કોઈ ચીજનો કર્તા નથી, એક રજકણનો પણ કર્તા નથી, હું પરની દયા પાળી શકતો નથી, મારા અનુભવમાં આનંદ છે, એવા આનંદનો અનુભવ થાય (પછી મુનિ થાય).

મુમુક્ષુ :-

ઉત્તર :- રાગની ઉત્પત્તિ કર્મથી થાય છે, આત્માથી નહિ. એ વાત તો ચાલે છે. આત્માથી માને એ જૂઠ છે.

મુમુક્ષુ :- કર્મ...

ઉત્તર :- કર્મથી માને એ મિથ્યાદૃષ્ટિ છે. અત્યારે આખી વાત ફેર છે બધી. મુનિપણું તો ક્યાં છે? મુનિપણું કોને કહેવું હજી ખબર નથી. હજી સમ્યગ્દર્શનની શ્રદ્ધાની ખબર નથી. એક ચીજ બીજી ચીજને કરી શકે, શિષ્ય બનાવી શકે, પરને ભણાવી શકીએ, બીજાને ભણાવી શકીએ એ બધો મિથ્યાત્વભાવ છે. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં સમકિત નથી અને સમકિત નથી ત્યાં મુનિપણું તો છે જ નહિ. સમજાય છે કાંઈ?

મમુક્ષુ :- માણસ મુંઝાઈ જાય એવું છે.

ઉત્તર :- અનંતકાળ થયો, અનંતકાળ ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' 'છ ઢાળા' માં આવે છે ને? દિગંબર મુનિ અનંતવાર થયો, પંચ મહાવ્રત અનંતવાર લીધા. પણ એ પંચ મહાવ્રત તો રાગ છે, આસ્રવ છે, દુઃખ છે. પણ આત્મજ્ઞાન થયું નહિ તો એ મિથ્યાદૃષ્ટિ રહ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આપની વાત જરા કઠણ લાગે છે.

ઉત્તર :- આ ગાથા ઊંચી છે. મૂળ પાઠ છે ને? **'अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ'** 'કુંદકુંદાચાર્યદેવ' નું વચન છે. અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યની પર્યાય ઉત્પન્ન કરી શકે નહિ. આહા! **'तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण'** માટે બધા દ્રવ્ય પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે, પરથી ઉત્પન્ન થતા નથી. એ ગાથા પોકારે છે. ગાથાનો તો અર્થ ચાલે છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ! દુનિયાથી જુદી જાત છે, જગતની આખી જાતથી જુદી છે. જગતમાં તો હું કરું, આનું હું કરું. આહાહા..! અને હું આમ કરું તો મને માન મળે, હું આમ કરું તો લોકો મને પ્રતિષ્ઠા દે. બધો મિથ્યાત્વભાવ છે, મિથ્યાદૃષ્ટિ છે, એમાં કંઈ સમકિત નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે કે, કુંભાર ઘડો બનાવવાના **'અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે...'** રહેલો

છે તો અહંકારથી ભરેલો વિદ્યમાન છે. ઘડા બનાવવામાં વિદ્યમાન નથી. આહાહા..! અહંકારથી ભરેલો–હું ઘડો કરું છું, આહાહા..! **'અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે...'** એ છે, કહે છે. **'અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ. પરંતુ એમ તો થતું નથી,...'** આહાહા..! ઘડાની પર્યાય કુંભારના શરીરના આકારે બનતી નથી અને શરીરના આકારે બનતી તો એણે કર્યું શું? એ તો માટી પોતાના આકારે, સ્વભાવથી ઘડો થઈ છે. ઘડાનો કર્તા માટી છે, ઘડાનો કર્તા કુંભાર નથી. આહાહા..! છે કે નહિ અંદર? આ તો 'કુંદકુંદાચાર્યદેવ' નું બે હજાર વર્ષ પહેલા કરેલું છે. ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. પ્રભુ તીર્થંકરદેવ ત્રિલોકનાથ બિરાજે છે. ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે.

અનંત તીર્થંકરો એમ કહે છે કે, આ ગાથા... **'अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ'** અન્ય દ્રવ્યની પર્યાય કોઈ અન્ય દ્રવ્ય ઉત્પન્ન ન કરે એમ અનંત તીર્થંકરો કહે છે. **'तम्हा दु सव्वदव्वा'** માટે સર્વ અનંત દ્રવ્ય **'उप्पज्जंते सहावेण'** પર્યાય પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે, પરથી ઉત્પન્ન થતી નથી. ગાથા, મૂળ ગાથા છે. એની તો આ ટીકા છે. આહાહા..! ભારે. સજાયો છે ને! શું કહે છે? નાઈ. મસ્તકને અડતો નથી. નાઈ મસ્તકને અડતો નથી. વાળંદ અસ્ત્રાને અડતો નથી. અસ્ત્રાને અડતો નથી, અસ્ત્રો અહીંયા અડતો નથી. એવી વાત છે, પ્રભુ! આહાહા..! આવી વાત અત્યારે.. બધે ગડબડ ચાલે છે. આહાહા..!

અહીં એમ કહ્યું કે, ઘડો થવા કાળે, માટીના સ્વભાવે ઘડો થવા કાળે, અહંકારવાળો વિદ્યમાન પુરુષ છે. અહંકાર કરનારો વિદ્યમાન પુરુષ છે, પણ એનાથી થયું છે એમ નથી. આહાહા..! બહુ આકરું કામ. આ પુસ્તકને આધારે નથી. કેમ કે આ પરમાણુમાં આધાર નામની શક્તિ છે. દરેક દ્રવ્યમાં આધાર નામની એક શક્તિ–ગુણ છે, તો પોતાના આધારે રહ્યું છે. પુસ્તકના આધારે આ રહ્યું નથી.

મુમુક્ષુ :– થાંભલાને આધારે છે.

ઉત્તર :– થાંભલાને આધારે રહ્યું નથી, બિલકુલ જૂઠ વાત છે. બધા પોતપોતાના કારણે રજકણ રહ્યા છે. કોઈ બીજા રજકણને કારણે બીજા રજકણ રહ્યા છે, થાંભલાને કારણે આ રહ્યું છે, વાત બિલકુલ મિથ્યાદષ્ટિનો અહંકાર છે. પાગલ છે. દુનિયા પાગલ છે, એ નથી સમજતી. વસ્તુના સ્વરૂપની ખબર નથી. અજ્ઞાનીઓ પાગલ છે. આમ તો દુનિયામાં ડાહ્યા દેખાય. આહાહા..! ગાથા પણ એવી આવી છે. આ મૂળ ગાથા છે. આહાહા..!

**'શરીર તેના આકારે ઘડો થવો જોઈએ.'** જો કુંભારથી ઘડો બને તો માટીના આકારે ઘડો થયો છે, જો કુંભારથી થયો હોય તો કુંભારના શરીરના આકારે થવો જોઈએ. એમ થતું નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પ્રભુનો માર્ગ ઝીણો છે. જિનેશ્વર ત્રણલોકના

નાથ તીર્થંકરો, અનંત તીર્થંકરો થઈ ગયા. વીસ તીર્થંકર મહાવિદેહમાં અત્યારે બિરાજમાન છે. અનંત તીર્થંકરો થશે, બધાનું આ કથન છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' અનંત તીર્થંકરોનો આ મત છે. એક તીર્થંકર કંઈક કહે છે અને બીજા તીર્થંકર કંઈક કહે છે, એમ ત્રણકાળમાં છે નહિ. આહાહા..!

ખુબી તો શું કરી? કે, માટીમાંથી ઘડો થાય છે. અહંકારથી ભરેલો કુંભાર વિદ્યમાન છે. વિદ્યમાન છે, નિમિત્ત છે. એ કુંભાર વિદ્યમાન છે પણ એનાથી બનતો નથી. આહાહા..! કુંભાર વિદ્યમાન છે, કુંભારની હયાતી છે, મોજૂદગી છે, એ ત્યાં વિદ્યમાન છે. આહાહા..! પણ એનાથી બનતો નથી. નિમિત્તથી કંઈ થતું નથી. નિમિત્ત છે, નિમિત્ત છે પણ નિમિત્તથી થતું નથી. આહાહા..!

**'પરંતુ એમ તો થતું નથી,...'** માટીને આકારે ઘડો થયો, એ કુંભારને આકારે ઘડો થયો નથી. માટે કુંભાર તેનો કર્તા નથી. એની વિદ્યમાનતા છે. ઘડાના કાળમાં કુંભારની વિદ્યમાનતા છે, નિમિત્ત છે. નિમિત્ત છે એમ સિદ્ધ કર્યું. વિદ્યમાન છે એમ કહ્યું ને? નિમિત્ત છે પણ કર્તા નથી. આહાહા..! થોડું થોડું સમજાય છે? ભાઈ! ઝીણી વાત છે. આહાહા..! **'કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો...'** અન્ય દ્રવ્યના સ્વભાવથી **'કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.'** એમ કહે છે. આહાહા..! તારી દૃષ્ટિ ફેર છે.

કુંભારને વિદ્યમાન જોઈને તું કહે છે કે, કુંભારે ઘડો કર્યો છે, એ તારી બુદ્ધિમાં ફેર છે. માટીમાંથી ઘડો થયો છે એમ નહિ દેખતા, બીજા દ્રવ્યથી જુએ છે કે, એનાથી થયું. એ તારી દૃષ્ટિમાં ફેર છે. સમજણમાં ફેર છે. આહાહા..! ભારે આકરું કામ. આખો દિ' આ કામ કરે ને, વેપાર ને ધંધા ને?

મુમુક્ષુ :- કામ કરી કરીને તો શરીર તૂટી ગયું.

ઉત્તર :- કરી શકતો નથી, તૂટી શું જાય? ધૂળ. આહા! શરીરનો એક એક રજકણ, પરમાણુ અનંત ગુણથી ભરેલો છે. તે પોતાના કાળે પોતાથી પર્યાય થાય છે. બીજી ચીજ વિદ્યમાન છે, નિમિત્ત વિદ્યમાન છે, પણ નિમિત્તથી થતું નથી. એ તો પર ચીજ છે, એ તો બાહ્ય છે. આહાહા..!

પહેલા એ ચર્ચા થઈ હતી પણ હવે તો 'કૈલાસચંદજી' એ લખ્યું છે કે, 'સોનગઢવાળા' નિમિત્તની ના નથી પાડતા. નિમિત્ત છે પણ નિમિત્તથી થતું નથી. છાપામાં આવ્યું હતું. એ તો 'વર્ણીજી' સાથે ચર્ચા થઈ હતી. ૨૩ વર્ષ પહેલા 'ઇસરી' માં ચર્ચા થઈ હતી, કે બિલકુલ નિમિત્તથી થતું નથી. એ લોકો કહેતા હતા, કે કોઈ વખતે નિમિત્તથી થાય છે. કીધું, કોઈ સમયે થતું નથી. પ્રત્યેક સમયે પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક (પર્યાય) સમયે સમયે થવાવાળી છે તે થાય છે. ૨૩ વર્ષ પહેલા. (સંવત) ૨૦૧૩ ની સાલ 'ઇસરી' ગયેલા, 'ઇસરી'.

મુમુક્ષુ :– જ્ઞાનમાં હિનાધિકપણું કેમ છે?

ઉત્તર :– પોતાને કારણે છે, પરને કારણે નહિ.

મુમુક્ષુ :– પૂર્વનું કાંઈ...

ઉત્તર :– નહિ, એ બિલકુલ નહિ. વર્તમાન પર્યાયની હિનાધિકતા પોતાથી છે. પૂર્વને કારણે પણ નહિ અને કર્મથી પણ નહિ.

મુમુક્ષુ :– મનના વિસ્તારથી...

ઉત્તર :– બિલકુલ નહિ. પૂર્વની પર્યાય ગઈ. તેનાથી વર્તમાન થાય છે?

મુમુક્ષુ :– જ્ઞાન બરાબર..

ઉત્તર :– બરાબર જ્ઞાનની પોતાની પર્યાય થાય છે. પોતાની યોગ્યતાથી પોતાની પર્યાય થાય છે. પૂર્વને કારણે નહિ, કર્મથી નહિ. આહાહા..! આકરું કામ છે.

**'અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.'** આહાહા..! આચાર્ય શું કહે છે? કે, એક દ્રવ્યથી બીજા કોઈ દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય એમ અમે જોતા જ નથી. અમને દેખાતું નથી ને તું ક્યાંથી માને છે? **'કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.'** આહાહા..! તારી દૃષ્ટિમાં ફેર છે. હું બનાવું છું ને હું કરું છે ને એ કરે છે. એ તો તારી દૃષ્ટિમાં ફેર છે, વસ્તુમાં ફેર નથી. આહાહા..! આકરી વાત છે. આગળ કહેશે, સ્પર્શ કરતા નથી. પહેલા ત્રીજી ગાથામાં આવી ગયું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી. એક તત્ત્વ બીજા તત્ત્વને અડતું નથી. ત્રીજી ગાથામાં આવી ગયું છે, અહીંયાં પણ આવશે. સ્પર્શ કરતા નથી, એમ.

**'જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...'** લ્યો, ઠીક! **'માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...'** આહાહા..! માટી પોતાના સ્વભાવથી ઘડાપણે ઉત્પન્ન થાય છે. કુંભારના સ્વભાવે ઉત્પન્ન થતી નથી. આહાહા..! દુનિયાનું ગાંડપણું છે. પાગલ લાગે, આ શું કહે છે? આખો દિ' કરીએ છીએ, કરી શકીએ છીએ, આમ ખાઈએ છીએ, પીએ છીએ, ચાલીએ છીએ. અહીં તો કહે છે, પગને આત્મા ચલાવે એમ ત્રણકાળમાં નથી. પદાર્થ વિદ્યમાન હો, નિમિત્ત હો પણ એનાથી આ થાય છે, એ વાત નથી. આહાહા..!

**'પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.'** જુઓ! કારણે પોતાના સ્વભાવરૂપે. પર્યાય, હોં! દ્રવ્યના પરિણામના, દ્રવ્યની પર્યાયનો, દ્રવ્યની અવસ્થાનો **'ઉત્પાદ જોવામાં આવે છે.'** જોવામાં આવે છે. આહાહા..! આ ગજબ વાત. દરેક દ્રવ્યની પર્યાય એ દ્રવ્યથી ઉત્પન્ન થાય છે એમ જોવામાં આવે છે. ત્યાં પહેલા એમ કહ્યું હતું, જોવામાં આવતું નથી, એક દ્રવ્ય બીજી પર્યાયને કરે એમ જોવામાં આવતું નથી. પણ એ દ્રવ્ય પોતાની પર્યાયને કરે એમ જોવામાં આવે છે. આહાહા..!

**'(દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે,...'** આહાહા..! માટી પોતાના સ્વભાવનું ઉલ્લંઘન કરતી નથી. પોતાનો સ્વભાવ છે એ સ્વભાવથી જ ઘડો થાય છે. માટે **'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** જુઓ! કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. આ ટીકા દિગંબર સંતોની છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' હજાર વર્ષ પહેલા થયા. મૂળ પાઠ 'કુંદકુંદાચાર્યદેવ' નો છે. બે હજાર વર્ષ પહેલા થયા. આહાહા..! તેઓ જગત પાસે પોકાર કરે છે. આહાહા..! જગતમાં તો ગડબડ ચાલી છે. પરનું કરી શકીએ છીએ, પરનું કરી શકીએ છીએ, વ્યવહારે કરી શકીએ છીએ, એમ કરીને ગોટા વાળે. વ્યવહારે શું કરી શકે છે?

**'આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** છે જ નહિ. નિશ્ચય કહ્યું. કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ, છે જ નહિ. કપડાનો ઉત્પાદ વણકર છે જ નહિ. ચિત્રકાર ચિત્રનો કરનાર છે જ નહિ. આહાહા..! રોટલીને બનાવનારી સ્ત્રી છે જ નહિ. (શ્રોતા :– આવી વાત સાંભળી જ નથી). એવી વાત છે, ભાઈ! દુનિયાથી ઊંધી છે. આ તો દૃષ્ટાંત આપ્યા છે. એમ આખા જગતનું લઈ લેવું. માટી પોતાના સ્વભાવનું ઉલ્લંઘન કરતી નથી. એમ પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયે પોતાના સ્વભાવનું ઉલ્લંઘન કરતા નથી. પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે, વિકાર પણ સ્વભાવથી ઉત્પન્ન થાય છે, આહાહા..! કર્મથી નહિ. જ્ઞાનાવરણીયથી જ્ઞાનમાં હિનાધિકતા થાય છે, એમ નથી. પોતાની પર્યાયને કારણે પોતામાં હિનાધિકતા થાય છે. આહાહા..! પૂર્વે કર્મ બાંધ્યા હતા તેથી અત્યારે જ્ઞાનની હિણી દશા થાય છે, એમ છે નહિ. વર્તમાન હિણી દશા પોતામાં થાય છે અને ઉગ્ર દશા પણ પોતામાં થાય છે. આહાહા..! દુનિયાને બેસવું આકરું કામ છે.

હજી શ્રદ્ધાના ઠેકાણા નથી ત્યાં મુનિપણું ક્યાંથી આવ્યું? હજી સમકિત કોને કહેવું એની ખબર નથી. આહા..! મુનિપણું તો અલૌકિક ચીજ છે, બાપુ! સમકિત સહિત નિર્વસ્ત્ર, એક વસ્ત્રનો ટુકડો ન રાખે અને અંતરમાં એક રાગનો ટુકડો પણ પોતાનો ન માનો. મહાવ્રતનો અંશ વિકલ્પ છે એને આસ્રવ ને દુઃખ માને. એવી ચીજને મુનિપણું કહેવાય છે. આહાહા..!

**'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** એમાં બધું આવ્યું ને? વણકર કપડાનો ઉત્પાદક છે જ નહિ. આહાહા..! આકરી વાત છે. રંગથી કપડા રંગાતા જ નથી. કેમ કે રંગ કપડાને અડતો જ નથી. આહાહા..!

મુમુક્ષુ :– લૌકિકમાં લોકોને મોટો કજીયો લાગે.

ઉત્તર :– મોટો કજીયો નહિ, મોટો ફેર છે. દુનિયા ને વીતરાગ માર્ગ બધો ફેર છે. વીતરાગ ત્રણલોકના નાથ 'સીમંધર' પરમાત્મા વાણી કરે છે. ત્યાં મહાવિદેહમાં બિરાજે છે, સભામાં બિરાજે છે. ઇન્દ્રો, સિંહ, વાઘ સાંભળવા જાય છે. અત્યારે વર્તમાનમાં (જાય છે). આહાહા..!

**'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** આહાહા..! કંઠી બનાવનારો કંઠી બનાવતો જ નથી. આહાહા..! કોઈ પણ દ્રવ્યની ચીજ, અનંત દ્રવ્ય ભગવાને જોયા છે તો અનંત દ્રવ્ય, પ્રત્યેક દ્રવ્યની પર્યાય પરથી ઉત્પન્ન થાય છે એમ ભગવાને જોયું નથી અને એમ વસ્તુનું સ્વરૂપ નથી. ભગવાનને કંઈ પક્ષ નથી. જૈનધર્મ કોઈ વાડો, પક્ષ નથી. એ તો વસ્તુનું સ્વરૂપ સ્વભાવ છે એ જૈનધર્મ છે. એ કોઈ પક્ષ નહિ, વાડો નહિ, સંપ્રદાય નથી. વસ્તુ છ દ્રવ્ય જગતમાં છે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયનો શું સ્વભાવ છે એ જાણવું તે જૈનધર્મ છે. આહાહા..! ભાષા સમજાય છે થોડી થોડી?

**'આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે,...'** આહાહા..! ગજબ વાત કરે છે ને! **'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ,...'** હવે કહે છે, જુઓ! કુંભાર માટીનો ઘડો કરનાર છે જ નહિ. **'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...'** જુઓ! અડતી નથી. આહાહા..! **'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...'** કુંભારના ભાવને માટી અડતી નથી. માટી કુંભારના હાથને, તેના ભાવને અડતી નથી. સ્પર્શતી નહિ, આવ્યું. ત્રીજી ગાથામાં આવ્યું છે, કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી, અડતું નથી. પ્રત્યેક પદાર્થ ભિન્ન છે. કોઈ તેનો કર્તા-ફર્તા છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં સ્પર્શતી નથી, આવ્યું ને? જુઓ!

**'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,....'** માટી કુંભારના સ્વભાવને સ્પર્શ કરતી નથી. કુંભાર ઘડાનો ઉત્પાદ છે નહિ, માટી કુંભારના સ્વભાવને સ્પર્શ કરતી નથી. આહાહા..! અરસપરસ બે વાત થઈ. કુંભાર ઘડાનો ઉત્પાદક નથી, માટી કુંભારના સ્વભાવને અડતી નથી. અરસપરસ બેય અડતા નથી અને થાય છે, તો પોતાની પર્યાયથી થાય છે. આહાહા..!

**'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...'** કુંભારને અહંકાર છે કે, હું બનાવું છું. એ અહંકારને માટી સ્પર્શતી નથી. આહાહા..! એ અહંકાર કરે છે તો ઘડો થયો છે એમ છે નહીં અને માટી તેના અહંકારને અડતી નથી. આહાહા..! છે? **'નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** આહાહા..! માટી પોતાના સ્વભાવથી ઘડારૂપે ઉત્પન્ન થાય છે. કુંભભાવ. કુંભ એટલે ઘડો. માટી **'પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** કુંભાર ઉત્પાદક નથી, કુંભારના ભાવને માટી અડતી નથી અને માટી પોતાના સ્વભાવથી ઊપજે છે. આહાહા..! આટલું સ્પષ્ટ છે છતાં હું કરું છું, આ હું કરું છું, આ મેં કર્યું, મેં કર્યું, હું આ કરું, હું આ કરું તો પાછળથી આમ થાશે ને પાછળથી આમ રહેશે.. આહાહા..! એ બધો મિથ્યાત્વભાવ છે, બધી મિથ્યાત્વની પુષ્ટિ છે. મિથ્યા–ઊંધી ઊંધી પુષ્ટિ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૨૩ ગાથા–૩૭૨ રવિવાર, જ્યેષ્ઠ વદ ૧, તા. ૨૯-૦૬-૧૯૮૦

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૩૭૨ ગાથા. ત્રીજો પેરેગ્રાફ છે. છેલ્લે એમ આવ્યું, કે કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. કેમ? કે, માટી કુંભારને સ્પર્શતી નથી. માટી કુંભારને અડતી નથી. માટી પોતાથી ઘડારૂપે પરિણમે છે. કુંભારથી ઘડો થાય છે એમ છે નહિ. આહાહા..! આવી વાત છે. કપડા વણકરથી થતા નથી. વણકર કપડું વણે છે તો એ વણકરથી કપડું વણાતું નથી. કપડું પોતાના પરિણામથી પરિણમન કરતું ઉત્પન્ન થાય છે. આહાહા..! આ તો દૃષ્ટાંત દીધું.

**'એવી રીતે...'** આ કુંભારનું દૃષ્ટાંત આપ્યું **'એવી રીતે–બધાંય દ્રવ્યો...'** મૂળ પાઠ છે. **'બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે (અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે)...'** ઉત્પન્ન થાય છે. વાણી પણ વાણીની પર્યાયથી ઉત્પન્ન થાય છે, આત્માથી વાણી ઉત્પન્ન થતી નથી. આહાહા..! શરીર ચાલે છે એ પોતાની પર્યાયથી ચાલે છે, આત્માથી ચાલતું નથી. આહાહા..! આવી વાતું. તૃષા લાગે છે તો પાણીને અડતો નથી. આત્મા કળશાને, વાસણને અડતો નથી અને પાણી પોતાના ગળાને અડતું નથી. સર્વ દ્રવ્ય આવ્યાને? મૂળ પાઠ છે. **'अन्यद्रव्येणान्यद्रव्यगुणोत्पाद'** માટે સર્વ દ્રવ્યોના પરિણામ પોતાથી ઉત્પન્ન થાય છે. આહાહા..! દુનિયા ક્યારે આ માને? કોઈ પણ પદાર્થ પોતાથી પર્યાયમાં ઉત્પન્ન થાય છે, પરથી ઉત્પન્ન થતા નથી.

આ કપડું વણકરે બનાવ્યું નથી અને આ કપડું પોતાની પર્યાયથી ઉત્પન્ન થઈને અહીંયાં આવ્યું છે. આત્મા કપડા પહેરતો નથી અને આત્મા કપડાને ઉતારતો નથી. આહાહા..! એ પ્રશ્ન ચાલ્યો હતો. 'ચાંદમલજી' સાથે ઘણા વર્ષ પહેલા (ચાલેલો). એમ કે, ભગવાન જ્યારે કપડા ઊતારે છે તો મુનિ થાય છે. કીધું, કપડાને ઊતારે એ આત્મા ઊતારતો નથી. કપડા પોતાથી ઊતરે છે, આત્માને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત પરને કાંઈ કરતું નથી. 'ચાંદમલજી' હતા ને? 'ઉદેપુર.. ઉદેપર'. આવ્યા હતા. બ્રહ્મચર્યાશ્રમમાં રહેતા હતા. આ કપડા ઊતારે છે, ભગવાન દીક્ષા લે છે તો કપડા ઊતારે છે. નગ્ન થાય છે તો. કીધું, એમ નથી. એ કપડાની પર્યાય પોતાથી નીચે ઊતરે છે. હાથ પણ કપડાને અડતો નથી અને કપડાને આત્મા અડતો નથી અને આત્મા કપડાને અડતો નથી. કપડા પોતાની ઊતરવાની લાયક પર્યાયથી ઊતરે છે. પંડિતજી! આવી વાત છે. આહાહા..!

દરેક પદાર્થ **'એવી રીતે–બધાંય દ્રવ્યો...'** કુંભારનું દૃષ્ટાંત આપ્યું કે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. કેમ કે ઘડાની ઉત્પત્તિ માટીના સ્વભાવથી, ઘડો કુંભારને સ્પર્શ્યા વિના, કુંભારને અડ્યા વિના પોતાની પર્યાયથી ઘડો ઉત્પન્ન થાય છે. આહાહા..! દુનિયાથી તો વિરુદ્ધ છે. સમજાય છે કાંઈ? આ ખાવા-પીવાની ચીજ છે, બધા દ્રવ્યો આવ્યા ને? તો ખાવા-પીવાની ચીજ પણ આત્મા ખાઈ શકે છે કે આત્મા લઈ શકે છે કે આત્મા રોટલી, ચૂરમું બનાવી શકે છે.. આહાહા..! એ કદી બનતું નથી.

મુમુક્ષુ :– ચાવીને ખાવું પડે, પેટમાં દાંત નથી.

ઉત્તર :– પેટમાં પેટની પર્યાય એનાથી ઉત્પન્ન થાય છે. કોઈ લોકો કહે છે, ચાવીને ખાવું, પેટમાં દાંત નથી. ભૂકો કરીને ખાવું કેમ કે પેટમાં દાંત નથી. બધી ખોટી વાત છે. પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક દ્રવ્ય, ઘડાનું દૃષ્ટાંત આપ્યું કે, ઘડાનો ઉત્પાદક કુંભાર નથી અને એ માટી કુંભારને સ્પર્શતી નથી, એમ બધા દ્રવ્ય, કુંભારની જેમ અને ઘડાની જેમ બધાં દ્રવ્યો, એમ લીધું છે, મૂળ પાઠ છે ને? મૂળ પાઠ છે. **'सव्वदव्वा' 'तम्हा दु सव्वदव्वा'** આહાહા..! આત્મા પાણી પી શકતો નથી, આત્મા આહાર કરી શકતો નથી, આત્મા આહાર બનાવી શકતો નથી, આત્મા પાણી પી શકતો નથી. આત્મા કૂવામાંથી પાણી કાઢી શકતો નથી. આહાહા..!

આ મકાન બનાવનારો છે, એનાથી મકાન બન્યું છે, એમ છે નહિ. મકાન તો પોતાની પર્યાયથી ઉત્પન્ન થયું છે. જુઓ! **'બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે...'** બે શબ્દો લીધા છે. પોતાના બદલતા પરિણામની પર્યાયથી, એમ ભાષા લીધી છે. જુઓ! આહાહા..! અભિમાન-અભિમાનમાંથી નીકળવું આકરું કામ છે. આત્મા પુસ્તક બનાવી શકતો નથી. આત્મા એક અક્ષર લખી શકતો નથી. અક્ષરમાં તો અનંત પરમાણુ છે. અ.. ક.. ખ. અનંત પરમાણુનો પિંડ છે. એમાં એક એક પરમાણુ પોતાની પર્યાયથી સ્વતંત્ર પરિણમે છે, બીજા પરમાણુથી પણ નહિ. તો પછી બીજા આત્માથી એ અક્ષર બને છે, એમ છે નહિ.

મુમુક્ષુ :– તો પછી કાગળ લખવો કે ન લખવો?

ઉત્તર :— લખી શકતો નથી ને. લખવાની ક્રિયા જડની થવાની હોય તો થાય. આત્મા કરી શકે છે, એ વાત નથી. એ માટે તો દૃષ્ટાંત આપ્યું છે.

મુમુક્ષુ :– આમ વિચાર કરવાથી કોઈ પણ કાર્યની સિદ્ધિ કેવી રીતે થશે?

ઉત્તર :– કાર્યની સિદ્ધિ પોતામાં થાય છે, પરનો અહંકાર ઊડી જાય છે. આમ વિચાર કરવાથી, પરના કામ હું કરી શકું છું એવો અહંકાર ઊડી જાય છે અને હું જ્ઞાનમૂર્તિ છું, જાણનાર છું, હું તો જાણનારો છું, એવી પ્રતીતિ ઉત્પન્ન થાય છે તો સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. ધર્મની પહેલી સીઢી.

મુમુક્ષુ :– પુરુષાર્થ હિનતાનો દોષ આવી જશે.

ઉત્તર :- પરદ્રવ્યમાં પુરુષાર્થ બિલકુલ કામ કરતો નથી. પુરુષાર્થ પોતામાં કામ કરે છે. એ તો ચાલે છે. રાગ-દ્વેષ કરે છે એ પોતાથી થાય છે, કર્મથી બિલકુલ નહિ. અને રાગ-દ્વેષનો નાશ પણ પોતાથી થાય છે. કર્મનો અભાવ થાય તો રાગ-દ્વેષનો અભાવ થાય, એમ છે નહિ. આવી વાત છે, ભાઈ! જગતથી ઊંધું છે. આહાહા..!

**'બધાંય દ્રવ્યો...'** એ કુંભારનું તો દૃષ્ટાંત આપ્યું. કુંભારને માટી સ્પર્શતી નથી એમ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! આવ્યું ને? સ્પર્શ નથી, એમ આવ્યું છે. કુંભારને માટી અડતી નથી. આહાહા..! એ ત્રીજી ગાથામાં આવ્યું છે, એક પણ પદાર્થ, સર્વ જેટલા પદાર્થ ભગવાને અનંત જોયા છે, એ પદાર્થમાં પોતાની જે શક્તિ-ગુણ અને પર્યાય છે તેને ચુંબે છે, તેને અડે છે. એને છોડીને બીજા દ્રવ્યને અડતા નથી, ચુંબતા નથી, સ્પર્શ કરતા નથી. આહાહા..! આ શરીર ઉપર હાથ ફેરવવો એ આત્મા કરી શકતો નથી. એમ કહે છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ!

પ્રત્યેક પદાર્થ પોતાના સ્વપરિણામપર્યાયથી, પોતાના પરિણામની પર્યાયથી (ઉત્પન્ન થાય છે). આહાહા..! આ કુંભારનું, ઘડાનું તો એક દૃષ્ટાંત આપ્યું. આહાહા..! લિપિકાર લિપી બનાવી શકતો નથી, અક્ષર બનાવી શકતો નથી, પુસ્તક આત્મા બનાવી શકતો નથી, પુસ્તકથી પોતામાં જ્ઞાન થતું નથી. આહાહા..! કેમ કે જ્ઞાન એને અડતું નથી અને એ પોતાની જ્ઞાનની પર્યાયને અડતું નથી. આહાહા..! આવી કઠણ વાત છે.

આ વાત તો અમારે (સંવત) ૧૯૭૨ થી ચાલે છે. ૭૨..૭૨, કેટલા વર્ષ થયા? ૬૪ વર્ષ પહેલાથી આ વાત ચાલે છે. સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ને? અમે તો ત્યારથી કહેતા હતા. કોઈ દ્રવ્યનું કોઈ દ્રવ્ય કાંઈ કરી શકતું નથી. આહાહા..! કોઈકને નહોતું બેસતું, વિરોધ પણ કરતા હતા. આ કરી શકીએ, આ હલાવ્યું ને! શું હલાવ્યું? તને ક્યાં ખબર છે? એ જડની પર્યાય (એનાથી થાય છે).

(અહીંયાં) બે ભાષા લીધી છે કે, કુંભાર ઘડાનો ઉત્પાદક નથી. કેમ? કે, માટી પોતાના સ્વભાવથી, ઘડો બનવાના સ્વભાવથી બને છે અને કુંભારને અડતી નથી. **'એવી રીતે...'** એ દૃષ્ટાંતે **'બધાય દ્રવ્યો...'** આહાહા..! શું બાકી રહ્યું આમાં? 'દેવીલાલજી'! ચશ્માને આત્મા અડતો નથી. આ ચશ્મા નાક ઉપર રહ્યા નથી. ચશ્મા પોતામાં પોતાથી રહ્યા છે. કેમ કે અનંત પરમાણુનો એ પિંડ છે અને એક એક પરમાણુમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવી છ શક્તિનો પિંડ છે. પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક દ્રવ્ય કર્તા, પોતાની પર્યાયનો કર્તા, પોતાની પર્યાયનું કાર્ય, પોતાની પર્યાયનું સાધન, પોતાની પર્યાય કરીને રાખવી, પોતાથી પર્યાય ઉત્પન્ન થવી અને પર્યાયને આધારે પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! કદી સાંભળી નથી એવી વાત છે. બહુ સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? તમે પાછળથી આવ્યા, એટલે હિન્દી ચાલે છે. અહીં તો પહેલાથી ગુજરાતીમાં શરૂ થઈ ગયું છે. આહાહા..!

'વિજય' ગયો કે 'વિજય' છે? નહીં. નહીં. ઈ નહીં. 'વિજય' શેઠિયા! ગયા લાગે છે. આહાહા..! 'સુમનભાઈ' !

મુમુક્ષુ :– સમજનારા, જાણનારા તો કાયમ ટકે છે.

ઉત્તર :– જાણનાર તો કાયમ રહે છે. પણ એ જાણનારો કાયમ ટકે છે, આત્મા પણ જાણીને ટકે છે. અને પરદ્રવ્ય પોતાની પર્યાય કરીને ટકે છે. શું કહ્યું? ફરીને, આત્મા જાણીને ટકે છે. જાણવું.. જાણવું.. જાણવું કરીને નિત્ય રહે છે. અને પરપદાર્થ પોતાની પર્યાય કરીને રહે છે. કોઈ કોઈની પર્યાય, કોઈની દશા, કોઈ દ્રવ્યનું કોઈ કાર્ય ત્રણકાળમાં બીજું દ્રવ્ય કરી શકતું નથી. કોઈ દ્રવ્યનું કાર્ય કહો, પર્યાય કહો, પરિણામ કહો, અવસ્થા કહો.

મુમુક્ષુ :– 'સુમનભાઈ' શેઠનું કામ નહિ કરે તો પગાર શેનો આપશે?

ઉત્તર :– પગાર કોઈ આપતું નથી અને કોઈ પગાર લેતું નથી. પૈસા એને કારણે જાય છે અને એને કારણે આવે છે. આત્માને કારણે આવતા નથી ને આત્માને કારણે જાતા નથી. આત્મા પૈસાને અડતા નથી તો પૈસાને લાવવા, આવવા એ પોતાથી નથી. એની પર્યાય.. બે આવ્યું ને?

**'બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે...'** ભાષા જોઈ? સ્વપરિણામપર્યાય. પોતાના પરિણામની પર્યાયથી ઉત્પન્ન થાય છે. આહાહા..! ભાષા એમ નથી કરી કે, બધા દ્રવ્ય સ્વપરિણામથી ઉત્પન્ન થાય છે, બધા દ્રવ્ય પર્યાયથી ઉત્પન્ન થાય છે. બધા દ્રવ્યો પરિણામપર્યાયથી, એમ ભાષા કરી છે. તેનો ભાવ, તેની પર્યાય, તેની દશા. જડની જડમાં, ચૈતન્યની ચૈતન્યમાં. આકરી વાત છે, ભગવાન!

મુમુક્ષુ :– પોતાના ચેતનમાં કંઈક ભાવ કરે તો કાર્યસિદ્ધ થાય.

ઉત્તર :– નહિ, નહિ, બિલકુલ જૂઠ છે. પોતાનું જ્ઞાતા-દૃષ્ટાપણાનું કાર્ય કરે તો પોતાના કાર્યની સિદ્ધિ–મુક્તિ થાય. એટલું. જાણવા-દેખવાનું કાર્ય કરે, રાગ-દ્વેષ ન કરે, પરના અભિમાન ન કરે, પરના કાર્ય હું કરી શકું છું, ત્રણકાળમાં કોઈ પરદ્રવ્યનું કાર્ય કરી શકતો નથી, મારામાં રાગ આવે છે એ પણ મારું સ્વરૂપ નથી, હું તો જાણનાર-દેખનાર છું, એમ એમાં ઠરે છે, રહે છે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. ત્યારબાદ તેમાં સ્થિર થાય તો ચારિત્ર થાય છે. સમ્યગ્દર્શન થયા પછી. પણ એ સમ્યગ્દર્શનમાં પણ હું કોઈ દ્રવ્યનો કર્તા નથી, હું કોઈને કર્તા નથી. મેં શિષ્ય બનાવ્યા અને બીજાને મેં સંભળાવ્યું એનાથી જ્ઞાન થયું એ વાત ત્રણકાળમાં સાચી નથી.

મુમુક્ષુ :– તેથી જ ઘરમાં ઝગડા છે.

ઉત્તર :– કોઈએ બનાવ્યું નથી. આહાહા..! આ શું કહે છે? જુઓને! કુંભારનું દૃષ્ટાંત આપીને બધાય દ્રવ્યો. છેલ્લું કુંભારનું દૃષ્ટાંત આવ્યું ને? **'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** છે જ નહિ. છેલ્લી બે લીટી. **'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...'**

આહાહા..! માટી કુંભારને અડતી નથી, સ્પર્શતી નથી. **'પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** કુંભભાવ, કુંભરૂપી ભાવ, કુંભરૂપી પર્યાય, ઘડારૂપી ભાવ, ઘડારૂપી પર્યાય, ઘડારૂપી પરિણામ, ઘડારૂપી પરિણામપર્યાય તેની કર્તા માટી છે, કુંભાર નહિ. આહાહા..! તો અત્યાર સુધી આ શું કર્યું? અભિમાન.. અભિમાન. આહાહા..!

આત્મા તો જાણવા-દેખવાનું કાર્ય કરવાવાળો છે. એ જાણવા-દેખવાનું કાર્ય પરના કારણે નહિ. પોતાના સ્વભાવમાં જ્ઞાન, દર્શન ભર્યા પડ્યા છે તો પોતાનું પોતાથી અને પરનું, પરની અપેક્ષા રાખ્યા વિના, પોતાનું જ્ઞાન પોતે કરે છે અને પરનું જ્ઞાન પરની અપેક્ષા રાખ્યા વિના કરે છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ.. ઓહોહો..! પરનું જાણવું પણ પરની અપેક્ષા રાખ્યા વિના... પરનું કરવું તો નહિ, પરદ્રવ્યનો કર્તા કે ભોક્તા તો નથી પણ પરદ્રવ્યનો જાણનારો છે એ પણ પરને કારણે નહિ. પોતામાં જાણવાની તાકાત પોતાને કારણે હોવાથી પોતામાં પોતાને જાણે છે અને પર સંબંધી પોતાનું જ્ઞાન છે એ નિજ જ્ઞાનને જાણે છે. પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! મોટી તકરાર છે. 'સુમનભાઈ'! કાંઈ કરી શકે નહિ. ચોપડાનું નામું (લખી શકે નહિ).

અમે પણ નામું લખતા હતા. અમારી 'પાલેજ' માં દુકાન હતી. અમે પણ પાંચ વર્ષ દુકાન ચલાવી હતી, પણ બધું અભિમાન. હું કરું છું, હું કરું છું, હું કરું છું. અને અમારી દુકાનનું નામું હું લખતો હતો. આમ પૈસા આવ્યા ને આમ ગયા. પણ એ તો (સંવત) ૧૯૬૩ થી ૧૯૬૮. તમારા જન્મ પહેલા. સંવત ૧૯૬૩ થી ૧૯૬૮, પાંચ વર્ષ. ૧૯૬૮ થી દુકાન છોડી દીધી. દુકાન છે, મોટી દુકાન છે. અત્યારે ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. ઘરની મોટી દુકાન છે. આહાહા..! પણ એક પાઈ પણ આત્મા લાવી શકે ને પેદા કરી શકે એમ ત્રણ કાળમાં નહિ. આહાહા..! આત્મા દૂધ ને ચા પી શકે કે નહિ?

મુમુક્ષુ :- તો એના ભાવ કેમ આવે છે?

ઉત્તર :- ભાવ તો અજ્ઞાનીને ભાવમાં આવે છે. રાગ પોતાથી થાય છે, એ માટે તો વાત કરે છે. રાગ પોતાથી થાય છે, કર્મથી નહિ, પરચીજથી નહિ. એ પરથી નહિ, પોતાથી થાય છે. પોતામાં પોતાનો માને છે અને હું કરી શકું છું એ કારણે અભિમાન ને રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! પરનું કરી શકતો નથી. આહાહા..! અને પોતાનું કામ બીજો કરી શકતો નથી. પોતાનું કામ.. આહાહા..! ગુરુ પોતાના (શિષ્યનો) મોક્ષ કરી શકતા નથી, ગુરુ (શિષ્યને) સમ્યગ્દર્શન દઈ શકતા નથી. આહાહા..! છતાં કાલે આવ્યું હતું કે, ગુરુના મુખ્ય વચનો મુક્તિના..

મુમુક્ષુ :- ગુરુના વચનો..

ઉત્તર :- એ પોતાથી છે, એમનાથી નહિ, ગુરુને કારણે નહિ. પોતે સમજણમાં લે તો. ગુરુએ કહ્યું એને કારણે નહિ. આહાહા..! ઝીણી વાત બહુ ભાઈ!

અહીં તો કુંભારનું દૃષ્ટાંત આપ્યું. 'અમૃતંચદ્રાચાર્ય' મુનિએ કુંભારનું દૃષ્ટાંત આપીને મોટી વાત કરી કે કુંભાર માટીને અડતો નથી, માટી કુંભારને અડતી નથી અને માટીના પોતાના પરિણામપર્યાયથી ઘડો ઉત્પન્ન થાય છે, કુંભારને કારણે બિલકુલ નહિ. એવી રીતે... એમ આવ્યું ને? એ દૃષ્ટાંત આવ્યું ને? **'એવી રીતે–બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે....'** આહાહા..! મહાસિદ્ધાંત. બધાય દ્રવ્યો. કોઈ પણ પરમાણુ, કોઈ પણ નિગોદનો આત્મા, લસણ ને ડુંગળીમાં આત્મા છે તો કર્મને કારણે ત્યાં છે એમ નથી. એ પોતાની પર્યાયના અપરાધથી ત્યાં છે, પોતાને કારણે ત્યાં રહ્યા છે. કર્મને કારણે ત્યાં છે, એમ નથી.

આત્મા અજ્ઞાનથી રાગ-દ્વેષ કરે તો કર્મબંધન થાય, એમ નથી. કર્મબંધન કર્મબંધનને કારણે થાય છે. એણે રાગ-દ્વેષ કર્યા માટે કર્મબંધન થયું એમ છે નહિ. કર્મની પર્યાયરૂપે પરમાણુ થવાના હતા તેનાથી કર્મપર્યાય થઈ છે. જીવે રાગ-દ્વેષ કર્યા તો કર્મપર્યાય થઈ છે, એમ છે નહિ. દુનિયાથી જુદી વાત છે, ભાઈ! એક્કે એક વાત ખોટી છે. અહંકાર મિથ્યાત્વ ચાલે છે. આહાહા..! શું કહેવાય?

મુમુક્ષુ :– બધાને હેય કરતા કરતા શુદ્ધાત્માનું સ્વરૂપ ઓળખાઈ જશે?

ઉત્તર :– કોઈને પૂછવાનું છે? એ તો પોતાથી પોતામાં આવે છે. કોઈને પૂછવું ન પડે. હું પરનો કર્તા નથી, હું તો મારી પર્યાયનો કર્તા છું. એમ જ્યારે નક્કી થાય તો પર્યાયદૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી પ્રગટ થાય છે, આટલી શરત છે. હું પરનો બિલકુલ કર્તા નથી અને પરથી મારામાં કાંઈ થતું નથી, પછી પોતાની પર્યાયમાં જે રાગ-દ્વેષ થાય છે, એ પણ પોતાની દ્રવ્યદૃષ્ટિથી જ્યારે રાગ-દ્વેષ ટાળે છે ત્યારે નાશ પામે છે. આહાહા..! પંડિતજી! આવી વાત છે. આહા..!

અહીંયાં તો કુંભારનો દૃષ્ટાંત આકરો પડે. એમ કે, ઘડો કુંભાર વિના બને? કુંભાર વિના ઘડો થઈ જાય? સ્ત્રી વિના રોટલી થઈ જાય છે? પુરુષ વિના નામું લખાઈ જાય છે? નામું લખનારો હોંશિયાર માણસ હોય તો કલમથી બરાબર લખે, ખોટી વાત છે, બિલકુલ ખોટી વાત છે. કલમથી અક્ષર લખાતા નથી અને કલમને હાથ હલાવતું નથી અને હાથને આત્મા હલાવતો નથી. આહાહા..! આવી વાત છે. બધેથી કર્તાબુદ્ધિ હટાવી પોતામાંથી રાગ-દ્વેષ હટાવીને દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરવાથી ધર્મ–સમ્યગ્દર્શન થાય છે, બાકી એ વિના કદી થતો નથી. અને એ સમ્યગ્દર્શન વિના ચારિત્ર ત્રણકાળમાં થતું નથી. નગ્ન થઈ ગયા, પંચ મહાવ્રત છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

પરનો કર્તા થાય છે અને પરને પોતાની પર્યાયનો કર્તા માને છે ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ નથી તો મુનિ તો ક્યાંથી હોય? આહાહા..! મુનિ નામ ધરાવીને પંચ મહાવ્રતના પરિણામનો આસ્રવ થાય છે તેનો કર્તા થાય તો એ મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે મહાવ્રતના પરિણામ આસ્રવ છે, આસ્રવ દુઃખદાયક છે, દુઃખદાયકનો કર્તા માને છે તે

મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? દુનિયાથી જુદી જાત છે અને એમાં પણ આ ૩૭૨ ગાથા તો અલૌકિક ગાથા છે. આહાહા..! અને આચાર્યે ટીકા કેવી કરી છે! અમે તને કહ્યું કે, કુંભારથી ઘડો ઉત્પન્ન થતો નથી. કેમ કે માટી ઘડાને અડે છે, માટી કુંભારને અડતી નથી. એ કારણે કુંભારથી ઘડો ઉત્પન્ન થતો નથી. ઘડો પોતાના તે સમયના ઘડા થવાના પરિણામ પર્યાયથી, માટીનો પિંડ હતો તેમાં ઘડો થવાની પર્યાયનો કાળ હતો તો ઘડો થયો છે. એમ બધા દ્રવ્યો. એ તો એક દૃષ્ટાંત આપ્યું. આહાહા..!

જગતમાં કોને પડી છે? ક્યાં જાશે મરીને? દેહ છૂટી જશે. દેહ તો ૨૫-૫૦ વર્ષ (છે). અને ૫૦ વર્ષ નીકળ્યા એને ૫૦ વર્ષ તો નીકળવાના નથી. ૧૦૦ વર્ષનું આયુષ્ય તો કોઈકને હોય. અને દેહ છોડીને પરલોકમાં જાશે તો ક્યાં જાશે? ક્યાં જશે એનો પત્તો નથી. દૃષ્ટિની ખબર નથી. દૃષ્ટિમાં સમ્યક્તા નથી, દૃષ્ટિમાં રાગ-દ્વેષનો અભાવ નથી. હું રાગ-દ્વેષનો કર્તા નથી, તેમ પર પણ રાગ-દ્વેષનો કર્તા નથી. આહાહા..!

મુમુક્ષુ :- જ્યારે માટીમાંથી ઘડો થાય તો તે વખતે કુંભારનો ભાવ શું રહ્યો?

ઉત્તર :- કુંભારનો ભાવ, હું કરું છું, એ અભિમાન રહ્યું. હું ઘડો કરું છું, એવું અભિમાન-અહંકાર એની પાસે રહ્યું. કુંભાર પાસે અહંકાર રહ્યો. એ આવ્યું ને? કાલે આવ્યું હતું ને? કાલે આવ્યું. અહંકાર આવ્યું હતું ને? બીજા પેરેગ્રાફની ત્રીજી લીટી. **'જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ...'** છે? એ કાલે આવ્યું હતું. આહાહા..! **'જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે...'** એ પુરુષ વિદ્યમાન છે, પણ એનાથી ઘડો બનતો નથી. આહાહા..! અત્યાર સુધી આ દુકાન ચલાવી, આ બધું કર્યું, પૈસા ભેગા કર્યા.. આહાહા..!

મુમુક્ષુ :- આને સમજવા માટે બીજો કોઈ દૃષ્ટાંત છે?

ઉત્તર :- આ દૃષ્ટાંત આપ્યો ને? આ પોતાના પરિણામથી ઉત્પન્ન ઊંચું થાય છે, આંગળીથી નહિ. આંગળીની પર્યાયથી આ પર્યાય ઉત્પન્ન થતી નથી. આ ભિન્ન ચીજ છે, આ ભિન્ન ચીજ છે. ભિન્ન ચીજથી ભિન્ન ચીજની પર્યાયમાં કાંઈ થતું નથી. આ દૃષ્ટાંત. દીવાસળી.. દીવાસળી. શું કહે છે? બીડી પીવે છે તો બીડી પી શકતો નથી. બીડીને અડતો પણ નથી. અગ્નિ બીડીને અડતી નથી. અગ્નિ બીડીને અડતી નથી અને બીડીને આત્મા અડતો નથી.

મુમુક્ષુ :- બીડી સળગી કેમ?

ઉત્તર :- એની પર્યાય થઈ ને. બધા દ્રવ્યો પોતાના પરિણામપર્યાયથી, પોતાના પરિણામપર્યાયથી. આહાહા..! આકરી વાત છે, ભાઈ! આહાહા..! એક કરવતથી લાકડીના બે કટકા થાય છે, એમ નથી. એ લાકડીમાં બે કટકા થવાના પરિણામપર્યાય થવાની હતી, તો તેનાથી થયા છે, કરવતથી નહિ. કરવત સમજાય છે ને? કરવત. આહાહા..! આવી વાત છે. ચશ્મા ચડાવ્યા માટે દેખી શકે છે ને પહેલા નહોતો દેખતો, એમ નહિ. એની

ના પાડે છે. આહાહા..! એ તો પોતાના પરિણામથી પર્યાય ઉત્પન્ન થઈ છે. આહાહા..!

મુમુક્ષુ :– ચશ્માને અડવા જાય તો તૂટી જશે.

ઉત્તર :– ચશ્મા પોતાને અડતા જ નથી ને. હાથ પણ અડતો નથી. એને કારણે આવ્યા છે. એના પરિણામપર્યાયથી ત્યાં આવ્યા છે. નાક ઉપર પણ રહ્યા નથી. એ પોતાના આધારે રહ્યા છે, નાકના આધારે પણ રહ્યા નથી.

મુમુક્ષુ :– તો પછી એની જરૂર શું છે?

ઉત્તર :– જરૂર કોણ કહે છે? એ માને છે અને લે છે. પણ એમાં અભિમાન કરે છે કે, મેં લીધા ને એને લીધા ને મેં એનાથી જોયું. એ મિથ્યા અભિપ્રાય છે. મેં લીધા અને મેં એનાથી જોયું. એ બધા મિથ્યા અભિપ્રાય છે. તેનાથી મેં અક્ષર જોયા. આ અક્ષર જોયા તો મને જ્ઞાન થયું, એ પણ મિથ્યા અભિપ્રાય છે. કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યના પરિણામ પર્યાયથી ઉત્પન્ન થતી નથી. ભાષા બે લીધી છે.

**'એવી રીતે–બધાંય દ્રવ્યો...'** બધા દ્રવ્યોમાં કોણ બાકી રહ્યું? ખાવું, પીવું, ચાલવું, બોલવું, હસવું, રોવું. આહાહા..! સૂવું, જાગવું, પથારી કરવી.. આહાહા..! પથારી આત્મા કરી શકતો નથી. આહાહા..! આત્મા પુસ્તક હાથમાં લઈ શકતો નથી. થાય છે, જાણે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! દુનિયાને ક્યાં પડી છે? કે મારું શું થશે? અહીંથી દેહ છોડીને ક્યાં જઈશ? હું તો અનાદિ સત્તા ચીજ છું. અનાદિ સત્તા શાશ્વત છું. આ શરીર છૂટશે તો ક્યાં જઈશ? રહેશે તો ખરો, તો ક્યાં જશે? કંઈ પત્તો નથી. મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું ને આમ કર્યું (એવા) અભિમાનમાં રહીને પશુ થાય છે. પશુ.. પશુ. ભેંસ ને પાડા ને કાગડા ને કૂતરા થાય છે. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! એ પણ માંસ ને ઇંડા ખાતો ન હોય તો. માંસ અને ઇંડા ખાનારા તો નરકમાં જાય છે.

ખરેખર તો.. વળી આ યાદ આવ્યું, જૈન નામ ધરાવનારને રાત્રિભોજન ન હોય. પંડિતજી! જૈનને રાત્રિભોજન ન હોય. રાત્રિભોજનમાં માંસ આવે છે. પાણી પણ નહિ. અમારે તો (સંવત) ૧૯૬૫ ની સાલથી રાત્રિના આહાર-પાણીનો ત્યાગ છે. ૧૯૬૫ ની સાલ. કેટલા વર્ષ થયા? ૭૧ વર્ષ થયા. પાણી નહિ, આહાર નહિ, દવા નહિ, બિલકુલ કાંઈ નહિ, રાત્રિમાં બિલકુલ કોઈ ચીજ નહિ. દુકાન ચલાવતા ત્યારે પણ રાત્રે કાંઈ લેતા નહિ. આહાહા..! રાત્રી ભોજનમાં, ગરમ કઢી.. કઢી કહે છે ને? કઢી, ખીચડી, ભાત, ઊની મગની દાળ ખાય ત્યારે ઝીણા ઝીણા ફૂદા થાય છે. નાના હોય એટલે પ્રકાશમાં દેખાય નહિ. એ ખોરાક (લેવાય નહિ). મારી સાથે એવું થયું હતું. માલ લેવા ગયેલા. ત્યાં સાંજ પડી ગઈ, અંધારુ થઈ ગયું. જમવા બેઠા. ખીચડી કે કઢી એવું કાંઈક હતું. એમાં દીવાથી જોયું કે આમાં તો ફૂદા પડે છે, જીણી જીવાત આવે છે. આ તો માંસનો ખોરાક છે. જૈનને રાત્રિભોજન હોય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એમ અથાણા. અથાણામાં પણ બહુ જીવાત પડે છે, બહુ

જીવાત પડે છે. મીઠાના પાણીમાં કેરી, ગુંદા, ગુવાર રાખે છે. ખારા પાણીમાં જીવ ઉત્પન્ન થાય છે. એ પણ ન હોવું જોઈએ. એનો પણ મને અનુભવ થયેલો. તે દિ' ૭૧ વર્ષ પહેલા. અમે જમવા બેઠેલા. અથાણું લાવ્યા. હું જોવા ગયો. ક્યાંથી અથાણું લાવ્યા? અમે ૩૦-૩૨ માણસ હતા. બે બરણી ભરેલી. મેં આમ જ્યાં જોયું ત્યાં કંથવા. ઉપરનું કપડું મેલું હોય ને? કપડું મેલું થઈ જાય. ઝીણા કંથવા. એ કંથવા અંદર પડે. એ અથાણા લાવે. એ અથાણાનો ખોરાક જૈનને હોય નહિ. એ ખાઈ શકે નહિ પણ એનો ભાવ છે ને? એ મિથ્યાભાવ છે. આહાહા..! ખાવાની, પીવાની ક્રિયા તો ભિન્ન છે, પણ એનો ભાવ છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! અહીં તો ઘણા વર્ષથી (આ અભ્યાસ છે). જિંદગીમાં પાંચ વર્ષ વેપાર કર્યો છે, બાકી (અત્યારે) ૯૧ વર્ષ થયા છે. ૯૦ ને ૧. ૧૦૦ માં નવ ઓછા. આ આખી જિંદગી જોયું છે, આવું જ જોયું છે. ઓહો..!

અહીં આચાર્ય મહારાજ ટીકામાં કહે છે, હોં! આહા! આ ટીકા છે. ટીકામાં બે પેરેગ્રાફ થઈ ગયા છે, આ ત્રીજો પેરેગ્રાફ ચાલે છે. કુંભાર ઘડાને કરતો નથી, માટી કુંભારને સ્પર્શતી નથી. **'એવી રીતે–બધાંય દ્રવ્યો સ્વપરિણામપર્યાયે (અર્થાત્ પોતાના પરિણામભાવરૂપે)...'** પર્યાય એટલે પછી ભાવ લીધા. પોતાના પરિણામરૂપી ભાવ. દરેક આત્મા કે દરેક પરમાણુ પોતાના પરિણામરૂપી ભાવ (તેનાથી) ઉત્પન્ન થાય છે. પોતાના પરિણામરૂપી ભાવથી ઉત્પન્ન થાય છે, પરથી નહિ. આહાહા..!

**'ઊપજતાં થકાં, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે...'** નિમિત્તભૂત દ્રવ્ય હો તેના સ્વભાવથી ઉત્પન્ન થાય છે **'કે પોતાના સ્વભાવથી ઊપજે છે?'** પ્રત્યેક પદાર્થ નિમિત્ત જે બીજી ચીજ છે એની પર્યાયથી પરિણામ ઉત્પન્ન થાય છે કે પરિણામ પોતાથી થાય છે? પરિણામ–પર્યાય પોતાથી થાય છે, નિમિત્તથી નહિ. આહાહા..! વીતરાગ માર્ગ પરમેશ્વર કેવળીનો બહુ સૂક્ષ્મ માર્ગ. આહાહા..! એમાં આ બધા દ્રવ્ય, કોઈ દ્રવ્ય બીજાને અડતા નથી. ગજબ વાત છે. આ માને કોણ?

પાણી અગ્નિથી ઊનું થતું નથી. કેમ કે જળને અગ્નિ અડતી નથી. આહાહા..! અને પાણી ઊનું થાય છે એ પોતાથી થાય છે. પોતાના પરિણામપર્યાય ભાવથી ઉત્પન્ન થાય છે. પાણી ઠંડામાંથી ઊનું (ઉષ્ણ) પોતાના ભાવ, પરિણામપર્યાયથી ઉત્પન્ન થાય છે. અગ્નિથી નહિ. આહાહા..! આવી વાત. આખો દિ' કર્તાના અભિમાન (કરે), હું કરું, હું કરું, હું કરું.. એને આ વાત કઠણ પડે. ભાઈ! માર્ગ આવો છે. પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનું આ ફરમાન છે અને તે ફરમાન ન્યાયયુક્ત છે. સર્વ દ્રવ્ય જ્યારે સ્વતંત્ર છે, ત્યારે સર્વ દ્રવ્ય પર્યાય વિનાનું રહેતું નથી. કોઈ પણ પદાર્થ પર્યાય વિનાનું રહેતું નથી. એ પર્યાય વિનાનું નથી તો એની પર્યાય બીજો કરે એ કેમ બને? આહાહા..! ભગવાન કહે છે એ તો ઠીક પણ સર્વ દ્રવ્યો પોતાના પરિણામ–પર્યાય વિના હોતા નથી. પરિણામ–પર્યાય એ સમયે એનાથી

થઈ છે. બીજા દ્રવ્યથી પરિણામ–પર્યાય ઉત્પન્ન થઈ નથી. આહાહા..! વિચાર માગે છે, ભાઈ! બહુ વિચાર માગે છે. આહાહા..!

કહે છે કે, **'નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજે છે કે પોતાના સ્વભાવથી ઊપજે છે? જો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં હોય તો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના આકાર (નામ સ્વભાવે) તેમના પરિણામ થવા જોઈએ.'** અન્યદ્રવ્યના સ્વભાવથી ઉત્પન્ન થતા હોય તો અન્યદ્રવ્યના સ્વભાવે હોવા જોઈએ. આહાહા..! પ્રત્યેક દ્રવ્ય, પ્રત્યેક પદાર્થ પોતાના પરિણામથી ઉપજતા ન હોય અને પરથી ઉત્પન્ન થતા હોય તો પરનો સ્વભાવ એમાં ઘુસી ગયો. પરના સ્વભાવથી ઉત્પન્ન થાય એમ કદી બનતું નથી. પરનો સ્વભાવ કદી પરમાં જતો નથી. આહાહા..!

આ ગાથા ભારે આકરી છે. 'કુંદકુંદાચાર્યદેવ' પોતે (કહે છે), **'अण्णदविएण अण्णदवियस्स'** પાઠ છે ને? **'अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ'** પર્યાયનો ઉત્પાદ. **'तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण'** આમાં શું બાકી રહ્યું? આહાહા..! 'કુંદકુંદાચાર્યદેવ' ની ગાથા (છે). એ તો મહા દિગંબર મુનિ ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ભગવાન બિરાજે છે. અબજો વર્ષનું આયુષ્ય છે. પ્રભુનું ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. પ્રભુ સમવસરણમાં બિરાજે છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર વર્ષ જાય છે. આહાહા..! એટલા અબજો વર્ષથી ભગવાન છે અને અબજો વર્ષ રહેશે. 'કુંદકુંદાચાર્યદેવ' બે હજાર વર્ષ પહેલા ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે.

અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યનો ઉત્પાદ થતો નથી. આ સિદ્ધાંત. અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થતી નથી. તો સર્વ દ્રવ્યો પોતાની પર્યાયથી તે ક્ષણે, તે સમયે ઉત્પન્ન થાય છે. આહાહા..! ગજબ વાત! તો પહેલા કેમ ન થઈ? લાકડાના કટકા પહેલા કેમ ન થયા? અને રોટલીના ટુકડા રોટલી પડી હતી ત્યારે કેમ ન થયા? ન થયા એ શું પ્રશ્ન? એ વખતે રોટલીનો ભાવ એ હતો. મોઢામાં આવી તો એના ભાવની પર્યાય એ થઈ. એ પોતાથી થઈ છે. દાઢથી પણ રોટલીના બે ટુકડા નથી થયા. જો દાઢથી થતા હોય તો દાઢનો સ્વભાવ, દાંતનો સ્વભાવ રોટલીમાં આવવો જોઈએ, દાંતનો સ્વભાવ રોટલીમાં આવવો જોઈએ, એમ કહે છે. આહાહા..! સાધારણ પ્રાણીને તો, આખો દિ' કામ કરે, અહંકાર.. અહંકાર... અહંકાર.. અને અહીં કહે, એક ડગલું પણ ભરે છે તે તારાથી નહિ. એ તો જડપર્યાય, માટી કે ધૂળ પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. પરિણામ પર્યાય. આ પરમાણુના પરિણામરૂપી પર્યાયથી આ ઉત્પન્ન થાય છે. આહાહા..!

દાળ પાણીમાં ચડે છે, તો કહે છે કે, પાણીથી નથી ચડતી. આ દાળ.. દાળ. પાણીથી નહીં. પાણી દાળને અડતું નથી. એ દાળના પરમાણુ પોતાના પરિણામથી તે સમયની પર્યાયપણે ઉત્પન્ન થાય છે પોતાના પરિણામથી. જો પાણીથી થતું હોય તો પાણી ત્યાં આવવું જોઈએ.

તેમાં પાણીનો સ્વભાવ ઘુસી જવો જોઈએ. પાણીથી પણ દાળ ચડતી નથી. આહાહા..! આવી વાત.

મુમુક્ષુ :- બધું અભિમાન છૂટી જાય.

ઉત્તર :- અભિમાન છૂટી જાય. આહાહા..!

**'અન્ય દ્રવ્યોના આકારે તેમના પરિણામ થવા જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.'** આહાહા..! કુંભારથી ઘડો ઉત્પન્ન થાય છે એમ જોવામાં આવતું નથી. આહાહા..! અગ્નિથી પાણી ઊનું થાય છે એમ જોવામાં આવતું નથી. સ્ત્રીથી દાળ, ભાત, રોટલી થયા એમ જોવામાં આવતું નથી, એમ અહીંયાં કહે છે. આહાહા..! **'જો આમ છે તો સર્વ દ્રવ્યો નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી, પરંતુ પોતાના સ્વભાવથી જ ઊપજે છે...'** આહાહા..! બહુ ગાથા (ઊંચી છે). સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિ આ છે. કોઈ દ્રવ્ય કોઈ નિમિત્તભૂત દ્રવ્યથી ઉત્પન્ન થતું નથી. **'પરંતુ પોતાના સ્વભાવથી જ ઊપજે છે...'** આહાહા..! પ્રત્યેક પદાર્થ પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. તે તે સમયે તે પરિણામ તે તે પરિણામના સ્વભાવથી ઉત્પન્ન થાય છે. પહેલા કેમ ન થયું? પહેલા બીજું હતું, એ વખતે ત્રીજું થયું. જે સમયે ઉત્પન્ન થવાના છે તે સમયે ઉત્પન્ન થાય છે, પરથી નહિ. આહાહા..!

દાળને ઘડામાં રાખે તો ચડે છે? પાણીમાં નાખે તો ચડે. એમ છે જ નહિ. એ દાળના પરમાણુની ચડવાની પર્યાય પોતામાંથી ઉત્પન્ન થવાની હતી તો ત્યાં (પાણી) આવ્યું. પાણીથી ઉત્પન્ન થઈ નથી. આહાહા..! ચોખા ને ખીચડી ને..

મુમુક્ષુ :- પાણી નિમિત્ત તો થયું ને?

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? નિમિત્ત એક ચીજ છે, એનાથી થયું નથી. નિમિત્તનો અર્થ વિદ્યમાન ચીજ છે. એ તો પહેલા કહી ગયા. વિદ્યમાન વસ્તુ છે. સમજાય છે કાંઈ? વિદ્યમાન હોવા છતાં તેનાથી થતું નથી. વિદ્યમાન તો અનંત વિદ્યમાન છે. જગતમાં પદાર્થ તો અનંત વિદ્યમાન છે. એમાં એક પદાર્થના પરિણામને અનંત વિદ્યમાન પદાર્થ અનંત પરિણામ કરે છે? એક દ્રવ્ય જો કરે તો બીજું દ્રવ્ય કરે, તો ત્રીજું કરે એમ અનંત કરે. તો પોતાના ભાવની સત્તા તો રહી નહિ. પોતાનો તે સમયનો ભાવ અને પર્યાય કરવાની તાકાત તો રહી નહિ. આહાહા..! એમ છે નહિ.

મુમુક્ષુ :- આવી ભાવના કરવાથી સંસારમાં ઝઘડો ઉત્પન્ન થઈ જશે.

ઉત્તર :- સંસારમાંથી ઝઘડાનો નાશ થાય છે. ભાઈ! સંસારનો નાશ થઈ જાય છે. ચાર ગતિમાં રખડવાનું બંધ થઈ જાય છે. આહાહા..! ઝઘડો બંધ થઈ જાય છે.

**'પરંતુ પોતાના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના**

**પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.**' આહાહા..! શું કહ્યું? દરેક દ્રવ્યના પોતાના સ્વભાવે, '**પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે.**' આહાહા..! આચાર્ય કહે છે, અમને તો આ જોવામાં આવે છે. પાણી અગ્નિથી ઊનું થયું એમ તો જોવામાં આવતું નથી. પાણી પોતાથી ઊનું થયું છે, એમ અમને દેખાય છે. આહાહા..!

વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિકાળ જ્ઞાની પરમાત્માએ એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા. એમની શૈલી અલૌકિક છે. આવો કોઈ માર્ગ જગતમાં છે જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે કહી એવી ચીજ ક્યાંય છે જ નહિ. બાકી બધાએ ગપ્પા અને કલ્પના કરી છે. આહાહા..! આવી વાત સાંભળતા અન્યમતીને ઈશ્વરકર્તા, ઈશ્વરકર્તા ને ઈશ્વર વિના પાંદડું હલે નહિ, એમ લોકો બોલે. અહીં કહે, પાંદડું હલે છે તે પોતાથી હલે છે, ઈશ્વરથી નહિ ને બીજો હાથ લગાડે છે તેનાથી પણ નહિ.

અમે સંસારમાં હતા ને? ત્યાં 'ગઢડા' ગામ હતું. ત્યાં 'સ્વામીનારાયણ' નું મોટું મંદિર છે. ત્યાં ગયા હતા. એ સાધુ લોકોને ખબર કે, આ દીક્ષા લેવાના છે. એટલે એ બોલ્યા કે, ઈશ્વર વિના પાંદડું હલે નહિ. એક એક પરમાણુ પોતે ઈશ્વર છે. પાંદડામાં તો અનંત પરમાણુ છે. એક એક પરમાણુ અનંત ગુણનો ઈશ્વર છે. પોતાની ઈશ્વરતા પરથી લે છે એમ છે જ નહિ. આહાહા..! અત્યારે તો બધી ગડબડ ચાલી છે. આહાહા..!

'**કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતા હોવાને લીધે,...**' લ્યો, ઠીક! સર્વ પદાર્થ પોતાના સ્વભાવને છોડતા નથી. ઉલ્લંઘન કરતા નથી. આહાહા..! '**સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતા હોવાને લીધે, નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિ;...**' નિમિત્તભૂત ચીજ તેની ઉત્પાદક છે જ નહિ. નિમિત્ત છે, નિમિત્ત વિદ્યમાન છે, પણ નિમિત્તથી પરમાં કાંઈ થાય છે એમ વાત નથી. નિમિત્ત વસ્તુ નથી એમ નથી. નિમિત્ત છે. ઉપાદાન અને નિમિત્ત બન્ને ચીજ છે. કામ ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નહિ. નિમિત્ત પણ તેનું ઉપાદાન છે ને? આની અપેક્ષાએ એને નિમિત્ત કહેવાય, પણ નિમિત્ત પોતે પોતાની અપેક્ષાએ ઉપાદાન છે. તો એની પર્યાય એને કારણે થાય છે. આની પર્યાય આને કારણે અહીંયાં થાય છે.

મુમુક્ષુ :– એ કાર્ય થઈ ગયા પછી નિમિત્ત કેમ છૂટી જાય છે?

ઉત્તર :– બીજું નિમિત્ત છે. એ નિમિત્ત છૂટી જાય છે, બીજી પર્યાયમાં બીજું નિમિત્ત આવે છે. એ નિમિત્તથી થતું નથી. નિમિત્ત બદલી જાય છે. પહેલા રોટલી હતી એ થાળીમાં આવી. પણ રોટલી બદલાઈ ગઈ છે? પર્યાય બદલી. એ તો પોતાથી બદલી છે.

'**સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતા થકાં,...**' ભાષા જુઓ! આ બહુ અલૌકિક વાત છે. ત્રીજી ગાથાનો અર્થ. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને અડતા નથી. આ

આંગળી કાગળને અડતી નથી. આહાહા..! ગુંદર કાગળને અડતો નથી, ખીલી લાકડામાં પેસતી નથી. ખીલી કહે છે ને? ખીલી હોય છે ને? એ હથોળા વડે અંદર ઘુસી ગઈ નથી. અંદર કાણું પડ્યું એ ખીલીથી કાણું પડ્યું નથી. લાકડાની પરિણામની પર્યાય ઉત્પન્ન થવાને કાળે તેવું જ થાય છે. નિમિત્તની હાજરી હોય પણ નિમિત્તથી થતું નથી. આહાહા..!

સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતા થકાં, ઠીક! કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને સ્પર્શે નહીં કરતા થકા, આહાહા..! અડતા નથી એમ કહે છે. કોઈ દ્રવ્ય અડતું નથી. આ આંગળી તેને અડતી નથી. આહાહા..! છે! અન્ય દ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતા થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવથી પોતામાં થાય છે. એમ દરેક દ્રવ્ય પોતાના પરિણામભાવથી ઉત્પન્ન થાય છે. પરને સ્પર્શ કરતા નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

---

## પ્રવચન નં. ૪૨૪ ગાથા-૩૭૨ તથા શ્લોક ૨૨૦-૨૨૧, સોમવાર, જ્યેષ્ઠ વદ ૨, તા. ૩૦-૦૬-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' (૩૭૨ ગાથાના) ભાવાર્થની ઉપર બે લિટી છે. ભાવાર્થ છે ને? **'માટે (આચાર્યદેવ કહે છે કે)...'** શા માટે? અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યનો સ્પર્શ થતો નથી. **'નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતા થકા,...'** કુંભાર ઘડાને, માટીને નહિ સ્પર્શતો થકો. **'માટે...'** એમ બધા દ્રવ્ય. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, સ્પર્શ કરતું નથી. માટે. આ કારણ મૂક્યું. આહાહા..! બધા દ્રવ્ય પોતાની પર્યાયમાં પોતાથી ઉત્પન્ન થાય છે. નિમિત્ત હો, પણ નિમિત્તથી ઉત્પન્ન થતા નથી.

**'માટે (આચાર્યદેવ કહે છે કે) જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા (-માનતા, સમજતા) નથી...'** ભાવાર્થ ઉપર બે લીટી છે ને? ભાવાર્થ ઉપર. ઇ બાકી હતી. પહેલા આવી ગયું હતું કે, બધા દ્રવ્યો સ્વપરિણામપર્યાયથી ઉત્પન્ન. અહીંયાં આવ્યું કે, **'માટે...'** આ કારણે. આ કારણનો અર્થ કુંભાર માટીને અડતો નથી. એમ કોઈ પણ દ્રવ્ય. ઓહોહો..! પરદ્રવ્યને સ્પર્શ કરતા નથી. એક પરમાણુ બીજા પરમાણુને સ્પર્શ કરતા નથી, એક પરમાણુ આત્માને સ્પર્શ કરતા નથી. આત્મા પરમાણુને સ્પર્શ કરતા નથી, આત્મા બીજા આત્માને સ્પર્શ કરતા નથી. આહાહા..! આવી વસ્તુની મર્યાદા છે. માટે, આ કારણે. આમ થાય છે અને એમ છે, તે કારણે. **'જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા (-માનતા, સમજતા) નથી કે જેના પર કોપ કરીએ.'** સિદ્ધાંત કહ્યો, કે પરદ્રવ્યથી કંઈ થતું નથી તો પછી પરદ્રવ્ય

ઉપર કોપ કરવો, ક્રોધ કરવો એ તેં શું કર્યું? એમ કરવાનું શું પ્રયોજન છે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી પછી બીજા દ્રવ્ય ઉપર કષાય કરવો, કે તેં આમ કેમ કર્યું? એ કંઈ જરૂર રહી નહિ. કેમ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી. આહાહા..! માટે દરેક પ્રાણી પોતાના કાળમાં પોતાથી રાગાદિક કરે છે તો અમે પરદ્રવ્ય ઉપર કોપ કેમ કરીએ? કે, તું આવ્યો ને આમ થયું. તમે આમ કર્યું માટે મને આમ ક્રોધ આવ્યો. તમે આવી ગાળ આપી તો મને ક્રોધ આવ્યો. એમ છે નહિ. પછી એ લેશે, નિંદા-સ્તુતિ. આના પછી એ લેશે. આહાહા..!

કોઈ પરદ્રવ્યથી, અનંત પરદ્રવ્ય છે એમાં કોઈપણ પરદ્રવ્યથી પરદ્રવ્યમાં ઉત્પત્તિ થવાનું કોઈ કારણ નથી. પરદ્રવ્યથી ઉત્પત્તિ થતી નથી તો નિમિત્ત ઉપર ક્લેશ કરવો, ક્રોધ કરવો એ શું છે? આહાહા..! બહુ શબ્દ લીધા છે. રાગાદિકનો ઉત્પાદક પરદ્રવ્યને દેખતા નથી તો પછી ક્રોધ કેમ કરીએ? શું કારણે કષાય કરીએ? એવું ક્યાં કીધું? એવું અમને શું કીધું? વાણી વાણીમાં છે, વાણી તારામાં આવી નથી. વાણી તારાથી નીકળી નથી અને તારા માટે નીકળી નથી. આહાહા..! પણ તું કોપ કરે છે તો એ મિથ્યા છે. આહાહા..! 'શાંતિભાઈ'! કોઈનો દોષ કાઢે છે કે, તેં આવું શા માટે કર્યું? પણ એક પદાર્થ બીજા પદાર્થને કંઈ કરતો નથી તો આવું કેમ કર્યું, એવો કોપ તું શા માટે કરે છે? એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– બધો ઝઘડો મટી જાય.

ઉત્તર :– કાંઈ ઝઘડો જ નથી. સત્યમાં તો ઝઘડો છે જ નહિ. અસત્ય છે એમાં ઝઘડો, કષાય થાય છે. પોતાની વાત ખોટી હોય અને કોઈ ખોટી કહે તો અજ્ઞાનીને કોપ આવ્યા વિના રહે નહિ. કેમ કે જૂઠ ક્રોધ નથી કરાવતું. એ તો જડની ભાષા છે. એણે તને કર્યું નથી અને તારી માટે એ ભાષા ઉત્પન્ન થઈ નથી. પણ તને ક્રોધ આવ્યો એ નિરર્થક મિથ્યા કષાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? મારું નામ લઈને કેમ આવ્યો? એવો ક્રોધ કેમ કરે છે તું? એ તો મિથ્યા છે. આહાહા..!

**'માટે...'** આ કારણે. આ કારણે ને? **'અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતા થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે...'** ભાષા લીધી છે, જુઓ! પહેલા લીધું હતું, સ્વપરિણામપર્યાય. પહેલી લીટી. બધા (દ્રવ્યો) સ્વપરિણામપર્યાયે ઉત્પન્ન થાય છે. અહીંયાં કહ્યું કે, **'પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે.'** પોતાના પરિણામ ભાવરૂપે ઉત્પન્ન થાય છે. આહાહા..! **'માટે (આચાર્યદેવ કહે છે કે) જીવને રાગાદિનું ઉત્પાદક અમે...'** દ્વેષ થાય, રાગ થાય, હાસ્ય થાય, મશ્કરી કહો એ પરને કારણે તને થતા નથી. તો તું શું કરે છે? આહાહા..! મિથ્યાશ્રદ્ધા છે. ... તો તને ક્રોધ આવે છે, એમ કહે છે. પરદ્રવ્ય દ્વારા તારું નામ આવ્યું અને તને ક્રોધ થયો એ મિથ્યા છે. એ ભાષા તો જડની હતી, જડની ભાષા તને અડતી નથી તો પછી તને ક્રોધ કેમ થયો? આચાર્ય કહે છે, અમે તો કોપ કરતા નથી. આહાહા..!

અમે કોના ઉપર કોપ કરીએ? આહાહા..!

નિમિત્તથી, પરદ્રવ્યથી પરદ્રવ્યમાં કિંચિત્ કોઈ પણ દ્રવ્યમાં, કંઈ પણ પરથી પરમાં કાંઈ પણ ઉત્પન્ન થતું નથી. તો પછી અમે પરદ્રવ્ય ઉપર કોપ કેમ કરીએ? આહાહા..! સિદ્ધાંત છે. આ માણસે બરાબર કામ કર્યું નહિ, માટે આમ બગડી ગયું. એ કામ તો તેનું છે, તારું કામ તો તારી પાસે છે. આહાહા..! બહુ ટુંકા શબ્દોમાં (લખ્યું છે). **'જીવને રાગાદિકનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા (–માનતા, સમજતા) નથી કે જેના પર કોપ કરીએ.'** જેના પર એટલે કોઈ પર ઉપર. પરથી થતું નથી તો પર ઉપર કોપ કેમ કરે છે? આહાહા..!

**ભાવાર્થ :– 'આત્માને રાગાદિક ઊપજે છે તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે.'** આહાહા..! આત્મામાં રાગ, દ્વેષ, હાસ્ય આદિ વિષય વિકાર આદિનું ઉત્પન્ન થવું એ પોતાના જ અશુદ્ધ પરિણામ છે. **'નિશ્ચયનયથી...'** સત્યાર્થદૃષ્ટિથી, સત્યદૃષ્ટિથી **'વિચારવામાં આવે તો અન્યદ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી, અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે;...'** નિમિત્તમાત્ર છે તો નિમિત્તે તારામાં કાંઈ કર્યું નહિ. આહાહા..! લ્યો, આમાં વાંધા છે. નિમિત્ત છે ને? તો નિમિત્તે કાંઈ કર્યું કે નહિ? નિમિત્ત વસ્તુ છે, દરેક પદાર્થમાં નિમિત્ત તો છે, પણ નિમિત્ત કંઈ કરતું નથી. આહાહા..! નિમિત્ત છે છતાં નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી. તારી દૃષ્ટિ ફેર છે. આહાહા..! અન્યદ્રવ્ય નિમિત્તમાત્ર છે. નિમિત્તમાત્ર તો છે. પહેલા વિદ્યમાન આવ્યું હતું. વિદ્યમાન આવ્યું હતું. વિદ્યમાન છે. માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે ત્યારે કુંભાર વિદ્યમાન છે, પણ કુંભારે કર્યું નથી. વિદ્યમાન નિમિત્ત છે. નિમિત્તનો નિષેધ નથી. નિમિત્ત નથી એમ નથી પણ એનાથી તારામાં કાંઈ થાય છે એ વાત નથી. આહાહા..!

**'અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે; કારણ કે અન્યદ્રવ્યને અન્યદ્રવ્ય ગુણપર્યાય ઉપજાવતું નથી એ નિયમ છે.'** અન્યદ્રવ્યને અન્યદ્રવ્યની ગુણની પર્યાય, વિકારી કે અવિકારી, ગુણપર્યાય કહ્યું છે, **'ગુણપર્યાય ઉપજાવતું નથી એ નિયમ છે.'** આ તો નિયમ છે, ત્રિકાળ નિયમ છે. આહાહા..! વસ્તુની ત્રિકાળ મર્યાદા એવી છે કે એક ચીજ બીજી ચીજને કાંઈ કરતી નથી. એવી વસ્તુની મર્યાદા નિયમ છે. નિયમ આવો છે. આહાહા..! એ નિયમ તારે તોડવો છે? આહાહા..! આ મોટી તકરાર છે. નિમિત્તથી કાંઈક થાય છે, સર્વથા થતું નથી, એમ નહિ. કોઈ વખતે કોઈ નિમિત્તથી કાંઈક ફેરફાર થાય છે. હું શાંત બેઠો હતો અને તેણે આવીને ક્રોધ કર્યો તો મને ક્રોધ આવ્યો, હું તો શાંતિથી બેઠો હતો. એણે આવીને ગાળ આપી તો મને ક્રોધ આવ્યો. એ વાત ખોટી છે. ગાળ તો નિમિત્તમાત્ર થઈ, એણે તને ક્રોધ કરાવ્યો નથી. તેં એવું માન્યું છે, આ આમ કેમ કરે છે? આહાહા..!

**'નિશ્ચયનયથી વિચારવામાં આવે તો અન્યદ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી, અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે; કારણ કે અન્યદ્રવ્યને અન્યદ્રવ્ય ગુણપર્યાય ઉપજાવતું નથી એ નિયમ છે. જેઓ એમ માને છે–એવો એકાંત (ગ્રહણ) કરે છે–કે પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે**

**છે'** એમ એકાંત માને છે કે પરદ્રવ્ય જ મારામાં રાગાદિક ઉત્પન્ન કરે છે. **'તેઓ નયવિભાગને સમજ્યા નથી,...'** આહાહા..! એ નયવિભાગને સમજતા નથી **'મિથ્યાદૃષ્ટિ છે.'** આહાહા..! પોતાની વાતમાં કોઈ અવગુણ કહે, કોઈ ફેરફાર કહે અને ક્રોધ આવે છે તો કહે છે કે, તું મિથ્યાદૃષ્ટિ છો. એનાથી થયો એમ માને છે તો તું મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! છે?

**'એવો એકાંત (ગ્રહણ) કરે છે...'** એકાંત ગ્રહણ કરે છે. આહાહા..! પોતાથી થાય છે એમાં એ તો નિમિત્તમાત્ર છે. તેનાથી કાંઈ થયું જ નથી. આહાહા..! **'એવો એકાંત (ગ્રહણ) કરે છે—કે પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે.'** આહાહા..! મારો અવગુણ બોલ્યો, મારાથી વિરુદ્ધ બોલ્યા તો મને ક્રોધ થયો. મિથ્યાદૃષ્ટિ છે. એ વાત મિથ્યાદૃષ્ટિ માને છે. આહાહા..! **'તેઓ નયવિભાગને સમજ્યા નથી,...'** એ નિમિત્તમાત્ર તો વ્યવહાર છે. પોતાથી ઉત્પન્ન થયો છે એ નયવિભાગ છે. નયવિભાગને સમજતા નથી. **'મિથ્યાદૃષ્ટિ છે.'** આહાહા..!

**'એ રાગાદિક જીવના સત્ત્વમાં ઊપજે છે,...'** રાગ, દ્વેષ, કષાય, ક્રોધ, માન, અપમાન એ જીવના સત્ત્વમાં, જીવના સત્ત્વમાં–એની પર્યાયરૂપી સત્ત્વમાં ઉત્પન્ન થાય છે. બીજા દ્રવ્યના સત્ત્વમાં કે સત્ત્વથી ઉત્પન્ન થતા નથી. આહાહા..! **'જીવના સત્ત્વમાં ઊપજે છે,...'** લ્યો! ઠીક. એક ઠેકાણે એમ કહે કે, જીવના સત્ત્વમાં વિકાર છે જ નહિ. એ તો સ્વભાવની દૃષ્ટિ કરવા માટે. સ્વભાવની દૃષ્ટિમાં તો એ છે જ નહિ. આહાહા..! અહીંયાં (કહે છે), **'પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે' તેઓ નયવિભાગને સમજ્યા નથી,...'** રાગાદિ જીવના સત્ત્વમાં ઊપજે છે. પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. એ તો નિમિત્તમાત્ર ચીજ છે. આહાહા..! **'એમ માનવું તો સમ્યગ્જ્ઞાન છે.'** એમ માનવું સમ્યગ્જ્ઞાન છે. આહાહા..!

**'માટે...'** આ કારણે **'આચાર્યમહારાજ કહે છે કે–અમે રાગદ્વેષનીઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ?'** આહાહા..! એની ઉપર કેમ ક્રોધ કરીએ? આહાહા..! પરદ્રવ્ય ઉપર અણગમો, દ્વેષ, વિરોધ કઈ રીતે કરીએ? પરદ્રવ્યથી તો પોતામાં કાંઈ થયું નથી. આહાહા..! **'રાગદ્વેષનું ઊપજવું તો પોતાનો જ અપરાધ છે.'** મોટી ગડબડ ચલાવી છે. વિકાર કર્મથી થાય છે. આના પછી એ લેશે. શબ્દ એ લેશે, કર્મ લેશે. નિંદા લેશે. કોઈ તારી નિંદા કરે તો તને ક્રોધ થાય છે, શું છે આ? આહાહા..! આના પછી એ જ લેશે. અને તારી સ્તુતિ કરે તો તને પ્રસન્નતા થાય છે તેનું શું કારણ છે? આહાહા..! આ વાત પછી એ લે છે. આહાહા..!

## શ્લોક-૨૨૦

(मालिनी)

यदिह भवति रागद्वेषदोषप्रसूतिः
कतरदपि परेषां दूषणं नास्ति तत्र।
स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो
भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः।।२२०।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ इह ] આ આત્મામાં [ यत् राग-द्वेष-दोष-प्रसूतिः भवति ] જે રાગદ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે [ तत्र परेषां कतरत् अपि दूषणं नास्ति ] ત્યાં પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી, [ तत्र स्वयम् अपराधी अयम् अबोधः सर्पति ] ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે;- [ विदितम् भवतु ] એ પ્રમાણે વિદિત થાઓ અને [ अबोधः अस्तं यातु ] અજ્ઞાન અસ્ત થઈ જાઓ; [ बोधः अस्मि ] હું તો જ્ઞાન છું.

ભાવાર્થ :– અજ્ઞાની જીવ રાગદ્વેષની ઉત્પત્તિ પરદ્રવ્યથી થતી માનીને પરદ્રવ્ય ઉપર કોપ કરે છે કે 'આ પરદ્રવ્ય મને રાગદ્વેષ ઉપજાવે છે, તેને દૂર કરું'. એવા અજ્ઞાની જીવને સમજાવવાને આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-રાગદ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં જ થાય છે અને તે આત્માના જ અશુદ્ધ પરિણામ છે. માટે એ અજ્ઞાનને નાશ કરો, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવ કરો; પરદ્રવ્યને રાગદ્વેષનું ઉપજાવનારું માનીને તેના પર કોપ ન કરો. ૨૨૦.

## શ્લોક-૨૨૦ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' ૨૨૦ ને?

यदिह भवति रागद्वेषदोषप्रसूतिः
कतरदपि परेषां दूषणं नास्ति तत्र।
स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो
भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः।।२२०।।

**'આ આત્મામાં જે રાગદ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે...'** રાગદ્વેષ ઉત્પન્ન થાય છે **'तत्र परेषां कतरत् अपि दूषणं नास्ति'** કંઈ પણ દૂષણ–દોષ નથી. આહાહા..! હું તો શાંતિથી બેઠો હતો અને એ આવીને નિંદા અમારી કરવા લાગ્યો તો ક્રોધ આવે જ ને? તો કહે છે, ના, ના. તારી દૃષ્ટિ વિપરીત છે. તું તેનાથી થયું એમ માને છે એ તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. આહાહા..! પોતાની પ્રશંસા સાંભળીને રાગ થાય છે અને પોતામાં જરી અવગુણ દેખીને બોલે તો કષાય આવે છે, તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

**'ત્યાં પરદ્રવ્યનો કાંઈ પણ દોષ નથી,...'** આહાહા..! **'तत्र स्वयम् अपराधी अयम् अबोधः सर्पति' 'ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે...'** આહાહા..! જુઓ! નિમિત્તથી થાય છે એમ માનવું તે અજ્ઞાન છે. નિમિત્તથી પરમાં ક્રોધ, માન, માયા, લોભાદિ રાગ થાય છે (એમાં અજ્ઞાન ફેલાય છે). આહાહા..! **'विदितम् भवतु'** એમ જ્ઞાન થાઓ કે, આ અપરાધી એવું અજ્ઞાન જ ફેલાવે છે. નિમિત્તથી (થાય છે એમાં) અપરાધી અજ્ઞાની પોતાના અજ્ઞાનને ફેલાવે છે **'એ પ્રમાણે વિદિત થાઓ...'** આહાહા..! **'એ પ્રમાણે વિદિત થાઓ અને...' 'अबोधः अस्तं यातु' 'અજ્ઞાન અસ્ત થઈ જાઓ;...'** આહાહા..! એ અજ્ઞાન નાશ થઈ જાઓ. આહાહા..!

**'હું તો જ્ઞાન છું.' 'बोध अस्मि'** હું તો જ્ઞાન છું. જ્ઞાનમાં પર નિમિત્તથી ક્રોધ થાય એવું મારું સ્વરૂપ નથી. આહાહા..! સંયોગથી ક્રોધ થાય પ્રતિકૂળતાથી અને અનુકૂળતાથી માનાદિ થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. વસ્તુ તો જ્ઞાન છે. એ તો જાણનાર-દેખનાર છે. જાણે-દેખે છે. આહાહા..! **'હું તો જ્ઞાન છું.'** આહાહા..! ચાહે તો અનુકૂળ-પ્રતિકૂળ (હો). જ્ઞેયમાં અનુકૂળ-પ્રતિકૂળ કોઈ છે જ નહિ. એક બાજુ જ્ઞાનઆત્મા છે, એક બાજુ જ્ઞેય છે. તીર્થંકર ઠીક છે અને દુશ્મન ઠીક નથી, એવી જ્ઞેયમાં છાપ નથી. એ તો જાણવાલાયક જ્ઞેય છે. બસ! તો જાણવાલાયકમાં તેં બે ભાગ પાડી દીધા કે આ ઠીક છે અને આ અઠીક છે, તો તારું અજ્ઞાન છે. આહાહા..! જગતને કઠણ પડે. પ્રત્યક્ષ દેખાય છે ને? આ ક્રોધ થાય છે, માન થાય છે, ફલાણાથી થાય છે. કોઈનાથી કાંઈ થતું નથી. તને ભાન નથી. આહાહા..!

વીસ વર્ષનો છોકરો ગુજરી ગયો તો મને રાગ થયો. ખોટી વાત છે. આહાહા..! સ્ત્રી છ મહિનાના લગ્નમાં સુંદર સ્ત્રી ગુજરી ગઈ તો એ સમયે રાગ આવ્યા વિના રહે નહિ, એ વાત ખોટી છે. એ વાત એમ છે નહિ. આહાહા..! અમારા નાના ભાઈ હતા. એના લગ્ન કર્યા હતા. કન્યા એવી હતી કે, બહુ રૂપાળી, સુંદર. મધ્યમ જેવી સુંદર આખું શરીર કોમળ હતું. અને અમારો નાનો ભાઈ બે વર્ષના લગ્નમાં ગુજરી ગયો. એ બાઈ છ મહિના પછી પતિની પાછળ ઝુરીને મરી ગઈ. 'ગારિયાધાર' ની હતી, બહુ રૂપાળી, બહુ રૂપાળી હતી. 'નર્મદા' હતી. પતિ ગુજરી ગયો, ૨૨ વર્ષની ઉંમર, ૨૦ વર્ષે લગ્ન (થયેલા), બે વર્ષનું લગ્ન હતું. ઝુરીને રોઈ રોઈને દેહ છૂટી ગયો. આ શું છે? આહાહા..! મિથ્યાત્વભાવ શું

કરે છે? અજ્ઞાન શું નથી કરતું? આહાહા..! એ તો સ્ત્રી મરી ગઈ એટલે મને એમ થાય છે, મારો પતિ મરી ગયો તો મને દુઃખ થયું છે. સારી વાત નથી? આહાહા..! 'સુમનભાઈ'! નહિ? બે વર્ષના લગ્નમાં સ્ત્રી મરી જાય, સુંદર સ્ત્રી મરી જાય.. હાય.. હાય..! પરથી દ્વેષ થતો નથી? આહાહા..! બિલકુલ નહિ, કહે છે. એ વાત એમ છે જ નહિ. વસ્તુની મર્યાદા જ એવી નથી. પરથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય એવી વસ્તુની મર્યાદા જ નથી. આહાહા..! છે?

**'હું તો જ્ઞાન છું.'** આહાહા..! જે ચીજ જે રીતે, જે સમયે, જે ક્ષેત્રે બનવાની છે તેમ બને છે, એમ હું વ્યવહારથી જાણનારો છું. વ્યવહારે જાણનારો છું, નિશ્ચયથી તો હું મને જાણનારો છું. આહાહા..! આવું સ્વરૂપ છે. પિતા ૪૦ વર્ષના હોય અને પુત્ર ૨૦ વર્ષનો હોય અને એકનો એક પુત્ર હોય. એમાં એકદમ અકસ્માત થઈ જાય. આહાહા..! રોવે.. રોવે.. રોવે.. એ કાંઈ એને કારણે રોવે છે? પોતાનો અપરાધ (છે). અજ્ઞાનને કારણે રોવે છે. આહાહા..! આવી ચીજ? ૨૦ વર્ષનો દીકરો આમ જુવાન પરણેલો (હોય). આહાહા..! અરે..! લગ્ન કરતા કરતા ગુજરી જાય.

એક પતિ-પત્ની લગ્ન કરતા હતા. એમાં નીચે સર્પ આવ્યો. ડંખ માર્યો, ત્યાં જ મરી ગયો. હજી બે હાથ કરીને હસ્તમેળાપ કરતા હતા. ત્યાં જંગલ જેવું હતું. એવો મોટો સર્પ આવ્યો, નીચેથી કરડી ગયો. ત્યાં ને ત્યાં મરી ગયો. એવું થાય તો દુઃખ થાય કે નહિ? એને લઈને દુઃખ થતું જ નથી. તારા અજ્ઞાનને કારણે તારામાં દુઃખ થાય છે. આહાહા..!

**ભાવાર્થ :– 'અજ્ઞાની જીવ રાગદ્વેષની ઉત્પત્તિ પરદ્રવ્યથી થતી માનીને...'** આહાહા..! અજ્ઞાની જીવ પરને કારણે મને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે... આહાહા..! એમ માનીને **'પરદ્રવ્ય ઉપર કોપ કરે છે...'** આહા! એને કષાય થાય છે. પોતાની અનુકૂળતા ન હોય તો કષાય થાય છે. અનુકૂળ હોય તો માન થાય છે. અનુકૂળ પ્રશંસા કરે તો માન થાય છે અને પ્રતિકૂળ બોલે તો કષાય થાય છે. એ બધું અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આહાહા..! **'પરદ્રવ્ય ઉપર કોપ કરે છે કે આ પરદ્રવ્ય મને રાગદ્વેષ ઉપજાવે છે...'** આહાહા..! **'આ પરદ્રવ્ય મને રાગદ્વેષ ઉપજાવે છે, તેને દૂર કરું'** તેને દૂર કરું. હું રાગ-દ્વેષથી દૂર થઈ જાઉં એમ નહિ, એને દૂર કરું. આહાહા..!

**'એવા અજ્ઞાની જીવને સમજાવવાને આચાર્યદેવ ઉપદેશ કરે છે કે–રાગદ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં જ થાય છે...'** આહાહા..! હું જ્ઞાન છું, આનંદ છું, એ ભૂલીને પર ઉપર કષાય આવે છે. આહાહા..! **'રાગદ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં જ થાય છે અને તે આત્માના જ અશુદ્ધ પરિણામ છે.'** પરિણામ આત્માના છે, એ કોઈ નિમિત્તના પરિણામ નથી. નિમિત્તે પરિણામ કર્યા નથી. આહાહા..! **'માટે એ અજ્ઞાનને નાશ કરો,...'** આહાહા..! આ અજ્ઞાનને નાશ કરો. પરથી મારામાં દોષ થાય છે, ક્રોધ થાય છે, કષાય થાય છે એ અજ્ઞાનને નાશ કરો. **'સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો,...'** આહાહા..! સમ્યગ્જ્ઞાનમાં પ્રતિકૂળ સંયોગ

ગમે તે હો, તેને કારણે (કષાય) થતો નથી. રૂદન આવે છે.

'ઋષભદેવ' ભગવાન મોક્ષ પધાર્યા. 'ભરત' ને રૂદન આવ્યું. પણ એ એને કારણે નહિ, પોતાની નબળાઈથી આવ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દષ્ટિ છે. ભગવાનને જોઈને રૂદન આવ્યું. ઇન્દ્રે કહ્યું, અરે..! 'ભરતજી'! તમે તો આ ભવે મોક્ષે જવાના છો, આ દેહ તો છેલ્લો છે. અમારે તો હજી ઇન્દ્રને એક અવતાર ધારણ કરવાનો છે. પ્રથમ દેવલોક, શક્રેન્દ્ર. મનુષ્યનો એક ભવ ધારણ કરશે પછી મોક્ષ જશે. તમારે તો આ ભવમાં મોક્ષે જવાનું છે, અને આ શું? હું બધું સમજું છું. એ મારી નબળાઈ છે. એ પરને કારણે નથી. મારી નબળાઈને કારણે રૂદન આવ્યું છે. હું તેનો જાણનાર-દેખનાર છું. આહાહા..! દુનિયામાં રહેવું અને આ બધું આવું માનવું?

મુમુક્ષુ :– દુનિયામાં સુખે રહેવું હોય તો આ માનવું.

ઉત્તર :– સુખે રહેવું હોય તો આ માનવું જોઈએ. પરથી કાંઈ થતું નથી. આહાહા..! તારો જ અપરાધ છે અને તે પણ અજ્ઞાનથી છે. આહાહા..! આવ્યું ને?

**'અને તે આત્માના જ અશુદ્ધ પરિણામ છે. માટે એ અજ્ઞાનને નાશ કરો, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો,** આહાહા..! **આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવ કરો;...'** ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. કોઈ રાગ ઉત્પન્ન કરે, દ્વેષ કરે એ આત્મામાં છે જ નહિ. આત્મામાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એવો છે. કેવળજ્ઞાન સિદ્ધપદ ઉત્પન્ન થાય એવો છે. રાગ ઉત્પન્ન થાય એવો આત્મા છે જ નહિ. આહાહા..! **'પરદ્રવ્યને રાગદ્વેષનું ઉપજાવનારું માનીને તેના પર કોપ ન કરો.'** તેના ઉપર ક્રોધ ન કરો, દ્વેષ ન કરો, અપમાન ન કરો. મારું અપમાન થયું એમ ન માનો. આહાહા..! મને ગાળ આપી તો મારું અપમાન થયું. હું બેઠો હતો. પાંચસો-હજાર માણસો વચ્ચે આવીને ગાળ આપી તો મારું અપમાન થયું તો મને વિકાર દ્વેષ થાય કે નહિ? એ છોડી દે. એ વાત એમ છે જ નહિ. આહાહા..!

## શ્લોક–૨૨૧

(रथोद्धता)

रागजन्मनि निमित्ततां पर-
द्रव्यमेव कलयन्ति ये तु ते।
उत्तरन्ति न हि मोहवाहिनीं
शुद्धबोधविधुरान्धबुद्धयः ।।२२१।।

હવે આ જ અર્થ દ્રઢ કરવાને અને આગળના કથનની સૂચના કરવાને કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ ये तु राग-जन्मनि परद्रव्यम् एव निमित्ततां कलयन्ति ] જેઓ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું (કારણપણું) માને છે, (પોતાનું કાંઈ કારણપણું માનતા નથી,) [ ते शुद्ध-बोध-विधुर-अन्ध-बुद्धयः ] તેઓ-જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાનરહિત અંધ છે એવા (અર્થાત્ જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા)- [ मोह-वाहिनीं न हि उत्तरन्ति ] મોહનદીને ઊતરી શકતા નથી.

ભાવાર્થ :- શુદ્ધનયનો વિષય આત્મા અનંત શક્તિવાળો ચૈતન્યચમત્કારમાત્ર, નિત્ય, અભેદ, એક છે. તે પોતાના જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે. એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ આત્મા પરિણમે છે અને તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી. આવું આત્માના સ્વરૂપનું જ્ઞાન જેમને નથી તેઓ એમ માને છે કે પરદ્રવ્ય આત્માને જેમ પરિણમાવે તેમ આત્મા પરિણમે છે. આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શકતા નથી (અથવા મોહની સેનાને હરાવી શકતા નથી), તેમને રાગદ્વેષ મટતા નથી; કારણ કે રાગદ્વેષ કરવામાં જો પોતાનો પુરુષાર્થ હોય તો જ તેમને મટાડવામાં પણ હોય, પરંતુ જો પરના કરાવ્યા જ રાગદ્વેષ થતા હોય તો પર તો રાગદ્વેષ કરાવ્યા જ કરે, ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે? માટે, રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડ્યા મટે છે-એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. ૨૨૧.

## શ્લોક-૨૨૧ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થ દ્રઢ કરવાને અને આગળના કથનની સૂચના કરવાને કાવ્ય કહે છે :-'

रागजन्मनि निमित्ततां पर-
द्रव्यमेव कलयन्ति ये तु ते।
उत्तरन्ति न हि मोहवाहिनीं
शुद्धबोधविधुरान्धबुद्धयः।।२२१।।

લ્યો, આ શ્લોક અમારે પહેલેથી તકરારમાં આવ્યો હતો તો કહ્યું હતું કે, જુઓ! 'વર્ણીજી' ને બધા માનતા નહોતા. વિકાર કર્મથી થાય છે, કર્મથી થાય છે. બિલકુલ ખોટી વાત છે.

**'જેઓ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું (કારણપણું) માને છે, (પોતાનું કાંઈ કારણપણું માનતા નથી),...'** એમાંથી લ્યે, ભાઈ! નિમિત્ત પણ કારણ છે અને ઉપાદાન પણ

કારણ છે, બે કારણ છે. એમ. આમાંથી કાઢે છે. આ શ્લોકમાં આ તકરાર હતી. કીધું, બિલકુલ નહિ. નિમિત્તથી બિલકુલ એક અંશે પણ થતું નથી. અહીં કહ્યું ને? આહા! **'રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું માને છે,...'** એમ શબ્દ છે ને? એમાંથી એવો અર્થ કાઢે છે કે, પરદ્રવ્યને જ માને છે. પોતે અને પર બે મળે તો થાય. એકલા પરદ્રવ્યને માને તે અજ્ઞાન છે. એમ એમાંથી કાઢે છે, પણ એમ છે નહિ. શું કહ્યું સમજાયું?

જેઓ રાગની ઉત્પત્તિમાં, દ્વેષની ઉત્પત્તિમાં, વાસનાની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્ત–કારણ માને છે, એમ કહે, નિમિત્ત કારણ તો છે. ઉપાદાન માનો અને નિમિત્ત પણ માનો, એમ આનો અર્થ કહે છે. એમ છે નહિ. શ્લોકાર્થની ચર્ચા પંડિતજી સાથે થઈ ગઈ છે. એકલા નિમિત્તને માને તો દોષ છે. ઉપાદાન અને નિમિત્ત બેને માને તો (દોષ નથી). બેને માને પણ નિમિત્તથી થાય છે એમ છે નહિ. નિમિત્ત છે એનું જ્ઞાન કરાવવા કહ્યું. બીજી ચીજ છે, વિદ્યમાન છે પણ બીજી ચીજથી થાય છે એમ નથી. બે ચીજ મળીને થાય છે (એમ નથી). આહાહા..!

આ શ્લોકમાં મોટી તકરાર છે કે, જુઓ! અહીંયાં તો આ લીધું છે. રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનું જ નિમિત્તપણું (કારણપણું) માને છે, આત્માનું કાંઈ પણ કારણ માનતા નથી. આત્માનું કારણ અને નિમિત્ત કારણ, બે કારણ માનો. એમ છે નહિ. શાસ્ત્રમાં બે કારણ આવે છે, પણ બીજા કારણનું જ્ઞાન કરાવ્યું છે. ઉપાદાનમાં પોતાની પર્યાયમાં પોતાને કારણે તે સમયે ઉત્પન્ન થાય છે, તે સમયે નિમિત્ત શું હતું તેનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્તથી પરમાં કાંઈ પણ થાય છે એ છે નહિ, એકાંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરદ્રવ્યથી કાંઈ થતું નથી.

અહીંયાં એમ આવ્યું ને? **'પરદ્રવ્યનું જ નિમિત્તપણું માને છે, (પોતાનું કાંઈ કારણપણું માનતા નથી),...'** પોતાનું પણ કારણ માને અને નિમિત્તને પણ કારણ માને, આમાંથી એમ લે છે. પણ એમ છે નહિ. સમજાય છે કાંઈ? પાઠ એમ છે ને? **'राग-जन्मनि परद्रव्यम् एव निमित्ततां कलयन्ति'** કષાય કરવામાં નિમિત્તને જ માને છે એ દોષવાળો છે, પણ ઉપાદાનને અને નિમિત્તને માને છે તો હરકત નથી, એમ કાઢે છે. એમ છે નહિ. **'(પોતાનું કાંઈ કારણપણું માનતા નથી),...'** આહાહા..! અર્થકાર ઉપર તો વારંવાર કહી ગયા છે. નિમિત્ત કાંઈ કરતું નથી, નિમિત્તથી કાંઈ થતું નથી. તું તારા અપરાધથી અજ્ઞાનથી ક્રોધ કરે છે. આહાહા..! અહીં તો આ આવ્યું. નિમિત્તને જ માને છે. બેને માને તો હરકત નથી. બેને માનવાનું જ્ઞાન કરાવ્યું છે. બીજી વિદ્યમાન ચીજ છે તેનું જ્ઞાન કરાવવા આ કહ્યું છે. નહિ કે એ ચીજથી એમાં કાંઈ થાય છે. આહાહા..! શબ્દે શબ્દે વાંધા. એમ આવ્યું ને?

**'राग-जन्मनि परद्रव्यम् एव'** એમ આવ્યું. પરદ્રવ્ય જ. **'निमित्ततां कलयन्ति'** પરદ્રવ્ય જ **'निमित्ततां कलयन्ति'**. પણ આત્મા અને પરદ્રવ્ય બે મળીને થાય છે, એવો અર્થ કાઢે છે. એવું આવે છે, કાર્યના બે કારણ. ઉપાદાન અને નિમિત્ત. 'રાજવાર્તિક' માં આવે છે. એ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. બીજી ચીજ છે, વિદ્યમાન છે, વસ્તુ છે તેનું જ્ઞાન કરાવે છે.

તેનાથી કાંઈ થાય છે, એ વાત નથી. આહાહા..! (એમ કહે છે), જુઓ! એકલું નિમિત્તને માને છે તે દોષ કરે છે, પણ ઉપાદાન અને નિમિત્ત બેને માને છે તો કાર્યના બે કારણ તો 'રાજવાર્તિક' માં આવ્યું છે. 'રાજવાર્તિક' માં આવ્યું છે, કાર્યના બે કારણ છે. ઉપાદાન અને નિમિત્ત. નિમિત્તની વિદ્યમાનતા છે તેનું જ્ઞાન કરાવ્યું છે. તેનાથી ઉપાદાનમાં કાંઈ થાય છે (એમ નથી). નિમિત્તની પર્યાય નિમિત્તમાં થઈ, ઉપાદાનની પર્યાય ઉપાદાનમાં થાય. એક સમયમાં બેની પર્યાય એકે કરી? નિમિત્તે પણ કરી અને ઉપાદાને પણ કરી? બે દ્રવ્યની ક્રિયા એકે કરી? આહાહા..!

વિકાર પોતામાં થાય છે તો નિમિત્ત ચીજ છે, નિમિત્ત ચીજ છે, બસ! એટલી વાત. પહેલા વિદ્યમાન આવ્યું હતું ને? બીજી ચીજ નથી એમ નથી. વેદાંતની જેમ નથી (કે), સર્વવ્યાપક એક જ આત્મા છે, બીજી કોઈ ચીજ જ નથી. અહીં તો અનંતી ચીજ છે. અનંતી ચીજમાં દરેક સમયે પર્યાય થાય છે તો નિમિત્ત પણ સાથે હોય છે. દરેક સમયમાં પર્યાયમાં (નિમિત્ત હોય છે). જેમ ગતિ કરવામાં ધર્માસ્તિકાયનું નિમિત્ત છે, પણ ધર્માસ્તિકાયે ગતિ કરાવી છે, એમ નથી.

'ઇષ્ટોપદેશ' માં આવ્યું છે કે, નિમિત્ત ધર્માસ્તિકાયવત્ (છે). બધા પદાર્થોના નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે. ધર્માસ્તિકાય ગતિ કરાવતું નથી, કરે છે તેને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! એની પણ તકરાર હતી. એકે એક ચર્ચા બહુ થઈ છે. 'ઇષ્ટોપદેશ' માં એમ કીધું છે ને? ભાઈ! પરદ્રવ્ય નિમિત્તમાત્ર છે. આહાહા..! ધર્માસ્તિકાયવત્ નિમિત્ત છે, બધા ઉદાસીન નિમિત્ત છે. નિમિત્ત અને પ્રેરક કારણ. નિમિત્ત છે તે કારણે પ્રેરક કહ્યું છે પણ પ્રેરકથી પરમાં કાંઈ ફેરફાર થયો છે, એમ નથી. પવન ચાલે છે તો ધજા હલે છે (એમ નથી). પવન નિમિત્ત છે, ધજા ઉપાદાન છે. પવનનું વિદ્યમાનપણું છે એટલું જ્ઞાન કરાવવા (કહ્યું છે). બાકી પવનથી કપડું હલતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી પછી પ્રશ્ન ક્યાં? પવન પણ પદાર્થ છે, ધજા પણ પદાર્થ છે, તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, સ્પર્શ કરતું નથી. આહાહા..! તકરાર.. તકરાર.. તકરાર.. ક્લેશ.. ક્લેશ.. ક્લેશ.. પોતાને અનુકૂળ લાગે તો પસંદ કરે નહિતર ક્રોધ કરે. આહાહા..! દુનિયા આખી રાગ-દ્વેષમાં ઘુસી ગઈ છે. આહાહા..!

પાઠ આવ્યો ને? **'राग-जन्मनि परद्रव्यम् एव'** પરદ્રવ્યને જ માને છે. પોતાને કાંઈ માનતા નથી. એનો અર્થ એવો નથી કે, નિમિત્તથી થયું છે. સમજાય છે કાંઈ? એ તો બધું માથે કહેવાઈ ગયું છે. આહાહા..! **'(પોતાનું કાંઈ કારણપણું માનતા નથી)...'** **'ते शुद्ध बोध-विधुर-अन्ध-बुद्धयः'** **'તેઓ–જેમની બુદ્ધિ શુદ્ધજ્ઞાનરહિત અંધ છે...'** આહાહા..! વિકારી કે અવિકારી પર્યાય પોતાના કાળમાં, પોતાના સ્વકાળમાં ક્રમબદ્ધમાં પોતાથી થાય છે, પરથી બિલકુલ થતી નથી. એમ જેમની બુદ્ધિ શુદ્ધ જ્ઞાનથી રહિત અંધ છે. એમ માને છે કે નિમિત્તથી થાય છે.

**'(જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે...)'** આહાહા..! **'શુદ્ધનયના વિષયભૂત...'** જુઓ! આહાહા..! **'(શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા) મોહનદીને ઊતરી શકતા નથી.'** એ મોહનીયને પાર કરી શકતા નથી.

મિથ્યાત્વને પાર નથી કરી શકતા. આહાહા..! આ શબ્દમાં એમ આવ્યું ને? **'परद्रव्यम् एव'** પરદ્રવ્યને જ માને છે. ત્યાં પરદ્રવ્ય પણ છે અને સ્વદ્રવ્ય પણ છે એમ નથી લેતા અર્થમાં. પણ પરદ્રવ્ય છે એટલું જ્ઞાન કરાવ્યું છે. પરદ્રવ્યથી કાંઈ થાય છે, એ તો પહેલેથી ના પાડતા આવ્યા છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– મહા સિદ્ધાંત પકડી રાખે તો બધું આવી જાય છે.

ઉત્તર :– બધું આવી જાય. એ વસ્તુ છે.

મુમુક્ષુ :– પોતાના સ્વરૂપની ઓળખાણ નહિ હોવાથી આ બધા ઝઘડા છે.

ઉત્તર :– સ્વરૂપનું જ્ઞાન હોય તો કોઈ પ્રત્યે ક્રોધ કરે નહિ અને કોઈને (કારણ) માને નહિ, નિમિત્તથી માને નહિ કે, નિમિત્તથી મારામાં ક્રોધ થયો. તમે આટલી વાત કરી તો મને ક્રોધ થયો, એમ અજ્ઞાની માને છે. આહાહા..!

મુમુક્ષુ :– માસ્તરે ભણાવ્યા ઇ ખોટુ?

ઉત્તર :– માસ્તરે ભણાવ્યા નથી. વકીલે વકીલાત કરી નથી. બધું ખોટું છે. આહાહા..! માસ્તર તો નિમિત્તમાત્ર છે. જ્ઞાનની ઉત્પત્તિની પર્યાયનો કાળ છે તો પર્યાય ઉત્પન્ન થાય છે. ભલે અજ્ઞાન (હો). આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! દુનિયાથી બધી રીતે આખી ભૂલ કાઢવી બહુ આકરી વાત છે. આહાહા..!

**'(જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે...)'** અંધ છે તે **'મોહનદીને ઊતરી શકતા નથી.'** આહાહા..! (સંવત) ૧૯૭૨ ની સાલમાં મોટી ચર્ચા થઈ હતી. ૧૯૭૨ ની સાલ. કેવળીએ ભવ જોયા એનાથી ભવ ઘટાડી શકે છે. ઘટાડી શકે છે, પણ ઘટેલા જ હતા, ઘટાડી શકે છે એમ નહિ. તેના ભવ જ નહોતા. નહોતા તેને ઘટાડી શકે છે એમ કહ્યું. ૧૯૭૨ ની વાત છે. ભવ ઘટાડી શકે કે નહિ? કેવળીએ જોયું છે એમાં બીજો ફેરફાર કરી શકે છે કે નહિ? કીધું, કેવળીએ દીઠું એમાં કોઈ ફેરફાર થઈ શકે નહિ. આહાહા..! મોટી ચર્ચા. ઘણા વર્ષ થઈ ગયા. ઓહોહો..! કેટલા વર્ષ થયા? ૬૪ વર્ષ થયા. ૬૪ વર્ષ પહેલાની વાત છે. મોટી ચર્ચા ચાલી હતી.

અમારા ગુરુ બિચારા નરમ હતા. એ કબુલ કરતા હતા પણ પાંચ સમવાયને ન માને. એમ કહે, વાત સાચી છે, 'કાનજીમુનિ' કહે છે એ વાત સાચી છે, પણ તમે જો કહો છો તેમ હોય તો પાંચ સમવાય થઈ જશે. જે કાળે જે બને તે બને, એવું થઈ જશે. કીધું, છે તો એમ જ. જે કાળે જે બને પાંચ સમવાય તો છે. પણ એ પુરુષાર્થથી પાંચ સમવાયનું જ્ઞાન રહે છે, પાંચ સમવાયનું જ્ઞાન પુરુષાર્થથી થાય છે. આહાહા..! મોટી ચર્ચા થયેલી. ઘણા માણસો. 'હિરાજી મહારાજ' ને છોડીને ચાલ્યા જવું? 'હિરાજી મહારાજ' કોણ હતા? બહુ સજ્જન, બહુ સજ્જન. બહુ નરમ.. બહુ નરમ. 'હીરા એટલા હીર, બાકી સૂતરના ફાળકા' કાઠિયાવાડમાં હિન્દુસ્તાનનો હીરો એક હતા. એમ કહેતા. એવા નરમ હતા. એને

છોડીને ચાલ્યા જાવું.. કીધું, મને આ વાત બેસતી નથી. ન બેસે ત્યાં હું રહી શકું નહિ. હું આને માટે નીકળ્યો નથી. એણે એમ પણ કહ્યું કે, મૂર્તિની ભૂલ હોય તો ભૂલ હોય. કીધું, મૂર્તિની ભૂલ એ સાધારણ ભૂલ છે, આ મહા ભૂલ છે. પોતાના પુરુષાર્થથી કાર્ય થાય છે, ભગવાને પણ એમ દીઠું છે. આહાહા..! ભગવાને દીઠું ત્યારે પુરુષાર્થ થશે, આપણે શું કરીએ? એવી વાત છે જ નહિ. આહાહા..! 'હીરાજી મહારાજ' ના સંપ્રદાયને છોડીને ચાલ્યા જવું.. અને ૨૫ વર્ષની ઉંમર, જુવાન ઉંમર. કીધું, બિલકુલ અમને રુચતું નથી, અમારો આત્મા કબુલ કરતો નથી. આત્મા કબુલ ન કરે એ અમે માનતા નથી, આખી દુનિયાને અમે માનતા નથી. આહાહા..!

જે સમયે જે થવાનું છે તે થવાનું જ છે પણ તે પુરુષાર્થથી થાય છે. આત્મામાં તે જ પુરુષાર્થ છે. જે સમયે થવાનું તે થવાનું, એ પુરુષાર્થની દૃષ્ટિ ક્યાં જાય છે? જ્ઞાનમાં અંતરમાં જાય છે. આહાહા..! ભગવાને પણ એમ જોયું છે. એને ભવ છે નહિ. આહાહા..! ભગવાને ભવ જોયા છે અને આ જીવ ભવ ઘટાડી શકે છે, એ પ્રશ્ન જ નથી. અત્યારે પણ ગૂઢ વાત થઈ ગઈ છે.

એ અહીં કહે છે, પાઠ એમ છે ને? **'राग-जन्मनि परद्रव्यम् एव निमित्ततां कलयन्ति'** પરદ્રવ્યને જ નિમિત્ત માને છે. પોતાને કંઈ માનતા જ નથી. પોતાને પણ માનો અને પરને પણ માનો, એમ કહે છે. એમાંથી બે કાઢે. સમજાય છે? પણ એમ છે નહિ. નિમિત્તનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત છે, પણ તેનાથી પરમાં કંઈ થાય છે, એમ ત્રણકાળમાં નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પછી એને નિમિત્ત શા માટે કહીએ? ઉપાદાન કહીએ.

ઉત્તર :- ઉપાદાન, નિમિત્ત બેય હોય તો થાય. એકલા ઉપાદાનથી થાય જ નહિ. નિમિત્ત હોય, પણ એનાથી થાય છે, પરને અડે છે, પર તેને અડે છે એમ છે જ નહિ. આહાહા..! કીધું, એ વાત બહુ આવે છે ને!

'ઇષ્ટોપદેશ' માં એ આવ્યું છે, ધર્માસ્તિકાયવત્ બધા નિમિત્ત છે, એવો પાઠ છે. ૩૫ ગાથા. 'ઇષ્ટોપદેશ' ૩૫ ગાથા. 'પૂજ્યપાદસ્વામી' કહે છે, બધા નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે. ધર્માસ્તિકાય કોઈ ગતિ કરાવતું નથી. ગતિ કરે છે તેને નિમિત્ત કહે છે. એમાં નિમિત્તે શું કર્યું? આહાહા..! અહીંયાં એ કહે છે, નિમિત્ત છે ખરું, નિમિત્ત નથી એમ નહિ. પણ નિમિત્તથી કંઈ થાય છે, એમ નથી. આહાહા..!

**'(જેમની બુદ્ધિ શુદ્ધનયના વિષયભૂત શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે એવા)– મોહનદીને ઊતરી શકતા નથી.'** આહાહા..!

**ભાવાર્થ :– 'શુદ્ધનયનો વિષય આત્મા અનંત શક્તિવાળો,...'** છે. આહાહા..! શુદ્ધનયનો વિષય અનંત શક્તિવાન છે, અનંત શક્તિવાન છે. છે? **'ચૈતન્યચમત્કારમાત્ર,...'** છે. એમાં રાગાદિ, દ્વેષાદિ છે જ નહિ, સંસાર છે જ નહિ. એ તો ચૈતન્યચમત્કારમાત્ર વસ્તુ છે. આહાહા..!

અને **'નિત્ય,...'** છે. એ વસ્તુ નિત્ય છે. **'અભેદ,...'** છે. ભેદ નહિ, ગુણ-ગુણીનો ભેદ પણ નહિ. આહાહા..! **'એક છે.'** શુદ્ધનયનો વિષય. સમ્યગ્દર્શન શુદ્ધનયનો વિષય, નય જ્ઞાનથી વાત છે, દર્શનની વાતમાં દર્શનમાં નિર્વિકલ્પ છે ત્યારે નિર્વિકલ્પ દૃષ્ટિ થાય છે. જ્ઞાનમાં તો સ્વ અને પરનું જાણવું છે ને તો એને એમ કહ્યું કે, શુદ્ધનયનો વિષય આત્મા અનંત શક્તિવાન, ચૈતન્યચમત્કારમાત્ર, ચૈતન્યચમત્કારમાત્ર. રાગાદિ કરવા એ એનો સ્વભાવ નથી. આહાહા..! નિત્ય, અભેદ, એક છે.

**'તે પોતાના જ અપરાધથી...'** આહાહા..! **'પોતાના જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે.'** આહાહા..! રાગ અને દ્વેષરૂપ પરિણમે છે. કોઈ કર્મનું કારણ નથી. શાસ્ત્રમાં શબ્દ આવે છે, જ્ઞાનાવરણીય એમ આવે છે ને? જ્ઞાનાવરણીય–જ્ઞાનાવરણીયે જ્ઞાનને આવરણ કર્યું. કીધું, એ તો નિમિત્તનું કથન છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી તો જ્ઞાનને કર્મ આવરણ કેવી રીતે કરી શકે? 'ગોમ્મટસાર' માં આવે છે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય.

એ અહીંયાં કહ્યું, **'પોતાના જ અપરાધથી રાગદ્વેષરૂપે પરિણમે છે. એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે...'** નિમિત્ત જેમ પરિણમાવે **'તેમ આત્મા પરિણમે છે...'** એમ છે નહિ. આહાહા..! આવું વિચાર કરવાને વખત ક્યાં લે? નવરાશ પણ ક્યાં છે? જે કંઈ માન્યું એ માન્યું. આહાહા..! સત્ય હો કે અસત્ય હોય, એની કાંઈ કિંમત ન મળે. આહાહા..! **'એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ આત્મા પરિણમે છે અને તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી.'** વિકાર કરવામાં પુરુષાર્થ નથી, કર્મથી થાય છે. આહાહા..! એ આવે છે ને ક્યાંક? 'ઇષ્ટોપદેશ' કે બીજા શ્લોકમાં આવે છે. એ ચર્ચા ચાલી હતી. 'જયસેનાચાર્યદેવ' ની ટીકામાં પણ આવે કે, જેમ એક પુત્ર પતિ-પત્ની સિવાય થતો નથી. તેમ વિકાર એકથી થતો નથી. એનો અર્થ વિકૃત અવસ્થા પોતાના સ્વભાવને આશ્રયે થતી નથી, બીજી કોઈ ચીજ છે. એ બતાવવા કહ્યું. પણ નિમિત્તથી થાય છે, એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહાહા..! એ આ વાત કરે છે.

**'જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ આત્મા પરિણમે છે અને તેમાં આત્માનો કાંઈ પુરુષાર્થ જ નથી. આવું આત્માના સ્વરૂપનું જ્ઞાન જેમને નથી તેઓ એમ માને છે કે પરદ્રવ્ય આત્માને જેમ પરિણમાવે તેમ આત્મા પરિણમે છે. આવું માનનારા મોહરૂપી નદીને ઊતરી શકતા નથી (અથવા મોહની સેનાને હરાવી શકતા નથી).'** આહાહા..! **'તેમને રાગદ્વેષ મટતા નથી; કારણ કે રાગદ્વેષ કરવામાં જો પોતાનો પુરુષાર્થ હોય તો જ તેમને મટાડવામાં પણ હોય, પરંતુ જો પરના કરાવ્યા જ રાગદ્વેષ થતા હોય...'** આહાહા..! નિમિત્તથી રાગ-દ્વેષ કષાય થતા હોય તો પર રાગ-દ્વેષ કરાવ્યા જ કરે. આહાહા..! **'ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે?'** પર કરાવે તો કેવી મટાડી શકે? **'માટે, રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડ્યા મટે છે–એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.'** લ્યો!

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૩૭૩-૩૮૨

णिंदिदसंथुदवयणाणि पोग्गला परिणमंति बहुगाणि।
ताणि सुणिदूण रूसदि तूसदि य पुणो अहं भणिदो।।३७३।।
पोग्गलदव्वं सद्दत्तपरिणदं तस्स जदि गुणो अण्णो।
तम्हा ण तुमं भणिदो किंचि वि किं रूससि अबुद्धो।।३७४।।
असुहो सुहो व सद्दो ण तं भणदि सुणसु मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं सोदविसयमागदं सद्दं।।३७५।।
असुहं सुहं व रूवं ण तं भणदि पेच्छ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं चक्खुविसयमागदं रूवं।।३७६।।
असुहो सुहो व गंधो ण तं भणदि जिग्घ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं घाणविसयमागदं गंधं।।३७७।।
असुहो सुहो व रसो ण तं भणदि रसय मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं रसणविसयमागदं तु रसं।।३७८।।
असुहो सुहो व फासो ण तं भणदि फुससु मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं कायविसयमागदं फासं।।३७९।।
असुहो सुहो व गुणो ण तं भणदि बुज्झ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं तु गुणं।।३८०।।
असुहं सुहं व दव्वं ण तं भणदि बुज्झ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं दव्वं।।३८१।।
एयं तु जाणिऊणं उवसमं णेव गच्छदे मूढो।
णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो।।३८२।।

निन्दितसंस्तुतवचनानि पुद्गलाः परिणमन्ति बहुकानि।
तानि श्रुत्वा रुष्यति तुष्यति च पुनरहं भणितः।।३७३।।
पुद्गलद्रव्यं शब्दत्वपरिणतं तस्य यदि गुणोऽन्यः।
तस्मान्न त्वं भणितः किञ्चिदपि किं रुष्यस्यबुद्धः।।३७४।।

अशुभः शुभो वा शब्दो न त्वां भणति शृणु मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं श्रोत्रविषयमागतं शब्दम्।।३७५।।
अशुभं शुभं वा रूपं न त्वां भणति पश्य मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं चक्षुर्विषयमागतं रूपम्।।३७६।।
अशुभः शुभो वा गन्धो न त्वां भणति जिघ्र मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं घ्राणविषयमागतं गन्धम्।।३७७।।
अशुभः शुभो वा रसो न त्वां भणति रसय मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं रसनविषयमागतं तु रसम्।।३७८।।
अशुभः शुभो वा स्पर्शो न त्वां भणति स्पृश मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं कायविषयमागतं स्पर्शम्।।३७९।।
अशुभः शुभो वा गुणो न त्वां भणति बुध्यस्व मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं बुद्धिविषयमागतं तु गुणम्।।३८०।।
अशुभं शुभं वा द्रव्यं न त्वां भणति बुध्यस्व मामिति स एव।
न चैति विनिर्ग्रहीतुं बुद्धिविषयमागतं द्रव्यम्।।३८१।।
एतत्तु ज्ञात्वा उपशमं नैव गच्छति मूढः।
विनिर्ग्रहमनाः परस्य च स्वयं च बुद्धिं शिवामप्राप्तः।।३८२।।

यथेह बहिरर्थो घटपटादिः, देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा, `मां प्रकाशय' इति स्वप्रकाशने न प्रदीपं प्रयोजयति, न च प्रदीपोऽप्ययःकान्तोपलकृष्टायःसूचीवत् स्वस्थानात्प्रच्युत्य तं प्रकाशयितुमायाति; किन्तु वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात् परमुत्पादयितुमशक्तत्वाच्च यथा तदसन्निधाने तथा तत्सन्निधानेऽपि स्वरूपेणैव प्रकाशते। स्वरूपेणैव प्रकाशमानस्य चास्य वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयन् कमनीयोऽकमनीयो वा घटपटादिर्न मनागपि विक्रियायै कल्प्यते। तथा बहिरर्थाः शब्दो, रूपं, गन्धो, रसः, स्पर्शो, गुणद्रव्ये च, देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा, `मां शृणु, मां पश्य, मां जिघ्र, मां रसय, मां स्पृश, मां बुध्यस्व' इति स्वज्ञाने नात्मानं प्रयोजयन्ति, न चात्माप्ययःकान्तोपलकृष्टायःसूचीवत् स्वस्थानात्प्रच्युत्य तान् ज्ञातुमायाति; किन्तु वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात् परमुत्पादयितुमशक्तत्वाच्च यथा तदसन्निधाने तथा तत्सन्निधानेऽपि स्वरुपेणैव जानीते। स्वरूपेणैव जानतश्चास्य वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयन्तः कमनीया अकमनीया वा शब्दादशो बहिरर्था न मनागपि विक्रियायै कल्प्येरन्। एवमात्मा प्रदीपवत् परं प्रति उदासीनो नित्यमेवेति वस्तुस्थितिः, तथापि यद्रागद्वेषौ तदज्ञानम्।

રે! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.
પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે? ૩૭૪.
શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.
શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.
શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.
શુભ કે અશુભ જે રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.
શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.
શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.
શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને; ૩૮૧.
-આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.

ગાથાર્થ :– [ बहुकानि ] બહુ પ્રકારનાં [ निन्दितसंस्तुतवचनानि ] નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે [ पुद्गलाः ] પુદ્‌ગલો [ परिणमन्ति ] પરિણમે છે; [ तानि श्रुत्वा पुनः ] તેમને સાંભળીને અજ્ઞાની જીવ [ अहं भणितः ] 'મને કહ્યું' એમ માનીને [ रुष्यति तुष्यति च ] રોષ તથા તોષ કરે છે (અર્થાત્ ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે).

[ पुद्गलद्रव्यं ] પુદ્‌ગલદ્રવ્ય [ शब्दत्वपरिणतं ] શબ્દપણે પરિણમ્યું છે; [ तस्य गुणः ] તેનો ગુણ [ यदि अन्यः ] જો (તારાથી) અન્ય છે, [ तस्मात् ] તો હે અજ્ઞાની જીવ! [ त्वं न किञ्चित् अपि भणितः ] તને કાંઈ પણ કહ્યું નથી; [ अबुद्धः ] તું અજ્ઞાની થયો થકો [ किं रुष्यसि ] રોષ શા માટે કરે છે?

[ अशुभः वा शुभः शब्दः ] અશુભ અથવા શુભ શબ્દ [ त्वां न भणति ] તને એમ નથી કહેતો કે [ माम् शृणु इति ] 'તું મને સાંભળ'; [ सः एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ श्रोत्रविषयम् आगतं शब्दम् ] શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા (જાણવા) જતો નથી.

[ अशुभं वा शुभं रूपं ] અશુભ અથવા શુભ રૂપ [ त्वां न भणति ] તને એમ નથી કહેતું કે [ माम् पश्य इति ] 'તું મને જો'; [ सः एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ चक्षुर्विषयम् आगतं ] ચક્ષુ-ઇન્દ્રિયના વિષયમાં આવેલા (અર્થાત્ ચક્ષુગોચર થયેલા) [ रूपम् ] રૂપને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા જતો નથી.

[ अशुभः वा शुभः गन्धः ] અશુભ અથવા શુભ ગંધ [ त्वां न भणति ] તને એમ નથી કહેતી કે [ माम् जिघ्र इति ] 'તું મને સૂંઘ'; [ सः एव च ] અને આત્મા પણ [ घ्राणविषयम् आगतं गन्धम् ] ઘ્રાણેન્દ્રિયના વિષયમાં આવેલી ગંધને [ विनिर्ग्रहीतुं न एति ] (પોતાના સ્થાનથી ચ્યુત થઈને) ગ્રહવા જતો નથી.

[ अशुभः वा शुभः रसः ] અશુભ અથવા શુભ રસ [ त्वां न भणति ] તને એમ નથી કહેતો કે [ माम् रसय इति ] 'તું મને ચાખ'; [ सः एव च ] અને આત્મા પણ [ रसनविषयम् आगतं तु रसम् ] રસના-ઇન્દ્રિયના વિષયમાં આવેલા રસને [ विनिर्ग्रहीतुं न एति ] (પોતાના સ્થાનથી છૂટીને) ગ્રહવા જતો નથી.

[ अशुभः वा शुभः स्पर्शः ] અશુભ અથવા શુભ સ્પર્શ [ त्वां न भणति ] તને એમ નથી કહેતો કે [ माम् स्पृश इति ] 'તું મને સ્પર્શ'; [ सः एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ कायविषयम् आगतं स्पर्शम् ] કાયાના (-સ્પર્શેન્દ્રિયના) વિષયમાં આવેલા સ્પર્શને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા જતો નથી.

[ अशुभः वा शुभः गुणः ] અશુભ અથવા શુભ ગુણ [ त्वां न भणति ] તને એમ નથી કહેતો કે [ माम् बुध्यस्व इति ] 'તું મને જાણ'; [ सः एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ बुद्धिविषयम् आगतं तु गुणम् ] બુદ્ધિના વિષયમાં આવેલા ગુણને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા જતો નથી.

[ अशुभं वा शुभं द्रव्यं ] અશુભ અથવા શુભ દ્રવ્ય [ त्वां न भणति ] તને એમ નથી કહેતું કે [ माम् बुध्यस्य इति ] 'તું મને જાણ'; [ सः एव च ] અને આત્મા પણ (પોતાના સ્થાનથી છૂટીને), [ बुद्धिविषयम् आगतं द्रव्यम् ] બુદ્ધિના વિષયમાં આવેલા દ્રવ્યને [ विनिर्ग्रहीतुं न एति ] ગ્રહવા જતો નથી.

[ एतत् तु ज्ञात्वा ] આવું જાણીને પણ [ मूढः ] મૂઢ જીવ [ उपशमं न एव गच्छति ] ઉપશમને પામતો નથી; [ च ] અને [ शिवाम् बुद्धिम् अप्राप्तः च स्वयं ] શિવ બુદ્ધિને (કલ્યાણકારી બુદ્ધિને, સમ્યગ્જ્ઞાનને) નહિ પામેલો પોતે [ परस्य विनिर्ग्रहमनाः ] પરને ગ્રહવાનું

મન કરે છે.

ટીકા :– પ્રથમ દૃષ્ટાંત કહે છે : આ જગતમાં બાહ્યપદાર્થ-ઘટપટાદિ-, જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી કે 'તું મને પ્રકાશ', અને દીવો પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેને (બાહ્યપદાર્થને) પ્રકાશવા જતો નથી; પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી, દીવો જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે) તેમ બાહ્યપદાર્થની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા તેને (દીવાને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતો એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.

એવી રીતે હવે દાર્ષ્ટાંત છે : બાહ્યપદાર્થો-શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ ને દ્રવ્ય-, જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી કે 'તું મને સાંભળ, તું મને જો, તું મને સૂંઘ, તું મને ચાખ, તું મને સ્પર્શ, તું મને જાણ', અને આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને (બાહ્યપદાર્થોને) જાણવા જતો નથી; પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી, આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ જાણે છે) તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ જાણે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ જાણતા એવા તેને (આત્માને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.

આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે (અર્થાત્ સંબંધ વગરનો, તટસ્થ છે)-એવી વસ્તુસ્થિતિ છે, તોપણ જે રાગદ્વેષ થાય છે તે અજ્ઞાન છે.

ભાવાર્થ :– શબ્દાદિક જડ પુદ્ગલદ્રવ્યના ગુણો છે. તેઓ આત્માને કાંઈ કહેતાં નથી, કે 'તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ)'; અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી. જેમ શબ્દાદિક સમીપ ન હોય ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે, તેમ શબ્દાદિક સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે. આમ પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર કરતાં નથી, જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી તેમ. આવો વસ્તુસ્વભાવ

છે, તોપણ જીવ શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની રાગદ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.

---

પ્રવચન નં. ૪૨૫ ગાથા–૩૭૩ થી ૩૮૨ મંગળવાર, જ્યેષ્ઠ વદ ૩, તા. ૦૧-૦૭-૧૯૮૦

---

'સમયસાર' ને ૨૨૧ પછી. ૨૨૧ મો કળશ આવી ગયો ને?

**'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપ પરિણમતાં પુદ્‌ગલો આત્માને કાંઈ કહેતાં નથી કે 'તું અમને જાણ', અને આત્મા પણ પોતાના સ્વસ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી. બન્ને તદ્દન સ્વતંત્રપણે (બન્ને તદ્દન, તદ્દન સ્વતંત્રપણે) પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન, પર પ્રત્યે ઉદાસીન (-સંબંધ વિનાનો, તટસ્થ) છે,...'** પર પ્રત્યે ઉદાસીન તટસ્થ છે, **'તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને રાગીદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.–આવા અર્થની ગાથાઓ હવે કહે છે :–'**

**णिंदिदसंथुदवयणाणि पोग्गला परिणमंति बहुगाणि।**
**ताणि सुणिदूण रूसदि तूसदि य पुणो अहं भणिदो।।३७३।।**
**पोग्गलदव्वं सद्दत्तपरिणदं तस्स जदि गुणो अण्णो।**
**तम्हा ण तुमं भणिदो किंचि वि किं रूससि अबुद्धो।।३७४।।**
**असुहो सुहो व सद्दो ण तं भणदि सुणसु मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं सोदविसयमागदं सद्दं।।३७५।।**
**असुहं सुहं व रूवं ण तं भणदि पेच्छ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदं चक्खुविसयमागदं रूवं।।३७६।।**
**असुहो सुहो व गंधो ण तं भणदि जिग्घ मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं घाणविसयमागदं गंधं।।३७७।।**
**असुहो सुहो व रसो ण तं भणदि रसय मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं रसणविसयमागदं तु रसं।।३७८।।**
**असुहो सुहो व फासो ण तं भणदि फुससु मं ति सो चेव।**
**ण य एदि विणिग्गहिदुं कायविसयमागदं फासं।।३७९।।**
**असुहो सुहो व गुणो ण तं भणदि बुज्झ मं ति सो चेव।**

ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं तु गुणं।।३८०।।
असुहं सुहं व दव्वं ण तं भणदि बुज्झ मं ति सो चेव।
ण य एदि विणिग्गहिदुं बुद्धिविसयमागदं दव्वं।।३८१।।
एयं तु जाणिऊणं उवसमं णेव गच्छदे मूढो।
णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो।।३८२।।

નીચે હરિગીત.

રે! પુદ્ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.
પુદ્ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ! રોષ તું ક્યમ કરે? ૩૭૪.
શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.
શુભ કે અશુભ જે રૂપ તે 'તું જો મને' ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.
શુભ કે અશુભ જે ગંધ તે 'તું સૂંઘ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગંધને; ૩૭૭.
શુભ કે અશુભ જે રસ જેહ તે 'તું ચાખ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.
શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.
શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.
શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને; ૩૮૧.
-આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!
શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.

ટીકા :- 'પ્રથમ દૃષ્ટાંત કહે છે : આ જગતમાં બાહ્ય પદાર્થ-ઘટપટાદિ-,...' એટલે ઘડા ને વસ્ત્રાદિ, 'જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કહેતા નથી...'

કોઈ હાથને પકડીને કોઈ કાર્યમાં જોડે **'તેમ, દીવાને સ્વપ્રકાશનમાં (અર્થાત્ બાહ્યપદાર્થને પ્રકાશવાના કાર્યમાં) જોડતો નથી કે 'તું મને પ્રકાશ', અને દીવો પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેને (બાહ્યપદાર્થને) પ્રકાશવા જતો નથી; પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી, દીવો જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે) તેમ બાહ્યપદાર્થની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા તેને (દીવાને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતો એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી....'** આહાહા..! શું કહે છે?

**'એવી રીતે હવે દાર્ષ્ટાંત છે : બાહ્ય પદાર્થો- શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ ને દ્રવ્ય-, જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે'** દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે **'તેમ, આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં) જોડતા નથી. આહાહા..! કે 'તું મને સાંભળ,...'** શબ્દ એમ કહે છે? નિંદાના કે સ્તુતિના શબ્દો. આહાહા..! એ એમ નથી કહેતા કે, તું મને સાંભળ. તેમ આત્મા પણ પોતાના સ્થાનને છોડી નિંદા કે સ્તુતિના વચનોને જાણવા જતો નથી. આહાહા..!

**'તું મને સાંભળ, તું મને જો,...'** બહારની ચીજ એમ કહેતી નથી કે, મને તું જો. એ તો જ્ઞેય છે, આત્મા જ્ઞાન છે. જ્ઞેય છે એ તો પરજ્ઞેય છે. પરજ્ઞેય એમ કહેતા નથી કે, મને તું જાણ. **'તું મને સૂંઘ,...'** સાંભળ એમ કહેતા નથી. આહા..! નિંદાના વચનો હોવા છતાં નિંદાના વચનો એમ કહેતા નથી કે, તું મને સાંભળ. અજ્ઞાની એ શબ્દ સાંભળીને આ મારી નિંદા કરે છે એવી કલ્પના અજ્ઞાનમાં કરીને રોષ અને તોષ કરે છે. આહાહા..! રાગ અને દ્વેષ કરે છે. આહાહા..! કોઈ કોઈને કહેતા નથી કે, તું મને જો ને સાંભળ. તેમ આત્મા પણ પોતાનું સ્થાન છોડીને ત્યાં જોવા જાતો નથી, પોતાના સ્થાનમાં છે.

**'આત્માને સ્વજ્ઞાનમાં જોડતા નથી કે તું મને સાંભળ,...'** આહાહા..! નિંદા કે પ્રશંસા શબ્દોની પર્યાય છે. એ સમયે તે જડની પર્યાય થવાનો કાળ છે. એને તું એમ જાણે છે કે, મને કહ્યું એમ તેં માનીને રોષ-તોષ કર્યો એ અજ્ઞાન છે. આહાહા..! આ તો આખી દુનિયાથી (જુદી વાત છે). નિંદા કરે તોય નહિ ને સ્તુતિ કરે તોય નહિ, એ તો શબ્દે શબ્દ છે. નિંદા અને સ્તુતિના શબ્દો પુદ્ગલની પર્યાય છે. એ પર્યાય સાંભળીને તને એમ કેમ થાય છે કે, આ મને નિંદા કરી અને મારી સ્તુતિ કરી. કેમ કે, તે તો શબ્દની જડની પર્યાય છે અને તું તારું સ્થાન છોડીને સાંભળવા જતો નથી છતાં તને આ કેમ અજ્ઞાનને લઈને... આહાહા..! રાગ અને દ્વેષ થાય છે એમ કહે છે. આહાહા..!

**'તું મને જો,...'** પેલામાં નિંદા ને સ્તુતિમાં સાંભળવામાં આવ્યું, આમાં તું મને જો (આવ્યું).

ચીજ જે સાદગીની ચીજ છે સુંદર રૂપવાળી કે કુરૂપવાળી, એ ચીજ તો પુદ્ગલની પર્યાય છે. એ તને કહેતી નથી કે, હું રૂપાળું છું તો તું મને જો. આહાહા..! તેમ આત્મા પોતાના સ્થાનને છોડી અને રૂપને જોવા જતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

નિંદા ને સ્તુતિના શબ્દો પુદ્ગલની પર્યાય છે, એ કાંઈ આત્માની પર્યાય નથી. તો નિંદા ને સ્તુતિના શબ્દો જડની પર્યાય હોવા છતાં તને એમ કેમ થાય છે કે, આ મને કહ્યું? તારું સ્થાન છોડીને તું શબ્દો સાંભળવા જતો નથી અને શબ્દ છે એ કાંઈ તારે લઈને થયા નથી. એ તો નિંદા, સ્તુતિના પરમાણુની જડની પર્યાય થાય છે. આહાહા..! એ નિંદા, સ્તુતિના જડના શબ્દોનું પરિણમન જડને લઈને થયું છે, એને આત્મા એમ માને છે કે, મને આ કહે છે. એ અજ્ઞાન છે, એ મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. આહાહા..! કહો, 'સુમનભાઈ'! આવી વાત છે.

શબ્દ અને રૂપ... આહાહા..! એને કારણે પરિણમી રહ્યા છે. એને ઠેકાણે તને એમ કેમ થાય છે કે, આ નિંદા મારી કરે છે? એ નિંદા તો જડની પર્યાય છે અને સ્તુતિ પણ જડની પુદ્ગલની અવસ્થા છે. એ મારી સ્તુતિ કરે છે એમ કેમ તને થાય છે? આહાહા..! એ તારી અજ્ઞાનતા, તારા સંસારમાં ડુબાડવાને માટે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! દુનિયાને ક્યાં પડી છે એટલી. બહારના હો... હા માં જિંદગી ગાળીને, મરીને જાવું ચોરાશીમાં રખડવા. આહાહા..! કારણ કે, આત્મા તો નિત્ય છે, આત્માની સત્તા તો કાયમ છે, શરીરની સત્તાનો નાશ થશે, એ પર્યાય બદલી જશે. કાંઈ તું બદલતા કાંઈ આત્મા બદલાઈ જશે અને એ બદલતા તું બદલાઈ જાઈશ એમ નથી. આહાહા..! એ તો ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ પોતાના સ્વરૂપમાં છે. તને નિંદાને, સ્તુતિને સાંભળી અને એ નિંદા ને સ્તુતિ મને કરે છે એમ ક્યાંથી આવ્યું તને? વળી નિંદા ને સ્તુતિ પાસે તું જતો નથી. આહાહા..! છતાં એ તારી નિંદા ને સ્તુતિ કરી એવી તને અજ્ઞાનની કલ્પના ક્યાંથી આવી? એમ કહે છે. ઝીણી વાત છે જગતથી. આહાહા..! જગત ચાલે છે કઈ રીતે? રખડવાના રસ્તે ચાલે છે, બધા ચાર ગતિમાં રખડવાના. આહાહા..! એક દેહ છોડીને ઢોરમાં ને... (હું) કોણ છું ને શું થાય છે આ? એવો વિચાર કરવાનો વખત પણ ક્યાં છે? બહારમાં કાંઈક પાંચ-પચીસ લાખ ધૂળ મળી હોય, ધૂળ કરોડ, બે કરોડ, પાંચ કરોડ ધૂળ, બસ! ગરકાવ થઈ જાય. જાણે અમે પુણ્યશાળી છીએ ને અમારે આ બધો જોગ અનુકૂળ છે. પણ એ તો બધા પુદ્ગલ, જડ છે. જડની અનુકૂળતા આત્માને શી રીતે આવી? અને જડની પ્રતિકૂળતા એ આત્માને ક્યાં લાગુ પડી? આહાહા..! એ તો તેં કલ્પના કરીને માન્યું કે, આ મને અનુકૂળતા અત્યારે છે ને આ બધી પ્રતિકૂળતા છે એ તો તારી માનેલી મૂઢતા છે. આહાહા..! દુનિયાથી જુદી વાત છે આ. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. આહાહા..!

આ શરીર જ માટીનું પીંડલું છે ને માટીથી બનેલું છે, ધૂળથી. એ ધૂળમાં ધૂળ મળી

જશે મસાણમાં રાખ (થશે). આ તારો આત્મા સત્તા તો નિત્ય વસ્તુ છે. આહાહા..! તું આવી સ્થિતિમાં રોકાય જઈશ તો ક્યાં તારે રખડવું ને જાવું છે? આહા..! કહો, 'શાંતિભાઈ'! આહાહા..! નિંદા ને સ્તુતિના શબ્દો... આહાહા..!

**'જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, આત્માને સ્વજ્ઞાનમાં જોડતા નથી...'** કોણ? **'કે 'તું મને સાંભળ,...'** નિંદા ને પ્રશંસાના શબ્દો તને કાંઈ કહેતા નથી કે, તું મને સાંભળ. આહાહા..! આ આખી દુનિયા શી રીતે ચાલતી હશે? રખડવાનું એનું મટશે શી રીતે? ચોરાશીના અવતાર... આહાહા..! અહીં કરોડપતિ માણસ મરીને ઢોરમાં અવતરે, પશુમાં. માંસ ને દારૂ ન ખાતા હોય તો, હોં! માંસ ને દારૂ ખાતા હોય તો મરીને નરકે જાય. માંસ, દારૂ ન ખાતા હોય તો એ બધા ઢોરમાં જવાના, પશુ થવાના. નથી આત્માની ખબર, નથી આ શું થાય છે અને મારે ને પરદ્રવ્યની સાથે સંબંધ શું છે? પરદ્રવ્ય સ્વતંત્ર છે, હું સ્વતંત્ર છું. મને કોઈ કહે એમ નથી, તેમ હું તે સાંભળવા જાઉં એવો હું નથી. આહાહા..! અરે..રે..! આ દુનિયાની ધૂળ આગળ એવા કે દિ' વિચાર કર્યા હોય? ધૂળ એટલે પૈસો. આહાહા..!

આ સોનામહોરો ને હીરા-માણેક ને દસ દસ કરોડના હોય ને જ્યાં પટારા ભર્યા હોય આમ. આ જાણે અમારા અમે. કોણ પણ તું ક્યાં છો? એ તો જડ છે. જગની ચીજ તારી પાસે આવી છે ક્યાં? એ તો ત્યાં એને કારણે આવી છે. એને ઠેકાણે તું કહે છો કે, મારા. આહાહા..! અને મને મળ્યા. તને ક્યાં મળ્યા છે? તારામાં ગરી ગઈ છે એ ચીજ? એ ચીજમાં તું ગયો છો? એવી ચીજ તારામાં આવી છે? તો આ છે શું આ ગજબ? અજ્ઞાન ને મૂઢતા, મૂઢતા છે. આહાહા..! એ અબજોપતિ ને કરોડોપતિની પણ મૂઢતા છે. મૂઢ, મૂઢ મરીને ઢોરમાં જવાના. આહાહા..! આકરું કામ છે.

**'તું મને સાંભળ, તું મને જો, તું મને સૂંઘ,...'** ઇ ચીજ ક્યાં કહે છે? ગંધ એમ ક્યાં કહે છે મને તું સૂંઘ. આહાહા..! ફુલ ઊંચા હોય એને સૂંઘે. એ તો જડ માટી છે. ફુલ ને ફુલની સુગંધ તો માટી, જડ, ધૂળ છે અને તું તો પ્રભુ આત્મા છો, જુદી ચીજ છે, અરૂપી છો. આ તો માટી, ધૂળ છે. એ અરૂપી રૂપીને ક્યાંથી અડે? આહાહા..!

મુમુક્ષુ :– કઠણ વાત છે.

ઉત્તર :– વાત તો આ છે. કઠણ હોય કે... સત્ય આ છે, પરમ સત્ય આ છે. એનાથી ઓછું, અધિક ને વિપરીત કરશે તો મરીને જશે અધોગતિ રખડશે. ન્યાં કુદરતમાં કોઈની સફારશ ચાલે એવું નથી. આહાહા..! કે, ભાઈ! અમે કરોડપતિ ને અબજપતિ છીએ માટે અમને કાંઈ સારી પદવી મળવી જોઈએ. ન્યાં કુદરતના નિયમમાં એમ કાંઈ છે નહિ. આહા..! એ અબજપતિ મરીને ભૂંડ થાય અને ભૂંડ મરીને પછી વિષ્ટા ખાય ને નરકે જાય. આવા અનંતા ભવ કર્યા, પ્રભુ! અનંતા અનંતા ભવ કર્યા છે, ભાઈ! આદિ વિનાના. આહાહા..!

આ પહેલાં... આ પહેલાં... આ પહેલાં... આ પહેલાં... આ પહેલાં... એમ ભવ તો અનંત અનંત કર્યા છે. આહાહા..! એ આમ ને આમ અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં અનંતા ભવ કર્યા. હજી પણ અજ્ઞાન જો સેવીશ તો એવા જ ભવ તારે કરવા પડશે. એમ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માનું આ ફરમાન છે. આહાહા..! અરે..રે..! એને બહારની ધૂળ જરી દેખે...

અહીં આવ્યું ને? તું મને સૂંઘ. ફુલ, ફુલના ઝાડ ને ચારેકોર બગીચા ને એમાં સાંજનું ટાણું નવરા થઈને પછી ખુરશી નાખીને બેસે, દુકાનનો ધંધો પાંચ વાગે બંધ કરે પછી નવરા થઈને બેસે ખાવા પહેલાં. બગીચો હોય ફુલનો એમાં બેસે. આહાહા..! આમ ફુલના ઓલા બનાવે.. શું કહેવાય? ગોટો બતાવે. હા છે ને એ તો બધું જોયું છે ને બધું કર્યું છે બધું. આખી દુનિયા જોઈ છે, કઈ રીતે ચાલે છે. અહીં તો ૯૧ વર્ષ થયા. ૯૧, નેવું ને એક. આખી જિંદગી આમાં ગઈ છે.

એક ફક્ત પાંચ વર્ષ વેપાર કર્યો છે, 'પાલેજ'. 'ભરૂચ' ને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે ને? બાકી બધું આ જ કર્યું છે આખી જિંદગી. એક પાંચ વર્ષ દુકાનમાં (બેઠા). પિતાજીની દુકાન હતી, ચલાવી હતી. ચાલે છે, મોટી દુકાન અત્યારે છે, એ જ દુકાન છે, ચાલીસ લાખ રૂપિયા છે, ચાલીસ લાખ રૂપિયા છે, અત્યારે ચાર લાખની પેદાશ છે. એ દુકાન છે. મને તો ૬૬ વર્ષ થયા દીક્ષા લીધા, આ દુકાન છોડ્યા ૬૮ વર્ષ થયા. હોળી સળગે છે ન્યાં એની એ પાછી. આહાહા..!

અહીં કહે છે તું મને... આહાહા..! સૂંઘ. એ ગંધ તને કહે છે? રૂપ તને કહે છે કે, તું મને જો? અને રૂપ ને ગંધ સાંભળવા જોવા માટે તું તારું સ્થાન છોડીને ત્યાં જા છો? તારા સ્થાનમાં તું અને એના સ્થાનમાં ઇ છે. એની ચીજ એની ચીજમાં, તારી ચીજ તારીમાં છે. આહા..! તારામાં તારું અસ્તિત્વ છે ને પરની વસ્તુનું તારામાં નાસ્તિત્વ છે. પરવસ્તુમાં પરનું અસ્તિત્વ છે ને તારી વસ્તુનું એમાં નાસ્તિત્વ છે. આહાહા..! 'ચીમનભાઈ'! એમાં પૈસા.. આહાહા..! હમણાં ગયા હતા ને 'આફ્રિકા'. પૈસા... પૈસા... પૈસા... પૈસા... ઢગલા 'આફ્રિકા'માં એક 'નાઈરોબી' માં સાડા ચારસો તો કરોડપતિ છે. વ્યાખ્યાનમાં આવતા માણસો. હમણાં ગયા હતા, ૨૬ દિ' રહ્યા હતા. બહુ માગણી હતી, ઘણી માગણી હતી એની. પ્રેમ, લોકોને બહુ પ્રેમ. 'આફ્રિકા' 'નાઈરોબી'. અબજોપતિ. ૪૫૦ તો કરોડપતિ ગામમાં છે અને પંદર અબજપતિ છે. અબજપતિ આવતા. મેં કીધું, ધૂળ છે બધી. એ ધૂળના ધણી મરીને જાશે ક્યાંક, પરના સ્વામી થાશો તો. પરચીજ તો પરની છે એના સ્વામી તમે ક્યાંથી થયા? તમારું તમારી ચીજ છે ઇ? આહાહા..! 'યશપાલજી'! આહાહા..! દુનિયાથી આવું તો ઊંધું. એ.. 'વજુભાઈ'! દુકાનમાં બેસે ને થડા પર બેસે ને એમાં જ્યાં દરરોજની પાંચ-પાંચ, દસ-દસ હજારની પેદાશ હોય. આહાહા..! પ્યાલો ફાટી જાય. આપણે આ 'પુનમચંદ' નહિ?

'મુંબઈ' મકાન ચણાવે છે. 'પુનમચંદ મલૂકચંદ' દસ હજારની પેદાશ એક દિવસની, એક દિવસની દસ હજારની. 'પુનમચંદ' 'ચંદુભાઈ'ના ભાઈ. આહાહા..!

મુમુક્ષુ :– પણ એવા તો કો'ક હોય.

ઉત્તર :– પણ એવા તો કેટલાય કીધા ને. 'નાઈરોબી' એક સાત લાખની વસ્તીમાં સાડા ચારસો કરોડપતિઓ છે અને પંદર તો મોટા અબજપતિઓ છે. સો કરોડ–અબજપતિ ધૂળ ભેગી થયેલી ઘણી. પણ એ ધૂળ આવી છે એને કારણે ને એને ઠેકાણે. આ માને કે, આ મારી પાસે આવી ને મારી છે. તું તારું સ્થાન છોડીને પૈસામાં જાય છે અંદરમાં? અને પૈસો ગરી જાય છે તારા આત્મામાં? પછી તારો ક્યાંથી થયો એ? મમતા કરી. અજ્ઞાનની મૂઢતા કરી. એમ બાયડી, સુંદર બાયડી. જડ, માટીનું શરીર ધૂળ. એ મારી છે. પણ ક્યાંથી તારી થઈ ગઈ? એ તો એનો આત્મા ને શરીર તો તારાથી જુદા છે. એ રખડતા, રખડતા તે અહીં આવી છે ને તું રખડતો રખડતો અહીં આવ્યો છો. તારે ને એને સંબંધ શું છે? ઇ એમ કહે છે કે, તું મને માન? ઇ આત્મા કહે છે? આહાહા..! 'શાંતિભાઈ'! દુનિયાથી ઊંધુ છે, બાપા! આહાહા..!

મુમુક્ષુ :– શું કરવું રૂપિયા હોય તો નાખી દેવા?

ઉત્તર :– પણ રૂપિયા ક્યાં એના હતા નાખી દે ને રાખે. એના હતા ક્યાં કે, રાખે ને નાખે. એને કારણે પૈસા આવ્યા છે, એને કારણે રહ્યા છે ને એને કારણે જવાના છે. તારે કારણે આવ્યા નથી, તારે કારણે રહ્યા નથી ને તારે કારણે જવાના નથી. હવે આ તે કોણ માને? દુનિયા ગાંડી, પાગલ. આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં તો એમ કહે છે કે, દાન સારે ઠેકાણે દેજે.

ઉત્તર :– દાન આપે તો એમાં ધૂળમાં દાન ક્યાં એના પૈસા છે? મારા માનીને આપે તે મૂઢ છે. પૈસા મારા છે એમ માનીને (આપે છે). એ તો જડ છે. ચૈતન્યનો જડ થઈ ગયો સ્વામી? આહાહા..! મારા છે, આ પાંચ, પચ્ચીસ લાખ મેં આપ્યા. એ મારા માનીને આપે એ મહા મિથ્યા મૂઢ જીવ છે. દુનિયાથી ઊંધુ છે. દુનિયાને જાણીએ છીએ બધાને. આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, કે જે કાંઈ નિંદા ને આ સ્તુતિના શબ્દો કોઈના મુખમાંથી પડે એ તો જડની પર્યાય છે. એમાં તને ક્યાં નિંદા ને સ્તુતિ થઈ? તને કોણે કીધું નિંદા ને સ્તુતિ? તું ક્યાં ત્યાંથી ખસીને ન્યાં સાંભળવા જા છો? નિંદાને ઠેકાણે નિંદા ને આત્માને ઠેકાણે આત્મા (છે). એને ઠેકાણે તું મને નિંદા કરી, એમ તેં માન્યું એ મહા અજ્ઞાન ને મૂઢતા છે. આહાહા..! એ ડાહપણના મોટા પાણી, પાણી ઊતરી ગયા છે. એ... 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :– દૃષ્ટિ ફરી જાય તો...

ઉત્તર :– આવી વાત છે. પ્રભુ! શું કરીએ? પ્રભુ! તારી ચીજ તો કોઈ અલૌકિક છે,

પ્રભુ! તારી ચીજ અંદર આત્મા અનંત અનંત આનંદ, અનંત જ્ઞાન ને અનંત વીર્યથી ભરેલો ભગવાન છે અંદર. પ્રભુ! પ્રભુ! તને તારી કિંમતની ખબર નથી. અને તું બીજાની કિંમત ટાંકવા જા છો. તારી કિંમતની તને ખબર નથી. આહાહા..!

અહીં એ કહે છે, **'તું તને સૂંઘ, તું મને ચાખ,...'** એ મેસુબ અને રસગુલ્લા, ઊંચી ચીજ લઈએ ને! ઇ કહે છે કે, તું મને ચાખ? એ તો જડ છે. આવી વાત છે, પ્રભુ! આકરી વાત છે, નાથ! જગતથી ઊંધી છે, જગત તો અત્યારે...

મુમુક્ષુ :- ભગવાન થવાની વાત સાચી જ હોય ને.

ઉત્તર :- વીતરાગની વાણી આ છે. ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર અરિહંતદેવ બિરાજે છે, (મહાવિદેહક્ષેત્રમાં) 'સીમંધર' ભગવાન... આહાહા..! એની આ વાણી છે, પરમેશ્વરના મુખમાંથી નીકળેલી આ વાણી છે. આહાહા..! જગતને બેસવું કઠણ પડે, પ્રભુ! શું કરે? કોઈ દિ' સાંભળ્યું નથી, સાંભળવાની દરકાર પણ કરી નથી. આહાહા..!

**'તું મને સૂંઘ, તું મને ચાખ,...'** એ મેસુબ ને રોટલી કે રસગુલ્લા કહે છે તને? એ તો જડ છે. તું મને ચાખ ને... સાંભળો! એ મેસુબને આત્મા ખાતો નથી. મેસુબ તો જડ છે, માટી-ધૂળ છે, ધૂળ. અને આત્મા તો અરૂપી છે. આત્મા અરૂપી રૂપ વિનાનો, એને ખાતો નથી, ફક્ત એની સામું જોઈ અને આ ઠીક છે, એવો રાગ કરે. રાગને ખાય છે. અને માને છે કે, મેસુબને ખાઉં છું. 'પંડિતજી'! જગતથી ઊંધી વાત છે બધી. એ ચીજ જે સાકર છે, એ સાકરને આત્મા ખાતો નથી. સાકર તો માટી, ધૂળ છે ને આત્મા તો અરૂપી છે. ફક્ત સાકર સામું જોઈ અને અનાદિની ટેવ પડી છે કે, આ ઠીક છે. મીઠાશમાં ઠીક છે, ઠીક છે. એ સાકરની મીઠાશ નથી એને આવતી. કેમ કે સાકરની મીઠાશ તો જડ છે અને આ પ્રભુ તો અરૂપી છે. આત્મા તો રૂપ, રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો છે અને એ તો રૂપ, ગંધ જડ છે. આહાહા..! એ સાકરનો સ્વાદ નથી એને. ફક્ત સાકરનું લક્ષ કરે છે અને ઠીક છે એમ કલ્પના કરીને રાગ કરે. રાગનો સ્વાદ એને આવે છે. રાગને ચાખે છે ને માને છે કે, સાકરને ચાખું છું. સાકરને ત્રણકાળમાં કોઈ ચાખી શકતું નથી. આવી વાત પાગલ જેવી લાગે, પાગલને, પાગલને. શું કહે છે આ?

પ્રભુ! તને ખબર નથી, તારી ચીજ અંદર કોણ છે? અનંત આનંદ ને અનંત જ્ઞાનથી ભરેલો ભગવાન છો તું. તેં ભિખારા વેડા કર્યા છે. તારામાં નથી એને માગણ થયો માગવા અને તારામાં છે તેને લેવા ઇચ્છતો નથી. અંદર વસ્તુ પડી છે તેને લેવા ઇચ્છતો નથી. અને જે તારામાં નથી તે માગણ થઈને, માગણ ભિખારી થઈને લાવ પૈસા લાવ, બાયડી લાવ, છોકરા લાવ, આબરૂ લાવ, મકાન મોટા હજીરા કરોડો રૂપિયાના બનાવો. કોના પણ? તારા ક્યાં હતા? ભિખારી. શું થયું તને આ? ભીખ માગ્યા કરે છે. એ... 'ચીમનભાઈ'! ઇ કહે છે અહીંયાં.

'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા, મહાવિદેહમાં ભગવાન બિરાજે છે, 'સીમંધર' સ્વામી. બે હજાર વર્ષ થયા. સંવત ૪૯. ત્યાં ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી અહીંયાં આવીને આ શાસ્ત્ર રચ્યા. દુનિયાની પાસે જાહેર કરી, વસ્તુ સ્થિતિ મર્યાદા આ પ્રમાણે છે. એ મર્યાદા ઓળંગીને માનશો તો રખડી મરશો. આહાહા..! એવી વાત છે. હું પણ ત્યાં હતો. ઇ બેસવી કઠણ વાત છે, બાપુ! હું ત્યાં ભગવાન પાસે હતો. દેહ છૂટવા વખતે પરિણામ ઠીક ન રહ્યા તો અહીં 'કાઠિયાવાડ' માં ઊપજી ગયો. આહાહા..! વસ્તુ સ્થિતિ ભગવાન પાસે સીધી સાંભળી છે. આહાહા..!

મુમુક્ષુ :– 'કાઠિયાવાડ' એટલે આત્માના સેવનનો વાડો.

ઉત્તર :– આ તો 'કાઠિયાવાડ' કહેવાયને. 'ઉમરાળા' ૧૧ માઈલ છે ને, 'ઉમરાળા' છે ને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળમાં કાંઈ નથી એમાં. તેર વર્ષ 'ઉમરાળે' રહ્યા, નવ વર્ષ દુકાન. 'પાલેજ'માં દુકાન છે ને? અત્યારે દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે, અત્યારે ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે, અત્યારે છે. 'ભરૂચ' ને 'વડોદરા' વચ્ચે. એ દુકાન અમારા પિતાજીની હતી. ત્યાં નવ વર્ષ રહ્યો. બધું ઘણું જોયું છે, વેપાર પણ મોટા કર્યા છે. પાંચ વર્ષ ધંધા-બંધા છે 'મુંબઈ-બુંબઈ'માં માલ-બાલ લેવા ને એ બધું કર્યું છે. વીસ વર્ષની ઉંમરથી, હોં! બધી મજુરીઓ. આહાહા..!

અહીં કહે છે કે, **'તું મને ચાખ,...'** એ લાડવો ચુરમાનો આમ મોઢામાં બટકુ આવ્યું કે આ કેરીનો રસ આવ્યો, ઇ જડ છે એ તો માટી છે. ઇ એમ કહે છે કે, તું મને ચાખ? આહાહા..! અને આત્મા પોતાના અરૂપીના સ્થાનને છોડીને ચાખવા જાય છે? એ તો જડ છે. અરૂપી આત્મા રૂપી સ્થાનમાં જાય અંદર? ભગવાન આત્મા તો અરૂપી છે અંદર. રંગ, ગંધ, વર્ણ, રસ, સ્પર્શ આત્મામાં નથી. અને આ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે. એને આત્મા કેમ અડે ને કેમ ચાખે? સમજાય છે કાંઈ? આહાહા..! આ તો દુનિયાની ઉલટ-પુલટની વાતું છે. કાને (સાંભળવા) મળવી મુશ્કેલ છે. પ્રભુ! ફેરફાર થઈ ગયો છે બધો. દયા પાળો, વ્રત કરો ને આ કરો ને ધૂળ કરો ને એમ કરી કરીને જિંદગી ચાલી ગઈ. આહાહા..! સત્ય શું છે, પરમ સત્યનું સ્વરૂપ શું છે એ અંતરમાં અનુભવ્યા વિના, જાણ્યા વિના ભવનો અંત આવે એવો નથી, બાપા! નહિતર તો ભવમાં રખડી રખડીને મરી ગયો છે. આહાહા..! કહો, 'ચીમનભાઈ'! લાડવા ને મેસુબ...

મુમુક્ષુ :– રસ ચાખે નહિ પણ રસને જાણે છે ખરો કે નહિ?

ઉત્તર :– જાણે છે એ પણ કહેવું વ્યવહાર છે. સાંભળો! જે આ બીજી ચીજ છે એને આત્મા જાણે છે એમ કહેવું વ્યવહાર છે. કેમ? કે આત્મા તેમાં તન્મય થયા વિના જાણે

છે. 'હરીભાઈ'! જુદી જાત છે, બાપુ! દુનિયાથી જુદી જાત છે. એ રસ છે, લાડવો છે એને જાણતો પણ નથી. ખરેખર તો ત્યારે પોતે પોતાને જાણે છે. કારણ કે, લાડવામાં એ તન્મય થયો (નથી), અંદર તન્મય–એકમેક તો થયો નથી. એકમેક થયા વિના તેને જાણ્યું ક્યાંથી? આહાહા..! અરે..રે..! આવી વાતું.

ચાખતો તો નથી પણ જાણે છે કે નહિ? એમ 'હરીભાઈ' પૂછે છે.

જાણ્યા વિના પોતે પોતાને જાણે છે અને એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં થાય છે એને જાણે છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન, પોતામાં થાય છે તેને તે જાણે છે. એક અક્ષર ઓછોવત્તો થશે તો ઊંધું પડશે.

જે કાંઈ એ કેરીનો રસ છે... અત્યારે તો એ મોસમ છે ને? કેરીના કટકા કર્યા હોય આમ ઊંચા, બટકા આમ ખાતો હોય ને આમ જાણે ઓહો..હો..! શું છે પ્રભુ તને? એ ચીજને જડને ચાખવા તો જતો નથી પણ ખરેખર તું એને જાણે છો એમ કહેવું એ વ્યવહાર છે. કેમ? કે જેને જાણે છે તેમાં એ તન્મય નથી. ફક્ત એને જાણવાનું જે જ્ઞાન પોતાનું છે એમાં એ તન્મય છે. માટે ખરેખર એ પોતે પોતાને જાણે છે. પણ ઇ ક્યાં વિચારનો વખત ક્યાં? હોળી સળગે છે આ બધી. વેપાર ને પૈસા ને બાયડી-છોકરા ને... એમાં આવું સાંભળવા મળે... આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અગ્નિને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. એ જ્ઞાનમાં પોતાનો સ્વભાવ છે કે, પોતે પોતાને જાણે અને પરને પરની અપેક્ષા વિના પરને પોતામાં જાણે. પરને અડ્યા વિના, પર વિના, પરની અસ્તિ છે માટે એને જાણે છે એમ નહિ. આ જાણવાના અસ્તિત્વનો એવો સ્વભાવ છે, સ્વ-પર જાણવાનો પોતાનો સ્વભાવ એ પોતે પોતાને જાણે છે. અરે..! આટલું બધું ક્યાં લઈ જવું? આહાહા..! અગ્નિને એ દાઝતો નથી. આહાહા..! અરરર..! ઇ સ્પર્શમાં આવશે.

**'તું મને સ્પર્શ,...'** જુઓ! આવ્યું. એ અગ્નિ ને બાયડીનું શરીર તને કહેતા નથી કે, તું મને સ્પર્શ. આહાહા..! સુંવાળા રેશમના ગાદલા, સુંવાળી ચીજો તને કહેતી નથી કે, **'તું મને સ્પર્શ,...'** અડ. તું પોતાનું સ્થાન છોડીને ત્યાં એના સ્થાનમાં અડવા જતો નથી. આહાહા..! પ્રભુ! તારી મર્યાદા તો આ છે, નાથ! હવે એથી ઓળંગીને રખડે છે ચોરાશીના અવતારમાં, બાપુ! આહાહા..! એક ક્ષણમાં દેહ છૂટી જાય છે. આમ લાખ એના વૈદો આવે ને પણ જે સમયે, જે ક્ષણે, જે ક્ષેત્રે દેહ છૂટવાનો તે છૂટે છૂટક્યો. એક સમય વધે એવું નથી ને એક સમય ઘટે એવું નથી. આહાહા..! એમાં પ્રભુ! તારી ચીજ છે એને તું જાણી લે કે, આ હું તે કોણ છું? એની જો કિંમત કરી લે અને એનો અનુભવ કર તો જન્મ-મરણ મટશે. નહિતર જન્મ-મરણ મટવાના નથી, પ્રભુ! આહાહા..! આ તો આવી ગયું. આહાહા..!

આચાર્યોએ ગજબ કર્યો છે ને! આચાર્ય સંતોએ જગતને જાહેર કરીને દુનિયાની દરકાર મુકી દઈને, આ દુનિયાને બેસે છે કે નહિ? સમાજને સમતોલમાં ગોઠવી શકશે કે નહિ? એનું ઇ જાણે. વસ્તુ સ્થિતિ આ છે. આહાહા..!

કહે છે '**તું મને સ્પર્શ,...**' ઇ અગ્નિ એમ કહે છે કે, તું મને સ્પર્શ? બાયડીનું શરીર છે ધૂળ-માટીનું ઇ એમ કહે છે તું મને સ્પર્શ? એમ પોતાનો આત્મા પોતાનું સ્થાન છોડીને સ્પર્શમાં જાય છે? શરીરના પરમાણુ જડમાં જાય છે? ભગવાન અરૂપી એ રૂપીમાં જાય? રૂપી અરૂપીમાં આવે? આહાહા..! શું છે આ તે ત્યારે? બધે આ ધર્મના નામની ગડબડ છે. ધર્મને નામે ગડબડ અત્યારે થઈ ગઈ. વસ્તુસ્થિતિ કોણ છે ને પર શું છે, એના ભેદજ્ઞાન વિના જુદાપણાના જ્ઞાન વિના કોઈ દિ' જુદો થઈ શકે એવું નથી. આહાહા..! બધી ચીજો જે સ્પર્શ, ગંધ, રસ આદિ શબ્દો.. અરે..! આ શરીર અરે..! અંદર કર્મ, અરે..! અંદર રાગ ને દ્વેષ એ પણ ભિન્ન વિકાર છે, પ્રભુ! તું નિર્મળ-નિર્વિકારી જુદો છો. આહાહા..! એ વિકાર દુઃખરૂપ દશા પ્રભુ તેં ઊભી કરી છે, તારું સ્વરૂપ નથી. આહાહા..! એ વિકારથી રહિત નિર્વિકારી અંદર સચ્ચિદાનંદ પ્રભુ સત્ ચિદાનંદ આત્મા છે. સત્ છે, ચિદાનંદ નામ ચિદ નામ જ્ઞાન ને આનંદનો દરિયો ભર્યો છે. આહાહા..! સામું કે દિ' જોયું છે તેં? આહાહા..! ભર્યા ભાણા સામું જોયું છે કે દિ'?

આમ દુનિયામાં નથી કહેવાતું આપણે? ગૃહસ્થનો દીકરો હોય અને વ્યભિચારે ચડી ગયો હોય, કરોડપતિનો દીકરો હોય ને વ્યભિચારે (ચડી ગયો હોય) તો કહે કે, બેટા! એ આપણા ઘર નહિ ખમે આમ અને એ પેટીમાંથી લઈને તું દેવા જા છો અને આ વ્યભિચારમાં આપણું નહિ નભે. આહાહા..! એમ ત્રણલોકનો નાથ જગતને કહે છે કે, જડને તું અનુભવે છો એમ માને છો એ તારું નહિ ટકે. તારું તત્ત્વ રખડવામાં ચાર ગતિમાં પરિભ્રમણ જાશે. આહાહા..! બહુ અધિકાર 'સુમનભાઈ'! બરાબર અધિકાર સારો આવી ગયો છે. ઇ તમારા પગાર છ હજાર, આઠ હજારના પગાર. મહિનાનો છ હજારનો પગાર, આઠ હજારનો પગાર. ધૂળમાંય એવા તો કંઈક પડ્યા છે. લાખો રૂપિયાની પેદાશ એક દિવસની, અત્યારે એવા કેટલાય પડ્યા છે ઘણાય. ધૂળમાં છે, એમાં મરીને જવાના હેઠે. આહાહા..!

અહીં કહે છે, '**તું મને સ્પર્શ,...**' કહે છે એ ચીજ? સુંવાળા રેશમના ગાદલા, સુંવાળી ચીજ અરે..! છોકરા નાના રૂપાળા નાના હોય, છ મહિનાના, બાર મહિનાના (હોય એને) આમ બચ્ચી ભરે છે ને? બચ્ચી. ઇ જડ છે, પ્રભુ! તું આત્મા જુદો, આ જડ જુદું, એ જુદું, તું ચુંબન કોને લે છે એ તને ખબર છે? શું કરે છે એમાં? એ ચુંબનમાં શું થયું તને ખબર છે? આ એને અડ્યું નથી, આને તું અડ્યો નથી. તને અંદર રાગ થયો છે, વિકાર થયો છે. વિકારને અડીને વિકારના દુઃખને ભોગવે છો. આહાહા..! આવું છે. આહાહા..! ગળે ઉતરવું કઠણ પડે, પ્રભુ! કદી સાંભળ્યું નથી, એ રસ્તા લીધા નથી, ઊંધા રસ્તા મુક્યા

નથી, સવળા રસ્તા લીધા નથી. આહાહા..! ચોરાશીના અવતારમાં અનાદિથી રખડી દુઃખી છે આત્મા. એની એને ખબર નથી. એ રાગ-દ્વેષથી પૈસામાં લક્ષ જાય છે એ દુઃખ છે. બાયડીમાં લક્ષ જાય છે એ રાગ છે, દુઃખ છે. પાંચ-પચાસ લાખનું મકાન કર્યું હોય ને વાસ્તુ કરે અને કાર્યવાહકોને બોલાવીને, મોટાને બોલાવીને લાપસી કરે, હો હા.. એ બધું રાગ છે પ્રભુ! એ દુઃખ છે. આહાહા..!

મુમુક્ષુ :- એમાં તો મજા પડે છે.

ઉત્તર :- ઇ મૂઢ કોને કહે? જેમાં દુઃખ છે તેને મજા માને છે. આહાહા..! કારણ કે, એ પર તરફના લક્ષમાં તો રાગ છે. રાગ એટલે દુઃખ. દુઃખને મજા માને છે એ મૂઢ છે. ભલે પછી કરોડપતિ ને અબજપતિ હોય ને મહિને લાખ રૂપિયાનો પગારદાર હોય. છે ને ત્યાં તમારે પંદર હજારનો પગારદાર એક 'દલીચંદભાઈ'નો દીકરો 'મુંબઈ'માં. મહિનાનો પંદર હજાર (પગાર). એમાં શું? ધૂળમાં. અહીં છે ને, આના મકાન અહીં છે. એની મા ઘણી વાર અહીં રહે છે.

અહીં કહે છે સ્પર્શવાળી ચીજ તને કહે છે કાંઈ (કે) તું મને સ્પર્શ, મને અડ. આત્મા અરૂપી છે. આત્મામાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી તે રંગ, ગંધ, રસ, સ્પર્શને શી રીતે અડે? આરે આરે...! આવી કઈ વાત? પાગલ જેવી વાતું લાગે.

મુમુક્ષુ :- ભગવાન જેવી છે, ભગવાન થવાની વાત છે.

ઉત્તર :- આ તો ભગવાન થવાની વાત છે, પ્રભુ! રખડી રખડીને મરીને દુઃખી થયો છે. ચોરાશીના અવતારમાં એક એક ચોરાશીની યોની, ચોરાશી લાખ યોનીની એક એક યોનીમાં અનંતા અવતાર કર્યા છે, પ્રભુ! કાગડાના, કુતરાના, ભૂંડના, નરકના.. આહા..! એવા અનંત ભવ ગયા કાળમાં કર્યા. પણ આ જ્યાં ભવ મળ્યો ત્યાં ભૂલી ગયો. આહાહા..! અને ગયા કાળને યાદ કરતો નથી કે, ગયા કાળમાં હતો ક્યાં પણ અત્યાર સુધી તું? આત્મા છો કે નહિ? સત્તા છે કે શાશ્વત છે કે નહિ? તો એ ચીજ રહી ક્યાં? રખડવામાં રહી. આહાહા..!

મુમુક્ષુ :- ચાર ગતિમાંથી એક ગતિમાં હતો.

ઉત્તર :- કોઈ એક ગતિમાં હતો જ. એ તો ચારે ગતિમાં અનંતવાર રહ્યો છે. આ મનુષ્યપણું એકવાર નથી પામ્યો કાંઈ, આવા તો અનંતવાર પામ્યો છે. અને અનંતવાર અબજોપતિ થઈ ગયો છે, અનંતવાર નરકમાં ગયો છે, અનંતવાર પશુ-ઢોર થયો છે, અનંતવાર સ્વર્ગમાં દેવ થયો છે. એ મૂઢતાને લઈને બધા ભવ કર્યા છે. વસ્તુની સ્થિતિની મર્યાદાની ખબર ન મળે. આહાહા..!

એ અહીં કહે તું મને સૂંઘ, સ્પર્શ. આહાહા..! **'તું મને જાણ,...'** ઠીક! લ્યો, આવ્યું આ. ઇ ચીજ એમ કહે છે કે, તું મને જાણ? અને તારો આત્મા અહીંથી જઈને એ ચીજમાં

જાણવા જાય છે ત્યાં? આહાહા..!

**'અને આત્મા પણ લોહચુંબક-પાષાણથી...'** લોહચુંબકનો પથરો હોય છે એ લોઢાને ખેંચે, લોહચુંબકનો પત્થર છે એ લોહને ખેંચે. એમ **'લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને...'** એ ખેંચાણ કરે છે કે તું ત્યાં જા? લોહચુંબકનો પથરો જેમ સોયને ખેંચે છે એમ આ સ્પર્શ, ગંધવાળી ચીજો તને ખેંચે છે? તું મૂર્ખ થઈને ત્યાં જા છો. આ સારું છે ને આ નરસું છે એમ કલ્પના કરવા મંડી પડ્યો છો. આહાહા..! ભારે કામ આકરું આવું. આ વાણી સાંભળવી મુશ્કેલ પડે. આહાહા..! પરમ સત્ય કાનમાં પડવું મુશ્કેલ પડે. કારણ કે એ ક્યાં છે? અને સાંભળવામાં પણ મુશ્કેલ. આખો દિ' આમ કરીએ છીએ, નથી કરતાં? શું કરે છે તું પણ? આખો દિ' અજ્ઞાન કરે છે. આહાહા..! મેં આનું કર્યું ને મેં આનું કર્યું ને મેં આનું કર્યું. હું વ્યવસ્થાપક છું, ફલાણાનો વ્યવસ્થા કરનારો, વ્યવસ્થા મારાથી થઈ છે ને... ધૂળથી પણ થઈ નથી, સાંભળને! એની વ્યવસ્થા થઈ એનાથી થઈ. તારાથી થઈ એ આવ્યું ક્યાંથી? આહાહા..!

અહીં તો ત્યાં સુધી લીધું, તું મને જાણ એ પણ ખોટું છે એમ કહે છે. 'હરીભાઈ'! એ ચીજ એમ કહે છે કે, તું મને જાણ? અને પોતાનો આત્મા પોતે લોહચુંબકની જેમ ખેંચાઈને ત્યાં જાણવા જાય છે? આહાહા..! મોટી ગડબડ. સાધારણ માણસને તો બિચારાને બેસે નહિ. મળે છે ક્યાં? નવરો મજૂર, મજૂર. આખો દિ' મજૂરી કરવી. મજૂરી. તમારે નોકરી શું? મજૂરી આખો દિ'. પછી ભલે આઠ હજારનો પગાર મળે કે દસ હજાર ધૂળનો મળે. આખો દિ' મજૂરી રાગની ને દ્વેષની, રાગની ને દ્વેષની કરવી. મોટા મજૂર. સત્યની કાંઈ ખબર ન મળે.

અહીં કહે છે કે, **'તું મને જાણ,...'** આહાહા..! એમ એ ચીજ કહે છે? તેમ તું લોહચુંબકની જેમ સોય ખેંચાય આવે છે એમ તું અહીંથી ખેંચાયને ત્યાં જા છો? અહીંથી ખેંચાયને અરૂપી તો અહીં છે ભગવાન અંદર. આહાહા..! એ પોતાનું સ્થાન છોડીને ન્યાં જાણવા જાય છે? ખરેખર એટલે પરને જાણતો નથી, પોતાને જાણે છે. પણ એ ખબર ક્યાં છે એને? આહાહા..! **'અને આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને (બાહ્યપદાર્થોને) જાણવા જતો નથી;...'** ઇ પદાર્થને જાણવા જતો નથી. આ પુસ્તકને જાણવા આત્મા જતો નથી અને આમાં જે જ્ઞાન થાય છે એ પુસ્તકમાંથી નથી (આવતું). આ તો જડ છે, માટી છે. આહાહા..! જડમાંથી જ્ઞાન થાય? જ્ઞાનનો તો દરિયો ભગવાન છે. અંદર પ્રભુ પોતે આત્મા જ્ઞાનનો સાગર છે. એ જ્ઞાન જ્ઞાનથી જ્ઞાન થાય છે, આમાંથી નહિ. આહાહા..!

એમાં 'મુંબઈ'ના વેપારી મોટા, આહાહા..! ધમાલિયા કરોડપતિ ને અબજોપતિ. મોટી વખારો ભરી હોય. આહાહા..! મગજ ફાટી ગયા હોય અંદરથી. આ સાંભળવા નવરા ન

થાય.

કહે છે કે, એ ચીજ જે હતી.. ચીજ કીધી ને? કઈ? કે, તું મને સાંભળ શબ્દ. તું મને જો, રૂપ, તું મને સૂંઘ, ગંધ, તું મને ચાખ, રસ, તું મને સ્પર્શ-ફર્શ, તું મને જાણ, વસ્તુ. અને આત્મા પોતાને છોડીને ત્યાં જતો નથી. **'પોતાના સ્થાનથી ચ્યુત થઈને (બાહ્યપદાર્થને) જાણવા જતો નથી; પરંતુ, વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી...'** આહાહા..! **'તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી,...'** શું કહે છે? વસ્તુનો જે સ્વભાવ છે એ પર વડે ઉત્પન્ન થતો નથી અને પરનો સ્વભાવ આ વસ્તુ વડે ઉત્પન્ન થઈ શકતો નથી. પર વડે આત્માનું થતું નથી અને આત્મા વડે પરનું કાંઈ થતું નથી, કાંઈ થતું નથી. આહાહા..! આ બધા શું તોફાન કર્યા બધા? હીરા-માણેકના. 'ચીમનભાઈ'! એને મોટું સ્ટીલનું, સ્ટીલનું કારખાનું છે. સ્ટીલ સ્ટીલ. ધૂળના કારખાના. આહાહા..! અહીંયાં તો ત્યાં સુધી કહે છે કે, તું તેને અડતો નથી, તેને જોતો નથી, તેને ચાખતો, તેને સૂંઘતો નથી, તેને સ્પર્શ કરતો નથી, તેને જાણતો પણ નથી. આહાહા..! ગાથા બહુ ઊંચી છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૨૬, ગાથા-૩૭૩ થી ૩૮૨ રવિવાર, જ્યેષ્ઠ વદ ૯, તા. ૦૬-૦૭-૧૯૮૦**

---

'સમયસાર' ગાથા છે ને? ૩૮૨. આની કોરનો પેરેગ્રાફ. ૫૪૫ પાનું ગુજરાતીમાં ફેર હશે, આ જૂનું છે. ૫૪૫ પાનાની પહેલી લીટી છે. આ ગાથાઓ ૩૮૨ પછી. ૩૮૨ ગાથા છે ને? એના પછી **'આત્મા જેમ બાહ્યપદાર્થોની...'** દીવાનો દૃષ્ટાંત લીધો ને? કે, દીવો છે એની સમીપમાં પદાર્થ વસતા હોય તોપણ દીવાને કાંઈ વિક્રિયા થતી નથી અને દૂર હોય તો વિક્રિયા થતી નથી. તેમ સમીપ ને દૂર હોય તો જાણ્યા વિના રહેતો નથી, જણાયા વિના રહેતા નથી. એનો પ્રકાશ નજીક પદાર્થ હોય કે દૂર હોય, દીવાનો સ્વભાવ એને પ્રકાશવાનો છે. એમ આત્માનો સ્વભાવ પદાર્થ કોઈ પણ આત્મા સિવાય નજીકમાં હોય કે દૂર હોય તેને આત્મા વિક્રિયા કર્યા વિના, વિપરીત બુદ્ધિ કર્યા વિના, રાગ-દ્વેષ કર્યા વિના સ્વ-પરને જાણે એવો એનો સ્વભાવ છે. સમજાય છે આમાં? આહાહા..! દીવો છે એ તો પોતાના કારણે પ્રકાશે જ છે. જગતમાં દીવાની નજીક પદાર્થ હોય તો કાંઈ દીવાના પ્રકાશને વિપરીત કરી શકે કે વિક્રિયા બનાવે એમ છે નહિ. નજીકમાં હોય તો પણ દીવો પ્રકાશે અને દૂર હોય તો દીવો પ્રકાશે એટલું. જાણવાનું ક્યાં ન્યાં (છે)?

એમ **'આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં...'** બાહ્ય પદાર્થ દૂર હો, **'(પોતાના સ્વરૂપથી જ જાણે છે)...'** આહાહા..! ભગવાન 'સીમંધર' સ્વામી ભગવાન મહાવિદેહમાં બિરાજે

છે. છતાં આત્મા દૂર છે તોપણ જાણી શકે છે. દૂર છે તો ન જાણી શકાય એમ નહિ. તેમ જાણવામાં, બીજાને જાણવામાં આમ વિક્રિયા રાગ-દ્વેષ થાય એટલે પર ઉપર લક્ષ કરીને રાગ-દ્વેષ કરે તો થાય. પહેલો એ સિદ્ધાંત આવી ગયો છે ને? પર ઉપર લક્ષ કરે અને રાગ કરે તો રાગ થાય. નહિતર જાણે તો જાણવાનો સ્વભાવ છે. દૂર પદાર્થ હો કે નજીક હો. **'આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં...'** અને નજીકમાં હોય એ જાણે છે.

**'તેમ બાહ્યપદાર્થોની સમીપતામાં પણ...'** આત્માની નજીકમાં હોય તો જાણે છે. આત્માથી દૂર હોય પદાર્થ તો જાણવાને કાળ વધારે લાગે અને નજીક હોય તો ઓછો લાગે એવું નથી. સમજાય છે કાંઈ? એ ભગવાન(નો) સ્વભાવ તો જાણવું-દેખવું છે, જાણવા-દેખવાનો પિંડ પડ્યો છે આખો. જ્ઞાન-સાગર છે. હવે એ જ્ઞાન-સાગરને નજીકમાં વસ્તુ હો તોપણ પોતે પોતા વડે જાણે છે અને દૂર હોય તે પણ પોતે પોતા વડે જાણે છે. એને જાણે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. આહાહા..!

**'(પોતાના સ્વરૂપથી જ જાણે છે)...'** એમ છે જોયું? પેલામાં એમ છે. કેમકે અહીં છે બીજામાં એમ બાહ્યપદાર્થ પણ **'(પોતાના સ્વરૂપથી જ જાણે છે.)'** ન્યાં બીજામાં 'જ' છે એટલે પહેલામાં 'જ' લઈ લેવો. બીજા બોલમાં છે ને? આવ્યું હાથ? ભાઈ! આવ્યું ને હાથ? **'આત્મા જેમ બાહ્યપદાર્થોની અસમીપતામાં...'** દૂર હોવામાં. ત્યાં 'જ' શબ્દ નથી, પણ બીજામાં 'જ' છે એટલે એમાં નાખી દેવો. **'બાહ્યપદાર્થોની સમીપતામાં પણ...'** નજીક પદાર્થ હોય તોપણ આત્મા **'(પોતાના સ્વરૂપથી જ જાણે છે.)'** આહાહા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા તો જ્ઞાનનું પૂર છે, જ્ઞાનનો સાગર છે, જ્ઞાનનો મોટો દરિયો છે. એ જ્ઞાન સ્વભાવ સ્વતઃ એવો છે કે, કોઈ પણ બાહ્ય પદાર્થ વીંછી, નાગ કે ભગવાન દૂર હોય તોપણ પોતાના જ્ઞાનથી વર્તમાનમાં એની અપેક્ષા વિના પોતે પોતાથી પોતામાં સ્વ-પરપ્રકાશે છે. અને સર્પ, ઝેર ને ભગવાન સમીપમાં હોય, સર્પ, ઝેર ને ભગવાન, તોપણ આત્મા જાણે છે. આહાહા..! પોતાના સ્વરૂપથી જ, 'જ' શબ્દ આવ્યો છે ને? પહેલામાં જ નહોતો એટલે આમાં આવ્યો એટલે એમાં આવરી લેવો. નીચે ભાવાર્થ કર્યો છે ભાઈએ પંડિતજીએ.

**'(એમ) પોતાના સ્વરૂપથી જાણતા એવા તેને...'** પોતાના સ્વરૂપથી જાણતા એવા તેને. આહાહા..! તકરાર... તકરાર... તકરાર... ભાઈએ અર્થ કર્યા છે ને? ભાઈ! કળશના. 'જગનમોહનલાલજી'. 'અધ્યાત્મ અમૃતકળશ' હવે એનો કેટલો વિરોધ કર્યો છે. 'મોતીલાલે' 'ફલટન' માં શાસ્ત્રી છે. એણે કેટલો વિરોધ કર્યો છે. એમ કે, જ્યાં ત્યાં જ્ઞાની હોય ત્યાં તમે ચોથાવાળાને પણ જ્ઞાની ઠરાવી દ્યો છો, એમ નથી. ત્યાં જ્ઞાની એટલે મુનિ જ છે. કહો, હવે આવું. 'જૈનદર્શન' માં મોટું પાનું ભર્યું છે. માંહોમાહે શાસ્ત્રીઓ.. 'જગનમોહનલાલ' તો વિદ્વાન માણસ છે મોટો. 'ફુલચંદજી', 'કૈલાસચંદજી' અને 'જગનમોહનલાલ' ત્રણ તો

વિદ્વાનમાં મોટા કહેવાય. હવે એણે આ કળશના અર્થ કર્યા છે. જોયા છે? આ કળશ. અમૃતના ભર્યા છે. 'અધ્યાત્મ અમૃતકળશ'. એની ભૂલનું આખું પાનું ભર્યું છે અને અહીંના વિરુદ્ધનું. 'બુલંદશહેર' નો 'સુલતાનસિંહ' એણે ભૂલ રાખી. આનાથી આમ થાય, આનાથી આમ થાય ને આનાથી આમ થાય. આહાહા..! પ્રભુ!

અહીં તો ત્યાં સુધી વાત લીધી કે, આત્મા ચૈતન્ય દીવો છે. એ દીવાની સમીપમાં જેમ પદાર્થ હોય તોપણ જ્ઞાનમાં વિક્રિયા ઉત્પન્ન કર્યા વિના જ્ઞાન પોતે પોતા વડે જાણે છે અને દીવાની દૂર પદાર્થ હોય એટલે દૂર હોય તો એને જાણવો ઠીક પડે એવું કાંઈ છે? એમ અઠીક પડે, દૂર હોય તો અઠીક પડે એમ પણ નથી. આહાહા..! એમ આત્માને નજીકના પદાર્થ જાણવામાં જેમ પરનું કારણ છે નહિ. નજીક છે એટલે જ્ઞાનમાં કાંઈ વિક્રિયા (ઉપજાવે), પરપદાર્થ દેખતા પરપદાર્થ વિક્રિયા ઉપજાવે એવું છે નહિ. આહાહા..! અને પરપદાર્થ દૂર હોય એને જાણતા વાર લાગે અથવા એ એમાં કાંઈ વિપરીતપણું દીવામાં જેમ ઉપજાવે એમ નહિ. એમ આત્મામાં વિક્રિયા ઉત્પન્ન ન કરાવે. આહાહા..! નજીકના કર્મ, નજીકમાં નજીક અંદર કર્મ એને પણ જાણે છે, જાણે છે. જાણવામાં કર્મ વિક્રિયા ઉત્પન્ન કરતો નથી અને જ્ઞાનથી દૂર વસ્તુ હોય, સિદ્ધ ભગવાન કે બીજાના કર્મો કે બીજાના આત્માઓ દૂર હોય તો જાણવામાં વાર લાગતી નથી અને જાણવામાં વિક્રિયા ઉત્પન્ન કરતી નથી. આહાહા..! સમજાય છે? આવી ચીજ છે.

જ્ઞાન શું કરે? આત્મા સિવાય બીજી પરચીજને શરીરને હલાવે ને ઇ શું કરે આ? આહાહા..! એ તો ચૈતન્ય દીવડો છે. નજીક હો કે દૂર હો. નજીકમાં શરીર, કર્મ, વાણી, મન નજીકમાં (છે). એ નજીકમાં હો તોપણ આત્મા તો જાણે. તે એને લઈને નહિ. પોતાનો સ્વભાવ છે તેને જાણે અને પરને જાણતા વિક્રિયા ઉત્પન્ન (થાય એમ નથી). એમ જે આવ્યું કે, પરદ્રવ્ય ઉપર લક્ષ કર તો રાગ થાય. એ તો વિકાર થાય એ અપેક્ષાએ વાત કરી. બાકી પરને જાણતા વિકાર થાય એમ કાંઈ છે નહિ. પરને જાણતા વિકાર થાય તો કેવળી ત્રણકાળ, ત્રણલોકને જાણે છે. આહાહા..! કહો! પંડિતો પંડિતો વચ્ચે તકરાર હવે. 'સમયસાર' શું ચીજ છે (એની ખબર નથી). જ્યાં ત્યાં તમે જ્ઞાની એટલે સમકિતી અર્થ કરી નાખ્યો છે. જ્ઞાની એટલે મુનિ લેવા. સમકિતીને તો શ્રદ્ધા માત્ર છે એને શું?

મુમુક્ષુ :- ટીકાકારે તો ચોખ્ખું જ્ઞાની કહ્યો છે.

ઉત્તર :- જ્ઞાની કહ્યો પણ ખુલાસો કર્યો નથી. કળશ ટીકાકારે ખુલાસો કર્યો. 'હેમચંદજી' એ ખુલાસો કર્યો છે, નહિ? ભાઈ 'હેમચંદજી' નહિ? અહીં જ્ઞાની કહ્યો છે ને. એ સમકિતી એટલે જ્ઞાની લેવો. ત્યાંથી જ્ઞાની લેવો. જ્ઞાનીને બંધ નથી, એને જ્ઞાનીથી એમ લઈ લેવું. એ અલ્પબંધ છે તેને ન ગણતા સ્થિતિ, રસ થોડા પડે એવો બંધ જ નથી. ન ગણીને જ્ઞાનીને બંધન નથી (એમ કહ્યું છે). ત્યારે એ કહે, બંધન નથી એમાં જ્ઞાની ન લેવા, એ

તો સાતમે લેવા. કહો, હવે પંડિતો વચ્ચે તકરાર. 'જગનમોહનલાલજી' અને 'મોતીલાલ' ફલટનવાળા. આહા..! અરે..! પ્રભુ! કોની સાથે વાદ કરવો છે? ભાઈ! 'વાદ-વિવાદ કરે સો અંધા' આવ્યું નથી? આહાહા..! સ્વસમય અને પરસમય સાથે (વાદવિવાદ કરીશ નહિ). વસ્તુ એવી છે. જે અપેક્ષાએ કથન છે, તે અપેક્ષાએ ન જાણે તો વાદ-વિવાદ ઉભો થઈ જાય.

અહીં તો કહે છે, (પદાર્થ) દૂર હોય કે નજીક હોય પોતાના સ્વરૂપથી એટલે પોતાના સ્વરૂપથી જાણે છે, એમ ભાષા (છે). એ કેમ લીધું? કે, એ દૂર કે નજીક પદાર્થ એને લઈને નથી જાણતો. પોતાના સ્વભાવ સ્વરૂપથી જ જાણે છે. આહાહા..! એ ચીજને જાણતા પોતાના સ્વરૂપથી સ્વ ને પરનો જાણવાનો સ્વભાવ છે, પોતાના સ્વરૂપથી જ જાણે છે. બીજી ચીજને જાણતા, બીજી ચીજની હયાતી છે માટે અહીં એનું જ્ઞાન આવ્યું, પહેલાં એ નહોતું ને બીજી વાર એની હયાતી આવી, ત્રીજી વાર ત્રીજી હયાતી આવીને જ્ઞાન આવ્યું એમ નથી. એનાથી તો નજીક હોય કે દૂર હોય, કાળમાં પણ દૂર હોય કે નજીક હો, ક્ષેત્રમાં પણ નજીક હોય કે દૂર હોય. આહાહા..!

દીવાનો જેમ પ્રકાશવાનો સ્વભાવ છે એમ જીવ પ્રભુનો જાણવાનો સ્વભાવ છે. કોઈના કરવાનો નહિ, કોઈને મદદ કરવાનો નહિ. આહાહા..! કોઈ ભૂખ્યાને આહાર દેવા ને તરસ્યાને પાણી દેવું ને રોગીને ઔષધાલય બનાવીને ઔષધ દેવું ને એ આત્મા કરી શકે એ ત્રણકાળમાં નહિ. આહાહા..! એ નજીકમાં ગમે તેવી ક્રિયા થાતી હોય, તે પોતે પોતાના સ્વરૂપથી જાણે છે. અને દૂર હોય એ પણ પોતાના સ્વરૂપથી જ દૂરને જાણે છે. આહાહા..! સમીપ કે અસમીપ આત્માને કાંઈ ફેરફાર કરી શકતા નથી. નજીક પદાર્થ હોય કે દૂર હોય આત્મા તો જાણે છે એવો એના સ્વરૂપથી પોતાનો સ્વભાવ છે. આહાહા..!

હવે આમાં તકરાર મોટી. એ એમ કહે કે, જ્ઞાની તો મુનિને જ લેવા. જ્ઞાની ચોથે અવિરતી નહિ. અવિરતીને તો શ્રદ્ધામાત્ર જ છે, એને કાંઈ બીજો અનુભવ વધારે નથી. આહાહા..! અરે..રે..! આવી વાત. ભાઈ! આ જાણવાનો સ્વભાવ કોને એકલા મુનિને માટે કીધો છે? આ તો સમકિતીને જ્ઞાનીને જ્ઞાનના સ્વભાવની વાત છે. આહાહા..! સમકિતી જ્ઞાની છે, પાંચમા ગુણસ્થાનવાળો જ્ઞાની છે, મુનિ પણ જ્ઞાની છે. ચોથેથી જ્ઞાની લેવાનો. જ્ઞાની-અજ્ઞાનીનો એણે ખુલાસો કર્યો છે. આમ લ્યો તો બારમા સુધી અજ્ઞાન છે. અજ્ઞાન એટલે પૂરું જાણતો નથી એ અપેક્ષાએ. અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન એમ નહિ. અને આમ જ્ઞાન ચોથેથી છે. આહાહા..! શાસ્ત્રમાં બારમા સુધીનું અજ્ઞાન લીધું છે. અજ્ઞાન એટલે ત્યાં જાણવું ઓછું છે, એમ. અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન એમ નહિ. આહાહા..! હવે ત્યાં અજ્ઞાન કીધું. ચોથે, પાંચમે, છઠ્ઠે બધે અજ્ઞાન છે. આહા..! મુખ્ય વાત સાધુની મુખ્યતાથી વાત કરી છે. પોતે સાધુ છે. પણ સમકિતની વાત કરીને અંદર? ચૌદમી ગાથા એકલી સમકિતની છે, પંદરમી જ્ઞાનની છે. આહાહા..! અને બધે જ્ઞાન-પ્રધાન વાત છે. જે ઠેકાણે જ્યાં જ્ઞાન

મુનિનું લેવું હોય તો એમ લે, ચોથાનું લેવું હોય તો એમ લે, છેલ્લું લેવું હોય તો એમ લે. કયે ઠેકાણે શું કહ્યું છે... આહાહા..! પંડિતો પંડિતો ભણેલા આટલા વર્ષથી, પચાસ પચાસ, સાંઈઠ વર્ષથી (ભણેલા) હવે એમાં વિરોધ. 'જૈનદર્શન' માં મોટો વિરોધ આવ્યો છે. હવે અહીંનો વિરોધ કરે એમાં શી વાત? આહાહા..! એમાં એક વિરોધ છે, બીજો વિરોધ બહુ નથી. શુભભાવથી પણ થાય છે એ એક વાત છે. એટલો વિરોધ છે. બાકી બધા અર્થ સારા ભર્યા છે. વાંચ્યું છે. 'અધ્યાત્મ અમૃત,..' 'અધ્યાત્મ અમૃત કળશ'. 'જગનમોહનલાલજી' આમ નરમ માણસ છે. મૂળ આ પરંપરા તૂટી ગયેલી એટલે કેટલીક વાતમાં ફેર આવી ગયો હોય.

અહીં કહે છે કે, પોતાથી જાણવાનું જાણે. **'પોતાના સ્વરૂપથી જાણતા એવા તેને...'** પરવસ્તુને,... આહાહા..! એ સ્ત્રીના શરીરને કે પૈસાને નજીક દેખે તોપણ તેનાથી વિક્રિયા થતી નથી. આહાહા..! ઓહો..હો..! લક્ષ્મી દૂર હોય તો પણ થાતી નથી અને નજીકમાં પાંચ, દસ લાખના હીરાના, હીરાના ઢગલા હોય. આ એક હીરાની ખાણ તમારા નામની નીકળી છે. શું છે પણ? એ જડ છે. નજીકમાં હોય તો જાણે છે અને દૂર હોય તો જાણે છે. અને નજીકમાં આવે તો પરપદાર્થ કાંઈ વિક્રિયા ઉત્પન્ન કરી શકે, એ પહેલાં આવી ગયું છે, વસ્તુ સ્વભાવ પરથી ઉત્પન્ન કરી શકાતો નથી. એની ઉપર જ છે. આ વાંચીએ છીએ એની ઉપર બે લીટી. **'તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી,...'** બેય વાત આવી છે. વસ્તુ સ્વભાવ પર વડે ઉત્પન્ન નહિ કરી શકાતો હોવાથી તેમ જ વસ્તુ સ્વભાવ પરને ઉત્પન્ન નહિ કરી શકતો હોવાથી. પર વડે ઉત્પન્ન કરી શકાય નહિ, પરને ઉત્પન્ન કરી શકાય નહિ. આહાહા..! આ બધા વેપારના ધંધા ને આખો દિ' થાય છે. કોના વડે થાય છે? એ તો પરને કાંઈ આત્મા કરી શકતો નથી. આહાહા..! તેમ પર વડે અહીં વિકલ્પ પણ કરી શકાતો નથી.

જ્ઞાની ધર્માત્મા ધર્મી દુકાન ઉપર બેઠો હોય તો એ તો થાય એને જાણે જ છે. આહાહા..! કુંભાર જ્ઞાની હોય તો એ ઘડાનો કર્તા, કર્તા માનતો નથી. આહાહા..! એમ જ્ઞાની બાઈ હોય તો એ રોટલી, રોટલા, દાળ, ભાત હું કરું છું એમ માનતી નથી. આહાહા..! આવો માર્ગ. તદ્દન જુદી ચીજ અને બધાને પ્રકાશવાનો એનો સ્વભાવ. આહા..! પ્રકાશવા છતાં પર વડે કાંઈ વિકાર ઉત્પન્ન કરી શકાય એમ નથી. પરદ્રવ્યને જાણતા રાગી પ્રાણી છે તેથી રાગ થાય છે પણ પરને લઈને નહિ. પોતે રાગી પ્રાણી છે તે પરને જાણતા એને જાણવા ઉપરથી રાગ થઈ જાય. રાગ પરને જાણતા થતો હોય તો કેવળીને રાગ થવો જોઈએ. આહાહા..!

જ્ઞાની પરને જાણવા કાળે રાગની નબળાઈની ભૂમિકા છે, જ્ઞાન હોવા છતાં, સમ્યગ્દર્શન હોવા છતાં... આહાહા..! એ રાગને જાણે છે, રાગને એ કરતો નથી. તેમ તે રાગ થયો

માટે અહીં રાગનું જ્ઞાન થયું એમ પણ નથી. પરદ્રવ્ય વડે રાગ ઉત્પન્ન કરી શકાતો નથી અને પર વડે પોતામાં કરી શકાતું નથી. આહાહા..! આવું. એક વાત બેસે તો આ નિવૃત્તિ થઈ જાય. આ તો જ્યાં ત્યાં મેં કર્યું, આનું કર્યું, મારું કર્યું. આહાહા..!

એક ક્ષણમાં દેહ છૂટી ચાલ્યો જશે. કોઈ સંબંધમાં આવશે નહિ, કુદરતમાં બહારની કોઈ સફારશ લાગુ પડશે નહિ. જેવો એણે સ્વભાવ કર્યો હશે–વિભાવ કે સ્વભાવ એ પ્રમાણે ગતિ મળશે. આહા..! કોઈ માણસને મદદ મળે કે અમે ઘણાયની સેવાઓ કરી, ઘણાને મેં આમ કર્યું કે આમ કર્યું એવા નામ આવે છે ને? કાલે આવ્યા હતા બધાના ફોટા. ફલાણાએ આમ કર્યું ને ફલાણાએ આમ કર્યું ને ફલાણાએ આમ કર્યું. ફલાણા મોટા આપણા 'હિન્દુસ્તાન'માં થઈ ગયા ને... આહાહા..! 'રજનીશ' ને વિચારક મૂક્યો છે. આહાહા..! 'વિચારક રજનીશ'.

અહીં તો કહે છે, પ્રભુ! અહીં જ્ઞાનપ્રધાન કથન છે ને? એમાં બધા ગુણો ભેગા આવી જાય છે. પણ એ જ્ઞાનમાં સમીપ પદાર્થ હોય માટે, નજીક આવ્યો માટે જ્ઞાનમાં કાંઈ વિક્રતિ કરતાં દૂર ચાલ્યો જાય, ચાલ્યો જા દૂર, એવું છે નહિ. આહાહા..! જે સ્ત્રી કે પુરુષ નજીકમાં હોય કે દૂર હોય પોતાના આત્માને તે ચીજ વિકાર કરી શકતી નથી. આહાહા..!

પૈસાની આમ નોટો દેખાય કરોડો કરોડો, કરોડોની તો એ વિક્રિયા થાય નહિ. એ પરચીજ વિક્રિયા કરી શકે નહિ. આહાહા..! દીવા પાસે સોનું હોય તો એ તો પ્રકાશે છે અને દીવા પાસે સર્પ ને ઝેર, વીંછી હોય, દીવો તો પ્રકાશે છે એમાં કાંઈ ફેર પડતો નથી. કે, ભાઈ! આ વીંછી છે ને જ્યાં પ્રકાશવામાં વિભાવમાં ફેર પડે અને જોડે એમ કે સાકર પડી હોય અને જોવામાં ફેર પડે. સાકર કે ઝેર બેય પદાર્થ ધૂળ છે. એ દીવો જેમ સમીપમાં ને દૂરમાં દૂરને જાણવામાં કાંઈ ફેર નથી, એમ પ્રભુ આત્મા સ્વ અને પરને જાણવામાં અથવા નજીકના પદાર્થને, દૂર પદાર્થને જાણવામાં કાંઈ ફેર નથી. આહાહા..! આવું ગળે ઉતરવું. આખો દિ' આ કરીએ છીએ, આ કરીએ છીએ.

તે દિ' કહ્યું હતું, 'ચીમન ચકુ' કીધું, કાંઈ કરી શકતો નથી. તે દિ' આ મંદિર થયું ને તે દિ', (સંવત) ૧૯૯૭. 'આ કર્યું લ્યો! આ કર્યું.' કરી શકતો નથી. આ હાથ કર્યો, લ્યો! હવે આવા માણસ. બાપુ! આમાં શું આમ કર્યું? એમ થતાં શું થયું? તારા પરિણામમાં શું થયું? આમાં શું થયું? એના જ્ઞાન વિના આપણે કહીએ કે, મારાથી આ થયું. આહાહા..! એ તો જાણનાર-દેખનાર છે. એ હાથ આમ થાય કે આમ ન થાય. આહાહા..! એ પગ ચાલે કે પગ સ્થિર રહે. જ્ઞાનનો સ્વભાવ એ સ્થિર રહે કે ચાલે બેય જાણવામાં કાંઈ ફેર પડતો નથી. આહાહા..!

જ્ઞાની દાળ, ભાત, શાક, રોટલા, રોટલી ખાય છે તોપણ તે નજીક છે તેને જાણે છે. જાણે છે માટે વિક્રિયા થઈ જાય છે એમ નથી. અને ચીજ દૂર છે એમ કે, ઘઉં ને જુવાર

કોઠીમાં પડ્યા છે. પછી થાશે રોટલા. એમ દૂરને જાણે તો પણ જાણે જ છે. એનાથી કાંઈ વિક્રિયા ઉત્પન્ન થતી નથી કે, અમારી પાસે આખી કોઠી ભરી છે પચાસ મણની ઘઉંની, ફલાણી સાકર ભરી છે.. એ પરને લઈને આત્મામાં કાંઈ થાય એવું બિલકુલ થતું નથી. આહાહા..! શું 'શાંતિભાઈ'! શું કરવું આમાં? આહાહા..! આવો સ્વભાવ છે.

જુઓને! દૃષ્ટાંત કેવો આપ્યો છે દીવાનો! દીવો જે પોતે સળગે છે એ તો બળે છે બસ, પ્રકાશે છે. ચાહે તો સામે સર્પ આવે તો પણ પ્રકાશે છે અને સામે સાકર પડી હોય, સાકરની ગુણ સામી પડી હોય એને દીવો પ્રકાશે છે. આહાહા..! અંધારા હોય ત્યાં દીવો લઈ જાય છે ને? અંધારામાં વસ્તુ પડી હોય, સાકર કે (બીજું કાંઈ). એ દીવો તો પ્રકાશે છે. એમ આત્મા ગમે ત્યાં હોય તો એ જાણે જ છે, એટલો ફેર. પેલો દીવો જાણતો નથી, પ્રકાશે છે, એટલું છે. આહાહા..! એમ શરીરમાં રોગ હોય કે રોગ ન હોય, સમીપમાં રોગ હોય ને પછી પણ રોગ આવે એમ ખ્યાલ આવે છતાં જ્ઞાન તો જ્ઞાનનું કામ જાણવાનું જ કરે છે. આહાહા..! જ્ઞાન કોઈને કંઈ પણ મદદ કરી શકે, સહાયક થાય, તેમ પરથી કાંઈ મદદ લે અને પરથી સહાયક થાય એવું સ્વરૂપ છે નહિ. આહાહા..! આખી દુનિયાને ઝેર ઉતરી જાય એવું છે, ઝેર ઉતરી જાય એવું છે. આહાહા..! એટલા શબ્દોમાં છે.

**'(એમ) પોતાના સ્વરૂપથી જ જાણતા એવા તેને (આત્માને), વસ્તુસ્વભાવથી જ...'** વસ્તુનો સ્વભાવ જ જાણવું છે. **'વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા...'** એટલે? જ્ઞાન સમીપમાં (કે) દૂર (પદાર્થ હોય તેને જાણવા) પરિણતિ ફરે પણ એ પોતાને લઈને ફરે છે. એ જાણવાની પરિણતિ વિચિત્રપણે થાય એ પોતાને લઈને પરિણમે છે. એ **'વસ્તુ સ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા...'** આહાહા..! પરપદાર્થ. હવે અહીં પર ભલે વિચિત્રતાને પામે અને **'એવા મનોહર કે અમનોહર...'** હો, જ્ઞાન તો જાણે જ છે. એ પરપદાર્થ **'મનોહર કે અમનોહર શબ્દાદિ...'** આહાહા..! શબ્દ એટલે નિંદા. નિંદાના શબ્દો આવે તો કાંઈ નિંદા શબ્દ એમ નથી કહેતા, કે તું મને સાંભળ. આહાહા..! સ્તુતિના શબ્દો એમ નથી કહેતા, કે તું મને સાંભળ. અને પોતે પોતાનું સ્થાન છોડીને નિંદા અને સ્તુતિને સાંભળવા જતો નથી. જેમ લોખંડની સોય લોખંડને ખેંચે છે એમ પરપદાર્થ આત્માને ખેંચે છે એમ નથી. આહાહા..!

આ વસ્તુના સ્વરૂપનું જ્ઞાન વિના એને પ્રતીત ક્યાંથી થાય? ને ચારિત્ર ક્યાંથી થાય? જેવી ચીજ છે તેવું હજી જ્ઞાન જ ન થાય ત્યાં પ્રતીત ક્યાં રહી? ને સ્થિરતા તો ક્યાં રહી? આહાહા..! **'એવા મનોહર કે અમનોહર શબ્દાદિ બાહ્યપદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.'** આહાહા..! પરપદાર્થ જાણતા પરપદાર્થ કાંઈ વિક્રિયા કરતા નથી. આહાહા..! તલવાર લઈને કોઈ મારવા આવ્યા. તોપણ કહે છે, જ્ઞાન નજીકથી જાણે છે, જાણે છે. એ વિક્રિયા ઉત્પન્ન કરતો નથી. આહા..! 'શ્રેણિક' રાજા. એના દીકરાએ એને જેલમાં નાખ્યા અને જેલમાં હતા ને એ જ પોતે તોડવા (છોડાવવા) આવ્યો. ત્યાં એને એમ લાગ્યું, હવે

સમકિતી, ક્ષાયિક સમકિતી, છતાં એ ભૂલ આવી તો એ કાંઈ સમકિતના દોષ નથી. ભૂલ આવી કે, આ મને મારી નાખવા આવે છે. માટે હું પહેલો મરી જાઉં. માથુ ફોડીને ઝેર પીને મરી ગયા. આહા..! એથી એને સમકિતમાં (દોષ નથી). ક્ષાયિક સમકિતી છે અને ક્ષાયિક સમકિતી તો ક્ષણે ક્ષણે પાછું અહીં તીર્થંકર ગોત્ર પણ એ બાંધે છે. આહાહા..!

પોતે પોતાના હાથ આવ્યો આત્મા જ્યાં એટલે પછી કોઈ પરપદાર્થ કાંઈ એને વિક્રિયા ઉત્પન્ન કરી શકે નહિ. આહાહા..! હાથ આવ્યા વિના એના જ ઉપર લક્ષ છે અને પોતા ઉપર, ચીજ છે એના ઉપર લક્ષ નથી એથી એને ભ્રમ પડે છે કે, આને લઈને મને વિક્રિયા થઈ, આને લઈને મને રાગ થયો, આને લઈને મને દ્વેષ થયો. એ દૃષ્ટિ પર્યાય ઉપર, પર ઉપર છે માટે. આહાહા..! આવી વસ્તુ.

**'આ રીતે આત્મા દીવાની જેમ...'** છેલ્લી છે ને બે લીટી? પેરેગ્રાફ જુદો છે. **'આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે...'** આહાહા..! ભગવાનઆત્મા ચાહે તો... આહાહા..! હવે કો'ક એમ ઠરાવે છે કે, આ બધી વાત સાતમા ગુણસ્થાનની છે, એમ ઠરાવે છે. આહાહા..! બાપુ! એ તો સ્થિરતામાં ફેર છે. શ્રદ્ધા-જ્ઞાનમાં, કેવળી અને એના શ્રદ્ધા-જ્ઞાનમાં જરીએ ફેર નથી. કેવળીની શ્રદ્ધા અને તિર્યંચ સમકિતની (શ્રદ્ધા) એમાં કાંઈ ફેર નથી. આહાહા..! અસંખ્ય સમકિતી તિર્યંચો બહાર પાડ્યા છે. પાંચમા ગુણસ્થાનવાળા મગરમચ્છ, માછલા અરે..! સિંહ ને વાઘ ને રીંછ.. ભાઈ! અઢી દ્વિપ બહાર પાંચમા ગુણસ્થાનવાળા. આહાહા..! એ કોઈને ભય ઉપજાવતા નથી, તેમ કોઈ પરથી એને ભય ઉપજતો નથી. આહાહા..! એ તો સમકિતનો પહેલો નિઃશંક નિર્ભય ગુણ છે. નિઃશંક કહો, નિર્ભય કહો. સમકિતના આઠ ગુણ છે ને? (એમાં) પહેલો. આહાહા..!

નિર્ભય. સિંહ વાળ આમ પાછળ (હોય), મોટો સિંહ સમકિત પામેલો ને પાંચમું ગુણસ્થાન પામેલો. આહાહા..! અંતરમાં શાંતિ વેદાતી હોય. બહારમાં કાંઈ કોઈને ડરાવું કે કોઈથી ડરવું (છે નહિ). અઢી દ્વીપ બહાર પડ્યા છે. સિંહ, વાઘ, રીંછ, મીંદડા, ભૂંડ જંગલી, અરે..! જંગલી ભેંસુ, જંગલી પાડા, જંગલી જંગલમાં (પડ્યા છે.) આહાહા..! એ તો શરીરના ફેર કર્યા. આત્માનો ક્યાં ફેર કર્યો એમાં? એ તો શરીરનો ફેર કર્યો. આત્મા તો જ્ઞાનાનંદ સહજાત્મ સ્વરૂપ (છે). એ સિંહના સ્વરૂપમાં હો શરીરમાં તોપણ તેને જાણે છે. આહાહા..! આમ વાળ હોય છે ને મોટા સિંહના? વાઘને હોતા નથી. સિંહને હોય છે, દીપડાને હોતા નથી. આને આવા મોટા વાળ (હોય છે). આહાહા..! એ ન્યાં વાળવાનું રાખતા હશે? સિંહ. સાંજ, સવાર કરેને એમાં? વાળને સાફ કરે, એમ કરતા હશે ઇ? આહાહા..!

એ સમ્યગ્દૃષ્ટિ સિંહ. અનેક વાળ હોય આમ. આહા..! છતાં એમાં ક્યાંય હું આ છું એવી બુદ્ધિ નથી. તેમ તે તેને વિક્રિયા ઉત્પન્ન કરાવતું નથી. આહાહા..! સિંહ.. સિંહ. આહાહા..! અને કુત્તીના બચ્ચા, કુત્તીના બચ્ચા શું કહે? પિલ્લા. એ સમકિત પામે. આહાહા..!

આત્મજ્ઞાન પામે. એ ડરતા નથી, ભાઈ! આહાહા..! અઢી દ્વીપ બહાર ઘણા પડ્યા છે. બચ્ચા પણ હોય. અઢી દ્વીપ બહાર અસંખ્ય સમકિતી પડ્યા છે. એટલે પરજીવ એને કાંઈ ઉપજાવે (એમ નથી).

**'આત્મા દીવાની જેમ...'** જેમ દીવો બીજાને પ્રકાશે છતાં સમીપ ને અસમીપમાં કાંઈ ફેર નથી. એમ **'દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન...'** આહાહા..! ઉદાસન, ઉદાસન. આહાહા..! દૃષ્ટિ ફરી ગઈ છે ત્યાં જ્યાં પર્યાય ઉપર દૃષ્ટિ હતી એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ લગાવી દીધી. આહાહા..! ધ્રુવ ચીજ છે ધ્રુવ. ધ્રુવ ઉપર દૃષ્ટિ લગાવી છે એથી એને બાહ્ય ચીજ કોઈ વિક્રિયા ઉત્પન્ન કરી શકતો નથી. **'ઉદાસીન છે (અર્થાત્ સંબંધ વગરનો, તટસ્થ છે)...'** બીજા પદાર્થ સાથે આત્માને કાંઈ સંબંધ નથી. એ તો આવી ગયું છે પહેલું, ૨૦૦ કળશમાં. 'सर्वे अपि सम्बन्ध नास्ति'. આહાહા..! વાઘ, હું આને ખાઉં અને આ ખાઈ જશે એવો સંબંધ ત્યાં નથી. સમકિતી વાઘ ને સિંહ કોઈને ખાય નહિ, મારે નહિ. માંસ હોય નહિ, જંગલમાં રહે એકલા. કમળ હોય, ફુલ હોય, ડોડા હોય એનાથી ખાય. આહા..!

સમુદ્રમાં પણ હજાર જોજનના માછલા સમકિતી (છે). આહાહા..! એ પણ ત્યાં આગળના કમળ આદિ હોય એ ખાય. માછલા-બાછલાને અડે નહિ. આહાહા..! અંતરમાં ભગવાન જ્યાં ભાળ્યો અનંત ગુણનો સાગર, અનંત ગુણનો દરિયો... આહાહા..! અનંત શક્તિનો સંગ્રહાલય, અનંત સ્વભાવનો સાગર એવો ભગવાનઆત્મા, કહે છે કે, **'દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે...'** જેમ દીવો સ્વ ને પરને પ્રકાશે છે, વીંછી, સર્પ હોય તો પ્રકાશે છે અને સ્ત્રી-પુરુષ એકાવતારી કે એ ભવે મોક્ષ જનારા પુરુષ હોય એને એ પ્રકાશે છે, જાણે છે કે, આ છે એટલું. એ પણ પોતાના પ્રકાશના બળથી, એના જ્ઞેયના બળથી નહિ. આહાહા..!

ક્યાં પરની દયા પાળવી ક્યાં રહી ગઈ. એ દયા પાળી શકતો તો નથી પણ દયાના ભાવ હિંસા છે, એને પણ રાગ આવે છે તેને જાણે છે. જાણનાર જાણે છે. દીવાની જેમ તે જાણે છે. સમકિતી લડાઈમાં ઉભો હોય. આહાહા..! છતાં એ જાણે છે કે આ ચીજ તે પર છે, હું તો જાણનાર-દેખનાર છું. આહાહા..! ગળે ઉતરવું (કઠણ). સત્ય એવું છે. પરમ સત્ય, પરમ સત્યની હાજરી જ્યાં હાજરે હજુર થયો, આ હાજરા હજુર ભગવાન જ્યાં જાગ્યો... આહાહા..! જ્યાં હોય ત્યાં ગમે તે કાળે એની હાજરી જ પોતાની છે, પોતાની સ્વ-પરપ્રકાશકની જ હાજરી છે. પરનો એને કાંઈ સંબંધ છે નહિ. એ કીધું.

**'આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે...'** સદાય ઉદાસીન છે. આહાહા..! **'(અર્થાત્ સંબંધ વગરનો, તટસ્થ છે)-એવી વસ્તુસ્થિતિ છે,...'** જોયું? એ કાંઈ ભગવાને કર્યું એમ નથી, એ વસ્તુની સ્થિતિ એવી છે, વસ્તુની મર્યાદા જ એવી છે. અને **'તોપણ જે રાગ-દ્વેષ થાય છે તે અજ્ઞાન છે.'** વસ્તુની સ્થિતિ તો આવી છે. **'તોપણ જે રાગદ્વેષ થાય**

**છે તે અજ્ઞાન છે.**' મિથ્યાત્વ છે. તેથી અંદર વિકલ્પ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. આહાહા..!

**ભાવાર્થ :– 'શબ્દાદિક...'** શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ **'જડ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે.'** એ તો પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે. આહાહા..! નિંદા-સ્તુતિ એ તો પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે, નિંદા-સ્તુતિ તારી કોઈ કરતું નથી. આહાહા..! તેમ એનો આત્મા પણ ખરેખર કરતો નથી. એ તો જડની પર્યાયમાં થાય છે. આહાહા..! નિંદા ને પ્રશંસા વગેરે પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે **'તેઓ આત્માને કાંઈ કહેતાં નથી, કે 'તું અમને ગ્રહણ કર...'** નિંદા એમ કહેતી નથી, સ્તુતિ એમ કહેતી નથી. આહાહા..! કે, અમને તું જો, અમને જાણવા તું રોકા. આહાહા..! **'(અર્થાત્ તું અમને જાણ)';...'** ઇ એમ કહે છે કે અમને તું જાણ? આહાહા..!

**'અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી.'** તેને જાણવા-ગ્રહવા. ગ્રહવા એટલે જાણવા. તેમને જાણવા તેમના પ્રત્યે જતો નથી. આહાહા..! એ તો દૂર હોય એને પણ જાણે-દેખે છે. એ જાણવું-દેખવું એ જ એનું સ્વરૂપ છે. એ ચૈતન્યમૂર્તિ ભગવાન છે અંદર. આહાહા..! એની મહિમા જાણવા-દેખવાને લઈને મહિમા છે, રાગ ને દ્વેષ એ કાંઈ એની મહિમા નથી. આહાહા..! તેઓ આત્માને કહેતા નથી કે અમને ગ્રહણ કર. તું અમને ગ્રહણ કર, એમ કહે છે? ગ્રહણ એટલે જાણ. બીજી ચીજ કાંઈ આત્માને કહેતી નથી કે, તું જાણ.

**'અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી. જેમ શબ્દાદિક સમીપ ન હોય ત્યારે આત્મા...'** શબ્દ સમીપ ન હોય, નિંદા-પ્રશંસા સમીપ ન હોય, નિંદા-પ્રશંસા, બહુ વિરોધ કરતો હોય કોઈ તોપણ જ્ઞાનીને જ્ઞાન જ છે. આહાહા..! અને સામે નજરે આવીને જ્ઞાનીની નિંદા કરે. આહાહા..! શબ્દોનું પરિણમન છે, બાપુ! ભાઈ! ભગવાન! તું તો આત્મા છો ને. તારાથી ક્યાં શબ્દ પરિણમે છે? એ શબ્દની પરિણતિ છે. તું આત્મા છો ને, પ્રભુ! હું પણ આત્મા છું, તું પણ આત્મા છો. આહાહા..!

મુમુક્ષુ :– પદાર્થ સમીપ હોય તો સાફ જણાય, સ્પષ્ટ જણાય.

ઉત્તર :– બિલકુલ વાત ખોટી. પદાર્થને લઈને ક્યાં જાણવું છે? જ્ઞાનને લઈને જાણવું છે. જેવું જ્ઞાન છે તેવું જણાય છે. પદાર્થને ક્યાં જાણવું છે? આહાહા..! પદાર્થને જાણનારને, જાણનારને જાણવો છે. એ તો જેમ છે એમ છે. આહાહા..! નજીક હો કે દૂર હો એ તો જાણવાના સ્વભાવવાળો જીવ છે. આહાહા..!

**'પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી. જેમ શબ્દાદિક સમીપ ન હોય ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે, તેમ શબ્દાદિક સમીપ હોય...'** નિંદા-પ્રશંસા **'ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે.'** આહાહા..! આખી દુનિયાને ઉતારી છે. એકકોર રામ ને એકકોર ગામ. એકકોર પ્રભુ ચૈતન્ય, એકકોર શબ્દાદિ આખી દુનિયા. એ આખું તારા જ્ઞેય તરીકે પર છે, પરજ્ઞેય તરીકે છે. તારા, તારા સ્વજ્ઞેય

તરીકે નહિ. રાગ-દ્વેષ તરીકે તો નહિ, એ ચીજ દેખતા તને રાગ-દ્વેષ થાય એ તો નહિ પણ એને જાણતા એને જાણે છે એમ પણ નહિ. આહાહા..! પોતાને જાણે છે. એ વખતે સ્વ-પરપ્રકાશક જ્ઞાનની શક્તિ એવી કે, એ વખતે પરને જાણવાની પોતાને લઈને હતી, પરને લઈને જાણવાની (શક્તિ) નથી. આહા..! સામે સિંહ દેખાણો તો સિંહને લઈને આ જાણવાનું થયું છે એમ નહિ. આહાહા..! એ તો એ વખતે જ્ઞાનની પરિણતિ જ પરને જાણવાની એવી હતી, એ પોતાને કારણે થયેલી છે, સિંહને કારણે થઈ નથી. આહા..હા!

મુમુક્ષુ :– સિંહ દેખતા જ ભય તો પામે ને?

ઉત્તર :– બિલકુલ નહિ. દીવા પાસે વાઘ આવ્યો, સર્પ આવ્યો તો દીવો કાંઈ ઓલવાય જાય કે નહિ? દીવા પાસે વાઘ આવ્યો, દીવા ઉપર આમ મોટો સર્પ આવ્યો કાળો. દીવો ઝાંખો થાય કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :– આત્મા તો ચેતન છે ને દીવો તો જડ છે.

ઉત્તર :– આ તો દૃષ્ટાંત છે. દૃષ્ટાંતનો સિદ્ધાંત છે બેય સરખા છે. બીજાને દેખતા દીવાને કાંઈ વિક્રિયા થતી નથી, એમ આને જાણતા કાંઈ પણ વિક્રિયા થતી નથી. લ્યો! એ તો સિદ્ધાંત છે. આહાહા..! આકરું કામ. બહારમાં બહુ ફેરફાર થઈ ગયા.

**'આમ પોતાના સ્વરૂપથી જ જાણતા,...' 'સ્વરૂપથી જ જાણતા...'** જોયું? શું કીધું? પરને જાણતા નહિ. પરને જાણતા પરને નહિ **'પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં પોતપોતાના જ્ઞાન સ્વભાવથી થતાં, શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર કરતાં નથી,...'** આહાહા..! નિંદા કે પ્રશંસા, સુંદર રૂપ કે કુરૂપ કંઈ પણ આત્માને વિક્રિયા કરી શકતું નથી. આહાહા..! પોતાનું સ્વરૂપ છે એને જ એ તો જાણે છે. આહા..! જોયું? **'પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને...'** જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા. એક દીવો છે અને ઘણા દીવા નજીકમાં આવ્યા એથી દીવાનો--એક દીવાનો પ્રકાશ વધ્યો? ઘણા દીવા નજીકમાં આવ્યા તો આનો પ્રકાશ વધ્યો? દીવા બધા ચાલ્યા ગયા ને દીવો એકલો રહી ગયો તો પ્રકાશ ઘટી ગયો? આહાહા..! એમ ભગવાન જંગલમાં એકલો રહી ગયો તો પણ પોતે જાણે છે અને ટોળામાં બેઠો હોય તોપણ તે જાણે છે. આહાહા..!

જંગલમાં જ્ઞાની સિંહ બેઠો હોય. આહાહા..! એમાં હરણીયું નીકળ્યું. (એને) જાણે છે, મારવાનો વિકલ્પ ઉત્પન્ન થતો નથી. આહાહા..! દીવાને જેમ બીજી વિક્રિયા થતી નથી એમ સિંહને જાણતા કાંઈ થાતું નથી. આહાહા..! હરણીયું આમ દેખાય અને પહેલા પોતે ઘણીવાર મારેલા છતાં એ દેખતા એને જરીએ વિક્રિયા થાય એમ નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

એ તો ચૈતન્ય પ્રકાશનું પૂર છે, જ્ઞાનનો સાગર છે. સમીપમાં કે દૂરમાં એને કાંઈ સમીપ-દૂરથી ફેર પડતો નથી. આહાહા..! લોકાકાશના પ્રદેશોને જાણવું હોય કે અહીંયાં નજીકના શરીરને જાણવું હોય એમાં ફેર કાંઈ નથી. આહાહા..! એવો જ એનો પોતાનો સ્વરૂપથી

પ્રકાશક દીવાનો સ્વભાવ (છે). એમ ચૈતન્યનો પ્રકાશ સ્વભાવ, જાણવાનો સ્વભાવ છે. આહાહા..!

વીસ વર્ષનો દીકરો મરી ગયો ને જ્ઞાની રોવે ખરો, આંસુ આવી ગયા, પણ એને લઈને નહિ. મરી ગયો એને લઈને નહિ, પોતાની કચાશને લઈને રાગ જરી આવ્યો એને પણ એ જાણે છે. આહાહા..! અંતર વૈરાગી માણસ થાય છે ને સાધારણ? 'ચુડા' માં એક ડૉક્ટર હતા. (સંવત) ૧૯૬૯ ની સાલની વાત છે. 'જૂનાગઢ'ના સ્થાનકવાસી હતા. એવો નરમ માણસ, એવો નરમ. (એનો) જુવાન છોકરો મરી ગયો, જુવાન. પણ બિલકુલ રોવે નહિ ને કોઈ આવે (તો કહે), રોશો નહિ. થવાનું એ થઈ ગયું. 'ચુડા.. ચુડા' વાળા નથી કોઈ? ૧૯૬૯ ની વાત છે. ૬૭ વર્ષ થયા, ૬૭. નરમ માણસ હતો. પણ જ્ઞાન નહિ, ભાન નહિ. સ્થાનકવાસી હતા. હું ત્યાં જમવા ગયો હતો. આહાહા..! પણ આ દીવો પહેલાં એના ... પણ છતાં પહેલેથી અહીંથી કહ્યું, કોઈ આવતા રોશો નહિ, કોઈ આવતા અહીં બીજા રોવાની વાત કરશો નહિ. સાધારણ અજ્ઞાનમાં પણ એટલો વૈરાગ્ય હોય છે, જ્ઞાનની વાત શું કરવી? જ્ઞાન તો ઉદાસીન સ્વરૂપ જ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૨૭ ગાથા-૩૭૩ થી ૩૮૨, શ્લોક–૨૨૨ સોમવાર, જ્યેષ્ઠ વદ ૧૦, તા. ૦૭-૦૭-૧૯૮૦

---

ભાવાર્થ આમ થોડીક લીટી ચાલી છે. ફરીને લઈએ. **'શબ્દાદિક જડ પુદ્ગલદ્રવ્યના ગુણો છે.'** પહેલી વાત ઇ લીધી. આમ અરિહંતમાં દ્રવ્ય ને ગુણ છે એ પણ રાગનું કારણ છે પણ આ પહેલાં જડની વાત લીધી. ભગવાનમાં બીજા ગુણ છે, ભગવાનનું દ્રવ્ય છે એ પછી લેશે. જીવદ્રવ્ય ને જીવના ગુણનું (પછી લેશે). **'શબ્દાદિક જડ પુદ્ગલદ્રવ્યના ગુણો છે.'** ગુણ શબ્દે પર્યાય. **'તેઓ આત્માને કાંઈ કહેતાં નથી, કે 'તું અમને ગ્રહણ કર...''** જડની અવસ્થા આત્માને ખેંચતી નથી કે, તું અમને જાણ. છે? ભાવાર્થ છે ને? ભાવાર્થ.

એ કાંઈ એમ કહેતાં નથી કે, **'તું અમને ગ્રહણ કર (અર્થાત્ તું અમને જાણ)'; અને આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને ગ્રહવા (-જાણવા) તેમના પ્રત્યે જતો નથી.'** આહાહા..! **'જેમ શબ્દાદિક...'** અત્યારે પહેલી જડની વાત છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ **'સમીન ન હોય ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે,...'** છે? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આત્માની સમીપમાં ન હોય તોપણ પોતાના સ્વરૂપથી પોતે જાણે છે. આહા..! **'તેમ શબ્દાદિક સમીપ હોય,...'** નજીકમાં શબ્દ, રૂપ, રસ આદિ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જાણે છે. **'ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે.'** નજીક હોય કે

દૂર હોય એમાં કાંઈ ફેર પડતો નથી.

આ તો પ્રશ્ન થયો હતો ને કાલે? નજીક હોય તો સ્પષ્ટ જણાય. દૂર હોય તો... અહીં તો જાણવાની વાત છે. શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ અને જડના ગુણો એટલા અત્યારે. એ દૂર હોય કે નજીક હોય. જાણનારને દૂર ને નજીકમાં કાંઈ ફેર નથી પડતો. જાણનાર તો જાણે છે. આહાહા..! દૂર હોય કે નજીક હોય, એ જાણનારો ભગવાનઆત્મા જાણે છે. સિદ્ધ ભગવાન જેમ જગતની ચીજ જાણે છે. ગમે તે થાય તેને કાંઈ વિકલ્પ ઉત્પન્ન થતો નથી. સિદ્ધ ભગવાન. આહાહા..! એમ આત્મા બહારની ચીજમાં ગમે તે ઉથલ-પાથલ થાય એથી એને વિકલ્પ આવતો નથી, એ તો જાણે છે. આહા..! છે ને?

**'આમ પોતાના સ્વરૂપથી જ જાણતા...'** સ્વરૂપથી જ જાણતા. એ ચીજને જાણતા નથી. પોતે પોતાના સ્વરૂપથી જ જાણતા. એ સંબંધીનું જ્ઞાન પણ પોતે પોતાથી પોતે જાણતા. આહાહા..! **'સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જ જાણે છે. આમ પોતાના સ્વરૂપથી જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં...'** કહે છે કે, સમીપ કે દૂરને જાણે છે પોતે અને સામી ચીજ ગમે એ રીતે પરિણમતી હોય, એના પરિણમનમાં એની પર્યાયને લાયક.. છે ને?

**'પોતપોતાના સ્વભાવથી જ પરિણમતાં શબ્દાદિક કિંચિત્માત્ર પણ વિકાર (જીવને) કરતાં નથી,...'** ભલે એ સામે શબ્દ, રૂપ, રસ વિચિત્રપણાને પામે, નિંદાના, પ્રશંસાના, રૂપના, કરૂપના, ગંધ ને સુગંધ-દુર્ગંધ આદિ ગમે તે સામે પરિણમન હો પણ જાણનાર તો જાણે જ છે. આહાહા..! જાણનારનો સ્વભાવ તો જાણવું એ જ (છે). સમીપ કે અસમીપની ત્યાં વિશેષતા નથી. આહા! **'એવા આત્માને પોતપોતાના સ્વભાવથી પરિણમતાં શબ્દાદિક કિંચિત્‌માત્ર પણ વિકાર કરતાં નથી, જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતાં નથી,...'** આ દૃષ્ટાંત કહ્યો. દીવો ઘટપટને પ્રકાશે છે છતાં દીવાના પ્રકાશમાં ઘટપટાદિ વિચિત્ર પરિણમતા હો તો આને વિકાર કરતા નથી. પરવસ્તુ ભલે વિચિત્રપણે પરિણમે પણ દીવાને કાંઈ વિકાર નથી કરતાં. આહાહા..!

**'તેમ...'** તેમ પર પરિણમન ગમે તે પ્રકારે હો. આહાહા..! શબ્દનું, રૂપનું, રસનું, ગંધનું સંસ્થાનનું, સંસ્થાન (એટલે) આકાર, ગમે તે પરિણમન હો દૂર હો કે નજીક હો, એ પોતપોતાના પરિણામે તે સમયના વિચિત્ર જે પર્યાય ક્રમબદ્ધ છે તે પરિણમે છે. ક્ષણમાં પહેલું કાંઈ દેખે ને બીજા ક્ષણમાં કાંઈ દેખે. આહાહા..! છતાં દેખનારમાં, દેખનારને દેખવા યોગ્ય ચીજ કાંઈ પણ વિકાર કરતી નથી. આહાહા..! આવો સ્વભાવ. આ બધો આ વેપાર ને ધંધા ને બંધાની ના પાડે છે. 'મુંબઈ' વેપાર હોય કે અહીં હોય, એ ચીજ ગમે (ત્યાં હોય) આત્મા તો તેને જાણે જ છે. એ સામે પદાર્થ ભિન્ન ભિન્ન રીતે પરિણમતો હોય, વિચિત્રપણે પરિણમતા હોય છતાં આત્માને વિકાર કરતાં નથી. આહાહા..! બહુ ઊંડી વાત નાખી છે.

સ્ત્રી આદિ હોય કે પુરુષ હોય એ વિચિત્રપણે પરિણમતા હોય... આહાહા..! છતાં જાણનારને એ વિકાર ઉપજાવી શકતા નથી. આહાહા..! બહુ ઊંડી વાત નાખી છે. શરીરને અડે આત્મા? કે, શરીરને અડતો પણ નથી. તેમ શરીરમાં સામે અનેક પ્રકારની વિક્રિયા થાય છતાં આ જાણનારને એ પદાર્થ વિક્રિયા એટલે વિકાર કરી શકતા નથી. એ પદાર્થ ગમે એ રીતે પરિણમે, એનો સ્વતંત્ર ક્રમબદ્ધ પરિણમનમાં સ્વભાવ છે. એને પરિણમતા આને વિકાર થાય એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– કાચું ખાઈએ તો પેટમાં દુઃખે.

ઉત્તર :– એ દુઃખે-બુઃખે કાંઈ નથી, એ માને છે. એને પણ જાણે છે. આહાહા..! ઇન્દ્રિયોના વિષયો કહ્યા ને? આહા..! જડમાં તો એ આવે ને? એ નજીક હોય કે દૂર હોય... આહાહા..! પણ એ ચીજ વિકાર ઉત્પન્ન કરતી નથી. આહાહા..! વિકાર કરાવતી નથી. તેમ આત્મા વિકાર કરતો નથી. એ તો જાણે છે કે, આ આમ થયું. આહાહા..! આકરું કામ છે. આખી દુનિયાથી જુદું. આહાહા..!

**‘જેમ પોતાના સ્વરૂપથી પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ પદાર્થો વિકાર કરતા નથી,...’** એ તો સહેલી વાત છે. દીવો હોય એની જોડે ઘટપટ હોય કે વીંછી હોય કે સર્પ હોય કે ઝેર હોય કે સર્પ આવ્યો નજીક, કાળો નાગ (હોય) તો ઘટના પ્રકાશમાં કાંઈ ફેર પડે છે? આહાહા..! એના પ્રકાશમાં નજીકમાં વીંછી આવ્યો કે દૂર રહ્યો વીંછી, તો ઘટના પ્રકાશમાં કાંઈ ફેર પડે છે? અને ઘટના પ્રકાશમાં એ ચીજ ઝેર કે સર્પ કે વીંછી કે ચંદનના લાકડા સામે હોય એ કંઈ પણ વિક્રિયા ઉત્પન્ન કરતાં નથી. એ ચીજ રાગ-દ્વેષ ઉત્પન્ન કરતાં નથી. આહાહા..! આવી વસ્તુની મર્યાદા છે.

વસ્તુનો સ્વભાવ જ આવો છે, કે આત્મા સિવાય પરચીજ સમીપમાં શરીર બદલો કે સામાનું શરીર બદલે તોપણ તે બદલતી ચીજ આને બદલાવી શકે, વિકાર કરાવી શકે... આહાહા..! એમ નથી. ઓહો..હો..! સિદ્ધાંત તો બહુ સાદા છે પણ એનો માયનો છે એ ઊંડો છે. આહાહા..! કહે છે, ભગવાનઆત્મા, એની નજીકમાં શીરો અને મેસુબ આવ્યો તોપણ તે જાણે છે અને મેસુબ નજીક આવ્યો ને મોઢામાં પડ્યો માટે રાગ ઉત્પન્ન કરાવે છે. મેસુબ સમજો છો? મેસુબ. મેસુબપાક. એ મોઢામાં પડ્યો માટે એને રાગ ઉપજાવે છે (એમ નથી). આહાહા..! ઘણું ટૂંકું સમાડી દીધું છે. એમ સ્ત્રી દૂર છે કે સ્ત્રી સમીપમાં હોય. આહાહા..! એને એ ચીજ સામી ગમે તે પણે પરિણમતી હોય એ આત્માને તો કાંઈ ફેરફાર કરાવતી નથી. એ તો જાણે છે કે, આમ છે એ પ્રમાણે. એ વ્યવહારથી. આહાહા..!

ચોર આવ્યો, એને ખાટલે બાંધ્યો. પૈસા લેવા કરે છે ને? હમણા થયું હતું ને? પૈસા લાવ. કેટલા પૈસા છે અહીં ઘરમાં? બાંધ્યો. લઈ લીધા. હવે બીજી દુકાનમાં કેટલા છે? ક્યાં દુકાનમાં ક્યાં છે? બતાવ. આહાહા..! કહે છે કે, આત્મા તો એ ચીજ નજીકમાં આમ કરે

કે શરીરને બાંધ્યું અને લક્ષ્મીને લઈ ગયો. છતાં આત્માને કાંઈ વિકાર કરતાં નથી. એ આત્માને રાગ અને દ્વેષ ઉત્પન્ન કરાવતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરપદાર્થ રાગ-દ્વેષ ક્યાં ઉપજાવે?

ઉત્તર :- પરપદાર્થ પોતપોતાને કારણે ક્રમબદ્ધ ક્રમસર પરિણમે છે. એમ જાણનાર પણ ખરેખર પોતાના જ્ઞાનમાં ક્રમસર જ્ઞાનની શક્તિ વડે પરિણમે છે. એ કાંઈ પરને જાણે માટે પરપણે પરિણમે છે એમ નથી. આહાહા..! એક કોર જ્ઞાન અને એક કોર આખી દુનિયા. ગુણ ને દ્રવ્ય લેશે, ભગવાનના ગુણ-દ્રવ્ય પછી લેશે. આ તો હજી જડની વાત (કરે છે). આહાહા..!

**'દીવાને ઘટપટાદિ...'** ઘડો કે વસ્ત્ર, દીવાની પાસે રેશમી ગાદલું પડે કે અમસ્તુ સાધારણ રૂ પડ્યું હોય કે રૂ બળતું હોય તો એથી દીવાને કાંઈ વિકાર થાય... આહાહા..! સામે કપડું બળતું હોય, આહાહા..! કાં કપડું વિખાયને આમ કોઈ ચોર લઈ જતો હોય તો દીવાને કાંઈ વિકૃતિ થતી નથી. આહાહા..! એમ આત્માને... આ તો દૃષ્ટાંતની વાત છે. તેમ તે સામી ચીજમાં ગમે તે રહેતી હોય, ... થતી હોય, કોઈ લઈ જતું હોય, કોઈ બગાડતું હોય. આહાહા..! પ્રભુનો સ્વભાવ તો જાણવું એ સ્વભાવ છે. આહાહા..! આ કેમ લઈ જાય છે ને કેમ કરે છે ને આ અન્યાય કરે છે, એ વસ્તુના સ્વરૂપમાં એવા વિકલ્પને અવકાશ નથી. પરને લઈને એ વિકલ્પ ઉત્પન્ન કરે એ ત્રણકાળમાં બનતું નથી. પોતાની નબળાઈને લઈને જરી વિકલ્પ આવે, એ જુદી વાત. કાલે આપણે આવી ગયું છે. 'સંસારજનિત વિકાર જ્ઞાનીને દૂર વર્તે છે. સંસારજનિત વિકાર જ્ઞાનીને દૂર વર્તે છે.' એ વિકાર એને કાંઈ પણ વિકાર કરાવે, નજીક કે દૂર હોય તો, એવો સ્વભાવ તે જ્ઞેયનો નથી, એવો સ્વભાવ જ્ઞાનનો નથી. આહાહા..! આકરું કામ છે આ બધું.

પરચીજ બળતી હોય તો દીવો પ્રકાશે છે અને અમસ્તી ચીજ પડી હોય તો દીવો જાણે (પ્રકાશે) છે. આહાહા..! એમ ભગવાનઆત્મા શરીરની ક્રિયાઓ બનતી હોય,... આહાહા..! આકરી વાત છે. શરીરની અનેક પ્રકારની વિક્રિયા આદિ બનતી હોય સામે ચીજ દેખાય એમાં પણ વિક્રિયા થતી દેખાય, છતાં જ્ઞાનમાં તેને લઈને જરીએ ફેરફાર થાતો નથી. જ્ઞાનનો સ્વભાવ તેનો જેમ થાય તેમ જાણે છે. આહાહા..! આવી માન્યતા કઠણ છે. આ માન્યતા સમ્યગ્દર્શનમાં હોય છે. આહા..! સત્ય દર્શનમાં એ જાતની માન્યતા ને જ્ઞાન હોય છે. ગમે તે સામે ચીજમાં નજીક કે દૂરમાં ફેરફાર થતો હોય. આહાહા..! અને ચોર ઘરમાંથી માલ લઈ જતો હોય પણ એ ચીજ એને વિકાર નથી ઉપજાવતી. પોતાની નબળાઈને લઈને વિકલ્પ આવે પણ એને લઈને ન આવે. આહાહા..! આવી વસ્તુની મર્યાદા છે.

એક વસ્તુની પોતાની મર્યાદા છોડીને પરવસ્તુમાં જાતી નથી. પરવસ્તુને વિકાર કરાવતી નથી. આહાહા..! પોતાના શરીરના ફોટાઓ હોય, રંગ રંગીન તેવા પચ્ચીસ, પચાસ, સો,

બસ્સો (હોય), પછી એ દેખીને જ્ઞાનમાં કાંઈ એ વિકાર કરાવે એમ છે નહિ. આહાહા..! ત્યાં ફેરફાર થાય છે તેથી અહીં જ્ઞાનમાં ફેરફાર થાય, વિકારરૂપે ફેરફાર, હોં! આમ બદલે એ તો પોતાનો સ્વભાવ છે, જેમ ત્યાં બદલતું હોય એમ અહીં બદલે, પરિણમે એ જુદી વાત છે, પણ વિકાર ઉપજાવે એવું પરદ્રવ્યમાં કોઈ અંશમાં ક્યાંય નથી. આહાહા..! સિદ્ધાંત તો જુઓ!

**'આવો વસ્તુસ્વભાવ છે,...'** આ રીતે વસ્તુની મર્યાદા છે. **'તોપણ જીવ શબ્દને સાંભળી...'** આહાહા..! રાગ-દ્વેષ કરે છે. પ્રશંસા સાંભળીને રાગ કરે છે, નિંદા સાંભળીને દ્વેષ કરે છે. આહાહા..! વજન અહીં છે, કે આવો વસ્તુનો સ્વભાવ... છે? આવો વસ્તુનો સ્વભાવ છે, ત્યાં વજન છે. છે ત્રીજી લીટી? **'આવો વસ્તુ(નો) સ્વભાવ છે,...'** આહાહા..! ત્યાં વજન છે કે, ગમે તે રીતે સામે પરિણમે તો દીવાનો પણ એવો સ્વભાવ છે કે, એ રીતે જાણે (પ્રકાશે) એવો જ વસ્તુનો કોઈ સ્વભાવ છે. આહાહા..!

એમ **'જીવ શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી,...'** શરીરને બીજું શરીર સ્પર્શે, અડે. આહાહા..! એ અડતું તો છે નહિ પણ નજીક આવીને એને સ્પર્શે એમ કહેવાય. આહાહા..! છે? **'રસને આસ્વાદી, શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, સ્પર્શને સ્પર્શી, ગુણ-દ્રવ્યને જાણી,...'** હવે અહીં નાખ્યું. જડ ઉપરાંત અરિહંતના કે ધર્માત્માના ગુણો, ધર્માત્માનું દ્રવ્ય. આહાહા..! પેલામાં જડની વાત લીધી હતી. **'ગુણ-દ્રવ્યને જાણી,...'** ગમે તેવા અરિહંતને પરમાત્માને જાણી જ્ઞાન એને કાંઈ રાગ કરાવતું નથી. પરમાત્મા પ્રત્યે પ્રેમ એ વસ્તુ કરાવતી નથી. આહાહા..!

**'દ્રવ્યને...'** તેમ અરિહંતના દ્રવ્યને કે સ્ત્રીના આત્માને કે દીકરાના આત્માને કે કોઈ પણ આત્માને જાણતા સુવર્ણ આત્માને... આહાહા..! આ ગુણના પુંજ પ્રભુ પરમાત્માને જાણતાને, આહાહા..! એ **'ગુણ-દ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની...'** આહાહા..! પરદ્રવ્ય સારાં-નરસાં માને. પરદ્રવ્યમાં કાંઈ બે ભાગ નથી. પરદ્રવ્ય તો જ્ઞેય છે. આત્મા જ્ઞાન છે અને સામે બધી ચીજ જ્ઞેય છે. જ્ઞેયના બે ભાગ નથી, કે આ સારાં ને નરસાં. સારાં ને નરસાંની કલ્પના ઉત્પન્ન કરે છે એ અજ્ઞાન છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! ઓહોહો..! એક બાજુ રામ ને એક બાજુ ગામ, એક બાજુ આત્મા રામ, એક બાજુ ગામ–આખી દુનિયા. ગામ એટલે સમૂહ. એ કોઈ ગુણ હો કે અવગુણ હો, એનું દ્રવ્ય હો કે એનો ગુણ હો કે એની પર્યાય હો... આહાહા..! કેવળીની વાણી સાંભળતા સાંભળનારને રાગ ઉત્પન્ન કરતી નથી સામી વાણી. આહાહા..! તેમ ભગવાનને દેખીને ભગવાનનું દ્રવ્ય સામાને રાગ ઉત્પન્ન કરતું નથી. આહાહા..!

દેવો જેમ પોતાની સમીપ કે દૂરમાં રહેલાને પ્રકાશે છે. એમ ભગવાનઆત્મા નજીકમાં રહેલા ગુણો કે દૂર રહેલા ગુણો, નજીકમાં રહેલા ગુણીજન કે દૂર રહેલા ગુણીજન... આહાહા..!

એને સારાં-નરસાં માની રાગ-દ્વેષ પોતે કરે છે, એ ચીજ રાગ-દ્વેષ કરાવતી નથી. આહાહા..! પણ એની હાજરી ન હોય તો રાગ-દ્વેષ ન થાય. એ કહેવામાત્ર છે એમ છે નહિ. તારામાં પણ જ્ઞાતાની હાજરી છે કે નહિ? એનામાં ગમે તેની હાજરી વિચિત્ર હોય. તારામાં જ્ઞાનની હાજરી છે, જાણવાની હાજરી છે. એ જાણવાનું જ કામ કરે. આહાહા..! બહારનો ત્યાગ કરીને ત્યાગી મનાવવું એ તો એક વાત છે. આહાહા..! પણ અંદરના અજ્ઞાન અને રાગ-દ્વેષનો ત્યાગ કરીને ત્યાગી અંદર થવું... આહાહા..! એ જુદી વસ્તુ છે.

**'ગુણ-દ્રવ્યને જાણી,...'** કેવળીના કેવળજ્ઞાનને જાણી એ કેવળજ્ઞાન કાંઈ પ્રેમ ઉપજાવતું નથી એને. સાંભળનારને પોતાને ભગવાન પ્રત્યે પ્રેમ થાય એ પોતાની પર્યાયનું એ જાતનું પરિણમન છે માટે (થાય છે), પણ ભગવાનને દેખીને એ થયું છે... આહાહા..! એમ છે નહિ. **'ગુણ-દ્રવ્યને જાણી,...'** આહાહા..! અથવા અવગુણને ને દ્રવ્યને જાણી. સામાના અવગુણને અને એનું દ્રવ્ય... આહાહા..! જાણી **'તેમને સારાં-નરસાં માની રાગ-દ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.'** આહાહા..! બહુ સૂક્ષ્મ વાત છે. ઘણા સિદ્ધાંત ન્યાય.

આખી દુનિયા એક સમયમાં ગમે તે રીતે પલટે પણ જ્ઞાન તો જાણવા પલટે છે એ પોતાને કારણે પરિણમન છે માટે. એ પલટવામાં એ દેખીને રાગ-દ્વેષ થાય એવો જ્ઞાનનો સ્વભાવ નથી અને એવો જ્ઞેયનો સ્વભાવ નથી કે એને રાગ-દ્વેષ ઉપજાવે. આહાહા..! સુંદર સ્ત્રી દેખીને રાગ થાય તો એ સુંદરતાનું સ્ત્રીનું શરીર એને રાગ ઉપજાવે છે એમ નથી. આહાહા..!

છેલ્લા શબ્દમાં **'ગુણ-દ્રવ્યને જાણી,...'** (આવ્યું). આહાહા..! સામાના ગુણને કે દ્રવ્યને, પદાર્થ જાણીને **'તેમને સારાં-નરસાં માની...'** આહાહા..! **'રાગ-દ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.'** 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે કે, પરદ્રવ્યને દેખી, એ વિચિત્રતા દેખી અને પોતે પોતાને રાગ-દ્વેષ થાય એવું કોઈ સ્વરૂપ નથી. સામે ભગવાન હો કે સામે અવગુણી કસાઈ હોય. આહાહા..!

મુમુક્ષુ :– અહીં ગુણથી પર્યાય લેવી?

ઉત્તર :– ગુણ શબ્દે પર્યાય છે. એનો ગુણ પણ લેવાય. સામાની વાત છે ને. સામામાં એનો ગુણ એની પર્યાય ને એનું દ્રવ્ય ત્રણે લેવાય. પોતાના પરિણમનમાં પર્યાય આવે પણ જાણવામાં તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે આવે. જાણવામાં પર્યાય જ આવે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– જેવા છે તેવા જાણે તો રાગ-દ્વેષ ન થાય.

ઉત્તર :– જેમ છે એમ જાણવું એ તો એનું સ્વરૂપ છે. જાણનાર સિદ્ધ ભગવાન બધું જાણે છે. કસાઈખાના જાણે છે કે નહિ? કસાઈખાના સિદ્ધ ભગવાન જાણે છે કે નહિ? આહાહા..! અંતર્મુહૂર્તમાં આઠ વર્ષના બાળકને કેવળજ્ઞાન થતાં પણ સિદ્ધ ભગવાન જાણે છે. તે એને વિકલ્પ થાય છે? આ વસ્તુ એને વિકલ્પ કરાવે છે? આહાહા..! ઝીણી વાત

છે, ભાઈ!

આ તો એકલા સિદ્ધાંતો છે, વસ્તુની મર્યાદામાં કોઈની મર્યાદા ચાલતી નથી. વસ્તુની જે મર્યાદા જાણવાની આત્માની છે એ મર્યાદામાં પરવસ્તુની કાંઈ પણ ઘાલમેલ થતી નથી. આહાહા..! **'ગુણ-દ્રવ્યને જાણી,...'** છેલ્લા મૂળ પાઠમાં છે. મૂળ પાઠમાં ગુણ-દ્રવ્ય હતું. હતું, જુઓ! શુભ કે અશુભ ગુણો. ૩૮૦ (ગાથા). શુભ અશુભ ગુણો અને ૩૮૧ માં શુભ અશુભ દ્રવ્ય. ગાથા છે ને? ૩૮૦ ગાથામાં ગુણની વ્યાખ્યા છે, ૩૮૧ માં દ્રવ્યની છે. એનો અહીં સરવાળો લીધો છે છેલ્લે. આહાહા..! **'ગુણ-દ્રવ્યને જાણી, તેમને સારાં-નરસાં માની રાગદ્વેષ કરે છે,...'** તે મિથ્યાત્વ અને અજ્ઞાન છે. આહાહા..! આકરું કામ છે જરી. ભાષા સાદી છે. સિદ્ધાંત તો જાણે બહુ ટૂંકો છે.

એક પદાર્થ બીજાને કંઈ વિકાર કરાવતા નથી એટલા સિદ્ધાંતમાં ઉકેલ મોટો છે. અનંતા સામે દ્રવ્ય પડ્યા છે અને ગુણી અનંતા કેવળી સિદ્ધ ભગવાન છે. આહાહા..! અને અવગુણી અનંત નિગોદના અને બીજા જીવ બધા પડ્યા છે, પણ એને જાણતા એ એને વિકાર ઉપજાવે, તેમ એને જાણનારને એને જાણતા વિકાર ઊપજે એમ નથી. આહાહા..! ભાષા સહેલી છે, સિદ્ધાંત એનો આકરો છે. સ્થૂળ દૃષ્ટિમાં આ વાત ક્યાં (બેસે)? બહારનું આ કરવું ને આ કરવું ને આ કરવું ને આ કરવું. કહે છે, પણ તારો સ્વભાવ જાણવાનો (છે) એમાં કરવાનું આવ્યું ક્યાં? જાણવામાં આવ્યું. જાણવાનું એ કરવું આવ્યું. એ પણ જાણું છું એવો વિકલ્પ ક્યાં છે? એ તો એનો સ્વભાવ જાણવાનો છે, બસ! આહાહા..!

ગમે તેટલો જૈનધર્મને નામે વિરોધ થાય તોપણ તેને–સિદ્ધ ભગવાનને વિકલ્પ થતો નથી. આહાહા..! એમ ધર્મને નામે ઘણા ગુણોની મોટી શોભા થાય કે ગુણો પ્રગટે... આહાહા..! હજારો માણસ એક સાથે હોય, આહાહા..! ને એકદમ કેવળ થાય. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ (જીવ) મોક્ષે જાય. ભાઈ! મોક્ષ જનારા નીકળે એવા. એથી કરીને કાંઈ જાણનારને રાગ થાય (એમ નથી). આહાહા..! એક સમયમાં તિર્યંચ મરીને આઠમાં દેવલોકમાં એક સમયે ઊપજે એવો સિદ્ધાંત છે. સરખી સ્થિતિએ (ઊપજે નહિ). નીકળવા વખતે ભલે સરખી સ્થિતિ છે પણ સરખી સ્થિતિએ ખરેખર ઊપજી ન શકે. કારણ કે, સરખી સ્થિતિએ ઊપજે તો ન્યાંથી બધાને નીકળીને એકસાથે આવવું (પડે). આહાહા..! એક સમયમાં ઊપજે પણ સ્થિતિ ફેર ઊપજે. શું કહ્યું સમજાણું? સ્વર્ગમાં હજારો (જીવો) એક સમયમાં દેવમાં ઊપજે. પશુમાંથી આઠમાં દેવલોકમાં એક સમયમાં હજારો દેવ (ઊપજે). સ્થિતિ સરખી નહિ.

મુમુક્ષુ :– ઊપજે એક સમયમાં પણ...

ઉત્તર :– ફેરફાર છે. સ્થિતિ એક સરખી હોય તો એક હજાર ન્યાંથી છૂટી, અને સમકિતી (હોય), અહીંયાં આવવું એક હજાર ક્યાં આવી શકે? આહાહા..! પ્રભુના જ્ઞાનની મર્યાદા કોઈ અલૌકિક છે. આહાહા..!

અહીં આ ગાથાઓમાં એ કહ્યું. **'ગુણ-દ્રવ્યને જાણી,...'** આહાહા..! **'તેમને સારાં-નરસાં માની રાગ-દ્વેષ કરે છે, તે અજ્ઞાન જ છે.'** 'ભરત' ચક્રવર્તીને ભગવાનને મોક્ષ પધાર્યા દેખીને રાગ આવ્યો હતો. (એ) એને લઈને નહિ, પોતાની નબળાઈને લઈને. આહાહા..! સંસારજનિત રાગ, (એવી) ભાષા મુકી, કાલે મુકી હતી. એ સંસારજનિત રાગથી જ્ઞાની દૂરવર્તી છે. એ રાગથી દૂરવર્તી છે, રાગથી દૂર વર્તે છે. આહાહા..! રાગની સમીપમાં હોવા છતાં રાગથી દૂર વર્તે છે. આહાહા..! જ્ઞાનીને ખરેખર તો રાગનું ક્ષેત્ર પણ જુદું છે. ભાવ જુદો એનું ક્ષેત્ર જુદું, કાળની મર્યાદા પણ જુદી. આહા..! વસ્તુ ને વસ્તુનો ગુણ ત્રિકાળ રહે અને પર્યાય એક સમય રહે. આહાહા..! એવી ચીજને જાણતા પણ જાણનારને જણાય એ કાંઈ ફેરફાર કરાવે કે જાણનાર કંઈક એને દેખીને ફેરફાર થાય, એમ નથી. આહાહા..! આ તો સિદ્ધાંત મુક્યા છે.

ચાર પૈસે શેર તો મણના અઢી. પછી એની કુંચી (લગાવે). સવા શેરનું શું? અઢી શેરનું શું? સાડા ત્રણ શેરનું શું? પાંચ શેરનું શું? સાડા પાંચ શેરનું શું? એક આને શેર તો મણના અઢી. એમાં એ કુંચી આવી. એ તો બધા સિદ્ધાંતો... એમ આ તો કુંચી છે. આહાહા..! સામાના ગુણ અને દ્રવ્યને જાણી અને સામાની પર્યાય, એ પહેલાં (આવી ગઈ), જડની પર્યાય શબ્દ આદિ બધી પર્યાય છે. અને ગુણ દ્રવ્યને જાણીને પણ... આહાહા..! **'સારાં-નરસાં માની રાગ-દ્વેષ કરે છે તે અજ્ઞાન જ છે.'** 'જ' મુક્યો છે, જોયું? **'તે અજ્ઞાન જ છે.'** આહાહા..!

## શ્લોક-૨૨૨

(शार्दूलविक्रीडित)

पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।
तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो
रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।।२२२।।

**ફરી આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–**

**શ્લોકાર્થ :– [ पूर्ण-एक-अच्युत-शुद्ध-बोध-महिमा अयं बोधा ] પૂર્ણ, એક, અચ્યુત અને**

શુદ્ધ (-વિકાર રહિત) એવું જ્ઞાન જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા [ बोध्यात् ] જ્ઞેય પદાર્થોથી [ काम् अपि विक्रियां न यायात् ] જરા પણ વિક્રિયા પામતો નથી, [ दीपः प्रकाश्यात् इव ] જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી (-પ્રકાશાવાયોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી તેમ. [ ततः ईतः ] તો પછી [ तद्-वस्तुस्थिति-बोध-बन्ध्य-धिषणाः एते अज्ञानिनः ] એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો [ किम् सहजाम् उदासीनताम् मुञ्चन्ति, रागद्वेषमयीभवन्ति ] પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને રાગદ્વેષમય કેમ થાય છે? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.)

ભાવાર્થ :– જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો જ છે, જેમ દીપકનો સ્વભાવ ઘટપટાદિને પ્રકાશવાનો છે. એવો વસ્તુસ્વભાવ છે. જ્ઞેયને જાણવામાત્રથી જ્ઞાનમાં વિકાર થતો નથી. જ્ઞેયોને જાણી, તેમને સારાં-નરસાં માની, આત્મા રાગીદ્વેષી-વિકારી થાય છે તે અજ્ઞાન છે. માટે આચાર્યદેવે શોચ કર્યો છે કે-'વસ્તુનો સ્વભાવ તો આવો છે, છતાં આ આત્મા અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે? પોતાની સ્વાભાવિક ઉદાસીન-અવસ્થારૂપ કેમ રહેતો નથી?' આ પ્રમાણે આચાર્યદેવે જે શોચ કર્યો છે તે યુક્ત છે, કારણ કે જ્યાં સુધી શુભ રાગ છે ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી કરુણા ઊપજે છે અને તેથી શોચ થાય છે. ૨૨૨.

## શ્લોક–૨૨૨ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' ૨૨૨.

पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं
यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव।
तद्वस्तुस्थितिबोधवन्ध्यधिषणा एते किमज्ञानिनो
रागद्वेषमयीभवन्ति सहजां मुञ्चन्त्युदासीनताम्।।२२२।।

આહાહા..! અરે..! પ્રભુ કેવો છે? **'पूर्ण-एक-अच्युत-शुद्ध-बोध-महिमा अयं बोधा'** ભગવાનઆત્મા પૂર્ણ છે, અપૂર્ણ નથી. એક છે, સ્વતંત્ર જુદો એક છે એમ કહે છે. બધું થઈને એક છે એમ નહિ. અચ્યુત છે, પોતાના સ્વરૂપથી જ્ઞેયોને જાણવા છતાં પોતાના સ્વરૂપથી ચ્યુત થતો નથી. આહાહા..! આ બધા લોકો કહે છે ને? જીવો મોક્ષમાં ગયા છે પણ અહીં જો રાક્ષસો જેવાનો ઉપદ્રવ વિશેષ વધી જાય તો અવતાર લે. એ સિદ્ધાંત સાચો નથી. આહાહા..! રાક્ષસનું જોર વધી જાય, ભક્તને ભીડ વધી જાય, ભક્તને ભીડ વધી જાય એથી મોક્ષમાંથી પણ એને અવતાર ધારણ કરવો પડે છે. અવતાર ધારણ કરે, એમ આવે છે ને? એમ

નથી. આહાહા..! આ તો પૂર્ણ ને એક ને અચ્યુત છે. પોતાના સ્વભાવથી ચ્યુત થઈ ફરીને અવતાર ધારણ કરે કે ફરીને રાગ કરે એવું એ સ્વરૂપ જ નથી. આહાહા..!

**'પૂર્ણ, એક, અચ્યુત અને શુદ્ધ...'** ચાર વિશેષણ છે, ચાર વિશેષણ છે. આહા..! **'એવું જ્ઞાન...'** પૂર્ણ જ્ઞાન, એક જ્ઞાન, અચ્યુત જ્ઞાન, શુદ્ધ જ્ઞાન, **'એવું જ્ઞાન જેનો મહિમા છે...'** આહાહા..! જેના જ્ઞાનનો તો આ મહિમા છે. આહાહા..! **'એવો આ જ્ઞાયક આત્મા...'** અચ્યુત, પૂર્ણ ને એક અને શુદ્ધ એવો આ આત્મા, **'જ્ઞેય પદાર્થોથી...'** આહાહા..! જ્ઞેયમાં તો અરિહંત ને સિદ્ધ પણ આવી ગયા, પાંચ પરમેષ્ઠી પણ આવી ગયા. આહાહા..! ભગવાનની મૂર્તિ દેખીને શુભરાગ થાય છે એમ નથી, એમ કહે છે. આહાહા..! **'એવો આ જ્ઞાયક આત્મા જ્ઞેય પદાર્થોથી...'** જાણવા યોગ્ય પદાર્થથી. આહા..! પરમાણુથી માંડીને પરમાત્મા બધા આવી ગયા. પરમાણુથી માંડીને પરમાત્મા. પરમાણુમાં સ્કંધ આવી ગયા, પરમાત્મા જીવમાં સમકિતી, પાંચમા ગુણસ્થાનવર્તી (આદિ બધા) આવી ગયા. આહાહા..!

**'એવો આ જ્ઞાયક આત્મા એ જ્ઞેય પદાર્થોથી...' 'काम् अपि विक्रियां न यायात्' 'જરા પણ...'** આહાહા..! **'काम् अपि'** એટલે **'જરા પણ વિક્રિયા પામતો નથી,...'** ભગવાન પ્રત્યે રાગ આવે પણ એ તો પોતાની નબળાઈને કારણે છે. એ ભગવાન દીઠા માટે એને લઈને આવે એમ જ્ઞેય પદાર્થના સ્વભાવમાં નથી, તેમ એને લઈને અહીં થાય એવો જ્ઞાન સ્વભાવ નથી. પોતાને જરી સંસારજનિત પર્યાય છે, (તો) થાય છે. છતાં જ્ઞાની તેનાથી દૂરવર્તી છે. આહાહા..! ટૂંકી ભાષા (પણ) ભાવ ઘણાં ગંભીર. અત્યારે તો આ કકળાટ, આ ક્લેશ, આ કરવું ને આ કરવું ને મુકવું ને આ છોડવું ને આ મુકવું ને.

અહીં કહે (છે), પરમાત્મા પૂર્ણ, અચ્યુત, એક, શુદ્ધ, બુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! એ પરને માટે કાંઈ કરતો નથી અને પરને દેખીને કાંઈ એને થાતું નથી. આહાહા..! ભગવાનઆત્માનો જાણનાર સ્વભાવ જાણનાર છે. એ જણાય એ પદાર્થથી એને કાંઈ વિક્રિયા થાય (એમ નથી). જણાય એમાં તો બધા આવી ગયા. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે, આ વાતમાં ત્યાં લીધું છે, બધાને જાજું દ્રવ્ય ને બધા ગુણને જાણે માટે એને કંઈ પણ પ્રેમ આવે, એમ નથી. પરવસ્તુને લઈને નથી, પોતાની નબળાઈને લઈને આવે એ તો જાણવા લાયક દૂરવર્તી રહીને જાણવા લાયક છે. આહાહા..! કહો! દયા, દાનનો રાગ આવે એ પરચીજની દયાથી નથી આવતો, પર દુઃખી છે માટે તેને મટાડું એમ નથી આવતો. કારણ કે, એ તો જ્ઞેયમાં છે. પોતાની કમજોરીને લઈને સંસારજનિત એ સંસરણ, પરિભ્રમણના કારણે ઉત્પન્ન થતો રાગ તેનાથી પ્રભુ ચૈતન્ય દૂરવર્તી વર્તે છે. આહાહા..! આકરું કામ છે. તદ્દન નવા સાંભળનારને તો એવું લાગે, શું વાત છે? આવી કેવી વાત છે? આ જૈનનો આવો ઉપદેશ હશે? જૈનનો નહિ, વસ્તુનો સ્વભાવ જ આવો છે. વસ્તુની મર્યાદા જ એવી છે. ભગવાને કાંઈ મર્યાદા બાંધી નથી. જ્ઞેયને લઈને વિકાર એને ન થાય

એવી મર્યાદા ભગવાને બાંધી છે? ભગવાને તો જાણીને કહ્યું છે. આહાહા..! જાણ્યું એવું કહ્યું. આહાહા..!

**'જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી (પ્રકાશવા યોગ્ય ઘટપટાદિ પદાર્થોથી) વિક્રિયા પામતો નથી...'** આહાહા..! દીવાના પ્રકાશમાં સર્પ હોય કે દાગીનો હોય કે ગમે એ ઘટપટ ચીજ આદિ હોય, એ કંઈ દીવાના પ્રકાશમાં ફેરફાર કરી શકતો નથી. નાની ચીજ પડી હોય તો કાંઈ ફેરફાર (ન થાય) અને મોટી પડી હોય તો ફેરફાર એને લઈને થાય (એમ નથી). આહાહા..! પણ નાની હોય એને આત્મા નાની જાણે પણ જાણતા કાંઈ નાનીને લઈને રાગ થાય અને મોટીને મોટી કરી ભગવાનને જાણે, પણ જાણતા એને લઈને રાગ થાય એવી વસ્તુની મર્યાદા નથી. આહાહા..! આવો ધર્મ છે. આકરો ધર્મ.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એ તો પોતાના સ્વરૂપમાં બિરાજી ગયા, પણ વાણીમાં આ આવ્યું. વાણીમાં આવ્યું. ઓહો..હો..! કે, ચૈતન્યથી વિરુદ્ધ એ (શબ્દને) ચૈતન્યની ખબર નથી, શબ્દને ચૈતન્યની ખબર નથી, એ શબ્દને ખબર પણ નથી કે આ ચૈતન્ય છે. આહાહા..! એવા શબ્દમાં આવી વાણી આવી. એ વાણીને ભગવાન કર્તા નથી, ભગવાન દિવ્યધ્વનિના કર્તા નથી. એને કાંઈ મુખમાંથી વાણી નીકળતી નથી. શાસ્ત્રમાં ભાષા આવે, મુખથી બોલે, એવું આવે છે. 'પંચાસ્તિકાય'. એ તો લોકો મુખથી બોલે એટલે (કહ્યું) છે. બાકી તો આખા શરીરમાંથી અસંખ્ય પ્રદેશેથી ૐ ઉઠે. એમાંથી ગણધર દેવો અનેક પ્રકારના શાસ્ત્ર રચે.

**ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,**
**રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.**

આવે છે ને સ્તુતિમાં? એની સ્તુતિમાં 'બનારસીદાસે' સ્તુતિ કરી છે. આહાહા..!

મુમુક્ષુ :– દેવનું લક્ષણ તો હિતોપદેશ છે.

ઉત્તર :– એ તો કથનની શૈલી છે. હિતનો ઉપદેશ નીકળે છે તેથી એમ કહ્યું. કાંઈ ઉપદેશની વાણીના કર્તા નથી. આહાહા..! બહુ ફેર. હિતોપદેશ કહેવાય. આમ તો કહ્યું નહિ? કે, જ્ઞાનથી મુક્તિ થાય. આત્મા જ્ઞાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એથી એનું જ્ઞાન થાય એને મુક્તિ થાય, કોઈ ક્રિયાકાંડથી મુક્તિ થાય નહિ. અને એ જ્ઞાન સુશાસ્ત્રથી થાય અને સુશાસ્ત્ર આપ્તથી થાય, કેવળી આદિ આપ્તપુરુષની વાણી આવે. આહાહા..! સમજાણું? અર્થમાં તો ભાઈએ એવો અર્થ લીધો છે, સર્વજ્ઞદેવની એ કૃપા છે. વાણી નીકળી અને લાભ થયો એ કૃપા છે એમ કહેવાય છે. પાઠ તો એવો લીધો છે ત્યાં, ભાઈ! શું કીધું ઇ? છે ને આમાં છે ને? આ 'સમયસાર'માં છે. 'નિયમસાર'માં છે. બતાવ્યું હતું ને?

ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે. સમ્યક્–સાચું જ્ઞાન ભગવાને કહ્યું એવું જ્ઞાનથી ઇષ્ટ ફળ એટલે સિદ્ધ, સિદ્ધની પ્રાપ્તિ જ્ઞાનથી છે. એ જ્ઞાન... આહાહા..! મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. એ જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. આહાહા..! અહીં કહે, એક જ્ઞેય બીજાને

કાંઈ કરે નહિ ને થાય નહિ. ભગવાનની વાણી અનેકાંત છે. કઈ અપેક્ષાએ વાણી છે? આહા..! સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે માટે તેમના પ્રસાદને લીધે આપ્તપુરુષ બુધજનો વડે પૂજવા યોગ્ય છે. અર્થાત્... કૌસમાં ભાઈએ નાખ્યું છે, મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ (છે). ઇ જાણે છે. આહાહા..! 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી ગુરુ ગમકી.' પ્રભુ! આપની કરુણા. આહાહા..! 'શ્રીમદ્દે' કહે છે, કરુણાનો અર્થ કે, આપના જ્ઞાનમાં હું જણાણો એ જ આપની કરુણા છે. આપના જ્ઞાનમાં હું જણાણો એ જ આપની કૃપા છે. આહાહા..!

ઇ અહીં કહ્યું, **'જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી વિક્રિયા પામતો નથી તેમ. તો પછી એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો...'** આહાહા..! **'પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે...'** આહાહા..! પોતાની સ્વભાવિક **'ઉદાસીનતા કેમ છોડે છે અને રાગદ્વેષમય કેમ થાય છે? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે.)'** આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૨૮, શ્લોક-૨૨૨, ૨૨૩ મંગળવાર, જ્યેષ્ઠ વદ ૧૧, તા. ૦૮-૦૭-૧૯૮૦

---

'સમયસાર' ૨૨૨ કળશનો ભાવાર્થ છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે તો **'જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો જ છે,...'** આહાહા..! ચોથે ગુણસ્થાને પણ જે કાંઈ ક્રિયા હોય છે ખરેખર તો એને પણ એ જાણે છે. આહાહા..! સંસારમાં ચક્રવર્તીના રાજ આદિ હોય, લડાઈ આદિ હોય વિષય આદિ (હોય)... આહા..! છદ્મસ્થ છે, કોઈ ઉદય આવે એને જાણે છે, જોડાતો નથી. આહાહા..! જાણે છે ને જોડાતો નથી એ વચ્ચે પુરુષાર્થ કેટલો છે. જ્ઞાન જાણે છે અને કર્મનો ઉદય એટલે વિકાર પોતામાં પોતાથી આવ્યો, કર્મ તો નિમિત્ત છે, તેને પણ જાણવાનો જ છે. આહાહા..!

**'જેમ દીપકનો સ્વભાવ ઘટપટાદિને પ્રકાશવાનો છે. એવો વસ્તુસ્વભાવ છે.'** એ વસ્તુનો સ્વભાવ છે. **'જ્ઞેયને જાણવામાત્રથી જ્ઞાનમાં વિકાર થતો નથી.'** આહા..! જાણવા યોગ્યને જાણવાથી વિકાર થતો નથી. **'જ્ઞેયોને જાણી, તેમને સારાં-નરસાં માની, આત્મા રાગીદ્વેષી-વિકારી થાય છે તે અજ્ઞાન છે.'** આહાહા..! જાણવામાત્રથી જ્ઞાનમાં વિકાર નથી પણ જાણીને સારાં-નરસાં માની એમાં રાગી-દ્વેષી-વિકારી થાય તે અજ્ઞાન છે. કેમકે રાગ અને જ્ઞાન બેય એકત્વ કરી નાખ્યા, એથી તે અજ્ઞાન છે. આહાહા..! **'માટે આચાર્યદેવે શોચ કર્યો છે કે- 'વસ્તુનો સ્વભાવ તો આવો છે, છતાં આ આત્મા અજ્ઞાની થઈને...'** આહા..! વસ્તુનો સ્વભાવ

તો આવો જાણવાનો જ છે, સારાં-નરસાં માનવાનો એનો સ્વભાવ નથી. છતાં કહે છે **'અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે?'** એમ આશ્ચર્ય કરે છે. આહાહા..!

ભરતેશ વૈભવમાં એક વાત આવે છે. 'ભરત ચક્રવર્તી' ના વૈભવની વાત (આવે છે). સમકિતી છે, જ્ઞાની છે છતાં વિષય વાસના છે પણ એ ભોગ લે અને તરત જ અંદર ધ્યાનમાં ઉતરે ને નિર્વિકલ્પ થઈ જાય. આહાહા..! વાત આકરી છે. જગતને પકડવી (મુશ્કેલ છે). વિષયમાં જોડાય, જોડાય એટલે થાય એમ, છતાં અંતર્મુહૂર્તમાં તરત જ પાછો ધ્યાન કરે છે તો નિર્વિકલ્પ થાય છે. આહાહા..! ભરતેશ વૈભવ. ચારિત્રદોષ જુદો અને દર્શનદોષ જુદો, બેય દોષ જુદા છે. એક દોષ બીજા દોષને કરતું નથી, નહિતર તો કોઈ દિ' સુધારો થાય નહિ. આહાહા..!

**'વસ્તુનો સ્વભાવ તો આવો છે, છતાં આ આત્મા અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે?'** આહાહા..! ભગવાન તો જ્ઞાન સ્વરૂપે છે, અતીન્દ્રિય આનંદ સ્વરૂપે છે છતાં રાગરૂપે કેમ પરિણમે છે? આચાર્ય આશ્ચર્ય કરે છે, આચાર્ય આશ્ચર્ય કરે છે. આહાહા..! **'પોતાની સ્વાભાવિક ઉદાસીન-અવસ્થારૂપ કેમ રહેતો નથી?'** આહાહા..! પોતાની સ્વાભાવિક ઉદાસીન અવસ્થા. વ્યક્તિગત વાત કરે છે. બીજો જે સમકિતી હોય અને એનો સમકિતીનો દોષ કોઈ જોવે તો એ બહાર ન પાડે. ઉપગૂહન આવ્યું ને? ઉપગૂહન નામનો ગુણ. એ જુદી વસ્તુ (છે). પણ અંદરમાં વિકાર થાય છે કેમ? એમ અહીં કહે છે. વસ્તુ નિર્વિકારી સચ્ચિદાનંદ સ્વરૂપ પરમબ્રહ્મ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા તો છે. છતાં આવા રાગદ્વેષ વિકારી થાય છે તે અજ્ઞાન છે.

**'આચાર્યદેવે શોચ કર્યો છે કે-'વસ્તુનો સ્વભાવ તો આવો છે, છતાં આ આત્મા અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે? અજ્ઞાની થઈને રાગદ્વેષરૂપે કેમ પરિણમે છે?'** આહાહા..! **'પોતાની સ્વાભાવિક ઉદાસીન-અવસ્થારૂપ કેમ રહેતો નથી?''** આહાહા..! એનું સ્વરૂપ તો જાણી દેખીને વિકલ્પ ન કરવો એવું એનું સ્વરૂપ છે. વિકલ્પ કોઈ શુભ કે અશુભ કરવો જ નહિ એવું એનું સ્વરૂપ છે. છતાં એમ કે આ રાગ ને દ્વેષ કેમ થાય છે? એ આચાર્ય આશ્ચર્ય કરે છે. **'આ પ્રમાણે આચાર્યદેવે...'** આહાહા..! **'પોતાની સ્વાભાવિક ઉદાસીન-અવસ્થારૂપ કેમ રહેતો નથી?' આ પ્રમાણે આચાર્યદેવે જે શોચ કર્યો છે તે યુક્ત છે,...'** નહિતર તો મુનિ છે, છઠ્ઠે ગુણસ્થાને અને આ વિકલ્પ પાછો આવ્યો છે. આ વિકલ્પ, રાગ તો આવ્યો. આ આમ કેમ કરે છે એટલો રાગ તો આવ્યો ને?

**'કારણ કે જ્યાં સુધી શુભ રાગ છે ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી...'** આહા..! શરત તો આ. દેખીને નહિ પણ જ્યાં સુધી શુભરાગ છે, રાગ છે શુભ રાગ જ્યાં સુધી **'ત્યાં સુધી પ્રાણીઓને અજ્ઞાનથી દુઃખી દેખી કરુણા ઊપજે છે...'** હેતુ દેખવાનો નથી, હેતુ રાગનો છે. સમજાય છે કાંઈ? દેખે તો કેવળજ્ઞાની ત્રણકાળ, ત્રણલોક દેખે. દેખવાનો

દોષ નથી પણ એમાં રાગ-દ્વેષ કરે છે (એ દોષ છે). આહાહા..! તો કહે છે કે, **'અજ્ઞાનથી દુઃખી દેખી કરુણા ઊપજે છે અને તેથી શોચ થાય છે.'** આહાહા..! કહો, 'અમૃતચંદ્રાચાર્ય' ટીકાકાર (કહે છે). જે 'કુંદકુંદાચાર્યે' તીર્થંકર જેવા કામ કર્યા એમની ટીકા આમણે કરી એ ટીકાકાર આમ કહે છે. અરે..! અજ્ઞાનીને રાગ-દ્વેષ કરતાં દેખી દુઃખી દેખીને આ તને વિકલ્પ કેમ આવે છે? આહા..! કે, રાગ છે એટલે આવે છે. આહાહા..! અને તેથી શોચ પણ થાય છે. એ ૨૨૨ કળશ (પૂરો થયો). આ ૨૨૩ કળશ.

## શ્લોક-૨૨૩

(शार्दूलविक्रीडित)

रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः
पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात्।
दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं
विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।।२२३।।

હવે આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ राग-द्वेष-विभाव-मुक्त-महसः ] જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે, [ नित्यं स्वभाव-स्पृशः ] જેઓ સદા (પોતાના ચૈતન્યચમત્કારમાત્ર) સ્વભાવને સ્પર્શનારા છે, [ पूर्व-आगामि-समस्त-कर्म-विकलाः ] જેઓ ભૂતકાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત કર્મથી રહિત છે અને [ तदात्व-उदयात्-भिन्नाः ] જેઓ વર્તમાન કાળના કર્મોદયથી ભિન્ન છે, [ दूर-आरूढ-चरित्र-वैभव-बलात् ज्ञानस्य सञ्चेतनाम् विन्दन्ति ] તેઓ (-એવા જ્ઞાનીઓ) અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે- [ चञ्चत्-चिद्-अर्चिर्मयीं ] કે જે જ્ઞાન-ચેતના ચમકતી ચૈતન્યજ્યોતિમય છે અને [ स्व-रस-अभिषिक्त-भुवनाम् ] જેણે નિજ રસથી (પોતાના જ્ઞાનરૂપ રસથી) સમસ્ત લોકને સિંચ્યો છે.

ભાવાર્થ :– જેમને રાગદ્વેષ ગયા, પોતાના ચૈતન્યસ્વભાવનો અંગીકાર થયો અને અતીત, અનાગત તથા વર્તમાન કર્મનું મમત્વ ગયું એવા જ્ઞાનીઓ સર્વ પરદ્રવ્યથી જુદા થઈને ચારિત્ર અંગીકાર કરે છે. તે ચારિત્રના બળથી, કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી જે પોતાની ચૈતન્યના પરિણમનસ્વરૂપ જ્ઞાનચેતના તેનું અનુભવન કરે છે.

**અહીં તાત્પર્ય આમ જાણવું :– જીવ પહેલાં તો કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ આગમ-પ્રમાણ, અનુમાન-પ્રમાણ અને સ્વસંવેદન-પ્રમાણથી જાણે છે અને તેનું શ્રદ્ધાન (પ્રતીતિ) દૃઢ કરે છે; એ તો અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થામાં પણ થાય છે. અને જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે; તે વખતે, જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું તેમાં તે લીન થાય છે અને શ્રેણિ ચડી, કેવળજ્ઞાન ઉપજાવી, સાક્ષાત્ *જ્ઞાનચેતનારૂપ થાય છે. ૨૨૩.**

## શ્લોક–૨૨૩ ઉપર પ્રવચન

**'હવે આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે :–'** હવે ભૂતકાળનું પ્રતિક્રમણ, ભવિષ્યનું પ્રત્યાખ્યાન, વર્તમાનની આલોચના એવો જે ચારિત્રનો અધિકાર એની સૂચનારૂપે આ શ્લોક છે હવે.

**रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः**
**पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात्।**
**दूरारूढचरित्रवैभवबलाच्चञ्चच्चिदर्चिर्मयीं**
**विन्दन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य सञ्चेतनाम्।।२२३।।**

**'राग-द्वेष-विभाव-मुक्त-महसः' 'જેમનું તેજ...'** સ્વરૂપ ચૈતન્યનું તેજ, અંતર આત્માના સ્વરૂપનું તેજ **'રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે,...'** આહાહા..! જેનું સ્વરૂપ, તેજ એટલે સ્વરૂપ પ્રકાશ, ચૈતન્યનો જેનો પ્રકાશ (છે) એ સ્વરૂપે તો રાગ-દ્વેષ રહિત જ છે. સ્વરૂપમાં રાગ-દ્વેષ છે નહિ. **'જેમનું તેજ રાગદ્વેષરૂપ વિભાવથી રહિત છે,...' 'नित्यं स्वभाव-स्पृशः' 'જેઓ સદા (પોતાના ચૈતન્યમત્કારમાત્ર) સ્વભાવને સ્પર્શનારા છે,...'** આહાહા...! ચારિત્રવંતની વાત છે. પોતાનો સ્વભાવ આનંદ ને અતીન્દ્રિય શાંતિ, એને સ્પર્શનારો છે. ચારિત્ર છે ને? આ ચારિત્રની વ્યાખ્યા છે.

**'पूर्व-आगामि-समस्त-कर्म-विकलाः' 'જેઓ ભૂતકાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત**

* કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે. કેવળજ્ઞાન થયા પહેલાં પણ, નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે. જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો, સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે, કર્મચેતના અને કર્મફળચેતના નથી હોતી; કારણ કે તેને નિરંતર જ્ઞાનના સ્વામિત્વભાવે પરિણમન હોય છે, કર્મના અને કર્મફળના સ્વામિત્વભાવે પરિણમન નથી હોતું.

**કર્મથી રહિત છે...**' આહાહા..! વર્તમાનમાં એને પૂર્વનો કર્મ ઉદય આવે છતાં એનાથી ભિન્ન છે. ભવિષ્યમાં આવશે એનાથી પણ ભિન્ન છે. આહાહા..! '**ભૂતકાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત કર્મથી રહિત છે અને...**' '**तदात्व-उदयात्-भिन्नाः**' '**જેઓ વર્તમાન કાળના કર્મોદયથી (પણ) ભિન્ન છે,...**' આહાહા..! છેલ્લો અધિકાર ચારિત્રનો છે. હવેનો અધિકાર બધો ચારિત્રનો છે. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમાં સ્થિરતા કેમ જામે, એ સ્થિરતામાં પૂર્વના કર્મ, ભવિષ્યના કર્મ અને વર્તમાન ત્રણે કાળથી જુદો છે એવું જેનું ચારિત્ર છે. ચારિત્રવંતને સ્વરૂપમાં રમણતા એટલી જામી છે કે ત્રણેય કાળના કર્મથી તે ભિન્ન અનુભવ કરે છે. એનું નામ અહીં ચારિત્ર છે. આહા..! આવી ચારિત્રની વ્યાખ્યા.

'**સદા (પોતાના ચૈતન્યચમત્કારમાત્ર) સ્વભાવને સ્પર્શનારા છે,...**' રાગને સ્પર્શનારો નથી, પોતાના શુદ્ધ સ્વભાવને સ્પર્શનારો છે. આહાહા..! '**पूर्व-आगामि-समस्त-कर्म-विकलाः**' '**ભૂતકાળનાં તેમ જ ભવિષ્ય કાળનાં સમસ્ત કર્મથી રહિત છે અને જેઓ વર્તમાન કાળના કર્મોદયથી (પણ) ભિન્ન છે,...**' આહાહા..! કર્મનો ઉદય આવે છતાં વસ્તુના સ્વભાવની દૃષ્ટિ એનાથી ભિન્ન છે. એવું ચારિત્રનું સ્વરૂપ છે. '**दूर-आरूढ-चरित्र-वैभव-बलात् ज्ञानस्य सञ्चेतनाम् विन्दन्ति**' '**તેઓ (-એવા જ્ઞાનીઓ-) અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી...**' દેખો! અતિ પ્રબળ ચારિત્રના જોર, વૈભવના બળથી. આહાહા..! '**જ્ઞાનની સંચેતનાને અનુભવે છે...**' એ ત્રણે કાળના કર્મથી જુદો જ્ઞાનને વેદે છે, જ્ઞાનનો અનુભવ કરે છે. એને કોઈ ભૂત-ભવિષ્ય-વર્તમાનનો કર્મનો રાગ, રાગનો અનુભવ નથી, ચારિત્રની વ્યાખ્યા છે.

'**અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને..**' જ્ઞાનના ભાવને વેદે છે. ચારિત્રનો અર્થ--એ જ્ઞાનનું વેદવું. આત્માનો જે સ્વભાવ જ્ઞાન ને આનંદ, એનું વિશેષપણે વેદવું એનું નામ ચારિત્ર. કોઈ ક્રિયાકાંડ ચારિત્ર નથી. વસ્તુનો જે સ્વભાવ છે તેને તેના તરફનું વલણ કરીને તેને વેદવું આનું નામ ચારિત્ર. ચારિત્ર કોને કહેવું એની પણ ખબર ન મળે ને ચારિત્ર થઈ ગયા. આકરું કામ છે, ભાઈ! અનંત કાળથી, અનંત કાળ થયો. કંઈક... કંઈક... કંઈક... કંઈક... મૂળમાં ભૂલ રહી ગઈ, મૂળમાં ભૂલ રહી ગઈ. બાકી ચારિત્ર તો ક્રિયા તો બહુ કરી, ચારિત્ર નહિ પણ ક્રિયા ચારિત્રની. આહાહા..! ચામડા ઉતરડે ને ખાર છાંટે તો ક્રોધ ન કરે, છતાં અંદરમાં મિથ્યાત્વનું શલ્ય છે. આહાહા..! ત્યાં સુધી ચારિત્રના બળથી જ્ઞાનનો અનુભવ નહિ કરે.

'**चञ्चत्-चिद्-अर्चिर्मयीं**' '**કે જે જ્ઞાન-ચેતના ચમકતી ચૈતન્યજ્યોતિમય છે...**' આહાહા..! રાગને વેદવું એ કર્મ ચેતના છે. એના ફળને ખુશી અને નારાજીપણે વેદવું એ કર્મફળચેતના છે અને આ છે જ્ઞાનચેતના. આહાહા..! એકલો જ્ઞાનની સંચેતનાને અનુભવે છે. '**અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી...**' આહાહા..! હેં?

મુમુક્ષુ :– એમાં સમ્યગ્દર્શન-જ્ઞાનનું બળ ભેગું છે કે નહિ?

ઉત્તર :– છે પણ સમ્યગ્દર્શનનું જોર ચારિત્ર જેટલું નથી, જોર ચારિત્રનું છે. સમ્યગ્દર્શન કરતાં અનંતગુણો પુરુષાર્થ ચારિત્રમાં છે. ઇ તો પ્રથમ સમ્યગ્દર્શન ઉત્પન્ન થવામાં અનંત પુરુષાર્થ છે. ચારિત્રનો પુરુષાર્થ એનાથી અનંતગુણો છે. આહાહા..! એ ચારિત્ર કાંઈ સાધારણ નથી. સમ્યગ્દર્શનનો પુરુષાર્થ (છે) એનાથી ચારિત્રનો પુરુષાર્થ નબળો છે એમ નથી, અનંત ગુણો પુરુષાર્થ છે. આહાહા..!

ચારિત્ર એટલે સ્વરૂપમાં અંદર રમણતા જામી જાવી. આહાહા..! જ્ઞાનના વેદનમાં એકલું પડવું, અંદર ગરકાવ થઈ જવું. જેને પરિષહ કે ઉપસર્ગ પડ્યો છે કે નહિ એ પણ ખબર નથી, એવા વેદનમાં અંદર ચાલ્યું જાવું. વિકલ્પ આવે તો જાણે કે, આમ થાય છે. નહિતર નિર્વિકલ્પ વેદનમાં તો અંદરમાં પડ્યો છે. ઇ આવે છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં. ઉપર્સગ અને પરિષહ આવે તો જ્ઞાની ન જાણે એવું કાંઈ નથી. વિકલ્પ આવે ત્યારે જાણે. છે એમાં– 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં. જાણે ખરો કે, આ ઉપસર્ગ આવ્યો. પણ વિકલ્પ ન હોય ત્યારે તો નિર્વિકલ્પમાં સમાઈ ગયેલા હોય. બહારનો પરિષહ, ઉપસર્ગ ગમે તેવો હોય, વાઘ ખાવા બટકા ભરતો હોય. આહાહા..! સિંહ અને વાઘ (બટકા ભરતા હોય).

પોતે જંગલમાં સંથારો કર્યો હોય, એકલા પડ્યા હોય ગીરી ગુફામાં. શાસ્ત્રમાં એવો પાઠ છે. સાધુ એકલા ગીરી ગુફામાં ચાલ્યા જાય. એકલા. ત્યાં સંથારો કરે અને ત્યાં દેહ છૂટી જાય એટલે ત્યાંના સિંહ ને વાઘ ખાઈ જાય એ શરીરને. આહાહા..! એવો પાઠ છે. ગીરી ગુફામાં ચાલ્યા ગયા. કોઈ સામું ન મળે. જીવતા કોઈ વૈયાવચ્ચ કરે નહિ ને મરતા કોઈ રોવે નહિ. આહાહા..! એવી સ્થિતિમાં મુનિ ચાલ્યા જાય છે. આહાહા..! મેં સંથારો કર્યો છે કે નહિ એ ભલે દુનિયા ન જાણે. એનાથી શું છે? આહાહા..! અને દેહ છૂટીને એકલો પડ્યો રહે છે. પછી મુનિનો દેહ છે માટે એને આવી રીતે બાળવો કે.... ન્યાં તો વાઘ ને સિંહ આવીને ખાઈ જાય. આહાહા..! પોતે તો આનંદની લહેરમાં ઉઠીને ચાલ્યા ગયા હોય. આહાહા..!

શરીર છે તે વ્યાધિ આવે, અનેક પ્રકારની આવે. આહાહા..! શરીર નબળું પડી જાય, મોળું પડી જાય, ચાલતા ચક્રી આવે, ચક્રીમાં પડી જાય તો ક્યાં પડી જાય એનો મેળ ન મળે. મુનિને પણ એમ આવી જાય. આહાહા..! મુનિ આનંદમાં (છે). પડે ને આમ પડે (તો) પથરા સાથે (ભટકાઈને) માથુ ફુટી પણ ગયું હોય. અતીન્દ્રિય આનંદમાં સંચેતનમાં પડ્યા છે. એને પરિષહની ખબર પણ નથી. આહાહા..! વીતરાગી આનંદમાં પડ્યા છે.

એને **'ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે...'** એવા પરિષહ ટાણે, ઉપસર્ગ ટાણે એ તો એકલા આત્માનો જ અનુભવ કરે છે. આહાહા..! છે? **'જ્ઞાનની સંચેતનાને...'** જ્ઞાનને જ વેદે છે. જ્ઞાનનું જ વેદન, અતીન્દ્રિય આનંદનું વેદન કરે છે. આહાહા..!

જંગલમાં રહે. શરીરમાં રોગ આવે, કોઈ ચક્રી આવે. હવે ન્યાં જંગલમાં ક્યાં સરખું

ચાલવાનું હોય? જ્યાં-ત્યાં પગ પડ્યો હોય, પડી જાય, ફડાક પડી જાય. ન્યાં ઝાડ હોય કે પથરા હોય, માથું અથડાય. આહાહા..! છતાં એ આનંદમાં છે. ચારિત્રવંત તો અતીન્દ્રિય જ્ઞાનની સંચેતનામાં છે, એમ કહે છે. જ્ઞાનનું સંચેતન–જ્ઞાનનું સમ્યક્ પ્રકારે વેદવું, એને અનુભવે છે. આહાહા..! ચારિત્ર કોઈ સાધારણ ચીજ નથી, ભાઈ! ચારિત્ર તો કોઈ અલૌકિક ચીજ છે. આહા..! લુગડા ફેરવ્યા ને નાગા થઈ ગયા એટલે ચારિત્ર થઈ ગયું કે પંચ મહાવ્રતના પરિણામ કદાચિત્ થયા તો ચારિત્ર થઈ ગયું એમ નથી કાંઈ. આહાહા..!

**'પ્રબળ ચારિત્રના વૈભવના બળથી...'** ખૂબી છે ને? આહાહા..! ભાર છે ને? **'दूर-आरूढ-चरित्र-वैभव-बलात् ज्ञानस्य सञ्चेतनाम् विन्दन्ति'** અતિ પ્રબળ ચારિત્રના જોરથી. આહાહા..! અંતરના પુરુષાર્થમાં આત્મા તરફના ઉગ્ર પુરુષાર્થથી જ્ઞાનને વેદે છે. એ પરિષહ કે ઉપસર્ગ આવ્યો એનું વેદન નથી, તેના તરફનો વલણનો રાગ પણ નથી. આહાહા..! આ ચારિત્ર દશા.

કાલે સાંભળ્યું હતું ને? બેન આવ્યા ને? 'રાજકુમારસિંહ' સાત વાર પડી ગયા. શરીરમાં એવો ફેરફાર હશે તો ચાલતાં ચાલતાં છ વાર તો પડ્યા. સાતમી વાર પડતા અસાધ્ય થઈ ગયા. વીસ કરોડનો આસામી. શું ધૂળ કરે ન્યાં પૈસા? આહાહા..! ન્યાં આવ્યા હતા ને? ત્યાં 'મુંબઈ' 'મલાડ', 'મલાડ'માં. 'મલાડ' ને? ઇ 'મલાડ' હતું? ત્યાં આવ્યા હતા ને.

મુમુક્ષુ :– હોસ્પીટલમાં આવ્યા હતા.

ઉત્તર :– એ ન્યાં પણ આવ્યા હતા, પણ અમારી પાસે આવ્યા હતા. હોસ્પીટલમાં કોણ ગયા હતા? આ તો 'રાજકુમારસિંહ' આવ્યા હતા ને અહીં? અમે હતા ત્યાં આવ્યા હતા, ઇસ્પતાલની કોણ વાત કરે છે? બે જણા આવ્યા હતા. પણ શરીર જોયું તો આખું ફરી ગયેલું. અમે જ્યાં ઉતર્યા હતા ત્યાં આવ્યા હતા. 'રાજકુમારસિંહ'. આહા..! મોઢુ-બોઢુ ફેરફાર ને કાંઈ દેખાવામાં કાંઈ દેખાય. આ? રાજકુમાર આ? શરીર આખું ફરી ગયેલું. પુણ્યનો ઉદય જ્યાં જાય તો બધું ખલાસ. આહાહા..!

**'અતિ પ્રબળ ચારિત્રના વૈભવના બળથી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે કે જે જ્ઞાન-ચેતના ચમકતી ચૈતન્યજ્યોતિમય છે...'** આહાહા..! એ ચૈતન્યજ્યોતિ ચમકતી પ્રકાશમય આનંદમય ચમકતી છે, જેમાં ખેદ અને રાગનો અંશ હદ નથી, અડતો નથી. એવી એ ચૈતન્ય ચમકતી જ્યોતિ છે. આહાહા..! એને એ અનુભવે છે. **'स्व-रस-अभिषिक्त-भुवनाम्' 'જેણે નિજ રસથી (પોતાના જ્ઞાનરૂપ રસથી), જેણે નિજ રસથી (પોતાના જ્ઞાનરૂપ રસથી) સમસ્ત લોકને સિંચ્યો છે.'** આહાહા..! જેણે નિજ રસથી... આહાહા..! **'સમસ્ત લોકને સિંચ્યો છે.'** આખા લોકને શાંતિ છે, આખા લોક ઉપર શાંતિ થઈ ગઈ. પોતે એકલા શાંતિમાં પડ્યો છે.

તે દિ' ઇ આવ્યા ત્યારે આપણે હોસ્પિટલમાં આવ્યા? ઠીક હા. ત્યાં આવ્યા હતા. થોડા દિવસ રહ્યા હતા ને તાવને લઈને. થોડા દિવસ સાત, આઠ દિ' રહ્યા હતા. પછી ગુજરી ગયા. આહાહા..! વીસ કરોડ રૂપિયા. 'રાજકુમારસિંહ' દેખાવ જુઓ તો આમ મોઢુ

ફરી ગયેલું. મેં કીધું, રાજકુમાર છે? કોણ છે આ? દેહની સ્થિતિ આવી છે. ન્યાં કરોડો રૂપિયા હોય તો શું કામના? ડૉક્ટર પણ શું કરે ને વૈદો પણ શું કરે ત્યાં? આહાહા..!

આ અંદરમાં જાગ્યો જ્યાં આત્મા... આહાહા..! એને કોઈ બહારની મદદની જરૂર નથી. અંદરથી જ્ઞાનની ચેતના અનુભવતા સમસ્ત લોકને સિંચ્યો એટલે બધા લોકને જાણે છે. સિંચ્યો એટલે બધા લોકની ગમે તેટલી પ્રવૃત્તિ થાય તેને તે જાણે જ છે. આહાહા..! શરીરમાં ગમે તેમ થાઓ, સંપ્રદાયમાં ગમે તેમ થાઓ, શિષ્યોમાં ગમે તેમ થાઓ. આહાહા..! જાણે છે. એ સિદ્ધ જાણે છે, બીજું કાંઈ છે નહિ. આહાહા..! આવું કરવું પડશે, હોં! આની આ સ્થિતિ રહેશે નહિ. આહાહા..! આવી દશા આવ્યા વિના મુક્તિ થાશે નહિ. આહાહા..! મોક્ષ આવી સ્થિતિ વિના થાય? એકલા સમકિતથી કે શ્રદ્ધાથી કાંઈ થાય નહિ. આહાહા..! ચારિત્ર વિના (નહિ થાય). ચારિત્ર આવું–બાહ્યમાં નગ્ન દશા, કપડાનો ટૂકડો નહિ, અંદરમાં એક રાગનો વિકલ્પ નહિ, રાગનો અંશ નહિ. આહાહા..! એ આનંદની દશામાં રમતા, સિંચન કરતાં લોકની સ્થિતિ ગમે તેટલી હોય એ બધાને જાણે છે. આહાહા..!

**'સમસ્ત લોકને સિંચ્યો છે.'** એટલે? જ્ઞાનરસથી જાણે છે, એમ. સિંચ્યો છે એટલે જે કાંઈ પણ લોક, રાજા હોય ને મુનિ થયા હોય અને છેલ્લે સ્થિતિમાં ઘણા જોવા આવે આમ એની ઉપર ક્યાંય નજર નથી. જ્ઞાનાનંદમાં નજર પડી છે, વેદનમાં પડ્યો છે, એમ કહે છે. આહાહા..! જ્ઞાનનું આનંદ એનું નામ આ ચારિત્ર, આ ચારિત્રની હવે વ્યાખ્યા છે.

ભાવાર્થ :– **'જેમને રાગદ્વેષ ગયા, પોતાના ચૈતન્યસ્વભાવનો અંગીકાર થયો...'** નાસ્તિ અસ્તિ કરી, રાગ-દ્વેષ ગયા અને પોતાનો ચૈતન્યસ્વભાવનો અંગીકાર થયો. આહાહા..! ચૈતન્ય સ્વભાવ જેણે અંગીકાર કરીને પકડ્યો, **'અને અતીત, અનાગત તથા વર્તમાન કર્મનું મમત્વ ગયું...'** ત્રણે કાળના કર્મનું મમત્વ ગયું. પડિકમણાની વાત છે ને આ? પડિકમણું, પચ્ચખાણ, આલોચના. **'એવા જ્ઞાનીઓ સર્વ પરદ્રવ્યથી જુદા થઈને...'** આહાહા..! **'ચારિત્ર અંગીકાર કરે છે.'** પરદ્રવ્યથી જુદા પડીને અંતર આનંદમાં... આહાહા..! એ ચારિત્ર એટલે આનંદને અંગીકાર કરે છે. આહાહા..! ચારિત્રની ઉગ્રતા એનું નામ તપ છે, એવો લેખ છે. તપ એટલે શું? ચારિત્રની દશામાં પુરુષાર્થની ઉગ્રતા એટલે આનંદ, એનું નામ તપસ્યા છે. એવો લેખ છે. આહાહા..!

**'તે ચારિત્રના બળથી,...'** આહાહા..! **'કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી...'** અંદર જ્ઞાનચેતના, જ્ઞાનનું સંચેતન, વેદન એની આગળ રાગની ચેતના એ કર્મચેતના કહેવાય. રાગની, રાગ. અને એના હરખ-હોંશ ને શોકની વેદના એ કર્મફળચેતના. એ બેયનો જેને અભાવ છે. આહાહા..! જે આનંદની લહેરમાં ઝુલે છે. આહાહા..! **'ચારિત્રના બળથી, કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી જે પોતાની ચૈતન્યના પરિણમનસ્વરૂપ...'** પોતામાં ચૈતન્યનું પરિણમન સ્વરૂપ, **'જ્ઞાનચેતના તેનું અનુભવન કરે છે.'** અહીં તો ચારિત્રવંત જ્ઞાનચેતનાનો

અનુભવ કરે છે એમ આવ્યું. 'પંચાસ્તિકાય'માં એમ આવે છે, જ્ઞાનચેતના કેવળીને હોય. કઈ અપેક્ષા છે એને જાણવું જોઈએને? ત્યાં પૂરી જ્ઞાનચેતનાની વ્યાખ્યા છે. અહીં ચારિત્રવંતની (વ્યાખ્યા) છે. ત્યાં જ્ઞાનચેતના કેવળીને હોય એમ કહ્યું છે અને અહીંયાં જ્ઞાનચેતના ચોથે, પાંચમે, છઠ્ઠે શરૂ થઈ જાય છે. આહાહા..!

ચક્રવર્તી બળદેવ, વાસુદેવ હોય છે સમકિતી એ સંસારમાં હોય. આહાહા..! રાજકુમારો મોટા અબજોની પેદાશ દિવસની, એ પણ અંદરમાં રમતા હોય છે. સમકિતી અંદરમાં રમતા હોય છે પર ઉપર એના મારાપણાના મમત્વનો નાશ થઈ ગયો છે. પર મારા છે તેનો નાશ થઈ ગયો છે અને હું પૂર્ણ છું તેની અસ્તિનું ભાન થઈ ગયું છે, જાગૃત દશા થઈ ગઈ છે. આહાહા..! ઝીણી વાત બહુ. અંદરનું અસ્તિત્વ જ્ઞાન ને આનંદ જેની હયાતી, ચારિત્ર ને શાંતિ એ જ્યાં પ્રગટ્યા છે. આહાહા..! અને દુનિયા તરફના વલણના ભાવનો નાશ થઈ ગયો છે. છે? **'પોતાની ચૈતન્યના પરિણમનસ્વરૂપ જ્ઞાનચેતના તેનું અનુભવન કરે છે.'** આહાહા..!

**'અહીં તાત્પર્ય આમ જાણવું :– જીવ પહેલાં તો કર્મચેતના અને કર્મફળચેતનાથી ભિન્ન પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ...'** આહા..! ત્યાં કીધું, જુઓ! ત્રણ પ્રકાર લીધા. ૧૭ મી ગાથામાં એમ ન લીધું, ૧૭ મી ગાથામાં એમ લીધું, સીધો આત્મા જાણે. અને અહીંયાં જરીક **'આગમ-પ્રમાણ, અનુમાન-પ્રમાણ અને સ્વસંવેદન-પ્રમાણથી જાણે છે...'** ક્રમ બતાવ્યો છે. આહાહા..! ત્યાં ૧૭ મી ગાથામાં તો પાધરો સીધો આત્મા (લીધો છે). કોઈ પરની અપેક્ષા નહિ.

અહીંયાં કહે છે કે, પ્રથમ જ્ઞાનચેતના કોને કહેવી? ભગવાન જ્ઞાન સ્વરૂપ છે એમાં અંતરમાં વેદનમાં એકાગ્ર થવું એનું નામ જ્ઞાનચેતના છે. આહાહા..! ઇ પહેલાં **'કર્મચેતના ને કર્મફળચેતનાથી ભિન્ન...'** કર્મચેતના એટલે કર્મ એટલે જડ નહિ. રાગ અને દ્વેષનું થવું એ કર્મચેતના. અને કર્મફળચેતના એટલે હરખ-શોકનું થવું તે કર્મફળચેતના. જડ કર્મનું ફળ નહિ. આહાહા..!

એ **'પોતાની જ્ઞાનચેતનાનું સ્વરૂપ આગમ-પ્રમાણ,...'** થી પહેલા સાંભળે, આગમ પ્રમાણથી જાણે, ઓળખે કે, આને જ્ઞાનચેતના કહે છે, રાગના વિકલ્પને કર્મચેતના કહે છે અને એના વેદનને કર્મફળચેતના કહે છે, એમ આગમથી પહેલું જાણવું. સમજાણું? વીતરાગે કહેલા, દિવ્યધ્વનિથી રચાયેલા શાસ્ત્રોથી પહેલું જાણવું. આહાહા..!

ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે,
રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય ટાળે.

ભગવાનની ત્રિલોકનાથની વાણી એ શાસ્ત્રની રચનામાં આવે છે, આ બધી વ્યાખ્યા એ જાણે પહેલી. આગમ-પ્રમાણથી જાણે, આગમ તે આ આગમ, હોં! સર્વજ્ઞ વીતરાગ કેવળીના મુખે શ્રીમુખે નીકળેલી સંતોએ કહેલી, ચારિત્ર નગ્ન મુનિ દિગંબરે શાસ્ત્ર રચીને કહ્યું, એ

આગમ, બીજા આગમ નહિ. આહાહા..! આગમ-પ્રમાણથી જાણે તો પહેલાં આગમને ઓળખવા પડશે ને એને? સાચા આગમ ક્યા છે ને ખોટા આગમ ક્યા છે?

મુમુક્ષુ :– દિગંબરના નામે ખોટા શાસ્ત્ર લખ્યા હોય તો પરીક્ષા કેમ કરવી?

ઉત્તર :– દિગંબરમાં ખોટા કોઈ હોય નહિ. કોઈએ સહેજ ફેરફાર લખ્યો હોય તો એ ફેરફાર રહે નહિ, લાંબો કાળ ટકે નહિ. આવે છે 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં, 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં આવે છે. એમાં કોઈ ખોટી વાત થોડી ચલાવે પણ લાંબો કાળ ચાલે નહિ. એને તોડનારો, નાશ કરનાર નીકળે જ. છે? એમાં છે. છે, એને ખબર નથી. આહા..!

મુમુક્ષુ :– વીસપંથીએ કોઈ શાસ્ત્ર રચના કરી હોય તો...

ઉત્તર :– .... એ રહે નહિ, લાંબો કાળ રહે નહિ, ટકી શકે નહિ, ન્યાય આગળ લાંબો કાળ ખોટા આગમ રહી શકે નહિ. કોઈ અંદર નાખે ઘરનું કો'ક તો લાંબો કાળ ચાલે નહિ. તોડનાર એના નાશ કરનારા નીકળે જ. આ તો સત્યનો પંથ છે, પરમ સત્યનો પ્રવાહ છે. આહાહા..! એમાં ખોટા અસત્યનો પ્રવાહ ન ચાલે. ચારિત્રદોષ હોય પણ શ્રદ્ધા-જ્ઞાનનો દોષ ન હોય. એ દોષ ટકે નહિ કોઈ દિ'. આહાહા..!

આગમ-પ્રમાણથી એટલે આગમ એટલે વીતરાગે કહેલા શાસ્ત્ર પ્રમાણે. શ્વેતાંબરે બાંધેલા છે એ આગમ-પ્રમાણ નથી. એ આગમ નથી. એ આગમ-પ્રમાણથી નિર્ણય કરવાનો છે નહિ. આહાહા..! આકરું લાગે. વીતરાગે કહેલા જે દિગંબર સંતોએ બાંધેલા, એણે કહેલા જે આગમ એ આગમ-પ્રમાણથી પહેલો નિર્ણય કરે. પછી અનુમાન પ્રમાણ કરે, કે આમ હોય તો આમ હોય. રાગ હોય તો કર્મચેતના ને ફળ હોય તો કર્મફળચેતના (હોય). રાગ રહિત હોય તો જ્ઞાનચેતના (હોય). એમ અનુમાનથી નક્કી કરે.

**'અને સ્વસંવેદન-પ્રમાણથી જાણે છે...'** પછી સ્વ–પોતાના વેદનથી જાણે. આહાહા..! આ હોય છે એટલું. પણ એ વેદન કાળે એ છૂટી જાય છે. આહાહા..! આગમ-પ્રમાણ અને અનુમાન-પ્રમાણ અનુભવમાં છૂટી જાય છે. એ ૪૯ ગાથામાં આવ્યું છે ને? 'સમયસાર'માં. અનુમાન-પ્રમાણ નહિ, 'સમયસાર' માં ૪૯ ગાથામાં આવી ગયું છે. અનુમાન-પ્રમાણને છોડીને પણ સીધો સાક્ષાત ચૈતન્યના વેદનનું પ્રમાણ. એ પ્રમાણ સાચું. અનુમાન-પ્રમાણ એ પરોક્ષ છે, વ્યવહાર છે. આહાહા..! છે ને? અંદર ૪૯ ગાથામાં છે. જુઓ! ૪૯ ગાથા છે ને? જુઓ!

**'આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને...'** આમાં ગુજરાતીમાં ૧૦૧ પાનું છે, ૧૦૧ પાનું. ચોથી લીટી છે, ચોથી લીટી. **'અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...'** છે? અનુમાન છે એ તો પરોક્ષ છે. આવે ભલે પણ એનાથી અંદર વેદનમાં ન કામ આવે. અહીં કાઢી નાખ્યું, પહેલું કાઢી નાખ્યું. આહાહા..! **'સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...'**

છે? આહાહા..! અનુમાનને તો ‘સ્વામી કાર્તિકેય’ માં વિકલ્પમાં પણ નાખ્યું છે. જેમ શ્રુતવિકલ્પા નયા, એમ અનુમાનને પણ પ્રમાણમાં ન નાખતા વિકલ્પમાં પણ નાખ્યું છે. ‘સ્વામી કાર્તિકેય’. અનુમાન તે એક વિકલ્પ છે, પ્રમાણ વિકલ્પ પ્રમાણ. આહાહા..! કઈ અપેક્ષાએ ક્યાં છે એ જાણવું જોઈએને?

મુમુક્ષુ :- ‘રાજમલજી’ એ ‘કળશ-ટીકા’માં બાર અંગના જ્ઞાનને વિકલ્પ બતાવ્યો છે.

ઉત્તર :- એ તો છે, વિકલ્પ કહેવાય. પણ બાર અંગમાં કહ્યું છે અનુભૂતિ. એ આવ્યું છે એમાં ન્યાં. આત્મામાં આનંદનો અનુભવ કરવો એ વસ્તુ છે, બાર અંગનો સાર (છે). બાર અંગમાં આ આવ્યું છે. બાકી બાર અંગ પોતે વિકલ્પ છે. તેથી અહીં કહ્યું ને? એ કાઢીને જાણે પણ પછી સ્વસંવેદન પ્રમાણથી જાણે. જોયું? આહાહા..! સ્વ નામ પોતાના સ્વ પ્રત્યક્ષ, સ્વસંવેદન પ્રમાણ, આ પ્રમાણ છે. અનુમાન-પ્રમાણ કરતાં, આગમ-પ્રમાણ કરતાં પણ આ પ્રમાણ. આહાહા..! સ્વસંવેદન–સ્વ નામ પોતાના આનંદનું વેદન, આહાહા..! એના પ્રમાણથી જાણે છે.

**‘અને તેનું શ્રદ્ધાન (પ્રતીતિ) દઢ કરે છે;...**’ લ્યો! આ જાણીને એની શ્રદ્ધાન દઢ કરે છે; **‘એ તો...**’ અહીં સુધી તો **‘અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થામાં પણ થાય છે.’** અહીં તો સાતમાની ઉત્કૃષ્ટ અવસ્થા લેવી છે ને! અપ્રમત્ત દશામાં વિકલ્પ જ્યાં નથી. શું કીધું? કે, આ જે સ્વસંવેદન પ્રમાણ જાણે છે ને તેનું શ્રદ્ધાન કરે છે, દઢ કરે છે. એ તો ચોથે ગુણસ્થાને પણ હોય છે, પાંચમામાં પણ હોય છે અને છઠ્ઠામાં પણ હોય છે. વિકલ્પ છે ને ત્યાં હજી? સ્વસંવેદનને આગમથી, અનુમાનથી નક્કી કરે પછી વેદનથી (પ્રમાણ કરે). આહાહા..!

**‘અને જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે...**’ લ્યો! આહા..! ત્યારે પછી વિકલ્પ આગમ પ્રમાણ અંદર રહેતું નથી. **‘અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે;...**’ ત્યાં પછી આગમ-પ્રમાણ ને અનુમાન-પ્રમાણ ને ત્યાં રહેતું નથી, એમ કહે છે. આહાહા..! આવું ઝીણું છે. લોકોએ વેરી નાખ્યો છે જૈનધર્મ. આમ જાણે સાધારણ આ દયા પાળવી ને વ્રત કરવા. અજૈનને જૈન ઠરાવી દીધું છે. જૈન એટલે તે શું? બાપુ! એ તો વસ્તુનો સ્વભાવ છે. આહાહા..! ચળકતી, ચમકતી ચૈતન્યજ્યોત, પૂર્ણ આનંદ ને પૂર્ણ ગુણથી ભરેલી. એવો જેનો સ્વભાવ છે એવા અનંતા આત્માને જેણે જાણ્યો છે, એથી અનંત ગુણા પરમાણુને જેણે જાણ્યો છે એવા કેવળીના વચનો નીકળે એ વાણી છે, એ આગમ છે. આહાહા..!

ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે,
રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય ટાળે.

ભગવાનની વાણી સાંભળીને આગમ રચે. કલ્પનાથી આગમ રચે એ આગમ નહિ. આહાહા..! ઇ આવે છે ‘બનારસીદાસ’ માં. ‘જિનાદેશ જાતા...’ આ ભગવાનની સ્તુતિ જ્યારે

કરે ને? આ આપણે જ્ઞાનપંચમી હતી ને? સ્તુતિ કરે ત્યારે ગાતા હતા ને? એ આવે છે, ‘જિનાદેશ જાતા..’ એની પહેલાં પાંચ બોલ આવે છે એમાં આ શબ્દ આવે છે,

ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,
રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.

આમાં છે. આ બીજામાં, અહીં સ્તુતિ નથી અહીં, સ્તુતિ આવે છે ને?

મુમુક્ષુ :– આગમ, અનુમાનમાં ગુરુ પરંપરા કેવી રીતે લીધી છે?

ઉત્તર :– ઇ પરીક્ષા કરતાં બધું પ્રમાણ થઈ જાય. લોકની પરિક્ષા કેમ કરે છે? નાણા લેવા જાય, કેરી લેવા જાય તો પરીક્ષા કરે છે કે નહિ? અહીં પરીક્ષા કરવી ને? આહા..! એમાં એ ન નીકળ્યું? હંમેશા બોલાય છે. ....

ણમો કેવળ, ણમો કેવળરૂપ ભગવાન,
મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,
રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે,
સો સત્યાર્થ શારદા તાસુ ભક્તિ ઉર આણુ.
છંદ ભુજંગ પ્રયાત્મે અષ્ટ કહું બખાન.

અહીં ‘**પોતાના સ્વરૂપનું ધ્યાન કરે છે; તે વખતે, જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું, પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું તેમાં તે લીન થાય છે...**’ ચારિત્ર છે ને? ‘**અને શ્રેણિ ચડી,...**’ આહાહા..! ચારિત્ર વિના મુક્તિ નથી. પણ ચારિત્ર કહેવું કોને એ સમજવું કઠણ છે. એક જણો કહેતો હતો, ચારિત્ર વિના મુક્તિ નથી. પણ ચારિત્ર કેવું? આ લુગડા છોડીને નગ્ન થયો તો ચારિત્ર થઈ ગયા? ‘**જ્યારે અપ્રમત્ત અવસ્થા થાય છે ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ ધ્યાન કરે છે; તે વખતે, જે જ્ઞાનચેતનાનું તેણે પ્રથમ શ્રદ્ધાન કર્યું હતું તેમાં તે લીન થાય છે અને શ્રેણિ ચડી, કેવળજ્ઞાન ઉપજાવી, સાક્ષાત્ *જ્ઞાનચેતનારૂપ થાય છે.**’ લ્યો!

હેઠે છે ‘**કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે. કેવળજ્ઞાન થયા પહેલાં પણ, નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે. જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો, સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે, કર્મચેતના અને કર્મફળચેતના નથી હોતી; કારણ કે તેને નિરંતર જ્ઞાનના સ્વામિત્વભાવે પરિણમન હોય છે, કર્મના અને કર્મફળના સ્વામિત્વભાવે પરિણમન નથી હોતું.**’ એટલે ચોથેથી જ્ઞાનચેતના શરૂ થાય છે અને તેરમે પુરી થાય છે. વિશેષ કહેશે...(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૪૨૯, શ્લોક-૨૨૩ ગાથા-૩૮૩ થી ૩૮૬ બુધવાર, જ્યેષ્ઠ વદ ૧૨, તા. ૦૯-૦૭-૧૯૮૦**

'સમયસાર' ૫૪૭ પાનું છે ગુજરાતી. અહીંથી છે. **'અતીત કર્મ પ્રત્યે...'** પહેલી જ્ઞાનની વાત નીચે આવી ગઈ છે. **'કેવળજ્ઞાની જીવને...'** નીચે નોટ. **'સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે.'** કેવળજ્ઞાની પ્રભુને એકલી જ્ઞાનચેતના પૂર્ણ હોય છે. જ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું એ પૂર્ણ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. **'કેવળજ્ઞાન થયા પહેલાં પણ, નિર્વિકલ્પ અનુભવ વખતે...'** છદ્મસ્થને પણ વિકલ્પ વિના જ્યારે નિર્વિકલ્પ અનુભવમાં હોય, જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એવા ત્રણ ભેદનો પણ જ્યાં વિકલ્પ નથી અને ધ્યાનમાં હોય ત્યારે એને જ્ઞાનચેતના કહેવાય છે. **'ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે.'** એ ઉપયોગાત્મક જ્ઞાનચેતના. **'જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાને મુખ્ય ન કરીએ તો,...'** જ્ઞાન અને ઉપયોગમાં જ્ઞાનની એકાગ્રતા, એના ઉપયોગની જ્ઞાનચેતના. **'મુખ્ય ન કરીએ તો, સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે,...'** આહાહા..! ધર્મીજીવને આત્માનો આનંદ ને જ્ઞાન, એની એકાગ્રતાનો સ્વાદ હંમેશાં હોય છે. આહાહા..!

જ્ઞાનચેતના એટલે આત્માનો જે જ્ઞાન સ્વભાવ એની એકાગ્રતાનો સ્વાદ. જ્ઞાનની એકાગ્રતા એટલે આનંદનો સ્વાદ. એ તો નિરંતર હોય છે. ધર્મીજીવને જ્ઞાનચેતના નિરંતર હોય છે. ઉપયોગાત્મકપણે થાય ત્યારે જુદી વાત, ત્યારે તો અંતર ધ્યાનમાં હોય છે પણ બહારમાં વિકલ્પ હોય. આહાહા..! અરે..! લડાઈ આદિ, વિષય આદિના રાગ હોય તોપણ અંદરની જ્ઞાનચેતના છે તે કાંઈ નાશ પામતી નથી. આહા..! એ જ્ઞાનચેતનાની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને નિરંતર હોય છે. સંસારના કામ-કાજમાં જોડાણો દેખાય છતાં એને જાણવું જે આત્માનું જ્ઞાન, એકાગ્રતા એ જ્ઞાનચેતના તો નિરંતર હોય છે. સંસારના કામ-કાજમાં જોડાવા છતાં કે દેખાવા છતાં જ્ઞાન ચેતન્યનું ભાન, જ્ઞાનની એકાગ્રતા અને જ્ઞાનનું વેદન તો નિરંતર હોય છે.

ત્રણ પ્રકાર કહ્યા. એક પૂર્ણ જ્ઞાનચેતના કેવળીને, એક ઉપયોગાત્મક જ્ઞાનચેતના છદ્મસ્થ ધર્મીને પણ હોય, ઉપયોગાત્મક જેને કહે. ઉપયોગ જ્ઞાનમાં જ એકાગ્ર થઈ ગયો છે, નિર્વિકલ્પ બે. અને ત્રીજું, નિર્વિકલ્પ ઉપયોગને મુખ્ય ન ગણીએ... આહા..! તો જ્ઞાનનું એકાગ્રપણું ધર્મીને પહેલે દરજ્જે ચોથે ગુણસ્થાનથી-સમ્યગ્દષ્ટિથી જ્ઞાનની એકાગ્રતા નિરંતર હોય છે. સમજાય છે આમાં કાંઈ?

મુમુક્ષુ :- ઉપયોગની એકાગ્રતા કેવી રીતે હોય?

ઉત્તર :- ધ્યાનમાં, ધ્યાનમાં. જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય ત્રણના ભેદ પણ છૂટી જઈ જ્ઞાનમાં ઉપયોગ એકાગ્ર થાય એને ઉપયોગાત્મક કહે છે. આત્મા જ્ઞાનમાં આનંદમાં એકાગ્ર થાય

એને વિકલ્પ પણ રહે નહિ, નિર્વિકલ્પ ઉપયોગ થઈ જાય એને ઉપયોગાત્મક જ્ઞાનચેતના કહે છે. સમજાય છે?

પૂર્ણ જ્ઞાનચેતના પરમાત્માને (હોય) પણ છદ્મસ્થમાં પણ જ્ઞાનચેતના બે પ્રકારની છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય, સ્ત્રી, કુટુંબ-પરિવાર હોય છતાં પણ જ્ઞાનચેતના સમ્યગ્દર્શન જો હોય તો હોય છે અને એ જ્ઞાનચેતના બે પ્રકારે હોય છે. જ્યાં જ્ઞાનમાં ધ્યાનમાં જામી જાય એને ઉપયોગાત્મક જ્ઞાનચેતના કહે છે. અને ઉપયોગ એમાં ન રહે અને ઉપયોગ બીજામાં હોય, સંસારના કોઈ રાગમાં, દ્વેષમાં, વિકલ્પમાં હોય છે, છતાં જ્ઞાનચેતના છે એ નિરંતર હોય છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :– એને લબ્ધરૂપ જ્ઞાનચેતના કહેવાય?

ઉત્તર :– જ્ઞાનચેતના સદાય હોય છે. ઉઘાડરૂપ જ હોય છે. ઉપયોગરૂપ ભલે ન હોય. આહાહા..!

મુમુક્ષુ :– શુદ્ધ પરિણતિ અને જ્ઞાનચેતનામાં શું ફેર?

ઉત્તર :– ઇ તો બધું એક જ છે. શુદ્ધ જ્ઞાનચેતના એટલે આત્મા પોતાના જ્ઞાન સ્વરૂપમાં એકાગ્રતા. ઇ એકાગ્રતાના ત્રણ પ્રકાર. જ્ઞાન સ્વભાવમાં એકાગ્રતાના ત્રણ પ્રકાર. (૧) જ્ઞાનની પૂર્ણ એકાગ્રતા એ કેવળીને (હોય). (૨) છદ્મસ્થને પૂર્ણ એકાગ્રતા નથી પણ એને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે. એટલે કે આત્મા જ્ઞાતા-જ્ઞેય ને જ્ઞાન એવા ત્રણ ભેદ ભૂલીને એકલી જ્ઞાનચેતનાનું વેદનમાં, નિર્વિકલ્પ જ્ઞાન વેદનમાં હોય એને ઉપયોગ જ્ઞાનચેતના કહે છે અને (૩) ઉપયોગ રાગાદિમાં હોય. આહાહા..! આવી ઝીણી વાત છે. ઉપયોગ રાગ-દ્વેષ આદિ સંસારના કામ આદિમાં હોય છતાં અંતર જ્ઞાનચેતના હોય. જ્ઞાન પોતામાં એકાગ્ર થયું છે એ રાગથી ભિન્ન પડ્યું છે એ તો સદાય રહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ધર્મ સૂક્ષ્મ વાત છે, પ્રભુ! વીતરાગ માર્ગ કેવો છે? આહા..! એક તો જ્ઞાનચેતના હોય ને લડાઈ કરતો હોય. છતાં એ ઉપયોગાત્મક જ્ઞાનચેતના નહિ. તેમ પૂર્ણ જ્ઞાનચેતના કેવળીને છે એ નહિ. પણ જ્ઞાન આત્મામાં એકાગ્ર થયું છે રાગથી ભિન્ન પડીને, એ જ્ઞાનચેતના તો નિરંતર રહે છે. સમજાય છે? શું કહે છે?

મુમુક્ષુ :– સ્વભાવનું અવલંબન છૂટતું નથી એમ કહેવા માગો છો?

ઉત્તર :– તદ્દન દ્રવ્યનું અવલંબન છે જ એને. જ્ઞાનચેતના જ્ઞાન છે એટલે દ્રવ્યનું ધ્યેય એ સદાય છે. ઉપયોગાત્મક હોય ત્યારે તો છે પણ વિકલ્પમાં, રાગમાં, દ્વેષમાં, સંસારના કોઈ વિષય, રાગાદિમાં હોય છતાં જ્ઞાન એકાગ્રતાની જ્ઞાનતા સદાય હોય છે. આહાહા..! નીચે આવ્યું છે ને? એ માથેનો ખુલાસો કર્યો છે. આહાહા..!

વાત એવી છે, કે આતમ સ્વરૂપ ભગવાન જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, એ તો પરમાત્મ સ્વરૂપ છે. એ પરમાત્મ સ્વરૂપનું અંદર ભાન, જ્ઞાનનું એકાગ્ર થવું, જ્ઞાન જે રાગમાં એકત્વબુદ્ધિ

અનાદિની છે એ જ્ઞાન જ્ઞાનમાં એકાગ્રબુદ્ધિ થવી એને જ્ઞાનચેતના કહે છે. એ જ્ઞાનચેતનાના પ્રકાર ત્રણ. પૂર્ણ જ્ઞાનચેતના કેવળીને, છદ્મસ્થને જ્ઞાનચેતના બે પ્રકારની. અંદર જ્ઞાનમાં ઉપયોગ જામી ગયો હોય, વિકલ્પમાં લક્ષ પણ નથી એવી સ્થિતિનું ધ્યાન પણ સમકિતીને હોય છે. ચોથે ગુણસ્થાને પણ હોય છે. આહાહા..! ઝીણી વાત છે. જ્ઞાન જ્ઞાનમાં જામી જવું, રાગનું લક્ષ ન રહેવું, રાગથી એકતા તો તૂટી છે છતાં રાગ બાકી રહ્યો છે એમાં પણ જોડાણ ન રહે અને અંદરમાં એકાગ્ર થાય એ ઉપયોગાત્મક જ્ઞાનચેતના કહેવામાં આવે છે. અને રાગમાં આવે અને જ્ઞાનચેતના તો રહે જ, ઉપયોગ એમાં ભલે ન (હોય), ઉપયોગ રાગમાં આવી જાય, દ્વેષમાં, કોઈ વિકલ્પમાં, સંસારના વિષય કષાય રાગાદિ (હોય) છતાં જ્ઞાનચેતના આત્માની તો સદાય નિરંતર રહે, એ રાગને જાણનાર ભિન્ન છે એ તો સદાય રહે. આહાહા..!

મુમુક્ષુ :– ધ્યાન, ધ્યાતા અને ધ્યેયનો ભેદ પરિણતિમાં જણાય?

ઉત્તર :– પર્યાયમાં જ્યાં સુધી વિકલ્પ છે તો જણાય, વિકલ્પ છે એમાં જણાય કે આત્મા જ્ઞાતા છે, આ જ્ઞાન છે, આ જ્ઞેય છે. પણ એ વિકલ્પ હોય. નિર્વિકલ્પ ઉપયોગમાં એ ત્રણ જણાય નહિ. ત્રણ જણાય તો ઉપયોગ અંદરમાં રહે નહિ. આહાહા..! આવી ધર્મની વાતું છે. એ કાંઈ જાજું (વધારે) જાણપણું થાય તો જ આ થાય એવું કાંઈ નથી.

અંતર દૃષ્ટિનો પલટો મારે છે, દૃષ્ટિ જે પર્યાય ને રાગ ઉપર છે એ દૃષ્ટિ જ્ઞાયક ધ્રુવ ઉપર જાય છે એ પલટામાં જ્ઞાનચેતના પ્રગટ થાય છે. પછી એ જ્ઞાનચેતનાના ત્રણ પ્રકાર. છદ્મસ્થ જ્ઞાન છે એ વિકલ્પમાં વર્તતો હોય ત્યારે જ્ઞાન કહેવાય એ પણ નિરંતર જ્ઞાનચેતના એ હિસાબે તો હોય. ઉપયોગમાં વર્તે ત્યારે વિકલ્પ ન હોય ને ઉપયોગમાં વર્તે ત્યારે રાગ ન હોય પણ ધ્યાનમાં એકાગ્ર હોય. એવું પણ છદ્મસ્થમાં જ્ઞાનચેતનાનો બીજો ભાગ હોય છે. અને જ્ઞાનની પૂર્ણતા પ્રગટ સાક્ષાત્ લીધું છે ને? જ્ઞાન જુઓને! શબ્દ આવ્યો ને? **'કેવળજ્ઞાન ઉપજાવી સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ થાય છે.'** છેલ્લો શબ્દ આવ્યો. સાક્ષાત્ એટલે પૂર્ણ થઈ. આહાહા..! સમજાય છે? ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

હવે વાત, જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય આનંદ છે એનું ભાન તો નિરંતર વર્તતું હોય. હવે એ ઉપરાંત ચારિત્રની દશા કેવી હોય એનું વર્ણન છે. એ જ્ઞાનચેતના ન હોય ને ચારિત્ર હોય (એમ) ત્રણકાળમાં બને નહિ. કારણ કે, માણસ તો એમ કહે ને કે, આ જાણપણું કર્યું શાસ્ત્રનું, હવે અમે ચારિત્ર લઈ લઈએ. આહા..! તો એ ચારિત્ર નથી. અંતર જ્ઞાનના આનંદનો સ્વાદ આવીને જ્ઞાનચેતના પ્રગટી હોય એને પછી વિશેષ સ્વરૂપમાં ઠરવાનું ચારિત્ર કેવું હોય એનું વર્ણન છે. આહાહા..! આમાં તમારા હીરા-માણેકમાં આવું તો કોઈ દિ' આવ્યું ન હોય. માથાકુટ મજુરી મોટી, મોટા મજૂર. આહા..!

ભગવાનઆત્મા પરમાત્મ સ્વરૂપ જ બિરાજમાન છે. દરેકનો આત્મા પરમાત્મા જ છે પણ એની પર્યાયમાં ફેર છે. રાગની એકતા માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, રાગની એકતા

તૂટીને જ્ઞાન સ્વરૂપનું ભાન કરે તે સમ્યગ્દષ્ટિ છે. એ જ્ઞાનચેતનાવાળો ઉપયોગમાં જામી જાય છે ત્યારે ઉપયોગાત્મક ચેતના છે. ઉપયોગમાં ન હોય ને અમસ્તા વિકાર આદિના વિકલ્પમાં હોય અને છતાં જ્ઞાનચેતના નિરંતર રહે. અને એ જ્ઞાનચેતના રાગ રહિત થઈ અને સાક્ષાત્ પૂર્ણ જ્ઞાન થઈ જાય એ કેવળજ્ઞાનને હોય. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત છે. હવે એ જ્ઞાન થયા ઉપરાંત, આત્માનું જ્ઞાન થયું રાગ રહિત ભિન્ન છતાં રાગ બાકી હતો એ અચારિત્ર હતો, અચારિત્ર. એને હવે ચારિત્ર કેવું હોય એનું વર્ણન છે.

**'અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે તે આત્મા પ્રતિક્રમણ છે,...'** આ પ્રતિક્રમણ જે કરે છે એ પડિકમણુ નહિ. એ પડિકમણુ કર્યું હશે ને બહારમાં? ઘડિયા. આહાહા..! આ તો પ્રતિ– પાછો ફરી, રાગથી પાછો ફરી અને સ્વરૂપમાં જે જ્ઞાન હતું એ જ્ઞાનમાં વિશેષ શાંતિ આવે, સ્થિરતા આવે એને ચારિત્ર કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રત્યક્ષ અને પરોક્ષમાં શું ભેદ છે?

ઉત્તર :– પ્રત્યક્ષ-પરોક્ષ કાંઈ છે નહિ. જ્ઞાન તે પ્રત્યક્ષ જ છે. જ્ઞાન છે એનું સ્વરૂપ ખરેખર તો પ્રત્યક્ષ જ છે. એ રાગમાં જોડાય તોપણ જ્ઞાન તો ત્યાં પ્રત્યક્ષ વેદનમાં છે. આમ પૂર્ણ દેખાય નહિ એ અપેક્ષાએ ભલે પરોક્ષ કહેવાય. શ્રુતજ્ઞાનને પરોક્ષ કહે છે. શ્રુતજ્ઞાન પરોક્ષ. પણ ખરેખર તો એ જ્ઞાનની અંદર એકાગ્રતા છે અંદર એને કોઈ બહારનું અવલંબન નથી. એ અપેક્ષાએ તે પ્રત્યક્ષ જ છે. આહાહા..! રાગની અપેક્ષા લઈએ સાથમાં તો તે જ્ઞાનને પરોક્ષ કહેવામાં આવે. આહાહા..!

હવે, **'અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે...'** રાગની એકતા તો તૂટી છે. હવે રાગ બાકી રહ્યો એના ત્યાગની વાત છે. આહાહા..! આ ચારિત્ર તો બહુ દુષ્કર છે. એમાં અત્યારે આ કાળે ચારિત્ર છે એ તો અલૌકિક છે! બહારથી માને ભલે કોઈ, નગ્નપણે પંચ મહાવ્રત પાળે એ ચારિત્ર છે, (પણ) એ ચારિત્ર નથી. અહીંયાં તો પૂર્વનો શુભ-અશુભ જે ભાવ એ જ કર્મ (છે), એનો જ્યાં ત્યાગ (થયો) અને એટલી જ્યાં અંદરમાં સ્થિરતા (થઈ) એનું નામ ચારિત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ (છે) એવું ભાન (થવા) ઉપરાંત રાગ થાય છે ત્યાં સુધી તે જ્ઞાનચેતના ઉપયોગાત્મક નથી. હવે ઉપયોગાત્મક થયા છતાં ચારિત્ર ન હોય. ચોથે, પાંચમે ઉપયોગાત્મક થાય છતાં ચારિત્ર ન હોય. આહાહા..! 'પંડિતજી'!

ઉપયોગાત્મક જ્ઞાનચેતના જુદી ચીજ છે, ચારિત્ર જુદી ચીજ છે. ઉપયોગાત્મક જ્ઞાનચેતના ચોથે, પાંચમે પણ થાય. આહાહા..! પણ ચારિત્ર તો વસ્તુની સ્થિરતા છે. અંદર જેવું ભાન (થયું) ને જોયું એમાં જામ્યો છે. શુભાશુભભાવથી રહિત થઈ અને તેમાં એકાગ્રમાં જામ્યો એ જ્ઞાનચેતના ઉપર સ્થિરતા થઈ એનું નામ ચારિત્ર છે. આહાહા..! આવી વાત છે. સાધારણ સમાજમાં ધર્મ તો આ છે. અને ધર્મ કાંઈ સાધારણ સમાજ માટે બીજો થઈ જાય અને

અમુક સમાજ માટે ધર્મ બીજો એવું કાંઈ છે? સત્ય આ એક પ્રકારનું જ છે. પરમ સત્ય, ચિદાનંદ ભગવાન પરમ સત્ય તેનું જ્ઞાન તે જ જ્ઞાન છે અને તેમાં રમણતા-સ્થિરતા કરવી તે ચારિત્ર છે.

મુમુક્ષુ :- જેટલો કષાયનો અભાવ થયો એટલી તો ચોથા ગુણસ્થાને સ્થિરતા છે ને.

ઉત્તર :- એ અભાવની તો નાસ્તિથી વાત છે. અભાવની વાત કરી નથી. સ્થિરતા કરી, બસ! અભાવની વાત ન કરી. એ તો નાસ્તિની વાત છે. અંદર સ્થિરતા જામે છે. સ્વરૂપમાં સ્થિરતા જામીને આનંદ ને શાંતિની વૃદ્ધિ થાય છે. એ આનંદ ને શાંતિ ચોથે ને પાંચમે હતી એથી ચારિત્રમાં આનંદ ને શાંતિની વૃદ્ધિ થાય છે. જ્ઞાન ભલે ન વધે, જ્ઞાન એટલું ને એટલું રહે. આહાહા..! અરે..! થોડું જ્ઞાન પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જેટલું હોય. એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! એનું જે જ્ઞાન થયું, સ્વજ્ઞેયને પકડ્યો એમાં વિશેષ સ્થિરતા થઈ, વીતરાગતા વધી, શાંતિ ને આનંદ વધ્યો ત્યારે તેણે શુભાશુભ ભાવકર્મ છોડ્યું. અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડ્યું, એનો અર્થ આ. મમત્વ છોડ્યું એ સમજાવવું છે. ખરેખર (તો) આમ અંદર સ્થિર થાય છે ત્યારે મમત્વ રહેતું નથી. સમજાવે છે એ રીતે. આહા..!

**'અતીત કર્મ પ્રત્યે...'** એટલે ભૂતકાળના ગયા કાળના શુભાશુભભાવ પ્રત્યે જે જ્ઞાનીને પણ અસ્થિરતા હતી... આહાહા..! એ અસ્થિરતા ટળતા, એ અસ્થિરતા. હોં! એકલા અજ્ઞાનીની વાત નથી. જ્ઞાનીને અતીત કાળ પ્રત્યે, આત્માનું જ્ઞાન હોવા છતાં એ અસ્થિરતાની મમતા હતી તે મમતા છોડે તે આત્મા પ્રતિક્રમણ છે. આહાહા..! આ પ્રતિક્રમણની વ્યાખ્યા. રાગ અને દ્વેષના વિકલ્પથી પાછા ફરવું અને સ્વરૂપમાં ઠરવું એનું નામ પ્રતિક્રમણ છે. ચાલતા પ્રવાહથી જુદી જાત છે. બહારના પડિકમણા કર્યા ને પડિકમણા કર્યા ને સામાયિક કરી ને.. આહાહા..! જ્યાં હજી ચૈતન્ય વસ્તુ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો ગંજ પ્રભુ, એનો જ્યાં હજી સ્વાદ ને પત્તો ખાધો નથી તેને અંદર સામાયિક ને પોષા થાય એ ત્રણકાળમાં ન થાય. સમજાય છે કાંઈ?

એથી અહીં કહે છે, ગયા કાળનું કર્મ. કર્મ શબ્દે શુભાશુભભાવ. એના પ્રત્યે **'મમત્વ છોડે તે આત્મા પ્રતિક્રમણ છે,...'** તે આત્મા પ્રતિક્રમણ છે. આહાહા..! સમજાવવું છે ને? નહિતર કર્મ પ્રત્યે મમત્વ છોડે એમ પણ નથી, છોડવું પણ નથી. ઠરે છે ત્યાં છૂટી જાય છે એને છોડવું કહે છે. આહાહા..! આનંદ સ્વરૂપનું જ્ઞાન તો છે, અતીન્દ્રિય આનંદનું આત્મજ્ઞાન છે પણ એમાં ઠરી જાય છે, ઠરે છે ત્યારે રાગ ઉત્પન્ન થતો નથી તેને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આટલી બધી વાતે પહોંચવું. અરે..! ક્યાં મનુષ્ય દેહ. આહાહા..! અને ક્યાં દુઃખી? ચોરાશી લાખ યોનિના પ્રાણીઓ ક્યાં દુઃખી, કેવા દુઃખી, કેવા દુઃખી! વેદનવાળાને ... આહાહા..!

એક ઠેકાણે 'નારણભાઈ' ગયા હતા અને કહેતા હતા કે, પારસી હતા. તે ભૂંડને ભૂંડ, જીવતું ભૂંડ, એના લોઢાના સળિયા વડે પગ બાંધ્યા અને અગ્નિની ભઠ્ઠી હતી એમાં નાખ્યું. જીવતું હોં! જીવતું. આહાહા..! એ કેવી પીડા હશે? એથી અનંતગુણી પીડા તો પહેલી નરકમાં છે ઉષ્ણ, શીત વેદના સાતમીમાં છે. આહાહા..! એમ ને એમ વાંચી જાય ને ગોખી જાય એ વાત જુદી છે. એના ખ્યાલમાં આવવું કે આ વેદન આવું. આહાહા..! એ દુઃખનું વેદન! જીવતા અગ્નિમાં શેકે. આહાહા..! આ શાક પણ લીલોતરી જીવ છે કે નહિ? એ પાણીમાં શેકાય છે ને? ઊના પાણીમાં. આહાહા..! દૂધી, ઘીંસોડા, તુરીયા એ જીવ છે. પાણીમાં ધગધગતા થઈ શેકાય જાય છે. આહાહા..! ઇ વેદના કેવી હશે? ખ્યાલમાં કરી નથી એણે. ઇ જાણે કે, આ ઘીંસાડો પાણીમાં નાખીએ છીએ, આમાં આ નાખ્યું આ. આહાહા..!

મુમુક્ષુ :– એમાં દુઃખ કોને વધારે? ભૂંડને વધારે કે એકેન્દ્રિય જીવને વધારે?

ઉત્તર :– દુઃખ?

મુમુક્ષુ :– હા દુઃખ ..

ઉત્તર :– દુઃખ તો વેદે એને જાજું છે ને. આને તો મિથ્યાત્વ છે. આને હું કામ કરું છું એવી માન્યતા એ તો મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનું એને દુઃખ છે અને આને વેદનનું દુઃખ છે. મિથ્યાત્વ તો છે જ અજ્ઞાનીને. આહાહા..!

મુમુક્ષુ :– આ એમ કહે છે, ભૂંડ પંચેન્દ્રિય જીવને એ ...

ઉત્તર :– એમાં કાંઈ ફેર નહિ, વેદન બધાને એના પ્રમાણમાં હોય છે. પંચેન્દ્રિયને વધારે વેદન, એકેન્દ્રિયને ઓછું એવું નથી. આહાહા..! ઇન્દ્રિય એક જ છે એટલે એટલું વેદન જણાય. બાકી વેદન... આહાહા..! ચૈતન્યની જાતને ભૂલી અને દુઃખની જ્વાળામાં સળગે છે, બાપા ! આહાહા..! એવો અનંતીવાર થયો છે, એક આત્માના જ્ઞાન વિના. આહાહા..!

ઇ અહીં કહે છે. **'અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે...'** ભવિષ્યમાં શુભાશુભભાવ ન થાય એવી પ્રતિજ્ઞા. આહાહા..! ભવિષ્યમાં શુભાશુભભાવ ન થાય એવી પ્રતિજ્ઞા. સમકિત સહિત જ્ઞાનચેતનાની ભૂમિકામાં એને અહીંયાં પ્રત્યાખ્યાન કહે છે. આહાહા..! છે? **'(કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે) તે આત્મા પ્રત્યાખ્યાન છે;...'** આહાહા..! **'(અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે)...'** ભાવની વાત છે ને આમાં? આહાહા..! ભવિષ્યમાં જે ભાવ થવાના તેની પ્રતિજ્ઞા કરે (છે) કે, એ ભાવ કરીશ જ નહિ. આહાહા..! એટલે સ્વરૂપમાં ઠરે છે. વર્તમાન જ એટલો ઠરે છે કે ભવિષ્યમાં એ શુભાશુભભાવ થાય જ નહિ, એને પ્રત્યાખ્યાન કહે છે. ભાવથી છે, જુઓને! **'બંધાય તે ભાવોનું...'** અહીં કર્મની વાત નથી. પહેલા અતીત કર્મ પ્રત્યે (કહ્યું) એ કર્મ પણ શુભાશુભભાવ છે. આહા..! આ પણ **'અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે (અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે) તે આત્મા પ્રત્યાખ્યાન છે...'** આહાહા..!

જ્યાં સુધી આ ભવિષ્યની પરપદાર્થ પ્રત્યે કંઈ પણ આસક્તિ ને મમતા રહે છે ત્યાં સુધી તે અપ્રત્યાખ્યાની છે. આહાહા..! ઝીણી વાત ઘણી. ભવિષ્યના વિકલ્પોનો પણ જેમાં વર્તમાનમાં ત્યાગની પ્રતિજ્ઞા. વર્તમાનમાં જ સ્થિર થાય છે. આહાહા..! ભવિષ્યમાં શુભાશુભભાવ ન થાય એવી રીતે વર્તમાનમાં ફેર થાય છે એને પ્રત્યાખ્યાન કહે છે. આ ચારિત્રનો અધિકાર છે. છેલ્લી ગાથાઓ છે ને? સમ્યગ્દર્શન સહિત ચારિત્ર કેવું હોય? આહાહા..!

કેટલાને તો ક્યાં પડી છે? બહારના વેપાર-ધંધા, ખાવા-પીવા, રાંધવા, દીકરા-દીકરીને જાળવવા. આહા..! અરે..રે..! એ તો વખત ચાલ્યો જાય છે. આવો મનુષ્યનો એક એક સમય મહા કિંમતી છે એમાં કરવાનું આ છે. આહાહા..! ન થઈ શકે તોપણ એની પ્રતીતિમાં તો આ લેવા જેવું છે કે, ભવિષ્યના શુભભાવથી પણ લાભ થાશે એમ નથી. ભવિષ્યના પણ શુભાશુભભાવનો ત્યાગ એનું નામ વર્તમાન પ્રત્યાખ્યાન છે. આહાહા..! શુભભાવ કરશું તો કાંઈક લાભ થાશે એમ નથી. આહાહા..! આને પ્રત્યાખ્યાન કહે છે. અને હાથ જોડીને આમ કરો... એ પ્રત્યાખ્યાન નથી.

આત્માનું જ્ઞાન છે, આત્મા તરફનું વલણનું વેદન છે પણ થોડું છે. એમાં વિશેષ વેદન માટે રાગ-દ્વેષ છૂટી જાય છે, વિશેષ વેદન થતાં છૂટી જાય છે તેને અહીંયાં પ્રત્યાખ્યાન કહે છે. આહાહા..! અને ત્રીજું **‘ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે...’** એટલે કે વર્તમાનમાં શુભાશુભભાવ થવા ન દે. મમત્વ છોડે એટલે થવા જ ન દે. આહાહા..! થાય અને મમત્વ છોડે એ નહિ. મમત્વ છોડે એનો અર્થ ઇ. આહાહા..! વર્તમાન શુભાશુભભાવને થવા ન દે **‘તે આત્મા આલોચના છે;...’** આહાહા..! વાતે વાતે ફેર છે. વર્તમાન જગતને સત્ય તત્ત્વ બહુ દૂર છે. બહારમાં જરીક શરીર ઠીક મળે, સાધન મળે પાંચ, પચાસ લાખ રૂપિયા, બાયડી-છોકરા અનુકૂળ હોય, થઈ રહ્યું... ‘હું પહોળો ને શેરી સાંકડી’ થઈ ગઈ. આહા..! એને મારું શું છે, શું અત્યારે છે, શું મને વેદન થઈ રહ્યું છે, ભવિષ્યમાં શું થશે એનો પણ વિચાર ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :– એ વિચાર કરવો એવું સાંભળ્યું છે ક્યાં?

ઉત્તર :– વાત સાચી. સાંભળવા જ મળવું મુશ્કેલ છે. બહારથી જ હંકાર્યું બધું... આ પડિકમણા કર્યા ને. આહાહા..! (સંવત) ૧૯૮૦ ની સાલમાં બધા પડિકમણા કરતા. આવે બધા. ‘ઠાકરશી’ નહિ? ‘ભુરાભાઈ’ ‘ઠાકરશી ગોપાણી’ ભાઈ એના બધા પડિકમણા કરે. એક ફેરી મેં પૂછ્યું કે, ‘એલા આ અનુભવ એટલે શું?’ (તો કહે), ‘આપણે એવું હોય નહિ.’ ૧૯૮૦ ની સાલ. આ ક્રિયાકાંડ પણ આમાં વિભાવ અને વિભાવનો અનુભવ નહિ એ શું ચીજ? વિભાવ કોને કહેવો અને વિભાવનો અનુભવ કરવો અને વિભાવનો અનુભવ છોડવો એ શું ચીજ છે? એ કાંઈ નહિ, કાંઈ નહિ. એવી વાત આપણે ન હોય. આહા..!

'અમદાવાદ'માં છે ને? આપણું ખાડીયાનું મંદિર, મંદિરની પાસે એનો બાપ.

વર્તમાન ભાવની મમતા છોડે તે આત્મા આલોચના છે. **'સદાય આવાં પ્રતિક્રમણ,...'** સદાય આવા પ્રતિક્રમણ. (રૂઢિગત) કરે છે એવા નહિ. **'સદાય આવાં પ્રતિક્રમણ, (સદાય આવાં) પ્રત્યાખ્યાન અને (સદાય આવાં) આલોચનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે.'** એનું નામ ચારિત્ર છે. આહાહા..! અહીંયાં તો લુગડા છોડ્યા ને બાયડી-છોકરા છોડ્યા ને પંચ મહાવ્રત (લીધા) તો થઈ ગયું ચારિત્ર. અરે..! ભાઈ! ચારિત્ર તો... આહાહા..! એની વ્યાખ્યા ચારિત્રનું સ્વરૂપ વાસ્તવિક સ્વરૂપ સાંભળવું કઠણ પડે ત્યાં એ ચારિત્રની દશા... આહાહા..! વાત કરે ત્યારે તો બધી કરે ને? પંચમ આરામાં ન થઈ શકે એમ કાંઈ નથી. **'આવાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો...'** આ પ્રમાણે વર્તતો **'આત્મા ચારિત્ર છે.'** આમ વર્તતો આત્મા ચારિત્ર છે. ચારિત્ર એ આત્માની સ્થિરતાની રમત છે. આહાહા..!

મુમુક્ષુ :– સ્થિરતા વધે એટલે મમત્વ છૂટે કે મમત્વ છૂટે એટલે સ્થિરતા વધે?

ઉત્તર :– એ કાંઈ નહિ. સ્થિરતા અહીં વધી એટલે મમત્વ ઉત્પન્ન થાય જ નહિ. એ તો પછી સમજાવવું હોય તો શી રીતે સમજાવે? મમત્વ છોડે, આ છોડે એમ સમજાવાય ને? છોડવું શું? અહીં જ્યાં અંદર એકાગ્ર થયો તો એ (ભાવ) ઉત્પન્ન ન થયા એ છોડ્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! આત્મા આત્મામાં આનંદમાં સ્થિર થયો ત્યાં જેટલા એ દુઃખરૂપ વિકલ્પ ઉત્પન્ન થયા નહિ, જેટલો આનંદમાં હતો એટલા, એનું નામ ત્યાગ એમ કહેવામાં આવે છે. આમ છે. આહાહા..! વાતે વાતે ફેર પડી ગયો અને ન્યાયે ન્યાયે વાત ફરી ગઈ આખી.

શ્રોતા :– આપનામાં જ આવા ભાવ ખોલવાનું સામર્થ્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધામાં સામર્થ્ય છે ને, નાથ ! પ્રભુ ! તું ભગવાન છે ને, નાથ ! તને અલ્પ કરીને બોલાવવો કલંક છે. આહા..હા..! અહીં તો એ કહ્યું ને ? હું કઈ નયથી અલ્પ માનું ? આ..હા..હા..! પ્રભુ ! અહીં તો પૂર્ણાનંદનો નાથ એક સમયમાં જેવી સત્તા છે, જેવી સત્તા સિદ્ધની છે એવી સત્તા તારી છે, એમ જ્યાં ભાન થયું (તો) હું કઈ નયથી ભેદ જાણું ? કઈ નયથી જાણું ? આહા..હા..! પ્રભુ ! વ્યવહારનયથી જાણો, એમ એટલું તો થોડું રાખો ! પંડિતજી ! બધી નય ઉડાડી દીધી. વ્યવહારનય તો રાખો. એ વ્યવહારનય તો આવી ગઈ કેમકે કુબુદ્ધિ અને સુબુદ્ધિ એટલો ભેદ તો પાડી દીધો. આહા..હા..!

(ગુરુ કહાન દ્રષ્ટિ મહાન, ભાગ-૧, પૃષ્ઠ સંખ્યા-૯૫)

## ગાથા-૩૮૩-૩૮૬

कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।
तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।३८३।।
कम्मं जं सुहमसुहं जम्हि य भावम्हि बज्झदि भविस्सं।
तत्तो णियत्तदे जो सो पच्चक्खाणं हवदि चेदा।।३८४।।
जं सुहमसुहमुदिण्णं संपडि य अणेयवित्थरविसेसं।
तं दोसं जो चेददि सो खलु आलोयणं चेदा।।३८५।।
णिच्चं पच्चक्खाणं कुव्वदि णिच्चं पडिक्कमदि जो य।
णिच्चं आलोचेयदि सो हु चरित्तं हवदि चेदा।।३८६।।

कर्म यत्पूर्वकृतं शुभाशुभमनेकविस्तरविशेषम्।
तस्मान्निवर्तयत्यात्मानं तु यः स प्रतिक्रमणम्।।३८३।।
कर्म यच्छुभमशुभं यस्मिंश्च भावे बध्यते भविष्यत्।
तस्मान्निवर्तते यः स प्रत्याख्यानं भवति चेतयिता।।३८४।।
यच्छुभमशुभमुदीर्णं सम्प्रति चानेकविस्तरविशेषम्।
तं दोषं यः चेतयते स खल्वालोचनं चेतयिता।।३८५।।
नित्यं प्रत्याख्यानं करोति नित्यं प्रतिक्रामति यश्च।
नित्यमालोचयति स खलु चरित्रं भवति चेतयिता।।३८६।।

यः खलु पुद्गलकर्मविपाकभवेभ्यो भावेभ्यश्चेतयितात्मानं निवर्तयति, स तत्कारणभूतं पूर्वं कर्म प्रतिक्रामन् स्वयमेव प्रतिक्रमणं भवति। स एव तत्कार्यभूतमुत्तरं कर्म प्रत्याचक्षाणः प्रत्याख्यानं भवति। स एव वर्तमानं कर्मविपाकमात्मनोऽत्यन्तभेदेनोपलभमानः आलोचना भवति। एवमयं नित्यं प्रतिक्रामन्, नित्यं प्रत्याचक्षाणो, नित्यमालोचयंश्च, पूर्वकर्मकार्येभ्य उत्तरकर्मकारणेभ्यो भावेभ्योऽत्यन्तं निवृत्तः, वर्तमानं कर्मविपाकमात्मनोऽत्यन्तभेदेनोपलभमानः, स्वस्मिन्नेव खलु ज्ञानस्वभावे निरन्तरचरणाच्चारित्रं भवति। चारित्रं तु भवन् स्वस्य ज्ञानमात्रस्य चेतनात् स्वयमेव ज्ञानचेतना भवतीति भावः।

અતીત કર્મ પ્રત્યે મમત્વ છોડે તે આત્મા પ્રતિક્રમણ છે, અનાગત કર્મ ન કરવાની પ્રતિજ્ઞા કરે (અર્થાત્ જે ભાવોથી આગામી કર્મ બંધાય તે ભાવોનું મમત્વ છોડે) તે આત્મા પ્રત્યાખ્યાન છે અને ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે તે આત્મા આલોચના છે; સદાય આવાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે.- આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :–

શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,
તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.
શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,
તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે. ૩૮૪.
શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,
તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.
પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,
નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.

ગાથાર્થ :– [ पूर्वकृतं ] પૂર્વે કરેલું [ यत् ] જે [ अनेकविस्तरविशेषम् ] અનેક પ્રકારના વિસ્તારવાળું [ शुभाशुभम् कर्म ] (જ્ઞાનાવરણીયાદિ) શુભાશુભ કર્મ [ तस्मात् ] તેનાથી [ यः ] જે આત્મા [ आत्मानं तु ] પોતાને [ निवर्तयति ] *નિવર્તાવે છે, [ सः ] તે આત્મા [ प्रतिक्रमणम् ] પ્રતિક્રમણ છે.

[ भविष्यत् ] ભવિષ્ય કાળનું [ यत् ] જે [ शुभम् अशुभम् कर्म ] શુભ-અશુભ કર્મ [ यस्मिन् भावे च ] તે જે ભાવમાં [ बध्यते ] બંધાય છે [ तस्मात् ] તે ભાવથી [ यः ] જે આત્મા [ निवर्तते ] નિવર્તે છે, [ सः चेतयिता ] તે આત્મા [ प्रत्याख्यानं भवति ] પ્રત્યાખ્યાન છે.

[ सम्प्रति च ] વર્તમાન કાળે [ उदीर्णं ] ઉદયમાં આવેલું [ यत् ] જે [ अनेकविस्तरविशेषम् ] અનેક પ્રકારના વિસ્તારવાળું [ शुभम् अशुभम् ] શુભ-અશુભ કર્મ [ तं दोषं ] તે દોષને [ यः ] જે આત્મા [ चेतयते ] ચેતે છે-અનુભવે છે-જ્ઞાતાભાવે જાણી લે છે (અર્થાત્ તેનું સ્વામિત્વ-કર્તાપણું છોડે છે), [ सः चेतयिता ] તે આત્મા [ खलु ] ખરેખર [ आलोचनम् ] આલોચના છે.

[ यः ] જે [ नित्यं ] સદા [ प्रत्याख्यानं करोति ] પ્રત્યાખ્યાન કરે છે, [ नित्यं प्रतिक्रामति च ] સદા પ્રતિક્રમણ કરે છે અને [ नित्यम् आलोचयति ] સદા આલોચના

* નિવર્તાવવું = પાછા વાળવું; અટકાવવું; દૂર રાખવું.

કરે છે, [ सः चेतयिता ] તે આત્મા [ खलु ] ખરેખર [ चरित्रं भवति ] ચારિત્ર છે.

ટીકા :– જે આત્મા પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે, તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે; તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને (ભવિષ્યકાળના કર્મને) પચખતો થકો, પ્રત્યાખ્યાન છે; તે જ આત્મા, વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો, આલોચના છે. એ રીતે તે આત્મા સદા પ્રતિક્રમતો (અર્થાત્ પ્રતિક્રમણ કરતો) થકો, સદા પચખતો (અર્થાત્ પ્રત્યાખ્યાન કરતો) થકો અને સદા આલોચતો (અર્થાત્ આલોચના કરતો) થકો, પૂર્વકર્મના કાર્યરૂપ અને ઉત્તરકર્મના કારણરૂપ ભાવોથી અત્યંત નિવૃત્ત થયો થકો, વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો, પોતામાં જ-જ્ઞાનસ્વભાવમાં જ-નિરંતર ચરતો (વિચરતો, આચરણ કરતો) હોવાથી ચારિત્ર છે (અર્થાત્ પોતે જ ચારિત્રસ્વરૂપ છે). અને ચારિત્રસ્વરૂપ વર્તતો થકો પોતાને-જ્ઞાનમાત્રને-ચેતતો (અનુભવતો) હોવાથી (તે આત્મા) પોતે જ જ્ઞાનચેતના છે, એવો ભાવ (આશય) છે.

ભાવાર્થ :– ચારિત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું વિધાન છે. તેમાં, પૂર્વે લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો તે પ્રતિક્રમણ છે, ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન છે અને વર્તમાન દોષથી આત્માને જુદો કરવો તે આલોચના છે. અહીં તો નિશ્ચયચારિત્રને પ્રધાન કરીને કથન છે; માટે નિશ્ચયથી વિચારતાં તો, જે આત્મા ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે, તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે, પોતે જ પ્રત્યાખ્યાન છે અને પોતે જ આલોચના છે. એમ પ્રતિક્રમણસ્વરૂપ, પ્રત્યાખ્યાનસ્વરૂપ અને આલોચનાસ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન તે જ નિશ્ચયચારિત્ર છે. જે આ નિશ્ચયચારિત્ર, તે જ જ્ઞાનચેતના (અર્થાત્ જ્ઞાનનું અનુભવન) છે. તે જ જ્ઞાનચેતનાથી (અર્થાત્ જ્ઞાનના અનુભવનથી) સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે.

---

## ગાથા–૩૮૩ થી ૩૮૯ ઉપર પ્રવચન

---

**‘આવું ચારિત્રનું વિધાન હવેની ગાથાઓમાં કહે છે :–’** આ ચારિત્રનો આવો જે પ્રકાર અને એનો જે વિસ્તાર હવેની ગાથામાં કહે છે. ગાથા.

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।**
**तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।३८३।।**
**कम्मं जं सुहमसुहं जम्हि य भावम्हि बज्झदि भविस्सं।**
**तत्तो णियत्तदे जो सो पच्चक्खाणं हवदि चेदा।।३८४।।**

**जं सुहमसुहमुदिण्णं संपडि य अणेयवित्थरविसेसं।**
**तं दोसं जो चेददि सो खलु आलोयणं चेदा।।३८५।।**
**णिच्चं पच्चक्खाणं कुव्वदि णिच्चं पडिक्कमदि जो य।**
**णिच्चं आलोचेयदि सो हु चरित्तं हवदि चेदा।।३८६।।**

નીચે હરિગીત.

**શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,**
**તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.**
**શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,**
**તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે. ૩૮૪.**
**શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,**
**તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.**
**પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,**
**નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.**

ઇ ચારિત્ર સદાય, આ રીતે હોય તે સદાય ચારિત્ર છે. સાંજ ને સવારે પડિક્કમણા કરે ત્યારે પ્રત્યાખ્યાન છે એમ નહિ. અંતરમાં પૂર્વના ભાવને વર્તમાન ... અંતરમાં ઠરીને છોડે છે એણે સદાય ચારિત્ર છે. આહાહા..! આનું નામ ચારિત્ર છે. એની ટીકા.

**'જે આત્મા પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી...'** એ તો નિમિત્ત સમજાવે છે. વિકાર થવામાં નિમિત્ત કોણ છે? પુદ્‌ગલનો વિપાક, એટલું. એનાથી થયા એમ નથી. એવા **'ભાવોથી પોતાને નિવર્તાવે છે,...'** આહાહા..! **'પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી) થતા ભાવોથી પોતાને નિવર્તાવે છે,...'** આહાહા..! **'તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...'** જોયું? પોતે પ્રતિક્રમ થયો એ પ્રતિક્રમણ છે. આહાહા..! ધર્મ તે આત્મામાં થાય કે ધર્મ તે નિમિત્તમાં ને રાગમાં થાય? નિમિત્ત નામ સંયોગમાં થાય કે રાગમાં થાય? આહાહા..! ધર્મ આત્મામાં થાય પણ આત્મા કોણ છે એ હજી જાણ્યો નથી તો ધર્મ થાય ક્યાંથી એમાં? ધર્મી એવો આત્મા એમાં એનો ધર્મ, ધર્મીનો ધર્મ થાય. એ કાંઈ પુણ્ય-પાપ ને નિમિત્ત એ કોઈ ચીજ એમાં નથી. આહાહા..! તો આત્મા જ જ્યાં હજી એ ચીજ છે એ જાણી નથી એને પ્રતિક્રમણ ને ચારિત્ર ને પ્રત્યાખ્યાન હોય શકે નહિ. આહાહા..! અને આ વર મુકીને જાન. દુલ્હા, દુલ્હા. જાન જોડે છે ને? આ લગન. દુલ્હા ન મળે અને જાન જોડી દીધી. આત્મા ન મળે ને કરી નાખ્યા પચ્ચખાણ. આહાહા..! પહેલો આત્મા કોણ છે? ક્યાં છે? કેવડો છે? કેમ છે? આહાહા..! એનું જ્ઞાન (નથી). જેને ધર્મ કરવો છે તે કરનારો ધર્મી છે કેવડો? કેવો? એના જ્ઞાન અને શ્રદ્ધા વિના

ચારિત્ર વ્રતાદિ હોય શકે નહિ. આહાહા..!

**'તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) છોડતો પોતે જ પ્રતિક્રમણ છે;...'** **'પોતે જ પ્રતિક્રમણ છે;...'** રાગાદિ એ કોઈ પ્રતિક્રમણ (નથી), શુભભાવ હોય એ પ્રતિક્રમણ નથી. આહાહા..! શુભભાવમાં મિચ્છામિ દુક્કડમ કર્યું ને શુભભાવ કર્યો એ પ્રતિક્રમણ નથી. આહાહા..! અહીં તો આત્મા... છે ને? **'આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો...'** તેમાં ન જોડાતો થકો **'પોતે જ પ્રતિક્રમણ છે.'** આહાહા..! આત્મા પ્રતિક્રમણ છે. પણ આત્મા હજી કેવો છે જાણ્યા વિના પ્રતિક્રમણ ક્યાંથી આવ્યો? આહાહા..! આત્માની તો ખબર ન મળે.

**'તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને (ભવિષ્યકાળના કર્મને) પચખતો થકો,...'** ભવિષ્યના ભાવ ન થવા દે એવી પ્રતિજ્ઞા વર્તમાન કરતો થકો. ભવિષ્યના ભાવમાં શુભ-અશુભ થવા ન દેવા એવી વર્તમાનમાં સ્થિરતા પ્રતિજ્ઞા કરે છે તે પ્રત્યાખ્યાન છે. **'એને પચખતો થકો, પ્રત્યાખ્યાન છે;...'** આહાહા..! શું કીધું? તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત શુભાશુભભાવનું કાર્ય પાછું રાગ અથવા કર્મનું ફળ જે વિકાર, એ કાર્યભૂત ઉત્તરકર્મને–ભવિષ્યકાળના ભાવને પચખતો થકો એ આત્મા જ પ્રત્યાખ્યાન છે. પ્રત્યાખ્યાન આત્માથી જુદી કોઈ ચીજ નથી. સંસાર જેમ આત્માથી કોઈ જુદી ચીજ નથી. સંસાર એ આત્માની વિકારી પર્યાય છે, આ પ્રત્યાખ્યાન નિર્વિકારી પર્યાય છે. એ આત્મામાં હોય છે. આહાહા..! સાંભળ્યું ન હોય હવે કરે કે દિ'? આહાહા..! જિંદગીના ચાલીસ-ચાલીસ, પચાસ-પચાસ વર્ષ મફતના એકલા પાપમાં ચાલ્યા જાય છે. આહાહા..!

મુમુક્ષુ :– સાંજે પૈસા ભેગા કર્યા ને.

ઉત્તર :– પૈસા શું, પાપ ભેગું કર્યું. સાંજે સરવાળે પાપ ભેગું કર્યું. આહાહા..!

આત્મા એટલે તદ્દન રાગથી નિવૃત્ત સ્વરૂપ ત્રિકાળી પરમાત્મા છે. આહાહા..! એ દયા, દાનના વિકલ્પથી પણ પાર શાંતિનો સાગર પરમાત્મા પોતે ભગવત સ્વરૂપ, ભગવત સ્વરૂપ ભગવાન છે. એ ભગવાનને જાણ્યા વિના સ્થિરતા શેમાં આવશે? જેમાં સ્થિરતા કરવી છે, ચારિત્ર એટલે સ્થિરતા, એ શું ચીજ છે જાણ્યા વિના સ્થિરતા ક્યાંથી આવશે? આહાહા..! જેમાં સ્થિરતા ચારિત્ર કરવું છે, જેમાં એ કોણ છે એ જાણ્યા વિના ચારિત્ર ક્યાંથી આવશે? આહાહા..! આવું ઝીણું છે. અજાણ્યા માણસને તો આ તો એલ.એલ.બી.ની વાતું છે, એલ.એલ.બી. ની નથી, આ તો એકડાની વાત છે. સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર કોને કહેવું એની વાત છે.

તે જ આત્મા **'વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક...'** કર્મના વિપાકથી પુણ્ય-પાપના ભાવ બેયને **'અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** એટલે જુદો અનુભવતો થકો. શુભાશુભભાવ ન થતો. વર્તમાનમાં પૂર્વના કર્મના નિમિત્તથી થતાં જે

શુભાશુભભાવ એને ન કરતો, ન થતો. આહાહા..! ભારે ચારિત્રની વ્યાખ્યા. **'અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** આહાહા..! પૂર્વના કર્મનું ફળ હરખ, રાગ અને દ્વેષ તેનાથી અત્યંત ભિન્ન ભેદ આલોચતો થકો, એક ન થવા દેતો થકો. આહાહા..! એને અહીંયાં વર્તમાન આલોચના એટલે વર્તમાન સંવર કહે છે. ગયા કાળનું પડિકમણુ, ભવિષ્યના પચ્ચખાણ ને વર્તમાનનું સંવર. સંવર એટલે આલોચના. આહાહા..!

વર્તમાનમાં પૂર્વના કર્મના ભાવ થવા ન દેવા, કર્મના ભાવ જે થાય તે થવા ન દેવા એમ વ્યાખ્યા સમજાવે તો એમ જ ને? બધે ઠેકાણે બધી વાતું કરવા જાય કે પરને છોડી શકાતું નથી, પરને છોડી શકાતું નથી એવી લાંબી લાંબી વ્યાખ્યા ન થાય, પણ એ પોતે પોતાના સ્વરૂપનું ભાન કર્યું હોય છે એમાં જે અંદર ઠરે છે એ ભવિષ્યના કર્મની અથવા વર્તમાનની **'તે આલોચના છે.'** આહાહા..! ભવિષ્યના પચ્ચખાણ ને વર્તમાનની આલોચના. વર્તમાનમાં ઠરે છે તેને. ભવિષ્યમાં ઠરશે એ વાત નહિ. વર્તમાનમાં જ આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા જે જાણવામાં, અનુભવમાં આવ્યો હતો તેમાં ઠરે છે, તેમાં રમે અને જામે છે તેને આલોચના એટલે કે વર્તમાનમાં સંવર કહેવામાં આવે છે. આહાહા..! ત્રણ આવી ગયા. આવ્યા ને ત્રણ? **'એ રીતે...'** આ રીતે કહે છે. જે આ રીત કીધી તે. એ રીતથી બીજી રીત નહિ. **'એ રીતે તે આત્મા સદા, સદા પ્રતિક્રમતો થકો...'** આહા..!

મુમુક્ષુ :– સવારે-સાંજે નહિ?

ઉત્તર :– એમ નથી. એ તો સદાય આત્મામાં ચારિત્ર હોય જ છે. ચારિત્રવંતને ચારિત્ર સવાર ને સાંજે બે વખતે ચારિત્ર હોય છે? આહાહા..! આત્માના ભાનપૂર્વકની સ્થિરતા સદાય ચોવીસે કલાક રહે છે, તેનું નામ ચારિત્ર છે. પછી સાંજ-સવારના પડિકમણાના વિકલ્પ આવે એ વળી જુદી ચીજ છે. આહાહા..! ભૂતકાળના, ભવિષ્યકાળના ને વર્તમાનના ભાવ થવા ન દેવા અને સ્વરૂપમાં ઠરવું એ કાંઈ સાંજ-સવારે બે જ વખતે રહે છે કે સદાય છે? આહાહા..! આવી વાત છે. આહાહા..!

મોટા કરોડોપતિ (હોય) પણ પૈસા કાંઈ કામ કરે છે? મોટા 'રાજકુમારસિંહ'. વીસ કરોડ. અત્યારે અસાધ્ય થઈ ગયેલા પડ્યા છે. આહાહા..! માંદા છે બિચારા. કોણ સહાય, કોણ મદદ કરે? બાપા! જડ તદ્દન જુદું, આત્મા તદ્દન જુદો. આની દશા આત્માને આધીન નહિ, આત્માની દશા આને આધીન નહિ. આહાહા..! એ શરીરની અવસ્થા અનેક પ્રકારે થાય... આહાહા..! એ એને કારણે છે. આત્મા એની સંભાળ રાખે તો ન થાય એમ કાંઈ છે નહિ. આ સંભાળ રાખે તો ન થાય. સ્વરૂપની સંભાળ રાખે તો શુભાશુભભાવ ન થાય. આહા..! કારણ કે, એ પોતાનું સ્વરૂપ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૪૩૦, ગાથા–૩૮૩ થી ૩૮૬, શ્લોક-૨૨૪ ગુરૂવાર, જ્યેષ્ઠ વદ ૧૩, તા. ૧૦-૦૭-૧૯૮૦**

૩૮૩ થી ૩૮૬ (ગાથા), એની ટીકા થોડીક ચાલી છે, ફરીને. **'જે આત્મા પુદ્‌ગલકર્મના વિપાકથી (ઉદયથી)...'** નિમિત્તથી કથન છે. **'થતા ભાવોથી...'** પુદ્‌ગલકર્મના નિમિત્તના લક્ષે થતા જે ભાવો એનાથી **'પોતાને નિવર્તાવે છે, તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...'** એ આત્મા જ પ્રતિક્રમણ છે. જે ભૂતકાળના કર્મ, એના પાકથી પોતામાં પોતાને કારણે થયેલા ભાવો, એ ભાવથી જે આત્મા પોતે પોતાને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે. એ આત્મા જ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ તો પર્યાય છે પણ આત્મામાં પર તરફથી પાછા વળીને (પર્યાય) થઈ છે તેથી આત્મા જ પ્રતિક્રમણ છે એમ કહેવામાં આવે છે.

એક બાજુ એમ કહેવું કે, એ પર્યાય મોક્ષના માર્ગને ને મોક્ષને દ્રવ્ય કરતું નથી. દ્રવ્ય સ્વભાવ એવો છે કે, મોક્ષ અને મોક્ષના કારણ અને બંધ ને બંધના કારણ, એને એ કરતો નથી. કારણ કે, પર્યાય છે ને. દ્રવ્ય કરતું નથી. એક બાજુ અહીં કહેવું કે એ પૂર્વના કર્મથી થતા ભાવ એનાથી આત્માને નિવર્તાવે એ પર્યાયથી વાત કરી છે. પેલી દ્રવ્યથી વાત કરી. દ્રવ્ય પોતે બંધ-મોક્ષના પરિણામથી રહિત છે. પણ અહીં પરિણામ કરનાર છે પરિણામ એમ કહીને પોતે પ્રતિક્રમણના પરિણામ જ આત્મા છે એમ અહીંયાં કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રતિક્રમણ ન કરે એ આત્મા નહિ?

ઉત્તર :– પ્રતિક્રમણની નિર્મળ પર્યાય... સમકિત છે પણ આ ન હોય તો પ્રતિક્રમણ આત્મા નથી. સમકિત છે એ આત્મા છે પણ છતાં પ્રતિક્રમણના ભાવથી પાછો ન ફરે તો એ આત્મા પ્રતિક્રમણરૂપ આત્મા નથી. સમ્યગ્દર્શનરૂપ આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રતિક્રમણનો ભાવ શુભભાવ નથી?

ઉત્તર :– શુદ્ધભાવ કીધા ને આ પ્રતિક્રમણ, અશુદ્ધભાવ એ પર્યાય છે. કર્મના પાકથી થતાં અશુદ્ધ ભાવ એનાથી આત્માને નિવર્તાવે તે ભાવ શુદ્ધ પર્યાય છે. પણ જ્યારે દ્રવ્યની વ્યાખ્યા ચાલતી હોય ત્યારે એ દ્રવ્ય તો એ પર્યાયને કરતો નથી, પર્યાય પર્યાયને કરે છે. જરીક ઝીણી વાત છે. આ તો દોષ છે, છે તેને પાછો વાળે છે. આહાહા..! આ તો સમ્યગ્દર્શન પછીની વાત છે, પછીના ઉપરાંતની ચારિત્રની આ વાત છે.

**'તે આત્મા તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને (ભૂતકાળના કર્મને) પ્રતિક્રમતો થકો પોતે જ પ્રતિક્રમણ છે;...'** જોયું? આત્મા પોતે જ પ્રતિક્રમણ છે. આહાહા..! ત્યાં 'સમયસાર' ની ૩૨૦ મી ગાથામાં એમ (કહ્યું) કે, મોક્ષ ને મોક્ષના પરિણામને, બંધ ને બંધના પરિણામને

આત્મા કરતો નથી. એ દ્રવ્યની વાત કરતાં (કહ્યું) અને આ પર્યાયની વાત છે. જ્યાં-જ્યાં, જે જે યોગ્ય છે તે તે સમજવું. દોષ લાગે છે, મુનિને પણ દોષ લાગે છે. ત્યાંથી પાછા ફરે છે. આહાહા..! જો બિલકુલ ન થતો હોય તો તો પ્રતિક્રમણ એ વસ્તુ રહેતી નથી. ભાવ થાય છે પણ એનાથી પાછો વળી જાય છે. આહાહા..! નિવર્તાવે છે તે પ્રતિક્રમણ છે.

**'તે જ આત્મા, તે ભાવોના કાર્યભૂત ઉત્તરકર્મને...'** તે ભાવના ભવિષ્યમાં જે કર્મ બંધાય **'તેને (ભવિષ્યકાળના કર્મને) પચખતો થકો,...'** આહા..! એ શુભાશુભભાવથી રહિત પ્રતિક્રમણની પર્યાય થઈ તે જ પર્યાય ભવિષ્યમાં જે બંધન થવાનું કારણ હતું તેને પચખતો થકો, તેને છોડતો થકો. ભવિષ્યમાં તેવું કરીશ નહિ એ આ પ્રતિક્રમણ થયું એમાંજ આ ત્રણ બોલ આવી જાય છે. ત્રણ તો સમજાવે છે. એ તો એને સમજાવે છે. પરથી આમ ફર્યો અને આત્માના પરિણામ સમ્યગ્દર્શન ઉપરાંત શાંત સ્થિર થયા એ ભૂતકાળના કર્મથી પાછો ફર્યો, ભવિષ્યકાળમાં કર્મ બાંધશે એનાથી પણ પાછો ફર્યો એમ ભેગું સ્થાપે છે, અપેક્ષાથી (કહ્યું છે), બાકી એકમાં ત્રણ સમાય જાય છે. વાત સમજાય છે?

એ પ્રશ્ન ચર્ચા બહુ થઈ હતી, 'જામનગર'માં (સંવત) ૧૯૮૮ ની સાલ, 'જામનગર'. ભાઈ! આ ત્રણ છે કે એક છે આ? સંવત્સરીને દિવસે ચાલે છે ને આલોચના? સંવત્સરીને દિવસે બપોરે. એમાં આવ્યું હતું એમાં પ્રશ્ન ચાલ્યો હતો. વાત તો કથન પદ્ધતિ કઈ રીતે હોય? અહીંયાં તો વર્તમાનમાં ભાવને કર્યા નહિ, પાછો ફર્યો એ જ પ્રતિક્રમણ ને એ જ ભવિષ્યમાં બંધના કારણને કર્યું નહિ માટે એ જ પચખાણ (છે). આહા..! એ પ્રતિક્રમણ છે એ આ અપેક્ષાએ. ભવિષ્યનું કર્મ ન થયું, આવા પરિણામ (થયા) ત્યાં ભવિષ્યના પરિણામ કર્મ નહિ થાય એ અપેક્ષાએ એને પચખાણ કહેવાય છે. આહા..! **'પ્રત્યાખ્યાન છે;'**

**'તે જ આત્મા, વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક...'** આ વર્તમાન આવ્યું હવે. પહેલો ભૂતકાળ હતો પછી ભવિષ્ય હતો હવે વર્તમાન. મૂળ તો વર્તમાન પરિણામમાં મલિનતાથી નિર્મળતા થઈ એ પરિણામને ત્રણ અપેક્ષા લાગુ પડી છે. પૂર્વકર્મની અપેક્ષાએ તેને પ્રતિક્રમણ કહેવાય, ભવિષ્યમાં એનું બંધ નથી થતો માટે એને પ્રત્યાખ્યાન કહેવાય અને વર્તમાનમાં તેમાં ભળતો નથી, છૂટો (રહે છે) એને આલોચના એટલે સંવર કહેવાય. આહાહા..!

પરિણામ ત્રણ પ્રકારના નથી. આહાહા..! પરિણામ તો એ એક જ છે. આ સમ્યગ્દર્શનપૂર્વકની વાત છે. સમ્યગ્દર્શન વિના આ વાત હોય નહિ. કારણ કે, જે વસ્તુ જ જોઈ નથી અને એને દોષ લાગે એ ઠરવું ક્યાંથી (કરે)? જે વસ્તુ જોઈ નથી એ દોષથી ફરીને જ્યાં આવવું છે, જે ચીજ જોઈ નથી ત્યાં તે આવશે કેવી રીતે? આહાહા..! સમજાય છે કાંઈ?

એથી કહે છે, **'અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો...'** **'વર્તમાન કર્મવિપાકને પોતાથી**

**(આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** આહા..! તે **'આલોચના છે.'** છે? ત્રણ પ્રકારની અપેક્ષા કહી. શુદ્ધ ચૈતન્ય વસ્તુ એ તો દૃષ્ટિમાં છે. છતાં હજી ચારિત્ર નહોતું એથી આ ચારિત્રની વ્યાખ્યા છે. એ ગયા કાળના કર્મમાં જોડાણો નહિ એ જ પાછો વળ્યો એમ પ્રતિક્રમણ કહેવાય છે. એ પરિણામ ભવિષ્યના કર્મબંધનનું કારણ થયું નહિ માટે તેને પ્રત્યાખ્યાન કહે છે અને એ જ પરિણામ વર્તમાનમાં પોતે વિપરીત થયા જ નહિ, વિપરીત થાય ત્યારે પાછું ફરવું પડે ને? એ પરિણામ વિપરીત થયા નહીં માટે એ જ પરિણામને આલોચના કહે છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

આ મુનિની ચારિત્રની અપેક્ષાએ (વાત) છે. ચારિત્ર છે ત્યાં પણ કોઈ દોષ લાગે છે ને? આહા..! દોષ લાગી જાય અંદરથી, કોઈ એવી પ્રકૃતિમાં જોડાણ થઈ જાય એ દોષ લાગે એને હવે પાછું ફરવું છે, એનાથી–દોષથી પાછું ફરવું છે. આહાહા..!

મુમુક્ષુ :– સમય ભેદ તો છે ને?

ઉત્તર :– સમય ભેદ એક જ છે. આને ને એને અપેક્ષાથી ત્રણ ભાગ પાડ્યા.

પ્રતિક્રમણ–ભૂતકાળના ભાવથી પાછો ફર્યો એ જ પરિણામ ભવિષ્યમાં બંધનું કારણ નથી માટે પ્રત્યાખ્યાન અને એ જ પરિણામ વર્તમાનમાં જોડાણો નહિ માટે આલોચના. ત્રણ અપેક્ષા આવી, ત્રણ ભાવ ન આવ્યા. એ પ્રશ્ન મોટો (ચાલેલો). ચર્ચા થઈ હતી. 'જામનગર'માં (સંવત) ૧૯૮૮ માં આલોચના ચાલતી હતી ને? ૧૯૮૮ની વાત છે. ત્યારે આ પ્રશ્ન કર્યો કે, આ ત્રણ પ્રકારના પરિણામ છે? 'વીરજીભાઈ' એ બહુ હોંશિયાર માણસ બેઠેલાને. 'વીરજીભાઈ' વકીલ. બીજા એક 'સંઘરાજભાઈ' હતા. એ વકીલ હતા, બીજા ઘણા 'જામનગર'ના ત્રીજા એક કો'ક હતા, 'સંઘરાજભાઈ'ના કુટુંબમાંથી મોટા કહેવાતા. બધા ઘણા માણસો હતા. પહેલાં શરીર ઠીક નહોતું ઘણા મહિના એટલે વ્યાખ્યાન બંધ હતું પછી આ પજોસણમાં વ્યાખ્યાન ચાલ્યા.

પરિણામની અપેક્ષા ત્રણ પડી. જેમ દ્રવ્ય પર્યાયને કરતું નથી પણ તે દ્રવ્ય પર્યાયની સાપેક્ષથી પણ પર્યાય છે. પર્યાય દ્રવ્યની સાપેક્ષથી છે, એકલી અદ્ધરથી નથી. છતાં એમ ભાષા ત્યાં આવે છે ને? ભાઈ! સાપેક્ષ આવે છે. દ્રવ્ય ને પર્યાય સાપેક્ષ આવે છે. આમ દ્રવ્ય વસ્તુ છે એ પર્યાયને કરતી નથી છતાં દ્રવ્યની પર્યાય સાપેક્ષ છે. આહાહા..! છે, આમાં છે. સાપેક્ષ આવે છે. છે, જુઓ! ઔપશમિક આદિ પાંચ ભાવોમાં ક્યા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે. એ ઔપશમિક, ક્ષયોપશમિક, ક્ષાયિક અને ઉદય એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક તે દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ... એક બાજુ કીધું કે, દ્રવ્ય પર્યાય કરે નહિ છતાં અહીં કહ્યું પાછું પરસ્પર સાપેક્ષ એવું. દ્રવ્ય પર્યાય તે આત્મા પદાર્થ છે. આ છે ૩૨૦ મી ગાથામાં. આહાહા..!

મુમુક્ષુ :– અવિનાભાવ છે. દ્રવ્ય હોય તો પર્યાય હોય જ.

ઉત્તર :– હોય છે, પર્યાય હોય છે. છતાં પર્યાય પર્યાયનું કામ કરે, દ્રવ્ય તો ધ્રુવ છે. દ્રવ્ય ને ગુણ તો ધ્રુવ છે. એમાં પલટવું નથી, બદલવું નથી. તેથી એમાં કથંચિત્ ભિન્ન છે એમ કહ્યું અને બીજે ઠેકાણે સર્વથા ભિન્ન છે એમ પણ કહ્યું છે. દ્રવ્ય અને પર્યાય સર્વથા ભિન્ન છે એમ પણ કહ્યું છે. અપેક્ષાથી છે, ભાઈ! આહાહા..!

અહીંયાં દોષ હોય છે એ દોષને નિવર્તાવે છે એમાં ત્રણ પ્રકાર લાગુ પડે. આહાહા..! 'પંડિતજી'! પૂર્વ કર્મ છે તેના ફળમાં જોડાતો નથી એ જ પોતે પુણ્ય-પાપના ભાવથી પાછો ફરે છે એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. અને એ જ ભાવ ભવિષ્યમાં કર્મબંધનનું કારણ થતું નથી તેથી તેને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. એ ભાવ વર્તમાનમાં ઉદયમાં આવ્યો એમાં જોડાણા નહિ માટે તે ભાવને આલોચના, સંવર કહેવાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સૂક્ષ્મ વાત. આહાહા..!

**'અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** શું કહે છે એ? વર્તમાનમાં કર્મના વિપાકના ફળને, કર્મનો વિપાક તો નિમિત્તથી કથન છે, હોં! કર્મનો વિપાક નથી, ફળ તો પોતાને છે, કર્મ તો જડ છે, જડનું ફળ કાંઈ આત્માને ભોગવવાનું નથી. આહાહા..! **'કર્મવિપાકને પોતાથી અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** એનો અર્થ વર્તમાનમાં શુભાશુભભાવ થાય એનાથી પ્રતિક્રમણમાં પાછો ફર્યો છે એને અહીંયાં પણ પાછો ફર્યો એટલે આલોચના પણ કહેવાય છે. આહાહા..! આ જરી ચારિત્ર અધિકાર છે, આ તો સમ્યગ્દર્શન ઉપરાંતનો અધિકાર છે.

**'એ રીતે તે આત્મા સદા પ્રતિક્રમતો...'** દેખો! **'સદા પ્રતિક્રમતો...'** દ્રવ્ય ઉપર આશ્રય, વિશેષ સ્થિરતા છે તેથી સદાય પ્રતિક્રમણમાં આવતો, **'(અર્થાત્ પ્રતિક્રમણ કરતો) થકો, સદા પચખતો (અર્થાત્ પ્રત્યાખ્યાન કરતો) થકો...'** પ્રત્યાખ્યાન સદાય કરે છે. સદાય પ્રતિક્રમણ કરે છે અને સદાય પ્રત્યાખ્યાન કરે છે. આહાહા..! આ રીતે. દ્રવ્ય સ્વભાવ ઉપર આશ્રય વિશેષ જતાં વિકારભાવ થતાં નથી એને આલોચના અથવા સંવર, પ્રતિક્રમણ આદિ એમાંથી પાછો ફર્યો એમ કહેવામાં આવે છે. ખરેખર તો સ્વરૂપમાં ઠરે છે ત્યારે એ ભાવ ઉત્પન્ન થતાં નથી એથી એને પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચના કહેવામાં આવે છે. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :– આ સાતમા ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :– છટ્ઠે પણ હોય છે ને. છટ્ઠે મુનિને હોય છે, પાંચમે પણ એક અંશે હોય છે ને. પાંચમા ગુણસ્થાને પણ એક અંશે પ્રતિક્રમણ, આલોચના હોય છે, ચોથે ન હોય. એક અંશે પાંચમામાં પણ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના એક અંશે હોય છે અને મુનિને વિશેષ હોય છે. એની મુખ્યપણે આ વાત છે. આહાહા..! અરે..!

**'એ રીતે તે આત્મા સદા પ્રતિક્રમતો...'** સદા. આહાહા..! એનો અર્થ ઇ કે, આત્માના

આનંદ ઉપર વિશેષ લક્ષ છે, વિશેષ ત્યાં પરિણામ ચોંટ્યા છે. એને ને એને એ પરિણામને પ્રતિક્રમણ સદાય કહે છે. સદાય પ્રતિક્રમણ, સાંજ-સવાર નહિ. સાંજ-સવાર પ્રતિક્રમણ કરે એ નહિ. આહાહા..! **'એ રીતે આત્મા સદા પ્રતિક્રમતો (અર્થાત્ પ્રતિક્રમણ કરતો) થકો, સદા પચખતો (અર્થાત્ પ્રત્યાખ્યાન કરતો) થકો...'** આહાહા..! **'અને સદા આલોચતો (અર્થાત્ આલોચના કરતો) થકો, પૂર્વકર્મના કાર્યરૂપ...'** વર્તમાન અપ્રતિક્રમણ હતું એનું પ્રતિક્રમણ કર્યું.

**'ઉત્તરકર્મના કારણરૂપ ભાવોથી અત્યંત નિવૃત્ત થયો થકો, વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** ત્રણે આવ્યા. આહા..! વાત તો સમજાવવી હોય ત્યારે સમજાવે તો બધી સમજાવે ને. એમ નહિ કે, આ પાંચમો આરો છે માટે આમાં ચારિત્ર નથી એમ કંઈ નથી. કોઈ પ્રાણીને ચારિત્ર પણ આવે એમ કહે છે ને? પછી કોને એ જુદી વાત છે. દેખાય નહિ તો કાંઈ પેલો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં દાખલો આપ્યો છે ને કે, હંસલા કીધા છે. વર્તમાનમાં હંસ ન દેખાય તેથી કાંઈ કાગડાને હંસ ન મનાય. કાગડાને હંસ ન મનાય. એમ સાધુપણું ન દેખાય, સાધુપણું છે એમ કહ્યું છે પણ દેખાય નહિ તો સાધુ નથી એને સાધુ મનાય એમ નથી. આહાહા..!

પેલામાં આવે છે ને ક્યાંક? નહિ? કુંભારની કન્યા... કેવા? 'માઘનંદિ' મુનિ છે, ચારિત્રવંત છે. હવે પેલા કુંભારને ત્યાં ગયા ત્યાં વરસાદ આવ્યો ને કુંભારના વાસણ કેટલાક ન પલળ્યા અને એમાંથી એને વૈરાગ્ય થઈને.... કુંભારની કન્યાને પરણ્યા. ચારિત્રવંત. પછી છોડી દીધી. એટલે વસ્તુ આવે અને નિવૃત્તિ જાય બેય એમાં છે. આવે ખરો દોષ અને નિવૃત્તિ પણ જાય. આહાહા..!

મુમુક્ષુ :- શુદ્ધિની વૃદ્ધિનું પ્રતિક્રમણ કહેવું ને?

ઉત્તર :- વૃદ્ધિ જ છે ને ઇ. સમ્યગ્દર્શન ઉપરાંત સ્થિરતા, શાંતિ, આનંદની વૃદ્ધિ છે, અનંત ગુણની વૃદ્ધિ છે. જે અનંત ગુણ છે, સર્વાંશ ગુણ તે સમકિત, સર્વાંશ ગુણનો અંશ પ્રગટ થયો તે સમકિત અને એ ઉપરાંત સર્વ ગુણની વિશેષ શુદ્ધિ થઈ, વિશેષ અંદર પ્રગટતા (થઈ) તેનું નામ ચારિત્ર છે. એને પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચના કહે છે. આહાહા..! સમકિતની વાત જરી હોય તો લોકોને ઠીક રહે, આ તો ચારિત્રની વાત છે એ આકરી લાગે. આહાહા..!

**'પૂર્વકર્મના કાર્યરૂપ અને ઉત્તરકર્મના કારણરૂપ...'** ... બધું એક જ છે એ તો. એવા **'ભાવોથી અત્યંત નિવૃત્ત થયો થકો, વર્તમાન કર્મવિપાકને પોતાથી (આત્માથી) અત્યંત ભેદપૂર્વક અનુભવતો થકો,...'** આહાહા..! **'પોતામાં જ-જ્ઞાનસ્વભાવમાં જ...'** જોયું? આત્માનો જ્ઞાનસ્વભાવ છે, જાણવું-દેખવું એ જ એનું સ્વરૂપ છે. જ્ઞાનનો જ એ સાગર છે, જ્ઞાનસ્વભાવ જ એ સમુદ્ર છે. આહાહા..! સર્વાંગ જેના અસંખ્ય પ્રદેશમાં જ્ઞાન અને આનંદ પૂર્ણ ભર્યો છે. અસંખ્ય પ્રદેશે પૂર્ણ જ્ઞાન ને આનંદ ભર્યો છે.

**'જ્ઞાનસ્વભાવમાં જ-નિરંતર ચરતો...'** ચારિત્ર ખરું ને એટલો ચરતો એટલે **'(વિચરતો, આચરણ કરતો) હોવાથી ચારિત્ર છે...'** બીજા અધિકાર અત્યાર સુધી સમકિતના આવ્યા એ લોકોને ઠીક પડે. આ અધિકાર... આહાહા..! **'(અર્થાત્ પોતે જ ચારિત્રસ્વરૂપ છે).'** છે? અંતર આનંદમાં વિશેષ ઠર્યો, અતીન્દ્રિય આનંદમાં વિશેષ ઠર્યો અને વિશેષ આનંદ આવ્યો એને પછી ત્રણ પ્રકાર લાગુ પડે છે. વસ્તુ તો એ એક જ છે. ઇ આત્મા પોતે જ ચારિત્રસ્વરૂપ છે.

**'અને ચારિત્રસ્વરૂપ વર્તતો થકો પોતાને-જ્ઞાનમાત્રને...'** પોતાને એટલે જ્ઞાનમાત્રને **'ચેતતો (અનુભવતો)...'** આહા..! જ્ઞાનની ઉગ્રતાને વેદતો. સમકિતમાં જ્ઞાનનું વેદન છે પણ થોડું છે. ચારિત્રમાં જ્ઞાનનું વેદન ઉગ્ર ને વધારે છે. આહાહા..! ચારિત્ર એટલે ધન્ય અવતાર! અત્યારે તો એ સ્થિતિ સાંભળવી કઠણ પડે. ચારિત્ર તો આ ક્રિયા કરી, વ્રતમાં પચખાણ કર્યા ને એ કાંઈ ચારિત્ર નથી. એથી એમ કીધું પોતે જ્ઞાન સ્વભાવમાં નિરંતર ચરતો એ ચારિત્ર છે. ભાષા લીધી છે ને? જ્ઞાન સ્વભાવ એવો જે આત્મા એમાં ચરતો, એમાં વિચરતો એ ચારિત્ર છે. કોઈ કરવું આ ક્રિયા ને આ કરવું ને આ કરવું ને આ છોડવું એ (ચારિત્ર નથી). આહાહા..!

**'જ્ઞાનસ્વભાવમાં જ...'** રાગના અંશમાં નહિ. **'નિરંતર ચરતો...'** આહાહા..! એ દશા ચારિત્રની કાયમ રહેતી. આહા..! ઊંઘમાં પણ એને ચારિત્ર કાયમ રહેતું, હાલવા-ચાલવામાં પણ ચારિત્ર કાયમ રહેતું. સદા કીધું છે ને? સદામાં ક્યો કાળ કાઢી નાખવો? આહાહા..! અંદર જ્ઞાનમાં જ ઠર્યો છે એ સદાય ચોવીસે કલાક એક જ રૂપ છે. આહાહા..! આ ચારિત્ર. આ બહારથી ચારિત્ર લઈને બેઠા હતા.

**'જ્ઞાનસ્વભાવમાં જ...'** પોતામાં જ. ભાષા જોઈ? નિશ્ચય છે. પોતામાં જ એટલે જ્ઞાન સ્વભાવમાં જ, એમ. પોતે એટલે જ્ઞાનસ્વભાવ. **'નિરંતર ચરતો (વિચરતો, આચરણ કરતો) હોવાથી ચારિત્ર છે (અર્થાત્ પોતે જ ચારિત્રસ્વરૂપ છે).'** આહાહા..! વાસ્તવિક તો જ્ઞાન એટલે આનંદ એમાં ઠરે છે, જામી જાય છે, સમ્યગ્દર્શન ઉપરાંત એનું નામ ચારિત્ર છે, આનું નામ ચારિત્ર છે. આહાહા..! **'અને ચારિત્રસ્વરૂપ વર્તતો થકો...'** છે ને? **'(પોતે જ ચારિત્ર સ્વરૂપ છે) અને તેથી ચારિત્રસ્વરૂપ વર્તતો થકો પોતાને-જ્ઞાનમાત્રને-ચેતતો...'** ચારિત્ર એટલે પોતે જ્ઞાનસ્વભાવને વેદતો. આહાહા..! **'જ્ઞાનસ્વભાવને ચેતતો (અનુભવતો) હોવાથી (તે આત્મા) પોતે જ જ્ઞાનચેતના છે,...'** એ જ્ઞાનચેતના પોતે ચારિત્ર છે. જ્ઞાનચેતના તો ચોથે પણ છે પણ આ જ્ઞાનમાં અંદર વિશેષ ચેતી ગયો છે, વિશેષ આનંદ અંદર આવી ગયો છે. આહા..!

**'એવો ભાવ (આશય) છે.'** પોતે જ જ્ઞાનચેતના છે એવો અહીંયાં આશય છે. પરની અપેક્ષાથી કથન ભલે કર્યા પણ પોતે આત્મા જ્ઞાન સ્વભાવમાં ઠર્યો છે એ ચારિત્ર છે એ વસ્તુનું સ્વરૂપ છે. અપેક્ષાથી કથન ગમે એટલા પ્રકાર આવે પણ એ જ્ઞાનસ્વભાવ, જાણક

સ્વભાવ એનો જે અનુભવ થયો એમાં જે જ્ઞાન, આનંદ સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું છે એમાં ઠરે છે એનું નામ ચારિત્ર છે. આહાહા..! એ પોતે જ જ્ઞાનચેતના જ છે. એ જ્ઞાનચેતના.. આહાહા..! ચોથે જ્ઞાનચેતના તો છે પણ આ જ્ઞાનચેતના વિશેષ છે, જ્ઞાનમાં અંદર વિશેષ ઠર્યો છે. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાન-ક્રિયાભ્યામ મોક્ષ આવે છે ને?

ઉત્તર :– એ ક્રિયા એટલે જ્ઞાનની સ્થિરતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણે પૂછ્યું?

મુમુક્ષુ :– 'ચેતનજી'.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો વાત થઈ હતી ને. 'ચોટીલા'. આ 'રતનચંદજી' શતાવધાની સ્થાનકવાસી, એમના ગુરુ 'ગુલાબચંદજી'. (સંવત) ૧૯૯૦ ની સાલની વાત છે, ૧૯૯૦ ની સાલની વાત છે. ઘણા વર્ષ થયા. ૪૬ વર્ષ. તે દિ' હજી તો સંપ્રદાયમાં હતા. 'ચોટીલા' અપાસરામાં ભેગા ઉતર્યા હતા. બહુ ખુશી થયા. જોકે અમે સંપ્રદાયમાં હતા ત્યારે ભેગા ઊતરતા નહિ. કારણ કે, અમે સાધુ કોઈને માનતા નહિ, સંપ્રદાયમાં સાધુ કોઈને માનતા નહિ. તેથી ભેગા ઉતરતા નહિ. ભેગા ઉતર્યા તો બહુ ખુશ થયા. પછી વાત આ કાઢી કે, આ જ્ઞાન-ક્રિયાભ્યામ મોક્ષ કહ્યું છે ને. એ ક્યુ જ્ઞાન? આ જ્ઞાન ને આ ક્રિયા. કીધું, એ નહિ. એ આત્મજ્ઞાન અને આત્મામાં ઠરવું અંદર એ ક્રિયા. કબુલ કર્યું, હા પાડી. ૫૫ વર્ષની દીક્ષા, તે દિ' ૧૯૯૦ ની સાલની વાત. ૫૫ વર્ષની દીક્ષા અને ઉંમર ૬૦-૬૫ની પછી પણ ૯૫ વર્ષે ગુજરી ગયા, 'લીમડી'. છતાં (કહ્યું), વાત સાચી છે. વાત તમારી સાચી છે. એક વાત.

બીજી વાત કીધું, મૂર્તિ શાસ્ત્રમાં છે સ્થાનકવાસી માનતા નથી. દૃષ્ટિ મિથ્યાત્વ છે. (તેમણે કહ્યું), વાત સાચી છે, મને પણ ખબર છે મૂર્તિ શાસ્ત્રમાં છે. મારી જિંદગી આખી શંકામાં ગઈ કે, શિષ્યો શાસ્ત્ર વાંચશે ને પ્રતિમા દેખશે, પ્રતિમા છે શાસ્ત્રમાં તો ગુરુને નહિ માને. એવી આખી જિંદગી મારી શંકામાં ગઈ. એમ ચોખ્ખું બોલતા બિચારા. ૩૨ સૂત્રમાં પ્રતિમા છે. મૂર્તિ અનાદિની છે, નવી છે? દિગંબર મૂર્તિ પણ, હોં! આ શ્વેતાંબરની મૂર્તિ એવી નહિ. એના ઉપર બીજું કાંઈ નહિ. એ પ્રતિમા શાશ્વત છે. અહીંયાં અશાશ્વત પણ બનાવી છે. કબુલ કર્યું, બન્નેએ કબુલ કર્યું. પણ છોડાય શી રીતે? વાડો છોડવો... ૫૫ વર્ષની દીક્ષા અને ૬૫-૭૦ વર્ષની ઉંમર પછી પણ કેટલા વર્ષ, ૨૫ વર્ષ જીવ્યા. આહાહા..!

છતાં ફરીવાર જ્યારે આ વાત થઈ ત્યારે ભેગા ઉતર્યા હતા. પરિવર્તન કરીને પછી એમ ભેગા ઉતરે નહિ, નિશાળમાં ઉતર્યા હતા ત્યારે સામું જોયું નહિ, સામું જોયું નહિ. સંપ્રદાય શી રીતે છોડવો? આહાહા..! આ 'રાજકોટ' જતાં ત્યાં ઉતર્યા હતા. 'ચોટીલા' માં બહાર નિશાળ છે ત્યાં ઉતર્યા હતા. મૂર્તિ છે અને આ રીતે ચારિત્ર આને કહેવું–એ બેય

વાત થઈ ગયેલી. આ ક્રિયા. શાસ્ત્રનું જ્ઞાન અને આ રાગથી શુભની ક્રિયા કરવી એ ક્રિયા નહિ, શાસ્ત્રનું જ્ઞાન પણ નહિ. આત્માનું જ્ઞાન અંદર થયું, ગુણવત્તા પ્રગટ થયેલું અને એ જ્ઞાનમાં સ્થિરતા જામી એનું નામ ચારિત્ર છે. કબુલ કર્યું હતું. તદ્દન, હા સાચી વાત છે હોં!

મુમુક્ષુ :– આપની પાસે એનું ગજુ છે કે ના પાડે.

ઉત્તર :– બિચારા એના ભેગા ઉતર્યા એમાં રાજી રાજી થઈ ગયા. કારણ કે, મારી છાપ એવી હતી. હું કોઈ સાધુની ભેગો ઉતરતો નહિ, કોઈ સાધુને માનતો નહિ. ઇ ગામમાં એક ફેરી ચાર-પાંચ સાધુ હતા, ન્યાં અપાસરામાં તે દિ' હું 'ધ્રાંગધ્રા' થી આવ્યો. કીધું, અપાસરામાં કોણ છે? (તો કહ્યું), સાધુ છે. (તો અમે કીધું), અહીં નહિ ઉતરીએ. પછી 'ચત્રભુજ સંઘવી' હતા ને? 'ચત્રભુજ સંઘવી' નહિ? એણે કાંઈક કાપડ બજારમાં કે મેડી ઉપર ઉતાર્યા હતા. ઘણા વર્ષની વાત છે આ તો. આહા..! કબુલ કર્યું, મૂર્તિ છે. એની શંકામાં મારી જિંદગી ગઈ, શિષ્ય વાંચશે તો પ્રતિમા દેખાશે, એને શંકા પડશે. અરે..! ઇ તો નહિ પણ ભાઈ! એનો શિષ્ય 'રતનચંદજી' શતાવધાની. એ ચૈત્ય... શબ્દ અર્થ કર્યા છે ને? શબ્દકોષ કર્યો છે, શબ્દકોષમાં ચૈત્યનો અર્થ પ્રતિમા નથી ભર્યો. જ્ઞાન ને એમ બધું નામ ભર્યું. કોઈએ પૂછ્યું કે, કેમ પણ આ અર્થ કેમ ન ભર્યો? તો કહે, પૂછવું ક્યાં? અહીં છું એમાં ચૈત્યનો અર્થ પ્રતિમા ભરું તો રહેવાય શી રીતે? એમ ચોખ્ખું કહ્યું હતું. અમને પણ ઘણીવાર મળ્યા હતા. આહાહા..! પ્રતિમા સૂત્ર ૩૨ માં છે, શ્વેતાંબર ૩૨ સૂત્રમાં છે, મૂર્તિ પ્રતિમા છે. છતાં સ્થાનકવાસી માને નહિ અને એ પોતે કબુલ કર્યું હતું વાત છે સાચી, મૂર્તિ છે, પૂજા છે. આહાહા..! આ (સંવત) ૧૯૯૦ ના જેઠ મહિનાની વાત છે, ૧૯૯૦ ની સાલ.

આ તો ચારિત્રની વાત, બાપુ! આ તો અત્યારે તો (સાંભળવા મળતી નથી). આહાહા..! ગયા કાળના કર્મ ઉદય આવતા જોડાવું નહિ અને આત્મા સાથે જોડાવું એનું નામ પ્રતિક્રમણ. ભવિષ્યમાં એ પરિણામથી બંધ થાય તે નહિ થાય એનું નામ પચખાણ. આહાહા..! અને વર્તમાનમાં પણ કર્મના નિમિત્તથી નિમિત્તમાં જોડાણ ન થયું એથી પ્રતિક્રમણ થયું હતું, પ્રત્યાખ્યાન થયું હતું તેથી તેને જ આલોચના ને સંવર કહેવાય છે. આહાહા..! આવી વાત છે. ક્રિયા ને બહારનું જાણપણું એ તો અનંતવાર કર્યા. અનંતવાર અગિયાર અંગ, નવ પૂર્વ ભણ્યો. એમાં કાંઈ દાળિયા થયા નહિ, એ કોઈ વસ્તુ નથી. અગિયાર અંગ ને નવ પૂર્વ–એક અંગમાં અઢાર હજાર પદ ને એક પદમાં એકાવન કરોડ શ્લોક, એવા અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો. નવમી ગ્રૈવેયક ગયો એટલે શુક્લલેશ્યા (પાળી) એનાથી નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. શુક્લલેશ્યા. (તેથી) શું થયું? આહાહા..!

આત્મા અહીં તો કીધું. જોયું? આ તો જ્ઞાનચેતના છે એવો અહીંયાં ભાવ છે. આ બધું ત્રણેનું ગમે તે કહ્યું પણ એનો અર્થ કે, જ્ઞાનચેતના એનું નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન

ને આલોચના. આહાહા..! એ જ્ઞાન સ્વરૂપી ભગવાન.... જાણપણાનું જ્ઞાન નહિ, શાસ્ત્રનું જાણપણું નહિ, એ જાણપણું નહિ. અંદર જે જ્ઞાનસ્વભાવ (છે) એમાં અંદર એકાગ્ર થઈ ગયો છે. આહાહા..! એને અહીંયાં જ્ઞાનચેતના, ચારિત્રની દશાને પણ જ્ઞાનચેતના કહેવામાં આવી છે. છે ચારિત્રની વાત. શ્લોક-શ્લોક આવ્યો ને? ભાવાર્થ.

ભાવાર્થ :– **'ચારિત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચનાનું વિધાન છે. તેમાં, પૂર્વે લાગેલા દોષથી આત્માને નિવર્તાવવો તે પ્રતિક્રમણ છે, ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન છે અને વર્તમાન દોષથી આત્માને જુદો કરવો તે આલોચના છે. અહીં તો નિશ્ચયચારિત્રને પ્રધાન કરીને કથન છે;...'** આ તો નિશ્ચયચારિત્રની વ્યાખ્યા છે. સાચા ચારિત્રની વ્યાખ્યા છે, વ્યવહારચારિત્રની વ્યાખ્યા નથી. આહા..! **'માટે નિશ્ચયથી વિચારતાં તો, જે આત્મા ત્રણે કાળનાં કર્મોથી પોતાને ભિન્ન જાણે છે,...'** આહાહા..! જોયું? જે આત્મા પોતે જ ત્રણે કાળના કર્મોથી એટલે વિકારી ભાવથી, **'પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે,...'** ત્રણે લીધા.

**'તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે, પોતે જ પ્રત્યાખ્યાન છે અને પોતે જ આલોચના છે.'** આહાહા..! **'એમ પ્રતિક્રમણસ્વરૂપ, પ્રત્યાખ્યાનસ્વરૂપ અને આલોચનાસ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન...'** નિરંતર અનુભવન. આહાહા..! આત્માના સ્વભાવનું નિરંતર અનુભવન, આહાહા..! **'તે જ નિશ્ચયચારિત્ર છે.'** એનું નામ સાચું ચારિત્ર છે. હવે અત્યારે તો ચારિત્રની વ્યાખ્યા કાંઈક કાંઈક (કરી નાખી). આહા..! જે આ **'આલોચનાસ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન...'** જુઓ! છે? અને **'એમ પ્રતિક્રમણસ્વરૂપ, પ્રત્યાખ્યાનસ્વરૂપ અને આલોચનાસ્વરૂપ...'** છે ને? પોતે જ પ્રતિક્રમણ, પોતે પ્રત્યાખ્યાન, પોતે આલોચના. **'એમ પ્રતિક્રમણસ્વરૂપ, પ્રત્યાખ્યાનસ્વરૂપ ને આલોચનાસ્વરૂપ આત્માનું નિરંતર અનુભવન તે જ નિશ્ચયચારિત્ર છે.'** પેલા ત્રણ ભલે ભેદ પાડ્યા. બાકી તો આત્મામાં વીતરાગ ભાવથી ઠરવું. વીતરાગ ભાવ સ્વરૂપ આત્મા એવો જે શ્રદ્ધામાં આવ્યો હતો, જ્ઞાનમાં જણાણો હતો એમાં જામી ગયો છે, ઠરી ગયો છે એનું નામ ચારિત્ર કહેવાય. કહો, આવું ચારિત્ર છે.

**'જે આ નિશ્ચયચારિત્ર તે જ જ્ઞાનચેતના (અર્થાત્ જ્ઞાનનું અનુભવન) છે.'** નિશ્ચયચારિત્ર તે જ આત્માનો અનુભવ છે. આહાહા..! ચારિત્રનો અનુભવ તે જ આત્માનો અનુભવ છે. જ્ઞાનનો અનુભવ તે જ ચારિત્રનો અનુભવ છે. આહા..! આ તો સમ્યગ્દર્શન ઉપરાંતની વાત છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિશ્ચય જે છે એ નિશ્ચયની વાત છે. આહા! **'જે આ નિશ્ચયચારિત્ર, તે જ જ્ઞાનચેતના (અર્થાત્ જ્ઞાનનું અનુભવન) છે. તે જ જ્ઞાનચેતનાથી (અર્થાત્ જ્ઞાનના અનુભવનથી) સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ...'** હવે એ જ જ્ઞાનચેતનાથી કેવળજ્ઞાન થાય. કોઈ ક્રિયાકાંડથી કેવળ નહિ. આહાહા..! છે? **'સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે.'** આહાહા..! આવા ચારિત્રથી એટલે જ્ઞાનની એકાગ્રતાની

ચારિત્રની રમણતા, એનાથી જ કેવળજ્ઞાન થાય છે. ક્રિયાકાંડના કોઈ કારણથી ચારિત્ર થતું નથી. આહાહા..!

મુમુક્ષુ :– એક ગુણના કારણે બીજા ગુણમાં કાર્ય થાય નહિ ને કેવળજ્ઞાન કેવી રીતે થાય ચારિત્રમાં?

ઉત્તર :– આ જ્ઞાનચેતના કહ્યું ને! જ્ઞાનચેતના કીધી ને જ્ઞાનચેતના કીધી. **'તે જ જ્ઞાનચેતનાથી (અર્થાત્ જ્ઞાનના અનુભવનથી) સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ...'** અહીં તો જ્ઞાનચેતનાથી વાત કરી છે. ચારિત્રથી થાય એમ નથી કીધું. ચારિત્રની વ્યાખ્યા કરી જ્ઞાનની એકાગ્રતા, પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે જ્ઞાનચેતનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. ચારિત્રથી ઉત્પન્ન થાય એમ કીધું નથી. આહાહા..! એ તો ચારિત્ર એ ચારિત્ર જ છે પણ ચારિત્ર એ આત્માના જ્ઞાનસ્વરૂપની જ્ઞાનની સ્થિરતા એ ચારિત્ર. એ જ્ઞાનચેતનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. એમાં બીજા ગુણથી બીજો ગુણ ઉત્પન્ન થાય એમ આવ્યું નહિ. સમજાણું કાંઈ? ભલે એ જ્ઞાનચેતનામાં ચારિત્ર આવે, શ્રદ્ધા આવે. આહાહા..!

**'(જ્ઞાનનું અનુભવન) છે. તે જ જ્ઞાનચેતનાથી...'** જોયું? **'તે જ જ્ઞાનચેતનાથી (અર્થાત્ જ્ઞાનના અનુભવનથી) સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ...'** જ્ઞાનના અનુભવથી જ્ઞાન પ્રગટ થાય છે. એમ નથી કીધું કે, ચારિત્ર(થી કેવળજ્ઞાન પ્રગટ થાય છે). આકરી વાત છે. એક તો સમકિતની વ્યાખ્યા આકરી પડે, એમાં વળી ચારિત્ર, કે જે અત્યારે દેખાતું નથી. આહાહા..! સમજાય છે આમાં? જ્ઞાનગુણથી જ્ઞાનગુણની વૃદ્ધિ થઈ એમ કીધું. ચારિત્રથી કેવળજ્ઞાન થયું એમ ન કહ્યું. પણ ચારિત્ર તે જ્ઞાનચેતના છે, જ્ઞાનમાં એકાગ્રતા તે છે. તે જ્ઞાનચેતનાથી કેવળજ્ઞાન થાય છે, એમ કહ્યું. એટલે તે જ્ઞાનગુણથી જ્ઞાનગુણ વધે છે, એમ કહ્યું. આહાહા..! આ તો ભાવાર્થકારે આવું ભર્યું છે. આ કાંઈ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા નથી, આ તો ભાવાર્થકારે એમાંથી કાઢીને આ ભર્યું. હિન્દી ભાવાર્થકાર.

મુમુક્ષુ :– 'જયચંદજી' પંડિતનો ભાવાર્થ છે.

ઉત્તર :– હા, મારું ઇ કહેવું હતું કે, મૂળ કર્તા 'કુંદકુંદાચાર્ય', ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય'. છતાં આ 'જયચંદજી' પંડિતે આવો અર્થ કર્યો. એ વખતના ગૃહસ્થો પણ આવા હતા. આહાહા..!

**'જ્ઞાનચેતનાસ્વરૂપ સાક્ષાત્ કેવળજ્ઞાનમય આત્મા પ્રગટ થાય છે.'** આહાહા..! એ જ્ઞાનની ચેતનાથી જ્ઞાન પ્રગટ થઈ જાય છે. ઇ ચારિત્ર એ જ્ઞાનની ચેતના છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમાં ચારિત્ર એ જ્ઞાનમાં સ્થિરતા ને એકાગ્રતા છે તેથી તેને જ્ઞાનચેતના કીધી. તેથી તે જ્ઞાનચેતનાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાનગુણથી જ્ઞાનગુણની પર્યાય પ્રગટ થાય છે. આહાહા..!

# શ્લોક-૨૨૪

(उपजाति)

ज्ञानस्य सञ्चेतनयैव नित्यं
प्रकाशते ज्ञानमतीव शुध्धम्।
अज्ञानसञ्चेतनया तु धावन्
बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।।२२४।।

હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે, જેમાં જ્ઞાનચેતનાનું ફળ અને અજ્ઞાનચેતનાનું (અર્થાત્ કર્મચેતનાનું અને કર્મફળચેતનાનું) ફળ પ્રગટ કરે છે :-

શ્લોકાર્થ :- [ नित्यं ज्ञानस्य सञ्चेतनया एव ज्ञानम् अतीव शुद्धम् प्रकाशते ] નિરંતર જ્ઞાનની સંચેતનાથી જ જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે; [ तु ] અને [ अज्ञानसञ्चेतनया ] અજ્ઞાનની સંચેતનાથી [ बन्धः धावन् ] બંધ દોડતો થકો [ बोधस्य शुद्धिं निरुणद्धि ] જ્ઞાનની શુદ્ધતાને રોકે છે-જ્ઞાનની શુદ્ધતા થવા દેતો નથી.

ભાવાર્થ :- કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય. જ્ઞાન પ્રત્યે જ એકાગ્ર ઉપયુક્ત થઈને તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાનચેતના છે. તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે અર્થાત્ કેવળજ્ઞાન ઊપજે છે. કેવળજ્ઞાન ઊપજતાં સંપૂર્ણ જ્ઞાનચેતના કહેવાય છે.

અજ્ઞાનરૂપ (અર્થાત્ કર્મરૂપ અને કર્મફળરૂપ) ઉપયોગને કરવો, તેના તરફ જ (-કર્મ અને કર્મફળ તરફ જ-) એકાગ્ર થઈ તેનો જ અનુભવ કરવો, તે અજ્ઞાનચેતના છે. તેનાથી કર્મનો બંધ થાય છે, કે જે બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે. ૨૨૪.

## શ્લોક-૨૨૪ ઉપર પ્રવચન

'હવે આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે, જેમાં જ્ઞાનચેતનાનું ફળ અને

**અજ્ઞાનચેતનાનું (અર્થાત્ કર્મચેતનાનું અને કર્મફળચેતનાનું) ફળ પ્રગટ કરે છે :–**' હવે એનું ફળ જણાવે છે.

ज्ञानस्य सञ्चेतनयैव नित्यं
प्रकाशते ज्ञानमतीव शुध्धम्।
अज्ञानसञ्चेतनया तु धावन्
बोधस्य शुद्धिं निरुणद्धि बन्धः।।२२४।।

'**नित्यं ज्ञानस्य सञ्चेतनया एव ज्ञानम् अतीव शुद्धम् प्रकाशते**' '**નિરંતર...**' જ્ઞાન સ્વભાવ ભગવાન એની ચેતનાથી, અનુભવથી જ '**જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે;...**' આહાહા..! કોઈ પંચમહાવ્રતની ક્રિયા કે દયા, દાનના, વ્રતના પરિણામથી થાય છે એમ ના પાડી છે. એ તો 'ગુલાબચંદજી'એ કબુલ કર્યું હતું. કીધું, આ ક્રિયા નહિ, આ ક્રિયા તો બંધનું કારણ છે. જ્ઞાન સ્વરૂપમાં ઠરવું, જ્ઞાનમાં ક્રિયા એ જ્ઞાન ક્રિયા. આ શાસ્ત્રનું જ્ઞાન ને આ ક્રિયા મોક્ષનું કારણ છે નહિ. (સંવત) ૧૯૯૦ ની જેઠ મહિનાની વાત છે, એ જેઠ મહિનો હતો. ચોમાસુ ચાલુ થયું, 'રાજકોટ'. ભાઈ! શું કહેવાય? સદરમાં પહેલું ચોમાસુ ગામમાં હતું, બીજું ચોમાસુ અંદર (હતું) ત્યારની વાત છે. આહાહા..!

'**નિરંતર જ્ઞાનની સંચેતનાથી જ, સંચેતનાથી જ...**' એકાંત કર્યું છે. કથંચિત્ આમ ને કથંચિત્ આમ એમ નહિ. આહાહા..! નિરંતર જ્ઞાનની સંચેતના–વેદન, વેદનથી '**જ જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે;...**' આહાહા..! (કોઈ) એમ (કહે) કે, વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ છે માટે અનેકાંત કરો. નિશ્ચયથી પણ થાય, વ્યવહારથી પણ થાય. અહીં તો ના પાડે છે. અહીં તો કહે છે, '**નિરંતર જ્ઞાનની સંચેતનાથી જ જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે;...**' કેવળજ્ઞાન થાય છે. જ્ઞાનનો જ્ઞાન અનુભવથી જ કેવળજ્ઞાન થાય છે. ક્રિયાકાંડ જે રાગ છે એના અનુભવથી બંધન થાય છે. આહાહા..!

'**અને અજ્ઞાનની સંચેતનાથી...**' કર્મચેતના અને કર્મફળ. રાગનું ચેતવું ને રાગના ફળને હરખ-શોકથી વેદવું એ કર્મફળચેતના. એ કર્મચેતના ને કર્મફળચેતના બેય '**અજ્ઞાનની સંચેતનાથી બંધ દોડતો થકો...**' '**धावन्**' આહાહા..! ભાષા જુઓ! એને બંધ થાય જ છે. દોડતો થકો એટલે (એનો અર્થ આ). અજ્ઞાનથી બંધ ન થાય અને વિકારથી બંધ ન થાય એમ છે જ નહિ. આહાહા..! બંધ દોડતો થકો, દોડતો થકોનો અર્થ બંધ થયા વિના રહે જ નહિ. રાગ-દ્વેષની ક્રિયા કરે, દયા, દાન, વ્રત (કરે) અને બંધ ન થાય એમ થાય જ નહિ, બંધ જ થાય એમાં. આહા..!

'**જ્ઞાનની શુદ્ધતાને રોકે છે...**' અજ્ઞાનની ચેતના એટલે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ બંધને કરે છે અને જ્ઞાનની શુદ્ધતાને રોકે છે. આવું છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ. આહાહા..! '**એ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે....**' આહા..! અને '**જ્ઞાનની**

**શુદ્ધતા થવા દેતો નથી.'** આહાહા..! આવી તો વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૪૩૧, શ્લોક-૨૨૪-૨૨૫, ગાથા-૩૮૭ થી ૩૮૯ શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૧૪, તા. ૧૧-૦૭-૧૯૮૦**

'સમયસાર' ૨૨૪ કળશ, એનો ભાવાર્થ છે. ૨૨૪ કળશ છે ને? એનો ભાવાર્થ.

**ભાવાર્થ :- 'કોઈ (વસ્તુ) પ્રત્યે...'** એમાં આવ્યું છે ને, કે જ્ઞાનની ચેતના એ અત્યંત શુદ્ધ પ્રકાશે છે અને અજ્ઞાનની અશુદ્ધ ચેતના(માં) બંધ દોડતો આવે છે એમ કહ્યું હવે એનો ખુલાસો કરે છે. કે, **'કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય.'** એ દૃષ્ટાંત છે. તેમ **'જ્ઞાન પ્રત્યે...'** જ્ઞાન એટલે આત્મા. મુખ્યપણે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાનની એકાગ્રતા-એના પ્રત્યે એકાગ્રતા, જ્ઞાન પ્રત્યે જ એકાગ્રતા. રાગ, દયા, દાન ને વિકલ્પ એ નહિ. દયા, દાન ને ભક્તિ, પૂજા એ તો શુભરાગ છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! ધર્મ તો રાગ રહિત આત્માનો જે જ્ઞાન ચૈતન્ય સ્વભાવ (છે) એ જ્ઞાનમાં એકાગ્રતા. આહાહા..! એના પ્રત્યે એકાગ્રતા **'ઉપયુક્ત થઈને...'** ઉપયોગને જ્ઞાનમાં એકાગ્ર કરીને **'તેના તરફ જ ચેત રાખવી...'** તેના તરફ જ ધ્યાન રાખવું, તેના તરફ જ તે અનુભવ રાખવો. **'તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાનચેતના છે.'** આનું નામ ધર્મ. આહાહા..!

જ્ઞાનસ્વરૂપ આત્મા, એમાં તો કોઈ પુણ્ય-પાપ, શુભાશુભભાવ વસ્તુમાં નથી. એ તત્ત્વ ભિન્ન તત્ત્વ છે. નવ તત્ત્વ છે ને? એ પુણ્ય-પાપ, આસ્રવ, બંધ તત્ત્વ ભિન્ન છે. જ્ઞાયક તત્ત્વ જે જ્ઞાન સ્વરૂપ જે છે અંદર, એનું સંચેતન નામ એકાગ્રતા, એની જે એકાગ્રતા ને વેદન, ઉપયોગ એકાગ્રતા તેનું નામ જ્ઞાનચેતના, તેનું નામ ધર્મ, આનું નામ ધર્મ. આહાહા..! આત્માનો સ્વભાવ જે જ્ઞાન ત્રિકાળ એ એનો જે ધર્મ એમાં જ એકાગ્રતા કરવી એનું નામ ધર્મ. આહાહા..!

**'તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે...'** શું કહે છે? કે, આત્માનું જે જ્ઞાનસ્વરૂપ છે તેની એકાગ્રતાનું વેદન, ઉપયોગ અંદર એકાગ્રતાનો એ જ શુદ્ધ કેવળજ્ઞાનને પ્રગટ કરે છે, કેવળજ્ઞાનનું કારણ એ છે. કેવળજ્ઞાનનું કારણ કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે ક્રિયાકાંડ કોઈ કેવળજ્ઞાનનું કારણ નથી, એ તો બંધનું કારણ છે. આહાહા..! **'તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાનચેતના છે.'** જ્ઞાનની એકાગ્રતા, ચેતના એટલે જ્ઞાનની એકાગ્રતા. જ્ઞાન એટલે કે આ શાસ્ત્રનું જ્ઞાન એ નહિ, સાંભળીને થયેલું જ્ઞાન, ધારણાનું

જ્ઞાન એ જ્ઞાન નહિ. અંતર જ્ઞાનસ્વરૂપ વસ્તુ જે ધ્રુવ નિત્ય છે, આત્મા જે જ્ઞાન સ્વભાવ સત્તા, જ્ઞાનની સત્તાથી નિત્ય છે એ જ્ઞાનમાં એકાગ્રતાનો ઉપયોગ થવો એનું નામ જ્ઞાનચેતના, ધર્મચેતના કહેવામાં આવે છે. આહાહા..!

**'તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે...'** એટલે કેવળજ્ઞાન થાય છે. એ જ્ઞાન સ્વરૂપમાં એકાગ્રતા તે કેવળજ્ઞાનનું કારણ છે. મોક્ષનું કારણ બીજું કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ એ કોઈ મોક્ષનું કારણ નથી અને ધર્મ નથી. આહાહા..! આત્મા જે વસ્તુ છે એમાં જ્ઞાન સ્વભાવ પૂર્ણ અખંડ અભેદ પડ્યો છે, તે જ્ઞાનમાં એકાગ્રતાનો પર્યાયમાં અનુભવ કરવો. ધ્રુવનું લક્ષ કરી, ધ્રુવને ધ્યેય બનાવી, વર્તમાન પર્યાયમાં એકલું જ્ઞાન–આત્માનું વેદન અત્યંત શુદ્ધ પ્રકાશે તેનાથી કેવળજ્ઞાન પ્રકાશે છે. આ માર્ગ છે. આહાહા..!

**'તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે અર્થાત્ કેવળજ્ઞાન ઊપજે છે. કેવળજ્ઞાન ઊપજતાં સંપૂર્ણ જ્ઞાનચેતના કહેવાય છે.'** કેવળજ્ઞાન થતાં પોતાનું જે જ્ઞાનસ્વરૂપ, તેની પૂર્ણ ચેતના, એનું પૂર્ણ વેદન, પૂર્ણ ચેતન, પૂર્ણ ચેતના થઈ. જેવો એનો સ્વભાવ પૂર્ણ છે એવું ધ્યેય બનાવીને જ્ઞાનને એકાગ્ર કર્યું તે જ્ઞાનની પૂર્ણતા શુદ્ધતાને પામે છે, તે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. આહાહા..!

અત્યારે તો કેવળજ્ઞાન નથી ને? માર્ગ તો આ છે, બીજો કોઈ માર્ગ નથી. અજ્ઞાનીઓએ બીજો માર્ગ કલ્પ્યો હોય દાનથી, દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને એ તો બધા બંધના કારણ છે, એ તો અનંતવાર કર્યા છે. એ વ્યવહાર રત્નત્રય કથનમાત્ર છે. એ તો અનંતવાર કર્યા છે. એ એમાં આવી ગયું છે. બપોરે વાંચીએ છીએ ને? 'નિયમસાર', 'નિયમસાર'ની ૯૦ મી ગાથા. એની અંદર એની નીચે આવી ગયું છે. કળશ છે. કે વ્યવહાર કથન એટલે વ્યવહાર દર્શન, વ્યવહાર જ્ઞાન ને વ્યવહાર ચારિત્રના પરિણામ તો અનંતવાર કર્યા છે. એ વ્યવહારત્નત્રય તો કથનમાત્ર છે. આહાહા..! એ કોઈ વસ્તુ નથી. વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન ને વ્યવહાર વ્રત એ કોઈ વસ્તુ નથી, એ તો બંધના કારણ (છે). એ તો અનંતવાર કર્યા છે ને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો છે. આહાહા..!

આતમ જે વસ્તુ છે એ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી ભરેલી ચીજ છે. એ ભરેલી ચીજમાં એકાગ્ર થઈને વેદન કરીને શુદ્ધતા પ્રગટ કરવી અને એ શુદ્ધતા પૂર્ણ શુદ્ધતાનું કારણ થાય. આહાહા..! પૂર્ણ શુદ્ધતા એટલે કેવળજ્ઞાનનું એ કારણ થાય, બીજું કેવળજ્ઞાનનું કોઈ કારણ છે નહિ. આહાહા..! એનાથી વિરુદ્ધ, હવે એનાથી વિરુદ્ધ (વાત કહે છે).

**'અજ્ઞાનરૂપ (અર્થાત્ કર્મરૂપ અને કર્મફળરૂપ) ઉપયોગને કરવો,...'** અજ્ઞાન એટલે દયા, દાન, પુણ્યના પરિણામ, પાપના પરિણામ એ કર્મ છે, કર્મ એટલે કાર્ય છે અને એનું ફળ, કર્મફળ દુઃખ છે. એ (કર્મ અને કર્મફળ તરફ જ) **'એકાગ્ર થઈ તેનો જ અનુભવ કરવો,...'** આહાહા..! એ રાગનો અનુભવ કરવો એ અજ્ઞાન છે, જ્ઞાનનો અનુભવ કરવો એ જ્ઞાન

છે. આહાહા..! ભાષા તો બહુ ટૂંકી (છે) પણ ભાવ આકરા છે. એ રાગ પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના કહેવાય છે અને એનું ફળ દુઃખ છે. એવો જે **'ઉપયોગને કરવો, તેના તરફ જ (-કર્મ અને કર્મફળ તરફ જ-) એકાગ્ર થઈ તેનો જ અનુભવ કરવો, તે અજ્ઞાનચેતના છે.'** આહાહા..! એ અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે વ્યવહાર રત્નત્રય કથનમાત્ર જે છે એ અનંતવાર કર્યા છે. એનાથી કોઈ નિશ્ચય થાય, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય-સત્ય થાય, વ્યવહાર તો અસત્ય છે, અસત્ય કરતાં કરતાં સત્ય થાય એમ કદી બને નહિ. આહાહા..!

એ તો ચૈતન્ય સત્ છે, જ્ઞાનાનંદ સ્વભાવ (છે). આત્મા એટલે સર્વાંગી જ્ઞાન અને સર્વાંગી આનંદ એવો જે આત્મપદાર્થ સપૂર્ણ સ્વરૂપ પરમાત્મા શક્તિએ, સ્વભાવે પોતે છે. એમાં એકાગ્રતાનો અનુભવ એ પૂર્ણ શુદ્ધતાના પ્રકાશનું કારણ છે. એ કેવળજ્ઞાનરૂપી પૂર્ણ શુદ્ધતા એનું કારણ આ છે. આહાહા..! ત્યારે વચ્ચે આ ભગવાનની પૂજા ને જાત્રા ને આ દાન ને દયા ને પાંચ પાંચ, દસ લાખ રૂપિયા દાનમાં આપવા ને એમાંથી કાંઈ નહિ થાતું હોય? એમાંથી થાય, રાગની એકતાનું અજ્ઞાન (થાય). એ રાગ છે. ભાઈ! આત્મા રાગ સ્વરૂપ નથી.

આત્મા જ્ઞાતા, જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ જેનું હોવાપણું એકલું જ્ઞાન અને આનંદ સ્વરૂપ જ હોવાપણે છે. એવા સ્વરૂપની અંદરની વેદના-સંચેતન-સમ્યક્ પ્રકારે વેદન (થવું) એ તરફનું ચેતન, શુદ્ધતા એ પવિત્રતાનું કારણ છે અને એ જ કેવળજ્ઞાન લેવાનું કારણ છે. આહાહા..! બાકી લાખ કરોડ બીજી ક્રિયાકાંડ કરે, અપવાસ મહિનાના કરે ને છ મહિનાના કરે ને એમાંથી જરી પણ આત્મધર્મ ન થાય. આહાહા..! એ વિકલ્પ છે, રાગ છે. રાગની એકતાનો અનુભવ અજ્ઞાન છે. આહાહા..!

અજ્ઞાનમાં **'એકાગ્ર થઈ તેનો જ અનુભવ કરવો...'** એટલે રાગનો. પુણ્ય ને પાપના ભાવ જે વિકારી છે તેનો જ એકાગ્ર થઈને અનુભવ કરવો તે અજ્ઞાનચેતના છે, **'તે અજ્ઞાનચેતના છે. તેનાથી કર્મનો બંધ થાય છે,...'** એમાંથી જરીએ કરીને મોક્ષને મદદ કરે તેમ નથી. છે? ૨૨૪ કળશ પછી. સમજાણું કાંઈ? **'કે જે બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે.'** જે રાગ અને દ્વેષ ચાહે તો પુણ્ય ને પાપ બેય ભાવ જ્ઞાન સ્વભાવને રોકનારા છે, ધર્મને રોકનાર છે. શાંતિને, સ્વચ્છતાને, નિર્મળતાને એ પુણ્ય ને પાપ બેય રોકનાર છે, એ બે અજ્ઞાન છે. આહાહા..! વ્યવહાર વ્યવહાર કરે છે ને લોકો? વ્યવહાર દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, આ કરો એ બધું અજ્ઞાન છે, એમાંથી જરીએ ધર્મ નથી, બંધનું કારણ છે. આહાહા..! એ બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકે છે. આહાહા..! હવે ગાથા, ગાથા આવી ૩૮૭.

## ગાથા-૩૮૭ થી ૩૮૯

वेदंतो कम्मफलं अप्पाणं कुणदि जो दु कम्मफलं।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८७।।
वेदंतो कम्मफलं मए कदं मुणदि जो दु कम्मफलं।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८८।।
वेदंतो कम्मफलं सुहिदो दुहिदो य हवदि जो चेदा।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८९।।

वेदयमानः कर्मफलमात्मानं करोति यस्तु कर्मफलम्।
स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधम्।।३८७।।
वेदयमानः कर्मफलं मया कृतं जानाति यस्तु कर्मफलम्।
स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधम्।।३८८।।
वेदयमानः कर्मफलं सुखितो दुःखितश्च भवति यश्चेतयिता।
स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधम्।।३८९।।

ज्ञानादन्यत्रेदमहमिति चेतनम् अज्ञानचेतना। सा द्विधा-कर्मचेतना कर्मफलचेतना च। तत्र ज्ञानादन्यत्रेदमहं करोमीति चेतनं कर्मचेतना; ज्ञानादन्यत्रेदं वेदयेऽहमिति चेतनं कर्मफलचेतना। सा तु समस्तापि संसारबीजं; संसारबीजस्याष्टविधकर्मणो बीजत्वात्। ततो मोक्षार्थिना पुरुषेणाज्ञानचेतनाप्रलयाय सकलकर्मसंन्यासभावनां सकलकर्मफलसंन्यासभावनां च नाटयित्वा स्वभावभूता भगवती ज्ञानचेतनैवैका नित्यमेव नाटयितव्या।

---

હવે આ કથનને ગાથા દ્વારા કહે છે :-

જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુઃખબીજને; ૩૮૭.
જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૮.

જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુઃખી થાય છે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૯.

ગાથાર્થ :– [ कर्मफलम् वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः तु ] જે આત્મા [ कर्मफलम् ] કર્મફળને [ आत्मानं करोति ] પોતારૂપ કરે છે (-માને છે), [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને-[ दुःखस्य बीजं ] દુઃખના બીજને-[ बध्नाति ] બાંધે છે.

[ कर्मफलम् वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः तु ] જે આત્મા [ कर्मफलम् मया कृतं जानाति ] 'કર્મફળ મેં કર્યું' એમ જાણે છે, [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને-[ दुःखस्य बीजं ] દુઃખના બીજને-[ बध्नाति ] બાંધે છે.

[ कर्मफलम् वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः चेतयिता ] જે આત્મા [ सुखितः दुखितः च ] સુખી અને દુઃખી [ भवति ] થાય છે, [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને-[ दुःखस्य बीजं ] દુઃખના બીજને-[ बध्नाति ] બાંધે છે.

ટીકા :– જ્ઞાનથી અન્યમાં (-જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું (અનુભવવું) કે 'આ હું છું', તે અજ્ઞાનચેતના છે. તે બે પ્રકારે છે-કર્મચેતના અને કર્મફળચેતના. તેમાં, જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે 'આને હું કરું છું', તે કર્મચેતના છે; અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે 'આને હું ભોગવું છું', તે કર્મફળચેતના છે. (એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે.) તે સમસ્ત અજ્ઞાનચેતના સંસારનું બીજ છે; કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું (જ્ઞાનાવરણાદિ) કર્મ, તેનું તે અજ્ઞાનચેતના બીજ છે (અર્થાત્ તેનાથી કર્મ બંધાય છે). માટે મોક્ષાર્થી પુરુષે અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે સકળ કર્મના સન્યાસની (ત્યાગની) ભાવનાને તથા સકળ કર્મફળના સન્યાસની ભાવનાને નચાવીને, સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.

## ગાથા–૩૮૭ થી ૩૮૯ ઉપર પ્રવચન

वेदंतो कम्मफलं अप्पाणं कुणदि जो दु कम्मफलं।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८७।।
वेदंतो कम्मफलं मए कदं मुणदि जो दु कम्मफलं।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८८।।

वेदंतो कम्मफलं सुहिदो दुहिदो य हवदि जो चेदा।
सो तं पुणो वि बंधदि बीयं दुक्खस्स अट्ठविहं।।३८९।।

જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુઃખબીજને; ૩૮૭.
જે કર્મફળને વેદતો જાણે ‘કરમફળ મેં કર્યું’,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૮.
જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુઃખી થાય છે,
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૯.

ટીકા :– **‘જ્ઞાનથી અન્યમાં (-જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું...’** ભગવાનઆત્મા તો જાણક સ્વભાવનો પિંડ છે. આત્મા તો એક જાણક સ્વભાવનો સાગર છે. ચૈતન્યના પ્રકાશના નૂરનું એ પૂર છે. **‘જ્ઞાનથી અન્યમાં...’** એવા સ્વભાવથી અનેરામાં, જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં, પુણ્ય ને પાપ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ આદિમાં **‘એમ ચેતવું (અનુભવવું) કે ‘આ હું છું’,...’** આહાહા..! હજી તો નિવૃત્તિ મળે નહિ. કરે ઇ તો કહે, એ બંધ છે. આહાહા..!

જ્ઞાન એટલે આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમ પવિત્રતાનો પિંડ. એનાથી અન્ય એટલે રાગ અને દ્વેષ, દયા ને દાન, ભક્તિ ને પૂજા એ અન્ય ભાવોમાં એમ ચેતવું, એ અન્ય ભાવોમાં એમ જાણવું, વેદવું, કે આ હું છું, રાગનો વિકલ્પ જે છે એ હું છું. આહાહા..! ચાહે તો ભગવાનની ભક્તિનો હોય કે ચાહે તો શાસ્ત્રના જ્ઞાનનો હોય. આહાહા..! વિકલ્પ રાગ ‘આ હું છું, એ હું છું અને એ મને લાભદાયક છે’ જેને હું છું એમ માને એનાથી લાભ માન્યા વિના રહે નહિ. આહાહા..!

**‘‘આ હું છું’, તે અજ્ઞાનચેતના છે.’** શુભ ને અશુભભાવ ચેતનાના સ્વભાવથી વિરુદ્ધ ભાવ, એ વિકાર ભાવ તેમાં તેને અનુભવવું એ અજ્ઞાનચેતના છે. એ અજ્ઞાનમાં અનુભવ આવ્યો છે, એ અજ્ઞાનનો અનુભવ છે, આત્માનો નહિ. આહાહા..! આવો માર્ગ છે. **‘જ્ઞાનથી અન્યમાં...’** ચૈતન્ય સ્વભાવ પવિત્રતાનો પિંડ પ્રભુ, એનાથી અન્ય ભાવ, એમાં અનુભવવું, કે આ હું છું. ચાહે તો દયાનો ભાવ હોય રાગ, વ્રતનો ભાવ રાગ (છે) એ હું છું. તે અજ્ઞાનચેતના છે, એ અજ્ઞાનને વેદે છે. આહાહા..!

વ્યવહારથી નિશ્ચય થાય એ વાળાને આ આકરું પડે. કારણ કે, ‘કળશ-ટીકા’ માં ‘જયસેનાચાર્ય’ ની ટીકામાં એ આવે છે–વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. એથી એ લઈને બેસે. પણ એ તો બીજું કારણ છે. જેણે રાગથી ભિન્ન કરીને આત્માનો અનુભવ કર્યો તે જીવને બાકીના રાગમાં આરોપ આપ્યો, કે આ સાધન છે. અનુભવ થયો છે ને રાગ

બાકી રહ્યો તેને સાધનનો આરોપ આપ્યો. પહેલું સાધન હતું અને હવે પણ છે એમ આરોપ આપ્યો. વ્યવહાર છે એ તો અજ્ઞાનચેતના છે. આહાહા..! એ અજ્ઞાનચેતના આત્માને બંધનું કારણ છે. આહાહા..!

ભગવાન 'કુંદકુંદાચાર્ય' પોતે 'મોક્ષ પાહુડ'માં કહે છે કે, **'परदव्वादो दुग्गई'**. સ્વદ્રવ્યના સ્વભાવને છોડીને પરદ્રવ્ય, તીર્થંકર કહે છે કે મને પણ ચિંતવે તો એ એનો પરિણામ દુર્ગતિ છે, એના ચૈતન્યની ગતિ નથી, ચૈતન્યથી વિરુદ્ધની ગતિ છે. પછી ચાહે તો પુણ્ય હોય ને એનાથી સ્વર્ગમાં જાય, પણ સ્વર્ગ એ દુર્ગતિ છે. આહાહા..! **'परदव्वादो दुग्गई'** પરદ્રવ્યથી દુર્ગતિ છે એમ પાઠ છે. **'सद्दव्वादो हु सुग्गई'** સ્વદ્રવ્ય જે છે તેનો અનુભવ તે સુગતિ મુક્તિનું કારણ છે. એમાં થોડો રાગ બાકી રહી જાય તો એનાથી સ્વર્ગમાં જાય.

આ **'(–જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું (અનુભવવું) કે આને હું કરું છું.'** આહાહા..! **'તે બે પ્રકારે છે...'** એમ કીધું ને? **'કર્મચેતના અને કર્મફળચેતના.'** એટલે? કર્મચેતના એટલે કર્મ એટલે જડ ચેતના એ નહિ. કર્મનો જડપણાનો અનુભવ એ નહિ. કર્મ એટલે કાર્ય, પુણ્ય ને પાપરૂપી પર્યાયનું કાર્ય એને અહીં કર્મ કહે છે. શુભ ને અશુભભાવ એ કર્મ એટલે કાર્ય તેને પોતાના અનુભવે, માને તે મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે, એ અધર્મી છે, એ અધર્મ કરે છે. આહાહા..! વ્યવહારના રસીલાને રાડ પાડે એવું છે. વ્યવહારથી કાંઈક, વ્યવહારથી કાંઈક કરતાં કરતાં (થાય), પાપ કરીએ છીએ એના કરતાં વ્યવહાર પુણ્ય કરીએ એમાં કાંઈ ફેર છે કે નહિ? ફેર છે ગતિનો, ધર્મનો નહિ. આહાહા..! પાપ કરે તો નરક ને ઢોર આદિમાં, પુણ્ય કરે તો મનુષ્ય ને સ્વર્ગમાં જાય, બાકી ધર્મ કિંચિત્ નહિ. આહાહા..!

એ કહે છે કે, **'તે અજ્ઞાનચેતના છે. તે બે પ્રકારે છે-કર્મચેતના અને કર્મફળચેતના.'** કર્મચેતના એટલે શુભ ને અશુભભાવનો અનુભવ તે કર્મચેતના, પુણ્ય ને પાપના ભાવનો અનુભવ તે કર્મ–કાર્ય, પર્યાય વિકારનું કાર્ય એનો અનુભવ એ કર્મ. જડ કર્મની અહીં વાત નથી. જડ કર્મને તો આત્મા અડતો પણ નથી. જડ કર્મ જીવને અડતા નથી, જીવ જડ કર્મને અડતો નથી. પણ આ તો એમાં થયેલા, થયેલા પુણ્ય-પાપના ભાવ તેને અહીંયાં કર્મ એટલે કાર્ય કહીને ચેતના, કર્મચેતના કીધી છે. આહાહા..!

**'તેમાં, જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે 'આને હું કરું છું',...'** આહાહા..! કોઈ પણ વિકલ્પને હું કરું છું. ચાહે તો શાસ્ત્રનો વિકલ્પ હોય, ચાહે તો ભગવાનની ભક્તિનો હોય પણ એ વિકલ્પને હું કરું છું, **'તે કર્મચેતના છે;...'** તે સંસારચેતના છે. આહાહા..!

**'અને જ્ઞાનથી અન્યમાં...'** આત્માના સ્વભાવ શુદ્ધ ચૈતન્ય નિર્મળ પ્રભુ, એ જ્ઞાન, હોં! શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નહિ. આહાહા..! શાસ્ત્રના ભણતરનું ધારણાનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આ તો આત્માનું જે જ્ઞાન અંદરથી શક્તિ સ્વરૂપ સત્ત્વ છે એમાંથી પ્રગટેલું જ્ઞાન, એનાથી

અન્યમાં એવા **'જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે 'આને હું ભોગવું છું',...'** પેલામાં કરું છું એમ હતું, પહેલાંમાં હું કરું છું એમ હતું. આમાં રાગને હું ભોગવું છું. આત્મા શરીરને ભોગવતો નથી. દાળ, ભાત, શેરો કે મેસુબને આત્મા ખાઈ શકતો નથી, એને તો આત્મા અડતો નથી. આહાહા..!

મુમુક્ષુ :– ચાખે તો ખરો?

ઉત્તર :– અડતો નથી ને ચાખે શું? આહાહા..! એ તો એના ચાખવામાં લક્ષ જાય છે અને એને મીઠું લાગે એવો રાગ થાય છે. એ રાગનો અનુભવ છે, એ મેસુબનો અનુભવ નથી. આહાહા..! જે પરદ્રવ્ય છે એનો સ્વદ્રવ્યમાં અનુભવ એનો હોય શકે જ નહિ. આહા..! પણ સ્વદ્રવ્યની વિપરીત અવસ્થા (છે) એ પોતાની પોતામાં છે તેથી તેને તે કરી અને વેદે છે. હું કરું છું ને હું વેદુ છું એવી જે પોતાની વિકારી અવસ્થાની માન્યતા (છે) એ પણ અજ્ઞાન છે. આહાહા..! આ તો સાધારણ વાત ઘણીવાર આવી ગયેલી છે.

**'આને હું ભોગવું છું,...'** કોને? કર્મફળને. એટલે શરીર, વાણી, મનને અને લાડવા ને દાળ-ભાત, સ્ત્રીનું શરીર નહિ. ભોગવવામાં એના તરફનું લક્ષ કરીને જે રાગ થાય, હરખ થાય એને હું ભોગવું છું, એ કર્મફળચેતના. કર્મ નામ વિકારી પરિણામરૂપી કાર્ય એનું એ ફળ દુઃખ (છે). એ દુઃખનું વેદન એ કર્મફળચેતના. આહાહા..! બધી વાતનો ફેર આહાહા..! આવી વાત છે.

અનંત કાળ ગયો, ભાઈ! આહાહા..! કંઈક કંઈક શલ્ય રાખ્યું, કંઈક અંદર ઊંડું ઊંડું અને અનંત કાળ ગયો. નવમી ગ્રૈવેયક અનંતવાર (ગયો). પંચ મહાવ્રત અનંતવાર પાળ્યા. આહાહા..! છતાં એ તો આસ્રવ ને દુઃખ છે. એને હું કરું છું એ કર્મચેતના છે અને હું એને વેદુ છું એ કર્મફળચેતના છે. પંચમહાવ્રતના પરિણામ, એને હું કરું છું એ કર્મચેતના છે, વિકારીરૂપી કાર્યચેતના. વિકારમાં ચેતાય ગયો છે, એ વિકારમાં સળગી ગયો છે. આહાહા..! અને વિકારના વેદનમાં ચાલ્યો ગયો છે. વેદન એનો અનુભવ જ વિકારનો છે. રાગ કે પુણ્ય એ કર્મફળ એટલે રાગનું ફળ. કર્મફળ એટલે જડ કર્મ નહિ પણ એ રાગ-દ્વેષ આદિ એનું ફળ સુખ-દુઃખ તે વેદે છે તે અજ્ઞાન છે. આહાહા..! પૈસા કાંઈ પાંચ-દસ લાખ મળ્યા અને ઠીક છે, મજા પડે છે એવો જે વિકાર, એનું જે વેદન એ જ્ઞાનચેતનાથી વિરુદ્ધ વેદન છે, અજ્ઞાન વેદન છે, બંધનું કારણ છે. આહાહા..! આવી વાત છે.

સંપ્રદાયમાં તો આ સાંભળવાનું નહોતું, સાંભળવા મળ્યું નહોતું. 'હીરાજી મહારાજ' જેવા હતા. કેવા હીરા કહેવાય! આ કરો... આ કરો... આ કરો... આ કરો... આ કરો... કરો ને એના જેવો સાધુ કોણ? આવી ક્રિયા કરે, નિર્દોષ આહાર લે, કપડા નિર્દોષ લે એને લાવીને ન આપે, વેચાતા ન લે. બસ! અમે નિર્દોષ સાધુ થયા, એમ માનતા. આમ બિચારા ભદ્રિક, ધમાલ નહિ, ઘમંડ નહિ. પણ વસ્તુની સ્થિતિ આવી ખબર નહિ. ત્યારે તો 'હીરા

એટલા હીર બાકી સુતરના ફાળકા' એમ કહેવાતું. 'હીરાજી મહારાજ' એટલે કોણ? હીરો 'હિન્દુસ્તાન'નો. અમારા સંપ્રદાયના ગુરુ. બાકી સુતરના ફાળકા છે એવું કહેવાતું. એણે કોઈ દિ' આ વાત સાંભળી નહોતી. આહાહા..! વાત હતી નહિ ને? આહાહા..!

અહીં કહે છે, એ કર્મના ફળને ભોગવવું **'તે કર્મફળચેતના છે. (એમ બે પ્રકારે અજ્ઞાનચેતના છે.)'** જ્ઞાનચેતના એક જ પ્રકારે છે. સ્વરૂપ આનંદ ને જ્ઞાનમાં એકાગ્રતા એ. અને આ અજ્ઞાનચેતના બે પ્રકારે છે. કર્મચેતના અને કર્મફળચેતના. આહાહા..! એ બે પ્રકારે અજ્ઞાનચેતના (છે). **'તે સમસ્ત...'** બેય ચેતના. **'અજ્ઞાનચેતના સંસારનું બીજ છે;...'** આહાહા..! એ બેય ચેતના સંસારનું બીજ છે. ઓહો..હો..! પંચ મહાવ્રતને પાળવું એ સંસારનું બીજ છે. આહાહા..! એ પંચમહાવ્રતના પરિણામને કરવા, હું કરું છું અને હું એને ભોગવું છું એ સંસારનું બીજ છે. આહાહા..! એ બીજમાંથી સંસાર ફાલશે. ઘઉંમાંથી ઘઉં ફાલે એમ આ બીજમાંથી સંસાર આવશે, આવતાર. આહાહા..!

અરે..રે..! એક એક અવતાર, ચોરાશીમાંથી કોઈ પણ અવતાર, એકેન્દ્રિયના અવતારની તો વાત જ શી કરવી? એ તો દુઃખી દુઃખી દુઃખી પ્રાણી (છે) પણ પંચેન્દ્રિયના અવતાર, નારકી, મનુષ્ય, દેવ, તિર્યંચ એ ભવમાં કંઈ ભાન ન મળે. અમે કોણ છીએ અને આ શું છે? સાંભળવા મળે નહિ ને એ સાંભળે શી રીતે? આહાહા..! એ તો વળી 'મહાવીર' નો જીવ તીર્થંકર થવાનો હતો એથી એણે વાણી સાંભળી. મુનિની કેવી ભાષા હશે, આની ભાષા કેવી?

મુમુક્ષુ :- સમજી ગયા.

ઉત્તર :- સમજી ગયા. કેવી ભાષા હશે! એ બેય સમજી ગયા. આહા! એ સમજી ગયા કે હવે આ સિંહ સમજ્યો, એમ. સાધુને પહેલી ખબર પડી કે, આ તો અજ્ઞાનથી આ હરણને ફાડે છે અને કહ્યું અરે..! જીવ તું આઠમે ભવે તીર્થંકરનો અવતાર (છો). પ્રભુ! આ શું છે આ? પ્રભુતા તારી આ ન શોભે. એ પોતાને ખબર પડે છે કે, હું આ ભાષા કહું છું એ આ સમજે છે. પણ એ સમજે છે એ આ પોતે સમજે છે, એ સમજે છે એમ. આહાહા..!

યોગ્યતા શું કામ કરે છે! સિંહના ભવમાં ક્યાં મુનિ ઉપર ચાલ્યા જતા હતા. હેઠે ઉતરીને બોલ્યા ત્યાં સાંભળીને આંખમાં એને આંસુની ધારા ચાલી. આહાહા..! પોતાના કરેલા પાપનો પશ્ચયાતાપ (થયો). બે આંખમાંથી આંસુની ધારા છૂટી. અંદરમાં સમકિત પામી ગયા. આહાહા..! અંતરમાં ઉતરી ગયા. બહારમાં, આ વિકલ્પમાં કાંઈ માલ નથી. આહાહા..! નિર્વિકલ્પ આનંદમાં ઉતરી ગયા. સમકિત સિંહના ભવમાં પામ્યા. આહાહા..! ભગવાનનો 'મહાવીર'નો જીવ.

અહીં કહે છે કે, આહાહા..! અરે..રે..! આવા અજ્ઞાન બીજ-કર્મચેતના ને કર્મફળચેતના

રાગ, દયા-દાનનું કરવું ને એનું વેદવું એ બેય અજ્ઞાનચેતના છે. આહાહા..! એ બેય સંસારનું બીજ છે. આહાહા..! એમ ને એમ ભાષા કાઢી નાખવી (એમ નહિ). ભાષાનો ભાવ અંદર સમજવો. આહાહા..!

એ ભાવ સંસારનું બીજડું છે, ચાર ગતિમાં રખડવાનું એ બીજ છે. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શાસ્ત્રનો વિકલ્પ હો. આહાહા..! 'કળશ-ટીકા'માં નથી કહ્યું? બાર અંગ પણ વિકલ્પ છે. બાર અંગનું જ્ઞાન, 'કળશ-ટીકા', કળશમાં વિકલ્પ છે એમ. આહાહા..! પણ એમાં કહ્યો છે આત્માનો અનુભવ. આહાહા..! એ રાગ અને પુણ્ય-પાપના કર્તવ્યને વેદનને છોડી અને ચૈતન્યની સત્તા, ભગવાન મહાપ્રભુ, એનું જ્ઞાન કરીને વેદન (થવું) તે મોક્ષનું કારણ છે, મોક્ષનું બીજ એ છે. બાકી આ તો સંસારનું બીજ છે. આહાહા..! ભલે કરોડો રૂપિયા મંદિરમાં ખર્ચે. હંમેશા ચોવીસ કલાક ભગવાન પાસે બેસીને ભક્તિ કરે પણ પરલક્ષી ભાવ એ બધું વેદન કર્મચેતનાનું છે. આહાહા..! એ આ સંસારનું બીજ છે.

**'કારણ કે સંસારનું બીજ જે આઠ પ્રકારનું (જ્ઞાનાવરણાદિ) કર્મ...'** સંસારનું ખરું બીજ તો આઠ પ્રકારનું કર્મ, **'તેનું તે અજ્ઞાનચેતના બીજ છે...'** આઠ કર્મ સંસારનું બીજ છે, ઉત્પન્ન કરે (છે) અને એ આઠ કર્મનું કારણ આ અજ્ઞાનચેતના છે. અજ્ઞાનચેતનાથી આઠ કર્મ બંધાય છે. આઠેય કર્મ બંધાય, હોં! પાછું એમ કહે છે. આહાહા..! એક ફેરી તો એ ઢીલો ઢીલો થઈ જાય. હાય..હાય..! આ સંસાર ને આ પરિભ્રમણ. કોઈને કોઈ ત્યાં મદદગાર ન મળે. આહાહા..! એકલા જન્મવું, એકલા મરવું, એકલા રખડવું. આહાહા..! કોઈ સહાયક, મદદગાર ન મળે. આહાહા..! એ પુણ્ય ને પાપનું થવું, કરવું અને વેદવું એ અજ્ઞાનચેતના (છે). એ અજ્ઞાનચેતના સંસારનું બીજ (છે) **'કારણ કે સંસારનું બીજ જે આઠ કર્મ પ્રકારનું (જ્ઞાનાવરણાદિ) કર્મ, તેનું તે અજ્ઞાનચેતના બીજ છે (અર્થાત્ તેનાથી કર્મ બંધાય છે).'** આહાહા..!

**'માટે મોક્ષાર્થી પુરુષે...'** પૂર્ણ બંધથી રહિત થવાની ભાવનાવાળો, પૂર્ણ બંધથી રહિત થવાની ભાવનાવાળો મોક્ષાર્થી (છે). આહા..! મોક્ષાર્થી પુરુષે (અર્થાત્) જેને મુકાવું છે, બંધાવું નથી. ચાહે તો પુણ્ય હોય તોપણ બંધાવું નથી. આહાહા..! **'મોક્ષાર્થી પુરુષે અજ્ઞાનચેતનાનો પ્રલય કરવા માટે...'** એ અજ્ઞાનનો જે અનુભવ, એ દયા, દાનનું કરવું ને ભોગવવું એનો પ્રલય કરવા માટે, નાશ કરવા માટે. આહાહા..! **'સકળ કર્મના સન્યાસની (ત્યાગની) ભાવનાને...'** આઠેય કર્મ બંધનનું કારણ (જાણી) એના ત્યાગની, એના ત્યાગની ભાવના, સન્યાસ એટલે ત્યાગ. એ ભાવનાને તથા **'સકળ કર્મફળના સન્યાસની ભાવનાને...'** બેયને. કર્મચેતનાની ભાવનાને અને કર્મફળચેતનાની ભાવનાને. બેય વિકારી દશા છે. આહાહા..!

**'નચાવીને, સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતનાને...'** આહાહા..! સન્યાસની ભાવનાને નચાવીને, નચાવીને એટલે કાઢી નાખીને. આહાહા..! **'સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતના...'**

આહાહા..! પુણ્ય ને પાપ અજ્ઞાન સંસાર ચેતના (છે) અને આ સ્વભાવભૂત (જ્ઞાનચેતના). ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનનો સ્વભાવ, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન એવા સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતના. આહાહા..! મોક્ષનું કારણ એવી જે ચેતના,.. આહાહા..! એને ભગવતી જ્ઞાનચેતના કીધી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો જે માર્ગ, એ ત્રણને એક બોલમાં સમાડી દીધો.

**'ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.'** જોયું? એ ત્રણ થઈને છે એક. આત્માના જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની પ્રતીત ને જ્ઞાનનો અનુભવ–એ વસ્તુ એક છે. આત્મા તરફનું (સંચેતન છે). અંતર જ્ઞાન આત્માનું જ્ઞાન, હોં! એ વસ્તુ અંદર ભરી છે. કોઠારમાં જેમ ભરી છે એમ નહિ. આ તો જેમ સાકરમાં ગળપણ ભર્યું છે, એમ આત્મામાં આ શક્તિઓ ભરી છે. આહાહા..! એની **'ભાવનાને નચાવીને,...'** આહાહા..! **'સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતના...'** આહાહા..! જ્ઞાનમાં આનંદનું વેદન એ ભગવતી જ્ઞાનચેતના. જ્ઞાનમાં રાગ-દ્વેષ ને દુઃખનું વેદન એ કર્મફળ સંસારના બીજની ચેતના. આહાહા..! આવી જે **'ભગવતી જ્ઞાનચેતનાને જ...'** એકાંત કર્યું. કથંચિત્ આ અને કથંચિત્ આ, કથંચિત્ વ્યવહાર ચેતના. આહાહા..! એમ ન કર્યું. ભગવાનનો માર્ગ કથંચિત્ સ્યાદ્વાદ છે. નિશ્ચયથી પણ થાય ને વ્યવહારથી પણ થાય, ઉપાદાનથી પણ થાય અને નિમિત્તથી પણ થાય (એમ નથી કહ્યું). આહાહા..!

અહીં તો **'ભગવતી જ્ઞાનચેતનાને જ એકને સદાય નચાવવી.'** આહાહા..! આનંદનું પૂર પ્રભુ તેનું જ પરિણમન કરવું, બીજી વાત છોડી દેવી. આહાહા..! જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન એનું જે નિર્મળ વીતરાગી પરિણમન એ જ્ઞાનચેતનાને નચાવવી એટલે ઊપજાવવી અને પૂરી કરવી. એ પણ ચેતનાને એકને સદાય નચાવવી. કોઈ વખતે કર્મચેતના ને કોઈ વખતે આ, એમ નહિ. આહાહા..! જ્ઞાનચેતનાને **'જ'** આ એકાંત કર્યું, સમ્યક્ એકાંત. એકને સદાય નચાવવી. આહાહા..! કથંચિત્ નિર્મળ જ્ઞાનચેતના ને કથંચિત્ દયા, દાનની કર્મચેતના પણ હોય એમ નહિ. આહાહા..!

આ વાત ન લ્યે. 'જયસેનાચાર્ય' ની ટીકામાં આવે ને કે સાધન છે, વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. એવું ટીકામાં આવે એ લે. અહીં ના પાડે છે. એનો અર્થ કાંઈ બીજો છે. એ તો એની હયાતી હોય છે. આ વસ્તુ નિર્મળ પ્રગટી છે એનો આરોપ દઈને ત્યાં સાધન કહ્યું. સાધન તો પોતે જ છે. આત્મામાં કરણ નામનો ગુણ છે એ ગુણ પોતે સાધન છે. એ સાધન કર્યું એને આ સાધનનો આરોપ બીજામાં–રાગમાં આપ્યો. આહાહા..!

આવી ભગવતી જ્ઞાનચેતના. આહાહા..! ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' એને પ્રમોદ આવી જાય છે આટલો. આહા..! એ **'સ્વભાવભૂત...'** ચૈતન્યનો નિર્મળ આનંદ જ્ઞાન સ્વભાવ વસ્તુ જેની સત્તા સંસારના અભાવ-સ્વભાવરૂપ ત્રિકાળ (છે), ત્રણે કાળે સંસારના સ્વભાવથી

અભાવરૂપ છે, એવો જે સ્વભાવ, એવી તેની ભગવતી જ્ઞાનચેતના–અનુભવ એને એકને સદાય નચાવવી, પરિણમવું, તેને એકને જ સદાય પરિણમવું. આહાહા..!

આ તો 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે. મૂળ પાઠ ભગવાનનો 'કુંદકુંદાચાર્ય'નો છે, ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. 'અમૃતચંદ્રાચાર્ય' પોતે મુનિ આચાર્ય છે એ પોતે આમ કહે છે. આહાહા..! કે, અમારા પાંચ મહાવ્રત આદિ કરવું ને વેદવું એ અજ્ઞાન છે. આહાહા..! આવે ખરા એને જાણે, મારા છે એમ નહિ. આહા..! મારું છે એ કોઈ દિ' જુદું પડે નહિ અને જુદું પડે તે મારું નહિ. જ્ઞાન ને આનંદ એ મારો સ્વભાવ (છે) તે જુદા પડે નહિ તેથી તે મારું છે અને દયા, દાનના વિકલ્પ એ જુદા પડી જાય છે તેથી તે મારા નથી, મારા હોય એ જુદા પડે નહિ. આહાહા..!

## શ્લોક–૨૨૫

तत्र तावत्सकलकर्मसंन्यासभावनां नाटयति-

(आर्या)

कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।
परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।२२५।।

यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति २। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति ५। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ६। यदहमकार्षं, यदचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ७। यदहमकार्षं, यदचीकरं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ८। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ९। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे

दुष्कृतमिति १०। यदहमकार्षं, यदचीकरं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ११। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति १२। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति १३। यदहमकार्षं, यदचीकरं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १४। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १५। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १६। यदहमकार्षं, यदचीकरं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १७। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १८। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति १९। यदहमकार्षं, यदचीकरं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति २०। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति २१। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति २२। यदहमकार्षं, यदचीकरं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति २३। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति २४। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति २५। यदहमकार्षं, यदचीकरं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति २६। यदहमकार्षं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति २७। यदहमचीकरं, यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति २८। यदहमकार्षं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति २९। यदहमचीकरं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३०। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३१। यदहमकार्षं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ३२। यदहमचीकरं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ३३। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ३४। यदहमकार्षं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३५। यदहमचीकरं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३६। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३७। यदहमकार्षं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३८। यदहमचीकरं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ३९। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४०। यदहमकार्षं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४१। यदहमचीकरं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४२। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, मनसा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४३। यदहमकार्षं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४४। यदहमचीकरं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४५। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, वाचा च, तन्मिथ्या मे दुष्कृतमिति ४६। यदहमकार्षं, कायेन

च, तन्मिथ्या मे दुष्कृतमिति ४७। यदहमचीकरं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४८। यत्कुर्वन्तमप्यन्यं समन्वज्ञासिषं, कायेन च, तन्मिथ्या मे दुष्कृतमिति ४९।

---

તેમાં પ્રથમ, સકળ કર્મના સંન્યાસની ભાવનાને નચાવે છે :–

(ત્યાં પ્રથમ, કાવ્ય કહે છે :–)

શ્લોકાર્થ :– [ त्रिकालविषयं ] ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) [ सर्वं कर्म ] સમસ્ત કર્મને [ कृत-कारित-अनुमननैः ] કૃત-કારિત-અનુમોદનાથી અને [ मनः-वचन-कायैः ] મન-વચન-કાયાથી [ परिहृत्य ] ત્યાગીને [ परमं नैष्कर्म्यम् अवलम्बे ] હું પરમ નૈષ્કર્મ્યને (-ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને) અવલંબું છું. (એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.) ૨૨૫.

(હવે ટીકામાં પ્રથમ, પ્રતિક્રમણ-કલ્પ અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ કહે છે :–)

(પ્રતિક્રમણ કરનાર કહે છે કે :)

જે મેં (પૂર્વે કર્મ) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. (કર્મ કરવું, કરાવવું અને અન્ય કરનારને અનુમોદવું તે સંસારનું બીજ છે એમ જાણીને તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી ત્યારે જીવે તેના પ્રત્યેનું મમત્વ છોડ્યું, તે જ તેનું મિથ્યા કરવું છે). ૧.

જે મેં (પૂર્વે કર્મ) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનમોદન કર્યું, મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨. જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩. જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪.

જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૫. જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૬. જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૭.

જે મેં (પૂર્વે) કર્યું, કરાવ્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૮. જે મેં (પૂર્વે) કર્યું, અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૯. જે મેં (પૂર્વે) કર્યું, અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૦.

જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૧.

જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૨. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૩. જે મેં (પૂર્વે) કર્યું, અને કરાવ્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૪. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૫. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૬. જે મેં (પૂર્વે) કર્યું, અને કરાવ્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૭. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૮. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૧૯.

જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૦. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૧. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૨. જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૩. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૪. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૫. જે મેં (પૂર્વે) કર્યું અને કરાવ્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૬. જે મેં (પૂર્વે) કર્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૭. જે મેં (પૂર્વે) કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૮.

જે મેં (પૂર્વે) કર્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૨૯. જે મેં (પૂર્વે) કરાવ્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૦. જે મેં અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૧.

જે મેં (પૂર્વે) કર્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૨. જે મેં (પૂર્વે) કરાવ્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૩. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૪. જે મેં (પૂર્વે) કર્યું, મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૫. જે મેં (પૂર્વે) કરાવ્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૬. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૭. જે મેં (પૂર્વે) કર્યું વચનથી તથા

કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૮. જે મેં (પૂર્વે) કરાવ્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૩૯. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૦.

જે મેં (પૂર્વે) કર્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૧. જે મેં (પૂર્વે) કરાવ્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૨. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું મનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૩. જે મેં (પૂર્વે) કર્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૪. જે મેં (પૂર્વે) કરાવ્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૫. જે મેં (પૂર્વે) અન્યકરતો હોય તેનું અનુમોદન કર્યું વચનથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૬. જે મેં (પૂર્વે) કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૭. જે મેં (પૂર્વે) કરાવ્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૮. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો. ૪૯.

(આ ૪૯ ભંગોની અંદર, પહેલા ભંગમાં કૃત, કારિત, અનુમોદના-એ ત્રણે લીધાં અને તેના પર મન, વચન, કાયા-એ ત્રણે લગાવ્યાં. એ રીતે બનેલા આ એક ભંગને *'૩૩'ની સમસ્યાથી-સંજ્ઞાથી-ઓળખી શકાય. ૨ થી ૪ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદના ત્રણે લઈને તેના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. એ રીતે બનેલા આ ત્રણ ભંગોને +'૩૨'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૫ થી ૭ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદના ત્રણે લઈને તેના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ ત્રણ ભંગોને '૩૧'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૮ થી ૧૦ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયા ત્રણે લગાવ્યાં. આ ત્રણ ભંગોને '૨૩'ની સંજ્ઞાવાળા ભંગો તરીકે ઓળખી શકાય. ૧૧થી ૧૯ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. આ નવ ભંગોને '૨૨'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૨૦ થી ૨૮ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ નવ ભંગોને '૨૧'ની સંજ્ઞાવાળા ભંગો તરીકે ઓળખી શકાય. ૨૯ થી ૩૧ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયા ત્રણે લગાવ્યાં. આ ત્રણ ભંગોને '૧૩'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૩૨ થી ૪૦ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના

---

* કૃત, કારિત, અનુમોદના-એ ત્રણે લીધાં તે બતાવવા પ્રથમ '૩'નો આંકડો મૂકવો, અને પછી મન, વચન, કાયા-એ ત્રણે લીધાં તે બતાવવા તેની પાસે બીજો '૩'ની આંકડો મૂકવો. આ રીતે '૩૩'ની સમસ્યા થઈ.

\+ કૃત, કારિત, અનુમોદના ત્રણે લીધાં તે બતાવવા પ્રથમ '૩'નો આંકડો મૂકવો; અને પછી મન, વચન, કાયામાંથી બે લીધાં તે બતાવવા '૩'ની પાસે '૨'નો આંકડો મૂકવો. તે રીતે '૩૨'ની સંજ્ઞા થઈ.

**પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. આ નવ ભંગોને '૧૨'ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૪૧ થી ૪૯ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ નવ ભંગોને '૧૧'ની સંજ્ઞાથી ઓળખી શકાય. બધા મળીને ૪૯ ભંગ થયા.)**

## શ્લોક-૨૨૫ ઉપર પ્રવચન

હવે શ્લોક, શ્લોક આવ્યો ને? ૨૨૫.

**कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।**
**परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।२२५।।**

આહાહા..! **'त्रिकालविषयं' 'ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) સમસ્તા કર્મને...'** આહાહા..! એક જ ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ આપ. ત્રણે કાળના કર્મથી ભિન્ન ભગવાન છે. ગયા કાળના ગમે તેટલા કર્મ થયા હોય તે પણ વસ્તુ એનાથી ભિન્ન છે. આહા..! ત્રણે કાળના. અતીત એટલે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય એ **'સમસ્ત કર્મને...' 'कृत-कारित-अनुमननैः' 'કૃત-કારિત-અનુમોદનાથી...'** એકલું કરવું એમ નહિ. આહાહા..! એ કરવું નહિ ને કરાવવું નહિ. ભાઈ! તમે પાળો દયા (એમ નહિ). કરવું નહિ, કરાવવું નહિ અને કરતા હોય એને અનુમોદવું નહિ. આહાહા..! જે આ કર્મચેતના દયા, દાન, ભક્તિ, પૂજા કરતાં હોય એને કહે છે, કરવું નહિ, કરાવવું નહિ અને કરતાં હોય એને અનુમોદવું નહિ. આહાહા..! જાણે, કે વ્યવહાર હોય છે, પણ એ કરીને કરાવવું અને અનુમોદવું એ નહિ. એ કરે ને અનુમોદવું એ પણ નહિ કહે છે. આહાહા..!

બાવીસ લાખનું મંદિર 'નાઈરોબી' માં થશે. બાવીસ લાખનું એક મંદિર. સાંઈઠ લાખ ભેગા કર્યા છે. પણ એ વસ્તુ થવાની પરમાણુની પર્યાય અને કરનારના ભાવ હોય તો રાગની મંદતા શુભ (છે). એને કહે છે, કરવું નહિ, કરાવવું ને એને અનુમોદવું નહિ. આહાહા..! આ કરો, મંદિર બનાવો, લોકો લાભ લે, હંમેશા દર્શન કરે અને લાભ થાય. ભારે વાતું, ભાઈ!

મુમુક્ષુ :- એ ભાવ આવે તો છે.

ઉત્તર :- આવે એને અહીં કહે છે કે, અનુમોદના નહિ, જાણવું. ઇ કરનારને જાણવું એને પણ કર્તા ન થાવું. કરાવવું તો એમ ન થાવું, અનુમોદન ન કરવું એમ કહે છે. આહાહા..!

**'સમસ્ત કર્મને...'** એમ કીધું ને? ત્રણ કાળ સંબંધી સમસ્ત કર્મને. એમાં કોઈ બાકી રહ્યું? તીર્થંકર ગોત્ર બાંધે એને પણ ઠીક નહિ, એમ કહે છે. એ કરવાનું, કરવાનું. અનુમોદવું એ છે નહિ. આહાહા..! અમૃતના પ્યાલા છે એકલા! જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવ કર્મચેતના છે. એ કરવું નહિ, કરાવવું નહિ, કર્તાને અનુમોદવું નહિ. આમ વાત છે. લોકોને

આકરું લાગે. બધું શૂન્ય થઈ જશે. બાપુ! થવાનું હોય એ થયા વિના રહેશે નહિ, શૂન્ય શું થાય. તું કર તો અભિનાન કર કે, હું છું તો આ થાય છે, મેં હતું તો આ કર્યું, આ થયું. બાકી થવાના કાળે સમયે તે તે રીતે થાય એને કરવું, કરાવવું ને અનુમોદવું કરીશ નહિ. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :– અનુમોદના....

ઉત્તર :– અનુમોદના નહિ. શુભભાવ છે ને? કર્મચેતના છે ને? પાપ ટાળવાની અપેક્ષાએ પુણ્યને વ્યવહારથી ઠીક કહે, નિશ્ચયથી એ ઠીક નથી. કોઈ પાપ કરતો હોય એ કરતા ભગવાનના દર્શન કરે (એને) એમ કહે કે તું ઠીક કરે છો, ભાઈ! એ તો અપેક્ષાથી (કહે). પેલા પાપ ને પુણ્યની બેયની અપેક્ષાથી. ધર્મની અપેક્ષા નહિ. આહાહા..!

**'સમસ્ત કર્મને કૃત-કારિત-અનુમોદનાથી અને મન-વચન-કાયાથી...'** પાછું. કર્મ-કારિત-અનુમોદન, મન-વચન ને કાયાથી. મનથી પણ કરવું ને કરાવવું ને અનુમોદવું નહિ. આહાહા..! આવી વાત છે. **'ત્યાગીને...'** **'કૃત-કારિત-અનુમોદનાથી અને મન-વચન-કાયાથી ત્યાગીને...'** **'परमं नैष्कर्म्यम् अवलम्बे'** **'હું પરમ નૈષ્કર્મ્યને...'** આહાહા..! **'(-ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને)...'** એટલે રાગ વિનાની દશાને, નિર્મળ વીતરાગી દશાને **'અવલંબું છું.'** એ કરું છું એમ કહે છે. આહાહા..! એ તો રાગના અભાવની અપેક્ષાએ વીતરાગી અવસ્થાને અવલંબું છું એમ કહેવાય, બાકી અવલંબન તો દ્રવ્યનું છે. દ્રવ્યના અવલંબનમાં આ રાગની અવસ્થા વિનાની અવસ્થા આવે એને અવલંબન કહેવાય. **'અવલંબું છું. (એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર...)'** સર્વ કાર્ય રાગાદિ, રાગાદિ હોં! **'(જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.)'** એની વિશેષ વાત લેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૩૨ શ્લોક–૨૨૫ થી ૨૨૬ રવિવાર, અષાઢ સુદ ૧, તા. ૧૩-૦૭-૧૯૮૦**

---

'સમયસાર' ૨૨૫ કળશ છે, ૨૨૫ કળશ.

**कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः।**
**परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलम्बे।।२२५।।**

પહેલી ઉત્કૃષ્ટ વાત લીધી છે. બધી વાત ચાલતા હવે તો નવ નવ કોટિએ હું બધું છોડી દઉં છું. મારા આત્મામાં હવે ધ્યાનમાં આવું એમ વાત કહે છે. **'त्रिकालविषयं'** **'ત્રણે કાળના...'** આહાહા..! ભગવાન ત્રણેકાળમાં આનંદનો નાથ છે. અતીન્દ્રિય શાંતિની સત્તાથી પરિપૂર્ણ ભરેલ છે એને હવે પહોંચવા માટે, એને મેળવવા માટે કહે છે કે, **'ત્રણે કાળના (અર્થાત્ અતીત, વર્તમાન અને અનાગત કાળ સંબંધી) સમસ્ત કર્મને...'** એ શુભાશુભભાવ. આહાહા..! ઉત્કૃષ્ટ અવસ્થા લેવી છે. ૪૯ ભંગ લે છે. અંતે આ કર્યા વિના છૂટકો નથી,

બીજી કોઈ પણ વિધિએ મુક્તિની વિધિ કોઈ બીજી નથી. આહા..!

**'ત્રણે કાળના સમસ્ત કર્મને...'** કરેલા કે કરાવેલા કે અનુમોદના અને તે પણ મન, વચન ને કાયાથી. આહાહા..! નવ કોટિએ જે કંઈ રાગ થયો હોય એ નવ કોટિએ ત્યાગીને. વસ્તુ તો સમજાવે ને? ચારિત્રનો ઉત્કૃષ્ટ ત્યાગ, ભાગ શું છે એ સમજાવે છે. ચારિત્રવંત સમકિત સહિત આત્માના જ્ઞાન, ભાન સહિત સ્વરૂપમાં નવ કોટિએ સ્થિર થવું. એથી મન, વચન ને કાયા, કરવું, કરાવવું અને અનુમોદવું એને અંતરથી નવ પ્રકારે છોડીને. આહાહા..! કેટલો પુરુષાર્થ છે એમાં!

એવા **'મન-વચન-કાયાથી ત્યાગીને...'** આહાહા..! **'परमं नैष्कर्म्यम् अवलम्बे'** આહાહા..! મન, વચન ને કાયા, કરવું, કરાવવું ને અનુમોદવું, કોઈ પણ પ્રકારનો રાગ એને નવ નવ કોટિએ છોડીને. આહાહા..! ચારિત્રવંત. **'હું પરમ નૈષ્કર્મ્યને...'** આહાહા..! ઉત્કૃષ્ટ (જે) કર્મ વિનાની દશા–આત્માની નિષ્કર્મ દશા. આત્મામાં  દ્રવ્યમાં આ કાંઈ નથી, દ્રવ્યમાં કરવાનું નથી. આહાહા..! તેથી કહે છે કે, **'(-ઉત્કૃષ્ટ નિષ્કર્મ અવસ્થાને) અવલંબું છું.'** ભાષા જોઈ? કર્મ, નિષ્કર્મને અવલંબું છું. ઉત્કૃષ્ટ નિષ્કર્મ દશાને અવલંબું છું. ત્રિકાળ અવલંબવું તો ત્રિકાળ વસ્તુ છે પણ એ વસ્તુ તરફના વલણમાં પર તરફના મન, વચન ને કાયા ને કરવું, કરાવવું, અનુમોદન એ તો પર્યાયમાં છે ને? દ્રવ્યમાં તો કાંઈ છે નહિ. દ્રવ્ય તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદકંદ છે. એટલે નિવર્તવું હોય તો પણ પર્યાયમાં નિવર્તવું છે અને પ્રવર્તવું હોય તો પર્યાયમાં પ્રવર્તવું છે. આહાહા..! ધ્રુવ જે વસ્તુ છે એ તો અનાદિ અનંત એકરૂપ વસ્તુ પરમાનંદ વસ્તુ (છે) એમાં તો કાંઈ કરવું, કરાવવું, અનુમોદન તે છે નહિ. આહાહા..! એ વસ્તુના લક્ષ માટે, એ વસ્તુને પહોંચી વળવા માટે અવસ્થામાં નવ કોટિએ હું રાગનો ત્યાગ કરું છું. આહાહા..! આ પાછળની ગાથાઓ છે ને?

ચારિત્ર ગ્રહણ કરનાર, સ્વરૂપમાં રમણતા કરનાર એવી પ્રતિજ્ઞા કરે છે કે, હું મન, વચન ને કાયા, કરેલું, કરાવેલું કે અનુમોદેલું બધાનો ત્યાગ કરી નિષ્કર્મ અવસ્થાને હવે પામું છું. આ અવસ્થાને છોડી અને નિષ્કર્મ અવસ્થાને પામું છું. આહાહા..! છે ? **'(નિષ્કર્મ અવસ્થાને) અવલંબું છું. (એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની પ્રતિજ્ઞા કરે છે.)'** આહાહા..! છેલ્લામાં છેલ્લી વાત છે આ તો. બધી વાત થઈ ગઈ, આ તો છેલ્લી ગાથાઓ છે ને? આહાહા..!

ભગવાનઆત્મા... પહેલું તો એનું અસ્તિત્વ, એની સત્તા હોવાપણાનો સ્વીકાર (હોય). પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા ને પૂર્ણ પ્રભુતા આદિ અનંત ગુણથી પૂરો ભર્યો છે, એવો જે ભગવાન એ તો એકરૂપ છે, એમાં કાંઈ વધ-ઘટ થતી નથી. પર્યાયમાં જે ફેર છે,... આહાહા..! તો એને હું નવકોટિએ છોડું છું એમ હું ચારિત્ર ધારણ કરનાર એમ કહે છે. આહાહા..!

આ વિના નિસ્તાર નથી. બહારની વાતુંએ કે બહારના જાણપણાએ કે બહારની સમૃદ્ધિની ને બહુ ધર્મને નામે મંદિર આદિ સમૃદ્ધિથી બનાવે એથી આત્મામાં કાંઈ ભવના અભાવનો લાભ થાય, એમ નથી. આહાહા..! એ ચીજ જ નથી ને મારામાં. નિષ્કર્મ અવસ્થાને અવલંબું છું. મન, વચન ને કાયા, કરવું, કરાવવું ને અનુમોદવું એ નવ પ્રકારને ત્યાગીને, નવ પ્રકારે વિકારને ત્યાગીને નિષ્કર્મ જેની અવસ્થામાં કંઈ કરવાનું છે જ નહિ એવી નિર્મળ અવસ્થાને અવલંબું છું. આહાહા..! આટલું આકરું કામ. મોટું કામ આટલું છે.

જેને સંસારનો અંત લાવવો છે, ભવના ભેદની, ભવભ્રમણની રીત છોડવી છે... આહાહા..! તો એ કોઈ બાહ્ય કારણો નથી. અંદરમાં એ કારણ મન, વચન ને કાયા, કરણ, અનુમોદન છે એ એને કાર્ય છે, એ કર્મ છે, એ વિકારી અવસ્થા નવ પ્રકારની છે તેને છોડી એકરૂપ નિષ્કર્મ અવસ્થાને અવલંબું છું. આહાહા..! આ ચારિત્રવંતને બને, આ દશા ચારિત્રવંતને બને. ચારિત્ર વિના સ્વરૂપની રમણતા (ન થાય). નવ કોટિએ વિકલ્પનો ત્યાગ (થાય)... આહાહા..! અને તેટલા જ પ્રમાણમાં નિષ્કર્મ અવસ્થા. સકર્મ અવસ્થા નવ પ્રકારની આ તેને છોડીને નિષ્કર્મ અવસ્થા એક, એને હું અવલંબું છું. આહાહા..!

**‘(એ પ્રમાણે, સર્વ કર્મનો ત્યાગ કરનાર જ્ઞાની (ધર્મી) પ્રતિજ્ઞા કરે છે.)’** પ્રતિજ્ઞા કરે છે. તે પણ જ્ઞાની કીધું. અજ્ઞાની પ્રતિજ્ઞા કરે? કે, અજ્ઞાનીને આ હોય નહિ. મિથ્યાદૃષ્ટિને અંદરનો ત્યાગ હોય નહિ. આહા..! તેથી જ્ઞાની–આત્માના જ્ઞાનનું ભાન છે–આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળ જ્ઞાન ને આનંદ ને વીતરાગની મૂર્તિ છે એવો જેને અંતરમાં અનુભવ છે તે જ્ઞાની આવી રીતે નવ પ્રકારની ક્રિયાકાંડ કરવાની પ્રતિજ્ઞા કરે છે. આહાહા..! એમાં શુભભાવ પણ આવી ગયો કે શુભભાવ કરવો કે કરાવવો, કરવાને અનુમોદવું એ મારે નથી. આહાહા..! એકલો ભગવાનઆત્મા પૂર્ણ ચૈતન્યસ્વરૂપ અનંત અનંત આનંદનો સર્વાંગ ભરેલો પૂર્ણ પૂર્ણ પ્રભુ એને અવલંબવા માટે નવ પ્રકારના ત્યાગ વિના તેનું અવલંબન પૂરું થઈ શકે નહિ. આહાહા..! નવ પ્રકાર મન, વચન ને કાયા ને કરવું, કરાવવું, અનુમોદન એ નવ પ્રકારના ત્યાગ વિના એ નિશ્ચયનું અવલંબન થઈ શકે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– વચન, કાયા તો આપણી છે જ નહિ.

ઉત્તર :– છે નહિ તો મન પણ કે દિ' એનું છે? એનું તો કરવું, કરાવવું, અનુમોદન પણ ક્યાં એનું છે? આ તો થાય છે એને હવે કરવું... રાગ ને પુણ્ય ને દયા, દાન ને વિકલ્પ છે એ આત્મામાં ક્યાં છે? આત્મા તો પૂર્ણાનંદની સત્તા આનંદકંદ ભગવાન છે પણ એની આ પર્યાયમાં જે અનાદિનો ગોટો ઉઠ્યો છે... આહાહા..! અને એને લઈને ચોરાશી લાખના અવતારમાં અનંત અનંત અવતાર કરી રહ્યો છે, એ ભવનો જેને ભય ને ડર લાગ્યો હોય. આહાહા..!

અરે..! અહીં એકલો જ્યારે બે, પાંચ માણસો હોય ને એકલો રહે ત્યાં મૂંઝાય જાય

છે. અહીં તો કહે છે, એકલો તદ્દન સાદી અનંત તું એકલો રહીશ. મારે કરવું, કરાવવું, અનુમોદવું મન, વચનથી કંઈ છે નહિ. હું તો જ્ઞાતા-દૃષ્ટાપણે... આહા..! સાદી અનંત–શરૂઆત થાય તે અનંતકાળ સુધી–એ સ્થિતિને પ્રાપ્ત કરવા માટે આ પ્રતિજ્ઞા કરું છું. આહાહા..! આકરી વાત છે આ. પાછળની ગાથા છે ને? આ છેલ્લું છે ને?

**'(પ્રતિક્રમણ કરનાર કહે છે કે :)' 'જે મેં (પૂર્વે કર્મ) કર્યું,...'** જે પણ પાપ કે પુણ્ય, **'જે મેં કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું,...'** મનથી કર્યું, વચનથી કર્યું તથા કાયાથી કર્યું,... આહાહા..! **'તે મારું દુષ્કૃત મિથ્યા હો.'** તે મારું દુષ્કૃત. આહાહા..! શુભભાવને પણ અહીં દુષ્કૃતમાં નાખ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રાથમિક લોકોને, શરૂઆતવાળાને શુભ કરવાનું કહેવું કે નહિ?

ઉત્તર :– કહેવા પ્રમાણે કરવાનું નહિ, સીધી દૃષ્ટિ કરવાની. શુભ આવે પહેલું પણ કરવાની વાત તો (નથી). ૧૭ ગાથામાં તો પાધરું લીધું. કાંઈ પણ કોઈ વાત મુકી દઈને પહેલો આત્માને જ જાણવો એક જ વાત સીધી. જુઓ! ૧૭ મી ગાથામાં છે, ૧૭ જુઓ! કાંઈ ફલાણું કરવું કે આ કરવું એ કાંઈ વાત નહિ. ૧૭, ૧૭ હોં! જુઓ! શું લીધું છે? જુઓ! ૧૭-૧૮. આહાહા..!

**'નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે. પછી તેનું જ શ્રદ્ધાન કરે કે 'આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે' અને ત્યાર પછી તેનું જ અનુચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે; તેવી રીતે...'** હવે આત્માનું. એ તો દૃષ્ટાંત થયો. **'તેવી રીતે મોક્ષાર્થી પુરુષે...'** જેને પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિ કરવી છે તે પુરુષે, **'પ્રથમ તો આત્માને જાણવો,...'** છે? પ્રથમ, પ્રથમ, પહેલાં, પહેલું આ આત્માને જાણવું. પહેલું ફલાણું કરવું, ફલાણું કરવું એ પહેલું નહિ. આહાહા..! કારણ કે, કોઈ પહેલું કરું એ ક્રિયા કોઈ પણ મદદગાર નથી. મન, વચન ને કાયાની શુભ-અશુભ ક્રિયા કોઈ ત્યાં સ્વભાવને માટે સહાયક નથી. આહાહા..!

અહીં તો એને કીધું પ્રથમ આત્માને જાણવો. છ દ્રવ્યને જાણવા કે પહેલાં શુભભાવ કરવો ને સત્ સમાગમ પહેલો કરવો, સત્સંગ કરવો એ કાંઈ ન લીધું. આહાહા..! પ્રથમમાં પ્રથમ મોક્ષાર્થી પુરુષે **'પ્રથમ તો આત્માને જાણવો...'** જાણવા ઉપર વજન છે. આત્માનું જ્ઞાન કરવું. અંતર નિર્વિકલ્પ જ્ઞાન. જાણવાનો અર્થ... આહાહા..! પુણ્ય ને પાપના વિકલ્પથી રહિત **'પ્રથમ આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે, 'આ જ આત્મા છે,...'** આહાહા..! કરવાનું આ કીધું પહેલું. પહેલું ફલાણું કરવું, ઢીંકણું કરવું એ કાંઈ વાત કરી નથી. પછી વાતમાં છે. વાત તો સીધી નિરપેક્ષ (લીધી છે).

એક પ્રભુ આત્મા સીધો (જાણવો). કાંઈ પણ કરવું, કરાવવું, અનુમોદનની ક્રિયા વિના સ્વભાવને અવલંબવું એ કરવાનું પહેલામાં પહેલું છે. આહાહા..! ક્રિયા બીજી હોય, શુભ

ને અશુભ બેય હોય છતાં એનાથી અવલંબન નથી. ગમે તે પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ અનંતવાર કરી, અનંતવાર પરના અવલંબન લીધા,... આહાહા..! અગિયાર અંગના ભણતર અનંતવાર કર્યા, કરોડો શ્લોકો કંઠસ્થ કર્યા, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા પણ, પરદ્રવ્યની શ્રદ્ધા પણ અનંતવાર કરી. આહાહા..! ભગવાનઆત્મા એને જાણવું જે પહેલું (કરવું જોઈએ) એ એકત્વ કર્યું નહિ. ક્યાંક ક્યાંક અટકવાના બહાના કાઢ્યા. શાસ્ત્રમાં વ્યવહારની વાત આવે ત્યાં આ કાઢે કે, આ વ્યવહાર આવ્યો છે. પણ એ વ્યવહાર તો જાણવા માટે કહે છે.

અહીં તો પ્રથમમાં પ્રથમ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, આહા..! અને 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. **'एवं हि जीवराया'** ગાથા છે જુઓ! **'णादव्वो, जीवराया णादव्वो'** જાણવો. ૧૮મી ગાથા. પહેલો જ આ શબ્દ (લીધો છે). 'કુંદકુંદાચાર્ય' એને કાંઈ પડી નથી. આ વ્યવહાર વિના વાતું કરે છે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાની પણ પહેલી વાત નથી (કરતા). આહાહા..!

છે, પાઠ છે? એ દૃષ્ટાંત આપીને પછી કહ્યું, **'एवं हि जीवराया णादव्वो'** જીવરાજાને જાણવો. પાઠ છે, મૂળ પાઠ છે. અને **'तह य सद्दहेदव्वो'** તે પછી એને શ્રદ્ધવો. તેને જાણીને શ્રદ્ધવો અને અનુચરવો. **'पुणो सो चेव दु मोक्खकामेण'** મોક્ષના કામીએ આ પ્રથમ કરવાનું છે. આહાહા..! પછી બાકી વાતું આવે. દેશનાલબ્ધિ ને ફલાણું ને અનેક પ્રકાર આવે. આહાહા..! એ પણ એ દેશનાલબ્ધિમાં આવે પણ કાંઈ એના લક્ષે કાંઈ થાય નહિ. શુદ્ધાત્માભિમુખ પરિણામ એટલે શુદ્ધ ઉપયોગ. એક જ સિદ્ધાંત શુદ્ધાત્માભિમુખ પરિણામ એટલે પેલા પાંચ કરણ ને અધકરણ એ બધું નહિ. શુદ્ધાત્માભિમુખ પરિણામ–શુદ્ધ પરિણામ, અભિમુખ એટલે ઉપયોગ. શુદ્ધ ઉપયોગથી તે પ્રાપ્ત થાય છે. આહાહા..!

પહેલામાં પહેલી, શરૂઆતમાં શરૂઆત શુદ્ધ ઉપયોગ (છે). પુણ્ય-પાપનો ભાવ એ અશુદ્ધ ઉપયોગ છે. આહાહા..! ભગવાન અંદર જે ચૈતન્ય એને શુદ્ધ ઉપયોગે જાણવો અને શ્રદ્ધવો એમ કહ્યું છે. આ આકરી વાત છે, ભાઈ! બીજાને ઠીક લાગે કે ન લાગે એવી કાંઈ સંતોને પડી નથી. ઇ તો સત્ છે એ જાહેર કરવા મથે છે. દુનિયા કોઈ રીતે સમજે. એ પણ વિકલ્પ આવ્યો છે, એની પણ દરકાર નથી. વિકલ્પ આવ્યો છે એના એ કાંઈ કર્તા નથી અને આવ્યો માટે ઠીક આવ્યો છે એમ પણ નથી. આહાહા..!

**'જે મેં (પૂર્વે કર્મ) કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, મનથી, વચનથી તથા કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો.'** આહાહા..! એ પાછું મારું દુષ્કૃત. જોયો શબ્દ? આહાહા..! એ મારું દુષ્કૃત. મારામાં થયેલો ભાવ, મારાથી. આહાહા..! **'મારું દુષ્કૃત મિથ્યા હો.'** આહાહા..! એ મારું દુષ્કૃત આત્મામાં નથી. આહાહા..! **'(કર્મ કરવું, કરાવવું અને અન્ય કરનારને અનુમોદવું તે સંસારનું બીજ છે...)'** એ સંસારનું તો બીજ છે, કહે છે. આહાહા..! કોઈ પણ શુભ-અશુભભાવ કરવો, કરાવવો કે અનુમોદવો, આહાહા..! આકરું છે. પહેલું કાંઈક કાંઈક હળવું હોય, શાસ્ત્ર અભ્યાસ કરે પછી એમાંથી (કરે)... એ બધું

આ કરે તો બધું પેલું કહેવામાં આવે. વસ્તુ એ (છે).

ચૈતન્ય સત્તા ભગવાન પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ પરમેશ્વર એનું સીધું આલંબન લેવું. આહાહા..! આલંબન લઈને એમાં ઠરવું, જાણપણું ભલે ઓછું હોય. આહાહા..! પણ ચીજ, મૂળ ચીજને મૂળ નિધાન, આત્મનિધાન વસ્તુને... આહાહા..! જાણીને, એને અવલંબીને એમાં ઠરવું. અહીં કહે છે, જે મેં અત્યાર સુધી મન, વચન, કાયાથી કાંઈ દુષ્કૃત હો (તે) મિથ્યા હો. **'(કર્મ કરવું, કરાવવું અને અન્ય કરનારને અનુમોદવું તે સંસારનું બીજ છે...)'** સંસારનું બીજ છે. આહાહા..! ચાહે તો રાગ શુભ કરે તો એ સંસારનું બીજ છે, ચાહે તો શુભભાવ કરાવે તો એ સંસારનું બીજ છે. કર્તાને રૂડું જાણે તો એ સંસારનું બીજ છે. આવી વાત છે, 'હરિભાઈ'! અહીં તો હરિ રાખવાની વાત છે બધી. આહાહા..! આવે તો વિકલ્પ આવે એ જુદી વસ્તુ છે પણ કરવાનું તો આ છે. આહાહા..!

**'તે મારું દુષ્કૃત...'** પાછી ભાષા એમ છે. આત્મામાં–મારામાં આ છે એમ તો છે નહિ. અંદર પર્યાયમાં જે આ પ્રકારના મન, વચન ને કાયાએ કરવું, કરાવવું, અનુમોદનના પુણ્ય-પાપના ભાવ થયા હોય તે મિથ્યા હો. મારું દુષ્કૃત. એ શુભભાવ એટલે દુષ્કૃત. આ શુભભાવ એટલે દુષ્કૃત બેય, બેયમાં કાંઈ ફેર રાખ્યો નથી આમાં. આહાહા..! અહીં પહોંચવું. અંતે એ પહોંચ્યા વિના એના ભવનો અંત નથી. ભવનો અંત... આહા..!

એક ભવમાં દુ:ખીનો પાર ન મળે. આહાહા..! તો એવા તો અનંતા... અનંતા... અનંતા... અનંતા... ભવ (છે) એનો છેડો લાવવો હોય તો એક જ ઉપાય (છે). ચૈતન્ય મહાપ્રભુ અંતરમાં અનંત આનંદનો સાગર તેનું અવલંબન લઈ આ મારું દુષ્કૃત છે એ મિથ્યા હો. કેમકે એ સંસારનું બીજ છે એમ જાણીને **'તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી...'** શુભાશુભ આવ્યું ને ભેગું? આહાહા..! દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી. જે છૂટી શકે છે એ બધા ઉપર હેયબુદ્ધિ આવી. શુભભાવ પણ છૂટી શકે, એ કાંઈ આત્માનો નથી, એ સંસાર છે. શુભભાવ પણ સંસાર, ઘોર સંસાર (છે). એની મીઠાશ મિથ્યાત્વ છે. આહાહા..! શુભભાવની મીઠાશ આવે, ઠીક લાગે, અશુભ કરતાં એ ઠીક (છે એમ લાગે એ) મિથ્યાત્વ (છે). આહાહા..!

અહીં તો કહે છે, એ બધાને માટે દુષ્કૃત છે એને હું છોડું છું. આહાહા..! એ બધું **'સંસારનું બીજ છે એમ જાણીને તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી...'** શુભ-અશુભભાવ પ્રત્યે મન, વચન, કાયાથી, કરવું, કરાવવું, અનુમોદનથી હેયબુદ્ધિ આવી. આહાહા..! જોયું? વાણીથી મેં બહુ કામ લીધા છે, દેહથી બહુ ધર્મના કામ કર્યા છે, ધર્મના સહાયના મંદિરો બનાવ્યા, અપાસરા બનાવ્યા ને આમ જોડ્યા બધું મહેનત કરી, મનથી પણ ત્યાં મેં ખુબ રોકયું. એ બધું ખોટું છે. આહાહા..! અરે..! પણ એ કરતો ન હોય ને એકકોર બેસીને અનુમોદે કે ઠીક છે, તો પણ કહે છે, એ દુષ્કૃત છે. ન્યાં કરતો ન હોય, જેમ કરાવવામાં પડતો ન હોય. દૂર રહીને અનુમોદે કે, ઠીક છે, આ ઠીક છે. આહાહા..!

**'તે સંસારનું બીજ છે એમ જાણીને તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી (છોડવાની) ત્યારે જીવે તેના પ્રત્યેનું મમત્વ છોડ્યું,...'** હેયબુદ્ધિ આવે ત્યારે તેની મમતા છોડે. છોડવા લાયક આવે તો એને છોડે પણ આદરવા લાયક આવે એને કેમ છોડે? આહાહા..! પહેલી માન્યતામાં જ ગોટા, કહે છે. જેને છોડવા લાયક છે, જેને માનવા લાયક છે એમ માને તો છોડે કેમ? આહા..! કરવા લાયક છે એમ માને તો છોડે કેમ? શુભભાવ પણ કરવા લાયક છે એમ માને તો છોડે કેમ? આહાહા..! અંતર એક આત્મા નિર્વિકલ્પ ચૈતન્ય સત્તા એના અવલંબન સિવાય બધુંય દુષ્કૃત છે તે ત્યાગ છે. આહાહા..!

આકરું કામ છે. એમાં 'મુંબઈ' જેવી નગરી, આખો દિ' તમારે હોળી સળગતી હોય. આહાહા..! આ બધે બહાર બજારમાં બસુ ને મોટરું ને આવે છે ને? પેલી મોટર નહિ? ઉપરના સંચા, સંચા શું ઉપરના તાર, વીજળીના તારથી ચાલે છે ને? ટ્રામ. વીજળીના તારથી ચાલે. ઇલેકટ્રીકથી ઉપરના તારથી (ચાલે). આહાહા..! એમાં કોઈ પણ કામમાં આ સગવડતા થઈ, આપણે બે, પાંચ ગાવ, દસ ગાવ જાવું હોય ઇ ચાલીને જાવું કરતાં આમાં વખત લાગે નહિ એ ઠીક, એ કાંઈ અહીં ઠીક-બીક નથી કહે છે. આહાહા..!

અહીં તો મન, વચન ને કાયા એ કરવું, કરાવવું જે કંઈ ક્રિયા છે, બધી પ્રતિજ્ઞા કરવા જેવી છે, ત્યાગ કરવા જેવો છે. આહાહા..! પોતાનું કામ સહેલું પડે. પ્લેનમાં જાય તો, આમ જાય ચોવીસ કલાક લાગે, આમ જાય છ કલાક લાગે. ઠેઠ લ્યોને, 'આફ્રિકા', છ કલાક, સાત કલાક. લ્યો! અને આમ જાય તો રેલમાં પાર ન આવે. કોને કહેવું સારું? આહાહા..! પહેલું તો મીંડુ વાળ આખું, કહે છે. તારા આત્મા સીવાય જે કોઈ ચીજ છે એ બધી છોડવા યોગ્ય છે. આહાહા..! એમ શ્રદ્ધામાં તો પહેલું નક્કી કર. નહિતર આગળ ચાલી શકાશે નહિ. આહાહા..! શ્રદ્ધામાં જો ક્યાંક ગોટો વળ્યો, ક્યાંક પણ આ ઠીક છે, કોઈ ચીજ આ ઠીક છે આ ફલાણું ઠીક છે (તો આગળ નહિ વધાય). આહાહા..!

મુમુક્ષુ :– છોડવાની પ્રતિજ્ઞા શુભભાવ છે કે વીતરાગ ભાવ છે?

ઉત્તર :– એ તો પ્રતિજ્ઞા કરે તો છે વિકલ્પ પણ છોડવા યોગ્ય છે. પછી છૂટવાનું. પ્રતિજ્ઞા શબ્દ વખતે વિકલ્પ હોય પણ અંતરથી એનો નિષેધ છે. આહાહા..!

ટીકાકાર કહે છે. આવી ટીકા! આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા તે કોઈ ગજબની ટીકા છે! એ કરીને કહે છે, હું આ મારા જ્ઞાન સ્વરૂપમાં હતો, તો થવાને કાળે થઈ ગયું છે, મેં કર્યું નથી. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા આ ભરતક્ષેત્રમાં અત્યારે,... ઓહો..હો..! એવી 'સમયસાર'ની ટીકા. આમ તો આ 'નિયમસાર' ની ટીકા અલૌકિક ટીકા! ભાઈ! 'પદ્મપ્રભમલધારીદેવ' મરી ગયેલા, મરી ગયેલા, જીવતા મરી ગયેલા. કાંઈ એને બહારમાં નથી. આ કરો છો ને? તમે દેખો છો, કરો છો. અમે કાંઈ કરતાં નથી. આહાહા..!

**'તે દુષ્કૃત પ્રત્યે હેયબુદ્ધિ આવી ત્યારે જીવે તેના પ્રત્યેનું મમત્વ છોડ્યું, તે જ તેનું**

**મિથ્યા કરવું છે.**’ લ્યો! મમત્વ છોડ્યુંને તે જ મિથ્યા કરવું છે. પછી ઘણા બધા બોલ છે, પછી બોલ છે. પછી મેં કર્યું, કરાવ્યું અને કરતો હોય તેનું અનુમોદવું, મનથી ને વચનથી કાયા બાકી રાખી. પહેલો ૩૩ નો આંક રાખ્યો પછી ૩૨ નો. ૩૩ નો એટલે મન, વચન ને કાયા આદિ. પછી કાયા છોડી નાખી એટલે ૩૨. એમ બધા બોલો લીધા છે. મનથી, કાયાથી તે મારું દુષ્કૃત મિથ્યા હો. મેં કર્યું, કરાવ્યું અને અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું, વચનથી, કાયાથી, મન કાઢી નાખ્યું. તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. એમ બધા બોલ લઈ લેવા. આહાહા..! એ ઠેઠ લઈ લીધું.

‘**તે મન દુષ્કૃત મિથ્યા હો.**’ પાનું ૫૫૭. બધા બોલો ૪૯ કાઢી નાખ્યા. ‘**જે મેં (પૂર્વે) કરાવ્યું કાયાથી કે દુષ્કૃત મિથ્યા હો. જે મેં (પૂર્વે) અન્ય કરતો હોય તેનું અનુમોદન કર્યું કાયાથી, તે મારું દુષ્કૃત મિથ્યા હો.**’

‘**(આ ૪૯ ભંગોની અંદર...)**’ ૫૫૭ પાને. ‘**પહેલા ભંગમાં કૃત, કારિત, અનુમોદના– એ ત્રણે લીધાં અને તેના પર મન, વચન, કાયા-એ ત્રણે લગાવ્યાં. એ રીતે બનેલા આ એક ભંગને ‘૩૩’ની સમસ્યા આપી...**’ ૩૩ સંજ્ઞા આપી. મન, વચન ને કાયા ને કરવું, કરાવવું, અનુમોદન. એમ ‘**સંજ્ઞાથી-ઓળખી શકાય. ૨ થી ૪ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદના ત્રણે લઈને તેના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં.**’ એક એક છોડીને. ‘**એ રીતે બનેલા આ ત્રણ ભંગોને ‘૩૨’ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૫ થી ૭ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદના ત્રણે લઈને તેના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ ત્રણ ભંગોને ૩૧ ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૮ થી ૧૦ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયા ત્રણે લગાવ્યાં. આ ત્રણ ભંગોને ‘૨૩’ની સંજ્ઞાવાળા ભંગો તરીકે ઓળખી શકાય. ૧૧ થી ૧૯ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી બબ્બે લઈને તેમના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. આ નવ ભંગોને ‘૨૨’ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૨૦ થી ૨૮ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદન...**’ આ જાણવાની વાત છે. જરીક ઝીણી પડી.

‘**કાયામાંથી એકેક લગાવ્યાં. આ નવ ભંગોને ‘૨૧’ની સંજ્ઞાવાળા ભંગો તરીકે ઓળખી શકાય. ૨૯ ખી ૩૧ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયા ત્રણે લગાવ્યાં. આ ત્રણ ભંગોને ‘૧૩’ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૩૨ થી ૪૦ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયામાંથી બબ્બે લગાવ્યાં. આ નવ ભંગોને ‘૧૨’ની સંજ્ઞાથી ઓળખી શકાય. ૪૧ થી ૪૯ સુધીના ભંગોમાં કૃત, કારિત, અનુમોદનામાંથી એકેક લઈને તેમના પર મન, વચન, કાયામાંથી એકેક લગાવ્યું. આ નવ ભંગોને ‘૧૧’ની સંજ્ઞાથી ઓળખી શકાય.**’

‘**હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :–**’ એ તો એક જણાવ્યું, ૪૯ ભંગ જણાવ્યા.

કારણ કે, બધા જીવો ૪૯ એક જ ભંગે તે નવ કોટિએ કરી શકે નહિ. મન, વચન ને કાયા, કૃત, કારિત, અનુમોદન બધું ન કરી શકે તો એમાંથી કોઈ પણ ભંગે કરે, ત્યાગ કરે એટલે ૪૯ ભંગ લીધા. કોઈ પણ રીતે કરે અને કરાવવાની બંધી કરે તોપણ કરી શકે. પાપ કરે પોતે પણ કરાવવાની પ્રતિજ્ઞા, એ પણ એક ભંગ છે. આ બધા ઊંડા ભંગ છે. સમજાય છે કાંઈ? અનેક પ્રકારના છોડવાની (રીત છે). છદ્મસ્થ છે એટલે છોડવાની રીતના ભંગ જુદા જુદા છે. બાકી છેલ્લામાં છેલ્લે ૩૩ એટલે મન, વચન ને કાયા ત્રણ અનુમોદન છે ત્રણ ત્રણ થયા, નવે છોડ્યે છૂટકો છે. ત્યારે તેને આત્માની પ્રાપ્તિ થાય એવી છે. આહાહા..! એનો કળશ ૨૨૬.

## શ્લોક–૨૨૬

(आर्या)

मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२६।।

इति प्रतिक्रमणकल्पः समाप्तः।

न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा च कायेन चेति १। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा चेति २। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च कायेन चेति ३। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा च कायेन चेति ४। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा चेति ५। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा चेति ६। न करोमि, न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, कायेन चेति ७। न करोमि, न कारयामि, मनसा च वाचा च कायेन चेति ८। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा च कायेन चेति ९। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा च कायेन चेति १०। न करोमि, न कारयामि, मनसा च वाचा चेति ११। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा चेति १२। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा चेति १३। न करोमि, न कारयामि, मनसा च कायेन चेति १४। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च कायेन चेति १५। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि,

मनसा च कायेन चेति १६। न करोमि, न कारयामि, वाचा च कायेन चेति १७। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा च कायेन चेति १८। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा च कायेन चेति १९। न करोमि, न कारयामि, मनसा चेति २०। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा चेति २१। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा चेति २२। न करोमि, न कारयामि, वाचा चेति २३। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा चेति २४। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा चेति २५। न करोमि, न कारयामि, कायेन चेति २६। न करोमि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, कायेन चेति २७। न कारयामि, न कुर्वन्तमप्यन्यं समनुजानामि, कायेन चेति २८। न करोमि, मनसा च वाचा च कायेन चेति २९। न कारयामि मनसा च वाचा च कायेन चेति ३०। न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति ३१। न करोमि मनसा च वाचा चेति ३२। न कारयामि मनसा च वाचा चेति ३३। न कुर्वन्तमप्यन्यं समनुजानामि, मनसा च वाचा चेति ३४। न करोमि, मनसा च कायेन चेति ३५। न कारयामि मनसा च कायेन चेति ३६। न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च कायेन चेति ३७। न करोमि वाचा च कायेन चेति ३८। न कारयामि वाचा च कायेन चेति ३९। न कुर्वन्तमप्यन्यं समनुजानामि, वाचा च कायेन चेति ४०। न करोमि, मनसा चेति ४१। न कारयामि, मनसा चेति ४२। न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा चेति ४३। न करोमि वाचा चेति ४४। न कारयामि वाचा चेति ४५। न कुर्वन्तमप्यन्यं समनुजानामि वाचा चेति ४६। न करोमि कायेन चेति ४७। न कारयामि कायेन चेति ४८। न कुर्वन्तमप्यन्यं समनुजानामि कायेन चेति ४९।

---

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ यद् अहम् मोहात् अकार्षम् ] જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂતકાળમાં) કર્મ કર્યાં, [ तत् समस्तम् अपि कर्म प्रतिक्रम्य ] તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને [ निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते ] હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું (એમ જ્ઞાની અનુભવ કરે છે).

ભાવાર્થ :– ભૂતકાળમાં કરેલા કર્મને ૪૯ ભંગપૂર્વક મિથ્યા કરનારું પ્રતિક્રમણ કરીને જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે, તેનું આ વિધાન (વિધિ) છે. 'મિથ્યા' કહેવાનું પ્રયોજન આ પ્રમાણે છે :– જેવી રીતે, કોઈએ પહેલાં ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું; પછી તેના પ્રત્યે મમત્વ છોડ્યું ત્યારે તેને ભોગવવાનો

અભિપ્રાય ન રહ્યો; તે વખતે, ભૂતકાળમાં જે ધન કમાયો હતો તે નહિ કમાયા સમાન જ છે; તેવી રીતે, જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું; પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને તેના પ્રત્યે મમત્વ છોડ્યું અને તેના ફળમાં લીન ન થયો, ત્યારે ભૂતકાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે. ૨૨૬.

આ રીતે પ્રતિક્રમણ-કલ્પ (અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ) સમાપ્ત થયો.

(હવે ટીકામાં આલોચનાકલ્પ કહે છે :–)

હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી, વચનથી તથા કાયાથી. ૧.

હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા વચનથી. ૨. હું (વર્તમાનમાં) કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા કાયાથી. ૩. હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી તથા કાયાથી. ૪.

હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી. ૫. હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી. ૬. હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, કાયાથી. ૭.

હું કરતો નથી, કરાવતો નથી, મનથી, વચનથી તથા કાયાથી. ૮. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી, વચનથી તથા કાયાથી. ૯. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી, વચનથી તથા કાયાથી. ૧૦.

હું કરતો નથી, કરાવતો નથી, મનથી તથા વચનથી. ૧૧. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા વચનથી. ૧૨. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા વચનથી. ૧૩. હું કરતો નથી, કરાવતો નથી, મનથી તથા કાયાથી. ૧૪. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા કાયાથી. ૧૫. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી તથા કાયાથી. ૧૬. હું કરતો નથી, કરાવતો નથી, વચનથી તથા કાયાથી. ૧૭. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી તથા કાયાથી. ૧૮. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી તથા કાયાથી. ૧૯.

હું કરતો નથી, કરાવતો નથી, મનથી. ૨૦. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી. ૨૧. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી. ૨૨. હું કરતો નથી, કરાવતો નથી, વચનથી. ૨૩. હું કરતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી. ૨૪. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, વચનથી. ૨૫. હું કરતો નથી, કરાવતો નથી, કાયાથી. ૨૬. હું કરતો નથી, અન્ય

**કરતો હોય તેને અનુમોદતો નથી, કાયાથી. ૨૭. હું કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, કાયાથી. ૨૮.**

**હું કરતો નથી મનથી, વચનથી તથા કાયાથી. ૨૯. હું કરાવતો નથી મનથી, વચનથી તથા કાયાથી. ૩૦. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી મનથી, વચનથી તથા કાયાથી. ૩૧.**

**હું કરતો નથી મનથી તથા વચનથી. ૩૨. હું કરાવતો નથી મનથી તથા વચનથી. ૩૩. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી મનથી તથા વચનથી. ૩૪. હું કરતો નથી મનથી તથા કાયાથી. ૩૫. હું કરાવતો નથી મનથી તથા કાયાથી. ૩૬. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી મનથી તથા કાયાથી. ૩૭. હું કરતો નથી વચનથી તથા કાયાથી. ૩૮. હું કરાવતો નથી વચનથી તથા કાયાથી. ૩૯. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી વચનથી તથા કાયાથી. ૪૦.**

**હું કરતો નથી મનથી. ૪૧. હું કરાવતો નથી મનથી. ૪૨. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી મનથી. ૪૩. હું કરતો નથી વચનથી. ૪૪. હું કરાવતો નથી વચનથી. ૪૫. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી વચનથી. ૪૬. હું કરતો નથી કાયાથી. ૪૭. હું કરાવતો નથી કાયાથી. ૪૮. હું અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી કાયાથી. ૪૯. (આ રીતે, પ્રતિક્રમણના જેવા જ આલોચનામાં પણ ૪૯ ભંગ કહ્યા.)**

## શ્લોક-૨૨૬ ઉપર પ્રવચન

**मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२६।।**

**'यद् अहम् मोहात् अकार्षम्' 'જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂતકાળમાં) કર્મ કર્યાં,...'** આહાહા..! આત્માની સાક્ષીથી કરે છે, હોં! ભાષા એકલી નથી. આહાહા..! **'તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને...'** આહાહા..! જે કાંઈ મેં મન, વચન ને કાયાથી અત્યાર સુધી કર્યું, કરાવ્યું અને અનુમોદ્યું તે સર્વ કર્મ કર્યા તેને છોડીને, **'निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते'** આહાહા..! **'હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** છે ને? **'चैतन्य-आत्मनि'** એટલે **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** આહાહા..! પોતાના સ્વભાવમાં સ્વભાવથી. વિભાવ અને વિકલ્પનો ત્યાં અવકાશ નથી. એ રીતે ચૈતન્યસ્વરૂપ આત્મા, ભાષા લીધી ને? **'चैतन्य-आत्मनि'** આત્મા કેવો? કે, ચૈતન્યસ્વરૂપ. એ તો જાણક સ્વભાવ આત્મા છે. કરવું, કરાવવું એમાં કાંઈ છે નહિ. જાણક...

જાણક... જાણક... જ્ઞાતા-દષ્ટા એનો સ્વભાવ છે, ત્રિકાળ જાણવું-દેખવું એવો સ્વભાવ (છે). આહાહા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-)...'** એટલે સ્વભાવથી જ. જ્ઞાનને જ્ઞાનથી જ, શુદ્ધતાને શુદ્ધતાથી જ, પવિત્રતાને પવિત્રતાથી જ. આહાહા..! **'નિરંતર વર્તું છું...'** આહાહા..! ચારિત્ર દશા છે ને? આહાહા..! ચારિત્ર આવું મોંઘુ, એને બનાવી દીધું સોંઘુ. આહાહા..! ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી વર્તું છું, પોતાના શુદ્ધ સ્વભાવથી વર્તું છું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ બહારની ક્રિયા નથી. આહાહા..! ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી એટલે ચૈતન્ય સ્વભાવથી જ, પોતાથી નિરંતર વર્તું છું, આ નિરંતર વર્તું છું. આહાહા..!

ટીકા કરતાં કરતાં કરનારા પણ એમ કહે છે, નિરંતર હું વર્તું છું. આહાહા..! વિકલ્પ આવે છે છતાં અહીં ગણતરી નથી, આદર નથી. આહાહા..! વીતરાગ માર્ગ ભાઈ! સૂક્ષ્મ છે. લોકોએ કલ્પ્યો છે એવો માર્ગ નથી. સંપ્રદાયમાં ચાલે છે (એ) આખી લાઈન જુદી છે. આ માર્ગ જ આખો જુદો છે. આહાહા..! અહીં તો મન, વચન, કાયાથી કોઈ સારું કામ કીધું હોય–શુભ, સદાચાર તો પણ કહે છે કે દુષ્કૃત છે. દુનિયા જેને સદાચાર કહે, બહારની ક્રિયા સદાચાર સેવે એને અહીં દુષ્કૃત કહે.

સદાચાર તો સત્ એટલે એક ચૈતન્યપ્રભુ, એને બધી ક્રિયાના વિકલ્પથી રહિત થઈ અને સ્થિર અંદર થાય, એને અવલંબે એને સદાચાર કહે છે. આહા..! આ સદાચાર, સત્ આચાર. ક્રિયાની, ચારિત્રની વાત છે ને? સત્ ચારિત્ર. જ્ઞાનસ્વરૂપી ભગવાન આનંદમૂર્તિ, એમાં રમણતા, આચરણની સ્થિરતા એ ચારિત્ર છે. બાકી ચારિત્રની કોઈ વ્યાખ્યા બહારની ક્રિયાથી નથી. આહાહા..!

**'(સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-)...'** વિકલ્પનો પણ જ્યાં અવકાશ નથી, શુભરાગનો પણ જ્યાં આશ્રય નથી. **'નિરંતર વર્તું છું (એમ જ્ઞાની અનુભવ કરે છે).'** આહાહા..! છેલ્લી વાત છે ને આખીરની? છેલ્લે ધર્માત્મા મોક્ષની જ્યારે તૈયારી થઈ, ચારિત્ર અંગીકાર કરે ત્યારે આ દશા હોય છે. આહાહા..! ચારિત્ર (એટલે) કાંઈ લુગડા ફેરવી નાખ્યા, નગ્નપણું કરી નાખ્યું માટે ચારિત્ર થઈ ગયું, મહાવ્રત પાળ્યા માટે ચારિત્ર થઈ ગયું એમ નથી. એ મહાવ્રત પણ દુષ્કૃત છે. આહાહા..!

જે મેં અત્યાર સુધી કર્યું શુભ કે અશુભ, કરાવ્યું કે કર્યાને રૂડું જાણ્યું. આહાહા..! બધાથી રહિત **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** એમ છે ને? પાઠમાં છે ને? **'आत्मनि आत्मनि आत्मना, चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते' 'આત્માથી નિરંતર વર્તું છું.'** આહાહા..! પહેલું એનું જ્ઞાન તો કરે. સાચું જ્ઞાન શું છે, સત્ય શું છે અને સત્યનો પંથ ને રીત શું છે. આડી-અવળી કલ્પનાથી માને એથી કરીને સત્ હાથ નહિ આવે. આહાહા..! એથી એને સત્સમાગમ વડે તેનું જ્ઞાન તો કરવું પડે. જેવું સ્વરૂપ છે તે રીતે એને જાણવાનું

કામ તો એણે કરવું પડે. છતાં એ વિકલ્પ ને પર તરફનું જ્ઞાન પણ અહીં તો છોડવા જેવું છે. આહાહા..!

અહીં તો ચૈતન્યને અવલંબીને જ્ઞાન થાય તે જ્ઞાન. જેમાં ખાણ પડી છે, ચૈતન્યની ખાણ છે, આનંદનો સાગર છે. આહાહા..! શુદ્ધતાનો એ તો મોટો ભંડાર છે, ભગવાન શુદ્ધતાનો ભંડાર છે. અરૂપી ક્ષેત્ર નાનું એથી એની મહત્તા કાંઈ નાની નથી. આહાહા..! એક નિગોદનું શરીર, નિગોદના જીવનું એક શરીર. રાય જેટલામાં અસંખ્ય શરીર ને એક શરીરમાં અનંતા જીવ છતાં એ ચૈતન્યદ્રવ્ય છે એના મહિમાનો પાર ન મળે. ક્ષેત્રની મોટપનું અહીં કામ નથી. આહાહા..! ત્યાં અનંત ભગવાન છે. રાય જેટલી કટકીમાં, લસણની કટકીમાં અસંખ્ય શરીર છે. એક એક શરીરમાં અનંતા... અનંતા... અનંતા... જીવ છે, ગુણ છે. એવા અનંતા અનંતા ગુણના ધરનારમાં કાંઈ ખામી, ખોટ છે નહિ. ભલે ક્ષેત્રથી મનુષ્ય મોટો થાય અને નિગોદમાં જાય અક્ષરને અનંતમે (ભાગે જાય) છતાં વસ્તુ તો એવી ને એવી અખંડાનંદ સત્તા એવી ને એવી છે. એ પામવા માટે કહે છે, નિરંતર હું વર્તું છું.

**'ભાવાર્થ :– ભૂતકાળમાં કરેલા કર્મને ૪૯ ભંગપૂર્વક મિથ્યા કરનારું પ્રતિક્રમણ કરીને જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે.'** આહાહા..! નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્મા, કંઈ પણ વિકલ્પ છે કે, આહાહા..! આ ટીકા કરી છે, અહીં કહે છે એ તો પુદ્ગલથી બની ગઈ છે. પરમાણુની પર્યાય તે કાળે થવાની હતી, થઈ છે, મેં કરી નથી, હું એ નથી. આહાહા..! મેં કર્યું એવો કોઈ વિકલ્પ આવ્યો હોય તો હું દુષ્કૃત કરીને છોડી દઉં છું. આહાહા..! ચૈતન્ય વીતરાગી મૂર્તિ પ્રભુ! એ આત્મા ચૈતન્યસ્વરૂપ આત્માથી જ અંતર્લીન થાય છે. આહાહા..! આ ચારિત્ર છે, મોક્ષનો માર્ગ આ છે. સાંભળવો કઠણ પડે. આહાહા..! આખો ફેર છે માર્ગનો.

કોઈ કામમાં, ધર્મના કામમાં કોઈ શુભભાવ કર્યો હોય એ પણ અહીં તો દુષ્કૃત છે. કારણ કે, બંધનું કારણ છે. એ શુભભાવ પણ ઘોર સંસાર છે. આહાહા..! ભારે આકરું કામ. સારા ધર્મ કામમાં અમે થોડો કાળ આપ્યો, આમ છે, તેમ છે જિંદગી ગાળી તો અમારો અવતાર સફળ (થયો). બીજા વખાણ કરે કે એણે તો આવા કામ કર્યા છે. આ દેશના, ફલાણાના, ઢીંકણાના, સેવા કરી છે આખી જિંદગી. અરે..! પ્રભુ! આમાં શું છે એ? સેવા કરી છે કે અસેવા કરી છે આત્માની? પરની સેવા એટલે સ્વની અસેવા. આહાહા..! અર..ર..! આવી વાત.

**ભાવાર્થ :– 'ભૂતકાળમાં કરેલા કર્મને...'** કાર્ય શુભાશુભ **'૪૯ ભંગપૂર્વક મિથ્યા કરનારું પ્રતિક્રમણ કરીને જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મામાં લીન થઈને નિરંતર ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરે,...'** આહાહા..! **'તેનું આ વિધાન (વિધિ) છે. 'મિથ્યા' કહેવાનું પ્રયોજન આ પ્રમાણે છે :–'** મિચ્છામિ દુક્કડમ્ જેમ કહેવાય છે, એ મિચ્છા નામ મિચ્છા દુષ્કૃત, મિચ્છામિ

દુક્કડમ્ દુષ્કૃત. મિચ્છામિ–જૂઠું મારું કહેલું દુષ્કૃત. તે જૂઠ થજો. આહાહા..! આ તો મરી જવાની વાત છે. જીવતા કોઈનું કામ કરી શકે, કરાવવું, કરવું, અનુમોદન કાંઈ નહિ. આહા..! ધર્મના કામ આ દેરાસર ને જાત્રાના કામ એ પણ કાંઈ નહિ. આત્મામાં છે જ નહિ એવું કાંઈ. આહાહા..! આકરું લાગે માણસને, ભાઈ!

**'તેનું આ વિધાન (વિધિ) છે. 'મિથ્યા' કહેવાનું પ્રયોજન આ પ્રમાણે છે :– જેવી રીતે, કોઈએ પહેલાં ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું; પછી તેના પ્રત્યે મમત્વ છોડ્યું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો;...'** એ લક્ષ્મીનો, **'તે વખતે, ભૂતકાળમાં જે ધન કમાયો હતો તે નહિ કમાયા સમાન જ છે;...'** આહાહા..! **'એવી રીતે જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું; પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને...'** આહાહા..! **'તેના પ્રત્યે મમત્વ છોડ્યું અને તેના ફળમાં લીન ન થયો, ત્યારે ભૂતકાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે.'** આહા..! **'આ રીતે પ્રતિક્રમણ-કલ્પ (અર્થાત્ પ્રતિક્રમણનો વિધિ) સમાપ્ત થયો.'** પ્રતિક્રમણનો (વિધિ) બીજો ચાલશે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૩૩ શ્લોક–૨૨૬ થી ૨૨૮ સોમવાર, અષાઢ સુદ ૨, તા. ૧૪-૦૭-૧૯૮૦

---

'સમયસાર' એમાં પ્રતિક્રમણનો અધિકાર ચાલી ગયો. પહેલા અધિકારમાં પ્રતિક્રમણનો પહેલો અધિકાર લીધો અને પ્રત્યાખ્યાનનો બીજો લીધો. પહેલા ગાથાઓ આવી ગઈ છે અને પછી આલોચના લીધી. કારણ કે, કરવું છે ને એટલે વર્તમાન એમ કે પડિકમણું, ભવિષ્યનું પણ મારે કરવું નથી અને વર્તમાનમાં કરવું નથી, એમ. એવી રીતે લીધું. સમજાણું? પહેલાં પાઠમાં પાઠ એવા લીધા, પાઠ ને ટીકા છે ને આમાં? ઇ છે. ગાથાઓ છે, ગાથાઓ. ૩૮૩, ૮૪.

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं।**
**तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।३८३।।**
**कम्मं जं सुहमसुहं जम्हि य भावम्हि बज्झदि भविस्सं।**
**तत्तो णियत्तदे जो सो पच्चक्खाणं हवदि चेदा।।३८४।।**

ભવિષ્ય લીધો. પહેલા ભૂતકાળ લીધો પછી ભવિષ્ય લીધું ને પછી પહેલો વર્તમાન લીધો. કારણ કે, પેલું તો ફક્ત મારે કરવું નથી, ભવિષ્યનું કરવું નથી. અત્યારે અહીં છે તે વર્તમાનમાં જ મારે કરવું નથી, એમ. ભાઈ! પેલામાં એમ કે વર્તમાનમાં મારે કરવું નથી અને ભવિષ્યમાં મારે કરવું નથી. એટલે પહેલાં ત્રણ ગાથાઓ એમ આવી અને અહીંયાં તો મારે ભૂતકાળનું કરેલું હોય એ નિષ્ફળ જાઓ, વર્તમાનમાં મારે કરવું નથી, ભવિષ્યમાં મારે કાંઈ કરવું નથી. એમ એવી શૈલી લીધી. એટલે પ્રતિક્રમણ પછી આલોચના લીધી. છે?

**'(હવે ટીકામાં આલોચનાકલ્પ કહે છે :–)'** ૫૫૯ છે આમાં. શું કહ્યું સમજાણું? ગયા કાળની ત્રણ ગાથાઓ એવી લીધી, કે ગયા કાળનું કાંઈ કર્યું હોય તો મારે નિષ્ફળ જાવ, હું તો આત્મા છું, આ આત્મા ચૈતન્યસ્વરૂપ આત્મા, એમ આવ્યું હતું ને? ચૈતન્યસ્વરૂપ આત્મા, આત્માની અંદર મારે એકાગ્ર થવું. ભૂતકાળના કર્મ પણ નહિ, ભવિષ્યમાં પણ નહિ, ભવિષ્યનું પરિણામ તો એ જ છે, એક જ (છે). એના એ પરિણામમાં ભવિષ્યનું કરવું નથી અને એ પરિણામમાં વર્તમાનમાં કરવું નથી એમ લીધું. અને આમાં ભૂતકાળની આલોચના કરી, હવે વર્તમાનની કરે છે, ભવિષ્યની પછી કરશે. પહેલી ગાથાઓ બીજી ગઈ આ ગાથા આમ ફેરવે છે, ફેરવે છે. આલોચના.

**'હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી,...'** આહાહા..! હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા પરમ જ્ઞાયકભાવ સ્વરૂપ એ હું છું. ધર્મી એમ જાણે છે. લાખ વાતની વાત અને બાર અંગનો સાર ફરી ફરીને બધું ગમે તેટલું કરવું, કર્યું અને કહ્યું ઇ આત્મા અંદર આનંદ સ્વરૂપ ધ્રુવ જે ચૈતન્ય પરમાનંદની મૂર્તિ (છે) તેમાં જાવું, ઠરવું એ કરવાનું છે. બાકી બધી વાતું ઘણા પ્રકારની કથન શૈલી આવે. આહાહા..! પાપ હોય, પાપ પણ લાગે પણ એને ફરીને જાવું છે ક્યાં? અંદરમાં. ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયકભાવ, શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ એમાં વર્તમાનમાં મેં કર્યું હોય એનું અહીં આ ચાલે છે અત્યારે. ભૂતકાળમાં કંઈ થયું હોય તોપણ મિચ્છામી. એટલે એ મારું સ્વરૂપ જ નથી, મારા સ્વરૂપમાં એ રાગ કરવો કે રાગ છોડવો એ મારા સ્વરૂપમાં નથી. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ જ્ઞાન ને આનંદનો સાગર, ધ્રુવ સ્વરૂપ, એમાં ગયા કાળનું કરેલું મેં કર્યું નથી, એ મેં કર્યું નથી, એ થઈ ગયું પર્યાયમાં પણ એ મારું કર્તવ્ય નથી. તેમ આલોચના– વર્તમાનમાં કર્મ કરતો નથી. આહાહા..! કર્મ શબ્દે શુભ-અશુભભાવ. આહાહા..! શુભ-અશુભભાવ હું કરતો નથી. કેમકે એ મારું સ્વરૂપ નથી, હું તો ચૈતન્યગોળો આનંદનો કંદ પંચમ પારિણામિક સ્વભાવભાવ, એમાં એ વર્તમાનમાં રાગ કરવો એ વસ્તુ નથી. આહાહા..!

છતાં અહીં કહ્યું કે, **'હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી,...'** શબ્દો છે બોલ્યા પણ ભાવ ઝીણા છે જરીક. આહાહા..! એટલે કે મારામાં એ કરવું એ મારા સ્વરૂપમાં જ છે નહિ. કરતો નથી એટલે? આહાહા..! હું વર્તમાન રાગને કરતો નથી. એટલે કે મારા સ્વરૂપમાં એ છે જ નહિ. એટલે કરતો નથી અને છોડુ છું એ પર્યાયના વ્યવહારના કથન છે. આહાહા..! આવી વાત ઝીણી, લ્યો!

**'હું કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી, મનથી, વચનથી તથા કાયાથી.'** નવ કોટિથી. ત્રણ ત્રણ આવ્યા હતા ને પહેલાં? મન, વચન ને કાયાના ત્રણ, ભૂત, ભવિષ્ય ને વર્તમાનના ત્રણ (એમ) નવ. પછી ત્રણ ને બે ને ત્રણ ને એક ને બે ને એક ને ત્રણ ને બે ને બે ને બે ને બે ને એક ને એક ને ત્રણ ને એક ને બે ને

એક ને એક એ બધા ભંગ ઝાળ. આહાહા..! સરવાળો તો મુખ્ય આ.

હું ચૈતન્યસ્વરૂપ છું, ધ્રુવ છું. અવિચળ ચૈતન્યસ્વરૂપ આત્મા છું. એમાં બીજી કોઈ ચીજ અડતી નથી. આહાહા..! મારો સ્વભાવ રાગને કરું એ છે જ નહિ. આહાહા..! છતાં રાગ થયો હોય તો હવે કરતો નથી એમ કહે છે. એમ કીધું ને? કરતો નથી એમ કીધું ને? આહાહા..! બીજા પાસે કરાવતો નથી. મારું સ્વરૂપ જ એવું નથી. હું બીજા પાસે કરાવું કાંઈ એવું સ્વરૂપ જ નથી. હું તો જ્ઞાનસ્વરૂપ, પંચમ આનંદસ્વરૂપ, પંચમ ભાવ, સર્વાંગ આનંદથી ભરેલો ભગવાન એ હું શું કરું? રાગના વિકલ્પને શું કરું? આહાહા..! અને શું કરાવું? અને કર્તા ને અનુમોદું એ વસ્તુ મારામાં છે નહિ. પણ વ્યવહારથી આ સમજાવે છે. આહાહા..! સમજાય છે? પછી બીજા બધા ભંગ.

**'હું (વર્તમાનમાં કર્મ) કરતો નથી, કરાવતો નથી, અન્ય કરતો હોય તેને અનુમોદતો નથી,...'** ત્રણ પણ **'મનથી તથા વચનથી.'** હવે કાયા કાઢી નાખી એટલે ૩ ને ૨ એવી રીતે બધા ભંગ લેવા, બધા ભંગ એ પ્રમાણે લેવા. ઠેઠ.

**'હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :–'** બધાય ભંગ, એકેય ભંગ સ્વરૂપમાં છે જ નહિ. આહા..! પરને કરવું ને છોડવું એ તો મારા સ્વરૂપમાં નથી. એની વાત છે ને અહીં તો? જેણે સ્વરૂપને જાણ્યું છે એ જાણનાર એમ કહે છે કે મારા સ્વરૂપમાં આ નથી. આહાહા..! હું રાગને છોડું એ પણ મારા સ્વરૂપમાં નથી. મેં રાગ કે દિ' ગ્રહ્યો છે કે હું છોડું? આહાહા..! તેમ એ વસ્તુ એવી ચીજ છે, કે હું તો પરને જાણું છું એ વ્યવહાર છે. મારી મર્યાદા છોડીને, મારું ક્ષેત્ર ને મારા ક્ષેત્રનો મારો ભાવ એ છોડીને ક્યાંય હું જાતો નથી. આહાહા..! એથી હું મને જ જાણું છું, મને જ દેખું છું. પરને હું કરું, કરાવું, અનુમોદું એ વ્યવહાર થયો હોય તો અત્યારે નિષ્ફળ કરું છું. આવો વીતરાગનો માર્ગ સંપ્રદાયની રુઢિવાળાને આકરું લાગે. મર્મ છે, આ દરેકમાં મર્મ છે. આહા..!

અસ્તિ-સત્તા-અનંત ગુણની સત્તાવાળું તત્ત્વ કે જેની હયાતી ને મોજૂદગી માટે પરની કોઈ અપેક્ષા નથી, પરને કરે અને કરાવે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. પર્યાયમાં થયું હોય તો એની વાત છોડું છું. એ મારી દૃષ્ટિ સ્વભાવની કરી અને હું એને છોડું છું. મારો સ્વભાવ જે છે એ ચૈતન્યમૂર્તિ આનંદકંદ છે. આહા..! એના અસ્તિત્વના સ્વીકારમાં એનાથી વિરુદ્ધ ભાવને છોડું છું એમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર તો એ ભાવ ઉત્પન્ન થતો નથી. આહાહા..! વીતરાગ માર્ગ ઝીણો ઘણો. આહાહા..! એ લઈ લેવું, બધા શબ્દ લઈ લેવા. હવે કળશ કહે છે, કળશ. ૨૨૭ કળશ.

## શ્લોક-૨૨૭

(आर्या)

मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२७।।

इत्यालोचनाकल्पः समाप्तः।

न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा च कायेन चेति १। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा चेति २। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च कायेन चेति ३। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा च कायेन चेति ४। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा चेति ५। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा चेति ६। न करिष्यामि, न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, कायेन चेति ७। न करिष्यामि, न कारयिष्यामि, मनसा च वाचा च कायेन चेति ८। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा च कायेन चेति ९। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा च कायेन चेति १०। न करिष्यामि, न कारयिष्यामि, मनसा च वाचा चेति ११। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा चेति १२। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा चेति १३। न करिष्यामि, न कारयिष्यामि, मनसा च कायेन चेति १४। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च कायेन चेति १५। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च कायेन चेति १६। न करिष्यामि, न कारयिष्यामि, वाचा च कायेन चेति १७। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा च कायेन चेति १८। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा च कायेन चेति १९। न करिष्यामि, न कारयिष्यामि, मनसा चेति २०। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा चेति २१। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा चेति २२। न करिष्यामि, न कारयिष्यामि, वाचा चेति २३। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा चेति २४। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा चेति २५। न करिष्यामि, न कारयिष्यामि,

कायेन चेति २६। न करिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, कायेन चेति २७। न कारयिष्यामि, न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, कायेन चेति २८। न करिष्यामि, मनसा च वाचा च कायेन चेति २९। न कारयिष्यामि, मनसा च वाचा च कायेन चेति ३०। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा च कायेन चेति ३१। न करिष्यामि, मनसा च वाचा चेति ३२। न कारयिष्यामि, मनसा च वाचा चेति ३३। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च वाचा चेति ३४। न करिष्यामि, मनसा च कायेन चेति ३५। न कारयिष्यामि, मनसा च कायेन चेति ३६। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा च कायेन चेति ३७। न करिष्यामि, वाचा च कायेन चेति ३८। न कारयिष्यामि, वाचा च कायेन चेति ३९। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा च कायेन चेति ४०। न करिष्यामि, मनसा चेति ४१। न कारयिष्यामि, मनसा चेति ४२। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, मनसा चेति ४३। न करिष्यामि, वाचा चेति ४४। न कारयिष्यामि वाचा चेति ४५। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, वाचा चेति ४६। न करिष्यामि, कायेन चेति ४७। न कारयिष्यामि, कायेन चेति ४८। न कुर्वन्तमप्यन्यं समनुज्ञास्यामि, कायेन चेति ४९।

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર કહે છે કે-) [ मोहविलासविजृम्भितम् इदम् उदयत् कर्म ] મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (ઉદયમાં આવતું) કર્મ [ सकलम् आलोच्य ] તે સમસ્તને આલોચીને (-તે સર્વ કર્મની આલોચના કરીને-) [ निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते ] હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિતઃ ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.

ભાવાર્થ :– વર્તમાન કાળમાં કર્મનો ઉદય આવે તેના વિષે જ્ઞાની એમ વિચારે છે કે- પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે, મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી, હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું. તેની દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે. તે દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું. મારા સ્વરૂપમાં જ હું વર્તું છું. આવું અનુભવન કરવું તે જ નિશ્ચયચારિત્ર છે. ૨૨૭.

આ રીતે આલોચનાકલ્પ સમાપ્ત થયો.

(હવે ટીકામાં પ્રત્યાખ્યાનકલ્પ અર્થાત્ પ્રત્યાખ્યાનનો વિધિ કહે છે :–

(પ્રત્યાખ્યાન કરનાર કહે છે કે :–)

હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૧.

હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ

નહિ, મનથી તથા વચનથી. ૨. હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા કાયાથી. ૩. હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી તથા કાયાથી. ૪.

હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી. ૫. હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી. ૬. હું કરીશ નહિ, કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, કાયાથી. ૭.

હું કરીશ નહિ, કરાવીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૮. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૯. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૧૦.

હું કરીશ નહિ, કરાવીશ નહિ, મનથી તથા વચનથી. ૧૧. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા વચનથી. ૧૨. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા વચનથી. ૧૩. હું કરીશ નહિ, કરાવીશ નહિ, મનથી તથા કાયાથી. ૧૪. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા કાયાથી. ૧૫. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી તથા કાયાથી. ૧૬. હું કરીશ નહિ, કરાવીશ નહિ, વચનથી તથા કાયાથી. ૧૭. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી તથા કાયાથી. ૧૮. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી તથા કાયાથી. ૧૯.

હું કરીશ નહિ, કરાવીશ નહિ, મનથી. ૨૦. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી. ૨૧. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી. ૨૨. હું કરીશ નહિ, કરાવીશ નહિ, વચનથી. ૨૩. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી. ૨૪. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, વચનથી. ૨૫. હું કરીશ નહિ, કરાવીશ નહિ, કાયાથી. ૨૬. હું કરીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, કાયાથી. ૨૭. હું કરાવીશ નહિ, અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, કાયાથી. ૨૮.

હું કરીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૨૯. હું કરાવીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૩૦. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, મનથી, વચનથી તથા કાયાથી. ૩૧.

હું કરીશ નહિ, મનથી તથા વચનથી. ૩૨. હું કરાવીશ નહિ મનથી તથા વચનથી. ૩૩. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ મનથી તથા વચનથી. ૩૪. હું કરીશ નહિ, મનથી તથા કાયાથી. ૩૫. હું કરીશ નહિ, મનથી તથા કાયાથી. ૩૬. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ મનથી તથા કાયાથી. ૩૭. હું કરીશ નહિ વચનથી તથા

**કાયાથી. ૩૮. હું કરાવીશ નહિ વચનથી તથા કાયાથી. ૩૯. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ વચનથી તથા કાયાથી. ૪૦.**

**હું કરીશ નહિ મનથી. ૪૧. હું કરાવીશ નહિ મનથી. ૪૨. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ મનથી. ૪૩. હું કરીશ નહિ વચનથી. ૪૪. હું કરાવીશ નહિ વચનથી. ૪૫. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ વચનથી. ૪૬. હું કરીશ નહિ કાયાથી. ૪૭. હું કરાવીશ નહિ કાયાથી. ૪૮. હું અન્ય કરતો હોય તેને અનુમોદીશ નહિ, કાયાથી. ૪૯. (આ રીતે, પ્રતિક્રમણના જેવા જ પ્રત્યાખ્યાનમાં પણ ૪૯ ભંગ કહ્યા.)**

---

## શ્લોક–૨૨૭ ઉપર પ્રવચન

---

**मोहविलासविजृम्भितमिदमुदयत्कर्म सकलमालोच्य।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२७।।**

આહાહા..! નીચે અર્થ.

‘**(નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર કહે છે કે-)...**’ આહાહા..! નિશ્ચયચારિત્ર અંગીકાર કર્યું હવે એને શું કરવું બાકી રહ્યું? પણ વ્યવહારથી કથન કરે છે. નિશ્ચય સ્વરૂપ છે એમાં જ્યાં અંદર ઠર્યો, ચર્યો, વિચર્યો, ચર્યો, વિચર્યો અને થંભી ગયો. આહાહા..! વાત ઇ છે કે, આત્મા કેવો ને કેટલો છે એની મહિમા અનંત કાળમાં એક સેકન્ડ પણ આવી નથી. બાકી બધું કર્યું પણ એ ચીજ શું છે? આહાહા..! એ ચીજ રાગને છોડે એવી નથી. કરે એવી તો નથી પણ છોડે એવું એમાં નથી. આહા..! પહેલું આવી ગયું છે, ૩૪ ગાથા. રાગનો આત્મા નાશ કરે એ નામમાત્ર કથન છે. પરમાર્થે રાગનો નાશ કરે એ આત્માને લાગુ નથી પડતું. પહેલાં આવી ગયું છે, ૩૪-૩૫ ગાથામાં. આહાહા..! અગમ્ય-ગમ્યની વાતું છે આ. આહાહા..!

‘**(નિશ્ચયચારિત્રને અંગીકાર કરનાર...**’ હવે નિશ્ચયચારિત્ર એટલે સ્વરૂપ જેણે અંગીકાર કર્યું છે એ તો પોતાના આનંદમાં લીન છે. ઇ કહે છે, ‘**મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન...**’ હવે અત્યારે તો છે નહિ. નિશ્ચયચારિત્રમાં લીન છે પણ પૂર્વનું હતું એ જરી વ્યવહાર કરે છે. આહાહા..! ‘**मोहविलासविजृम्भितम् इदम् उदयत् कर्म**’ ‘**મોહના વિલાસથી...**’ મારા સ્વરૂપના વિલાસથી નહિ. મારો પ્રભુ તો પૂર્ણાનંદથી ભરેલો ત્રિકાળી અનાદિ જેમાં એક સમયના પર્યાયનો પણ પ્રવેશ નથી તો વળી પર્યાયમાં રાગ થાય એની તો વાત ક્યાં હતી? આહાહા..! એવો જે ભગવાનઆત્મા, એને ‘**મોહના વિલાસથી ફેલાયેલું...**’ મારા વિલાસથી ફેલાયેલું નહિ. આહાહા..!

**'મોહના વિલાસથી ફેલાયેલું...'** આહાહા..! **'જે આ ઉદયમાન (ઉદયમાં આવતું) કર્મ...'** આલોચના છે ને? વર્તમાન છે ને? વર્તમાન છે. પ્રતિક્રમણ તો ભૂતકાળ, એ અધિકાર ગયો. આહા..! **'મોહના વિલાસથી ફેલાયેલું...'** મારા આત્માના પર્યાયમાં ફેલાયેલું એમ ન કીધું. આહાહા..! એ મોહના વિલાસથી ફેલાયેલું. પ્રભુ! હું તો ચૈતન્ય... આહાહા..! અનાકુળ આનંદકંદ છું એમાં વળી આ મોહનો વિલાસ ફેલાય ને એ કોઈ વસ્તુમાં મારામાં તો છે નહિ પણ પર્યાયમાં મોહનો વિલાસ જે ફેલાતો હતો. આહા..! જે આ ઉદયમાં, પર્યાયમાં ઉદય આવતું હતું, કર્મ એટલે રાગ-દ્વેષ આદિ એ **'सकलम् आलोच्य' 'તે સમસ્તને આલોચીને...'** આહાહા..! એટલે બધાને જોઈને. આલોચીને એટલે બીજાને બધાને જાણીને. આહાહા..!

આલોચનાનો અર્થ જોવું છે. જે મોહના વિલાસથી ઉદયમાન જે રાગાદિ હતો તેને હું જાણું છું. આલોચું છું એટલે જાણું છું. આહા..! જાણવાનો સ્વભાવ એ ત્રિકાળ છે, એ જ પર્યાયમાં ફેલાય છે. આહાહા..! અલૌકિક વાત છે, પ્રભુ! આહાહા..! આત્મા અલૌકિક અંદર ચૈતન્યમૂર્તિ (છે), ભલે એનું ક્ષેત્રપ્રમાણ શરીર પ્રમાણે છે છતાં એના સ્વભાવના મર્યાદાની હદ નથી, બેહદ મર્યાદા સ્વભાવ છે. ઓહોહો..! એવો જે ભગવાનઆત્મા... એ કહે છે કે, સમસ્ત આ રાગાદિ જે ફેલાયેલો હતો એને જોઈને. **'(સર્વ કર્મની આલોચના કરીને-...)'** જોઈને, જાણીને. આહાહા..!

**'निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते'** આહાહા..! **'હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...'** આહાહા..! શુભાશુભભાવથી પણ હું તો રહિત છું, કર્મ તો અડતા પણ નથી. ભગવાનઆત્માને કર્મ તો અડતા પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી. આહા..! 'સમયસાર'ની ૩ ગાથા. દરેક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયરૂપી ધર્મ, ધર્મ એટલે ધારી રાખેલા ભાવ તેને તે સ્પર્શે છે. પોતે ધારી રાખેલો અનાદિ ગુણ પર્યાયભાવ તેને તે સ્પર્શે છે. જોડે રહેલું કર્મ ને બીજો આત્મા એને એ અડતો પણ નથી. આહાહા..! કહો, આવું ક્યાં દુકાનમાં છે આવું? આહાહા..! આ દુકાન જુદી જાતની છે. આહાહા..!

શું પ્રભુના કથન! શું એની શૈલી! વસ્તુ છે આખી ને બધી વાતું પર્યાયની કરવી છે. આહાહા..! વસ્તુ તો વસ્તુ છે એમાં ધ્રુવમાં તો કાંઈ પલટતું પણ નથી, બદલતું નથી, પલટતું નથી, સુધરતું નથી, બગડતું નથી. ધ્રુવ (છે). આહાહા..! જે કાંઈ એની પર્યાયમાં થાય છે તો કહે છે, ધ્રુવ મારો તો સ્વભાવ આ છે, આને હું જોઉં છું, જાણનારો જોઉં છું, જાણનારને જાણું છું. ફરી ગયું પાછું. એને જોઉં છું એમ નહિ ખરેખર જાણનારને જાણું છું. આહાહા..! છે? કેમ? કે **'હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** જુઓ! આવ્યું, સ્વ આવ્યું પાછું. પરને આલોચીને કીધું પણ હું છું આમાં. આહાહા..!

આત્મામાં–ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મામાં... આહાહા..! આત્માથી, મારા સ્વભાવથી, મારામાં જે નથી વિકલ્પ ને એનાથી તો હું વાત કરતો જ નથી કહે છે. જે મારી ચીજમાં નથી એનાથી હું પાછો ફરું કે હું ઠરું એ વાત જ નથી. મારા **'આત્મામાં, આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.'** આહાહા..! ગજબ વાત છે. પ્રભુ ચૈતન્યસ્વરૂપ આત્મા, એ ભાષા લીધી. પહેલાં પણ એ આવી ગયું, પહેલા શ્લોકમાં એ આવ્યું. પડિકમણુ આવ્યું હતું ને? એમાં આવ્યું હતું. ચૈતન્યસ્વરૂપ ન્યાં પણ આવ્યું હતું. જુઓ! **'यद् अहम् मोहात् अकार्षम्' 'જે મેં મોહથી અર્થાત્ અજ્ઞાનથી (ભૂતકાળમાં) કર્મ કર્યાં, તે સમસ્ત કર્મને પ્રતિક્રમીને,...'** પ્રતિક્રમીને છે? બે, ત્રણ પાના પહેલાં. **'निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते' 'હું તો નિષ્કર્મ આત્મા છું.'** આહાહા..! **'निष्कर्मणि चैतन्य-आत्मनि'** નિષ્કર્મણિ તો કર્મનો નકાર. હવે અસ્તિ (શું)? અસ્તિ એ કે **'चैतन्य-आत्मनि'**. હું તો જાણનાર આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છું, બસ! હું તો મને જાણું છું એવો ચૈતન્યઆત્મા છું. આહાહા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.'** એમ જ્ઞાની અનુભવ કરે. એવો શબ્દ અહીં છે, જુઓ! છે ને? **'निष्कर्मणि'** નિષ્કર્મ. સર્વ કાર્યથી રહિત ચૈતન્યસ્વરૂપ આત્મામાં. ન્યાં એ હતું. આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ છે એવો જે આત્મા એમાં વળી રાગનું થવું ને જવું ને એ બધી પર્યાયની વાતું એને કહે છે કે, હું મને જાણું એમાં એ બધું ટળી જાય છે. આહાહા..! હું મને જાણું,... આહાહા..! આત્મા ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી, આત્મામાં આત્માથી, વિકલ્પથી ને રાગથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ નહિ. આહાહા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** 'જ' છે. પાછું એકાંત છે, આત્માથી જ. કથંચિત્ ગુરુની કૃપાથી કે પરમેશ્વરની કૃપાથી, પરમેશ્વરની સહાયથી એ હું નથી. આહાહા..! **'આત્મામાં આત્માથી જ (-પોતાથી-) જ નિરંતર વર્તું છું.'** નિરંતર વર્તવામાં બિલકુલ બીજાની સહાય, મદદ, આશરો છે નહિ. આહાહા..! આવો ભગવાનઆત્મા, એને મુકીને બધી વાતું (કરે). આહાહા..!

**ભાવાર્થ :–** **'વર્તમાન કાળમાં કર્મનો ઉદય આવે...'** આલોચના છે ને વર્તમાન? **'તેના વિષે જ્ઞાની એમ વિચારે છે (એટલે કે જાણે છે) કે-પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેનું આ કાર્ય છે,...'** આહાહા..! બાંધ્યું હતું એ બધો વિચાર વ્યવહાર છે. આત્મા કર્મ બાંધે ને આત્મા કર્મ છોડે એ આત્મામાં છે જ નહિ. પણ શુભ-અશુભ ભાવકર્મની વાત છે અહીં તો. શુભ ને અશુભભાવ મારામાં થયા હતાં... આહાહા..! એ પૂર્વે જે શુભ-અશુભ બાંધ્યું હતું, આ કાર્ય ઉદય આવ્યું એ તેનું છે. આહાહા..! મારું તો આ કાર્ય નથી. આહા! ભલે એનાથી કર્મ બંધાણું અને એનો ઉદય આવ્યો, એ મારું કાર્ય નથી. આહાહા..!

**'હું આનો કર્તા નથી,...'** એ રાગ વર્તમાનમાં આવ્યો એનો હું કરનારો, રચનારો (નથી).

એનો રચનારો, બનાવનારો હું નથી. આહાહા..! હું સ્વતંત્ર કર્તાપણા તરીકે કહું છું કે, હું એનો કર્તા નથી. આહાહા..! કર્તાની વ્યાખ્યા–સ્વતંત્રપણે કરે તે કર્તા. મારા જ્ઞાનની પર્યાયને હું જાણતો સ્વતંત્રપણે કર્તા, પરનો કર્તા હું બિલકુલ નથી. આહાહા..! હવે આવી વાત આકરી પડે પછી માણસ (એમ કહે), એ... 'સોનગઢ'નું એકાંત છે, નિશ્ચય છે. બાપુ! જેમ છે એમ છે. આહાહા..!

**'પૂર્વે જે કર્મ બાંધેલું હતું તેનું આ કાર્ય છે, મારું તો આ કાર્ય નથી. હું આનો કર્તા નથી, હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.'** આ રીતે સમજાવે છે. એવા વિકલ્પો વસ્તુમાં નથી. હું એક જ્ઞાયક છું એવો એક વિકલ્પ પણ જેમાં નથી. આહાહા..! પૂર્ણાનંદનો નાથ ભરેલો અખંડાનંદ (છું) એવા એક વિકલ્પની વૃત્તિનું ઉત્થાન એ પણ એમાં છે નહિ. એવો એ હું આત્મા... આહાહા..! શુદ્ધચૈતન્યમાત્ર આત્મામાં છું. **'હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.'** આહાહા..! છે ને ભાવાર્થમાં?

**'તેની દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે.'** મારી તો દર્શનજ્ઞાન પ્રવૃત્તિ છે, દેખવું ને જાણવું એ મારી પ્રવૃત્તિ છે. આહાહા..! **'તે દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું.'** આહાહા..! એ પણ વ્યવહાર છે. ખરેખર તો પોતાને જ પોતે જાણે છે, દેખે છે. રાગની અંદર કાંઈ તન્મય થઈને જાણતો નથી. એકમેક થઈને જાણે તો એ નિશ્ચય કહેવાય પણ સમજાવવામાં શું આવે? **'હું તો શુદ્ધચૈતન્યમાત્ર આત્મા છું.'** આહાહા..! **'દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે. તે દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું.'** ઇ વ્યવહારથી છે. શું થાય? બધું વ્યવહાર વિના કથન શું થાય? આહાહા..! વીતરાગ માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જેને જાણવામાં આવ્યા એમ કહ્યું એ વ્યવહાર છે. એની પર્યાય જાણી ત્યાં એમાં જણાય ગયું છે. પર્યાય પૂર્ણ થઈ એને જાણ્યું એમાં ત્રણ, લોકાલોક જણાય ગયા છે. આહાહા..! એવા ભગવાનના મુખારવિંદથી નીકળેલી વાણી,... આહા..! એ આ વાણી છે.

**'ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું. મારા સ્વરૂપમાં જ હું વર્તું છું.'** હું તો મારા સ્વરૂપમાં જ વર્તું છું. મેં એ રાગ કર્યો પણ નથી અને છોડ્યો પણ નથી. આહાહા..! રાગનો હું કર્તા પણ નથી ને છોડનાર પણ નથી. આહાહા..! એનો હું જાણનાર છું એમ કહેવું છે એ વ્યવહાર છે. એ મારા **'દર્શનજ્ઞાનરૂપ પ્રવૃત્તિ વડે...'** દેખો! **'હું આ ઉદયમાં આવેલા કર્મનો દેખનાર-જાણનાર છું.'** આહાહા..! ભાષા સાદી છે, લખાણ સાદુ છે, ભાવ ગંભીર છે. આમ ભાષા તો તદ્દન સાદી છે. આલોચના કરીએ પણ બાપુ! આલોચના એટલે શું? આલોચવાનો અર્થ જોવું-જાણવું, બસ! એ જોવે-જાણે એ જ એનું સ્વરૂપ છે. એ પોતે પોતાને જોવે ને જાણે. પરને જોવે-જાણે એમાં તન્મય થયા વિના જાણે એ જાણ્યું નહિ. (જાણે છે એમ કહેવું) એ તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. આહાહા..!

**'મારા સ્વરૂપમાં જ હું વર્તું છું.'** એ પર્યાયની વાત છે. ધ્રુવમાં તો (ક્રિયા નથી). મારા સ્વરૂપમાં જ, ધ્રુવ સ્વરૂપમાં વર્તું છું એટલે પર્યાયમાં વર્તું છું. મારા નિર્મળ પર્યાયમાં જ હું વર્તું છું. આહાહા..! ધ્રુવમાં તો કાંઈ વર્તવાનું છે (નહિ). **'મારા સ્વરૂપમાં જ હું વર્તું છું. આવું અનુભવન કરવું તે જ નિશ્ચયચારિત્ર છે.'** આહાહા..! આ ચારિત્રની વ્યાખ્યા અને અહીં જોવો તો સાદી વ્યાખ્યા. આ બાયડી-છોકરા છોડ્યા ને બે, પાંચ લાખની પેદાશવાળી દુકાન છોડી (તો) બહુ ત્યાગી થઈ ગયો. પરને કે દિ' ગ્રહ્યું હતું તે ત્યાગે? પરના ત્યાગ ઉપાદાન શૂન્યત્વ છે. ત્યાગ અને ગ્રહણથી તો આત્મા પ્રભુ શૂન્ય છે. આહાહા..! બહુ તો એનામાં પર્યાયમાં રાગાદિ થાય, પર્યાયમાં, વસ્તુમાં તો કાંઈ છે નહિ, એ કહે છે હું મારા સ્વરૂપમાં રહીને એ વસ્તુ છૂટી જાય છે. આહા..! એનું નામ આલોચના ને પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહાહા..!

**'આ રીતે આલોચનાકલ્પ સમાપ્ત થયો.'** લ્યો!

**'(હવે ટીકામાં પ્રત્યાખ્યાનકલ્પ...'** ત્રીજો બોલ. પહેલું પ્રતિક્રમણ થઈ ગયું, આલોચના થઈ ગયું, આ ત્રીજું એમ લીધું આમાં. પહેલામાં એમ હતું–પહેલું પડિકમણુ ગયા કાળનું, ભવિષ્યનું પ્રત્યાખ્યાન પછી આલોચના. હવે આમાં આમ આવ્યું. આહાહા..!

**'(હવે ટીકામાં પ્રત્યાખ્યાનકલ્પ અર્થાત્ પ્રત્યાખ્યાનનો વિધિ કહે છે :–'**

**'(પ્રત્યાખ્યાન કરનાર કહે છે કે :–)'**

**'હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ,...'** આહાહા..! કેમકે હું તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ છું. એ રાગ ભવિષ્યમાં થાય એ વસ્તુ જ ક્યાંથી આવે? આહાહા..! એ હું કરીશ નહિ એનો અર્થ ઇ. મારા સ્વરૂપમાં એ વસ્તુ જ નથી તો હું કરીશ નહિ એ વ્યવહાર. વ્યવહારના કથનો એટલા બધા ભર્યા છે. એને જો લોકો નિશ્ચય માની લે તો લોકો મોટી ભૂલમાં જાય. આહાહા..! **'હું (ભવિષ્યમાં કર્મ) કરીશ નહિ...'** કર્મ એટલે રાગાદિ. જડ કર્મની વાત નહિ. ભવિષ્યમાં પુણ્ય-પાપના ભાવ કરીશ નહિ.

આ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા. **'કરાવીશ નહિ,...'** શુભભાવને હું કરાવીશ નહિ. આહાહા..! શુભને હું કરીશ નહિ, શુભભાવને કરાવીશ નહિ. આહાહા..! મારા સ્વરૂપમાં જ એ નથી અને અન્યને કરતો હોય તો તે અનુમોદીશ નહિ. આહાહા..! હું તો એક જાણનાર-દેખનાર સૂર્ય–ચૈતન્યસૂર્ય છું. આહાહા..! બીજાનું કોઈ પણ કામ કરું, કરાવવું, અનુમોદવું એ મારામાં કાંઈ નથી. આહાહા..! એવી ચૈતન્યની મહિમા જ એને આવી નથી.

મહાપ્રભુ બીજા બધાએ કહ્યું પણ સર્વજ્ઞ પરમાત્માએ જે આત્મા કહ્યો એમાં પણ દિગંબર મુનિએ જે કહ્યો, એ બીજે ક્યાંય નથી. આહાહા..! બીજાને દુઃખ લાગે. અમને ખોટા (ઠરાવે છે). બાપુ! તમને દુઃખ થાય, ખોટાથી તમને દુઃખ થશે, પ્રભુ! એ દુઃખ ન થવા માટેની વાત છે, ભાઈ! ખોટું, ખોટું અસત્યથી વર્તમાન દુઃખ અને ભવિષ્યમાં દુઃખ (છે). એ દુઃખના

વેદન પ્રભુ! તને ન થાય. તું એવો નથી, તું આનંદ સ્વરૂપ છો, પ્રભુ! આહાહા..! તને આનંદમાં રહેવા માટેની આ વાત છે. આહાહા..! પછી વિશેષ બધા ભંગ કીધાં છે, બધા ભંગ પછી લેવા. એનો કળશ ૨૨૮ કળશ. છે?

## શ્લોક-૨૨૮

(आर्या)

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२८।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- (પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-) [ भविष्यत् समस्तं कर्म प्रत्याख्याय ] ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (-ત્યાગીને), [ निरस्त-सम्मोहः निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते। ] જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.

ભાવાર્થ :- નિશ્ચયચારિત્રમાં પ્રત્યાખ્યાનનું વિધાન એવું છે કે-સમસ્ત આગામી કર્મોથી રહિત, ચૈતન્યની પ્રવૃત્તિરૂપ (પોતાના) શુદ્ધોપયોગમાં વર્તવું તે પ્રત્યાખ્યાન. તેથી જ્ઞાની આગામી સમસ્ત કર્મોનું પ્રત્યાખ્યાન કરીને પોતાના ચૈતન્યસ્વરૂપમાં વર્તે છે.

અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું :- વ્યવહારચારિત્રમાં તો પ્રતિજ્ઞામાં જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન હોય છે. અહીં નિશ્ચયચારિત્રનું પ્રધાનપણે કથન હોવાથી શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે. તે સર્વ કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું-ત્રણે કાળનાં કર્મોનું-પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન કરીને જ્ઞાની સર્વ કર્મચેતનાથી જુદા પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માનાં જ્ઞાનશ્રદ્ધાન વડે અને તેમાં સ્થિર થવાના વિધાન વડે નિષ્પ્રમાદ દશાને પ્રાપ્ત થઈ, શ્રેણી ચડી, કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે. આ, જ્ઞાનીનું કાર્ય છે. ૨૨૮.

# શ્લોક-૨૨૮ ઉપર પ્રવચન

प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसम्मोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।२२८।।

નીચે શ્લોકાર્થ.

**'(પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-)...'** આહાહા..! પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની જાણે છે, કે એ કહે છે કે, એમ કહેવામાં આવે છે. કહે છે તો કાલ આવ્યું હતું. પ્રશસ્ત અને અપ્રશસ્ત વચન રચના ઘોર સંસાર છે. આહાહા..! કાલે બપોરે આવ્યું હતું. આકરું કામ છે. વચન જડ છે, વચન, કાયા અને મન ત્રણે જડ છે. પ્રભુ તો ચૈતન્ય છે. એ જડને કરે કેમ? ક્યાં એ નથી તે કરે? અને કરે એટલે શું? એ પર્યાય ને કામ વિનાની નકામી એ ચીજ છે? એ નકામી એટલે પર્યાય વિનાની ચીજ છે કે આ આત્મા એની પર્યાય કરે? આહાહા..!

દરેક વસ્તુ પોતાના પર્યાયના કામથી, કાર્યથી ઉભી છે. અનંતી ચીજો એક સમયમાં પોતાના કાર્યરૂપી કામ એટલે પર્યાય, પર્યાયરૂપી, કામરૂપી કર્તવ્યમાં ઉભી છે એમાં બીજો કરે શું? આહાહા..! એ તો કહ્યું હતું ને? ત્રીજી ગાથાનું. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. ત્રીજી ગાથા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી, એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. આત્મા કર્મને અડતો નથી, કર્મ આત્માને અડતા નથી. આહાહા..! અને તે પર્યાય ક્રમબદ્ધ થાય છે. આહાહા..! કેમકે એ વસ્તુ છે તે ક્રમસર પર્યાય ધારાવાહી જે થવાની તે થઈ. તારાથી ફેરવી ફરાય નહિ, બીજાથી થાય નહિ, તારાથી ફેરવી ફરાય નહિ. આહાહા..! આવો દરેક દ્રવ્યની પર્યાયનો સ્વભાવ છે. આહાહા..!

એ બીજાને અડે નહિ, એ બીજાનું કરે શી રીતે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને તે બીજું દ્રવ્ય તેની પર્યાય વિનાનું હોય નહિ તો એના કામ વિનાનું નકામું એ હોય નહિ. કામ એટલે પર્યાય. તે નકામું નથી કે તું એનું કામ-એની પર્યાય કર. આહાહા..! આખો દિ' આ કામ કરે ને? 'હસમુખભાઈ'! દુકાન ને ધંધાનું. આ પૈસા દીધા ને આ લીધા ને આ ચોપડાના નામ ને... આહા..! આ ડૉક્ટર ઇન્જેકશન-બિન્જેકશન લગાવે નહિ? 'પ્રવિણભાઈ' હોંશિયાર કહેવાય છે. ઇન્જેક્શન લ્યો, ફલાણું લ્યો. આરે... આરે...! આહાહા..!

અહીં તો કહે છે, હું કરીશ નહિ, મનથી તથા કાયાથી. **'પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે-) ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (-ત્યાગીને),...'** આહાહા..! સાદી અનંત કાળની દશાના રાગને છોડીને. આહાહા..! સમસ્ત કર્મને ભવિષ્યનું કીધું ને? ભવિષ્ય તો સાદી અનંત

છે. એનું કર્મ એટલે શુભાશુભભાવ એ સમસ્ત. કોઈ પણ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવને પણ હું કરીશ નહિ. આહાહા..! કેમકે એ પણ પર્યાયમાં જે જડમાં કર્મ બંધાય, તીર્થંકર પ્રકૃતિ ઇ જે ભાવે બંધાણી એ ભાવનો નાશ થયા પછી તો એ પ્રકૃતિનો ઉદય આવે. એમાં એણે કર્યું શું? આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાણું હતું તે ભાવનો નાશ થયે એ પ્રકૃતિનો ઉદય તેરમે ગુણસ્થાને આવે. આહાહા..! શી ગતિ? આવું બાંધ્યું માટે આમ થશે ને આમ થાય. તીર્થંકર પ્રકૃતિ બાંધી માટે આમ થશે. હું થાશે? સાંભળને! એનો ઉદય જ આવશે તેરમે (ગુણસ્થાને). એના પહેલાં આવશે નહિ ને થશે શું તારામાં? આહાહા..! આવી વાતું છે, બાપા! આહાહા..!

પ્રભુ! તું ચૈતન્યસ્વરૂપ છે ને! જુઓને! આમાં લખ્યું ને. સમસ્ત કર્મને પચખીને. કેમ? **'निरस्त-सम्मोहः निष्कर्मणि चैतन्य-आत्मनि आत्मनि आत्मना नित्यम् वर्ते।'** દેખો! હું તો ભવિષ્યના બધા વિકલ્પોને છોડીને. આહાહા..! એ બધા વ્યવહારના કથન છે. છોડીને છોડે શું? ક્યાં એમાં હતા તે છોડે? આહાહા..! વ્યવહારનયના એટલા કથનો છે, કે એને ન સમજાય તો ગોટા વળે એવું છે. આહાહા..! **'ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને એટલે (-ત્યાગીને),...'** આહાહા..! આજ પછીના ભવિષ્યમાં ધર્મી, ત્યાગી, ચારિત્રવંત અંતરમાં, પર્યાયમાં એમ જાણે છે (કે) ભવિષ્યનો કોઈ પણ રાગનો અંશ હું કરીશ નહિ. આહાહા..! પ્રભુ! ભવિષ્યનો સાદી અનંત કાળ છે ને? સાદી અનંત કાળ (છે) પણ હું તો એક સમયમાત્ર પણ રાગ કરીશ નહિ. આહાહા..! જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા. હવે આવું ચારિત્ર. આવું ન હોય તો કહે, આ તો આકરું છે, આ તો આકરું છે. બાપુ! આકરું નથી. જે તારી ચીજ છે એ આકરી કેમ હોય? તારી ચીજ જ છે, સત્તા છે, મોજૂદગી છે, હયાતી છે, સત્ છે, સત્તા છે. બીજાના અવલંબે રહેનારી નથી એવી સત્તાને માટે તું શું કરીશ? પ્રભુ! રહેવા દે. આહાહા..! એ ચૈતન્ય સત્તા કોઈની આશા રાખતું નથી. એ પરને ગ્રહવું ને છોડવું એ બધું વ્યવહાર કહેવામાં આવે છે. રાગને, હોં! પરને છોડવું એ તો આત્મામાં ગુણ જ નથી. પરમાણુને બાયડી, છોકરા, પૈસાને છોડવા, એ ગ્રહ્યા નથી ને છોડવા નથી. બહુ તો વ્યવહારે રાગને છોડવો એમ કહેવામાં આવે. આહાહા..!

પ્રભુ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદનો સાગર મહા દરિયો, એને રાગને છોડીશ કહે છે કે પચખી **'ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને એટલે ત્યાગીને...'** **'निरस्त-सम्मोहः'** **'જેનો મોહ નષ્ટ થયો છે...'** ભવિષ્યનો થાય એ મોહ જ નાશ થયો છે, કહે છે. વર્તમાનમાં એ મોહ જ નાશ થયો છે. ભવિષ્યમાં કંઈ પણ રાગ થાય (તોપણ) એ એનો મોહ જ નાશ થયો છે. આહાહા..! **'એવો હું...'** **'જેનો મોહ નષ્ટ થયો છે એવો હું...'** મોહ નષ્ટ થયો છે એવી ખબર પડી ગઈ છદ્મસ્થને? ભગવાનને પૂછ્યા વિના? આહાહા..!

એક પેલી બાઈ છે ને? 'જ્ઞાનમતિ'. બહુ વખાણ કર્યા છે. એ બોલે છે એવું કે, આપણે

ભવિ છીએ કે અભવિ એ તો ભગવાન જાણે. અર..૨૨..! પ્રભુ પ્રભુ! એના વ્યાખ્યાનો સાંભળવા. ભવિ છે કે અભવિ હજી એ નક્કી (નથી થતું). છાપામાં આવ્યું હતું. બીજું લબ્ધિ, કાળલબ્ધિ. ભવિ કે અભવિને કાળલબ્ધિ પાકી છે કે નહિ એ તો ભગવાન જાણે. આહાહા..! અરે..રે..! કોઈ પૂછનાર (ન મળે). વાણિયા થઈને પણ કોઈને કાંઈ ખબર (છે) કે આ આમાં કેટલી વિપરીતતા ભરી છે. આહા..! એના વચનો સાંભળવાને લાયક નથી. આહા..! પોતાની હજી ખાત્રી થઈ નથી કે, હું ભવ્ય અને સમકિતી છું. આહાહા..! એના વચનોને આવા સાંભળવા... આહાહા..! અભવિ છું કે નહિ એ ખબર નથી. અર..૨૨..! છાપામાં આવ્યું છે.

મુમુક્ષુ :– અભવ્યને તો સમ્યગ્દર્શન જ ન થાય.

ઉત્તર :– આ તો ભવિ છું કે અભવિ એની ખાત્રી નથી તેનો અર્થ અભવિ જેવો જ (છે). એનો વિશ્વાસ શું? આહાહા..! એના પોતા માટે તો ખાત્રી કાંઈ નથી કે, હું આવો છું.

અહીં તો કહે (છે), ત્રણલોકનો નાથ, આનંદનો સાગર, અનંત ગુણનો ભંડાર.... આહાહા..! તે મોહને છોડે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ દ્રવ્ય સ્વભાવ તો મોહને અડ્યો પણ નથી. આહા..! પર્યાયમાં છે એને છોડ્યો એમ વ્યવહારે કહેવાય છે. આહાહા..! કારણ કે, પર્યાયમાત્ર વ્યવહાર છે, દ્રવ્યમાત્ર નિશ્ચય છે. દ્રવ્ય નિશ્ચય છે, પર્યાય વ્યવહાર છે. 'પંચાધ્યાયી' માં લખાણ છે. 'પંચાધ્યાયી' માં. પર્યાય ને વ્યવહાર. દરેક પર્યાય. કોઈ પણ સિદ્ધ પર્યાય પણ વ્યવહાર છે. એક જીવમાં સંસાર ને સિદ્ધ બે ભાગ પાડવા એ પર્યાય વ્યવહાર છે. આહાહા..!

અહીં કહે છે **'એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...'** આહાહા..! હવે અહીં રાડે રાડ પાડે. અંતરાય કર્મ અમારે ઉદય આવે (તો) અમારે ભાઈ! આમ થાય. દર્શનમોહનો ઉદય આવે, ચારિત્રમોહનો ઉદય આવે. અરે..! ભાઈ! પોકાર પહેલો કર (કે) મારામાં છે જ નહિ, એ કરને. આહાહા..! અહીં તો (કહે છે), એ કર્મોથી રહિત. આહાહા..! **'ચૈતન્યસ્વરૂપ આત્મા...'** હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા, જાણનાર-દેખનાર તે આત્મા (છું). આહાહા..! ગજબ વાત છે, ભાઈ! વીતરાગની દિગંબર સંતોની વાણી, કેવળીની વાણી છે. દિગંબર સંતોની વાણી ક્યાંય છે નહિ. કોઈ સ્થાનમાં, કોઈ ઠેકાણે ક્યાંય નથી. આહા..! ખોટું લાગે, બિચારાને દુઃખ લાગે. પણ આ શૈલી અને આ રીત શ્વેતાંબરમાં સ્થાનકવાસીમાં નથી તો અન્યમતિમાં તો હોય શેની? આહાહા..! અલૌકિક વાત છે.

**'જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...'** આહાહા..! **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** પછી આત્માની વ્યાખ્યા કરી. પહેલા શ્લોકમાં એ આવ્યું, ચૈતન્ય સ્વરૂપ આત્મા–એ તો જાણક-દેખનાર પ્રભુ છે. આહાહા..! ઇ તો ચૈતન્યસ્વરૂપ આત્મા છે. આહાહા..! ચૈતન્યસ્વરૂપ સૂર્ય, ચૈતન્યસૂર્ય, દીવડો આત્મા છે. આહા..! એવા **'ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ...'** એવા આત્મામાં, આત્માથી એટલે રાગથી નહિ, પુણ્યથી નહિ,

વ્યવહારથી નહિ. મારા સ્વભાવથી જ **'(-પોતાથી જ-) નિરંતર વર્તું છું.'** આહાહા..! આ ચારિત્ર. અહીં તો હજી સાંભળવાની ગંધ પણ ન મળે, ત્યાં ચારિત્ર ક્યાંથી આવી ગયું? આહાહા..! માણસને દુઃખ લાગે. ચારિત્ર કહેવડાવતા હોય. પ્રભુ! દુઃખ લાગે પણ આ ઊંધી માન્યતામાં દુઃખ બાપા! તને આકરું પડશે, ભાઈ! તું પ્રભુ છો. તું પણ પ્રભુ છો, પ્રભુ થા. તને દુઃખ થાય એ કોઈની ભાવના હોય નહિ. તને તારી શ્રદ્ધા ખોટી છે એમ કરીને તને દુઃખ થાય એવી ભાવના હોય નહિ. આહાહા..! દુઃખ ટાળી શક અને આનંદ સ્વરૂપ તું છો. આહાહા..!

એ તો 'દ્રવ્ય સંગ્રહ'માં આવ્યું છે, 'દ્રવ્ય સંગ્રહ'માં. જ્યાં અવાયવિજય(નો બોલ) આવ્યો છે ત્યાં (લખ્યું છે), હું અલ્પકાળમાં આઠે કર્મથી રહિત થવાનો છું, થવાનો છું. બધા આત્માઓ ભગવાન આઠ કર્મથી રહિત થાવ. આહાહા..! ધર્મી આમ વિચાર કરે છે. આહાહા..! કોઈ દુઃખી થાવ ને કોઈ વિરોધ કરનારાઓ તમને વિરુદ્ધના ફળ મળે એ નહિ, નહિ, નહિ. પ્રભુ! તમે સુખી થાવ. તમે અંદરમાં સુખનો આનંદનો કંદ ભર્યો છે. આહા..! 'દ્રવ્ય સંગ્રહ' માં લખાણ છે, 'દ્રવ્ય સંગ્રહ' છે ને? 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'. આહાહા..! અવાયવિજય, વિપાકવિજય, અવાયવિજય, સંસ્થાનવિજય છે ને? એ છે ને? અવાયવિજયમાં આવું લખાણ ટીકા છે. બધા જીવો ભગવાન કર્મ રહિત થઈ જાવ. આહાહા..!

**'(સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ-) નિરંતર વર્તું છું.'** આહાહા..! ભગવાનને પૂછવા જાવું પડે, કે હું ચારિત્રવંત છું? આહાહા..! ચારિત્રવંત પણ પોતે પોતાના આત્માને આ રીતે અનુભવે છે કે, હું ચારિત્રવંત છું. આહા..! એ કળશ પૂરો થયો ને? પછી એક કળશ છે એ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૩૪ શ્લોક–૨૨૮ થી ૨૩૦ મંગળવાર, અષાઢ સુદ ૩, તા. ૧૫-૦૭-૧૯૮૦

---

'સમયસાર' ૨૨૮ કળશનો ભાવાર્થ છે. કળશ ચાલી ગયો. અહીં ગુજરાતીમાં ૫૬૬ પાનું છે. **'નિશ્ચયચારિત્રમાં...'** નિશ્ચયચારિત્ર એટલે આત્મા જે અનંત ગુણ પિંડ સ્વરૂપ છે તેમાં સ્થિર થવું, તેનો અનુભવ કરીને સ્થિર થવું એનું નામ નિશ્ચયચારિત્ર છે. આહા..! અને એ મોક્ષનું કારણ છે. **'નિશ્ચયચારિત્રમાં પ્રત્યાખ્યાનનું વિધાન એવું છે...'** પ્રત્યાખ્યાન એટલે પચખાણ. એની રીત, વિધાન, વિધિ એવી છે **'કે-સમસ્ત આગામી કર્મોથી રહિત,...'** આહાહા..! બધા કર્મોથી. એકલો ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ. ચારિત્ર અધિકાર છે ને? દર્શન-જ્ઞાન અધિકાર પહેલાં આવી ગયા. આ તો પૂર્ણ છેલ્લો અધિકાર છે. એટલે (કહે છે), આગામી કર્મનો. જેટલું સમસ્ત આગામી કર્મ. ભવિષ્યમાં સાદી અનંત કાળમાં કદી રાગ કે વિકલ્પ કરવો નથી એવું વર્તમાનમાં આલોચનામાં જે આવ્યું છે કે, રાગ કરવો નથી, એ જ ભૂતકાળનું પ્રતિક્રમણ, વર્તમાનનો સંવર–આલોચના અને ભવિષ્ય(માં) હવે કરવું

નથી એ પ્રત્યાખ્યાન. છેલ્લા અધિકાર ઝીણા છે.

**'સમસ્ત આગામી કર્મોથી રહિત,...'** વિકલ્પ માત્રથી રહિત. પંચ પરમેષ્ઠીની ભક્તિ કે એનું સ્મરણ એ પણ રાગ છે, નિશ્ચયથી તે પણ અધર્મ છે. અહીં તો નિશ્ચય ધર્મની વાત છે. નિશ્ચય એટલે સત્ય. પરમ સત્ય ચારિત્ર એટલે આત્મ સ્વરૂપ આનંદકંદ પ્રભુ એમાં લપેટાઈ જવું, એમાં એકાકાર થવું. એને ઓળખી, ભાન કરી, પ્રતીત કરી ને પછી ઠરી જવું એનું નામ નિશ્ચયચારિત્ર અને મોક્ષનું કારણ છે. આહાહા..! **'આગામી કર્મોથી રહિત, ચૈતન્યની પ્રવૃત્તિરૂપ...'** આમાંથી નિવૃત્તિ પણ અંદર સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેની પ્રવૃત્તિરૂપ શુદ્ધોપયોગ. દયા, દાન, આદિના જે વિકલ્પ છે એ બધા તો શુભરાગ છે, એ તો બંધનના કારણ છે. એ કોઈ વ્રત કે તપ નથી. આહાહા..!

ચૈતન્યની પ્રવૃત્તિ, આત્માની પ્રવૃત્તિ શુદ્ધોપયોગ છે. આત્માની પ્રવૃત્તિ શુભ-અશુભ રાગ નથી. આહાહા..! કેમકે ભગવાનઆત્માના સ્વરૂપમાં રાગની ગંધ ને અંશ નથી. એ તો પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ પવિત્ર પિંડ પ્રભુ (છે). એને **'ચૈતન્યની પ્રવૃત્તિરૂપ....'** રાગની નિવૃત્તિરૂપ, ભવિષ્યના પૂર્ણ રાગની નિવૃત્તિરૂપ અને વર્તમાનમાં ચૈતન્યની પ્રવૃત્તિરૂપ શુદ્ધોપયોગ, આ શુદ્ધોપયોગ. આહાહા..! હવે અત્યારે કહે છે, શુભઉપયોગ જ હોય. તો એનો અર્થ થયો, ચારિત્ર પણ નથી ને સમકિત પણ નથી. આહાહા..! છાપામાં આવે છે. 'શ્રુતસાગર' છે ને? 'શાંતિસાગર'ના કેડાયતમાં. એને ગાદી મળી 'ધર્મસાગર' ને અત્યારે, પણ એની સાથના હતા, 'શ્રુતસાગર' મારું વાંચેલું છે. ઇ કહે છે કે, અત્યારે તો શુભજોગ જ હોય, અધર્મ જ હોય, એમ. શુભજોગ એટલે અધર્મ. આહાહા..! ધર્મ એટલે શુદ્ધોપયોગ. આહાહા..! આકરું કામ છે. એને પહેલું જાણવું તો જોશે ને, કે શું ચીજ છે? કઈ રીતે થાય નિશ્ચય? ને કઈ રીતે વ્યવહાર કહેવાય? એનું એને જ્ઞાન નહિ હોય તો વ્યવહારને નિશ્ચય ઠરાવી બેસશે, રખડી મરશે. આહા..!

**'ચૈતન્યની પ્રવૃત્તિરૂપ...'** ચૈતન્યની પ્રવૃત્તિ તો એનું નામ કહેવાય... આહા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ચૈતન્યની પ્રવૃત્તિ નહિ, એ તો રાગની અચૈતન્યની પ્રવૃત્તિ છે. આહાહા..! **'ચૈતન્યની પ્રવૃત્તિરૂપ...'** પોતાના શુદ્ધોપયોગમાં વર્તવું તે પ્રત્યાખ્યાન. આહાહા..! આવી તો વાત સંપ્રદાયમાં સાંભળી નહોતી કોઈ દિ'. 'હિરાજી મહારાજ' જેવા બિચારા કેવા હતા? બધી ક્રિયાકાંડ બહારની, વ્યવહાર, તે (પણ) સાધારણ ક્રિયા.

આ ચૈતન્ય વસ્તુ જ વિકલ્પમાત્રથી ભિન્ન જુદો છે અને અનંત... અનંત... અનંત... ગુણના ચૈતન્ય પ્રવૃત્તિથી ભરેલો છે. આહા...હા..! એવી ચૈતન્ય જે અનંત ગુણની પ્રવૃત્તિ, એ પ્રવૃત્તિ અંતરમાં પર્યાયમાં એ ચારિત્ર, એ શુદ્ધોપયોગ. આહાહા..! કહો, ચારિત્રની વ્યાખ્યા તો આવી છે. આનું નામ શુદ્ધોપયોગ. દયા, દાન, વ્રતના પરિણામ એ બધા તો શુભરાગ, એ તો અજીવભાવ છે. આહાહા..! અધર્મભાવ છે. આહાહા..! ચૈતન્ય ભગવાન અંદર પૂર્ણ

જ્ઞાન અને આનંદથી ભરેલો (છે). એવા તો અનંતા અનંતા ગુણોથી ભરેલો અરૂપી છે ભલે પણ વસ્તુ છે, સત્તા છે, અસ્તિત્વ છે, અનંત ગુણની એમાં મોજૂદગી છે, એવા અનંત ગુણનો ધણી ચૈતન્ય તેમાં પ્રવૃત્તિ (થવી) એનું નામ શુદ્ધોપયોગ છે, એનું નામ ધર્મ છે. આહાહા..!

**'શુદ્ધોપયોગમાં વર્તવું તે પ્રત્યાખ્યાન...'** છે. આનું નામ પચખાણ છે. આહા..! **'તેથી જ્ઞાની...'** ધર્મી જીવે, પોતાના સ્વરૂપનું જેણે અંતર્મુખ થઈને ભાન કર્યું છે એવા જે જ્ઞાની એટલે કે ધર્મી. વળી કોઈ કહે કે, જ્ઞાન હોય તો જ્ઞાની, ધર્મી. એ અહીં વાત નથી. અહીં તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે એનું જ્ઞાન (થયું) તેને અહીં જ્ઞાની કહેવાય. એ **'જ્ઞાની આત્મા આગામી સમસ્ત કર્મોનું પ્રત્યાખ્યાન કરીને પોતાના ચૈતન્યસ્વરૂપમાં વર્તે છે.'** આહાહા..! પોતાનો ભગવાનઆત્મા અનંત ગુણનું નિધાન, એ પ્રત્યાખ્યાન કરીને તેમાં પ્રવર્તે છે, એનું નામ પચખાણ છે. આહાહા..! અહીં તો બહારનું આ કરીને બેસે, આ પચખાણ કર્યા, ફલાણું કર્યું ને થઈ રહ્યું જાવ. 'નૌતમભાઈ'! આવું સાંભળ્યું છે કોઈ દિ'? આ પ્રત્યાખ્યાન (કહેવાય). બિલકુલ વિકલ્પમાત્રથી નિવૃત્તિ અને ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મામાં પ્રવૃત્તિ. આહાહા..! આમ રાગાદિથી નાસ્તિ અને સ્વભાવથી ભરેલો ભગવાન એની અસ્તિ, એ સ્વભાવમાં પ્રવૃત્તિ (થવી) તેને પ્રત્યાખ્યાન ને શુદ્ધોપયોગ કહે છે. આહાહા..! આકરી વાત છે. વીતરાગ માર્ગ ઝીણો બહુ, બાપુ! એને લોકોએ સાધારણ અન્યમતિ જેવો કરી નાખ્યો છે. વીતરાગ માર્ગ ક્યાંય છે નહિ. આહા..! દિગંબર સિવાય ક્યાંય છે નહિ. એ..ઇ..! દિગંબર ધર્મ સિવાય ક્યાંય આ વાત નથી, બધે ખોટી ને કલ્પનાની વાતું છે. આહાહા..! વસ્તુ સ્થિતિ આ છે. કોઈને દુઃખ લાગે એ નથી. બાપુ! તમારી શ્રદ્ધા વિપરીત હોય તો છૂટતા તમને સુખ થશે, દુઃખ ટળશે, શાંતિ મળશે, સત્યનું શરણ મળશે. દુઃખ ન લગાડો કે, અમારા સંપ્રદાયને આમ કહે છે. પ્રભુ! એમ ન હોય. સંપ્રદાય અહીં સંપ્રદાય છે જ નહિ. આત્મા વસ્તુ જે છે એમ કીધું ને? **'ચૈતન્યની પ્રવૃત્તિરૂપ (પોતાના) શુદ્ધોપયોગમાં વર્તવું...'** આહાહા..! આમાં કાંઈ કોઈ બીજી બહારની વાત આવી નહિ.

મુમુક્ષુ :- ધર્મના કામમાં બહારની વાત કેવી?

ઉત્તર :- ધર્મ છે જ નહિ અંદર એને. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ એવો આત્મા,... આહાહા..! એને પર પદાર્થમાંથી સુખબુદ્ધિ ઊડી જવી. આત્મા સિવાય શુભરાગથી માંડીને ચક્રવર્તી ને ઇન્દ્રના ઇન્દ્રાસનોમાંથી પણ સુખબુદ્ધિ ઊડી જવી અને આત્મામાં સુખ છે એમ થવું ત્યારે તો સમકિત થાય છે. આહાહા..! ક્યાંય સુખ નથી, પૈસામાં સુખ નથી, અનુકૂળતામાં, સ્ત્રી આદિમાં કે ક્યાંય સુખ નથી. આહાહા..! બહારની આબરૂ મોટી જામી જાય ને પાંચ, પચાસ લાખ રૂપિયાની પેદાશ થતી હોય (તો માને કે) અમે સુખી છીએ. એક જણો કહેતો હતો. 'નાનાલાલભાઈ' નો સગો 'વઢવાણવાળો'

કેવો વેવાય? 'ચુડગર'. અમારા વેવાય સુખી છે, એમ અહીં ઘણા વર્ષ પહેલાં કહેતા. એ બીજો 'ચુડગર' હોં! 'પોપટ ચુડગર' નહિ, બીજા 'ચુડગર'. 'મણીભાઈ'? 'મણિભાઈ ચુડગર'. કીધું, સુખી કહેવા કોને? અમારા વેવાય સુખી (છે). સુખી કહેવા કોને? સુખીની વ્યાખ્યા શું? આહાહા..! એમ ને એમ માની લેવું, બાપુ! એ વાત છે કાંઈ? આ તો વીતરાગનો માર્ગ છે. પરમેશ્વર સર્વજ્ઞ બિરાજે છે, વીસ તીર્થંકરોની હયાતી છે, લાખો કેવળીઓ, લાખો કેવળીઓની હયાતી છે. આહાહા..! અરે..! આ ગરીબ દેશમાં આ ભરતક્ષેત્ર એક ગરીબ દેશ, જ્યાં તીર્થંકરોનો વિરહ, કેવળીઓનો વિરહ, સંતોના વિરહ (છે) છતાં માર્ગ તો આ છે. આહાહા..!

**'ચૈતન્યની પ્રવૃત્તિરૂપ (પોતાના) શુદ્ધોપયોગમાં વર્તવું તે પ્રત્યાખ્યાન. તેથી જ્ઞાની આગામી સમસ્ત કર્મોનું....'** ભવિષ્યના સમસ્ત ભાવનું, પુણ્ય અને પાપ બેય ભાવનું **'પ્રત્યાખ્યાન કરીને પોતાના ચૈતન્યસ્વરૂપમાં વર્તે છે.'** આહાહા..! આને પ્રત્યાખ્યાન કહે છે. નાનામાં નાનું પ્રત્યાખ્યાન પાંચમા ગુણસ્થાને (હોય) એને પણ ચૈતન્યના સ્વરૂપમાં અંદર એ પ્રવૃત્તિ છે એને પ્રત્યાખ્યાન કહે છે. ભલે એ ગુણસ્થાનમાં રૌદ્રધ્યાન પણ હોય. ગુણસ્થાન હેઠલું છે ને એટલે રૌદ્રધ્યાન પણ હોય છતાં એ બંધનું કારણ–દશા જાણે છે. કે આ રૌદ્રધ્યાન પાંચમા સુધી રૌદ્રધ્યાન હોય. પછી છઠ્ઠે મુનિને આર્તધ્યાન હોય, રૌદ્રધ્યાન ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? છતાં એ રૌદ્રધ્યાન હોવા છતાં પાંચમા ગુણસ્થાને અંશે ચારિત્ર હોય છે. આહાહા..! આત્માનું જ્ઞાન કર્યું છે ને જ્ઞાનમાં અંશે ઠર્યો છે એટલું તો ચારિત્ર રૌદ્રધ્યાનના ટાઈમમાં પણ હોય છે. રૌદ્રધ્યાનની હયાતી વખતે પણ હોય છે. આહાહા..! માર્ગ બહુ આકરો, ભાઈ! લોકોએ કાંઈકનું કાંઈક કરી નાખ્યું એટલે આ જાણે કે એકાંત હોય એમ કરી નાખ્યું. 'સોનગઢ'વાળાએ એકાંત કરી નાખ્યું, એકાંત કરી નાખ્યું. વ્યવહાર ને નિમિત્તને એનાથી થાય જ નહિ. ન થાય એમ હોય? વ્યવહાર, વ્યવહારનું બંધનું કામ કરે. નિમિત્ત, નિમિત્તનું–એની પર્યાયનું કામ કરે. પરમાં એને ક્યાં પર (સાથે) સંબંધ છે? આહાહા..!

**'અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું :–'** બીજો પેરેગ્રાફ **'અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું :– વ્યવહારચારિત્રમાં તો પ્રતિજ્ઞામાં જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ,...'** શુભભાવ. વ્યવહારચારિત્રમાં જે દોષ લાગે એનું પ્રતિક્રમણ કરવું એ તો શુભભાવ, રાગ (છે). **'આલોચના તથા પ્રત્યાખ્યાન હોય છે.'** એ ત્રણે રાગ હોય છે. વ્યવહાર ચારિત્રમાં પ્રતિજ્ઞામાં–જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ, તેનું આલોચના એટલે જોવું, તેનું પ્રત્યાખ્યાન એટલે એને છોડવું એ વ્યવહારની વાત અહીંયાં નથી. અહીં તો નિશ્ચય ચારિત્રનું પ્રધાનપણે કથન છે. આહાહા..! નિશ્ચય એટલે કે યથાર્થ. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું તેનું નામ નિશ્ચય. જેવું સ્વરૂપ છે તેનાથી વિરુદ્ધ એનું નામ વ્યવહાર. છે ખરો વ્યવહાર પણ બંધનું કારણ (છે), આદરવા લાયક નથી. આહાહા..! આ વસ્તુ છે. ત્રણેયને વ્યવહાર ચારિત્રમાં, પ્રતિજ્ઞામાં જે દોષ લાગે તેનું પ્રતિક્રમણ આલોચના

અને પ્રત્યાખ્યાન હોય એ શુભરાગ છે.

**'નિશ્ચયચારિત્રનું પ્રધાનપણે...'** નિશ્ચય ચારિત્રનું મુખ્યપણે. આહા..! **'કથન હોવાથી શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો...'** આહાહા..! શુદ્ધોપયોગ, જેમાં કોઈ દયા, દાન ને ભક્તિનો વિકલ્પ પણ નહિ, પંચ પરમેષ્ઠીના સ્મરણનો વિકલ્પ રાગ પણ નહિ... આહાહા..! એવો જે શુદ્ધોપયોગ. નિશ્ચયનયના કથનમાં **'શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો...'** આહાહા..! ચાહે તો એ દયા, દાનનો ભાવ હોય કે ભક્તિનો ભાવ હોય. સર્વ કર્મો આત્માના દોષ સ્વરૂપ છે. વ્યવહારે દોષ સ્વરૂપ છે એમ કહે છે. આહાહા..! ક્યાં કેટલાકને તો દરકાર પણ (નથી), પડી છે ક્યાં? એમ ને એમ જિંદગી પૂરી થઈ જાય ને ચાલ્યા જાય. આહા..! અને ક્યાંય ઢોરમાં અવતાર લે. આહાહા..! 'હરિલાલ' ગયા લાગે છે. ન્યાં શાંતિકર્મ કરે છે. આ પેલું થયું ને 'મોરબી'માં? એનો શાંતિ... શું શાંતિ? થઈ ગયું એને શું કરવું? કર્યું હશે એ લોકોએ સામાવાળાએ એટલે આ લોકો કરે છે. આહાહા..! બધી ભ્રમણા છે. આહાહા..! પાણી આવ્યું ને બૂડ્યું હવે એને શું કરવું? એ કાળે એ થવાનું તે બરાબર થયું છે. એમાં હવે એને માટે કરવું શું? એ ખોટું થયું છે માટે એમ કહેવું?

મુમુક્ષુ :– કુદરતમાં શું ખોટું થાય?

ઉત્તર :– એ ખોટું છે જ નહિ. તે સમયે તે થવાનું હતું તે થયું છે. આહાહા..! ક્રમબદ્ધમાં તે દ્રવ્યની પર્યાય તે પ્રકારે, તે કાળે, તે ક્ષેત્રે, તે રીતે, તે પ્રકારે થવાની હતી (તે) થઈ, હવે એનું શું કરવું? આહાહા..! એમ કે, કાંઈક શાંતિકર્મ કરો. શાંતિકર્મ એટલે શું? આહાહા..!

અહીં નિશ્ચયચારિત્રમાં મુખ્યપણે **'શુદ્ધોપયોગથી વિપરીત...'** આત્મામાં રાગરહિત શુદ્ધ ઉપયોગ જે છે, રાગ છે તે અશુદ્ધ છે, ચાહે તો શુભરાગ હો, અશુભરાગ તો પાપ જ છે. પણ શુભરાગ એ પોતે નિશ્ચયથી તો પાપ જ છે, અધર્મ જ છે. શુભ ને અશુભરાગ બન્ને અધર્મ છે, ધર્મ નહિ. આહાહા..! એ **'શુદ્ધોપયોગથી વિપરીત સર્વ કર્મો આત્માના દોષસ્વરૂપ છે.'** આહાહા..! હવે આ બધું કરે, કરતાં હોય એ બધું દોષસ્વરૂપ છે. આત્માના અંતરના નિર્મળતાની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર સિવાય બધું દોષ સ્વરૂપ છે. આહાહા..!

આત્માનો શુદ્ધોપયોગ... ભગવાનઆત્મા શુદ્ધોપયોગ સ્વરૂપ જ છે, શુદ્ધ જ છે. એનો ઉપયોગ વર્તમાન પર્યાયમાં કરવો. શુદ્ધ છે એ ધ્રુવ છે, એનો ઉપયોગ–પર્યાયમાં શુદ્ધોપયોગ કરવો. એ સિવાય જેટલું છે એ બધું દોષસ્વરૂપ છે, અધર્મસ્વરૂપ છે. આહાહા..! છે ને? **'દોષસ્વરૂપ છે. તે સર્વ કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું...'** આહાહા..! તે સર્વ કર્મચેતના છે. કર્મચેતના છે, એ જ્ઞાનચેતના નહિ. દયા, દાન, ભક્તિ, વ્રત, પંચ પરમેષ્ઠી સ્મરણ... આહાહા..! એ બધો રાગ છે અને રાગરૂપી કાર્યનું ચેતવું, ચેતન ત્યાં ચેતાયને રોકાય જવું. આહાહા..! એ તો કર્મચેતના છે, એ ધર્મચેતના નથી. આહાહા..!

**'તે સર્વ કર્મચેતનાસ્વરૂપ પરિણામોનું-ત્રણે કાળનાં કર્મોનું...'** ત્રણે કાળના શુભ-

અશુભભાવોનું **'પ્રતિક્રમણ, આલોચના તથા પ્રત્યાખ્યાન કરીને જ્ઞાની સર્વ કર્મચેતનાથી જુદા...'** આહાહા..! ધર્મી જીવ એ કર્મચેતના એટલે રાગ. ચાહે તો તીર્થંકર ગોત્ર બંધાય એ રાગ, એ રાગ પણ કર્મચેતના છે. આહાહા..! ભારે માર્ગ. એ પણ દોષસ્વરૂપ છે. આહાહા..! કર્મચેતનામાત્ર દોષસ્વરૂપ છે. એનાથી જુદા **'પોતાના શુદ્ધોપયોગરૂપ...'** જુઓ! પેલા દોષને પોતાના ન કહ્યા. આહાહા..! એ આત્માના દોષ સ્વરૂપ છે એમ કીધું. આત્માના દોષ સ્વરૂપ છે, આત્માના સ્વરૂપ નથી. અને આ તો **'પોતાના શુદ્ધોપયોગરૂપ...'** આહાહા..!

કર્મચેતનાથી જુદા. રાગમાં એકાગ્ર થવું એનાથી જુદી ચીજ. એ ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મામાં એકાગ્ર થવું એવા **'પોતાના શુદ્ધોપયોગરૂપ આત્માના જ્ઞાનશ્રદ્ધાન વડે...'** આત્માનું જ્ઞાન, આત્માનું સમકિત ને આત્માની સ્થિરતા. આહાહા..! ભગવાનઆત્માનું જ્ઞાન એની શ્રદ્ધા **'અને તેમાં સ્થિર થવાના વિધાન વડે...'** નિશ્ચયની વાત. **'નિષ્પ્રમાદ દશાને પ્રાપ્ત થઈ,...'** એવા શુદ્ધોપયોગમાં આવી. આહાહા..! **'નિષ્પ્રમાદ દશાને પ્રાપ્ત થઈ, શ્રેણી ચડી,...'** શુદ્ધતાની ધારા વધારી. આહાહા..! શ્રેણી એટલે શુદ્ધતાની ધારા વધારી. આહાહા..! શુદ્ધોપયોગની ધારા વધારી, **'કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે.'** એ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાની સન્મુખ થાય છે.

**'આ, જ્ઞાનીનું કાર્ય છે.'** આહાહા..! હવે આવું સંપ્રદાયમાં સાંભળ્યું ન હોય. આ શું છે? આ તો નવું છે, આ તો કાંઈક બીજું હશે. બાપુ! જૈનધર્મ એવો જ છે, જૈનધર્મ. આહાહા..! લાખોમાં કો'કને સમકિત થાય ને કરોડોમાં કો'કને ચારિત્ર થાય. અત્યારે આ કાળ એવો છે. આહાહા..! એવી દશા. ચૈતન્ય સ્વરૂપ ભગવાન અંદર (છે). આ તો બધું માટી-ધૂળ (છે). એ તો ઠીક અંદર પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ (થાય) એ અધર્મસ્વરૂપ (છે). બેય દોષસ્વરૂપ છે એટલે અધર્મસ્વરૂપ છે. આહાહા..! એનાથી રહિત નિષ્પ્રમાદ થઈને શુદ્ધતાની ધારા વધારીને **'કેવળજ્ઞાન ઉપજાવવાની સન્મુખ થાય છે. આ જ્ઞાનીનું કાર્ય છે.'** લ્યો! આહાહા..! ધર્મીનું કાર્ય આ છે.

**'આ રીતે પ્રત્યાખ્યાનકલ્પ સમાપ્ત થયો.'** ત્રણે સમાપ્ત થઈ ગયા. પ્રતિક્રમણ, આલોચના અને પ્રત્યાખ્યાન ત્રણે પૂરા થઈ ગયા.

## શ્લોક-૨૨૯

(उपजाति)

समस्तमित्येवमपास्य कर्म
त्रैकालिकं शुद्धनयावलम्बी।
विलीनमोहो रहितं विकारै-
श्चिन्मात्रमात्मानमथावलम्बे।।२२९।।

આ રીતે પ્રત્યાખ્યાનકલ્પ સમાપ્ત થયો.

હવે સકળ કર્મના સન્યાસની ભાવનાને નચાવવા વિષેનું કથન પૂર્ણ કરતાં, કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (શુદ્ધનયનું આલંબન કરનાર કહે છે કે-) [ इति एवम् ] પૂર્વોક્ત રીતે [ त्रैकालिकं समस्तम् कर्म ] ત્રણે કાળનાં સમસ્ત કર્મોને [ अपास्य ] દૂર કરીને-છોડીને, [ शुद्धनयअवलम्बी ] શુદ્ધનયાવલંબી (અર્થાત્ શુદ્ધનયને અવલંબનાર) અને [ विलीन-मोहः ] વિલીનમોહ (અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે) એવો હું [ अथ ] હવે [ विकारैः रहितं चिन्मात्रम् आत્मानम् ] (સર્વ) વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને [ अवलम्बे ] અવલંબું છું. ૨૨૯.

## શ્લોક-૨૨૯ ઉપર પ્રવચન

'**હવે સકળ કર્મના સન્યાસની ભાવનાને...**' શુભાશુભ ભાવના સન્યાસ એટલે ત્યાગ. કર્મ એટલે શુભાશુભભાવ. સકળ શુભાશુભભાવના સન્યાસ નામ ત્યાગની. એનું નામ અંદર ત્યાગ (છે). બહારનો ત્યાગ એ કોઈ ત્યાગ નથી. આહાહા..! સકળ પુણ્ય-પાપના ત્યાગની ભાવનાને નચાવવા વિશેનું કથન–પરિણમવા વિશેનું '**કથન પૂર્ણ કરતાં, કળશરૂપ કાવ્ય કહે છે :–**' ૨૨૯.

समस्तमित्येवमपास्य कर्म
त्रैकालिकं शुद्धनयावलम्बी।

विलीनमोहो रहितं विकारै-
श्चिन्मात्रमात्मानमथावलम्बे ।।२२९ ।।

**શ્લોકાર્થ :–** **'(શુદ્ધનયનું આલંબન કરનાર કહે છે કે-)...'** ભાષા તો શું કહેવાય? કહે છે, કહે છે... વળી એક તો શુદ્ધનયનું આલંબન લેનાર કહે છે. કથનની શૈલી શું (કરે)? આહાહા..! આલંબન શુદ્ધનયનું છે પણ વાણી દ્વારા કહે છે. આહાહા..! કે, **'પૂર્વોક્ત રીતે...'** **'त्रैकालिकं समस्तम् कर्म'** **'ત્રણે કાળનાં સમસ્ત કર્મોને...'** આહાહા..! હું તો એકલો ચૈતન્ય સ્વરૂપ જ છું, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ વર્તમાન એકલો છું, ત્રણે કાળના બીજા કાર્યથી મારી જાત જુદી છે. આહાહા..! હું અત્યારે જ એવો છું, ભવિષ્યમાં પણ એમ રહીશ, ભૂતકાળમાં પણ એમ જ હતો, વર્તમાનમાં પણ એમ છે, ભવિષ્યમાં પણ એવો જ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ આત્મા છે. આહાહા..! **'त्रैकालिकं समस्तम् कर्म अपास्य'** **'अपास्य'** એટલે છોડીને. આહાહા..!

**'शुद्धनय अवलम्बी'** **'શુદ્ધનયાવલંબી (અર્થાત્ શુદ્ધનયને અવલંબનાર)...'** આહાહા..! શુદ્ધનય તો જ્ઞાનનો અંશ છે પણ જ્ઞાનના અંશનો વિષય જે ત્રિકાળ છે તેને અવલંબીને, એમ. શુદ્ધનયને અવલંબીને એટલે એકલી જ્ઞાન, જ્ઞાન. શુદ્ધનય તો જ્ઞાનનો અંશ છે એને અવલંબીને એટલે એનો વિષય આત્મા ત્રિકાળ છે તેને અવલંબીને, એમ. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવી વાતું બધી. કોઈ દિ' દુકાનમાં હોય નહિ, મા-બાપ બેઠા (હોય પણ) આવી ચર્ચા કોઈ દિ' ન હોય. અપાસરે જાય તો આવી વાત ન હોય. એવી વાત આ. આહાહા..! માર્ગ જુદો છે, બાપુ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ, એનો મારગડો જુદો છે, એના માર્ગ સાથે ક્યાંય કોઈ સાથે મેળ ખાય એવું નથી. કે, બીજામાં કાંઈક પણ કાંઈક છે, કાંઈક છે. કાંઈ નથી. એક આ સિવાય, દિગંબર સનાતન જૈનદર્શન સિવાય બીજામાં કાંઈ જરીએ અંશે સાચું નથી. આ તો દાંડી પીટીને કહેવાય છે. આહાહા..! દિગંબર એટલે યથાર્થ વસ્તુ. બાહ્ય નગ્ન ને અંતરમાં વિકલ્પ વિનાનો આત્મા એવો જે દિગંબર ધર્મ એટલે આત્મધર્મ. આહાહા..! એ વાત સિવાય બીજે ક્યાંય સાચી વાત છે નહિ.

મુમુક્ષુ :– અંતર શુદ્ધિ વગર આ વાત બેસે એમ નથી.

ઉત્તર :– એ અંતર (શુદ્ધિ) કરવા માટે કીધું ને બાપુ! અંતર શુદ્ધિ માટે તો બાપા! આ વાત ચાલે છે. આહાહા..! તું ભગવાન છો ને, પ્રભુ! આહાહા..! તને ઓછું કેમ ગમે છે? એમ કહે છે. પ્રભુ! તું પૂર્ણ છો ને! છો એમાં તને અપૂર્ણ ને અશુદ્ધતા કેમ ગમે છે? આ શું થયું તને? એમ કહે છે અહીં તો. આહાહા..! ભગવાન છો ને. આહાહા..! અને ન્યાં બે ત્રણ ઠેકાણે તો એમ જ કહ્યું. ત્યાં 'દ્રવ્ય સંગ્રહ'માં કહ્યું, બધા ભગવાન થાવ. કોઈ સંસારી ન રહો. બધા આઠે કર્મથી રહિત થાવ, પ્રભુ! કેમકે પ્રભુ તારું સ્વરૂપ જ એવું છે. જેવું છે તેવું થાવું એમાં કહે છે નવીન શું? આહાહા..! એવો જ છો. અંદર સ્વભાવ

ને શક્તિએ વર્તમાન ભગવાન જ છો, એને પર્યાયમાં ભગવાનપણે કરવું એ કરવાનું છે. આહાહા..! એ સિવાય બીજું કાંઈ કર્તવ્ય નથી, ધર્મને નામે બીજું કાંઈ નથી, એમ કહે છે. આહાહા..!

અહીં **'શુદ્ધનયાવલંબી...'** એટલે ત્રિકાળને અવલંબનારો. એટલે કે જેવો સ્વભાવ છે પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય અપૂર્ણ નહિ, અશુદ્ધ નહિ, પરનો સંગ નહિ એવો ભગવાન અંદર આત્મા દેહદેવળમાં બિરાજે છે. આહાહા..! એવા ભગવાનઆત્માને અવલંબીને. આહાહા..! **'વિલીન-મોહઃ'** **'(અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે)'** એના અવલંબે અંદર મિથ્યાત્વ નષ્ટ થાય છે. આહાહા..! કોઈ દેવ-ગુરુ-ધર્મને માનવાથી પણ મિથ્યાત્વ નષ્ટ થતું નથી. આહાહા..! કારણ કે, એ પરદ્રવ્ય છે ને પરદ્રવ્યને માનવામાં વિકલ્પ–રાગ જ આવે અને રાગ છે એ નિશ્ચયથી તો અધર્મ છે. આહાહા..!

કહે છે કે, **'શુદ્ધનયાવલંબી...'** એક પરમાત્મ સ્વરૂપ શક્તિએ, સ્વભાવે પરમાત્મા વર્તમાન છે, ભગવાનસ્વરૂપ જ છે, પરમાત્માસ્વરૂપ જ છે, તેને અવલંબીને. આહાહા..! **'વિલીન-મોહઃ'** પર તરફના મોહનો નાશ કરે. આહાહા..! સ્વરૂપની પૂર્ણતાને અવલંબી અને જે ચીજ વસ્તુમાં નથી એવો પર્યાયમાં મોહ–પર તરફની સાવધાની, તેનો નાશ કર. આહા..! સ્વરૂપમાં પર તરફનું સાવધાનપણું કોઈ છે જ નહિ. મોહનો અર્થ સાવધાન. પરમાં સાવધાની એ મોહ. આહાહા..! **'વિલીન-મોહઃ'** પર તરફની સાવધાનીનો નાશ અને સ્વ તરફની સાવધાનીની પૂર્ણતાની ઉત્પત્તિ. આહાહા..! આ વસ્તુ. આ તો હવે ઓગણીસમી વાર ચાલે છે. આહાહા..! વ્યાખ્યાનમાં અઢાર વાર વ્યાખ્યાન વંચાય ગયું, આ તો ઓગણીસમી વાર ચાલે છે. અહીં તો પીસ્તાલીસ, સવા પીસ્તાલીસ વર્ષ થયા. આહાહા..! છતાં નિંદા કરનારા ઘણા છે. એક જૈનદર્શન (માસિક) નીકળે છે. આવ્યું હતું, કાલે આવ્યું છે. એ લોકોનું લખાણ એકાંત છે. એ પુસ્તકો દેરાસરમાંથી કાઢી નાખીને નાખી દ્યો. કાઢી નાખો. અરે..! પ્રભુ! તે સાંભળ્યું નથી, ભાઈ! તારી જાત શું છે? બાપુ! પ્રભુ! તું પૂર્ણ ભગવાન છો ને! આહા..! એને તને ઓછપ કહેતા તને લાજ નથી આવતી? એને અશુદ્ધ કહેતા તને ઠીક કેમ પડે છે? આહા..!

શુદ્ધનય અવલંબી. પૂર્ણાનંદનો નાથ ભગવાન અંદર બિરાજે છે. અનંત અમૃતનો સાગર, અનંત અનંત અનંત અમૃત, અનંત અનંત જ્ઞાન ને અનંત અનંત પ્રતીતિને અનંત અનંત પ્રભુતા. આહાહા..! એવા અનંતા ગુણોની અનંતી પ્રભુતાથી એ ભરેલો છે. આહાહા..! એની જોડે ટોચમાં કોઈ મેળવી શકે નહિ, એની ઉપમા એને અપાય છે. આહાહા..! એવી ચીજ છે. અરે..! એને સાંભળવા મળે નહિ, એ કે દિ' વિચાર કરે ને કે દિ' (અનુભવ કરે?) ત્યાં તો દેહ પૂરો થઈ જાય છે. આહા..! આ જડ, માટી તો પારકી ચીજ છે. સ્થિતિ પૂરી થઈને ચાલ્યો જશે.

**'શુદ્ધનયાવલંબી...'** એ અસ્તિ. **'વિલીન-મોહઃ'** એ નાસ્તિ. ત્રિકાળી, ત્રિકાળી ચૈતન્ય

સ્વરૂપ પવિત્રતાનું અવલંબન અને પર તરફનો અંશે પણ સાવધાની મોહ, રાગ એનો નાશ. આહાહા..! **'(જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે)'** આહાહા..! જે રીતે વસ્તુ છે એનાથી અન્યથા માનવું એ મિથ્યાત્વ છે. આહાહા..! હવે દુનિયાના આવા કામ થાય એમાં વળી આવું કામ કરીએ તો શું થાય? શુભભાવ થાય. એમાં થાય શું? આહા..! એ તો દુનિયામાં શું નથી થાતું? જૈનમાં રહેલાને ખબર નથી. આ બધું 'મોરબી' માં પાણીનું થયું એનો આપણે કાંઈક શાંતિનો ઉપાય કરો. કો'કે શ્વેતાંબરે કર્યો હશે. કોણ પણ શાંતિ શેની? અહીં શાંતિ ઉપજે (કે) શાંતિ બહાર (ઊપજે)? બહારમાં થયું એમાંથી એણે શાંતિ કરવી? આહાહા..! ભ્રમણા, જૈનમાં પણ ભ્રમણાનો પાર ન મળે. આહાહા..! આકરું લાગે, ભાઈ! પણ શું થાય? પ્રભુ!

અંદર ચૈતન્ય નિર્મળાનંદ, જેમ નિર્મળ સ્ફટિક એનો કંદ ને દળ એવો નિર્મળ ભગવાન અંદર છે એને અવલંબીને સ્વ તરફના પૂર્ણ અવલંબનથી પર તરફના બિલકુલ મોહ અને સાવધાનીને છોડીને. બે શબ્દ વાપર્યા છે. આહાહા..! કહો, 'રતિભાઈ'! વાપર્યા છે બે શબ્દ પણ બેમાં આટલું ભર્યું છે. એકકોર ભગવાન શુદ્ધ પૂર્ણને અવલંબન કરીને આ બાજુના કોઈ પણ પ્રત્યેના મોહને સાવધાની છોડી દઈને. કોઈ પ્રત્યે, અરિહંત પોતે કહે છે કે, મારા પ્રત્યે સાવધાની છોડી દે. આહાહા..! ત્રિલોકનો નાથ પરમેશ્વર પોતે એમ કહે, મારી વાણી પણ તને નિમિત્ત છે, તું જો પ્રગટ જ્ઞાન કર તો. વાણીથી તને લાભ થાય એવું નથી, મારાથી તને લાભ થાય એવો હું નથી, એવો તું નથી. તારાથી તને લાભ થાય એવો તું છો. આહાહા..! આવી વાતું કેટલાએ સાંભળી ન હોય. જાણે નવું લાગતું હોય. નવું નથી, બાપુ! અનાદિથી ભગવાનનો માર્ગ અનાદિથી મહાવિદેહમાં તો ચાલે છે. આહાહા..! ન્યાં તો કોઈ દિ' વિરહ પડતો નથી. તીર્થંકરનો વિરહ પડે તો કેવળી હોય, મુનિઓ હોય પણ સદાય ત્યાં મહાવિદેહક્ષેત્રમાં તો હોય જ છે. આહાહા..!

**'विलीन-मोहः'** **'(અર્થાત્ જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે)...'** પોતાના સ્વરૂપ સિવાય કોઈ ચીજ પ્રત્યેમાં લાભબુદ્ધિ નાશ કરી છે, એ **'विलीन-मोहः'**. પોતાના સ્વરૂપ સિવાય, લાભબુદ્ધિ સિવાય પર તરફના કોઈ પણ વલણમાં લાભબુદ્ધિનો જેણે નાશ કર્યો છે એ મિથ્યાત્વનો નાશ છે. આહાહા..! **'(જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે)'** જોયું? **'એવો હું...'** એમ કહે છે, જુઓ! પંચમ આરાના મુનિ ભગવાન પછી હજાર વર્ષ પછી થયેલ એ પોતાનો પોકાર કરે છે. આહાહા..! શુદ્ધ વસ્તુ પરમાત્મા અંદર બિરાજે છે. આહાહા..! એના સાવધાની આગળ, પ્રભુ! પર પ્રત્યે કોઈ અંશમાં પણ સાવધાની છોડી દે. કોઈ અંશે નાનામાં નાના અંશમાં પણ સાવધાની છોડી દે. કેમકે આ પ્રભુ પૂર્ણ બિરાજે છે ત્યાં પૂર્ણ અવલંબન–સાવધાની કર. આહાહા..!

**'એવો હું હવે...'** **'विकारैः रहितं चिन्मात्रम् आत्मानम्'** **'વિકારોથી રહિત ચૈતન્યમાત્ર આત્માને અવલંબું છું.'** આહાહા..! બધું અવલંબન છોડીને એક જ અવલંબન લઉં છું. આહાહા..! પરમેષ્ઠી પરમેશ્વર એમ કહે છે. તું પણ અમારા તરફનું અવલંબન છોડીને તારું

અવલંબન કર. આહાહા..! કેમ? અમે પણ પરદ્રવ્ય છીએ. અમારા ઉપર લક્ષ જશે તો પ્રભુ! તને રાગ થાશે. આહાહા..! આ તો વીતરાગ કહે. આહાહા..! તીર્થંકર એમ કહે કે, હું પણ છદ્મસ્થપણે જ્યારે તીર્થંકર હતો ત્યારે મને આહાર આપતા એને કોઈ ધર્મ થતો એમ નહિ. આહાહા..! એને શુભભાવ થાતો. આ વાત.... આહાહા..! તીર્થંકર જ્યારે કેવળજ્ઞાન થવા પહેલાં મુનિપણાની દશામાં છદ્મસ્થ આહાર લેવા જાય તો એને આહાર દેનારને સંસારનો એક્કે ભવનો નાશ થાય એ વાત છે નહિ. આહાહા..! અહીં તો (એમ કહે), રેવતીને આહાર દેવા ગયા, બધી વાત ખોટી. ભગવાનને રોગ ને એના માટે ભગવાને દવા લાવવાનું કહ્યું ને એ સિંહમુનિ ગયો ને રેવતીએ આહાર આપ્યો ને સંસાર પરિત કર્યો. બાપુ! વાતું આ મેળ ખાતો નથી. આહાહા..! આવી કોઈ વાતમાં ક્યાંય સત્યને મેળ ખાતો નથી.

(સંવત) ૧૯૭૭ ની સાલમાં 'ગોંડલ' મોટી ચર્ચા થઈ હતી. પરિત સંસાર કર્યો. મેં કીધું, ભાઈ! અત્યારે રહેવા દ્યો. અત્યારે હું આમાં (સંપ્રદાયમાં) છું, મારાથી કેમ બોલાશે? બાકી પરને (આહાર) આપીને પરિત સંસાર થાય એ વીતરાગ માર્ગ નહિ, એ વીતરાગના કથન નહિ, એ વીતરાગના શાસ્ત્ર નહિ. આહાહા..! એ વીતરાગી ધર્મ નહિ. આહાહા..!

અહીં કહે છે, **'विकारैः रहितं चिन्मात्रम् आत्मानम् अवलम्बे'** પર તરફનો રાગનો અંશ પણ જે છે, પરમેષ્ઠી પંચ પરમેષ્ઠી તરફનો, એના રાગને પણ છોડી દઈને હું મારો આત્મા પૂર્ણાનંદનો નાથ તેને અવલંબું છું, મારો તો આધાર એ છે. આહાહા..! ભગવાન પણ મારે આધાર નથી. અવલંબું છું કીધું ને? એનો હું આધાર લઉં છું. આહાહા..! આ તો સાધારણમાં બનાવી દે પછી આખો દિ' દુકાનમાં પાપ કરે પછી ધર્મ માની લે ને જિંદગી ચાલી જાય. બાપા! અરે..રે..! અનંત અવતાર કર્યા છે. એ અનંત અવતાર પાછા મિથ્યાત્વ જ્યાં સુધી છે ત્યાં સુધી અનંતા અવતાર ગર્ભમાં પડ્યા છે. મિથ્યાત્વના ગર્ભમાં અનંતા ભવ પડ્યા છે. મિથ્યાત્વને જ અનંત કહે છે. અનંતાનુબંધી આવે છે ને? ભાઈ! અનંતાનુબંધી. એનો અર્થ એવો છે, અનંત એટલે મિથ્યાત્વ. એની સાથે રહેનારો કષાય તે અનંતાનુબંધી. આહાહા..! વીતરાગે તો ઘણું કહેલું છે, દિગંબર સંતોએ તો ઘણું કહેલું છે. આહાહા..! ન્યાલ કરી નાખ્યા જગતને. આહા..! પણ પકડે તો ને? આહાહા..!

આ જ કરવા જેવું છે બાકી કાંઈ કરવા જેવું નથી. આહા..! ઇ આવ્યું નહિ? અંદર ન આવ્યું? આ જ્ઞાનીનું કાર્ય છે. અંદર આવ્યું હતું. આહાહા..! ધર્મીનું તો આ કાર્ય છે. આહાહા..! અરે..! પ્રભુ તું કંઈ ચીજ છો કે નહિ? અને છે તે વસ્તુ છે કે નહિ? અને છે તે એના સ્વભાવથી ખાલી હોય કે એકલી વસ્તુ હોય? સ્વભાવ હોય તો એ સ્વભાવની કોઈ મર્યાદા હોય જ નહિ. બેહદ મર્યાદા વિનાનો સ્વભાવ છે, પ્રભુ! આહાહા..! અંદર એકેક ગુણની બેહદ મર્યાદા નથી. આહાહા..! એવા અનંત અનંત ગુણનો ધણી... આહાહા..! એક પાંચ પચીસ રૂપિયા આવે ત્યાં ખુશી થઈ જાય. ભિખારી! શું થયો તું. શાસ્ત્રમાં ભિખારી–

વરાંકા, વરાંકા કહ્યા છે. વરાંકા–એને ભિખારી કહ્યો છે. અહીં પૂરી લક્ષ્મી પડી છે ને એને મુકીને આ ધૂળની લક્ષ્મીમાં ચાળા નાખે છે. આહાહા..!

અહીં એ કહે છે, **'विलीन-मोहः'** પર તરફનો તો નાશ જ કરી નાખ્યો. જરીએ નહિ. આહાહા..! પોતાના પૂર્ણ સ્વરૂપનું અવલંબન અને પરના કોઈ પણ અંશનું અવલંબન નહિ. આહાહા..! **'विलीन-मोहः'** **'विलीन-मोहः'** અને વિકાર રહિત ચિદ્માત્ર આત્માનું અવલંબન. આહાહા..! મોટો પ્રભુ અંદર છે એનું એક જ નું અવલંબન. આહાહા..! પરનું અવલંબન તો નહિ પણ પર્યાયનું અવલંબન નહિ. પૂર્ણાનંદનો નાથ દ્રવ્ય છે એનું અવલંબન. પર્યાય એનું અવલંબન લે. આહાહા..! પર્યાયને પર્યાયનું અવલંબન નહિ, પર્યાય(માં) પર્યાયના અવલંબનથી રાગ થાય. આહાહા..! ગજબ કામ કર્યા છે ને! આવા લખાણ પડ્યા છે ને, હજારો વર્ષથી પડ્યા છે. બબ્બે હજાર વર્ષથી તો ભગવાનની 'કુંદકુંદાચાર્ય'ની વાણી છે. આ ટીકાઓ હજાર વર્ષથી (છે). આહાહા..! જગતમાં અમૃત પડ્યા છે.

## શ્લોક–૨૩૦

**अथ सकलकर्मफलसन्यासभावनां नाटयति-**

(आर्या)

**विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।**
**सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मान्।।२३०।।**

**नाहं मतिज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १। नाहं श्रुतज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यमात्मानमात्मानमेव सञ्चेतये २। नाहमवधिज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३। नाहं मनःपर्ययज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४। नाहं केवलज्ञानावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५।**

**नाहं चक्षुर्दर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६। नाहमचक्षुर्दर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७। नाहमवधिदर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८। नाहं केवलदर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९। नाहं निद्रादर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०। नाहं निद्रानिद्रादर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११। नाहं**

प्रचलादर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२। नाहं प्रचलाप्रचलादर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३। नाहं स्त्यानगृद्धिदर्शनावरणीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४।

नाहं सातवेदनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १५। नाहमसातवेदनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १६।

नाहं सम्यक्त्वमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १७। नाहं मिथ्यात्वमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १८। नाहं सम्यक्त्वमिथ्यात्वमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १९। नाहमनन्तानुबन्धिक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २०। नाहमप्रत्याख्यानावरणीयक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २१। नाहं प्रत्याख्यानावरणीयक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २२। नाहं संज्वलनक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २३। नाहमनन्तानुबन्धिमानकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २४। नाहमप्रत्याख्यानावरणीयमानकषायवेदनीय-मोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २५। नाहं प्रत्याख्यानावरणीयमानकषाय-वेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २६। नाहं सञ्ज्वलनमानकषाय-वेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २७। नाहमनन्तानुबन्धिमायाकषाय-वेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २८। नाहमप्रत्याख्यानावरणीयमाया-कषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये २९। नाहं प्रत्याख्याना-वरणीयमायाकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३०। नाहं सञ्ज्वलनमायाकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३१। नाहमनन्तानुबन्धिलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३२। नाहमप्रत्याख्यानावरणीयलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३३। नाहं प्रत्याख्यानावरणीयलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३४। नाहं सञ्ज्वलनलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३५। नाहं हास्यनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३६। नाहं रतिनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३७। नाहमरतिनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३८। नाहं शोकनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ३९। नाहं भयनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४०। नाहं जुगुप्सानोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव

सञ्चेतये ४१। नाहं स्त्रीवेदनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४२। नाहं पुंवेदनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४३। नाहं नपुंसकवेदनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४४।

नाहं नरकायुःकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४५। नाहं तिर्यगायुःकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४६। नाहं मानुषायुःकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४७। नाहं देवायुःकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४८।

नाहं नरकगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ४९। नाहं तिर्यग्गतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५०। नाहं मनुष्यगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५१। नाहं देवगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५२। नाहमेकेन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५३। नाहं द्वीन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५४। नाहं त्रीन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५५। नाहं चतुरिन्द्रिय-जातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५६। नाहं पञ्चेन्द्रियजातिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५७। नाहमौदारिकशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ५८। नाहं वैक्रियिकशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मान-मात्मानमेव सञ्चेतये ५९। नाहमाहारकशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६०। नाहं तैजसशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६१। नाहं कार्मणशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६२। नाहमौदारिकशरीराङ्गोपाङ्गनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६३। नाहं वैक्रियिकशरीराङ्गोपाङ्गनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६४। नाहमाहारकशरीराङ्गोपाङ्गनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६५। नाहमौदारिकशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६६। नाहं वैक्रियिकशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६७। नाहमाहारकशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६८। नाहं तैजसशरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ६९। नाहं कार्मण-शरीरबन्धननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७०। नाहमौदारिक-शरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७१। नाहं वैक्रियिक-शरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७२। नाहमाहारकशरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७३। नाहं तैजसशरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७४। नाहं कार्मणशरीरसङ्घातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७५। नाहं

समचतुरस्रसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७६। नाहं न्यग्रोधपरिमण्डलसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७७। नाहं स्वातिसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७८। नाहं कुब्ज-संस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ७९। नाहं वामनसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८०। नाहं हुण्डकसंस्थाननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८१। नाहं वज्रर्षभनाराचसंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८२। नाहं वज्रनाराचसंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८३। नाहं नाराचसंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८४। नाहं नाहमर्धनाराचसंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८५। नाहं कीलिकासंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८६। नाहमसम्प्राप्तासृपाटिकासंहनननामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८७। नाहं स्निग्धस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८८। नाहं रूक्षस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ८९। नाहं शीतस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९०। नाहमुष्णस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९१। नाहं गुरुस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९२। नाहं लघुस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९३। नाहं मृदुस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९४। नाहं कर्कशस्पर्शनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९५। नाहं मधुररसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९६। नाहमाम्लरसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९७। नाहं तिक्तरसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९८। नाहं कटुकरसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ९९। नाहं कषायरसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १००। नाहं सुरभिगन्धनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०१। नाहमसुरभिगन्धनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०२। नाहं शुक्लवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०३। नाहं रक्तवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०४। नाहं पीतवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०५। नाहं हरितवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०६। नाहं कृष्णवर्णनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०७। नाहं नरकगत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०८। नाहं तिर्यग्गत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १०९। नाहं मनुष्यगत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११०। नाहं देवगत्यानुपूर्वीनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १११। नाहं निर्माणनामकर्मफलं

भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११२। नाहमगुरुलघुनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११३। नाहमुपघातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११४। नाहं परघातनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११५। नाहमातपनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११६। नाहमुद्योतनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११७। नाहमुच्छ्वासनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११८। नाहं प्रशस्तविहायोगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये ११९। नाहमप्रशस्तविहायोगतिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२०। नाहं साधारणशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२१। नाहं प्रत्येकशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२२। नाहं स्थावरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२३। नाहं त्रसनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२४। नाहं सुभगनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२५। नाहं दुर्भगनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२६। नाहं सुस्वरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२७। नाहं दुःस्वरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२८। नाहं शुभनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १२९। नाहमशुभनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३०। नाहं सूक्ष्मशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३१। नाहं बादरशरीरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३२। नाहं पर्याप्तनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३३। नाहमपर्याप्तनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३४। नाहं स्थिरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३५। नाहमस्थिरनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३६। नाहमादेयनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३७। नाहमनादेयनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३८। नाहं यशःकीर्तिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १३९। नाहमयशःकीर्तिनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४०। नाहं तीर्थकरत्वनामकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४१।

नाहमुच्चैर्गोत्रकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४२। नाहं नीचैर्गोत्रकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४३।

नाहं दानान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४४। नाहं लाभान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४५। नाहं भोगान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४६। नाहमुपभोगान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४७। नाहं वीर्यान्तरायकर्मफलं भुञ्जे, चैतन्यात्मानमात्मानमेव सञ्चेतये १४८।

હવે સકળ કર્મફળના સન્યાસની ભાવનાને નચાવે છે :–

(ત્યાં પ્રથમ, તે કથનના સમુચ્ચય અર્થનું કાવ્ય કહે છે :–)

શ્લોકાર્થ :– (સમસ્ત કર્મફળની સન્યાસભાવના કરનાર કહે છે કે-) [ कर्म-विष-तरु-फलानि ] કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ [ मम भुक्तिम् अन्तरेण एव ] મારા ભોગવ્યા વિના જ [ विगलन्तु ] ખરી જાઓ; [ अहम् चैतन्य-आत्मानम् आत्मानम् अचलं सञ्चेतये ] હું (મારા) ચૈતન્યસ્વરૂપ આત્માને નિશ્ચળપણે સંચેતું છું-અનુભવું છું.

ભાવાર્થ :– જ્ઞાની કહે છે કે-જે કર્મ ઉદયમાં આવે છે તેના ફળને હું જ્ઞાતા-દ્રષ્ટાપણે જાણું-દેખું છું, તેનો ભોક્તા થતો નથી, માટે મારા ભોગવ્યા વિના જ તે કર્મ ખરી જાઓ; હું મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન થયો થકો તેનો દેખનાર-જાણનાર જ હોઉં.

અહીં એટલું વિશેષ જાણવું કે-અવિરત, દેશવિરત તથા પ્રમત્તસંયત દશામાં તો આવું જ્ઞાન-શ્રદ્ધાન જ પ્રધાન છે, અને જ્યારે જીવ અપ્રમત્ત દશાને પામીને શ્રેણી ચડે છે ત્યારે આ અનુભવ સાક્ષાત્ હોય છે. ૨૩૦.

(હવે ટીકામાં સકળ કર્મફળના સન્યાસની ભાવનાને નચાવે છે :–)

હું (જ્ઞાની હોવાથી) મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું અર્થાત્ એકાગ્રપણે અનુભવું છું. (અહીં 'ચેતવું' એટલે અનુભવવું, વેદવું, ભોગવવું. 'સં' ઉપસર્ગ લાગવાથી, 'સંચેતવું' એટલે 'એકાગ્રપણે અનુભવવું' એવો અર્થ અહીં બધા પાઠોમાં સમજવો.) ૧. હું શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું-અનુભવું છું. ૨. હું અવધિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩. હું મનઃપર્યયજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪. હું કેવળજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫.

હું ચક્ષુર્દર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬. હું અચક્ષુર્દર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭. હું અવધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮. હું કેવળદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯. હું નિદ્રાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦. હું નિદ્રાનિદ્રાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧. હું પ્રચલાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨. હું પ્રચલાપ્રચલાદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩. હું સ્ત્યાનગૃદ્ધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪.

હું શાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૫. હું અશાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૬.

હું સમ્યક્ત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૭. હું મિથ્યાત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૮. હું સમ્યક્ત્વમિથ્યાત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૯. હું અનંતાનુબંધિક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૦. હું અપ્રત્યાખ્યાનાવરણીયક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૧. હું પ્રત્યાખ્યાનાવરણીયક્રોધ-કષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૨. હું સંજ્વલનક્રોધકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૩. હું અનંતાનુબંધિમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૪. હું અપ્રત્યાખ્યાનવરણીયમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૫. હું પ્રત્યાખ્યાનાવરણીય-માનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૬. હું સંજ્વલનમાનકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૭. હું અનંતાનુબંધિમાયાકષાય વેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૮. હું અપ્રત્યાખ્યાનાવરણીયમાયા-કષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૨૯. હું પ્રત્યાખ્યાનાવરણીયમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૦. હું સંજ્વલનમાયાકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૧. હું અનંતાનુબંધિલોભકષાયવેદનીય મોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૨. હું અપ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયવેદનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૩. હું પ્રત્યાખ્યાનાવરણીયલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૪. હું સંજ્વલનલોભકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી બોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૫. હું હાસ્યનોકષાય-વેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૬. હું રતિનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૭. હું અરતિનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૮. હું શોકનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૩૯. હું ભયનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,

ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૦. હું જુગુપ્સાનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૧. હું સ્ત્રીવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૨. હું પુરુષવેદનોકષાય-વેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૩. હું નપુંસકવેદનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૪.

હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૫. હું તિર્યંચ-આયુકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૬. હું મનુષ્ય-આયુકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૭. હું દેવ-આયુકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૮.

હું નરકગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૪૯. હું તિર્યંચગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૦. હું મનુષ્યગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૧. હું દેવગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૨. હું એકેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૩. હું દ્વીન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૪. હું ત્રીન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૫. હું ચતુરિન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૬. હું પંચેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૭. હું ઔદારિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૮. હું વૈક્રિયિકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૫૯. હું આહારકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૦. હું તૈજસકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૧. હું કાર્મણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૨. હું ઔદારિકશરીર-અંગોપાંગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૩. હું વૈક્રિયિકશરીર-અંગોપાંગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૪. હું આહારકશરીરઅંગોપાંગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૫. હું ઔદારિકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૬. હું વૈક્રિયિકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૭. હું આહારકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૮. હું તૈજસશરીરબંધનનામકર્મના

ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૬૯. હું કાર્મણશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૦. હું ઔદારિકશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૧. હું વૈક્રિયિકશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૨. હું આહારકશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૩. હું તૈજસશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૪. હું કાર્મણશરીરસંઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૫. હું સમચતુરસ્રસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૬. હું ન્યગ્રોધપરિમંડલ-સંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૭. હું સાતિકસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૮. હું કુબ્જકસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૭૯. હું વામનસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૦. હું હુંડકસંસ્થાનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૧. હું વજ્રર્ષભનારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૨. હું વજ્રનારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૩. હું નારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૪. હું અર્ધનારાચસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૫. હું કીલિકાસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૬. હું અસંપ્રાપ્તાસૃપાટિકાસંહનનનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૭. હું સ્નિગ્ધસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૮. હું રૂક્ષસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૮૯. હું શીતસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૦. હું ઉષ્ણસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૧. હું ગુરુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૨. હું લઘુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૩. હું મૃદુસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૪. હું કર્કશસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૫. હું મધુરરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૬. હું આમ્લરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૭. હું તિક્તરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૮. હું કટુકરસનામકર્મના ફળને નથી ભોગવતો,

ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૯૯. હું કષાયરસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૦. હું સુરભિગંધનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૧. હું અસુરભિગંધનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૨. હું શુક્લવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૩. હું રક્તવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૪. હું પીતવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૫. હું હરિતવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૬. હું કૃષ્ણવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૭. હું નરકગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૮. હું તિર્યંચગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૦૯. હું મનુષ્યગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૦. હું દેવગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૧. હું નિર્માણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૨. હું અગુરુલઘુનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૩. હું ઉપઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૪. હું પરઘાતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૫. હું આતપનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૬. હું ઉદ્યોતનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૭. હું ઉચ્છ્વાસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૮. હું પ્રશસ્તવિહાયોગતિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૧૯. હું અપ્રશસ્તવિહાયોગતિ-નામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૦. હું સાધારણ-શરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૧. હું પ્રત્યેકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૨. હું સ્થાવરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૩. હું ત્રસનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૪. હું સુભગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૫. હું દુર્ભગનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૬. હું સુસ્વરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૭. હું દુઃસ્વરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૮. હું શુભનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૨૯.

હું અશુભનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૦.
હું સૂક્ષ્મશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૧.
હું બાદરશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૨.
હું પર્યાપ્તનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૩.
હું અપર્યાપ્તનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૪.
હું સ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૫.
હું અસ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૬.
હું આદેયનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૭.
હું અનાદેયનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૮.
હું યશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૩૯.
હું અયશકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૦.
હું તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૧.

હું ઉચ્ચગોત્રકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૨.
હું નીચગોત્રકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૩.

હું દાનાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૪.
હું લાભાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૫.
હું ભોગાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૬.
હું ઉપભોગાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૭.
હું વીર્યાંતરાયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. ૧૪૮. (આ પ્રમાણે જ્ઞાની સકળ કર્મોના ફળના સંન્યાસની ભાવના કરે છે).

## શ્લોક–૨૩૦ ઉપર પ્રવચન

'હવે સકળ કર્મફળના સન્યાસની ભાવનાને નચાવે છે :–'

'(ત્યાં પ્રથમ, તે કથનના સમુચ્ચય-અર્થનું કાવ્ય કહે છે :–)'

विगलन्तु कर्मविषतरुफलानि मम भुक्तिमन्तरेणैव।
सञ्चेतयेऽहमचलं चैतन्यात्मानमात्मान्।।२३०।।

આહાહા..! **'(સમસ્ત કર્મફળની સન્યાસભાવના કરનાર કહે છે કે-)...'** મારા પ્રભુ સિવાય ૧૪૧ કર્મપ્રકૃતિ એમાં તીર્થંકરની પ્રકૃતિ, આહારક શરીર આદિની પ્રકૃતિ (એ) બધી, બધા ઝેરના ઝાડ. આહાહા..! શુભભાવને ઝેર કહ્યું છે ને? તો પછી અહીં એ કહે છે, જુઓ!

કે, **'(સમસ્ત કર્મફળની સન્યાસભાવના કરનાર કહે છે કે-) કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...'** આહાહા..! છે? તો ક્યું કર્મ એકલું લેવું? કર્મ એક (લેવું)? પ્રકૃતિ ૧૪૮ (છે). આહાહા..! આઠ કર્મ ને આઠ કર્મની પેટા ભેદ ૧૪૮ પ્રકૃતિ (એ) બધા ઝેરના ઝાડ છે, પ્રભુ અમૃતનો સાગર છે. આહાહા..! તીર્થંકર પ્રકૃતિ બંધાયેલી છે એને ઝેરનું ઝાડ કહે. આહાહા..! દિગંબર સંતોને જગતની ક્યાં પડી છે કે આ આવું કહેતા.... બાપુ! પૂર્ણાનંદનો નાથ (બિરાજે છે) એના અવલંબનની વાતું છે, ભાઈ! એમાં તને તારા લાભની વાત છે. લાભ સવાયા, એમ લખે છે. વર્ષ બેસે ત્યારે સવારમાં લખે. ધૂળનો લાભ સવાયા થાય, પૈસા આદિ લાભ સવાયા છે? પૈસા મળે ઇ (લાભ છે)? આહાહા..! એ... 'ચીમનભાઈ'! શું આ બધું લખે છે? લાભ સવાયા ને બળભદ્રની રુદ્ધિ હજો ને.. શું કાંઈક કીધું છે બીજું? બાહુબલીજીનું બળ હજો. ક્યાં જાવું છે તારે? આહાહા..! આ મારો નાથ અંદર બિરાજે છે, પૂર્ણ પ્રભુ છે. આહાહા..!

જુઓને! ઇ કહે છે. **'કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...'** શું ખૂબી કહે છે? ૧૪૮ પ્રકૃતિ છે એમાં તીર્થંકર પ્રકૃતિ છે, જશો પ્રકૃતિ છે, આહારક શરીરની છે, આહારક અંગોપાંગની છે. આહા..! ૧૪૮ આઠ પ્રકૃતિના પેટા ભેદ છે. એને કહે છે કર્મરૂપી વિષવૃક્ષ–એ કર્મરૂપી ઝેરના ઝાડના ફળ છે. આહાહા..! ગજબ વાત છે ને! કોણ કહેનાર છે! આહાહા..! કારણ કે, એ તીર્થંકર ગોત્ર બંધાય એ પણ એનો ભાવ નાશ થયા પછી કેવળજ્ઞાન થાય ત્યારે ઉદય આવે એમાં આત્માને શું થયું? આહાહા..! ત્યારે ઉદય આવે. સમવસરણ ને આ ને આ ને... એ તો કેવળજ્ઞાનમાં જાણવામાં આવ્યું, એ તો પહેલેથી કેવળજ્ઞાનમાં જાણવામાં આવ્યું એ થયું, એમાં આત્માને શું થયું? આહાહા..! થઈ ગયો? **'કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ;...'** એમાં વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૩૫ કર્મ પ્રકૃતિ–૧ થી ૩૫ બુધવાર, અષાઢ સુદ ૪, તા. ૧૬-૦૭-૧૯૮૦

---

પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના એ અધિકાર પૂરો થયો. હવે વેદનની વાત ચાલે છે. હું આત્મા છું, આનંદનો વેદનાર છું. કર્મના ફળને વેદનાર હું નથી. આહાહા..! જન્મ-મરણ રહિત થવાનો ઉપાય બહુ સૂક્ષ્મ છે. આત્મા શરીર, વાણી, મનથી તો જુદો (છે) પણ પુણ્ય ને પાપ, દયા, દાન, ભક્તિ, વ્રત, પુજા, આદિ એના વિકલ્પ–રાગથી પણ એ જુદી ચીજ અંદર પડી છે. એ ચીજની દૃષ્ટિએ ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને આવી ભાવનાઓ હોય. સાતમે ઉપયોગ હોય. શું ભાવના? કે, **'સમસ્ત કર્મફળની સન્યાસભાવના કરનાર કહે છે કે-)...'** આહાહા..! એક તો એ કે બે એની પ્રતીતમાં આવ્યા છે. એક,

આત્મા અનંત ગુણનો ધણી, અંદર અનંત ચૈતન્ય ચમત્કાર ચૈતન્ય ચમત્કાર એ ચીજ જે છે એ અનુભવમાં આવી છે, એને ધર્મની શરૂઆત કહીએ, બાકી બધી વાતું. માને (ધર્મ પણ) પરિભ્રમણ કરવાનો. આહા..!

આ ભગવાનઆત્મા પૂર્ણાનંદ ને અતિશય પ્રભુ ઈશ્વર શક્તિથી ભરેલો પરમેશ્વર છે, પ્રભુ છે, ઈશ્વર છે. આહાહા..! એ અનંત અનંત ગુણથી (ભરેલો) એવા એ ઈશ્વર આદિ ગુણોથી ભરેલો ભગવાન છે એનું જેને અંતર્મુખ થઈ, પુણ્ય ને દયા, દાન, અરે..! તીર્થંકર પ્રકૃતિ, એના તરફનું પણ લક્ષ છોડીને. આહા..! આમાં એ આવશે કે, હું તીર્થંકર પ્રકૃતિને વેદતો નથી. આહાહા..! પ્રકૃતિ બંધાય ગઈ. તીર્થંકર પ્રકૃતિ એ બંધાણી, ધર્મી એમ કહે છે ને એમ જાણે છે, અનુભવે છે, સાતમાં ગુણસ્થાનમાં અનુભવમાં. ચોથે, પાંચમે, છઠ્ઠે શ્રદ્ધા-જ્ઞાનમાં આ વાત કરે છે કે, તીર્થંકર પ્રકૃતિના ઉદયને હું ભોગવતો નથી. આહાહા..! એ પ્રકૃતિ મારી નહિ, જેનાથી બંધાણો એ ભાવ અધર્મ હતો અને એ પ્રકૃતિ તો વિષવૃક્ષના ફળ છે, ઝેરના ઝાડ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! દુનિયાથી જુદી જાત છે.

અંદર ભગવાન ચૈતન્ય હીરલો અનંત ગુણની ખાણ અચિંત્ય અનંત ગુણના ચૈતન્ય ચમત્કારની શક્તિઓથી ભરેલો ભગવાન આત્મા (છે) એમ જેને રાગના વિકલ્પથી પણ જુદો અનુભવાણો એને અહીંયાં સમકિત કહેવામાં આવે છે, એને તો અહીંયાં ધર્મની પહેલી સીડી, ધર્મનું પહેલું પગથીયું કહેવામાં આવે છે. આહાહા..! આ બીજા તો હજી જાણે ક્યાંય વધી ગયા અમે, પાપમાં. આહાહા..! કોઈ પણ એક વિકલ્પ, તીર્થંકર ગોત્રનો વિકલ્પ રાગ છે, મારું સ્વરૂપ નથી, હું એ નહિ. હું તો ચૈતન્યસ્વરૂપ (છું). એ અહીં કહે છે.

**‘સમસ્ત કર્મફળ...’** સમસ્ત એ આવી ગયું ને? ૧૪૮ પ્રકૃતિ, એમાં તીર્થંકર પ્રકૃતિ. આહાહા..! સમસ્ત કર્મફળ, એની ત્યાગ ભાવના. સન્યાસ એટલે ત્યાગ. ધર્મીને તેનો ત્યાગ હોય છે. આહાહા..! સાતમે ગુણસ્થાને અનુભવ સ્થિર થઈને ત્યાગ હોય. ચોથે, પાંચમે, છઠ્ઠે તેની શ્રદ્ધા ને જ્ઞાન, અનુભવમાં એનો ત્યાગ હોય છે. આહા..! આવો ઉપદેશ જૈનનો કેવો હશે? જૈન ઉપદેશ તો એકેન્દ્રિયની દયા પાળવી, પંચેન્દ્રિયની દયા પાળવી, વ્રત કરવા ચોવીહાર કરવો, કંદમૂળ ન ખાવું એ જૈન. એ જૈન નહિ. આહાહા..! જૈન ત્રિલોકનાથ પરમેશ્વર બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં મોજૂદ છે. દિવ્યધ્વનિ ઉપદેશ ચાલે છે. સમવસરણમાં ઇન્દ્રો આદિ, સિંહ વાઘ સાંભળવા જાય છે એ આ વાણી છે. ‘કુંદકુંદાચાર્ય’ ત્યાં આઠ દિ’ રહ્યા હતા. આહાહા..!

કર્મફળ, સમસ્ત કર્મફળ. જ્ઞાનાવરણીયની, મતિ જ્ઞાનાવરણીયથી માંડીને છેલ્લી તીર્થંકર પ્રકૃતિ, બધી ૧૪૮ પ્રકૃતિ એ મારી નહિ, મારે ભોગવવાની નહિ, હું એનો ભોગવનાર નહિ. આહાહા..! છે? સમસ્ત કર્મફળની સન્યાસ એટલે ત્યાગ, ત્યાગભાવના કરનાર કહે છે કે, **‘કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ...’** આહાહા..! જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આઠ કર્મ છે એના

પેટા ભેદ ૧૪૮ છે, એ બધાને કર્મફળ વિષવૃક્ષ કીધા છે. એનું ફળ તો ઝેરના ઝાડ છે. આહાહા..! પ્રભુ આત્મા અમૃતનો સાગર છે. અરે..! કોઈ દિ' નિજ નિધાન ઉપર જોયું નથી. નિજ ચૈતન્ય નિધાન કોણ છે અંદર એની સામું નજર કરી નથી. એવો જે ભગવાનઆત્મા પરમેશ્વર ઈશ્વર પ્રભુ ઈશ્વર છે. આહાહા..! એની સામું જોયું નથી, એની નજરું કરી નથી, એને સાંભળ્યું હોય તો વાત બેઠી નથી. આહાહા..! બેઠી હોય તો ધારણા તરીકે બેઠી હોય. આહાહા..! સાંભળવામાં આવ્યું હોય એથી ઠીક છે એમ લાગે પણ અંદરમાં આનંદનો નાથ અતીન્દ્રિય આનંદ, જ્યાં ઇન્દ્રના ઇન્દ્રાસનો બત્રીસ લાખ વિમાનનો સાહેબો, કરોડો અપ્સરાઓ (હોય) એના સુખને જે ભોગવે છે એ તો ઝેરના સુખ, ઝેરના પ્યાલા છે. આહાહા..!

અહીંયાં લાખપતિ કે કરોડપતિ કે ધૂળપતિ કે અબજપતિ, ધૂળપતિ. એ..ઇ..! આહા..! ત્યાં ગયા હતા ને? કીધું હતું. 'આફ્રિકા', 'આફ્રિકા' ગયા હતા, ૨૬ દિ' રહ્યાં હતા. 'આફ્રિકા' ગયા હતા. છ-સાત કલાક પ્લેનમાં બેઠા. સાડા ચારસો કરોડપતિ છે, સાડા ચારસો. વ્યાખ્યાનમાં આવતા લોકો, બહુ પ્રેમ હતો ત્યારે તો માગણી કરી હતી. ત્રણ હજાર માઈલ. એટલે દૂર જાય કોણ? સાડા ચારસો તો કરોડપતિ, સાડા ચારસો. અને અબજપતિ પંદર. ધૂળના પતિ છે કીધું. આહાહા..! જગતની ચીજ પુદ્ગલ એનો એ સ્વામી થાય (તો) મૂઢ છે, મોટો મૂર્ખ છે, દુનિયા ભલે ડાહ્યો કહે. આહાહા..! લોકો સાંભળતા હતા. સાંઈઠ ઘર છે. બાવીસ લાખનું મંદિર કરવાના છે. સાંઈઠ લાખ રૂપિયા ભેગા કર્યા, સાંઈઠ લાખ ભેગા કર્યા છે. બાવીસ લાખનું. પોષ મહિનામાં ગયા હતા ને. આહાહા..! બાપુ! આ પૈસા-બૈસામાં કાંઈ ધૂળેય નથી. બાવીસ લાખનું મંદિર બનાવો માટે ધર્મ થઈ જાય એમ નથી. શુભભાવ છે, પુણ્ય છે, પુણ્ય છે, ઝેર છે કીધુંને? કર્મરૂપી વિષવૃક્ષ. એ પ્રકૃતિ જે પુણ્યની બંધાય એ ઝેરના ઝાડ છે.

મુમુક્ષુ :– આત્મા અમૃતનું ઝાડ છે.

ઉત્તર :– આત્મા અમૃતનો સાગર છે. જેની નજરું કરતાં અમૃતના ઝરણા ડુંગરમાંથી પાણી ઝરે એમ પ્રભુની સામે જોતા... અંદર ચૈતન્યપ્રભુ, હોં! એમાંથી જ્યાં અમૃતના ઝરણા ઝરે એવો પ્રભુ બિરાજે છે. બધા ભગવાન છે. આત્માઓ બધા ભગવાન છે અંદર. આહાહા..! એ અનાદિ કાળથી ઝેરને અનુભવે છે. અમૃતના સાગરથી ભરેલો પણ જ્યારે શ્રદ્ધા સમકિત થાય અને પાંચમું ગુણસ્થાન, છઠ્ઠું મુનિનું (ગુણસ્થાન થાય) ત્યાં સુધી એને શ્રદ્ધા જ્ઞાનમાં આ વાત હોય. અનુભવમાં તદ્દન એનું ફળ ભોગવવું નહિ. એ સાતમા ગુણસ્થાનમાં હોય. એટલે સાતમે ધ્યાનમાં હોય છે.

**'કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ;...'** આહાહા..! તીર્થંકર પ્રકૃતિ બંધાયેલી છે,... આહાહા..! ભોગવ્યા વિના ખરી જાઓ. હું તીર્થંકર થાઉં ને સમવસરણ થાશે ને ઇન્દ્રો આવશે. પ્રભુ! એ બહારની વાત રહેવા દે. આહાહા..! અને તે તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવશે તેરમે, જ્યારે તું કેવળજ્ઞાન પામીશ ત્યારે એનો ઉદય આવશે, તારે ભોગવવું

છે શું? આહાહા..! કહે છે કે, **'કર્મરૂપી વિષવૃક્ષનાં ફળ મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ;...'** મારો નાથ અમૃતથી ભરેલો, અમૃતરૂપી સુખામૃત, જેના જીવન અમૃતના ભરેલા છે. અરે..! એની લોકોને કિંમત નથી, એવો જે આ ભગવાનઆત્મા એને હું ભોગવનારો (છું), એ કર્મના ફળ ભોગવ્યા વિના ખરી જાઓ. એમ કે, મેં આ પુણ્ય બાંધ્યું માટે પુણ્યના ફળ આવશે, દેવ થાઈશ ને ધૂળના શેઠિયા થઈશ... એ જ્ઞાનીને એ હોતું નથી. આહાહા..!

ધર્મી જીવને આત્મા આનંદ સ્વરૂપ ભગવાન એનું ભાન હોય છે. આહાહા..! આઠ વર્ષની બાળીકા સમકિત પામે એને પણ ભાન હોય છે. અરે..! સિંહ અને વાઘ અસંખ્ય પડ્યા છે, અઢી દ્વિપ બહાર સમકિતી આત્મજ્ઞાની (છે) આહાહા..! એને પણ ભાન છે કે, અમે તો આનંદ છીએ. એ માંસના ખોરાક એને હોય નહિ. કમળ, ડોડા ને એનો ખોરાક હોય. અઢી દ્વિપ બહાર (છે). આ તો અઢી દ્વિપ છે. મનુષ્યનું ક્ષેત્ર અઢી દ્વિપ છે. પીસ્તાલીસ લાખ જોજનમાં મનુષ્ય છે. બાકી અસંખ્ય જીવ સમુદ્રના પશુઓ છે. એટલા બધા પશુ છે, કે અસંખ્ય તો સમકિતી છે ને અસંખ્ય પાંચમા ગુણસ્થાને છે. પણ એથી અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અહીં કહે છે, હું આત્મા છું. સચ્ચિદાનંદ પ્રભુ સત્ હોવાવાળી ચીજ છે, હયાતી છે. મોજૂદગી મારી સચ્ચિદાનંદ જ્ઞાન ને આનંદનો કંદ છું. આહા..! એવા આત્માને હું ભોગવનાર (છું). કર્મની કોઈ પ્રકૃતિ સારી કે નરસી એમ દુનિયા કહે મને તે ભોગવવાને માટે નથી. આહાહા..! એક કોર ઝેરના ઝાડ ને એક કોર અમૃતની વેલડી. અમૃતની વેલડી પ્રભુ છે. અરે...! એને કે દિ' ખબર છે? જે વેલડીએ કોળા પાકે એ વેલડી પાતળી હોય. કોળા.. કોળા નથી થાતા? શું કહે છે એને? સાકરકોળા. વેલડી પાતળી હોય છે. કોળા આવા આવડા મોટા અધમણ, અધમણના પાકે. એમ આ ભગવાન શરીર પ્રમાણે છે, પણ અંદર આનંદનો પાક થાય છે એ અનંત થાય છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ. આહાહા..!

પેલી વાત અનાદિથી બેસે છે, આ વાત એને બેસતી (નથી). સાંભળવા મળતી નથી. આ કરો, આ કરો, મરો, કરો ને મરો. આહા..! ભાઈએ કહ્યું છે નહિ? 'સોગાની' એ. કરવું એ મરવું છે. હું કાંઈક કરું. તું જ્ઞાન સ્વરૂપ છો ને કરું? એવું જ્યાં જ્ઞાન સ્વરૂપમાં કરવા જાઈશ ત્યાં તારું મૃત્યુ થાશે. આહાહા..! તારું જ્ઞાન નહિ રહે, તારી દૃષ્ટિમાં નહિ રહે. વસ્તુ તો વસ્તુ છે. આહાહા..!

(અહીંયા) કહે છે કે, એ **'મારા ભોગવ્યા વિના જ ખરી જાઓ; હું (મારા) ચૈતન્યસ્વરૂપ આત્માને...'** આહાહા..! હું આત્મા. એનું સ્વરૂપ શું? સ્વ-રૂપ—સ્વ નામ પોતાનું રૂપ. સ્વ-ભાવ–પોતાનો ભાવ. ભગવાનઆત્માનું સ્વરૂપ ને સ્વભાવ શું? એ તો ચૈતન્યસ્વરૂપ છે. આહાહા..! છે? ચૈતન્ય એનું સ્વરૂપ છે. જાણવું-દેખવું એ એનું સ્વરૂપ છે, એનો એ ભરેલો ભંડાર છે અંદર. આહાહા..! આવી વાતું હવે. આ લાંબી ચાલે નહિ. લોકોમાં હો હા, હો

હા ધમાલ ધમાલ આમ (ચાલે). આ તો આમાં ઠરી જવાની વાત છે. ધમાલ-બમાલનું કાંઈ કરી શકતો નથી, આંગળીને હલાવી શકતો નથી, પ્રભુ! તું તત્ત્વ જુદું અને આ તત્ત્વ જુદું. આ તો જડ તત્ત્વ છે, માટી છે, આ માટી, આ તો ધૂળ તત્ત્વ છે. એનું આમ આમ થાવું એ આત્માથી થાતું નથી. એટલે એની ક્રિયા જડથી જડમાં થાય છે. આહાહા..! કેમ બેસે? ઇ કોળાના પકવાન થાય. 'હિન્દુસ્તાન'માં. જોયા છે? 'હિન્દુસ્તાન'માં આવા કોળાના પકવાન થાય. કોળાપાક કંદોયની દુકાને (હોય). આમ નીકળ્યા હોય ને જોયું હોય ને! લીધું છે કોણે? મોટર નીકળે અમારી ત્યારે જોયું હોય. આવડા આવડા... આહાહા..! કોળાપાક કરે. આહાહા..!

આ આત્માનો કોળાપાક કેવો છે તેની ખબર નથી. આહા..! એને યાદ પણ કરતો નથી, એનું સ્મરણ કરતો નથી. એને ધારતો નથી, એનો નિર્ણય કરતો નથી, એનો નિશ્ચય કરતો નથી. આહાહા..! એવો પ્રભુ આત્મા, એવો હું ચૈતન્યસ્વરૂપ આત્મા છું. મારામાં કર્મની ગંધ નથી, મારામાં કર્મ આદિ કોઈ ચીજ જ નથી. એ એમાં રહ્યો છે, હું મારામાં છું. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ આત્મા એનો તો જાણવું, દેખવું, આનંદ, શાંતિ, સ્વચ્છ, અકષાય, પ્રભુતા એવા સ્વરૂપે આત્મા હું છું. આહાહા..! એવા **'આત્માને નિશ્ચળપણે...'** **'ચૈતન્યસ્વરૂપ આત્માને,...'** એકલા આત્માને નહિ, ઓળખાવીને. ચૈતન્ય એ તો જાણનાર-દેખનાર છે. પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે, પ્રજ્ઞા અને આનંદનો કંદ એ છે પ્રભુ અંદર. આહાહા..! અનંત અનંત બેહદ શક્તિથી ભરેલો ભગવાન છે આત્મા. કેમ બેસે? બે સીગારેટ, બીડી આમ સરખી પીવે ત્યાં ભાઈ-સાબને સવારમાં જાડા ઉતરે. આવા તો અપલક્ષણ. હવે એને આત્મા આવો કહેવો. આહાહા..!

અહીં એ કહે છે, હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા, જાણનારસ્વરૂપ આત્મા એમાં બધું આવી ગયું, આનંદ સ્વરૂપ આત્મા. આહા..! **'હું ચૈતન્યસ્વરૂપ આત્માને નિશ્ચળપણે (ખરેખર) સંચેતું છું...'** સાતમે સ્થિતિની છેલ્લી સ્થિતિ છે. ચોથે, પાંચમે, છઠ્ઠે જ્ઞાન-શ્રદ્ધા હોય છે, અનુભવ સ્થિરતા તદ્દન સાતમે હોય. મેડીએ ચડવાના જેમ દાદરાના પગથીયા હોય છે ને? એમ મોક્ષ જવાના ચૌદ પગથીયા છે. એમાં ચોથું, પાંચમું પગથીયા સુધી આવી ચીજની જ્ઞાન ને શ્રદ્ધા હોય છે અને સાતમે પગથીયે એનો અનુભવ હોય છે. આહાહા..! અને તેરમે પગથીયે કેવળજ્ઞાન પરમાત્મા થઈ જાય છે. આહાહા..! ઇ બહારના પગથીયાની ખબરું (હોય), અંતરના પગથીયા શું છે (એની ખબર ન મળે). આહા..!

હું તો સંચેતું છે એટલે કે અનુભવું છું. એ સાતમાની વાત છે. ચોથે, પાંચમે, છઠ્ઠે શ્રદ્ધા ને જ્ઞાન (હોય છે). શ્રદ્ધા-જ્ઞાન એટલે આમ ધારણાની નહિ, અનુભવની શ્રદ્ધા ને અનુભવનું જ્ઞાન ને અનુભવની ચારિત્ર દશા છે, પણ અપૂર્ણ છે, હજી વિકલ્પ છે. આહાહા..!

**ભાવાર્થ :–** ધર્મી–જ્ઞાની ધર્મી, ધર્મી એમ કહે છે, ધર્મી એમ માને છે કે **'જે કર્મ**

**ઉદયમાં આવે...**' કર્મ જડ વસ્તુ છે. પૂર્વે કોઈ એવા ભાવથી બંધાયેલા છે '**તેના ફળને હું જ્ઞાતા-દ્દષ્ટાપણે જાણું-દેખું છું,...**' આહાહા..! આવો માર્ગ. શું કરવું આમાં? કહે છે, પૂર્વના કર્મના ઉદય વખતે જાણવું-દેખવું એ હું છું. કર્મના ફળને કરવું કે ભોગવવું એ હું નથી. આહાહા..! હું તો જાણનાર-દેખનાર શુદ્ધ ઉપયોગસ્વરૂપે રમણનાર, શુદ્ધોપયોગ ન હોય તોપણ હું જ્ઞાતા-દ્દષ્ટાપણે છું. આહાહા..! મારું સત્ત્વ, ચૈતન્યનું સત્ત્વ જાણવું ને દેખવું એનું સત્વ છે. એ સત્ત્વમાં બધો આનંદ આદિ ભર્યો છે. આહાહા..! સાકરમાં જેમ મીઠાશ ને સફેદાઈ, સુંવાળપ ભરી છે એમ પ્રભુમાં અંદરમાં આનંદ ને શાંતિ ને આ સ્વચ્છતાથી એવા અનંતા ગુણોથી પૂર્ણ ભરેલો છે. આહાહા..!

અરે..રે..! એને સવારમાં ઉઠીને સારું દાતણ આવે, પેલી વાઘરણ રોટલી લઈને નાખી ગઈ હોય.. એ શું કહેવાય? પાણિયારુ. પાણિયારે મોઢામાં નાખેને ઇ? દાતણ. સારું દાતણ દેખીને ખુશી થઈ જાય, કહો! દાતણ કરે. સવારમાં ઉઠ્યો ને પાછું દાતણ. દાતણ પડ્યા હોય, વાઘરણ નાખી ગઈ હોય. અમારે ટેવ. અમારે 'ઉમરાળા' માં બધું જોયેલું. એ વાઘરણ ગૃહસ્થી હતી. વાણીયાથી એ મોટી ગૃહસ્થી હતી પણ છતાં આ છોડે નહિ, એની રીત છે એ (છોડે નહિ). રોટલી લઈ જાય ને દાતણ નાખી જાય. ગૃહસ્થ હતા, પૈસાવાળા હતા. એનો ધણી મોટો સટ્ટો કરતો હતો. ઘરે મોટા પટારા. અમે તો એક ફેરી જોવા ગયા હતા. મોટા પટારા ને મોટા પૈસાવાળા પણ દાતણ નાખી જાય ને રોટલી લઈ જાય, એ મુકે નહિ. આહાહા..! સાંજે દાતણ નાખે. અહીં કહે છે સવારમાં જ્યાં દાતણ દેખે ત્યાં આ..હા..! ખુશી ખુશી થઈ જાય. શું કરે છો ને શું છે તને ખબર છે? એ જડ છે, એનું આમ હલવું એ જડને લઈને છે. આ દાંત છે, માટી-ધૂળ છે, આ ધૂળથી પ્રભુ અંદર જુદો છે. આહાહા..! અમૃતનો સાગર એ ચામડામાં જુદો પડ્યો છે. આહાહા..!

એને અહીં ધર્મી એમ કહે છે, એને હું ભોગવું છું. આહાહા..! '**જે કર્મ ઉદયમાં આવે તેના ફળને હું જ્ઞાતા-દ્દષ્ટાપણે જાણું-દેખું છું,...**' આહાહા..! આવો ધર્મ છે. અહીં તો કહે દયા પાળો ને વ્રત કરો, અપવાસ કરો, ચોવિહાર કરો... થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. તેં હજી ધર્મ સાંભળ્યો નથી. વીતરાગ ત્રણલોકના નાથ પરમેશ્વર બિરાજે છે. અનંતા તીર્થંકરો આ ક્ષેત્રમાં થઈ ગયા. ત્યાં અનંતા થઈ ગયા, મહાવિદેહક્ષેત્રમાં વીસ તો બિરાજે છે, લાખો કેવળીઓ બિરાજે છે. ત્રણ કાળનું જ્ઞાન (છે) એવા લાખો કેવળી અત્યારે મનુષ્યપણે બિરાજે છે. આહાહા..! એના આ બધા વાક્ય છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા, આઠ દિ' ત્યાં રહ્યા હતા. આહાહા..! ભાષા તો જુઓ!

'**કર્મ ઉદયમાં આવે છે તેના ફળને હું જ્ઞાતા-દ્દષ્ટાપણે જાણું-દેખું છું.**' ગમે તે કર્મનો ઉદય આવે... આહાહા..! પણ એને હું અડતો નથી, એ મારામાં આવતા નથી. આહાહા..! જાણવા-દેખવાપણે હું તો દેખું છું ને જાણું છું. આહાહા..! આ પણ વ્યવહાર છે. પરને જાણવું-

દેખવું કહ્યું ને? એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી હું મને દેખું છું, હું મને જાણું ને દેખું છું. આહાહા..! આ કઈ જાતનો ધર્મ? વીતરાગનો જૈન પરમેશ્વરનો (હશે)? જૈન પરમેશ્વર તો દયા પાળી શકાય ને દયા પાળવી, છ પરબી કંદમૂળ ન ખાવા. છ પરબી બ્રહ્મચર્ય પાળવું એવું ચાલે છે અત્યારે તો. આહાહા...! એ માર્ગ જ નથી, બાપુ! તને ખબર નથી. આહાહા..!

વીતરાગ માર્ગ તો એમ કહે છે કે, હું તો તેને ભોગવતો નથી. આહા..હા..! **'ભોક્તા થતો નથી,...'** આહાહા..! ૧૪૮ પ્રકૃતિ છે, અસ્તિ છે. હું જ્ઞાન છું, આનંદ છું તો એને હું જાણું-દેખું છું, તેનો ભોક્તા થતો નથી. આહાહા..! કર્મને જ્યારે ભોક્તો નથી પછી આ રોટલા, દાળ, ભાત, મેસુબને ખાય છે ને? ખાતો નથી, ભાઈ! એને અડતોય નથી. તને ખબર નથી. મેસુબ દાંતને અડતા નથી, દાંત આત્માને અડતા નથી, આત્મા દાંતને અડતો નથી. આરે! આવી ચીજ.

મુમુક્ષુ :– પેટમાં દાંત નથી માટે બરાબર ચાવીને ખાવું જોઈએ.

ઉત્તર :– લોકો એમ કહે, પેટમાં દાંત નથી માટે ચાવીને ખાજો. ચાવીને ખાજો એટલે અહીં પેટમાં પચે. પેટમાં દાંત નથી એમ લોકો કહે. અરર...! સાંભળ્યું હોય, બધું સાંભળ્યું હોય. બધું ઘણું જોયું. ૯૧ વર્ષ થયા. આખી જિંદગી આમ જ ગઈ. પાંચ વર્ષ દુકાનનો વેપાર કર્યો છે. (સંવત) ૧૯૬૩ થી ૧૯૬૮, તેર વર્ષથી અઢાર વર્ષ. આહા..

અહીં કહે છે, એકવાર સાંભળ તો ખરો. એ કર્મ મારા ભોગવ્યા વિના (ખરી જાઓ). હું **'ભોક્તા થતો નથી, માટે મારા ભોગવ્યા વિના જ તે કર્મ ખરી જાઓ;...'** એ તો સમજે છે... એ તો આનંદમાં છે. આહાહા..! એ કર્મ મારા ભોગવ્યા વિના ખરી જાઓ; **'હું મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** આહાહા..! હું કોણ? મારું કોણ? હું કોણ ને મારું કોણ? કે, હું મારા ચૈતન્યસ્વરૂપ જાણવું-દેખવું. હું ને એ મારું સ્વરૂપ. આહા.હા..! **'હું મારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન થયો થકો તેનો દેખનાર-જાણનાર જ હોઉં.'** ચોથા, પાંચમા, છઠ્ઠામાં આ ભાવના હોય છે. સમકિત હોય છે અને ભાવના હોય છે. સાતમે સાક્ષાત્ ચારિત્રનો અનુભવ જામી ગયેલો (હોય છે). આ ચારિત્રની વ્યાખ્યા છે ને? આહા..!

**'અહીં એટલું વિશેષ જાણવું કે,'** આ આવ્યું, લ્યો! **'અવિરત,...'** સમકિતી જીવ, ધર્મના પહેલાં પગથીયાવાળો જીવ અને બીજા પગથીયા **'દેશવિરત...'** શ્રાવક. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી, બધા સાવજ છે. આહાહા..! શ્રાવક તો અંદરમાં બે કષાયના અભાવના અનુભવના આનંદને વેદતો હોય છે. આહાહા..! આકરું કામ ભારે. પક્ષમા બંધાવું એ આકરું લાગે. પેલું સહેલું લાગે. ઝટ સામાયિક કરવી, પોષા, પડિકમણા ને જડની ક્રિયાકાંડ. અંદર ભાવ હોય તો શુભ, એ પુણ્ય–ઝેર (છે). આહાહા..!

અહીં કહે છે, અવિરત–ચોથે ગુણસ્થાને સમકિતીને અને પાંચમે શ્રાવકને અને મુનિ છઠ્ઠા મુનિને–પ્રમત્તસંયત એ **'દશામાં તો આવું જ્ઞાન-શ્રદ્ધાન જ હોય છે.'** એ દશામાં તો

આવું જ્ઞાન ને શ્રદ્ધાન જ પ્રધાન છે. એનું જ્ઞાન હોય ને એની શ્રદ્ધા એ મુખ્ય હોય છે. હજી ઉપયોગ ત્યાં હોતો નથી. આ ચારિત્રની વ્યાખ્યા છે ને! ઉપયોગ તો આમ ચોથે હોય છે, આ જે કહે છે એ ઉપયોગ સાતમે હોય છે. પેલો ઉપયોગ ચોથે પણ હોય છે, પાંચમે પણ હોય છે, છઠ્ઠાવાળાને એકદમ અંતર્મુહૂર્ત સાતમું આવે, અંતર્મુહૂર્તમાં મુનિને શુદ્ધોપયોગ આવે જ. સાચા મુનિને તો ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું એવી ભૂમિકા, એવી દશા, એવા પગથીયા હોય છે. આહાહા..!

એને **'જ્ઞાન-શ્રદ્ધાન જ પ્રધાન છે,...'** ચોથે, પાંચમે, છઠ્ઠે. **'અને જ્યારે જીવ અપ્રમત્ત દશાને પામીને...'** સાતમું ગુણસ્થાન. અપ્રમત દશા. પછી જેને મહાવ્રતનો વિકલ્પ પણ નથી. આહાહા..! મહાવ્રત જે છે એ વિકલ્પ છે, રાગ છે, ઝેર છે, મહાવ્રત એ દુઃખ છે. આહાહા..!

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન બિન, સુખ લેશ ન પાયૌ.**

પણ આત્માના જ્ઞાન વિના એ મહાવ્રતના પરિણામ દુઃખ છે, દુઃખ ને ઝેર છે. આહાહા..! અહીં તો કહે છે કે, **'અપ્રમત દશાને પામીને શ્રેણી ચડે છે...'** આહાહા..! એટલે શુદ્ધિ વધે છે, અંતર સ્થિર થતાં શુદ્ધિ વધી જાય છે, **'ત્યારે આ અનુભવ સાક્ષાત્ હોય છે.'** ત્યારે એ પ્રાણીને અનુભવ પ્રત્યક્ષ વર્તમાન હોય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે એવો અનુભવ હોતો નથી. ઉપયોગપૂર્વક હોય એ જુદી વાત છે શુદ્ધ પણ આ ભૂમિકાની જે દશા આવી, ૧૪૮ પ્રકૃતિ રહિત એ દશા સાતમે (હોય છે). એથી ચોથે, પાંચમે શુદ્ધોપયોગ ન હોય એમ નહિ. પણ એ શુદ્ધોપયોગ બધા કર્મના અભાવ-સ્વભાવ સ્વરૂપ નથી, અમુક જ પ્રકારના અભાવસ્વરૂપ છે. આ તો બધા કર્મના અભાવસ્વરૂપ છે. એકલો ભગવાનઆત્મા. આહાહા..! સાતમે અપ્રમત્ત દશા.

**'અપ્રમત્ત દશાને પામીને શ્રેણી ચડે છે...'** ક્ષપકશ્રેણી એટલે ધારા, ગુણની ધારા વહે છે. ગુણની ધારા અંદર પ્રવાહ વધતો જાય. અંદર જે અનંત ગુણનો પિંડ છે એની ધારા તો છે પણ એ ધારા વધતી જાય છે. એ **'અનુભવ સાક્ષાત્ હોય છે.'** ત્યારે તેને અનુભવ સાક્ષાત્ હોય છે, સાતમાને. આહાહા..! લ્યો! સાતમું કોને કહેવું, છઠ્ઠું કોને કહેવું. લુગડા ફેરવીને બેઠા તો મહારાજ થઈ ગયા. જય મહારાજ! આ દિગંબરમાં નાગા થઈને બેસે. થઈ ગયા સાધુ. બાપા! સમકિત કોઈ અલૌકિક ચીજ છે, સાધુપણાની વાત જ શું કરવી? આહાહા..! સાધુપણું તો આવું (હોય છે). ૧૪૮ પ્રકૃતિ રહિત એકલો અનુભવ, અપ્રમત્ત દશા. આહાહા..!

**'(હવે ટીકામાં સકળ કર્મફળના સન્યાસની ભાવનાને નચાવે છે :–)'** સન્યાસ એટલે ત્યાગ. પેલા સન્યાસી નહિ, સન્યાસી નથી હોતા? સન્યાસી એટલે ત્યાગી. અહીંયાં કર્મફળના ત્યાગની ભાવનાને નચાવે છે. આહાહા..! હવે **'હું...'** ધર્મી એમ કહે છે કે, **'હું (જ્ઞાની**

**હોવાથી) મતિજ્ઞાનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! મતિજ્ઞાનાવરણીયકર્મ તો છે, કેવળજ્ઞાનાવરણીયકર્મ... પાંચે પ્રકૃતિ ભલે હો, મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય છે પછી? અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યયજ્ઞાનાવરણીય પછી કેવળજ્ઞાનાવરણીય એ કર્મના ફળને નથી ભોગવતો. એ પાંચે જ્ઞાનથી વિરુદ્ધ જ્ઞાનાવરણીય આદિ પ્રકૃતિ તેને હું વેદતો ને ભોગવતો નથી. આહાહા..! કર્મને હું અડતો પણ નથી ને. આહા! મારી નબળાઈથી વેદન હતું એ વેદન હવે નથી. એ કર્મના ફળને ભોગવતો નથી એમ કહેવાય. આહાહા..!

આ ચારિત્રની દશા, લ્યો! 'પાટણીજી'! લ્યો! સારું સાચું કહેવા જાય તો (એમ કહે) એ...ય અમને માનતા, અમને માનતા નથી. પ્રભુ! તમે જે રીતે છો તેમ માનો, બીજી રીતે માનતા બાપુ! દુઃખ થશે, ભાઈ! પ્રભુ! તને દુઃખ થશે, બાપા! આ દુનિયા તો ગાંડી-પાગલ છે. બીજા ત્યાગી દેખીને તને (કહેશે), જય નારાયણ, જય ભગવાન. આહાહા..! દુનિયા તો પાગલ છે, એ..ઇ..! સાચા સાચાને સાચા જાણીને નમસ્કાર કરે. પાગલ તો ખોટાને સાચા જાણીને નમસ્કાર કરે. આહાહા..! સાચાને ભાન હોય છે. સમકિત કોને કહેવું ને શ્રાવકપણું કોને કહેવું ને મુનિપણું કોને કહેવું. આહાહા..!

એ દશા–મુનિની દશા પરમેશ્વર, પરમેશ્વરની દશા, પંચપરમેષ્ઠી. આ પરમેષ્ઠીમાં આવે છે ને? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. પાંચ પરમેષ્ઠી. પરમેષ્ઠી કેવા હશે? આહાહા..! લુગડા ફેરવ્યા, નગ્ન થઈ ગયા પંચ મહાવ્રતના પરિણામ (કરે), તે પણ ધાર્યા પ્રમાણે નહિ. એ પંચમહાવ્રત ક્યાં છે? આ બધા શેઠિયાઓ રાંધીને ખવરાવે ત્યારે ખાય. ચોકા કરે. ઉદ્દેશિક આહાર ક્યાં છે? એ..ઇ..! ચોકા કરીને રાંધીને ખવરાવે. એને નહિ કરેલું ક્યાં મળે છે? આહાહા..! હજી દ્રવ્યલિંગના ઠેકાણા નથી. આહાહા..! ચોકા કરીને ચોકા એને માટે રાંધે. કાગળમાં લખે. ચોકા કરવા આવજો, અહીં ... છે, અહીં થોડા ઘર છે, ઘર નથી. અર..ર..! આવી રીત. પ્રભુના માર્ગમાં બહુ ફેરફાર થઈ ગયો, ભાઈ!

મુમુક્ષુ :– ઇ તો એમ કહે કે, જેવા શ્રાવક તેવા જ મુનિ.

ઉત્તર :– એમ હોય? શ્રાવક પણ સારા હોય. શ્રદ્ધા શ્રદ્ધા તરીકે, જ્ઞાન તરીકે સારા (હોય), આના શ્રદ્ધા-જ્ઞાનના ઠેકાણા નથી. આકરી વાત છે, ભાઈ! એને દુઃખ લાગે નહિ, એને દુઃખ ન થાય. પ્રભુ! બધા સુખી થાવ. અહીં તો ભાવના ઇ કે બધા ભગવાન થાવ. કોઈ વિરુદ્ધ નહિ, બધા પરમાત્મા થાવ. તમારી શક્તિ પરમાત્મા થવાની છે, પ્રભુ! ભગવાન થવાનું તમારું સામર્થ્ય છે અને તમે અલ્પમાં રહો છો, પ્રભુ! આહા..! ભગવાન તરીકે જ તારું આખું સામર્થ્ય અંદર ભરેલું છે. આહાહા..! એને ઓછું માનવું નહિ, એને ઓછો ગણવો નહિ. આહા..! વેરી-વિરોધ કોઈ છે જ નહિ, બધા ભગવાન છે, આત્મા તો ભગવાન છે. આત્માની દૃષ્ટિએ, દ્રવ્યદૃષ્ટિએ તો બધા સાધર્મી છે. પર્યાયમાં ભૂલ છે. આહાહા..!

અહીં કહે છે, હું મતિજ્ઞાનાવરણીય એમ પાંચે જ્ઞાનાવરણીય. એમ પછી ચક્ષુદર્શનાવરણીય

એ નહિ, અચક્ષુ નહિ, અવધિ નહિ, કેવળદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો નથી. એમ બધા લઈ લેવા. હું નિદ્રાદર્શનાવરણીયકર્મને ભોગવતો નથી. આહાહા..! હું નિદ્રા નિદ્રાને નહિ, આહાહા..! પ્રચલાનિદ્રા એક નિદ્રા છે, એ નહિ. પ્રચલાપ્રચલા નિદ્રા નહિ. આહાહા..! **'સ્ત્યાનગૃદ્ધિદર્શનાવરણીયકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'** આહાહા..!

**'હું શાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! શાતાના ઢગલા આમ શરીરમાં દેખાય, નિરોગતાના. રાજકુમાર શરીર જુવાન કેવું હતું. વીસ કરોડ રૂપિયા, 'ઇન્દોર'. હમણાં ત્યાં 'મલાડ' માં આવ્યા હતા, ત્યાં દર્શન કરવા આવ્યા હતા. શરીરને ઠીક નહોતું. શું કહેવાય? 'હરકિશનદાસ'. દવા કાંઈ લેતા નથી. આવ્યા હતા, પણ ઓળખાય નહિ. આ રાજકુમાર? મોઢુ... પણ બાપુ! એ તો જડ છે. આહાહા..! ન્યાં રૂપિયા શું કરે? ધૂળ. એક રજકણ બીજા રજકણને અડતો નથી. આકરું પડશે. આ શરીર અંદર આત્માને અડતું નથી. આત્મા શરીરને અડતો નથી. પ્રભુ અરૂપી છે અને આ તો રૂપી છે. આહાહા..! શરીર ને આત્મા કોઈ દિ' અનંત કાળમાં અડ્યો નથી, અડશે નહિ. આહાહા..!

અહીં એ કહે છે, **'હું શાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** એવી શાતાવેદનીય હોય છે. આમ નિરોગ. સાંઢડા જેવી, બળદ જેવી. નિરોગ શરીર, સાંઢડા જેવી. બળદ... બળદ. હૃષ્ટપૃષ્ટ (હોય). પેલો હતો ને નહિ? ગામો. (પહેલવાન) બે મોટરુ ચાલતી હોય તે ઉભી રાખે, ચાલતા ચાલતા હાથ રાખીને ઉભી રાખે. એટલી શક્તિ. ઇ જ્યારે મરવાનું ટાણું આવ્યું, અહીં માંખી બેઠી હતી તો ઉડાવવાની શક્તિ રહી નહિ. આમ કરતો. આહાહા..! છાપામાં આવ્યું હતું, જોયું હતું, છાપામાં આવ્યું હતું. આહાહા..! જોયું છે, પાછળ તકિયો હતો. માંખી ઉડાવવા હાથ ચાલતો નથી. આહા..! બે ચાલતી મોટરુને ઉભી રાખતો, બાપુ! એ તો જડની શક્તિ છે, એમાં આત્માનું કાંઈ કામ છે નહિ, એ આત્માનું બળ નથી. આહાહા..! શરીરની શક્તિ બધી... એ શાતાવેદનીય હોય તો એને હું ભોગવતો નથી. આહાહા..!

**'ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. અશાતાવેદનીય...'** નારકીની વેદના, સાતમી નરકની. સમકિતી અંદર છે એટલે એ જાણે છે ને દેખે છે. આહાહા..! 'શ્રેણીક' રાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના. 'શ્રેણીક' રાજા અત્યારે નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિ છે, ભવિષ્યમાં પહેલા તીર્થંકર થવાના. આવતી ચોવીશીના પહેલા તીર્થંકર. જાણે-દેખે છે. પહેલી નરકમાં વેદન, ઉષ્ણ વેદન હોય છે, શીત વેદન હેઠે હોય છે. આહા..! એવું ઉષ્ણ વેદન, ઉષ્ણતા કે, એનો એક તણખો અહીં આવ્યો હોય તો દસ હજાર જોજનના માણસો બળીને રાખ થઈ જાય. આહાહા..! એક તણખો, પહેલી નરકનો તણખો. દસ હજાર જોજનના માણસો રાખ થઈ જાય. પ્રભુ! એથી અનંત ગુણી પીડા તેં ભોગવી છે. આહાહા..! પહેલી

નરક ને બીજી ને સાતમી. આહાહા..! શેની તને હોંશું આવે પરમાં? એ તારા દુઃખો તેં વેદ્યા છે. આહા..!

આચાર્ય મહારાજ એમ કહે છે, હું મારા પૂર્વ ભવના દુઃખો જ્યાં યાદ કરું છું... જ્ઞાની ધર્માત્મા (એમ કહે છે), પૂર્વના દુઃખને યાદ કરું છું તો ઘા વાગે છે, છાતીએ ઘા વાગે છે. આહાહા..! શું થયું? મુનિ કહે છે. આહાહા..! એને વિચાર આવ્યો નથી કોઈ દિ' કે, આ ભૂતકાળમાં ક્યાં રહ્યો ને મેં કેટલા દુઃખ વેઠ્યા? આહાહા..!

અહીં કહે છે, એ **'અશાતાવેદનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** આહા..! **'હું સમ્યક્ત્વમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** મોહનીય, મોહનીય આવી. મિથ્યાત્વમોહનીય-કર્મના ફળ. મિથ્યાત્વ પ્રકૃતિ પડી હોય અંદર, ઇ ખરતી હોય એ હું ભોગવતો નથી. હું સમ્યક્ત્વમિથ્યાત્વ મિશ્ર-મિશ્ર એને પણ ભોગવતો નથી. હું અનંતાનુબંધિકષાય–અનંત સંસારનું કારણ ક્રોધ. આહાહા..! ધર્મી કહે છે કે, હું ભોગવતો નથી. ચોથે, પાંચમે, છઠ્ઠે ભોગવતો નથી પણ હજી ઉપયોગમાં સ્થિર, તદ્દન બધી પ્રકૃતિથી સ્થિર જુદો પડ્યો નથી. આહાહા..!

એમ પછી અપ્રત્યાખ્યાનાવરણીય, બીજી કષાયની ચોકડી. એના ફળને નથી ભોગવતો. ચૈતન્યસ્વરૂપ આત્માને (સંચેતું છું). પ્રત્યાખ્યાનાવરણીયકષાય ત્રીજી ચોકડી. એ સંજ્વલનની ચોથી ચોકડી. કષાયના ભેદ છે. એ કોઈ હું ભોગવતો નથી. એ ક્રોધ. એમ માન. એમ અનંતાનુબંધી માન, એમ અપ્રત્યાખ્યાનાવરણીયમાન, પ્રત્યાખ્યાનાવરણીયમાન ને સંજ્વલનમાન હું ભોગવતો નથી. આહાહા..! સંજ્વલનના માનને હું ભોગવતો નથી. આહાહા..! ચોથે, પાંચમે, છઠ્ઠે તો શ્રદ્ધા-જ્ઞાનમાં હોય છે. એ કર્મને ભોગવવું એ હું ચીજ જ નથી, મારામાં એ છે જ નહિ. પણ અસ્થિરતા હોય છે. શ્રદ્ધા-જ્ઞાનમાં તો હું ભોગવતો નથી. આહાહા..! એ શ્રદ્ધા-જ્ઞાનનું જોર કેટલું હશે! આહાહા..!

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, મોહનીય બધા લઈ લેવા. સંજ્વલનના માન. એમ માયા લેવી અનંતાનુબંધીનો લોભ લીધો છે. પહેલી માયા પછી લોભ, એ બધાને હું ભોગવતો નથી. ઠેઠ લઈ ગયા, લ્યો! પછી હાસ્ય આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૩૬ કર્મ પ્રકૃતિ–૩૬ થી ૧૦૮ ગુરુવાર, અષાઢ સુદ ૫, તા.૧૭-૦૭-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' હિન્દીમાં ૫૩૪ પાનું છે. હાસ્ય, હાસ્ય આવ્યું છે. ૩૬ મો બોલ શું છે?

૩૬ મો બોલ છે. હાસ્ય નામની પ્રકૃતિ. શું છે? કે, આ આત્માનો ધર્મ સમ્યગ્દર્શન થાય છે, આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્લેપ નિર્દોષ નિર્વિકલ્પ પૂર્ણ વીતરાગભાવથી ભરેલો ભગવાનઆત્મા છે તેનો અનુભવ થાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દષ્ટિ પૂર્વે મિથ્યાત્વમાં બાંધેલા કર્મને ભોગવતો નથી. આહાહા..! કેમ કે આત્મા અમૃતસાગરનો સ્વાદ આવ્યો. ધર્મ–પ્રથમ સીડી, ધર્મની પહેલી સીડી, પહેલું પગથિયું, આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે, અતીન્દ્રિય શાંતિનો પિંડ છે. શાંતિ... શાંતિ.. શાંતિ.. અકષાયભાવની જ્યારે દૃષ્ટિ થાય, પ્રથમ અનુભવ થાય તો પોતાના આનંદનો ભોગવટો છોડીને બીજી કોઈ પ્રકૃતિના ફળને ભોગવતો નથી. આવે છે (તેને) જાણે છે. પૂર્વની પ્રકૃતિનું ફળ આવે છે પણ તેને જાણે છે. થોડી ઝીણી વાત છે.

અનાદિથી અનંતકાળ રાગ ને દ્વેષ ને મિથ્યાત્વનું જ વેદન છે. એ વેદન સંસાર છે. આહાહા..! નિગોદમાં જવાની એ ચીજ છે. નિગોદ મિથ્યાત્વ. પોતાનું જે સ્વરૂપ છે તેનાથી વિપરીત મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવમાં નરક, નિગોદના અનંત ભવ કરવાની તાકાત છે. તેને જેણે પહેલા પોતાના આત્માનું મૂળ તત્ત્વ તપાસ્યું, અંતરનું નિજઘર (જોયું)... એ હિન્દીમાં આવે છે, 'અબ હમ કબહુ ન નિજઘર આયે, અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત નામ અનેક ધરાયે, પરઘર ભમત નામ અનેક ધરાયે, અબ હમ કબહુ ન નિજઘર આયે.' પરઘરના નામ ધારણ કર્યાં. મનુષ્ય, સ્ત્રી, પુરુષ, ઢોર, પશુ ને નારકી, દેવ, આ બધા પ્રકૃતિના ફળ હું ભોગવું છું અને એ મારા છે, એમ અનંતકાળમાં અનંતવાર કર્યું છે. ક્યારેય આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો સાગર છે એ તરફનું માહાત્મ્ય, મોટપ, મહિમા કદી કરી નથી, લીધી નથી અને અનુભવમાં આવ્યો નથી. આહાહા..! બાકી તો બધો સંસાર છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પરિણામ પણ સંસાર છે. આહાહા..!

કહે છે કે, કદી કર્મથી રહિત, ભ્રમથી રહિત. કર્મ જડ છે અને અંદર ભ્રમણા જે કરી એ આત્માએ કરી છે. હું રાગ છું, હું પરની ક્રિયા કરી શકું છું, મારામાં સુખ નથી પણ પરમાં સુખ છે એવી બુદ્ધિ એ મિથ્યાત્વબુદ્ધિ છે. એ બુદ્ધિથી અનંતકાળમાં અનંત અવતાર કર્યાં. જ્યારે તેનાથી પાછો ફરે છે, કે હું તો આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાન ને દર્શનથી ભરેલો પૂર્ણ છું. મારામાં કોઈ કર્મ પણ નથી અને કર્મનો ભાવ પણ નથી. આહાહા..! એવી દૃષ્ટિ પ્રથમ થાય ત્યારે તેને ધર્મની શરૂઆત થાય છે. આહાહા..! હવે આવી નિવૃત્તિ ક્યારે લેવી? આહાહા..!

અહીંયાં હવે એ કહે છે કે, પૂર્વે મિથ્યાત્વમાં જે પ્રકૃતિનો બંધ થયો હતો, અત્યારે હું આત્મા જ્ઞાની છું, મને મારા સ્વરૂપનું ભાન છે તો હું એ પ્રકૃતિનું ફળ ઉદયમાં આવે છે તેને ભોગવતો નથી. આહાહા..! એક મ્યાનમાં બે તલવાર રહેતી નથી. તેમ આત્માના આનંદનો અનુભવ સમ્યગ્દર્શનમાં છે, ધર્મની પહેલી સીડી, ધર્મનું પહેલું પગથિયું, ધર્મ –

સમકિત, આનંદનો જ્યાં સ્વાદ આવ્યો ત્યાં બીજો બધો સ્વાદ ફીક્કો પડી ગયો. આ આખો સંસાર.. આહાહા..! વિકલ્પ નામ શુભરાગથી માંડી આખી દુનિયા પર થઈ ગઈ, એ પરનો ભોગવનાર હું નથી. અહીંયાં એ આવ્યું છે.

પહેલા જ્ઞાનાવરણીય આવ્યું, પછી દર્શનાવરણીય આવ્યું. મોહનીય (આવ્યું). હવે નોકર્મ આવ્યું. હાસ્ય. '**હું હાસ્યનોકષાયવેદનીય...**' ભાષા જુઓ! એ હાસ્ય નોકષાય છે, મોહનીય છે. આહાહા..! અને વેદનીય છે. આહાહા..! હાસ્યપ્રકૃતિમાં જે વેદન થાય છે, મોહકર્મના નિમિત્તથી અને પોતાના ઊંધા પુરુષાર્થથી જે વેદન થાય છે તે ફળને હું ભોગવતો નથી. હાસ્ય કરવું એ તો પાપ છે. આહાહા..! હાસ્ય કરવું, કોઈપણ ચીજમાં હરખ કરીને હસવું એ પાપ છે. એ પાપને ધર્મી એમ માને છે કે હું ભોગવતો નથી. એ પૂર્વની પ્રકૃતિ છે. હું વર્તમાનમાં તો હાસ્ય કરતો નથી. પણ પૂર્વે બંધાયેલું હાસ્ય નોકષાય વેદનીય મોહનીય નામકર્મના ફળને ભોગવતો નથી. આહાહા..! જ્યાં ચુરમું મળ્યું ત્યાં.. આહાહા..! લાલ જારના ફોતરાના રોટલા કોણ ખાય? લાલ જુવાર આવે છે, જુવાર. જુવાર નથી કહેતા? બાજરી, જુવાર. લાલ જુવાર આવે છે તેને ફોતરા હોય છે. છીલકા. તેની રોટલી થાય છે. અમને તો બધો અનુભવ છે ને! બધે ઠેકાણે જોયું છે.

(સંવત) ૧૯૭૬ માં એક ઠેકાણે ગયા હતા. 'વિઠ્ઠલગઢ' પાસે છે ને? 'વિઠ્ઠલગઢ' 'વિરમગામ' પાસે, 'વિરમગામ' પાસે છે. વાણિયાના ઘર નહોતા. ૧૯૭૬ ની સાલ. ઘણા વર્ષ થયા. અહીં તો શરીરને ૯૧ વર્ષ થયા. ત્યાં ગયા હતા તો ફોતરાના રોટલા (હતા). ગરીબ માણસો બિચારા, ગરીબ માણસો. 'વિઠ્ઠલગઢ' 'વિરમગામ' પાસે છે. ગરીબ માણસ (હતા). બિચારા હોંશથી (બોલ્યા), પધારો મહારાજ, પધારો. લ્યો. પણ એને ઘરે હોય એ આપે ને? એની મીઠાશ જ બિલકુલ જુદી, મીઠાશ જ નહિ. એમ આત્માના આનંદ આગળ કર્મના નિમિત્તના ફળની મીઠાશ જ નથી. એ તો દૃષ્ટાંત હતું. 'શાંતિભાઈ'! આહાહા..! બહુ જોયું છે ને, અહીં તો ૯૧ વર્ષ ચાલે છે, ૯૦ ને ૧. આખી જિંદગી નિવૃત્તિ. 'પાલેજ' માં ઘરની દુકાન છે. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે. ત્યાં પણ હું વેપારમાં પાંચ વર્ષ રહ્યો પણ ત્યાં પણ હું શાસ્ત્ર વાંચતો. એ વખતે શાસ્ત્ર વાંચતો હતો. (સંવત) ૧૯૬૪-૬૫ ની સાલ. તમારી જેમ એકલા વેપારમાં રહે એમ નહિ. વેપાર કરતા હતા. 'મુંબઈ', 'સુરત' અમે માલ લેવા જાતા પણ શાસ્ત્ર વાંચતા હતા. આ શ્વેતાંબરના શાસ્ત્ર, 'દશવેકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'સૂયગડાંગ' બધા દુકાન ઉપર જોયા છે. એક 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' છે. પહેલા એ મળ્યું હતું. પણ મૂળમાં આ ચીજ નહિ. આહાહા..!

આ ચીજ તો.. ઓહોહો..! અનંત આનંદનો નાથ પ્રભુ, તેનો જેને અનુભવ થયો એ ઝેરનો અનુભવ કેમ કરે? હાસ્યનો અનુભવ તો ઝેરનો અનુભવ છે. આહાહા..! એ હાસ્ય.

પછી રતિ. રતિ (અર્થાત્) ખુશી થવું. કોઈ પણ ચીજ જોઈને રાજીપો થવો. અંતર

ભગવાનઆત્મા જ્યાં રાજીપો છે, ધર્મી જીવને અંતરમાં આનંદમાં રતિ છે, બીજી કોઈ રતિ ભોગવતા નથી. આહાહા..! ઉત્કૃષ્ટ વાત છે. સપ્તમ ગુણસ્થાનની (વાત છે). ચોથે, પાંચમે, છઠ્ઠે શ્રદ્ધા-જ્ઞાનમાં, અનુભવમાં જ્ઞાન-શ્રદ્ધાન હોય છે પણ વેદન સાતમી ભૂમિકામાં થાય છે. તો રતિનું વેદન, **'રતિનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો,...'** હું તો **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ...'** આહાહા..! મારો ખોરાક, ધર્મી એમ કહે છે, મને જેમ ખોરાક વિના ચાલતું નથી એમ મારા અનુભવ વિના ચાલતું નથી. આહાહા..! અત્યારે તો સવારે ઉઠે ને ચા (માંગે). દસ વાગે, અગિયાર વાગે આહાર (લે). બપોરે વળી કંઈક ... કંદોઈ.. કંદોઈની દુકાનેથી લાવે પછી સાંજે ખીચડી, કઢી ને ભજિયા (લે). આહાહા..! ચાર-ચાર વાર અન્ને લેતા હતા. આહાહા..! એકલું દુઃખ, એકલું પાપ.

અહીંયાં કહે છે કે, રતિકષાયને હું ભોગવતો નથી. આહાહા..! અહીંયાં આનંદનો સ્વાદ આવ્યો, જ્યાં આત્માનો અતીન્દ્રિય આનંદનો (સ્વાદ આવ્યો), આત્માનો આનંદ છે એ સિવાય જે કરોડો અપ્સરાનું ઇન્દ્રને સુખ છે એ બધું દુઃખ છે. એનાથી પણ ભિન્ન, મારા આનંદના સ્વાદ આગળ હું રતિનો સ્વાદ લેતો નથી. હું અરતિનો સ્વાદ લેતો નથી. દિલગીરી. આહાહા..! હું તો ચૈતન્યસ્વરૂપ આત્માનું સંચેતન કરું છું. સંચેતન કહો, ભાવના કહો, અનુભવ કહો, વેદન કહો, બધું એક છે. આત્માનું સંચેતન કરું છું, આત્માનું વેદન કરું છું, આત્મામાં એકાગ્ર થાઉં છું, આત્માનો અનુભવ કરું છું, આત્માની ભાવના કરું છું, બધી એક જ વાત છે. સમજાય છે કાંઈ? સંચેતન કરું છું.

**'હું શોકનોકષાય...'** શોક.. શોક થાય છે ને? દીકરો કે દીકરી કે મા ગુજરી જાય તો શોક થાય. ધર્મી કહે છે કે, મને શોક છે જ નહિ. મારી ચીજમાં કોઈ હાનિ થતી જ નથી. મારી ચીજ મરતી નથી અને મારી ચીજમાં ખોડખાપણ થતી નથી, કોનો શોક કરે? આહાહા..! જગતની ચીજ છે એ તો જગતની છે, મારી ચીજ નથી. પરચીજને જોઈ ધર્મીને શોક થતો નથી. આહાહા..! આ સાતમા ગુણસ્થાનની ઉત્કૃષ્ટ વાત છે. ચોથે, પાંચમે, છઠ્ઠે થોડું આવી જાય છે પણ તેને જાણે છે. અહીં તો કહે છે, ભોગવતો જ નથી. અકષાયભાવમાં સાતમા ગુણસ્થાનમાં ચડી ગયા છે.

ભય, ભયનોકષાય. આહાહા..! પ્રભુ તો આનંદ આનંદના કિલ્લામાં પડ્યો છે ને! મોટા કિલ્લામાં કોનો પ્રવેશ છે? ભગવાન આનંદનો કિલ્લો છે, વજ્રનો કિલ્લો છે. આનંદસ્વરૂપ, શાંતિસ્વરૂપ, પ્રભુસ્વરૂપ, અતીન્દ્રિય આનંદના કિલ્લામાં એનો પ્રવેશ નથી. મને ભય કેવો? આહાહા..! જુઓ! આ ધર્મીના લક્ષણ. આહાહા..! **'ભયનોકષાયવેદનીયમોહનીયકર્મના ફળને નથી ભોગવતો, હું તો ચૈતન્યસ્વરૂપ આત્માને જ...'** 'જ' લીધું છે, જુઓ! કથંચિત્ આ, કથંચિત્ આ નથી લીધું. હું તો એકલા ચૈતન્યસ્વરૂપ આત્માનું જ સંચેતન કરું છું. સાતમે લીધું છે ને? અપ્રમત્ત દશામાં વિશેષ છે. આહાહા..!

**'હું જુગુપ્સા...'** દુગંછા.. દુગંછા. એ દુગંછાને વેદતો નથી. હું તો આત્માનું સંચેતન કરું છું. **'હું સ્ત્રીવેદનોકષાયવેદનીયમોહનીયકર્મ...'** સ્ત્રીવેદનું નોકર્મ અંદર પડ્યું છે તેનું ફળ આવે તો તે હું નથી. હું તો આત્મા આનંદ છું. સ્ત્રી સમકિતી હોય છે તો સમકિતી સ્ત્રીને સ્ત્રીકર્મફળ વેદવામાં આવતું નથી. એ પરવસ્તુ છે, હું નથી. મારા આનંદ આગળ એ દુઃખ છે. દુઃખનું વેદન મારું નથી. આહાહા..! પછી પુરુષ છે ને?

**'હું પુરુષવેદનોકષાય...'** બધામાં વેદનીય નાખ્યું છે. પુરુષવેદના ઉદયને હું ભોગવતો નથી. હું આત્મા અવેદી-વેદની જેમાં ગંધ નથી. નિર્મળાનંદનો પિંડ છે. તેનું ફળ સંચેતન, વેદન, અનુભવ, ભોગવવું એ મારી ચીજ છે. આહાહા..! પુરુષવેદનીયકર્મફળનો ભોક્તા હું નથી. હું તો **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ...'** એમ 'જ' પડ્યો છે. આત્મા જ, બીજું નહિ. આહાહા..! સાતમા ગુણસ્થાનની વાત છે ને? સમકિતીને પણ ભોગવવાનું છે પણ એ દુઃખરૂપ જાણે છે. આહાહા..! સમજાય છે? શું? નોકષાયવેદનીય આવે, જુગુપ્સા આદિ (આવે), પુરુષવેદનો ઉદય આવે તો તેને પણ દુઃખરૂપ જાણે છે. મારા આનંદનું દળ, આનંદના નાથની પાસે એ પુરુષવેદનો ઉદય નિષ્ફળ છે. એનું કોઈ ફળ નથી, એ મારી ચીજ નથી. એમ નીચે માને છે, હોય છે. અહીંયાં સાતમે તો હોતું જ નથી. આહાહા..!

**'હું નપુંસકવેદ...'** આ હિજડા, પાવૈયા હોય છે ને? પાવેયા હોય છે ને? હીજડા. અમારે ત્યાં 'પાલેજ' માં પૈસા લેવા બહુ આવતા. દુકાનદીઠ પૈસો (લેવા આવે). એક પૈસો તે દિ' ક્યાં? ચાર પૈસા, બે આના, ત્રણ આના. બે-ત્રણ હીજડા ઢોલ વગાડી વગાડીને દુકાનદીઠ આવે. પછી બે-ચાર આના આપવા પડે. આહાહા..! અહીં કહે છે, એ હીજડો હું નથી. અંદર કદાચિત્ પ્રકૃતિનું ફળ આવે છે, સમકિતીને પણ આવે છે. નારકી સમકિતીને નપુંસકવેદનો ઉદય છે. શું કહ્યું?

નારકી જીવમાં અત્યારે 'શ્રેણિક' રાજા છે, ચોરાશી હજાર વર્ષની સ્થિતિ છે. નપુંસકવેદનો ઉદય છે. આહાહા..! ત્યાં સ્ત્રી-પુરુષ નથી. એ સમકિતી છે, આત્મજ્ઞાની છે, ક્ષાયિક સમકિતી છે અને ક્ષણે ક્ષણે અત્યારે તીર્થંકરગોત્ર બાંધે છે. નરકમાં પણ નપુંસકવેદનો ઉદય આવે છે (એને) જાણે છે, એ મારી ચીજ નથી. થોડું વેદન છે, નબળાઈનું વેદન છે પણ એ મારું નથી, એ મારી ચીજ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પછી ક્યાં આવ્યું? સ્ત્રી, પુરુષવેદ આવી ગયું, નપુંસક. નારકી નપુંસક (હોય).

મોટા ચક્રવર્તી મરીને નરકે ગયા છે. 'બ્રહ્મદત્ત'. છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળનો માલિક અત્યારે નરકમાં છે. નપુંસકવેદે છે. સાતમી નરકમાં (છે). નીચે સાત નરક છે. બધું અત્યારે સિદ્ધ કરવા જાઈએ તો... વસ્તુ છે. સાત નરક છે. ત્યાં એક એક નરકમાં અનંતવાર દરેક પ્રાણી ગયા છે. આહાહા..! એના દુઃખનું વેદન પ્રભુ કહે છે, શું કરવું? 'રત્નકરંડ શ્રાવકાચાર' માં તો એમ લખ્યું છે કે, એ નરકનું એક ક્ષણનું દુઃખ કરોડો ભવે,

કરોડો જીભે કહી શકાય નહિ, પ્રભુ! એવું દુઃખ છે, ભાઈ! ભૂલી ગયો ને! ત્યાં પહેલી નરકની વાત. એથી બીજી, ત્રીજી, સાતમી.. આહાહા..!

પહેલી નરકની શીતનો એક ભુંગળું ઠંડું અહીં લાવે તો હજારો મનુષ્યો ઠંડીમાં મરી જાય. નીચે સાતમી નરક આદિમાં ગરમી છે. એ ગરમીનો અહીં આટલો તણખો લાવે તો આસપાસના હજારો મનુષ્યો મરી જાય એટલી ગરમી. એમાં અનંત વાર રહ્યો. સાતમી નરકે અનંતવાર રહ્યો, પહેલી નરકે (અનંતવાર રહ્યો). પણ સમકિતી કહે છે, સાતમી નરકમાં પણ સમકિતી છે પણ એ કહે છે, એ ફળ મારું નથી. ભોગવે છે પણ મારી ચીજ નથી. અહીં તો બિલકુલ ભોગવતા જ નથી.

આ તો સપ્તમ ગુણસ્થાનની વાત છે. એ મારી ચીજ જ નથી. હું તો આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ આત્મા અતીન્દ્રિય આનંદની જેને ભરતી આવે છે. આહાહા..! જેમ દરિયામાં ભરતી આવે છે, અમારે ભરતી કહે છે, બાઢ, આહાહા..! એમ સમ્યગ્દષ્ટિને, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકને અને મુનિને પર્યાયમાં આનંદની ભરતી આવે છે. આહાહા..! દુનિયાથી જુદી જાતની વાત છે. એ હું નહિ, એ નપુંસકના ફળ હું નહિ. છેલ્લું એ આવી ગયું ને?

**'હું નરક-આયુકર્મના ફળને નથી ભોગવતો,...'** નારકીના આયુષ્યનો બંધ થઈ ગયો હોય, અત્યારે સમકિતી નરકમાં છે, અસંખ્ય સમકિતી નરકમાં છે પણ નરકનું આયુકર્મ મારી ચીજ નથી. આહાહા..! નરકના આયુષ્યનું વેદન મારું નથી. વેદન તો હોય છે, કષાય છે ને હજી? એક કષાય નથી, પણ ત્રણ કષાય છે. અનંતાનુબંધીનો અભાવ છે. અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલનના ત્રણ કષાય ત્યાં છે. સમકિતી રાજા, મહારાજા મરીને ગયા છે. 'ભરત' મોક્ષ પધાર્યા છે. સાતમી નરકે ગયો ને? 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. આહાહા..! અહીં સૂતા વખતે રાત્રે એક તણખલું અડતું હોય, લુગડામાં તણખલું આવી ગયું હોય. આમ શરીર ખુલ્લુ હોય તો અંદર વાગે, ત્યાં રાડ નાખે, કોણે કરી આ પથારી? આહાહા..! ક્યાં તણખલું અને ત્યાં તો લોઢાના તીખા બાણ વડે માર મારે. હું આયુષ્યનો ભોક્તા નથી. આહાહા..! સમ્યગ્દષ્ટિને આત્મજ્ઞાન થયું, પોતાના સ્વરૂપની મહિમા આવી, પોતાના સ્વરૂપના મહિમાથી એના આનંદનું વેદન પણ થોડું આવ્યું, એ આગળ આયુકર્મનો ભોક્તા હું નથી. આહાહા..! નારકી આયુષ્ય. હું તો **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'**

**'હું તિર્યંચ-આયુકર્મ...'** આહાહા..! નિગોદથી માંડીને પંચેન્દ્રિય તિર્યંચ. એ બધા તિર્યંચ કહેવાય. લસણ, ડુંગળીમાં અનંત વાર ઉપજ્યો છે. એક શ્વાસમાં અઢાર ભવ કર્યા છે, એમ અનંત વાર કર્યા છે. એક વાર નહિ, અનંત વાર. એક અંતર્મુહૂર્તમાં નિગોદમાં આ આત્માએ, દરેકે પૂર્વે એટલા ભવ કર્યા છે. છાસઠ હજાર ત્રણસો ને છત્રીસ. એક અંતર્મુહૂર્તમાં. એક અંતર્મુહૂર્ત બે ઘડીની અંદર. છાસઠ હજાર ત્રણસો ને છત્રીસ ભવ કર્યા. ક્યાં કોને પડી છે? જ્યાં ઉપજ્યો ને જ્યાં વેપાર ને ધંધે ચડી ગયો, પછી મરી ગયો, જાઓ! આત્મા શું

(એની ખબર ન મળે). આહાહા..! અંતર્મુહૂર્તમાં છાસઠ હજાર ભવ. નિગોદમાં મરે, ઊપજે, મરે ને ઊપજે, મરે ને ઊપજે... આહાહા..! એક અડતાલીસ મિનિટની અંદર છાસઠ હજાર ને ત્રણસો છત્રીસ ભવ. એવા અનંતવાર કર્યા, એકવાર નહિ. પણ સમકિતી ત્યાં હોય તો એ માને છે કે, આ મારા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? તિર્યંચમાં પણ સમકિતી હોય છે ને? પંચેન્દ્રિયમાં. આહાહા..! '**હું તિર્યંચ-આયુકર્મના ફળને નથી ભોગવતો, હું તો ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**' સંચેતન કહો, અનુભવ કહો, વેદન કહો, ભાવના કહો બધું એક જ છે.

'**હું મનુષ્ય-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' આહાહા..! મનુષ્યનું આયુષ્ય મારું નથી, એ તો જડનું આયુષ્ય છે. તેની મુદ્દત રહેવું એ બધું જડનું છે. મારે એની સાથે સંબંધ નથી. આહાહા..! મનુષ્યઆયુષ્યનો હું ભોક્તા નથી. અરે..! '**હું દેવ-આયુકર્મના ફળને નથી ભોગવતો,...**' દેવ.. દેવ. સર્વાર્થિસિદ્ધનો એકાવતારી દેવ. ત્યાંથી નીકળીને મોક્ષમાં જાય છે. સર્વાર્થસિદ્ધના દેવ. એક ભવ છે પણ એમ કહે છે કે, આયુષ્યકર્મનો ઉદય મારે નથી. વેદન તો છે. વેદન છે ને? કષાય છે ને? ત્રણ કષાય બાકી છે. અહીંયા તો ઉત્કૃષ્ટ વાત છે. વેદન પણ નથી. અહીં તો સાતમા ગુણસ્થાનની વાત છે. અપ્રમત્ત દશા. આહાહા..! એ અપ્રમત્ત દશાનો પાંચમા આરામાં તદ્દન વિરહ પડ્યો છે એમ નથી. કોઈ કોઈને થાય છે. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન (હોય છે). અહીં કહે છે, હું એ આયુષ્યનો ભોક્તા નથી. આહાહા..!

'**હું નરકગતિનામકર્મ...**' પેલું આયુષ્ય હતું. આયુષ્ય-શરીરની સ્થિતિ. હવે આ ગતિ (લે છે). એ નામકર્મ છે. નરકગતિ નામકર્મનો ભોક્તા હું નથી. આહાહા..! સમકિતી નરકમાં રહ્યો છે તોપણ એનો પરમાર્થે ભોક્તા નથી. થોડું વેદન છે. '**ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.**'

'**હું તિર્યંચગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' આહાહા..! પંચેન્દ્રિય હોય ત્યાં સુધી સમકિતી થાય છે. પછી આ તિર્યંચગતિને હું ભોગવતો નથી એમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય ન લેવા. એ ગણાય તિર્યંચમાં, પણ તેને મન નથી, સમકિત નથી. પંચેન્દ્રિય તિર્યંચ હોય છે તેને સમકિત છે. અસંખ્ય (સમકિતી) અઢી દ્વિપ બહાર છે. '**હું તિર્યંચગતિનામકર્મના ફળને નથી ભોગવતો..**' આહાહા..! તિર્યંચગતિનો ઉદય મારો નથી. આહાહા..! હાથી ને સિંહ ને વાઘને આત્મજ્ઞાન થાય છે તો એની ગતિનું ફળ જાણે છે કે, એ પર છે, મારી ચીજ નથી. અને સાચા મુનિ હોય છે એમને તો વેદન જ નથી. અપ્રમત્ત દશા (છે). આહાહા..! તિર્યંચગતિનામકર્મને (ભોગવતો નથી) એમાં પંચેન્દ્રિય લેવા. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયને સમકિત થતું નથી. આહાહા..!

'**હું મનુષ્યગતિનામકર્મના ફળને નથી ભોગવતો,...**' મનુષ્યગતિમાં કેવળ પ્રાપ્ત થાય છે, એમ કોઈ કહે છે. પેલો 'કુચામણ' નો એક પંડિત આવ્યો હતો ને? 'કુચામણ' નહિ?

'રાજમલ'નો (મિત્ર) પંડિત આવ્યો હતો. ઇ કહે, આ મનુષ્યપણું કેવળજ્ઞાનનું કારણ છે. અરે..રે..! શું કરે? ક્યાં એક ચીજ બીજી ચીજને અડતી નથી તો બીજી ચીજથી બીજી ચીજમાં કંઈ થાય એમ કદી ત્રણકાળમાં થતું નથી. અહીંયાં કહે છે, તિર્યંચગતિ તો નહિ, મનુષ્યગતિ પણ નહિ. મનુષ્યગતિથી ધર્મ થતો નથી. મનુષ્યગતિનામકર્મના ફળને નથી ભોગવતો, હું તો ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.

**'હું દેવગતિ..'** નહિ. દેવ હોય ને? સમકિતી દેવ હોય છે. એ દેવનામકર્મના ફળને નથી ભોગવતો. **'હું એકેન્દ્રિયનામકર્મના ફળને નથી ભોગવતો,...'** એ એકેન્દ્રિય સમકિતી નથી હોતા પણ સમકિતીને પૂર્વે બંધાયેલી એકેન્દ્રિયનો ઉદય આવે છે. સમજાણું? પૂર્વે એકેન્દ્રિય (કર્મ) બંધાણું હોય એનું ફળ આવે પણ એને તો છૂટી જાય છે. પંચેન્દ્રિય છે, સમકિતી છે. એકેન્દ્રિયને કાંઈ છે નહિ. પણ આ તો એકેન્દ્રિયનું ફળ સમકિતીને પૂર્વે બંધાયેલી પ્રકૃતિ છે તો ઉદયમાં આવે છે. જેમ અત્યારે મનુષ્યગતિ છે પણ અંદર તો ચારે ગતિનો ઉદય છે. ત્રણ ગતિનો ઉદય ખરી જાય છે. આહાહા..! અહીં એકેન્દ્રિયનું કહ્યું. એ પોતે છે પંચેન્દ્રિય, સમકિતી છે એ એમ કહે છે, એકેન્દ્રિયનો ઉદય આવે તેનું ફળ હું નથી ભોગવતો. એકેન્દ્રિયને તો છે જ શું? આહાહા..! સમજાય છે કાંઈ? દરેક વાતમાં ફેર છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' પણ ટીકામાં નામ લખ્યા છે. એક એકના નામ લખીને વાત કરી છે. આહાહા..!

**'હું દ્વીન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...'** બે ઇન્દ્રિયનો ઉદય આવે. સમકિતી હોય ને પૂર્વે બાંધેલાનો ઉદય એને ભોગવતો નથી. એમ ત્રણ ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય. એમ ચાર ઇન્દ્રિય, એમ પાંચ ઇન્દ્રિય. **'પંચેન્દ્રિયજાતિનામકર્મના ફળને નથી ભોગવતો,...'** પંચેન્દ્રિયમાં સમકિતી હોય છે. સાતમા ગુણસ્થાનવાળા પણ પંચેન્દ્રિય મનુષ્ય છે. એ તો કહે, હું તો બિલકુલ ભોગવતો નથી. એ તો અહીં કહે છે, હોં! હું ભોગવતો નથી એવો વિકલ્પ નથી. ત્યાં તો અનુભવમાં જ છે. આહાહા..! સમજાવવામાં તો કેવી રીતે સમજાવે? આહાહા..!

**'હું ઔદારિકશરીરનામકર્મ...'** ઔદારિકશરીર. ઔદારિક શરીર મળે તો ધર્મ થાય. 'શરીર આદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' માં શબ્દ છે. એ તો નિમિત્તનું કથન છે. 'શરીર આદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્.' એ તો નિમિત્તની વાતું છે. શરીરને આત્મા અડતો નથી. આત્મા શરીરને અડતો નથી અને શરીર આત્માને અડતું નથી. એ ઔદારિક શરીરને હું ભોગવતો નથી. આહાહા..! સાથે સાથે દરેકમાં શબ્દ લે છે કે, આત્મા કોણ છે? કે, ચૈતન્યસ્વરૂપ આત્મા, એ તો ચૈતન્યસ્વરૂપ આત્મા છે. એ કોઈ ગતિ આદિ સ્વરૂપ નથી.

**'વૈક્રિયિકશરીરનામકર્મ છે.'** નારકીને, મનુષ્યને, મુનિને કોઈ વૈક્રિયિકનો ઉદય હોય પણ એ કર્મના ફળને હું ભોગવતો નથી. હું તો ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. વૈક્રિયિકશરીરનામકર્મ. હું આહારકશરીરને ભોગવતો નથી. આહાહા..! મુનિને આહારક શરીર

હોય છે, બીજાને નથી હોતું. એમને આહારક હોય છે તેનો ઉદય પણ થાય છે, પણ એના ભોક્તા નથી. આહાહા..! હું તૈજસશરીર, અંદર તૈજસશરીર છે, જે આ ગરમી લાગે છે ને એ લાગે એ અંદર તૈજસ શરીર છે. આ ગરમી લાગે છે ને? ગરમી. અંદર તૈજસ શરીર છે. આ ઔદારિક છે, એક તૈજસ છે, એક કાર્મણ છે. કર્મ.. કર્મ. કર્મના રજકણ. ત્રણ શરીર અંદર છે. આહાહા..! એ શરીર હું નહિ. **'હું આહારકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! મુનિને આહારક શરીર હોય છે. સાતમા ગુણસ્થાને. હું ભોગવતો નથી.

**'હું તૈજસશરીરનામકર્મ...'** તૈજસ શરીર. અંદર તૈજસ શરીર છે તેને ભોગવતો નથી. **'હું કાર્મણશરીરનામકર્મના ફળને નથી ભોગવતો...'** ઓહોહો..! કાર્મણની પ્રકૃતિ ૧૪૮ નું દળિયું. હું કાર્મણશરીરનામકર્મનો ભોક્તા નથી. આહાહા..! હું તો **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'** આ લોકો રાડ્યું પાડે છે ને? કે કર્મને લઈને આમ થાય, કર્મને લઈને આમ થાય. કર્મ ભોગવવા પડે, બાંધ્યા ભોગવવા પડે. અહીં કહે છે, બાંધ્યા હોય એને ભોગવવા પડે એ સમકિતીને નથી. આહાહા..! **'હું ઔદારિકશરીર-અંગોપાંગ...'** ઔદારિકશરીર-અંગોપાંગની પ્રકૃતિ છે તેને ભોગવતો નથી. હું વૈક્રિયિકશરીર-અંગોપાંગને નથી ભોગવતો. આહારક શરીર તો મુનિને જ હોય છે. એના પણ અંગોપાંગના ફળને ભોગવતો નથી.

**'હું ઔદારિકશરીરબંધન...'** એક પ્રકૃતિ છે. ઔદારિક શરીરના બંધનની પ્રકૃતિ છે તેના ફળને નથી ભોગવતો. **'હું વૈક્રિયિકશરીરબંધન...'** નામકર્મ છે તને પણ નથી ભોગવતો. આહાહા..! **'હું આહારકશરીરબંધનનામકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન કેવળી સિવાય આ વાત ક્યાંય હોય નહિ. કેવળી સિવાય કોઈએ કાર્મણ શરીર અને આત્માના અસંખ્ય પ્રદેશ જોયા નથી. કાર્માણશરીરમાં એક એક પરમાણુ અને એક એકમાં અનંતા ગુણો, અનંતા ગુણની અનંતી પર્યાય કેવળજ્ઞાની ભગવાને જોઈ છે. આહાહા..! અહીંયાં એમ કહે છે કે, સમકિતી જીવ... આહાહા..! આહારકશરીરનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું. હું તૈજસશરીરનામકર્મને નથી ભોગવતો. હું કાર્મણશરીરબંધનનો ભોક્તા નથી.

**'હું ઔદારિકશરીરસંઘાતનામકર્મ...'** એક સાથે પરમાણુ એકઠા થાય છે ને? બંધનમાં એકઠા થાય છે એ મારામાં નથી. એમ બધું લેવું. એમ વૈક્રિયિકશરીર અંગોપાંગ બંધન. એમ આહારકશરીરસંઘાતનામકર્મ, એમ તૈજસશરીરસંઘાતનામકર્મ, એમ કાર્મણશરીરસંઘાતનામકર્મનો ભોક્તા નથી.

**'હું સમચતુરસ્ત્રસંસ્થાન...'** શરીરનું સમચતુરસ્ત્રસંસ્થાનના ઉદયને હું ભોગવતો નથી. આહાહા..! સમચતુરસ્ત્રસંસ્થાનમાં કેવળજ્ઞાન થાય છે, બીજા સંસ્થાનમાં પણ કેવળજ્ઞાન થાય છે. સંઘયણમાં પહેલા સંઘયણમાં થાય છે. સંસ્થાનમાં ગમે તે સંસ્થાન (હોય). ધર્મ તો

હુંડકસંસ્થાનમાં પણ ધર્મ થાય છે. કાર્મણશરીરસંઘાતનાકર્મને નથી ભોગવતો. છે? હું સમચતુરસ્ત્રસંસ્થાન નહિ. હું નિગોદ સંસ્થાન. સંસ્થાન નામ શરીરનો આકાર. એ પ્રકૃતિને હું ભોગવતો નથી. આહાહા..!

**'હું સાતિસંસ્થાન...'** એ સાતિસંસ્થાન સંસ્થાનનો ભેદ છે, એને ભોગવતો નથી. **'હું કુબ્જસંસ્થાન...'** કુબ્જ નીકળે છે ને? કુંધ બહાર નીકળે. એ નામકર્મને હું નથી ભોગવતો. આહાહા..! **'હું વજ્રનારાચસંહનન...'** આવ્યું? **'હું વામનસંસ્થાન...'** એ વામન (એટલે) ઢીચકું શરીર હોય. **'હું હુંડકસંસ્થાન...'** છેલ્લું નાનું સંસ્થાન છે. પછી **'હું વજ્રનારાચસંહનન...'** લ્યો, વજ્રનારાચસંહનન વિના કેવળ થતું નથી, એમ કહે છે. વાત સાચી છે, હોય છે, પણ એનાથી કેવળજ્ઞાન હોય છે એમ નહિ. આહાહા..! અહીં તો કહે છે, હું વજ્રનારાચસંહનનનો ભોક્તા જ નથી. આહાહા..! વજ્રનારાચ બીજા નંબરનું છે એને ભોગવતો નથી. ત્રીજા નંબરનું નારાચ (સંહનન), એ પણ નહિ. એમ અર્ધનારાચ, એ નહિ. એમ કીલિકાસંહનન આકાર એ નહિ. છેલ્લું સંસ્થાન, એના ફળને નથી ભોગવતો. આહાહા..!

**'હું સ્નિગ્ધસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો,...'** ચીકાશ.. ચીકાશ. નામકર્મમાં ચીકાશ હોય છે એને લઈને શરીરમાં ચીકાશ થાય છે તેને નથી ભોગવતો. આહાહા..! **'હું શીતસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! એમ **'હું ઉષ્ણસ્પર્શ...'** ઊના કે ઠંડાને હું ભોગવતો નથી. ઠંડી ચીજને ભોગવતો નથી, ઊનીને ભોગવતો નથી. આહાહા..! અહીં તો હવા અનુકૂળ આવે ત્યાં રાજી રાજી થઈ જાય. દરવાજા બંધ થઈ જાય તો લૂ વાય ત્યાં કરાજી થઈ જાય. અહીં કહે છે, ધર્મીજીવને એ સમયે તે ઉદય આવે પણ તેને જાણે, ભોગવે પણ પર તરીકે ભોગવે. સાતમે તો ભોગવે પણ નહિ. આહાહા..! અહીં આવ્યું ને?

**'રૂક્ષસ્પર્શ...'** લુખો.. લુખો. લુખા સ્પર્શને હું ભોગવતો નથી. કેરીના સ્પર્શને આત્મા અડતો નથી. આ તો ઉદીરણા કર્મની વાત છે. જે સ્પર્શ કર્મ પડ્યા હોય એ ઉદયમાં આવે તેને હું ભોગવતો નથી. આહાહા..! રૂક્ષસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ. **'હું ગુરુસ્પર્શ...'** ભારે સ્પર્શને ભોગવતો નથી. ઉદયમાં આવે ઇ, હોં! કર્મના ઉદયમાં. એ ગુરુસ્પર્શને હું ભોગવતો નથી. હું લઘુને ભોગવતો નથી. આહાહા..! ૧૪૮ ના બધાના નામ આપ્યા છે અને દરેકનો હેતુ છે. કોઈ પણ ગુણસ્થાને હોય, કેટલું ભોગવે, કોણ બિલકુલ ન ભોગવે, કોને ઉદય પણ ન હોય, એ બધી વાત એમાંથી નીકળે છે. કારણ કે એકેન્દ્રિયને પંચેન્દ્રિયનો ઉદય બાહ્યમાં ન હોય, અંદર હોય એ ખરી જાય છે. આહાહા..! પંચેન્દ્રિયને એકેન્દ્રિયનો ઉદય ન હોય, અંદર પ્રદેશઉદય હોય એ ખરી જાય છે. આ તો કહે છે કે, પ્રદેશઉદય વિપાક બહારમાં આવે તો પણ હું ભોક્તા નથી. આહાહા..! આવો વિચાર કોણ કરે? આમાં નવરાશ ક્યાં? આખો દિ' પાપ. આ રળવું ને બાયડી ને છોકરા ને... આહાહા..!

કહે છે કે, હળવો સ્પર્શ, રૂ જેવો સ્પર્શ. એવો કર્મનો ઉદય અંદર હોય એને હું ભોગવતો

નથી. હું મૃદુ-સુંવાળુ.. સુંવાળુ. સુંવાળુ-રેશમ જેવું સુંવાળું. એવી પ્રકૃતિનો ઉદય આવે. તેને હું ભોગવતો નથી. આ બહારની ચીજની વાત નથી, હોં! બહારના સ્પર્શને અડતો નથી. અહીંયા એ વાત નથી. એ સ્પર્શને તો આત્મા અડતો પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ સિદ્ધાંત તો પહેલો રાખવો.

બે સિદ્ધાંત પાકા રાખવા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી અને એક દ્રવ્ય બીજા દ્રવ્યને કંઈ કરી શકતું નથી. ક્રમબદ્ધ.. ક્રમબદ્ધ. આહાહા..! દરેક દ્રવ્યની ક્રમબદ્ધ પર્યાય થાય છે. ધોરણસર. જેમ પહેલું ધોરણ, બીજું ધોરણ, ત્રીજું ધોરણ એમ ધોરણસર પર્યાય ચાલે છે, આઘીપાછી નહિ. આહાહા..! આમાં કેટલું યાદ રાખે? ઘરમાં નવરાશ ન મળે. આમાં તો ઘણું ભર્યું છે, હોં! ઉપર ઉપરથી થોડું થોડું કહીએ છીએ. આહાહા..!

**'હું કર્કશસ્પર્શનામકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! **'હું મધુરરસ...'** આહાહા..! ચુરમાનો રસ. એની પ્રકૃતિની વાત છે, હોં! અંદર પ્રકૃતિનો ઉદય હોય તેનો હું ભોક્તા નથી. આ બહારની ચીજનો ભોક્તા તો હું છું જ નહિ. લાડવાને, રોટલીને કે ઘીને હું ખાતો જ નથી ને હું અડતો પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અહીંથી બે સિદ્ધાંત પાકા રાખવા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને દરેક દ્રવ્યની ક્રમસર, ક્રમબદ્ધ, ધોરણસર પર્યાય ચાલે છે. એક, બે, ત્રણ, ચાર આમ ચાલે, આડીઅવળી નહિ. આઘીપાછી પર્યાય થતી નથી. આહાહા..! નવરાશ ક્યાં હોય આટલી? અહીં તો ઘણું ભર્યું છે. બહુ લાંબું થઈ જાય એટલે.. ૧૪૮ પ્રકૃતિ છે. પ્રકૃતિનો ઉદય આવે એ જીવની વાત છે. ઉદય આવીને બહારમાં ફળ આવ્યું છે, પંચેન્દ્રિય થયો એની વાત નથી, એકેન્દ્રિય થયો એની વાત નથી. એકેન્દ્રિય નામની પ્રકૃતિ અંદરમાં ઉદય આવે એને હું ભોગવતો નથી. આહાહા..!

એમ મધુર-મીઠારસના ફળનો ઉદય આવે એને હું ભોગવતો નથી. ખાટો રસ. ખાટો ખાટો કહે છે ને? ખટ્ટા. આમ્લરસને હું ભોગવતો નથી, હું તીખારસને ભોગવતો નથી. તીખું.. તીખું. મરચા આદિ. એના કર્મનો ઉદય આવે. અહીં તો ઉદયની વાત છે, હોં! તીખાનામકર્મના ઉદયમાં હું જોડાતો નથી. હું તો મારામાં એકાગ્ર થાઉં છું. હું એકાગ્ર થાઉં છું, પણ મારામાં. ઉદય આવે એમાં નહિ. આહાહા..! તીખો રસ.. તીખો તીખો.. તીખો. ઉદય, હોં! ઉદયની વાત છે. તીખોરસ આ બહારમાં આવે એ નહિ. અંદરમાં તીખારસની પ્રકૃતિનો ઉદય આવે, નામકર્મની પ્રકૃતિના ફળનો હું ભોક્તા નથી. એનું ફળ બહાર આવે એની વાત નથી. તીખારસના ઉદયને લઈને તીખું આદિ મળે એની અહીં વાત નથી. અહીં તો ફક્ત અંદર ઉદય આવે એને હું ભોગવતો નથી એટલી વાત છે. આહાહા..!

તિક્તરસ. કટુક. આહાહા..! કડવો રસ, કડવો. અફીણ જેવો. કષાયરસનામકર્મ છે. કષાયેલો રસ. કષાયેલો રસ આવે છે ને? કષાય નહિ, હોં! કષાયેલો રસ. એ રસમાનકર્મની પ્રકૃતિના ઉદયને હું ભોગવતો નથી. સુરભિગંધ. સુરભિગંધની પ્રકૃતિનો ઉદય હું ભોગવતો

નથી. હું દુરભિગંધની પ્રકૃતિને ભોગવતો નથી. આહાહા..!

**‘હું શુક્લવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો,...’** અંદર ધોળા વર્ણનામકર્મનો ઉદય આવે. ધોળું રૂપ મળે એ નહિ. અંદરની પ્રકૃતિમાં જે આવે તેને હું ભોગવતો નથી. આહા! એની અત્યારે આ વાત છે. આહાહા..! શુક્લ આવ્યું ને? પછી રક્ત–રાતો વર્ણને હું ભોગવતો નથી. વર્ણઉદય આવે એને. એમ પીળોવર્ણ. એને ભોગવતો નથી. લીલોવર્ણ. એના ફળને ભોગવતો નથી. આહા! **‘હું કૃષ્ણવર્ણનામકર્મના ફળને નથી ભોગવતો, ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.’** આહાહા..! ત્યાં સુધી તો આ આવ્યું.

હવે નરકગત્યાનુપૂર્વીનામકર્મ છે. આ નામકર્મની વાત છે, હોં! પેલી ગતિની, આયુષ્યની આ વાત નથી. નામકર્મની ગતિ છે એમાં એક નરકગતિ નામની પ્રકૃતિ છે એનો ઉદય અંદર આવે તો એને હું ભોગવતો નથી. વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૪૩૭ કર્મ પ્રકૃતિ–૧૦૮ થી ૧૪૮ શુક્રવાર, અષાઢ સુદ ૮, તા. ૧૮-૦૭-૧૯૮૦**

---

‘સમયસાર’ ૧૦૮ બોલ ચાલ્યા છે. છે શું આ? કે, આ આત્મા જે છે એ અનંત ગુણથી નિર્લેપ શુદ્ધ આનંદકંદ પ્રભુ છે. એને હું રાગ કરું, કરાવું કે અનુમોદું એ નથી. એ ભૂતકાળનું પ્રતિક્રમણ કરવાનું પણ સમજાવે છે. પાછો ફરું છું, હું તો મારા સ્વરૂપમાં (જાઉં છું). ભવિષ્ય માટે પણ મારે કાંઈ કરવું નથી. વર્તમાન માટે મારે કાંઈ કરવું નથી. ૧૪૭ બોલ એક એકમાં ૪૯ બોલ ચાલ્યા. પ્રતિક્રમણના ૪૯, પ્રત્યાખ્યાનના ૪૯, આલોચનાના ૪૯. (એમ) ૧૪૭ ભંગે હું કર્તા નથી. રાગાદિ, દયા, દાનાદિના વિકલ્પનો કર્તા નથી. ભૂતકાળમાં કર્યું એનો પણ નિષેધ કરું છું. ભવિષ્યમાં કરવાની બંધી કરું છું, વર્તમાનમાં એની બંધી છે. આહાહા..! એકલો આત્મા, જેમાં ત્રણકાળના કરવાનું બંધ થયું. હવે બાકી રહ્યું પૂર્વનું બંધાયેલું કર્મ. એ ૧૪૮ પ્રકૃતિ. આ ૧૪૭ બોલ છે, આ ૧૪૮ પ્રકૃતિ છે. ૧૪૭ માં કરવાની વાત છે કે હું કર્તા નથી, કરાવનાર નથી, અનુમોદનાર નથી. આમાં પૂર્વનું બાંધેલું કર્મ ઉદય આવે એનો હું ભોક્તા નથી (એમ કહે છે). આહાહા..! આવી ચીજ છે.

વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ચૈતન્ય વસ્તુ જે છે એ આનંદ ને શાંતિનો સાગર (છે). ભૂતકાળ, ભવિષ્ય અને વર્તમાન એનું કરવું, કરાવવું ને અનુમોદવું કોઈ ભંગે હું નથી. તેમ હું આત્મા પૂર્વે કોઈ અજ્ઞાનભાવે બંધાયેલા કર્મ (છે) એના ફળ વખતે હું એનો ભોક્તા નથી. આહાહા..! ચારિત્રની વ્યાખ્યા છે, પણ કરવું, ભૂતનું, વર્તમાન અને ભવિષ્ય ત્રણેનો નિષેધ કર્યો અને હવે પૂર્વના ભોગવટાનો નિષેધ છે. આહાહા..! અહીં સુધી આવ્યું છે. ૧૦૮.

નરકઆયુનું કર્મ બંધાયું હોય તો એ મારે ભોગવવું નથી. આહાહા..! મારે કરવું તો નથી કાંઈ પણ ભોગવવું નથી કાંઈ. આહા..! આ બે શબ્દમાં (બધું છે). ત્રણસો બોલમાં (પાંચ) બોલ ઓછા. ૧૪૭ ને ૧૪૮. વાત એ કે, હું આત્મા એક જ્ઞાનસ્વરૂપ છું. આહાહા..! ચૈતન્યબિંબ છું, અનાકુળ આનંદનો સાગર, અરૂપી સાગર છું. એ મારી ચીજમાં કરવાનું તો હોતું નથી પણ પૂર્વે બાંધેલા કર્મના ફળને ભોગવવાનું હોતું નથી. આહાહા..! ત્યારે તો તેને સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર થાય. મૂળ બે વાત લીધી. મૂળ તો વસ્તુ ત્રિકાળ ચૈતન્ય શુદ્ધ છે એને કોઈ કરવું એવું ભૂત, ભવિષ્યમાં કાંઈ છે નહિ. તેમ કરવું એકલું નહિ, કોઈ પણ પુણ્ય-પાપનું કરવું, કરાવવું ને અનુમોદવું એ સ્વરૂપમાં નથી. આહાહા..! આત્માનો સ્વભાવ કોઈ પણ ક્રિયા કરું, કરાવું, અનુમોદવું એ રહિત જ મારી ચીજ છે, એમ ધર્મી અંદર જાણે છે. એને ધર્મી કહીએ. આહાહા..!

કાંઈ પણ કોઈ ચીજ, ૧૪૭ ભંગમાં કોઈ એક ભંગનો કર્તા થાય તો તે આત્મા રહેતો નથી. આહાહા..! એમાં ૧૪૮ પ્રકૃતિ છે એ તો જડ છે, અજીવ છે. એના પાક કાળે એના ફળ તરીકે અનુભાગ ઉદય આવે એ તો પ્રકૃતિનું સ્વરૂપ છે પણ મારે એને ભોગવવું નથી, હું તો આનંદનો ભોગવનાર (છું). એ કર્મના દુઃખફળને હું ભોગવનાર નહિ. આહાહા..!આ ધર્મ, આ જૈનધર્મ. આહાહા..! અહીં સુધી (આવ્યું છે).

હું નરકની ગતિને ભોગવનાર નથી. 'શ્રેણિક' રાજા નરકમાં ગયા, તો નરકાનુપૂર્વી પ્રકૃતિ હતી, એની પ્રકૃતિ પણ હતી. નિમિત્ત તરીકે પાસળે પાછળ એ ગઈ. આત્મા પોતાની યોગ્યતાને કારણે આમ નરકમાં ગયો, પ્રકૃતિને લઈને નહિ. આહાહા..! કેમકે પૂર્વે બાંધેલી યોગ્યતા (છે) એને લઈને આમ જાય છે છતાં એની દૃષ્ટિ પર્યાય ઉપર નથી. આહાહા..! કરવા ઉપર તો નથી, કરાવવા ઉપર તો નથી, કર્તાને અનુમોદનરૂપે તો નથી પણ દૃષ્ટિના વિષયમાં પર્યાય પણ નથી. દૃષ્ટિ ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ, પૂર્ણ આનંદ સ્વરૂપ, ત્રિકાળ એક ધારાએ રહેનાર નિત્યાનંદ પ્રભુ એ હું છું. આહા..! કરવાનું તો છે નહિ ત્યારે હવે પૂર્વે પ્રકૃતિ બાંધેલી છે એ તો છે પ્રદેશ ઉપર અને એનો ઉદય પણ આવે છે, તો કહે છે નરકની ગતિનો (કર્તા-ભોક્તા હું નથી).

'શ્રેણિક' રાજા નરકમાં ગયા. નરકાનુગતિનો ઉદય ત્યાં સાથે છે પણ ઇ કહે છે, હું એને ભોગવતો નથી. આહાહા..! પ્રકૃતિ પડી છે, એ નિમિત્ત તરીકે પ્રકૃતિ સાથે જાય પણ છે પણ આત્મા પોતાની યોગ્યતાથી જાય છે. નરકાનુપૂર્વીને લઈને નહિ. પણ યોગ્યતાથી જાય છે એ હું નહિ. આહાહા..! પર્યાયની યોગ્યતાથી જાય, આનુપૂર્વી કર્મથી તો નહિ,પણ મારી યોગ્યતાથી જાઉં છું એ હું નહિ. હું તો જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છું. આહાહા..! જે પર્યાય થાય છે એને હું જાણનાર છું. એ પર્યાયનો કરનારો ને ભોગવનારો હું નથી. આહાહા..! આવી શરતું છે. ધર્મીજીવને ધર્મરૂપે રહેવામાં આવી શરતું છે. ધર્મ એવી કોઈ ચીજ નથી

કે બહારથી કોઈ કરી દે ને આ થઈ જાય.

અંદર વસ્તુ ભગવાન અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ બિરાજે છે. એને દુઃખ પણ નથી, રાગ પણ નથી અને ફળને ભોગવવું એવું નથી. આહાહા..! એવી દૃષ્ટિ ધર્મની થાય ત્યારે તેને તો સમકિતી કહેવાય. ત્યારે તેને ધર્મની પહેલી શ્રેણીવાળો, પહેલી સીડી ને પગથીયાવાળો કહેવામાં આવે. આહાહા..! અહીં તો કાંઈ ધર્મ એટલે એકેન્દ્રિયની દયા પાળી દીધી, મિચ્છામી દુક્કડમ કરી નાખ્યું. એમ નથી, ભાઈ! આહાહા..!

એનું સ્વરૂપ જ ભગવાન પરમેશ્વરસ્વરૂપ છે. પરમેશ્વર શું કરે? જેની દૃષ્ટિમાં પરમેશ્વર આવ્યો... આહા..હા..! પરમાત્મા જેની દૃષ્ટિમાં આવ્યો એ શું કરે? અને કોને ભોગવે? આ કર્તા ને ભોક્તાના બે બોલ છે. ૧૪૭ કર્તાના છે, ૧૪૮ ભોક્તાના છે. મૂળ તો કર્તા-ભોક્તાના (બોલ છે). આહાહા..!

હું ચિદાનંદ આત્મા નરકગતિનો (ભોક્તા નથી). આ 'શ્રેણિક' રાજા ગયા. પ્રકૃતિ સાથે હતી પણ એનો હું ભોગવનાર નથી. આહાહા..! ૧૦૮ આવી ગયા ને? હું તો ચૈતન્ય સ્વરૂપ આત્માનું જ સંચેતન કરું છું. હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા, આનુપૂર્વીસ્વરૂપ આત્મા એ નહિ. આહાહા..! અને મારી યોગ્યતાથી નરકમાં જાઉં છું એ યોગ્યતા એ પણ પર્યાય (છે) એ હું નહિ. આહાહા..! પર્યાયદૃષ્ટિથી મારી યોગ્યતાથી હું જાઉં છું, કર્મને લઈને નહિ. આયુષ્ય બંધાય ગયું માટે નહિ. આહાહા..! આમાં કેટલું ફેરવવું? આહાહા..!

ભગવાન અંદર ચૈતન્ય હીરો (છે) એને જાણ્યો ને માન્યો કહેવાય અને એણે ધર્મને સ્વીકાર્યો એમ કહેવાય કે, જે વર્તમાનમાં ત્રણે કાળના કર્મને કરે ને કર્તાને અનુમોદે નહિ. આહા..! એને ચૈતન્ય સ્વરૂપ, આનંદ સ્વરૂપ (છે) એવો આત્મા એણે જાણ્યો. આ શબ્દ છે ને?. **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'** ૧૦૮. હું તો આત્માના આનંદનું સંચેતન (કરું છું). સમ–સમ્યક્ પ્રકારે ચેતન, એને ચેતું છું. આહાહા..! હું કર્મના ફળને ચેતતો કર્મચેતના મારે નથી. આહાહા..! જ્ઞાનચેતના વડે મારું સ્વરૂપ જે જ્ઞાન ત્રિકાળ છે એને પર્યાયમાં અનુભવું છું. એ સિવાય બીજી કોઈ ચીજ મારે અનુભવની નથી. આહાહા..! બાંધેલા કર્મ ભોગવવા પડશે એવી જે વાતું આવે છે એ અહીં તો કહે છે કે, એ બાંધ્યું પણ નથી ને મારે આવશે પણ નહિ. આહાહા..!

૧૦૯, **'હું તિર્યંચગ્યાનુપૂર્વી નામકર્મના ફળને નથી ભોગવતો,...'** તિર્યંચ–ઢોરમાં અનંતવાર ગયો ને? તો એક તિર્યંચ નામની આનુપૂર્વી નામની પ્રકૃતિ છે. નામકર્મની ૯૩ પ્રકૃતિ છે. એમાં એક આ પ્રકૃતિ છે કે જે બળદને જેમ નાથ નાખીને ખેંચીને લઈ જાય છે એમ આનુપૂર્વી નિમિત તરીકે તિર્યંચ ગતિમાં લઈ જાય, પણ કહે છે, તિર્યંચ ગતિના ફળને હું ભોગવતો નથી. તિર્યંચ ગતિમાં સિંહ અને વાઘ સમકિતી છે અત્યારે. અઢી દ્વિપ બહાર સિંહ અને વાઘ ને હરણ ને મૃગલા, સસલા, સર્પ એ અસંખ્ય સમકિતી છે, અત્યારે. એ કહે છે

કે, તિર્યંચગતિનામકર્મના ફળને હું ભોગવતો નથી. આહાહા..! થોડું-ઘણું જાણપણું હોય એને આ ખબર પડે. પ્રકૃતિની કાંઈ ખબર ન મળે ને ભંગ વળી શું ને આ પ્રકૃતિ શું? એનું ફળ શું બાધ્યું? કંઈ ખબર ન હોય એને આ અધ્ધરથી ધર્મ સમજવો કઠણ પડે. આહાહા..!

**'હું મનુષ્યગત્યાનુપૂર્વી નામકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! પણ છો ને મનુષ્ય? ના, હું મનુષ્ય જ નથી ને. મનુષ્યને આનુપૂર્વી લઈને અહીં આવ્યો? કે, ના. એ આનુપૂર્વી નામની પ્રકૃતિ (છે) પણ એમાં હું નથી ને. હું મારી યોગ્યતાથી આવ્યો છું એ પણ મારી ચીજ નથી. આહાહા..! મારી પર્યાયની યોગ્યતાથી હું મનુષ્યમાં રહ્યો છું અને આવ્યો છું એ પણ પર્યાયદૃષ્ટિનો વિષય, વસ્તુ નહિ. આહાહા..! 'બાબુભાઈ'! હવે આટલા બધા વિચાર કોણ કરે? જય નારાયણ. જિંદગી ચાલી જાય. આહા..! એક દિવસ દેહ છૂટવાનો. અંદર ભગવાન છે એ તો બીજી સત્તામાં ચાલ્યો જશે.

અહીં કહે છે કે, હું તિર્યંચમાં હોઉં કે મનુષ્યમાં હોઉં પણ મનુષ્યગતિ પણ હું નહિ, મનુષ્યઆનુપૂર્વી પ્રકૃતિ મને લાવી છે એ હું નહિ. આહાહા..! હું મનુષ્ય નહિ. 'શાંતિભાઈ'! હું ચૈતન્યસ્વરૂપ (આત્મા છું). છેલ્લે આવ્યું ને? **'હું મનુષ્યગત્યાનુપૂર્વી નામકર્મના ફળને નથી ભોગવતો,...'** ત્યારે **'ચૈતન્યસ્વરૂપ આત્માને જ સંચેતું છું.'** આહાહા..! ૧૧૦ મો બોલ. આહાહા..! હું અહીંયાં આવ્યો છું એ કાંઈ કર્મ પ્રકૃતિને લઈને નહિ અને વર્તમાન પ્રકૃતિને હું ભોગવું છું એમ પણ નહિ. આહાહા..! હું મારી યોગ્યતાથી અહીં આવ્યો છું. મારી પર્યાયની યોગ્યતા. આ શરીરમાં જે રહે છે આત્મા એ આયુષ્યને લઈને નહિ. આયુષ્ય તો જડ કર્મ પર છે. પોતાને એટલી રહેવાની યોગ્યતા હોય તેટલો ત્યાં રહે છે. એવો જ એનો પર્યાયનો સ્વભાવ છે. છતાં તે પર્યાયને હું કરનારો નહિ અને એ પર્યાયનો ભોગવનારો નહિ. આહાહા..!

મનુષ્યગતિ મળી એ પ્રકૃતિને લઈને નહિ. પોતાની યોગ્યતા, એ યોગ્યતા પણ મારું સ્વરૂપ નહિ. આહાહા..! હું ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ (છું). હું એ મનુષ્ય નામકર્મની પ્રકૃતિને ભોગવતો નથી. એ પ્રકૃતિને અત્યારે કરતો તો નથી પણ પૂર્વે કર્યું હતું એનું ફળ આવ્યું એને પણ ભોગવતો નથી. એમ કહે છે. આહાહા..!

**'હું દેવગત્યાનુપૂર્વીનામકર્મના ફળને નથી ભોગવતો,...'** સમ્યગ્દૃષ્ટિ જીવ મનુષ્ય અને તિર્યંચ વૈમાનિક દેવમાં જ જાય. એ આયુષ્ય એવું હોય પણ કહે છે કે, એ આયુષ્યને લઈને હું નથી. આહાહા..! હું તો મારી પર્યાયની યોગ્યતાને લઈને દેવમાં રહ્યો છું. એ પર્યાયની યોગ્યતા પણ મારું ત્રિકાળી સ્વરૂપ નહિ. આહાહા..! મારા દૃષ્ટિના વિષયમાં હું તો દેવની પર્યાયને યોગ્ય નહિ. આહાહા..! ભાન થયા છે, બહુ ઊંડા કર્યા છે. કર્તાપણાને નવ નવ કોટિએ છોડાવ્યું. ભૂતકાળનું પ્રતિક્રમણ, વર્તમાનનું આલોચન, ભવિષ્યનું પચખાણ. હું ચૈતન્ય સ્વરૂપ છું. જાણનાર, દેખનાર મારી સત્તામાં પરનો જરી પણ સ્પર્શ ને અડવું નથી એવો હું આત્મા કેમ હું રાગાદિને કરું? અને કેમ હું તેના પૂર્વના બાંધેલા ફળને ભોગવું? આહાહા..!

આવો વિષય છે. ઝીણો છે. આહાહા..!

હું દેવ નહિ. સમકિતી દેવમાં જ જાય. આહાહા..! અત્યારે 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' વૈમાનિક દેવમાં બિરાજે છે. વૈમાનિક દેવ. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં સમકિતી ન જાય. કારણ કે એ હલકા દેવ છે. એ ઊંચે વૈમાનિકમાં જાય. પણ કહે છે, એ અનુપૂર્વી પ્રકૃતિને લઈને અહીંથી હું ગયો એ નહિ. હું તો મારી યોગ્યતાથી ગયો. એ યોગ્યતા પણ મારું સ્વરૂપ નહિ. આહાહા..! મારું સ્વરૂપ તો ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા, આનંદ છે. ત્રિકાળી જ્ઞાતા-દૃષ્ટા ને આનંદ. આહાહા..! આ ધર્મીને આવી શરતું છે. એમ ધર્મી થઈ જાય નહિ. ધર્મી ધર્મી તરીકે થવાય. આહાહા..! આવા ભંગ સાંભળ્યા પણ ન હોય. બસ! રૂપિયા સાંભળ્યા, રૂપિયા. આહાહા..! બહુ સરસ વાત છે.

હું આત્મા છું તો મારામાં ભૂતકાળ, વર્તમાન, ભવિષ્યનું કાંઈ કરવું મારા સિવાય જ્ઞાતા, દૃષ્ટા સિવાય કાંઈ કરવું એ મારા સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! હું એક ચૈતન્ય જાણનાર, દેખનાર આત્મા (છું). એ જાણવા, દેખવાની પર્યાય સિવાય હું કોઈ કરવામાં ત્રણ પડિકમણા કે આલોચના એમાં ક્યાંય છું નહિ. એ કરવામાં તો નથી પણ પૂર્વે બાંધેલું છે અજ્ઞાનનું એનું શું? આ તો વળી જ્ઞાન વર્તમાન છે એટલે તમે આને કર્તા નથી (કહો છો). પણ પૂર્વે બાંધેલું એનું (શું)? કે, એનો પણ ભોક્તા હું નથી. આહાહા..! દેવપ્રકૃતિમાં જાશે. સમજાય છે? આહાહા..! 'કુંદકુંદાચાર્ય' 'અમૃતચંદ્રાચાર્ય', 'પદ્મપ્રભમલધારીદેવ' બધા દેવલોકમાં છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' વૈમાનિક દેવમાં છે. એ લોકોના ભક્તો એમ કહે છે કે, મહાવિદેહમાં ગયા, ન્યાં કેવળ પામ્યા. ખોટી વાત છે. સમકિતી મનુષ્ય મરીને મનુષ્ય થાય જ નહિ એવો સિદ્ધાંત ત્રણકાળનો સિદ્ધાંત છે. સમકિતી મનુષ્ય ને તિર્યંચ હોય એટલે વૈમાનિકમાં જ જાય. નારકી હોય એ મનુષ્યમાં જ આવે. આહાહા..! સમકિતી દેવ હોય એ મનુષ્યપણામાં જ આવે. આહાહા..! આવા બધા નિયમો ભગવાનના કહેલા છે. ભગવાનના કહેલા એટલે જાણીને કહ્યું છે કે આવું છે. આહાહા..!

દેવ નામકર્મની પ્રકૃતિ. સમકિતીને તો દેવમાં જવાનું જ છે. આહાહા..! છતાં એ પ્રકૃતિનું ફળ મારે નથી. હું તો જાણનાર, દેખનાર છું, એનો પણ જાણનાર, દેખનાર વ્યવહારે છું. આહાહા..! અહીંથી દેવલોકમાં જવાશે એ આનુપૂર્વીને લઈને જાય છે. એને લઈને તો નહિ પણ મારી યોગ્યતાને લઈને નહિ. મારા સ્વરૂપમાં એ છે જ નહિ. હું તો જ્ઞાતા-દૃષ્ટા ને આનંદ છું. આહાહા..! આ ધર્મીને માટે આ શરત છે. આવી વાત છે. આ સાધારણ વાત નથી કે, આ ફલાણી પ્રકૃતિ ગઈ, આટલા બધા બોલ આવી ગયા. એક એક બોલમાં જે જીવને જેને જે પ્રકૃતિનો ઉદય આવે કે પૂર્વે વર્તમાન કાંઈ કરતો હોય એ કરવાનું હું નહિ. હું તો જાણનાર છું અને પૂર્વે કર્યું એના ફળને હું તો જાણનાર છું. આહાહા..! એ પણ વ્યવહારે પરના ફળને જાણનાર છું, નિશ્ચયથી મારા જ્ઞાનને જ્ઞાનને જાણનાર છું. આહાહા..!

અનંત આત્મા ને અનંત પરમાણુમાં વચ્ચે હું એકલો જુદો (રહ્યો છું). મારે ને પરને કાંઈ સંબંધ ન મળે. આહાહા..! નિરાળો,.. આહાહા..! નક્કર કાટ. કર વિનાનો એકલો. નક્કરકાટ કહે છે ને? નક્કરકાટ. નક્કર છે અને કાટ એટલે મેલ નથી. આહાહા..! ભાષા તો બોલે છે પણ એ એની રૂઢિ ભાષા (બોલે). એના ભાવમાં (ભાસન નથી). હું તો પરથી નક્કરકાટ છું. પરનું કર્મ એમાં નથી, મારામાં એનો મેલ નથી, પરનું મારે દેણું પણ નથી, પરનું મારે લેણું પણ નથી. આહાહા..! આવું છે. એ તો નથી પણ પૂર્વની પ્રકૃતિનો ઉદય આવે એને હું ભોગવતો નથી. પર્યાયમાં જે કાંઈ ભોગવાય છે તેને પણ હું ખરેખર તો જાણનાર ને દેખનાર છું. આહાહા..! ભોગવવાની પર્યાયને પણ જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણવું એ મારો સ્વભાવ છે પણ દેવને કે નરકને હું ભોગવું એ મારું સ્વરૂપ નથી. આહાહા..!

**'હું નિર્માણનામકર્મના ફળને નથી ભોગવતો...'** નિર્માણ એટલે આ શરીરના અવયવો સ્થાનમાં રચના. કાન અહીં હોય, નાક અહીં હોય. નાક કાંઈ અહીં હોય ને કાન અહીં હોય એમ નહિ. એવી એક પ્રકૃતિ છે. પોતપોતાના સ્થાને તે પરમાણુ પરિણમે. **'નિર્માણનામકર્મના ફળને હું ભોગવતો નથી.'** આહાહા..! હજી નિર્માણનામકર્મ શું એ શબ્દ સાંભળ્યો ન હોય. નવરા જ ક્યાં છે ધંધા આડે? ઝવેરાતના ધંધા આડે નવરો કે દિ' થયો છે અંદર? સૌને.. સૌને (એમ છે). આ એનું તો (નામ છે). 'શાંતિભાઈ'!

હું કોણ છું? પ્રભુ! આત્મા છું, આત્મા એ કાંઈ નિર્માણનામકર્મને ભોગવે એ હોય નહિ. એ તો શરીરની રચનાનું છે, ધૂળની રચના (છે). નાકને ઠેકાણે નાક (છે). કેટલાક કુબડા હોય છે. આંખ અહીં ઊંધી એવા પણ હોય છે. અમે જોયા છે. એ નામકર્મનો એવો ઉદય હોય. આહાહા..! આંખો અહીંયાં હોય ને આ બધું મોઢુ આમ હેઠું હોય. એવો માણસ છે. આહાહા..! એ હું નહિ, એના ફળને ભોગવનાર હું નહિ. કેમકે હું ચૈતન્ય છું, હું આત્મા છું, હું મારા આત્માને ચૈતન્ય સ્વરૂપે વેદુ પણ પરને વેદુ ને કરવું, એ કરવું ને વેદવું એ મારામાં નથી. આહાહા..!

પહેલેથી કરવું ને વેદવું નથી. આહાહા..! એવો સમકિતમાં નિર્ણય કર્યો છે એ ચારિત્રમાં વર્તનમાં મુક્યું છે. ભાઈ! સમજાય છે? સમકિતમાં જે નિર્ણય કર્યો છે કે, હું કર્તા ને ભોક્તા નથી એ ચારિત્રમાં એ નિયમમાં મુક્યું છે. આહાહા..! એ આ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. કારણ કે, સમકિતમાં થાય, અસ્થિરતા થાય, અસ્થિરતાને ભોગવે, વેદે. અત્યારે નરકમાં નારકી છે. 'શ્રેણિક' રાજા સમકિતી, ક્ષાયિક સમકિતી ત્યાં અત્યારે ક્ષણે ક્ષણે તીર્થંકરગોત્ર બાંધે છે. છતાં ત્રણ કષાયનો ઉદય છે. એ સંયોગનું દુઃખ નથી. પ્રતિકૂળ ઘણી ઠંડી ને એવી સ્થિતિ છે. એ સંયોગને આત્મા અડતો પણ નથી. એ સંયોગનું એને દુઃખ નથી. સંયોગ ઉપર લક્ષ જાય છે કે આ ઠીક નથી એનું દુઃખ છે. આહાહા..! સમજાય છે? માણસ અગ્નિમાં આમ શેકાતો હોય તો એને એ અગ્નિનું દુઃખ નથી. અગ્નિને તો પ્રભુ અડતો

પણ નથી. ફક્ત એવું થતાં અંહહ... પ્રતિકૂળતાનું વેદન-દ્વેષ આવે એ દ્વેષને વેદે છે.

અહીં તો કહે છે, શરીરની રચના અનુકૂળ થઈ, જ્યાં જોવે ત્યાં (બધું છે) પણ એ હું નહિ. આહાહા..! એના અભિમાન હોય. શરીર રૂપાળું હોય, શરીર જ્યાં જ્યાં જોવે ત્યાં સરખા ગોઠવાણા હોય (તો એને એમ લાગે કે) મારું શરીર આવું છે, મારું શરીર આવું છે. પણ આ છે ધૂળનું ને. ધૂળનું શરીર આત્માનું ક્યાંથી થઈ ગયું? આહાહા..! બહુ ફેરવવું પડે. 'શાંતિભાઈ'! આહાહા..! અત્યારે તો ચાલતું નથી. આહાહા..!

આ તો મૂળ વિષય છે. કર્તા કે ભોક્તાનો વિસ્તાર કરીને આ પ્રમાણે ૨૯૫ ભંગ વર્ણવ્યા છે. આહાહા..! એક એક પ્રકૃતિ (લીધી). બધાને સરખી ન હોય. તીર્થંકર પ્રકૃતિનું આવશે. એ કાંઈ બધાને ન હોય, પણ જેને જેને હોય એને માટે એ વાત છે. આહાહા..! મનુષ્યાનુપૂર્વી ભોગવે. હોય એને (ભોગવે). એને દેવાનુપૂર્વી ન હોય. દેવાનુપૂર્વી છે એને મનુષ્યાનુપૂર્વી ન હોય. પણ અહીં તો આખું વર્ણન છે ને એટલે જે દેવમાં ગયેલો છે એ પણ હું નહિ.

એ નિર્માણકર્મ (એટલે) શરીરના કાનને ઠેકાણે કાન, નાકને ઠેકાણે નાક, આંખને ઠેકાણે આંખ (હોય). આહા..! એક માણસ જોયો હતો. (એને) આંખ અહીં (હતી). આમ મોઢું (હતું). આંખ અહીં (હતી). એ નિર્માણકર્મની રચના છે. નિર્માણ નામનું એક નામકર્મ છે. નામકર્મની ૯૩ પ્રકૃતિ છે એ માંહેલી એક આ પ્રકૃતિ છે. આહાહા..! એને લઈને આ શરીરની રચના થાય એ પણ નિમિત્તથી કથન છે. પ્રકૃતિ પ્રકૃતિથી છે, રચનાર પોતાને પોતાના ઉપાદાનથી થાય છે. આહાહા..! આત્મા તો રચતો નથી પણ એ નિર્માણકર્મ આને રચતો નથી. આહાહા..! આ પરમાણુ જુદા ને નિર્માણનામકર્મના જુદા. આહા..! એમ દરેકમાં લેવું. અત્યારે એ આવ્યું. આહાહા..! તે પરમાણુ કાંઈ બીજા પરમાણુની રચના કરે એવું નથી. પણ ટૂંકી ભાષામાં સમજાવવું હોય કે, આમ ફેર કેમ છે? (તો) આ નામકર્મમાં અંદર ફેર છે માટે ફેર છે, એમ બતાવવા. સમજાય છે કાંઈ? નામકર્મ.

**'અગુરુલઘુનામકર્મના ફળને નથી ભોગવતો,...'** શરીર હળવું નહિ ને ભારે નહિ એવી એક પ્રકૃતિ છે, પણ એ પ્રકૃતિને હું ભોગવતો (નથી). મારું સ્વરૂપ જ નથી. આહાહા..! એની યોગ્યતામાં ભોગવું છું પણ એ યોગ્યતા પણ મારું સ્વરૂપ નથી. યોગ્યતા એ તો એક પર્યાયનો ધર્મ છે. મારો દ્રવ્યધર્મ,... આહાહા..! દ્રવ્ય વસ્તુ ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો હીરલો એવો ચૈતન્ય ભગવાન એને હું ભોગવું છું, એને હું વેદું છું. આહાહા..! કીધું ને અગુરુલઘુ નહિ.

**'ઉપઘાતકર્મ...'** પરથી હણાય એવી એક નામકર્મની પ્રકૃતિ છે. એ નિમિત્તથી વાત થઈ. પ્રકૃતિ છે. પરથી હણાય એ ઉપઘાત નામની એક પ્રકૃતિ છે. એ હું નહિ. આહાહા..! એને હું ભોગવનાર નહિ. ઉપઘાતથી પરમાં હણાય છે એ પણ વ્યવહાર છે. ટૂંકું સમજાવવું

હોય ત્યારે (આમ કહે). આહા..! **'હું ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું.'**

**'પરઘાતનામકર્મ...'** હું બીજાને હણી શકું છું. શરીરના પ્રકૃતિના જોર. એ પરઘાત નામની પ્રકૃતિ છે, કે બીજાને મારી શકું. એ હું નહિ. આહાહા..! ઉપઘાતમાં બીજા મારે, પરઘાતમાં બીજાને મારે, એ બે પ્રકૃતિઓ છે. આહાહા..! ભગવાનઆત્મા કાંઈ કરે નહિ. આહાહા..! એ પરથી હણાય નહિ, પરને હણે નહિ. આહાહા..! આવી વસ્તુસ્થિતિ છે.

પ્રભુ પરમાત્મા ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાન તો બિરાજે છે. 'મહાવીર' પ્રભુ સિદ્ધ થઈ ગયા, એ અરિહંત હતા અત્યારે સિદ્ધ થઈ ગયા. પ્રભુ અરિહંતપણે બિરાજે છે. 'સીમંધર' ભગવાન અરિહંતપદે બિરાજે છે. હજી કરોડો, અબજો વર્ષ પછી સિદ્ધ થશે. આહાહા..! અરિહંત ને સિદ્ધમાં ફેર (છે). ચોવીસ તીર્થંકરો સિદ્ધ થઈ ગયા. અત્યારે નથી, હવે વાણી નથી. આ વીસ તીર્થંકર બિરાજે છે. વાણી છે, સમવસરણ છે. આહાહા..! તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવ્યો છે. કેવળ થયું એટલે પ્રકૃતિ પડી હતી એનો ઉદય આવ્યો છે. એને લઈને સમવસરણ ને ઇન્દ્રોના મોટા ઠાઠ જામી જાય. એ તો કેવળજ્ઞાનથી જાણે છે. પહેલેથી જાણે છે કે, આમ થશે ને આમ થવાનું છે.

અહીં તો કહે છે કે, પરઘાત–પરને હણી શકે એવી પ્રકૃતિ એના ફળ હું ભોગવતો નથી. મારામાં ઇ છે નહિ. હું જ્ઞાતા-દૃષ્ટા છું. જાણનાર-દેખનારમાં બીજું કાંઈ સામે (સમાય) નહિ. આહાહા..! નાની ચીજમાં જેમ ભૂંગળી નાનીમાં બીજી જાડી ચીજ રહી શકે નહિ એમ મારો પ્રભુ જ્ઞાનસ્વરૂપી છે એમાં પરનું ભોગવવું ને કરવું સામી (સમાય) શકે નહિ. આહાહા..! પરઘાત થઈ ગયું? પછી આતપ. આતપપ્રકૃતિ આ સૂર્યની. સૂર્યની આતપપ્રકૃતિ છે ને? નામકર્મની પ્રકૃતિ છે. એ હું નથી.

**'હું ઉદ્યોતનામકર્મ...'** ઉદ્યોત પ્રકૃતિ છે. શરીર આદિનો પ્રકાશ. એ હું ભોગવતો નથી. **'ઉચ્છ્‌વાસનામકર્મના ફળને નથી ભોગવતો,...'** આ શ્વાસ ચાલે ને? નામકર્મની પ્રકૃતિ (છે). એ શ્વાસ. એના ફળને હું ભોગવતો નથી. **'હું પ્રશસ્તવિહાયોગતિ...'** એવી પ્રકૃતિ એક છે કે, આમ ચાલવામાં એની હાથીની જેવી ગતિ હોય. ગધેડાની જેવી ગતિ એક પગ આમ પડે, એક પગ આમ પડે એવા પગ છે ને? અત્યારે છે. બે પગ સરખા ન રહે. આમ પગ થઈ જાય, આમ પગ થઈ જાય. આ પ્રકૃતિ છે એ તો જ્યાં જોઈએ તે પ્રમાણે શરીરના પગ બરાબર પડે ને બરાબર ચાલે. એને પ્રશસ્તવિહાય... વિહાય એટલે આકાશમાં ચાલવું. એ કર્મની પ્રકૃતિ છે. પ્રકૃતિના હજી નામ પણ ન આવડતા હોય. થોડો અભ્યાસ કરવો જોઈએ, ભાઈ! અભ્યાસ વિના એની આગળની વાતું ... વિશેષ કેમ વધી શકે? આહાહા..! (એ) **'પ્રશસ્તવિહાયોગતિ,...'**

**'અપ્રશસ્તવિહાયોગતિ...'** માણસની ગધેડાની જેવી ગતિ, ઊંટડાની જેવી ગતિ (થાય) એ હું નથી. સાધારણ શરીર. એક શરીરમાં અનંતા જીવ રહે એ હું નહિ. આહાહા..! એક

શરીરમાં અનંતા નિગોદમાં રહે. ડુંગળી ને લસણ. એ હું નહિ, હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. એ નિગોદમાં રહેનારને માટે આ નથી. આ તો સમકિતી વિચારે છે કે, આવું થાય તે હું નથી. નિગોદના જીવને આવું ક્યાં છે? ખબર પણ નથી. આહાહા..! પણ જેને ખબર છે, કે આ જીવ નિગોદમાં અનંતવાર ગયો. કહે છે, એના ફળને હું ભોગવનાર નથી. આહાહા..! પ્રત્યેક શરીર–એક શરીરમાં એક જીવ (રહે) એ પણ હું નહિ, એને ભોગવનાર હું નહિ. આહાહા..!

મારા દ્રવ્યને ને બીજાના દ્રવ્યને ઉગમણો, આથમણો ફેર (છે). (એકબીજાને) અડે નહિ અને બેયની ક્રમબદ્ધ પર્યાય થાય, એમાં એનું અડવું ને સ્પર્શવું રહ્યું ક્યાં? આહાહા..! એક આત્મા બીજા આત્માને અડે નહિ, એના શરીરને અડે નહિ તો પછી એના કાર્યને કરે, ક્રમબદ્ધ કાર્ય થતાં હોય એમાં આ કરે એ ત્રણકાળમાં છે નહિ. આહાહા..!

**'સ્થાવરનામકર્મ...'** સ્થાવર–એકેન્દ્રિયમાં રહેવું એ. એ હું નહિ. એ નામકર્મવાળાને નથી, આ તો સમકિતી વિચારે છે. પેલી પ્રકૃતિ પડી હોય એ મારી નથી, એમ. સ્થાવરનામકર્મ. **ત્રસનામકર્મ...'** ત્રસપણું હોય એ હું નહિ. **'સુભગનામ...'** શોભા. આહા..! શરીરની શોભા સારી હોય એ સુભગનામકર્મ એ હું નહિ. અસુભગનામકર્મ–શરીરની શોભા ખોટી હોય, **'દુર્ભગનામકર્મ...'** બરાબર શરીરની શોભા સારી ન હોય. એ પણ એક પ્રકૃતિ છે. એના ફળને હું ભોગવતો નથી. હું અરૂપી, એ રૂપી. ઉગમણો-આથમણો ફેર (છે). એનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (છે). મારામાં અવર્ણ, અગંધ, અસ્પર્શ (છે). આહાહા..! આવું વિચાર્યું કે દિ' હોય? સંસારમાં ધંધા આડે નવરાશ ન મળે. આહાહા..! એ પ્રકૃતિ મારે છે જ નહિ. છે? દુર્ભગ (નામકર્મ) એ હું નથી. આહાહા..!

**'સુસ્વર...'** કંઠ આમ બરાબર (ચાલે). હાર્મોનિયમનો તાર વાગે એવો કંઠ નીકળે, (એવો) કંઠ હોય. સુસ્વર, કંઠનો સુસ્વર એ હું નહિ. આહાહા..! એમ **'દુઃસ્વર...'** એ પણ હું નહિ. **'હું શુભનામકર્મના ફળને નથી ભોગવતો,...'** એ બધું શુભ નામ છે. બહારમાં ઠીક દેખાય એવું. એને હું ભોગવતો નથી. **'અશુભનામકર્મ...'** એને હું ભોગવતો નથી. **'સૂક્ષ્મશરીરનામકર્મ...'** જ્ઞાનીને છે ને એ? પણ એ પ્રકૃતિ પડી હોય એ મને ભોગવવાની નથી. એમ **'બાદરશરીર...'** બાદરપણું તો છે પણ એના ફળને હું ભોગવતો નથી. આહાહા..! ચૈતન્યસ્વરૂપ આત્માને જ (સંચેતું છું).

**'પર્યાપ્તનામકર્મના ફળને નથી ભોગવતો,...'** પર્યાપ્ત થાય છે. આહારક શરીર ... બધા પ્રાણ પૂરા બંધાય એને પર્યાપ્તિ કહેવાય. એ હું નહિ. પર્યાપ્તિ પૂર્ણ થાય એ પર્યાપ્તિ જડની છે. આહાહા..! **'અપર્યાપ્તનામકર્મના ફળને નથી ભોગવતો,...'** એ પણ હું નહિ. અત્યારે અપર્યાપ્ત તો છે નહિ પણ એને પૂર્વે બાંધ્યું હોય એ કોઈ ઉદયમાં આવ્યું હોય એ નહિ. **'હું સ્થિરનામકર્મના ફળને નથી ભોગવતો,...'** શરીર જોવે ત્યાં બરાબર સ્થિર રહી શકે એ પર્યાયો નહિ, મારી પર્યાય નથી. એમ **'અસ્થિરનામકર્મ...'** એ હું નથી, એમ

**'આદેયનામકર્મ...'** લોકો આદર કરે, આદર કરે, પ્રશંસા એવા કર્મનું ફળ હું ભોગવતો નથી. **'હું અનાદેય,...'** કોઈ અનાદર કરે, એના ફળને હું ભોગવતો નથી. **'હું યશઃકીર્તિનામકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! 'પોપટભાઈ'! કોઈ યશકીર્તિ બંધાણી હોય ને દુનિયામાં યશ જામ્યો હોય, મારે ને એને કાંઈ લેવા-દેવા નથી. યશનું ફળ કાંઈ ને આત્મા ક્યાંય રહ્યો. આહાહા..! એ વિચાર કરે છે કે દિ'? પૈસા થયા ને રળવું ને ખાવું ને પીવું ને વેપાર ને ધંધા. બાયડી, છોકરા થયા. આહાહા..! યશકીર્તિ પ્રકૃતિ છે. બહુ સારા કામ તેં કર્યા માટે યશ થયો એવું નથી. એ પ્રકૃતિ યશકીર્તિ છે એટલે ગમે તે હોય એ તો બહારમાં ગવાય. આહાહા..! પણ એ મારા નહિ, જશ મારો નહિ. મારો જશ તો મારામાં છે. આહાહા..! એમ અપજશ, એ પણ નહિ. છે ને? આહાહા..! હવે નામકર્મની છેલ્લામાં છેલ્લી. આહા..! નામકર્મની છેલ્લી. ગોત્રકર્મની રહી ગઈ. ગોત્રની બે અને અંતરાયની પાંચ.

**'હું તીર્થંકરનામકર્મના ફળને નથી ભોગવતો,...'** આહાહા..! જેને તીર્થંકર પ્રકૃતિ બંધાયેલી છે એ જીવની આ વાત લીધી છે. એ જે સમકિત પામે છે કહે છે કે, તીર્થંકરપ્રકૃતિ... તીર્થંકર થવાના સમયે... હું તો આત્મા છું, હું તીર્થંકર થવાનો નથી. આહાહા..! જશ ને અપજશ એ રહી ગયું. જશકીર્તિનામકર્મના ફળને ભોગવતો નથી. એમ અપજશકીર્તિ એ નહિ. એમ તીર્થંકરનામકર્મ આ છેલ્લામાં છેલ્લી, નામકર્મની છેલ્લી પ્રકૃતિ. નામની હોં! ગોત્રની બે (અને અંતરાયની પાંચ એમ) સાત બાકી છે. આ તો હજી ૧૪૧ થઈ. ૭ બાકી છે. આ નામકર્મની છેલ્લી, તીર્થંકરનામકર્મ. આહાહા..!

અહીં તો એક જરીક જશકીર્તિ ફળે ને આબરૂ જ્યાં બોલે ને લોકો વખાણ કરે ત્યાં ભાઈસાબ તો ફુલાય જાય. આહાહા..! તમે બહુ સારા કામ કર્યા છે, તમારું આમ છે. એ કુદરતના નિયમમાં ક્યાં મરીને ગયો હશે એ જુદી વાત છે. દુનિયા વખાણ કરે બહારમાં. ગામમાં કાર્યવાહક મોઢા આગળ હોય ને? બધા કાર્યવાહક કાર્ય કરે, બધા કાર્યમાં પડે અને અભિમાન કરે કે, આ મેં કર્યું, મેં કર્યું. દુનિયા વખાણે એટલે ખુશી થાય. હવે એમાં ક્યાં જશે મરીને? આહાહા..! અરે..રે...! એ કોણ વિચાર કરે છે? આ તો વર્તમાન દેખવું.

અહીં તો તીર્થંકર પ્રકૃતિને હું ભોગવતો નથી. તીર્થંકર પ્રકૃતિ જેને હોય એની વાત છે, બધાને કાંઈ આ હોતું નથી. આહાહા..! જેને તીર્થંકર પ્રકૃતિ બંધાયેલી છે એના ફળને નથી ભોગવતો. આહાહા..! પણ શેને ભોગવે? કેમકે પ્રકૃતિનો ઉદય તેરમે ગુણસ્થાને આવે. કેવળજ્ઞાન (થાય ત્યારે). ત્યારે તો આ અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..! એ સમવસરણ ને ઇન્દ્રોની સભા ને જમવટ જામે. મણિ રતનના ગઢ (હોય). એ બધી પ્રકૃતિ તીર્થંકરપ્રકૃતિનો ઉદય તેરમે આવે. કેવળજ્ઞાન થયું પછી પ્રકૃતિનો ઉદય આવે એમાં ક્યાં (ભોગવવું રહ્યું)? આહાહા..!

મુમુક્ષુ :– સત્તામાં પડેલી છે એ પ્રકૃતિને ભોગવવાનો પ્રશ્ન કેમ આવે?

ઉત્તર :– ઉદય આવશે ને. સત્તાની વાત ક્યાં છે? એનો ઉદય આવશે ને. ઉદય વખતે હું રહીશ કે નહીં, એ પ્રકૃતિનું મારું કામ જ નથી. તીર્થંકર પ્રકૃતિ બંધાશે માટે તારે આમ થાશે ને તારે આમ થાશે. હું તો આત્મા છું. આહાહા..! તીર્થંકર પ્રકૃતિ જેને બંધાયેલી છે, બંધાશે એની વાત નથી, બંધાય ગઈ અને કેવળી તરીકે ફળ આવી ગયું એને નહિ, અહીં તો બંધાયેલી છે ને ફળ આવ્યું નથી, કેવળજ્ઞાન થયું નથી, એ પહેલા કહે (છે), મારી નહિ, હું એના ફળને ભોગવનાર નથી. આહાહા..! તીર્થંકર પ્રકૃતિના ફળને પણ હું ભોગવનાર નથી. આહાહા..!

**'હું ઉચ્ચગોત્રકર્મના ફળને...'** ગોત્રકર્મ. ઉચ્ચગોત્ર હોય ને? ક્ષત્રિય ને ઉત્તમ બ્રાહ્મણ. એવા ફળને ભોગવતો નથી. આહા..! ને ઉત્તમકુળમાં જન્મ (થયો હોય). મારી માતા ઉત્તમકુળ, પિતાજી ઉત્તમકુળ, માતા ઉત્તમ જાતિ, એના અમે દીકરા છીએ. આહાહા..! કોઈનો દીકરો નથી, કોઈનો બાપ પણ નથી. ભ્રમણા કરીને માન્યું છે. આહાહા..!

---

## પ્રવચન નં. ૪૩૮ ભાવના રવિવાર, અષાઢ સુદ ૯, તા. ૨૦-૦૭-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' કૌંસમાં છે ને? **'(અહીં ભાવના એટલે..)'** ભાવના કહ્યું ને? ભાવના. ભાવનાનો અર્થ શું? કે, **'વારંવાર ચિંતવન કરીને....'** પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે તેની આ વાત છે. સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્યદળ જ્ઞાયકભાવ પ્રથમ અનુભવમાં આવ્યો છે. પ્રતીતમાં અને અનુભવમાં પહેલા આવ્યો છે એની વાત છે. **'વારંવાર ચિંતવન કરીને...'** સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની ચોથે, પાંચમે, છઠ્ઠે. સાતમામાં તો ઉપયોગમાં છે. ચારિત્ર અધિકાર છે ને? **'ઉપયોગનો અભ્યાસ...'** કરે છે. લ્યો આ અભ્યાસ આવ્યો. ઉપયોગનો અભ્યાસ કરે છે.

**'જ્યારે જીવ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની થાય છે...'** જ્યારથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે ત્યારથી. તેની અહીંયાં વાત છે. વસ્તુ જાણી નથી, પ્રતીતમાં આવી નથી તેની ભાવના શું? તેની ચિંતવના શું? જે ચીજ જ દૃષ્ટિમાં આવી નથી. આહાહા..! સૂક્ષ્મ વાત છે. આ છેલ્લો અધિકાર છે ને?

વસ્તુ જ્ઞાન, આનંદ, શાંતિનો સાગર (છે). એવો આત્મા અનુભવમાં, દૃષ્ટિમાં, વેદનમાં આવ્યો છે તે પછી વારંવાર ભાવના કરીને સાતમા સુધી જાય છે. સમજાય છે કાંઈ? થોડી ઝીણી વાત છે. પ્રથમ તો વાત ઘણી (કરી). આ તો ચારિત્ર અધિકાર છે ને? પહેલા ઘણો

અધિકાર ચાલી ગયો. એમાં તો આત્મા દેહથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી ભિન્ન, એક સમયની પર્યાયમાં પણ પૂરો આત્મા આવતો નથી. પૂર્ણ આત્માની પર્યાયમાં દૃષ્ટિ કરી, પર્યાયમાં પૂર્ણની દૃષ્ટિ કરીને જ્યારે શ્રદ્ધા ને જ્ઞાન, સમ્યગ્દર્શન પૂર્ણ ચીજનું થાય છે, પછી એ ચીજની ભાવના કરીને ઉપયોગ લગાવીને ચારિત્ર કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના આ ભાવના થતી નથી. કેમ કે એ ચીજ અંદરમાં નજરમાં આવી. જ્ઞાનમાં જ્ઞેય આત્મા જાણવામાં આવ્યો છે. શ્રદ્ધામાં આ વસ્તુ શ્રદ્ધવા યોગ્ય છે (એમ શ્રદ્ધાન થયું છે). ભગવાન પૂર્ણાનંદનો નાથ શ્રદ્ધામાં આવી ગયો છે. જ્ઞાનમાં આવી ગયો છે અને શ્રદ્ધામાં આવી ગયો છે. ઝીણી વાત છે. પ્રશ્ન કરવા પડશે. ભાઈ રાત્રે બહુ સારા પ્રશ્ન કરતા હતા. કાલે ભાઈના બહુ સારા પ્રશ્ન હતા, સમજવા જેવા હતા. આ તો ઝીણી વાત છે, ભગવાન! અનાદિનો અનભ્યાસ છે અને વર્તમાનમાં આ સાંભળવું મુશ્કેલ પડે એવું છે. આહાહા..!

આ તો જેને આત્માનું હિત કરવું છે તેને હિત કરવાની જે ચીજ છે એ ચીજ શું છે? હિત કરવું છે, ધર્મ કરવો છે તો એ ધર્મ કરનારો છે કેવો? એ પહેલા એને દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યા વિના તેની ભાવના કે વારંવાર ચિંતવન (કરે કેવી રીતે?) દૃષ્ટિમાં જ આવ્યો નથી તેનું ચિંતવન શું કરે? એ બીજું ચિંતવન કરે. જે પોતાની ચીજ છે એ દૃષ્ટિમાં આવી નથી, જ્ઞાનમાં જ્ઞેય બની નથી તો ચિંતવન કરશે એ બીજાનું કરશે. આહાહા..!

કહે છે કે, અહીં **'સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની થાય છે...'** એ તો છે. એની વાત ચાલે છે. છેલ્લો ચારિત્રનો અધિકાર છે. **'ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ...'** છે. ધર્મીને પહેલા દરજ્જે જ્ઞાયકસ્વરૂપનું જ્ઞાન અને જ્ઞાયક સ્વરૂપની શ્રદ્ધા (થઈ છે). અનુભવ-શ્રદ્ધા, હોં! અનુભવની શ્રદ્ધા. એ તો પહેલા થઈ ગઈ છે. ત્યારે તો ધર્મની શરૂઆત થઈ ગઈ છે પણ એને પૂર્ણ કરવા ચારિત્ર નામ ઠરવું, રમવું (કરે છે). તો શેમાં (ઠરે છે)? જે કોઈ ચીજ દૃષ્ટિમાં આવી છે, જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવામાં આવી છે તેનું વારંવાર ચિંતવન કરવું અને ઉપયોગ કરવો. આહાહા..! પહેલા સમ્યગ્દર્શન કરવાનો પ્રયત્ન કરવો, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પ્રશ્ન :–

ઉત્તર :– અભ્યાસ આ સમ્યગ્દર્શનનો. અંતર આત્મા પૂર્ણાનંદ પ્રભુ રાગથી ભિન્ન, પરની સત્તા અને પરની અપેક્ષા વિનાની ચીજ છે અને પરિપૂર્ણ ચીજ છે. હવે બે વાત લેવી. અનંત ચીજ છે એમાં પોતા સિવાય પોતાનો અનુભવ થવામાં બીજી કોઈ ચીજની અપેક્ષા નથી. આહાહા..! અનંતમાં પોતાનું અનંત જે છે, અનંત ગુણનું રૂપના અનુભવમાં, તેની શ્રદ્ધામાં પોતા સિવાય અનંત, ચાહે તો તીર્થંકર હો,.. આહાહા..! તેની પણ અપેક્ષા નથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં એની અપેક્ષા નથી. આહાહા..! એ સ્વયંસિદ્ધ-સ્વયં એટલે

પોતાથી સિદ્ધ છે. સિદ્ધ એટલે છે, સત્તા છે. મોજૂદગી ચીજ છે. અનાદિઅનંત અને વર્તમાનમાં પણ પૂર્ણ સ્વભાવથી ભરેલી ચિદાનંદ વસ્તુ છે એ વસ્તુનો પહેલા અનુભવ કરીને શ્રદ્ધા કરવી અને પછી તેનું સ્વાશ્રિત જ્ઞાન કરવું. એ જ્ઞાન અને શ્રદ્ધા થઈ.

જ્યારે શ્રદ્ધા-જ્ઞાન થયા તેમાં શું થયું? જ્ઞાન-શ્રદ્ધામાં થયું શું? **'હું શુદ્ધનયે સમસ્ત કર્મ...'** ૪૯ ભંગ આવી ગયા ને? ૧૪૭ ભંગ એ કર્મ કરવાપણાનું હતું અને ૧૪૮ પ્રકૃતિ એના ફળને ભોગવવાપણાનું હતું. આહાહા..! એક કોર ભગવાનઆત્મા ૧૪૭ ભંગથી પણ ભિન્ન (છે) અને ૧૪૮ પ્રકૃતિથી પણ ભિન્ન (છે). આહાહા..! ૧૪૭ માં કોઈનું કરવું, કરાવવું કાંઈ નથી અને ૧૪૮ માં કોઈનું ભોગવવું, તીર્થંકર પ્રકૃતિનું ભોગવવું એ પણ નથી. આહાહા..! બીજી પ્રકૃતિનું ભોગવવું તો છે નહિ. પોતાની ચીજને પોતાથી ભિન્ન ચીજને પોતાની ચીજમાં ભોગવવું નથી. આહાહા..! પોતાની ચીજને પોતામાં ભોગવવી. આ વાર્તા નથી, આ તો તત્ત્વદૃષ્ટિ છે, ભાઈ! વાર્તા નથી કે ઝટ સમજાય જાય. આહાહા..! માખણ છે.

જૈનદર્શનનું માખણ વીતરાગતા છે. આહાહા..! એ વીતરાગતા ક્યારે થશે? અને તે ક્યારે થાય છે? કે, પોતાનું સ્વરૂપ શું ચીજ છે એમ પહેલા શ્રદ્ધા-જ્ઞાનમાં તો બરાબર આવવું જોઈએ. આવ્યા પછી એ ચીજનો વારંવાર અભ્યાસ કરવો. હવે ઇ (કહે છે). છે ને? (જ્ઞાન-શ્રદ્ધાન તો) **'થયું જ કે હું શુદ્ધનયે સમસ્ત કર્મથી...'** આહાહા..! બીજી ચીજ તો ઠીક, એ તો ભિન્ન છે પણ કર્મ જે છે, ૧૪૭ પ્રકારના ભાવ, **'અને કર્મના ફળથી રહિત છું.'** હું આત્મા પરના કર્તાપણાથી રહિત અને પરના ભોક્તાપણાથી રહિત એવી હું ચીજ છું. આહાહા..! ભાષા તો સાદી છે પણ ભાવ કઠણ છે. આહાહા..!

પ્રથમ ધર્મ કરવો હોય એમાં શું કરવું? કહે છે કે, **'હું શુદ્ધનયે સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું.'** હું તો સમસ્ત કરવું, કરાવવું અને અનુમોદવું એવા ૧૪૭ ભંગ હું નથી. અને પ્રકૃતિ જે ભોગવવાની છે, ૧૪૮ પૂર્વની પ્રકૃતિ બંધાણી છે, બધાને ૧૪૮ ન હોય. ૧૪૭ ભંગ પણ બધાને એક પ્રકારના ન હોય. કોઈને એક, બે, ત્રણ, ચાર એમ પણ હોય. ૧૪૮ પ્રકૃતિ પણ બધાને સરખી ન હોય. જેને જેટલી પ્રકૃતિ હોય તેની વાત સમજી લેવી. આહાહા..! કારણ કે તીર્થંકર પ્રકૃતિ કાંઈ બધાને હોય નહિ. આહારક શરીર બધાને હોય નહિ. આહાહા..! વર્તમાન વિપાકપણે પણ ગતિ આદિમાં એક જ ગતિ હોય છે. અત્યારે વિપાકપણે મનુષ્યગતિ છે. બીજી ગતિ છે અને તેનો ઉદય પણ છે. પ્રકૃતિ છે અને તેનો ઉદય પણ છે પણ એ ઉદય ખરી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!પોતાના સ્વરૂપના જ્ઞાન અને શ્રદ્ધાન થયા છે તો પૂર્વની પ્રકૃતિને બાંધનાર હું નહિ અને વર્તમાનમાં તેનો હું ભોગવનારો નહિ. આહાહા..! આવી જવાબદારી. શરતું.. શરતું, ધર્મની એવી શરતું છે. આહાહા..!

જન્મ-મરણ કરી કરીને... આહાહા..! ચોરાશીના અવતારમાં ક્યાં કેમ રહ્યો એ વિચાર

કર્યા નથી. ભાઈ! એક મનુષ્યપણું મળ્યું અને કાંઈક પાંચ-પચાસ હજાર રૂપિયા મળ્યા હોય અને કાંઈક વેપાર ઠીક ચાલ્યો તો થઈ રહ્યું. પોપાબાઈનું રાજ. આહાહા..! બાપુ! એની સ્થિતિ કેટલી? પચીસ વર્ષ, પચાસ વર્ષ, સાંઈઠ વર્ષ. પછી ક્યાં જવાનું છે? તું તો સત્તાસ્વરૂપ છો, તારી સત્તા ભિન્ન છે. આહાહા..!

પોતાની આત્માની સત્તા શુદ્ધનયે સમસ્ત કર્મ અને કર્મના ફળ ૧૪૮ કહ્યા ને? ૧૪૮ પ્રકૃતિ. એનાથી રહિત છું. આહાહા..! પહેલા દરજ્જાની આ વાત છે. પહેલા શું કરવું? ક્યાં ગયા 'હરિભાઈ'? પહેલા આ કરવું. આહાહા..! રાત્રે સારા પ્રશ્નો થયેલા. જૂના છે. સમજવામાં કાંઈ સમજણમાં આવવું જોઈએ ને? કાંઈક ખ્યાલમાં આવવું જોઈએ ને? ખ્યાલમાં આવ્યા વિના એની પ્રતીતિ, દૃષ્ટિ, રુચિ થાય ક્યાંથી? આહા! આ આત્મા ભગવાન શું છે? કેમ છે? એમાં કેવી શક્તિઓ છે એમ એનું માહાત્મ્ય (આવવું જોઈએ). છે એની સત્તાનું બરાબર જ્ઞાન થયા વિના એ સત્તા તરફના વલણવાળી ચિંતવના, ઉપયોગ ને ભાવના કેવી રીતે થશે? આહાહા..! પ્રભુ! આવી વાત છે. આહાહા..!

કહે છે કે, '**હું શુદ્ધનયે સમસ્ત કર્મ...**' આઠે કર્મના ભાવ. '**અને કર્મના ફળ...**' આહાહા..! તીર્થંકર પ્રકૃતિ કદાચિત્ મને બંધાણી હોય તો એ પણ મારો ભાવ નથી. એ મારું કર્તવ્ય પણ નથી. આહાહા..! એ મારું કર્તવ્ય પણ નથી અને મારે એનું ફળ ભોગવવાનું પણ નથી. આહાહા..! આવો વીતરાગ માર્ગ (છે). ચેતના આદિ અનંત ગુણથી ભરેલો ભગવાન છે. અનંત અનંત ગુણનું ધામ છે, ગોદામ છે. જેમ ગોદામમાં ચીજ પડી હોય. આ ગોદામ (હોય છે) એમ આ અનંત ગુણનું ગોદામ છે. અનંત ગુણનું ગોદામ છે. આહાહા..! શરીર પ્રમાણે (છે). માંડ માંડ આ શરીર મળ્યું એમાં આવો આત્મા... ભાઈ! પ્રભુ! તેં આત્મા શું છે એ કોઈ દિ' સાંભળ્યું નથી અને સાંભળ્યું હોય તો એ તરફનું લક્ષ રાખ્યું નથી. અહીંયાં તો પહેલેથી શુદ્ધનય એટલે સમ્યગ્દર્શનથી અથવા સમ્યગ્જ્ઞાનથી સર્વ કર્મથી રહિત એકલો ચૈતન્યમૂર્તિ અને પૂર્વે જે અજ્ઞાનભાવે કર્મ બંધાયા હતા તેના ફળ પણ હું ભોગવતો નથી. આહાહા..! આ નિર્ણય તો પહેલા હોવો જોઈએ. સમજાય છે કાંઈ?

આવો હું છું. આહાહા..! '**પરંતુ પૂર્વે બાંધેલા કર્મ ઉદયમાં આવે તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને,...**' જુઓ! ૪૯ ભંગ આવ્યા હતા ને? એ ૧૪૭ ભંગ કર્તૃત્વના હતા. '**કર્તાપણું છોડીને, ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને...**' આહાહા..! એ રાગનું ચેતવું, રાગનો અનુભવ કરવો એ રાગચેતના છે, એ કર્મચેતના છે. કર્મચેતના એટલે જડ કર્મની અહીંયાં વાત નથી. ભાવ–વિકાર પરિણામની ચેતના, એ મારી ચીજ નહિ. આહાહા..! બહારના કામ તો મારા કાંઈ છે નહિ પણ મારામાં જે મારા ભાવ થાય છે, પુણ્ય અને પાપના ભાવને અહીંયાં કર્મચેતના કહે છે. કર્મ શબ્દે જડ કર્મનું ફળ એમ નહિ. કર્મચેતના એટલે કાર્ય. પુણ્ય-પાપરૂપી વર્તમાન પર્યાયનું કાર્ય. એ કાર્યને

કર્મચેતના કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! જે પુણ્ય અને પાપના ભાવ થાય છે એ કાર્ય છે, કર્મ છે, કર્તવ્ય છે. એ કાર્યને અહીંયાં કર્મ કહ્યું. એ કર્મ મારું નહિ. ૧૪૭ ભંગે જે ભાવ થાય એ મારા નહિ. હું કરતો નથી, કરાવતો નથી, કરતા હોય તેને અનુમોદતો નથી. મનથી, વચનથી અને કાયાથી એમ ૩૩ ભંગ ચાલેલા. પૂરા ૩૩ (ભંગ). મન, વચન, કાયાથી અને કરવું, કરાવવું, અનુમોદવું એમ ૩૩ ભંગ ચાલેલા. પછી ઠેઠ ૧૪૭ લઈ ગયા.હું નહિ, એ કરનારો હું નહિ.

મારું સ્વરૂપ જ્ઞાન અને આનંદ છે. એ આનંદ અને જ્ઞાન પરને કરે તો આત્મા પોતાનું જ્ઞાન સ્વરૂપ ખોઈ બેસે. આહાહા..! પરના કાર્ય કરવા જાય ત્યાં પોતાની ચીજને ખોઈ બેસે છે. હું જ્ઞાતા-દૃષ્ટા છું એમ તો રહેતું નથી. આહાહા..! દુનિયામાં કોઈ એકાદ ચીજ ખોઈ બેસે તો શોધે છે. ઘરના દસ-બાર માણસો હોય, ખાટલા પાથર્યા હોય. પહેલા એવો રિવાજ હતો. અંજવાળે પાથરી દે પછી આવે ત્યારે જરીક અંજવાળું કરીને સૂઈ જાય. માટીના પેલા હતા એમાં ઉજળું રાખતા. આ બધી પહેલાની વાત છે. એક સરખું પાથરેલું હોય. પોણોસો વર્ષ પહેલાની. એમાં એક ખાટલો ખાલી દેખે. ઘરના બધા આવી ગયા, આ કોણ નથી આવ્યું? ખાટલો કેમ ખાલી છે? કોણ છોકરો બાકી છે? એના માટે ગોતે. ગોતવા જાય ચારેકોર. અત્યાર સુધી ખાલી કેમ રહ્યો? આ આવ્યો કેમ નહિ? ક્યાં ગયો? ઇ ખોવાણો એને ગોતવા જાય, પણ આ ખોવાયો છે તેને ગોતવા જાતો નથી. આહાહા..!

ભગવાન પોતે પોતાને ભૂલી ગયો. આહાહા..! અનંત આનંદ અને અનંત શાંતિનો સાગર... આહાહા..! અનંત આનંદ અને શાંતિ, એવો પ્રભુ અંદર આત્મા ખોવાઈ ગયો એને ગોતતો નથી અને અહીં કોઈ ચીજ ખોવાઈ જાય તો ઘરમાં ગોતાગોત કરે. એક વાસણ ક્યાંક ખોવાઈ ગયું હોય તો કહે, પેલું વાસણ ક્યાં ગયું? પ્યાલો હતો એ કેમ આજે દેખાતો નથી? આહાહા..! 'શાંતિભાઈ'! ઇ ગોતે. આહાહા..!

અહીં તો પ્રભુ! તત્ત્વની વાત છે. આહાહા..! જન્મ-મરણ રહિત થવાની વાત છે, નાથ! જન્મ-મરણ જો કરીશ તો ભૂંડના ને નરકના ને નિગોદના ભવ કરીશ. આહાહા..! કેમ કે આત્મા તો અનાદિઅનંત છે. આહાહા..! ક્યાંક તો રહેશે, તો ભવમાં રહેશે. તો ક્યા ભવમાં રહેશે? જે પરિણામ કરશે એવા ભવ આવશે. આહાહા..! એ ભવ મટાડવા હોય તો, એ પરિભ્રમણ, ભવ પરિભ્રમણ નાશ કરવું હોય તો પ્રથમ આ ચીજ શું છે તેને જાણવી. આ આત્મા છે કોણ? શું ચીજ છે? અનંત અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત ગુણ અને તે પણ કોઈની અપેક્ષા નહિ. અરે..! નિશ્ચયથી તો એક ગુણને બીજા ગુણની અપેક્ષા નથી. રાત્રે કહ્યું હતું. આહાહા..!

અનંત અનંત ગુણ પોતાની સત્તાથી બિરાજમાન છે. એક ગુણ બીજા ગુણને નિમિત્ત છે. નિમિત્તનો અર્થ શું? નિમિત્ત તો છે, એટલું. નિમિત્ત કાંઈ કરે (એમ નહિ). આહાહા..!

નિમિત્ત તો છે, પણ નિમિત્ત પરમાં કાંઈ કરે અને નિમિત્તથી પરમાં કાંઈ થાય એમ કદી બનતું નથી. આહાહા..! આત્મા અનંત અનંત ગુણથી ભરેલો છે અને વિકાર કર્યો છે તો સાથે કર્મ પણ છે, પણ કર્મ પોતામાં આવતા નથી. કર્મને આત્મા અડતો નથી, સ્પર્શ કરતો નથી. ફક્ત વિકાર પરિણામનો કર્તા અને ભોક્તા છે. તો કહે છે કે, એ હું નથી. એ કૃત્રિમ કૃત્રિમ ક્ષણિક (છે) અને અકૃત્રિમ નિત્યાનંદ પ્રભુ (હું છું). આહાહા..! અકૃત્રિમ અણકરાયેલ સ્વયંસિદ્ધ ચૈતન્યપ્રભુ હું અનાદિઅનંત છું. એ રાગ એક ક્ષણનો વિકાર મારું કર્તવ્ય નથી. નવ નવ કોટિએ મારું કર્તવ્ય નથી. ૪૭ ભંગમાં આવી ગયું છે. પહેલા નવ કોટિ લીધી ને? મન, વચન ને કાયા અને કરવું, કરાવવું, અનુમોદવું. ૩૩ ભંગ, પછી ૩૨. આહાહા..! પછી ૩૧ એમ લીધા. પછી ૧૩ ને પછી ૧૨ ને પછી ૧૧. આહાહા..!

કહે છે કે, સમસ્ત કર્મનું '**કર્તૃત્વ છોડીને...**' છે ને? '**પૂર્વે બાંધેલા કર્મ ઉદયમાં આવે તેમનાથી થતા...**' તેમનાથી થતા, હોં! '**ભાવોનું કર્તાપણું છોડીને...**' આહાહા..! કર્મના નિમિત્તે પોતામાં ભાવ થાય છે. ભાવ કર્મથી થતા નથી. કર્મ તો નિમિત્ત છે. થાય છે પોતામાં, એ ભાવ મારા નહિ. આહાહા..! હું તો શુદ્ધ ચિદાનંદ આત્મા છું. મારા અસંખ્ય પ્રદેશ છે. બધા સ્થાનમાં પૂર્ણ નિર્મળતા ભરી છે. કોઈ સ્થાનમાં કોઈ ઠેકાણે મલિનતાનો અંશ મારા તત્ત્વમાં નથી. એમ તેને છોડીને. છે? '**ભાવોનું કર્તાપણું છોડીને...**' આહાહા..! એ પૂર્વના કર્મના નિમિત્તે ભાવ જે થાય છે, નિમિત્તનું લક્ષ કરીને, તેને છોડીને. આહાહા..! આ તે કાંઈ વાત છે? ભાષામાં છોડીને આવી ગયું એટલે (છૂટી જાય છે)? આહાહા..! અરે..! એની દયા એણે કરી નથી, બાપુ! બહુ ઊંડો વિચાર કરે તો બધાની વાતું કરી, દયા કરી, આમ કર્યું, આમ કર્યું એમ માન્યું. એ માન્યું, કર્યું કોઈનું કાંઈ નથી. આહાહા..! મેં બાયડીનું કરી દીધું ને છોકરાનું કરી દીધું ને ભાણ્યાનું કરી દીધું ને બૈરા-વહુને કપડા, લૂગડા, ફલાણું, ઢીકણું જોઈએ. આહાહા..! માન્યું છે, કર્યું નથી. અને જે કરી શકાય છે એ કર્યું નથી. આહાહા..! કરી શકાતું નથી તે કર્યું નથી અને કરી શકાય છે તે કર્યું નથી. આહાહા..!

ભગવાનઆત્મા ૧૪૭ ભંગને છોડી શકે છે એવો એનો સ્વભાવ છે. આહાહા..! પરનું કરવું એવો એનો સ્વભાવ નથી. આહાહા..! એક આંગળીને હલાવવી કે પાંપણનું ફેરવવું.. આહાહા..! અને દૂધપાક આવ્યો હોય તો દૂધપાકને આમ કરીને આમ પીવો એ આત્મા કરી શકતો નથી. એ આત્માનું ત્રણકાળમાં કર્તવ્ય નથી. આહાહા..!

મુમુક્ષુ :– તે કામ કોનું છે?

ઉત્તર :– જડની પર્યાયથી જડ થાય છે. જેની પર્યાય છે તે તેનો કર્તા છે. એ તો જડની પર્યાય છે. આહાહા..! આકરું કામ છે. જૈનદર્શન વીતરાગ માર્ગ અલૌકિક છે, ભાઈ! આહાહા..! અને ફળ પણ સાદિ અનંત અનંત સુખના સાયામાં. સુખનો સાહેબો અને સાદિ અનંત કાળ રહે. જ્યારથી આનંદ પ્રગટ્યો તે અનંતકાળ (રહે). આહાહા..!

**'ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના...'** કર્મચેતના સમજ્યા? રાગનું ચેતવું એ કર્મચેતના. રાગ-દ્વેષ, રતિ-અરતિ, શોક એવા વિકારી ભાવને રચવા તેનું નામ કર્મ, તેનું નામ કર્મચેતના. તેનું નામ કર્મચેતના. આહાહા..! **'કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને...'** કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને. આહાહા..! **'તથા સમસ્ત કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને,...'** આહાહા..! પેલા ભંગ ને બધું લીધું ને એને ટૂંકામાં (કહે છે). શું કહ્યું આ બધી વાતો કરી ને? ૧૪૭ ભંગ ને ૧૪૮ પ્રકૃતિ. બાપુ! સાંભળ એ વસ્તુ છે. તું નિરાળો છો, નાથ! ભગવંત! તારામાં એ કંઈ કરવું ને ભોગવવું એ વસ્તુનું સ્વરૂપ છે જ નહિ. આહાહા..! તારો ધર્મ, એ સ્વભાવ નથી. આહાહા..!

કોઈ દિ' વિચાર કર્યો નથી અને બાયડી, છોકરા, ધંધો (કરીને) આખો દિ' પાપના પોટલા બાંધે. પર મારા, પર મારા... એનું કરી દઉં ને આનું કરી દઉં. પ્રભુ! એને પાપ બંધાતું દેખાતું નથી. ભગવાન કહે છે, બાપુ! તારી ચીજને ભૂલી અને તારા સિવાય રાગના કણને પણ જો મારા માન્યા તો મિથ્યાત્વનું પોટલું છે, બાપા! આહાહા..! તો બાયડી, છોકરા, કુટુંબ તો એના પોતાના ક્યાંથી થયા? એને પોતાના માનવા એ મહામિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :– જેણે લગ્ન કર્યા નહિ અને કુંવારા રહ્યા એ સુખી થયા.

ઉત્તર :– એ કુંવારા પણ ક્યાં છૂટ્યા છે? અંતરથી નવ કોટિ.. એ તો કહ્યું હતું ને? કાયા વડે કરીને જાવજીવ બ્રહ્મચર્ય પાળ્યું હોય એ કોઈ વસ્તુ નથી. એ શુભભાવ છે. શરીરથી વિષય ન સેવ્યો એ તો શરીરની ક્રિયા ન થઈ. એથી એ શુભભાવ થયો એ ધર્મ નહિ. આહાહા..! અહીં તો ભગવાનઆત્મા.. એ કાયાની ક્રિયા વિષયથી અટકી ગઈ એથી જાણે કે મેં બ્રહ્મચર્ય પાળ્યું (એમ નથી). આકરી વાત છે, પ્રભુ! આહાહા..! શરીરથી વિષય લીધો નહિ એથી મેં બ્રહ્મચર્ય પાળ્યું એ વાત સાચી નથી. આહાહા..! અહીં તો બ્રહ્મચર્ય–બ્રહ્મ નામ આત્મા આનંદ, એમાં ચરવું નામ રમવું, અતીન્દ્રિય આનંદમાં રમે તેને બ્રહ્મચર્ય કહે છે. આહાહા..! જાવજીવ બાળબ્રહ્મચારી હોય એ તો કાયાથી ક્રિયા ન થઈ. આત્મામાં અંદર રાગનું અભિમાન તો પડ્યું છે. આહાહા..! દુનિયાથી જુદી જાત છે, ભાઈ! આહાહા..!

એ તત્ત્વ તદ્દન નિરાળું તત્ત્વ છે. એને ૪૯-૪૯ ભંગથી નિષેધ અને ૧૪૮ પ્રકૃતિને કરવાનો નિષેધ. એ કર્મફળચેતના. છે ને? આહાહા..! **'કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને તથા સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને,...'** એ કર્મફળચેતના. **'એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.'** આહાહા..! એટલું બધું લાંબુ કહીને ટૂંકામાં કહ્યું. શું કહ્યું પણ તમે? કે, કોઈપણ ભંગે કરવું એ તારા સ્વરૂપમાં નથી અને કોઈપણ પ્રકૃતિનું ફળ ભોગવવું એ પણ તારા સ્વરૂપમાં નથી. આહાહા..! અરે..! અહીં નવરાશ કોને છે? એમાં એટલામાં જાવું. બહારના જ્યાં વેપાર ને ધંધો ચાલતા હોય,... આહાહા..! હોંશું.. હોંશું... સવારમાં દુકાન ઉઘાડે ને બધું આમ ગોઠવે. બધા આવે, ગોઠવે. અમારે પણ દુકાન

ચાલતી ને. બધું જોયું છે ને. કર્યું પણ છે. અમારે 'કુંવરજીભાઈ' ની દુકાન તો મોટી દુકાન. ચારે કોર બધું ગોઠવે. નાથું ગોઠવે. નાથ.. નાથ સમજ્યા? આ બળદના નાકમાં નાથ... બધી જાતનો વેપાર હતો ને. આમ લટકાવે ને આમ કરે ને આમ કરે. આહાહા..! ત્યારે ખુશી થાય. બધું પૂરું થાય હવે દુકાન સરખી થઈ તો ઘરાક આવે. ઘરાકની વાતું, જુઓ! ભિખારી, ભિખારી. આહાહા..!

અહીં અંદર અનંતો નાથ પડ્યો છે. અનંતી અનંતી આનંદની સગડી સળગે છે. શાંતિની સગડી અંદર સળગે છે. આહાહા..! શાંતિનો સાગર ભગવાન અંદર છે. પ્રભુ! તારી મોટપની વાતું કરતા પ્રભુ કહે છે, હું કહી શકતો નથી. આહાહા..! 'શ્રીમદ્' માં આવ્યું ને?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો..

આહાહા..! પ્રભુને જોયા, અનુભવ્યા પણ કહું શું? જડ ચૈતન્યથી વિરુદ્ધ દુશ્મન. દુશ્મનની પાસે ચૈતન્યની વાતું કરવી...! આહાહા..!

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો,
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

ઇ આ ભાવનાની વાત છે. આહાહા..! દુનિયા રાજી થાઓ, ન થાઓ, દુનિયા વખાણ કરે, નિંદા કરે એની સાથે પ્રભુ! તારે શું લેવા ને દેવા? એકલા જાવું ને એકલો રહ્યો છો. તેં એકલા કર્મ કર્યા અને તેં એકલાએ ભોગવ્યા છે. આહાહા..! અનંત અનંત કાળના ચોરાશીના અવતાર. આહાહા..! એ અનંત ભવમાં અનંત વાર તેં કર્યા અને અનંતા તેં એકલાએ ભોગવ્યા છે. આહાહા..! બીજા તો આમ જોવે. આહાહા..! પણ દેહમાં ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એની કોઈ દિ' તેં સંભાળ કરી નથી. એ પ્રભુ એવો છે કે ૪૯ ભંગનો કર્તા નથી અને ૧૪૮ પ્રકૃતિના ફળનો ભોક્તા નથી. આહાહા..! એવો એ છે. દુનિયામાં ગણાવું, ન ગણાવું એ આમાં કાંઈ છે નહિ. દુનિયા ગણે કે ન ગણે. પંડિત મોટા માને કે ન માને, એની સાથે તત્ત્વને કાંઈ સંબંધ નથી. આહાહા..! એકલું તત્ત્વ એકલા ભાવને કરે અને એકલાને ભોગવે. હવે તો છોડ, કહે છે. એ કરવાના ભાવ જે કીધા એનો ત્યાગ કર અને ફળના ભાવનો તું ત્યાગ કર. આહાહા..! આવ્યું?

**'સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ...'** હવે એનું સ્વરૂપ શું? આ બધા ૪૯ ભંગ. કરું નહિ, કરાવવું નહિ, ભોગવવું નહિ. તો એનું સ્વરૂપ શું? ચૈતન્ય સ્વરૂપ–એ તો ચૈતન્યસ્વરૂપ–જાણક સ્વભાવ. જાણન-દેખન સ્વરૂપે

પ્રભુ અનાદિથી બિરાજે છે. દેહમાં ભગવાનઆત્મા જાણવાના-દેખવાના સ્વભાવથી ભગવાન ભરેલો છે. આહાહા..! એને આ મજૂરીમાં જોડી દીધો, જે એની વાત નથી. આહાહા..! જેમ મોટો મહેલ બે-ત્રણ વર્ષથી ખાલી હોય અને કચરો ભરાણો હોય. ચક્રવર્તીને કહેવું કે, આ કાઢી નાખજે. એમ આ ભગવાન ત્રણલોકના નાથને તું આ કામ સોંપે છે. આહાહા..! રાગનું કામ અને.. આહાહા..! હાસ્યનું કામ ને રતિ-અરતિનું કામ ને... પ્રભુ! એ બધું પાપ છે. આહા! એવા કામ તું પ્રભુને સોંપે છો, પ્રભુ! એ કામ તારા નહિ. એ તને શોભા આપતા નથી. આહાહા..! તારી અશોભા થાય છે એને અમે છોડવાનું કહીએ છીએ. આહાહા..! તારી જેમાં અશોભા થાય એને છોડવાનું કહીએ છીએ. આહાહા..! પ્રભુ! શું કહ્યું જોયું?

**'એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.'** **'ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.'** એક આત્માના આનંદનું ભોગવવું બાકી રહી જાય છે, બસ! બધું છૂટી જાય છે. આહાહા..! ત્યારે એણે આત્મા જાણ્યો અને અનુભવ્યો. **'અવિરત,...'** સમકિતી ચોથે ગુણસ્થાને. **'દેશવિરત,...'** સમકિતી પાંચમે ગુણસ્થાને અને છઢ્ઢે ગુણસ્થાને **'પ્રમત્ત અવસ્થાવાળા જીવને જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ;...'** આહાહા..! ચોથે, પાંચમે અને છઢ્ઢે એટલે ધર્મની ગુણસ્થાનની દશા. ધર્મના પગથિયાની દશા. ચોથા, પાંચમા અને છઢ્ઢાના પગથિયે એનો અનુભવ તો છે. ચોથે, પાંચમે, છઢ્ઢે નિરંતર એ ભાવના તો છે. આહાહા..! કેમ કે જ્યાં આત્મા જાણ્યો અને આત્મા અનુભવ્યો પછી એને કંઈ બીજી ચીજ કરવી, કરાવવી કે અનુમોદવી એ રહેતું નથી. થાય તેને જાણનારો રહે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! પરને જાણવું એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! પોતે પોતાને જાણે અને એમાં ઠરે એ એનું કર્તવ્ય છે. ભારે આકરું કામ. એમાં જુવાન શરીર હોય, પચીસ-પચીસ વર્ષનું જુવાન લઠ (શરીર હોય) અને પૈસા હોય. સગાવ્હાલા સારા હોય. આહાહા..! આંખ્યું વળે જાય. વળે જાય એટલે? અહીં જોવું જોઈએ. જ્યાંથી નથી દેખાતું ત્યાંથી જોવે. વળે જાય એનો અર્થ ઇ છે. અહીંથી દેખવું જોઈએ એને ઠેકાણે અહીં નથી ત્યાં દેખવા મંડે, દેખાય પણ ત્યાં ક્યાં દેખાતું હતું? આહાહા..! દુનિયામાં પણ એ બધા શબ્દો ભાવ ભરેલા છે. આહાહા..!

પ્રભુ! તું જ્યાં જોવું (જોઈએ) ત્યાં જોતો નથી અને જે ચીજ તારામાં નથી, તને અડતી નથી, તું અડતો નથી એમાં જોવામાં રોકાઈ જાય છે, પ્રભુ! તો આ જોનાર-જાણનારને જાણવું રહી જાય છે. જાણનારને જાણવું રહી જાય છે. આહાહા..! આહાહા..! સમજાય એવી વાત છે, ભાઈ! ભાષા તો સાદી છે, ભાવ જરી આકરા છે. આહાહા..! આહાહા..! સંપ્રદાયમાં તો આ કરો, આ કરો. સહેલુંસટ રખડવાનું. આ તો કરવું, જ્ઞાનસ્વરૂપમાં પરનું કરવું ત્રણકાળમાં છે જ નહિ. જ્ઞાન તો ચક્ષુ જાણે તેમ (જાણે). એ ચક્ષુથી આમ વેળુનો ખાડો હોય તો એમાંથી ધૂળ કાઢે? અને ચક્ષુ આમ આમ કરીને ખાડો પૂરે? આહાહા..! એમ આ આત્મા-

ચક્ષુ કોઈની ચીજને કરે નહિ ને કોઈને છોડે, ઉપાડે ને ભોગવે નહિ. આહાહા..! આ સાંભળવા નવરાશ ક્યાં? અને નવરાશ લે તો પણ સંભળાવનાર પણ ક્યાં છે? બહુ ફેરફાર થઈ ગયો,

પ્રભુ! આવો મનુષ્યદેહ મળ્યો. આહાહા..! ક્યારે પૂરે થઈને ક્યાં જઈશ? ભાઈ! દેહની સ્થિતિ પૂરી થશે, બાપુ! આત્માની સ્થિતિ પૂરી નહિ થાય. એ તો અનાદિઅનંત છે. આહાહા..! આ મુદ્દતવાળાના કામમાં રોકાતા અમુદ્દત વિનાની ચીજને નુકસાન થાય છે. આહાહા..! આ બધી હદવાળી, મુદ્દતવાળી ચીજ છે. આ બહારની ચીજમાં રોકાતા અંદરની (ચીજ રહી જાય છે). આહાહા..! લોકોને આકરી વાતું લાગે. છે પણ એના ઘરની, ભાઈ! ઘરને ભૂલીને બહારમાં ભમ્યા કરે છે અને એમાં રાજીપો લઈને રખડે છે. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે, ૪૯ ભંગ ગયા કાળના, ૪૯ ભંગ વર્તમાનના અને ૪૯ ભવિષ્યના, બધું છોડી દે. આહાહા..! એ મનથી કરવું છોડી દે, એ વચનથી કરવું છોડી દે. કાયથી કરવું છોડી દે. એ ત્રણને છોડી દે અને એક સાથે મન, વચન, કાયાથી કરવું છોડી, મન, વચન, કાયાથી કરાવવું છોડી, મન, વચન, કાયાથી કરનારને અનુમોદન છોડી (એમ) નવ નવ કોટિએ એકવાર છોડ. આહાહા..! તો શું સૌને બાવા થઈ જવું? આ બાયડી, છોકરાનું શું કરવું? દુકાન માંડી હોય તો 'પંકજ' ને સોંપી દે. એનું શું કરવું? 'હિંમતભાઈ'! છોકરાને દુકાન સોંપી છે એટલે સરખી ચાલે છે, આપણે નવરા છીએ. આ તો દાખલો (છે), બધાને (લાગુ પડે છે). છોકરા સરારે ચડ્યા, આપણે હવે નિવૃત્તિથી બેસીએ. પેલું ચાલે છે તેનું અનુમોદન છે. એ જ્યારે ઠીક છે ત્યારે આપણને નિવૃત્તિ મળી. જો એ ઠીક ન હોય તો પાછું આપણે જોડાવું પડશે. આહાહા..! મારી નાખ્યા જગતને. હું ક્યાં મરી જાઉં છું? મરી જાઉં છું, એમ આ પાઠ છે, હોં! કળશમાં પાઠ છે. આહાહા..! મરી જાય .. આત્માને. ચૈતન્યજ્યોત શાશ્વત આનંદકંદ પ્રભુ, અનંત અનંત ગુણનો દરિયો ભર્યો છે એની સામું જોતો નથી અને જે તારામાં ત્રણકાળમાં કોઈ છે નહિ એ ચીજને માટે તું ત્યાં અટકીને રોકાઈ ગયો, પ્રભુ! આહાહા..! આકરી વાત છે. આકરીનો અર્થ અપૂર્વ છે. આહાહા..!

કહે છે કે, આ આત્માને કોઈ કરવું, કરાવવું અને અનુમોદવું મન, વચન ને કાયાથી પ્રભુ! એકવાર છોડી દે. નહિતર કલ્યાણ નહિ થાય. આહાહા..! અને ૧૪૮ પ્રકૃતિમાં કોઈપણ પ્રકૃતિને ભોગવવાનું ફળ (હશે તો) સંસાર નહિ તૂટે. આહાહા..! હું એ પ્રકૃતિના ફળથી જુદો અને હું એ કરવાના કાર્યથી જુદો (છું). મારું સ્વરૂપ તો જ્ઞાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. ચૈતન્યમૂર્તિ ભગવાન અંદર બિરાજે છે. એ પરને થતાં જાણે, દેખે પણ પરનું કરવું ને કરાવવું કંઈ કરી શકે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- શ્રદ્ધામાં તો એકીસાથે બધું ..

ઉત્તર :- શ્રદ્ધામાં નવ કોટિએ કીધું ને? ૪૯ ભંગ... એકલો ભગવાન ચૈતન્ય.. આહાહા..!

આ દેહ તો માટી–ધૂળ જડ (છે), વાણી ધૂળ જડ, કર્મ જડ અને અંદરના તારા પુણ્ય-પાપના ભાવ એ પણ જડ. કારણ કે એ વિકારભાવ પણ કંઈ જાણતા નથી કે અમે કોણ છીએ. આહાહા..! એને જાણનારને જાણ્યો નહિ અને અજાણનાર જડ છે તેને જાણનારો (જાણવામાં) રોકાઈ ગયો. આહાહા..! એકવાર તો એને હા તો પાડવી પડે. આહાહા..! આહાહા...!

ભગવાન અંદર ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, દેહદેવળમાં ભિન્ન ચીજ છે. અલૌકિક ચીજ અંદર આનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. એને કોઈપણ આ કામ સોંપવા, ચક્રવર્તીને.. આહાહા..! વાસીદુ કઢાવવા જેવું છે. એનાથી પણ આ હલકી ચીજ છે. આહાહા..! અનંત આનંદ અને અનંત જ્ઞાનનો નાથ, એને આત્મા સિવાય કોઈ પણ પરનું કર્તવ્ય છે નહિ અને આત્મા સિવાય પરની કોઈ ચીજનો અનુભવ–ભોગવટો પણ નથી અને પરને એ ભોગવી શકતો પણ નથી. આહાહા..! આ દાળ, ભાત ને રોટલા, શાક ખાય છે ને? ભોગવે છે ને? બાપુ! તને ખબર નથી. એ ક્રિયા તો બધી જડની છે. જડની જડના અસ્તિત્વમાં છે, ચૈતન્યના અસ્તિત્વમાં એ જડની ક્રિયા નથી. આહાહા..! ચૈતન્યની હયાતીમાં પરની હયાતી નથી, પરની હયાતી પરને લઈને રહી છે તેને તું તારાથી માને છો. આહાહા..!

પરચીજ પરને લઈને રહી છે, શરીર શરીરને લઈને રહ્યું, વાણી વાણીને લઈને રહી, પૈસો પૈસાને લઈને રહ્યો, બાયડી-છોકરા એના આયુષ્ય ને એની સ્થિતિ પ્રમાણે એને કારણે રહ્યા. તું એ બધાની સંભાળ કરવા ને બધાને રાખવા જાઈશ (તો) મરી જઈશ, મરી ગયો. આત્માને આવું કરી કરીને તેં મારી નાખ્યો. 'પોપટભાઈ'! તમારા સાળાને મોટું તોફાન. મરી ગયા. બિચારા ક્યાં ગયા હશે? છોકરાઓ કરતા હશે, ઠેકાણા વિનાના. આહા..! બે અબજ, અઢી અબજ રૂપિયા, બે અબજ ચાલીસ કરોડ એમના સાળા પાસે. આહાહા..! ધૂળ ધૂળ એમાં રાજી રાજી થઈ જાય. આહાહા..! બીજા માન પણ આપે. એમને અભિનંદન આપો, એમણે પચીસ હજાર આપ્યા. અભિનંદનનું પૂંછડું લગાવો, આપો મોટું. તમે તો બહુ જૂના છો, ... છો અને કાળે કાળે જરૂર પડે ત્યારે તમે કામમાં ઊભા રહો છો, એમ વખાણ કરે. પેલો સાંભળનારો પણ અંદરમાં ખુશી થાય. બહારથી એમ બોલે, હું તો ગરીબ માણસ છું. હું કાંઈ કરી શકતો નથી. અંદરમાં ગલગલીયા થાય. આહાહા..!

અહીં કહે છે કે, આત્મા ચોથે, પાંચમે, છઠ્ઠે તો બિલકુલ જ્ઞાન શ્રદ્ધાનમાં પરનું કરવું ને ભોગવવું છે જ નહિ. હવે એમાં અસ્થિરતા છે એની વાત વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**(અહીં ભાવના એટલે વારંવાર ચિંતવન કરીને ઉપયોગનો અભ્યાસ કરવો તે. જ્યારે જીવ સમ્યગ્દષ્ટિ-જ્ઞાની થાય છે ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ કે 'હું શુદ્ધનયે સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું'. પરંતુ પૂર્વે બાંધેલાં કર્મ ઉદયમાં આવે તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને, ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને તથા સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું. અવિરત, દેશવિરત અને પ્રમત્ત અવસ્થાવાળા જીવને જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ; અને જ્યારે જીવ અપ્રમત્ત દશા પ્રાપ્ત કરીને એકાગ્ર ચિત્તથી ધ્યાન કરે, કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે અને શુદ્ધોપયોગરૂપ થાય, ત્યારે નિશ્ચયચારિત્રરૂપ શુદ્ધોપયોગભાવથી શ્રેણી ચડીને કેવળજ્ઞાન ઉપજાવે છે. તે વખતે એ ભાવનાનું ફળ જે કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી રહિત સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ પરિણમન તે થાય છે. પછી આત્મા અનંત કાળ સુધી જ્ઞાનચેતનારૂપ જ રહેતા થકો પરમાનંદમાં મગ્ન રહે છે.)**

**પ્રવચન નં. ૪૩૯ ભાવના સોમવાર, અષાઢ સુદ ૧૦, તા. ૨૧-૦૭-૧૯૮૦**

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'**(અહીં ભાવના એટલે...)**' ભાવનાનો અર્થ–આ આત્મા જે વસ્તુ છે, ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો છે, કહ્યો છે એ આત્મા અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિથી ભરેલો પ્રભુ છે. આહાહા..! એની ભાવના. એ વસ્તુની ભાવના '**વારંવાર કરવાથી, 'ચિંતવન કરીને ઉપયોગનો અભ્યાસ કરવો તે. જ્યારે આ જીવ...**' આ કહે છે કે, આવો અભ્યાસ તો ચારિત્રની વ્યાખ્યા છે. આ અભ્યાસ પહેલા શું હોય છે? પહેલા '**જ્યારે જીવ સમ્યગ્દષ્ટિ–જ્ઞાની થાય છે...**' આ દેહમાં ભિન્ન ભગવાન ચૈતન્યમૂર્તિ અરૂપી આનંદનો સાગર સમ્યગ્જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલો એવો આ જે આત્મા, તેનું પ્રથમ સમ્યગ્દર્શન કર્યું હશે તેની આ ભાવનાની વાત છે.

પહેલા આ ચીજ ચૈતન્યવસ્તુ પૂર્ણાનંદથી ભરેલી વસ્તુ અહીંયા છે. અનંતકાળથી ખબર નથી. જ્ઞાનમાં એ ચીજનું માહાત્મ્ય લઈ અંતરદષ્ટિ થતાં આત્માનો અનુભવ થાય છે. ત્યારે આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! પ્રથમમાં પ્રથમ ધર્મશ્રેણી કરવાવાળો, ધર્મનું પહેલું પગથિયું, પહેલું સોપાન કરનારો. અંદર અતીન્દ્રિય ભર્યો છે. આ ઇન્દ્રિયનો આનંદ જે માને છે એ તો ઝેર છે, દુઃખ છે અને ઝેર છે. ભગવાનઆત્મા આનંદ છે, અમૃત છે. આહાહા..! એવો અમૃતસ્વરૂપ આનંદસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ અંદર છે. આત્મા વીતરાગસ્વરૂપ છે. તેની અંતરદષ્ટિ (થવી), દષ્ટિમાં એનો સ્વીકાર કરવો અને જ્ઞાનમાં તેનો અનુભવ કરવો તેનું નામ તો હજી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

**'સમ્યગ્દષ્ટિ–જ્ઞાની થાય છે ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ...'** છે. આ જ્ઞાન-શ્રદ્ધા આ. ધારણાની વાત નથી. ધારણામાં લે કે આત્મા આવો છે, એ નહિ. આહાહા..! ચૈતન્યસ્વરૂપ અંદર ભગવાન (બિરાજે છે) તેને વેદનમાં, વેદનમાં લેવો. અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા (છે). જિનેશ્વર પરમેશ્વરે કહ્યો, જોયો અને પરમાત્માએ પ્રગટ કર્યો, એ પરમાત્માએ કહ્યો એવો આત્મા. એ આત્માના આનંદનો સ્વાદ પહેલા આવ્યો ત્યારે તેને આત્મા આનંદસ્વરૂપ છે એમ યથાર્થ અનુભવ અને પ્રતીતિ થાય છે. આહાહા..! આવો માર્ગ છે. ધર્મ કોઈ એવી ચીજ નથી કે આ સામાયિક કરી નાખી ને પોષો કર્યો ને પડિકમણું થઈ ગયું ને થઈ ગયો ધર્મ. એ કંઈ ધર્મ-બર્મ નથી. એ તો રાગની ક્રિયા છે.

અહીંયાં તો પ્રથમ ચારિત્ર પણ કેવી રીતે થાય છે? તો કહે છે કે, પ્રથમમાં પ્રથમ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, તેની પ્રતીતિ, અનુભવ અને જ્ઞાન થાય છે. ચારિત્ર પછી થાય છે. આહાહા..! તો કહે છે કે, **'જ્યારે જીવ સમ્યગ્દષ્ટિ–જ્ઞાની થાય છે ત્યારે તેને જ્ઞાન-શ્રદ્ધાન તો થયું જ...'** છે. જ્ઞાન-શ્રદ્ધાન એટલે? આ આત્મા જ્ઞાનમય છે, એમ જ્ઞાનનો અનુભવ (થયો), જ્ઞાનનો અંકુર વેદનમાં આવ્યો કે આખો આત્મા જ્ઞાનમય છે. અને આનંદનો અનુભવ થયો તો આખો આત્મા આનંદમય છે. શાંતિનો અનુભવ થોડો આવ્યો તો આખો આત્મા શાંતિમય છે. આહાહા..! એમ પ્રથમ ચારિત્ર પ્રાપ્ત કર્યા પહેલા આત્માનું આવું જ્ઞાન અને દર્શન થવું જોઈએ. આહાહા..! છે?

**'જ્ઞાન–શ્રદ્ધાન તો થયા જ કે, હું...'** શું થયું? **'હું શુદ્ધનયે...'** હું શુદ્ધ (એવો કે) કોઈની અપેક્ષા નથી એવી જે નય છે તે પૂર્ણાનંદના નાથને શ્રદ્ધામાં લે એ નયથી **'સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું.'** પહેલા સમ્યગ્દર્શનમાં, ચોથા ગુણસ્થાને, ધર્મની પહેલી શ્રેણીમાં હું જ્ઞાનમય અને આનંદમય છું (એમ અનુભવ થાય છે). આવ્યું ને? આહાહા..! **'સમસ્ત કર્મથી અને કર્મના ફળથી રહિત છું.'** ૧૪૮ કર્મ પ્રકૃતિથી પણ રહિત છું અને તેનું ફળ સુખ-દુઃખનું વેદન, તેનાથી પણ હું ભિન્ન છું. આહાહા..! આવો માર્ગ છે. પ્રથમ આ તો શરૂઆતની વાત છે.

આત્માનો પ્રથમ ધર્મ આત્માના જ્ઞાન અને શ્રદ્ધાન થાય છે. શું (થાય છે)? કે, **'સર્વ કર્મથી અને કર્મના ફળથી રહિત છું. પરંતુ પૂર્વે બાંધેલા કર્મ ઉદયમાં આવે...'** વર્તમાન કર્મથી રહિત છું, ભવિષ્યમાં પણ કર્મથી રહિત છું પણ પૂર્વના કર્મ જે અજ્ઞાન ભાવે બંધાયા છે એ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન થયું તો પણ પૂર્વના કર્મ બંધાયા છે તે ઉદયમાં આવે છે. તે **'પૂર્વે બાંધેલા કર્મ ઉદયમાં આવે...'** કર્મ ઉદયમાં આવે **'તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને,...'** પૂર્વનો રાગ ઉદય આવ્યો એ રાગનું કર્તૃત્વ પણ છોડીને. પૂર્વમાં ચારિત્રમોહનો બંધ થયો હતો. સમ્યગ્દર્શન-જ્ઞાન તો થયું કે, હું શુદ્ધ ત્રિકાળ કર્મ અને તેના ફળથી ભિન્ન છું. એ તો દર્શન અને જ્ઞાન થયા. હવે એક બાકી રહ્યું. પૂર્વના જે કર્મ છે તેનો ઉદય

આવે છે, તેમાં જે રાગાદિ, દ્વેષાદિ પરિણામ થાય છે તેનાથી પણ હું ભિન્ન છું. તેના ભાવોને છોડીને. આહાહા..! ઝીણી વાત ભારે. બહારનું કાંઈ કરવાનું હોય તો કરે એમ માને. અનાદિથી રખડે છે. આહાહા..! ચોરાશીના અવતારમાં એકલો દુઃખી, એકલો શાતા આદિ હોય તો સુખની કલ્પના (કરે), પણ એ રખડે છે એકલો. કોઈ સાથે નથી.

હું એકલો આત્મા સર્વ કર્મથી અને કર્મના ફળથી રહિત છું, એવો અનુભવમાં પ્રતીત કરીને, તેનું જ્ઞાન કરીને પ્રતીત કરીને એ ચીજને જ્ઞાનમાં જાણવામાં લઈને પ્રતીત કરીને પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. આહાહા..! એ થયા પછી પૂર્વ કર્મનો બંધ પડ્યો હતો તેનો ઉદય આવે છે. તો કહે છે કે, **'તેમનાથી થતા ભાવોનું કર્તાપણું છોડીને, ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને...'** શું કહે છે? ભૂતકાળમાં રાગ કર્યો, કરાવ્યો તેને પણ હું છોડું છું અને ભવિષ્યમાં પણ ૪૯ ભંગે, એ આવી ગયા, કોઈ પાસે કરાવતો નથી, હું તો ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વભાવ પરમાનંદની મૂર્તિ એકલો આત્મા છું. ધર્મી પ્રથમ શરૂઆતમાં પોતાને આવો માનીને પછી પૂર્વે બાંધેલા કર્મનું ફળ જ્યારે આવ્યું તો તેનો પણ ત્યાગ (કરે છે).

તે **'ભાવોનું કર્તાપણું છોડીને,...'** આહાહા..! દયા, દાનનો રાગ આવ્યો તેનું પણ કર્તૃત્વ છોડીને. એ મારું કર્તવ્ય નથી. હું તો જ્ઞાન ને આનંદમૂર્તિ પ્રભુ છું. જ્ઞાતા-દૃષ્ટામાં કંઈ કરવું એ તદ્દન વિરુદ્ધ છે. આહાહા..! એક કોર ચૈતન્ય જ્ઞાન-દર્શન અને એક કોર રાગાદિ કરવા, એ બન્ને તદ્દન વિરુદ્ધ છે. જ્ઞાન છે તે રાગ કરે નહિ અને રાગ કરે એ જ્ઞાન નથી. આહાહા..!

મુમુક્ષુ :– કેટલું છોડી શકે?

ઉત્તર :– પૂર્ણ છોડવાની વાત છે. આ તો ચારિત્રની વાત છે ને. પહેલા શ્રદ્ધામાં પણ પૂર્ણ છોડવાનું છે. શ્રદ્ધા-જ્ઞાનમાં પણ ત્રણકાળના કર્મથી રહિત (છું). હું તો એકલો આનંદ અને જ્ઞાનમય છું. એ પ્રથમ પહેલી શ્રેણી (છે). આહાહા..! એ આવ્યું ને?

**'જ્ઞાન–શ્રદ્ધાન તો થયું જ...'** શ્રદ્ધા-જ્ઞાન (એટલે) આ. હું તો જ્ઞાન–જાણનારો છું અને મારામાં તો આનંદ ભરેલો છે. એ ચીજ હું છું, એમ ત્રણે કાળનું, ભૂત-ભવિષ્યનું કર્તૃત્વ તો છોડી દીધું પણ પૂર્વે બાંધેલા કર્મનો ઉદય આવ્યો તે ભાવોનું કર્તાપણું છોડીને. એ ભાવનું પણ કર્તવ્ય છોડીને. આહાહા..! એ દયાનો ભાવ આવ્યો તોપણ કર્તૃત્વ નથી. દયાનો ભાવ પણ રાગ છે. આહાહા..! એ રાગનું કર્તૃત્વ છોડીને. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

દરકાર પણ ક્યાં છે કે મારું શું થશે? અરે..! હું અહીંથી ક્યાં જઈશ? આ દેહ છૂટશે. આત્મા તો ત્રિકાળી સત્તા છે એ તો રહેશે. ક્યાં રહેશે? તેની ચિંતા નથી. વર્તમાનની બધી ચિંતા. આહાહા..! દીકરા, દીકરી, ધંધા ચોવીસે કલાક એકલા પાપની ચિંતા (કરે છે). પાપના પોટલા બાંધવા. હું કોણ છું? અને અહીંથી ક્યાં જઈશ? આત્મા તો અનાદિઅનંત રહેશે. દેહનો નાશ થશે પણ આત્માનો નાશ તો થતો નથી તો આત્મા કયા સ્થાનમાં જશે? કયા

ભવમાં (જશે)? આહાહા..! તેની જેને ચિંતા હોય, આહાહા..! જેને તેની વિચારણા હોય તે પહેલા ત્રણે કાળના કર્મના ભાવથી ભિન્ન છું એમ નિર્ણય તો કર્યો. સમ્યગ્દર્શનમાં, હોં! આહાહા..!

આ આત્મા એવી ચીજ છે કે કોઈ કર્મ કરે અને આત્મા આત્માપણે રહે એમ બની શકે નહિ. આહાહા..! આત્મા કોઈ પણ દયા, દાનનો રાગ કરે અને આત્મા આત્માપણે રહે એમ બની શકે નહિ. આહાહા..! ગજબ વાત છે. અરે..રે..! જન્મ-મરણ કરી કરીને ચોરાશીના અવતાર, એક એકમાં અનંત અવતાર કર્યા. માંડ મનુષ્યપણું મળ્યું તો આમાં સલવાઈ ગયો. બાયડી, છોકરા, ધંધો ને વેપાર. મરી ગયો. અંદર આત્મા કોણ છે? એનું શું છે? એનું શું કરવું? એના વિચાર કાંઈ ન મળે. એનો થોડો ભાગ દેવો, એનો નહિ, બધો ભાગ બાયડી, છોકરા, રળવામાં પાપમાં (આપે). આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તારી ચીજ જ એવી છે કે ત્રણે કાળના કર્મથી તો રહિત જ છે, એમ જ્ઞાન અને આનંદનો અનુભવ થયો. ધારણા નહિ, ધાર્યું કે આ આત્મા પરથી રહિત છે, એમ નહિ. પરથી ભિન્ન છું એમ વેદન થયું. મને જ્ઞાનથી જ્ઞાનસ્વભાવનું વેદન થયું. હું સમકિતી, આત્મા ત્રિકાળ જાણવામાં આવ્યો તેની પ્રતીતિ થઈ. આહાહા.! એ (પ્રતીતિ) આવ્યા પછી પૂર્વનું કર્મબંધન હતું તે ઉદયમાં આવ્યું, તે **'ભાવોનું કર્તાપણું છોડીને,...'** દેખો! એ ભાવોનું કર્તવ્ય છોડીને. ભાવોને છોડીને એમ નથી કહ્યું. આહાહા..! આવો ધર્મ.

મુમુક્ષુ :– શ્રદ્ધામાં તો કર્તવ્ય પહેલા છૂટી ગયું.

ઉત્તર :– કરી શકું છું એ છૂટ્યું. આ તો અસ્થિરતામાં નહિ. અસ્થિરતામાં કર્તૃત્વ નહિ. આહાહા..! આવો કેવો ધર્મ હશે? વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ અરિહંત પરમાત્મા પરમેશ્વરની આ વાણી છે. પ્રભુ! તું કોણ છો? તું તો પ્રભુ આત્મા છો ને. તો આત્મા એ અનાત્મ ચીજમાં કેમ દોરાઈ ગયો? આહાહા..! તારી ચીજોને છોડીને તારામાં નથી એવામાં ક્યાં દોડી ગયો? એ બાજુ દોરાઈ ગયો, ચાલ્યો ગયો. આહાહા..! તો પહેલા જ અનુભવમાં નક્કી કર્યું કે, ત્રણકાળના કર્મ મારી ચીજમાં છે જ નહિ. આહાહા..! હવે આ તો પૂર્વના કર્મ જે બંધાયેલા છે એનું ફળ આવ્યું. દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો રાગ આવ્યો એ રાગનું અસ્થિરતાનું કર્તૃત્વ છોડીને. આહાહા..! આવો માર્ગ સાંભળવો કઠણ પડે. કર્યો તો કે દિ' છે? મજૂરીઓ કરી કરીને મરી જાય છે. વાણિયા મોટા મજૂર. આખો દિ' મજૂરી-ધંધા કરી... આહાહા..! ચાલ્યા જાય છે. આહા! જે વિચાર આવે ....

'પાલેજ' દુકાન હતી ને? અમારે ને 'કુંવરજીભાઈ'ની બે દુકાન હતી. પાંચ વર્ષ મેં પણ દુકાન ચલાવી છે. (સંવત) ૧૯૬૩ થી ૧૯૬૮. આ તો ૯૧ વર્ષ થયા. શરીરને ૯૧, ૯૨ (થયા). માતાના (પેટના) નવ મહિના ગણીએ તો ૯૨ થઈ ગયા. આહાહા..! ઘણું જોયું, ઘણું જોયું. આહાહા..! અરે..! એ વખતે 'કુંવરજીભાઈ' કરે (એ જોઈને) મને એવું થતું,

ભાઈ! આ તમે શું કરો છો? આખો દિ' આ જંજાળ. કોઈ સાધુ આવે તો રાત્રે આઠ વાગે જાય. સવારે આઠ વાગે આવ્યા હોય સાધુ તોપણ વેપાર આડે (જાય) નહિ. રાત્રે આઠ વાગે નામું લખીને જાય.

મુમુક્ષુ :- એમને ખબર હતી ને કે આપ સેવા કરો છો.

ઉત્તર :- કરે, પણ હું તો દુકાન છોડી દઉં. પછી ભાઈ ... કરે. મને કંઈ કહે પણ નહિ. પણ એ કરે પણ ગામમાં ત્રણ-ચાર સાધુ આવ્યા હોય. એ સાધુ હતા ક્યાં? આ તો એ સંપ્રદાયની દૃષ્ટિએ (કહ્યું). ધંધા આડે નવરાશ ન મળે. પાપની પીંજણું. આહાહા..! પાપની પીંજણ. પીંજણમાં જેમ એક પુણી છૂટે ત્યાં બીજી પુણી સાંધે. એક પુણી આમ છુટે ત્યાં બીજી પુણી સાંધે. એમ ધંધામાં એક ધંધો છૂટે ત્યાં બીજો ધંધો લ્યે. આહાહા..! પ્રભુ! તારે ક્યાં જાવું છે? મનુષ્યદેહ તો થોડો છે, પ્રભુ! દેહ થોડો રહેવાનો છે.

અહીં કહે છે, આહાહા..! એકવાર આ તો કર. જેનાથી જન્મ-મરણનો આરો-અંત આવી જાય. આહાહા..! પૂર્વના કર્મનો ઉદય આવે, હવે કર્મ ને પૂર્વનું બાંધેલું, પૂર્વે હું છું ને એ તો બધી પ્રતીત અને જ્ઞાન થઈ ગયું છે. સમજાય છે કાંઈ? આહાહા..! એનું '**કર્તાપણું છોડીને, ત્રણે કાળ સંબંધી ઓગણપચાસ ઓગણપચાસ ભંગો વડે કર્મચેતનાના ત્યાગની ભાવના...**' શું કહે છે? કે, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના જે પરિણામ (થાય છે) તે પરિણામને કર્મ કહે છે. અહીં કર્મ એટલે જડ નહિ. વિકારી અરૂપી ભાવને અહીં કર્મ કહે છે. અનાદિથી કર્મચેતનામાં એ જોડાઈ ગયેલો છે, એ બિચારો દુઃખી છે. આહાહા..! એ '**કર્મચેતનાના ત્યાગની ભાવના...**' હું રાગનો કર્તા, કરાવનાર, ભવિષ્યમાં અનુમોદન કે કર્તાપણાનો બધાનો ત્યાગ કરીને. આહાહા..! એ કર્મચેતના. દયા, દાન, રાગ, દ્વેષ, ધંધાના પરિણામ એ કર્મચેતના (છે). આહાહા..!

અરે..! હું ક્યાં જઈશ? દેહ છૂટીને ક્યાં જઈશ? અને મરનારની પાછળ રોવે છે એ મરીને નરકમાં ગયો કે ઢોરમાં ગયો એની એને ક્યાં પડી છે? એ તો પોતાની વર્તમાન સગવડતા જાય છે, દુકાનનું બરાબર ધ્યાન રાખતા, એને રોવે છે. તું મરીને ઢોરમાં ગયો કે નરકમાં ગયો, અમારે અહીં ક્યાં પડી છે? આહાહા..! આ એના સગા! કોઈ દિ' એણે વિચાર્યું છે? આહાહા..! હું તો ત્યાં મારા ઘરના જેટલા માણસો (હતા) એનો વિચાર કરતો. આ ક્યાં જશે? આહાહા..! 'કુંવરજીભાઈ' ને કીધું હતું, ઢોરમાં જઈશ, ભાઈ! ઢોરમાં જઈશ. (સંવત) ૧૯૬૪ ની સાલમાં કહ્યું હતું. ૧૯૬૪ની સાલ, કેટલા વર્ષ થયા? ૭૨. દુકાનનો ધંધો મોટો ચાલતો, બે દુકાન હતી. ઢોરમાં જઈશ, કીધું. અમારા ભાઈ હતા એ સરળ હતા, સરળ હતા. આહાહા..! એ માણસ થયા હશે એવું લાગે છે. સપનામાં આવ્યું હતું. માણસ થયા છે. એક ઢોર અને એક માણસ. બેય ભાગીદાર. આહાહા..! બાપ મરીને નરકે જાય ને છોકરો મરીને સ્વર્ગમાં જાય. એકબીજાને સંબંધ શું છે? જેના જે પરિણામ કર્યા એ પરિણામનું

ફળ ભોગવવા ચાલ્યા ગયા.

અહીં કહે છે, ધર્મીજીવ એ કર્મચેતનાને છોડે છે. વર્તમાન. પુણ્ય અને પાપના ભાવ મારું કર્તવ્ય છે એમ દૃષ્ટિમાંથી તો છૂટી ગયું છે, (હવે) અસ્થિરતામાં પણ છોડે છે. આહાહા..! છે? **'કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને તથા સર્વ કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને,...'** કોઈપણ કર્મને ભોગવવું એ મારું કાર્ય નથી. ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર, રાગાદિ અંધારામાં કેમ રોકાય? આહાહા..! ચૈતન્ય ભગવાન જાણનનું પૂર, એ તો જાણનસ્વભાવથી ભરેલો ભગવાન ત્રિકાળી જ્ઞાયક (છે). આહાહા..! આ રાગાદિ અંધારા છે, ચાહે તો દયા, દાનનો રાગ હો કે ચાહે તો ધંધાનો રાગ હોય, બન્ને રાગ અંધારું છે. આહાહા..! અરે..! ચૈતન્યપ્રકાશ અને અંધારું, બન્ને એક કેમ થાય છે? બન્ને કદી એક થતા નથી. આહાહા..! તો એ કર્તાપણાને છોડી દે. આહાહા..! અહીં તો ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. આહાહા..!

**'સમસ્ત કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને, એક ચૈતન્યસ્વરૂપ આત્માને જ ભોગવવાનું બાકી રહ્યું.'** લ્યો! બધા કર્મના ફળને ભોગવનાર હું નહિ. હું તો ચૈતન્ય આત્મા આનંદમય, એ આનંદસ્વરૂપી પ્રભુ (છું). રાગ એ દુઃખ છે, ચાહે તો પુણ્યનો રાગ હો, એ આનંદસ્વરૂપી દુઃખને કેમ ભોગવે? આહાહા..! ભગવાન અંદર અતીન્દ્રિય આનંદનું દળ છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો.. આહાહા..! ભગવાન છે આત્મા. કેમ બેસે? બીડી વિના ચાલે નહિ. બીડી, તમાકુ વિના ચાલે નહિ, એને કહેવું કે તું ભગવાન છો. શ્રદ્ધા-જ્ઞાનમાં તો છોડી દીધા. કેમ કે પોતાની ચીજમાં રાગ અને રાગના ફળની ગંધ નથી. ત્યાં તો આનંદ ને આનંદના ફળ ભોગવવાના છે. એવો હું મારો આત્મા ઓગણપચાસ ઓગણપચાસ ભંગને છોડીને **'કર્મચેતનાના ત્યાગની ભાવના કરીને...'** રાગને કરવું એને છોડીને એ ભાવના કરીને.

**'સમસ્ત કર્મનું ફળ ભોગવવાના ત્યાગની ભાવના કરીને,...'** આહાહા..! છોડ્યું છોડ્યું જાય નહિ. આમાં ભગવાન કહે છે, બધું છોડી દે. બાપુ! ચોરાશીના અવતારમાં મરી જઈશ. ચોરાશીના અવતાર કરી કરી... આહાહા..! અહીં તો કહે છે, બધું છોડી દે. આખી દુનિયા એક આત્મા સિવાય, તારા સિવાય બધું છોડી દે. આહાહા..! પહેલા શ્રદ્ધા-જ્ઞાનમાં, અનુભવમાં છોડ પછી અસ્થિરતાને છોડ. આહાહા..! ક્યે ક્ષણે દેહમાં ફેરફાર થાય... આહાહા..!

કહે છે, પોતાના સ્વરૂપનું ભાન થયું, સમ્યગ્દર્શન-જ્ઞાન થયું તો પણ પૂર્વના કર્મ છે એને ભોગવવાનું બાકી રહ્યું, એ પણ છોડી દે. આહાહા..! **'પ્રમત્ત અવસ્થાવાળા જીવને જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ;...'** શું કહે છે? જ્ઞાનમાં, શ્રદ્ધામાં તો પૂરું આખું જગત છોડી દીધું. હવે અસ્થિરતા રહી ગઈ છે. આહાહા..! ચૈતન્ય સ્વરૂપની જ્ઞાનશ્રદ્ધાનમાં તો નિરંતર આ ભાવના છે જ. રાગાદિ વિકલ્પ કોઈ ચીજ મારામાં નથી, એ તો સમ્યગ્દર્શનમાં હોય જ છે. આહાહા..! બધું છોડી દેવાનું કહે છે. ચારિત્રની અપેક્ષાએ વાત છે. શ્રદ્ધામાં

પહેલા બધું છોડી દે. એક રાગનો રજકણ પણ મારો નહિ અને એક પરમાણુનો રજકણ પણ મારો નહિ. આહાહા..! જે મારામાંથી નીકળી જાય એ મારી ચીજ નહિ અને મારામાં રહે એ મારી ચીજ છે. મારામાં તો જ્ઞાન ને આનંદ રહેવાના છે. રાગના ઓગણપચાસ ભંગ છોડીને, કર્મચેતનાને છોડીને, પ્રમત્ત અવસ્થાવાળા જીવને જ્ઞાનશ્રદ્ધાનમાં નિરંતર ભાવના તો છે જ. ચોથે ગુણસ્થાને, પાંચમે અને છટ્ઠે એને જ્ઞાન અને શ્રદ્ધા તો છે. આહાહા..!

**'અને જીવ અપ્રમત્ત દશા પ્રાપ્ત કરીને...'** આહાહા..! અપ્રમત્ત દશામાં જ્યારે આવે છે **'એકાગ્ર ચિત્તથી ધ્યાન કરે,...'** આ તો સપ્તમ ગુણસ્થાનની વાત છે. આહાહા..! ચોથે, પાંચમે, છટ્ઠે સુધી તો ધ્યાનમાં ન રહી શકે. શ્રદ્ધા-જ્ઞાનમાં છે કે આ બધું છોડવા લાયક છે. આહાહા..! **'કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે...'** આત્મા એકલો ચૈતન્યમાત્ર છે. તેમાં કોઈ દયા, દાન, કર્મ, વિકલ્પ કાંઈ નથી. એ તો ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર છે. આહાહા..! એમ સમકિતીને ધર્મની જેને અંતરશ્રદ્ધા થઈ એ શ્રદ્ધાવાનને મારા આનંદ અને જ્ઞાનસ્વભાવ સિવાય બધી ચીજ મારી નથી. એ તો શ્રદ્ધામાંથી છૂટી ગઈ. આહાહા..! શ્રદ્ધામાંથી અને જ્ઞાનમાંથી આ મારી ચીજ છે એવું છૂટી ગયું. આહાહા..!

**'અને જીવ અપ્રમત્ત દશા પ્રાપ્ત કરીને...'** ચોથે, પાંચમે, છટ્ઠે ભાવના છે શ્રદ્ધાની, સ્થિરતાની ભાવના નથી. ચોથે, પાંચમે, છટ્ઠે શ્રદ્ધા-જ્ઞાનની ભાવના છે કે આ મારી ચીજ નથી પણ હજી અસ્થિરતા છે. સાતમે એ અસ્થિરતાને પણ છોડીને. આહાહા..! **'જ્યારે જીવ અપ્રમત્ત દશાને પ્રાપ્ત કરીને...'** એટલે શું કહે છે? કે ચોથે, પાંચમે અને છટ્ઠે ગુણસ્થાને શ્રદ્ધા-જ્ઞાનમાં તો આ ભાવના છે જ, પણ સ્થિરતા નથી, તેની કચાશ સપ્તમ ગુણસ્થાનમાં છોડીને આત્માના ધ્યાનમાં લાગી જાય. ત્યારે ચારિત્રની દશા થાય છે, ત્યારે કેવળજ્ઞાન થાય છે. આહાહા..! ત્યારે મુક્ત થાય છે, નહિતર મુક્ત થતો નથી, ચાર ગતિમાં રખડે. ભારે આકરી વાત.

**'કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે...'** આહાહા..! એકલો ચૈતન્યમાત્ર ભગવાન, જેમાં દયા, દાન, વ્રતના વિકલ્પનો અવકાશ નથી. ચૈતન્યમાં એ છે જ નહિ. અત્યારે તો આ કરો, આ કરો, આ કરો.. કરો ને મરો. થઈ રહ્યું, જાઓ! આહાહા..! અરે..! જિંદગી ચાલી જાય છે. મૃત્યુના દિવસો નજીક આવે છે. નક્કી છે કે આ દિવસે અને આ ક્ષણે દેહ છૂટશે. એ પહેલા આ કરવાનું છે એ કરવું છોડીને નહિ કરવાલાયક છે એ પહેલા કરવું છે. આહાહા..! હજી શ્રદ્ધા-જ્ઞાનના ઠેકાણા નથી. હું કોણ છું? કેવો છું? બીજાનું કરવું, આમ કરવું, મદદ કરવી, સેવા કરવી, બીજાની સેવા કરવી.. ધૂળેય સેવા કરી શકતો નથી. ત્રણ કાળ ત્રણલોકમાં એક જીવ બીજા જીવની સેવા કરી શકતો નથી. ભિન્ન ચીજ ભિન્નનું કાંઈ કરી શકતી નથી. આહાહા..! એમાં બિચારા અટવાઈ જાય. આ કરવું ને આ કરવું ને આ કરવું. આહાહા..! નવરા થાય તો ધર્મના નામના ચોપડા લખે.. હવે હું બધું મફત

કામ કરીશ. આહાહા..! પ્રભુ! શું કરવું છે તારે?

પ્રભુ! તું તો જ્ઞાન, જ્ઞાન ચૈતન્યનો પિંડ, તું તો જાણનહાર (છો). એક કોર જ્ઞેય અને એક કોર જ્ઞાન. કેવળી પણ તારા જ્ઞાનમાં જ્ઞેય છે. તું તો જ્ઞાન છો ને! આહાહા..! કેવળી તરફ પણ જો રાગ રહેશે તો એ પણ રાગ છે, પુણ્ય છે, એ પણ ધર્મ નથી. આહાહા..! **'ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે...'** એ શું કહે છે? કેવળ ચૈતન્યમાત્ર આત્મા. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આત્મામાં નથી, આત્માના નથી. આહાહા..! તેથી કેવળ શબ્દ લીધો ને? શું કહ્યું? **'કેવળ ચૈતન્યમાત્ર...'** એકલો ચૈતન્યમાત્ર આત્મા. આહાહા..! આત્મામાં **'કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે...'** આટલી લીટીમાં... આહાહા..! એકલો જાણકસ્વભાવ, જાણકસ્વભાવ, જાણકસ્વભાવ... એ આત્મા છે. એવા ચૈતન્યમાં ઉપયોગ લગાવે. આહાહા..! મોટા ચક્રવર્તીના રાજ કરવા હોય... બીજાથી અધિક થઈને કરું, હું હોંશિયાર છું તો આ કરું, આ કરું, આ કરું. નવી દુકાન બનાવું, આમ ફલાણું કરું. અત્યારે.. આ શું કહેવાય? કારખાના બહુ ચાલ્યા. પચીસ-પચાસ હજાર રૂપિયા થાય ત્યારે કારખાના બનાવે. લોઢાના ને ઢીકણાના ને ખીલીના ને... અરે..રે..! જગત..

અહીં કહે છે, કેવળ ચૈતન્યમાત્ર આત્મા. બીજું કાંઈ નથી એમાં. આહાહા..! **'કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે...'** પોતાની પર્યાયનો ઉપયોગ–વેપાર ત્યાં લગાવે. આહાહા..! ઉપયોગ શબ્દે જાણવા-દેખવાના પરિણામ ચૈતન્યમાં લગાવે. જાણવું-દેખવું જે પર તરફ ઝુકે છે એ શ્રદ્ધા-જ્ઞાનમાં તો છોડી દીધું છે પણ જે અસ્થિરતામાં છે એ પણ છોડી દે. આહાહા..! હવે આને ધંધા કરવા કે આવું કરવું? શું કરવું? 'શાંતિભાઈ'! આખો દિ' ધંધા કરવા, બાયડી, છોકરા, દીકરા, દીકરીઓ ઠેકાણે પાડવા, પોતાની આબરૂ પ્રમાણે ઠેકાણે પાડવા. જેવે તેવે ઠેકાણે દીકરી અપાય નહિ, જેવા તેવા ઠેકાણાની હલકી દીકરી લે નહિ. આહાહા..! આ બધી વાતમાં કસાઈખાના માંડ્યા છે. આહાહા..!

પ્રભુ! તું તો જ્ઞાન છો ને! તારા જ્ઞાનમાં કંઈ કરવું એ હોઈ શકે નહિ, નાથ! આહાહા..! એ તને રુચે નહિ તો તને આત્મા જ રુચતો નથી. આત્મા જ રુચતો નથી કે આત્મા કોણ છે? અમારે દરકાર નથી. આહાહા..! પોતાને પરથી તો જુદો જાણે અને માને પછી સ્વરૂપમાં ઉપયોગ લગાવે. એ ઉપયોગ હજી પરમાં ફરતો હતો. આહાહા..! લખ્યું છે થોડામાં (પણ) કેટલું ભર્યું છે! આહાહા..!

**'અને શુદ્ધોપયોગરૂપ થાય,...'** આહાહા..! લ્યો, શુદ્ધોપયોગરૂપ થાય. અપ્રમત્ત દશા થાય ત્યારે શુદ્ધઉપયોગ થઈ જાય છે. પહેલા શુદ્ધઉપયોગ થોડો હોય છે પણ કાયમ ન રહે. અપ્રમત્તમાં કાયમ રહે. આહાહા..! શુદ્ધઉપયોગ એટલે? પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રતના પરિણામ એ અશુદ્ધઉપયોગ છે. એ તો બંધનનું કારણ છે. તેને છોડીને શુદ્ધઉપયોગનો ઉપયોગ લગાવી દે. આહાહા..! દુનિયાને ન જો, એ શું કરે છે? કોણ મોઢા આગળ વધે છે? કોઈ

ધૂળેય મોઢા આગળ વધતું નથી, બાપા! આહા! મસાણમાં ચાલ્યો જઈશ. મસાણમાં તો કાંઈ જાતો નથી. મસાણમાં તો મડદા જાય, એ તો ક્યાંય ચાલ્યો જાય છે. આહાહા..! દેહ છૂટે પછી તો ક્યાંય ચાલ્યો જાય છે. મડદાને મસાણમાં લઈ જાય. આહાહા..! એકવાર જાગતી જ્યોતને જો તો ખરો પ્રભુ! આહાહા..! કોઈ દિ' જેને જન્મ નથી, મરણ નથી, યુવાન નથી, વૃદ્ધ નથી, બાળક નથી એવો તું પ્રભુ અંદર છો. આહાહા..! એવા આત્મામાં ઉપયોગ લગાવ.

**'શુદ્ધોપયોગરૂપ થાય,...'** પુણ્ય અને પાપના ભાવ એ તો અશુદ્ધઉપયોગ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ આદિ અશુદ્ધઉપયોગ છે, એ તો રાગ છે. આહાહા..! એ તો મલિનભાવ બંધનું કારણ છે. શુદ્ધઉપયોગ પુણ્ય અને પાપના બન્ને ભાવથી રહિત શુદ્ધોપયોગરૂપ થાય. **'ત્યારે નિશ્ચયચારિત્રરૂપ...'** આ ચારિત્રની વ્યાખ્યા છે ને? **'ત્યારે નિશ્ચયચારિત્રરૂપ શુદ્ધોપયોગભાવથી શ્રેણી ચડીને...'** આહાહા..! એ શુદ્ધઉપયોગ અંદર લગાવે તો નિશ્ચયચારિત્ર થાય અને નિશ્ચયચારિત્રથી.. આહાહા..! શ્રેણી ચડીને એટલે કે ગુણની પર્યાય, ગુણની પર્યાય ધારાવાહી ચાલે. નિર્મળ પર્યાયને ધારાવાહી ચલાવે. એક પછી એક, એક પછી એક ધારાવાહી. એને અહીં શ્રેણી કહે છે. આહાહા..! અંદરમાં ઉપયોગમાં ચડાવી દે.

**'કેવળજ્ઞાન ઉપજાવે છે.'** આહાહા..! એ શુદ્ધઉપયોગભાવથી શ્રેણી ચડીને **'કેવળજ્ઞાન ઉપજાવે છે.'** લ્યો, પહેલેથી શરૂ કરી ઠેઠ (સુધી લીધું). આહાહા..! **'તે વખતે...'** કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તે વખતે **'તે ભાવનાનું ફળ જે કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી રહિત...'** રાગને કરવું અને રાગને ભોગવવો. રાગને કરવો એ કર્મચેતના અને ભોગવવું એ કર્મફળચેતના તેને છોડીને. આહાહા..! **'સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ પરિણમન તે થાય છે.'** જ્ઞાનનું પરિણમન તો ચોથે, પાંચમે હતું પણ આ સાક્ષાત્ જ્ઞાનરૂપ પરિણમન થઈ ગયું, એકલું કેવળ રહી ગયું. એકલો ચૈતન્યબિંબ અંદર રહી ગયો. બધું ખલાસ થઈ ગયું. આહાહા..! આવું સાંભળવા મળે નહિ. એ કરે કે દિ' બિચારા? એમાં વળી જુવાન અવસ્થા હોય અને મહિને હજાર, બે હજાર, પાંચ હજાર કાંઈક રળતો હોય, આહાહા..! ઊંડો ઊંડો ગરી જાય. આહાહા..! કહે છે, કરવાનું તો આ છે. આહાહા..!

**'પછી આત્મા અનંત કાળ સુધી...'** આત્મા અનંત કાળ સુધી **'જ્ઞાનચેતનારૂપ જ રહેતો થકો પરમાનંદમાં મગ્ન રહે છે.'** લ્યો! પરમાનંદમાં મગ્ન એ સિદ્ધ, એ પરમાત્મા, એ મોક્ષ. પરમાનંદની પૂર્ણ દશા પ્રગટ કરીને, આ વિધિથી. સદા સાદિઅનંત પરમાનંદમાં રહે છે. આહાહા..! સારું લખ્યું છે.

# શ્લોક–૨૩૧

(उपजाति)

निःशेषकर्मफलसन्यसनान्ममैवं
सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः।
चैतन्यलक्ष्य भजतो भृशमात्मतत्त्वं
कालावलीयमचलस्यवहत्वनन्ता।।२३१।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– (સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનાની ભાવના કરનાર જ્ઞાની કહે છે કે :) [ एवं ] પૂર્વોક્ત રીતે [ निःशेष-कर्म-फल-सन्यसनात् ] સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી [ चैतन्य-लक्ष्म आत्मतत्त्वं भृशम् भजतः सर्व-क्रियान्तर-विहार-निवृत्त-वृत्तेः ] હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું અને તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં વિહારથી મારી વૃત્તિ નિવૃત્ત છે (અર્થાત્ આત્મતત્ત્વના ભોગવટા સિવાયની અન્ય જે ઉપયોગની ક્રિયા-વિભાવરૂપ ક્રિયા-તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી-પ્રવર્તતી નથી); [ अचलस्य मम ] એમ આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને, [ इयम् काल-आवली ] આ કાળની આવલી કે જે [ अनन्ता ] પ્રવાહરૂપે અનંત છે તે, [ वहतु ] આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો જાઓ. (ઉપયોગની પ્રવૃત્તિ અન્યમાં કદી પણ ન જાઓ.)

ભાવાર્થ :– આવી ભાવના કરનાર જ્ઞાની એવો તૃપ્ત થયો છે કે જાણે ભાવના કરતાં સાક્ષાત્ કેવળી જ થયો હોય; તેથી તે અનંત કાળ સુધી એવો જ રહેવાનું ચાહે છે. અને તે યોગ્ય જ છે; કારણ કે આ જ ભાવનાથી કેવળી થવાય છે. કેવળજ્ઞાન ઉપજવાનો પરમાર્થ ઉપાય આ જ છે. બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે; અને આના વિના વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે છે, મોક્ષનો ઉપાય નથી. ૨૩૧.

## શ્લોક–૨૩૧ ઉપર પ્રવચન

**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'**

**निःशेषकर्मफलसन्यसनान्ममैवं**
**सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः ।**
**चैतन्यलक्ष्य भजतो भृशमात्मतत्त्वं**
**कालावलीयमचलस्यवहत्वनन्ता ।।२३१।।**

આહાહા..! **'(સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનાની ભાવના કરનાર જ્ઞાની...)'** આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા છું. મારામાં કંઈ લપ નથી. આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ મારો નહિ. આહાહા..! એમ અંદર શ્રદ્ધા-જ્ઞાન કરીને. છે ને? **'(સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનાની ભાવના કરનાર જ્ઞાની કહે છે કે :) પૂર્વોક્ત રીતે...' 'निःशेष-कर्म-फल-सन्यसनात्' 'સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી...'** સંન્યાસ એટલે ત્યાગ. આહાહા..! અંતરમાં શ્રદ્ધા-જ્ઞાનમાં તો એ સર્વનો ત્યાગ પહેલા કરવો. કોઈપણ ચીજ મારી છે, હું કર્તા છું, હું તેનો ભોક્તા છું એ તો પહેલાથી જ છોડી દેવું જોઈએ. આહાહા..! પછી સ્વરૂપમાં સ્થિરતા કરે એની અહીંયાં વાત છે. આહાહા..!

**'હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું...'** આહાહા..! ચારિત્રની વ્યાખ્યા છે ને! હું તો આનંદને ભોગવું છું. દુઃખ, રાગ ને દુઃખ આકુળતા એ મારામાં છે જ નહિ. આહાહા..! જગતના કોઈ પદાર્થની ચિંતા મારામાં છે જ નહિ. આહાહા..! 'મફતલાલ' કહેતા, આવું તો બાવા થઈએ ત્યારે (સમજાય). પણ બાવો જ છો અંદરમાં, તેં પરની સાથે સંબંધ માન્યો છો. આહા..! અંદર તો નિવૃત્તસ્વરૂપ જ છે. બાવો કહો કે નિવૃત્તસ્વરૂપ કહો. એક રાગનો વિકલ્પ, તીર્થંકર ગોત્ર બંધાય એ રાગ સાથે પણ તારે સંબંધ નથી, પ્રભુ! જ્ઞાનસ્વભાવને એ ન હોય. જાણન સ્વભાવ જે પરમાત્મા એને રાગ મેલો એને કરવું અને ભોગવવું હોય નહિ. આહાહા..! એવી ચીજને ભોગવતા.. આહાહા..!

**'સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું...'** આહાહા..! લ્યો! આનું નામ મોક્ષ છે. એકલું ચૈતન્યતત્ત્વ પૂર્ણાનંદથી ભરેલું, એને હું ભોગવું છું. **'અન્ય સર્વ ક્રિયામાં વિહારથી...'** અન્ય સર્વ ક્રિયામાં વિહાર એટલે રોકાવાથી **'મારી વૃત્તિ નિવૃત્ત છે...'** આહાહા..! **'(અર્થાત્ આત્મતત્ત્વના ભોગવટા સિવાયની અન્ય જે ઉપયોગની ક્રિયા–વિભાવરૂપ ક્રિયા–તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી...)'** એમાં વિહાર નથી કરતી. આહાહા..!

**'આ કાળની આવલી...'** શું કહે છે? મારી જે આ દશા ઉત્પન્ન થઈ તે હવે આ કાળથી તે અનંતકાળ સુધી રહો. આહાહા..! કાળની આવલી નામ શ્રેણી, ભવિષ્ય કાળ. મારો અનંત કાળ આનંદમાં રહો, બસ! આહાહા..! આ તો કોઈ કહે, કરી શકાય એવું કાંઈ કહેતા નથી અને ન કરી શકે (એવું કહે છે). બિચારાએ સાંભળ્યું નથી. વસ્તુની સ્થિતિને સાંભળી નથી. આહાહા..! **'(વિભાવરૂપ ક્રિયા–તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી..)'** વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૪૦ શ્લોક–૨૩૧, ૨૩૨ મંગળવાર, અષાઢ સુદ ૧૦, તા. ૨૨-૦૭-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

**'સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને...'** કર્મ શબ્દે પુણ્ય અને પાપ. એ કર્મ છે, બંધન છે, દુઃખ છે. એ પુણ્ય પણ દુઃખ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પણ દુઃખ છે અને આ કમાવું, આખો દિ' દુકાન એ તો એકલા પાપ (છે). એ તો પાપના પોટલા બાંધે છે. આહાહા..! એના ફળ આવે ત્યારે... અત્યારે એને નહિ સૂઝે. અત્યારે મજા લાગે. પાંચ-પચીસ લાખ મળી ગયા, કરોડ રૂપિયા મળ્યા હોય, બે-પાંચ કરોડ (મળ્યા હોય એમાં નહિ સૂઝે). 'આફ્રિકા' માં ગયા હતા ત્યારે કહ્યું હતું. ત્યાં ૪૫૦ તો કરોડપતિ છે. ૪૫૦ કરોડપતિ અને ૧૫ અબજપતિ. એમાં આપણા 'જેઠાભાઈ' છે. એ તો બિચારા ખાનગીમાં કહે. મેં કીધું, દુઃખી છો, દુઃખી. 'જેઠાભાઈ' નરમ માણસ છે. અહીં આવે છે. આહાહા..! ધૂળમાં કાંઈ ન મળે. એક અબજપતિ 'રતિભાઈ' આવ્યો હતો. (એને કીધું), તત્ત્વજ્ઞાન થયા પછી વ્યવહાર કેવો હોય એ સમજાશે. આહાહા..!

અહીં કહે છે, **'સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને...'** અરે..! પ્રભુ! તેં બહુ કર્યું. અનંતકાળ પુણ્ય અને પાપના ભાવ કર્યા. મહા દુઃખરૂપ. આહાહા..! એ ઝેરીલા સ્વાદ તેં ચાખ્યા, ઝેરીલા સ્વાદ ચાખ્યા. આહા! હવે ત્યાગ કર. **'જ્ઞાનચેતનાની ભાવના કરનાર..'** હવે જ્ઞાન એટલે આત્મા. આહાહા..! હું તો આત્મા જ્ઞાન છું. કોઈ ચીજ મારી નથી અને હું કોઈ ચીજનો નહિ. હવે આ શી રીતે બેસે? આખો દિ' બાયડી, છોકરા ને લોઢાના ધંધામાં પડ્યા હોય. આહાહા..!

મુમુક્ષુ :– ધંધો તો ..

ઉત્તર :– ધંધો તો આયુષ્ય પૂરું થાય ત્યારે પડ્યો રહે, અહીં હોય ત્યાં સુધી કોણ

કરે? અમારે ત્યાં 'પાલેજ' માં દુકાન હતી. હોય ત્યાં સુધી અમારે 'કુંવરજીભાઈ' હો.. હા હો.. હા કરતા. મરી ગયા ત્યારે છેલ્લે સનેપાત થઈ ગયો. સનેપાત થયો. મેં આ કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું.. મેં તો પહેલેથી (સંવત) ૧૯૬૪ ની સાલમાં કહ્યું હતું, મરીને આ ઢોર થાશે. આ દશા? આત્મા શું છે? બાપુ! ક્યાં જઈશ તું? તું શું કરે છો? એનું ફળ શું છે? એનો વિચાર પણ કર્યો નથી. અરે..! તારી દયા તને નથી, બીજાની દયા કરવા ચાલી નીકળ્યો. આહાહા..!

અહીં કહે છે, **'સકળ કર્મોના ફળનો ત્યાગ કરીને જ્ઞાનચેતનાની ભાવના કરનાર જ્ઞાની કહે છે કે :–'** આહાહા..! પુણ્ય અને પાપના ભાવ, હોં! બહારની ચીજની તો વાત જ ક્યાં છે? એ પુણ્ય અને પાપની કર્મચેતનાને છોડીને અંતર આત્મા જ્ઞાનચેતના એટલે જ્ઞાનસ્વરૂપનો અનુભવ, એ જ્ઞાનચેતના કરનાર જ્ઞાની કહે છે કે, હવે જ્ઞાની–ધર્મી પોતામાં કહે છે કે **'પૂર્વોક્ત રીતે...'** **'निःशेष-कर्म-फल-सन्यसनात्'** **'સમસ્ત કર્મોના ફળનો સન્યાસ કરવાથી...'** આહાહા..! પૂર્વે ગમે તે પ્રકારનું બંધન કર્યું હોય. અરે..! તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો હોય મારે ભોગવવું નથી. આહાહા..! કેટલું આવી ગયું એમાં! આહાહા..! બાયડી મારી છે એમ મનાશે નહિ, છોકરો મારો છે એમ મનાશે નહિ. માનશે ઇ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને સેવે છે. આહાહા..! ગજબ વાત, બાપા! આ વાત સાંભળવા મળે ક્યાં? આહાહા..! જે ચીજને આત્મા કદી અડી શકે નહિ. અડે સમજ્યા? છૂતા નહિ. એક ચીજ બીજી ચીજને અડતી નથી. એ ચીજને અડતો નથી એ ચીજ તારી ક્યાંથી થઈ ગઈ? આહાહા..! દુનિયામાં બિચારા અબજોપતિ (મરીને) ચાલ્યા જાય. અરે..! મને કોઈ બચાવો. બચાવો.. બચાવો.. કોણ બચાવે? ધૂળ. આહાહા..! ચાલ્યા જાય. માંસ આદિ ખાતા હોય તો નરકમાં જાય. વાણિયા માંસ ન ખાય તો પશુમાં જવાના. પશુ પશુ થવાના. આહાહા..! કેમ બેસે? અહીં પાંચ-પચાસ લાખ (મળ્યા હોય) એ મરીને પશુ થવાના. બેસે કેમ? અને ત્યાંથી અનંત કાળે માણસ થવું મુશ્કેલ, પ્રભુ! આહાહા..! આવી વસ્તુની મર્યાદા છે. માને, ન માને એથી કરીને કંઈ વસ્તુની મર્યાદા ફરે નહિ.

એક ચીજ અનંતી ચીજની છે જ નહિ અને અનંતી ચીજ એક ચીજની નથી. આહાહા..! એક ચીજ બીજી ચીજને અડતી નથી. ગજબ વાત છે, પ્રભુ! આહાહા..! અને દરેક ચીજમાં ધારાસર ક્રમબદ્ધ પર્યાય થાય છે. આઘીપાછીને શું કહે છે? આગળપાછળ નથી થતી. આહાહા..! એકલો પ્રભું તું જ્ઞાતા ને દૃષ્ટા જ અંદર છે. કરવું-ફરવું કે પર્યાયને ફેરવવી એ પણ નહિ. કરવું-ફેરવવું તો નહિ પણ પર્યાયને ફેરવવું પણ નહિ. આહાહા..! એ અહીં કહ્યું.

**'निःशेष-कर्म-फल'** **'સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી...'** **'चैतन्य-लक्ष्म आत्मतत्त्वं भृशम् भजतः सर्व-क्रियान्तर-विहार-निवृत्त-वृत्तेः'** **'હું...'** ધર્મી હવે પોતાની ચીજમાં આવે છે. પરચીજમાં જે ભાવમાં ભટકતો હતો,... આહાહા..! ભાવમાં, હોં! પરચીજને તો

કદી અડતો નથી. આહાહા..! પરચીજનું લક્ષ કરીને જે ભાવનું ભટકવું (હતું એમાં) દુઃખ, એકલું દુઃખ (હતું). સંસારનું સુખ છે એ એકલું દુઃખ (છે). આહાહા..!

એક પ્રશ્ન નહોતો થયો? નારકીને આટલું દુઃખ, સંયોગ છે. (કીધું), સંયોગનું દુઃખ નથી. એને અગ્નિ અડતી નથી. એને પરમાધામી શસ્ત્ર મારે એને અડતો નથી. આહાહા..! ફક્ત એ સંયોગ ઉપર લક્ષ જઈ અર..ર..! આ છે. એમ કરે છે એ વિકાર કરીને વિકારને વેદે છે. આહાહા..! એ સંયોગને તો અડતો પણ નથી. અરે..રે..! આ કોણ માને? વીંછી કરડે છે ત્યારે અડતો નથી, વીંછી અડ્યો જ નથી. તો રાડ શું કરવા નાખે છે? એ તો બીજા પરમાણુ છે. વીંછી તો નિમિત્ત હતો. બીજા પરમાણુ હતા (એ) ઝેરપણે એવા દુઃખરૂપ પરિણમ્યા. રાડ નાખે અંદર, આહાહા..! વીંછીને ઉતારે છે ને. એ ઉતરે શું? ઉતારતા, આપણા 'રામજીભાઈ' ઉતારતા. એ તો જે જથ્થો હોય એ આમ આમ કરે એટલે છૂટો પડી જાય. આહાહા..! એના પરમાણુ હોય ને? ઝેર જેવા થઈ ગયા હોય. એ આમ ફેરવે એટલે છૂટા પડી જાય ને હળવું થઈ જાય. આહાહા..! દરેક ચીજને ખ્યાલમાં લીધી છે. કોઈપણ ચીજનો મર્મ શું છે એ જાણ્યા વિના કોઈ દિ' જાણ્યું નથી. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! **'પૂર્વોક્ત રીતે સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરવાથી...'** આહાહા..! અહીં તો છેલ્લી વસ્તુ છે, ચારિત્રનો અધિકાર છે. સમસ્ત છોડી દે. આહાહા..! રાગના કણથી માંડી ને રજકણ અને ધૂળના ઢગલા, બધા ઢગલા હોય છે, કોઈ તારી ચીજ નથી. તને દુઃખ આવશે તો.. શ્વેતાંબરમાં એક ઠેકાણે એમ લખ્યું છે, પૂર્વે તેં પાપ કર્યા હોય પછી પ્રતિકૂળતા આવે તો એની પાસે જજે કે મેં તારે માટે પાપ કર્યા હતા, કાંઈક બચાવે ને! કોણ બચાવે? પ્રભુ! તેં એકલાએ કર્યા અને એકલો ભોગવ. આહાહા..! સર્પનું કરડવું એનું બહુ દુઃખ નથી, ફક્ત મૂર્છા આવી જાય. વીંછીનું કરડવું આકરું (છે). એ બધાથી પણ નરકના દુઃખો.. આહાહા..! એ પર ઉપર લક્ષ કરીને, એકાકાર થઈને એણે દુઃખ વેઠ્યા છે. દુઃખ તો વેદનારા વેદે પણ દુઃખને જોનારને આંખમાંથી આસુની ધારા ચાલી જાય એટલા દુઃખો વેઠ્યા છે, બાપા! આહાહા..! તેં તો દુઃખ વેદ્યા પણ દુઃખને જોનારને આંખમાંથી આંસુ ચાલ્યા જાય. અર..ર..ર..! આ (દુઃખ)? એ બધાનું મૂળિયું મિથ્યાત્વ છે. બાકી બધી ઉપરની વાતું (છે).

**'સમસ્ત કર્મના ફળનો સંન્યાસ કરીને...'** મેં કોઈ કર્મ કર્યા જ નથી, મારી ચીજ જ નથી. હું તો આત્મા છું. આહાહા..! આત્મા ક્યાં રાગ કરે? આહાહા..! બરફ કેમ એનાથી સળગે? બરફ સળગે? બરફ. એમ ભગવાન શાંતરસથી ભરેલો (છે). બરફથી ઠંડી પણ અનંતગુણી શાંતિ છે. આહાહા..! પુણ્ય-પાપ દુઃખ. આહાહા..! એને વેદ્યા એ તો એ જાણે. કહે છે, એકવાર છોડ તો ખરો, પ્રભુ! આ તો છેલ્લો અધિકાર છે ને? ચારિત્ર અધિકાર છે. દર્શન-જ્ઞાન સહિત. પહેલું હજી દર્શન કરે.

**'પૂર્વોક્ત રીતે સમસ્ત કર્મના ફળનો સન્યાસ કરવાથી હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા**

**આત્મતત્ત્વને...**' આહાહા..! મારું લક્ષણ તો ચૈતન્ય છે. મારું લક્ષણ કોઈ પુણ્ય-પાપ, પરનું કરવું ને ભોગવવું એ મારું લક્ષણ નથી. આહાહા..! '**હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું...**' આહાહા..! છેલ્લું ચારિત્ર આવ્યું ને? આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. ચારિત્ર કોને કહેવું? બાપુ! અત્યારે તો એ વાત પણ બધી ફરી ગઈ છે. નગ્ન થયા ને લૂગડા છોડ્યા તો થઈ ગયા સાધુ. આ લૂગડાવાળા તો.. આહાહા..! પ્રભુ એમ કહે, કપડાનો કટકો રાખીને સાધુ માને તો નિગોદમાં જશે. તો પ્રભુ! એ કોને લાગુ પડે? બધાને લાગુ પડે કે નહિ? જેટલા સાધુ જૈનના કે અન્યના (બધાને) લાગુ પડે કે નહિ? આકરી વાત છે, ભાઈ! આહાહા..!

આ તો સિદ્ધાંત કહ્યો કે, કપડાનો ટુકડો રાખીને મુનિપણું માને તો નિગોદમાં જશે. અરે..રે..! પ્રભુ! જૈનમાં રહેલા શ્વેતાંબર, સ્થાનકવાસી અને અન્ય. અન્યના લાખો-કરોડો સાધુ, ભલે નગ્ન થયો હોય તો રાખ ચોપડી હોય, એ વસ્તુ છે ને? છે ને? જોયું છે ને? સાધુ જોયા છે. નગ્ન જોયા છે. રાખ ચોપડેલા જોયા છે ને. એની પાસે ગયા હતા. ત્યાં 'બોટાદ' માં હતા. સાધુ બધા નાગા આવ્યા હતા. દિશાએ ગયો હતો. .... એ લોકો કહે, પધારો.. પધારો. બધું જોયું તો ખરું. કાંઈ ભાન ન મળે. રાખ ચોપડીને નાગા થઈને ફરે એટલે જાણે અમે ત્યાગી થઈ ગયા. આહાહા..! વસ્ત્ર નહિ પણ રાખ ચોપડીને રહે તોપણ એ નિગોદમાં જશે. એમ આવે કે નહિ ગાથામાં? આહાહા..! અરે..રે..! વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જેવો સ્વભાવ જોયો એવો કહ્યો. તે કોને લાગુ પડે એની સમજણ નથી. આહાહા..! જૈનમાં પણ એક ટુકડો રાખીને નિગોદમાં જાય તો અન્યની શી વાત કરવી? પ્રભુ! આહાહા..! ગજબ વાત છે. અરે..રે..! એણે વિચાર પણ કર્યા નથી કે આ શું છે? અને આ શું ફળ? ને ક્યાં જશું? આ તો વર્તમાન હા.. હો, બાયડી, છોકરા, કુટુંબ ને કાંઈક ધંધા કર્યા અને મરીને જાય. નરક, નિગોદમાં જવાના. આહાહા..! ઓહોહો..! વસ્ત્ર રાખીને નિગોદમાં જાય ત્યારે પછી આ બધું મારું છે એમ માને, આ બધું મારું છે એમ માને એ મિથ્યાત્વનું ફળ શું? આહાહા..!

એ બધું છોડીને જ્ઞાનતત્ત્વ આત્માને '**અતિશયપણે ભોગવું છું...**' આહાહા..! હું તો આત્મા છું. રાગ, વિકલ્પ, દયા, દાન, ભગવાનની ભક્તિ એ પણ મારી ચીજ નહિ. આહાહા..! સમ્યગ્દર્શન સહિત ચારિત્ર જ્યારે થાય છે ત્યારે આવી દશા થાય છે. આહાહા..! હું તો ચૈતન્ય આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું. અતિશયપણે, જુઓ! ચોથે, પાંચમે, છઠ્ઠે છે. આ તો કેવળજ્ઞાની, ચારિત્રવંત.

'**અને તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં વિહારથી મારી વૃત્તિ નિવૃત્ત છે...**' આહાહા..! મારો પ્રભુ જ્ઞાનસ્વરૂપી આત્માથી અન્ય જેટલી વૃત્તિ છે એ સર્વ ક્રિયામાં વિહારથી મારી વૃત્તિ નિવૃત્ત છે. એમાં વિહાર નામ તેમાં જાવાની મારે નિવૃત્તિ છે. આહાહા..! આવું છે.

**'(અર્થાત્ આત્મતત્ત્વના ભોગવટા સિવાયની અન્ય જે ઉપયોગની ક્રિયા..)'** પોતાનો ઉપયોગ જ્યારે પોતામાં લાગ્યો તો ઉપયોગ પરની ક્રિયાથી હટી ગયો. **'(વિભાવરૂપ ક્રિયા–તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી–પ્રવર્તતી નથી).'** વિભાવ થતો નથી. પોતાના સ્વભાવના ભાન ઉપરાંત ચારિત્ર નામ સ્વરૂપમાં રમણતા થઈ, આનંદમાં રહેનારો (હું), મારી વૃત્તિ વિભાવમાં જતી નથી. આહાહા..! આ ચારિત્ર. આહાહા..! આ ચારિત્ર વિના એકલા સમકિતથી મુક્તિ નથી. સમકિતીને પણ ચારિત્ર થયા વિના મુક્તિ છે નહિ. આહાહા..!

**'(અન્ય જે ઉપયોગની ક્રિયા–વિભાવરૂપ ક્રિયા–તેમાં મારી પરિણતિ વિહાર કરતી નથી–પ્રવર્તતી નથી).' 'अचलस्य मम' 'એમ આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને,...'** ચારિત્રવંત કહે છે. સમ્યગ્દર્શન સહિત આત્મતત્ત્વનો અનુભવ, આશ્રય અને આદર સહિત ચારિત્રવંત એમ માને છે અને કહે છે. આહાહા..! મારા **'ભોગવટામાં અચળ એવા મને,...'** આહાહા..! હું તો આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને **'આ કાળની આવલી જે પ્રવાહરૂપે અનંત છે તે,...'** આજથી તે અનંતકાળ સુધી મારી પરિણતિ નિર્મળ આનંદ જેવી રહો, બસ! હું તો આનંદમાં રહેનારો છું. આહાહા..! આજથી તે અનંતકાળ. ચારિત્ર જ્યાં થયું અને આત્મામાં જ્યાં રમણતા લાગી, જાગી.. આહાહા..! અતીન્દ્રિય આનંદનો જ્યાં સ્વાદ આવ્યો, અતીન્દ્રિય આનંદનો ભંડાર ભગવાન, તેનો જ્યાં સ્વાદ આવ્યો (તો) પૂર્ણ સ્વાદ મને અનંતકાળ રહો, એમ કહે છે. આ સ્વાદ અનંતકાળ રહો. આહાહા..! છે ને?

**'કાળની આવલી જે પ્રવાહરૂપે અનંત છે તે, આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો...'** આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો, ત્યાં જ રહે. આહાહા..! **'(ઉપયોગની પ્રવૃત્તિ અન્યમાં કદી પણ ન જાઓ).'** આહાહા..! આવી દશા, આ ચારિત્ર. અહીં તો હજી સમકિતના ઠેકાણા ન મળે. પરને પોતાનું માનવું અને પોતે એનો. એની પણ હજી વહેંચણીની ખબર ન મળે. તું એકલો અને બીજા બધા જુદા. એને વળી ચારિત્ર.. આહાહા..! અનંતકાળ મારી પ્રવૃત્તિ અન્યમાં ન જાઓ. મારી પ્રવૃત્તિ મારામાં આનંદમાં રહો, એમ કહ્યું.

**ભાવાર્થ :– 'આવી ભાવના કરનાર જ્ઞાની...'** કેવી ભાવના? પુણ્ય-પાપની કર્મચેતના અને કર્મફળચેતનાનો ત્યાગ અને મારી આનંદની ચેતના, જ્ઞાનચેતનાનો સ્વીકાર. એ **'જ્ઞાની એવો તૃપ્ત થયો છે...'** આહાહા..! **'કે જાણે ભાવના કરતાં...'** ચારિત્રવંત લીધા છે. કેવળ તો પછી. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ (છે) તેનો અનુભવ તો આનંદ છે જ એ ઉપરાંત હવે મારી આનંદની દશા એવી પૂર્ણ... આહાહા..! છે? **'જાણે ભાવના કરતાં સાક્ષાત્ કેવળી જ થયો હોય;...'** આહાહા..! ચારિત્રવંત જાણે સાક્ષાત્ કેવળી. આનંદમાં લીન થઈ ગયા પછી શું? આહાહા..! સપ્તમ ગુણસ્થાનમાં પણ આત્મામાં લીન થયા, વિકલ્પની ખબર પણ નથી. આહાહા..! વાત ઊંચી છે, પ્રભુ! એણે આત્માને જાણ્યો નથી. આત્માની શું કિંમત છે અને આત્મામાં શું ભરેલો ભંડાર છે (એની ખબર નથી). આહાહા..! એક આત્માની

ચૌદ બ્રહ્માંડ સાથે તુલના ન થાય એવો એક એક આત્મા છે. એક એક આત્મા એવા અનંતા ચૈતન્યરત્નથી ભરેલો છે. આહાહા..! એ જ્યાં હોય ત્યાં ભીખ માગે. આહાહા..! પૈસા લાવો ને બાયડી લાવો ને કેરી લાવો ને શાક સારું કરો, અથાણું સારું કરો. આહાહા..! અથાણાને શું કહે છે? આચાર. કેરીનું, ગુંદાનું અથાણું બનાવે છે ને? આમ બનાવો, આમ બનાવો, આમ બનાવો. બોલવા બોલવામાં પણ એનો રસ હોય. આહાહા..! પ્રભુ! તેં કદી વિચાર કર્યો નથી કે મારી આ ભાષામાં, મારા ભાવમાં કેટલી મારી એકાગ્રતા છે, કેટલી લીનતા છે. આહાહા..! અને હું મારો આખો આત્મા ઘૂસી જાય છે. આહાહા..! આ બહારની ધૂળ પૈસા ને મકાન, બે-પાંચ-પચીસ લાખના મકાન. આહાહા..! આ પણ તમારું પચીસ-છવીસ લાખનું છે ને? એ ધૂળ એને ઠેકાણે છે. રચનાકાળે રચાઈ ગઈ છે. કોઈ એનો કર્તા-બર્તા છે નહિ. આહાહા..! નિમિત્ત કહેવું એનો અર્થ બીજી ચીજ છે એનું જ્ઞાન કરાવવું છે. નિમિત્તથી એમાં કાંઈ ફેરફાર થયો છે (એમ) ત્રણકાળમાં થતું નથી. આહાહા..!

અહીં કહે છે કે **'જાણે ભાવના કરતાં...'** આત્માની આનંદની ભાવના કરતા કરતા સાક્ષાત જાણે **'કેવળી જ થયો હોય; તેથી તે અનંત કાળ સુધી એવો જ રહેવાનું ચાહે છે.'** એ અનંતકાળ એમ રહેવા ચાહે છે. આહાહા..! **'અને તે યોગ્ય જ છે; કારણ કે આ જ ભાવનાથી કેવળી થવાય છે.'** આ ભાવનાથી કેવળી થાય છે. આહાહા..! દર્શનશુદ્ધિ ઉપરાંતની આમાં વાતું છે. ચારિત્રની વાતું છે. આહાહા..! એકલો આવ્યો એકલો ચાલ્યો જશે. એકલો છે અત્યારે. આહાહા..! **'કારણ કે આ જ ભાવનાથી કેવળી થવાય છે. કેવળજ્ઞાન ઊપજવાનો પરમાર્થ ઉપાય આ જ છે.'** કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાનો પરમાર્થ ઉપાય-આત્માનું ધ્યાન. સમકિત તો છે જ પછી ધ્યાન અંદર લગાવવું. આહાહા..! એ કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાનું કારણ છે. આહાહા..!

**'બાહ્ય વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે;...'** અહીં નાખે. સાધન એટલે અહીં સાધન થયું એટલે આરોપ દે છે. વ્યવહાર સાધનનો આરોપ છે. સાધન-ફાધન કેવા? સાધન અહીંયાં થયું ત્યારે બાહ્યના સાધનમાં આરોપ આપ્યો કે આ સાધન કર્યું. **'વ્યવહારચારિત્ર છે તે આના જ સાધનરૂપ છે; અને આના વિના વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે છે,...'** જુઓ! એ છોડીને જ્યાં સુધી અંતરમાં નહિ જાય ત્યાં સુધી શુભભાવ વ્યવહારચારિત્ર કર્મબંધનું કારણ છે. વ્યવહારચારિત્ર જેને પહેલા કહ્યું કે આના જ સાધનરૂપ છે પણ આના વિના–નિશ્ચય સ્વરૂપના ભાન વિના **'વ્યવહારચારિત્ર શુભકર્મને બાંધે છે,....'** આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– બિલકુલ સાથ છે નહિ. ... આત્મા અમૃતસ્વરૂપ છે અને શુભભાવ ઝેર છે. વિષનો કુંભ કહ્યો છે. 'સમયસાર' 'મોક્ષ અધિકાર'. વિષનો ઘડો. આ ઝેરનો ઘડો. પુણ્ય ઝેરનો ઘડો. અર..ર..ર..! દયા, દાન, ભક્તિ, વ્રત, અપવાસ, પૂજા, ભક્તિ એ ભાવ

ઝેરનો ઘડો કહ્યો છે. ગજબ વાત છે, બાપુ! રાગ છે ને? પ્રભુ વીતરાગ છે. આહાહા..! એનું સ્વરૂપ વીતરાગ સ્વરૂપ આત્મા છે, જેમાં રાગની ગંધ નથી. પર્યાયમાં અનાદિથી આવા ગોટા ઊઠ્યા છે. વસ્તુમાં એ ચીજ (–ગોટા) નથી. આહાહા..! જેણે કાંઈ સાંભળ્યું ન હોય એને આવું લાગે આ તે શું કહે છે? બાપા! ભાઈ! તારો પ્રભુ મોટો છે. એની મોટપ પ્રગટ થાય એની વાત છે. આહાહા..! અને એ પ્રગટ થાય તે કાયમ રહે. જેમ મોટપવાળો કાયમ નિત્યમાં રહે છે એમ પર્યાયમાં કાયમ રહે. આહાહા..! આહાહા..! વસ્તુ તરીકે તો નિત્ય છે. હવે પર્યાયમાં નિત્ય થઈ જાય. આહાહા..! વીતરાગ સ્વરૂપ તો છે, પર્યાયમાં વીતરાગતા થઈ જાય, બસ! થઈ ગયું. આહાહા..! કરવાનું આ છે. આહાહા..!

મુમુક્ષુ :– અંદરમાં ...

ઉત્તર :– અંદર વસ્તુ ત્યાં છે. અનંત અનંત રત્ન, ચૈતન્યરત્નથી ભરેલો ભગવાન છે. એ સ્વભાવ છે, અરૂપી છે, તેં ખ્યાલ કર્યો નથી એટલે ખ્યાલમાં આવ્યો નથી. ખ્યાલ કર્યો નથી માટે ખ્યાલમાં આવતો નથી. આહાહા..! એના તરફનો પ્રયત્ન કરે અને ખ્યાલમાં ન આવે એવી એ ચીજ નથી. આહાહા..! પણ કોઈ દિ' આત્માને સંભારવો પણ નથી. આખો દિ' આ હોળી સળગે. રળવું ને ફલાણું ને પૈસા ને આ... આ અગ્નિ હોળી સળગે છે. એ તો પાંચ-પચીસ લાખ પેદા થાય તો ઓહોહો..! જાણે આપણે ક્યાંય વધી ગયા. ભિખારા છે. આહાહા..! શાસ્ત્રમાં લેખ છે. વરાંકા. અંતર લક્ષ્મી છે તેને ભૂલીને બહારની માગણ ભિખારી તું થયો. લાવ... લાવ.. લાવ.. શું લાવે? તારી ચીજ નથી એ લાવ લાવ? તારી ચીજ છે તેની ઉપર તું અંદર ધ્યાન આપતો નથી. આહાહા..! આવું તો સાંભળવું મુશ્કેલ પડે એવું છે. આહાહા..!

ત્રણલોકના નાથ તીર્થંકરદેવનો આ પોકાર છે. પ્રભુ! તું કોણ છો એ તને ખબર નથી. એની ખબરું કરીને હવે એમાં જા. આહાહા..! એનું જ્ઞાન કરીને એમાં જા એ ચારિત્ર. ત્યાં તું લીન થઈ જા, તને આનંદ આવશે. આહાહા..! તને આનંદ આવશે. આહાહા..! પાગલ જેવું લાગે. પેલા પૈસાવાળા ને નવા રૂપાળા લૂગડા પહેરીને બાયડી, છોકરાના ટોળામાં બેઠા (હોય) ને આવી વાતું કરે. આહાહા..! બાપા! મસાણમાં બેઠો છે. ભાઈ! તને ખબર નથી. એ મસાણમાં જેમ ચારે કોર રાખમાં બળતા હોય એમાં સળગે એમ સળગે છો. ચારે કોરની ચીજમાં આ મારી, આ મારી, આ મારી... મસાણમાં સળગી રહ્યો છે. આહાહા..! એકલો આત્મા પરમાત્મા થઈ જાય એવું છે. આહાહા..! એ સાધારણમાં રોકાઈ જાય છે. એક શાક સારું થયું હોય ત્યાં આ..હા..! આજે શાક બહુ સારું થયું છે. પત્તરવેલિયાના ભજીયા, અળવી.. અળવી. અળવી પાનના ભજીયા સારા થયા હોય તો ઓહોહો..! આજે ભજીયા બહુ સારા કર્યા. બધા સારામાં તું એક ખરો સારો છે કે નહિ? બધાને તું સારા લગાડી દે અને તું એક નરસો. આહાહા..!

અહીં કહે છે કે, મારા સિવાય (વ્યવહારચારિત્ર) બધા શુભકર્મને બાંધે છે. એ પુણ્યની બધી ક્રિયા શુભકર્મ છે. આહાહા..! એ ચારિત્ર નહિ ને એ ધર્મ પણ નહિ. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, વાંચન, શ્રવણ, મનન.. આહાહા..! એ શુભકર્મને બાંધે છે. તે મોક્ષનો ઉપાય નથી. એ વ્યવહારચારિત્ર મોક્ષનો ઉપાય નથી, એમ કહે છે. પહેલા સાધન કહ્યું હતું. આના જ સાધનરૂપ છે. એ તો ત્યાં છે એમ બતાવ્યું. આહાહા..! અહીં તો કહ્યું, તે મોક્ષનો ઉપાય નથી. જ્યાં સાધન કહ્યું, અહીં ઉપાય નથી એમ કહ્યું. એ તો એક નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું. ખરેખર એ સાધન-ફાધન-ઉપાય (નથી). ઉપાય કહો કે સાધન કહો. પહેલા એ સાધન કહ્યું, અહીંયાં ઉપાય નથી એમ કહ્યું. સાધન નથી. આહાહા..! ૨૩૧ કળશ (પૂરો થયો).

## શ્લોક-૨૩૨

(वसन्ततिलका)

यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां
भुङ्क्ते फलानि न खलु स्वत एव तृप्तः।
आपातकालरमणीयमुदर्करम्यं
निष्कर्मशर्ममयमेति दशान्तरं सः।।२३२।।

**ફરી કાવ્ય કહે છે :–**

**શ્લોકાર્થ :– [ पूर्व-भाव-कृत-कर्म-विषद्रुमाणां फलानि यः न भुङ्क्ते ] પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી અને [ खलु स्वतः एव तृप्तः ] ખરેખર પોતાથી જ (-આત્મસ્વરૂપથી જ) તૃપ્ત છે, [ सः आपातकाल-रमणीयम् उदर्क-रम्यम् निष्कर्म-शर्ममयम् दशान्तरम् एति ] તે પુરુષ, જે વર્તમાન કાળે રમણીય છે અને ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે એવી નિષ્કર્મ-સુખમય દશાંતરને પામે છે (અર્થાત્ જે પૂર્વે સંસાર-અવસ્થામાં કદી થઈ નહોતી એવી જુદા પ્રકારની કર્મરહિત સ્વાધીન સુખમય દશાને પામે છે).**

ભાવાર્થ :– જ્ઞાનચેતનાની ભાવનાનું આ ફળ છે. તે ભાવનાથી જીવ અત્યંત તૃપ્ત રહે છે-અન્ય તૃષ્ણા રહેતી નથી, અને ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉપજાવી સર્વ કર્મથી રહિત મોક્ષઅવસ્થાને પામે છે. ૨૩૨.

## શ્લોક–૨૩૨ ઉપર પ્રવચન

'ફરી કાવ્ય કહે છે :–'

यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां
भुङ्क्ते फलानि न खलु स्वत एव तृप्तः।
आपातकालरमणीयमुदर्करम्यं
निष्कर्मशर्ममयमेति दशान्तरं सः।।२३२।।

આહાહા..! **'पूर्व-भाव-कृत-कर्म-विषद्रुमाणां फलानि यः न भुङ्क्ते' 'પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને...'** આ અજ્ઞાનભાવમાં તીર્થંકર ગોત્ર ન આવે. ભોગવવામાં બધાનો નિષેધ આવ્યો. આ તો વળી બાંધેલું છે એની વાત જુદી છે. જરી આમાં ભાવ શબ્દ વાપર્યો. અજ્ઞાનથી બાંધેલા છે. તીર્થંકર ગોત્ર કંઈ અજ્ઞાનથી નથી. શુભભાવ છે. એ શુભભાવને જો અજ્ઞાન કહીએ તો કહી શકાય. એમાં જ્ઞાન નથી, ચેતનનો અભાવ છે. આહાહા..!

**'પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી...'** એ મારી ચીજ નહિ. ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના ઇન્દ્રાસન સમકિતીને છે, અત્યારે છે, તે તેના નથી. મહાવિદેહમાં ચક્રવર્તી છે, ઇન્દ્ર સ્વર્ગમાં છે. આહાહા..! **'(તેનો સ્વામી થઈને) ભોગવતો નથી...'** સમકિતી અજ્ઞાનભાવથી જે કર્મ બંધાયા હતા તેને સ્વામી થઈને ભોગવતો નથી. આ મારી ચીજ છે, મારી ચીજ છે, મારી ચીજ છે. આહાહા..! પૈસાનો સ્વામી નહિ, દીકરાનો સ્વામી નહિ, બાયડીનો સ્વામી નહિ, મકાનનો સ્વામી નહિ, શરીરનો સ્વામી નહિ. આહાહા..! સારા ચશ્મા લગાવ્યા છે એનો સ્વામી નહિ? ધોળા રૂપાળા. આહાહા..!

અહીં કહે છે, અજ્ઞાનભાવથી બાંધેલા તેનો સ્વામી થઈને ભોગવતો નથી. આહાહા..! **'અને ખરેખર પોતાથી (–આત્મસ્વરૂપથી જ) તૃપ્ત છે,...'** આહાહા..! પોતાના આત્માના આનંદથી તૃપ્ત છે એ બીજી ચીજને કેમ ઇચ્છે? આહાહા..! પણ આત્મા શું છે? અંદર આનંદ શું છે? એકલો અતીન્દ્રિય આનંદનો દળ ભર્યો છે. આહાહા..! જેમ સાકરમાં એકલું ગળપણ ભર્યું છે એમ ભગવાનમાં એકલો અતીન્દ્રિય આનંદ ભર્યો છે. આહાહા..! અરે..રે..! એને સંભારે કોણ? એને યાદ પણ કોણ કરે? આત્માને મૂકીને આ કરો.. આ કરો.. આ કરો.. આ કરો.. પણ તું છે કોણ? તું કર એ તું નહિ, તું તો જ્ઞાન છો. આહાહા..! આવી

વાત. આત્મા તૃપ્ત છે.

**'તે પુરુષ, જે વર્તમાન કાળે રમણીય છે...'** એ ચારિત્રવંત તો વર્તમાનમાં તો આનંદમાં છે **'અને ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે...'** ભવિષ્યમાં જેનું ફળ કેવળજ્ઞાન છે. **'એવી નિષ્કર્મ–સુખમય દશાંતરને પામે છે...'** એ જે ચારિત્રમાં આનંદમાં રહે છે તે દશાંતર સંસારથી બીજી અવસ્થા પ્રાપ્ત કરે છે. **'(જે પૂર્વે સંસાર-અવસ્થામાં કદી થઈ નહોતી એવી જુદા પ્રકારની કર્મરહિત સ્વાધીન સુખમય દશાને પામે છે).'** એ દશા ચારિત્રનું ફળ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

ખરેખર તો એ પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે અને લોકાલોકને જાણે છે, એથી એ પર્યાયને સર્વવ્યાપક કહેવામાં આવે છે. ક્ષેત્રથી પરમાં જાય છે અને આ પર્યાય ક્ષેત્રથી ધ્રુવમાં જાય છે, એમ નથી. 'ચંદુભાઈ' ! આવું છે, બાપા ! આહા..હા..!

***શ્રોતા :– કહેવાય સર્વવ્યાપક પણ નિશ્ચયથી દ્રવ્યમાં વ્યાપક છે ને ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાયમાં પર્યાય વ્યાપક (છે). બે વાચક શબ્દ છે ને ? તો બેના વાચ્ય ભિન્ન હોય કે નહિ ? નહિ તો બે કેમ જુદા પડ્યા ? એવી વાત છે, જરી ઝીણી વાત છે.***

***શ્રોતા :– અપેક્ષાથી કહેવાય કે (આમ છે) ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, ઇ અપેક્ષાથી આમ જ છે.***

***શ્રોતા :– સર્વથા એમ છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– સર્વથા એમ છે.***

***શ્રોતા :– એકાંત છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બેય એકાંત છે. પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં નથી.*** પણ પછી જ્યારે પરથી જુદું પાડવું હોય ત્યારે કહેવાય કે પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. 'પર્યાય વિજુત્તં દવ્વં' 'પંચાસ્તિકાય' માં આવે છે. એ તો પરથી ભિન્ન પાડવા અપેક્ષાએ (કહ્યું છે). પર્યાયરહિત દ્રવ્ય ન હોય. એ તો પરથી - એનાથી ભિન્ન (છે અને) ઇ પર્યાય પોતાના દ્રવ્યની છે એમ (કહેવું છે). બેમાં જ્યારે ભેદ પાડવો હોય, ઇ બે વસ્તુ છે ને ? એક વસ્તુ નથી. પ્રમાણના દ્રવ્ય તરીકે દ્રવ્ય-પર્યાય ભેગા ગણે, પણ પ્રમાણ જે દ્રવ્ય-પર્યાયને જાણે છે એ પ્રમાણે એ પ્રમાણે એટલે એ પ્રમાણજ્ઞાને, નિશ્ચયથી દ્રવ્ય દ્રવ્યમાં છે એનું જ્ઞાન તો એણે એમાં રાખ્યું છે ઉપરાંત પર્યાયનું (જ્ઞાન) ભેળવ્યું એટલે પ્રમાણ થયું.

શ્રોતા :– નયજ્ઞાનનો વિરોધ કરીને પ્રમાણ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નથી. નિશ્ચયને ઉડાડીને પ્રમાણ થયું છે એમ નથી. તો તો એ પ્રમાણમાં બે રહેતા નથી. એમ છે ભાઈ જરી.

(ગુરુ કહાન દ્રષ્ટિ મહાન, ભાગ-૧, પૃષ્ઠ સંખ્યા-૭૬-૭૭)

હું પરમાત્મા છું એમ નક્કી કર
હું પરમાત્મા છું એમ નિર્ણય કર
હું પરમાત્મા છું એમ અનુભવ કર
-પૂ. ગુરુદેવશ્રી

